મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત

શ્રીભાગવત વ્યાખ્યા

# તૃતીયસ્કન્ધ સુબોધિની

## દ્વિતીય ખંડ

(અધ્યાય ૧૫-૩૩)

અનુવાદકઃ

ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી

श्रीवल्लभाधीशो जयति

પ્રકાશકઃ શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

**પ્રકાશક :**
**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ**
કંસારા બજાર, માંડવી, જિ. કચ્છ,
ગુજરાત, ૩૭૦૪૬૫
**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ**
ફુલાભાઈ પાર્ક, હાલોલ, પંચમહાલ, ૩૮૯૩૫૦
(ટેલીફોન : ૦૨૬૭૬-૨૨૧૫૦૫)

**સમ્પાદક :** શરદ્ ગોસ્વામી

**પ્રકાશનવર્ષ : વિ.સં.૨૦૭૬,**
**શ્રીવલ્લભાબ્દ : ૫૪૧**

**પ્રતિ : ૧૦૦૦**

**મુદ્રકઃ**
પૂર્વી પ્રેસ્ પ્રા.લિ., રાજકોટ

# ।। પ્રકાશકીય ।।

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય દ્વારા લિખિત શ્રીભાગવત મહાપુરાણ પરની સુબોધિની ટીકાનો ગુજરાતી અનુવાદ જિજ્ઞાસુ અધ્યેતાઓ માટે પુનઃપ્રકાશિત કરતા હાર્દિક પ્રસન્નતા અને કૃતાર્થતા નો અનુભવ થાય છે. સુબોધિની ટીકાનો ગુજરાતી અનુવાદ સમ્પ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન ગોલોકવાસી શ્રીનાનુલાલ ગાંધી, ધંધૂકા એ કર્યો છે.

પહેલાં આ અનુવાદ બે જુદી-જુદી સંસ્થાઓ દ્વારા ત્રણ ખંડોમાં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. તેની વિગત નીચે મુજબ છે :

**ખંડ ૧** અધ્યાય ૧-૮ મૂલ્ય રૂ.૪

**ખંડ ૨** અધ્યાય ૯-૧૯ મૂલ્ય રૂ.૫

ગો.વા.શ્રીમગ્નલાલ શાસ્ત્રી સ્મારક ગ્રન્થમાલા, મુંબઈ

ગ્રન્થાંક ક્રમાંક ૧૧ તથા ૧૬

પ્રકાશક : વાડીલાલ નગીનદાસ શાહ, વિ.સં.૨૦૧૨

**ખંડ ૩** અધ્યાય ૨૦-૩૩ મૂલ્ય રૂ.૫

શ્રીભાગવત ગ્રંથમાળા પુસ્તક-૧

પ્રકાશક : પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય, નડીયાદ. વિ.સં.૨૦૦૭

ઉપરોક્ત બન્ને સંસ્થાઓએ એકી સાથે પ્રકાશન હાથ પર ધર્યું હતું છતાં તત્કાલીન સામાજિક-આર્થિક વિષમ પરિસ્થિતિઓને કારણે ત્રીજા ખંડના પ્રકાશિત થયાના લાંબા સમય બાદ પ્રથમ બે ખંડો પ્રાશિત થઈ શક્યા હતા.

આ અનુવાદના પ્રથમ સંસ્કરણમાં અનુવાદકે ખૂબ લાંબી ભૂમિકા છાપી છે જે આ ખંડમાં છાપેલ શ્રીભાગવતાર્થનિબન્ધમાં ગતાર્થ હોવાથી તેને આ સંસ્કરણમાં છાપવામાં નથી આવી.

આ ગ્રન્થના પુનર્મુદ્રણ વખતે સંસ્થા અનુવાદક તથા પૂર્વ સમ્પાદક-પ્રકાશક નો હૃદયથી આભાર માને છે. અભ્યાસુઓની સુવિધા માટે ગો.વા.શ્રીનાનુલાલ ગાંધીએ કરેલ ભાગવતાર્થ નિબન્ધના તૃતીય સ્કન્ધનો સમ્બદ્ધ અંશ તેમજ 'શ્રીપુરુષોત્તમનામ-સહસ્રમ્'માંના તૃતીય સ્કન્ધના નામો સાનુવાદ ગ્રન્થારમ્ભમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. અન્તે, સમગ્ર ગ્રન્થનું પ્રૂફરીડિંગ તેમજ પ્રાથમિક ફોર્મેટિંગ્ કરી આપનાર શ્રીમતી પ્રીતિબેન દલાલ(ભરૂચ) તથા ગ્રન્થપ્રકાશન વ્યવસ્થાની જવાબદારી ઉપાડનાર શ્રીપ્રવીણભાઈ ડઢાણીયા નો સહયોગ અવિસ્મરણીય છે.

**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ વતી**

શરદ્ ગોસ્વામી, (માંડવી-હાલોલ)

આ ગ્રન્થના અનુવાદક

## ગોલોકવાસી ભગવદીય શ્રીનાનુલાલ ગાંધી



# શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ, ફુલાભાઈ પાર્ક, હાલોલ, પંચમહાલ, ૩૮૯૩૫૦**
**(ટેલીફોન : ૦૨૬૭૬-૨૨૧૫૦૫)**

ગ્રન્થ પ્રકાશનસહાય

**પુષ્ટિમાર્ગની પ્રાથમિક સમજ માટે**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. પ્રવેશિકા | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | | (ગુજરાતી) | ૧૦ |
| ૨. પ્રવેશિકા | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | | (હિન્દી) | ૧૦ |
| ૩. Praveshika | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | | (અંગ્રેજી) | ૧૦ |
| ૪. પુષ્ટિપ્રવેશ ૧-૨ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | | (ગુજરાતી) | ૨૦ |
| ૫. પુષ્ટિપ્રવેશ ૧-૨ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | | (હિન્દી) | ૨૦ |
| ૬. પુષ્ટિપથ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | | (ગુજરાતી) | ૧૦ |
| ૭. પુષ્ટિપથ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | | (હિન્દી) | ૧૦ |
| ૮. પ્રમેયરત્નસંગ્રહ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | | ( ગુજ. ) | ૨૦ |
| ૯. Manual of the devotionalpath of Pushti. | લેખક : ઉપરમુજબ | | | ૬૫ |

**તત્ત્વદર્શનવિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પ્રસ્તુત થયેલ**
**વિભિન્ન શોધપત્રો તથા ચર્ચા નો સંગ્રહ**

| | | |
|---|---|---|
| ૧૦. શબ્દખંડીયા વિદ્વત્પરિચર્ચા | (સંસ્કૃત-અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| ૧૧. અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| ૧૨. કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| ૧૩. પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| ૧૪. અન્ધકારવાદ વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| ૧૫. વલ્લભવેદાન્ત લેખકઃ ગો.શ્રીશ્યામ મનોહરજી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | નિઃશુલ્ક |

**સામ્પ્રદાયિક વિચારગોષ્ઠીમાં પ્રસ્તુત થયેલા**
**વિભિન્ન શોધપત્રો તથા તેના ઊપર થયેલ ચર્ચા નું સંકલન**

| | | |
|---|---|---|
| ૧૬. વાર્તાપરિચર્ચા | | ૧૫ |
| ૧૭. અધિકારપરિચર્ચા | | ૧૦૦ |
| ૧૮. સાધનાપ્રણાલી | (અપ્રાપ્ય) | ૫૦ |
| ૧૯. પુષ્ટિભક્તિમાં કથાસાધના વિચારગોષ્ઠી | (અપ્રાપ્ય) | ૫૦ |
| ૨૦. શરણાગતિ વિચારગોષ્ઠી | | ૫૦ |
| ૨૧. શરણાગતિ વિચારગોષ્ઠી (પૂરક પ્રશ્નોત્તરી) | (જુજ પ્રતો) | નિઃશુલ્ક |
| ૨૨. સેવા-સમર્પણ વિચારગોષ્ઠ | | ૫૦ |
| ૨૩. પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં જઘન્યાધિકાર વિચારગોષ્ઠી | | ૮૦ |
| ૨૪. પ્રતિબન્ધ (પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં પ્રતિબન્ધ) | | ૧૦૦ |
| ૨૫. પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં ફળ | | ૧૦૦ |

**નિત્યસ્તોત્રપાઠ**

૨૬. પુષ્ટિપાઠાવલી (ગુજરાતી) પાકું બાઈંડિંગ ૨૦
૨૭. પુષ્ટિપાઠાવલી (હિન્દી) પાકું બાઈંડિંગ ૨૦
૨૮. પુષ્ટિપાઠાવલી (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૨૦
૨૯. પુષ્ટિપાઠાવલી (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૪''.૩'' નાની સાઈઝ ૧૦
૩૦. પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલી (અનુવાદ સહિત) ૨૦

## અધ્યયનોપયોગી ગ્રન્થો

૩૧. શ્રીભાગવતમહાપુરાણ (ચારભાગ. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય સમ્મત અર્થવાળું) ૪૦૦
૩૨. ભાગવત શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ-અધ્યાયનો ટુક અર્થ. લે.: શ્રીનાનુલાલ ગાંધી ૧૦
૩૩. શ્રીભાગવતાર્થપ્રકરણ.(શ્રીવલ્લભાચાર્ય રચિત તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગતનું પ્રકરણ. શ્રીમદ્ભાગવતના શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ અને અધ્યાય ના અર્થોનું વિસ્તૃત વિવેચન.) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી. ૧૫૦
૩૪.ષોડશગ્રન્થ. સરળ ગુજરાતી ભાવાર્થ-વિવેચન સાથે. પેજ સં. ૨૩૦. (અપ્રાપ્ય)
૩૫.જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, ગો.શ્રીશ્યામ મનોહરજી લિખિત સર્વોત્તમસ્તોત્રની વિસ્તૃત ભૂમિકાનો ગુજરાતી અનુવાદ, શ્રીવલ્લભાષ્ટક, સપ્તશ્લોકી, શ્રીવલ્લભસ્તોત્રો, પઞ્ચશ્લોકી, શિક્ષાશ્લોકી આદિ ગ્રન્થોપર વિવેચનનું ૪૫૦થી વધુ પાનામાં સંકલ ૧૦૦
૩૬. કૃષ્ણાશ્રય, શ્રીકલ્યાણરાયજી લિખિત સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ (અપ્રાપ્ય)
૩૭. ભગવદ્ગીતા, અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી. પદચ્છેદ, અન્વય, શબ્દપરિચય, વૃત્તિપરિચય, શબ્દાર્થ, શ્લોકાર્થ, વિવેચન,પાદાનુક્રમણિકા, ગીતાતાત્પર્ય તથા ન્યાસાદેશવિવરણ ગુજરાતી અનુવાદ સાથે. (અપ્રાપ્ય)
૩૮. પુષ્ટિઅસ્મિતા સંવર્ધક શિબિર, રાષ્ટ્રીય સંમેલન-ભરૂચ (પ્રશ્નોત્તરી) ૨૫
૩૯. ષોડશગ્રન્થગત ઉપદેશો ને તેમની ૬૪વાર્તાઓ, લે.ભૂપેન્દ્રભાઈ ભાટીયા (અપ્રાપ્ય)
૪૦. ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૨૮ વાર્તાઓ, લે. ઉપર મુજબ (અપ્રાપ્ય)
૪૧. ભગવદ્ગીતાનોા ભક્તિયોગ, બારમો અધ્યાય, લે.: ગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક
૪૨. ભગવદ્ગીતાનો પુરુષોત્તમયોગ, પંદરમો અધ્યાય, લે.:ગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક
૪૩. દ્રવ્યશુદ્ધિ. અપરસ-સુતક વગેરેનો નિર્ણય ગ્રન્થ. લે.:ગો.શ્રીપુરુષોત્તમજી નિઃશુલ્ક
૪૪. શાસ્ત્રાર્થપ્રકરણ (શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધમાંનું પ્રથમ પ્રકરણ. શ્રીપુરુષોત્તમજીની આવરણભંગ ટીકાના ગુજરાતી અનુવાદ સાથે) ૩૦
૪૫. પુરુષોત્તમ પ્રતિષ્ઠાપ્રકાર (શ્રીગુસાંઈજી રચિત સેવ્ય સ્વરૂપને પુષ્ટ કરાવવાની વિધિનું વિસ્તૃત ગુજરાતી વિવેચન)લે:ગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક
૪૬. ગૃહસેવા અને વ્રજલીલા, વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૪૭. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ, વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય
૪૮. શ્રીકૃષ્ણચરિત્ર (દશમસ્કન્ધનો સરળ ગુજરાતી ભાવાનુવાદ) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી અપ્રાપ્ય
૪૯. રસદષ્ટિની તરફેણમાં. લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય
૫૦. સિદ્ધાન્તનું આચમન પ્રશ્નોત્તરી. ઉત્તરદાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૫૧. ભક્તિવર્ધિની. વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય
૫૨. સેવા : ઋતુ-ઉત્સવ-મનોરથ. વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

૫૩. (અમૃતવચનાવલી)પ્રાચીન અર્વાચીન આધુનિક આચાર્યોના ચનામૃતો નિઃશુલ્ક
૫૪. તત્ત્વાથદીપનિબન્ધાન્તર્ગત સાધનપ્રકરણ. મૂળ સહિત ગુજરાતી અનુવાદ નિઃશુલ્ક
૫૫. પુરુષાર્થવ્યવસ્થા. પ્રવક્તા : ગો.શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૫૬.पुष्टिविधानम्-२ (व्याकरणम्) श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी
रचित २६ग्रन्थोंका पदच्छेद-अन्वय-शब्दपरिचय-वृत्तिपरिचय અપ્રાપ્ય
૫૭.पुष्टिविधानम्-३(व्रजभाषा) श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी
रचित २६ग्रन्थोंका शब्दार्थ-श्लोकार्थ-विवेचन-पादानुक्रमणिका ૧૫૦
૫૮.तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणम् सर्वनिर्णयप्रकरणम् (व्रजभाषाटीका)
श्रीवल्लभाचार्य विरचित, हार्डबाउंड ૧૦૦
૬૦.विवेकत्रयम्, प्रपञ्च-जीव-मूलरूप (संस्कृत) ૧૦
૬૧.श्रीपुरुषोत्तमग्रन्थावली - ५ (દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત
દ્રવ્યશુદ્ધિદીપિકા, ભક્તિમાર્ગીય અપરાધનિરૂપણવિવૃતિ તેમજ ઉત્સવપ્રતાન મૂળ
ગ્રન્થો તેમજ તેનો વ્રજભાષા-હિન્દી-ગુજરાતી અનુવાદ) ૧૦૦
૬૨.श्रीपुरुषोत्तमग्रन्थावली - ६ (દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત
ઉપનિષદો, ભગવદ્ગીતા તથા ન્યાસાદેશતાત્પર્ય ની સંસ્કૃત ટીકા) ૨૦૦
૬૩.गृहसेवा और व्रजलीला(व्रजभाषा)व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी नि:शुल्क
૬૪.भगवद्गीताका भक्तियोग. व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी नि:शुल्क
૬૫. सेवा : ऋतु-उत्सव-मनोरथ, विवेचक : गो.श्रीश्याम मनोहरजी निःशुल्क
૬૬. सेवाकौमुदी (नवधाभक्ति), हिन्दी,लेखक : श्रीलालूभट्टजी,
व्याख्याता : गो.श्रीश्याम मनोहरजी अप्राप्य-निःशुल्क
૬૭. ब्रह्मवाद (हिन्दी) लेखक : गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

## ઇતિહાસ

૬૮. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ,
લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી) નિઃશુલ્ક
૬૯. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ,
લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (હિન્દી) નિઃશુલ્ક
૭૦. શ્રીગોપીનાથપ્રભુચરણ; શ્રીગોપીનાથજીના વિષયમાં ઉપલબ્ધ (ચિત્રજી, હસ્તાક્ષર,
પદ, ઇતિહાસ, રચના વગેરે) તમામ માહિતિનો સંગ્રહ. ૨૫

## સન્દર્ભ ગ્રન્થો

૭૧. પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા. શ્રીવલ્લભાચાર્ય-શ્રીગપીનાથજી-શ્રીગુસાંઈજી
રચિત ૨૬ ગ્રન્થોંની પાદાનુક્રમણિકા ૧૦
૭૨. હમકું ઇતની સમજ ભલી. એક વાર વાંચવા જેવું. પ્રાચીન-અર્વાચીન-આધુનિક
આચાર્યોના માર્મિક વચનામૃતોનો સચિત્ર સંગ્રહ. નિઃશુલ્ક
૭૩. Summary of Shuddhadvaita Vangmaya. लेखक : गो.शरद्
(મુંબઈ યુનિવર્સિટીનો અભ્યાસ ગ્રન્થ) શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી તથા
શ્રીગુસાંઈજીના ગ્રન્થોનો અંગ્રેજીમાં ટુંક પરિચય. ૧૫

**ગોશાળા :** મહિલાબાગ પાસે, માંડવી-કચ્છ

**જીર્ણોદ્ધાર :** શ્રીબાલકૃષ્ણજીના બેઠકજી. ગામ : વિંજાણ, તા.અબડાસા-કચ્છ

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ :**

**શ્રીવલ્લભાચાર્ય નગર, રેફરલ હોસ્પિટલ પાછળ, હાલોલ, જિ. પંચમહાલ.** અધ્યયનોપયોગી ગ્રન્થાલય, અધ્યયનકક્ષ, નિવાસ, ભોજન, અધ્યાપક વગેરે અત્યાવશ્યક સુવિધાઓથી સુસજ્જ.

http://www.vallabhacharyavidyapeeth.org/

**પુષ્ટિસ્વાધ્યાય :**

અઠવાડીયાના લગભગ બધા દિવસ આબાલ-વૃદ્ધ બધા પુષ્ટિમાર્ગીઓ માટે સમ્પ્રદાયના મૂળ ગ્રન્થોનું અધ્યાપન વિદ્વાન્ આચાર્યવંશજો દ્વારા ત્રણ માધ્યમથી કરવામાં આવે છે :

૧. ટેલિફોનિક કોન્ફરન્સ્

૨. ઈંટર્નેટ્ દ્વારા લાઈવ્ ઑડિયો

૩. ઈંટર્નેટ્ દ્વારા લાઈવ્ વીડીયો કોન્ફરન્સ્.(બ્રોડ્બેંડ્ જરૂરી)

गोस्वामी श्रीश्याम मनोहरजी द्वारा सम्पादित-पुनर्मुद्रित

## शुद्धाद्वैत पुष्टिभक्ति सम्प्रदायके मूल संस्कृत ग्रन्थ

१. सव्याख्यषोडशग्रन्थ संयुक्तप्रकाशन, दुर्लभ
- खंड १. श्रीयमुनाष्टकम् से सिद्धान्तरहस्यम्
- खंड २. नवरत्नम् से भक्तिवर्धिनी
- खंड ३. जलभेदः से सेवाफलम्

२. प्रकाश-रश्मि सहित ब्रह्मसूत्राणुभाष्यम्
- खंड १. प्रथमाध्याय नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ
- खंड २. प्रथमाध्याय नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ
- खंड ३. द्वितीयाध्याय
- खंड ४. तृतीयाध्याय
- खंड ५. चतुर्थाध्याय

३. श्रीमद्भागवतसुबोधिनी
- खंड १. प्रथम-द्वितीयस्कन्ध
- खंड ४. जन्मप्रकरण
- खंड ५. तामसप्रमाणप्रकरण
- खंड ६. तामसप्रमेय-साधनप्रकरण
- खंड ७. तामसफलप्रकरण
- खंड ८. राजसप्रमाण-प्रमेयप्रकरण
- खंड ९.राजससाधन-फलप्रकरण
- खंड १०.सात्त्विकप्रमेय-साधन-फलप्रकरण

खंड ११.गुणप्रकरणं–यावत्प्राप्यैकादशस्कन्धम्

४. तत्त्वार्थदीपनिबन्ध

खंड १. शास्त्रार्थ–सर्वनिर्णयप्रकरण

खंड २. भागवतार्थप्रकरण स्कन्ध १–५

खंड ३. भागवतार्थप्रकरण स्कन्ध ६–१२

५. सव्याख्यषड्ग्रन्थाः संयुक्तप्रकाशन, दुलर्भ

६. वेदान्ताधिकरणमाला–भावप्रकाशिका

७. विविधविवरणोपेत पत्रावलम्बनम्

८. प्रस्थानरत्नाकर

९. विद्वन्मण्डनम्

१०. श्रीबालकृष्णग्रन्थावली

११. श्रीवल्लभमहाप्रभुस्तोत्राणि

१२. श्रीपुरुषोत्तमप्रतिष्ठाप्रकारः

१३. वल्लभाख्यान (सप्तटीकोपेत)

१४. पुष्टिविधानम् गुजराती, व्रज तथा संस्कृत संस्करण

१५. श्रीमत्प्रभुचरणकृतग्रन्थाः

यमुनाष्टपदी, प्रबोध, मंगलारार्तिकार्या, व्रतचर्या, प्रेंखपर्यंक, लालयति पलनापद, राजभोरार्तिकार्या, वसन्ताष्टपदी, शयनारार्तिकार्या, चतुःश्लोकी, रक्षास्मरणम्, गीताहेतुतात्पर्यम्, मुक्तितारतम्यम्, भक्तिजीवनम्, अस्मत्कुलस्वरूपवर्णनम्, सेवाश्लोकाः, गयत्रीव्याख्या. परिशिष्ट : महाप्रभु–श्रीवल्लभाचार्य विरचित तेलगु पद, श्रीमत्प्रभुचरणस्वरूपनिर्णयव्याख्यानम्.

१६. श्रीमत्प्रभुचरणकृताः स्तोत्रविज्ञप्तयः

श्रीराधाकैकर्यप्रार्थनाचतुःश्लोकी, श्रीस्वामिन्यष्टकम्, श्रीस्वामिनीप्रार्थनाषट्पदी, स्वामिनीस्तोत्रम्, ललितत्रिभंगीस्तोत्रम्, 'अस्मत्कुलम्' इत्यस्य व्याख्या, गोकुलाष्टकम्...

१७. वादावली

ब्रह्मवाद, वादकथा, विग्रहवाद, प्रपंचवाद, प्रपंचसंसारभेदवाद, ब्रह्मजीवतदैक्यस्वरूपनिरूपणम्, विरुद्धधर्माश्रयत्वविवेचनम्, आत्मवादः, प्रश्नोत्तरसाहस्रीपर्यालोचनम्, प्रश्नोत्तरसाहस्रीचर्चित–प्रकृत्यधिकरणसमालोचनम्, केवलाद्वैतवादाभिमताविद्यास्वरूपविमर्शः, अक्षरपुरुषोत्तम–द्वैतनिरासवादः

१८. अवतारवादावली

खंड २. भेदाभेदवाद, सृष्टिभेदवाद, आविर्भावतिरोभाववाद, ख्यातिवाद, प्रतिबिम्बवाद, अन्धकारवाद.

खंड ३. ब्राह्मणत्वादिदेवतावादः, जीवव्यापकत्वखण्डनवाद, जीवप्रतिबिम्बत्व–खण्डनवादः, भागवतस्वरूपविषयकशमानिरासवादः, उपदेशादिविषयकशंकानिरासवादः, भगवत्प्रति–कृतिपूजनवादः, ऊर्ध्वपुण्ड्रधारणवादः, तुलसीमाला–धारणवादः, शङ्खचक्रधारणवादः, भक्तिरसत्ववादः, भक्त्युत्कर्षवादः, नामफलादि–प्रकारवादः, जयश्रीकृष्णोच्चारणवादः, स्ववृत्तिवादः, वस्त्रादिसेवावादः, मूर्तिपूजनवादः, भागवतपाठादेः शंकानिरासवादः.

१९.प्राभञ्जनः(ले.नि.ली.गो.श्रीविट्ठलनाथजी) 'मारुतशक्ति'(ले.भारतमार्तण्ड श्रीगोवर्धन शर्मा) व्याख्यासहितः. परिशिष्ट : शुद्धाद्वैतमार्तण्डः(ले.गो.श्रीगिरिधरजी)

२०. सत्सिद्धान्तमार्तण्डः, ले.: भारतमार्तण्ड श्रीगोवर्धन(गट्टुलाल) शर्मा
२१. वेदान्तचिन्तामणी ले.: भारतमार्तण्ड श्रीगोवर्धन(गट्टुलाल) शर्मा

क्र.१, २ तथा ४/१, ४/२ को छोड कर सभी ग्रन्थ श्रीवल्लविद्यापीठ–श्रीविट्ठलेश्वर–प्रभुचरण आ.हो.ट्रस्ट (कोल्हापुर) द्वारा प्रकाशित.

## गोस्वामी श्रीश्याम मनोहरजीकी हिन्दी–गुजराती पुस्तकें

- वाल्लभवेदान्त निबन्धसंग्रह (हिन्दी)
- विवेक (हिन्दी)
- पुरुषोत्तमयोग (गुजराती–हिन्दी)
- श्रीयमुनाष्टकम् (हिन्दी)
- सिद्धान्तसूक्ति (गुजराती)
- वार्तान्की सैद्धान्तिक संगति
- चतुःश्लोकी(हिन्दी)
- गृहसेवा और व्रजलीला (गुजराती–हिन्दी)
- सेवाकौमुदी/नवधाभक्ति (हिन्दी)
- पुष्टिमार्गीय पीठाधीश स्वरूप और कर्तव्य
- पुष्टिप्रवाहमर्यादाभेद (गुजराती)
- विशोधनिका(चार खंड) (गुजराती–हिन्दी)
- नवरत्नम् (गुजराती–हिन्दी)
- सिद्धान्तनुं आचमन (गुजराती)
- भगवद्गीतासु भक्तियोग
- पुरुषार्थव्यवस्था (हिन्दी–गुजराती)
- रसदृष्टिनी तरफेणमां (हिन्दी–गुजराती)
- ब्रह्मवाद (वादावली सम्पादकीय)
- चिरकुट चर्चा समीक्षा (हिन्दी–गुजराती)
- अणुभाष्य(साधन–फलाध्याय)भूमिका
- नवरत्नोपदेशका मानसविश्लेषण(गुज–हिंदी)
- श्रीवल्लभाचार्यके दर्शनका यथार्थ स्वरूप
- शरणागतिविचारगोष्ठी एक पूरक प्रश्नोत्तरी (गुजराती)
- धर्म–अर्थ–काम–मोक्षकी पुष्टिमार्गीय विवेचना(हिन्दी–गुजराती)
- भगवत्सेवानो सिद्धान्तशुद्ध प्रकार: एक प्रश्नोत्तरी (गुजराती)
- साकारब्रह्मवाद (तत्त्वचिन्तन भक्ति और संस्कृति विमर्श) (हिन्दी)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणोपक्रम(गुज.)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत संक्षिप्त शास्त्रार्थ–सर्वनिर्णयप्रकरण तथा विवेकधैर्याश्रय, नवरत्न, सिद्धान्तमुक्तावली एवं भक्तिवर्धिनी का गुजराती अनुवाद–विवेचन(गुज.)
- श्रीवल्लभाख्यान : श्रीमद्भागवतको प्रारूप और श्रीवल्लभाख्यान
- अहंकारमीमांसा १–२
- पुरुषार्थव्यवस्था (हिन्दी–गुजराती)
- वर्तान्की सैद्धान्तिक संगति (वार्ता: गदाधरदास, महावनकी क्षत्राणी, दिनकदास, दिनकरदास–मुकुन्ददास)
- वार्ताविवेचना (श्रीदामोदरदासजी–श्रीकृष्णदास मेघनजी)
- पुष्टिभक्तिका व्यापारीकरण (कुशंका–खिलवाड–समाधान)
- ब्राह्मिक याथार्थ्य और ब्रह्मवादकी नानावादानुरोधिता
- पुष्टिमार्गकी आचार्यत्रयी
- सूक्तित्रयम् (सिद्धान्त–उत्सव–भक्ति)
- श्रीमद्भगवद्गीताध्यायप्रतिपाद्यसंक्षेप: (संस्कृत)

**सम्पर्क :** गोस्वामी श्रीश्याम मनोहरजी, व्रजकमल, ६३ स्वस्तिक सोसायूटी, ४था रास्ता, जुहु स्कीम, विलेपार्ले(पश्चिम) मुम्बई.

## મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધનો

# શ્રીભાગવતાર્થ પ્રકરણ

## તૃતીયસ્કન્ધના પ્રકરણોના તથા અધ્યાયોના અર્થ

**અધ્યાય ૧૪-૧૯; મતાન્તર ભાષા:**

ચૌદમાથી ઓગણીસમા સુધીના છ અધ્યાયો મતાન્તરભાષાથી પ્રાપ્ત થયેલા હિરણ્યાક્ષના વધના પ્રસંગમાં કહેલા છે, તેથી તેમાં શ્રીભાગવતના અર્થથી વિરુદ્ધ હોય તેની ગણના ન કરવી.

આ વિષયમાં એવી વ્યવસ્થા છે કે ચાલતી કથામાં પ્રસંગથી પ્રાપ્ત થયેલી કથાના ખાસ પ્રકારથી પ્રશ્નો પૂછવામાં આવે, તો જે પૂછેલું હોય તેટલું જ માત્ર ન કહેવું, પરન્તુ જે કલ્પમાં પૂછેલ પ્રમેય( વિષય ) ઉત્તમ પ્રકારે સિદ્ધ થયેલ હોય તે જ કહેવું જોઈએ. કારણ કે પ્રશ્ન કરનારમાં ભક્તિ ઉત્પન્ન કરવી તે જ તેનો ઉત્સાહ વધારનારું છે. તેથી જે કલ્પમાં હિરણ્યાક્ષ વગેરેની સરસાઈ થયેલી તે જ કલ્પની કથા આ અધ્યાયોમાં કહેલી છે.

આ કથામાં એવો પ્રશ્ન થાય છે કે વૈકુણ્ઠમાં ગયેલા જય અને વિજય ફરી સંસારમાં કેમ આવ્યા ? કૃત્રિમ વૈકુણ્ઠમાં ગયેલા હોવાથી તેઓ ફરી સંસારમાં આવ્યા એમ પણ કહેવાય નહિ, કારણ કે કૃત્રિમ વૈકુણ્ઠમાં ગયેલાઓને પણ મુક્તિ જ પ્રાપ્ત થાય છે. ''જેમણે નિષ્કામ ધર્મથી હરિને પ્રસન્ન કરેલા હોય તેઓ જ ત્યાં પણ જાય છે'' ( અ.૧૫|૧૪ ) તેથી ફરી સંસારમાં આવવું ન પડે તેવું જ સ્થાન તેઓને પ્રાપ્ત થાય છે. જય અને વિજય વૈકુણ્ઠમાં ગયેલા, છતાં પણ શ્રીકૃષ્ણની ઇચ્છાથી તેમનો સંસારમાં જન્મ થયો. ભગવાન્‌ની એવી ઇચ્છા હોવાનું પ્રયોજન લોકને એવું જણાવવાનું હતું કે વૈકુણ્ઠથી ભ્રષ્ટ થયેલા સેવકોને પણ કેવું ફલ પ્રાપ્ત થાય છે. ત્રણ લોકમાં હિરણ્યાક્ષ વગેરેને જે સુખ મળેલ તે ઇન્દ્ર વગેરેને પણ દુર્લભ છે. આવું સુખ વૈકુણ્ઠથી ભ્રષ્ટ થયેલા જય તથા વિજય ને પ્રાપ્ત થયું, છતાં તે પણ તેઓની તો મોટામાં મોટી આપત્તિ હતી. આ ઉપરથી વૈકુણ્ઠમાં તેઓને કેવું સુખ થતું હશે તેનું અનુમાન કરવું.૧૩૦

આ મતાન્તર પ્રમાણે વરાહ અને હિરણ્યાક્ષ નું યુદ્ધ ભૂમિ ઉપર જ થયેલું અને ભગવાન્‌ના હાથથી મૃત્યુ થવા છતાં, ભગવાન્‌ની ઇચ્છાથી જ હિરણ્યાક્ષને મુક્તિ પણ પ્રાપ્ત ન થઈ, અથવા ભગવાન્‌ની ક્રિયાશક્તિએ તેનો વધ કરેલ હોવાથી તેને મુક્તિ પ્રાપ્ત ન થઈ, અથવા મુક્તિ આપવામાટે ભગવાને અવતાર લીધો હોય ત્યારે જ તેમનાથી મુક્તિ પ્રાપ્ત થાય છે. વળી વરાહે હિરણ્યાક્ષનું ઉદર ચીરીને તેને હણ્યો ન હતો, પરન્તુ હણ્યા પછી તેનું ઉદર ચીરેલું. જો હણ્યા પહેલાં તેનું ઉદર ચીરે તો તેના પ્રાણો ભગવાન્‌નાં મુખમાં પ્રવેશ કરે ( એટલે તેની મુક્તિ થાય, તેથી ભગવાને તેમ ન કરતાં ) તે ફરી દૈત્ય ન જન્મે તે માટે તેના સંસ્કારવાળા અંશો પોતાની અન્દર પ્રવેશ કરે એવા અભિપ્રાયથી તેને હણ્યા પછી તેનું ઉદર ચીરેલું.૧૩૧

વરાહનું અને હિરણ્યાક્ષનું યુદ્ધ બ્રહ્માના એક દિવસ સુધી થયેલું એમ જણાય છે, આથી હિરણ્યાક્ષના બલનો ખ્યાલ આવે છે. આ યુદ્ધમાં જ વરાહકલ્પ વીત્યો. ત્યાર પછી શ્વેતવારાહકલ્પ થયો તેમાં સૃષ્ટિ અને હિરણ્યકશિપુ નું રાજ્ય થયાં. અથવા બીજા મત પ્રમાણે જે દિવસ યુદ્ધ ચાલ્યું તે દેવનો દિવસ હતો, એટલે મનુષ્યોના છ માસ સુધી એ યુદ્ધ ચાલેલું. છ માસ યુદ્ધ ચાલ્યું એ મત પ્રમાણે બ્રહ્માની સ્તુતિનાં વચનો ઘટે તે માટે એમ માનવું જોઈએ કે ભૂમિનું વરાહે સ્થાપન કર્યા પછી બ્રહ્મા પહેલાંની પેઠે મેરુ પર્વત ઉપર જ જઈ રહેલા.૧૩૨

આથી એમ સિદ્ધ થાય છે કે મુક્ત જીવો ભગવાન્‌ની ઇચ્છાથી સંસારમાં આવે છે. ભગવાન્‌ની ઈચ્છા પણ ભગવદ્રૂપ હોવાથી તેમના સંસારનું આ છ અધ્યાયોથી વર્ણન કરેલું છે. 'સંસાર' એટલે ઉત્પત્તિ અને મરણ. છ પૈકી પહેલા ત્રણ અધ્યાયોથી જય અને વિજય ની હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ તરીકે ઉત્પત્તિ અને પાછળના ત્રણ અધ્યાયોથી હિરણ્યાક્ષનું મરણ વર્ણવેલું છે.

અનિત્ય પદાર્થોનો 'જન્મ', નિત્ય અને હદવાળાનો 'સમાગમ' અને હદ વગરના નિત્યનું 'પ્રાકટ્ય', એવી રીતે ઉત્પત્તિ ત્રણ પ્રકારની કહેલી છે. મૃત્યુ પણ ''કાલ, દ્રવ્ય અને ગુણો થી આ જગત્‌નો ત્રણ પ્રકારે લય થાય છે''( ૩।૧૦।૧૪ ) એ વાક્ય પ્રમાણે ત્રણ પ્રકારનું છે.

ચૌદમા અધ્યાયનો અર્થ બીજની ઉત્પત્તિ( કશ્યપે દિતિમાં કરેલ ગર્ભાધાન ) છે. આ અધ્યાયમાં પહેલાં ઉપાધિની – રાક્ષસરૂપ ગર્ભ રહે તેમાં કારણની – ઉત્પત્તિ કહેલી છે.

પન્દરમા અધ્યાયમાં જય અને વિજય તેઓના સ્થાન વૈકુણ્ઠમાંથી ભ્રષ્ટ થયાનું કહેલ છે. તેથી તેઓને જીવનો સમ્બન્ધ થવો એ તેનો અર્થ છે.

સોળમા અધ્યાયમાં તેઓએ દિતિના ગર્ભમાં પ્રવેશ કર્યાનું એટલે તેઓનો જન્મ( ગર્ભમાં પ્રવેશ ) થયાનું કહેલ છે. ભગવાન્‌ની વિભૂતિરૂપ તેઓએ દિતિના ગર્ભમાં પ્રવેશ કર્યો. જો ભગવાન્‌ની વિભૂતિનો પ્રવેશ ગર્ભમાં થયો ન હોય તો અ.૧૭।૩-૧૭ સુધીમાં તેઓનું માહાત્મ્ય વર્ણવેલ છે તેવું ઘટે નહિ.

સત્તરમા અધ્યાયમાં તેઓનું જન્મ થયાનું અને તેઓનું પુરુષાતન પ્રકટ થયાનું કહેલ છે. આ તેઓની સરસાઈ નાશરૂપ હતી એમ જણાવવા નાશનું નિરૂપણ કરનારા અધ્યાયોમાં જણાવેલી છે.

અઢારમા અધ્યાયમાં વરુણનાં વચનોથી હિરણ્યાક્ષના નાશનું બીજ જણાવેલું હોવાથી 'નાશ પામતા હોવાપણું' એ તેનો અર્થ છે.

(અને ઓગણીસમા અધ્યાયમાં) તેનો નાશ થયાનું કહેલ છે. તેથી ૧. નાશનું બીજ ૨. નાશ પામતા હોવાપણું અને ૩. નાશ –એવા ભેદથી ( મરણના ત્રણ અધ્યાયો કહેલા છે ).

વૈકુણ્ઠમાં રહેનાર ભક્ત ઉત્તમ-જીવની એવી સ્થિતિ કેમ થઈ ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે આ છયે અધ્યાયોમાં કહેલી કથાનું કારણ ઈશ્વર ઈચ્છા જ છે. ઈશ્વરની ઈચ્છા વિના એમ થઈ શકે નહિ.૧૩૩-૧૩૪

આ છયે અધ્યાયોની કથા ઈશ્વરની ઈચ્છાથી થઈ ન હતી એમ માનીએ તો તેમાં એવી અસંગીતિ જણાય છે કે ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલી દક્ષની પુત્રી અને ઈન્દ્રિયોથી જાણવામાં ન આવે તેવા પદાર્થો જાણનાર ઋષિ કશ્યપની પત્ની, કામ ઉત્પન્ન થતાં, માત્ર એક ક્ષણ( થોડો સમય ) રોકાવામાટે ઋષિએ પ્રાર્થના કરવા છતાં રોકાઈ નહિ અને તેણે નિર્લજ્જ થઈ સુધ્યાના સમયમાં અગ્નિહોત્ર કરતાં ઋષિનું વસ્ત્ર પકડી સમજાવવા છતાં તેમને છૂટા ન કર્યા. આવું ભગવાન્‌ની ઈચ્છા વિના મર્યાદા પ્રમાણે થાય નહિ .૧૩૫

સ્ત્રીએ તો ગમે તેમ કર્યું પરન્તુ મુનિએ પણ જે કર્યું તે અઘટિત હતું. તેમણે

૧. મૌનનો ત્યાગ કર્યો( શ્લો.૧૫ )

૨. તેની સાથે વાતચીત કરી તે બન્નેની ભાષા અઘટિત હતી

૩. મુનિએ સ્ત્રીની સ્તુતિ કરી( શ્લો.૧૬-૨૦ )

૪. તેને વશ થયા

૫. શાસ્ત્રમાં જણાવેલથી જુદા પ્રકારે સ્ત્રી સાથે સમ્બન્ધ કર્યો( શ્લો.૩૦ )

૬. તેનો વિરોધ ન કર્યો.

—આ છ કાર્ય કશ્યપ મુનિએ કર્યા તે અયોગ્ય છે. પછી જે ધર્મરૂપ સંવાદ તે બેને થયો( શ્લો.૩૩-૪૯ ) તે એમ જણાવે છે કે આવાં અયોગ્ય કાર્ય કરવાં એ તેઓનો સ્વભાવ ન હતો. એટલે ભગવાન્‌ની ઈચ્છાથી જ તેઓથી આ કાર્ય થયું એ પ્રમાણે પહેલા( ચૌદમા ) અધ્યાયનો અર્થ અઘટિત હોવાનું એમ દર્શાવવા કહ્યું છે કે ભગવાન્‌ની ઈચ્છા વિના એમ બને નહિ. ૧૩૬-૧૩૬||

બીજા( પન્દરમા ) અધ્યાયમાં જણાવેલ વિષય પણ શ્રીકૃષ્ણની ઈચ્છાથી બનેલ ન હોય તો અયોગ્ય છે, કારણ કે સનન્દન વગેરે મુનિઓ જેમને કોઈ પણ દેશમાં અને કોઈ પણ સમયે ક્રોધ ન થાય અને જેઓ કોઈ પણ વિષયમાં અયોગ્ય કાર્ય ન કરે, તેઓ વૈકુણ્ઠમાં જ્યારે શ્રીકૃષ્ણનું ચિન્તન કરવાની ઉત્તમ અવસ્થામાં હતા ત્યારે શ્રીકૃષ્ણના સેવક જય અને વિજય ઉપર ક્રોધ કરી તેઓને સહન ન થઈ શકે તેવો શાપ આપ્યો. મુનિઓએ પણ આવું અયોગ્ય કામ કર્યું. ૧૩૬||-૧૩૮

જય અને વિજયે પણ તેવું જ આયોગ્ય કામ કર્યું. વૈકુણ્ઠના લતાઓ, પક્ષીઓ અને સ્ત્રીઓ પણ ભગવદ્‌ભાવવાળાં, ભગવાન્‌ના ગુણોનું ગાન કરવામાં રચ્યાં - પચ્યાં રહેનારા, અહપારરહિત, ઈર્ષ્યારહિત અને ઉત્તમ હોય છે. તેવા વૈકુણ્ઠમાં જેમણે સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય અને સારૂપ્ય એ ચાર પ્રકારનો મોક્ષ સમ્પૂર્ણ રીતે પ્રાપ્ત કરેલ, તેવા જય અને વિજયે ગર્વ કરી ભક્તો, વૈકુણ્ઠમાં ભગવાન્‌નાં દર્શન કરવા આવેલા, તેઓને પ્રતિબન્ધ કર્યો. આ તેઓનું કાર્ય પણ અયોગ્ય હતું. તે કાર્ય કર્યા પછી તે બન્નેએ મુનિઓના ચરણ

પકડ્યા( શ્લો.૩૫ ) તથા તેમની કૃપા માગી( શ્લો.૩૬ ) તે એમ દર્શાવે છે કે તેમણે જે અયોગ્ય કાર્ય કર્યું તેવું કરવાનો તેઓનો સ્વભાવ ન હતો . ૧૩૮-૧૪૦।।

ત્રીજા( સોળમા ) અધ્યાયમાં જણાવેલ વિષય પણ શ્રીકૃષ્ણની ઈચ્છાથી બનેલ ન હોય તો અયોગ્ય છે. આ અધ્યાયમાં ભગવાન્ મોહ કરે તેવાં વચનોથી સનક વગેરેને મોહ ઉત્પન્ન કરે છે( શ્લો.૪-૧૧ ). ભક્ત જય અને વિજય પ્રતિ બેદરકારી જણાવે છે. વળી વૈકુણ્ઠમાં ગયેલ સંસારમાં પાછા આવે તે અશક્ય હોવા છતાં તે બે વૈકુણ્ઠમાંથી પડે છે. ભગવાન્ પ્રતિ આ બે ભક્તોને દ્વેષ થાય છે, કારણ કે દ્વેષ થયો ન હોય તો ભવિષ્યમાં તેઓને ભગવાન્ ઉપર દ્વેષ રાખવાની બુદ્ધિ ન થાય. તેથી આ ત્રણે અધ્યાયોનો વિષય જો ભગવાન્‌ની ઈચ્છાથી થયેલ ન હોય તો થવો અશક્ય છે. ૧૪૦।।-૧૪૧।।

પછીના સત્તરમાથી ઓગણીસમા સુધીના ત્રણ અધ્યાયોનો વિષય પણ ભગવાન્‌ની ઈચ્છાથી બનેલ ન હોય તો બનવો અશક્ય જ છે. આ અધ્યાયોમાં હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુની અલૌકિક ઉત્પત્તિ વર્ણવેલી છે, કારણ કે મોટા પુરુષની સામાન્ય રીતે ઉત્પત્તિ થતી હોય ત્યારે ખરાબ શકુનો( અ.૧૭।૩-૧૫ ) થતાં નથી. વળી તેઓની વૃદ્ધિ( શ્લો.૧૬-૧૭ ) તથા દિગ્વિજય( શ્લો.૧૯-૨૩ ) પણ અલૌકિક છે. પાંચમા ( અઢારમા ) અધ્યાયમાં હિરણ્યાક્ષ સ્વામી ભગવાન્ વરાહને દુષ્ટ વચનો( શ્લો.૩-૫ ) કહે છે અને તેમની સાથે યુદ્ધ પણ કરે છે. આ સર્વ અયોગ્ય છે. વળી બ્રહ્માને વરાહ ભગવાન્, હિરણ્યાક્ષને કદાચ હણી નહિ શકે એવો ભ્રમ થાય છે. અને તે તેમને તેને તરત હણવાને પ્રાર્થના કરે છે( શ્લો.૨૨-૨૮ ). બ્રહ્માને આવો ભ્રમ થાય તે બહુ જ અયોગ્ય છે.

છઠ્ઠા( ઓગણીસમા ) અધ્યાયમાં જણાવેલ વિષય પણ શ્રીકૃષ્ણની ઈચ્છા વિના બનેલ હોય તો ઘણો જ અયોગ્ય છે, કારણ કે આ અધ્યાયમાં હિરણ્યાક્ષ ભગવાન્‌ની સન્મુખ તેમના મુખનું દર્શન કરતાં તેમનાથી હણાયો છતાં પણ તેને મુક્તિ પ્રાપ્ત ન થઈ. આથી વધારે બીજું આશ્ચર્યકારક શું હોય ? .૧૪૧।।-૧૪૩

તેથી આ છયે અધ્યાયોના વિષય શ્રીકૃષ્ણની ઈચ્છાથી જ બનેલા, એવું તર્ક સાથેનું આખ્યાન આ અધ્યાયોમાં કહેલું છે. મુક્ત જીવોનો જન્મ થાય છે અને ભગવાન જ તેઓને આ લોકના અને પરલોકના ફળનું દાન કરવા સંસારમાં તેઓનો જન્મ કરાવે છે, બીજા કોઈ કારણથી કરાવતા નથી. તેથી સર્ગ( સૃષ્ટિ ) ભગવાન્‌ની લીલા છે એમ સિદ્ધ થાય છે.૧૪૪

**અધ્યાય ૨૦; સાંખ્યસૃષ્ટિ :**

એવી રીતે મતાન્તર ભાષાથી ભગવાન્‌ની ઈચ્છા જ સર્વથી બલવાન છે એમ જણાવી, સમાધિભાષામાં પણ આ જ વિષય જણાવેલ છે એમ કહેવા સાંખ્યમત પ્રમાણે સૃષ્ટિ વગેરેનું વર્ણન કરેલું છે. ( મહત્તત્ત્વથી બ્રહ્મા સુધીનાં શ્લો.૧૨-૧૬ ) સાંખ્ય પુરુષો જીવન્મુક્ત છે, તેથી એમ સિદ્ધ થાય છે કે તે મત પ્રમાણે ઉત્પન્ન થયેલા મુક્તિ પ્રાપ્ત કરવા જ ઉત્પન્ન થયેલા છે. તે મત પ્રમાણે સૃષ્ટિ જુદા - જુદા અગિયાર પ્રકારની છે( શ્લો.૧૮-૫૨ ). ( છાયા શ્લો.૧૮ થી આરમ્ભી યોગ શ્લો.૫૨ સુધીનાં સાધનોથી તે બ્રહ્માએ ઉત્પન્ન

કરેલી છે). તે સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલાઓમાં સત્ત્વ વગેરે ગુણો મુખ્ય છે. (કારણ કે રાત્રિ શ્લો.૧૯ વગેરેરૂપ થયેલ બ્રહ્માનું શરીર તેઓએ ગ્રહણ કરેલ હોવાથી તેઓમાં બ્રહ્માનું તેવું જુદા - જુદા રૂપવાળું શરીર પ્રધાન છે) તેથી જ આરમ્ભમાં ગુણવાળી નવ પ્રકારની સૃષ્ટિ કહેલી છે(શ્લો.૧૮-૪૮).૧૪૫

અહીં ભગવાન્‌ની કથાના આરમ્ભમાં મનુની કથા સમ્બન્ધી પ્રશ્ન શૌનક કરે છે(શ્લો.૧-૪) તે યોગ્ય નથી એવી શંકા થાય, તો જાણવું કે અહીં શૌનકે પોતે પ્રશ્ન કરેલ છે તે પણ, જુદા પ્રકારથી, ભગવાન્‌ની કથા સમ્બન્ધી જ પ્રશ્ન છે. અને તેણે બીજાએ(વિદુરે શ્લો.૪માં) કરેલ પ્રશ્ન પૂછ્યો તે પણ તેવી રીતે ભગવાન્‌ની કથા સમ્બન્ધી જ પ્રશ્ન છે, કારણ કે મનુ ભગવાન્‌નો ભક્ત હતો અને તેણે જે કાંઈ કરેલું તે ભગવાન્ પ્રસન્ન થાય તેવું જ કરેલું હોવાથી, તે લીલાના પ્રયોજનથી કરેલ હોવાથી, ભગવાન્‌ની લીલા જ છે.૧૪૬

ત્યારે ''એ પ્રમાણે પુછાયેલા સૂતે સાંભળો એમ તેમને કહ્યું''(શ્લો.૭) એ વ્યાસનું વાક્ય ઘટતું નથી એવો સન્દેહ થાય, તો જાણવું કે આ જુદા પ્રકરણનો આરમ્ભ થાય છે એમ જણાવવા વ્યાસે એ વાક્ય કહેલું છે. તેવી જ રીતે શુક અને સૂતે પણ જે વચનો ઉત્તરમાં કહેલાં તે સૂતના વચનથી જ જણાવેલાં છે. વિદુરે જે પ્રશ્ન કર્યા(શ્લો.૯-૧૧) તે સૂતે કહેલા છે(શ્લો.૮). આ વચનો શુકે પરીક્ષિતને અને સૂતે શૌનક વગેરેને કહેલા. વિદુરના તથા મૈત્રેયના સંવાદનો શુકે આરમ્ભ કરેલો(અ.૫।૧) તેથી આ પ્રશ્નો શુકે કહેવા જોઈએ, છતાં શુકે કહેલાં નથી અને સૂતે કહેલા છે, કારણ કે સૂતે અને શુકે બન્નેએ શબ્દ તથા અર્થથી આ એક જ પ્રકારનાં સરખાં વચનો કહેલાં. તેથી બીજા પક્ષના શુક અને પરીક્ષિત વચ્ચે પણ આ જ સંવાદ થયેલ હોવાનું જાણવું. જેવા પ્રશ્ન શૌનકે કર્યા છે તેવા જ રાજા પરીક્ષિતે કરેલા; અને જેવા ઉત્તર સૂતે આપ્યા છે તેવા જ શુકે આપેલા; તેથી બન્નેના સંવાદ ન વર્ણવતાં હરકોઈ એકનો સંવાદ કહેલો છે.૧૪૭

સાંખ્યમતની સૃષ્ટિ ક્યા કલ્પમાં થઈ ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ત્રણ લોકને ડુબાડનાર પ્રલયના જળમાં જે કમળ થયેલું(અ.૮।૯) તે કેવલ પદ્મકલ્પથી જુદો (તેની પછીનો) જે પદ્મકલ્પ બ્રહ્માણ્ડમાં થયેલો, તેમાં જ સાંખ્યમતની પ્રસિદ્ધિ થયેલી, કારણ કે તે જ કલ્પમાં સાંખ્યાચાર્ય કપિલ થયેલા.

કપિલના જ્ઞાનની તત્ત્વસૂત્રમાં વ્યાસજીએ નિન્દા કરેલી છે છતાં તેથી મુક્તિ કેમ પ્રાપ્ત થાય ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે ભગવાન્‌ની ઇચ્છાથી એક પ્રકારે મુક્તિ જેનાથી પ્રાપ્ત થાય તેવું જ્ઞાન હૃદયમાં પ્રાપ્ત કરી, કપિલે ભગવાનને પ્રાપ્ત કરેલા છે, એમ દર્શાવવા સાંખ્યમતમાં આ કલ્પનું વર્ણન કરેલું છે. તેથી આ અધ્યાયમાં આ પદ્મકલ્પનું ઉત્તમ પ્રકારે વર્ણન કરેલું છે અને આ વરાહકલ્પનું પણ વર્ણન કરેલું છે. જો વરાહકલ્પનું વર્ણન અહીં કરેલ ન હોય તો જેની કથા ચાલે છે તે શ્વેતવારાહ કલ્પમાં સાંખ્યમતથી મુક્તિ પ્રાપ્ત ન થાય.૧૪૮-૧૪૯

સાંખ્ય સૃષ્ટિ પહેલાં જે સૃષ્ટિ ( અ.૫ ।૨૩થી આરંભી) કહી તે સૃષ્ટિ કરતાં આ સૃષ્ટિ જુદા પ્રકારની છે, કારણ કે આ સૃષ્ટિમાં પાંચ-પાંચના સમૂહથી પ્રાકૃત પદાર્થોની ઉત્પત્તિ થાય છે , એમ અધ્યાય ૨૬ ।૧૧થી આરંભી જણાવશે. એવી રીતે પ્રાકૃત પદાર્થોની ઉત્પત્તિ સંખ્યા સહિત કહેલી હોવાથી આ સાંખ્યમત કહેવાય છે. આ તમમાં પદાર્થો તત્ત્વો થયેલાં છે, આ મતની સૃષ્ટિનું અહીં વિસ્તારથી વર્ણન કરેલું નથી, કારણ કે પહેલાં સૃષ્ટિનું વર્ણન કરેલું છે તે જ સૃષ્ટિ અહીં જુદા પ્રકારથી ઉત્પન્ન થતી હોવાનું જણાવેલ છે. તેથી તેનું વર્ણન કરનાર વાક્ય માત્ર ચિહન તરીકે કહેલું છે. તેથી આ એકવીસમા અધ્યાયમાં અગિયાર પ્રકારની સૃષ્ટિ વર્ણવેલી છે. સ્વભાવ અને ગુણો ના જુદા-જુદા પ્રકારને લીધે તેમનાં કર્ય તરીકે તે જુદા-જુદા પ્રકારની સૃષ્ટિ વર્ણવેલી છે તેમાં સ્વભાવના બે પ્રકાર છે અને ગુણોના નવ પ્રાર છે.

ગુણો ત્રણ છે (તે દરેક ત્રણ-ત્રણ પ્રકારના થતા નવ ગુણો થાય છે.) દશમી નિર્ગુણ હોવાની સ્થિતિ જ્ઞાનરૂપ છે અને અગિયારમું ભગવાનનું ચિન્તન. એવી રીતે ગુણો અને સ્વભાવના ૧૧ ભેદો કહેલા છે. તે પૈકી ગુણોથી થતી સૃષ્ટિ આ અધ્યાયમાં ટૂંકાણથી કહેલી છે. સ્વભાવ-સૃષ્ટિ જ્ઞાન-ભક્તિના ભેદથી ચાર(૨૧-૨૪) અને નવ(૨૫-૩૩) અધ્યાયોથી વિસ્તારથી કહેલી છે, તે આગળ પોતાની મેળે સ્પષ્ટ થશે.૧૫૦-૧૫૧.

ગુણોની સૃષ્ટિ પૈકી પહેલાં તામસસૃષ્ટિ ત્રણ પ્રકારની ઉત્પન્ન થઈ; [૧]યક્ષો અને રાક્ષસો; [૨]દેવો અને [૩]દૈત્યો. આ અનુક્રમે તામસ - તામસ, તામસ - સાત્ત્વિક અને તામસ - રાજસ સૃષ્ટિ થઈ. અવિદ્યા અહીં પહેલાંના ( બારમા અધ્યાયમાં જણાવેલ છે તે ) પ્રકારે જ ઉત્પન્ન થયેલી. ભેદ એટલો છે કે આ સૃષ્ટિમાં યક્ષો અને રાક્ષસો પણ અવિદ્યા ઉપાધિ ( તેઓને ઉત્પન્ન કરનાર બ્રહ્માના શરીર ) સાથે જ ઉત્પન્ન થયેલા એમ શ્લો.૧૮-૧૯ માં કહેલું છે ( જ્યારે બારમા અધ્યાયમાં પાંચ પ્રકારની અવિદ્યા જુદી ઉત્પન્ન થયેલી અ.૧૨।૨ ) તેવી જ રીતે બીજા ગુણથી દેવો પણ ઉત્પન્ન થયા ( અને બીજા ગુણથી દૈત્યો પણ ઉત્પન્ન થયા. શ્લો.૧૯,૨૨,૨૩ ).૧૫૧।।-૧૫૨।।

જુદા પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન થાય તે માટે બ્રહ્માએ શરીરનો ત્યાગ કર્યાનું કહેલ છે, તેથી મનનું વલણ બદલાય તે માટે બ્રહ્મા શરીરનો ત્યાગ કરતા એમ જાણવું. બ્રહ્માનાં જુદા - જુદા શરીરો એટલે જુદા - જુદા કાલના અભિમાનવાળા દેવો. તેઓ બ્રહ્માના દેહથી જુદા રહેતા .૧૫૨।।-૧૫૩।।

પાંચ વિભાગવાળી અવિદ્યા ઉત્પન્ન થયા પછી બ્રહ્માએ કેમ પોતાના શરીરનો એ પ્રમાણે ત્યાગ કર્યો ? ( કારણ કે પહેલાં બારમા અધ્યાયમાં અવિદ્યા ઉત્પન્ન થઈ ત્યારે તેમણે દેહનો ત્યાગ કર્યો ન હતો ) એવો પ્રશ્ન થાય, તો જાણવું કે પાંચ વિભાગવાળી અવિદ્યા દેવતારૂપ છે. તે જ્યારે બ્રહ્માની ઉપાધિ ( તેને ઉત્પન્ન કરનાર બ્રહ્માના શરીર ) રૂપ થઈ તે જ સમયે યક્ષો અને રાક્ષસો ની ઉત્પત્તિ થઈ. પછી બ્રહ્માએ જોયું કે આ રાક્ષસો અવિદ્યાની સાથે જ ઉત્પન્ન થયેલા, તે બ્રહ્માને ગમ્યું નહિ. તેથી ભગવાન્‌ની પ્રેરણાથી

યક્ષો અને રાક્ષસો એ તેમને ખાઈ જવાનો ઉદ્યમ કર્યો.

ત્યારે બ્રહ્માને ખાઈ જતાં કેમ અટક્યા ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે તેઓ તામસ-તામસ હોઈ ઘણા મૂઢ હતા, તેથી તેઓ માત્ર બ્રહ્માનાં વચન( શ્લો.૨૧ )થી જ તેમને ખાઈ જતાં અટકી ગયા.૧૫૩।।-૧૫૪।।

દેવોની ઉત્પત્તિનો વિષય તો સહેલાઈથી સમજાય તેવો છે. તેમના વિષયમાં ( તેઓ બ્રહ્માને અગવડ કરે તેવી ) શંકા જ નથી. રાજસોના વિષયમાં બ્રહ્માને ઘણો જ શ્રમ થયો, કારણ કે બ્રહ્માથી જુદી રહેલી દેવતાનું તે દુષ્ટ બુદ્ધિવાળાઓ વર્ણન કરવા લાગ્યા, તેથી તે દુષ્ટોએ મૈથુન કરવા પ્રયાસ કર્યો ત્યાંથી( શ્લો.૨૩ ) આરમ્ભી બ્રહ્માએ તે શરીરનો ત્યાગ કર્યો( શ્લો.૨૮ ) ત્યાં સુધીની કથા કહી, બ્રહ્માનાં બીજા શરીરો તરત જ કાલરૂપ થતાં, જુદા - જુદા કાલના નામથી કહેલાં છે. પરન્તુ રજોગુણને લીધે રાજસ થયેલું આ શરીર તો સુધ્યા સાથે ભળી ન ગયું, પરન્તુ કેટલાક સમય સુધી જુદું રહ્યું, તેથી દૈત્યોએ તેનું વર્ણન કર્યું( શ્લો.૩૨ - ૩૮ ). પછી કાલ( સુધ્યા ) સાથે તે ભળી ગયું ત્યારે દૈત્યોએ પોતાનો ઉદ્યમ કરવાનું બંધ રાખ્યું.૧૫૪।।-૧૫૫।।

ત્યાર પછી સાત્ત્વિક ત્રણ પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન કરી, તેમાં ગન્ધર્વો પિશાચો અને પિતૃઓ ( સાત્ત્વિક - સાત્ત્વિક, સાત્ત્વિક - તામસ અને સાત્ત્વિક - રાજસ ) એ ત્રણ પ્રકારના ગુણોથી અનુક્રમે ઉત્પન્ન થયા( શ્લો.૩૯,૪૦,૪૨ ). તેઓના દોષનું વર્ણન કરેલું નથી, કારણ કે ગુણવાળા હોવા છતાં, તેઓમાં દોષ કરવાનો સ્વભાવ ન હતો. બીજા કોઈએ દોષરૂપથી તેઓમાં પ્રવેશ કરેલ ન હોવાથી તેઓમાં દોષ કરવાનો સ્વભાવ ન હતો.૧૫૫।।-૧૫૬

ત્યાર પછી રાજસ ત્રણ પ્રકારની સૃષ્ટિમાં સિદ્ધો, કિન્નરો અને સર્પો ઉત્પન્ન થયાનું કહે છે( શ્લો.૪૫,૪૬,૪૮ ). આ અનુક્રમે રાજસ - સાત્ત્વિક, રાજસ - રાજસ અને રાજસ - તામસ સૃષ્ટિ થઈ.૧૫૬-૧૫૭

કૃતકૃત્ય હોવું એ નિર્ગુણ અવસ્થા છે. કૃતકૃત્ય હોવું એટલે પોતે જ પરમ પુરુષાર્થરૂપ થવું. તપ વગેરે સાધનોથી કૃષ્ણપણું પ્રાપ્ત થાય છે. અહીં 'કૃષ્ણપણું' શબ્દથી ઋષિની સ્થિતિ કહેલી છે. તેથી બ્રહ્માએ પણ તે સ્થિતિ ધારણ કરવા યોગ્ય છે.

બ્રહ્માએ ઋષિની સ્થિતિ ધારણ કરવા યોગ્ય હોય તેથી શું ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે તેમ હોવાથી તે સૃષ્ટિ રચતા અટક્યા. તેમ ન હોત તો બુદ્ધિમાન બ્રહ્મા સૃષ્ટિ રચ્યા જ કરત, સૃષ્ટિ રચતા અટકત નહિ. એ રીતે એકવીસમા અધ્યાયનો અર્થ કહ્યો ૧૫૮

**અધ્યાય ૨૧-૨૩; મુક્તિ પ્રકરણ :**

હવે જ્ઞાન અને ભક્તિ નું વિસ્તારથી નિરૂપણ કરવાનું છે, તે ૨૧-૩૩ સુધીના તેર અધ્યાયોમાં કહેલું છે. તેના બે વિભાગ છે. પહેલા ચાર( ૨૧-૨૪ ) અધ્યાયોથી પુરુષની સુખપૂર્વક થતી મુક્તિનું નિરૂપણ કરેલું છે. અને પાછળના નવ( ૨૫-૩૩ ) અધ્યાયોથી સ્ત્રીની મુક્તિનું નિરૂપણ કરેલું છે.

એ રીતે એકની મુક્તિનું થોડું અને બીજીની મુક્તિનું ઘણું નિરૂપણ કેમ કર્યું ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે પુરુષને તો શ્રીકૃષ્ણની કૃપાથી જ્ઞાન એની મેળે જ પ્રાપ્ત થયેલું. પુરુષને તો ચાર પુરુષાર્થો પ્રાપ્ત થાય છે, એમ જણાવવા ચાર અધ્યાયો કહેલા છે. અને તેમાં પણ પુરુષાર્થો પ્રાપ્ત કરવાના સાધનરૂપ જ્ઞાન તેને એની મેળે જ પ્રાપ્ત થયેલું, કારણ કે ભગવાન્‌ની કૃપાથી જ સાધનો સાથે તેને પુરુષાર્થો પ્રાપ્ત થયેલા.૧૫૯

પુરુષને પુરુષાર્થ પ્રાપ્ત થયા તેથી જ, સ્ત્રી તેની સાથે હોવાથી, તેને પણ ધર્મ, અર્થ અને કામ પુરુષાર્થો પ્રાપ્ત થયા. છતાં તેને પ્રાપ્ત થયેલ મોક્ષનું જુદું નિરૂપણ કરવાનું રહ્યું. મોક્ષ તો જુદું રહે તેને જ પ્રાપ્ત થાય. સ્ત્રી-પુરુષ ભેગા રહે તેમને પ્રાપ્ત ન થાય. તેથી પુરુષની મુક્તિના વિષયમાં ઘણું કહેવાનું ન હોવાથી, તેની મુક્તિ ચોવીસમા અધ્યાયથી કહી છે. સ્ત્રીની મુક્તિ તો અન્તઃકરણના નવ ગુણરૂપ દોષોનો ત્યાગ કરાવવા નવ( ૨૫-૩૩ ) અધ્યાયોથી કહેલી છે. તે સ્ત્રી હોવાથી તેને ઉપદેશ કરવામાં આવે ત્યારે જ સર્વ તેના જાણવામાં આવે છે, એટલે ઘણાંએ સાધનોનો સઙ્ગ્રહ જણાવેલ છે.

આ સ્ત્રીમુક્તિમાં તેને નવ કન્યાઓ થયાનું કહેવું યોગ્ય નથી એમ લાગે, તો જાણવું કે સૃષ્ટિના કારણ તરીકે તેને નવ કન્યાઓ ઉત્પન્ન થયાનું કહેલું છે. અહીં ( આથી ) એમ જણાવેલું છે કે સ્ત્રીજીવો પ્રકૃતિને અધીન છે .૧૬૦

જીવો સૃષ્ટિનું કારણ હોવાનું પહેલાં ( શ્લો.૫ ઉપરના પ્રકાશમાં ) જ કહેલું છે, ફરીથી તે શા માટે કહેવામાં આવે છે ? ( મુક્તિ પ્રકરણમાં આ કહેલ છે ) એવો પ્રશ્ન થાય, તો જાણવું કે પ્રકૃતિ કારણ છે એમ જણાવવા તે કહેવામાં આવે છે, તેથી સાત્ત્વિક જ્ઞાનદ્વારા પ્રકૃતિ, મુક્તિનું પણ કારણ થાય છે એમ જણાવવા આ કહેલ છે ( અ.૨૬।૧૦ ઉપરના શ્રીસુબોધિનીમાં આ દર્શાવેલ છે ).

સ્ત્રીજીવ પ્રકૃતિને અધીન હોય છે, તેથી જો સ્ત્રીજીવ કારણ થતા હોય તો પ્રકૃતિ કારણ હોવાનું સિદ્ધ થાય ( તેથી સ્ત્રીજીવો કારણ છે એમ કહેલું છે ). છતાં નવ કન્યાઓ હોવાનો શો ઉપયોગ ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ભગવાન્‌ની માયાશક્તિ તેવી નવ સ્વરૂપવાળી છે, કારણ કે તે ત્રણ ગુણવાળી છે અને તે દરેક ગુણ ત્રણ પ્રકારનો હોવાથી તે નવ સ્વરૂપવાળી છે.

સ્ત્રીપણું એટલે શું ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે શુદ્ધસત્ત્વ વગેરે ગુણોના ભેદને લીધે પ્રકૃતિ રમણ કરવા યોગ્ય સ્વરૂપવાળી થાય તે સ્ત્રી.

''પ્રકૃતિ ત્રણ ગુણોવાળી છે. ગુણના મુખ્યપણાને લીધે ક્રોધ વગેરેને વશ થયેલા પુરુષો પણ સ્ત્રી થાય છે. ગુણો વિનાની તો પ્રકૃતિ હોતી જ નથી'' એવો મત ખોટો હોવાનું અહીં જણાવેલ છે. ગુણોની સ્થિતિનો ત્યાગ કરીને જે પુરુષને રમણ કરાવતાં પોતાના સ્વરૂપ ( શક્તિસ્વરૂપ )થી રહે તે પ્રકૃતિ સ્ત્રીરૂપ કહેવાય છે.

સર્વ તત્ત્વોમાં પુરુષના અને પ્રકૃતિના અંશો જુદા - જુદા રહેલ હોય છે. તેમાં જણાય તેવાં, નર અથવા નારી જાતિનાં ચિહ્‌ન, તથા ન જણાય તેવાં ધર્મ - અધર્મ વગેરે

કારણોને લીધે ભોગ થવા યોગ્ય સ્થિતિ પ્રાપ્ત કરેલા પ્રકૃતિના અંશો જેમાં રહીને બીજની સ્થિતિ પ્રાપ્ત કરે અને પછી તેઓ વધે ત્યારે તે સ્ત્રી થાય છે આવા અભિપ્રાયથી ''શુદ્ધ સત્ત્વ વગેરે ગુણોના ભેદને લીધે પ્રકૃતિ રમણ કરવા યોગ્ય સ્વરૂપવાળી થાય તે સ્ત્રી'' એમ ઉપર કહેલું છે. એક-બીજા સાથે ભળેલા હોય તે જ ગુણો કહેવાય છે. તેમાં સત્ત્વગુણ મુખ્ય હોય ત્યારે દેવની સ્ત્રી થાય છે, રજોગુણ મુખ્ય હોય ત્યારે મનુષ્યની સ્ત્રી થાય છે અને તમોગુણ મુખ્ય હોય ત્યારે પશુસ્ત્રી થાય છે.૧૬૧

તેનું સ્વરૂપ આનન્દના અંશવાળું હોય છે, કારણ કે આનન્દના અંશનો તેમાં પ્રવેશ થયેલો હોવાથી તે ભોગ કરવા યોગ્ય થાય છે. તેમ છતાં શુદ્ધસત્ત્વ વગેરે ગુણોના સ્વરૂપને લીધે શક્તિ તેમાં મુખ્ય હોવાથી તે સ્ત્રી થાય છે. જો કે પુરુષમાં પણ આનન્દના અંશનો પ્રવેશ થાય છે, કારણ કે પુરુષ પણ સ્ત્રીથી ભોગ કરવા યોગ્ય થાય છે, છતાં પણ સ્ત્રીમાં ગુણો ઘણા બલવાન્ હોવાથી શક્તિના મુખ્યપણાને લીધે તે સ્ત્રી થાય છે. પુરુષનો દેહ તો તત્ત્વોથી બનેલો હોય છે. યથાર્થ પુરુષના અંશો ભેગાં થતાં, પુરુષ થાય છે.

આ વિષયનો નિર્ણય કરાવનાર શું ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે સ્ત્રીઓ પુરુષને મોહ કરાવે છે ( તે આનો નિર્ણય કરાવનાર છે ) સ્ત્રીઓ મોહ કરાવનારી હોય છે, તેથી તેઓમાં પ્રકૃતિનું રૂપ વધારે છે, ( પ્રકૃતિનું રૂપ વધારે ન હોય તો તેમનાથી પુરુષને મોહ ન થાય ).૧૬૨-૧૬૨।।

સર્ગલીલામાં મનુના વંશથી જેનો આરમ્ભ કરેલ તે રુચિ વગેરેના વંશોનું નિરૂપણ કરવાનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે મનુની પુત્રીઓ આકૂતિ તથા પ્રસૂતિ અનુક્રમે રુચિ તથા દક્ષ ને પરણાવેલી( અ.૨૧।૫ ) તેઓના વંશનો પ્રશ્ન વિસર્ગ લીલામાં ઉપયોગી છે ( અહીં તો માત્ર પ્રસંગથી કહેલ છે અને વિસર્ગલીલામાં વિસ્તારથી કહેશે. જુઓ. ૪।૧।૨-૮ અને ૪।૧।૧૧ ).

ત્યારે વચ્ચે કર્દમનું ચરિત્ર આ સ્કન્ધમાં શા માટે કહેલું છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે પ્રકૃતિ અને પુરુષ નો સમ્બન્ધ સદાનો છે એમ જણાવવા અહીં કર્દમનું ચરિત્ર કહેલું છે. પ્રકૃતિ તથા પુરુષ નો સમ્બન્ધ સર્ગમાં ઉપયોગી છે. પ્રકૃતિ અને પુરુષ જુદા-જુદા હોવાનું પ્રસિદ્ધ હોવા છતાં સ્વભાવથી જ તેઓને મુક્તિ થઈ ન હોય ત્યાં સુધી એક બીજાની ઈચ્છા રહે છે. તેથી આ વિષય સર્ગમાં જણાવવા યોગ્ય હોવાથી કર્દમનું સર્ગમાં નિરૂપણ કરેલ છે. વળી ''સાથે ઉત્પન્ન થયેલાં ( કુદરતી સમ્બન્ધવાળાં ) પણ છૂટાં પડે ત્યારે મુક્તિ પ્રાપ્ત કરે છે'' એ નિયમ પ્રમાણે સંસારનો ત્યાગ કરવાથી બન્નેની મુક્તિ થઈ એમ સર્ગમાં કહેવું યોગ્ય જ છે. એ પ્રમાણે પ્રકરણનો અર્થ કહ્યો.૧૬૨।।-૧૬૩।।

**અધ્યાય ૨૧; ધર્મ:**

એકવીસમા અધ્યાયમાં કર્દમે ભગવાનને પ્રસન્ન કરવા તપ કર્યાનું કહેલ છે તેનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે શ્રીકૃષ્ણની પ્રસન્નતા સર્વનું કારણ છે. શ્રીકૃષ્ણની પ્રસન્નતાથી જ સર્વ પુરુષાર્થો પ્રાપ્ત થાય છે એમ જણાવવા તે કથા કહેલી છે.

ત્યારે ભગવાન્ શાથી કર્દમ ઉપર પ્રસન્ન થયા ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે કર્દમે ભગવાનની સ્તુતિ કરી( શ્લો.૧૩-૨૧ ) તેથી તે ભગવાન્‌નો ભક્ત છે એવો નિર્ણય થવાથી ભગવાન્ તેના ઉપર પ્રસન્ન થયા. ભગવાન્ તેના તપથી પ્રસન્ન થયા ન હતા, તેમજ તેની સ્તુતિથી પ્રસન્ન થયા ન હતા; પરન્તુ તેણે સ્તુતિમાં જે સત્ય વૃત્તાન્ત કહ્યો અને તેમાં પણ પોતાનું ઘરનું છિદ્ર( પોતાની ખામી શ્લો.૧૫ ) કહ્યું તેથી ભગવાન્ તેના ઉપર પ્રસન્ન થયા. પોતાનાં છિદ્ર જેઓ જ્યારે જણાવે ત્યારે તેઓ ભક્ત છે એવો નિર્ણય થાય છે. તેવું વચન પોતાના સ્વાર્થમાટે કર્દમે કહેલું અને ઉત્તમ પુરુષ કપટ રહિત ભજન કરવામાં આવે ત્યારે પ્રસન્ન થાય છે. કર્દમ ભગવાન્‌નો ભક્ત હતો એ નિર્ણય સર્ગલીલા( સૃષ્ટિ ) માં ઉપયોગી છે ૧૬૩||-૧૬૪||

કર્દમ ઉપર ભગવાને કૃપા કરી ( તેની કામના પૂર્ણ કરી ) તે કૃપા સદાની નહિ હોય એવી શંકા થાય, તો જાણવું કે કર્દમે કામના પૂર્ણ કરવા પ્રાર્થના કરી તે પહેલાં જ ભગવાને તે તેને આપેલ હોવાથી( શ્લો.૨૩ ) તે કામના તેણે કરેલ સાધન( તપ-પ્રાર્થના ) વગેરેથી તેને ફળેલી ન હતી. તે તેને પ્રાપ્ત થવાનું કારણ પણ ભગવાન્‌ની કૃપા જ હતી. ભગવદીય પદાર્થનો ભોગ કરી શકાય તે માટે જરૂરી શરીર તથા ઇન્દ્રિય ના સંસ્કાર અને તપ વગેરે ( તો ભગવાન્‌ની કૃપાનાં ) ફળ છે, તેથી ભગવાન્‌ને તેણે જે કામના પૂર્ણ કરવા પ્રાર્થનાનાં વચન કહ્યાં તે નકામાં જ હતાં. ભગવાન્‌નાં વચન( શ્લો.૨૩ )થી જ આ જણાય છે. ભગવાને તેની કામના કૃપા કરી પહેલાંથી જ સિદ્ધ કરી ન હોત તો તેને વૃત્તાન્ત કહ્યો( શ્લો.૨૫-૩૨ ) તે કહેત નહિ. તેથી તેની પ્રાર્થનાનાં વચન નકામાં છે એમ ભગવાને તેને ઉત્તર આપ્યો તેથી જ જણાવેલ છે ૧૬૪||-૧૬૫||

**અધ્યાય ૨૨ ; અર્થ :**

ભગવાને મનુને પ્રેરણા કરી ન હોત તો કર્દમને દેવહૂતિ કેવી રીતે પ્રાપ્ત થાત ? ભગવાને તેને પ્રેરણાકરી તેનું કારણ શું ? જો ભગવાન્ કારણ વિના એવી પ્રેરણા કરતા હોય તો બધાને તેમના ઈચ્છેલા પદાર્થો પ્રાપ્ત થાય ! એવી શંકા થાય, તો જાણવું કે ભગવાન્‌ને જે પ્રિય હોય તેને સર્વ પુરુષાર્થો પોતાની મેળે જ આવી મળે છે એમ જણાવવા મનુએ પોતે જ ઉદ્યમ કરી દેવહૂતિનો સ્વીકાર કરવા કર્દમને પ્રાર્થના કરી છે( શ્લો.૨-૧૪ ). તેથી ભગવાન્‌ને પ્રિય થવું તે જ પ્રાપ્ત કરવા યોગ્ય છે. બીજું કાંઈ પ્રાપ્ત કરવા યોગ્ય નથી ભગવાન્‌ને પ્રિય થવાથી જ સર્વ પદાર્થો અને પુરુષાર્થો પ્રાપ્ત થાય છે.

મનુ અને કર્દમના સંવાદમાં દેવહૂતિનું વર્ણન કરવામાં આવેલ છે તે અયોગ્ય છે એવો વિચાર આવે, તો જાણવું કે, કર્દમે દેવહૂતિનું વર્ણન કરેલું છે( શ્લો.૧૬-૧૮ ) તે તેના ઉપર પોતાનો પ્રેમ જણાવવા કરેલું છે. મનુએ દેવહૂતિનું વર્ણન કરેલ( શ્લો.૯-૧૧ ) તે કર્દમનો તેના ઉપર પ્રેમ થાય તે માટે કરેલ. તેથી તેમાં કાંઈ અયોગ્ય નથી.

કર્દમે માત્ર એકવાર જ દેવહૂતિ સાથે સમ્બન્ધ કરવાની પ્રતિજ્ઞા કરી( શ્લો.૧૯ ) છતાં મનુએ તેને તેની સાથે કેમ પરણાવી ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે રાજા મનુ

ભગવાન્‌નો ભક્ત હોવાથી તે સર્વને સમાન જોતો. ‘‘બધાને પુરુષાર્થોની પ્રાપ્તિ થાઓ’’ એવો વિચાર રાખવો તે સર્વને સમાન જોવાનું છે. તેથી કર્દમ પણ તેનો પુરૂષાર્થ ભલે પ્રાપ્ત કરે એવા વિચારથી કર્દમે એવી પ્રતિજ્ઞા કરેલી હોવા છતાં તેણે દેવહૂતિ તેને પરણાવી.૧૬૫॥-૧૬૭

**અધ્યાય ૨૩; કામ:**

વિવાહ થયા પછી દેવહૂતિએ ભક્તિથી કર્દમની સેવા કર્યાનું શા માટે કહેલ છે ? કર્દમે વિવાહ પછી પણ તપ શા માટે કર્યું ? એવા પ્રશ્ન થાય, તો જાણવું કે તેઓના કાર્ય-પુત્રીઓ શુદ્ધ થાય તે માટે દેવહૂતિએ વિવાહ પછી ભક્તિથી કર્દમની સેવા કરેલી( શ્લો.૧-૩ ). જો તેણે તેમ કરેલ ન હોય તો જેમ પુત્રના દોષથી પિતા નરકમાં જાય છે તેમ કાર્ય( પુત્રીઓ )ના દોષથી કારણ( દેવહૂતિ અને કર્દમ )ને પણ દોષ લાગે. વળી દેવહૂતિએ ભક્તિથી છૂટા ન પડે તેવા પતિના અભિપ્રાય જાણવા( શ્લો.૧ ) ગુણો પણ સાચવેલા. કર્દમે જે તપ કરેલું તે તો પોતાને અને દેવહૂતિને પણ મુક્તિ પ્રાપ્ત થાય એવા જુદા પ્રયોજનથી કરેલું. અથવા કર્દમના તપનો પણ ભક્તિમાં સમાવેશ કરવો, જ્યારે દેવહૂતિએ તપ કરેલ તે પહેલાંની પેઠે ( શુદ્ધ પુત્રીઓ થાય તે માટે ) પવિત્રપણું સાચવવા કરેલું. વિષયભોગમાં આસક્તિ ન થાય તે માટે વિમાન વગેરે ભોગનાં સાધનો( શ્લો.૧૨-૨૧ ) કર્દમે અલૌકિક પ્રાપ્ત કરેલાં.૧૬૮

શ્લો.૧૨ માં કર્દમે યોગનો આશ્રય કર્યાનું કહેલ છે. ‘યોગ’ એટલે ભગવાન્‌નું ધ્યાન. જો તેણે ભગવાન્‌નું ધ્યાન કર્યું ન હોત તો ભગવાન્‌ની કૃપાથી ઉત્પન્ન થયેલાં( વિમાન વગેરે તેને ) પ્રાપ્ત ન થાત અને વિષયભોગથી તેનું બન્ધન થાત.

ત્યારે વિમાન કેવી રીતે ઉત્પન્ન થયું ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ભગવાને તે મોકલેલું. તામસ વિમાન( શ્લો.૧૨-૨૧) રાજસી કન્યાઓ( શ્લો.૨૫-૨૮) અને બ્રહ્માંડના પ્રદેશોનું જ્ઞાન( શ્લો.૪૦-૪૩) કર્દમને ભગવાન્‌ની કૃપાથી જ પ્રાપ્ત થયેલ.૧૬૯

ત્યારે એમ સ્પષ્ટ ન કહેતા, કર્દમે તે ઉત્પન્ન કર્યાનું કેમ કહ્યું છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે સ્ત્રી દેવહૂતિને કર્દમનું માહાત્મ્ય જણાય તે માટે તે કર્દમે ઉત્પન્ન કર્યાનું કહેલું છે.

છતાં પણ તે ભગવાને આપેલ એ વિષય ચોક્કસ સિદ્ધ કરે તેવો તર્ક કહેવો જોઈએ એવો વિચાર આવે, તો જાણવું કે ભગવાને તે આપેલ હોવાથી જ કર્દમ સુયાસ લઈ વનમાં ગયા પછી પણ તે વિમાન દેવહૂતિ પાસે રહેલું. ભગવાને તે વિમાન વગેરે મોકલેલ અને કર્દમે યોગથી ઉત્પન્ન કરેલ ન હતાં તેથી જ તે રહેલાં, જો કર્દમે યોગથી ભોગમાટે ઉત્પન્ન કરેલ હોત તો ભોગ કરવાનું બંધ રહ્યું ત્યારે તે જતાં જ રહેત.૧૭૦

કર્દમે પોતાના સ્વરૂપના નવ વિભાગો કરીને દેવહૂતિમાં ગર્ભાધાન કેમ કર્યું ? ( શ્લો.૪૭ ) એવો પ્રશ્ન થાય, તો જાણવું કે પોતાની કાયાના નવ વિભાગો કરી પોતાનાં

નવ સ્વરૂપો કરી, જુદા - જુદા સ્વરૂપથી ગર્ભાધાન કર્યું. ભવિષ્યમાં સન્તાનોમાં પરસ્પર વિવાહ થઈ શકે તે માટે જુદી - જુદી પરમ્પરા( ગોત્ર ) થયેલ, એમ જણાવવા તેણે તે પ્રમાણે ગર્ભાધાન કરેલ. આ સૃષ્ટિ ગુણવાળી જ છે તેથી નવ વિભાગો કરેલા. ગુણથી પર સૃષ્ટિ તો ભગવદ્રૂપ છે તેથી ગુણવાળી સૃષ્ટિ હોવાથી કાયાના વિભાગ કરી જુદા - જુદા નવ પ્રકારે ગર્ભાધાન કર્યું.

'એમ કરવામાં દેવહૂતિ સહમત કેમ થઈ ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે તેનાં તે સ્વરૂપો એક સરખાં હોવાથી દેવહૂતિને તે જાણવામાં ન આવવાથી કાંઈ વિઘ્ન થયું નહિ. તેથી જ સન્તાનો દોષ વિનાનાં પણ થયા અને વીર્યના સેચનરૂપ ફળ તો જુદું - જુદું જ થયું.

વીર્યનું સેચન જુદું - જુદું થવા છતાં દેવહૂતિને તેની ખબર કેમ ન પડી ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે વીર્યનું સેચન એક પછી એક તરત જ થયું અને તેમની વચ્ચેનો કાલ ઘણો સૂક્ષ્મ( અલ્પ ) હોવાથી દેવહૂતિ તે જુદું - જુદું થયાનું જાણી શકી નહિ .૧૭૧-૧૭૨ ||

મૈથુન ધર્મથી જ સૃષ્ટિ ઉત્પન્ન થાઓ એવી ભગવાન્‌ની ઈચ્છા હતી, તેથી મરીચિ વગેરેને પત્નીઓની જરૂર હોવાથી વિવાહ કરવાની ઈચ્છા હતી; તેમજ સ્ત્રી દેવહૂતિને પણ ઘણાં સન્તાનો પોતાને થાય એવી ઈચ્છા હતી. વળી કર્દમે પણ એવો કરાર કરેલ કે મારું પોતાનું ( આત્મનઃ ) તેજ તે ધારણ કરે ત્યાં સુધી હું તેની સાથે વ્યવહાર કરી પછી સુયાસ લઈશ( અ.૨૨।૧૯ ) અને તે પ્રતિજ્ઞા પણ તેણે પાળવી જોઈએ, ( મરીચિ વગેરેને પત્નીઓ પ્રાપ્ત થાય, દેવહૂતિની ઘણાં સન્તાનોની ઈચ્છા પૂર્ણ થાય અને પોતાની પ્રતિજ્ઞા પણ સચવાય ) એ પ્રયોજનોથી કર્દમે પોતાની કાયાના નવ વિભાગો કરી જુદા - જુદા નવ પ્રકારે ગર્ભાધાન કર્યું.

એમ હોય તો પણ કર્દમની પોતાની પ્રતિજ્ઞા સચવાઈ નહિ, કારણ કે તેણે દેવહૂતિમાં મૂકેલ તેજ( વીર્ય ) એક ન હતું. ઉલટું, ઘણા પુરુષનો સમ્બન્ધ થવાથી, તેમ કરવાથી, તેને પોતાને અને તેની સ્ત્રી દેવહૂતિને દોષ જ લાગે ! એવો વિચાર ન કરવો. કારણ કે ''આત્મનઃ મે'' ''મારા આત્મા ( અહંકાર )નું તેજ ધારણ કર''( અ.૨૨।૧૯ ) એવી તેની પ્રતિજ્ઞા હોવાથી, અહીં અહંકારનું સ્વરૂપ જણાવવું જોઈએ અને તે ત્રણ ગુણોવાળો હોવાથી, તેનાં નવ સ્વરૂપો થાય છે. વળી આ સાંખ્ય પ્રકરણ છે. 'આત્મનઃ' શબ્દમાં જાતિ ધ્યાનમાં લઈ એકવચનનો પ્રયોગ કરેલો છે. અને તે વચન( પ્રતિજ્ઞા ) પણ મનુ વગેરેના ચિત્તની પરીક્ષા કરવા જ કહેલું હોવાથી, તે પણ યોગ્ય જ હતું.

આવી શક્તિવાળા કર્દમ યોગથી દેહ તજે તો પણ મુક્ત થવાનો સમ્ભવ હોવાથી, તે વનમાં શા માટે ગયા ? ( અ.૨૪।૪૧ ) એવો પ્રશ્ન થાય તો જાણવું કે સ્ત્રી દેવહૂતિને સંસારમાં વૈરાગ્ય થાય તે માટે તે વનમાં ગયા. વાસ્તવિક રીતે યોગમાં પણ ઘરનો ત્યાગ કરવાની જરૂર છે. ઘરનો ત્યાગ કરવાથી ( અ.૨૪।૪૫ ) અર્ધ મુક્તિ થાય છે. પછી અર્ધ

મોક્ષ ( બાકી રહે તે માટે ) દેહના( અ.૨૪|૪૨ ) અને અન્તઃકરણના ( અ.૨૪|૪૩ ) ભેદથી બે પ્રકારે પ્રપઞ્ચનો ત્યાગ કરે ત્યારે જ મુક્તિ પ્રાપ્ત થાય છે એવું સાંખ્યનું અને યોગનું તાત્પર્ય છે. ભગવન્માર્ગમાં તો આથી જૂદો જ પ્રકાર છે. કારણ કે તેમાં ભગવાન્નો આધાર હોય છે. ભગવન્માર્ગમાં જે પ્રકારે ભગવાન્ પોતે જ ફળરૂપ થાય છે તે ટીકા( શ્રીસુબોધિની )માં જણાવેલ છે.૧૭૧||-૧૭૨||

**અધ્યાય ૨૪ ; મોક્ષ :**

ભગવાન્ને કપિલનો અવતાર લેવાનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે વૈરાગ્યવાળો પુરુષ પોતાને જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે જો ભગવાન્ શ્રીકૃષ્ણનું ચિન્તન કરે તો ભગવાન્નો જ્ઞાન અંશ પ્રકટ થાય છે, અને તેથી તેની સર્વ કામના ફળે છે. વૈરાગ્યવાળા કર્દમે જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે ભગવાન્નું ચિન્તન કર્યું. તેથી ભગવાન્ના જ્ઞાન અંશરૂપ કપિલનો અવતાર થયો. આથી એમ જણાય છે કે ''જ્યાં સુધી મારા તેજને ગ્રહણ કરે'' એવો જે ઠરાવ કર્દમે અ.૨૨|૧૯ માં કરેલ તે ઠરાવ કપિલના પ્રાકટ્યથી પૂર્ણ થયો. જે નવ પુત્રીઓ અવતરેલી તે તો જુદાં જ સ્વરૂપ હતાં. ( અહપારના સ્વરૂપથી ઉત્પન્ન થયેલ હતાં ). ૧૭૨||-૧૭૩||

જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે કર્દમ ભગવાન્નું ચિન્તન કરે અને ભગવાન્ના જ્ઞાન અંશનું પ્રાકટ્ય થાય આ સર્વ બ્રહ્માને પસન્દ હોવાથી બ્રહ્મા કર્દમના આશ્રમે ગયા( શ્લો.૯ ) કપિલ ભગવાન્નો અવતાર હોવાની લોકને ખાતરી થાય તે માટે બ્રહ્માએ ત્યાં જવાનું બીજું પણ એ પ્રયોજન કહેલું છે કે જ્યારે - જ્યારે ભગવાન્નો અવતાર થાય છે ત્યારે બ્રહ્મા પોતાની મેળે ત્યાં જાય છે.

એમ હોય તો ભગવાન્ના સર્વ અવતાર સમયે બ્રહ્માએ ત્યાં જવું જોઈએ ! કેટલાક અવતાર થયા ત્યારે બ્રહ્મા ત્યાં ગયાનું કહેલું નથી ! એવી શંકા થાય, તો જાણવું કે બ્રહ્માએ ભગવાન્ની એવી સ્તુતિ કરેલી કે ભગવાન્ અવતાર ધારણ કરી જે - જે કર્મો કરે તેમાં મારા મનની પ્રવૃત્તિ કરાવે( અ.૯|૨૩ ) અને ભગવાને તેમને એવું વરદાન કરેલ કે બ્રહ્મા પ્રજા ઉત્પન્ન કરે છતાં રજોગુણનું તેમને બન્ધન ન થાય અને તેમનું મન ભગવાન્માં જ સદા આસક્ત રહે ( અ.૯|૩૫ ) તેથી ભગવાન્ના અવતાર સમયે બ્રહ્મા ગયેલ હોવાનું કહેલ ન હોય તે સ્થળે પણ તે ગયેલા હતા એમ આ વરદાનને લીધે જાણવું. પરન્તુ મુખ્ય રીતે સમ્પૂર્ણ સ્તુતિ તો તે પૂર્ણ ભગવાન્ શ્રીકૃષ્ણનો અવતાર થાય ત્યારે જ કરે છે. બ્રહ્માએ કર્દમના આશ્રમે જઈ તેને મરીચિ વગેરેને તેની કન્યાઓ પરણાવવા કહ્યું( શ્લો.૧૫ ) અને આ કપિલ ભગવાન્ છે એમ કહ્યું( શ્લો.૧૮-૧૯ ). તે સર્વે લોકના જાણવામાં આવે તે માટે કહેલું. કર્દમ અને દેવહૂતિ એ તો પહેલાં જ આ જાણેલ(અ.૨૨|૩૨ અને અ.૨૪|૨).

ત્યારે મરીચિ વગેરે ઋષિઓ વિવાહ પછી પોત - પોતાના આશ્રમે ગયાનું કહેલ છે( શ્લો.૨૫ ) તેનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે કર્દમે તેમને પોતાની પુત્રીઓ પરણાવેલી છે એ સર્વના જાણવામાં આવે તે માટે એમ કહેલ છે. કારણ કે તેમ

કહેલ ન હોય તો આ કલ્પમાં સ્ત્રીઓ પોતાની ઈચ્છાથી પતિનો સમ્બન્ધ કરે છે એમ જણાવેલ થાય( ગણાય ).

જ્ઞાનરૂપ હરિ કપિલનો ત્યાગ કરી કર્દમ વનમાં ગયા તે અયોગ્ય હતું, એવી શંકા થાય, તો જાણવું કે હરિ પુત્ર થયા હોય તો પણ સર્વનો ત્યાગ કરી તેમનું ભજન કરવું આવશ્યક છે. તેથી ભગવાન્નું ભજન કરવા તે વનમાં ગયેલ. એ પ્રમાણે ૨૧-૨૪ સુધીના ચાર અધ્યાયોથી, ભોગથી આરમ્ભી મુક્તિ સુધીના પુરુષાર્થો પુરુષને કેવી રીતે પ્રાપ્ત થયા તે કહ્યું.૧૭૩।।-૧૭૬

**અધ્યાય ૨૫-૩૩; સ્ત્રી મુક્તિ :**

પુરુષની મુક્તિ ચાર અધ્યાયોથી કહી, હવે સ્ત્રીની મુક્તિ પચીસમાથી આરમ્ભી તેત્રીસમા સુધીના નવ અધ્યાયોથી કહે છે.

ધર્મ અર્થ અને કામ પુરુષના પ્રસંગમાં કહેલ હોવાથી તે કહેવાના રહેતા ન હોવાથી, માત્ર સ્ત્રીની મુક્તિ જ કહેવાની હોવાથી તે એક અધ્યાયમાં હવે કહેશે એવી શંકા ન રાખવી, કારણ કે સ્ત્રીની મુક્તિમાં વૈરાગ્ય વગેરે સાધનો વધારામાં કહેવાનાં હોવાથી તે એક અધ્યાયથી કહી શકાય તેવી નથી.

ત્યારે પુરુષની મુક્તિથી સ્ત્રીની મુક્તિ ( તેનો અધિકાર હલકો હોવાથી ) હલકી હશે એવી પણ શંકા ન કરવી, કારણ કે સાધનોના પ્રકારને લીધે સ્ત્રીની ઉત્તમ મુક્તિ થાય છે.૧૭૬।।

કપિલે ઉપનિષદોમાં દર્શાવેલ જ્ઞાનને પડતું મૂકી સાંખ્યશાસ્ત્રમાં જણાવેલ જ્ઞાનનો દેવહૂતિને ઉપદેશ કેમ કર્યો ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ઉપનિષદોમાં દર્શાવેલું જ્ઞાન તેમજ શ્રીભાગવતમાં કહેલું જ્ઞાન પણ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના પુરુષોને જ પ્રાપ્ત થાય, સ્ત્રીઓને અને શૂદ્રોને તે પ્રાપ્ત ન થાય. ગાર્ગી, મૈત્રેયી વગેરે સ્ત્રીઓને તેઓના પતિ સાથે યજ્ઞનો અથવા વેદનો સમ્બન્ધ હોવાથી તે સ્ત્રીઓને એ જ્ઞાન પ્રાપ્ત થયેલું, પરન્તુ કર્દમના સમ્બન્ધમાં તેમ ન હતું; ( તેની સાથે દેવહૂતિને યજ્ઞનો અથવા વેદનો સમ્બન્ધ થયો ન હતો ). જો તેવી રીતે યજ્ઞ અથવા વેદનો સંબંધ થયા વિના સ્ત્રીઓને તે જ્ઞાન પ્રાપ્ત થતું હોય તો ''સ્ત્રીઓ, શૂદ્રો અને અધમ ( માત્ર કહેવાતા ) ત્રણ વર્ણવાળાઓને વેદ સાંભળવાનો અધિકાર નથી'' ( ભાગ.પુરા.૧।૪।૨૫ ) એમ કહેલું છે તેમાં સ્ત્રીઓનો સમાવેશ ખોટો કરેલો ગણાય. શ્રીભાગવતનું જ્ઞાન પણ ત્રણ વર્ણના પુરુષોને જ પ્રાપ્ત થાય, કારણ કે તેમાં ઉપાસના ( ભગવાન્નું ચિન્તન ) મુખ્ય છે. તેથી જે કંઈ જ્ઞાન ભગવાને બ્રહ્માને કહેલ તે જ ત્રણ વર્ણના પુરુષોને જ અપાય એમ જાણવું.૧૭૬-૧૭૮

આ પ્રકરણમાં વિદુર મુખ્ય શ્રોતા છે. તેને પણ સાંખ્યનું જ્ઞાન જ અનુકૂલ હતું. ( તેને ૩।૫।૩૩ થી આરમ્ભી શ્રીભાગવતમાં જણાવેલ જ્ઞાનનો ઉપદેશ મૈત્રેયે કરવા માંડેલ, છતાં પણ તે તેની હૃદયમાં ઊતર્યુ નહિ, એટલે તે; તે જ્ઞાનનો અધિકારી નથી એમ જાણી મૈત્રેયે તેને સાંખ્ય જ્ઞાનનો જ ઉપદેશ ૩।૮।૧૦ થી આરમ્ભી કરવા માંડેલ ).

વિદુર શૂદ્ર હોવાથી સાંખ્યજ્ઞાનનો પણ તે અધિકારી ન હતો એવી શંકા થાય, તો જાણવું કે બ્રાહ્મણ( વ્યાસ )ના બીજથી ઉત્પન્ન થયેલો અને ( ક્ષત્રિયના વંશમાં જન્મેલ હોઈ ) ક્ષત્રિય દેહવાળો હતો તેથી બ્રાહ્મણ અને ક્ષત્રિયનું પ્રધાનપણું તેનામાં હોવાથી તે અધિકારવાળો હતો. તેથી સાંખ્યના પ્રકારથી કપિલે દેવહૂતિને જ્ઞાનનો બોધ કરેલ છે.૧૭૯

વિદુર બ્રાહ્મણના બીજથી ક્ષત્રિય દેહવાળો હતો ત્યારે ભગવાને આપેલ જ્ઞાનનો જ મૈત્રેયે તેને ઉપદેશ કરવો જોઈતો હતો, સાંખ્યજ્ઞાન તેને અનુકૂલ કેવી રીતે ગણાય ? એવો પ્રશ્ન થાય, તો સિદ્ધાન્તના બલને અનુસરી તેનું સમાધાન તેવી રીતે કરવું કે હરકોઈ પ્રકારે આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. ( અને તે ) ફળ દઢ સાધન( યોગ ) આચરવાથી, જ્ઞાન પ્રાપ્ત કરવાથી અથવા ભક્તિથી સમ્પૂર્ણ રીતે પ્રાપ્ત થાય તેવું છે. તેથી આ પ્રકરણમાં સાંખ્ય, યોગ અને ભક્તિમાર્ગ એ ત્રણનો ઉપદેશ કરેલો છે. તે પૈકી યોગ આચરવાથી આ દેવહૂતિને ભગવાન્‌ની પ્રાપ્તિ થઈ. તેણે યોગમાર્ગે ભગવાન્ પ્રાપ્ત કરેલ હોવાથી ભગવાન્ કપિલ તેની સમ્મતિથી તેની પાસેથી પધારી ગયેલ( અ.૩૩|૧૨ ) અને તેણે ભગવાન્ કપિલ ઉપર પુત્ર તરીકેનો સ્નેહ તજેલ ન હતો( અ.૩૩|૨૦-૨૧ ) છતાં પણ તેને દોષ લાગ્યો નહિ ( અને તેને ભગવાન્‌ની પ્રાપ્તિ થઈ. અ.૩૩|૩૦ ).૧૮૦ - ૧૮૦||

દેવહૂતિ ''દુષ્ટ ઈન્દ્રિયોનું પોષણ કરવાથી હું ઘણી કંટાળી ગયેલી છું'' ( અ.૨૫|૭ ) વગેરે વાક્યો શા માટે કહે છે ? તેવા વાક્યો કહેવાનું તેને શું પ્રયોજન છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે સંસારથી કંટાળેલાએ ગુરુ પાસે જઈ શ્રદ્ધા અને ભક્તિ થી પોતે જે તજવાનો વિષય હોય તે ગુરુને જણાવવો જોઈએ. તેમ કરે તેને જ ગુરુએ તત્ત્વનો ઉપદેશ કરવો જોઈએ. તેમ ન કરે તો ઉપદેશ કરવો ન જોઈએ. પોતાના પતિ કર્દમના કહેવાથી( અ.૨૪|૪ ) અને બ્રહ્માના વચનથી ( અ.૨૪|૧૮-૧૯ ) દેવહૂતિ જાણતી હતી કે કપિલ ભગવાન્ છે અને સાંખ્યશાસ્ત્ર રચનાર છે, તેથી તેમને ગુરુ જાણી તેણે તે વચનો( શ્લો.૭-૧૦ ) કહેલાં છે. તે પૈકી પ્રથમ શ્લોકમાં પોતે સંસારથી કંટાળી તેનો પ્રકાર કહેલ છે. પતિના કહેવાથી અને બ્રહ્માનાં વચનથી કપિલ ભગવાન્ છે એવો તેને નિશ્ચય થયેલ હોવાથી અને ગુરુ કરવાના પ્રયોજનથી એ વચન તેણે કહેલ છે, તેથી ભગવાનને તેણે એ વચન કહ્યું તેમાં કાંઈ આશ્ચર્યકારક નથી.( માતા પુત્રને એવું વચન કહે તે અયોગ્ય હોવાથી, આચાર્યશ્રીએ એ વચન કહેવાનું પ્રયોજન અહીં જણાવેલ છે. ).૧૮૦||-૧૮૨||

સામાન્ય રીતે કર્દમે દેવહૂતિને સાંખ્યનો પ્રકાર ( અ.૨૪|૩-૪ માં ) જણાવેલો, તેથી દેવહૂતિ જાણતી હતી કે દેહ વગેરે આત્મા છે એમ જાણવાથી તેઓમાં મોહ થાય છે, અને એવા મોહથી આ લોકમાં વારંવાર જન્મ-મરણ થયા કરે છે( શ્લો.૧૦ ). મોહ થવાથી જ સંસાર થયા કરે છે. સાંખ્ય( જ્ઞાન ) પ્રાપ્ત થતાં તેના સમ્બન્ધથી મોહ દૂર થાય છે, અને તે સાંખ્ય રચનાર કપિલ જ છે, તેથી પ્રકૃતિ અને પુરુષ નું જ્ઞાન જણાવવા તેણે કપિલને

પ્રાર્થના કરી( શ્લો.૧૧ ).૧૮૨।।-૧૮૩।।

દેવહૂતિએ પ્રકૃતિ અને પુરુષ નો ભેદ જાણવા પ્રશ્ન કર્યો. ત્યારે કપિલે તેને યોગનો ઉપદેશ કર્યો( શ્લો.૧૩-૧૪ ) તે અયોગ્ય હતું એવી શંકા થાય, તો જાણવું કે શબ્દ માત્રથી પ્રાપ્ત થતું સાંખ્યનું જ્ઞાન મોહ દૂર કરવામાં ઉપયોગી નથી, પરન્તુ તે ચિત્તને( પ્રકૃતિ અને પુરુષ નો ભેદ જાણવામાં ) સહાય કરનારું છે( શ્લો.૧૫ ) અને તે જ્ઞાનમાં જે શંકાઓ થાય તે દૂર કરવા મનને સહાય કરનારું છે( શ્લો.૧૬-૧૮ ). તેથી જે પ્રકારનું ચિત્ત આત્માનો સાક્ષાત્કાર કરાવે, તેવું ચિત્ત સાધનો કરીને પ્રાપ્ત કરવું જોઈએ, એમ ગુરુ કપિલે દેવહૂતિને પ્રેમથી કહેલું છે( શ્લો.૧૯,૨૪,૨૭ ). યોગ દોષો દૂર કરનારો હોવાથી આરમ્ભમાં તે મુખ્ય છે તેથી દોષો દૂર કરવા પહેલાં યોગનું આચરણ કરવા કપિલે દેવહૂતિને ઉપદેશ કરેલો છે. દોષો દૂર થાય ત્યાં સુધી યોગ આચરવો જોઈએ, કારણ કે દોષરહિત( ચિત્ત ) જ આત્મામાં રમણ કરે છે. જ્યારે ચિત્ત સર્વત્ર સમદષ્ટિવાળું થાય ત્યારે તે દોષરહિત થયેલું જાણવું( સર્વત્ર સમદષ્ટિ થાય એ દોષરહિતપણું જણાવનારું ચિહ્ન છે ).૧૮૩।।-૧૮૬।।

માત્ર યોગથી પણ પ્રયોજન સરતું નથી, તેથી પ્રયોજન સિદ્ધ થાય તે માટે કપિલે દેવહૂતિને ભક્તિનો પણ ઉપદેશ કરેલો છે( શ્લો.૧૯ ). ભક્તિ વિનાનો કોરો યોગ ચિત્તને શુદ્ધ કરી શકતો નથી, તેનાથી ચિત્તની શુદ્ધિ થઈ શકતી નથી. તેવો યોગ પોતાનો પણ નિભાવ કરી શક્તો નથી. યોગ પણ એમ ( ભક્તિ વિના ) આચરી શકાતો નથી તેથી ભગવાન્‌ની ભક્તિ જ સર્વ પ્રયોજન સિદ્ધ કરાવનારી છે. તેથી કપિલે દેવહૂતિને ભગવાન્‌ની ભક્તિ કરવાનો ઉપદેશ કરેલો છે( શ્લો.૧૯-૨૩ ). સત્પુરુષોના સન વિના ભક્તિ પણ કોઈ સમયે થતી નથી. પોતાની મેળે ઉત્પન્ન થયેલી ભક્તિથી તેમજ બીજાની ભક્તિને જોઈને ઉત્પન્ન થયેલી ભક્તિથી પણ પુરુષાર્થની પ્રાપ્તિ થતી નથી તેથી ભક્તિ પ્રાપ્ત કરવા સત્સન કરવાનો ઉપદેશ પણ કપિલે દેવહૂતિને કરેલ છે. શ્લો.૨૫-૨૬. કારણ કે નવા - નવા સન્દેહો ઉત્પન્ન થાય, તે સત્પુરુષોથી જ દૂર થઈ શકે છે.૧૮૬।।-૧૮૭।।

સત્પુરુષોને પણ તેઓનાં ચિહ્નોથી જ ઓળખવા. લોકમાં સત્પુરુષ તરીકે પ્રસિદ્ધ હોય, અથવા પોતાની જેમના ઉપર સત્પુરુષ તરીકે પ્રીતિ હોય, તેઓને સત્પુરુષ ન માનવા, પરન્તુ સત્પુરુષનાં ખાસ ચિહ્નોથી જ તેમને ઓળખવા. વળી તેઓનો સન પણ ભગવાન્‌ની કથામાટે જ કરવો. ભગવાન્‌ની કથામાં જ અથવા કથા કરવાનાં સાધન કરવામાં જ તેઓનો સન કરવો. એવી રીતે સાંકળના પ્રકારથી ( એક-બીજા સાથેનો સમ્બન્ધ જણાવી ) કપિલે દેવહૂતિ પાસે પદાર્થોનું વર્ણન કર્યુ. આ પ્રમાણે કરવાથી ઉલટા પ્રકારે આત્માનો સાક્ષાત્કાર ( થવાનું ) સિદ્ધ થાય છે. આ ઉલટો પ્રકાર એવો છે કે સત્પુરુષોનો સન થતાં સર્વ પ્રથમ તો ભગવાન્‌ની કથાનું શ્રવણ થાય અને તેઓએ કહેલા પ્રકારે યોગ આચરવાથી ચિત્ત નિર્મળ થાય, પછી ભગવાન્‌ના ગુણોના શ્રવણમાં પ્રીતિ થતાં તેમના ઉપર ઉત્તમ પ્રેમ થતાં ભગવાન્‌નો સાક્ષાત્કાર થાય. તેથી સર્વ જાણવામાં આવે પછી ભગવાન્‌નાં સ્વરૂપનું જ્ઞાન થાય.૧૮૭।।-૧૮૮।।

સાંખ્ય ( જ્ઞાન પ્રાપ્ત કરવા )માં ભક્તિ તેનું અન છે એમ કહીને કપિલ, પોતાના માર્ગ ( ભગવન્માર્ગ )માં ભક્તિ મુખ્ય હોવાનું ( શ્લો.૨૫-૨૭થી ) કહે છે. દેવહૂતિએ જાણ્યું કે સત્પુરુષોની ભક્તિથી જ સર્વ પુરુષાર્થો સિદ્ધ થાય છે એમ કપિલે કહ્યું, અને મને તો પ્રસંગને લીધે જ તેમણે ભક્તિ કરવાનું કહ્યું, તેથી દેવહૂતિએ સત્પુરુષોનો સન કરવાનો પ્રયાસ ન કર્યો, અને વિશેષ પ્રશ્ન ( શ્લો.૨૮-૩૦ ) એવા પ્રયોજનથી કર્યા કે મને ભક્તિ અથવા યોગ જે કરવાનું કહેશે તે હું કરીશ. માત્ર વેદ સર્વ પદાર્થોનું સામાન્ય રીતે નિરૂપણ કરે છે. બીજાઓ તો પ્રશ્ન કરનારના અધિકાર પ્રમાણે તે કહે છે, તેથી તેણે ૨૮-૨૯ શ્લોકોથી ફરીથી યોગ અને ભક્તિ એ બે સમ્બન્ધી પ્રશ્ન કર્યા. આ પ્રશ્નો તેણે શ્રદ્ધાથી અને ભક્તિથી કર્યા, તેથી કપિલ તેના ઉપર પ્રસન્ન થયા, કારણ કે તેણે ભક્તિથી પ્રશ્ન કર્યા એટલે પોતે પુત્ર હોવાની સ્થિતિ ન રહી. તેથી પ્રસન્ન થઈ તેમણે ભક્તિનો અને જ્ઞાનનો ઉપદેશ કરવાનો નિશ્ચય કર્યો. અને ૧ ભક્તિ ૨ આત્મા અને અનાત્મા ( જડ પદાર્થ )નો ભેદ ૩ જ્ઞાન અને ૪ યોગ એ ચાર પદાર્થોનો બોધ કર્યો. તે પૈકી આત્મા અને અનાત્મા નો ભેદ જ્ઞાનનું અંગ હોવાથી, તેમણે ત્રણ પદાર્થો દેવહૂતિને કહેવાની શ્લો.૩૧ માં પ્રતિજ્ઞા કરી. એ શ્લોકમાં 'તત્ત્વામ્નાય' કહેલ છે તેનો અર્થ 'સાંખ્ય( જ્ઞાન )' છે. ( તે ) અને ભક્તિનાં વિસ્તાર સાથે યોગ કહેવાની પ્રતિજ્ઞા કરી એવી રીતે ત્રણ કહેવાની પ્રતિજ્ઞા થઈ.

એમ હોય તો પ્રથમ જણાવેલ સાંખ્યનું નિરૂપણ કર્યા પહેલાં કપિલે ભક્તિનું નિરૂપણ કેમ કર્યું ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે સાંખ્યશાસ્ત્રથી જ્ઞાનરૂપ ફળ પ્રાપ્ત થાય છે. જ્ઞાન મુખ્ય છે અને તે કહેવાની પ્રતિજ્ઞા કપિલે એ શબ્દથી કરેલી જાણવી. તેમ ન હોય તો માત્ર સાંખ્ય કહેવાની પ્રતિજ્ઞા નિરર્થક થાય. તેથી જ્ઞાન તેનાં સાધનો સાથે કહેવાનું હોવાથી અને તેમાં ઘણું કહેવાનું હોવાથી, કપિલે પહેલાં ( ૩૨-૪૪ સુધીના શ્લોકોથી ) ભક્તિનું નિરૂપણ કર્યુ.૧૯૧।।-૧૯૨

પ્રતિજ્ઞા સન્દેહવાળી જણાય તો ઉપર જણાવેલ અર્થ એથી સ્પષ્ટ થાય છે કે ઉપર જણાવેલ ચાર-ચાર પદાર્થો( ૨૫-૨૯ સુધીના) ચાર અધ્યાયોથી કહેલ છે. તેમાં પહેલા( પચીસમા ) અધ્યાયમાં ભક્તિ કહેલી છે. ત્યાર પછીના અધ્યાયોમાં અનુક્રમે સાંખ્ય, જ્ઞાન અને યોગ કહેલા છે.

બીજું કાંઈ સહાય કરનાર ન હોય ત્યારે પણ ભક્તિ ( ભક્તોને પુરુષાર્થનું દાન કરવાની ) શક્તિવાળી હોવાથી ચાર પદાર્થો શા માટે કહ્યા ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે આ દેવહૂતિને ભક્તિ કરવાનો અધિકાર નથી એમ વાસ્તવિક રીતે જણાવેલું છે. ભક્તિનું જે નિરૂપણ કરેલું છે તે દેવહૂતિમાટે કરેલું નથી, કારણ કે તે સ્ત્રી હોવાથી તેને સત્પુરુષોનો સન થાય તેમ ન હતું અને "હવે હું તને સાંખ્ય કહીશ"( અ.૨૬।૧ ) એમ જુદા આરમ્ભથી જ સાંખ્ય વગેરે દેવહૂતિમાટે જ કહેલા છે. તેથી જ ( કપિલે તેને બીજા ) ત્રણ પદાર્થો કહ્યા. તે પૈકી સાંખ્ય અને યોગ ના પ્રકારો જુદા - જુદા હોવાથી દેવહૂતિને શા માટે અને ક્યા માર્ગથી ફળ પ્રાપ્ત થયું ? એ જાણવાની ઈચ્છા થાય, તો જાણો કે તેણે યોગનું આચરણ કર્યું અને તે

માર્ગથી તેને ફલની પ્રાપ્તિ થઈ એવો નિશ્ચય થાય છે. સાંખ્યનું નિરૂપણ કપિલે કર્યું તેથી જ જણાય છે કે ભક્તિમાર્ગની પેઠે સાંખ્ય પણ તેને ઉપયોગી ન હતું.૧૯૦।।-૧૯૨

આ પચીસમા અધ્યાયમાં ભક્તિનું સ્વરૂપ કહેલું નથી, પરન્તુ બધોયે ભક્તિમાર્ગ કહેલો છે. ( ૩૨ થી ૪૪ સુધીના) તેર શ્લોકોથી ભક્તિમાર્ગનો નિર્ધાર કરેલો છે. આ તેર શ્લોકોનો અંદરનો પ્રયોગ એવો છે કે આ શ્લોકોમાં સાત વિષયો કહેલા છે :

૧. ભક્તિનું સ્વરૂપ
૨. ભક્તિથી અવશ્ય પ્રાપ્ત થનારું ફળ
૩. મોક્ષ
૪. લોકમાં ભયરહિત થવાનો નિશ્ચય. અહીં 'લોકમાં' શબ્દથી ''આ લોકમાં અને પરલોકના પદાર્થોના સમ્બન્ધમાં'' એમ જાણવું. જેમનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે ભગવાન્‌ના સમ્બન્ધમાં તો, તેમ ( ભયરહિત ) થવાતું નથી એવો ભાવ છે.
૫. ભયરહિત થવાનું કારણ
૬. આ વિષયમાં ઉત્તમ પુરુષોની સમ્મતિ અને
૭. કર્તવ્ય સમ્બન્ધી સમ્પૂર્ણ નિશ્ચય.

–આ વિષયો અનુક્રમે બે, ત્રણ, પછી પણ બે-બે શ્લોકોથી ત્રણ અને ( બાકીના ) ત્રણ એક - એક શ્લોકથી કહેલા છે.

૧. ( ૩૨ અને ૩૩ એ ) બે શ્લોકોથી ભક્તિનું સ્વરૂપ કહેલું છે.
૨. ૩૪-૩૬ સુધીના ત્રણ શ્લોકોથી ભક્તિ સાથે અવશ્ય પ્રાપ્ત થનારું ફળ કહેલું છે.
૩. ૩૭ અને ૩૮ એ બે શ્લોકોથી સાલોક્યરૂપ મોક્ષ જણાવેલ છે.
૪. ૩૯ અને ૪૦ એ બે શ્લોકોથી મોક્ષનો નિર્ણય કરેલો છે. એ રીતે બે પ્રકારના મોક્ષ કહ્યા. પહેલો સમ્પૂર્ણ રીતે ભગવાન્‌નું ભજન કરવાથી થતો અને બીજો સંસારના વૈરાગ્યથી થતો.
૫. પછીના ૪૧ અને ૪૨ શ્લોકોથી ભય ન રહેવારૂપ મોક્ષ કહેલો છે. તેથી દરેક બે - બે શ્લોકોથી એમ ત્રણ પ્રકારના ( મોક્ષ ) થયા.
૬-૮. આગળના ( ભય ન રહેવાનું કારણ ) વગેરે ત્રણ વિષયો( ૬-૭-૮ ) એક - એક શ્લોકથી કહેલા છે ( શ્લો.૪૨ થી આરમ્ભી આ ત્રણ વિષયો કહેલા છે ).

એવી રીતે અહીં સાત અથવા આઠ વિષયો કહેલા છે. એ પ્રમાણે તર્ક સહિત ભક્તિમાર્ગનું નિરૂપણ કર્યું.૧૯૩-૧૯૪

આ ભક્તિમાર્ગનો દેવહૂતિને અધિકાર ન હતો, કારણ કે ૧. તેને સત્પુરુષોનો સન ન હતો. ૨. વળી તે મોક્ષ પ્રાપ્ત કરવા ઈચ્છતી હતી. મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છા પણ ભક્તિમાર્ગમાં અડચણરૂપ છે. ૩. વળી ભગવાન્‌ની પ્રાપ્તિમાં નડતરરૂપ સ્ત્રીઓનો પણ ત્યાગ કરવો જોઈએ ( દેવહૂતિની સેવામાં રત્નાલપારોથી શોભતી સ્ત્રીઓ રહેતી - જુઓ અ.૩૩।૧૭ ). વળી ૪. દેવહૂતિ; સ્ત્રી હોવાથી તેનાથી સંસારનો રાગ તજી શકાય તેમ ન

હતો તેથી તે મુખ્ય ભક્તિ કરવામાટે અયોગ્ય હતી. તેથી તેને કપિલે સાંખ્ય વગેરે બીજા વિષયોનો ઉપદેશ કર્યો.૧૯૫

**અધ્યાય ૨૬; સાંખ્ય: તત્ત્વામ્નાય અથવા આત્મા-અનાત્મા નો ભેદ:**

સાંખ્ય નિરૂપણ કરતાં આરમ્ભમાં જ્ઞાનનો પણ ઉપદેશ કરવાની કપિલ પ્રતિજ્ઞા કરે છે. આરમ્ભમાં બે વિષયો કહેવાની પ્રતિજ્ઞા કરે છે, પહેલા શ્લોકમાં સાંખ્યનું નિરૂપણ કરવાની અને બીજા શ્લોકમાં જ્ઞાનનું નિરૂપણ કરવાની. ત્યારપછીના છ( ૩-૮ ) શ્લોકોથી જ્ઞાનનું નિરૂપણ થઈ શકે તે માટે અધ્યાસ( એક પદાર્થને તે ન હોય તેવો જુદો પદાર્થ જાણવો તે નું વર્ણન કરેલું છે. તેથી શ્લો.૩-૮ પણ સંગતિ( યોગ્ય સમ્બન્ધ )વિનાના નથી.

સર્વ જગત્ બ્રહ્મ છે એવા જ્ઞાનનો ઉપદેશ કરવો જોઈએ; આત્મા દેહથી જુદો છે એવા જ્ઞાનનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે સ્ત્રીને મુખ્ય જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકાર ન હોવાથી આ અપૂર્ણ જ્ઞાન તેને કહેલ છે તે યોગ્ય છે. જેઓને વેદનો અધિકાર નથી, તેઓને મુખ્ય જ્ઞાનનો પણ અધિકાર નથી. સ્ત્રીઓને વેદનો અધિકાર ન હોવાથી મુખ્ય જ્ઞાનનો પણ અધિકાર નથી. આત્મા સર્વ જડ પદાર્થોથી જુદો છે એવું જ્ઞાન અપૂર્ણ જ્ઞાન છે અને સ્ત્રીઓને અને જેઓને વેદનો અધિકાર નથી તેઓને તે જ્ઞાન જ અપાય, તેથી અધ્યાસ દઢ હોવાનું જાણવામાં આવે તે માટે સાંખ્યજ્ઞાન કહેલું છે, કારણ કે વાસ્તવિક ભેદ હોય તો જ અધ્યાસ થાય.૧૯૬-૧૯૬।।

સાંખ્યજ્ઞાનમાં ઉત્પત્તિથી( શ્લો.૧૧-૫૨ ) અને તર્કથી( શ્લો.૫૩-૭૨ ) આત્મા સર્વ પદાર્થોથી જુદો હોવાનું દર્શાવેલું છે. દેવહૂતિને જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે સાંખ્યશાસ્ત્ર કહેલું છે, કારણ કે જ્ઞાનપ્રાપ્તિ માટે જ તેણે( શ્લો.૧૦ માં ) પ્રશ્ન કરેલ. આત્મા બીજા પદાર્થોથી જુદો છે એવા જ્ઞાનથી પોતે સંસારથી જુદી છે એવું જ્ઞાન દેવહૂતિને થાય તે માટે આ કહેલ છે. જેઓને મુખ્ય જ્ઞાનનો અધિકાર નથી તેઓને પોતે અનર્થરૂપ સંસારથી જુદા છે એવું જ્ઞાન નડતરરૂપ નથી ૧૯૬।।-૧૯૭।।

**અધ્યાય ૨૭; જ્ઞાન:**

સત્તાવીસમા અધ્યાયમાં જ્ઞાનનો ઉપદેશ કરેલો છે. આ અધ્યાયમાં પહેલાં પાંચ શ્લોકોથી આત્મા પ્રકૃતિથી જુદો હોવા છતાં તેને પ્રકૃતિનો સમ્બન્ધ થતાં સંસાર પ્રાપ્ત થાય છે એ વિષયની યોગ્યતા દર્શાવી છે. છ થી દશ સુધીના શ્લોકોથી આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવાનાં સાધનો કહેલાં છે. ૧૧-૧૬ શ્લોકોથી આત્માનો સાક્ષાત્કાર થવા સમ્બન્ધી વિચાર કરેલ છે; તે પણ સાધન છે. વિચાર સાધન હોવાથી જ પુરુષને પ્રકૃતિથી છૂટો કેવી રીતે કરાય એ સમ્બન્ધી વિચાર ( શ્લો.૧૭-૩૦ સુધીમાં કરેલ છે તે ) પણ ઘટે છે. આત્માના સ્વરૂપનું જ્ઞાન થાય તે માટે આ કહેલ છે.

**અધ્યાય ૨૮; યોગ:**

અષ્ટાવીસમા અધ્યાયમાં યોગનું નિરૂપણ કરેલું છે. યોગનાં આઠ અંગો છે:

( ૧-૨. યમ અને નિયમો, આ બે ભેગા કરી ૨ થી ૭ સુધીના શ્લોકથી કહેલા છે.

**અધ્યાય ૩૨ ; સર્વનિર્ણય :**

બત્રીસમો અધ્યાય સર્વ ગુણવાળા જીવોએ કરવાના સાધન અને ફળનો નિર્ણય કરાવનારો છે. તેમાં રાજસ, સાત્ત્વિક અને તામસ, તથા ગુણથી પર જીવોના સમ્બન્ધમાં નિર્ણય કરેલો છે.

શ્લો.૧ થી આરમ્ભી રાજસ ( શ્રીસુબોધિનીમાં શ્લો. ૧ ના આભાસમાં ‘તામસ’ લખેલ છે, પરન્તુ શ્લો. ૨ નાં શ્રીસુબોધિની જોતાં ત્યાં ‘રાજસ’ જોઈને એમ જણાય છે. ) જીવોના સમ્બન્ધમા નિર્ણય કરેલો છે.

શ્લો.૫ થી આરમ્ભી સાત્ત્વિક જીવોના સમ્બન્ધમાં નિર્ણય કરેલો છે. તેમાં બ્રહ્મા વગેરે સમ્બન્ધી નિર્ણય શ્લો.૧૨ માં જણાવેલ છે.

શ્લો.૧૬ થી આરમ્ભી તામસ જીવોના સમ્બન્ધનો નિર્ણય કહેલો છે

શ્લો.૨૨ થી આરમ્ભી ગુણોથી પર અવસ્થાવાળા જીવોના સમ્બન્ધમાં નિર્ણય કહેલો છે.

એ પ્રમાણે સર્વ (ગુણવાળા) જીવોના સમ્બન્ધમાં આ એક અધ્યાયમાં વિસ્તારથી નિર્ણય કરેલો છે. સૂપથી સર્વનો નિર્ણય જણાવવા છેલ્લો તેત્રીસમો અધ્યાય કહેલો છે ૨૦૧।।-૨૦૨।।

આ બત્રીસમા અધ્યાયના ૩૯ માં ખલ( અધમ પુરુષ ) વગેરેને આ ઉપદેશ ન કરવા દેવહૂતિને કપિલ કહે છે. તે એટલા માટે કહેલું છે કે આ સંવાદ વ્યાસ વગેરે શ્રીભાગવત વગેરેમાં અવશ્ય કહેવાના. તેથી ( આ ઉપદેશ કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય પુરુષના) ગુણો અને દોષો ૩૯-૪૨ સુધીના શ્લોકોમાં અનેક પ્રકારે કહેલા છે. ચાલુ પ્રસંગમાં તો એ શ્લોકોનો ઉપયોગ નથી. એવી રીતે ૨૫ માથી ૩૨ મા સુધીના આઠ અધ્યાયોથી સર્વ સાધનોનો નિર્ણય થાય તે માટે વિભાગ પાડી વિસ્તારથી તત્ત્વ કહેલું છે ૨૦૨।।-૨૦૪

**અધ્યાય ૩૩:**

તે જ તત્ત્વ સહેલાઈથી સમજી શકાય તે માટે તેત્રીસમા અધ્યાયથી સંક્ષેપથી કહેલું છે. આ અધ્યાય ફલરહિત છે એમ ન માનવું, કારણ કે તેમાં પહેલાંના સર્વ અધ્યાયોનો સાર ખેંચીને કહેલો છે અને તેથી તે તરત જ ફળ પ્રાપ્ત કરાવનારો અને સર્ગને પૂર્ણ કરનારો છે. અધ્યાયની અંદરના શ્લોકોનો અર્થ એવો છે કે દેવહૂતિ; ગુરુ કપિલની કૃપા પ્રાપ્ત કરવામાટે તેમની બીજાથી આઠમા સુધીના સાત શ્લોકોથી સ્તુતિ કરે છે. કપિલ માત્ર સ્તુતિથી જ પ્રસન્ન થયા, કારણ કે તે વાણીરૂપ જ મનાયેલા છે. તે ભગવાન્‌ની જ્ઞાનકલાના અવતાર હોવાથી સરસ્વતી(વાણી)રૂપ હતા.૨૦૫

દેવહૂતિએ પોતાના દેહનો સંસ્કાર (આ અધ્યાયના શ્લોક ૧૪-૨૯ માં) જણાવ્યા પ્રમાણે શા માટે કર્યો? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે કાંઈ પણ કાર્ય કર્યા વિના જો તે બ્રહ્મમાં લીન થાય તો તેનું શું થયું એ કોણ જાણે? તેથી ઘણી બુદ્ધિવાળી દેવહૂતિએ

૩. આસન આઠમા શ્લોકમાં

૪. પ્રાણાયામ શ્લો.૯ તથા ૧૦ માં,

૫-૬. ધારણા અને પ્રત્યાહાર શ્લો.૧૧ માં

૭. ધ્યાન ૧૨-૩૪ સુધીના શ્લોકોમાં અને

૮. સમાધિ શ્લો.૩૫ માં કહેલ છે.)

વળી યોગ દેવહૂતિએ આચરવાનો છે, તેથી આ અધ્યાયમાં યોગ વિસ્તારથી કહેલો છે.૧૯૭।।-૧૯૮।।

**અધ્યાય ૨૯; ભક્તિ:**

ઓગણત્રીસમા અધ્યાયના આરમ્ભમાં(શ્લો.૨-૪) દેવહૂતિ ભક્તિ અને વૈરાગ્ય સમ્બન્ધી પ્રશ્ન કરે છે તે અયોગ્ય છે એમ ન માનવું; કારણ કે ભક્તિ અને વૈરાગ્ય (યોગનાં) ઉત્તમ સાધનો છે. ભક્તિ અને વૈરાગ્ય બન્ને ન હોય તો યોગ આચરી શકાય નહિ, તેથી આ ભક્તિના અધ્યાયમાં ભગવાન્‌ના માહાત્મ્યનું ભાન કરાવવા ભયના કારણરૂપ કાલનું નિરૂપણ કરેલું છે, તે એમ જણાવવા કરેલું છે કે ભગવાન્‌નું માહાત્મ્ય ભક્તિનું પણ અન છે. આ અધ્યાયના ૭ થી ૩૪મા સુધીના સાડા અઠાવીસ શ્લોકોથી ભક્તિના સ્વરૂપનું વર્ણન કરેલું છે અને ૩૬ માથી ૪૫મા સુધીના દશ શ્લોકોથી વૈરાગ્ય થવાનાં કારણરૂપ ભગવાન્ (કાલ)નું માહાત્મ્ય જણાવેલું છે ૧૯૮।।-૧૯૯।।

**અધ્યાય ૩૦-૩૧; વૈરાગ્ય:**

ત્રીસમા અને એકત્રીસમા, એ બે અધ્યાયોથી વૈરાગ્યનું નિરૂપણ કરેલું છે. દોષ મૃત્યુ અને જન્મ કરાવનાર હોઈ તે બેના ભેદથી વૈરાગ્યનો ઉપદેશ કરાવે છે તેથી વૈરાગ્ય આ બે અધ્યાયોથી જણાવેલો છે. વૈરાગ્ય ભયને લીધે થાય છે. આ બે પૈકી ત્રીસમા અધ્યાયમાં મૃત્યુનું નિરૂપણ કરેલું છે. ફરી જન્મ થાય ત્યાં સુધી મૃત્યુ ગણાય છે, તેથી આ અધ્યાયના અન્તે ''ફરી અહીં આવે છે'' એમ કહેલું છે.૧૯૯।।-૨૦૦।।

એકત્રીસમા અધ્યાયમાં જન્મના ભયનું, વૈરાગ્ય થાય તે માટે, નિરૂપણ કરેલું છે. સનનો ત્યાગ કર્યા વિના જ્ઞાન ઉપયોગી થતું નથી એમ દર્શાવવા આ અધ્યાયમાં ગર્ભસ્તુતિ (શ્લો.૧૨-૨૧) કહેલી છે. ગર્ભમાં બધાને જ્ઞાન થાય છે, કારણ કે ગર્ભમાં સર્વ તેવા(જ્ઞાનવાળા) હોય છે. જો સન થવા છતાં જ્ઞાન ઉપયોગી થતું હોય તો તેવા જ્ઞાનવાળાને સંસાર થવાનું કહેવું ઘટે નહિ. તેથી આ સ્તુતિથી એમ જણાવેલું છે કે વૈરાગ્ય પ્રકરણમાં જ્ઞાન ઉપયોગી નથી (જ્ઞાન વૈરાગ્ય કરાવતું નથી). ૨૦૦।।-૨૦૧।।

વૈરાગ્યનો બોધ કરનાર (૩૦ અને ૩૧ એ) બે અધ્યાયોથી એમ સિદ્ધ કરેલું છે કે જ્ઞાન વૈરાગ્ય કરાવતું ન હોવાથી સર્વનો ત્યાગ કરીને ભૂમિ ઉપર ભમવું એ ઉત્તમ સાધન છે. એવી રીતે ૨૯-૩૧ સુધીના ત્રણ અધ્યાયોથી ભક્તિ અને વૈરાગ્ય એ બે સાધન કહ્યાં. (જન્મ મૃત્યુ અને ગર્ભસ્તુતિ, એ ત્રણથી વૈરાગ્ય અને ભ્રમણ એ બે સાધન કહ્યા – આવરણભંગ)

જલ ધારણ કરી પોતાના દેહને જલરૂપ બનાવ્યો(શ્લો.૩૨). દેવહૂતિ પોતે સ્ત્રી હતી અને ગુરુ કપિલ સરસ્વતીરૂપ હતા (સમુદ્રમાં તેમણે વાસ કરેલો, શ્લો.૩૪). તેથી પોતાની ભૂમિ ઉપર આડી ગતિ થાય અને પોતે સમુદ્રમાં પહોંચે તે માટે પણ દેવહૂતિએ જલ જ ધારણ કરી દેહને જલરૂપ જ કર્યો. જો દેહ અગ્નિરૂપ(જુઓ શ્લો.૨૮) કર્યો હોત તો પણ (સરસ્વતી=વાણી અગ્નિરૂપ હોવાથી) ગુરુ સાથે સાયુજ્ય થવાથી ઊંચી ગતિ થશે એમ જાણીને જ તેણે દેહને જલરૂપ કર્યો, તેથી તે ઘણી બુદ્ધિવાળી હતી. (જલરૂપથી તેમજ અગ્નિરૂપથી પણ ગુરુ સાથે સાયુજ્ય થવાનું હતું. અગ્નિરૂપથી સાયુજ્ય થતાં પ્રસિદ્ધિ ન થતાં, જલરૂપથી સાયુજ્ય થતાં 'સિદ્ધપદ' તીર્થ થાય તેમ હતું(શ્લો.૩૧) તેથી તેણે દેહને જલરૂપ કર્યો, એ તેની ઘણી બુદ્ધિ દર્શાવે છે, એવો ભાવાર્થ જણાય છે.).૨૦૬

આ કથામાં ભગવાન્‌ના અવતાર કપિલનું ચરિત્ર હોવાથી, આ ચરિત્રનું શ્રવણ પણ ફળ પ્રાપ્ત કરાવનારું છે એમ શ્લો.૩૭માં કહેલું છે.૨૦૬।।

### મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યવિરચિત

# શ્રીપુરુષોત્તમનામસહસ્રં સ્તોત્રમ્ ના

## તૃતીયસ્કન્ધના નામો

### (સર્ગલીલા)

**વૈરાગ્યહેતુઃ તીર્થાત્મા સર્વ-તીર્થ-ફલ-પ્રદઃ ।**
**તીર્થ-શુદ્ધૈક-નિલયઃ સ્વમાર્ગ-પરિપોષકઃ ।।૩૦।।**

[૧૦૭]વૈરાગ્ય ઉત્પન્ન થવામાં કારણ રૂપ, [૧૦૮]તીર્થો સ્વરૂપ, [૧૦૯]સર્વ તીર્થોમાં ફળને આપનાર, [૧૧૦]તીર્થયાત્રાથી શુદ્ધ થયેલ ભક્તો જ આપનું સ્થાન છે તેવા ( તેવા ભકતોના હ્રદયમાં બિરાજનાર ), [૧૧૧]સ્વ = ભક્તિમાર્ગનું પોષણ કરનાર ।।૩૦।।

**તીર્થકીર્તિઃ ભક્તગમ્યો ભક્તાનુશયકાર્યકૃત્ ।**
**ભકતતુલ્યઃ સર્વતુલ્યઃ સ્વેચ્છા-સર્વ-પ્રવર્તકઃ ।।૩૧।।**

[૧૧૨]તીર્થોની કીર્તિ જેમને લીધે છે એવા, [૧૧૩]ભક્તોથી પ્રાપ્ત કરવા યોગ્ય, [૧૧૪]ભક્તોના ચિત્તના નિરોધમાટે લીલાઓ કરનાર, [૧૧૫]ભક્તોને પોતાના સમાન ગણનાર, [૧૧૬]પ્રાણી માત્રને પોતપોતાના કર્મો અનુસાર સમાન ભાવે ફલ આપનાર, [૧૧૭]ભકતોની ઈચ્છા પ્રમાણે સર્વને ચલાવનાર અથવા પોતાની ઈચ્છાથી સર્વ વિશ્વને પોતાના સ્વરૂપમાંથી પ્રકટ કરનારા ।।૩૧।।

**ગુણાતીતોઽનવદ્યાત્મા સર્ગલીલા-પ્રવર્તકઃ ।**
**સાક્ષાત્સર્વજગત્કર્તા મ હ દા દિ પ્ર વ ર્ત કઃ ।।૩૨।।**

[૧૧૮]સત્ત્વ વગેરે ગુણોથી પર, [૧૧૯]નિર્દોષ આત્મસ્વરૂપ અથવા પરનિન્દા ન કરનાર ભક્તોના આત્મા - પ્રાણ, [૧૨૦]સૃષ્ટિની રચના રૂપ લીલાને કરનાર, [૧૨૧]સ્વયંભૂ - પૂર્ણ જગત્ના રચનાર, [૧૨૨]બુદ્ધિ વગેરે તત્ત્વોના પ્રવર્તક ।।૩૨।।

**માયાપ્રવર્તકઃ સાક્ષી માયા-રતિ-વિવર્ધનઃ ।**
**આકાશાત્મા ચતુર્મૂર્તિઃ ચતુર્ધા ભૂતભાવનઃ।।૩૩।।**

[૧૨૩]માયાને પ્રેરનાર, [૧૨૪]પ્રત્યક્ષ જોનાર - સાક્ષીરૂપ, [૧૨૫]માયાવડે આસક્તિને પેદા કરનાર, [૧૨૬]પ્રકાશમાન્ સ્વરૂપવાળા અથવા આકાશ જેમનો દેહ છે એવા, [૧૨૭]વાસુદેવ વગેરે ચાર વ્યૂહસ્વરૂપ, [૧૨૮]ચાર વર્ણ અથવા ધર્માદિ ચાર પુરુષાર્થોને ધારણ કરનાર, [૧૨૯]પૃથ્વી વગેરે પાંચ તત્ત્વોને ઉત્પન્ન કરનાર ।।૩૩।।

**રજઃપ્રવર્તકો બ્રહ્મા મરીચ્યાદિ-પિતામહઃ ।**
**વેદકર્તા યજ્ઞકર્તા સર્વકર્તાઽમિતાત્મકઃ ।।૩૪।।**

[૧૩૦]રજો ગુણના પ્રવર્તક, [૧૩૧]બ્રહ્માસ્વરૂપ એવા ભગવાન્, [૧૩૨]મરીચિ વગેરે મુનિઓના પિતામહ, [૧૩૩]વેદોના કર્તા, [૧૩૪]યજ્ઞોના કર્તા, [૧૩૪]સર્વના કર્તા, [૧૩૪]અસઙ્ખ્ય સ્વરૂપવાળા ।।૩૪।।

**અનેક-સૃષ્ટિ-કર્તા ચ દશધા-સૃષ્ટિ-કારકઃ ।**
**યજ્ઞાનો યજ્ઞવારાહો ભૂધરો ભૂમિપાલકઃ ।।૩૫।।**

[૧૩૪]અનેક પ્રકારની સૃષ્ટિને પ્રકટ કરનાર, [૧૩૪]દશ પ્રકારની સૃષ્ટિને કરનાર, [૧૩૯]યજ્ઞો જેમનું અંગ છે તેવા, [૧૪૦]યજ્ઞસ્વરૂપ વરાહ ભગવાન્, [૧૪૧]પૃથ્વીને ધારણ કરનાર, [૧૪૨]પૃથ્વીનું પાલન કરનાર ।।૩૫।।

**સેતુર્વિધરણો જૈત્રો હિરણ્યાક્ષાન્તકઃ સુરઃ ।**
**દિતિ-કશ્યપ-કામૈક-હેતુ—સૃષ્ટિ-પ્રવર્તકઃ ।।૩૬।।**

[૧૪૩]મર્યાદા બાંધનાર, [૧૪૪]મર્યાદાના પાલનથી સૃષ્ટિને ધારણ કરનાર અથવા ગરુડજીથી ઉઠાવાતા, [૧૪૫]હંમેશા વિજય પ્રાપ્ત કરવાના સ્વભાવવાળા, [૧૪૬]હિરણ્યાક્ષના મારનાર, [૧૪૭]સુર - દેવરૂપ, [૧૪૮]દિતિ અને કશ્યપ ની કામનાથી સૃષ્ટિને પ્રવર્તાવવામાં કારણભૂત શ્રીકૃષ્ણ ।।૩૬।।

**દેવાભયપ્રદાતા ચ વૈકુણ્ઠાધિપતિર્મહાન્ ।**
**સર્વ-ગર્વ-પ્રહારી ચ સનકાદ્યખિલાર્થદઃ ।।૩૭।।**

[૧૪૯]દેવતાઓને અભયદાન આપનારા, [૧૫૦]વૈકુણ્ઠના સ્વામી, [૧૫૧]સર્વથી મહાન્ - શ્રેષ્ઠ, [૧૫૨]સર્વના ગર્વને હરનારા, [૧૫૩] સનક વગેરેને સમ્પૂર્ણ અર્થ આપનાર શ્રીકૃષ્ણ ।।૩૭।।

**સર્વાશ્વાસનકર્તા ચ ભક્તતુલ્યાહવપ્રદઃ ।**
**કાલ-લક્ષણ-હેતુશ્ચ સર્વાર્થ-જ્ઞાપકઃ પરઃ ।।૩૮।।**

[૧૫૪]સર્વને આશ્વાસન આપનાર, [૧૫૫]ભક્તને યોગ્ય યુદ્ધ આપનાર, [૧૫૬]શુભ - અશુભ કાલના લક્ષણના જ્ઞાનમાં કારણ, [૧૫૭]સર્વ અર્થોનું જ્ઞાન કરાવનાર, [૧૫૮]સર્વથી પર ।।૩૮।।

**ભક્તોન્નતિકરઃ સર્વ—પ્રકાર-સુખ-દાયકઃ ।**
**નાના-યુદ્ધ-પ્રહરણો બ્રહ્મ-શાપ-વિમોચકઃ ।।૩૯।।**

[૧૫૯]ભકતોની ઉન્નતિ કરનાર, [૧૬૦]સર્વ પ્રકારના સુખોને આપનાર, [૧૬૧]યુદ્ધના અનેક શસ્ત્રોવાળા, [૧૬૨]બ્રહ્મરૂપ સનક વગેરેના શાપથી છોડાવનાર ।।૩૯।।

**પુષ્ટિ-સર્ગ-પ્રણેતા ચ ગુણ-સૃષ્ટિ-પ્રવર્તકઃ ।**
**કર્દમેષ્ટ-પ્રદાતા ચ દેવહૂત્યખિલાર્થદઃ ।।૪૦।।**

[૧૬૩]અનુગ્રહને માટે સૃષ્ટિના સર્જક, [૧૬૪]ગુણમયી સૃષ્ટિના રચનાર, [૧૬૫]કર્દમ મુનિને ઈષ્ટ આપનાર, [૧૬૬]દેવહૂતિને સમ્પૂર્ણ અર્થ આપનાર ।।૪૦।।

**શુક્લનારાયણઃ સત્ય-કાલધર્મપ્રવર્તકઃ ।**
**જ્ઞાનાવતારઃ શાન્તાત્મા કપિલઃ કાલનાશકઃ ।।૪૧।।**

[૧૬૭]શુદ્ધ સત્ત્વગુણી નારાયણ, [૧૬૮]વાસ્તવિક કાલધર્મના પ્રવર્તક, [૧૬૯]જ્ઞાનના અવતારસ્વરૂપ, [૧૭૦](શાન્ત ભક્તોના આત્મા) શાન્તસ્વરૂપ, [૧૭૧]કપિલ ભગવાન્, [૧૭૨]કાલ-મૃત્યુને દૂર કરનાર ।।૪૧।।

**ત્રિગુણાધિપતિઃ સાઙ્ખ્ય-શાસ્ત્રકર્તા વિશારદઃ ।**
**સર્ગ-દૂષણ-હારી ચ પુષ્ટિ-મોક્ષ-પ્રવર્તકઃ ।।૪૨।।**

[૧૭૩]સત્ત્વાદિ ત્રણ ગુણના નિયામક, [૧૭૪]સાઙ્ખ્યશાસ્ત્રના કર્તા, [૧૭૫]સર્વ શાસ્ત્રમાં નિપુણ, [૧૭૬]સૃષ્ટિના દૂષણ એવા અધર્મને દૂર કરનાર, [૧૭૭]પુષ્ટિ-અનુગ્રહ દ્વારા મોક્ષને પ્રાપ્ત કરાવનાર ।।૪૨।।

**લૌકિકાનન્દ-દાતા ચ બ્રહ્માનન્દ-પ્રવર્તકઃ ।**
**ભક્તિ-સિદ્ધાન્ત-વકતા ચ સગુણ-જ્ઞાન-દીપકઃ ।।૪૩।।**

[૧૭૮]લૌકિક અર્થાત્ પુત્ર, સ્નેહ વગેરે રૂપ આનન્દને આપનારા, [૧૭૯]બ્રહ્માનન્દના પ્રવર્તક, [૧૮૦]ભક્તિમાર્ગીય સિદ્ધાન્તના વિવેચક, [૧૮૧]સત્ત્વ વગેરે ગુણવાળા પ્રપઞ્ચના જ્ઞાનના પ્રકાશક ।।૪૩।।

**આત્મપ્રદઃ પૂર્ણકામો યોગાત્મા યોગભાવિતઃ ।**
**જીવન્મુક્તિ-પ્રદઃ શ્રીમાન્ અન્ય-ભક્તિ-પ્રવર્તકઃ ।।૪૪।।**

[૧૮૨]સ્વરૂપના દાતા, [૧૮૩]સર્વ પરિપૂર્ણ કામનાવાળા, [૧૮૪]યોગરૂપ જેમનો આત્મા છે, [૧૮૫]અષ્ટાનયોગથી ચિન્તન કરતા, [૧૮૬]જીવન મુક્તિને આપનાર, [૧૮૭]શોભાથી પૂર્ણ, [૧૮૮]ધર્મ, અર્થ, વગેરે ચાર પુરુષાર્થોથી પણ વિશિષ્ટ અનન્ય ભક્તિના પ્રવર્તક ।।૪૪।।

**કાલ-સામર્થ્ય-દાતા ચ કાલ-દોષ-નિવારકઃ ।**

**ગર્ભોત્તમ-જ્ઞાન-દાતા કર્મમાર્ગ-નિયામકઃ ।।૪૫।।**

[૧૮૯]કાળને શક્તિ આપનાર, [૧૯૦]કાળથી થતા દોષોને દૂર કરનાર, [૧૯૧]ગર્ભમાં જીવને ઉત્તમ જ્ઞાન આપનાર, [૧૯૨]કર્મમાર્ગના નિયામક ( કર્મથી થતા જન્મ મરણના ફેરાના નાશક. ) ।।૪૫।।

**સર્વમાર્ગ - નિરાકર્તા ભક્તિ-માર્ગૈક - પોષકઃ ।**
**સિદ્ધિહેતુઃ સર્વહેતુઃ સર્વાશ્ચર્યૈક-કારણમ્ ।।૪૬।।**

[૧૯૩]( શરણા ગતિથી ) અન્ય સર્વ માર્ગનું નિરાકરણ કરનાર, [૧૯૪]કેવળ ભક્તિમાર્ગના પોષક, [૧૯૫]સિદ્ધિની પ્રાપ્તિમાં હેતુ, [૧૯૬]સમ્પૂર્ણ સિદ્ધિઓના કારણ, [૧૯૭]સર્વ આશ્ચર્યમાં કારણ ।।૪૬।।

**ચેતનાચેતન-પતિઃ સમુદ્ર-પરિ-પૂજિતઃ ।**
**સાઙ્ખ્યાચાર્યસ્તુતઃ સિદ્ધ - પૂજિતઃ સર્વપૂજિતઃ ।।૪૭।।**

[૧૯૮]ચેતન - અચેતન અથવા સ્થાવર - જનમના પાલક, [૧૯૯]સમુદ્રથી પૂજાયેલા, [૨૦૦]સાઙ્ખ્યાચાર્યથી સ્તવન કરાયેલા, [૨૦૧] સિદ્ધ જનોથી પૂજાતા, [૨૦૨]સર્વથી પૂજાતા ।।૪૭।।

# || વિષયાનુક્રમણિકા ||

## તૃતીયસ્કન્ધ


**(૨/ઘ) મુક્તજીવસૃષ્ટિ પ્રકરણ(અ.૧૩-૧૯)**

૧૫. બ્રહ્મશાપથી વૈકુણ્ઠમાં રહેલા જયવિજયનો આસુરબીજમાં સમાગમ થયો તેનું નિરૂપણ. **૦૧**

૧૬. ભગવદ્વાક્યવડે બ્રાહ્મણનું સાન્ત્વન અને જય-વિજયના પતનથી ભગવદ્વિભૂતિના આવેશનું નિરૂપણ. **૬૮**

૧૭. વિસ્તારથી ઉપપત્તિનું વર્ણન કરતાં અતિશયથી ઉત્કર્ષ કથન વડે નાશબીજ નિરૂપણ. **૧૦૯**

૧૮. દૈત્યનું ભગવાનની સાથે થયેલા યુદ્ધનું કથન કરેલું હોવાથી વિનશ્યતાનું નિરૂપણ. **૧૨૯**

૧૯. દૈત્યના વિનાશનું નિરૂપણ. **૧૫૭**

**(૩) મોક્ષસૃષ્ટિ પ્રકરણ(અ.૨૦-૩૩)**

૨૦. નવભેદથી ભિન્ન ત્રૈગુણ્ય-નિર્ગુણાવસ્થા-સ્વરૂપજ્ઞાન-ભગવચ્ચિન્તનાત્મક સ્વભાવદ્વયનું નિરૂપણ કરીને મોક્ષોપપત્તિનું નિરૂપણ. **૧૮૮**

**(૩/ક) તત્ત્વમુક્તિ પ્રકરણ(અ.૨૦-૨૪)**

૨૧. ભોગાદિ યુક્ત મુક્તિનું કથન કરતાં કર્દમ અને મનુ ની ધર્મસિદ્ધિનું નિરૂપણ **૨૨૯**

૨૨. ભોગાદિ સંયુક્ત મુક્તિકથનના પ્રસ્તાવમાં ઐહિક-આમુષ્મિક ઉત્કર્ષયુક્ત મનુની કન્યાના લાભથી કર્દમને અર્થસિદ્ધિ થઈ તેનું નિરૂપણ. **૨૨-૨૬૭**

૨૩. ભોગાદિ સંયુત મુક્તિ કથનના પ્રસ્તાવમાં કર્દમને કામસિદ્ધનું નિરૂપણ. **૨૩-૨૯૨**

૨૪. ભોગદિ સંયુક્ત મુક્તિકથનના પ્રસ્તાવમાં કર્દમને સાંખ્યના ફલરૂપે મોક્ષનું નિરૂપણ. **૨૪-૩૨૫**

(૩/ખ) **કાલમુક્તિ**
૨૫. કાલની મુક્તિલીલારૂપ મુખ્ય ભક્તિનું નિરૂપણ. **૩૫૧**
(૩/ગ) **ગુણાતીતમુક્તિપ્રકરણ**
૨૬. સાંખ્યવડે ઉત્પત્તિ અને ઉપપત્તિ થી, આત્મા સર્વથી જુદો છે એમ નિરૂપણ. **૩૯૨**
૨૭. સાંખ્યવડે જ્ઞાન, તેનું સાધન અને પ્રમાણ નું નિરૂપણ. **૪૪૯**
(૩/ઘ) **સગુણમુક્તિ**
૨૮. સાધન સહિત અષ્ટાંગયોગનું નિરૂપણ. **૪૭૦**
(૩/ઙ) **જીવમુક્તિ પ્રકરણ**(અ.૨૯-૩૩)
૨૯. સર્વ સાધનરૂપ ચતુર્વિધ ભક્તિ અને વૈરાગ્ય નું કારણ જે ભય તેનું કારણ એવા કાલના માહાત્મ્યનું નિરૂપણ. **૫૦૬**
૩૦. ભયહેતુક વૈરાગ્યબોધક મૃત્યુ વડે દોષનું નિરૂપણ. **૫૩૫**
૩૧. ભયહેતુક વૈરાગ્યબોધક જન્મવડે દોષનું નિરૂપણ. **૫૫૧**
૩૨. સર્ગનું (સૃષ્ટિનું) અંગ એવા સર્વનિર્ધારનું નિરૂપણ. **૫૮૧**
૩૩. સર્ગફલબોધક યોગફલાત્મક દેવહૂતિના મોક્ષનું નિરૂપણ. **૬૧૦**

**તૃતીય સ્કન્ધ સમાપ્ત**

# શ્રીસુબોધિનીજી
# શ્રીમદ્‌ભાગવતનો ત્રીજો સ્કંધ
## ||અધ્યાય પંદરમો ||

**નિરૂપ્યતે પઞ્ચદશે ક્રોધેન જ્ઞાનનાશનમ્ ||**
**બીજે જીવપ્રવેશાર્થં ભક્તશાપોऽનુવર્ણ્યતે ||૧||**

પંદરમા અધ્યાયમાં ક્રોધથી જ્ઞાનનો નાશ થયાનું કહેવામાં આવે છે[૧]. બીજમાં જીવનો પ્રવેશ થાય તે માટે ભક્તને શાપ થયાનું વર્ણન કરવામાં આવે છે. કા.૧.

**ઈતિહાસપ્રવૃત્ત્યર્થં સંગતિશ્ચાપિ રૂપ્યતે ||**
**જ્ઞાનમૂલસ્ય સત્ત્વસ્ય કાર્યનાશકતા પુનઃ ||૨||**

અને ઈતિહાસની પ્રવૃત્તિ થાય, તે માટે સંગતિ પણ કહેવામાં આવે[૨] છે. જ્ઞાનનું મૂલ સત્ત્વ ફરી કાર્યનો નાશ કરનારું થાય છે.[૩] કા. ૨.

**વૈકુણ્ઠે વૃક્ષપક્ષીણો સ્ત્રીણાં ચાપિ ન મત્સરઃ ||**
**સર્વદોષવિહીનત્વાત્તત્ર દોષો હરીચ્છયા ||૩||**
**અતઃ સૃષ્ટિપ્રસિદ્ધ્યર્થં વૈકુણ્ઠસ્ય ચ વર્ણનમ્ ||**

વૈકુંઠમાં વૃક્ષોને અને પક્ષીઓને તેમજ સ્ત્રીઓને પણ વૈર હોતું નથી. તે સર્વ દોષરહિત હોવાથી, ત્યાં હરિની ઈચ્છાથી દોષ થાય છે. તેથી સૃષ્ટિમાં પ્રસિદ્ધિ થાય તે માટે વૈકુંઠનું વર્ણન કરેલું છે[૪]. કા. ૩.

એ પ્રમાણે ગયા અધ્યાયમાં દિતિનું ગર્ભાધાન કહ્યું. ત્યાર પછીનો વૃત્તાંત નીચેના શ્લોકથી કહે છે :

|| મૈત્રેય ઉવાચ ||ઃ

**પ્રાજાપત્યં હિ તત્તેજઃ પરતેજોહનં દિતિઃ ||**
**દધાર વર્ષાણિ શતં શંકમાના સુરાર્દનાત્ ||૧||**

ખરેખર ! બીજાં તેજોને હણનારું પ્રજાપતિનું તે તેજ, દેવો પીડશે એવો ભય રાખતી દિતિએ એકસો વર્ષ ધારણ કર્યું. ૧.

પ્રજાપતિ કશ્યપ, તેનું ‘તેજ’ એટલે બીજ જ (બીજા તેજોને હણનારું છે), કારણ કે (તે) બીજ બ્રહ્મ (બ્રાહ્મણનું) છે. તેથીજ ‘બીજાં તેજોને હણનારું’ છે, કારણ કે બ્રહ્મતેજથી બીજા તેજો હણાયજ. આજ અર્થ ‘હિ’ ‘ખરેખર’ શબ્દથી

કહેલ છે. ઉત્પન્ન થતાં કાલ વગેરેના ગુણને લીધે તે હણનારું થએલું છે એમ સૂચવવા 'તે' એમ કહેલું છે. એકસો મનુષ્યોના વર્ષો અથવા દેવોના વર્ષો સુધી (દિતિએ) ગર્ભ ધારણ કર્યો. તે બે જો ગર્ભમાં પુષ્ટ થાય, તો દેવો તેમને હણી શકે નહિ, અથવા દેવોને તેઓ નકામા હણે; અને 'દિતિ' શબ્દથી તેનું સ્વાભાવિક સામર્થ્ય[૫] સૂચવેલું છે. તેને પોતાનાં કુદરતી સામર્થ્યનાં અનુસંધાનને લીધે ભય નથીજ, અને (પુત્રો) બ્રહ્મબીજ હોવાથી દેવો (તેમને) કારણ વિના હણે નહિ, છતાં પણ પતિનાં વાક્યથી તેને ભય થયો એમ 'ભય રાખતી' વિશેષણથી કહેલ છે. ૧.

૧. ગયા અધ્યાયમાં કર્મનાશ (ભગવાનનો) અવતાર થાય તે માટે થવાનું કહ્યું, તેમ આ અધ્યાયમાં જ્ઞાનમાર્ગનો નાશ તે માટે થવાનું કહે છે. એ અધ્યાયમાં મુક્તિ પામેલાની ઉત્પત્તિ કરાવનાર દિતિનો કામ કહેલો, તેમ અહિં સનક વિગેરેના તથા જય વિગેરેના ક્રોધ કહેલા છે. તેથી એકજ પ્રયોજનવાળા બંને અધ્યાયો છે, તેવી સંગતિ છે. (પ્ર)

૨. બ્રહ્માએ કહેલો ઈતિહાસ હવે કહેવાય તે માટે પ્રયોજનરૂપ સંગતિ કહે છે. 'ચ' 'અને' શબ્દથી દેવોનાં વચન પણ તેમાં કારણરૂપ હોવાનું કહેલ છે. (પ્ર)

૩. જ્ઞાનનાં મૂલ સત્ત્વનાં કાર્યનું જ્ઞાન થતાં, તે તત્ત્વનો ફરી નાશ કરનારું થાય છે એમ જણાવે છે. (પ્ર)

૪. આથી વૈકુંઠનાં વર્ણનનું પ્રયોજન કહેલું છે. (પ્ર)

૫. ગર્ભ લાંબા સમય સુધી ધારણ કરી રાખવાનું સામર્થ્ય સૂચવેલ હોવાનું જણાય છે.

પછી તે (ગર્ભ)માં બીજના બે ભાગ થતાં, જય અને વિજયે (તેમાં) પ્રવેશ કર્યો, એટલે બ્રાહ્મણનું અને વૈષ્ણવનું તેજ ભેગાં થયાં, તેણે સૂર્ય વિગેરેના તેજને સહન ન કરતાં, પોતાનાં તેજથી દૂર કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છે :

**લોકે તેન હતાલોકે લોકપાલા હતૌજસઃ ।।**
**ન્યવેદયન્વિશ્વસૃજે ધ્વાન્તવ્યતિકરં દિશામ્ ।।૨।।**

તેનાથી લોકનાં તેજનો નાશ થતાં, બલહીન થએલા લોકપાલોએ દીશાઓમાં અંધકારને લીધે થએલ ગુંચવાડો વિશ્વ રચનારને જણાવ્યો. ૨.

પછી તે બીજથી લોકનાં તેજનો નાશ થતાં, લોકપાલો પણ કાલને અધીન હોવાથી કાલનું તેજ જતાં તેઓ પોતે પણ બલહીન થયા, કારણ કે ઈન્દ્ર વિગેરે તેઓ બલનાં કાર્યરૂપ છે. તેથી તેઓનું સત્વજ જતું રહ્યું. ત્યારે બલ અને પ્રકાશનો નાશ થવાથી, તેનું કારણ જાણવાની ઈચ્છાવાળા (લોકપાલો) બ્રહ્માના લોકમાં અથવા મેરૂના શિખર ઉપર ગયા, (અને) વિશ્વ રચનારને પોતાનો વૃત્તાંત જણાવ્યો. પોતાનું બલ જતું રહ્યું છે એ પોતાની અપકીર્તિ કરાવનાર હોવાથી ન કહ્યું, પણ 'ધ્વાન્તં' અંધકાર અને તેનાથી થએલ દિશાઓનું અજ્ઞાન જણાવ્યાં. ૨.

તે વિષયનું મૂળ અંધકારજ હોવાથી, નીચેના શ્લોકમાં તેનું કારણ પૂછે છે :

|| દેવા ઉચુઃ || દેવો કહે છે :

**તમ એતદ્વિભો ! વેત્થ સંવિગ્ના યદ્વયં ભૃશમ્ ||**

**ન હ્યવ્યક્તં ભગવતઃ કાલેનાસ્પૃષ્ટવર્ત્મનઃ ||૩||**

હે સમર્થ ! તમે આ અંધકાર, જેનાથી અમે ઘણાં દુઃખી થયા છીએ તે જાણો છો, કારણ કે કાલ જેમના માર્ગનો સ્પર્શ કરતો નથી તેવા (તમો) ભગવાનથી કાંઈ અજાણ્યું નથી. ૩.

**દેવા ભીતા બ્રહ્મણૈવ ક્રિયતે દૈત્યવર્ધનમ્ ||૪||**

**અતો દેવવિનાશઃ સ્યાદિતિ તેનૈવમીરણમ્ ||**

બ્રહ્માજ દૈત્યની વૃદ્ધિ કરે છે, તેથી દેવોનો વિનાશ થશે એવો દેવોને ભય લાગ્યો. તેથી તે (ભય)ને લીધેજ આ પ્રમાણે પ્રાર્થના કરે છે. કા. ૪ ૧/૨.

**જ્ઞાનં સમર્થિતં તસ્ય સ્વદોષાભાવ એવ ચ ||૫||**

**વિદ્યમાનેઽપિ તચ્છાન્તિસ્તસ્ય ભક્તકૃપા તથા ||**

તેમના જ્ઞાનનું સમર્થન કરે છે (૩), અને પોતાનો દોષ ન જ હોવાનું (કહે છે) (૪) હોય તોપણ તેની શાંતિ (કરવા) પ્રાર્થે છે, (૫) તેમની ભક્તો ઉપર તેવી કૃપા છે (૬). કા. ૫ ૧/૨.

**ભક્તાનામભયં તસ્માત્સેવકાશ્ચ વયં ભૃશમ્ ||૬||**

**અતોઽસ્માસુ કૃપા કાર્યા દૈત્યોત્પત્તિર્હિ જાયતે ||**

તેથી ભક્તોને અભય (આપો) (૭) અને અમે મોટા ભક્તો છીએ (૮) તેથી અમારા ઉપર કૃપા કરવી યોગ્ય છે (૯) કારણ કે દૈત્યોની ઉત્પત્તિ થાય છે. (૧૦). કા. ૬ ૧/૨.

**એવમષ્ટવિધં વાક્યં બ્રહ્માણં પ્રતિ દૈવિકમ્ ||૭||**

એવું બ્રહ્મા પ્રતિ દેવોનું આઠ (શ્લો ૩ થી ૧૦) પ્રકારનું વાક્ય છે. કા. ૭.

તે પૈકી આરંભમાં (બ્રહ્મા) મહાન હોવાથી (તેમને) પૂછવાની શક્તિ વિનાના હોવાથી, (તેમને) અંધકારનું જ્ઞાન હોવાની (આ શ્લોકમાં) સંભાવના કરે છે. 'હે સમર્થ' જ્ઞાન વિગેરે સર્વની શક્તિવાળા ! આ અંધકાર તમે સંપૂર્ણ રીતે 'વેત્થ' જાણો છો, તેથી અમને જણાવો, એવો ભાવ છે. જણાવવાનું કારણ જે 'યત્' જે અંધકારથી-બલ જતું રહેવાથી-અમે ઘણાં દુઃખી થયા છીએ. તમને તો અજ્ઞાન હોવાનું સંભવતું નથી. ભગવાનનું જે અસ્પષ્ટ સ્વરૂપ છે તે તમને (તેવું) નથી. તેથી ભગવાન્ વાસુદેવના ગુણાવતારને તમને કાંઈ અજાણ્યું નથી. વળી (તમારાથી)

અજાણ્યું હોવાનું કારણ પણ નથી, કારણ કે કાલ સર્વને અસ્પષ્ટમાં ડૂબાડે છે. તમે તો કાલથી સ્પર્શ થતો નથી જેના માર્ગનો તેવા છો. ૩.

૧. આ કારિકાથી ( શ્લો. ૩ થી ૧૦ સુધીના ) આઠ શ્લોકોનો સામાન્ય અર્થ કહેલ છે. ( પ્ર ) જે શ્લોકનો અર્થ કારિકાના ચરણથી કહેલ છે તે શ્લોક કૌંસના અંકથી દર્શાવેલ છે. ( પ્ર )

એ રીતે તેમના જ્ઞાનનું સમર્થન કરી, પોતાનો દોષ ન હોવાનું કહેતાં, (બ્રહ્મા) સર્વનું હૃદય જાણનારા છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**દેવદેવ ! જગદ્ધાતર્લોકનાથશિખામણે ।।**
**પરેષામપરેષાં ચ ભૂતાનામસિ ભાવવિત્ ।।૪।।**

હે દેવદેવ ! હે જગતના ધાતા ! હે લોકોના નાથોના શિખામણિ ! મોટા અને નાના પ્રાણીઓનાં હૃદયને તમે જાણનારા છો. ૪.

બીજાઓના તમે પૂજ્ય નથી, તેથી તેમના હૃદયમાં પ્રવેશ કરેલ ન હોવાથી ( તેઓના હૃદયને ) કદાચ ન જાણો. અમે તો દેવો છીએ. અમારા તો તમેજ પૂજ્ય છો, એવું ('હે દેવદેવ !') એ સંબોધન (કરેલું છે). વળી તમે શુદ્ધ સત્ત્વથી અમને કપટવિનાનાજ ઉત્પન્ન કરેલ છે, તેથી પણ તમે (અમારું હૃદય) જાણો છો, એવું 'હે જગતના ધાતા !' એ બીજું સંબોધન કહેલ છે. જગતો રચનારા અથવા તેમને ધારણ કરનારા તમેજ છો. તેને લીધે પણ હૃદયનું જ્ઞાન (હોવું) યોગ્યજ છે. વળી સ્વામી સેવકનું હૃદય જાણે છે. તમે તો બધાએ લોકોના ઈન્દ્ર વિગેરે જે નાથો છે, તેમના શિખામણિ છો. લોકનાથોજ પોતાના લોકના અભિપ્રાય જાણે છે. તમે તો તેમના (અભિપ્રાય) પણ જાણો છો. તેમાં પણ (તેમના) શિખામણિ હોવાથી, તેમના ઉપર તેમનો પ્રકાશ કરનાર તરીકે, તેમનાં કર્મના સાક્ષી તરીકે રહેલા છો. તેથી 'પરેષામ્' અમારા કરતાં મોટાઓના અને 'અપરેષામ્' નાનાઓના–અને 'ચ' 'અને' શબ્દથી (જણાવેલ) અમારા–સર્વ પ્રાણીઓનાં હૃદયને પ્રભુ તરીકે ઉત્પન્ન કરનાર તરીકે અને પ્રકાશ કરનાર તરીકે જાણનારા છો. તેથી અમારામાં કાંઈપણ (આપથી) છૂપું નથી. ૪.

એ પ્રમાણે પોતાનો દોષ ન હોવાનું કહીને, અથવા દોષ હોય તો તે ક્ષમા કરાવતાં, નીચેના શ્લોકથી નમન કરે છે :

**નમો વિજ્ઞાનવીર્યાય માયયેદમુપેયુષે ।।**
**ગૃહીતગુણભેદાય નમસ્તેઽવ્યક્તયોનવે ।।૫।।**

વિજ્ઞાનરૂપ વીર્યવાળા, માયાથી આ (શરીર) સ્વીકારનાર, ગુણો વડે ભેદ ગ્રહણ કરનાર, અવ્યક્તની યોનિરૂપ તમને નમસ્કાર. ૫.

'ભગવાન્ સર્વના સ્વામી હોવાથી, તેજ નમસ્કાર કરવા યોગ્ય છે. અથવા

(તેમને) અધીન ગુરુ તેમનો માર્ગનો ઉપદેશ કરનાર હોવાથી (નમસ્કાર કરવા યોગ્ય છે). હું તો તે બંને પ્રકારનો નથી' એમ કહેવામાં આવે, તેથી 'વિજ્ઞાનરૂપ વીર્યવાળાને નમસ્કાર' એમ કહેલું છે. 'વિજ્ઞાન' એટલે બ્રહ્મનો અનુભવ છે વીર્ય જેમનું તેવા (તમે છો). લૌકિક જ્ઞાન સાથેની લૌકિક ક્રિયા બધાને પરાક્રમ કરાવનારી છે. તેથી પણ (અધિક) કેટલાક જ ઋષિઓની વૈદિક ક્રિયા (તેમને) પરાક્રમ કરાવનારી છે. તેથી પણ (અધિક) બ્રહ્મ જાણનારાઓનું જ તેજ (પરાક્રમ કરાવનારું છે)[૧]. સર્વજ્ઞપણાંરૂપ પરાક્રમ જ્ઞાનથી જ સિદ્ધ થાય છે[૨]. તેમાં સાક્ષાત્કારરૂપ વિજ્ઞાનથી થએલ બલ ભગવાનનુંજ હોય છે. તેવું (બલ) તમારું પણ છે, એવો તમે પોતાની ઈચ્છા પ્રમાણે સૃષ્ટિ કરો છો તેથી નિશ્ચય થાય છે. તેથી તમે ભગવાનનું સ્વરૂપ જાણનાર હોવાથી, ગુરુ તરીકે (તમને) નમન કરવું યોગ્ય જ છે એવો ભાવ છે.

''તેવું જ્ઞાન પ્રાપ્ત થાય, ત્યારે ભગવાન્ સાથે સાયુજ્ય જ થાય, આવા પ્રકારનો અધિકાર કેમ હોય ?'' એવી શંકા થાય, તેથી 'માયાથી (આ સ્વીકારનાર)' એમ કહેલું છે. (માયાથી) આ શરીર 'ઉપેપુષે' સ્વીકારનાર (તમે છો). જે માયા સૃષ્ટિ (રચવા)નું સાધન થએલી છે[૩], તેનાં સાધનપણાંનો નિભાવ થાય તે માટે રચનારની જરુર હોવાથી, સેવક હોય ત્યાં સુધી સ્વામી કાર્ય કરે તે અયોગ્ય હોવાથી, ભગવાનની સમાનપણું (તમને) પ્રાપ્ત થએલ હોવાથી, અને (મુક્ત જીવનો ભોગ) લૌકિક ક્રિયા[૪] સિવાયનું શાસ્ત્રમાં કહેલું હોવાથી, આ (જગત્ તમારી માયાથીજ રચાએલું છે. તે (માયા)ને લીધેજ (શરીર) સ્વીકારેલું છે, એવો અર્થ છે.

''તેમાં[૫] બે પ્રકારની સ્થિતિ હોય. (૧) જીવો (જગત્) રચનારા ન હોય અને (૨) ભગવાન્ (જગત્) રચનારા હોય. (બ્રહ્મા) જગત્ (રચનારા) હોય, તો (તે) ભગવાન્ હોવાથી (તેમને) શરીરની જરુર નથી, જો તે જીવ હોય તો શરીર થવા છતાં તે (ભગવાનથી)[૬] જૂદા હોવાને લીધે (જગતના) રચનાર હોવાનું સિદ્ધ થશે નહિ'' એવી શંકા થાય, તેથી 'ગુણો વડે ભેદ ગ્રહણ કરનાર' એમ કહેલું છે. ગ્રહણ કરેલો છે ગુણોને લીધે ભેદ જેમણે તેવા (બ્રહ્મા છે). આમનો (ભગવાનથી) ભેદ કુદરતી નથી, જેથી તે જગતના રચનાર ન હોય. તેમજ ભગવાન્ સાથે અભેદ પણ નથી, કારણ કે ગુણોથી ભેદ થએલો છે; કેમકે ગુણોએ ભેદરૂપ ભગવાનનો ચિદ્રૂપ સાથે સંબંધ કરાવેલો છે. તેથી તેમણે (ગુણોએ) કરેલો ભેદ હોવાથી, તેમના[૭] સમાનપણાંથી થએલ દેહનો આધાર રાખી (બ્રહ્મા) જગત્ રચે તે યોગ્યજ છે.

'' 'ભૂતો અક્ષરમાંથી ઉત્પન્ન થએલા' (ભ.ગી. ૨-૨૮) એ વાક્ય પ્રમાણે

(ભગવાન્) અલૌકિક કર્તા હોવાથીજ કાર્ય સિદ્ધ થાય છે, ત્યારે વળી બ્રહ્માને કર્તા માનવાનું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી '(અવ્યક્તની યોનિરૂપ) તમને નમસ્કાર' એમ કહેલ છે. આ (બ્રહ્મા) અવ્યક્ત (અક્ષર)ની યોનિ છે[૮]. અક્ષર આ (બ્રહ્મા)માં જગતનો પ્રવેશ કરાવી, પોતે ખસી જાય છે. તેથીજ આ રજોગુણરૂપ છે. જેમ માતા અને પિતાથી જગતની ઉત્પત્તિ થાય છે, તેમ આ (બ્રહ્મા) અને અક્ષરથી જગત્ રચાય છે, તેથી[૯] આ ઉપયોગ વિનાના નથી. તેથી (બ્રહ્મા) માતા હોવાથી, ફરી તેમને નમન કરે છે. ૫.

૧. કૌંસમાં જણાવેલ શબ્દો અધ્યાહાર છે. (પ્ર)
૨. આ વાક્યથી તેના પહેલાના વાક્યથી કહેલ અર્થ સિદ્ધ કરે છે. (પ્ર)
૩. બ્રહ્માનો અધિકાર મુક્તિની પહેલાંની અવસ્થારૂપ હોવાનું જણાવે છે. (પ્ર)
૪. જૂઓ બ્ર.સૂ.૪-૪-૧૭. આ સૂત્રમાં મુક્ત જીવનું ઐશ્વર્ય અને તે કર્તા ન હોવાનું કહેલ છે. ચાલુ પ્રસંગમાં પણ માયા કરણ થાય તે માટે ભગવાનનું કાર્ય કરવા બ્રહ્મા કર્તાપણાનો સ્વીકાર કરે છે, છતાં તેમને સ્વતઃ અભિમાન ન હોવાથી, તે મુક્ત નથી એમ થતું નથી; એવો અર્થ છે. (પ્ર)
૫. 'તેમાં' એટલે સાયુજ્ય (મુક્તિ)ની પહેલાંની અવસ્થામાં. (પ્ર)
૬. એવા પ્રયોજનથી માયાથી બ્રહ્મા દેહ ગ્રહણ કરે છે એમ કહેવું યોગ્ય નથી, એવી શંકા થાય.(પ્ર)
૭. 'તેમના' એટલે ગુણોના. (પ્ર)
૮. અક્ષરની પત્નીરૂપ છે. (પ્ર)
૯. 'તેથી' એટલે (બ્રહ્માને) અભિમાન હોય તો પણ તેમનો ઉપયોગ હોવાથી. (પ્ર)

એ પ્રમાણે અપરાધ ક્ષમા કરાવીને, તે (બ્રહ્મા) ભક્તો ઉપર કૃપા રાખનાર હોવાનું છઠ્ઠા શ્લોકમાં કહે છે :

**યે ત્વાઽનન્યેન ભાવેન ભાવયન્ત્યાત્મભાવનમ્ ॥**
**આત્મનિ પ્રોતભુવનં પરં સદસદાત્મકમ્ ॥૬॥**
**તેષાં સુપક્વયોગાનાં જિતશ્વાસેન્દ્રિયાત્મનામ્ ॥**
**લબ્ધયુષ્મત્પ્રસાદાનાં ન કુતશ્ચિત્પરાભવઃ ॥૭॥**

જેઓ પોતાના (જીવોના) દેહને ઉત્પન્ન કરનાર, પોતાની અંદર ભુવનોને પરોવી રાખનાર, વશ રાખનાર (તથા) પ્રલય કરનારનું તમારું અનન્ય ભાવથી ચિંતન કરે છે, તે પક્વ થએલ યોગવાળા, શ્વાસ ઈન્દ્રિયો તથા અંતઃકરણ ઉપર વિજય કરેલા, (અને) તમારી કૃપા પ્રાપ્ત કરેલાઓનો કોઈથી પણ પરાભવ થતો નથી. ૬-૭.

(બ્રહ્માની) કૃપા સફલ થાય છે એમ સિદ્ધ કરવા આ (છઠ્ઠા શ્લોક)માં વાક્ય

પૂરું થતું નથી. તેથી (તેમની) કૃપાથી (તેમના) ભક્તોને અભય (પ્રાપ્ત થાય છે એમ સાતમા શ્લોકમાં) કહેશે. તેથી અહિં (આ શ્લોકમાં) કૃપા (થવા)નું કારણ જ કહે છે. જે સત્પુરુષો આપનું સર્વભાવથી હૃદયમાં ચિંતન કરે છે, તમારી કૃપા પ્રાપ્ત કરેલા તેઓનો કોઈથી પણ પરાભવ થતો નથી એવો (વાક્યનો સંબંધ છે. ''અનન્ય ભાવ[1] ભગવાનમાંજ સંભવે છે. બીજામાં કેમ (સંભવે)?'' એવી શંકા થાય, તેથી (બ્રહ્મામાં) અનન્ય ભાવ થવાનાં ચાર કારણો 'પોતાના દેહને ઉત્પન્ન કરનાર' વિગેરે વિશેષણોથી કહે છે. (૧) 'આત્માનં' ચિંતન કરનારના સ્વરૂપને, ચિંતન કરનારના દેહ વિગેરેને[2] 'ભાવયતિ' ઉત્પન્ન કરે તે. (બ્રહ્મા) તેવા (આત્મભાવન) છે. આથી (તે) કર્તા હોવાનું કહ્યું. (૨) પોતાની અંદર પરોવી રાખેલું છે ભુવન જેમણે તેવા (બ્રહ્મા) છે. આથી (તે) સમવાયિ (કારણ હોવાનું કહ્યું). (૩) 'પરં' વશ રાખનાર, સ્થિતિ (ની અવસ્થા)માં સર્વની પ્રવૃત્તિ કરાવવી વિગેરે કરનાર. (૪) 'સદસદાત્મકમ્' 'પ્રલય કરનાર'. પ્રલય સદસદાત્મક એટલે સત્ હોય તેવા પદાર્થ અસત્ (ન હોય તેવા) થાય છે જેનાથી તેવો[3] છે. અથવા માયારૂપ[4] હોવાથી પ્રલય કરનાર, કારણ કે તેની[5] સદા સ્થિતિ સંભવતી નથી. (તે)[6] જગદ્રૂપ હોય તોપણ પ્રાપ્ત થએલા વિવેકથી અસત્ સ્વરૂપવાળા જ હોવાનું પરિણમે છે[7]. (બ્રહ્મા) પોતાના બધા સેવકોની ઉત્પત્તિ વિગેરે કરનાર હોવાથી, તેઓ બધા તેમને અધીન હોવાથી, પોતાનું (બ્રહ્માનું) પણ તેઓ સર્વભાવથી ચિંતન કરે તે સંભવે છે. એ પ્રમાણે સર્વ ભાવથી (કરેલું) ચિંતન કૃપા પ્રાપ્ત કરાવનારું છે. ૬.

એ પ્રમાણે (કૃપાનું) કારણ જણાવી કૃપા દર્શાવી, તેનાથી અભય પ્રાપ્ત થવાનું સાતમા શ્લોકમાં કહે છે. કૃપાથી અભય ઉત્પન્ન થવામાં વચ્ચેની ક્રિયા 'પક્વ થએલા યોગવાળા' વિશેષણથી કહેલી છે. તે મુખ્ય આત્મારૂપ[8] હોવાથી યોગ દ્વારા સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત કરાવનાર છે. તેમ ન હોય, તો ભગવાનની પેઠે સ્વતંત્રપણું થાય. સારી રીતે પક્વ થએલો છે યોગ જેઓનો તેવા (નો પરાભવ થતો નથી), કારણ કે સારી રીતે પક્વ થએલા (યોગ)નો સર્વત્ર ઉપયોગ કરી શકાય છે. યોગ પક્વ થવાનું કારણ કહીને 'શ્વાસ ઈન્દ્રિયો તથા અંતઃકરણ ઉપર વિજય કરેલા' વિશેષણથી બીજી ક્રિયા કહેલી છે. જીતાએલા છે શ્વાસો, ઈન્દ્રિયો અને 'આત્મા' અંતઃકરણ જેમના તેવા (થાય છે). તેમના (બ્રહ્માના) પદાર્થો સ્પર્શ થઈ ન શકે તેવા હોવાથી[9], પ્રાણ ઈન્દ્રિયો તથા અંતઃકરણનો જય (તેમની) સાક્ષાત્ પ્રીતિ કરાવનારો છે. (બ્રહ્માની) અંદર વેદો રહેલા હોઈ તે જ્ઞાન કરાવનાર હોવાથી, કારણ સાથે યોગ

વચલી ક્રિયા થતી હોવાથી ઘણી ક્રિયાઓ થતી નથી, તેથીજ પ્રાપ્ત કરેલી છે તમારી કૃપા જેમણે તેઓનો કોઈથી-કાલ વિગેરેથી પણ 'પરાભવઃ' પરાભવ થતો નથી. ૭.

૧. 'અનન્ય ભાવ' એટલે સર્વભાવ. (પ્ર)
૨. 'દેહ વિગેરેને' શબ્દોથી 'સ્વરૂપ' શબ્દનું વ્યાખ્યાનજ કરેલું છે. (પ્ર)
૩. આ વ્યધિકરણ બહુવ્રીહિ સમાસ છે. (પ્ર)
૪. સત્ અને અસત્ છે આત્મા જેમનો, એમ સમાનાધિકરણ બહુવ્રીહિ હોય, તો પણ આવો અર્થ 'પ્રલય કરનાર' જ થાય છે એમ આથી જણાવે છે. (પ્ર)
૫. 'તેની' એટલે સત્ અસત્ હોય તેની. (પ્ર)
૬. '(તે)' એટલે સત્ અને અસત્ જગદ્રૂપ હોય...
૭. ''સત્ અસત્ ના (જગતના) આત્મા તે 'સદસદાત્મક' એવો સમાસ કરીએ તો 'પ્રલય કરનાર' અર્થ નહિ થાય,'' એવી શંકા થાય, તેથી આ કહે છે; (જગતરૂપ) સત્ અને અસત્‌ના આત્મા ('તે' એટલે બ્રહ્મા.) એવો શ્રીધરનો મત લઈએ, તો પણ 'પોતાની અંદર ભુવનને પરોવી રાખનાર' વિશેષણથી જગતનાં કારણ તરીકે એ અર્થ પ્રાપ્ત થતો હોવાથી, ફરી તેજ અર્થ કહેવારૂપ દોષ થાય. પ્રલય ન હોય ત્યારેજ કારણરૂપ થવાય. (પ્ર)
૮. 'મુખ્ય આત્મારૂપ' એટલે આસન્યરૂપ (પ્ર) 'મુખ્ય દેવ' એવો અર્થ જણાય છે.
૯. બ્રહ્માના સંબંધવાળા પદાર્થો ઈન્દ્રિયોથી જ્ઞાન થઈ ન શકે તેવા હોવાથી ઈન્દ્રિયોનો તેમને સંબંધ થતો ન હોવાથી (પ્ર)

એ પ્રમાણે ભક્તો ઉપર સફલ કૃપા (કરે છે એમ) કહી, તેમને કૃપાલુ કહી પોતાની ઉપર કૃપા (કરે એવી) પ્રાર્થના કરવા, નીચેના શ્લોકમાં પોતે સેવક હોવાનું કહે છે :

**યસ્ય વાચા પ્રજાઃ સર્વા ગાવસ્તન્ત્યેવ યન્ત્રિતાઃ ।।**
**હરન્તિ બલિમાયત્તાસ્તસ્મૈ મુખ્યાય તે નમઃ ।।૮।।**

દોરડાંથી બાંધેલા બળદોની પેઠે જેમની વાણીથી વશ રહેલી બધી પ્રજા સાવધાન રહી બલિ આપે છે તે તમો મુખ્યને નમસ્કાર. ૮.

જે બ્રહ્માની વેદરૂપ વાણીથી કન્યાની પેઠે સંપૂર્ણ પ્રકારે અશક્તિવાળી બધીએ પ્રજા, સેવક હોવા છતાં પોતાનાં કાર્યમાં ઘણાં આગ્રહથી રોકેલી દોરડાંથી બાંધેલા બળદો જેવી છે. બ્રહ્માની વાણી વેદ અને લોકરૂપ છે. તેથીજ જેઓ વેદને પણ વશ રહેતા નથી, તેઓને લૌકિકથી વશ રાખે છે[૧]. આથીજ સેવકપણું જણાવ્યું; કારણ કે[૨] બધા પ્રાણીઓ ફલ (પ્રાપ્તિ) માટે કર્મ કરે છે. તેનું[૩] ફલ પ્રાપ્ત થાય, અધિષ્ઠાતા દેવતા તરફથી ફલ આવે, ત્યારે જે (તેના) સારરૂપ ભાગ (હોય) તે (બ્રહ્મા) તેઓ[૪] પાસેજ પોતાના માટે જૂદો કરાવે છે, (અને) પછી સારરહિત (ભાગ) આપે[૫] છે; અને તેવી રીતે સર્વ કર્મોનું જે મુખ્ય ફલ-સૃષ્ટિ, ભગવાનની આજ્ઞા

અથવા સુખ-તે બ્રહ્માને પ્રાપ્ત થાય છે. ધર્મ તપ વિગેરેથી જે સારવિનાનો, છૂટો ન પડી શકે તેવો મલમૂત્ર વિગેરેમાં રમણરૂપ (ફલનો ભાગ પ્રાપ્ત થાય), તે જીવોને આપે છે એવો[2] (અર્થ છે). એમ જાણવા છતાં, તેજ પ્રકારે (કર્મ) કરવું તે બંધન. તેથીજ બળદો અધમ હોવા છતાં, તેમનું દૃષ્ટાંત (આપેલું છે); કારણ કે એ પ્રમાણે જાણીને તેઓ (બળદ જેવા હોવા)નો નિશ્ચય કરેલો છે. એ પ્રમાણે સદા કાર્ય કરનાર સારરહિત (ફલ) ભક્ષણ કરનાર ઉપર કૃપા (કરવી) યોગ્ય છે. વળી બળદો કરતાં પણ આ (જીવો) ઉત્તમ છે, કારણ કે સારવિનાનું હોય તે પણ તમને બલિ તરીકે આપે છે; (કારણ કે) તેમ ન કરે તો વચમાં તમે મારો. તેથી તમે મુખ્ય છો, પ્રવૃત્તિ કરાવનાર હોવા છતાં પ્રજાઓમાં શ્રેષ્ઠ છો.

સૂચવેલા અર્થથી બ્રહ્માની પણ હાંસી જ કરેલી છે; અથવા (બ્રહ્મા) મુખ્ય પ્રાણરૂપ હોવાથી બલિ અપાય તેના સાક્ષી તરીકે (તેમને) મુખ્ય કહેલા છે. 'આ' સર્વ તરફથી 'યત્તાઃ' સાવધાન રહેલા ('આયત્તાઃ'). આથી એમ કહેલું છે કે કોઈક સમયેજ કરતા (બલિ આપતા) નથી. (સદા આપે છે).૮.

૧. 'આથી જ' એટલે ( બ્રહ્માને ) વશ રહેવાથીજ. ( પ્ર )
૨..૨. આ ભાગથી બધા બ્રહ્માને વશ રહે છે તે સિદ્ધ કરે છે. ( પ્ર )
૩. 'તેનું' એટલે કર્મનું. ( પ્ર )
૪. 'તેઓ' એટલે સાધનરૂપ કર્મના અધિષ્ઠાતા. ( પ્ર )
૫. 'આપે છે' એટલે કર્મ કરનારાઓને આપે છે. ( પ્ર )

એ પ્રમાણે પોતે સેવક હોવાનું સિદ્ધ કરી, નીચેના શ્લોકમાં (બ્રહ્માની) કૃપા માટે પ્રાર્થના કરે છે :

**સ ત્વં વિધત્સ્વ શં ભૂમંસ્તમસા લુપ્તકર્મણામ્ ।।**
**અદભ્રદયયા દૃષ્ટ્યા આપન્નાનર્હસીક્ષિતુમ્ ।।૯।।**

તે તમે હે ભૂમન્! અમોને સુખ આપો. અંધકારથી જેમના કર્મનો લોપ થએલો છે તેમના સંબંધવાળા અમો શરણ આવેલાને તમે ઘણી દયાવાળી દૃષ્ટિથી જોવા યોગ્ય છો. ૯.

હે ભૂમન્ ! હે અધિક ! (અમારા ઉપર) કૃપા કરો તો પણ તમને કાંઈ પણ હાનિ નથી, એવો અર્થ છે. તેથીજ અમોને (સુખ) આપો. બીજું સુખ આપવાનું નથી એમ કહેવા, પોતાનું ઈચ્છેલું (સુખ) કહે છે કે 'લુપ્તકર્મણાં' લોકોમાં થએલા અંધકારને લીધે કર્મરહિત થએલા ભુવનોના સંબંધવાળા 'આપન્નાન્' શરણ આવેલાને અમને તમે ઘણી દયાવાળી દૃષ્ટિથી જોવા યોગ્ય છો, કૃપાવાળી દૃષ્ટિનાં ઉત્તમપણાને લીધે દુઃખ વિગેરે તેમાં (લોકમાં) રહેલા હોવા છતાં જણાશે નહિ, તેથી

દયાવાળી દૃષ્ટિથી જૂઓ એવો ગૂઢ અભિપ્રાય છે. દુઃખીને જોઈને સાધારણ લોકોને પણ દયા ઉત્પન્ન થાય છે, પણ તે (દયા) નકામી છે. તેવું ન થાય તે માટે (દયાનું) 'ઘણી' એવું વિશેષણ કહેલું છે. ૯.

''શા કારણથી કૃપા કરવી જોઈએ'' એવી શંકા થાય, તેથી દૈત્યોની ઉત્પત્તિ થતી હોવાથી, તેમનાથી અભય કરવું (આપવું) જોઈએ, એવા અભિપ્રાયથી નીચેનો શ્લોક કહે છે :

**એષ દેવ દિતેર્ગર્ભ ઓજઃ કાશ્યપમર્પિતમ્ ।।**
**દિશસ્તિમિરયન્સર્વા વર્ધતેઽગ્નિરિવૈધસિ ।।૧૦।।**

હે દેવ ! આ દિતિનો ગર્ભ કશ્યપનું તેણે મૂકેલું વીર્ય-જેમ સૂકાં કાષ્ઠમાં અગ્નિ વધે તેમ-સર્વ દિશાઓને અંધકારમય કરતો વધે છે. ૧૦.

આ દિતિનો ગર્ભ-કશ્યપનું તેણેજ મૂકેલું વીર્ય-દશ દિશાઓને અંધકારમય કરતો સૂકાં 'એધસિ' કાષ્ઠમાં અગ્નિ (વધે તેની) પેઠે વધે છે. હમણાં તે 'દિતિનો ગર્ભ' છે. આથી એમ કહેલું છે કે તે સ્વભાવથી ક્રૂર થશે. તેમાં પણ (તે) કશ્યપનું બીજ, તે પણ વીર્યરૂપ, અને તેણેજ 'અર્પિતં' સારી રીતે મૂકેલું. દિતિના યોગ્ય સ્થાનમાં મૂકેલું હોવાથી, તે સંબંધમાં કોઈ પણ ઉપાય કરી શકાય તેમ નથી. ૧૦.

એ પ્રમાણે ઘણા ભયથી દેવોએ (કહેલું) વચન સાંભળીને, તેનું કારણ હાસ્યરૂપ હોવાથી તેનું સ્મરણ કરીને, તે કહેવા યોગ્ય ન હતું એમ બીજ અને ગર્ભ (પોતાને) જણાએલા હોવાથી, તે સિવાયનું બીજું કારણ કહેવા (બ્રહ્મા) કથાનો આરંભ કરે છે, એમ મૈત્રેય નીચેના શ્લોકથી કહે છે :

।। મૈત્રેય ઉવાચ ।।

**સંપ્રહસ્ય મહાબાહો ! ભગવાન્ શબ્દગોચરઃ ।।**
**પ્રત્યાચષ્ટાત્મભૂર્દેવાન્પ્રીણયન્રુચિરયા ગિરા ।।૧૧।।**

'હે મહાબાહો ! વેદથી જેમનું જ્ઞાન થાય તેવા પોતાની મેળે ઉત્પન્ન થએલા ભગવાન્ (બ્રહ્માએ) ઘણું હસીને સુંદર વાણીથી દેવોને પ્રસન્ન કરતાં (નીચે પ્રમાણે) ઉત્તર આપ્યો. ૧૧.

'હે મહાબાહો !' એવું વિદુરનું સંબોધન (તેને) એમ જણાવવા કરેલું છે કે તું શૂરવીર હોવાથી તારે કોઈથી પણ ભય કરવો (રાખવો) ન જોઈએ. 'ભગવાન્' શબ્દથી તેનું જ્ઞાન હોવાનું અને તેનો ઉપાય ન કરવાનું કારણ (કહેલ છે). 'શબ્દગોચરઃ' એટલે અલૌકિક, માત્ર વેદથી જ જેમનું જ્ઞાન થાય તેવા. (આથી) એમ જણાવેલું છે કે તે (બ્રહ્મા)માં પ્રવેશ કરેલા આધિદૈવિક બ્રહ્મા કહે છે (ઉત્તર આપે છે),

બીજાએ ભગવાનના સેવકની હલકાઈ કહેવી યોગ્ય નથી. 'પ્રત્યાચષ્ટ' એટલે ઉત્તર આપ્યો. (આ શબ્દથી) બ્રહ્માએ કાંઈ પણ કરેલ છે એવી શંકા ખોટી ઠરાવી છે. 'ભગવાન તે (ઉપાય) કરશે' એમ આગળ (૩-૧૬-૩૬ માં) કહેશે. (બ્રહ્મા) પોતાની મેળે ઉત્પન્ન થએલા હોવાથી તે તેમ કહે તેથી અપરાધ થતો નથી. નીચે શ્લોક ૧૨ વિગેરે વાક્યો (કહેશે તે)થી જૂદી[1] જ સુંદર વાણીથી તેઓને જે પ્રકારે સુખ થાય તે રીતે 'પ્રીણન્' (તેમની) પ્રસન્નતા ઉત્પન્ન કરતાં (કહ્યું). ૧૧.

૧. 'પ્રસન્ન કરતાં' શબ્દથી પ્રસન્ન કરવાનું કાર્ય તે સમયે ચાલુ હોવાનું જણાવેલ હોવાથી, નીચે ઉત્તર કહેશે તેથી જૂદાં વચનથીજ પ્રસન્ન કર્યાનું જણાય છે. (પ્ર)

શાપથી (ભૂમિ ઉપર) આવેલા તેજરહિત થએલા જય અને વિજયના તેજથી આ થએલ છે એમ કહેવા, શાપ (થયો તે) જણાવવા, નીચેના શ્લોકથી આરંભી બે અધ્યાયોથી ઉપાખ્યાન કહે છે. પ્રસંગને લીધે તેઓ (સનક વિગેરે) વૈકુંઠ ગએલા એમ કહેવા, સ્વભાવથી તેઓ ફરતા હતા એમ નીચેના શ્લોકમાં કહે છે :

॥ બ્રહ્મોવાચ ॥

**માનસા મે સુતા યુષ્મત્પૂર્વજાઃ સનકાદયઃ ॥**
**ચેરુર્વિહાયસા લોકાંલ્લોકેષુ વિગતસ્પૃહાઃ ॥૧૨॥**

તમારી પહેલાં ઉત્પન્ન થએલા સનક વિગેરે મારા માનસ પુત્રો લોકોમાં ઈચ્છારહિત થઈ, આકાશમાર્ગે લોકોમાં ફરતા હતા. ૧૨.

('માનસાઃ' માનસ શબ્દથી) એમ જણાવે છે કે ભગવાને જે મનમાં કરેલ (વિચારેલ હોય) તે તેઓ કરતા હતા. 'મારા પુત્રો' શબ્દથી સૃષ્ટિ કરનાર હોવાનું કહ્યું. 'તમારી પહેલાં ઉત્પન્ન થએલા' વિશેષણથી તમને ખબર ન હોવાનું કારણ કહ્યું. દેવો (તેઓની) પછી ઉત્પન્ન થએલા, પણ આ કશ્યપના પુત્રો ન હતા[1]. તે કલ્પમાં તેવાજ[2] પ્રકારે ઉત્પત્તિ થતી. દેવો શુદ્ધ સત્ત્વગુણવાળા હોવાથી, તેમની પહેલાં ઉત્પન્ન થએલા ગુણાતીત (નિર્ગુણ) હતા, આથી પોતાનો[3] દોષ નથી, એમ સૂચવ્યું, કે જેમ તેઓ મારા પુત્રો તેમ તમારા મોટેરાઓ. 'સનક વિગેરે' શબ્દથી (એમ જણાવ્યું છે કે તેઓ) તપોરૂપ હોવાથી કોઈથી પણ (તેમણે આપેલ શાપનો) ઉપાય થઈ શકે તેમ ન હતું. 'વિહાયસા' એટલે આકાશમાર્ગે. આથી અટકાવી ન શકાય તેવી શક્તિ અને શ્રમ ન થવાનું સૂચવેલ છે. બધાએ લોકોમાં ઈચ્છારહિત થઈ, 'ચેરુઃ' ફરતા હતા. લોકો તથા અલોક[4] (પાતાલ)માં લોકોનો ઉદ્ધાર કરવા (ફરતા હતા), એવો અર્થ છે, અથવા 'લોકાન્' (લોકોમાં) એ શબ્દમાં ગાઢ સંયોગને લીધે બીજી વિભક્તિ (યોજેલી છે). માણસોનું (તેમને) પ્રયોજન ન હતું એમ જણાવવા, ફરીથી

'લોક' શબ્દ કહેલો છે. તેઓને ફરવાનું નિત્ય હોવાથી તેઓ ફરતા હતા, તેથી ભુવનો (લોકો)જ કર્મ (બીજી વિભક્તિમાં યોજેલ) છે, પરંતુ મનુષ્યો (કર્મ) નથી. ૧૨.

૧. 'પૂર્વજાઃ' શબ્દનો 'મોટા ભાઈઓ' અર્થ નથી, એવો ભાવ છે.

૨. 'તેવાજ પ્રકારે' એટલે મનથી. ( મૈથુનથી નહિ ).

૩. દિતિના ગર્ભે કરેલ દોષ પોતાને માટે કરેલો નથી, એવો અર્થ છે. ( પ્ર ) મેં તો ગુણાતીત સનક વિગેરેને ઉત્પન્ન કરેલા, છતાં તેમને ક્રોધ થયો, તેમાં મારો ( બ્રહ્માનો ) દોષ નથી, એવો અર્થ હોવાનું જણાય છે.

૪. 'વિહાયસાડલોકાન્' એવો પાઠ થઈ શકે તેમ હોવાથી આ પ્રમાણે પણ અર્થ કર્યો. ( પ્ર )

તેઓ પ્રસંગને લીધે વૈકુંઠ ગયા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ત એકદા ભગવતો વૈકુણ્ઠસ્યામલાત્મનઃ ।।**
**યયુર્વૈકુણ્ઠનિલયં સર્વલોકનમસ્કૃતમ્ ।।૧૩।।**

એક દિવસ તેઓ નિર્મલ સ્વરૂપવાળા ભગવાન્ વૈકુંઠના સર્વ લોકથી નમસ્કાર કરતા વૈકુંઠ ધામમાં ગયા. ૧૩.

'ભગવાન્ વૈકુંઠ' એટલે સાક્ષાત્ પુરાણપુરુષના અવતારરૂપ વૈકુંઠ. તેમના નામથી બનાવેલો લોક 'વૈકુંઠ' કહેવાય છે. તે લોક સ્ત્રીની પ્રાર્થનાથી બનાવેલો હોવાથી 'તે અવતાર કામવાળો હશે' એવી શંકા થાય, તે દૂર થાય તે માટે 'નિર્મલ સ્વરૂપવાળા' વિશેષણ કહેલું છે. અથવા નિર્મલ છે[1] આત્માઓ જેમના તેવા; (એટલે) જેમ સત્ય વિગેરે (લોક)માં અવિદ્યાવાળા (આત્મા)[1] રહે છે, તેમ ત્યાં (રહેતા) નથી, એવો અર્થ છે. 'વૈકુંઠ ધામ' શબ્દથી (એમ જણાવ્યું છે કે તે) સ્થાન નિત્યજ છે[2]. કૃત્રિમ હોય તો પણ વ્યાપિવૈકુંઠેજ તેમાં પ્રવેશ કરેલો હોવાથી તે મુખ્ય વૈકુંઠ જ છે, તેથી 'પુનઃ અક્ષર સાયુજ્ય પ્રાપ્ત કરે છે' વાક્યનો વિરોધ (થતો) નથી; અને 'શિશુપાલે વૈષ્ણવોના પતિના ચરણમાં પ્રવેશ કર્યો ત્યારે' એ વાક્યનો અને 'પાછા આવશો'[3] (૩.૧૬.૩૦) એ વાક્યોનો પણ વિરોધ થતો નથી. વળી 'વૈકુંઠ જેમણે બનાવેલ છે'[4] એ વાક્યને લીધે, તેમજ સનક વિગેરે ત્યાં ગયા તેથી, અને સાધારણ લોક જેવું તે થવાના પ્રસંગથી કૃત્રિમપણું થાય છે. તેથી કૃત્રિમમાં સ્વાભાવિક (વૈકુંઠ)નો આવેશ છે, અથવા (વૈકુંઠ) લોકનો અવતાર[5] છે. 'વૈકુંઠ ધામ' એમ તો ફરી કહેલું છે. વૈકુંઠ એજ ધામ એવો (અર્થ છે). સર્વથી ન જવાય તેવું છે એમ સૂચવવા 'સર્વ લોકથી નમસ્કાર કરાતા' વિશેષણ (કહેલું છે). બધા માણસોએ નમસ્કાર કરવા યોગ્ય, અથવા સર્વ ભુવનોમાં ઉત્તમ (ધામ છે). બીજા લોકમાં રહેનારા લોકને ઉપદ્રવ કરાવે છે, પરંતુ અહિંના રહેવાસીઓ એમ (કરતા) નથી, તેથી

બધા લોકો આને નમસ્કાર કરે છે. ૧૩.

૧ – ૧. આ 'વૈકુંઠ ભગવાન'નું વિશેષણ છે, વૈકુંઠલોકનું વિશેષણ નથી. તેથી 'આત્મા'નો અહિં દેહ, તર્કશક્તિ, ચિત્ત વિગેરે એવો અર્થ કરવો યોગ્ય જણાય છે.

૨. આ વૈકુંઠ નિત્ય અને કૃત્રિમ ( બંને પ્રકારનું ) હોવાનું સિદ્ધ કરે છે. ( પ્ર )

૩. આ ત્રણે વાક્યોનો અર્થ આવતા અધ્યાયમાં કહેશે. ( પ્ર )

૪. વ્યાપિવૈકુંઠ હોય તો મુખ્ય વૈકુંઠ જ થાય, તેથી આ કહેલ છે. ( પ્ર )

૫. આવેશ તો અમુક કાર્ય માટે અમુક કાલે થતો હોવાથી, અમુક સમય સુધીનો હોય. અહિં તેવું કાંઈ કાર્ય હોવાનું જણાતું નથી, તેથી આથી બીજો પક્ષ કહેલ છે. ( પ્ર )

ચિત્ આનંદ અને સત્‌ના ભેદથી સામાન્ય રીતે તે લોકનું વર્ણન કરે છે. તે પૈકી આરંભમાં ત્યાં વસનારા જીવો આનંદરૂપ હોવાથી, નીચેના શ્લોકમાં (તેમના) સ્વરૂપનું ઉત્તમપણું કહે છે :

**વસન્તિ યત્ર પુરુષાઃ સર્વે વૈકુણ્ઠમૂર્તયઃ ।।**
**યેઽનિમિત્તનિમિત્તેન ધર્મેણારાધયન્ હરિમ્ ।।૧૪।।**

વૈકુંઠના જેવા દેહવાળા સર્વ પુરુષો જેઓએ પ્રયોજન વિનાના ચિહ્નવાળા ધર્મથી હરિને પ્રસન્ન કરેલાં છે તેઓ જે (વૈકુંઠ)માં રહે છે. ૧૪.

'જેમાં' એટલે વૈકુંઠમાં 'પુરુષો' (રહે છે). તેથી સ્ત્રીઓને[1] સારૂપ્ય મુક્તિ (પ્રાપ્ત થતી) નથી. વૈષ્ણવોની પતિવ્રતા (સ્ત્રી)ઓ તો તેઓની સાથે ત્યાં જાય છે અને ત્યાં ભગવાનના ગુણોનું ગાન કરે છે[2] એમ તે આગળ કહેશે. 'સર્વ' શબ્દથી (એમ કહેલું છે) કે ત્યાં વર્ણ વિગેરે ઉપયોગનાં નથી. વૈકુંઠ (ભગવાનના) જેવી મૂર્તિ છે જેમની તેવા (પુરુષો રહે છે). તેઓનો દેહ આનંદાકારજ છે, અથવા આનંદજ છે, છતાં પણ પોતાનો આનંદ તેવો[3] હોવાથી, તેઓ ભગવાનની સમાન[4] નથી. ત્યાં તેવા (આનંદરૂપ દેહવાળા) હોવાનું કારણ ઉત્તરાર્ધથી કહે છે. જે ભગવાનના ભક્તોએ પ્રયોજન વિનાના (ચિહ્નવાળા), એટલે નિષ્કામ ધર્મથી હરિને 'આરાધયન્' પ્રસન્ન કરેલા છે. 'ન' નથી 'નિમિત્તં' લોકમાં પ્રસિદ્ધ કામનાઓરૂપ 'નિમિત્તં' ચિહ્ન જેમાં, ( તેવા ) નિષ્કામ પોતાના ધર્મથી, એટલે શ્રવણરૂપ વિગેરે ધર્મથી[5] જેમણે ભગવાનને પ્રસન્ન કરેલા છે, (તેઓ ત્યાં રહે છે). ૧૪.

૧. આથી પક્ષીઓ વૃક્ષો વિગેરેનું પણ કહેવાયું, તેથી શંકાનો અવસર નથી ( પ્ર )

૨. તેઓ સ્ત્રી થવાનું કારણ આથી કહેલું છે. તેઓને ભગવાનનું સારૂપ્ય ન થવાનું કારણ એ છે કે અંત સમયે તેમણે ભગવાનનું ધ્યાન કરેલ નથી. ( પ્ર )

૩. અમુક ગ્રન્થમાં 'ન' 'ન' પાઠ અધિક છે. તે ખરો હોય તેમ જણાય છે.

૪. 'સાર્ષ્ટિ' મુક્તિ પ્રાપ્ત કરેલી નથી, એવો અર્થ છે. ( પ્ર ). ૨૩

૫. તેમણે કરેલ શ્રવણ વિગેરે ભક્તિરૂપ ન હોવાથી, તેમને સાર્ષ્ટિ મુક્તિ પ્રાપ્ત થઈ નથી; એવો અર્થ છે. (પ્ર)

એ પ્રમાણે જીવોનું ઉત્તમપણું કહી, નીચેના શ્લોકમાં, ભગવાનનું ઉત્તમપણું કહે છેઃ

**યત્ર ચાદ્યઃ પુમાનાસ્તે ભગવાન્ શબ્દગોચરઃ ।।**
**સત્ત્વં વિષ્ટભ્ય વિરજં સ્વાનાં નો મૃડયન્વૃષઃ ।।૧૫।।**

અને જ્યાં વેદથી જેમનું જ્ઞાન થાય છે, તે આદ્ય પુરુષ ભગવાન્ શુદ્ધ સત્ત્વને રોકી પોતાના ભક્ત આપણને આનંદ આપતા આપણા સ્વામી રહે છે. ૧૫.

જ્યાં આનંદમય ભગવાન્ 'સત્' અંશના મુખ્ય ભાવરૂપ[1] સત્ત્વને રોકી રહે છે. આ વૈકુંઠલોક સર્વ લોકથી જૂદા પ્રકારનો છે[2]. તેથી (તેમાં) જીવનું શરીર આનંદ છે, આનંદનું શરીર સત્ છે, અને સત્નું મોક્ષરૂપ છે[2]. તેથીજ[3] સત્ ચિત્ અને આનંદના સત્ત્વ વિગેરે ગુણો છે એમ પહેલાં[4] કહેલું છે. સૃષ્ટિ તો વારંવાર થતી હોવાથી, સત્ ચિત્ અને આનંદનું વારંવાર આવર્તન થતું હોવાનું કહેલ છે. તેથીજ આશ્રયમાં[5] આનંદમાં સ્થિતિ થવાનું કહેશે[6].

'ચ' 'અને' શબ્દ હોવાથી વ્યાપિ વૈકુંઠમાં પણ[7] 'આદ્ય પુરુષ' એટલે પુરુષોત્તમ (રહે છે). 'ભગવાન્' શબ્દથી (તે પોતાના) ધર્મો સાથે રહેતા હોવાનું કહેલ છે. 'વેદથી જેમનું જ્ઞાન થાય છે તે' વિશેષણથી લૌકિક સંબંધ વિનાના (જણાવેલા છે). કાલના પ્રવાહથી રજોગુણ વિગેરે સાથે (સત્ત્વ) ભળી ન જાય, તે માટે સત્ત્વને ઉત્તમ પ્રકારે રોકી રાખે છે. 'શુદ્ધ' શબ્દથી પહેલાં તો તે ભળેલું નથી એમ કહેલું છે.

'સત્ત્વ રોકવામાં શું પુરુષાર્થ ?' એવી શંકા થાય, તેથી 'પોતાના ભક્ત આપણા સ્વામી' એમ કહેલું છે. બ્રહ્મા વિગેરે ભક્તોના તે સ્વામી છે. કાલથી છૂટા રાખીને પોતાના ભક્તોને સર્વ ઈચ્છેલા (પદાર્થો)નો સંબંધ કરાવવા માટે (સત્ત્વને રોકે છે), કારણ કે 'વૃષઃ' સ્વામી છે. સ્વામીને આનંદ આપવાનું જરૂરી છે. અથવા ઉત્તમ પ્રકારનું સ્વામીપણું (કહેલું છે). સાધારણ સ્વામીઓ કરતાં, આ સ્વામી ભક્તોને આનંદ આપનાર સ્વામી છે, તેથી સત્ત્વને રોકી રાખે છે એવો અર્થ છે.૧૫.

૧. 'મુખ્ય ભાવરૂપ' એટલે પ્રથમ ધર્મરૂપ. આજ સત્ત્વ રામાનુજ દ્રવ્ય હોવાનું અને પ્રાકૃત સત્ત્વથી જૂદા પ્રકારનું હોવાનું કહે છે. (પ્ર)

૨. (ભગવાન્ મુખ્યભાવરૂપ સત્ત્વ રોકી રહે છે તેથી) સિદ્ધ થતો અર્થ આ વાક્યથી કહે છે. (પ્ર)

૩. વૈકુંઠ લોક બીજાથી જૂદા પ્રકારનો હોવાનું આ વાક્યથી સિદ્ધ કરે છે. 'પૃથ્વી જેમનું શરીર છે' વિગેરે શ્રુતિ પ્રમાણે બીજા લોકમાં ભગવાનનું શરીર ઉત્તમ સત્નું છે, અને અંતર્યામીનું શરીર ચિત્ છે. અહિં તો આદ્ય પુરુષ ભગવાન્ આનંદ શરીરવાળા રહે છે, અને તે પણ સત્ત્વને રોકી

રાખવાની સત્ શરીરવાળા છે. તે સત્ત્વ પણ શુદ્ધ રજ વિગેરેના સંબંધ વિનાનું હોઈ મોક્ષરૂપ છે. ત્યાં રહેનારા પુરુષો ચિત્ અંશવાળા, અને ભગવાનના જેવા દેહવાળા હોઈ આનંદ શરીરવાળા છે, એવો બીજા લોકથી ભેદ છે. (પ્ર)

૪. ('તેથીજ' બદલે 'આજ' પાઠ પ્રકાશકારે લીધેલ છે). 'સત્ત્વ, રજઃ અને તમઃ એ ત્રણ નિર્ગુણના ગુણો છે' એમ

બીજા સ્કંધમાં સત્ ચિત્ અને આનંદના આજ ગુણો કહેલા છે. (પ્ર)

૫. 'આશ્રયમાં' એટલે બારમા સ્કંધમાં. (પ્ર)

૬. 'આનંદને પ્રાપ્ત કરે છે' એ શ્રુતિ પ્રમાણે છેવટના પ્રલયનો વિચાર કરતાં કહેશે. આ બારમા સ્કંધના નિબંધમાં સ્પષ્ટ છે. (પ્ર)

૭. વ્યાપિવૈકુંઠમાં પણ ઉપરનોજ પ્રકાર હોવાનું કહે છે. 'તે આપનાં ધામો' વિગેરે શ્રુતિમાં કહેલ વ્રજમાં આથી જૂદાજ પ્રકારની સ્થિતિ હોવાનું જાણવું. તે પ્રકાર વેણુગીત ઉપરનાં શ્રીસુબોધિની વિગેરેથી જાણી લેવો. (પ્ર)

એ પ્રમાણે આનંદનું સત્પણું (સત્ દેહવાળા હોવાનું) કહીને, નીચેના શ્લોકમાં સત્ બંને પ્રકારના પરમ પુરુષાર્થરૂપ હોવાનું કહે છે :

**યત્ર નૈઃશ્રેયસં નામ વનં કામદુઘૈર્દ્રુમૈઃ ।।**
**સર્વર્તુશ્રીભિર્વિભ્રાજત્કૈવલ્યમિવ મૂર્તિમત્ ।।૧૬।।**

જેમાં સર્વ ઋતુઓની સંપત્તિવાળાં કામના પૂર્ણ કરનારાં દ્રુમોથી શોભતું મૂર્તિમાન મોક્ષ જેવું નૈઃશ્રેયસ નામનું વન છે. ૧૬.

'જેમાં' જે વૈકુંઠમાં ઉપવન છે, તેનું નામ 'નૈઃશ્રેયસ' છે. 'નૈઃશ્રેયસ' શબ્દ વ્યુત્પત્તિ અને રૂઢિના અર્થવાળો છે. તે પૈકી આરંભમાં વ્યુત્પત્તિથી થતો અર્થ 'કામના પૂર્ણ કરનારાં (દ્રૂમોથી શોભતું)' શબ્દથી કહે છે. (તેનાં) બધાએ દ્રુમો કલ્પવૃક્ષો છે, તેજ ત્યાં રહેલા પરમપુરુષાર્થરૂપ છે, કારણ કે ત્યાંના રહેવાસીઓને પણ ઈચ્છેલા પદાર્થો આપનારા છે. 'દ્રુ' (ધાતુ) ગતિના અર્થવાળો હોવાથી, તે (ગતિ) વિનાના[1] દ્રુમો પ્રસિદ્ધ છે. સ્વરૂપથી પણ તે ઉત્તમ હોવાનું 'સર્વ ઋતુઓની સંપત્તિવાળાં' વિશેષણથી કહેલું છે. સર્વે ઋતુઓમાં પુષ્પો વિગેરેની સંપત્તિરૂપ શ્રી ચોક્કસ રહેલી છે જેમનામાં, તેવા (તેઓ છે).

એ પ્રમાણે વ્યુત્પત્તિથી થતો અર્થ કહીને, 'મૂર્તિમાન મોક્ષ' શબ્દથી રૂઢિથી થએલ અર્થ કહેલો છે. 'કેવલસ્ય' પૂર્ણ હોવાની 'ભાવઃ' સ્થિતિ તે 'કૈવલ્ય' (મોક્ષ); ચિત્રૂપ (જીવોની પોતાના) સ્વરૂપમાં સ્થિતિ, ફરીથી સંઘાત (દેહ વિગેરે)નો સંબંધ ન થવો તે. આથી (તે) જીવનો પુરુષાર્થ હોવાનું કહ્યું. ત્યાં (વૈકુંઠમાં) ગએલો, 'ચિત્રૂપ (બ્રહ્મ)માં માત્ર તે (ચિત્ રૂપથી (ભોગ ભોગવે) છે,' (બ્ર.સૂ. ૪-૪-૬) માં કહ્યા પ્રમાણે મોક્ષ પ્રાપ્ત કરે છે. તે પણ ભગવાનનું એક સ્વરૂપ છે, જે

ઔડુલોમિના મતથી પ્રસિદ્ધ છે, અને જે આત્મવાદીઓ 'આત્મા' હોવાનું કહે છે, અને જે ભગવાને 'હે ગુડાકેશ ! હું આત્મા છું' (ભ.ગી. ૧૦-૨૦) માં પ્રથમ વિભૂતિ હોવાનું કહેલ છે. તે કૈવલ્યની મૂર્તિ છે. 'આત્માના લાભથી ઉત્તમ (કાંઈ) નથી' એ શ્રુતિ પ્રમાણે તેજ અધિક કલ્યાણરૂપ છે. તેથી આ વનમાં પ્રવેશ કરેલો (પુરુષ) આનંદમય થાય છે અને બ્રહ્માનંદ પ્રાપ્ત કરે છે[2], એમ સત્ (વન) પરમપુરુષાર્થરૂપ હોવાનું કહ્યું. ૧૬.

૧. 'દ્રુ' ગતિ, તે 'મા' નથી જેમાં તે 'દ્રમ'. (પ્ર)

૨. આ વાક્યથી (તે વન) જીવના પરમ પુરુષાર્થરૂપ હોવાનું કહ્યું. (પ્ર)

એ પ્રમાણે (વૈકુંઠ) લોક સર્વ લોકથી જૂદા પ્રકારનો હોવાનું સિદ્ધ કરવા, (ત્યાંના) સત્ ચિત્ અને આનંદનું ઉત્તમપણું જણાવીને, (ત્યાં) સર્વ (કોઈ પણ) દોષ નથી એમ કહેવા, મોહ વિગેરે ત્યાં નથી એમ નીચેના શ્લોકથી આરંભી છ (શ્લોકો)થી કહે છે :

**વૈમાનિકાઃ સલલનાશ્ચરિતાનિ યત્ર ગાયન્તિ લોકશમલક્ષપણાનિ ભર્તુઃ ।।**
**અન્તર્જલે સુવિકસન્મધુમાધવીનાં ગન્ધેન ખણ્ડિતધિયોઽપ્યનિલં ક્ષિપન્તઃ ।।૧૭।।**

જે (વૈકુંઠ)માં જલની અંદર સારી રીતે ખીલતી મધુમાધવીના ગંધથી (પોતાની) બુદ્ધિ ખંડિત થએલી હોવા છતાં (તે ગંધવાળા) વાયુનો તિરસ્કાર કરતાં સ્ત્રીઓ સાથે વિમાનમાં ફરનારાઓ (પોતાના) પતિના, પાપનો નાશ કરનારાં ચરિતોનું ગાન કરે છે. ૧૭.

(૧૭) ત્યાં (વૈકુંઠમાં) સ્ત્રીઓ મોહ ઉત્પન્ન કરતી નથી, (૧૮) હલકાં જીવોને મદ થતાં નથી, (૧૯) પુષ્પો જેમનામાં મુખ્ય છે તેવા વેલા અને લતાઓને પણ ઈર્ષ્યા થતી નથી (૨૦) ભક્ત સ્ત્રીઓ પણ કામ ઉત્પન્ન કરતી નથી (૨૧) લક્ષ્મીને પણ અભિમાનના ચિહ્નવાળો માનરૂપ ક્રોધ થતો નથી, અને (૨૨) લોભ તો તેમાં[1] (તેના સંબંધી)જ પ્રસિદ્ધ હોવાથી તેને પોતાના વિષે પરમ પુરુષાર્થ હોવાની બુદ્ધિ નથી, પણ ભગવાન્ વિષેજ (તેવી બુદ્ધિ) છે, એમ સર્વ દોષોનો (ત્યાં) અભાવ હોવાનું કહેવાએલ છે. તે પૈકી આરંભમાં આ શ્લોકથી સ્વભાવથી દુષ્ટ સ્વાભાવિક સ્ત્રીઓ પણ પોતાનો દોષ તજી ભગવાનના ગુણોમાં આસક્ત હોવાનું કહે છે.

'વૈમાનિકાઃ' માત્ર વિમાનથીજ પહોંચાય તેવા, (વિમાનમાં ફરનારા) ગંધર્વો વિગેરે. સ્વભાવથી જવાનું બલ ન હોવાથી અને સહેલાઈથી (તેમ) થઈ શકે તેવું ન હોવાથી, તેઓ પોતાને આવવું હોય ત્યારે વિમાનમાં જ ચઢી આવે છે. 'સલલનાઃ' એટલે સ્ત્રીઓ સાથે (ગાન કરે છે), આથી બંનેને એક બીજાથી મોહ થવાનો સંભવ

દર્શાવેલ છે. 'યત્ર' જે વૈકુંઠમાં તેઓ પતિના ચરિતોનું ગાન કરે છે. તે ગંધર્વ વિગેરે તેમના (ભગવાનનાં)જ સેવકો છે. 'પતિના' શબ્દથી એમ સૂચવેલું છે કે (ભગવાન્ તેમનો) આ લોકમાં અને પરલોકમાં નિર્વાહ કરનારા હોવાથી, તેમના ગુણોનું ગાન કરવું જરુરી છે. એ પ્રમાણે (ભગવાનના) ગુણોનું ગાન પોતાને લાભકારક છે, એમ જણાવીને 'લોકનાં પાપનો નાશ કરનારાં' શબ્દથી તે બીજાઓને લાભકારક હોવાનું કહેલું છે. તે લોકનું, અથવા બીજા માર્ગમાં રહેલા લોકના સંબંધથી ઉત્પન્ન થએલું[૨] બધાએ લોકનું, અથવા સદાનું પાપ, તેનો 'ક્ષપણં' તેમાંજ[૩] લય કરાવવાનું થાય છે જેમનાથી (તેવા ચરિતોનું ગાન કરે છે).

તે ગંધર્વો 'રૂપ' ભગવાનની ઉપાસના કરે છે, તેથી અપ્સરાઓનો તેઓ ઘણો આદર કરે છે. 'ગંધં' ગંધ 'વાન્તિ' લઈ જાય તે (ગંધર્વો) એમ શબ્દ જોડી વ્યુત્પત્તિ કરતાં અનિયમિત[૪] રીતે 'ગંધર્વો' શબ્દ થાય છે. અપ્સરાઓ તો 'ગંધ' ભગવાનનીજ ઉપાસના કરે છે. બંને પ્રકારે સ્ત્રીઓ સાથે (તેઓ) ગંધમાં આસક્તિવાળા છે. તેથી ગંધથી તેઓની બુદ્ધિ ખંડિત થએલી હોવા છતાં, ગંધને વહેનાર, (પોતાના) ઘણાજ આરાધ્ય વાયુનો તિરસ્કાર કરતાં, (ભગવાનના) ગુણોનુંજ ગાન કરે છે. ગંધ બ્રહ્મ છે એમ જણાવવા 'જલની અંદર (સારી રીતે ખીલતી મધુમાધવીના ગંધથી)' શબ્દથી તેમાં દોષ ન હોવાનું કહે છે. જલની અંદર સારી રીતે 'વિકસત્' ખીલવાથી પ્રસરતા રૂપવાળો 'મધુ' મકરંદ છે જેમનો તેવી માધવી (નામની) કોઈક લતા, જેની અંદર આધિદૈવિક વસંત ઋતુ રહેલી છે, તેનું[૫] રસવાળા હોવું એ મધુનું ખીલવું. તેથી તેવી (માધવી)ની ગંધ વરથી[૬] પ્રાપ્ત થએલી છે, અને (તેને) પૃથ્વીનો સંબંધ ન હોવાથી તે પ્રાકૃત નથી. તેથી તેઓ (ગંધર્વો)એ કુદરતી રીતે ઉપાસના કરવા યોગ્ય (તે ગંધ) હોવા છતાં, ભગવાનના ગુણોનું ગાન કરવા તેઓએ તેનો ત્યાગ કરેલો હોવાથી, (વૈકુંઠમાં) આધિદૈવિક મોહ પણ નથી એમ કહેલું છે. ૧૭.

૧. 'તેમાં' એટલે ભગવાનમાં (પ્ર) લક્ષ્મીમાં, એવો અર્થ યોગ્ય જણાય છે; કારણ કે લક્ષ્મીનો લોભ સર્વને હોય છે. સર્વને લક્ષ્મીનો લોભ થતો હોવાથી 'હું પરમ પુરુષાર્થરૂપ છું' એવી લક્ષ્મીની બુદ્ધિ થાય, છતાં તેમ થતું નથી, પણ ભગવાનજ તેવા છે એવી બુદ્ધિ થાય છે. તેથી ત્યાં આ દોષ પણ નથી. એવો અર્થ જણાય છે. ભગવાનનો (ભગવાન્ સંબંધી) લોભ થાય તે તો ગુણ છે દોષ જ નથી.

૨. જેમ સનક વિગેરે હમણાં આવ્યા, તેમ શિવ વિગેરે પોતાના અંતરંગ સેવકો સાથે આવે, ત્યારે તેમના સંબંધથી થએલ અન્યના આવેશરૂપ પાપ. (પ્ર)

૩. 'તેમાંજ' એટલે (ભગવાનના ગુણોના) ગાનમાંજ .(પ્ર)

૪. આવા સમાસ 'પૃષોદરાદિ' કહેવાય છે જૂઓ પાણિનિ. ૬-૩-૧૦૯ .
૫. 'તેનું' એટલે માધવીનું, સામાન્ય ( માધવી )ના અર્થમાં નપુંસક લિંગ યોજેલ છે. ( પ્ર )
૬. 'વરથી' એટલે ભગવાનની કૃપાથી. ( પ્ર )

એ પ્રમાણે ગંધર્વો અને અપ્સરાઓમાં (દોષ નથી એમ) કહીને, નીચેના શ્લોકમાં પક્ષીઓમાં દોષ નથી એમ કહે છે :

**પારાવતાન્યભૃતસારસચક્રવાકદાત્યૂહહંસશુકતિત્તિરિબર્હિણાં યઃ ||**
**કોલાહલો વિરમતેऽચિરમાત્રમુચ્ચૈર્ભૃંગાધિપે હરિકથામિવ ગાયમાને ||૧૮||**

જ્યારે ઉત્તમ ભ્રમર મોટેથી હરિકથા ગાતો હોય તેમ (ગુંજારવ કરે છે) ત્યારે (જ્યાં) કબૂતરો, કોયલો, સારસો, ચક્રવાકો, ચાતકો, હંસો, પોપટો, તેતરો અને મયુરોનો જે કોલાહલ તે થોડીવાર અટકી જાય છે. ૧૮.

આ કબૂતરો વિગેરે નવ જૂદા જૂદા[૧] ગુણો છે. તેમને પણ પોતાનીજ વાણી પ્રાપ્ત થએલી છે. તેઓની વાણીજ બ્રહ્મ છે. જૂદા જૂદા અવાજ (કરવા), એજ તેઓનું માહાત્મ્ય છે. તેથીજ પરોઢમાં વેદના મંત્રોનો આરંભ તેઓ બોલે તે પહેલાંજ કરવામાં આવે છે. તેમ ન કરે, તો દેવો તેઓની વાણીની મધુરતામાં આસક્ત થાય. 'અન્યભૃતઃ' એટલે કોયલ. 'દાત્યૂહઃ' એટલે ચાતક. 'બર્હી' એટલે મયૂર. 'જે' શબ્દથી કોલાહલ પણ પ્રસિદ્ધ હોવાનું (કહેલ છે). તેઓનાં વચનમાં વ્યાકરણ ન હોવાથી, પદ અને વાક્યો ન હોવાથી, (તે) શબ્દના સમૂહરૂપ અસ્પષ્ટ હોઈ, (તેને) 'કોલાહલ' કહેલ છે. વાસ્તવિક રીતે તો તેઓ પણ ભગવાનના ગુણોનુંજ ગાન કરે છે, કારણ કે ત્યાં (વૈકુંઠમાં) રહેતા પક્ષીઓ (ભગવાનના ગુણ સિવાય) બીજું બોલતા નથી. શુદ્ધ સત્ત્વ તેવા (વૈકુંઠ) લોક તરીકે પ્રકટ થએલ હોવાથી, ત્યાં વૃક્ષો પક્ષીઓ વિગેરેની ઉત્પત્તિ (થએલી છે). જ્યારે 'ભૃંગાધિપે' ઉત્તમ ભ્રમર હરિકથા ગાતો હોય તેમ ગાન કરતો હોય ત્યારે, તે કોલાહલ પણ થોડીવારજ અટકી જાય છે. આથી એમ સૂચવેલું છે કે તે (પક્ષી)ઓને પોતાની વાણીનો ગર્વ નથી, અને તે (ભ્રમર) ભગવાનની સમીપ રહેતો હોવાનું સંભવતું હોવાથી, અને (ભગવાનના) કેશો તેની સમાન હોવાથી, (તેઓ) તેનું અધિપતિપણું કબૂલ રાખે છે. અથવા ઉત્તમ ભ્રમર આધિદૈવિક છે. તેની વાણી રાગરૂપ હોવાથી, તે રાગ કરીને ગાન કરશે એવી બુદ્ધિથી, કોલાહલ (કરતાં) અટકી જાય છે. તે (ભ્રમર) પણ અસ્પષ્ટ વાણીવાળો હોવાથી, (તેની વાણી) રાગમાં પરિણમશે એમ જાણી, પોતાની વાણી જેવી તે પણ છે એમ તેનો નિશ્ચય કરવા (કોલાહલ કરતાં થોડીવાર અટકે છે). લાંબા સમય સુધી ભગવાનની કથાનું ગાન કરવામાં સારો રાગ ઉપયોગનો છે એવા વિચારથી, જ્યારે તેઓના ગાનને અનુસરી ભ્રમર ગુંજારવ કરે છે ત્યારે (તેઓ કોલાહલ કરતાં થોડીવાર

અટકી જાય છે). 'મોટેથી' શબ્દ હોવાથી, ઘણું કરીને (ભ્રમરને ગુંજારવ કરવાની) ભગવાનની આજ્ઞા થએલી એવો સંદેહ (થાય છે). ૧૮.

૧. 'નવ ગુણા ભિન્નાઃ' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે.

એ પ્રમાણે પક્ષીઓમાં દોષ ન હોવાનું કહીને, નીચેના શ્લોકમાં પુષ્પો જેમનામાં મુખ્ય છે તેવી લતાઓ વિગેરેમાં ઈર્ષ્યારૂપ દોષ નથી એમ કહે છે :

**મન્દારકુન્દકુરબોત્પલચમ્પકાર્ણપુન્નાગનાગબકુલામ્બુજપારિજાતાઃ ।।**
**ગન્ધેડર્ચિતે તુલસિકાભરણેન તસ્યા યસ્મિંસ્તપઃ સુમનસો બહુ માનયન્તિ ।।૧૯।।**

જે (વૈકુંઠ)માં જ્યારે તુલસીના આભરણવાળાએ તેની ગંધની પ્રશંસા કરી ત્યારે મંદાર, કુંદ, કુરબ, રાત્રિનાં કમલ, ચંપો, અર્ણ, પુન્નાગ, નાગ, બોરસલી દિવસનાં કમલ અને પારિજાત સુમનસોએ તેના તપનો ઘણો આદર કર્યો. ૧૯.

મંદાર દેવવૃક્ષ છે, ભૂમિ ઉપર પ્રસિદ્ધ નથી. કુંદ, કુરબ, રાત્રિનાં ક્મલ અને ચંપો સર્વ સ્થલે પ્રસિદ્ધ છે. 'અર્ણ' કાશ્મીરમાં પ્રસિદ્ધ છે. પુન્નાગ, નાગકેસર, બોરસલી અને દિવસના કમલ પણ પ્રસિદ્ધ છે. પારિજાત મંદાર જેવું (દેવવૃક્ષ) છે. આ (બધા)માં પુષ્પો મુખ્ય છે, અને ઘણી સુગંધવાળાં છે; છતાં પણ તુલસીના આભરણવાળા ભગવાને જ્યારે તુલસીની ગંધની પ્રશંસા કરી, ત્યારે જે વૈકુંઠમાં મંદાર વિગેરે બધાએ સુમનસો (ઉત્તમ પુષ્પવાળાં, ઉત્તમ મનવાળાં) હોઈ તેનાં (તુલસીનાં)જ તપનો ઘણો આદર કર્યો. માત્ર બહારથીજ બહુ માન આપ્યું એટલુંજ નહિ, પણ અંતઃકરણમાં પણ (ઘણો આદર કર્યો) એમ 'સુમનસ્' શબ્દથી કહેલું છે; કારણ કે તપથી હલકો (હોય તે) પણ ઉત્તમ થાય છે. તુલસી ભગવાનનું આભરણ છે, કારણ કે વનમાલા તેની બનેલી છે. તુલસી લક્ષ્મીની પેઠે અમૃતમાંથી ઉત્પન્ન થએલી છે, અને ભગવાનની કૃપાથી તેણે તપ કરેલ એવો નિશ્ચય થાય છે. અથવા તે વૃંદા હતી ત્યારે (ભગવાને) તેના ઉપર કૃપા કરેલી; કારણ કે તે જાલંધરની પત્ની (અને) મધુની કન્યા હતી, અને (ભગવાને) જાલંધરનો વધ કરવા તેને સ્વીકારેલી. તેનું તપ પતિવ્રતાપણું હતું અથવા પહેલાં કરેલું તપજ હતું. ગુણથી થતું સૌંદર્ય ન રહે તે માટે ભગવાને તેને તેવીજ રાખેલી. ભક્તિમાર્ગમાં તેનું માહાત્મ્ય સર્વથી અધિક છે. એ રીતે ત્રણ પ્રકારથી સ્વભાવથી સાત્ત્વિક રાજસ અને તામસ (જીવોએ) પણ પોતાના દોષ અભિમાનનો ત્યાગ કરી જે વૈકુંઠમાં અસ્વાભાવિક ગુણ સ્વીકાર્યો, એમ કહેલું છે. ૧૯.

સ્ત્રીઓજ કુદરતથી દુષ્ટ હોવાથી, હવે મુખ્ય રીતે તેઓજ દોષ વિનાની હોવાનું કહેવામાં આવે છે. તે પૈકી (લક્ષ્મી સિવાયની) બીજી બધી સ્ત્રીઓ

આધિભૌતિક છે. લક્ષ્મી બે પ્રકારની છે (૧) લોકના સંબંધવાળી આધ્યાત્મિકી (અને ૨) ભગવાનની ભક્ત ભગવાનના આનંદરૂપ આધિદૈવિકી. ત્રણે પ્રકારની સ્ત્રીઓ આનંદરૂપ હોવાથી, તેમનામાં કુદરતી દોષ હોવાનું સંભવે છે, તેનો નિરાસ કરવામાં આવે છે. તે પૈકી આરંભમાં નીચેના શ્લોકમાં ભગવદીયની સ્ત્રીઓમાં દોષ ન હોવાનું કહે છે :

**તત્સંકુલં હરિપદાનતિમાત્રદષ્ટૈર્વૈદૂર્યમારકતહેમમયૈર્વિમાનૈઃ ||**
**યેષાં બૃહત્કટિતટાઃ સ્મિતશોભિમુખ્યઃ**
**કૃષ્ણાત્મનાં ન રજ આદધુરુત્સ્મયાદ્યૈઃ ||૨૦||**

જે (વિમાનો)ના સંબંધવાળી મોટા નિતંબવાળી, સ્મિતને લીધે શોભતાં મુખવાળી (સ્ત્રીઓ) શ્રીકૃષ્ણમાં જેમનું અંતઃકરણ છે તેમને હાસ્ય વિગેરેથી કામ ઉત્પન્ન કરતી ન હતી, તેવાં હરિના ચરણને માત્ર નમન કરવાથી પ્રાપ્ત થએલાં વૈદૂર્ય મરકત અને સુવર્ણના વિમાનોથી તે (વૈકુંઠ) ભરપૂર છે. ૨૦.

તે વૈકુંઠ વિમાનોથી ભરપૂર છે. 'હરિના ચરણને માત્ર નમન કરવાથી પ્રાપ્ત થએલાં' શબ્દથી તે વિમાનોની પ્રાપ્તિનો ઉપાય કહેલો છે. હરિના ચરણને માત્ર નમન કરેલું છે જેમણે, તેઓએ જોએલાં (પ્રાપ્ત કરેલાં) છે. ભક્તિમાર્ગ પ્રમાણે ભગવાન્ પ્રતિ નમ્ર રહેવાથી તેવાં વિમાનનાં દર્શન (થાય છે); અથવા શ્રવણ વિગેરે છ[1] પ્રકારની ભક્તિથી (દર્શન થાય છે). 'માત્ર' શબ્દ હદ[2] જણાવનારો છે. સખ્ય વિગેરે વિના પણ, નમન સુધીનાજ ભક્તિમાર્ગથી તેનાં દર્શન અથવા તેની પ્રાપ્તિ થાય છે. 'વૈદૂર્ય મરકત અને સુવર્ણનાં' એમ વિમાનો ત્રણ પ્રકારનાં હોવાનું કહેલું છે. તે પૈકી વૈદૂર્યનું તામસ જેવું, મરકતનું સાત્ત્વિક જેવું અને સુવર્ણનું રાજસ જેવું છે. ભક્તો પણ ત્રણ પ્રકારના હોવાથી ત્રણ પ્રકારનાં (વિમાનો) પ્રાપ્ત કરે છે. આથી ઘણો ભોગ થાય તે માટે ભક્તોની તે વિમાનોમાં સ્થિતિ કહેલી છે, જે વિમાનોના સંબંધવાળી, ભોગ થાય તે માટેજ (તેમાં) રહેલી 'મોટા નિતંબવાળી' (સ્ત્રીઓ) ભોગનું જ પોષણ કરે છે. વળી 'સ્મિતને લીધે શોભતાં મુખવાળી' વિશેષણથી મોહ કરનારી હોવાનું કુદરતી છે એમ કહેલું છે. સ્મિતને લીધે શોભાવાળું મુખ 'સ્મિતશોભિ' છે. 'સ્મિતશોભિ' મુખ છે આમનું (જેમનું) તે સ્મિતને લીધે શોભિતાં મુખવાળીઓ. માત્ર જોવાથી મોહ ઉત્પન્ન કરનારી હોવાનું કહ્યું; અથવા બે રસ[3] પ્રાપ્ત થાય તે માટે બે વિશેષણો (કહ્યાં).

'શ્રીકૃષ્ણમાં જેમનું અંતઃકરણ છે' શબ્દથી મોહ કરનારી ન થવાનું કારણ કહ્યું. ભગવાનના ભક્તોના મનમાં તેઓએ 'ન રજ આદધુઃ' કામ ઉત્પન્ન ન કર્યો.

વળી તેઓ વિભાવ વિગેરેમાં ચતુર ન હતી એમ ન માનવું, કારણ કે 'ઉત્સ્મયાદ્યૈરપિ' હાસ્ય વિગેરે સર્વ ભાવોથી પણ કામ ઉત્પન્ન કરતી ન હતી. (આ) વૈકુંઠનું માહાત્મ્ય છે, (કામ ઉત્પન્ન કરનારી ન થવાનું કારણ)[૪] શ્રીકૃષ્ણમાં અંતઃકરણવાળા હોવું તેજ છે, કારણ કે ત્યાં (વૈકુંઠમાં)જ શ્રીકૃષ્ણમાં અંતઃકરણવાળાઓ રહે છે[૫] અથવા 'શ્રીકૃષ્ણ છે અંતઃકરણમાં જેમના' એ મત પ્રમાણે (એમ સમાસ છોડતાં) દોષો દોષવિનાના થાય છે, કારણ કે શ્રીકૃષ્ણ જેમના અંતઃકરણમાં ન હોય તેવા ત્યાં (કોઈ) નથી[૬]. અથવા (કોઈનું) અમુક નામ કહેલ ન[૭] હોવાથી કામ ઉત્પન્ન થવાનું કારણ છે, તેવા પ્રસંગે[૮] વૈકુંઠની સરસાઈજ થાય છે. બીજા સ્થલે પણ તે દોષરૂપ થતું નથી[૯]. તેમ ન હોય તો તેઓનાં[૧૦] નિરૂપણથી જ વિરોધ થાય. ૨૦.

૧. શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એ નવ પ્રકારની વિહિત ભક્તિ છે, તે પૈકી વંદન (નમન) છઠ્ઠી છે. પહેલા છ પ્રકારની એટલે વંદન સુધીની ભક્તિ.

૨. 'હદ' એટલે છેવટની હદ. (પ્ર) શ્રવણથી આરંભી વંદન સુધીની ભક્તિ.

૩. ગુપ્તરસ (નિતંબથી) અને પ્રકટરસ (મુખથી) પ્રાપ્ત થાય તે માટે. (પ્ર)

૪. 'તેનું (કામ ઉત્પન્ન કરનારી ન થવાનું) કારણ' શબ્દો અધ્યાહાર છે. (પ્ર)

૫. આથી ઉપરના વાક્યમાં કહેલો અર્થજ સિદ્ધ કરે છે. શ્રીકૃષ્ણમાં અંતઃકરણો હોવાથી, કામ વિગેરે દોષો ભગવાનેજ આપેલા હોવાથી દોષરૂપ નથી. સ્ત્રી અને પુરુષો સાથે રહેવા છતાં, ભગવાનની કથાનું ગાન કરતાંજ તેમ રહેતા હોવાથી તેઓમાં દોષ નથી, એવો અર્થ છે. (પ્ર)

૬. (સ્ત્રી અને પુરુષ) બંને એક પ્રકારના હોવાથી, એવો અર્થ છે. (પ્ર)

૭. 'યેષામ્' 'જેમના' એમ સામાન્ય રીતે કહેલ હોવાથી, (નામ કહેલ ન હોવાથી) (પ્ર)

૮. 'તેવા પ્રસંગે' એટલે કામ ઉત્પન્ન થવાનું કારણ હોવા છતાં, તે ઉત્પન્ન ન થવાના પ્રસંગે. (પ્ર)

૯. ભૂમિ ઉપરનાં ભગવાનના ધામોમાં પણ રહેતી સ્ત્રીઓનું સૌંદર્ય અથવા સ્ત્રીપુરુષોના ભેગા રહેવામાં દોષ નથી, એવો અર્થ છે. (પ્ર)

૧૦. 'તેઓનાં' એટલે કામ ઉત્પન્ન કરનાર ગુણોના. (પ્ર)

એ પ્રમાણે ભગવદીય સ્ત્રીઓમાં (ત્યાં) દોષ નથી એમ કહીને, લક્ષ્મી માટેજ તે (વૈકુંઠ) બનાવેલું હોવાથી ત્યાં લક્ષ્મીને ગર્વ હોવાનું સંભવે છે; છતાં પણ તેમાં પણ તે દોષ નથી, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**શ્રી રૂપિણી ક્વણયતી ચરણારવિન્દં લીલામ્બુજેન હરિસદ્મનિ મુક્તદોષા ।।**
**સંલક્ષ્યતે સ્ફટિકકુડ્ય ઉપેતહેમ્નિ સંમાર્જતીવ યદનુગ્રહણેઽન્યયત્નઃ ।।૨૧।।**

જેની કૃપા માટે બીજાઓ પ્રયાસ કરે છે તે લીલાકમલથી (ઓળખાતી), મૂર્તિમતિ લક્ષ્મી દોષરહિત થઈ સુવર્ણથી જડેલાં સ્ફટિકની ભીંતવાળા હરિના ભુવનમાં ચરણારવિંદથી ઝંકાર કરતી કચરો કાઢતી હોય તેવી દેખાય છે. ૨૧.

આખાએ જગતમાં રહેલી લક્ષ્મીની તે દેવતા છે, તેથી 'મૂર્તિમતી' કહેલી છે. અથવા રૂપ (આકાર) વિનાના બ્રહ્માનંદને રૂપ પ્રાપ્ત થયું, એવો અલૌકિક અર્થ જણાવવા તેને 'મૂર્તિમતી' કહેલી છે. જોકે સૌંદર્ય પેઠે આભરણ વિગેરે પણ અભિમાન કરાવનારાં છે, છતાં પણ (લક્ષ્મીને તેનું) અભિમાન નથી એમ જણાવવા 'ઝંકાર કરતી' એમ કહેલું[૧] છે. ચરણારવિંદને નૂપુરના અવાજોથી (ઝંકાર) શબ્દવાળા કરતી (એવો અર્થ છે). તેનું મૂર્તિમતીપણું, ચરણનો ઝંકાર અને લીલાકમલ સર્વને જાણવા યોગ્ય હોવાથી બીજું (બીજા કોઈ ગુણ) કહેલ નથી. મૂર્તિમતી પ્રતિમા પણ હોય છે તેથી ઝંકાર વધારાનો કહેલ છે. બીજી સ્ત્રીઓથી જૂદી હોવાનું જણાવવા, લીલાકમલથી પણ ઓળખાવી છે, કારણ કે તેજ હાથમાં કમલ રાખનારી છે. તજેલો છે દોષ જેણે (દોષરહિત) તેવી સ્થિર છે. લોકમાં આધિભૌતિક (લક્ષ્મી)નો દોષ ચંચલપણું છે; અથવા લીલાકમલવાળા લાંબા કરેલા હાથથી ઓળખાતી (જણાવી છે). 'હરિના ભુવનમાં' શબ્દથી (એમ જણાવ્યું છે કે) ત્યાં બધાને (કોઈને) દુઃખ હોતું નથી. દુઃખ ન હોય તેવા સ્થલમાં (રહેવાનું) હોય, ત્યારે અવશ્ય ગર્વ થાયજ, છતાં પણ ત્યાં કચરો કાઢતી હોય તેવી દેખાય છે. 'ઘરવાળી ઘરમાં કચરો કાઢે તે યોગ્ય જ છે' એવી શંકા થાય, તે દૂર કરવા, તેનું પ્રતિબિંબ જ તેવું દેખાય છે એમ જણાવવા, 'સુવર્ણથી જડેલાં સ્ફટિકની ભીંતવાળા' શબ્દોથી ઘરનાં વિશેષણો કહેલાં છે. એક સ્ફટિક હોય તો (ઘરની) શોભા ન થાય, તેથી ઘણાં સ્ફટિકો કહેવા જોઈએ. તેમાં (તેમને) જોડી રાખનાર બીજાં દ્રવ્યનો સંબંધ થતાં, વળી રજનો[૨] સંબંધ થાય, તેથી 'ઉપેતં' જડેલું છે સાંધાઓમાં 'હેમ' સુવર્ણ જેમાં, એમ (કહેલું છે); અથવા ઘણાં પ્રતિબિંબો પડે તે માટે (એમ કહેલું છે). તેથી ત્યાં રજનો[૨] સંબંધ ન હોવા છતાં, તેજ અભિમાનવિનાની રહે છે, તેથી તે પ્રમાણે[૩] કહેલું છે. બધુંએ વૈકુંઠ ઘણી શોભાવાળું હોવાથી, લક્ષ્મીજ (તે) શોભા કરે છે, તેથી તેવો તર્ક[૪] કરેલો છે. અથવા ત્યાં રહેનારાઓ લક્ષ્મીને વશ નથી[૫], તેથી તેવો તર્ક કરેલો છે. આથી એમ કહેલું છે કે લક્ષ્મીમાં દોષ નથી, અને તેનાથી થતો દોષ બીજાઓમાં પણ નથી. (લક્ષ્મી પ્રતિ) આદરનો અભાવ[૬] તો ઘણો અલૌકિક[૭] છે એમ જણાવવા 'જેની કૃપા માટે બીજાઓ પ્રયાસ કરે છે' એમ કહેલું છે. જેની 'અનુગ્રહણે' કૃપા માટે બ્રહ્મા વિગેરે બીજાઓ પ્રયાસ કરે છે (તેવી લક્ષ્મી છે). ૨૧.

૧. આથી તે આભરણવાળી છે એમ કહેલું છે. (પ્ર)

૨ – ૨. અહિં 'રજ' શબ્દથી ધૂળ, કચરો કહેલાં છે. રજોગુણ કહેલ નથી; કારણ કે સુવર્ણ રજોગુણ કરાવનારું છે. સ્ફટિકને સુવર્ણથી જડવામાં આવે ત્યારે ધૂળ રહેવાનું સ્થલજ રહેતું નથી; છતાં

લક્ષ્મી કચરો કાઢતી હોય તેવી દેખાય છે, એટલે તેનામાં ગર્વ નથી.
૩. દાસીનું કાર્ય કરતી ( કચરો કાઢતી ) હોવાનું કહેલું છે. ( પ્ર )
૪. 'તેવો' એટલે લક્ષ્મી કચરો કાઢતી હોવાનો. ( પ્ર )
૫. લક્ષ્મીને લીધેજ શોભા હોય તો તે પ્રાસંગિક ગણાય. તેથી તે અર્થ ન રૂચવાથી બીજો અર્થ કરે છે. ( પ્ર )
૬. 'આપ પાછલ આવતી ( લક્ષ્મી )નો આદર કરતા નથી' એ વાક્યમાં જણાવેલ આદરનો અભાવ. ( પ્ર )
૭. 'ઘણો અલૌકિક' એટલે વૈરાગ્યની પરાકાષ્ઠા જણાવનારો. ( પ્ર )

**એ પ્રમાણે આધ્યાત્મિક (લક્ષ્મી)માં ગર્વ ન હોવારૂપ દોષનો અભાવ હોવાનું કહીને, આધિદૈવિક (લક્ષ્મી)ને માન અને અભિમાન નથી એમ નીચેના શ્લોકમાં કહે છે :**

**વાપીષુ વિદ્રુમતટાસ્વમલામૃતાપ્સુ પ્રેષ્યાન્વિતા નિજવને તુલસીભિરીશમ્ ।।**
**અભ્યર્ચતી સ્વલકમુન્નસમીક્ષ્ય વક્ત્રમુચ્છેષિતં ભગવતેત્યમતાંગ યચ્છ્રીઃ ।।૨૨।।**

દાસી સાથે પોતાના વનમાં વિદ્રુમના તટવાળી અમલ મીઠાં જલવાળી વાવોમાં તુલસીઓથી પતિની પૂજા કરતી જે વૈકુંઠની લક્ષ્મી (પોતાનું) સુંદર કેશવાળું ઉંચી નાસિકાવાળું મુખ જોઈને ભગવાને (તેને) ચુંબન કરેલું માનતી હતી.૨૨.

'પોતાના વનમાં' એટલે લક્ષ્મીના વનમાં, તુલસી સાધનથી વાવોમાં પતિનું પૂજન કરતી (લક્ષ્મીએ) પોતાના મુખને ભગવાને ચુંબન કરેલું છે એમ માન્યું, કારણ કે ભગવાનનું ભજન કરતાં, ભગવાન ચુંબન કરે તેનેજ તે પોતાના ભજનનું ઉત્તમ ફલ જાણતી હતી. તેને અભિમાન કેમ હોઈ શકે ? વળી તુલસીઓથી પૂજા કરતી હોવાથી, તેનામાં શોક્ય વિગેરેનો ભાવ ન હતો. વાવ અને દાસીનો અવસ્થાનું સ્મરણ કરાવનાર તરીકે ઉપયોગ છે. એવી સ્થિતિ કોઈક વાર (જ) થતી ન હતી, એમ જણાવવા 'વાવોમાં' એમ બહુવચન યોજેલું છે. પરવાળાં (વિદ્રુમ) હતાં તટીમાં જેના, એ (વિશેષણ)થી પ્રતિબિંબ સ્પષ્ટ હોવાનું (જણાવેલ છે). 'વિદ્રુમો હતાં તટોમાં જેના' એથી તટના પ્રતિબિંબમાં મલિનપણું ન હોવાનું (જણાવેલ છે). 'અમલ' શબ્દથી પ્રતિબિંબ પડવાનું મુખ્ય કારણ નિર્મલપણું અને મીઠા જલવાળું હોવાનું (કહેલ છે), કારણ કે ખારા જલમાં ઝાખું (પ્રતિબિંબ) દેખાય છે. વળી પૂજા (કરવા) માટે ધ્યાન ધરેલા ભગવાન્ દાસીના પ્રતિબિંબમાં પ્રકટ થયા[૧]. કેશ પકડીને ચુંબન કરતાં મુખ ઉંચું થાય, આજ મહાપુરુષાર્થ છે એમ (લક્ષ્મીએ) માન્યું. 'દાસી સાથે' (હતી), એમ શંકા ન રહે તે માટે (કહેલ છે)[૧]. ભગવાન (ત્યાં) પધારવાના ન હતા એમ જણાવવા 'પોતાના વનમાં' એમ (કહેલું છે). જ્યારે તેનો પૂર્ણ થએલ

મનોરથ આટલો જ હતો, ત્યારે તેનામાં ગર્વ વિગેરેની સ્થિતિ કેમ જ હોય? (ભગવાન્) કેશ ગ્રહણ કરે, તે માટે 'સુંદર કેશવાળું' એમ કહેલું છે. (ભગવાન્ કેશગ્રહણ કરે) ત્યારેજ નાસિકા ઉંચી થાય, બેઠેલી (લક્ષ્મીની નાસિકા) ત્યારેજ ઉંચી થાય, કારણ[૨] કે આ પૂજન કરતી (તેથી બેઠેલી) હતી. જે વૈકુંઠની લક્ષ્મી[૩] (એ ભગવાને પોતાનાં મુખને ચુંબન કરેલું માન્યું). 'તુલસીઓથી' એ બહુવચન એક લાખ વિગેરે પૂજન સૂચવનારું છે. 'પતિની' શબ્દથી (એમ જણાવ્યું છે કે) પૂજા કરતાં પણ પતિ હોવાથી અનાદર (કરતી) નહતી. ઉત્તમ ફલ પ્રાપ્ત થાય તે માટે 'અભિતઃ'[૪] અંગો વિગેરે સહિત પૂજન (કરતી હતી). માત્ર ચુંબનથી જ (પોતાને) કૃતાર્થ માનતી એ તે પરમ ભક્ત હોવાનું જણાવે છે કારણ કે આત્મસમર્પણ તો થએલું હતું. 'ચુંબન કરેલું માનતી હતી' શબ્દોથી સાક્ષાત્ ફલ પ્રાપ્ત થાય છે ત્યારે આમ શા માટે[૫] કરવામાં આવે છે ? એમ ક્રિયા[૬] પૂરી થએલી હોવાનું પણ સૂચવેલું છે. ૨૨.

૧ – ૧. આ વાકયથી આરંભી દાસી સાથે હોવાથી અને વાવથી અવસ્થાનું સ્મરણ કેવી રીતે થાય છે તે જણાવે છે. (પ્ર) ૫...૫ ભાગથી તે જણાવેલ છે.

૨. 'યચ્છ્રીઃ' માં 'યત્' જૂદો શબ્દ લઈ આ અર્થ કરેલ છે (પ્ર) બેઠેલી હતી એમ જણાવવા 'યતઃ અભ્યર્ચતી' એમ કહેલું જણાય છે.

૩. 'યચ્છ્રીઃ' એક શબ્દ લઈ આ અર્થ કરેલ છે. આજ આ લક્ષ્મી આધિદૈવિક હોવાનું જણાવે છે. (પ્ર)

૪. 'અભ્યર્ચતી' માંના 'અભિ' ઉપસર્ગનો આ અર્થ કરેલ છે.

૫. 'આમ શા માટે કરવામાં આવે છે ?' એટલે આવો મનોરથ કેમ કરવામાં આવે છે ? (પ્ર) 'સાક્ષાત્ ફલ થયું છે તો પછી ચુંબન જ શા માટે કરો છો ?' એમ લક્ષ્મી ભગવાનને કહેતી હોય, તેવો અર્થ જણાય છે.

૬. 'ક્રિયા પૂરી થવી' એટલે સાક્ષાત્ ફલ પ્રાપ્ત થયું, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે સર્વ (કોઈપણ) દોષ (ત્યાં) નથી એમ કહીને, દોષવાળાઓ ત્યાં જતા જ નથી. એમ નીચેના શ્લોકમાં કહે છે :

**યન્ન વ્રજન્ત્યઘભિદો રચનાનુવાદાચ્છૃણ્વન્તિ યેઽન્યવિષયાઃ કુકથા મતિઘ્નીઃ ।।**
**યાસ્તુ શ્રુતા હતભગૈર્નૃભિરાત્તસારાસ્તાંસ્તાન્ ક્ષિપન્ત્યશરણેષુ તમઃસુ હન્ત ।।૨૩।।**

પાપનો નાશ કરનારનાં ચરિત્રો અને (તેમનાં) કીર્તનથી જૂદા વિષયની, મતિને હરનારી દુષ્ટ કથાઓ, જે હતભાગી મનુષ્યોના સાંભળવામાં આવતાંજ (તેમના) સારને હરી, અરેરે તેમને તેમને શરણ રહિત અંધકારમાં ધકેલી દે છે, તેમનું જેઓ શ્રવણ કરે છે તેઓ જે (વૈકુંઠ)માં જતાં નથી. ૨૩.

આથી એમ દઢ કરેલું છે કે સંસ્કારરૂપ[1] દોષો પણ ત્યાં (વૈકુંઠમાં) નથી. જેઓ પાપનો નાશ કરનારનાં ચરિત્રો અને (તેમનાં) કીર્તનથી જૂદા વિષયની કથાઓનું શ્રવણ કરે છે, તેઓ જે વૈકુંઠમાં જતા નથી. વૈકુંઠમાં જવાનું સાધન હોય, છતાં પણ બીજા વિષયની કથાનું શ્રવણ તે અટકાવનારું છે. તેમ (સાધન) ન હોય, તો સાધન ન હોવાથીજ ન જાય. આ કહેવાનું પ્રયોજન શું ? (કાંઈ ન રહે). 'અઘં' પાપનો 'ભિનત્તિ' નાશ કરે તે 'અઘભિત્' પાપનો નાશ કરનાર ભગવાન્-પાપનો નાશ કરવો એ તેમનો કુદરતી (ગુણ છે). તેમનું 'રચના' એટલે ચરિત્ર-ચરિત્ર સ્વતંત્ર છે એમ જણાવવા (અઘભિત્ અને 'રચના'નો) સમાસ (કરેલો) નથી. ચરિત્રનો અનુવાદ એટલે શ્રવણ કરેલ હોય તે પ્રમાણે કીર્તન, અથવા (ભગવાને જે ચરિત્ર) કરેલ તેનું કીર્તન; પરંતુ કાવ્યની પેઠે તર્કથી પ્રાપ્ત થતું (કીર્તન) નહિ. તેનાથી જૂદા વિષયની કથાઓ એટલે કોઈપણ પ્રકારથી ભગવાનનો સંબંધ ન હોય તેવી, અથવા ભગવાનથી વિરુદ્ધ દૈત્યો વિગેરેની કથાઓ. તે (ભગવાનની કથા)ઓ તેમાં ભળેલ નહિ હોવાથી, તે જૂદી છે. તેથીજ તે દુષ્ટ કથાઓ છે. તેઓના (દૈત્યોના) ધર્મ દોષરૂપ હોવાથી, દૈત્યોનું પરાક્રમ પણ બ્રાહ્મણોની હત્યારૂપ હોય છે.

''ભગવાનની કથાઓ પણ શ્રવણ કરેલી હોવાથી, તે (દૈત્યોની કથા)ઓનું ફલ કેમ પ્રાપ્ત થાય ?'' એવી શંકા થાય, તેથી 'મતિ હરનારી' વિશેષણ (યોજેલ છે). તેઓ જો સાંભળવામાં આવે તો વિષની પેઠે પહેલાં પ્રાપ્ત થએલી ભગવાનની કથાના સંબંધવાળી મતિનો નાશજ કરે છે. વળી તેઓ માત્ર (વૈકુંઠમાં જવાનું) અટકાવનારીજ નથી, પરંતુ સ્વતંત્ર રીતે દુઃખ પ્રાપ્ત કરાવનારી છે એમ ઉત્તરાર્ધથી કહે છે. પુણ્ય હોય ત્યારે તેમનું શ્રવણજ સંભવતુ ન હોવાથી 'હતભાગીઓ ( ના સાંભળવામાં આવતાં )' એમ કહેલું  છે. ભાગ્ય એટલે સુખનો અનુભવ કરાવનારું અદષ્ટ, તેનો જ્યારે કોઈપણ પ્રકારથી[2] નાશ થાય, ત્યારે દુષ્ટ કથાઓનું શ્રવણ કરવાની મતિ થાય છે.

''તેઓમાં વિવેક ધૈર્ય વિગેરે હોવાથી, પાછલથી ભગવાનની કથાનું શ્રવણ કરશે'' એવી શંકા થાય, તેથી 'આત્તસારાઃ' એમ કહેલું છે. મનુષ્યોમાં થોડોજ સાર હોવાથી, તે પણ જ્યારે દુષ્ટ કથાઓથી હરાઈ જાય, ત્યારે સારાં સાધન જતાં રહેતાં, (દુષ્ટ કથાઓ) તેમને શરણરહિત અંધકારમાં એટલે દૈત્યોનાં સ્થાનોમાં દૂરથીજ ધકેલી દે છે. ઘણા શ્રમથી સાંભળેલી (દુષ્ટ કથાઓ) પાછલથી દુઃખ દેનારી થાય છે, એવો ખેદ દર્શાવવા 'અરેરે !' શબ્દ યોજેલ છે. 'તેમને તેમને' એમ બેવાર કહેલું છે. (તેથી) એમ જણાવેલું છે કે તેવો (તેવી કથા સાંભળનારો) કોઈ પણ તરેલો નથી.

શ્રવણ થતાંજ (દૈત્યોનાં સ્થાનમાં ધકેલી દે છે), મનન વિગેરેની જરુર પણ નથી. તરતજ ધકેલી દેતી હોવાથી મુક્તિની[3] પેઠે કોઈપણ[4] સાહાય્ય કરનારની (તે કથાઓ) જરુર રાખતી નથી, કારણ કે તેઓ (સાંભળનારાઓ)ની (દૈત્યોના સ્થાન બહાર) સ્થિતિ હોય, તો વચ્ચે (વચલા સમયમાં) કોણ જાણે શું થાય ? તેવા (સાંભળનારા) ઘણા હોવાથી (તેમને તેમને એમ) બે વાર બહુવચનથી[5] (કહેલા છે). ૨૩.

૧. 'સંસ્કારરૂપ' એટલે વાસનારૂપ. (પ્ર)
૨. 'કોઈ પણ પ્રકારથી' એટલે સાક્ષાત્ અથવા ભગવાનની કથા તરીકે.
૩. 'મુક્તિની પેઠે' એટલે મુક્તિ થવામાં હોય છે તેમ, એવો અર્થ જણાય છે.
૪. 'એકઃ' એટલે કોઈપણ. (પ્ર)
૫. 'તમઃસુ' એ બહુવચનથી (પ્ર) આ શબ્દ બે વાર કહેલ નથી. 'તેમને તેમને' ધકેલી દે છે એનોજ અર્થ અહિં સુધી થતો હોય તેમ જણાય છે. તેથી જૂદી રીતે અર્થ કરેલ છે.

એ પ્રમાણે દોષવાળા તામસ (જીવો) ત્યાં જતાં નથી અને અંધકારમાં પ્રવેશ કરે છે એમ કહીને, ઉપર અને નીચે જેમની ગતિ થતી નથી તેવા રાજસો મધ્યે (વચલા સમયમાં) ભ્રમણ કરવાથી દુઃખ (પામે છે તે) જોઈને, શોક કરતા હોય, તેમ નીચેનો શ્લોક કહે છે :

**યેઽભ્યર્થિતામપિ ચ નો નૃગતિં પ્રપન્ના જ્ઞાનં ચ તત્ત્વવિષયં સહધર્મ યત્ર ।।**
**નારાધનં ભગવતો વિતરન્ત્યમુષ્ય સંમોહિતા વિતતયા નનુ માયયા તે ।।૨૪।।**

અને જેમાં ધર્મ (જ્ઞાન) સાથેનું તત્ત્વના વિષયનું જ્ઞાન થાય છે, તે આપણે પણ ઈચ્છેલી મનુષ્યની સ્થિતિ પ્રાપ્ત કરેલી હોવા છતાં, ભગવાનનું આરાધન જેઓ કરતા નથી, તેઓ હે દેવો ! આમની વિસ્તારેલી માયાથી મોહ પામેલા છે. ૨૪.

જેઓ મનુષ્યની સ્થિતિ પ્રાપ્ત કરીને ભગવાનનું આરાધન કરતા નથી, તેઓ નિશ્ચય આમની માયાથી મોહ પામેલા છે. 'આપણે પણ ઈચ્છેલી' વિશેષણથી તે (મનુષ્યની સ્થિતિ) દુર્લભ હોવાનું કહે છે, મનુષ્યની સ્થિતિ બધાએની પ્રકૃતિ (સ્વભાવ)રૂપ હોવાથી બ્રહ્મા વિગેરેએ પણ (તે) ઈચ્છેલી છે. જેમ સુવર્ણમાંથી કુંડલ વિગેરે બધુંએ થાય છે, પરંતુ કુંડલમાંથી (બધુંએ) થતું નથી, (તેમ મનુષ્યની સ્થિતિમાંથી સર્વ પ્રાપ્ત થાય છે). તેથીજ બ્રહ્મા વિગેરેએ પણ મનુષ્યની સ્થિતિ ઈચ્છવા યોગ્ય છે. 'નઃ' (આપણે) એ છઠ્ઠી વિભક્તિ મનુષ્યની સ્થિતિનો ભેદ જણાવવા માત્ર સંબંધ દર્શાવવા (યોજેલી છે.) જે મનુષ્યની સ્થિતિએ બ્રહ્માપણું પ્રાપ્ત કરાવ્યું, પણ આસુરી નથી, એવો અર્થ છે. 'અને તત્ત્વના વિષયનું જ્ઞાન' શબ્દોથી છઠ્ઠી (વિભક્તિ) એ સૂચવેલ આધિકય કહેલું છે. જે મનુષ્યની સ્થિતિમાં 'તત્ત્વના વિષયનું જ્ઞાન' એટલે તત્ત્વજ્ઞાન (પ્રાપ્ત) થાય છે. બ્રહ્મનું જ્ઞાન સુલભ છે.

તે (બ્રહ્મ)ની સ્થિતિ પ્રાપ્ત કરેલ પ્રપંચના પદાર્થોનું અથવા વૈદિક (પદાર્થો)નું જ્ઞાન દુર્લભ છે. 'તત્ત્વના વિષયનું' માં 'વિષય' શબ્દથી (એમ કહેલ છે કે) તત્ત્વ[1] તરીકે જ્ઞાન થતું નથી. (તેવું જ્ઞાન થતું હોય) તો સ્વરૂપનું વિરુદ્ધ (ખોટું)જ જ્ઞાન થાય. તે[2] દૈત્યોના જ્ઞાનમાં પણ સરખુંજ છે. 'ચ' 'અને' શબ્દથી સ્વરૂપનું જ્ઞાન (થતું હોવાનું કહેલ છે). 'સહધર્મ' એટલે ધર્મજ્ઞાન સાથેનું. આમ હોવા છતાં પણ ભગવાનનું આરાધન ન થાય, તે માયાનુંજ કાર્ય છે. 'વિતરણં' (કરવું) એટલે હદ વિનાનું આપવું, તેવી રીતે બધી ઈન્દ્રિયોથી સંપૂર્ણ રીતે સદા ભગવાનનું ભજન કરવું તે, પરંતુ સ્માર્તની પેઠે માત્ર પૂજન અથવા એકવાર (કરેલું) આરાધન (વિતરણ) નથી. ''માયાનો મોહ શાસ્ત્રથી દૂર કરી શકાતો હોવાથી, શાસ્ત્રનું જ્ઞાન થાય છતાં પણ જે (ભગવાનનું આરાધન) ન થાય, તે માયાના મોહનું કાર્ય નથી'' એવી શંકા થાય, તેથી 'વિસ્તારેલી' વિશેષણ યોજેલું છે. 'નનુ' 'હે દેવો !' એ કોમલ સંબોધનથી એમ જણાવેલું છે કે આમાં ખોટું કહેવામાં આવે છે, એવી શંકા કરવી નહિ; કારણ કે વિસ્તારેલી તે (માયા) શાસ્ત્રમાં પણ ખોટું હોવાની બુદ્ધિ કરાવે છે. તે (માયા) પણ માયાવીનીજ[3] છે, કારણ કે સૃષ્ટિ માટે મોહ કરતી નથી. ૨૪.

૧. 'તત્ત્વ તરીકે' એટલે તે પદાર્થ તરીકે, એવો અર્થ જણાય છે.
૨. 'તે' એટલે તત્ત્વ તરીકેનું જ્ઞાન. (પ્ર)
૩. તેવી ખોટી બુદ્ધિ ઉત્પન્ન કરનારી માયા માયાવીની, એટલે અસુરોને મોહ કરનારનીજ છે, પરંતુ સૃષ્ટિ વિગેરેનાં કાર્ય માટે મોહ કરનારી નથી. (પ્ર)

નીચેના શ્લોકમાં ત્યાં (વૈકુંઠમાં) જવાનું સાધન કહે છે :

**યચ્ચ વ્રજન્ત્યનિમિષામૃષભાનુવૃત્ત્યા દૂરેહમા હ્યુપરિ નઃ સ્પૃહણીયશીલાઃ ।।**
**ભર્તુર્મિથઃ સુયશસઃ કથનાનુરાગવૈક્લવ્યબાષ્પકલયા પુલકીકૃતાનાઃ ।।૨૫।।**

અને હે ઉત્તમ દેવ ! અહંકારરહિત, આપણે જેઓનું વર્તન ઈચ્છવા યોગ્ય છે તેવા, પતિનો સુંદર યશ પરસ્પર કહેવામાં પ્રેમ હોવાથી થયેલા વિકલપણાંથી નીકળતાં (હર્ષના) આંસુની કલાથી રોમાંચિત થએલ અંગવાળાઓ (હરિને) અનુસરવાથી આપણી ઉપર જે (વૈકુંઠ)માં જાય છે. ૨૫.

'ચ' 'અને' શબ્દથી વ્યાપિ વૈકુંઠ (માં જાય છે એમ કહેલું છે). 'યત્' જે વૈકુંઠમાં હરિને અનુસરવાથી જાય છે. 'હે ઉત્તમ દેવ !' એવું ઈન્દ્રનું સંબોધન છે. તેણે ભગવાનની દયાથીજ ઈન્દ્રપણું પ્રાપ્ત કરેલું. સર્વ દુઃખ હરનારને[1] (અનુસરવાથી) અનુસરવામાં દુઃખ થતું નથી. વિમાનનું દર્શન, અને પ્રાપ્તિ ભગવાનને માત્ર નમન કરવાથી પણ થાય છે, પરંતુ પોતાથીજ વૈકુંઠમાં જવાનું હરિને અનુસરવાથીજ

(થાય) છે. અથવા નમન એજ અનુસરવું[2]. ત્યાં બીજાને માટે કહેલું હોવાથી પોતાનો પ્રસંગ આવતાં ફરી કહેલું છે. તે અનુસરણની સાબિતિ અહિં 'અહંકારરહિત' શબ્દથી કહેલી છે. અહંકાર તેમનાથી દૂર (રહે છે). ભગવાનનું ભજન દોષ દૂર કરનારું હોવાથી, એવું (કારણ) 'હિ' શબ્દથી (જણાવ્યું છે). (ભજન થાય) ત્યારે અહંકારરૂપ દોષ દૂર થાય છેજ. એમ જણાવેલ છે કે (અહંકાર) દૂર થએલ ન હોય તો ભજન થએલું નથી એમ જાણવું. 'આપણી ઉપર જાય છે' શબ્દોથી એમ જણાવેલું છે કે તે વૈકુંઠ લોક સત્ય લોકની ઉપર છે. જેઓ સદા હરિને અનુસરે છે, તેઓ શુદ્ધ સાત્ત્વિક સ્વભાવવાળા થતા હોવાથી 'આપણે ઈચ્છવા યોગ્ય છે વર્તન જેઓનું' તેવા થાય છે. તેથીજ 'આપણી ઉપર' જાય છે. જોકે આપણે પણ હરિને અનુસરીએ છીએ, પરંતુ આપણો તેવોજ સ્વભાવ નથી, તેથીજ આપણે અહંકારરહિત નથી, તેથીજ તેઓનું વર્તન (આપણે) ઈચ્છવા યોગ્ય છે.

તેઓ જાણવામાં આવે તે માટે ઉત્તરાર્ધથી તેઓનું લક્ષણ કહે છે. તે (ભગવાન્ પતિ) અહિં પણ પાલન કરનારા છે, તેથી તેઓને દેહ વિગેરે નભાવવાની ચિંતા પણ હોતી નથી, અને ખોટી રીતે નિર્વાહ ન થાય એવી પણ (ચિંતા રહેતી નથી). રસ પ્રકટ થાય તે માટે 'પરસ્પર' એમ કહેલું છે. 'સુંદર યશ' શબ્દથી વિષયનું ઉત્તમપણું (કહેલું છે). યશનું કીર્તન કરવાથી ધર્મ થાય, તે માટે લૌકિક (પુરુષો)ના યશનું પણ કીર્તન કરવામાં આવે છે, પરંતુ આ યશ ધર્મ જ્ઞાન અને ભક્તિ ઉત્પન્ન કરનારો હોવાથી સુંદર યશ છે. તેથીજ (આ) કહેવામાં પ્રેમ હોય છે. કથા ઉપરના પ્રેમને લીધેજ કહે છે, પરંતુ આગ્રહપૂર્વકની વિનતિથી અથવા બીજા ફલથી કહેતા નથી. તે પ્રેમ પણ માત્ર આસક્તિરૂપ નથી, પરંતુ ફલવાળો અને ચિહ્નવાળો છે એમ 'વિકલપણાંથી (નીકળતાં આંસુની કલાથી રોમાંચિત થએલ અંગવાળાઓ)' શબ્દથી કહે છે. પ્રેમથી શરીરમાં વિકલપણું થાય છે, એટલે તે બધાં કાર્ય કરવાની શક્તિ વિનાનું થાય છે. આ ફલ છે. 'આંસુની કલાથી રોમાંચિત થએલ અંગવાળાઓ' શબ્દથી બે લક્ષણો કહેલાં છે. આંસુઓની કલા એટલે એક પછી એક વૃદ્ધિ થવી તે, (દેહની) અંદર રહેલો ભગવાનના સંબંધવાળો આનંદ બધાએ સંસારના તાપને બહાર કાઢે છે, ત્યારે તેનાં આંસુઓ મુખમાંથી[3] બહાર નીકળે છે, તેમની કલાની સાથે, તેજ કલાથી પ્રકાશતા રોમાંચિત થએલ અંગવાળા થાય છે, તેથી વૈકુંઠમાં ગએલાઓમાં દોષ હોવાની શંકા પણ કરવી નહિ, એવો અર્થ છે. ૨૫.

૧. પાછળ શ્લોક ૨૦માંનો 'હરિ' શબ્દ વિચારી આ કહેલું છે. (પ્ર)
૨. ફરી તેજ અર્થ કહેવારૂપ દોષ ન થાય તે માટે આ કહેલ છે. (પ્ર)

૩. 'મુખમાંથી' એટલે રુંવાડાના છિદ્રોમાંથી. (પ્ર))

એ પ્રમાણે (૧૭ થી ૨૫ સુધીના) નવ (શ્લોકો)થી દોષરહિત (જણાવેલ) વૈકુંઠમાં પોતે દોષરહિત સનક વિગેરેએ મોટો દોષ કર્યો એ ઘણું આશ્ચર્યકારક છે, એમ કહેવા નીચેનો શ્લોક કહે છે :

**તદ્વિશ્વગુર્વધિકૃતં ભુવનૈકવન્દ્યં દિવ્યં વિચિત્રવિબુધાગ્ર્યવિમાનશોચિઃ ।।**
**આપુઃ પરાં મુદમપૂર્વમુપેત્ય યોગમાયાબલેન મુનયસ્તદથો વિકુણ્ઠમ્ ।।૨૬।।**

પછી વિશ્વના ગુરુનાં અધ્યક્ષપણાવાળું, ભુવનોએ માત્ર વંદન કરવા યોગ્ય, દિવ્ય, ઉત્તમ દેવોના વિચિત્ર વિમાનોથી શોભતું તે અપૂર્વ વિકુંઠ યોગમાયાના બલથી પ્રાપ્ત કરીને મુનિઓ ત્યારે ઘણો આનંદ પામ્યા. ૨૬.

તે વૈકુંઠ યોગમાયાના બલથી પ્રાપ્ત કર્યું, એવો (વાક્યનો) સંબંધ છે. ભક્તિથીજ પ્રાપ્ત કરેલું તે સ્થાન હિત કરનારું થાય છે, પરંતુ પોતાના યોગના બલથી પ્રાપ્ત કરેલું (હિત કરનારું) થતું નથી, તેમાં પણ સૃષ્ટિ રચનારી જે યોગમાયા, તેણે સૃષ્ટિ માટે આણેલા (તેઓ) અનર્થ કેમ[1] ન કરે ? એવો ભાવ છે. તે ભક્તિથીજ પ્રાપ્ત કરવા યોગ્ય છે એમ કહેવા (૧) 'વિશ્વના ગુરુના અધ્યક્ષપણાવાળું' વિશેષણ કહેલું છે. વેદ વિગેરેની પ્રવૃત્તિ કરાવનાર વિશ્વના ગુરુના 'અધિકૃતમ્' અધ્યક્ષપણાંવાળું તે છે. ગુરુના સ્થાનમાં ઉદ્ધતાઈથી, તેમજ ખાલી હાથ વિગેરેથી પણ જવું ન જોઈએ. વળી (૨) તે સ્થાન 'ભુવનોએ માત્ર વંદન કરવા યોગ્ય' છે, પરંતુ પગથી ફરવા યોગ્ય નથી, અને તેમ કરવામાં આવે તો અનર્થ થાય જ. વળી તે (૩) દિવ્ય એટલે અલૌકિક છે. લૌકિક રીતે (ત્યાં) જવું ન જોઈએ. તેથી જ વૈરાગ્યવાળાઓ પણ લૌકિક દષ્ટિથી ત્યાં ગયા તેથી (તેમનો) દોષ થયો. વળી (૪) (તે) 'ઉત્તમ દેવોના વિચિત્ર વિમાનોથી શોભતું' હોય છે. ઉત્તમ દેવોનાં જે વિચિત્ર વિમાનો, તેમનાથી 'શોભિઃ' શોભા છે જેની તેવું (તે હોય છે). બ્રહ્મા વિગેરે પણ તે સ્થાનનો પગથી સ્પર્શ કર્યા વિના, અલૌકિક વિમાનોમાં બેસી (તેની) નીચે રહી તેની સરસાઈ કરાવે છે. વેદમયપણું[2] વિગેરેથી[3] વિમાનો વિચિત્ર હોય છે. તેવા સ્થાનમાં હરકોઈ પ્રકારે ન જવાય. એ પ્રમાણે ચાર પ્રકારની સરસાઈવાળાં 'વિકુણ્ઠં' કોઈ પણ સમયે નાશ ન થાય તેવાં સ્થાનને પ્રાપ્ત કરીને, (મુનિઓ) આનંદ પામ્યા. તેનો અલૌકિક ગુણ તેઓએ પણ પ્રત્યક્ષ અનુભવ્યો એવો અર્થ છે. ૨૬.

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો ''કથમનર્થં ન કરિષ્યન્તિ'' એવો પાઠ લીધો છે.
૨. 'વેદ મારો રથ છે' શ્રુતિનું અનુસંધાન કરવું. (પ્ર)
૩. 'વિગેરે' શબ્દથી ભગવાનની કૃપા કહેલી છે. (પ્ર))

કારણ કે ભગવાને સૃષ્ટિ (રચવા) માટે આજ્ઞા કરેલી તે યોગમાયા સૃષ્ટિ રચી, તે જોવા માટે ભગવાનને બોલાવવા માટે ભય પામી, તેમના બે દ્વારપાલોને ઉપાય કરીને ત્યાં લાવવા માટે બલાત્કારે મુનિઓને લઈ આવી. ભગવાને તે બેને દ્વારપાલપણું આપેલું. તેઓ જો ભૂમિનું પાલન કરનારા થાય, તો ભૂમિ (ભગવાનનું) દ્વાર થાય; ત્યારે (ભૂમિનું) દ્વારપણું સિદ્ધ થાય તે માટે ભગવાન્ ભૂમિમાંથી પ્રકટ થાય, (અને) પછી પોતાનું (યોગમાયાનું) કૃત્ય જૂએ, એવો (યોગમાયાનો) ગૂઢ અભિપ્રાય હતો. તેમને (મુનિઓને) લાવીને જે કરવા યોગ્ય હતું તે તેણે કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તસ્મિન્નતીત્ય મુનયઃ ષડસજ્જમાનાઃ કક્ષાં સમાનવયસાવથ સપ્તમાયામ્ ॥**
**દેવાવચક્ષત ગૃહીતગદૌ પરાર્ધ્યકેયૂરકુણ્ડલકિરીટવિટંકવેષૌ ॥૨૭॥**

આસક્તિવિનાના મુનિઓએ તેની અંદર છ બારણાં ઓળંગીને પછી સાતમાની અંદર સમાન વયવાળા, ગદા ગ્રહણ કરેલા, ઘણાં કિંમતી બાજુબંધ કુંડલ અને મુકુટને લીધે સુંદર વેષવાળા બે દેવો જોયા. ૨૭.

'તે' વૈકુંઠની અંદર છ બારણાં ઓળંગીને મુનિઓએ સાતમામાં બે દેવો જોયા. એવો (વાક્યનો) સંબંધ છે. (મુનિઓ) આનંદ પામેલા હોવા છતાં, તેનાં (વૈકુંઠનાં) માહાત્મ્યનો સ્પષ્ટ અનુભવ કરીને પણ માયાના મોહને લીધે તે બેને ક્રોધવાળી દૃષ્ટિથી જોયા એમ (કહેલું છે). 'કક્ષાઃ' એટલે રક્ષણ કરનાર સાથેનાં બારણાંઓ. (મુનિઓ) વૈરાગ્યવાળા (આસક્તિવિનાના) હોવાથી ઐશ્વર્ય વિગેરે છ ગુણો દર્શાવનારાં વૈરાગ્ય સુધીનાં બારણાંઓ તેઓએ ત્યાં ઓળંગ્યા. સાતમી ભક્તિ (આવી), જો તેઓ ભક્ત હોત, તો તેને પણ ઓળંગીને જાત, તે (ભક્તિ) ન હોવાથી, ત્યાં તેમણે બે રક્ષણ કરનારા (દ્વારપાલ) જોયા. 'આસક્તિવિનાના', વિશેષણથી છ બારણાં ઓળંગવાનું કારણ (કહેલું છે). 'સમાનવયવાળા' વિશેષણથી વૃદ્ધિ અને ક્ષય કરાવનાર કાલ વિનાના (દેવોને કહેલા છે), કારણ કે વૈકુંઠમાં કાલનું શાસન ચાલતું નથી. કાલ એકસરખો હોવાથી તેના સેવક કર્મ અને સ્વભાવ પણ એકસરખા હતા. 'અથ' 'પછી' શબ્દથી જૂદો આરંભ (કરેલ છે). તેઓનું (મુનિઓનું) આસક્તિરહિતપણું ગયું (અને) આ બે (દેવો)નું પણ પહેલાંની પેઠે ન રોકવાપણું પણ ગયું. આ છેલ્લું બારણું ન હતું, એમ જણાવવા 'સપ્તમાયામ્'[1] શબ્દમાં 'ઈ' પ્રત્યેય (લગાડેલ) નથી. આ સાતમું બારણું પહેલું થયું. તે ઓળંગવાનું ન હોવાથી, તેને (રહેવાના) સ્થાન[2] તરીકે જણાવેલ છે. 'બે દેવો' હોવાથી આમણે (મુનિઓએ) પણ પૂજવા યોગ્ય હતા, (કારણ કે) આ મનુષ્યો

હતા, છતાં પણ મુનિઓ હોવાથી તેઓ ત્યાં ગયા. વળી આ બે (દેવો) એ ગદા ગ્રહણ કરેલી. આસન્ય[3] આમને અધીન હતો, તેથી (આ) દૈત્યોને રોકવાની શક્તિવાળા હતા. તેથી તે બેની આજ્ઞા પ્રમાણે (મુનિઓ) કરે, તો કૃતાર્થજ થાય. વળી (આ) બેએ ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત કરેલું હતું. 'ઘણાં કિંમતી (બાજુબંધ કુંડલ અને મુકુટને લીધે સુંદર વેષવાળા') એમ તે બેને વર્ણવેલા છે. ઘણાં કિંમતી બાજુબંધ કુંડલ અને મુકુટ એટલે (અનુક્રમે)[4] હાથ કાન અને શિરનાં ભૂષણો. આથી તે બેએ પ્રાપ્ત કરેલાં કર્મો સાંખ્ય અને યોગ તથા જ્ઞાન કહ્યાં. આસન્ય તો તે બેને અધીન જ હતો, એટલે મૃત્યુ અને દૈત્યો ઉપર વિજય (તે બેને) પોતાની મેળે પ્રાપ્ત થએલો. તે (આભરણો)થી પણ સુંદર હતો વેષ જે બેનો, તેવા એટલે તે (આભરણો)થી અલૌકિક પ્રકારે ભગવાનના દ્વારપાલ માટે યોગ્ય વેષવાળા હતા. તેઓનાં કર્મ વિગેરે પણ ભક્તિમાં ઉપયોગી હતાં, એવો અર્થ છે. ૨૭.

૧. 'સપ્તમ'નું નારી જાતિનું રૂપ 'સપ્તમી' થાય, તેમ 'ઈ' પ્રત્યય ન લગાડતાં 'આ' પ્રત્યય લગાડી 'સપ્તમા' કર્યું છે.
૨. 'સપ્તમાયામ્' એમ 'સપ્તમા' ની સાતમી વિભક્તિ કરવાથી સ્થાન જણાવેલ છે.
૩. 'ગદા' બલ દર્શાવનારી હોઈ 'આસન્ય' એટલે પ્રાણરૂપ છે, તે આમને અધીન હતી.
૪. કુંડલો સાંખ્ય તથા યોગ છે. શિર ( શિરોભૂષણ ) જ્ઞાન દર્શાવે છે. હાથનું ભૂષણ કર્મો દર્શાવે છે, કારણ કે કર્મો હાથથી થાય છે.

**મત્તદ્વિરેફવનમાલિકયા નિવીતૌ વિન્યસ્તયાऽસિતચતુષ્ટયબાહુમધ્યે ।।**
**વક્ત્રં ભ્રુવા કુટિલયા સ્ફુટનિર્ગમાભ્યાં રક્તેક્ષણેન ચ મનાગ્રભસં દધાનૌ ।।૨૮।।**

શ્યામ ચાર બાહુઓ મધ્યે રાખેલી મત્ત ભ્રમરોવાળી વનમાલા ધારણ કરેલા, વાંકી ભ્રૃકુટિથી, પહોળાં થએલા નસ્કોરાંથી અને લાલ નયનથી સ્હેજ ક્રોધવાળું મુખ ધારણ કરનારા (બે દેવોને જોયા. શ્લો. ૨૭) ૨૮.

મત્ત ભ્રમરોવાળી વનમાલા ધારણ કરેલા (બે દેવોને જોયા). ઉત્પત્તિ સ્થિતિ પ્રલય અને મોક્ષ એમ તેઓને ચારે પ્રકારનાં લૌકિક, વૈદિક, દિવ્ય અને ભગવદીય કર્મો પ્રાપ્ત થયાં; અને તેમની સાથે તેમની કીર્તિ, (એટલે) વનમાલા સંબંધમાં આવી. તે (વનમાલા)નું વર્ણન કરે છે. મત્ત જે બે 'ર' વાળા ભ્રમરો, (અહિં) દ્વિરેફ શબ્દ પ્રચલિત (ભ્રમર) અર્થવાળો છે. તેમ ન માનવામાં આવે, તો 'બર્બર' વિગેરે બે 'ર' વાળા બીજા શબ્દના અર્થવાળો તે ન હોવાનું જણાય પણ નહિ[1]. મત્ત ભ્રમર સાથેની વનમાળા (ધારણ કરેલાં). અહિં 'રેફ' શબ્દથી અગ્નિનું તેજ (જણાવ્યું છે). વનમાળા લૌકિક અને વૈદિક અગ્નિના તેજવાળા વેદ સાથેની છે, તે પણ પ્રેમના

સંબંધને લીધે, મત્ત ભ્રમરોના સંબંધવાળી જેવી છે. 'વનમાલિકયા' શબ્દથી (એમ જણાવ્યું છે કે) તે બેથી[2] વનમાલાની શોભા છે. તે ધારણ કરેલા, એટલે જેમના કંઠમાંથી તે લટકતી હતી તેવા (તે બે હતા). કીર્તિરૂપ તે (વનમાલા) તેનાં કર્મ સાથે હતી એમ કહેવા, 'શ્યામ ચાર બાહુઓ મધ્યે રાખેલી' એમ કહેલું છે. આથી એમ કહેલું છે કે તે બેના હૃદય ઉપર ભગવાન્, વનમાલા, કમલ, ચાર હાથ અને પત્રો હતાં, આવા હોવા છતાં પણ (૧) 'વાંકી ભ્રુકુટિ'ના ચિહ્નવાળું (૨) 'સ્ફુટનિર્ગમાભ્યામ્' પહોળાં થએલાં એટલે શ્વાસ સાથેનાં નસ્કોરાવાળું અને (૩) લાલ નયનથી 'મનાગ્રભસં' (સ્હેજ) ક્રોધવાળું (મુખ) ધારણ કરતા હતા. ભગવાનનાં સાયુજ્યથી જુદું આટલું (તે બેનું) રૂપ માયાએ કર્યું. 'મુખ ધારણ કરનારા' શબ્દથી ભક્તિમાર્ગમાં રહેલા (કહ્યા). તેમાં કામ વિગેરેરૂપ ત્રણ દોષ છે. (૧) વાંકી ભ્રમર ક્રોધ સૂચવનારી છે. (૨) (દેહની) અંદર રહેલા ભગવાનનાં દર્શનરૂપ ઉત્તમ ધનના લોભથી 'આમને પ્રવેશ કરવા દેવા નહિ' એવી ચિંતાને લીધે થાકેલાં બે નસ્કોરાંનો વાયુ સ્પષ્ટ બહાર નીકળતો (હતો તે) લોભને સૂચવનારો હતો. (૩) પોતાનો અધિકાર હોવાનું જાણીને, પોતે પૂર્ણ થએલ કામનાવાળા થઈને 'તે કામનાવાળો પદાર્થ આ (મુનિઓ) ને પ્રાપ્ત ન થાઓ' એવી કામરૂપ, મૂલવાળો ક્રોધ સૂચવનારી નયનની લાલાશ હતી. ત્રણ દોષોને લીધે સ્હેજ ધ્રૂજતું સુંદર મુખ (ધારણ કરતા હતા). તેથી આ બેની ભક્તિમાં અડચણરૂપ થએલ ત્રણ દોષો (તેમનાં) ત્રણ જન્મો કરાવશે; અને સ્હેજ ક્રોધ તે (મુનિ)ઓના તિરસ્કારને લીધે (થએલો). ૨૮.

૧. 'દ્વિરેફ' શબ્દોનો વ્યુત્પત્તિથી પ્રચલિત થએલો અર્થ હોવાનું કેટલાક માને છે, અને કેટલાક લક્ષણાથી થએલ અર્થ હોવાનું માને છે. તે ખોટું હોવાનું આથી કહે છે, કારણ કે કોશ ઉપરથી 'દ્વિરેફ' નો અર્થ ભ્રમર હોવાનું તરત જણાય છે. બે 'ર' વાળા 'ભ્રમર' શબ્દથી જણાતું અમુક પક્ષી, એમ તે અર્થ જાણવામાં વિલંબ થતો નથી. તેઓનો મત સ્વીકારવામાં આવે, તો બર્બર, બર્કર, શર્કરા, પ્રદર વિગેરે શબ્દો પણ બે 'ર' વાળા હોવાથી, તેમનાથી આ જૂદા અર્થવાળો હોવાનું પણ તરત જણાય છે, તેથી તેઓનો મત યોગ્ય નથી. (પ્ર)

૨. 'તે બેથી' એટલે બે રેફ (રકાર)થી સૂચવેલા, લૌકિક અને વૈદિક અગ્નિના તેજથી, એવો અર્થ જણાય છે.)

એવી રીતે તે બેના ગુણ અને દોષ કહીને, નીચેના શ્લોકથી મુનિઓના ગુણ અને દોષ કહે છે :

**દ્વાર્યેતયોર્નિવિવિશુર્મિષતોઽપૃષ્ટ્વા પૂર્વા યથા પુરટવજ્રકપાટિકાયાઃ ।।**
**સર્વત્ર તેઽવિષમયા મુનયઃ સ્વદૃષ્ટ્યા યે સંચરન્ત્યવિહતા વિગતાભિશંકાઃ ।।૨૯।।**

જે મુનિઓ પોતાની સમાન દૃષ્ટિથી પ્રતિબંધ વિના, ભયરહિત થઈ સર્વત્ર

ફરતા હતા, તેમણે જેમ પહેલાંના (બારણાંઓમાં) પ્રવેશ કરેલ તેમ આ બેના દેખતાં, (તેમને) પૂછ્યા વિના (તેઓ) હીરા જડેલ સુવર્ણના કમાડવાળાં બારણામાં પ્રવેશ કરવા લાગ્યા. ૨૯.

જ્ઞાનમાર્ગમાં (૧) સમાન દૃષ્ટિ (૨) ભયનો અભાવ (૩) મનન અને (૪) આત્મજ્ઞાન એ ચાર ગુણો છે. તે જો ભગવાનનાં માહાત્મ્યના જ્ઞાન સાથે હોય, અને તેમના (ભગવાનના) ગુણોનો આદર કરનારા હોય, તો ભક્તિમાર્ગમાં પણ ગુણરૂપ છે. લૌકિક દોષ દૂર થાય તે માટેજ જ્ઞાનમાર્ગમાં તેમને ગુણ કહેલા છે. ૧.અધિકારીઓનું ઉલ્લંઘન ૨.ભગવાનનાં સ્થાનને સામાન્ય (સ્થાન) જાણવું ૩.અંતરંગ અને બહારનાંને સરખાં જાણવાં અને ૪.તે (અંતરંગ)ના ખાસ ગુણો ધ્યાનમાં ન લેવા એ ચાર દોષો મુનિઓએ કરેલા. તેથી ૧.દૈત્યોમાં જન્મ ૨.સ્વરૂપનાં જ્ઞાનનો અભાવ ૩.ઘણા સમય સુધી ગર્ભમાં રહેવાનું દુઃખ અને ૪.અસહ્ય દુઃખ એ ચાર અનિષ્ટ પ્રાપ્ત થયાં. દોષો બલવાન હોવાથી, બીજા માર્ગના (જ્ઞાન માર્ગના) ગુણો પણ અહિં મુનિઓમાંથી દૂર થયા. તેથી દુઃખ થયું તેમાં દોષ નથી.

આ બે (દેવો)ના દેખતાંજ તેમની અવગણના કરીને અંતરંગ બારણામાં (મુનિઓએ) પ્રવેશ કર્યો. ‘પૂછ્યા વિના’નો અર્થ એવો છે કે ‘ભગવાન્ શું કરે છે ? (તેમનાં દર્શન કરવા જવાનો) સમય છે કે સમય નથી ?’ એમ પૂછવું જોઈએ, તે પૂછ્યા વિના પ્રવેશ કર્યો. પહેલાંના બારણાંઓમાં જેમ પ્રવેશ કરેલો, તેમ આને પણ બારણું (જાણ્યું). ‘હીરા જડેલ સુવર્ણનાં કમાડવાળાં’ વિશેષણથી બારણાંનું માહાત્મ્ય (કહેલું છે). ‘પુરટં’ સુવર્ણ તે સાથેના જે ‘વજ્રાઃ’ હીરાઓ, તેમનાથીજ બનાવેલા હતાં બે કમાડો અથવા કમાડીઆં જેનાં તેવું (તે બારણું હતું). એમ પહેલા અર્ધ (શ્લોક)માં દોષો કહ્યા.

ઉત્તરાર્ધમાં બીજા માર્ગના ગુણો કહે છે. (૧) તેઓ ‘સમાન દૃષ્ટિથી’ ફરતા હતા. તેથીજ કોઈ પણ તેઓને રોકતું ન હતું, એમ (તેઓની) પોતાની અંદર રહેલું હોવા છતાં (તેમનું) જ્ઞાન બીજા પાસે કાર્ય કરાવતું હતું, એવું પ્રભાવવાળું (જ્ઞાન) જણાવ્યું. (૨) તેથીજ તેઓ ‘ભયરહિત’ હતા. ‘વિગતા’ જતો રહેલો હતો સર્વ તરફથી ભય જેમનો તેવા (હતા). જો[૧] (આ) બ્રહ્મ જાણનારા હોત, તો દોષ ન થાત, તેવા (બ્રહ્મ જાણનારા)ઓમાંજ આ ગુણ જણાવેલા છે. પરંતુ (૩) આ (મુનિઓ) તો આત્માને જાણનારા હતા. તે (આત્મા) ચિત્ સ્વરૂપવાળું બ્રહ્મ છે. (૪) તેમાં પણ (આ મુનિઓ) મનન સુધી પહોંચેલાં[૨]. આત્માના સ્વરૂપના સંબંધવાળાં તે (મનન)નો પણ તેઓએ સદા અનુભવ ન થતો[૩]. તે સ્વરૂપ[૪] અને (તેના) ધર્મની[૫]

વચ્ચે હદરૂપ ધર્મ ઘણો બલવાન હોવાથી, હદરૂપ અહંકાર વિનાનુંજ આત્માનું જ્ઞાન ગુણરૂપ છે[૩]. તેમ ન હોય તો સંસારીઓમાં પણ તે (અહંકારવાળું આત્માનું જ્ઞાન) હોવાનું સંભવતું હોવાથી, (તેઓનો પણ) મોક્ષ થાય[૧]. આત્મા ભગવાનની વિભૂતિ હોવાથી, (તે) વિભૂતિવાળાની સમીપે બીજાના ગુણોનો ત્યાગ કરે છે[૬], તેથી બીજા સ્થલે તેઓને પાછા ફરવું પડેલ નહિ. ૨૯.

૧ – ૧. ''ભગવાને જ્ઞાનમાર્ગ પણ પોતાને પ્રાપ્ત કરવાના ઉપાય તરીકે કહેલો હોવાથી, તે માર્ગના ગુણો અહિં દર્શનમાં અડચણરૂપ કેમ થયા ?'' એવી શંકા થાય, તેથી આ ભાગથી એમ જણાવે છે કે ભગવાનના દર્શનનાં ઉપાયરૂપ આ જ્ઞાન નથી. (પ્ર)

૨. નિદિધ્યાસન કરેલું નહિ. તેથીજ આત્માનાં સ્વરૂપનો તેમને સદા અનુભવ થતો ન હતો. (પ્ર)

૩ – ૩. આત્માના સ્વરૂપનો તેમને સદા અનુભવ ન થવાનું કારણ આ વાક્યથી કહેલું છે. (પ્ર) તેઓનું આત્માનું જ્ઞાન અહંકારવાળું હતું, તેથી અનુભવ થતો ન હતો.

૪. 'સ્વરૂપ' એટલે આત્માનું ચિત્ સ્વરૂપ. (પ્ર)

૫. ધર્મ એટલે આત્માનો અણુ (હદવાળા) હોવાનો ગુણ, તેથી મુનિઓને અધિકાર ન હોવાથી (દર્શનમાં) અડચણ થએલી એવો અર્થ છે. (પ્ર)

૬. બીજા સ્થલોએ જવામાં તેઓને ત્યારે કેમ અડચણ થતી ન હતી ? એ શંકાનું આ વાક્યથી સમાધાન કરેલ છે. (આત્મા ભગવાનની વિભૂતિ હોવાથી), વિભૂતિવાળા ભગવાનની સમીપમાં તે બીજાના એટલે જેમની તે વિભૂતિ છે
તે ભગવાનના ધર્મોનો ત્યાગ કરે છે. (તેથી ત્યાં જવામાં અડચણ થાય), પરંતુ બીજે જવામાં અડચણ થતી નથી, એવો અર્થ છે. (પ્ર)

એ પ્રમાણે આમના ગુણો તથા દોષો જણાવીને, અનુક્રમે તેમણે કરેલ અત્યાચાર નીચેના શ્લોકથી આરંભી કહે છે :

**તાન્ વીક્ષ્ય વાતરશનાંશ્ચતુરઃ કુમારાન્ વૃદ્ધાન્ દશાર્ધવયસો વિદિતાત્મતત્ત્વાન્ ।।**
**વેત્રેણ ચાસ્ખલયતામતદર્હણાંસ્તૌ તેજો વિહસ્ય ભગવત્પ્રતિકૂલશીલૌ ।।૩૦।।**

અને તે વાયુરૂપ કંદોરાવાળા ચાર વૃદ્ધ દશાની અર્ધવયવાળા આત્માનું તત્ત્વ જેમણે જાણેલું છે તેવા કુમારોને જોઈને, તે ભગવાનથી પ્રતિકૂલ સ્વભાવવાળા બે (દેવો) એ, (તેમનાં) તેજની અવગણના કરી, તે (સ્ખલન)ને યોગ્ય નહિ તેવાઓને લાકડીથી સ્ખલન કરાવ્યું. ૩૦.

તે પૈકી આરંભમાં દ્વારપાલોએ કરેલો અત્યાચાર કહે છે. તેમાં તે બે કુદરતી (સ્થિતિમાં) હોવાથી તેમને રોકવાનું કારણ 'વાયુરૂપ કંદોરાવાળા' વિશેષણથી કહેલું છે, કારણ કે તેઓ નગ્ન હતા. બાલકો પણ કંદોરો પહેરે છે. તેથીજ[૧] આમને કંદોરો ન હતો. તે (દેવો)ની દૃષ્ટિએ તેઓ ગાંડાજ જણાયા. ચારે એક પ્રકારના હોવાથી આશ્ચર્ય પણ થયું. 'કુમારો' એટલે પાંચ વર્ષના, કારણ કે કાલે તેઓના દેહનો

કુમારપણાં સુધીનોજ ભોગ કરેલો. જન્મના સમયનો વિચાર કરતાં તો તેઓ વૃદ્ધ હતા. તેથીજ 'દશાની અર્ધવયવાળા' હતા. કેટલાક (આનો અર્થ) પાંચ વર્ષના, એવો કરે છે. તેઓની બે પરાર્ધ (વર્ષ)ની હદવાળી જે મનુષ્યની દશા, તેની અર્ધવયવાળા તેઓ હતા, કારણ કે એક પરાર્ધ (વર્ષ) વીતી ગયાં હતાં. જ્ઞાનમાં તેઓ વૃદ્ધ હતા, એમ 'આત્માનું તત્ત્વ જેમણે જાણેલું છે' એમ કહેલ છે. જાણેલું છે આત્માનું તત્ત્વ જેમણે તેવા (તેઓ હતા.) 'વેત્રં' એટલે અમુક પ્રકારની લાકડી, અને 'ચ' 'અને' શબ્દ હોવાથી મુખથી (બોલીને) સ્ખલન કરાવ્યું, એટલે જે પ્રકારે તેઓ પડી જાય તેવી રીતે તેમની આગળ લાકડી લાંબી કરી, એવો અર્થ છે. એમ કરવા યોગ્ય તેઓ નહતા એમ 'તેને યોગ્ય નહિ તેવાઓને' વિશેષણથી કહેલું છે. તે એટલે સ્ખલનને યોગ્ય તેઓ નહતા, એવો (અર્થ છે). તેમને ઉભા રાખીને પૂછવું જોઈતું હતું, અથવા વિજ્ઞપ્તિ કરીને (દર્શનનો) સમય નથી એમ જણાવવું જોઈતું હતું. તે બંને ન કરતાં, સ્ખલનજ કરાવ્યું. 'તે બે' શબ્દથી ઉપર કહેલ દોષવાળા (બે દેવો) જણાવેલા છે. 'તેમની અવગણના કરી' શબ્દોથી એમ (કહેલું છે કે) સંપૂર્ણ પ્રકારે અજ્ઞાનને લીધે તેમ કરેલું ન હતું, પરંતુ જાણીનેજ (કરેલ હતું). તેમનું જે જ્ઞાન-સર્વના ત્યાગરૂપ પોતાનો ગુણ, અને દેહ વિગેરેનું અભિમાન ન હોવું તે-તે (તેઓનું) તેજ, તેની અવગણના કરીને (તેમ કરેલ). અથવા દોષને લીધે તેમને પાખંડી ગણવા એ (તેમના તેજની) અવગણના. તેની અવગણના કરીને, તેજને લીધે કરેલી ઉદ્ધતાઈને દોષ જાણીને (તેમ કરેલ). તેમાં અવગણના (કરવા)નું કારણ દંડ કરવાની ઈચ્છા હતી, પણ માત્ર ગમ્મત ન હતી. તેથીજ ભગવાનથી પ્રતિકૂલ હતો સ્વભાવ જે બેનો તેવા (તેઓ થયા). આથી એમ કહેલું છે કે તે બેનો સ્વામીના સેવક હોવાનો ધર્મ પણ પૂર્ણ ન થયો. ગર્વ તો દૈત્યનો ગુણ હોવાથી ભગવાનથી પ્રતિકૂલ ગુણ છે. તેથીજ 'પ્રતિકૂલ' શબ્દ (યોજેલ છે). 'સ્વભાવ' શબ્દથી એમ સૂચવેલું છે કે તે ગુણનું ઉલ્લંઘન થઈ શકે તેમ ન હતું. ૩૦.

૧. 'તેથી જ' એટલે બાલક ન હોવાથી જ. (પ્ર))

એ પ્રમાણે તેઓનો અત્યાચાર કહીને, નીચેના શ્લોકમાં મુનિઓએ કરેલો અત્યાચાર કહે છે :

**તાભ્યાં મિષત્સ્વનિમિષેષુ નિષિધ્યમાનાઃ સ્વર્હત્તમા હ્યપિ હરેઃ પ્રતિહારપાભ્યામ્ ।।**
**ઊચુઃ સુહૃત્તમદિદક્ષિતભંગ ઈષત્કામાનુજેન સહસા ત ઉપપ્લુતાક્ષાઃ ।।૩૧।।**

દેવોના દેખતાં સારી રીતે ઘણા યોગ્ય હોવા છતાં હરિના પ્રતિહારોના તે બે રક્ષકોએ અટકાવતા (મુનિઓએ) ઉત્તમ મિત્રનાં દર્શનની ઈચ્છાનો ભંગ થતાં સ્હેજ

કામના નાનાભાઈથી વ્યાકુલ નયનવાળા થઈ એકાએક (તે બેને નીચે પ્રમાણે) કહ્યું. ૩૧.

'તાભ્યામ્' એ ચોથી વિભક્તિ છે, (તેનો) અર્થ એવો છે કે તે બે માટે શાપ કહ્યો. 'શાપ' એમ કહેલું નથી, કારણ કે પાછલથી વિચાર કરીને કહેવાનું છે, હમણાં વિચારેલ નથી. ક્રોધથી કહેલું વચન અર્થ પ્રમાણે શાપરૂપ થાય છે એમ જાણવું. તેથીજ (તેઓને) અટકાવેલા કે એમ શાપ ન આપો. (બારણાની અંદર) જતાં તો અટકાવેલાજ હતા, તેથી 'નિષિધ્યમાનાઃ' 'અટકાવાતા' એવો વર્તમાનકાલનો પ્રયોગ ન ઘટે[1] 'દેવોના[1] દેખતાં' શબ્દોથી દેવો બંને તરફ સાક્ષી હોવાનું કહેલું છે; કારણ કે તેઓ નિમેષ વિનાના[2] હોઈ સર્વના સાક્ષી છે. તેમના (દેવો)થીજ અટકાવાતા એવો સમીપ હોવાથી નિર્ણય થાય છે, અથવા ત્યાં હતા તે બધાથી અટકાવાએલા હતા.

અથવા તે બેએ જ અટકાવેલા, એમ 'તાભ્યામ્' એ ત્રીજી વિભક્તિ છે. વાસ્તવિક રીતે તો તે બેએ (મુનિઓને) પ્રવેશ કરવાનીજ મના કરેલી. વર્તમાન (કાલ)ની સમીપના કાલમાં પણ વર્તમાન (કાલ)નો પ્રયોગ યોગ્યજ છે. 'સારી રીતે ઘણા યોગ્ય' શબ્દથી અટકાવટ યોગ્ય ન હોવાનું કારણ (કહેલું છે). સદાચારવાળા યોગ્ય છે, તેમાં પણ શાસ્ત્ર પ્રમાણે પરમહંસો હોય તે ઘણા યોગ્ય છે, અને તેમાં પણ જ્ઞાનીઓ હોય તે સારી રીતે ઘણા યોગ્ય છે. 'ત્યારે (તેમને) અટકાવ્યા કેમ ?' એવી શંકા થાય, તેથી 'હરિના પ્રતિહારોના બે રક્ષકોએ' એમ કહેલું છે; કારણ કે તે (હરિ) સર્વનું દુઃખ હરનારા છે. અંદર (મુનિઓ) પ્રવેશ કરે તો હરિનો અપરાધ થતાં મોટો દોષ થાય. તેથી તે ભગવાનેજ સર્વ સ્થલે ઘણાં પ્રતિહારો એટલે દ્વારપાલો રાખેલા, તેઓના આ બે અધિપતિ હતા. તેથી દ્વારપાલોનું રક્ષણ થાય, (અને) તે બેનું પણ રક્ષણ થાય, તે માટે (મુનિઓને) રોકેલા, એવો અર્થ છે.

'ત્યારે આમને (મુનિઓને) ક્રોધ થવાનું શું કારણ ?' એવો પ્રશ્ન થાય, તે સંબંધમાં કહે છે કે ઉત્તમ મિત્રના દર્શન કરવાની ઈચ્છાનો ભંગ થયો, ત્યારે સ્હેજ કામના નાનાભાઈ ક્રોધથી તેઓ વ્યાકુલ નયનવાળા થયા. આત્માને જાણનારની તેઓની સર્વત્ર આત્મા હોવાનીજ બુદ્ધિ હતી, ભગવાનમાં પણ 'આ આત્મા છે' એવીજ બુદ્ધિ હતી. ભગવાન્ પણ આત્માને જાણનાર હોવાથી (તેમના) 'સુહૃત્' મિત્ર છે, તેમાં પણ તેમના (ભગવાનના) ગુણોથી અંતઃકરણ નિર્મલ થતું હોવાથી, પોતાનું ઘણું ઈચ્છેલું જ્ઞાન પ્રાપ્ત કરાવનારા હોવાથી તે ઉત્તમ મિત્ર છે. તેમનું 'દિદક્ષિતં' દિદક્ષા એટલે જેમણે[3] અમારા ઉપર આટલો ઉપકાર કરેલો છે તેમનાં

દર્શન કરવાં જોઈએ એવી દર્શન કરવાની ઈચ્છા(નો[3] ભંગ થતાં ક્રોધ થયો). (મુનિઓને) ફલ (જ્ઞાન) પ્રાપ્ત થએલું હોવાથી સાધન (તે પ્રાપ્ત કરાવનાર ભગવાન) ની થોડી જ કામના હતી. દર્શન કરવાની ઈચ્છાનો ભંગ થતાં, (કામ=દર્શનની ઈચ્છા) થોડીજ હોવાથી, અંદર જવામાં અટકાયત થતાં, (તેનો) ભંગજ થયો, પરંતુ આમનું (બે દેવોનું) સમાધાન કરીને ફરી ભગવાનનાં દર્શન કરશું એવી ઈચ્છા તેમનામાં ન રહી. તેથીજ સ્હેજ કામનો નાનો ભાઈ (ક્રોધ થયાનું કહેલું છે). ઈચ્છા ઘણી હોત, તો જેમ ઈશ્વરનાં વચનમાં (વચનથી), અથવા ધન માગનારને (ક્રોધ થતો નથી), તેમ અટકાવ થતાં પણ ક્રોધ ન થાત. તેઓને વિચાર પણ ન થયો, એમ 'એકાએક' શબ્દથી કહેલ છે. વ્યાકુલ થએલ હતાં નયનો જેમના, તેવા તે થયા. આથી એમ કહેલું છે કે તે બે (દેવો)ના ગુણો પણ તેઓને જણાયા નહિ. 'ઉપપ્લવઃ' (વ્યાકુલતા) એટલે સર્વના નાશરૂપ પ્રલય. તે તેઓને થયો, તેથી તે પ્રમાણે કહેલું છે. ૩૧.

(૧ – ૧. ત્રીજી વિભક્તિ ન લેતાં, 'તાભ્યામ્' ની ચોથી વિભક્તિ લેવાનું કારણ આ ભાગથી કહેલું છે. (પ્ર)

૨. 'નિમેષ' એટલે આંખનો પલકારો. દેવોની આંખને પલકારા હોતા નથી. તેથી આંખ મીંચાતી નહિ હોવાથી તેઓ બધું જૂએ છે, એટલે સર્વના સાક્ષી છે.

૩ – ૩. આ ભાગથી દર્શન કરવાની ઈચ્છાનું સ્વરૂપ જણાવેલું છે.)

નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી તેઓનાં વચનો કહે છે :

॥ મુનય ઊચુઃ ॥

**કો વામિહૈત્ય ભગવત્પરિચર્યયૌચ્ચૈસ્તદ્ધર્મિણાં નિવસતાં વિષમઃ સ્વભાવઃ ॥**
**તસ્મિન્પ્રશાન્તપુરુષે ગતવિગ્રહે વાં કો વાઽઽત્મવત્કુહકયોઃ પરિશંકનીયઃ ॥૩૨॥**

ભગવાનની પ્રસિદ્ધ સેવાથી અહિં આવીને તેમના સેવકોમાં વસનારનો તમો બેનો વિષમ સ્વભાવ કેવો છે ? તે શાંત પુરુષવાળા અને વિગ્રહરહિત છે ત્યારે તમો બે ધૂતારાએ પોતાના જેવા હોવાની કોના વિષે શંકા કરવી યોગ્ય છે ? ૩૨.

**તયોઃ સ્વાભાવિકો દોષઃ સ્વામિદ્રોહસ્તથાપરઃ ॥**
**સ્વસ્યાન્તરંગમિત્રત્વાત્તદુલ્લંઘનમેવ ચ ॥૮॥**

તે બેનો સ્વભાવિક દોષ (૩૨), અને બીજો સ્વામીનો દ્રોહ (૩૩) (કહેલા છે), અને પોતે (ભગવાનના) અંતરંગ મિત્ર હોવાથી તે (બારણાનું) ઉલ્લંઘન કરતા હતા. કા.૮.

**દોષસ્તૃતીયો નાત્રોક્તો મિત્રકાર્યં પરં કૃતમ્ ॥**
**તથાવચનસંદર્ભાત્ સોચ્યતે જન્મસંખ્યયા ॥૯॥**

ત્રીજો દોષ અહિં કહેલો નથી, પછી મિત્રનું કાર્ય કરેલું છે (૩૪). એવી

વચનની સંગતિ હોવાથી તે[1] જન્મની સંખ્યાથી[2] કહેલ છે. કા.૯.

તે પૈકી આરંભમાં (આ શ્લોકથી) તે બેનો સ્વાભાવિક દોષ કહે છે. પહેલાના જન્મમાં કરેલી ભગવાનની પ્રસિદ્ધ સેવાથી, ભૂમિ સમીપ (ઉપર)થી અહિં 'ઈહ' અહિં વૈકુંઠમાં આવીને વસનાર ભગવાનના સેવકોમાં 'વાં' તમો બેનો આ વિષમ સ્વભાવ કેવો છે (જે) અમારામાં દોષ હોવાની બુદ્ધિ રાખો છો ? કારણ કે 'પુરુષનો દ્વેષ કરનારની (બુદ્ધિ) લાભ કરનારી નથી' એ વાક્યથી પુરુષ ઉપર દ્વેષ (રાખનાર)ની નિંદા કરેલી છે. કેટલાક એમ કહે છે કે 'કેટલાકને પ્રવેશ કરવા દેવો, કેટલાકને (પ્રવેશ કરવા) ન દેવો' એવી (તમો બેની વિષમ બુદ્ધિ છે). (એમ હોય) તો ભગવાને (તેઓને) દ્વારપાલનો અધિકાર આપ્યો તેનો વિરોધ થાય, કારણ કે[3] સમય ન હોય ત્યારે સંબંધીઓએ પણ, માબાપે પણ જવું યોગ્ય હોતું નથી. દ્વારપાલોએ લૌકિક (પુરુષો)ને માટે તે પ્રમાણે કરવું યોગ્યજ છે. તે પ્રમાણે સામાન્ય ધર્મને અનુકૂલ રહીનેજ ખાસ ધર્મોનું આચરણ કરવું યોગ્ય હોવાથી વૈકુંઠમાં વસનારાઓ નવા મોટા (પુરુષો)ની અવગણના કરે અને (તેમને) ક્રોધથી જૂએ તે યોગ્ય છે[3].

તેઓના મત પ્રમાણે બધું કર્મથીજ થાય છે, (અને) તેમાં પણ ભોગરૂપ (બધું ફલ કર્મથીજ થાય છે), કારણ કે તેઓને ભક્તિમાર્ગનું જ્ઞાન નથી. તેથી તેઓ એમ માનતા હતા કે નિરંતર ભગવાનની સેવા (કરવા)થી અહિં (વૈકુંઠમાં) આવીને રહેવાનું થાય છે. ત્યાં વૈકુંઠમાં પણ જેઓ ભગવાનની સમાન ગુણવાળા, બ્રાહ્મણોનું હિત કરનારા, ધર્મમાં માનનારા અને પ્રેમ રાખનારા છે, તેઓની વચ્ચે રહીને (આવો વિષમ સ્વભાવ કેવો?) તેથી (આ વાક્યથી) એમ કહેલું છે કે આ બે (દેવો) કુદરતી રીતે વૈકુંઠમાંથી (ભૂમિ ઉપર) આવેલ નથી, કારણ કે (મુનિઓના) પોતાના મુખમાંથી (આ) વચન નીકળે છે.

'કો વા' 'કેવો' શબ્દ અપમાન દર્શાવવા (યોજેલ છે); અથવા 'કઃ' 'કેવો' શબ્દથી અનાદર (દર્શાવેલ છે). '(મનુષ્યો) ત્રણ પ્રકારના (ત્રણ ગુણવાળા) હોવાથી કેટલાક વિષમ સ્વભાવવાળા પણ હોય' એવી શંકા થાય, તેથી 'તે શાંત પુરુષવાળા અને વિગ્રહરહિત છે ત્યારે' એમ કહેલું છે. આ વિષમ સ્વભાવ પોતાના માટે છે કે ભગવાનને માટે ? જો પોતાને માટે હોય, તો તમે બે ભગવદીઓ નથી. તેનું કારણ 'શાંત પુરુષવાળા' વિશેષણથી કહેલું છે. ઘણાં શાંત છે પુરુષો (સેવકો) જેમના તેવા, (તે છે). શાંતિ તો જ્ઞાન હોય ત્યારેજ (થાય), તેથી જેઓ ભગવદીયપણાંની ઈચ્છાવાળા હોય તેમણે વિષમ થવું યોગ્ય નથી. વળી ભગવાનને માટે (વિષમ સ્વભાવની) જરુર નથી, એમ 'વિગ્રહરહિત' વિશેષણથી કહેલું છે. 'ગતઃ' રહેલ

નથી 'વિગ્રહઃ' કજીઓ અથવા 'વિશેષણ' ઘણો 'ગ્રહઃ' આગ્રહ અથવા દેહ જેમને તેવા (ભગવાન છે). (ભગવાનને) દેહ ન હોવાથી, કોઈથી પણ તેમનું અનિષ્ટ થઈ શકે તેમ નથી, કજીઓ ન હોવાથી તેમનો કોઈપણ શત્રુ નથી, (અને) આગ્રહ ન હોવાથી (તે કોઈમાં પણ) અયોગ્યપણું વિચારતા નથી. તેથી અહિં (વૈકુંઠમાં) ઉત્પત્તિથી અને તર્કથી વિષમ સ્વભાવ હોવાનું ખંડન થાય છે. 'વાં' તમારા બેનો (વિષમ સ્વભાવ છે).

એ પ્રમાણે તે બેના વિષમ સ્વભાવની નિંદા કરીને, '(તમો બે ધૂતારાઓએ) પોતાના જેવા હોવાની કોના વિષે (શંકા કરવી યોગ્ય છે) ?' શબ્દોથી પોતે કરેલ અત્યાચારનો દોષ તે બેમાં ઘટાવે છે, કે 'કુહકયોઃ' બે ધૂતારાઓએ પોતાના જેવા હોવાની કોના વિષે શંકા કરવી યોગ્ય છે; કારણ કે દુષ્ટ હોય તેજ બીજામાં દોષ (હોવાનું) માને, તેથી તમો બેમાં દોષ છે એવો નિશ્ચય થાય છે. (મુનિઓ ભગવાનની) સેવાજ વૈકુંઠમાં આવવાનું સાધન હોવાનું માનતા હતા, પરંતુ કપટરહિત સેવા (સાધન હોવાનું) માનતા ન હતા. તેથી કપટથી (ભગવાનની) સેવા કરી વૈકુંઠમાં આવી અધિકાર પ્રાપ્ત કરીને, સ્વભાવને લીધે અને અધિકારને લીધે 'જેમ અમે (અહિં આવ્યા) તેમ બીજો પણ અહિં આવશે' એવા વિચારથી જેવી પોતામાં અયોગ્યતા થઈ તેવોજ વિષમ સ્વભાવ થયો, પરંતુ વિષયના જ્ઞાનથી (આવો સ્વભાવ) થએલ નથી, એવો તે (તેમની) બાજુનો આક્ષેપ છે. અમારા વિષે તો શંકા કરવી યોગ્ય નથી એવો ભાવ છે, કારણ કે (અમારા વિષે) શંકા (છે, એમ) સ્વીકારો ત્યારે (અમને પ્રવેશ કરવાની) મના કરો, પણ (તેમ કરતાં તમે પોતે) ધૂતારા હોવાનું સિદ્ધ થશે. તેથી અમે દોષરહિત છીએ. તમે બેજ દોષવાળા છો, કારણ કે દોષવિનાના ઉપર દોષ મૂકો છો. આગ્રહવાળી બુદ્ધિ તર્કની બહુ દરકાર રાખતી નથી. આ વિચારમાં સંગતિવાળી યોગ્યતા નથી[૪]. તેવુંજ આ પછીના વિચારમાં પણ જાણવું. ૩૨.

૧. 'તે' એટલે 'મિત્રનું કૃત્ય' (પ્ર)
૨. ત્રણ જન્મ થવાના હોવાથી જન્મની સંખ્યા એટલે ત્રણ.
૩. આ ભાગથી (તેઓનાં કાર્ય દ્વારા તેમનો વિષમ સ્વભાવ હોવાનું પ્રકટ કરે છે. (પ્ર)
૪. (મુનિઓનો) આ વિચાર ઉપર ઉપરથી (જ) ઠીક હોવાનું આ વાક્યથી જણાવે છે. (પ્ર)

નીચેના શ્લોકમાં (બે દેવોએ કરેલ) સ્વામીનો દ્રોહ કહે છે :

**ન હ્યન્તરં ભગવતીહ સમસ્તકુક્ષાવાત્માનમાત્મનિ નભો નભસીવ ધીરાઃ ।।**
**પશ્યન્તિ યત્ર યુવયોઃ સુરલિંગિનોઃ કિં વ્યુત્પાદિતં હ્યુદરભેદિ ભયં યતોઽસ્ય ।।૩૩।।**

જેમ ધીર પુરુષો આત્માને આત્મામાં (અને) આકાશને આકાશમાં જૂએ છે

તેમ જેમના ઉદરમાં સર્વ રહેલું છે તે ભગવાનમાં અહિં ખરેખર ભેદ નથી. જેથી (તેથી) દેવનાં ચિહ્નવાળા તમો બેએ આમનામાં ઉદરનો ભેદ કરનાર ભય ઉત્પન્ન કરાવ્યો તે શું ? ૩૩.

'અહિં' શુદ્ધ સત્ત્વરૂપ વૈકુંઠમાં રજોગુણ અને તમોગુણ ન હોવાથી તેમનાથી થતું ઉંચાપણું અથવા નીચાપણું પણ નથી. વળી ભગવાનમાં ભેદ નથી. તેથી જેઓ જ્ઞાન વિગેરેવાળા છે તેઓ ભગવદ્રૂપ હોવાથી, તેમનામાં અને ભગવાનમાં ભેદ કરવો એ સ્વામીનો દ્રોહ છે. વળી 'જેમના ઉદરમાં સર્વ રહેલું છે તેવા' (ભગવાન છે). સર્વ છે ઉદરમાં જેમના, એટલે (૧) વૈકુંઠમાં વસનારાઓ સર્વ પહેલાં તેમનાં ઉદરમાંજ રહેલા હતા, અથવા (૨) સર્વ હમણાં નારાયણના ઉદરમાં રહેલા છે, એમ (કહેલું છે). તેથી પહેલા વિચાર પ્રમાણે વૈકુંઠમાં વસનારાઓમાં ભેદ (જોવો) અયોગ્ય છે. બીજા વિચાર પ્રમાણે બધાએમાં (ભેદ જોવો અયોગ્ય છે). તેમના (ભગવાનના) ઉદરમાં સર્વ રહેલ હોવાનું શ્રુતિ અને અનુભવથી સિદ્ધ થએલું છે. તે વિષયમાં 'આ સર્વ આત્માજ છે' 'જેમની અંદર સારી રીતે અને ઘણું એમ સર્વ (રહેલું) છે' એ શ્રુતિઓ છે. 'ધીર પુરુષો આત્માને આત્મામાં અને આકાશને આકાશમાં જૂએ છે' શબ્દોથી અનુભવ કહેલો છે. (૧) 'આત્માને' એટલે પોતાના આત્માને, આત્મામાં એટલે ભગવાનમાં (જૂએ છે), અને વળી (૨) આત્મા સર્વ છે એવું[૧] જ્ઞાન હોવાથી, અથવા પોતાના દષ્ટાંતથી સર્વ ભગવાનમાં હોવાનું જાણે છે. તે પૈકી પહેલો વિચાર વાદીને કહેવાય તેવો ન હોવાથી, 'આકાશને આકાશમાં જૂએ છે તેમ' શબ્દોથી દષ્ટાંતવાળા (આત્માના) વિચારને દષ્ટાંતથીજ સ્પષ્ટ કરે છે. જેમ ઘટાકાશ[૨] ઘડો હોય ત્યારે મહાકાશજ[૩] છે, અથવા મહાકાશમાં છે, તેમ બધા આત્માઓ ઉપાધિવાળા હોવા છતાં પણ ભગવાનજ છે અથવા ભગવાનમાં છે. 'ધીર પુરુષો જૂએ છે' શબ્દોથી આનું પ્રમાણ કહેલું છે. બ્રહ્મવાદમાં અથવા ભગવદ્વાદમાં પણ શ્રુતિ ઘટે છે, છતાં પણ આત્મવાદમાં અનુભવજ પોતાને અધીન હોય છે, તેથી 'ધીર' એવુંજ અધિકારીઓનું વિશેષણ (કહેલું છે), કારણ કે આત્મા ઉત્તમ ફલ છે એવું (આત્મવાદમાં) જ્ઞાન હોવાથી બીજા ફલની ઈચ્છાનો ત્યાગ કરી ઈન્દ્રિયો વિગેરે ઉપર જય પ્રાપ્ત કરવો તે ધૈર્ય, અથવા ચિત્તની સ્થિરતાજ ધૈર્ય છે.

એ પ્રમાણે સર્વ જેમના ઉદરમાં રહેલું છે એવા (ભગવાન્) હોવાનું સિદ્ધ કરીને, તેમનો (તમો બેએ) અપરાધ કર્યો એમ કહે છે. જે ભગવાનમાં દેવના ચિહ્નવાળા તમો બેએ (ભય ઉત્પન્ન કરાવ્યો તે શું ?) દેવોનું (તમો બેમાં) માત્ર ચિહ્નજ છે, વાસ્તવિક રીતે તો દૈત્યોજ છો. દૈવની ગતિથી પણ (તેમ) કરવાનું

સંભવે, તેથી ત્રીજી (વિભક્તિ) કહેલી (યોજેલી) નથી[૪]. છઠ્ઠી (વિભક્તિ)થી તો એમ જણાવ્યું કે તે દોષ તેમના સંબંધવાળો (તેમનો) છે. 'ઉદરં' ઉદરનો 'ભિન્નતિ' ભેદ કરે તે 'ઉદરનો ભેદ કરનાર', તેમને[૫] ભય થયો. 'જ્યારે આ (જીવ) આમનામાં ઉદરનો ભેદ કરે છે ત્યારેજ પછી તેને ભય થાય છે' એવી શ્રુતિ છે. 'ઉદર' શબ્દથી જેઓએ ભગવદ્‌ભાવ પ્રાપ્ત કરેલો છે તે કહેલા છે. તેઓમાં ભેદ કરનારને ભય પ્રાપ્ત થાય છે. એવો અર્થ છે. 'ઉત્'[૬] ઉંચો, લૌકિક કરતાં પણ અધિક શાસ્ત્રથી ભેદ માનવો, 'અરમ્' એટલે થોડો. સેવકનો અપરાધ થાય ત્યારે સ્વામી એ પ્રમાણે કરે છે (પોતાનો અપરાધ માને છે) એવું લોકમાં ભાન થાય[૭] છે. તેવા સંજોગોમાં ઉદર (ભગવદ્‌ભાવ પ્રાપ્ત કરેલા)માં ભેદ કરનારાઓને જે ભય થાય છે તે આમનામાં (ભગવાને) પણ કરેલો થાય, તેથી તેં (તમે બેએ) સ્વામીનો દ્રોહ કરેલ છે એ યોગ્યજ છે એવો 'હિ' 'ખરેખર' શબ્દનો અર્થ છે. આ સેવકે કરેલ હોવાથી, ભગવાને (તેનો) અંગીકાર કરવો જોઈએ. તેમ થાય, તો (ભગવાનને) ભય થાય, એવો ગૂઢ અભિપ્રાય છે. ૩૩.

૧. 'એવું' એટલે 'આ સર્વ આત્મા જ છે' એ શ્રુતિએ કહેલું. (પ્ર)
૨. 'ઘટાકાશ' એટલે ઘડામાં સમાવેશ જેનો થયો છે તે આકાશ. મહાકાશ એટલે બધું આકાશ.
૩. 'ઘટાકાશમાં' ઘડો ઉપાધિરૂપ છે. તેથી તે જૂદું હોવાનું જણાય છે. તેમ જીવાત્મામાં દેહ વિગેરે ઉપાધિરૂપ હોવાથી તે જૂદો હોવાનું જણાય છે, પણ વાસ્તવિક રીતે જેમ ઘટાકાશ મહાકાશજ છે, તેમ આત્મા ભગવાનજ છે, એવો ભાવ જણાય છે.
૪. 'પુવયોઃ' છઠ્ઠી વિભક્તિ યોજેલ છે, ત્રીજી યોજેલી નથી, તેનું કારણ જણાવેલ છે.
૫. 'આમનામાં ભય ઉત્પન્ન કરાવ્યો તે શું ?' એ શ્લોકનો ભાગ વિચારીને આ કહેલ છે. (પ્ર)
૬. ઉપર 'ઉદર' શબ્દનો (ભગવદ્‌ભાવ પ્રાપ્ત કરેલ) અર્થ કર્યો તેમાં લક્ષણા હોવાથી, તે ન રુચતાં બીજા પ્રકારે અર્થ કરે છે. (પ્ર)
૭. દ્વારપાલનાં કૃત્યથી સ્વામીને ભય થયો, એમ આ વાક્યથી સિદ્ધ કરે છે. (પ્ર)

જો (સ્વામી) આ (કાર્ય)નો સ્વીકાર ન કરે, તો તો સ્વામીને ભય ન જ થાય. તેથી આ (બે દેવો)નેજ ભય થાઓ એમ શાસ્ત્રનો અર્થ સિદ્ધ થાય તે માટે અને ભગવાનની મૈત્રીનો નિભાવ થાય તે માટે, નીચેના શ્લોકથી તે બેને શાપ આપે છેઃ

**તદ્વામમુષ્ય પરમસ્ય વિકુંઠભર્તુઃ કર્તું પ્રકૃષ્ટમિહ ધીમહિ મન્દધીભ્યામ્ ॥**
**લોકાનિતો વ્રજતમન્તરભાવદૃષ્ટ્યા પાપીયસસ્ત્રય ઈમે રિપવોઽસ્ય યત્ર ॥૩૪॥**

તેથી આ સ્વામી વિકુંઠના પતિનું ઉત્તમ કરવા આમાં જે યોગ્ય છે તે અમે તમો માટે વિચારીએ છીએ. મંદબુદ્ધિ વડે ભેદભાવવાળી દૃષ્ટિથી તમે બે અહિંથી પાપી લોકમાં જાઓ કે જ્યાં આમના આ ત્રણ શત્રુઓ હોય છે. ૩૪.

આ ભગવાન્ સર્વના 'પરમસ્ય' સ્વામી અમો વિગેરે ઉપર કૃપા કરવા માટે વિકુંઠસ્થાનમાં રહેલા છે. 'વિકુણ્ઠ' 'વિકુંઠ' શબ્દથી શુદ્ધ સત્ત્વ (કહેલું છે), તેના પતિ હોવાથી અમો વિગેરેનાં સત્ત્વના પણ પતિ હોવાથી, તેમનું ઉત્તમ કરવા માટે 'ઈહ' આ વિષયમાં જે યોગ્ય છે, તેનો અમે વિચાર કરીએ છીએ, એટલે (તે) અમે ધ્યાનથી જોઈએ છીએ. 'વામ્' તમો બેના માટે 'મન્દધીભ્યામ્' મંદબુદ્ધિ વડે, એ (અનુક્રમે) ચોથી અને ત્રીજી (વિભક્તિ) એવા વિચારથી (યોજેલી) કે, જો તે બેને જ અનિષ્ટ (શાપ) આપવામાં આવે તો તે બેથીજ ભગવાનનું ઈષ્ટ થશે. ધ્યાનથી નિશ્ચય કરેલો વિષય ઉત્તરાર્ધથી કહેલો છે. ભેદભાવે જે દષ્ટિને ક્રૂર કરેલી છે, તેનાથી તમો બે આથી નીચેના લોકોમાં જાઓ, કારણ કે આ સત્ત્વનું સ્થાન છે. તેનાથી નીચેના રાજસ અને તામસ (લોકો) છે. તે પૈકી એક માત્ર રાજસ છે, બીજો રાજસ તામસ અને ત્રીજો તામસ એવા (લોકો છે). પેટા-લોકો ઘણાં હોવાનો સંભવ હોવાથી, 'ત્રણ' એમ કહેવા માટે 'ત્રણ પાપી' એમ કહેલું છે. (જ્યાં) 'આમના' એટલે ભગવાનના શત્રુઓ 'કામ ક્રોધ અને લોભ. તેથી આ ત્રણનો ત્યાગ કરવો' એ વાક્ય પ્રમાણે ભગવદીઓએ ત્યાગ કરવા યોગ્ય જણાવેલા (રહે છે). વળી તેઓ પાપીના સંબંધવાળા છે, અને ભગવદીઓ નથી પણ તેમના વિરોધીઓ છે. તેથી જે લોકોમાં ભગવાનના વિરોધવાળા કામ વિગેરે ત્રણ છે, તે લોકોમાં અહિંથી જાઓ, એવો અર્થ છે. ૩૪.

પહેલાં (અત્યાચારનો) શાપમાં અંત આવશે એમ જાણ્યા વિના, અત્યાચાર કરેલો, અને શાપ થયો ત્યારે, આકાર વિનાની વાણી (શાપ) ગદા વિગેરેથી દૂર કરી શકાય તેમ ન હોવાથી, તેઓની પ્રાર્થના કરવાથીજ શાપ જશે એવી બુદ્ધિથી તેમને પ્રસન્ન કરવા લાગ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તેષામિતીરિતમુભાવવધાર્ય ઘોરં તં બ્રહ્મદણ્ડમનિવારણમસ્ત્રપૂગૈઃ ।।**
**સદ્યો હરેરનુચરાવુરુ બિભ્યતસ્તત્પાદગ્રહાવપતતામતિકાતરેણ ।।૩૫।।**

એવી રીતે તેઓએ કહેલું (વચન) ઘોર બ્રહ્મદંડ છે (અને) તે શસ્ત્રોના સમૂહથી રોકી શકાય તેવો નથી એવો નિશ્ચય કરી, બંને હરિના અનુચરો ઘણો ભય પામતા તરત તેઓના ચરણ પકડી ઘણા ધ્રૂજતા (તેમના ચરણમાં) પડ્યા. ૩૫.

શાપનો તો અંગીકાર કરવામાં આવતાં તે દુઃખ કરનાર થતો નથી એવા વિચારથી તેનો અંગીકાર કરવા, તેથી અધિક (શાપ મુનિઓ) ન કહે તે માટે તેમના ચરણમાં પડ્યા. 'એવી રીતે' ઉપર કહેલા આ પ્રકારથી તેઓએ કહેલાં (વચન)નો નિશ્ચય કરી, તેમણે કહેલો અર્થ બ્રહ્મદંડ છે એવો નિશ્ચય કરી, અને શસ્ત્રોના

સમૂહથી રોકી શકાય તેવો નથી એમ જાણીને હરિના અનુચરો હોવા છતાં, (તે બે) તેમના ચરણમાં પડ્યા. તેમાં પણ 'પાદગ્રહૌ' તેઓના ચરણો પકડીને તેમાં પડ્યા, એવો અર્થ છે. વિલંબ થાય તો ફરી શાપ (આપે), અથવા ભગવાન્ શિક્ષા કરે એવા વિચારથી, અથવા માયા તેમાંથી[1] નીકળી ગઈ તેથી 'તરત' (ચરણમાં પડ્યા) એમ (કહેલું છે). 'હરિના અનુચરો' હોવાથી બીજા સ્થાનમાં જવું કુશલ છે એવો હરિનો અભિપ્રાય તેઓ જાણતા હતા, કારણ કે તે સદા હરિ છે, અને બીજા સ્થલે દુઃખ હરનાર કોઈ પણ નથી, અથવા આ બે (દેવો)ના સ્વામી હરિ હોવાથી તેઓના મનમાં થએલું દુઃખ દૂર કરવા તેમ કર્યું (ચરણમાં પડ્યા). વળી 'ઉરુ બિભ્યતઃ' ઘણો ભય પામ્યા, કારણ કે શ્રુતિનો[2] અર્થ ત્યારેજ (તેમને પ્રત્યક્ષ) થયો. તેઓની દયા ઉત્પન્ન કરવા પોતાની દીનતા જણાવી, એમ 'ઘણાં ધ્રૂજતાં' શબ્દથી કહેલું છે. ૩૫.

૧. તેમાંથી એટલે બે દેવોમાંથી નીકળી ગઈ, એટલે પોતાનો દોષ જણાતાં તરત તેમના ચરણમાં પડ્યા, એવો અર્થ જણાય છે.

૨. 'જ્યારે આ આમનામાં ઉદરનો ભેદ કરે છે' શ્રુતિ પાછળ તેત્રીસમાં શ્લોકનાં શ્રીસુબોધિનીમાં કહી તેનો, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે ચરણમાં પડીને, નીચેના શ્લોકથી એક (વિષય) માટે પ્રાર્થના કરે છે :

**ભૂયાદઘોનિ ભગવદ્ભિરકારિ દણ્ડો યો નૌ હરેત સુરહેલનમપ્યશેષમ્ ।।**
**મા વોઽનુતાપકલયા ભગવત્સ્મૃતિઘ્નો મોહો ભવેદિહ તુ નૌ વ્રજતોરધોઽધઃ ।।૩૬।।**

(તમો) ભગવાનોએ અમો બેની બધીએ ભગવાનની અવગણનાને હરે તેવો જે દંડ પાપીને કર્યો તે ભલે થાઓ. તમારા પશ્ચાત્તાપના અંશથી નીચે નીચે પડનાર અમોને ભગવાનનાં સ્મરણનો નાશ કરનાર મોહ ન થાઓ, પણ આમનામાં (ભગવાનમાં) મોહ થાઓ. ૩૬.

'અઘોનિ' પાપીને (તમો) ભગવાનોએ જે દંડ કર્યો તે ભલે થાઓ. તેમ કહેવાનું કારણ કહે છે કે જે દંડ 'નૌ' અમો બેની 'સુરહેલનં' ભગવાનની અવગણનાને[1], અથવા ભગવાન્ જેમના દેવ છે તેમની અવગણનાને હરશે. જો તેઓએ આપેલા શાપનો અંગીકાર ન કરે, તો તેઓ વર પણ ન આપે, તેથી તેનો અંગીકાર કર્યો. ઉત્તરાર્ધથી પ્રાર્થના કહે છે. 'વઃ' તમારો 'નકામોજ શાપ આપ્યો' એવો જે પશ્ચાત્તાપ, તેના 'કલયા' અંશથી નીચે નીચે પડનારને પણ 'નૌ' અમો બેને મોહ ન થાઓ. કામ ક્રોધ અને લોભથી નરકજ (પ્રાપ્ત) થાય છે, સંસાર થતો નથી, અને મોહથી સંસાર થાય છે, તેથી તે (મોહ ન થવાનું) માગવું તે યોગ્યજ છે. જરૂરી

હોવાથી મોહ થતો હોય તોપણ જૂદા જૂદા જન્મમાં ભગવાનનાં સ્મરણનો નાશ કરનારો (મોહ) ન થાઓ, પરંતુ મોહરૂપ અજ્ઞાન થતું હોવા છતાં, તે (અમને) ભગવાનનું સ્મરણજ કરાવો. 'તુ' ઉલટું આમનામાં ભગવાનમાં મોહ થાઓ, ભગવાનનો અણગમો (અમને) ન થાઓ, એવો (અર્થ છે). 'જાઓ' એવાં (તમો) ભગવાનનાં વચનથી એમ જણાવેલું છે કે ફલ તરતજ પ્રાપ્ત થશે. તે પ્રમાણે (ભગવાનનું) સ્મરણ પણ થાઓ, એવો ભાવ છે. 'નીચે નીચે (પડનાર)' શબ્દોથી દીનતા જણાવી છે, કારણ કે દૈત્યો કરતાં રાક્ષસો હલકા છે, અને રાક્ષસોની પણ દેવની યોનિ હોવાથી તેમના કરતાં પણ મનુષ્યો (હલકા છે)[૨]. ૩૬.

૧. 'ભગવાન્' શબ્દથી અહિં સનક વિગેરે ( મુનિઓ ) જાણવા, કારણ કે શ્લોકમાં 'ભગવાનોએ' એમ ( તેમના માટે ) કહેલ છે, અથવા 'બ્રાહ્મણો શક્તિવાળા દેવ છે' વાક્ય પ્રમાણે તેનો અર્થ 'ભગવાન્' કરવો. ( પ્ર )

૨. તે બેને અનુક્રમે દૈત્યોની, રાક્ષસોની અને મનુષ્યોની એવી હલકી હલકી યોનિ પ્રાપ્ત થઈ.

એ પ્રમાણે (મુનિઓની) કૃપા માગેલી હોવા છતાં, (શાપના) અંગીકારને લીધે તે આપેલી હોવા છતાં, પશ્ચાત્તાપથી દુઃખી થએલા (મુનિ)ઓ (તે) સાક્ષાત્ ન આપે તે યોગ્યજ છે; અથવા વિવેક પ્રાપ્ત થતાં, સર્વ પોતાની નિંદા કરે. આમ હોવાથી સર્વનો નિર્ણય કરવા ભગવાન્ ત્યાં પધાર્યા, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**એવં તદૈવ ભગવાનરવિન્દનાભઃ સ્વાનાં વિબુધ્ય સદતિક્રમમાર્યહૃદ્યઃ ।।**
**તસ્મિન્યયૌ પરમહંસમહામુનીનામન્વેષણીયચરણૌ ચલયન્સહશ્રીઃ ।।૩૭।।**

એ પ્રમાણે પોતાના સેવકોએ (કરેલો) સત્પુરુષોનો અત્યાચાર જાણીને તરતજ કમલ જેમની નાભિમાંથી નીકળેલ, અને આર્યો જેમની પ્રીતિ કરનારા છે તેવા ભગવાન્, પરમહંસો અને ઉત્તમ મુનિઓએ શોધવા યોગ્ય (પોતાના) ચરણોને ચલાવતા, લક્ષ્મી સાથે તે (સ્થલે) પધાર્યા. ૩૭.

''આમ થયું ત્યારે તરતજ (તે) જાણીને ભગવાન્ તે સ્થલે પધાર્યા, એવો (વાક્યનો) સંબંધ છે. 'તરતજ' શબ્દથી (એમ જણાવ્યું છે કે તેમને કોઈ) જણાવે તેવી જરૂર ન હતી. તેનું કારણ 'ભગવાન્' શબ્દથી કહેલું છે, ત્યારે (ભગવાને) પહેલાંજ કેમ ઉપાય ન કર્યો ?'' એવી શંકા થાય, તેથી 'કમલ જેમની નાભિમાંથી નીકળેલ તેવા' એમ કહેલું છે. આ (ભગવાન્) સૃષ્ટિ ઉત્પન્ન કરનારા છે, કારણ કે તેમની નાભિમાંથી કમલ નીકળેલું. તેથી (સૃષ્ટિ થાય તે માટે) પહેલાં (ઉપાય) ન કર્યો, એવો અર્થ છે. તે વિષયમાં એવો સંદેહ રહે કે 'ભગવાને મુનિઓનો અપરાધ માન્યો કે પોતાના બે સેવકોનો ?' કારણ કે બંને પક્ષમાં તર્ક હોવાનું સંભવે છે. તેનો

નિર્ણય થાય તે માટે 'પોતાના સેવકોએ (કરેલો) સત્પુરુષોનો અત્યાચાર જાણીને' એમ કહેલું છે. પોતાના સેવકોનોજ અપરાધ (જાણ્યો), કારણ કે તેઓએ સત્પુરુષોનો અત્યાચાર કર્યો. આથી એમ સૂચવેલું છે કે પહેલો અપરાધ તે બેનો હતો. લોકમાં પણ જે પહેલાં અપરાધ કરે છે, તે શિક્ષાને પાત્ર થાય છે. 'તો (મુનિ)ઓનોજ અપરાધ કેમ નહિ, કારણ કે પૂછ્યા વિનાજ તેઓએ (બારણામાં) પ્રવેશ કર્યો ?' એવો પ્રશ્ન થાય, તે સંબંધમાં 'આર્યો જેમની પ્રીતિ કરનારા છે' એમ કહેલું છે. આર્યો સત્પુરુષોના માર્ગમાં રહેનારા મર્યાદામાં ઉત્તમ હોય છે. તેઓ પ્રીતિ કરનારા છે જેમની તેવા (ભગવાન્ છે). તેથી ભગવાનનાં અંતઃકરણમાં તેઓ પ્રીતિ કરનારા હોવાથી, તેઓ આવે તેમાં અપરાધ ન હતો. અથવા આર્યોને પ્રીતિ કરનારા (ભગવાન્) છે, તેથી પણ તેઓ આવે તે યોગ્યજ છે. બંનેના કાર્ય દોષરહિત છે એમ જણાવવા (ભગવાન્) તે સ્થાને પધાર્યા. સેવકોએ મુનિઓને (આવતાં) રોક્યા, તેથી તેઓ પછી અંદર પ્રવેશ કરાવવા યોગ્ય ન હોવાથી, (ભગવાન્) પોતેજ ત્યાં પધાર્યા, પરંતુ તેઓને (અંદર) બોલાવ્યા નહિ; તેમજ પાછલથી તેમને અંદર લઈ ન ગયા, તેમજ તેમનો સત્કાર ન કર્યો. તેઓને પણ ચરણારવિંદનાં દર્શન કરવાની ઈચ્છા હોવાથી, ચરણોનેજ ચલાવતા ત્યાં પધાર્યા. એમ થતાં, બંનેને ખેદ થાય. સેવકોને ખેદ થાય તે યોગ્યજ છે. મુનિઓને પણ (ખેદ થાય), કારણ કે તે ચરણો 'પરમહંસો અને ઉત્તમ મુનિઓએ શોધવા યોગ્ય' છે. પરમહંસો અને તે ઉત્તમ મુનિઓ (એ શોધવા યોગ્ય છે). 'પરમહંસો' એ શબ્દથી ધર્મનો સાર, 'ઉત્તમ મુનિઓ' શબ્દથી જ્ઞાનનો સાર (કહ્યો). (ધર્મ અને જ્ઞાન) બંનેમાં ઉત્તમ હોય તેઓજ ઉત્તમ ભગવાનનાજ ચરણોને શોધનારા હોય છે, કારણ કે (વેદના) બંને કાંડોનો અર્થ (તેઓએ) જાણેલો છે અને માત્ર ભક્તિજ[૧] બાકી રહેલી છે. 'ચલયન્' શબ્દનો 'ચલાવતા' એવો અર્થ છે. 'સહશ્રીઃ' એટલે લક્ષ્મી સાથે (પધાર્યા). તે પણ સાથે આવી, કારણ કે તેની તેવી સ્થિતિને લીધે (દર્શનનો) સમય ન હતો (એમ જણાય). વળી (ભગવાન્) તેને પણ બહાર લાવ્યા, તેથી સેવકોને દુઃખ થયું. (દર્શનનો) સમય ન હતો એમ જાણીને મુનિઓને પણ દુઃખ થયું.

કેટલાક એમ કહે છે કે 'લક્ષ્મીને સંતોષ થાય તે માટે (તેની સાથે પધાર્યા). કોઈક સમયે લક્ષ્મીને ગર્વ થયો ત્યારે તે દૂર કરવા, (ભગવાને) બીજો લોક રચી, ત્યાં જય અને વિજયને દ્વારપાલ તરીકે મૂકી, પોતે તેમાં પ્રવેશ કરી, તે (દ્વારપાલો)થી લક્ષ્મીનું બંધન કરાવ્યું, ત્યારથી તે (લક્ષ્મી)ના મનમાં તે બે ઉપર દ્વેષ હતો.' વળી કેટલાક એમ કહે છે કે ત્રણ જન્મના કાર્યો (કરવા) માટે, શેષ, લક્ષ્મી અને સુદર્શન

આવ્યાં[2]. ૩૭.

૧. ભગવાનનાં ચરણો ભક્તિ પ્રાપ્ત કરાવનારાં હોવાથી તેજ શોધવા યોગ્ય રહ્યા.

૨. આ પેરામાં જણાવેલ બે મતો શ્રીધરના નથી, બીજા ટીકાકારોના છે. (પ્ર)

**નીચેના શ્લોકથી આરંભી પાંચ (શ્લોકો)થી, (ત્યાં) પધારતા ભગવાનનું વર્ણન કરે છે. પહેલાં વૈકુંઠનું વર્ણન કર્યું ત્યારે ભગવાનનું વર્ણન કરેલું ન હોવાથી,** પાંચ વિદ્યાઓની પ્રવૃત્તિ કરાવનાર તરીકે (તેમનું) અહિં વર્ણન કરેલું છે.

**સમાગમક્રિયાયુક્તં સમાગમનહેતુકમ્ ।।**
**સમાગત્ય સ્થિતં ચાપિ દૃષ્ટં નતમિતિ ક્રમઃ ।।૧૦।।**

પધારવાની ક્રિયાવાળા (૩૮), પધારવાનું પ્રયોજન (દર્શાવનાર) (૩૯), પધારીને રહેલા (૪૦), તેમજ દર્શન (આપતા) (૪૧) અને નમન કરાતા (૪૨) (ભગવાનનું વર્ણન કરે છે), એવો અનુક્રમ છે. કા. ૧૦.

તે પૈકી નીચેના શ્લોકમાં (ત્યાં) પધારતા ભગવાનનું વર્ણન કરે છે :

**તં ત્વાગતં પ્રતિહૃતૌપયિકં સ્વપુમ્ભિસ્તેઽચક્ષતાઽક્ષવિષયં સ્વસમાધિભાગ્યમ્ ।।**
**હંસશ્રિયોર્વ્યજનયોઃ શિવવાયુલોલચ્છુભ્રાઽઽતપત્રશશિકેસરશીકરાઽમ્બુમ્ ।।૩૮।।**

પોતાના સેવકોએ જેમને ઉપયોગી પદાર્થો લાવી આપેલ છે જે પોતાની (મુનિઓની) સમાધિનાં ભાગ્યરૂપ છે, અને હંસની કાંતિવાળી બે ચમરીઓના કલ્યાણકારી વાયુથી ડોલતાં શ્વેત છત્રરૂપ ચંદ્રના કિરણો જેવાં મોતીરૂપ જલનાં બિંદુઓ જેમનો સ્પર્શ કરતા હતા તેવા પધારેલા તેમનાં તો તેઓએ નયનથી દર્શન કર્યાં. ૩૮.

તેમનાં એટલે ભગવાનનાં (તેઓએ દર્શન કર્યાં). તે સેવક જેવા ન હતા, એમ 'તુ' 'તો' શબ્દથી કહેલું છે. 'પધારેલા' એટલે દૃષ્ટિ પહોંચે તેટલામાં તરતજ પધારેલા. 'સ્વપુમ્ભિઃ' પોતાના સેવકોએ 'પ્રતિહૃતમ્' લાવી મૂકેલ છે જવા માટે ઉપયોગી પાદુકાઓ વિગેરે આગળ જેમની તેવા (તેમનાં દર્શન કર્યાં). તે બે (દેવો) તો ચરણમાં પડેલા હોવાથી, તે મુનિઓએજ દર્શન કર્યાં. પહેલાં પણ હૃદયમાં તેઓએ તેવાંજ દર્શન કરેલાં, છતાં પણ હવે નયનથી દર્શન કર્યાં; કારણ કે તે નયનથી દર્શન ન થાય તેવા હોવા છતાં, પોતાની ઈચ્છાથી નયનથી દર્શન થાય તેવા થયા. 'પોતાની સમાધિના ભાગ્યરૂપ' શબ્દથી તેઓએ ઓળખ્યાનું કહેલ છે. 'સ્વસમાધિભાગ્યમ્' એટલે પોતાની સમાધિને સ્વીકારનાર, અથવા સમાધિના ભાગ્યરૂપ; કારણ કે કોઈક સમયે સમાધિમાં એવા પ્રકારના ભગવાન્ પ્રકટ થાય તો સમાધિ ભાગ્યશાળી થાય. એ પ્રમાણે સમાધિમાં પણ (પ્રાપ્ત થવા) દુર્લભ, (તેમનાં) હવે નયનથી દર્શન થયાં,

એવું તેઓનું ભાગ્ય (થયું). પધારવાનો શ્રમ થયો ન હતો એમ જણાવવા છત્ર અને બે ચમરી સાથેનાનું વર્ણન કરે છે. હંસની જેવી હતી કાંતિ જે બેની, એટલે બંને ચમરીઓ શ્વેત હતી અને (તેમનાં) રત્નના દાંડાઓ આગળ નમેલા નીચાં (હંસના) પૂછડાં જેવા શોભતા હતા. તેવી બે ચમરીઓનો જે કલ્યાણકારી વાયુ, તેનાથી ડોલતું શ્વેત જે 'આતપત્રં' છત્ર, તેજ 'શશી' અમૃત વરસાવતો ચંદ્ર (હતો). તેના 'કેસરાઃ' એટલે અમૃતના બિંદુઓવાળા કિરણોના જેવી ચારે તરફ બાંધેલી મોતીની માળાઓ, તેમાં રહેલા મોતીઓ જ વાયુથી ડોલતાં જલના બિંદુઓ જેવા થતા (દેખાતા) હતા. 'શીકરાઃ' એટલે નાના બિંદુઓ; વાયુને લીધે ભગવાનનો જરા સ્પર્શ કરતા હતા, તેથી જલના બિંદુઓ (કહેલાં છે). અહિં 'જલ' શબ્દ શીતલપણું સૂચવવા (યોજેલ છે) અથવા બધીએ તરફ બિંદુઓ હોવાથી ઘણાં જલ જેવાં થયાં, તેથી 'જલ' શબ્દ યોજેલ છે. 'કેસર' શબ્દથી સુગંધ જણાવેલી છે. મંદપણું અને શીતલપણું સ્પષ્ટ છે. ચંદ્ર હોવાથી તાપ દૂર કરનાર હોવાનું, (અને) 'જલ' હોવાથી તૃષા પણ (દૂર કરનાર હોવાનું) સિદ્ધ થયું. છત્ર હોવાથીજ છાયા થઈ. 'હંસ' હોવાથી લીલા કરનારપણું (પ્રાપ્ત) થયું. 'કલ્યાણકારી વાયુ' શબ્દથી અહિં ઉત્તમ સર્વ ગુણોવાળો વાયુ કહેલો છે. તેથીજ ચમરીના સંબંધવાળો (વાયુ) કહેલો છે. તેવો ન હોય તો, મહાભૂત વાયુ (ચમરીઓ) હલાવવાથી પ્રકટ થાય, અને તે કાલ વિગેરેના ગુણવાળો હોવાથી, કુદરતથી શીતલ નથી. ૩૮.

એ પ્રમાણે (ત્યાં) પધારતા ભગવાનનું વર્ણન કરીને, નીચેના શ્લોકમાં તેમને પધારવાનાં પ્રયોજનનું વર્ણન કરે છે :

**કૃત્સ્નપ્રસાદસુમુખં સ્પૃહણીયધામ સ્નેહાવલોકકલયા હૃદિ સંસ્પૃશન્તમ્ ।।**
**શ્યામે પૃથાવુરસિ શોભિતયા શ્રિયા સ્વઃ**
**ચૂડામણિં સુભગયન્તમિવાત્મધિષ્ણ્યમ્ ।।૩૯।।**

સર્વના ઉપર કૃપા કરવા સુંદર મુખવાળા[૧], ઈચ્છવા યોગ્ય તેજવાળા, સ્નેહવાળી દૃષ્ટિના અંશથી હૃદયમાં પ્રવેશ કરતા, શ્યામ પહોળાં વક્ષસ્થલ ઉપર શોભતી લક્ષ્મીથી સ્વર્ગોનાં શિરોમણિરૂપ પોતાનાં સ્થાનને સૌભાગ્યવાળું કરતા હોય તેવા....૩૯.

ભગવાનનું વૈકુંઠમાં રહેવું, વૈકુંઠ બનાવવું અને વિવાદ (થતો હતો તે) સ્થાને આવવું સર્વના ઉપર ઉપકાર કરવા માટે હતું, કારણ કે જો બ્રહ્માંડમાં વૈકુંઠ સ્થાન ન હોત, તો બ્રહ્મા વિગેરે ક્યાં જઈને (ભગવાનને પોતાનું કાર્ય) નિવેદન કરત ? વળી જો ભગવાન્ ત્યાં (વૈકુંઠમાં) રહેતા ન હોત, તો (બ્રહ્મા વિગેરે) કાર્ય નિવેદન કરે ત્યારે

(ભગવાન્) અવતાર કેમ લેત ? વળી જો ભગવાન્ ત્યાં (વિવાદના સ્થલે) પધારે નહિ, તો સર્વનું સમાધાન કેમ થાત ? તેથી બધાએ જેઓ બ્રહ્માંડમાં રહે છે, તેઓના ઉપર કૃપા કરવા (ભગવાને) સુંદર મુખવાળો (દેહ ધારણ કરેલ). આથી (એમ જણાવ્યું છે કે) ભગવાનનું (ત્યાં) પધારવું મુનિઓને અને જય તથા વિજયને કોઈને પણ નુકસાનકારક ન હતું. 'અનમ્' 'દેહ' (શ્લો. ૪૨) ના (આ) સર્વ વિશેષણો છે. 'સ્પૃહણીયધામ' એટલે ઈચ્છવા યોગ્ય હતું 'ધામ' તેજ જેનું તેવો (દેહ). દીપક વિગેરેનું તેજ બધાએ ઈચ્છવા યોગ્ય હોતું નથી, તેમજ સદા (ઈચ્છવા યોગ્ય) હોતું નથી. આ તો આનંદરૂપ હોવાથી ઈચ્છવા યોગ્ય છે. 'ધામ' 'તેજ' શબ્દથી એમ (જણાવ્યું છે કે તે પોતાની) કાંતિથીજ આનંદ ઉત્પન્ન કરતો હતો. આથી એમ કહેલું છે કે પરિણામના વિચાર વિના પણ સર્વના ઉપર કૃપા કરનાર હતો. વળી 'સ્નેહવાળી દૃષ્ટિના અંશથી હૃદયમાં પ્રવેશ કરનાર' હતો. (કેટલાક) સમય પછી ફલ આપવાનું તો દૂર રહ્યું, હમણાંજ સ્નેહવાળી જે દૃષ્ટિ કરે છે તે દૃષ્ટિના હૃદયમાં ચિંતન કરેલા એક અંશથી પણ ભગવાન્ હૃદયમાં પ્રવેશ કરે છે; અથવા (તેના) અંશ સાથે હૃદયમાં સારી રીતે પ્રવેશ કરતો (દેહ હતો). આથી સર્વના હૃદયના તાપને દૂર કરવાનું અને જ્ઞાન ઉત્પન્ન કરવાનું સૂચવેલું છે. એ પ્રમાણે ત્રણ વિશેષણોથી એમ કહેલું છે કે ભગવાનનો દેહ કાર્યથી, બહારથી અને અંદરથી સર્વને સુખ આપનારો છે.

એ પ્રમાણે માત્ર દેહનાજ ગુણો કહીને આભરણોનો ઉપયોગ[૨] ઉત્તરાર્ધથી કહે છે. શ્યામ રંગના પહોળાં વક્ષઃસ્થલ ઉપર-કસોટી ઉપર સુવર્ણની લીંટી પેઠે-શ્રીવત્સ ઉપર જે લક્ષ્મી, તેના વડે સ્વર્ગોના ચૂડામણિરૂપ વૈકુંઠને 'સુભગયન્તં' સૌભાગ્યવાળું કરતો (દેહ હતો). 'આત્મધિષ્ણ્યમ્' એટલે પોતાને રહેવાનું સ્થાન. ભગવાન્ શ્રીવત્સના ચિહ્નવાળું પોતાનું અસાધારણ સ્વરૂપ ધારણ કરીને જે રહે છે, તે વૈકુંઠની શોભા માટે. તેમ ન હોય, તો તેવું સ્વરૂપ શા માટે ધારણ કરે ? બધાએ જગતની શોભા સ્વર્ગ છે. તેનો પણ મુકુટમણિ વૈકુંઠ છે. તેની પણ શોભા વક્ષઃસ્થલ ઉપર રહેલી લક્ષ્મીને લીધે છે. આથી એમ કહેલું છે કે લોકની પેઠે સ્થાન વિગેરેની સુંદરતાથી ભગવાનનું સુંદરપણું થતું નથી, પરંતુ ભગવાનથીજ સર્વ સુંદર થાય છે.

'(ભગવાન્) વૈકુંઠની શોભા કેમ કરે છે ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'પોતાનાં સ્થાનને' એમ કહેલું છે. 'ઈવ' '(સૌભાગ્યવાળું કરતો હોય) તેવો' શબ્દથી એમ સૂચવેલું છે કે (વક્ષઃસ્થલ ઉપર લક્ષ્મી રાખવાનું) આટલુંજ પ્રયોજન નથી, પરંતુ બીજું પણ (પ્રયોજન) છે. લક્ષ્મી વિના જરાએ શોભા થતી નથી, અને તે ચંચલ છે. તેથી તે પોતાના આનંદરૂપ હોવાથી તે રમણ કરે તે માટે શૃંગારના

સ્વરૂપવાળાં શ્યામ, આલિંગન માટે યોગ્ય પહોળાં વક્ષઃસ્થલને (તેનું) આસન બનાવેલું છે, કારણ કે હૃદય ઉપર (રહેવાથી) સર્વને સુખ થાય છે. બધુંએ ભગવાનનાં હૃદયમાં રહેલું હોવાથી, (ત્યાં લક્ષ્મી રાખીને) બધાઓને સુખ પણ કરે છે. આ પણ માત્ર વચન છે. વાસ્તવિક રીતે તો બ્રહ્માંડમાં ભગવદ્રૂપ આનંદ પ્રકટ થએલો રહે છે, તેનાથી સર્વને સુખ કરેલ છે એમ (કહેલ છે). એ પ્રમાણે શ્રીવત્સ (ધારણ કરવા)નું પ્રયોજન કહ્યું. ૩૯.

૧. 'અંગ' શબ્દનાં 'સંસ્પૃશન્તમ્' વિગેરે નરજાતિના વિશેષણો અનિયમિત રીતે મૂકેલાં છે, અથવા 'પ્રેમ' વિગેરે શબ્દો પેઠે 'અંગ' શબ્દ નરજાતિનો અને નપુંસકલિંગનો છે એમ જાણવું. (પ્ર)

૨. 'આભરણોનો ઉપયોગ' એટલે આભરણો દેખાડવાનું પ્રયોજન. વિનિયોગ વિગેરે શબ્દો આગળ છે તેનો પણ એવો અર્થ જાણવો. (પ્ર)

નીચેના શ્લોકમાં પીતાંબર વિગેરેનું પ્રયોજન કહે છે :

**પીતાંશુકે પૃથુનિતમ્બિનિ વિસ્ફુરન્ત્યા કાઞ્ચ્યાઽલિભિર્વિરુતયા વનમાલયા ચ ।।**
**વલ્ગુપ્રકોષ્ઠવલયં વિનતાસુતાંસે વિન્યસ્તહસ્તમિતરેણ ધુનાનમબ્જમ્ ।।૪૦।।**

પીતાંબર પહેરેલી પહોળા નિતંબવાળી કેડ ઉપર પ્રકાશતા કંદોરાથી અને ભ્રમરોના ગુંજારવાળી વનમાલાથી (પોતાના સ્થાનને સૌભાગ્યવાળું કરતા,) (શ્લો. ૩૮), સુંદર કાંડા ઉપર બાજુબંધવાળા. વિનતાના પુત્રના ખભા ઉપર રાખેલ એક હાથવાળા, બીજા હાથથી કમલને ફેરવતા...૪૦.

પીત છે અંબર જેનું, એવી પહોળા નિતંબવાળી કેડ ઉપર, પીતાંબરની ઉપર શોભતા કંદોરાથી અને ભ્રમરો જેમાં ઉત્તમ પ્રકારે ગુંજાર કરતા હતા તેવી વનમાલાથી પોતાનાં સ્થાનને સૌભાગ્યવાળું કરતો, અથવા 'આત્મનઃ' પુરુષોત્તમનાં પોતાનાં જગદ્રૂપ સ્થાનને (સૌભાગ્યવાળું કરતો), એવો (વાક્યનો) સંબંધ છે. પીત અંબર (પીતાંબર) વેદ છે. ભૂમિ ઉપર પ્રસરેલું તે યજ્ઞ વિગેરે દ્વારા હૃદય વિગેરેની શુદ્ધિ પ્રાપ્ત કરાવી, આત્માઓને અથવા આત્માનાં સ્થાન અંતઃકરણ વિગેરેને શુદ્ધ કરે છે. હિમાલય વિગેરે પાસેની ભૂમિઓ નિતંબો છે. તે વિસ્તારવાળી (પહોળી) સર્વ ફલ ઉત્પન્ન કરનારી હોવાથી કર્મ (કરવાની) ભૂમિરૂપ છે. તેથી જ્યારે ભગવાન્ (પોતાનાં) આધિદૈવિક સ્વરૂપ ઉપર પિતાંબર રાખે, ત્યારેજ અહિં વેદનો પ્રચાર થાય છે, અને ત્યારેજ સર્વના હૃદય ભગવાનનું સ્થાન થાય છે. તે (પિતાંબર)ના ઉપર પ્રકાશતો જે 'કાઞ્ચી' સુવર્ણનો બનાવેલો કંદોરો, તે ઉપનિષદોના અર્થરૂપ છે, (અને) તેનાથી ઉત્તમ (પુરુષો)નું હૃદય ઘણી સારી રીતેજ (ભગવાનનું) સ્થાન થાય છે. 'પ્રકાશતા' એટલે યોગ વિગેરે સાથેના, કારણ કે જો બ્રહ્મવિદ્યા આવી (યોગ

વિગેરે સાથેની) ન હોય, તો કયાંય પણ ભગવાન્ રહે નહિ. વળી ભગવાનના ગુણોનાં કીર્તનરૂપ વનમાલાથી (પોતાનાં સ્થાનને સૌભાગ્યવાળું કરતા). 'અલયઃ' એટલે ભ્રમરો, મૃત્યુવિનાના, છ ગુણવાળા ભગવાનના તે ગુણોનું ગાન કરનારા ભક્તો. સારી રીતે કીર્તન કરેલા ભગવાનના ગુણો વિના પણ ભગવાન્ હૃદયમાં રહેતા નથી. તેથી મૂલ (શ્લોક)માં (૧) પીતાંબર (૨) સુવર્ણનો કંદોરો અને (૩) વનમાલા ધારણ કર્યાનું (કહ્યું, તેથી) ભૂમિ ઉપર ત્રણ માર્ગો[1] પ્રસિદ્ધ થએલા છે એવો અર્થ છે. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) જનોઈ વિગેરેરૂપ ભગવાનની કૃપાથી (ભૂમિ ઉપર માર્ગ પ્રસિદ્ધ થએલ છે).

એ પ્રમાણે ત્રણનો વિનિયોગ કહીને, ઉત્તરાર્ધથી બાજુબંધ વિગેરે ત્રણનો વિનિયોગ કહે છે. સુંદર કાંડા ઉપર બાજુબંધ હતું જેના તેવો (દેહ હતો). ભગવાનના ચાર શ્રીહસ્તો ચાર પુરુષાર્થરૂપ છે. જૂદા જૂદા સ્થલે જૂદું જૂદું (ફલ) પ્રાપ્ત કરાવનારી ક્રિયાઓ શ્રીહસ્તરૂપ છે. તેઓની શોભા ચાર મૂર્તિવાળા ભગવાનનું જ્ઞાન થતાં થાય છે. બાજુબંધો તે જ્ઞાનરૂપ છે. તેઓ જો ત્યાં ધરાવેલાં ન હોય, તો કોઈપણ પુરુષાર્થ પ્રાપ્ત ન થાય. તેથી પુરુષાર્થ પ્રાપ્ત થવા માટે બાજુબંધનો ઉપયોગ છે. ગરુડ કાલરૂપ છે. તે ભગવાનના પરાક્રમથી રોકાએલો રહે છે. જો તેમ ( રોકાએલો ) ન હોય, તો ભક્તોને પણ ખાઈ જાય. 'વિ' ઘણી 'નતા' નમ્ર થએલી (વિનતા) જે ભગવાનની માયા, તેનો પુત્ર ગરુડ કાલરૂપ છે. વૈષ્ણવ તંત્રમાં તે (વિનતા=માયા)નેજ 'શ્રદ્ધા' (કહે છે). તેના 'અંસે' ખભા ઉપર એટલે પ્રાણીઓના અદૃષ્ટ ઉપર અથવા પ્રવાહ ઉપર રાખેલો છે એક શ્રીહસ્ત જેણે તેવો (દેહ છે). 'બીજા (હાથથી)' એવું વચન હોવાથી એક ક્રિયા ભક્તોને માટે છે, અને બીજી લોકોને ભ્રમણ કરાવવા છે એવો (અર્થ છે). તે (અર્થ) 'બીજા હાથથી કમલને ફેરવતા' વિશેષણથી કહેલો છે. 'બીજાથી' શબ્દથી એમ જણાવેલું છે કે ખાસ કરીને ભગવાનના સંબંધ વિનાના હોય તેઓનેજ મોહ ઉત્પન્ન કરે છે. 'અબ્જં' એટલે જગતરૂપ કમલ. અથવા બીજાઓ ઉપર 'ભગવાન્' શબ્દના અર્થરૂપ લીલાકમલને ફેરવે છે. ૪૦.

૧. અનુક્રમે કર્મ જ્ઞાન અને ભક્તિ માર્ગો.

નીચેના શ્લોકમાં કુંડલ વિગેરે ત્રણનો વિનિયોગ કહે છે :

**વિદ્યુત્ક્ષિપન્મકરકુણ્ડલમણ્ડનાર્હગણ્ડસ્થલોન્નસમુખં મણિમત્કિરીટમ્ ।।**
**દોર્દણ્ડષણ્ડવિવરે હરતા પરાર્ધ્યહારેણ કન્ધરગતેન ચ કૌસ્તુભેન ।।૪૧।।**

વિજળીનો તિરસ્કાર કરતાં મકરાકારના કુંડલોનાં આભૂષણને યોગ્ય

ગંડસ્થલ અને ઉંચી નાસિકાવાળા મુખવાળા, મણિમય મુકુટવાળા, હાથરૂપ દંડોના સમૂહની વચ્ચેના ઘણાં કિંમતી હારથી અને કંધરા, ઉપર રહેલા કૌસ્તુભથી મનને હરતા... ૪૧.

વિજળીનો પણ તિરસ્કાર કરતાં જે બે મકરની આકૃતિવાળા કુંડલો, તે આભુષણને યોગ્ય જે ગંડસ્થલ, અને ઉંચી નાસિકા–તે બેવાળું મુખ હતું જેનું, અને મણિમય મુકુટ હતો જેનો, એમ ગોળ આકારવાળું અને કેશના સ્થાનરૂપ એમ બે પ્રકારે મસ્તક વર્ણવેલું છે. સાંખ્ય અને યોગ બે કુંડલો છે, વિજળી મૃત્યુ છે, અને બે કપોલ (ગંડસ્થલ) પ્રેમ અને પ્રપત્તિ છે. સાંખ્ય અને યોગ તે બેના અંગ છે, અને તેમનો ઉપયોગ વૈરાગ્ય (પ્રાપ્ત કરવા)માં અને ભગવાનનું સ્મરણ (કરવા)માં થાય છે. જો તે બે (સાંખ્ય અને યોગ) મૃત્યુને રોકનારાં થાય, તોજ આ શાસ્ત્રમાં ઉપયોગી થાય છે, કારણ કે જલમાં પકડનારું પ્રાણી મકર પ્રાકૃત દેહ વિગેરેને ગળે છે, તેમ સાંખ્ય અને યોગ અભિમાનને અને શરીરને ગળે છે (ગાળે છે). અપ્રાકૃત દેહનું ગંડસ્થલ તે બે અલંકારો ધારણ કરવા યોગ્ય હોય છે તેવા (દેહ)માં જ ભક્તિ અને પ્રપત્તિ (શરણ જવાનું) ઘટે છે, કારણ કે સર્વ દોષના અભાવરૂપ નાસિકા છે, તે જો ઉંચી હોય તો ભક્તિમાર્ગ શોભે છે. ઉપનિષદોનું જ્ઞાન અથવા તેનાથી પ્રાપ્ત કરવા યોગ્ય પારમેષ્ઠ્ય (સર્વથી ઉંચી સ્થિતિ) શિર છે, તે પણ મણિમય મુકુટવાળું છે. ત્યાં ભગવાનનાં સ્થાનમાં જનારા ભક્તો મણિ છે. તેઓ જો ત્યાં ન જાય, તો સત્યલોક શોભેજ નહિ. તેથી ભગવાન્ જે મણિમય મુકુટને મસ્તકે ધારણ કરે છે, તેથી ભક્તોની ત્યાં (સત્યલોકમાં) સ્થિતિ થાય છે.

'હાથરૂપ દંડોના સમૂહની વચ્ચેના ઘણાં કિંમતી હારથી' શબ્દોથી હારનું પ્રયોજન કહે છે. હાથરૂપ દંડો ચાર છે, તેઓના 'ષણ્ડઃ' સમૂહ, તેની 'વિવરે' વચલા ભાગમાં, 'હરતિ' હરે તે 'હરન્' મનને હરનાર, અથવા ત્રણ લોકની શોભાને હરનાર (હાર)થી, એમ ઓળખાવનાર ચિહ્ન માટે ત્રીજી (વિભક્તિ યોજેલી છે). 'મુક્તાઃ' મુક્ત જીવો બધા હરનારાજ છે, કારણ કે તેઓ પોતાના દેહને હરે છે (દેહનો નાશ કરે છે), તેઓનો 'હારઃ' સમૂહ તે 'મુક્તાહારઃ' મુક્તાહાર; અને તેઓ (મુક્ત જીવો) આ બ્રહ્માંડમાં પરાર્ધ્ય છે. 'પર' એટલે બ્રહ્માનું આયુષ્ય, તે છે 'અર્ઘ્ય' મૂલ જેમનું (તે 'પરાર્ધ્ય'). બ્રહ્માની ઉત્પત્તિની ક્ષણથી આરંભી તે (બ્રહ્માનું આયુષ્ય) સંપૂર્ણ થાય ત્યાં સુધી જેઓએ બીજા બ્રહ્માંડમાં પુણ્યોના ઢગ કરેલા છે તે 'પરાર્ધ્ય'. 'પરાર્ધ્ય' એવો પાઠ હોય, ત્યારે ઉપર કહેલા નિયમ પ્રમાણે આજ બ્રહ્માંડમાં પરાર્ધ આયુષ્યને હરનારા તે પરાર્ધ્ય; તેવા અને તે હારો ('તે પરાર્ધ્ય હાર'). વળી ભગવાને ઘણાં

પ્રયત્નથી તેઓનું રક્ષણ કરેલું છે. તેમની આસપાસ (પોતાના) હાથરૂપ દંડો (રાખેલા છે), અને વળી જેનો ઉપાય થઈ ન શકે તેવો દોષ દૂર થાય તે માટે (હાથરૂપ દંડોની) મધ્યમાં (તેઓને) રાખેલા છે. હાથને માત્ર રક્ષણ કરનાર તરીકે દંડ (કહેલા) નથી, પરંતુ દુઃખ કરવા આવનાર ઉપર પ્રહાર કરનાર હોવાથી 'દંડ' કહેલા છે.

એ પ્રમાણે હાર (નો ઉપયોગ) કહીને, કૌસ્તુભનો વિનિયોગ કહે છે. 'કં' શિરને 'ધારયતિ' ધારણ કરે તે, અને ('કં') સુખને (ધારણ કરે) તે 'કંધરા' એટલે કંઠ. ત્યાં રહેલા કૌસ્તુભથી પણ (તે) જણાય છે. 'કૌ' પૃથ્વી ઉપર 'સ્તોત્રેણ' સ્તુતિથી જે પ્રકાશે છે તે ભગવાનના ભક્તો અને મુક્ત જીવો એ આનાં તત્ત્વરૂપ છે. તેઓનો સમૂહ તે કૌસ્તુભ; અને તેમને આનંદને ધારણ કરનાર (કંધરા–કંઠ) ઉપર રાખેલા છે. જો ભગવાન્ (ત્યાં) કૌસ્તુભ ધારણ ન કરે, તો ભક્તોને બ્રહ્માનંદ પ્રાપ્ત ન થાય. 'ચ' 'અને' શબ્દથી ગોપિકાઓ વિગેરેનાં તત્ત્વરૂપ બીજું પણ કંઠનું આભરણ (ધારણ કરેલ હોવાનું) જણાય છે, અને 'ચ' 'અને' શબ્દ (શ્લોકમાં) જે સ્થલે રહેલો છે તેથી વક્ષઃસ્થલ ઉપર પણ કૌસ્તુભ હોવાનું જણાવેલ છે. તેવા સંજોગોમાં ગોપીઓ અથવા બીજા ભક્તો જગતનો પ્રકાશ કરનારા હોવાનું સિદ્ધ થાય છે. ૪૧.

એ પ્રમાણે આભરણ વિગેરેનો વિનિયોગ કહીને, શરીરમાં રહેલ સૌંદર્યનો અને માહાત્મ્યનો વિનિયોગ નીચેના શ્લોકમાં કરે છે :

**અત્રોપસૃષ્ટમિતિ ચોત્સ્મિતમિન્દિરાયાઃ**
**સ્વાનાં ધિયા વિરચિતં બહુસૌષ્ઠવાઢ્યમ્ ।।**
**મહ્યં ભવસ્ય ભવતાં ચ ભજન્તમંગં નેમુર્નિરીક્ષ્ય નવિતૃપ્તદશો મુદા કૈઃ ।।૪૨।।**

અને એવા આ (જે) (દેહ)માં લક્ષ્મીનો ગર્વ (તેણે) મૂકી દીધેલ છે, જે પોતાના ભક્તોએ બુદ્ધિથી કલ્પેલ છે તેવા, ઘણી સુંદર રચનાવાળા, મારે શંકરને અને તમારે ભજવા યોગ્ય દેહને જોઈને તૃપ્ત ન થએલી દષ્ટિથી આનંદથી મસ્તકોથી નમસ્કાર કર્યા. ૪૨.

લક્ષ્મીનો 'ઉત્સ્મિતં' સૌંદર્યનો ગર્વ આમાં 'ઉપસૃષ્ટમ્' જેમ ધાવણનું પાન કરવા વાછડો કરે, તેમ ભગવાનનાં સૌંદર્યનો થોડો ભાગ પ્રાપ્ત થાય તે માટે તેણે મૂકી દીધેલો છે, એવો અર્થ છે. 'ઈતિ' 'એવા' શબ્દ સમાપ્તિ સૂચવે છે, અને હાથથી દેખાડે છે (એમ જણાવે છે). વળી ત્રણ લોકોનું સૌંદર્ય, અને 'ચ' અને 'અને' શબ્દ હોવાથી બ્રહ્માંડની ઉપરનું પણ (સૌંદર્ય) આમાં ઢંકાઈ ગએલું છે. વળી 'સ્વાનાં' (પોતાના) ભક્તોની નિશ્ચયરૂપ બુદ્ધિથી જે 'વિરચિતં' ઉત્તમ પ્રકારે ધ્યાન વિગેરેથી

કલ્પેલો છે, અને સૌંદર્યથી થતો ગર્વ (જેની આગળ) તજાએલો છે, સૌંદર્ય જ ઢંકાઈ ગએલ છે અથવા તેનાથી પણ આ (ભગવાનનો દેહ) વિશેષ સરસાઈવાળો છે એવા વિચારથી (સૌંદર્યનો) ગર્વ તજેલો[1] છે. આથી વિરુદ્ધ જેઓ લક્ષ્મીનો ભગવાન્ પ્રતિ ગર્વ હોવાનું કહે છે[2], તેઓ લક્ષ્મીનો જ દોષ કહેતા હોવાથી તેઓ અવગણના કરવા યોગ્ય છે. તે વિશ્વાસપાત્ર પણ ન હોવાથી, ભક્તો (પોતાની) બુદ્ધિથી એવી (કલ્પના) કેમ કરે ? ભગવાનનાં સૌંદર્યનાં પ્રાકટ્યનો આ વિનિયોગ સ્પષ્ટ જ કહેલો છે. 'ઘણી સુંદર રચનાવાળા' વિશેષણથી ઉત્તમ રચનાનો વિનિયોગ કહેલો છે. 'સૌષ્ઠવં' એટલે અવયવોની રચનાનો પ્રકાર. વળી તે સૌષ્ઠવ (રચના) બ્રહ્માએ રચેલાં કમલ વિગેરેમાં હોય છે. બ્રહ્મા જેટલું તે જાણે છે, તેટલું તે (કમલ વિગેરેનું) સૌષ્ઠવ છે. તેનાથી પણ અધિક ઘણું જ સૌષ્ઠવ, અને તેનાથી તે (ભગવાનનો) દેહ ભરપૂર છે. તેવું સૌષ્ઠવ પણ પૂરેપુરૂં છે, એવો અર્થ છે. આથી એમ સૂચવેલું છે કે બ્રહ્માંડમાં બ્રહ્માએ રચેલા સિવાયના પણ ઘણા ભગવદીય પદાર્થો છે. તેમ ન હોત તો (ભગવાનનાં) મૂલ (સ્વરૂપ=દેહ)માં તેવું સૌષ્ઠવ દેખાડેલ ન હોત. સૃષ્ટિના પદાર્થોનો આટલે દૂર સુધી ઉપયોગ હોવાથી, અધિક વર્ણન કરેલું નથી.

(આ) મૂલ (સ્વરૂપ) છે એમ જણાવવા 'મારે શંકરને અને તમારે ભજવા યોગ્ય દેહને' એમ કહેલું છે. ભગવાનનું સ્વરૂપ પોતાનાં ફલરૂપ છે એમ જણાવવા 'મહ્યમ્' એ ચોથી (વિભક્તિ) છઠ્ઠીના અર્થમાં (યોજેલી છે). રાજસ, તામસ અને સાત્ત્વિક[3], આધિદૈવિક વિગેરેના ભેદથી જૂદા બધાએ ભજવા યોગ્ય (આ ભગવાનનો) દેહ હતો. 'ભજનીય' 'ભજવા યોગ્ય' એમ કહેવાનું હતું, ત્યાં 'ભજન્તં' 'ભજતું' એમ કહ્યું, તેથી 'જેઓ મને જે પ્રકારે ભજે છે, (તેઓને હું પણ તેજ પ્રકારે ભજું છું') (ભ.ગી. ૪-૧૧) એ વાક્ય પ્રમાણે ભજનને સફલ જણાવેલું છે. 'ભજનીયમ્' 'ભજન કરવા યોગ્ય' પાઠનો અર્થ તો સ્પષ્ટજ છે. બધાએ ભજન કરવા યોગ્ય સ્વરૂપનાં પ્રાકટ્યથી, 'ઈશ્વર નથી' એવા બધાએ વાદો ખોટા હોવાનું સિદ્ધ થયું. તેમ ન હોય તો જેમણે ઘણું ફલ પ્રાપ્ત કરેલ છે તેવા (દેવો)એ ભજન કરવા યોગ્ય કેમ હોય ? વળી આ મોક્ષ માટે ઉપયોગી પદાર્થો નથી, (તેથી) અધિકારીઓએ ભજન કરવા યોગ્ય કેમ હોય ? વળી સૃષ્ટિ (ના પ્રકરણ)માં (આ) કહેવાનું વિરુદ્ધ થાય (ગણાય), અને બ્રહ્મા વિગેરે સદા ભગવાનનું ભજન કરે છે. તેથી બીજા મતો[4] ખોટા ઠરાવવા માટેજ (કહેલું) ભગવાનનું પ્રાકટ્ય (એમ) સૂચવે છે કે બધાએ ભગવાનનું ભજન કરવાનું છે. તેથી સનક વિગેરેએ ભગવાનનાં દર્શન કરીને તેમ જાણેલું હોવાથી 'જોઈને નમસ્કાર કર્યા' એમ કહેલું છે. બધાએ ઉત્તમ

(ગુણો) તેઓની દૃષ્ટિમાં પ્રકાશ્યા, તેથી તેમણે નમન કર્યું. 'તૃપ્ત ન થએલી દૃષ્ટિથી' વિશેષણથી નમનથી થતો દોષ દૂર કરે છે. સારી રીતે તૃપ્ત થએલી નથી દૃષ્ટિ જેઓની તેવા (તેઓ હતા). નમસ્કાર દર્શન (થવા)માં અડચણરૂપ હોવાથી, નમસ્કાર એમ જણાવે કે બહારના (ભગવાનના સ્વરૂપ)માં તેઓને રસ ન હતો. તેમ ન હતું એમ જણાવવા 'તૃપ્ત ન થએલી દૃષ્ટિથી' એમ કહેલું છે. ''છતાં પણ સાધનથી ફલ ઉત્તમ હોવાથી તેમણે દર્શન તજી નમસ્કાર કેમ કર્યા ?'' એવી શંકા થાય, તેથી 'આનંદથી' એમ કહેલું છે. એકવાર દર્શન (થવા)થીજ ગંગામાં જેમ ઘડો બૂડે તેમ તેઓને પૂરેપૂરો આનંદ થયો. તેથી આનંદથીજ નમસ્કાર કર્યા. આનંદેજ તેમને નમસ્કાર કરાવ્યા. આનંદથી ભરપૂર થઈ, (ભગવાનના) ચરણમાં પડ્યા, એવો અર્થ છે. તેવી રીતે દૃષ્ટિ તૃપ્ત ન થઈ એમ તેઓ તુચ્છ ન હોવાનું કહ્યું. 'કૈઃ' મસ્તકોથી નમસ્કાર કર્યા. બ્રહ્મ જાણનારાઓ મસ્તકથી નમસ્કાર કરે તે (જેમને નમસ્કાર કરે તે) બ્રહ્મ હોવાનું સૂચવે છે. ૪૨.

૧. 'ચ' 'અને' શબ્દનો અન્વય 'ગર્વ' સાથે પણ છે, એવા અભિપ્રાયથી આ કહેલ છે. (પ્ર)
૨. આ શ્રીધરનો મત નથી, બીજાનો હોવાનું જાણવું. (પ્ર)
૩. બ્રહ્મા રાજસ, શંકર તામસ અને દેવો સાત્ત્વિક.
૪. બીજાના મતો એટલે શિવભાગવત, શક્તિભાગવત વિગેરેના મતો (પ્ર)

એમ કરવાથી ભગવાનના ગુણો પોતાની અંદર પ્રવેશ કરે છે એમ જણાવવા નીચેના શ્લોકમાં એમ કહે છે કે ભગવાનના ગુણોએ તેઓમાં પ્રવેશ કર્યો :

**તસ્યારવિન્દનયનસ્ય પદારવિન્દકિઞ્જલ્કમિશ્રતુલસીમકરન્દવાયુઃ ।।**
**અન્તર્ગતઃ સ્વવિવરેણ ચકાર તેષાં સંક્ષોભમક્ષરજુષામપિ ચિત્તતન્વોઃ ।।૪૩।।**

તે અરવિંદ નયનના પદરૂપ અરવિંદના કેસરો સાથે ભળેલા તુલસીના રસવાળા વાયુએ પોતાનાં છિદ્ર દ્વારા તેઓની અંદર પ્રવેશ કરીને, તેઓ અક્ષરના ઉપાસકો હોવા છતાં તેમના ચિત્ત અને દેહમાં ખળભળાટ કર્યો. ૪૩.

ભગવાનના ચરણના સંબંધવાળા વાયુએ તેઓનાં ચિત્ત અને દેહમાં ખળભળાટ કર્યો, અને તે અયોગ્ય હતું, કારણ કે તેઓ અક્ષરની ઉપાસના કરનારા હતા. આત્મારૂપ બ્રહ્મની ઉપાસના કરનારા તેઓને દેહ ઈન્દ્રિયો અને અંતઃકરણના ગુણોનું ખોટું ભાન ન થાય. તેથી તેઓને કયાંય ખળભળાટ ન થાય. ભક્તિનો રસ તો (તેઓમાં) નહતો જ. છતાં પણ ભગવાનની સમીપ ભગવાનના ગુણો જેમ મોટા દોષને દૂર કરે છે, તેમ ઉત્તમ ગુણ પ્રાપ્ત કરાવે છે. તે પ્રસંગે તેઓને ઉત્તમ ગુણ પ્રાપ્ત કરાવનાર સંસ્કારો 'તે અરવિંદનયનના....'થી કહે છે. 'તે' પ્રસિદ્ધ (ભગવાન્) પોતે ઈચ્છેલા હોય તે બધાએને ભક્ત કરે છે, તેમ આ પણ ભગવાને ઈચ્છેલા હતા.

આથી[1] એમ જણાવેલ છે કે (ભગવાને પોતાની) ઈચ્છાથી જ તેઓને ભક્ત કર્યા. વળી 'અરવિંદનયન' એટલે કમલ જેવા નયનવાળા ભગવાનની દૃષ્ટિથી જ તેઓનો સંસ્કાર થયો એમ (કહેલ છે). 'અરવિં' સૂર્ય સિવાયનાનો 'દ્યતિ' નાશ કરે તે (અરવિંદ)[2], જેના ઉપર તેઓનો આધાર[3] હતો, તે સિવાયના તેઓના ગુણને પણ દૂર કરતા હોવાથી, તેઓના વિરુદ્ધ ધર્મોને દૂર કર્યા, કારણ કે નયન પહોંચનારું હોવાથી પ્રાપ્ત કરાવનારું છે. તેથી (ભગવાને પોતાની) દૃષ્ટિથી (ભક્તિમાં) અડચણરૂપ ગુણોને દૂર કર્યા, અને (ભક્તિ) કરાવનાર ગુણો મૂક્યા, એમ કહેલું છે. વળી 'પદરૂપ અરવિંદ', એટલે ચરણનો સ્પર્શ તેઓને થએલો. 'પદ્યતે' જાણવામાં આવે તે 'પદમ્' 'પદ' જ્ઞાનરૂપ છે. તેનો સ્પર્શ થતાં તેઓનું અમુક પ્રકારનું જ્ઞાન પણ ગયું. 'અમે આત્માને જ જાણનારા છીએ' એવો તેઓનો આગ્રહ દૂર થયો, એવો અર્થ છે. તે (પદ) 'અરવિંદ' આત્માની અંદર પોતાના પ્રકાશ સિવાયના (ગુણ)ને દૂર કરે છે, એવો જ્ઞાનનો ગુણ કહ્યો. તે (પદરૂપ અરવિંદ)ના થોડે થોડે દોષને દૂર કરનારા કેસરો; ઔષધના જેવા તે (કેસરો)ની સાથે ભળેલો એટલે ભક્તિમાં રહેલ ભક્તપણાંને પ્રાપ્ત કરાવનાર દેહને ઉત્પન્ન કરનારી રજ સાથે ભળેલો જે વાયુ, તે નાસિકા દ્વારા (દેહની) અંદર પ્રવેશ કરીને, સ્થૂલ દેહની દરકાર કર્યા વિના જ (તેની) અંદર શરીર ઉત્પન્ન કરે છે, ત્યારે પહેલાનાં ચિત્ત અને દેહનાં (કેટલાક) અંશથી તે ગ્રહણ અને ત્યાગ કરતો હોવાથી ખળભળાટ થાય તે યોગ્ય જ છે, કારણ કે ગંધનું દ્વાર નાસિકા છે. તેથી ત્યાં ગંધને રોકાણ થતું નથી. વળી આ ગંધ આધિદૈવિક[4] હોવાથી 'સ્વ' 'પોતાના (છિદ્ર)' શબ્દ યોજેલ છે, કારણ કે તેઓને બધાંએ સાધનો સરખાં[5] છે. તેથી જ ચતુઃસન હોવા છતાં પ્રહ્લાદ ભક્ત થએલો. (ભગવાને) જય અને વિજયમાં રહેલી ભક્તિ ચાર (મુનિઓ)માં મૂકી, અને તેઓનું જ્ઞાન તે બેને આપ્યું, એવો અર્થ છે. ૪૩.

૧. શ્લોકમાંના 'તસ્ય' 'તે' શબ્દથી જણાવેલ છે એવો અર્થ છે. ( પ્ર )

૨. આ 'અરવિંદ' શબ્દની વ્યુત્પત્તિ કહેલી છે. ( પ્ર )

૩. તેઓનો આધાર જ્ઞાનરૂપ પ્રકાશ હતો. ( પ્ર )

૪. 'ઘ્રાણં ચ ગન્ધઃ' એ વાક્ય પ્રમાણે નાક ઈન્દ્રિયરૂપ. ( પ્ર ) આધિદૈવિક ગંધ હોવાથી નાસિકા તે ગંધની હતી, એટલે ગંધને તે દ્વારા દેહમાં જવામાં રોકાણ કરે તેવું કોઈ નહતું, એવો અર્થ જણાય છે.

૫. મુનિઓને આધિદૈવિક ગંધ બીજા સાધનો જેવી જ છે. તેથી 'સ્વ' શબ્દના અર્થ 'આધિદૈવિક' ગંધનું ( છિદ્ર ), એવો યોગ્ય છે એવો અર્થ હોવાનું જણાય છે.

તેથી ભક્તોની પેઠે તેમણે પ્રમાણ કર્યા; એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તે વા અમુષ્ય વદનાસિતપદ્મકોશમુદ્વીક્ષ્ય સુન્દરતરાધરકુન્દહાસમ્ ।।**
**લબ્ધાશિષઃ પુનરવેક્ષ્ય તદીયમઙ્ઘ્રિદ્વન્દ્વં નખારુણમણિશ્રયણં નિદધ્યુઃ ।।૪૪।।**

તેઓને આમનું ઘણાં સુંદર અધર ઉપર કુંદના જેવા હાસ્યવાળું, શ્યામ કમલની કળી જેવું મુખ ઉંચા થઈ જોઈને આશિષ પ્રાપ્ત કરીને, ફરીથી નખરૂપ લાલ મણિ જેમાં હતા તેવા તેમના બે ચરણો જોઈને નિશ્ચય (તેમનું) ધ્યાન ધર્યું. ૪૪.

તે ચારેએ 'વૈ' નિશ્ચય ભક્તિથી આકુલ થઈ ભગવાનના બે ચરણોનું ધ્યાન ધર્યું, કારણ કે ભક્તિ સર્વ તરફથી ભગવાનનો સંબંધ પ્રાપ્ત કરાવનાર દેહ ઈન્દ્રિય વિગેરે સર્વમાં એકસાથેજ ખળભળાટ કરે છે, ત્યારે[૧] જ્ઞાન, વિગેરેથી સુખ થતું નથી. (જ્ઞાન અને ભક્તિનો) એક બીજાનો વિરોધ થવાથી મનની[૨] શાંતિ થઈ નથી, તેથી સર્વને શાંતિ કરનાર ભગવાનના બે ચરણારવિંદનું તેઓએ માત્ર ધ્યાન ધર્યું. ધ્યાન (ધર્યાં) પહેલાં તેઓને સુખ ન થવાનું કારણ 'આમનું (મુખ જોઈને)' એમ કહેલું છે. પોતાને ભક્તપણું પ્રાપ્ત કરાવનાર (ભગવાન)નું મુખ જ 'અસિતપદ્મકોશઃ' શ્યામ કમલની કળીરૂપ જોઈને, આશિષ પ્રાપ્ત કરેલા થઈ એટલે (ભગવાનની) પ્રેમવાળી દષ્ટિ પ્રાપ્ત કરીને, ફરીથી ઘણીવાર જોઈને નમસ્કાર કર્યા અને ઘણીવાર મુખનું દર્શન કર્યું. (ભગવાનનાં) માહાત્મ્યનાં જ્ઞાને (નમસ્કારો કર્યા તેણે), અને સ્વરૂપના સૌંદર્યે (મુખદર્શને) (તેમનાં) અંતઃકરણ અને દષ્ટિને વશ કર્યાં. જીવ તો બંનેને અનુસરનારો હોઈ વારાફરતી તેઓનું સમાધાન કરતો હતો, છતાં પણ તેના હૃદયમાં શાંતિ થતી ન હતી. બંનેનું એક પ્રકારે સમાધાન થતું ન હોવાથી એકનો ઉપદ્રવ રહેતોજ હતો. 'શ્યામ કમલની કળી' એ ન હોય તેવા (પદાર્થ)ની ઉપમા (કહેલી છે). બીજા દેશમાં તેવું કમલ હોવાનું સંભવે છે. ઉંચા થઈ જોવામાં નયન કારણરૂપ હોવાથી તેમ કહેલું છે; કારણ કે તે બધું શ્યામ ન[૩] હતું. સ્વરૂપથી અને જ્ઞાનથી આ તેવું થશે એમ જણાવવા 'પદ્મ' 'કમલ' શબ્દ યોજેલ છે. એકજાતના પોતાની જાતનાનું પોષણ કરનાર હોય છે, તેથી 'કોશ' શબ્દથી તેમાં રહેલાઓનું રક્ષણ સૂચવેલું છે. 'ઉંચા થઈ જોઈને' શબ્દથી એમ કહેલું છે કે ચરણમાં પડેલાજ તેઓ મુખારવિંદને જોતા હતા. ઘણું સુંદર જે કુંદનું પુષ્પ, તેના જેવું હતું હાસ્ય જેનું (તેવું મુખ જોતા હતા). આ[૪] (હાસ્ય)જ આશિષ છે. 'ઘણું સુંદર' શબ્દથી[૫] (એમ) કહેલું છે કે પહેલાંની સ્થિતિને રોકનારી માયા પ્રવૃત્તિ કરે તો પણ પહેલાંની અવસ્થામાં થએલું સુખ મટવાનું નથી. વળી 'તરપ્' પ્રત્યય 'અધિક' (શબ્દ)થી (સુંદરતાનું) અધિકપણું કહેલું છે, કારણ કે બ્રહ્માનંદ કરતાં ભજનાનંદ મોટો છે. અથવા 'અધર' ઘણો સુંદર છે[૬]. (તેમ લઈએ) ત્યારે પરમાનંદથી અધિક લોભરૂપ રસ (તેમાં) રાખેલ હોવાથી, તે

રસનો સ્પર્શ કરનારું હાસ્ય ગોપિકાઓ (ને સુખ આપતું તે)ની પેઠે સુખ આપનારું છે. તેનું અધિક સુંદરપણું એમ જણાવે છે કે આનંદમૂર્તિ (ભગવાન)ના અક્ષરાનંદથી અને ભજનાનંદથી (આ) આનંદ મોટો છે. તેમ ન હોય[૭], તો માત્ર મોહ દુ:ખ કરનારો થાય. કુંદના પુષ્પની સરખામણી ભૌતિક પ્રેમ ન હોવાનું જણાવવા કરેલી છે. મોહ પણ ભક્તિ (થાય તે) માટેજ છે, પરંતુ વિષયો માટેનો નથી. 'કું' પૃથ્વીનું 'દ્યતિ' ખંડન કરે તે કુંદ. આવી કૃપા પ્રાપ્ત કરીને ફરીથી (ચરણો) જોતા, તે પોતાનાં હૃદયમાં ભગવાનનાં ચરણારવિંદ પ્રકટ થાય તે માટે. તેથી જ તેમનાં બે ચરણો પ્રકટ થવાથી ચિત્તમાં રખાય, એવા વિચારથી તેમણે ધ્યાન ધર્યું. 'દ્વન્દ્વં' 'બે' શબ્દ અવતારના અભિપ્રાયથી યોજેલો છે. સાકાર બ્રહ્મવાદમાં (બે ચરણો હોવાથી) ઈશ્વર ન હોવાનું સિદ્ધ થતું[૮] નથી. તે ચરણ ભક્તિમાર્ગના પ્રસિદ્ધ સર્વ પુરુષાર્થો આપનાર છે એમ જણાવવા (એમ કહેલું છે કે) નખો જ જે લાલ મણિઓ છે તેઓનો આશ્રય છે જેના ઉપર તેવું (ચરણ છે), કારણ કે નખો અનુરાગ સાથે રહેલા હોવાથી લાલ રંગના ચિંતામણિઓ જેવા છે. આથી એમ સૂચવેલું છે કે તેઓનો બધોએ મનોરથ પૂર્ણ થયો. ૪૪.

૧. 'ત્યારે' એટલે ખળભળાટ હોય ત્યારે. (પ્ર)
૨. 'સમાધાન' એટલે પક્ષપાત. (પ્ર). 'મનની શાંતિ' એવો અર્થ હોવાનું જણાય છે.
૩. કારણપણું જણાવવા નેત્ર અને ભગવાનના મુખમાં સરખા ગુણો હોય તે કહેલા છે.(પ્ર)
૪. 'આ' એટલે હાસ્યથી જણાતી કૃપા. (પ્ર)
૫. ઘણું સુંદર હાસ્ય કહ્યું તેથી. (પ્ર)
૬. પ્રહ્‌લાદ ઉતિલીલામાં ઉપયોગી છે. તેવો આમનો અધિકાર ન હોવાથી, હવે જે વ્યાખ્યાન કરે છે તે ચાલુ પ્રસંગમાં ઉપયોગી ન હોવા છતાં, સ્વરૂપનો વિચાર કરીને આ કહે છે. (પ્ર)
૭. 'તેમ ન હોય તો' એટલે જૂદાં જૂદાં કાર્ય માટે ઉપયોગી સૌંદર્ય ન હોય તો. (પ્ર) અધરનો રસ અક્ષરાનંદથી તથા ભજનાનંદથી મોટો ન હોય તો, એવો અર્થ જણાય છે.
૮. 'અન્યથાસિદ્ધિઃ' એટલે પુનરુક્તિ (ફરી તેજ અર્થ કહેવો તે). (પ્ર). અન્યથા સિદ્ધિઃ એટલે ખોટી રીતે સિદ્ધ કરવું તે. 'આ સ્વરૂપ બ્રહ્મ નથી, કારણ કે તેને ચરણો છે. તેથી બ્રહ્મ હોવાનું ખોટી રીતે સિદ્ધ કરેલ છે' એમ કોઈ કહે તે યોગ્ય નથી, કારણ કે સાકાર બ્રહ્મવાદમાં બ્રહ્મને ચરણ હોય છે. તેથી આ સ્વરૂપ બ્રહ્મ અથવા ભગવાન્ છે એમ ખોટી રીતે સિદ્ધ કરેલું નથી, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે તેઓનું અંદરનું ભક્તનું કૃત્ય કહીને, નીચેના શ્લોકમાં બહારનું સ્તુતિ વિગેરેના ચિહ્નવાળું (ભક્તનું કૃત્ય) કહે છે :

**પુંસાં ગતિં મૃગયતામિહ યોગમાર્ગૈર્ધ્યાનાસ્પદં બહુ મતં નયનાભિરામમ્ ।।**
**પૌંસ્નં વપુર્દર્શયાનમનન્યસિદ્ધૈરૌત્પત્તિકૈઃ સમગૃણન્યુતમષ્ટભોગૈઃ ।।૪૫।।**

આ જગતમાં યોગના માર્ગોથી પુરુષોની ગતિ શોધનારાઓએ ધ્યાન કરવા યોગ્ય, ઘણું આદર પામેલું, નયનોને આનંદ આપનારું, બીજાને પ્રાપ્ત ન થાય તેવા સ્વાભાવિક આઠ ભોગોવાળું પોતાનું પૌરુષ શરીર દર્શાવતા (ભગવાન)ની તેઓએ સારી રીતે સ્તુતિ કરી. ૪૫.

ભગવાનની સ્તુતિ યોગ્ય (વાસ્તવિક) જ છે. પરંતુ ન હોય તેવા ગુણો જણાવીને કરેલી હોતી નથી. ''ભગવાનના ગુણો જાણીનેજ કહેવા જોઈએ, અને ભક્તોજ (તે) ગુણો જાણે છે. વળી આ પહેલાં ભક્તો ન હતા, તેથી તેઓને (તે) ગુણોનું જ્ઞાન ક્યાંથી હોય ?'' એવી શંકા થાય, તેથી 'ભક્તો ન હોવા છતાં પહેલાં આ યોગીઓ હતા, ત્યારે યોગની સિદ્ધિ વિગેરે ભગવાને (તેમને પ્રાપ્ત) કરાવેલ હોવાથી તે (યોગના) માર્ગથી (ભગવાનનું) તેવું માહાત્મ્ય તેમણે જાણેલું' એમ કહેવા માટે પાંચ વિશેષણોથી ઉપયોગી તરીકે ભગવાનને ઓળખાવે છે. યોગમાં (૧) પ્રથમ ધ્યાન કરવા યોગ્ય સ્વરૂપ અને અંતે (૨) યોગની સિદ્ધિઓ આપનારું (સ્વરૂપ) હોય છે. વચ્ચે ત્રણ સ્વરૂપો હોય છે. (૩) સદા ધ્યાન કરવાથી તે (સ્વરૂપ)માં આદર થાય છે, ત્યારે તે 'ઘણું આદર પામેલું' થાય છે. પછી (૪) ભગવાનનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે (તે) બહાર દર્શન આપી નયનને આનંદ આપનારા થાય છે. (૫) અંદર પણ પોતાના દેહની અંદર હૃદયમાં બીજા સ્કંધમાં કહેલા અંગુઠા જેટલા પુરુષનાં દર્શન થાય છે, ત્યારે તેમાં કહેલા પ્રકારથી ફલ પ્રાપ્ત થાય છે, અને અણિમા વિગેરેરૂપ વચલાં ફલ પ્રાપ્ત થાય છે એમ ત્યાંજ કહેલું છે[૧].

યોગ ઘણાં પ્રકારનો હોવાથી જૂદાં જૂદાં ફલ આપવા માટે આજ સ્વરૂપનું ધ્યાન કરવામાં આવે છે, તેથી તેજ સર્વ ફલ આપનારું છે એમ કહેવા, જાતજાતની અથવા મોક્ષરૂપ 'ગતિ શોધનારાઓએ ધ્યાન કરવા યોગ્ય' એમ કહેલું છે. પુરુષોજ યોગીઓ હોવાથી, 'પુરુષોની' એમ કહેલું છે. ઘણાં સમય સુધી યોગ આચરીને યોગના બલથી સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય ત્યારે પ્રાણીઓની શી ગતિ થાય છે એ (જાણવાની) ઈચ્છા થતાં, તેનો નિશ્ચય થાય તે માટે પણ ભગવાનનું ધ્યાન ધરવામાં આવતું હોવાથી, 'શોધનારાઓએ' એમ કહેલું છે. અંતર્યામીનું રૂપજ પુરુષનું સ્વરૂપ છે, કારણ કે તેનેજ સાક્ષાત્ ફલ પ્રાપ્ત કરનારું કહેલ છે. (ભગવાન્) અણિમા વિગેરે ઐશ્વર્ય ઘણાને આપતા હોવા છતાં પોતે (તે) વિનાના થતા નથી એમ જણાવવા, 'બીજાને પ્રાપ્ત ન થાય તેવા' એમ કહેલું છે. ભગવાનનાં અણિમા વિગેરે (ઐશ્વર્યો) બીજાને પ્રાપ્ત થતાં નથી, તેથી (ભગવાન્) આપે છતાં પણ પોતેજ બીજા પાસે જતા નથી પરંતુ (થોડા) ભાગથીજ (જાય છે). તેનું કારણ

'સ્વાભાવિક' વિશેષણથી (કહેલું છે), કારણ કે સ્વાભાવિક (હોય તે બીજે) ન જાય. અણિમા આઠ[2] ભોગો છે. મન સહિત છ જ્ઞાનેન્દ્રિયને સુખ કરનારા અને ગુહ્યના[3] અને વાણીના ભોગ એવા આઠ ભોગો છે. 'આઠ ભાગોથી' એવો પાઠ હોય, ત્યારે પણ તેજ અર્થ થાય છે. સારી રીતની સ્તુતિ આગળ સ્પષ્ટ થશે. ૪૫.

૧. અહિં સુધી (શ્લોકનું) તાત્પર્ય કહેલું છે. પછીના ભાગમાં વ્યાખ્યાન કહેલું છે. (પ્ર)

૨. અણિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, મહિમા, ઈશિત્વ, વશિત્વ અને કામાવસાયિતા એ આઠ સિદ્ધિઓ છે.

૩. 'ગુહ્ય' એટલે જનનેન્દ્રિય.

નીચેના શ્લોકથી આરંભી પાંચ (શ્લોકો)થી (તેઓની) સ્તુતિ કહે છે :

॥ કુમારા ઊચુઃ ॥

**યોઽન્તર્હિતો હૃદિ ગતોઽપિ દુરાત્મનાં ત્વં સોઽદ્યૈવ નો નયનમૂલમનન્ત રાદ્ધઃ ॥**
**યર્હ્યેવ કર્ણવિવરેણ ગુહાં ગતો નઃ પિત્રાઽનુવર્ણિતરહા ભવદુદ્ભવેન ॥૪૬॥**

હે અનંત ! જે હૃદયમાં રહેલ હોવા છતાં પણ દુષ્ટોને અદશ્ય છો, તે આપ આજેજ અમારા નયન સમીપ પધારેલા નથી. આપથી ઉત્પન્ન થએલા અમારા પિતાએ જ્યારે આપનું રહસ્ય અમારી પાસે વર્ણવેલું ત્યારેજ આપ (અમારાં) કર્ણનાં છિદ્રથી અમારા હૃદયમાં પધારેલા. ૪૬.

**યોગે લોકે તથા ભક્તૌ ભવાન્વિખ્યાતમંગલઃ ॥**
**સર્વાત્મના વયં દાસા લબ્ધં તત્ર ચ યત્ફલમ્ ॥૧૦॥**

યોગમાં (૪૬) લોકમાં[1] (૪૭) તેમજ ભક્તિમાં (૪૮) આપ મંગલ હોવાનું પ્રસિદ્ધ છે. અમે સંપૂર્ણ રીતે (આપના) દાસ છીએ (૪૯) અને તે (દાસપણા)માં જે ફલ છે તે (અમને) પ્રાપ્ત થયું છે. (૫૦) કા. ૧૦.

**એતાવતૈવ તૈઃ સ્તોત્રં કૃતં ભક્ત્યાતિવિહ્વલૈઃ ॥**
**અપરાધસ્ય કરણાન્નાધિકં સ્ફુરિતં હૃદિ ॥૧૧॥**

ભક્તિથી ઘણાં વિહ્વલ થએલા તેઓએ આટલીજ સ્તુતિ કરી. તેઓએ અપરાધ કરેલો હોવાથી, (તેમના) હૃદયમાં વધારે સૂઝયું નહિ. કા.૧૧.

તે પૈકી આરંભમાં ભગવાનની બ્રહ્મ તરીકે સ્તુતિ કરતાં, શાસ્ત્રનો અર્થ કહીએ છીએ, અથવા (ખોટી) પ્રશંસા કરીએ છીએ એવું ન થાય (જણાય) તે માટે, પહેલાં દર્શન થએલ ત્યારે જેમનાં દર્શન થએલ તેજ આ (આપ) છો એવી પીછાણ કહેતાં, આ શ્લોકથી (તે સ્વરૂપ) અંતર્યામી હોવાનું દઢ કરે છે[2].

આપ જે દુષ્ટોના હૃદયમાં રહેલા હોવા છતાં પણ (તેઓને) અદશ્યજ છો,

તે આજેજ 'નઃ' અમારા નયન સમીપ 'નો રાદ્ધઃ' પધારેલા નથી, પરંતુ જ્યારે (અમારાં) કર્ણના છિદ્રથી હૃદયમાં પધારેલ, ત્યારેજ પાછા (દેહની અંદર) વાળેલાં નયનથી અમે આપનાં દર્શન કરેલાં હોવાથી, ત્યારેજ (અમારાં) નયનની સમીપ આપ પધારેલા. શાસ્ત્રથી[3] અને અનુભવથી[3] એમ બે પ્રકારે (આ સ્વરૂપ) બ્રહ્મ હોવાનો નિશ્ચય થાય છે. તે પૈકી શાસ્ત્ર એમ કહે છે કે દુષ્ટોને બ્રહ્મનો સાક્ષાત્કાર થતો નથી[4], પરંતુ સત્પુરુષોને સાક્ષાત્કાર થાય છે એમ (કહેતું) નથી[5]. તેમ હોય (તેમ કહેતું હોય), તો (આ સ્તુતિ શાસ્ત્ર કહે છે તેજ) ફરી કહેનારી થાય[6]. તેથી 'આત્મા બ્રહ્મ છે' એવાં વચનરૂપ ઉપનિષદો, અધિકારી ન હોય તેઓને (બ્રહ્મનો) સાક્ષાત્કાર થતો નથી એમ સિદ્ધ કરનારાં છે. તેજ (અર્થ) અહિં 'આપ જે દુષ્ટોનાં હૃદયમાં રહેલા હોવા છતાં પણ (તેઓને) અદૃશ્ય છો' એમ કહેલ છે. તે આપજ છો. આથી એમ કહેલું છે કે (આપ) શાસ્ત્રમાં જણાવેલા ભગવાનજ છો. તેજ (ભગવાન્) હૃદયમાં પ્રકાશે છે એવો (પોતાનો) અનુભવ 'તે આજેજ (અમારાં નયન સમીપ પધારેલા નથી)' શબ્દોથી કહે છે. (ભગવાન્) બહાર ઈન્દ્રિયોથી જણાય, તો આત્મા ન હોય (ગણાય), તેથી 'આત્માનાં દર્શન કરવાના અભ્યાસવાળાનું અમારું આ નયન પણ પાછું વળેલુંજ[7] છે, તેથી 'આ બહારનું દર્શન નથી' એમ કહેવા માટે, પહેલાંનાં દર્શન સાથે (આ દર્શનનું) સમાનપણું જણાવતાં કહે છે કે 'આજેજ (અમારાં) નયનની સમીપ પધારેલા નથી[8]' આ (હમણાં થાય છે તે) દર્શન પહેલું દર્શન ન હોવાથી, (તેનો) અનાદરજ (કરે છે), પહેલુ દર્શન ન જણાએલ વિષયનું જ્ઞાન કરાવનારું હોવાથી, તેજ આદરને પાત્ર છે.

ભક્તિમાર્ગ પ્રમાણે પણ અંદર ભગવાનનો સાક્ષાત્કાર થએલો છે એમ કહેવા, 'કર્ણનાં છિદ્રથી (અમારાં) હૃદયમાં પધારેલા' એમ કહેલું છે. તેમ (કહેવું) ન હોત[9] તો (દેહની) અંદરજ પ્રકટ થયાનું કહેત. ભગવાન્ સંબંધી શાસ્ત્ર તો 'કર્ણનાં છિદ્રથી પ્રવેશ કરેલાં[10]' (૨-૮-૫) (એમ કહે છે). પહેલાં પણ અમે ભગવદીઓજ હતા, તેવા ન હોત, તો અમારા પિતા બ્રહ્મા આપ સંબંધી રહસ્ય અમને ન કહેત. 'બ્રહ્માને શાસ્ત્રના અધિકારનું જ્ઞાન નથી' એમ પણ કહેવું યોગ્ય નથી, કારણ કે તે સાક્ષાત્ આપના ઔરસ પુત્ર છે. તેથી 'પોતાના (ભક્તોના) ભાવરૂપી કમલ' (૨-૮-૫)[10] એ વાક્યનો વિરોધ થતો નથી.૪૬.

૧. 'લોકમાં' એટલે સર્વ લોકે વંદન કરવા યોગ્ય વૈકુંઠ લોકમાં. (પ્ર)
૨. હૃદયમાં પ્રવેશ કરેલ, વિગેરે કહી દઢ કરે છે. (પ્ર)
૩. 'તે ઔપનિષદ પુરુષ સંબંધી પૂછું છું' વિગેરે શ્રુતિ શાસ્ત્રથી, અને 'મનથી જ જાણવું' વિગેરે

શ્રુતિ અનુભવથી બ્રહ્મનો નિશ્ચય કરનારી છે. (પ્ર)
૪. 'ચક્ષુથી કોઈ આમનું દર્શન કરતા નથી' 'તેમને તમે જાણતા નથી' 'આ આત્મા બલવિનાનાથી પ્રાપ્ત થાય તેવો નથી' વિગેરે શ્રુતિઓ એમ કહે છે. (પ્ર)
૫. ત્યારે 'શોકરહિત તેમનાં દર્શન કરે છે' વિગેરે શ્રુતિઓનું શું થાય ? એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'જગત્ રચનારની કૃપાથી (દર્શન થાય છે)' 'જેનું આ વરણ કરે છે તેનાથીજ પ્રાપ્ત થાય તેવા છે' એમ શ્રુતિઓમાં બીજું સાધન કહેલ હોવાથી, માત્ર સત્ત્વ (સત્પુરુષ) હોવાથી સાક્ષાત્કાર થવાનું તે શ્રુતિ પણ કહેતી નથી. (પ્ર)
૬. 'માત્ર સત્ત્વથીજ સાક્ષાત્કાર થાય છે, એમ માનવામાં શું દોષ ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે. 'આત્માનું દર્શન કરવું' 'મનથીજ દર્શન કરવું' એ શ્રુતિઓએ કહેલ અર્થજ (આ સ્તુતિ) ફરી કહેનારી થાય. (પ્ર)
૭. અહિં પણ માત્ર સત્ત્વથી દર્શન થતાં નથી, પણ સાધનથી જ અનુભવ થવાનું કહેલ હોવાથી, આ સ્તુતિ શ્રુતિનો માત્ર અનુવાદ નથી, એવો અર્થ છે. (પ્ર)
૮. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'ન નયનમૂલં રાદ્ધઃ' પાઠ લીધેલો છે.
૯. ભગવાનની કૃપા પણ દર્શન કરાવવામાં સહકારી છે તેમ કહેવું ન હોત તો. (પ્ર)
૧૦. ''એમ કહેવાથી ભક્તિમાર્ગને અનુસરેલ હોવાનું કેમ જણાય ?'' એવી શંકા થાય, તેથી ભગવચ્છાસ્ત્રનાં વાક્યો કહેલાં છે. તે વાક્યો પ્રમાણે થવાથી તેને અનુસરેલ હોવાનું જણાય, એવો અર્થ છે. (પ્ર)

એ પ્રમાણે પરબ્રહ્મ તરીકે ભગવાનની સ્તુતિ કરીને, '(બીજાના ગુણોના આમનામાં) આરોપ કરીને એમ કહેતા હશો' એવી શંકા નીચેના શ્લોકથી દૂર કરે છે :

**તં ત્વા વિદામ ભગવન્પરમાત્મતત્ત્વં સત્ત્વેન સંપ્રતિ રતિં રચયન્તમેષામ્ ।।**
**યત્તેऽનુતાપવિદિતેર્દઢભક્તિયોગૈરુદ્ગ્રન્થયો હૃદિ વિદુર્મુનયો વિરાગાઃ ।।૪૭।।**

હે ભગવન્ ! આપ હમણાં સત્ત્વરૂપથી આમની પ્રીતિ કરનાર તે પરમાત્મ-તત્ત્વ હોવાનું અમે જાણીએ છીએ કે જેનો અનુતાપથી જાણેલા દઢ ભક્તિયોગોથી ગાંઠરહિત થઈ, વૈરાગ્ય પ્રાપ્ત કરેલા મુનિઓ હૃદયમાં અનુભવ કરે છે. ૪૭.

આપ તેજ પરબ્રહ્મનું સ્વરૂપ હોવાનું અમે જાણીએ છીએ. જૂદું જાણીને જૂદું કહેવા માટે ઉત્પ્રેક્ષા (કરાય છે). તેવું ચાલુ પ્રસંગમાં નથી. પરંતુ આપ પરમાત્મ તત્ત્વજ (છો, એ) અમે જાણીએ છીએ. આ (મુનિઓ) સાંખ્યને અનુસરનારા[1] છે. આ 'તત્ત્વ' શબ્દ સર્વત્ર યોજે છે. 'તત્ત્વ' એટલે કુદરતી રૂપ. તે તત્ત્વોમાં (આમના મત પ્રમાણે) આત્મા પણ એક તત્ત્વ છે. તેઓના (મત પ્રમાણે) તે આત્મા પણ ત્રણ પ્રકારનો છે. (૧) આપણે વિગેરે જીવો (આત્માના) અંશ જેવા છીએ, તે પણ 'આત્મા' એમ કહેવાઈએ છીએ (૨) પ્રકૃતિનો અધિષ્ઠાતા જે મુખ્ય છે, તે પણ પચીસ તત્ત્વોમાં 'પરઃ' શ્રેષ્ઠ (આત્મા) કહેવાય છે. (૩) તેનાથી પણ ઉત્તમ સંગરહિત ઉદાસીન પરમાત્મા છે. તેજ પ્રાપ્ત કરવા યોગ્ય છે. એવા અમે આપને

જાણીએ છીએ. એવો અર્થ છે. ''તે (પરમાત્મતત્ત્વ) પોતાની મેળે પ્રકાશનારું, અથવા 'આત્મા' શબ્દના અર્થ તરીકે જણાય તેવું હોવાનું સંભવે છે, પરંતુ નયનથી દેખાય તેવું (હોવાનું સંભવતું) નથી'' એવી શંકા થાય, તેથી તેઓના મત પ્રમાણે 'દેખાય તેવું' હોવાનું 'હમણાં સત્ત્વસ્વરૂપથી આમની પ્રીતિ કરનાર' શબ્દોથી સિદ્ધ કરે છે. હમણાં વૈકુંઠમાં રહેનારા આ ભક્તોને પ્રીતિ ઉત્પન્ન થાય તે માટે શુદ્ધ સત્ત્વને પુરુષના આકારવાળું કરીને આપ રહો છો, એવો અર્થ છે. સંગરહિત ઉદાસીનજ (આપ) પોતાના ભક્તોને અનુકૂલ થવા તેમ કરો છો. તેમ ન કરો તો તે ફલરૂપ અને શાસ્ત્રના અર્થરૂપ ન થાય.

વળી જો ભગવાન સત્ત્વ પ્રકટ ન કરે, તો (તેમનું) જ્ઞાન પણ પ્રાપ્ત થાય નહિ, એમ ઉત્તરાર્ધથી કહે છે. જ્યારે ફરતાં જીવાત્માને ઘણા સમય સુધી ઘણું દુઃખ થાય છે, ત્યારે આણે પોતાના (ભગવાનના) આનંદનો અનુભવ કરવા યોગ્ય દુઃખ પ્રાપ્ત કર્યું છે એવા વિચારથી (તેના ઉપર) ભગવાનની કૃપા થાય છે. તે દુઃખ ભગવાનથીજ થએલ હોવાથી, (ભગવાનની) કૃપાજ અનુતાપ (દુઃખ)નાં સ્વરૂપમાં કહેલી છે. બીજા પ્રકારે અલૌકિક યોગના પ્રકારો લૌકિક બુદ્ધિથી જણાય તેવા નહિ હોવાથી, ભગવાનની કૃપાથીજ તેવા યોગના માર્ગોનું જ્ઞાન થાય છે. તે (માર્ગો)જ દઢ અને ભક્તિમાં મુખ્ય છે, અથવા ભક્તિમાર્ગના પ્રસિદ્ધ યોગો છે. ભગવાનનું સત્ત્વ પ્રકટ થાય, ત્યારેજ આ (ફલ) થાય છે. વળી (ભગવાનની) કૃપાથીજ ગાંઠરહિત થવાય છે, કારણ કે અહંકારની ગાંઠ રજોગુણથી અને તમોગુણથી દઢ થાય છે, તે ભગવાનનું સત્ત્વ પ્રકટ થવાથી જ ઢીલી પડે છે. વળી તે (સત્ત્વ)થીજ મુનિ અને વૈરાગ્યવાળા પણ થવાય છે. એકલા ભક્તિયોગોથી (ભગવાનનું) જ્ઞાન થતું નથી, પણ ભગવાનના સત્ત્વસાથેના (ભક્તિયોગો)થી થાય છે. તેથી સર્વ ઉપર ઉપકાર કરનારા હોવાથી (ભગવાન્) સત્ત્વ પ્રકટ કરે છે, એવો અર્થ છે. ૪૭.

૧. હંસગીતામાં તેમ સિદ્ધ થએલું હોવાથી, તેમ કહેલું છે. (પ્ર)

એવી રીતે સત્પુરુષોના માર્ગ પ્રમાણે આ સત્ત્વસ્વરૂપ છે એમ કહીને, ભક્તિમાર્ગ પ્રમાણે તે સ્વરૂપ પરમ પુરુષાર્થરૂપજ છે એમ નીચેના શ્લોકમાં કહે છે :

**નાત્યન્તિકં વિગણયન્ત્યપિ તે પ્રસાદં કિન્ત્વન્યદર્પિતભયં ભ્રુવ ઉન્નયૈસ્તે ।।**
**યેઽઙ્ગ ! ત્વદઙ્ઘ્રિશરણા ભવતઃ કથાયાઃ કીર્તન્યતીર્થયશસઃ કુશલા રસજ્ઞાઃ ।।૪૮।।**

હે અંગ (વહાલા) ! જેઓ આપના ચરણને શરણ આવેલા છે, કીર્તન કરવા યોગ્ય અને તીર્થરૂપ યશવાળા આપની કથામાં કુશલ, (અને તેનો) રસ જાણનારા છે, તેઓ આપના મોક્ષરૂપ પ્રસાદનો પણ ઘણો આદર કરતા નથી, તો પછી આપની

ભ્રુકુટિ ઉંચી લેવાથી જેઓને ભય થાય છે તેવા બીજાનું તો કહેવું જ શું ? ૪૮.

હે અંગ (વહાલા) ! જેઓ આપના ચરણને શરણ આવેલા છે, તેઓ મોક્ષનો પણ ઘણો આદર કરતા નથી. જે પ્રકારનો સંસાર જતો રહેલો છે તે સંસાર પાછો તે આત્મામાં ઉત્પન્ન ન થાય, તેવા મોક્ષને 'આત્યન્તિક' કહેલો છે[૧]. તે પણ પોતે કરેલા સાધનથી પ્રાપ્ત થાય તેવો નથી, પરંતુ પ્રસન્ન થએલા ભગવાન્ તૈયાર પદાર્થ હોય તેમ તે આપે છે. તેવો (મોક્ષ) તેઓ લેતા નથી એ તો ઘણું દૂર રહ્યું, કારણ કે (તેનો) આદર પણ કરતા નથી. 'ભક્તો ભગવાનના પ્રસાદનો આદર કેમ ન કરે[૨] ?' એવી શંકા થાય, તેથી 'ઘણો આદર કરતા (નથી)' એમ કહેલું છે. (મોક્ષનો) આદર કરે છે, પણ ભક્તિનો જેમ વિશેષ સ્વરૂપથી (ભગવાનના) પ્રસાદ તરીકે આદર કરે છે, તેવો મોક્ષનો આદર કરતાં નથી, એવો અર્થ છે. અહિં 'આદર ન કરવો'નો અર્થ 'અવગણના કરવી' એવો નથી, પરંતુ ભગવાનના પ્રસાદોની ગણના કરવામાં આવે, ત્યારે (મોક્ષ) સદા હોવોજ જોઈએ એવો હોવાનો (તેનો) આદર કરતા નથી. જ્યારે મોક્ષનીજ આવી વ્યવસ્થા છે, ત્યારે બીજાનું તો કહેવુંજ શું ? 'તુ' 'તો' શબ્દ વિષયોમાં આસક્તિને (બીજાની ગણત્રીમાંથી) બાતલ કરે છે, કારણ કે જેઓ વિષયોમાં ઘણા આસક્ત હોય તેઓ મોક્ષનો આદર કરતા નથી.

'ભક્તિમાં ઉપયોગી પદાર્થો ભગવાનની સેવા માટે ઉપયોગી હોવાથી, ભક્તોને (તેમની) જરૂરજ હોય છે. તેઓનો[૩] આદર કેમ ન કરે ?'' એવી શંકા થાય, તેથી 'અન્યત્' 'બીજાનું' એમ કહેલ છે. 'બીજું' એટલે ભગવાનની સેવામાં ઉપયોગી ન હોય તેવું; પરંપરાથી પણ ઉપયોગી ન થાય તેવું, એમ જણાવવા 'જેઓને ભય થાય છે' એવું બીજું વિશેષણ કહેલું છે. 'ભય' એટલે મૃત્યુ. ભગવદીય પદાર્થોનું આજ દૃષ્ટાંત છે કે જે ભય ઉત્પન્ન કરનાર ન હોય, અને નાશવંત ન હોય, તેનું કારણ 'આપની ભ્રુકુટિ ઉંચી લેવાથી' શબ્દોથી કહેલું છે. આપ ભગવાનની જે ભ્રુકુટિ તેજ કાલ છે. તેને ઉંચે લેવી એટલે સર્વ વિરોધોનું ઉલ્લંઘન કરીને કાર્ય કરવું; કારણ કે ભગવાન્ પોતાના ઈચ્છેલા પદાર્થોને તેવા કરતા[૪] નથી.

મોક્ષનો આદર ન કરવાની યોગ્યતા ઉત્તરાર્ધથી કહેલી છે. 'હે અંગ (વહાલા) !' એ સંબોધન શ્રવણ વિગેરે (થતાં) હોય ત્યારે (ભક્ત) ભગવાનની સમાન થતા હોવાથી, અથવા તેવી ભક્તિનું (ભગવાન્) અંગ હોવાથી, કોમલ સંબોધન જણાવનારું છે. આથી પણ મોક્ષનો આદર ન કરવાનું (કારણ) કહેલું છે, કે મોક્ષ આપનારા ભગવાનજ જે (ભક્તિ)માં ગૌણ બને છે. તેઓની બધીએ સામગ્રી મોક્ષથી પણ અધિક હોવાનું કહે છે. તે પૈકી આરંભમાં 'આપના ચરણને શરણ

આવેલા છે' વિશેષણથી તેઓનાં ઘરનું નિરૂપણ કરે છે. આપનાં બે ચરણોજ તેઓનું શરણ અથવા રક્ષણ કરનાર છે. મોક્ષ વિગેરે સર્વ જે ચરણના પ્રસાદના થોડા ભાગરૂપ છે તે (ચરણ) એકમાં આધાર થાય છે, (અને) બીજામાં[5] સેવક થાય છે. સ્વતંત્ર ભગવાનની ભક્તિ સાત પ્રકારની[6] છે, અને એક પછી એક અધિક છે. તે પૈકી પહેલી સ્થિતિમાં રહેલાઓજ (મોક્ષનો) આદર કરતા નથી, તો પછી છેલ્લી સ્થિતિમાં રહેલાઓનું તો કહેવુંજ શું ? એમ સૂચવવા 'આપની કથામાં (કુશલ)' એમ કહેલું છે. જેઓ કથાનો રસ જાણનારા છે (તેઓ આદર કરતા નથી). રૂપલીલામાં[7] અને નામલીલામાં બંનેમાં ભગવાનનો રસ રહેલો છે. તે પૈકી રૂપલીલામાં આસક્તિવાળાઓ ભગવાનને અનુકૂલ પણ રહે છે, કારણ કે તેમ ન કરે, તો સેવા કરી ન શકાય. તેથી અહિં કથાનો રસજ કહેલો છે. કથાનો રસ અનુભવથીજ જણાતો હોવાથી 'રસ જાણનારા' એમ કહેલું છે. જેમ કામ વિગેરે હૃદયમાં હોય, ત્યારેજ કામિની વિગેરેનાં નામ રૂપ તથા રસનો અનુભવ થાય છે, અને તેમાં રસના અનુભવ વિના બીજું કાંઈપણ તેવું[8] પ્રમાણ નથી. વળી અધિકારવાળામાં કામ વિગેરે ન હોય, ત્યારે તે રસ (તેને) સ્ફૂરતો નથી, કારણ કે રસો અધિકારવાળાનેજ સ્ફૂરે તેવો નિયમ છે. તેથી રસ જાણનારાજ કહેલા છે. વળી તે (કથાના રસનો) અધિકાર શાસ્ત્ર અને અનુભવથી, પ્રેમ અને જ્ઞાનથીજ થાય છે.બીજા રસમાં જેઓનું ચિત્ત લાગેલ હોય, તેમને આ (કથા)માં રસ થાય નહિ, તેથી તેઓને બાતલ કરવા માટે 'કીર્તન કરવા યોગ્ય અને તીર્થરૂપ યશવાળા' એવું ભગવાનનું વિશેષણ કહેલું છે, કારણ કે કથા યશ દર્શાવનારી છે, અને બધાનો તથા ભગવાનનો યશ શ્રવણ કરતાં રસ ઉત્પન્ન કરનારી હોય છે. સ્વભાવિક[9] બીજો રસ પહેલાના રસમાંની આસક્તિને દૂર કરે છે એ અનુભવથી સિદ્ધ થએલું છે. વિશેષ સ્વરૂપથી પણ (બીજો રસ) પહેલાના રસને દૂર કરે છે, એમ જણાવવા 'કીર્તન કરવા યોગ્ય' (અને) 'તીર્થરૂપ' એવાં બે (યશના) વિશેષણો (કહેલાં છે). જેનાથી કીર્તન કરનારને શાસ્ત્રથી અથવા અનુભવથી રસ ઉત્પન્ન થાય, તેજ કીર્તન કરવા યોગ્ય છે. અર્થ અને કામ અનુભવથી રસ ઉત્પન્ન કરનારા છે, (અને) ધર્મ તથા મોક્ષ શાસ્ત્રથી (રસ ઉત્પન્ન કરનારા છે). જે સર્વને ગમતું હોય તે કીર્તન કરવા યોગ્ય છે. તેવું લોકમાં ન હોવાથી, ચારે (પુરુષાર્થોથી થતા) રસ પ્રાપ્ત કરાવનાર ભગવાનનો યશજ છે, એમ 'કીર્તન કરવા યોગ્ય' વિશેષણથી કહેલ છે. બહારથી અને અંદરથી ઉપકાર કરવાના ભેદથી (૧) ગુરુરૂપ અને (૨) જલરૂપ એવા બે પ્રકારનું તીર્થ કહેલું છે. વધારે સાધન કરવા શક્તિ ન હોય તેવો સર્વ પુરુષાર્થો (પ્રાપ્ત કરવા) ઈચ્છનાર પુરુષ તે બંનેનો આશ્રય કરે છે, અને તે બે[10]

સ્થિતિને નભાવનારા છે. તેથી મરણ સુધી તેમાં (તેના આશ્રયે) રહે તો સહેલાઈથી પુરુષાર્થ પ્રાપ્ત થતો હોવાથી હરકોઈ પુરુષાર્થમાં જેની આસક્તિ હોય તેણે ભગવાનનો યશ તીર્થરૂપ હોવાથી તેનુંજ શ્રવણ કરવું જોઈએ, એવો અર્થ છે. 'કુશલ' શબ્દથી આ વિષયમાં સ્વભાવિક અધિકાર સૂચવનારું વિશેષણ કહેલું છે. નિપુણપણું અને તીક્ષ્ણ બુદ્ધિની જરુર છે, એવો (આ વિશેષણનો) અર્થ છે. ૪૮.

૧.આ વાક્યથી 'આત્યંતિક' મોક્ષનું સ્વરૂપ કહેલું છે. (પ્ર)
૨. શ્રીમદ્ભાગવત ૨-૭-૩૧. વાક્યથી ભગવાનના પ્રસાદથી વિમુખ રહેવામાં દોષ દેખાડેલ હોવાથી, તેનો આદર કેમ ન કરે ? (પ્ર)
૩. 'તેઓનો' એટલે મોક્ષ સિવાયનાનો (પ્ર) ભગવાનની સેવામાં ઉપયોગી પદાર્થોનો એવો અર્થ હોવાનું જણાય છે.
૪. 'તેવા' એટલે નાશવંત, એવો અર્થ જણાય છે.
૫. 'બીજામાં' એટલે રક્ષણ કરનાર હોય ત્યારે. (પ્ર)
૬. 'સાત પ્રકારની' એટલે દાસ્ય સુધીની. (પ્ર) શ્રવણ, કીર્તન, સ્મરણ, અર્ચન, પાદસેવન, વંદન અને દાસ્ય, એ ભક્તિના પહેલા સાત પ્રકાર છે.
૭. ભગવાન્ પોતાના સ્વરૂપથી લીલા કરે તે રૂપલીલા. તેમના ગુણોનું શ્રવણ વિગેરે નામલીલા.
૮. 'તેવું' એટલે અનુભવ કરાવનારું. (પ્ર)
૯. 'સ્વાભાવિક' એટલે સ્વભાવથીજ રસરૂપ. (પ્ર)
૧૦. 'તે બે' એટલે તે બે તીર્થો (ગુરુ અને જલ). (પ્ર)

એવી રીતે ભક્તિમાર્ગ પ્રમાણે ભગવાનની સ્તુતિ કરીને પોતે અપરાધરહિત થાય તે માટે, સંકલ્પ કરતા હોય તેમ નીચેના શ્લોકમાં પોતાનો દોષ કહે છે :

**કામં ભવઃ સ્વવૃજિનૈર્નિરયેષુ નઃ સ્તાચ્ચેતોઽલિવદ્યદિ નુ તે પદયો રમેત ॥**
**વાચસ્તુ નસ્તુલસિવદ્યદિ તેઽઙ્ઘ્રિશોભાઃ પૂર્યેત તેગુણગણૈર્યદિ કર્ણરન્ધ્રઃ ॥૪૯॥**

જો અમારું ચિત્ત ભ્રમરની પેઠે આપના બે ચરણોમાં રમણ કરે, જો અમારી વાણી તો તુલસીની પેઠે આપના ચરણથી શોભાવાળી થાય, જો (અમારાં) કર્ણનાં છિદ્ર આપના ગુણોના સમુહથી ભરપૂર થાય તો અમારાં પાપોથી ભલે અમારો જન્મ નરકોમાં થાઓ. ૪૯.

જય અને વિજયને અમે છલથી શાપ આપેલ છે એવી સ્થિતિ નથી, પણ ભગવાનનાં દર્શનની ઈચ્છાથી (શાપ આપેલ). તેમજ હોય, તો અમારું અનિષ્ટ થાઓ, એમ આ શ્લોકમાં કહે છે. 'સ્વવૃજિનૈઃ' એટલે (અમે) પોતે કરેલાં પાપથી. ચોક્કસ દુઃખ આપનારું અથવા નિયમપૂર્વક દુઃખ આપનારું પાપ 'વૃજીન' કહેવાય છે. તેથી જે બીજાને દુઃખ આપે છે, તે પોતે પણ દુઃખ પામે છે. તેથી કામ વિગેરે નરકનાં દ્વાર હોવાનું શાસ્ત્રમાં કહેલું હોવાથી, 'નઃ' અમારો જન્મ નરકોમાં ભલે

થાઓ. 'ત્રણ પાપી' (શ્લો. ૩૪) એમ કહેલું હોવાથી, તે બે (જય તથા વિજયને) કામ વિગેરે આપેલાં છે. 'નરકોમાં' એ બહુવચન ત્રણના અર્થમાં કહેલું નથી, કારણ કે ઉત્તમ દેશ વિગેરેમાં કરેલું દાન અધિક ફલ પ્રાપ્ત કરાવનારું હોય છે. 'સ્તાત્' 'થાઓ' શબ્દમાં આજ્ઞાર્થ પ્રાર્થનાના અર્થમાં યોજેલ છે. નરકમાં જન્મ અંગીકાર કરવાનું અને ન અંગીકાર કરવાનું બનેનું કારણ '(જો અમારું) ચિત્ત ભ્રમરની પેઠે...'થી કહેલું છે. જેમ રસમાં ગરકાવ થએલો ભ્રમર કાલની પણ દરકાર કરતો નથી, રાત્રે પણ ત્યાં (કમલમાં) રહીને બંધાઈ જાય છે, તેમ જો અમારું ચિત્ત આપના બે ચરણોમાં રમણ કરે, તો દેહ નરકમાં રહે તેથી અમને દુઃખ નહિ થાય. જો ભ્રમરની પેઠે આપનાં બે ચરણોમાં અમારો પ્રેમ થશે, તોજ અમારો નરકમાં વાસ થશે, કારણ કે તે (ભ્રમર) મધના લોભથી પુષ્પોની પીડાની દરકાર ન કરતાં મધનું પાન કરે છે, તેમ (આપનાં) દર્શન કરવા દ્વારપાલનો અપરાધ અમે પણ જો ફળ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી કરેલ હોય, તો અમારું પણ બંધન (નરકવાસ) થાઓ, તેમ ન હોય તો ન થાઓ, એવો અર્થ છે.

એ પ્રમાણે મન વિષે કહીને, '(જો અમારી) વાણી તો' થી વાણી વિષે કહે છે. જો અમારી વાણી તુલસીની પેઠે (આપના ચરણથી શોભાવાળી થાય...), જેમ તુલસી સુંદર રૂપ ગંધ વિગેરે વિનાની હોવા છતાં (ભગવાનના) ચરણારવિંદમાં શોભે છે, તેમ (અમારી) વાણી પણ પદનું ચાતુર્ય વિગેરેની દરકાર વિનાજ જો ભગવાનના ગુણો જણાવનારી હોવાથીજ શોભાવાળી થાય, તો પણ નરકમાં વાસ દુઃખકારક નહિ થાય. 'તુ' 'તો' શબ્દ પહેલાના (ચિત્તસંબંધી) વિચારનો બહિષ્કાર કરે છે; તેથી બેને ભેગા કરેલા નથી. વળી જેમ તુલસી બીજાની પ્રેરણાથી (ભગવાનના) ચરણને પ્રાપ્ત કરે છે, તેમ જો બીજાની પ્રેરણાથી ભગવાનના ગુણો અમારી વાણીમાં આવેલ હોય, તો (અમને) નરક પ્રાપ્ત થાઓ. જો તેઓ પોતાની મેળે (અમારી વાણીમાં) આવેલ હોય, તો (નરક) પ્રાપ્ત નહિ થાય, એવો અર્થ છે.

'(જો અમારાં કર્ણનાં છિદ્ર આપના ગુણોના સમુહથી) ભરપૂર થાય' એમ કાયા વિષે કહે છે. જો (આપના) ગુણોના સમૂહથી અથવા પેટા-વિભાગના ભેદવાળા (ગુણો)થી (અમારાં) કર્ણનું છિદ્ર ભરપૂર થાય એટલે (ગુણો) બહુ થયા એમ તે માને; અથવા (ગુણોનાં) ચાલુ શ્રવણને લીધે જેમ બીજું કોઈ (તેમાં) પ્રવેશ ન કરે તેવી રીતે (ગુણોથી) તે સદા ભરપૂરજ રહે, તો ઉપર પ્રમાણે (થાઓ), એવો અર્થ છે. ૪૯.

એ પ્રમાણે પોતાનો અપરાધ થતાં પોતેજ પોતાની સજા કહીને

''(ભગવાનના) સમાગમમાં આવેલાને શું આજ ફલ પ્રાપ્ત થયું ?'' એવી શંકા થાય, તેથી સમાગમનું ફલ પ્રાપ્ત થયું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**પ્રાદુશ્ચકર્થ યદિદં પુરુહૂત રૂપં તેનેશ નિર્વૃતિમવાપુરલં દશો નઃ ।।**
**તસ્મા ઈદં ભગવતે નમ ઈદ્વિધેમ યોઽનાત્મનાં દુરુદયો ભગવાન્પ્રતીતઃ ।।૫૦।।**

હે પુરુહૂત ! હે ઈશ ! આ સ્વરૂપ જે આપે પ્રકટ કર્યું, તેનાથી અમારાં નયનો ઘણુંજ સુખ પામ્યા છે. જે ભગવાન્ અનાત્માઓને પ્રકટ ન થનારા તરીકે જણાએલા છે તે ભગવાનને આ નમસ્કાર જેવું કરીએ છીએ. ૫૦.

હે પુરુહૂત ! આ જે સ્વરૂપ આપે પ્રકટ કર્યું, તે પ્રકટ થએલા સ્વરૂપથી (અમારાં) નયનો સુખ પામ્યાં છે, નયનોને ઘણોજ સંતોષ થયો છે, એવો અર્થ છે. એ પ્રમાણે સુખ આપનારને સામો બદલો પણ નમસ્કારથીજ (કરીએ છીએ), એમ ઉત્તરાર્ધથી કહે છે. તે ભગવાનને આ નમસ્કાર જેવું કરીએ છીએ. શાસ્ત્ર પ્રમાણે (નમસ્કાર) કરી શકાય તેમ નથી, તેથી (નમસ્કારનું) માત્ર અનુકરણ (કરીએ છીએ), એમ જણાવવા 'ઈત્' 'જેવું' શબ્દ કહેલો છે. 'ઈત્' એ 'જેવુ'ના અર્થવાળો અવ્યય છે. 'પુરુભિઃ' ઘણાથી 'હૂયતે' આહ્વાન કરવામાં આવે તે, અથવા 'પુરુધા' ઈંદ્ર વિગેરે ઘણાં સ્વરૂપથી 'હૂયતે' આહ્વાન કરવામાં આવે તે 'પુરુહૂત' એટલે યજ્ઞસ્વરૂપ. (ભગવાન્) પધાર્યા તેજ પોતાના (મુનિઓ) માટેનું પ્રકટ થવું. (જય તથા વિજયને) શાપ આપવાથી (અમારા) ચિત્તમાં દુઃખ થએલું હોવાથી, અંતઃકરણમાં તો (અમને) સુખ થયું નથી, એવો ભાવ છે. વળી આ ફલ થોડું છે એમ ન માનવું, કારણ કે અનાત્માઓને આપ પ્રકટ ન થનાર તરીકે 'પ્રતીતઃ' જણાએલા છો. 'ન વિદ્યતે' નથી 'આત્મા' આત્મા જેઓને, તે અનાત્મા. જેઓએ બહિર્મુખપણું વિગેરેથી આત્માનોજ નાશ કરેલો છે, તેઓને આપ 'દુરુદયઃ' પ્રકટ થતા નથી, અથવા (તેઓને) દુઃખ થાય, તે માટે (આપ) પ્રકટ થતા નથી. 'આ (સ્વરૂપ)' એમ (સ્વરૂપ) દેખાડીને નમસ્કાર કરે છે. ભગવાન્ ઉપકાર કરે છે એ આશ્ચર્યકારક છે એમ જણાવવા 'તે ભગવાનને (નમસ્કાર)' એમ કહેલું છે. 'જણાએલા' શબ્દથી પ્રમાણ (કહેલું છે). ૫૦.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના પંદરમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ||અધ્યાય સોળમો||

**મુનિમાનસસંતોષસ્તતઃ સ્તોત્રં તથાવિધમ્ ||**
**શાપસ્થાપનનિર્યાણે ષોડશે વિનિરૂપ્યતે ||૧||**

મુનિઓના મનનો સંતોષ, પછી તે પ્રકારની (તેઓની) સ્તુતિ, શાપને ચોક્કસ કરવાનું અને નીકળી જવાનું સોળમા અધ્યાયમાં કહેલ[૧] છે. કા. ૧.

**ભક્તાનાં તુ કૃતિઃ સત્યા વાક્ સત્યા બ્રહ્મવાદિનામ્ ||**
**મનો ભગવતઃ સત્યમિત્યધ્યાયવિનિર્ણયઃ ||૨||**

ભક્તોની તો કૃતિ સત્ય[૨] છે, બ્રહ્મવાદીઓની વાણી સત્ય છે. ભગવાનનું મન સત્ય છે, એવો અધ્યાયમાં નિર્ણય (કરેલો) છે. કા.૨.

**મનસઃ પ્રબલત્વાદ્ધિ તેષાં નાન્યવિરોધિતા ||**
**પૂર્વયોરનભિપ્રેતં તૃતીયાદેવ સુસ્થિરાત્ ||૩||**

મન ઘણું બલવાન હોવાથી તેઓ એક બીજાના વિરોધી થયા નહિ[૩]. પહેલા બે (દેવો)ને ન ઈચ્છેલું ઘણાં દઢ ત્રીજાથીજ પ્રાપ્ત થએલું[૪]. કા. ૩.

**અતો ભગવતઃ સર્ગલીલાયાં દુર્બલા રતિઃ ||**

તેથી ભગવાનની સૃષ્ટિલીલામાં પ્રેમ[૫] દુર્બલ છે. કા.૩ $^{1}/_{2}$.

એ પ્રમાણે ગયા અધ્યાયમાં અર્ધ પ્રસન્ન થયેલા મુનિઓની સ્તુતિ કહી, તેઓને પૂર્ણ સંતોષ થાય તે માટે ભગવાને બ્રાહ્મણોની સ્તુતિ કરી એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

|| બ્રહ્મોવાચ ||

**ઈતિ તદ્ગૃણતાં તેષાં મુનીનાં યોગધર્મિણામ્ ||**
**પ્રતિનન્દ્ય જગાદેદં વિકુણ્ઠનિલયો વિભુઃ ||૧||**

યોગ ધર્મ આચરનારા તે મુનિઓ તે પ્રમાણે કહેતા હતા ત્યારે વિકુંઠ ધામવાળા સમર્થ (ભગવાને) તેનું અભિનંદન કરી આ (નીચે પ્રમાણે) કહ્યું.

તે ભય પામેલા શાસ્ત્રને અનુસરનારા મુનિઓ ઉપર કહેલા પ્રકારથી બોલતા હતા, તેમના વચનનું અભિનંદન કરીને (કહ્યું). ‘તત્’ ‘તેનું’ શબ્દનો અર્થ ‘વચનનું’ છે. અભિનંદનજ આગળ કહેવાનું હોવાથી (આ) અભિનંદન બહારથીજ કરેલું. ‘આ’ એટલે આગળ કહેવામાં આવશે તે કહ્યું. ‘‘જેનાથી ભક્તોને દુઃખ થાય એવું એ પ્રમાણે કેમ કહ્યું ?’’ એવી શંકા થાય, તેથી ‘વિકુંઠ ધામવાળા’ એમ કહેલું છે. વિકુંઠસ્થાન છે ધામ જેમનું તેવા હોવાથી ઘેર આવેલાઓને સંતોષ કરવો જોઈએ.

તેથી (તેમ કહ્યું). 'એમ થતાં ભક્તોને પીડા થાય' એવી શંકા થાય, તેથી 'સમર્થ' વિશેષણ યોજેલું છે. પોતાના સેવકોનો સર્વે પ્રકારે મોક્ષ કરવાની શક્તિવાળા છે, એવો અર્થ છે. ૧.

૧. 'કહેલ છે.' લોભથી થતાં ભક્તિના નાશના અંગ તરીકે, ભગવાનના અવતાર અને મુક્ત જીવોની ઉત્પત્તિ કરાવનાર તરીકે આ બધા વિષયોનો સમૂહ કહેલો છે, એવો અર્થ છે. (પ્ર)

૨. 'સત્ય' એટલે જેનો વિષયોમાં વ્યભિચાર ન થાય તેવું. (પ્ર) 'સત્ય' એટલે ખોટું ન પડે તેવું, એવોજ અર્થ લઈ શકાય છે. ભક્ત જય વિજયે મુનિઓને દ્વારમાં જવાની મના કરી, તે તેમનું કૃત્ય સત્ય થયું. મુનિઓ તેમાં પ્રવેશ કરી શક્યા નહિ. બ્રહ્મવાદી મુનિઓની વાણી સત્ય થઈ. જય વિજયના ત્રણ પાપી લોકમાં અવતાર થયા. ભગવાનનું વિચારેલું બંનેના સંબંધમાં સત્ય થયું.

૩. તે ભક્તો અને બ્રહ્મવાદીઓનાં મન પ્રબલ હોવાથી, ભગવાનનું મન વિરોધી ન થયું. (પ્ર) ભગવાનનું મન બલવાન હોવાથી, મુનિઓનાં વચન અને ભક્તોની કૃતિમાં વિરોધ ન થયો, બંને સત્ય થયાં, એવો અર્થ જણાય છે.

૪. ભગવાનનું મન વિષયમાં વ્યભિચાર થાય તેવું ન હોવાથીજ, દેહ પ્રાણ ઈન્દ્રિય વગેરે વિનાના (મુનિ)ઓને પણ તે સમયે મન વિગેરેનો સંબંધ થયો, તેથી આ સૃષ્ટિના ઉપોદ્‌ઘાતરૂપ છે. (પ્ર) મુનિઓનું દ્વારમાં પ્રવેશ ન કરવાનું ઈચ્છેલું ન હતું, છતાં તેઓ દ્વારમાં પ્રવેશ કરી શક્યા નહિ. ભક્તોને પાપી લોકમાં જવું ઈચ્છેલું ન હતું, છતાં જવું પડ્યું. ભગવાનનું મન પ્રબલ હોવાથીજ તેમનાં ન ઈચ્છેલાંનો તેમને અનુભવ કરવો પડ્યો, એવો અર્થ જણાય છે.

૫. ભક્તોને પાપી જગતમાં અવતરવું પડ્યું, ન ઈચ્છેલું ભોગવવું પડ્યું. તેથી સૃષ્ટિલીલામાં પ્રેમ દુર્બલ છે, એવો અર્થ જણાય છે. પ્રકાશકાર 'અવતિઃ' પાઠ લે છે. તેનો અર્થ 'સ્થિતિલીલા' કહે છે. 'સ્થિતિલીલા દુર્બલ છે' એવો અર્થ થયો. 'ભગવાન્ વિપ્રોના શાપને અટકાવવા સમર્થ હોવા છતાં તેમણે તેવી ઈચ્છા કરી નહિ' વિગેરે વાક્યોના આધારે તે લીલા દુર્બલ હોવાનું કહે છે. પણ મૂલ નાથદ્વારવાળી અને વૃંદાવન પ્રેસવાળી બંને પ્રતોમાં 'રતિઃ' હોવાથી આ પ્રમાણે અર્થ કરેલ છે.

આરંભમાં સેવકોનો અપરાધ હોવાનું નીચેના શ્લોકથી દઢ કરે છે :

॥ શ્રીભગવાનુવાચ ॥

**એતૌ તૌ પાર્ષદૌ મહ્યં જયો વિજય એવ ચ ॥**

**કદર્થીકૃત્ય માં યદ્વો બહ્વકાન્તામતિક્રમમ્ ॥૨॥**

આ જય અને વિજયજ મને (વર આપનાર) બે પાર્ષદો છે, કારણ કે મારી અવગણના કરીને તેઓએ તમારો ભારે અત્યાચાર કર્યો છે. ૨.

આ જય અને વિજય છે, તે બે પહેલાના કલ્પમાં મધુ અને કૈટભ હતા. મને તેમણે વરદાન આપેલ હોવાથી તેઓ મારા ખોળામાં (હાથથી) મૃત્યુ પામેલ હોવાથી હું તેમને વૈકુંઠમાં લાવેલો. (આ ભગવાન્ કહે છે) તે સમયે ઘણા સેવકો હાજર

હોવાથી, સંદેહ ન રહે તે માટે 'જય અને વિજયજ' એમ નામ કહેલાં છે. મારા માટે જે જય તે એક (પાર્ષદ) છે અને 'જય' નામનો છે. જ્ઞાનમાર્ગમાં[1] ઈન્દ્રિયો વિગેરે ઉપર બીજા માટે જય (કરવામાં આવે છે), ભક્તિમાર્ગમાં મારા માટે જય (કરવામાં આવે છે). 'અંતકરણનો જય' એવો અર્થ છે. ઈન્દ્રિયો વિગેરેનો 'વિવિધઃ' જાતજાતનો જય (વિજય) બીજો છે, તેથી[2] જ આ બે મારા પાર્ષદો 'પર્ષદિ' (મારી) સભામાં રહેવા યોગ્ય છે. જેમ અંતઃકરણનો જય તેમાં ભગવાન્ રહે તેવું તેને બનાવનારો છે, તેમ વૈકુંઠમાં (ભગવાન્) રહે તેમ કરનારા આ બેજ છે. તેથી આ બેની ઉત્પત્તિનો વિચાર કરતાં, તેઓ અપરાધ કરે તે યોગ્યજ છે[1]; કારણ કે મન બારોબાર ભગવાનને પ્રાપ્ત કરી શકતું નથી, પરંતુ (તેનો) જય કરવાથીજ (ભગવાનને) પ્રાપ્ત કરી શકાય છે. તેથી આનંદરૂપ ભગવાન્ કુદરતથી સુખ આપનારા હોવાથી મન (તેમને પ્રાપ્ત કરવાની) પ્રવૃત્તિ કરવા યોગ્ય હોવા છતાં, (તેનો) જય (કરવાનું) અડચણરૂપ હોવાથી, (તે) ભગવાનને પ્રાપ્ત કરતું નથી. તેથીજ મારી અવગણના કરીને, વ્યવહારમાં પણ મારા બ્રાહ્મણને હિતકારી હોવું વિગેરે ગુણોને દૂર કરી, (આ) બે એ 'વઃ' તમારો ભારે અત્યાચાર કર્યો છે. ૨.

૧..૧. આ ભાગમાં જય અને વિજયની વ્યુત્પત્તિથી તેમનાં પહેલાંનાં સ્વરૂપ સ્પષ્ટ કરેલાં છે એમ જણાય છે. (પ્ર)

૨. 'તેથીજ' એટલે મને વર આપેલ હોવાથીજ (પ્ર) મધુ અને કૈટભને વિષ્ણુએ વર માગવા કહેલ, ત્યારે તેમણે વિષ્ણુનેજ વર માગવા કહ્યું. વિષ્ણુએ વર માગ્યો કે મારા હાથથી તમારું મૃત્યુ થાઓ. તેથી તેઓ વિષ્ણુના હાથથી હણાયા. (મહાભારત વનપર્વ અધ્યાય ૨૦૩). આ વર આપેલ હોવાથી ભગવાને તેમને વૈકુંઠમાં લઈ જઈ પોતાના પાર્ષદો કરેલા.

તેથી જ આ બેને શિક્ષા (કરવી) યોગ્ય છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**યસ્ત્વેતયોર્ધૃતો દણ્ડો ભવદ્ભિર્મામનુવ્રતૈઃ ।।**
**સ એવાનુમતોઽસ્માભિર્મુનયો દેવહેલનાત્ ।।૩।।**

મારી સમાન ધર્મવાળા તમોએ તો આ બેને જે શિક્ષા કરી, તેજ હે મુનિઓ ! દેવોની અવગણના કરેલી હોવાથી અમે/આપણે મંજુર કરેલી છે. ૩.

'તુ' 'તો' શબ્દથી બીજી શિક્ષાનો નિરાસ કરેલો છે. જે ત્રણ જન્મરૂપ શિક્ષા (કરી), તેને જ આપણે મંજુર કરેલી છે. 'આપણે' એટલે તમોએ અને મેં, અથવા 'અમે' એટલે (મારા) સેવકોએ અને મેં (મંજુર કરેલી છે). બંને શિક્ષા કરવા યોગ્ય હતા એમ જણાવવા 'આ બેને' એમ કહેલું છે. 'અનુવ્રતાઃ' એટલે સમાનધર્મવાળા. મારું કાર્ય કર્યું એમ, મને આ વિષયમાં ઘણો સંતોષ થયો એમ, તેઓનાં કાર્યનું અભિનંદન કરેલું છે. (આ કાર્ય) અકસ્માતથી કરેલું નથી એમ જણાવવા, અથવા

(તમારા) અભિપ્રાયને હું જાણું છું એમ જણાવવા 'હે મુનિઓ' એવું સંબોધન કરેલું છે.

''આ બેનો શું અપરાધ ? દ્વારનું રક્ષણ કરવાનો તો (તેમનો) પોતાનો ધર્મ હતો'' એવી શંકા થાય, તેથી 'દેવોની અવગણના કરેલી હોવાથી' એમ કહેલું છે. મારા દેવો બ્રાહ્મણો છે, અદશ્ય દેવ યજ્ઞ છે, પ્રત્યક્ષ દેવ યજ્ઞોના અધિષ્ઠાતા વિષ્ણુ છે[1] એમ (જણાવેલું છે). 'તેજ' એમાંના 'જ' શબ્દથી એમ સૂચવેલું છે કે હવે બીજી (શિક્ષા) કહેવાની નથી. ૩.

૧. બ્રાહ્મણ, યજ્ઞ અને વિષ્ણુની અવગણના કરી એમ આ વાક્યથી જણાવેલું છે. (પ્ર)

એ પ્રમાણે અપરાધ અને શિક્ષા જણાવીને, સેવકનો અપરાધ દૂર કરીને, પ્રાર્થનાથી નીચેના શ્લોકમાં (મુનિઓનો) દંડ કરવાનો અપરાધ અને પોતાનો અપરાધ દૂર કરે છે :

**તદ્વઃ પ્રસાદયામ્યદ્ય બ્રહ્મ દૈવં પરં હિ મે ।।**
**તદ્ધિ હ્યાત્મકૃતં મન્યે યત્સ્વપુમ્ભિરસત્કૃતમ્ ।।૪।।**

તેથી હું આજે તમારી ક્ષમા માગું છું, કારણ કે બ્રાહ્મણો મારા ઉત્તમ દેવ છે, કેમ કે મારા સેવકોએ જે અપરાધ કર્યો તે મેંજ કરેલ હોવાનું હું માનું છું. ૪.

તમારી આજે ક્ષમા માગું છું, કારણ કે (તમારો) અપરાધ થયો છે. ''અપરાધ તો હલકો હોય તે મોટાનો કરે, ચાલુ વિષયમાં (આપથી અમારો) અપરાધ કેમ થાય ?'' એવી શંકા થાય, તેથી 'બ્રાહ્મણો ઉત્તમ દેવ છે' એમ કહેલું છે. મારા 'દૈવં' દેવ 'બ્રહ્મ' બ્રાહ્મણજાતિ છે. 'ઉત્તમ' એટલે વિષ્ણુથી પણ અધિક. 'વિષ્ણુએ ખરેખર કામના કરી કે હું પવિત્ર શ્લોકનું શ્રવણ કરું, જેથી મને પાપી અપકીર્તિ પ્રાપ્ત ન થાય.' 'તેણે વિષ્ણુને આ ત્રણ પાત્રવાળું (ત્રણ પાત્રમાં) ચોખાની યવાગૂનું બલિ આપ્યું'. એ શ્રુતિ પ્રમાણે વિષ્ણુ આધિદૈવિક દેવ છે, તેમને કહેલ નથી એમ જણાવવા 'પરમ્' 'ઉત્તમ' શબ્દ (યોજેલ છે). 'આ જે બ્રાહ્મણો છે તે પ્રત્યક્ષ દેવો છે' એ પ્રત્યક્ષ શ્રુતિમાં દેવો કરતાં બ્રાહ્મણોની સરસાઈ કહેલી છે. તે (અર્થ) 'હિ' 'કારણ કે' શબ્દથી કહેલો છે. 'આપનો શું અપરાધ ?' એવો પ્રશ્ન કરે, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. જે 'સ્વપુમ્ભિઃ' મારા સેવકોએ અપરાધ કર્યો, તે મેંજ કરેલ હોવાનું માનું છું. 'હિ' આ વિષય યોગ્ય છે કે સેવકોનાં કરેલાં (કાર્યો)જ સ્વામીએ કરેલાં થાય છે. તેમ ન હોય, તો સેવકનો અપરાધ થાય ત્યારે સ્વામીને શિક્ષા ન થાત. આથી એમ પણ કહેલું છે કે મેંજ તમને (બારણાંની અંદર આવતાં) અટકાવેલા, (અને) વળી તેમણે જે કર્યું તે દ્વારપાલનો ધર્મ હોવાથી યોગ્યજ છે. તેથીજ બે 'હિ' શબ્દો એક

બીજાનું કારણ દર્શાવનારાં છે. જો કે આવા (વિષય)માં લોક સ્વામીનો અપરાધ માનતા નથી, છતાં પણ હું મારો અપરાધ માનું છું, કારણ કે તેઓ મારા સેવકો છે ૪.

અને આ વિષયમાં (તમારે) સંપૂર્ણ પ્રકારે ક્ષમા કરવી જોઈએ, તેમ ન કરો તો ઘણું અનિષ્ઠ થાય, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**યન્નામાનિ ચ ગૃહ્ણાતિ લોકો ભૃત્યે કૃતાગસિ ।।**
**સોઽસાધુવાદસ્તત્કીર્તિં હન્તિ ત્વચમિવામયઃ ।।૫।।**

અને સેવક અપરાધ કરે ત્યારે જે (સ્વામી)નાં નામો લોક લે છે તે અપકીર્તિ–જેમ રોગ ત્વચાનો નાશ કરે તેમ–તેની કીર્તિનો નાશ કરે છે. ૫.

મોટા (પુરુષો)ને પણ લોકની નિંદાથી ભય થાય છે. તેથીજ સેવક અપરાધ કરે, ત્યારે લોક જે સ્વામીનાં નામો લે છે (તે તેની કીર્તિનો નાશ કરે છે). 'નામો' એ બહુવચનથી (એમ જણાવ્યું છે કે) તેની સર્વ (નામ)ના સંબંધવાળી અપકીર્તિ થાય તે માટે (તેનાં) બધાંએ નામો લે છે. 'ચ' 'અને' શબ્દથી તેનાં ગુણો અને કર્મો નિંદા કરવા માટે ખુલ્લાં કરે છે. 'એમ હોય તેથી શું?' એવો પ્રશ્ન થાય, તેથી 'તે અપકીર્તિ (કીર્તિનો નાશ કરે છે)' એમ કહેલું છે. દુષ્ટ તરીકે લોકો કહે તે (અસાધુવાદઃ એટલે) અપકીર્તિ, એવો અર્થ છે. તેની કીર્તિ, જેના સંબંધવાળો (તે) પોતે[1] છે, તેનો (તે અપકીર્તિ) નાશ કરે છે. ''જે છે તેવી પ્રસિદ્ધ કીર્તિનો (અપકીર્તિ) નાશ કેવી રીતે કરે ?'' એવી શંકા થાય, તેથી '(જેમ રોગ) ત્વચાનો નાશ કરે તેમ' એ દૃષ્ટાંતથી (તે વિષયને) દઢ કરે છે. જેમ શરીરમાં રહેલો જ 'આમયઃ' શ્વેત કોઢ વિગેરે તે (શરીર)ની ત્વચાનો નાશ કરે છે, (અને) પોતાનું સ્વરૂપ જ (તેમાં) પ્રકટ કરે છે, તેમ (અપકીર્તિ કીર્તિનો નાશ કરી નિંદા કરાવે છે). ૫.

૧. જેના સંબંધવાળો અપરાધ છે તેના સંબંધવાળી કીર્તિ ( નો નાશ કરે છે ) ( પ્ર ) જે કીર્તિના સંબંધવાળો સ્વામી પોતે હતો, તે તેની કીર્તિનો નાશ કરે છે, એવો અર્થ જણાય છે.

''નજીવા દાસના પણ દાસનો (દ્વારની) અંદર પ્રવેશ ન થાય, તેમાં સર્વને વશ રાખનાર ઈશ્વરનો શું દોષ ? કારણ કે મહારાજના મંદિરમાં નજીવા (લોકો) નો પ્રવેશ થતો ન હોવાથી લોક તો અપકીર્તિ કેમજ બોલે ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**યસ્યામૃતામલયશઃશ્રવણાવગાહઃ સદ્યઃ પુનાતિ જગદાશ્વપચાદ્વિકુણ્ઠઃ ।।**
**સોઽહં ભવદ્ભ્ય ઉપલબ્ધસુતીર્થકીર્તિશ્છિન્દ્યાં સ્વબાહુમપિ વઃ પ્રતિકૂલવૃત્તિમ્ ।।૬।।**

જેના મરણરહિત કરનાર પવિત્ર યશના શ્રવણનો અભ્યાસ ચાંડાલથી આરંભી (સર્વ) જગતને તરતજ પવિત્ર કરે છે તેવો દોષરહિત, તમારી પાસેથી ઉત્તમ

તીર્થરૂપ કીર્તિ પ્રાપ્ત કરેલો હું તમારી વિરુદ્ધ વલણવાળા મારા બાહુને પણ કાપી નાખું. ૬.

(બ્રાહ્મણો મારા ઉપર) ઉપકાર કરનારા હોવાથી, બ્રાહ્મણોનો અપરાધ થાય ત્યારે (લોક) મારી નિંદા કરેજ. મારી કીર્તિ તેમને અધીન હોવાથી તેઓ મારા ઉપર ઉપકાર કરનારા છે. તેજ આ શ્લોકમાં કહે છે. 'યસ્ય' હું જેનો મરણરહિત કરનાર પવિત્ર જે યશ, તે યશના શ્રવણનો અભ્યાસ, 'આશ્વપચાત્' ચાંડાલથી આરંભી બધાએ જગતને પવિત્ર કરનારો છે. એવી રીતે જગતને પવિત્ર કરે તેવી કીર્તિવાળો હોવાથી હું 'વિકુણ્ઠ:' ખામી વિનાનો, કોઈ પણ અંશથી દોષરહિત છું. હું આવો પુરુષોત્તમ હોવા છતાં તમારી પાસેથી પ્રાપ્ત કરેલી છે ઉત્તમ તીર્થરૂપ કીર્તિ જેણે તેવો છું. યશ પરાક્રમથી પ્રાપ્ત થાય છે, (અને) કીર્તિ સદાચારથી પ્રાપ્ત થાય છે. મારા નામથી દુષ્ટ સ્વરૂપવાળાં પાપનો નાશ થતો હોવાથી, મારો યશ જગતને પવિત્ર પણ કરે છે; કારણ કે પરાક્રમ દોષનો નાશ કરનારું છે. તે દોષ જો કુદરતી હોય તો તે પણ મારા ભયથી નાશ પામે છે. તેથી ચાંડાલના દેહમાં જન્મ કરાવનારો દોષ પણ નાશ પામે છે. તેથી મારા યશના સંચયથી શોભતું વૈકુંઠ ધામ મારી શક્તિ સૂચવનારું છે. છતાં પણ સત્પુરુષો કીર્તન કરે, તોજ કીર્તિ થાય. તેથી સદાચારવાળા મારા જે સેવકો છે તેઓ (મારી) કીર્તિને લીધે મારામાં આસક્તિવાળા રહે છે, અને સદા કીર્તન કરવાથી કૃતાર્થ થાય છે. તેથી બ્રાહ્મણો તીર્થરૂપ કીર્તિ પ્રાપ્ત કરાવનારા હોવાથી, મારા ઉપર ઉપકાર કરનારા છે. તેથી તેઓનો જે અપરાધ કરે, તે મારા બાહુરૂપ ઈન્દ્ર હોય તેને પણ હું કાપી નાખું. તેથીજ બૃહસ્પતિનો અપરાધ (ઈન્દ્રે) કર્યો, ત્યારે રાજ્યનો નાશ વિગેરેરૂપ ઘણું દુઃખ તેને થયું. તેથી (તમોએ) ક્ષમા કરવી યોગ્યજ છે, એવો અર્થ છે.

**કીર્તિર્લક્ષ્મીસ્તથા ભોગસ્ત્રયં વિપ્રપ્રસાદતઃ ।।૪।।**
**ભૃગોઃ કન્યા યતો લક્ષ્મીર્મુખં ચાપિ દ્વિજા મમ ।।**

કીર્તિ લક્ષ્મી અને ભોગ ત્રણ (મને) વિપ્રોની કૃપાથી (પ્રાપ્ત થયાં છે); કારણ કે લક્ષ્મી ભૃગુની કન્યા છે, અને બ્રાહ્મણો મારું મુખ પણ છે. કા. ૪ $^{1}/_{2}$. ૬.

તે પૈકી કીર્તિનું નિરૂપણ કરીને, નીચેના શ્લોકમાં (પોતાની) લક્ષ્મી પણ બ્રાહ્મણોને અધીન હોવાનું કહે છે :

**યત્સેવયા ચરણપદ્મપવિત્રરેણું સદ્યઃ ક્ષતાખિલમલં પ્રતિલબ્ધશીલમ્ ।।**
**ન શ્રીર્વિરક્તમપિ માં વિજહાતિ યસ્યાઃ પ્રેક્ષાલવાર્થ ઈતરે નિયમાન્ વહન્તિ ।।૭।।**

જેમની સેવાને લીધે ચરણકમલમાં પવિત્ર રેણુવાળા, તરતજ સર્વના પાપ

નાશ કરનારા, સદાચાર પ્રાપ્ત કરેલાનો મારો, જેની સ્હેજ દષ્ટિ માટે બીજાઓ નિયમોનું પાલન કરે છે તે લક્ષ્મી-(હું) વૈરાગ્યવાળો હોવા છતાં ત્યાગ કરતી નથી. ૭.

**સ્રિયઃ સ્વભાવતો દુષ્ટાશ્ચઞ્ચલાશ્ચાપિ નિત્યશઃ ।।૫।।**
**આચારજનિતા કીર્તિર્બ્રાહ્મણાશ્ચ નિયામકાઃ ।।**

સ્ત્રીઓ સ્વભાવથી દુષ્ટ અને વળી સદા ચંચલ હોય છે. કીર્તિ સદાચારથી પ્રાપ્ત થાય છે, અને બ્રાહ્મણો (તેનો) ઉપદેશ કરનારા છે. કા. ૫$^{૧}/_{૨}$.

**ઈશ્વરસ્ય તુ યાઃ પત્ન્યસ્તા વિરક્તે ન હિ સ્થિરાઃ ।।૬।।**
**ભૃગોરાજ્ઞાં તતઃ પ્રાપ્ય સ્થિરા લક્ષ્મીસ્તતો મયિ ।।**

પ્રભુની જે પત્નીઓ હોય છે તેઓ વૈરાગ્યવાળા ( પુરુષ )માં સ્થિર રહેતી નથી. તેથી ભૃગુની આજ્ઞા પ્રાપ્ત કરીને લક્ષ્મી મારામાં સ્થિર રહેલી છે. કા. ૬$^{૧}/_{૨}$.

બ્રાહ્મણોનું ઉત્તમપણું (જણાય તે) માટે (ભગવાન્) પોતાની સરસાઈનું વર્ણન કરે છે[૧]. જે બ્રાહ્મણોની સેવાને લીધે, ચરણકમલમાં પવિત્ર રેણુ છે જેના, તેવો (હું થયો છું). (બ્રાહ્મણોની) સેવાથી પ્રાપ્ત થએલો સંસ્કાર ચરણમાં રહેતો હોવાથી, ચરણના સંબંધમાં જે કોઈ રેણુ આવે, તે ગંગાની પેઠે પવિત્ર સ્વરૂપવાળો થાય છે. '(ચરણપદ્મપવિત્ર) રેણુઃ' એવો પાઠ હોય, ત્યારે આટલું (તે શબ્દ સુધીનું) વાક્ય જૂદું લેવું. બીજી વિભક્તિના પ્રત્યવાળો '(ચરણપદ્મપવિત્રરેણુમ્)' પાઠ હોય ત્યારે તો, (શ્લોકના) પૂર્વાર્ધમાં કહેલાં વિશેષણો બ્રાહ્મણોની સેવાથી પ્રાપ્ત થએલ (ગુણ દર્શાવનારાં) જાણવાં. વૈરાગ્ય પણ તે (બ્રાહ્મણની સેવા)થીજ (પ્રાપ્ત થએલો). વૈરાગ્યથી વિરુદ્ધ સદા લક્ષ્મીની સ્થિતિરૂપ ગુણ પણ તેથીજ (પ્રાપ્ત થએલો). બ્રાહ્મણોનું માહાત્મ્ય જણાય, તે માટે લક્ષ્મીનું માહાત્મ્ય કહેલું છે. તરતજ નાશ કરેલ છે સર્વના પાપનો જેમણે, પ્રાપ્ત કરેલો છે સદાચાર જેણે, (તેવો હું થયો). જે લક્ષ્મીની સ્હેજ દષ્ટિ (પડે તે) માટે બ્રહ્મા વિગેરે બીજાઓ દેહને કષ્ટ આપવું વિગેરે નિયમો અથવા ભગવાનના વ્રતોનું પાલન કરે છે, લક્ષ્મીના કટાક્ષની ઈચ્છાથી તપ કરે છે, એવો અર્થ છે. પાપનો નાશ કરનાર હોવાપણું પણ બ્રાહ્મણોની સેવાથી (પ્રાપ્ત થએલું છે), કારણ કે તેઓનાં વચનથીજ નિયમ (નું પાલન) થાય છે, અને સારસ્વત કલ્પમાં બધું બ્રાહ્મણોને જ અધીન હોય છે.

વાસ્તવિક રીતે તો ભગવાન્ પાપનો નાશ કરનારા છે. તેથીજ તેમના સંબંધથી લોકોના પાપનો પણ નાશ થાય છે, અને લક્ષ્મીનો દોષ પણ દૂર થાય છે, ભોગમાં આસક્ત થએલ ચિત્તવાળા પ્રભુઓનો સદાચારનું પાલન કરવારૂપ ઉત્તમ સ્વભાવ મહાપુરુષોના આવવાથી મહાપુરુષોની સેવાથી પ્રાપ્ત થાય છે. (તેઓની)

આસક્તિ પણ તે (મહાપુરુષો)ની આજ્ઞામાં રહેવાથી જ દૂર થાય છે. વાસ્તવિક રીતે તો ધર્મ ભગવાનમાંજ રહેલો હોવાથી અને (ભગવાન્) દોષરહિત હોવાથી (તેમનામાં લક્ષ્મીમાં) આસક્તિ અને અનાચાર નથી. ૭.

૧. ભગવાન્ પોતે પોતાની સરસાઈ કહે તે લોકની દૃષ્ટિએ અયોગ્યજ હોવાથી, તે કહેવાનું તાત્પર્ય આ વાક્યથી જણાવેલું છે. તેથી ભગવાને પોતાની સરસાઈ અહિં કહેલ છે તેમાં દોષ નથી, એવો અર્થ છે. (પ્ર)

નીચેના શ્લોકમાં પોતાનો ભોગ પણ બ્રાહ્મણોને અધીન હોવાનું (ભગવાન્) કહે છે :

**નાહં તથાદ્મિ યજમાનહવિર્વિતાને શ્ચ્યોતદ્ઘૃતપ્લુતમદન્હુતભુઙ્મુખેન ।।**
**યદ્બ્રાહ્મણસ્ય મુખતશ્ચરતોઽનુઘાસં તુષ્ટસ્ય મય્યવહિતૈર્નિજકર્મપાકૈઃ ।।૮।।**

વિસ્તારવાળા યજ્ઞમાં ટપકતાં ઘીમાં બોળેલાં યજમાનનાં હવિનું ભોજન કરતાં હું (તેનું મારા) અગ્નિરૂપ મુખથી તેવા પ્રકારે ભોજન કરતો નથી કે જે પ્રકારે પોતાનાં કર્મનો વિપાક બંધ રહેલ હોવા છતાં મારાથી સંતોષ રાખનાર કોળીએ કોળીએ જમનાર બ્રાહ્મણના મુખથી ભોજન કરું છું. ૮.

'બીજો ન ખાતાં જોયા કરે છે' એ શ્રુતિ પ્રમાણે સ્વભાવથી મારા મુખ વડે ભોજન કર્યા વિના જ હું રહું છું. અગ્નિ અને બ્રાહ્મણ એ બે મારાં ગૌણ, કાર્યરૂપ (કાર્ય કરનારાં) મુખો છે. તે પૈકી અગ્નિ કરતાં બ્રાહ્મણ મારું વધારે સારું મુખ છે, તે (અર્થ) આ શ્લોકથી કહે છે.

'ત્યારે યજ્ઞો ફલરહિત થાય' એવી શંકા થાય, તેથી 'ભોજન કરતો હોવા છતાં પણ હું તેવા પ્રકારે ભોજન કરતો નથી,' એમ કહેલું છે. 'અગ્નિ સર્વનું ભક્ષણ કરનાર છે અને કાષ્ઠ વિગેરેનું પણ ભક્ષણ કરે છે, તેથી તે[1] મુખ હોય તો અનિષ્ટ થાય' તેવા વિચારથી, (અગ્નિરૂપ મુખથી) ભોજન કરતો નથી એમ કહેલું નથી, પરંતુ એમ કહેવાનું બીજું જ પ્રયોજન છે એમ કહેવા 'વિસ્તારવાળા યજ્ઞમાં ટપકતાં ઘીમાં બોળેલાં યજમાનનાં હવિનું...' એમ કહેલું છે. સત્ર (લાંબા યજ્ઞ) ક્રૂર હોવાથી, અને 'આ સત્ર કરનાર શું' એ શ્રુતિ પ્રમાણે (તે) કરનારા ઘણા હોવાથી, અને (તેમાં) ઘણાનું અન્ન સાથે તૈયાર થતું હોવાથી, 'યજમાન' શબ્દથી તેવા યજ્ઞની વાત કરતા નથી એમ જણાવેલું છે. હવિના યજ્ઞો, જેમાં પશુઓ વિગેરે (હોમાય તે) સિવાયના છે, તેથી 'હવિ' શબ્દથી પશુ વિગેરે (જેમાં હોમાય તેવા યજ્ઞોની) વાત કરતા નથી એમ જણાવેલું છે. 'વિતાને' એટલે વિસ્તારવાળા (વિસ્તારવાળા પછી) યજ્ઞમાં 'ટપકતાં ઘીમાં બોળેલાં' (શબ્દથી એમ જણાવ્યું છે કે) બંને બાજુએ ટપકતાં ઘીમાં બોળેલું (હવિ) અગ્નિરૂપ મુખથી ભોજન કરું છું, કારણ કે અગ્નિમાં આરંભમાં ઘી

નાખવામાં આવે છે, પછી હવિ નાખવામાં આવે છે, (પછી) ફરી ઘી નાખવામાં આવે છે. છતાં પણ (અગ્નિ) હોમેલાંનું ભક્ષણ કરે છે તેથી મંત્ર હોમ કરનાર વિગેરેની (તેને) જરુર હોવાથી, અને મોટા અવાજ સાથે હોમ કરવામાં આવતો હોવાથી, (હું તેનું) તેવા પ્રકારે ભોજન કરતો નથી. બ્રાહ્મણના મુખ (થી ભોજન કરવા)માં તો આ દોષ નથી. 'કોળીએ કોળીએ જમનાર' એ બ્રાહ્મણનું વિશેષણ છે. દરેક કોળીએ તે જમે છે. તે (યજ્ઞના હવિ)માં આરંભનો મંત્ર બોલનારનો, જેનો યજ્ઞ કરાતો હોય તેનો, દેવતાનો, અને વષટ્ બોલનારનો એવા ચાર ભાગો હોય છે. અહિં (બ્રાહ્મણ) એકજ દરેક કોળીએ જમનાર હોય છે, કારણ કે તે મુખથીજ ભોજન કરે છે. (મારા) મુખનું પણ મુખ (ભોજન કરે છે) એટલું ઉત્તમ છે. જેમ અગ્નિનો ખાસ ગુણ કહ્યો, તેમ 'સંતોષ રાખનાર' વિશેષણથી બ્રાહ્મણનો પણ ગુણ કહેલો છે. 'મારાથી સંતોષ રાખનાર' એટલે વિષયો વિના પણ માત્ર હું પ્રાપ્ત થાઉં તેથીજ સંતોષ રાખનાર. પોતાનાં કર્મના વિપાકો 'અવહિતૈઃ' ન હોવા (બંધ રહેલા હોવા) છતાં પણ સંતોષ રાખનાર, કર્મને લીધે દુઃખ આવી પડે તો પણ વ્યાકુલ ન થનાર; અથવા ભગવાનને સમર્પણ કરેલાં (કર્મોને લીધે), એટલે કર્મ સમર્પણ કરીને સંતોષ રાખનાર, એવો અર્થ છે. ૮.

૧. 'તે' એટલે સર્વનું ભક્ષણ કરનાર લૌકિક અગ્નિ. (પ્ર) લૌકિક અને યજ્ઞના અગ્નિનો ભેદ કરવા અહિં ઇચ્છેલું હોય તેમ જણાતું નથી; કારણ કે 'અગ્નિથી ભોજન કરતો નથી' એમ કહેતા નથી, પરંતુ બ્રાહ્મણના મુખથી જે પ્રકારે (આનંદથી) ભોજન કરું છું તેવી રીતે મારા અગ્નિરૂપ મુખથી ભોજન કરતો નથી, એમ જ કહેલું છે.

એ પ્રમાણે પોતાના ઉપર (કરેલા) ઉપકારને લીધે બ્રાહ્મણોની પ્રશંસા કરીને, નીચેના શ્લોકમાં સ્વરૂપથી પણ તેઓ ઉત્તમ હોવાનું કહે છે :

**યેષાં બિભર્મ્યહમખણ્ડવિકુણ્ઠયોગમાયાવિભૂતિરમલાઙ્ઘ્રિરજઃ કિરીટૈઃ ।।**
**વિપ્રાંસ્તુ કો ન વિષહેત યદર્હણામ્ભઃ સદ્યઃ પુનાતિ સહચન્દ્રલલામલોકાન્ ।।૯।।**

અખંડ, ઝડપથી કાર્ય કરનારી યોગમાયારૂપ વિભૂતિવાળો, જેનું ચરણોદક શંકર સહિત લોકોને તરતજ પવિત્ર કરે છે, તેવો હું જેઓનાં ચરણની પવિત્ર રજ મુકુટો ઉપર ધારણ કરું છું તેવા વિપ્રોના (ભાર)ને તો કોણ સહન ન કરે ? ૯.

કારણ કે ઉત્તમપણું ઉત્તમ (પુરુષો)ને અનુસરવાથી (પ્રાપ્ત થાય છે). ઉત્તમપણું[1] બે પ્રકારનું છે (૧) લૌકિક અને (૨) અલૌકિક. (૧) લૌકિક (ઉત્તમપણું) એકથી એકમાં વધતું જતું ભગવાનમાં અટકી જાય છે, કારણ કે ભગવાન્ પુરુષોત્તમ સર્વ લોકમાં પ્રસિદ્ધ છે અને વેદમાં પણ પ્રસિદ્ધ છે. તેમને ઓળખાવવાનું બ્રાહ્મણોને અધીન છે, કારણ કે તેઓને અલૌકિક જ્ઞાન હોવાથી તેઓ ભગવાનને

ઓળખાવનારા છે. 'જેઓ મને જે પ્રકારે ભજે છે' (ભ.ગી. ૪-૧૧) એ નિયમ પ્રમાણે ભગવાન્ તેઓને અનુસરે પણ છે. તેઓ[૧] (ભગવાનના) અવયવો હોવાથી, તેઓની સરસાઈથી (ભગવાનની) પોતાની હલકાઈ થતી નથી. (બ્રાહ્મણોને)[૨] અધિકાર પણ પોતેજ આપેલો હોવાથી, પોતાનોજ ગુણ તેઓમાં હોવાથી, (તેમની સરસાઈ એ) પોતાનીજ સરસાઈ છે. જેમ તેઓ અલૌકિક પ્રકારથી ભગવાનનું ઉત્તમપણું કહે છે, તેમ ભગવાન્ પણ 'હું જેઓના ચરણની રજ મુકુટો ઉપર ધારણ કરું છું' શબ્દોથી લોકમાં તેઓનું ઉત્તમપણું કહે છે. આગળ ચાલતું બ્રાહ્મણોનું ટોળું રજ ઉડાડે છે, તે રજ મુકુટો ઉપર પડે છે. પવિત્રપણું નામનું એક ભગવાનનું સ્વરૂપ સર્વ પદાર્થોમાં કુદરતી રહેલું છે, અને સંસ્કારોથી તે કાર્ય કરવા પ્રવૃત્ત થાય છે. તેમાં બ્રાહ્મણોના ચરણમાં પવિત્રપણું કુદરતી છે, તેથી તેઓના ચરણની રજ પવિત્ર છે. 'મુકુટો' શબ્દથી એમ સૂચવેલું છે કે ભગવાન્ (તે રજને) સદા ધારણ કરે છે; અથવા જૂદા જૂદા અવતારો લઈ કે મૂલ સ્વરૂપથી તેમ[૩] (ધારણ) કરે છે. વળી અખંડ, ઝડપથી કાર્ય કરનારી યોગમાયા છે વિભૂતિ જેમની તેવા (ભગવાન્ છે). માયાથી ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય (થાય છે અને) વિભૂતિથી સર્વને સુખ (થાય છે). આમ હોવાથી (ભગવાનને) કોઈની પણ જરુર નથી, અને બધાને તેમની જરુર હોય છેજ. વળી (ભગવાનની) તે બે સદાની શક્તિઓનો નાશ થવાનું અથવા તેઓ કાર્ય કરવા અશક્ત થવાનું સંભવતું નથી. 'જેઓમાં' વિશેષણથી એમ જણાવેલું છે કે વિપ્રપણાં સિવાય બીજો ગુણ તેઓમાં હોવાની જરુર નથી. 'વિપ્રો' શબ્દથી વ્યુત્પત્તિ પણ સૂચવેલી છે. 'વિશેષેણ' ઘણું 'પૂરણં' પૂરવું એ તેઓનો કુદરતી ગુણ છે. જ્ઞાન અને ભક્તિ વિના (અનુક્રમે) ચિત્ અને આનંદ પૂરાતાં (પૂર્ણ થતાં) ન હોવાથી, જ્ઞાન અને ભક્તિવાળાઓજ વ્યુત્પત્તિ પ્રમાણે વિપ્રો (હોવાનું) કહેલું છે. આ બંને હોય, ત્યારે બીજા (ગુણ)ની જરુર નથી એમ (કહેલું છે). સંસ્કાર[૪] તો ગૌણ છે. આ[૫] ઉપકારને લીધેજ ભગવાન્ તેમ કરે છે (ચરણની રજ મુકુટો ઉપર ધારણ કરે છે). 'તુ' 'તો' શબ્દથી વ્યુત્પત્તિ (ના અર્થ) સિવાયના બાતલ કરેલા છે.

આવા બ્રાહ્મણો (ના ભાર)ને ખાસ કોણ સહન ન કરે ? કોણ જે તેઓનો ભાર ન સ્વીકારે ? ભાર તો અપરાધરૂપજ હોય છે, તેથી બીજા (શબ્દ)થી (તે અર્થ) પ્રાપ્ત થતો હોવાથી 'વિપ્રોના અપરાધને' એમ કહેલું નથી. જેઓનો અપરાધ હું સહન કરું છું, તે બીજો કેમ સહન ન કરે ? એવો અર્થ છે. ''માયા અને વિભૂતિ (ભગવાન્ પાસે) હોવા છતાં પવિત્રપણું ન હોવાથી, ભગવાન્ વિપ્રોનો અપરાધ ભલે સહન કરે, બીજાઓએ (તે) શા માટે સહન કરવો ?'' એવી શંકા થાય, તેથી 'જેનું

ચરણોદક ( શંકર સહિત લોકોને તરત જ પવિત્ર કરે છે )' એમ કહેલું છે. 'યસ્ય' જેનું એટલું મારું 'અર્હણામ્ભઃ' ચરણોદક ગંગા 'સહચન્દ્રલલામલોકાન્' મહાદેવ સાથે ત્રણે લોકોને પવિત્ર કરે છે. ધર્મ કરેલો હોય તે કરનારનેજ અથવા (તેના) સંબંધવાળાને પવિત્ર કરે છે, પરંતુ લાંબા સમય સુધી પવિત્ર કરતો નથી. 'ચરણોદક' શબ્દથી એમ જણાવેલું છે કે (ગંગા) જે પરંપરાના સંબંધવાળાને, દૂર રહેલાને, જૂદા જૂદા તામસોની સાથે ઘણાને પવિત્ર કરે છે, તે ચરણોદકના સંબંધને લીધે જ. 'તરતજ' શબ્દથી (એમ જણાવેલું છે કે) ભગવાન્ કાલને વશ રાખનારા હોવાથી 'ગંગાનું જલ તરત પવિત્ર કરે છે' એ વાક્ય પ્રમાણે, તે (ભગવાનના ચરણોદક)ના સંબંધવાળાઓને કાલનું પ્રયોજન નથી. 'ચન્દ્રલલામ' (ચંદ્રના ચિહ્નવાળા=શંકર) શબ્દથી એમ સૂચવેલું છે કે (શંકરે) સર્વને બાળનારી તામસી શક્તિનો સ્વીકાર કરેલો હોવાથી, તેનો તાપ મટી જાય તે માટે અમૃતથી ભરપૂર ચંદ્ર (કપાલ ઉપર) રાખેલો છે, પરંતુ કર્મથી થએલો દોષ તેનાથી દૂર થતો ન હોવાથી (શિર ઉપર) ગંગા રાખેલી છે, (કારણ કે) તેમ ન કરે તો તેટલો દોષ બીજાથી દૂર ન થાય. ૯.

૧ – ૧. ઉત્તમને અનુસરવાથી ઉત્તમપણું કેમ પ્રાપ્ત થાય, તે આ ભાગથી કહેલું છે. ( પ્ર )

૨. બ્રાહ્મણોને અનુસરવાથી ભગવાનનાં લૌકિક ઉત્તમપણાંની હાનિ કેમ ન થાય તે આ વાક્યથી કહેલું છે. ( પ્ર )

૩. 'તેમ કરે છે' એટલે નમન કરી ( બ્રહ્મણોના ચરણની રજ ) ધારણ કરે છે. ( પ્ર ) ચરણની રજ ધારણ કરે છે. નમન કરી કરે છે, એવો ભાવ હોવાનું જણાતું નથી, કારણ કે 'બ્રાહ્મણોનું ટોળું આગળ ચાલતું...' એમ ધારણ કરવાનો પ્રકાર ઉપર કહેલો છે.

૪. 'સંસ્કાર' એટલે 'જનોઈ વિગેરે'. ( પ્ર )

૫. 'આ' એટલે ચિત્ અને આનંદ પૂરવા ( પૂર્ણ કરવા ) રૂપ. ( પ્ર )

એ પ્રમાણે બાહ્મણનો અપરાધ સહન કરવો જોઈએ એમ કહીને, જેઓ (તે) સહન કરતા નથી, તેઓ જો (બ્રાહ્મણોના) શત્રુ થાય તો તેમને થતું દુઃખ નીચેના શ્લોકમાં કહે છે :

**યે મે તનૂર્દ્વિજવરાન્ દુહતીર્મદીયા ભૂતાન્યલબ્ધશરણાનિ ચ ભેદબુદ્ધ્યા ।।**
**દ્રક્ષ્યન્ત્યઘક્ષતદશો હ્યહિમન્યવસ્તાન્ ગૃધ્રા રુષા મમ કુષન્ત્વધિદણ્ડનેતુઃ ।।૧૦।।**

જે સર્પ જેવા ક્રોધીઓ મારા દેહરૂપ ઉત્તમ દ્વિજો, મારી દૂઝણી (ગાયો) અને શરણ વિનાના પ્રાણીઓને (મારાથી) જૂદા જૂએ છે, તે પાપથી નાશ પામેલી દષ્ટિવાળાઓને ક્રોધથી અધિક દંડ કરનારના ગીધો કોચી ખાય છે. ૧૦.

જેઓ ઉત્તમ દ્વિજો વિગેરેને (મારાથી) જૂદા જૂએ છે, તેઓને યમલોકમાં ગીધો કોચી ખાય છે, એવો (વાક્યનો) સંબંધ છે. 'તે મૃત્યુના મૃત્યુને પામે છે' એ

શ્રુતિ પ્રમાણે કોઈ પણ સમયે ભેદ જોવાથી સંસાર (પ્રાપ્ત) થાય છે એમ કહેલું છે. પોતાનો[1] ભેદ પહેલાં પ્રાપ્ત થએલો હોવાથી, અહિં 'ભેદ' (શબ્દથી) ભગવાનથી ભેદ કહેલો છે.

'ભેદ છે, (અને) લોકમાં પ્રસિદ્ધ છે, ત્યારે (તે) જોનારાઓનો શું દોષ ?' એવી શંકા થાય, તેથી 'મારા દેહરૂપ' શબ્દ કહેલા છે. જેમ યોગી એક હજાર દેહો ધારણ કરે, છતાં પણ જીવ એક હોવાથી તે એકજ છે, તેમ (ભગવાન્) અનંત દેહોવાળા છે. તેમાં પણ યજ્ઞસ્વરૂપ (ભગવાન્) આધિભૌતિક બે શરીરો ધારણ કરે છે, કારણ કે 'યજ્ઞ હવિ અને મંત્રરૂપ છે. તે પૈકી મંત્રો બ્રાહ્મણોમાં રહેલા છે અને હવિ ગાયોમાં રહેલું છે. જો તે બ્રાહ્મણો અને ગાયો (ભગવાનથી) જૂદાં હોય, તો તેમનામાંથી ઉત્પન્ન થએલમાં મંત્રપણું અથવા હવિપણું ન હોય, કારણ કે ભગવાનથી જૂદા તે લૌકિકજ હોય. તેથીજ બીજાઓએ ઉચ્ચારેલા (મંત્રો) લૌકિક વાણીથી ઉચ્ચારેલા હોવાથી મંત્રોજ નથી. તેથી તે (બ્રાહ્મણો) મારાજ દેહો છે. 'ઉત્તમ દ્વિજો, દુઝણી (ગાયો)' શબ્દોથી તે (દેહો)ને દર્શાવે છે. યજ્ઞમાં ઉપયોગી તરીકે (કહેવાના) હોવાથી, અહિં 'વિપ્ર' શબ્દ (યોજેલ નથી), કારણ કે અહિં દ્વિજપણુંજ ઉપયોગી છે. ઉત્તમ જન્મ દર્શાવવા 'દ્વિજ' શબ્દ, અને ઉત્તમ કર્મ દર્શાવવા 'વર' 'ઉત્તમ' શબ્દ (યોજેલ છે). 'દુહ્' ધાતુનો કુદરતી દુધ આપવાનો અર્થ જણાવવા કર્તરિ પ્રયોગમાં 'અત્' પ્રત્યય લગાડી 'દુહતીઃ' શબ્દ કરેલો છે, કારણ કે તેવી (ગાયો)માંજ હવિ ઉત્પન્ન થાય છે, અને અગ્નિહોત્ર થઈ શકે તે માટે જ વાછડા ઉત્પન્ન થાય છે. ગાયો (ભગવાનની) મિત્ર હોવાથી, 'મારી' શબ્દથી ગાયોનો અધિક ગુણ કહેલો છે. ભગવાન્ પણ સર્વના મિત્ર હોવાથી, તેમનો (મિત્ર હોવારૂપ) ગુણ (ગાયોમાં) રહેલો હોવાથી, (તેઓ) તેમની છે. અથવા 'મારી (ગાયો)' એમ જૂદીજ (ગાયો) દર્શાવેલી છે, કારણ કે તેઓ ભક્તિમાર્ગ પ્રમાણે ભગવાનના ભોગમાં ઉપયોગી હવિરૂપ દૂધ આપનારી છે. 'શરણવિનાના પ્રાણીઓ' શબ્દોથી જ્ઞાનમાર્ગ પ્રમાણે રક્ષણ કરનાર તરીકેનો ગુણ[2] દર્શાવેલો છે. તે (માર્ગ) પ્રમાણે પણ રક્ષણ કરનાર હોવાપણું[3] ભગવાનમાં રહેલું હોવાથી (ભગવાનથી) ભેદ ન હોય તે યોગ્યજ છે. એમ ત્રણે માર્ગમાં ઉપયોગી પદાર્થો જેઓ મારાથી જૂદા હોવાનું જાણે છે, તેઓને અધિક ભય થાય છે. ''ભગવાન્ તરીકે (તે પદાર્થોને) જાણતા ન હોઈએ તો પણ વાસ્તવિક રીતે તે ભગવાનનાં સ્વરૂપો હોવાથી, તેમને જોવાથી નરકમાં કેમ પડાય ?'' એવી શંકા થાય, તેથી 'પાપથી નાશ પામેલી દષ્ટિવાળાઓ' શબ્દ યોજેલ છે. ભેદથી ઉત્પન્ન થએલા પાપથી નાશ પામેલી છે દષ્ટિ જેઓની, તેવા (તેઓ છે). બ્રાહ્મણના વધની

પેઠે ભેદ પણ અધર્મ ઉત્પન્ન કરનારો છે. આ વધ જ્ઞાનમય છે, છતાં પણ મૂલ (ભગવાન્)ના સંબંધી હોવાથી ક્રિયામય વધથી પણ અધિક છે. શિક્ષા[૪] પણ ચક્ષુનેજ થાય છે.

''વ્યવહારમાં ભેદની જરુર હોવાથી, તે (ભેદ)થી દોષ કેમ થાય ?'' એવી શંકા થાય, તેથી 'સર્પ જેવા ક્રોધીઓ' એમ કહેલું છે. બધા વ્યવહારની મના કરવામાં આવતી નથી, પરંતુ અંતઃકરણમાં મૂળ ઘાલેલ દોષ તરીકેના (વ્યવહારની જ મના કહેલી છે), કારણ કે સર્પો જરાએ અપરાધ ભૂલતાં નથી, અને વધ સુધી પ્રયત્ન કરે છે, તે પ્રમાણે જો હૃદયથી (ભગવાનથી જૂદા) જૂએ તો શિક્ષા થાય છે, એવો અર્થ છે. ગીધના મુખમાં ગએલું નયન કોઈ પણ સમયે પાછું આવતું નથી, એમ છૂટાતું ન હોવાનું સૂચવેલું છે. 'ક્રોધથી' શબ્દથી (એમ કહેલું છે કે) નયન (દષ્ટિ) હોવાથીજ આમણે ભગવાનનો અપરાધ કરેલો હોવાથી, નયન ઉપર ક્રોધ (થાય છે), અથવા મારા ક્રોધ સાથેના ગીધો (નયન) કોચી ખાય છે. તેઓ (નયનનો) નાશજ કરે છે, (તેને) માત્ર ઈજા કરતા નથી. 'અધિકં' અધિક 'દણ્ડાન્' સજાઓ 'નયતિ' લાવે (કરે) તે અધિક દંડ કરનાર યમ. થોડી શિક્ષા તો રાજા રોગ વિગેરે પણ કરે છે, તેથી (અધિક શિક્ષા કરનાર) યમ કહેલો છે. ૧૦.

૧. 'પોતાનો' એટલે જીવનો ભેદ, કારણ કે 'જેમ અગ્નિમાંથી (તણખા નીકળે)...' 'હું બહુ થાઉં' એવી ઈચ્છાથી (ભગવાનથી) છૂટા પડવાનું (જીવને) પહેલાંજ પ્રાપ્ત થએલું છે. (પ્ર)

૨. 'ગુણ' એટલે હંસ હોવાનો અથવા પરમહંસ હોવાનો ગુણ. (પ્ર)

૩. 'રક્ષણ કરનાર હોવાપણું' એટલે જ્ઞાનમાર્ગનું રક્ષણ કરનાર હોવાપણું. (પ્ર)

૪. ગીધો કોચી ખાય તે શિક્ષા. (પ્ર)

એ પ્રમાણે શત્રુ થવામાં શિક્ષા (થાય તે) કહી, સન્માન કરવામાં આવે તો (ભગવાન્) પ્રસન્ન થાય છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**યે બ્રાહ્મણાન્મયિ ધિયા ક્ષિપતોઽર્ચયન્તિ સ્તુષ્યદ્ધૃદઃ સ્મિતસુધોક્ષિતપદ્મવક્ત્રાઃ ।।**
**વાણ્યાનુરાગકલયાઽઽત્મજવદ્ગૃણન્તઃ સંબોધયન્ત્યહમિવાહમુપાહૃતસ્તૈઃ ।।૧૧।।**

જેઓ હું છું એવી બુદ્ધિથી તિરસ્કાર કરતાં બ્રાહ્મણોની પણ પ્રસન્ન હૃદયવાળા રહી પૂજા કરે છે, મંદ હાસ્યરૂપ અમૃતથી સિંચાએલા કલમ જેવા મુખથી સ્નેહની કલાઓવાળી વાણીથી પુત્રની પેઠે (તેઓની) પ્રશંસા કરતાં, મારી પેઠે તેમનું સંબોધન કરે છે તેઓએ મને પ્રાપ્ત કરેલો છે. ૧૧.

જેઓ તિરસ્કાર કરતા બ્રાહ્મણોની પણ પૂજા કરે છે, તેઓએ મનેજ પ્રાપ્ત કરેલો છે. સર્વ પુરુષાર્થરૂપ હું જો તેઓની સમીપ રહું, તો તેઓને બધા પુરુષાર્થો પ્રાપ્ત થએલાજ છે. જો તેઓની પૂજા બંધુ તરીકે, અથવા દુઃખ (દેશે એવા) ભયથી,

અથવા લોકમાં અપકીર્તિ થશે એવા ભયથી અથવા દંભથી કરે તો આ ફલ પ્રાપ્ત થતું નથી, પરંતુ 'હું છું' એવી બુદ્ધિથી એટલે (તેઓ) મારા દેહરૂપ હોવાથી 'આ ભગવાન્ છે' એવી બુદ્ધિથી, અથવા બ્રાહ્મણો સંપૂર્ણ રીતે પૂજન કરવા યોગ્ય છે એવી જે મારામાં બુદ્ધિ છે તેવી બુદ્ધિથી, 'તિરસ્કાર કરતા' એટલે ગાળો ભાંડતા (બ્રાહ્મણો)ની પૂજા કરે તો (તેવું ફલ પ્રાપ્ત થાય). એમ (બ્રાહ્મણોનો) વિરોધ દર્શાવવાથી આ ફલ કોઈ પણ સમયે પ્રાપ્ત થવાનું નથી, (અને) ભગવાનની પ્રાપ્તિ બહુ (સહેલાઈથી) થાય તેવી નથી એમ સૂચવેલું છે. તે પણ પ્રસન્ન હૃદયવાળા રહી (પૂજન કરવું જોઈએ). જો તેઓ[૧] ક્રોધને અંદરજ રાખે. તો ઘણું અનિષ્ટ થાય, તેથી તેઓ ક્રોધ બહાર કાઢે ત્યારે '(તેઓનો) મારા ઉપર મોટો ઉપકાર થએલો છે' એવું જ્ઞાન હૃદયની પ્રસન્નતા (રહેવા)નું કારણ છે. (બ્રાહ્મણોના) માહાત્મ્યનું ઘણું જ્ઞાન હોય, ત્યારે આ (હૃદયની પ્રસન્નતા) થાય.

વળી અમૃતરૂપ મંદહાસ્યથી સિંચાએલું છે કમલ જેવું મુખ જેઓનું તેવા (રહી, તેઓનાં) માહાત્મ્યનું જ્ઞાન હોવા છતાં પણ સ્નેહથી જ (તેઓના) દોષ સહન કરવા. મંદ હાસ્ય (દેહની) અંદર ખળભળાટ વિગેરે ઉત્પન્ન થતા નથી એમ જણાવનારું છે. તે (તેમના દેહ)માં રહેલો સ્નેહનો રસ તેમને દબાવવાથી પ્રકટ થતો હોવાથી, બાલકની પેઠે તે (બ્રાહ્મણોએ કરેલ) અપરાધ ઘણો સંતોષ કરાવનારો (થતો) હોવાથી, હાસ્ય અમૃતરૂપ છે. તે (હાસ્ય)નું અમૃતપણું પોતાનું કાર્ય ઉત્પન્ન કરતું હોવાથી, તેનાથી સિંચાએલ મુખવાળા (રહેવાનું) કહેલ છે. તેમ થતાં મુખ ઘણું વિકાસવાળું થતું હોવાથી (સ્મિત અને અમૃતરૂપ) ધર્મથી ઉત્પન્ન થએલા રંગ અને સ્પર્શ આ (મુખ)માં પ્રકટ થએલા છે એમ જણાવવા 'કમલ' શબ્દ (યોજેલ છે). એ પ્રમાણે અંતઃકરણની દેહની પ્રસન્નતા કહીને, ઉત્તરાર્ધમાં વાણીની પ્રસન્નતા કહે છે. વાણીના પ્રેમની ચંદ્રની પેઠે વૃદ્ધિ અને ક્ષય કરનારી કલાઓ હોય છે. એ પ્રમાણે કાયા વાણી અને મનની પ્રસન્નતા પુત્રનેજ થતી હોવાથી, (પુત્રના) દૃષ્ટાંતથી તેમ કરનારાઓનો બ્રહ્મભાવ[૨] કહેલો છે. પૂજા દ્રવ્યો વડે કાયાથી (કરવાની), પ્રશંસા વાણીથી (કરવાની). વ્યવહાર માટે, અથવા સારી રીતે બોધ થાય તે માટે 'સંબોધન' કરે છે. (આથી) એમ સૂચવેલું છે કે (બ્રાહ્મણો) તિરસ્કાર કરે તો પણ કોઈ પણ સમયે તેઓ પ્રતિ કઠોરતા થતી નથી. આવા (પુરુષો)નું દૃષ્ટાંત હું (ભગવાન)જ છું. આ બોધ આપવા કહેલું છે, પરંતુ પોતાની સરસાઈ જણાવવા (કહેલું) નથી. જેમ ભૃગુએ (મારો) અપરાધ કર્યો, ત્યારે મેં જેમ કરેલું[૩] (તેમ કરવું) એવો અર્થ છે. 'મને પ્રાપ્ત કરેલો છે' એ ફલ (જણાવનારું) વાક્ય જૂદું છે. તેથી તેનો તે અર્થ ('અહમ્'

'હું' શબ્દ) ફરી કહેલો નથી. તે (પુરુષો)ની સરસાઈ જણાવેલા છેવટે (ફલ જણાવનારું વાક્ય) કહેલું છે. ૧૧.

૧. 'તેઓ' એટલે બ્રાહ્મણો.

૨. પુત્ર પિતાની પ્રશંસા કરે તેમ પ્રશંસા કરવાનું કહ્યું, તેથી બ્રાહ્મણના પુત્ર થવાથી બ્રહ્મભાવ (બ્રાહ્મણોની સ્થિતિ) પ્રાપ્ત થયો, એવો અર્થ જણાય છે.

૩. જૂઓ ૧૦-૮૬-૧ થી ૧૨.

નીચેના શ્લોકમાં આ વર્ણનનો ચાલુ પ્રસંગમાં ઉપયોગ કહે છે :

**તન્મે સ્વભર્તુરવસાયમલક્ષમાણૌ યુષ્મદ્વ્યતિક્રમગતિં પ્રતિપદ્ય સદ્યઃ ।।**
**ભૂયો મમાન્તિકમિતાં તદનુગ્રહો મે યત્કલ્પતામચિરતો ભૃતયોર્વિવાસઃ ।।૧૨।।**

તેથી પોતાના પતિનો મારો સંકલ્પ ન જાણનારા (આ) બે તમારા અત્યાચારનું ફલ પ્રાપ્ત કરીને તરતજ ફરી મારી પાસે આવો, તે મારો અનુગ્રહ છે; જેને લીધે બે ભક્તોનો પરદેશવાસ થોડા સમયમાં પૂરો થાય. ૧૨.

કારણ કે બ્રાહ્મણોનું સ્વરૂપ આવા પ્રકારનું છે, અને મેં તેવું વિચારેલું છે. તે ન જાણવાને લીધે તે બે તમારા અત્યાચારનું ફલ પ્રાપ્ત કરીને ફરી મારી પાસે આવો. આ ભક્તિનું રક્ષણ થાય તે માટે મારો અનુગ્રહ છે. આનું કારણ ન હોવાથી 'આ મારોજ અનુગ્રહ છે' એમ કહેલું છે. 'વધારે અનુગ્રહ પણ કરવાનો છે' એમ કહેવામાં આવે, તેથી 'જેને લીધે (પરદેશવાસ થોડા સમયમાં) પૂરો થાય' એમ કહેલું છે. જે અનુગ્રહને લીધે 'ભૃતયોઃ' બે સેવકોનો અથવા ભક્તિથી ભરપૂર બે (ભક્તો) નો 'વિવાસઃ' પરદેશવાસ 'અચિરતઃ કલ્પતામ્' થોડા સમયમાંજ પૂરો થાય. (તેમને) જન્મ અને મરણનું દુઃખ ન થાય તે માટે શાપને પરદેશવાસ તરીકેજ કહેલો છે. 'મારી પાસે' શબ્દથી ફરી દાસભાવ પ્રાપ્ત કરે, એમ (કહેલું છે).

**જીવાનાં[1] તુ ત્રયો ભાવા ઉત્કર્ષોત્કર્ષહેતવઃ ।।૭।।**

જીવોની એક પછી એક સરસાઈ કરાવનારી ત્રણ સ્થિતિઓ છે. કા. ૭.

**જીવાઃ સ્વભાવતો દાસા દેહભાવોऽધમસ્તતઃ ।।**
**બ્રહ્મભાવઃ સ્વતઃ શ્રેષ્ઠસ્તત્સ્વભાવ ઈહ સ્થિતાઃ ।।૮।।**

જીવો સ્વભાવથી (ભગવાન્‌ના) દાસો[2] છે. તેથી દેહભાવ[3] સર્વથી હલકો છે. બ્રહ્મભાવ પોતેજ ઉત્તમ[4] છે. અહિં (લોકો) તેમના[5] સ્વભાવથી રહેલા છે. કા. ૮.

**દેહભાવસ્તુ તચ્છાપઃ સ્વભાવોऽનુગ્રહઃ સ્મૃતઃ ।।**
**સાયુજ્યે બ્રહ્મભાવઃ સ્યાન્નાન્યથેતિ વિનિશ્ચયઃ ।।૯।।**

દેહભાવ તો તેઓનો શાપ[6] છે. સ્વભાવ (ભગવાને) વિચારેલો અનુગ્રહ[6]

છે. બ્રહ્મભાવ સાયુજ્ય (પ્રાપ્ત) થાય ત્યારે થાય, નહિ તો ન થાય[7], એવો નિશ્ચય છે. કા. ૮.

**સાયુજ્યયોગ્યતાકાલે બ્રહ્મભાવો નિરૂપ્યતે ।।**
**ભગવાનેવ હિ બ્રહ્મ નાન્યો ભવિતુમર્હતિ ।।૧૦।।**

સાયુજ્યની યોગ્યતા[8] થવાના સમયે બ્રહ્મભાવનું નિરૂપણ કરેલું છે, કારણ કે ભગવાનજ બ્રહ્મ છે[9]. બીજો બ્રહ્મ થવા યોગ્ય નથી. કા. ૯.

**એકં ચ બ્રહ્મ સર્વેષાં તથાત્વે તુ વિરુધ્યતે ।।**
**ભગવત્કરણાલ્લોકે ભાવના દુર્બલા મતા ।।૧૧।।**

વળી બ્રહ્મ એક છે, બધા તેવા(બ્રહ્મ) થાય તો તો લોકમાં ભગવાનપણું (પ્રકટ) કરેલ હોવાથી (એકપણાંનો) વિરોધ થાય[10]. ભાવના દુર્બલ માનેલી[11] છે. કા. ૧૧.

**દાસભાવાદતો નાન્યત્ કામ્યં ભવતિ કસ્યચિત્ ।।**
**અતો હિ ભગવાન્ ભર્તા જીવાનામિતિ નિશ્ચયઃ ।।૧૨।।**

તેથી દાસભાવથી બીજું કોઈએ[12] પણ ઈચ્છવા યોગ્ય નથી. તેથી ભગવાન્ જીવોના પતિ[13] છે, એવો નિશ્ચય છે. કા. ૧૨.

**અભિપ્રાયસ્તુ તસ્યાપિ બ્રહ્મભાવમભીપ્સુભિઃ ।।**
**બ્રાહ્મણાતિક્રમો નૈવ કર્તવ્ય ઈતિ નિશ્ચયઃ ।।૧૩।।**

તેનો પણ અભિપ્રાય તો એવો છે કે બ્રહ્મભાવ ઈચ્છનારાઓએ બ્રાહ્મણોનો અત્યાચાર નજ કરવો એવો નિશ્ચય છે[14]. કા. ૧૩.

**અતો દણ્ડસ્તુ સોઢવ્યો નો ચેદગ્રે ફલં ન તત્ ।।**

તેથી શિક્ષા તો સહન કરવી જોઈએ. જો ન (સહન) કરે, તો ભવિષ્યમાં તે ફલ (પ્રાપ્ત) ન થાય. ૧૩ $^{1}/_{2}$.

એ પ્રમાણે ભગવાને શાપને સ્થિર કર્યો. ૧૨.

૧. ''શાપ દૂર કરવા શક્તિવાળા ભગવાનને શાપ સ્થિર કરવાનું, અને વળી પોતાનું દાસપણું (બે ભક્તોને) પ્રાપ્ત થાય તેવા અનુગ્રહ માટે (મુનીઓની) પ્રાર્થના કરવાનું શું કારણ ?'' એવી શંકા થાય તેથી ભગવાન્ વિચારેલો અર્થ આ કારિકાઓથી કહે છે. (પ્ર)

૨. કારણ કે (ભગવાનની) ક્રીડા માટે ઉત્પન્ન કરેલા છે.(પ્ર)

૩. 'તેથી' એટલે તે કારણથી તેઓનો દેહભાવ છે. તે સર્વથી હલકો છે. તેથી દેહભાવ વિનાનો દાસભાવ જીવોની સરસાઈ કરાવનારો છે. (પ્ર)

૪. 'ઉત્તમ' એટલે સ્વભાવિક દાસભાવથી ઉત્તમ. (પ્ર)

૫. અહિં વૈકુંઠમાં સ્વભાવથી એટલે માત્ર સ્વરૂપથી દાસ થઈ રહેલા છે. (પ્ર)
૬. પાછો સનક વિગેરેના શાપથી તેઓને દેહભાવ પ્રાપ્ત થાય છે. તેમ થતાં તે (દેહભાવ)થી ઉત્તમ સ્વભાવ, એટલે માત્ર (સ્વરૂપથી) દાસભાવ છે. તેજ ભગવાને વિચારેલ અનુગ્રહ છે. (પ્ર)
૭. ''માત્ર (સ્વરૂપથી) દાસભાવમાં દેહભાવ પણ હોવાથી તે ઉપયોગી નથી. તેથી બ્રહ્મભાવ સાથે દાસભાવ હોવાની જરૂર હોવાથી તે કેમ (ભગવાને ભક્તો માટે) ન માગ્યો ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર)
૮. 'યોગ્યતા' એટલે (સાયુજ્ય પ્રાપ્ત થવામાં) કાંઈ અડચણરૂપ ન હોય તે. ઉત્તમ સાયુજ્યની અવસ્થા સંભવે તે પહેલાંના સમયમાંજ આ કહેલી છે. ભગવાનની ઈચ્છા (જય તથા વિજયને) તે આપવાની ન હતી, તેથી તે ન માગ્યું. (પ્ર)
૯. ''ભગવાને તેમને સાયુજ્ય આપવાનું ન ઈચ્છયું, છતાં તેમને બ્રહ્મભાવ પ્રાપ્ત થાય તેમાં શું દોષ ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર)
૧૦. 'લોકમાં' એટલે વૈકુંઠમાં ભગવાનપણું પ્રકટ કરેલું હોવાથી, (જીવો) સંગરહિત અને ઉદાસીન રહેતા હોવાથી તેમને (ત્યાં) બ્રહ્મભાવ થાય તેમાં દોષ નથી, કારણ કે તેઓ કાર્ય કરતા નથી, પરંતુ ભગવાનપણાંથી (બ્રહ્મભાવ) વિરુદ્ધ છે, કારણ કે (ભગવાન્) કાર્ય કરે છે, તેથી ભગવાનના એકપણાંનો વિરોધ થાય (કારણ કે કાર્ય કરનાર બ્રહ્મભાવવાળા ઘણા ભગવાન્ થાય). (પ્ર)
૧૧. ''ત્યારે ઉપાસનામાં બ્રહ્મભાવની કલ્પના કેમ કરાય છે ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ઉપાસના સમયે બ્રહ્મભાવ થતો નથી, પણ પોતે બ્રહ્મ છે એમ (ઉપાસના કરનાર) માને છે, તેથી કાર્ય કરવારૂપ વિરોધ થતો ન હોવાથી ફલ પોતાને પ્રાપ્ત થાય તે માટે તેમ કરે છે. ભાવનાથી તેટલુંજ થાય છે, તેથી તે દાસભાવથી દુર્બલ છે. (પ્ર)
૧૨. 'કોઈએ પણ' એટલે લોકમાં રહેનાર કોઈએ પણ. (પ્ર)
૧૩. 'પતિ' એટલે સર્વનો નિર્વાહ કરનાર. (પ્ર)
૧૪. શાપને સ્થિર કરવામાં દાસપણું અનુગ્રહ તરીકે માગ્યું, તેનું આ કારણ છે એવો અર્થ છે. (પ્ર)

એ પ્રમાણે ભગવાન્ પ્રસન્ન થયા છે એમ જાણીને દુઃખથી મુક્ત થએલા મુનિઓએ સારી રીતે (તેમની) સ્તુતિ કરી એમ કહેવા, આરંભમાં તેમનાં વચનથી તેઓનું દુઃખ દૂર થયું, એમ નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી કહે છે :

।। બ્રહ્મોવાચ ।।

**અથ તસ્યોશતીં દેવીમૃષિકુલ્યાં સરસ્વતીમ્ ।।**
**નાસ્વાદ્ય મન્યુદષ્ટાનાં તેષામાત્માઽપ્યતૃપ્યત ।।૧૩।।**

પછી તેમની કમનીય દૈવી ઋષિઓનાં કુલને યોગ્ય સરસ્વતીનું શ્રવણ કરીને પણ ક્રોધથી ડસાએલા તેઓના આત્માને તૃપ્તિ થઈ નહિ. ૧૩.

(૧) ભગવાનનું વચન શબ્દ અને અર્થના ભેદથી ચિંતા દૂર કરનારું છે. તે

પૈકી શબ્દથીજ સંદેહ ન રહે તેમ[1] ચિંતા દૂર થઈ (૨) ભગવાનનાં વચનોનો અર્થ તો દરેક પ્રકારનો હોવાથી (તેનો) નિર્ણય થયો નહિ, સ્વરૂપથી નિર્ણય થવા છતાં ફલથી નિર્ણય થયો નહિ, તેથી તેણે (અર્થે) તો ચિંતા દૂર ન કરી. (૩) છતાં પણ દર્શન કરેલ સાધન બલવાન હોવાથી બધુંએ અંતઃકરણ ચિંતાવાળું હોવા છતાં નિર્મલ થયું, એમ શબ્દ અને અર્થનાં સાધનના ભેદથી ત્રણ શ્લોકો (કહેલા છે).

આરંભમાં શબ્દથી તેઓને સુખ થયું, એમ આ શ્લોકથી કહે છે. 'અથ' 'પછી' શબ્દથી (તેમણે) અર્થનો વિચાર કરેલો ન હતો એમ જણાવવા જૂદો આરંભ (કરેલો છે). (૧) 'ઉશતીં' એટલે કમનીય, આ (વિશેષણ)થી તે (વાણી) દુઃખ દૂર કરનારી હોવાનું સ્વરૂપ કહ્યું. (૨) તર્ક (થી તે સિદ્ધ થાય તે) માટે 'ઋષિકુલ્યાં' 'ઋષિઓનાં કુલને યોગ્ય' એ બીજું વિશેષણ કહેલું છે, કારણ કે ઋષિઓ મંત્ર જાણનારા છે, અને મંત્રો અલૌકિક પ્રભાવવાળા છે. તેમનું હિત કરનારી તેમનાથી પણ (અધિક) અલૌકિક પ્રભાવવાળી હોવાથી, પોતાની શક્તિથી જ દુઃખ દૂર કરનારી છે. (૩) (તે) 'દૈવી' પ્રકાશ કરનારી હોઈ, કાંતિ કરાવનારી છે. તેવી ન હોય તે કોણ હૃદયમાં પ્રકાશ કરે ? તેથી પણ દુઃખ દૂર કરનારી છે. (૪) વળી (તે) સરસ્વતી છે. 'સરઃ' એ જલનું નામ છે. (વાણી) આધિદૈવિકી હોવાથી, તે જલ અમૃત છે. તેઓનું હૃદય ક્રોધથી ડસાએલું હોઈ લગભગ મરેલા જેવું હતું. તે (૧) અમૃતથી જીવે, (૨) કાંતિથી પ્રકાશે, (૩) અલૌકિક પ્રભાવથી કાર્ય કરવા શક્તિવાળું થાય અને (૪) પરમાનંદ પ્રાપ્ત કરે એમ (જણાવવા) ચાર વિશેષણો (કહેલાં છે). આવી સરસ્વતીને સાંભળીને રહેલાઓના પણ આત્માને તૃપ્તિ થઈ નહિ, 'ઘણું (કહ્યું)' એમ કહ્યું નહિ. જો અર્થ (જાણવા)ના પ્રયોજનથી શ્રવણ કર્યું હોત, તો અર્થ પૂર્ણ હોવાથી તેઓની ઈચ્છા પૂર્ણ થાત. સ્વરૂપથી (વાણી)નું શ્રવણ કરતાં, તો આનંદમાં 'બહુ થયો' એવી બુદ્ધિ થતી ન હોવાથી (સાંભળવાની) (ઈચ્છા)[2] દૂર થઈ નહિ; કારણ કે સર્પ ડસ્યો હોય તેને મંત્રથી જલનું પાન કરાવવામાં આવે છે, અને વિષની જ્વાલા ઘણી હોવાથી તેને તૃપ્તિ થતી નથી. આત્માને પણ દંશ થતાં, બધા અંગોમાં જ્વાલા થાય છે. તેથી તે (આત્મા)જ ડસાએલા કહેલા છે. ૧૩.

૧. 'ભગવાન્ અમારા ઉપર પ્રસન્ન થયા છે કે નહિ, એવા સંદેહ ન રહે તેમ.' (પ્ર)

૨. 'દૂર થઈ નહિ' એટલે ઈચ્છા દૂર થઈ નહિ. (પ્ર)

એ પ્રમાણે શબ્દથી ફલ કહીને, અર્થના અનુસંધાનથી પણ જે (પરિણામ) થયું, તે નીચેના શ્લોકથી કહે છે :

**સતીં વ્યાદાય શ્રૃણવન્તો લઘ્વીં ગુર્વર્થગહ્વરામ્ ।।**

**વિગાહ્યાડગાધગમ્ભીરાં ન વિદુસ્તચ્ચિકીર્ષિતમ્ ।।૧૪।।**

ઉત્તમ (વાણી)ને (કાન) ઉઘાડા રાખી સાંભળીને, અલ્પ, વિશાલ અર્થને લીધે ગહન અને અગાધ હોવાથી ગંભીર (તે વાણી)માં પ્રવેશ કરીને, તેમણે કહેવા ઈચ્છેલું તેઓ જાણી શકયા નહિ. ૧૪.

કારણ કે (૧) તે વાણી સત્પુરુષોના માર્ગનું સ્થાપન કરનારી હતી. તેથી (તેના શબ્દોના) સમૂહનો અર્થ જાણવાથી (તેઓને) સુખ થયું જ. 'વ્યાદાય શ્રવણમ્' એટલે કાનના છિદ્રો ઉઘાડા રાખીને શ્રવણ કરવું. (૨) સ્વરૂપથી તે (વાણી) અલ્પ હતી. તેથી (તેનો) વિચાર કરી શકાતો હોવાથી (તે) સુખ આપનારી હતી. એ પ્રમાણે બે વિશેષણોથી અર્થ દ્વારા પણ તે સુખ આપનારી હોવાનું કહ્યું. 'વિશાલ અર્થને લીધે ગહન, (અને) અગાધ હોવાથી ગંભીર' વિશેષણોથી એમ કહેલું છે કે સાધનથી અને ફલથી તે સુખ આપનારી ન થઈ; કારણ કે ભગવાન્ પુરુષોત્તમ અને હલકા સેવકોરૂપ જીવોના ઉલટા ગુણો કહેલા હોવાથી (તેનો) અર્થ ગહન હતો. 'શ્રવણ કરેલાં શબ્દોના અર્થનો શ્રવણથી જે અર્થ પ્રાપ્ત થાય તેનાથી નિર્ણય કરી સંદેહ દૂર કરવો જોઈએ' એમ કહેવામાં આવે, તેથી 'અગાધ હોવાથી ગંભીર' એ વિશેષણ કહેલું છે. (ભગવાનનાં વચન) અગાધ હોવાથી (તેનાં) શ્રવણથી અર્થ પ્રાપ્ત થઈ શકતો નથી. શબ્દોના અર્થના તળિઆંનો સ્પર્શ થાય[1], ત્યારે તેનો નિર્ણય કરવો યોગ્ય છે. (વાણી) ગંભીર હોવાથી, (તેમાં) ડૂબકી મારવાથી પણ (તેનાં) તળીઆંનો સ્પર્શ થવાનું સંભવતું નથી, આટલાથી ભગવાને કાંઈક ગંભીર કહ્યું, એવો નિશ્ચય થાય છે, છતાં પણ 'આ એમ કેમ કહે છે ?' એવું તેમણે કહેવા ઈચ્છેલું તે (મુનિ) ઓ જાણી શક્યા નહિ, 'વિગાહનમ્' એટલે અંદર પ્રવેશ કરવો. વિચાર કરવા છતાં પણ, તેઓ જાણી શક્યા નહિ, એવો અર્થ છે. ૧૪.

૧. 'તળીઆંનો સ્પર્શ થાય' એટલે પૂરો જણાય.

એ પ્રમાણે (ભગવાનનું) વચન કાંઈક જાણીને પણ, ભગવાનનાં દર્શન કરીને આનંદ પામેલા તેઓએ તેમની સ્તુતિ કરી, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તે યોગમાયયારબ્ધપારમેષ્ઠ્યમહોદયમ્ ।।**

**પ્રોચુઃ પ્રાઞ્જલયો વિપ્રાઃ પ્રહૃષ્ટાઃ કૃપિતત્વચઃ ।।૧૫।।**

આનંદ પામેલા અને કોપેલી ત્વચાવાળા તે વિપ્રોએ બે હાથ જોડી જેમણે યોગમાયાથી પરમ ઐશ્વર્યથી અધિક શ્રેષ્ઠતાનો આરંભ કરેલ તેવા (ભગવાન)ને (નીચે પ્રમાણે) કહ્યું. ૧૫.

કારણ કે યોગમાયા ભગવાનના વૈભવ માટે યોગ્ય પદાર્થો રચે છે, તે પદાર્થો

પ્રાકૃત નથી તેમજ બ્રહ્માએ રચેલા નથી, તેથી પરમ ઐશ્વર્ય કરતાં પણ અધિક શ્રેષ્ઠ હોય છે. યોગમાયાએ આરંભ કરેલ પરમાનંદ હતો પરમ ઐશ્વર્યથી પણ અધિક શ્રેષ્ઠતાનો જેમની તેવા (ભગવાન જણાયા). તેથી સાધન જોઈને, પરમાનંદ ઘણા પ્રકારનો જણાતો હોવાથી ઘણો આનંદ પામ્યા. પોતે વિપ્રો[1] હોવા છતાં પણ મનથી પણ તેવી (શ્રેષ્ઠતા) વિચારેલ ન હોવાથી, (ભગવાનનાં) માહાત્મ્યનું જ્ઞાન થતાં, તેઓએ બે હાથ જોડ્યા. તેમનાં દર્શનથી અંદર ભરપૂર થએલા આનંદે રુંવાડાંનાં છિદ્રોમાંથી બહાર નીકળતાં ત્વચાને કોપાવી, કારણ કે તેનો દેવ વાયુ છે, અને વાયુનો (દેહની અંદર) સંચાર ન રહેતાં, તે કોપ કરે તે યોગ્ય જ છે. 'ક્ષુભિત' 'ખળભળાવેલી (ત્વાચાવાળા)' એવો પાઠ હોય, ત્યારે પણ અર્થ સમાન છે. ૧૫.

૧. 'વિપ્રો' એટલે વિશેષ રીતે પૂરનારા હોવા છતાં આવો વૈભવ તેમણે મનથી વિચારેલો પણ ન હતો. તે જોવાથી ભગવાનનાં માહાત્મ્યનું જ્ઞાન થતાં હાથ જોડ્યા.

વિરોધ દૂર કરતાંજ સ્તુતિ કરતાં, આરંભમાં તેઓ નીચેના શ્લોકથી આરંભી વિરોધ જણાવે છે :

**ન વયં ભગવન્વિદ્મસ્તવ દેવ ચિકીર્ષિતમ્ ।।**
**કૃતો મેઽનુગ્રહશ્ચેતિ યદધ્યક્ષઃ પ્રભાષસે ।।૧૬।।**

હે ભગવન્ ! હે દેવ ! આપે જે કરવા ઈચ્છેલું છે તે અમે જાણતા નથી, કારણ કે (આપ) અધ્યક્ષ હોઈ 'મારા ઉપર અનુગ્રહ કર્યો' એમ કહો છો. ૧૬.

આપ વિરુદ્ધ અર્થ જણાવનાર હોવાથી વિરોધ થયો નથી, પણ અમે મનથી તેવી વ્યવસ્થા કરી શકવાથી (વિરોધ થએલ છે); કારણ કે મન વાણીનો ભર્તા છે. જો તે પ્રભુ વિરોધ દૂર કરે તો દાસીઓના વિરોધથી શું થાય? તેવું (વાણીનો વિરોધ) પણ નથી, એમ પોતાના અનુભવથી કહે છે. 'હે ભગવન્ !' તેજ ત્યાર પછી 'દેવ' (થાઓ છો). આપે જે કરવા ઈચ્છેલું છે તે અમે જાણતા નથી. જાણતા હોઈએ તો (આપની વાણીના) અભિપ્રાયની કલ્પના થાય. કલ્પના થવા ન દેવાનું કારણ બનેલ વિરોધ ઉત્તરાર્ધથી કહેલો છે. કારણ કે આપ 'અધ્યક્ષ' સર્વના સાક્ષી પ્રભુ હોઈ સેવકોને કહો છો કે '(મારા ઉપર આપે) અનુગ્રહ કર્યો' તે (વચન) અર્થથી વિરુદ્ધ છે. ૧૬.

નીચેના શ્લોકમાં બીજો વિરોધ કહે છે :

**બ્રહ્મણ્યસ્ય પરં દૈવં બ્રાહ્મણાઃ કિલ તે પ્રભો ।।**
**વિપ્રાણાં દેવદેવાનાં ભગવાનાત્મદૈવતમ્ ।।૧૭।।**

હે પ્રભો ! આપ બ્રાહ્મણોનું હિત કરનારના બ્રાહ્મણો ખરેખર ઉત્તમ દેવ છે. ભગવાન્ દેવોના દેવો બ્રાહ્મણોના આત્મા અને દેવ છે. ૧૭.

આપ તો 'બ્રહ્મણ્યઃ' બ્રાહ્મણોનું હિત કરનારા, તેમને સર્વ પુરુષાર્થો પ્રાપ્ત

કરાવનારા હોવાથી તેમણે ઉપાસના કરવા યોગ્ય છો, છતાં પણ બ્રાહ્મણો ખરેખર આપના ઉત્તમ દેવ છે, એમ આપ કહો છો. 'કિલ' 'ખરેખર !' શબ્દ પ્રસિદ્ધિ દર્શાવે છે, કારણ કે 'જેઓનાં ( ચરણની રજ ) હું ધારણ કરું છું' એ (પાછલા શ્લોક ૯) બ્રાહ્મણનું પ્રભુપણું જણાવાનારાં તેમનાં (ભગવાનનાં) વચનમાં સંદેહ નથી. વિભાગના ભેદથી તે બંને (વચનો)ની સંગતિ થાય છે, એવા મતનું 'હે પ્રભો !' સંબોધનથી ખંડન કરે છે. આપ સર્વ (કરવા)ની શક્તિવાળા હોઈ, કોઈ પણ અંશથી (આપને) બ્રાહ્મણોની જરુર નથી, એવો અર્થ છે. વળી વિપ્રોના દેવોના, એટલે દેવોના પણ દેવોના ભગવાન્ આત્મા અને દેવ (હોઈ), (તેમને) જરુરી અને (તેમણે) ઉપાસના કરવા યોગ્ય છે. અથવા (ભગવાન્ તેઓના) આત્માના દેવ છે, કારણ કે ચિત્ અંશવાળા ભગવાનના સેવકો છે. ૧૭.

''વેદ મેં કહ્યું તે પ્રકારે જ કહે છે, (તેથી) શાસ્ત્રના અર્થ પ્રમાણે તેવું જ હો'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ત્વન્નઃ સનાતનો ધર્મો રક્ષ્યતે તનુભિસ્ત્વયા ।।**
**ધર્મસ્ય પરમો ગુહ્યો નિર્વિકલ્પો ભવાન્મતઃ ।।૧૮।।**

આપ અમારા સનાતન ધર્મ છો. આપ જ અવતારોથી ધર્મનું રક્ષણ કરો છો. આપ ધર્મના ઉત્તમ છૂપા રાખવા યોગ્ય, અને ગુણરહિત મનાએલા છો. ૧૮.

આપ જ યજ્ઞરૂપ અને બ્રહ્મરૂપ હોવાથી 'દેવોએ યજ્ઞથી યજ્ઞનું પૂજન કર્યું' 'યોગથી જે આત્માનું દર્શન કરવું તે ઉત્તમ ધર્મ છે, એ શ્રુતિઓ પ્રમાણે અમારા સનાતન ધર્મ છો.' 'જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે' (ભ.ગી. ૪-૭) એ વાક્ય પ્રમાણે આપજ 'તનુભિઃ' અવતારોથી (અમારા) પોતાના ધર્મનું રક્ષણ કરો છો. વળી આપ ધર્મના ઉત્તમ છૂપા રાખવા યોગ્ય છો. ધર્મે અત્યંત છૂપા રાખવા યોગ્ય આપજ છો, કારણ કે બીજાની પાસે ગએલો ધર્મ ધર્મીને છૂપાવે છે[1]. જેમ જલ અંદર ગએલી ઉષ્ણતા અગ્નિને છૂપો રાખે છે, તેમ જીવોમાં આવેલો ધર્મ બ્રહ્મને છૂપું રાખે છે, કારણ કે તે ક્રિયાશક્તિરૂપ હોવાથી તેનોજ[2] છે. તેણે છૂપાવવા યોગ્ય ભક્તિયોગ પણ છે, છતાં પણ ભગવાન્ ઉત્તમ છૂપા રાખવા યોગ્ય છે. ''તેણે છૂપું રાખવા યોગ્ય બ્રહ્મજ હોવાથી, ભગવાન્ (છૂપા રાખવા યોગ્ય) કેમ કહો છો ?'' એવી શંકા થાય, તેથી 'આપજ ગુણરહિત મનાએલા છો' એમ કહેલું છે. 'પહેલાની પેઠે' (બ્ર.સૂ. ૩-૨-૨૯) એ સિદ્ધાંત પ્રમાણે બ્રહ્મ સર્વ ગુણરહિત છે, તેજ પાછલથી ગુણના સ્વરૂપથી પ્રકટ થઈ, તે (સ્વરૂપ) સાથે 'ભગવાન્' કહેવાય છે. અથવા ભગવાનનું એક સ્વરૂપ ગુણરહિત બ્રહ્મ[3] છે. બંને (મત) પ્રમાણે (ભગવાન્) ધર્મે ઉત્તમ છૂપા રાખવા

યોગ્ય છે. ૧૮.

૧. ભગવાન્ ધર્મે છૂપા રાખવા યોગ્ય કેમ છે એ આથી સિદ્ધ કરે છે. (પ્ર)
૨. તે ધર્મ ભગવાનના જ ગુણરૂપ છે, કારણ કે તેમની ક્રિયાશક્તિરૂપ છે. (પ્ર)
૩. બ્રહ્મસૂત્ર ૩-૨-૨૭ પ્રમાણે આ કહેલ છે. (પ્ર))

જ્ઞાને પણ આપ છૂપા રાખવા યોગ્ય છો, એમ નીચેના શ્લોકથી કહે છે :

**તરન્તિ હ્યઞ્જસા મૃત્યું નિવૃત્તા યદનુગ્રહાત્ ।।**
**યોગિનઃ સ ભવાન્કિંસ્વિદનુગૃહ્યેત યત્પરૈઃ ।।૧૯।।**

વૈરાગ્યવાળા યોગીઓ જેમના અનુગ્રહથી મૃત્યુને સ્હેલાઈથી તરે છે તે આપ ઉપર શું બીજાઓ કોઈ અનુગ્રહ કરે ? ૧૯.

'વૈરાગ્યવાળા' એટલે પરમહંસો, જેમનો અનુગ્રહ પ્રાપ્ત કરીને સ્હેલાઈથી મૃત્યુને તરે છે (તેવા આપ છો). મૃત્યુ બંને કિનારા (ની ભેખડો)ને પાડનારી નદીની પેઠે સર્વને ડૂબાડનારું છે, તેથી તેને તરવાનું કહેલું છે. 'યોગીઓ' એ (મૃત્યુને તરનાર) અધિકારીઓનું વિશેષણ છે. યોગ (ભગવાનનો) અનુગ્રહ કરાવનારો છે, પણ તારનારો નથી. આવા સર્વ વેદોના રહસ્યરૂપ આપ ઉપર શું બીજાઓ અનુગ્રહ કરે ? અને તે પણ 'પરૈઃ' નમાલાઓ ? 'અનુગૃહ્ણીત' એવો પાઠ હોય ત્યારે, 'પરૈઃ કૃત્વા' બીજાઓને લીધે 'યત્' જે કર્મ તેનો, 'કિમ્' શા માટે 'સ્વિત્' નિશ્ચય 'અનુગૃહ્ણીત' આપ શા માટે સ્વીકાર કરો ? એવો બીજાઓ (બ્રાહ્મણો)થી પોતાનું માહાત્મ્ય પ્રાપ્ત કરીને, બીજાઓ ઉપર અનુગ્રહ શા માટે કરે ? એવો અર્થ છે. આવા (ઉત્તમ ભગવાન્) ઉપર અનુગ્રહ (કરવાનું) વચન ખોટું છે એમ જણાય છે, અને (ભગવાન્) સત્ય વચન બોલનારા હોવાથી તે (એ વચન ખોટું હોવાનું) પણ ઘટતું નથી. તેથી (અમને આપે કરવા ઈચ્છેલા વિષયનું) અજ્ઞાન જ (રહે છે). ૧૯.

વળી બ્રાહ્મણની કૃપાથી લક્ષ્મી (આપમાં) સ્થિર છે એ વચન સર્વ પ્રકારે ખોટું છે એમ જણાય છે, એમ નીચેના શ્લોકોથી કહે છે :

**યં વૈ વિભૂતિરુપયાત્યનુવેલમન્યૈરર્થાર્થિભિઃ સ્વશિરસા ધૃતપાદરેણુઃ ।।**
**ધન્યાર્પિતાઙ્ઘ્રિતુલસીનવદામધામ્નો લોકં મધુવ્રતપતેરિવ કામયાના ।।૨૦।।**
**યસ્તાં વિવિક્તચરિતૈરનુવર્તમાનાં નાત્યાદ્રિયત્પરમભાગવતપ્રસંગઃ ।।**
**સ ત્વં દ્વિજાનુપથપુણ્યરજઃ પુનીતઃ શ્રીવત્સલક્ષ્મકિમગા ભગભાજનસ્ત્વમ્ ।।૨૧।।**

ધન્ય પુરુષોએ (આપના) ચરણમાં અર્પણ કરેલી તુલસીની નવી માલા જેનું ધામ છે તેવા શ્રેષ્ઠ ભ્રમરનાં સ્થાનની કામના કરતી હોય તેમ, બીજા ધન ઈચ્છનારાઓએ જેના ચરણની રજ પોતાનાં શિર ઉપર ધારણ કરેલી છે તેવી લક્ષ્મી યોગ્ય સમયે (સેવા માટે) જેમની પાસે ખરેખર આવે છે (અને) વિચારીને કરેલાં

ચરિતોથી (આપને) અનુસરનારીનો તેનો પરમ ભક્તોનો ઘણો સંગ કરનાર જે ઘણો આદર કરતા નથી તે ભગના ધામરૂપ આપ દ્વિજોની પાછલના માર્ગની પવિત્ર રજથી પવિત્ર થઈને શા માટે શ્રીવત્સનું ચિહ્ન પ્રાપ્ત કરો ? ૨૦-૨૧.

બીજા ધન ઈચ્છનારાઓએ જેના ચરણની રજ પોતાનાં શિર ઉપર ધારણ કરેલી હોવા છતાં પણ જે 'વિભૂતિઃ' લક્ષ્મી, યોગ્ય સમયે જે ભગવાનની સેવા કરવા 'ઉપયાતિ' તેમની સમીપ આવે છે, અને તે પણ ભક્ત હોય તેવી રીતે, અને તેનો આપ ઘણો આદર કરતા નથી, તે (આપ) દ્વિજોની પાછલના માર્ગની પવિત્ર રજથી પવિત્ર થઈ, શા માટે શ્રીવત્સનું ચિહ્ન પ્રાપ્ત કરો ? એવો બે શ્લોકોનો અન્વય છે. વિપ્રોના અનુગ્રહથી લક્ષ્મી (ભગવાનમાં) સ્થિર રહેલી છે એ મત ઘટતો નથી, કારણ કે તે ભક્તિને લીધેજ સ્થિર રહેલી છે. વળી તેની ભક્તિ[1] બ્રાહ્મણોથી પ્રાપ્ત થએલી નથી, કારણ કે ભક્તિમાં બ્રાહ્મણોનો પણ ભક્ત તરીકેજ ઉપયોગ થાય[2] છે. 'બ્રહ્મભાવ પ્રાપ્ત થયા પછી ભક્તિ (કરવા)નો અધિકાર થતો હોવાથી બ્રહ્મભાવ પ્રાપ્ત થવા માટે તેઓની જરુર છે' એમ કહેવામાં આવે, (તે યોગ્ય નથી)[3], કારણ કે 'મહત્ બ્રહ્મ મારી યોનિ છે' એ વાક્ય પ્રમાણે, તે (લક્ષ્મી)ને બ્રહ્મભાવ પ્રાપ્ત થએલોજ છે, અને તેનો દેહ બ્રહ્માનંદરૂપ છે. તેથી તેને ભક્તિ માટે સાક્ષાત્ અથવા પરંપરાથી બ્રાહ્મણોની જરુર ન હોવાથી, અને ભક્તિથીજ (ભગવાનમાં) સ્થિર રહેલી હોવાથી, ભગવાનનું વચન વિચાર કરવા જેવું છે.

વળી બ્રાહ્મણો ભીખારી છે. ધન ઈચ્છનાર ઈન્દ્ર વિગેરે પાસે (માગવા) જાય છે, અને તે (ઈન્દ્ર વિગેરે) લક્ષ્મીના ચરણની રેણુની પૂજા કરનારા છે. તેથી (બ્રાહ્મણોનો) નિર્વાહ કરનારાઓનો નિર્વાહ કરનારી હોવાથી, તે (લક્ષ્મી) બ્રાહ્મણોને અધીન કેમ હોય ? વળી તેણે ભોગ્યભાવ (પોતાનો ભોગ બીજા કરે તેવી સ્થિતિ)નોજ ત્યાગ કરેલો છે, તેથી તે ફલરૂપજ (રહી) નથી; કારણ કે તેણે બીજા રસમાં[4] પ્રવેશ કરેલો છે, કેમકે ભક્તિરસમાં કામરસનો પ્રવેશ નથી. ભગવાન્ પણ 'જેઓ મને જે પ્રકારે ભજે છે' (ભ.ગી. ૪-૧૧) એ વાક્ય પ્રમાણે તુલસીની પેઠે તેનો ભક્ત તરીકેજ સ્વીકાર કરેલો છે. તેથી તેને ગુણોની પણ જરૂર નથી, કારણ કે તે (લક્ષ્મી) નિર્ગુણ તુલસીનો પણ ઘણો આદર કરે છે, (અને પોતે) તેનાથી પણ હલકી હોવાનું (માને[5] છે). ભમરાઓ જૂદાં જૂદાં પુષ્પોના રસમાં આસક્તિવાળા હોય છે. તેઓ પણ જ્યારે ભક્તિનાં માહાત્મ્યને લીધે તુલસીના રસમાં રસનો આભાસ હોવા છતાં પણ તેમાંજ આસક્તિ રાખે છે, ત્યારે મારે પણ તેમજ કરવું જોઈએ, એવા વિચારથી ભમરાનાં સ્થાનનેજ પ્રાપ્ત કરવા ઈચ્છે છે. આમ હોવા છતાં પણ 'અધિક

પ્રાપ્ત કરીને પાછી તે પોતાનો સ્વભાવ પ્રાપ્ત કરશે' એવા વિચારથી, તે ભક્ત હોવા છતાં પણ (ભગવાન્) તેનો ઘણો આદર કરતા નથી. સ્વભાવથીજ દોષરહિત, ભગવાન્ પાસે સ્થાન પ્રાપ્ત કરેલ હોવા છતાં પણ બીજું પ્રયોજન ન હોવાથી જેઓ પહેલાંની સ્થિતિ પ્રાપ્ત કરતા નથી, તે પરમ ભક્તો છે, તેઓનો જ તે (લક્ષ્મી)ના કરતાં પણ ઘણો સંગ કરે છે. આવી લક્ષ્મીમાં અસાધારણ[૬] ગુણ કેમ હોય ? તેમાં પણ આપ 'ભગવાન્' શબ્દના અર્થરૂપ છો. ભગવાનમાં છ ગુણો નિત્ય (સદાના)જ છે. બ્રાહ્મણના અનુગ્રહથી ઉત્પન્ન થતાં હોય તો કૃત્રિમ થાય. વ્યામોહ કરવાની ક્રીડા કરવા એમ કહેતા હો, તો અમને અલૌકિક પ્રકારેજ મોહ કરવો યોગ્ય છે. (અમને) વિશેષ જ્ઞાન થએલું હોવાથી, સાધારણ (પ્રકાર)થી તો અમને મોહ થશે નહિ, એવું તાત્પર્ય છે.

'વિશેષેણ'[૭] અધિક 'ભૂતિઃ' ધન છે જેનું તે(વિભૂતિઃ) શબ્દથી ભગવાનનાં ભજનમાં ઉપયોગી સર્વ સામગ્રી કહેલી છે. તે (ભગવાનની) સમીપજ જાય છે, પણ ભોગ પ્રાપ્ત કરતી નથી એમ જણાવવા ('ઉપયાતિ' શબ્દમાંનો) 'ઉપ' 'સમીપ' શબ્દ કહેલો છે. 'બીજા (ધન ઈચ્છનારા)ઓએ' એટલે ભગવાનથી વિમુખ હોય તેઓએ. ભગવાનથી વિમુખ હોવાનું કારણ 'ધન ઈચ્છનારા' શબ્દથી (કહેલું છે). જેઓનું ચિત્ત ધનમાં આસક્ત છે તેઓ ભગવાનને સન્મુખ થતા નથી, તેઓ સ્તનપાન કરવા દુઃખી થતાં બાલકોજ છે (અને) માતા (લક્ષ્મી)નોજ આદર કરે છે. 'પોતાનાં શિર ઉપર જેનાં ચરણની રજ ધારણ કરેલી છે' શબ્દોથી (એમ કહેલું છે કે) બીજાઓની પ્રવૃત્તિ ભક્તિથીજ થાય છે, અને આ (લક્ષ્મી) તેઓએ ઉપાસના કરવા યોગ્ય દેવતા છે. તે (લક્ષ્મી)નાં ચરણની રજ પણ તેઓના દેહ પ્રાપ્ત કરાવનારી છે. તે (રજ)ને જ પ્રથમનો[૮] સંબંધ થાય તે માટે શિર ઉપર ધારણ કરે છે. તુલસી અલૌકિક હોય, તો તેનાં સ્થાનની ઈચ્છા ભક્તિ કરાવનારી ન થાય, તેથી 'ધન્ય (પુરુષોએ) અર્પણ કરેલી' એમ[૯] કહેલું છે. માત્ર કૃત્રિમ હોય, તો ભગવાનનો સંબંધ થવાનું સંભવે નહિ, તેથી 'ધન્ય' એમ[૧૦] (કહેલું છે.) 'ધનમ્'[૧૧] ધનને 'અર્હન્તિ' યોગ્ય હોય તે ધન્ય. લક્ષ્મીના આધિભૌતિક તેના સ્વરૂપને (પ્રાપ્ત કરવા) યોગ્ય હોય તેવા ભગવાનના પ્રાણીઓ, (ભગવાનના) સેવકો ધન્ય છે. બીજાઓ ધનવાન હોવા છતાં જેમ કૂતરો ગંગાજલ માટે યોગ્ય નથી તેમ ધન માટે યોગ્ય નથી. તેથીજ તે ધનનો[૧૨] ભગવાન્ માટે ઉપયોગ થતો નથી. ધનનો પોતાના માટે ઉપયોગ હોવાથી, તેઓ તેથી અધિક[૧૩] તુલસી ભગવાનના ચરણમાં અર્પણ કરે છે. ભકિત પ્રાપ્ત થાય

તે માટે[૧૪] ચરણમાં સમર્પણ કરે છે. તુલસીની નવી માલા ચરણમાં સમર્પણ કરે છે. તેમ ન હોય તો ઘણાં તુલસી ધરવામાં આવતાં, ચરણ ઢંકાઈ જાય. તે ભગવાનના[૧૫] ચરણમાંજ રહે છે, અથવા ભક્તને પ્રસાદ (તરીકે આપેલી) હોય ત્યારે તેમના કંઠમાં રહે છે. બંને પ્રસંગે આવું સ્થાન બીજું ન હોવાથી, તે ભમરાઓનું ધામ[૧૬] થાય છે. તેવું થવાનું કારણ 'મધુવ્રતપતેઃ' શબ્દથી કહેલું છે. 'મધુ' મધ જ છે 'વ્રતં' વ્રત[૧૭] જેનું તે (મધુવ્રત). નિયમ (નું પાલન કરવા)થી ધર્મ (થાય છે). એ મત પ્રમાણે, મધ (નો ભોગ કરવા)ના વ્રતથી પણ ધર્મ થાય. 'મધના વ્રતવાળાઓનો પતિ' એમ તેના[૧૮] સંબંધી તરીકે વ્રત રાખનારાઓની પેઠે પરંપરાથી પણ કૃતાર્થ થએલ હોવાનું સૂચવેલું છે. 'ઈવ' '(કામના કરતી હોય) તેમ' શબ્દથી બ્રહ્માનંદ હલકી સ્થિતિનો નથી એમ જણાવવા ઉપમા કહેલી છે. અથવા પ્રાપ્ત કરવા ઈચ્છેલો પદાર્થ શ્રદ્ધાવાળો હોવાથી 'કામનાવાળી હોય તે' એવો (અર્થ કરવો). પ્રમાણે (લક્ષ્મી) ભજન કરતી હોવા છતાં પણ ભગવાનને તે ફલ[૧૯] પ્રાપ્ત થતું હોય, તો પણ બ્રાહ્મણનું વચન (તેને) પ્રાપ્ત કરાવનારું હોવાની કલ્પના પણ કરાય. તે પણ નથી એમ એકવીસમા શ્લોકમાં કહે છે. જે[૨૦] પ્રસિદ્ધ લક્ષ્મી અનુગ્રહ તરીકે (પ્રાપ્ત થએલી) કહે છે, તે પણ (એમ) કહે છેજ, પરંતુ તેનો આદર કરતા નથી, કારણ કે તેનો ઘણો આદર કરેલ નથી. તેનું કારણ કે પરમ ભક્તોનો ઘણો સંગ છે જેમને તેવા (ભગવાન્ છે), કારણ કે તેઓ ઉત્તમ અસાધારણ (ભક્તો હોઈ), લક્ષ્મી સાથેના (ભગવાન)ની ઉપાસના કરતા નથી, કેમકે અંશ સાથેનાની સેવા વ્યભિચારરૂપ છે. તેથી તે (ભક્તો)ને અનુકૂલ રહેવા માટે પણ (ભગવાન્) લક્ષ્મી સાથે રમણ (કરતા) નથી. આવા[૨૧] આપ દ્વિજોના માર્ગની પાછલની જે પવિત્ર રજ (તેનાથી પવિત્ર થઈ...). ભગવાન્ ઈશ્વર હોવાથી (તે) દ્વિજોની માર્ગની પાછલ જાય તેજ સંભવતું નથી, કારણ કે તેઓ પગે ચાલનારા અને ધન ઈચ્છનારાઓના સેવકો છે. તેમના ચરણની રજ ક્યાંથી જ પવિત્ર હોય? કેમકે માર્ગની રજ અપવિત્ર હોય છે. તેથી તે (રજ)થી પવિત્ર થવાનું તો જરાએ સંભવતું નથી. શ્રીવત્સરૂપ ચિહ્ન આપ શા માટે 'અગાઃ' પ્રાપ્ત કરો ?, કારણ કે[૨૨] આપ 'ભગના ધામરૂપ' એટલે કુદરતી ઐશ્વર્ય વિગેરે ગુણોવાળા છો. )૨૦ - ૨૧.

૧. 'તેની ભક્તિ' એટલે લક્ષ્મીની ભગવાન્ વિષે ભક્તિ. (પ્ર)

૨. શ્રીમદ્ભાગવત ૭-૯-૧૦ તથા શ્રીમદ્ભગવદ્ગીતા ૯-૩૩થી તેવો નિશ્ચય થતો હોવાથી તેમ (કહેલ છે). (પ્ર)

૩. 'બ્રાહ્મણોનો ભક્ત તરીકેજ ભક્તિમાં ઉપયોગ છે, પણ તે સામાન્ય બ્રાહ્મણોનો, તમારા જેવાનો નહિ. તેથી પાછળ શ્લો. ૭ માં ભગવાને કહ્યું તે બરાબર છે' એવી શંકા થાય, તેથી આ

કહેલ છે. ભ.ગી. ૧૮।૧૪ વિગેરે વાક્યોથી એવો નિર્ણય થાય છે કે ભક્તિ માટે બ્રહ્મભાવવાળા બ્રાહ્મણોજ મુખ્ય છે, સામાન્ય બ્રાહ્મણો મુખ્ય નથી. તેથી બ્રહ્મભાવ પ્રાપ્ત કરેલા બ્રાહ્મણોના અનુગ્રહથી ભગવાનને લક્ષ્મી પ્રાપ્ત થઈ છે એમ કહેવું યોગ્ય નથી. ( પ્ર )

૪. 'બીજા રસમાં' એટલે ભક્તિરસમાં. ( પ્ર )

૫. 'માને છે' એમ અર્થથી પ્રાપ્ત થાય છે. ( અધ્યાહાર છે ). ( પ્ર )

૬. બ્રાહ્મણોના અનુગ્રહ( થી પ્રાપ્ત થવા )રૂપ અસાધારણ ધર્મ. ( પ્ર )

૭. આ કૌંસમાં મૂકેલા પેરેગ્રાફમાં ફરી આ બે શ્લોકોના અર્થ કરેલો છે, અને અર્થ કરવાની પદ્ધતિ પણ જૂદી છે. આ શ્રીમદ્વિઠ્ઠલેશ્વરે પાછળથી વધારો કરેલ હોવાનું સંભવે છે, અને તેવું જણાય છે. અસલ પ્રત જોવાથી વધારે ખાત્રી થઈ શકે.

૮. પ્રથમ શિરજ ઉત્પન્ન થતું હોવાથી, તેને આ ( લક્ષ્મીના ચરણની રજ )નો સંબંધ થતાં બધુંએ શરીર તે માટે યોગ્ય થાય, તે માટે તેનો સંબંધ થવા માટે. ( પ્ર )

૯. ધન્ય પુરુષોએ અર્પણ કરેલી અલૌકિકજ હોય, તેથી તેના સ્થાનની ઈચ્છા ભક્તિ માટેજ થાય, ઈર્ષ્યા કરાવનારી નથી, એવો અર્થ છે. ( પ્ર )

૧૦. બીજાઓએ અર્પણ કરેલી હોય તો માત્ર અકસ્માતથી અર્પણ થએલી હોઈ, ૧૦।૭૮।૩ પ્રમાણે તેને ભગવાનનો સંબંધ થતો ન હોવાથી, અર્પણ કરનારાઓ ભક્તો છે એમ જણાવવા 'ધન્ય' શબ્દ યોજેલો છે. ( પ્ર )

૧૧. અહિંથી નોટ ૧૦ માં જણાવેલ અર્થ સ્પષ્ટ કરે છે. ( પ્ર )

૧૨. 'તે' એટલે ધનને યોગ્ય ન હોય તેવાનું ( ધન ) ( પ્ર )

૧૩. 'તેથી અધિક' એટલે લક્ષ્મીના આધિભૌતિક સ્વરૂપથી અધિક. ( પ્ર )

૧૪. 'ચરણમાં' એટલે ચરણની સમીપ. ( પ્ર )

૧૫. 'તે' એટલે તુલસીની માલા. ( પ્ર )

૧૬. 'ભમરાઓનું ધામ' એટલે ભમરાઓનું સ્થાન. ( પ્ર )

૧૭. 'વ્રતં' એટલે મુકરર કરેલો આહાર, કારણ કે 'પયઃ બ્રાહ્મણનું વ્રત છે, યવાગુ ક્ષત્રિયોનું વ્રત છે' એ વાક્યમાં તેવો અર્થ જોવામાં આવે છે. ( પ્ર )

૧૮. 'તેના' એટલે તુલસીની માલાના. ( પ્ર )

૧૯. 'તે ફલ' એટલે તેનાથી ઉત્પન્ન થતો અમુક આનંદ. ( પ્ર )

૨૦. 'જે' એટલે પ્રસિદ્ધ ભગવાન્. ( પ્ર )

૨૧. 'આવા' એટલે લક્ષ્મીને ન ઈચ્છનારા. ( પ્ર )

૨૨. 'અહિં સ્વરભેદ અથવા પ્રશ્ન ( જાણવો ). બંને પ્રકારે લક્ષ્મી ( ભગવાનને ) બ્રાહ્મણના અનુગ્રહથી પ્રાપ્ત થએલી નથી, પણ સ્વભાવિકજ તેમની છે. એવો નિર્ણય થએલ છે. ( પ્ર )

એ પ્રમાણે વિરોધ કહીને, તેનું[1] તાત્પર્ય કહેતાં ધર્મનું રક્ષણ કરવા (તે) વચન (કહેલું) છે એવી કલ્પના કરીને, ધર્મનું ભગવાને સદા રક્ષણ કરેલું હોવાથી, (તેનું) કારણ જણાવવા (ભગવાન્) સદા ધર્મનું રક્ષણ (કરે છે) એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ધર્મસ્ય તે ભગવતસ્ત્રિયુગ ત્રિભિઃ સ્વૈઃ પદ્ભિશ્ચરાચરમિદં દ્વિજદેવતાર્થમ્ ।।**
**નૂનં ભૃતં તદભિઘાતિ રજસ્તમશ્ચ સત્ત્વેન નો વરદયા તનુવા નિરસ્ય ।।૨૨।।**

હે ત્રિયુગ ! અમારું કલ્યાણ કરનારા (સત્ત્વ ગુણવાળા) દેહથી તેનો નાશ કરનાર રજોગુણ અને તમોગુણને દબાવી દઈ, ધર્મરૂપ આપ ભગવાન્ પોતાનાં ત્રણ ચરણોથી આ સ્થાવર જંગમ (જગત્)નું દ્વિજો અને અને દેવોને માટે ખરેખર રક્ષણ કરો છો. ૨૨.

હે ત્રિયુગ (ત્રણ યુગોમાં પ્રકટ થનાર) ! ત્રણ યુગોમાંજ ભગવાનનો આવિર્ભાવ થાય છે, કલિ(યુગ)માં થતો નથી. તેથીજ રક્ષણ કરનાર (કોઈ) ન હોવાથી, કલિમાં ધર્મ પણ નથી. ત્રણ યુગોમાંજ ભગવાનનો આવિર્ભાવ થવાનું, અને તે (ત્રણ યુગ)માંજ રક્ષણ કરવાનું કારણ 'પોતાનાં ત્રણ ચરણોથી' શબ્દોથી કહેલું છે. યજ્ઞ ત્રણ સવનરૂપ[૨] હોવાથી, ભગવાન્ ત્રણ ચરણવાળા છે. 'પોતાનાં' એટલે અસાધારણ[૩]. તેથી (યજ્ઞરૂપ ભગવાન્) બે ચરણવાળા અને ચાર ચરણવાળા લોકમાં પ્રસિદ્ધ[૪] હોવાથી તે ભેદથી દોષ નથી. અથવા 'ચરણોથી' શબ્દમાં બેવડી સંખ્યા[૫] છે. તેથી છ ગુણો પૈકી બબે ગુણોથી (ભગવાન્) એક એક યુગમાં ધર્મનું રક્ષણ કરે છે. જ્ઞાન અને વૈરાગ્યથી સત્ય(યુગ)માં, યશ અને શ્રીથી ત્રેતા(યુગ)માં, (અને) ઐશ્વર્ય તથા વીર્યથી દ્વાપર(યુગ)માં (રક્ષણ કરે છે), એટલે ધર્મનું રક્ષણ કરનાર કોઈપણ ગુણ કલિ(યુગ)માં બાકી રહેતો નથી. વળી સત્ત્વથી ધર્મનું રક્ષણ થાય છે. સત્યમાં માત્ર સત્ત્વનીજ પ્રવૃત્તિ હોય છે, ત્રેતામાં રજોગુણ સાથે સત્ત્વની (પ્રવૃત્તિ હોય છે), અને દ્વાપરમાં સત્ત્વનાં સંબંધથી યોગ્ય થએલ રજોગુણ અને તમોગુણથી ધર્મનું રક્ષણ થાય છે. કલિમાં તો સત્ત્વ અથવા તેના સંબંધવાળાઓ ન હોવાથી રક્ષણ થતું નથી. 'આ સ્થાવર જંગમ...' શબ્દોથી એમ કહેલું છે કે જગતનું પણ ભગવાન્ ધર્મ માટેજ રક્ષણ કરે છે. જો કે ધર્મ પણ ભગવાન્ છે, (અને) જગત્ પણ (ભગવાન્) છે, છતાં પણ ધર્મ માટેજ જગતનું (ભગવાન્) રક્ષણ કરે છે. 'દ્વિજો અને દેવોને માટે આ જગતનું ખરેખર રક્ષણ કરો છો' શબ્દોથી તે (અર્થ) રહેલો છે.

''સ્વરૂપથીજ અહિં રક્ષણ કહેલું છે. સત્ત્વનું અથવા ગુણોનું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી કહે છે કે તે જગતનો 'અભિઘાતિ' નાશ કરનાર રજોગુણ અને તમોગુણને (દબાવી દઈને)... રજોગુણ ગભરાટ કરાવીને નાશ કરે છે. તમોગુણ તો તેજની હાનિ કરાવી (નાશ કરે છે). બંને પ્રકારે જગત્ ધર્મ માટે ઉપયોગી રહેતું નથી, તેથી 'રજોગુણ અને તમોગુણને સત્ત્વથી દબાવી દઈને ખરેખર

રક્ષણ કરો છો' એવો (વાક્યનો) સંબંધ છે. 'અમારું કલ્યાણ કરનારા દેહથી' શબ્દોથી (રજોગુણ અને તમોગુણ) બંનેને દબાવી દેવાનું સત્ત્વનું સામર્થ્ય કહેલું છે. બ્રહ્મા વિગેરે દેવો[૬] ઉંચી ગતિ કરાવનારા હોવાથી અને બીજું પણ ઈચ્છેલું આપતા હોવાથી કલ્યાણ કરનારા છે. તેજ દેહરૂપ થએલું સત્ત્વ છે. 'તનોતિ' વિસ્તારવાળું થાય તે 'તનુઃ' (દેહ). તેથી અનંત દેહો ઉત્પન્ન કરવાની શક્તિ હોવાથી તે બે (રજોગુણ અને તમોગુણ)ને દબાવી દેવાની (તેમાં) શક્તિ છે. તેથી ધર્મરૂપ આપ દેવો અને બ્રાહ્મણોમાં રહેલા હોવાથી, બ્રાહ્મણોની સરસાઈનું બીજું નામ તેઓનું (આપથી થતું) રક્ષણ છે. તેથી (બ્રાહ્મણો ઉપર) અંદરની પ્રીતિ હોવાથી (આપે) તેમ કહેલું છે, એવો ભાવ છે. ૨૨.

૧. 'તેનું' એટલે શ્લોક ૭ તથા ૯ માં કહેલ ભગવાનના વચનનું. (પ્ર)
૨. 'સવન' એટલે સોમરસ કાઢવાના સમય.
૩. 'અસાધારણ' એટલે બીજા કોઈમાં ન હોય તેવા.
૪. 'લોકમાં પ્રસિદ્ધ' એટલે સ્મૃતિમાં જણાવેલા. (પ્ર)
૫. '' 'મુખથી એક' એ શ્રુતિમાં બેજ સવન કહેલાં હોવાથી, ત્રણ ચરણવાળા હોવાનું યોગ્ય નથી'' એવી શંકા થાય, તેથી આ બીજો મત કહેલ છે. દર્શ અને પૂર્ણમાસ એમ બબે યજ્ઞોના ત્રણ જોડકાં કહેલાં છે, તેમ અહિં પણ બબે ગુણોના ત્રણ જોડકાં લેવાથી ત્રણ ચરણો થાય છે, એટલે શ્રુતિનો વિરોધ થતો નથી, એવો અર્થ છે. (પ્ર)
૬. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે.

ઉલટું થતાં[૧] જે નડતર[૨] થાય, તે નીચેના શ્લોકમાં કહે છે :

**ન ત્વં દ્વિજોત્તમકુલં યદિહાત્મગોપં ગોપ્તા વૃષ સ્વર્હણેન સસૂનૃતેન ।।**
**તર્હ્યેવ નંક્ષ્યતિ શિવસ્તવ વેદપન્થા લોકોઽગ્રહીષ્યદૃષભસ્ય હિ તત્પ્રમાણમ્ ।।૨૩।।**

હે વૃષ ! જે દ્વિજોનું ઉત્તમ કુલ આત્માનું રક્ષણ કરે છે તેનું જો આપ આ લોકમાં સત્કાર કરનારી વાણી સાથેના સારા પૂજનથી રક્ષણ ન કરો તો તરત જ આપના કલ્યાણકારી વેદમાર્ગનો નાશ થાય, કારણ કે લોક સ્વામીનાં તે (કાર્ય)ને પ્રમાણ તરીકે સ્વીકારશે. ૨૩.

જો[૩] આપ દ્વિજોના ઉત્તમ કુલનું રક્ષણ ન કરો તો તરતજ આપના કલ્યાણકારી વેદમાર્ગનો નાશ થાય; તેનું કારણ કે 'લોક (આપના તે કાર્યને પ્રમાણ તરીકે) સ્વીકારશે.' 'ઋષભસ્ય' સ્વામીને જે પ્રમાણ, તે લોક સ્વીકારશે. ધર્મ અને જ્ઞાનવાળા ઉત્તમ દ્વિજોનું કુલ એટલે સમૂહ, 'યદ્' જે કારણથી અથવા જે (કુલ) 'આત્મગોપમ્' આત્માનું અથવા પોતાના આત્મા આપનું રક્ષણ કરે છે એમ (કહેલું છે). આત્મા જો સદ્ગુણી હોય[૪], તો પોતાના માર્ગે ચાલે, તેથી આત્માનું પ્રથમ રક્ષણ

કરવું જોઈએ. ત્યારપછી પોતાના માર્ગનું રક્ષણ કરવું જોઈએ. પોતાના આત્મા તરફ જે માર્ગથી જેઓ જાય, તે પોતાનો માર્ગ[૫] છે. તેમાં પણ[૬] ભક્તોના આવવામાં અડચણો હોય તે દૂર કરવી તેજ રક્ષણ છે. ભગવાનનું રક્ષણ કરનારા તેઓ[૭] જો ધર્મ અને જ્ઞાનવાળા અને ભક્તિ માર્ગની પ્રવૃત્તિ કરાવનારા હોય, તો તેઓ રક્ષણ કરવા યોગ્ય છે, એવો અર્થ છે. સ્વરૂપથી, સંતોષ ઉત્પન્ન કરીને અંદરથી, અને પ્રતિષ્ઠા કરાવીને બહારથી એમ ત્રણ પ્રકારે તેમનું રક્ષણ થાય છે. તે પૈકી સ્વરૂપથી રક્ષણ તો અવતારો કરે છેજ. હવે અંદરથી અને બહારથી (કરવાનાં) રક્ષણ રહ્યાં. તે 'સત્કાર કરનારી વાણી સાથેના સારા પૂજનથી' શબ્દોથી કહેલ છે. સારું 'અર્હણં' પૂજન કાયાથી થાય તેવું છે. તેનાથી થતું બહારથી રક્ષણ તેઓની (લોકોને) જરુરીઆત કરાવે છે. તેમ (ભગવાન્) ન કરે, તો લોકનું સન્માન (તેમને પ્રાપ્ત) ન થવાથી ભગવાનના માર્ગનો ઉપદેશ ન થાય; અને સત્કાર કરનારી વાણીથી અંદરથી (પૂજન થાય છે). આથી સર્વ તરફથી સંતોષ (થવાનું) કહેલ છે. આ સાથે હોવાની જરુર અંદરના સંતોષથી ભગવાનનું કાર્ય થઈ શકે માટે છે. તેથી માર્ગની પ્રવૃત્તિ કરાવનારનું રક્ષણ કરવામાં ન આવે, તો માર્ગનો નાશજ થાય; કારણ કે ત્યારેજ પાષંડની પ્રવૃત્તિ સહેલાઈથી થાય.

'ઘણા માર્ગો હોવાથી વેદમાર્ગનું શું પ્રયોજન ?' એવી પણ શંકા ન કરવી. તે માટે 'કલ્યાણકારી' વિશેષણ યોજેલું છે. બીજા માર્ગો અકસ્માતથી (લાભકારી) થાય છે, દુઃખથી પણ કોઈકનેજ ફલ પ્રાપ્ત કરાવનારા છે. વેદમાર્ગ તો 'શિવઃ' કલ્યાણકારી છે. ''બ્રાહ્મણોનું સન્માન ન કરવામાં આવે, તો તેથી વેદમાર્ગનું રક્ષણ કેમ ન થાય ?'' એવી શંકા થાય, તેથી 'લોક (સ્વામીનાં તે કાર્યને પ્રમાણ તરીકે) સ્વીકારશે' એમ કહેલું છે. લોક તો સ્વામી ભગવાન્ જેનો આદર કરે તેનોજ આદર કરે છે. બ્રાહ્મણોજ વેદમાર્ગનો બોધ કરે છે, બીજાઓ કરતા નથી. તેથી તેમનું સન્માન ન થાય તો (વેદમાર્ગની) પ્રવૃત્તિ નહિ થાય, અથવા તે પાષંડની સમાન થશે. (ભગવાન્) ધર્મરૂપ છે અને (ઈચ્છેલા પદાર્થોની) વૃષ્ટિ કરનારા છે એમ જણાવવા 'હે વૃષ !' એ સંબોધન કરેલું છે. ૨૩.

૧. 'ઉલટું થતાં' એટલે ભગવાન્ ધર્મનું રક્ષણ ન કરે તો. (પ્ર)
૨. 'નડતર' એટલે વેદમાર્ગના નાશરૂપ નડતર. (પ્ર)
૩. આભાસમાં કહેલ વિષય અહિંથી ન્યાય (તર્ક)થી સાબિત કરે છે. (પ્ર)
૪. આત્માના રક્ષણ કરનારનું રક્ષણ કરવાથી વેદમાર્ગનું રક્ષણ કેવી રીતે થાય તે અહિંથી દર્શાવે છે. (પ્ર)
૫. આ વાક્યથી વેદમાર્ગ પોતાનો (ભગવાનનો) માર્ગ હોવાનું સિદ્ધ કરે છે. (પ્ર)

૬. 'તેમાં પણ' એટલે પોતાના માર્ગ ( વેદમાર્ગ )માં પણ. ( માર્ગના ) પ્રવાહનું રક્ષણ કરવાથીજ માર્ગનું રક્ષણ થાય છે, એવો અર્થ છે. ( પ્ર )
૭. 'તેઓ' એટલે બ્રાહ્મણો. ( પ્ર )

''એમ હોય, તો હું પક્ષપાત કરનાર હોવાથી બ્રહ્મ (ભગવાન્) ન હોઉં'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**તત્તેઽનભીષ્ટમિવ સત્ત્વનિધેર્વિધિત્સોઃ ક્ષેમં જનાય નિજશક્તિભિરુદ્ધૃતારેઃ ।।**
**નૈતાવતા અધિપતેર્બત વિશ્વભર્તુસ્તેજઃ ક્ષતં ત્વવનતસ્ય સ તે વિનોદઃ ।।૨૪।।**

સત્ત્વના નિધિરૂપ, લોકનું રક્ષણ કરવાની ઈચ્છાવાળા, પોતાની શક્તિઓથી શત્રુઓનો ઉદ્ધાર કરનારા આપનું તે ન ઈચ્છેલા જેવું છે. અહો ! વિશ્વનું પાલન કરનાર અધિપતિ નમન કરે એટલાથી (તેમનાં) તેજની હાનિ થતી નથી. આપનો તે વિનોદ છે. ૨૪.

'તે' એટલે (૧) બ્રાહ્મણોનું રક્ષણ કરવા (તેઓનું) સન્માન કરવું તે આપનું ન ઈચ્છેલા જેવું છે[૧]. અથવા ગયા શ્લોકમાં વેદમાર્ગનો નાશ કહેલો હોવાથી, 'તે' (૨) એટલે વેદમાર્ગનો નાશ આપનો ન ઈચ્છેલા જેવો છે. સંપૂર્ણ રીતે ન ઈચ્છેલું હોય તે 'ન ઈચ્છેલું', થોડું ન ઈચ્છેલું હોય તે 'ન ઈચ્છેલા જેવું' છે. પહેલા પક્ષ પ્રમાણે રક્ષણજ અર્થ છે. બીજા પ્રમાણે નાશ (અર્થ છે), કારણ કે આપ કાલ છો[૨] અને સર્વ કરનારા છો[૨]. તેનું કારણ 'સત્ત્વના નિધિરૂપ' શબ્દથી કહેલું છે. સત્ત્વના નિધિનું ઈચ્છેલું રક્ષણ છે, નાશ તો ઈચ્છેલો નથી. તેજ[૩] તેમ કરવા ઈચ્છે છે, તેથી 'કરવાની ઈચ્છાવાળા' એમ કહેલું છે. તે લોકનું રક્ષણ કરવા ઈચ્છે છે. કારણ કે જેમનો જન્મ થાય છે તેઓ પોતાનાં[૪] કૃત્યથીજ સારી રીતે રહે છે. અથવા નાશ સત્ત્વના નિધિનો ઈચ્છેલો નથી. લોકનું રક્ષણ કરવું એ તેનો[૫] નાશ છે. ઉત્પત્તિ થવાથી[૬] વેદનો નાશજ થાય છે. ઉત્પત્તિ થાય તે માટે રક્ષણ કરવાનું હોય, અથવા ઉત્પન્ન થએલા જીવો માટે (રક્ષણ કરવાનું) હોય, ત્યારે વૈદિક (ક્રિયા) પવિત્ર કરનારી હોઈ પાખંડથી દુર્બલ છે[૭] (અને) પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારી હોઈ દેહને નભાવનાર પાખંડથી બલવાન છે[૭]. 'પોતાની શક્તિઓથી શત્રુઓનો ઉદ્ધાર કરનારા' શબ્દથી બંનેનું કારણ કહેલું છે. પોતાની અસાધારણ શક્તિઓથી ઉદ્ધાર કરેલો છે શત્રુઓનો જેમણે તેવા (ભગવાન્ છે). બંનેમાં ભગવાનની શક્તિથીજ વિઘ્નો થતાં નથી.

''છતાં પણ પોતાની અંદર દોષ ઉત્પન્ન કરવાથી[૮] પરોપકાર થાય છે. (જ્યારે) ધર્મનું રક્ષણ કરવામાં તો એકજ[૯] દોષ છે'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. (ભગવાન્) પોતે માત્ર નમન કરે, તે દોષ નથી, કારણ કે 'નમ્ર રહેનારનું

નમન'[૨] એવી વ્યુત્પત્તિ છે. હલકા (પુરુષો)નુંજ નમ્રપણું હલકાઈ જણાવે છે, ઉત્તમ (પુરુષો)નું (નમ્રપણું) તો ભાર (ઉત્તમપણું) સૂચવનારું છે, કારણ કે જેઓ ઘણા ભારવાળા હોય છે, તેઓ નમ્ર થાય છે. તેથી માત્ર નમ્રપણું અથવા નમ્ર ન હોવાપણું દોષરૂપ અથવા ગુણરૂપ નથી. તેથી આપનું ઉત્તમપણું પ્રસિદ્ધ હોવાથી, હલકા (પુરુષ)ની પેઠે (આપ) નમન કરો તે નાટ્યરૂપ હોવાથી ગમત માટે (થતું) હોય છે, કારણ કે તે (નાટ્ય)જ રસ ઉત્પન્ન કરનારું છે. 'અધિપતિ' શબ્દથી ઉત્તમપણું કહેલું છે. સ્વસ્તિ અને સન્માનનું જ્ઞાન[૧૦] ન હોવાથી, 'અહો !' એમ હર્ષ દર્શાવવા (કહેલું છે.) 'વિશ્વનું પાલન કરનાર' શબ્દથી પણ માહાત્મ્ય (જણાવેલું છે), કારણ કે જે વિશ્વનું પાલન કરે તે લોકમાં ભારથી દબાએલાની પેઠે નમ્ર હોય છે. તેમ ન હોય, તો લોકો પતિના ભારની પ્રશંસા ન કરે. તેથી (આપને) નમન કરવાનાં બે પ્રયોજનો છે (૧) લોકને (આપ) પોતે પતિ હોવાનું જ્ઞાન થાય અને (૨) પોતાને માટે તો વિનોદ થાય. નમન કરનારનો તે નમનરૂપ પદાર્થ આપનો વિનોદ છે, એવો સંબંધ છે. આથી દોષ ટાળેલો છે. ૨૪.

૧. પક્ષપાત કરાવનારું હોવાથી ઈચ્છેલું નથી; વળી રક્ષણ કરવા સન્માન કરેલું હોવાથી બીજાને માટે કરેલું છે, તેથી પક્ષપાત ન થવાથી બ્રહ્મપણાંની હાનિ થતી નથી, એવો અર્થ છે. (પ્ર)

૨ – ૨. આપ કાલરૂપ હોવાથી રક્ષણ આપનું ઈચ્છેલું નથી, અને સર્વ કરનારા હોવાથી (વેદનો) નાશ આપનો ઈચ્છેલો નથી, એવો અર્થ છે. (પ્ર)

૩. 'તેજ' એટલે સત્ત્વના નિધિ જ. (પ્ર)

૪. 'પોતાનાં' એટલે ભગવાનનાં. (પ્ર)

૫. 'તેનો' એટલે વેદનો. (પ્ર)

૬. ઉત્પત્તિ થયા કરે, તેનો 'જન્મ લે, મરણ પામે' એ વાક્ય પ્રમાણે પ્રવાહમાં પ્રવેશ કરવાથી, 'વેદનો નાશ થાય છે.' (પ્ર)

૭...૭. તેથી વેદનું રક્ષણ ઈચ્છેલું નથી, અને પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારી વૈદિક (ક્રિયા) હોય ત્યારે તે ઈચ્છેલું છે, એમ ઈચ્છેલું ન હોવાનાં અને ઈચ્છેલું હોવાનાં કારણો અનુક્રમે કહેલાં છે, આ પ્રમાણે ભગવાનને બંને સરખાં છે એમ જણાવી તેમનામાં પક્ષપાતરૂપ દોષ ન હોવાનું સિદ્ધ કર્યું. (પ્ર)

૮. હલકાને નમન કરવારૂપ દોષ ઉત્પન્ન કરવાથી બ્રાહ્મણોનાં સન્માનરૂપ પરોપકાર થાય છે. (પ્ર)

૯. 'એકજ' એટલે મુખ્યજ દોષ. (પ્ર) અહિં પક્ષપાતને દોષ કહેલો જણાય છે. પોતાની અંદર દોષ ઉત્પન્ન કરવાનું કહ્યું તે હલકા (વિપ્રો)ને નમન કરવારૂપ દોષ કહ્યો. તે દોષજ નથી એમ આગળ જણાવે છે.

૧૦. 'સ્વસ્તિ અને સન્માનનું જ્ઞાન' એટલે (વેદનો) નાશ ન કરવાનાં અને (પોતાનું) સન્માન કરવાનાં તાત્પર્યનું જ્ઞાન. (પ્ર)

એ પ્રમાણે આનંદથી પૂર્ણ અંતઃકરણવાળા થઈને ભગવાને જે

(દ્વારપાલોની) સજા ચોક્કસ કરી, તેનો પણ અભિપ્રાય ન જાણવાથી નીચેના શ્લોકથી પોતાનો અપરાધ ફીટાડાવે છે :

**યં વાઽનયોર્દમમધીશ ભવાન્વિધત્તે વૃત્તિં નુ વા તદનુમન્મહિ નિર્વ્યલીકમ્ ।।**
**અસ્માસુ વા ય ઉચિતો ધ્રિયતાં સ દણ્ડો યેઽનાગસૌ વયમયુંક્ષ્મહિ કિલ્બિષેણ ।।૨૫।।**

હે મોટા ઈશ ! આપ આ બેને જે સજા અથવા આજીવિકા કરો તે અમે શુદ્ધ ભાવથી સ્વીકારીએ છીએ, અથવા જે અમોએ બે નિરપરાધીઓને અપરાધી બનાવ્યા તે અમોને જે યોગ્ય હોય તે સજા આપ કરો. ૨૫.

હે અમારા અને તે બેના મોટા ઈશ ! 'મોટા ઈશ' એટલે વેદમાં જણાવેલ તર્ક કરતાં પણ (મોટા ઈશ), અથવા વેદ વિગેરેના અધિષ્ઠાતા. તેથીજ અમે કહ્યું તેમ કરનારા (આપ છો). આ બેને આપ જે આજીવિકા અથવા સજા કરો તે અમે સ્વીકારીએ છીએ. 'વૃત્તિઃ' એટલે આજીવિકા. દ્વાર પર રહી બધાને (પ્રવેશ કરતાં) રોકવાનું (કાર્ય) કરવાનું, ત્યારે રોકાએલા પોતાને પ્રવેશ કરવા દે તે માટે પોતાનું ધન અથવા (પોતાનો) ધર્મ આપે, એવી આજીવિકાનું દાન[1] (કરો). અથવા (દ્વારપાલો) પોતે દ્વારમાં (રહી, તે) સાચવે, એમ સ્વતંત્ર રીતે આજીવિકાનું દાન (કરો). અથવા અમે કહેલી સજા અથવા બીજી જે સજા આપ કરો તે અમે સ્વીકારીએ છીએ. આપની ઈચ્છા થયા પછી અમે પણ તેનો સ્વીકાર કરીએ તે 'અનુમાનનમ્' સ્વીકાર. આ પણ (આપના) આદરને લીધે નહિ, પરંતુ શુદ્ધ ભાવથી (સ્વીકારીએ છીએ). અપરાધ (કરેલ) હોવાથી અમને પણ જો સજા કરો, તો તે પણ સ્વીકારીએ છીએ, એમ ઉત્તરાર્ધથી કહે છે. 'વા' 'અથવા' શબ્દ બંને (પ્રસંગો)માં અનાદર દર્શાવવા (યોજેલો છે). (સજા કરવામાં) સંકોચ ન કરવો, એવા અભિપ્રાયથી 'જે યોગ્ય (હોય તે)' એમ કહેલું છે. 'તે સજા કરો' શબ્દોનો (એવો અર્થ છે કે) માત્ર વચન કહીને બીજાથી તેનું ફલ પ્રાપ્ત કરાવવું એવું ન (કરો), પરંતુ હમણાંજ તે સજા અમને કરો. અથવા ત્રણ જન્મરૂપ તેજ સજા અમને કરો. તે વિષયમાં પોતાનો અપરાધ કહે છે કે, જે કારણથી 'અનાગસૌ' બે નિરપરાધીઓને અમે 'કિલ્બષેણ અયુંક્ષ્મહિ' અપરાધી બનાવ્યા, 'તે સજા' એટલે બંનેના ત્રણ જન્મો સાથેજ થાય તેવી (સજા). 'અથવા અમને (સજા કરો)' એ વિકલ્પમાં તેઓને સજા[2] થાઓ કે ન થાઓ એ વિષયમાં (પોતાનું) ઉદાસીનપણું (જણાવેલું છે). એવી રીતે સર્વ પ્રકારે ભગવાનનું માહાત્મ્ય જણાવ્યું. ૨૫.

૧. આ વિકલ્પ પ્રમાણે અમે પણ અમારો ધર્મ આપીએ છીએ, એવો આજીવિકાના દાનનો સ્વીકાર ( કરેલો ) જાણવો. ( પ્ર )

૨. અમે તેમને થવાની જે સજા કહી, તે અમનેજ થાઓ, એવો અર્થ છે. (પ્ર) આ અર્થ બરાબર જણાતો નથી. તે બેને સજા થાઓ કે ન થાઓ, પણ અમને જે સજા યોગ્ય હોય તે આપ કરો, એવો ભાવાર્થ જણાય છે.

ભગવાન્ તો, તેઓને શાપ (આપવા)થી ભય પામેલા જાણીને, શાપ પોતે કરેલ (આપેલ) હોવાનું નીચેના શ્લોકથી કહે છે :

॥ શ્રીભગવાનુવાચ ॥

**એતૌ સુરેતરગતિં પ્રતિપદ્ય સદ્યઃ સંરમ્ભસંભૃતસમાધ્યનુબદ્ધયોગૌ ॥**
**ભૂયઃ સકાશમુપયાસ્યત આશુ યો વઃ શાપો મયૈવ નિહિતસ્તદવૈત વિપ્રાઃ ॥૨૬॥**

આ બે દેવથી જૂદી ગતિ પ્રાપ્ત કરીને, તરતજ ક્રોધથી સારી રીતે ધારણ કરેલી સમાધિથી પ્રાપ્ત કરેલ યોગવાળા થઈ, ફરીથી તરત (મારી) સમીપ આવશે. તમારો જે શાપ થયો તે મેંજ આપેલો. હે વિપ્રો ! તે જાણો. ૨૬.

'દેવથી જૂદી ગતિ' એટલે દૈત્યપણું રાક્ષસપણું અને મનુષ્યપણું, કારણ કે સરખું હોય ત્યારે જૂદું કહેવાય. 'પ્રજાપતિના ત્રણ છે' એ વાક્યમાં અસુરો અને મનુષ્યો દેવની સમાન હોવાનું (અને) રાક્ષસો પણ બીજ અને પરાક્રમથી દેવની સમાન હોવાનું કહેલું છે. યક્ષો વિગેરે તો સ્વતંત્ર નથી. કુબેર તો દેવજ છે. તેથી ત્રણજ પ્રકારની દેવથી જૂદી ગતિ પ્રાપ્ત કરીને, તરતજ ફરીથી મારી સમીપ આવશે. 'વઃ' તમે જે શાપ આપ્યો, તે મેંજ આપેલો છે, એમ તે જાણો. 'નિમિતઃ' એવો પાઠ હોય, ત્યારે મેંજ સારી રીતે (શાપ) ટૂંકો કરેલો છે (એવો અર્થ થાય છે). 'હે વિપ્રો !' સંબોધનથી તેઓની દીર્ઘ દષ્ટિ ન હોવાનું (સૂચવેલ છે). ''દેવથી જૂદી ગતિ પ્રાપ્ત થતાં, આપની સમીપ તરત કેમ આવશે ? કારણ કે જૂદા જૂદા જન્મોનાં કર્મો ભોગવવાના રહેશે'' એવી શંકા થાય, તેથી 'ક્રોધથી સારી રીતે ધારણ કરેલી સમાધિથી પ્રાપ્ત કરેલ યોગવાળા' એમ કહેલું છે. ક્રોધના જુસ્સાથી સારી રીતે ધારણ કરેલી જે સમાધિ, તેનાથી પ્રાપ્ત થએલો જે યોગ, (તે યોગવાળા થઈ મારી સમીપ આવશે). યોગથી સર્વ પાપનો નાશ થાય છે, એમ પહેલાં અમે કહેલું છે. 'ફરીથી, સમીપ આવશે' શબ્દોથી શાપનો અંત (જણાવેલો છે), ટૂંકો શાપ આપેલ છે. 'મેં શાપ આપેલો, તે જાણો.' શબ્દો (વિપ્રો) ભયરહિત થાય તે માટે (કહેલા છે). ૨૬.

એ પ્રમાણે આવેલા મુનિઓનાં સર્વે દુઃખો દૂર કર્યાનું કહ્યું. હવેના શ્લોકથી આરંભી બધા પોતપોતાનાં સ્થાને ગયાનું કહે છે. તે પૈકી આરંભમાં કહેલું અને કરવાનું એવા પ્રમેયના ભેદથી નીચેના બે શ્લોકોથી યોગીઓ પાછા ગયાનું કહે છે :

॥ બ્રહ્મોવાચ ॥

**અથ તે મુનયો દષ્ટ્વા નયનાનંદભાજનમ્ ॥**

**વૈકુણ્ઠં તદધિષ્ઠાનં વિકુણ્ઠં ચ સ્વયં પ્રભુમ્ ।।૨૭।।**
**ભગવન્તં પરિક્રમ્ય પ્રણિપત્યાનુમાન્ય ચ ।।**
**પ્રતિજગ્મુઃ પ્રમુદિતાઃ શંસન્તો વૈષ્ણવીં શ્રિયમ્ ।।૨૮।।**

પછી નયનોના આનંદના પાત્રરૂપ વૈકુંઠનાં અને તેમના ધામ (તથા) પોતે પ્રભુરૂપ વિકુંઠનાં દર્શન કરીને, ભગવાનની પરિક્રમા કરી, (તેમને) પ્રણામ કરી અને (તેમની) રજા લઈ, આનંદ પામેલા તે મુનિઓ વિષ્ણુની સંપત્તિની પ્રશંસા કરતા પાછા ગયા. ૨૭ – ૨૮.

ફરીથી તેઓ એ પોતાની સ્થિતિ પ્રાપ્ત કરી, કારણ કે તેઓ મુનિઓ હતા. જેની જે શ્રદ્ધા, તેજ તેનો ગુણ છે. (તેથી) ઉલટું (હોય તે) દોષ છે. તેઓ (દેહની) અંદરજ ભગવાનનાં દર્શન કરતા, બહાર ન (કરતા), અને બહારનું દર્શન (તેમને) લાભકારી ન હતું. તેથી તેઓ પાછા ગયા. બહારનાં (ભગવાનનાં) દર્શનથી એક ગુણ થયો, એમ 'નયનોના આનંદના પાત્રરૂપ' શબ્દથી કહેલ છે, કારણ કે પરમ ઐશ્વર્યના સંબંધને લીધે, રૂપ વિગેરેના ભેદથી પાંચ પ્રકારે સુખના વિભાગ કરી, તેનો અનુભવ કરતી ઈન્દ્રિયો (પોતે) સાધનરૂપ હોઈ જીવને પણ સુખ કરનારી થઈ, અને આ ભગવાન્ આનંદની મૂર્તિ અને લાવણ્યના પૂરરૂપ હોઈ નયનોના આનંદનાં પાત્ર છે. તે પાત્ર બને છે, એમ 'વૈકુંઠના અને તેમના ધામ વિકુંઠના' શબ્દોથી કહેલું છે.

'બંનેય સમાન રીતે નયનોના આનંદના પાત્ર કેમ કહેલાં છે ?' એવો પ્રશ્ન થાય, તેથી 'પોતે પ્રભુરૂપ' એમ કહેલ છે. (ભગવાન્ વિકુંઠ) લોક પોતેજ છે, અને વૈકુંઠ (ભગવાન્) પણ પોતે છે. છતાં પણ ભગવાન્ પ્રભુ તરીકે સ્ફૂરે, ત્યારે તે (વિકુંઠ) લોક તરીકે સ્ફૂરતું હોવાથી, અને અક્ષર (વિકુંઠ લોક) ભગવાન્ હોવાથી, બંને તેવાં છે, એવો અર્થ છે. ૨૭.

ભવિષ્યનું કૃત્ય અઠાવીસમા શ્લોકમાં કહેલું છે.

**પ્રદક્ષિણા નમસ્કાર આજ્ઞાપ્રાર્થનમેવ ચ ।।૧૪।।**
**આગત્ય[1] તોષભાવશ્ચ ગમને સ્તોત્રમેવ ચ ।।**

(૧) પ્રદક્ષિણા (૨) નમસ્કાર અને (૩) રજા માગવાનુંજ (૪) આવીને આનંદની વૃત્તિ થવી અને (૫) જતાં પ્રશંસાજ કરવી. કા. ૧૪ ૧/૨.

**સમાગતાનાં પઞ્ચાંગં તોષલક્ષણમુચ્યતે ।।૧૫।।**
**યથાગતિગતિઃ કાર્યે પ્રસંગં વારયેદિતિ ।।**

(એવા) પાંચ અંગોવાળું આવેલા (મુનીઓ)ના આનંદનું લક્ષણ કહેલું છે. કામે લાગવાનું અટકાવે તેથી જેમ આવ્યા તેમ ગયાનું (કહેલ છે.) કા. ૧૫ ૧/૨.

જે પ્રકારે આવેલા તેજ પ્રકારે પાછા ગયા, એવો 'પ્રતિજગ્મુઃ' નો અર્થ છે. બહારનાં (ભગવાનનાં) દર્શન (અંદરના દર્શનથી) અધિક હોવાથી, તેઓ ઘણો આનંદ પામ્યા. 'વિષ્ણુની સંપત્તિ' એટલે (ભગવાનની) શાંતિ અને પ્રસન્નતારૂપ (સંપત્તિ). આજ (આવ્યા તે) પહેલાનાં કરતાં અધિક (થયું). ૨૮.

૧. 'આગત્ય તોષાભાવઃ' એટલે આવેલાને પૂર્ણ સંતોષ ન થવો જે (પ્ર) 'તોષાભાવઃ' પાઠ નથી. 'આગત્ય તોષભાવઃ' પાઠ છે. તે પ્રમાણે અર્થ કરેલ છે.

ભગવાન્ (ત્યાંથી) પધારી ગયા એમ કહેવા માટે, નીચેના શ્લોકમાં (તેમણે તે) બે સેવકોનું સમાધાન (કર્યું એમ) કહે છે :

**ભગવાનનુગાવાહ યાતં મા ભૈષ્ટમસ્તુ શમ્ ।।**
**બ્રહ્મતેજઃ સમર્થોऽપિ હન્તું નેચ્છે મતં નુ મે ।।૨૯।।**

ભગવાને બે સેવકોને કહ્યું: 'તમે બે જાઓ, ભય ન રાખો. કલ્યાણ થાઓ.' હું બ્રહ્મતેજને હણવા શક્તિવાળો હોવા છતાં, (તેમ કરવા) ઈચ્છતો નથી. નિશ્ચય ! મને ઈષ્ટ છે. ૨૯.

આજ્ઞા પાળવાનું કારણ 'સેવકો' શબ્દથી (કહેલું છે). તે બેને વાક્યમાં વિશ્વાસ રાખવાનું કારણ 'ભગવાને' શબ્દથી (કહેલું છે). શાપને લીધે જવાનું નથી એમ દર્શાવવા 'તમે બે જાઓ' એવી આજ્ઞા (કરી છે). આથી તે બેના પોતાના ધર્મનું રક્ષણ કરેલું છે. તેથીજ 'ભય ન રાખો' શાપને લીધે જાય, તો ભય રહે. ''(ભયનું) કારણ કર્યું, ત્યારે ફલ કેમ નહિ થાય ?'' એવી શંકા થાય, તેથી 'કલ્યાણ થાઓ' એમ કહેલું, તમારું કલ્યાણ થાઓ. હમણા (તમને) સાલોક્ય (પ્રાપ્ત થએલું છે), ગયા પછી તો સાયુજ્ય પ્રાપ્ત થશે, એવો અર્થ છે. હમણાં લોક (વિકુંઠ)માં તમે કોઈક બે છો, પછી લોકરૂપજ થશો, એવા અભિપ્રાયથી 'લોક થાઓ' એવું[1] વાક્ય છે. 'ચરણ' શબ્દનો પણ તેજ અર્થ થાય છે. (ભગવાનમાં) પ્રવેશ કરેલાઓને ચરણમાં સ્થિતિ પ્રાપ્ત થએલી છે. તેવા સમયે સમીપપણું તો ઘણુંજ હોય છે. 'બ્રાહ્મણોના આદરને લીધે આમ (ભગવાન્) કરે છે ?' એવો પ્રશ્ન થાય, તેથી તેમ નથી એમ ઉત્તરાર્ધથી કહે છે. આધિદૈવિક બ્રહ્મતેજરૂપ બ્રાહ્મણને ખરેખર (ભગવાને) નિરર્થક કરેલું છે, (જ્યારે) આ તો આધિભૌતિક (બ્રહ્મતેજ) છે. તેથી બ્રહ્મતેજને હણવા શક્તિવાળો હોવા છતાં, હું (તેમ કરવા) ઈચ્છતો નથી, કારણ કે તે સૃષ્ટિ માટે ઉપયોગી છે. તેથી (આ) 'નુ' નિશ્ચય મને ઈષ્ટ છે, (આ વાક્યનો) અભિપ્રાય તો ભગવાનજ જાણે છે, (તેમનાં) વચનથી (તેની) કલ્પના થતી નથી, કારણ કે કલ્પના કરવામાં આવે તો પણ કાર્યની અનુકૂલતા પ્રમાણે કલ્પના કરવી જોઈએ. ૨૯.

૧. શ્લો. ૩૦ ના સંબંધમાં આ કહેલું જણાય છે.

'ત્યારે બ્રાહ્મણોના શાપનું શું ફલ ?' એ વિષયમાં નીચેનો શ્લોક કહે છે :

**મયિ સંરમ્ભયોગેન નિસ્તીર્ય બ્રહ્મહેલનમ્ ।।**

**પ્રત્યેષ્યતં નિકાશં મે કાલેનાલ્પીયસા પુનઃ ।।૩૦।।**

મારા વિષે ક્રોધના યોગથી બ્રાહ્મણોના તિરસ્કારને તરી જઈ થોડા સમયમાં તમે બે ફરી મારી પાસે પાછા આવશો. ૩૦.

બ્રાહ્મણોના શાપનું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ, કારણ કે પ્રાયશ્ચિત્ત (કર્યા) પછીજ પુરુષ શુદ્ધ થાય છે. શુદ્ધ હોય તેણેજ વેદમાં કહેલ કર્મ કરવું જોઈએ, અને ભગવાનના ભક્તોનું પ્રાયશ્ચિત્ત ભગવાનનું સ્મરણજ છે; અને વૈદિક (કાર્ય)માં શુદ્ધ હોય તેનોજ અધિકાર હોવાથી તે સ્મરણ લૌકિક છે, અને લૌકિક[૧] હોવાથી (તે) પ્રાયશ્ચિત્તરૂપ છે. સ્મરણનું[૨] નિત્યપણું તો પહેલાંજ (સ્મરણમાં) પ્રવૃત્તિ કરનાર (અને) જ્યાં સુધી ભગવદીય થાય ત્યાં સુધી સ્મરણ કરનારાઓનાં (સ્મરણ)નું છે, પછી તો પાપજ ઉત્પન્ન થતું નથી, ભગવાનની[૩] ઈચ્છાથી તો તે ઉત્પન્ન થાય. તેમની ઈચ્છા સર્વથી બલવાન હોવાથી (પછી) સ્મરણ (થવાનું) સંભવતું નથી. લૌકિક[૪] સ્મરણમાં તો નડતર ન હોવાથી, (ભગવાનનું સ્મરણ) ભગવાનનું સાયુજ્ય વિગેરે પ્રાપ્ત કરાવનારું ન થાય, તો પણ પ્રાયશ્ચિત્તરૂપ છે[૫], કારણ કે દોષનો નાશ કરવો એ સ્મરણનો કુદરતી ગુણ છે. કામ વિગેરે માત્ર લૌકિક છે, (અને) લૌકિકનુંજ પોષણ કરનારા છે. (૧) આ પ્રસંગમાં શાપનું કારણ ક્રોધ થએલ હોવાથી, ક્રોધથીજ (જય તથા વિજયને) સ્મરણ થશે. તેમ ન થાય (ક્રોધ ન રાખે), તો વિસ્મરણજ થાય. (૨) એ પ્રમાણે ગોપિકાઓના કામનું પણ (જાણવું), કારણ કે બ્રહ્માએ કામને લીધે વાણી (સરસ્વતી)ને શાપ આપેલ. તેથીજ, વાણીથી પ્રજાપતિ (બ્રહ્મા)ને હોમ થતો નથી; 'વાણી અને મનને તરો' એ ઉપાખ્યાનમાં તેમ કહેલું છે. તેજ વાણી ગોપિકાઓ થઈ. (૩) ભયને લીધે શુક્રાચાર્યે કાલનેમિ વિગેરેને શાપ આપેલો, કારણ કે તેઓએ બૃહસ્પતિને[૬] (ગુરુ તરીકે) સ્વીકારેલ; (અને) પોતાનું પુરોહિતપણું જશે એવા ભયથી (શુક્રે) શાપ આપેલ હોવાથી, કંસને ભયથીજ (ભગવાનનું) સ્મરણ થતું, (૪) અને યોગ્યતા પ્રમાણે જૂદા જૂદા (ઋષિઓના) સંબંધવાળા, બીજા દેવોને બૃહસ્પતિ દુર્વાસા વિગેરેએ શાપ આપેલા હોવાથી, યાદવો વિગેરેને[૭] સંબંધથી થતા સ્નેહને લીધેજ (ભગવાનનું) સ્મરણ થતું, આ ચારે પણ શાપથી તે પ્રમાણે ઉત્પન્ન થએલા, (અને) તેવી રીતે સ્મરણ કરી, તે તે શાપને તજી, પોતાનાં ભગવદીય સ્વરૂપથીજ ભગવાનને પ્રાપ્ત થએલા. તેવી રીતે આ પ્રસંગમાં પણ 'કલ્યાણ થાઓ' (શ્લો. ૨૯) એ વચનને લીધે ભગવાનના સ્થાનની પ્રાપ્તિ થશે; અને

ભગવાન્ પ્રતિ (ધારણ કરેલ) ક્રોધના જુસ્સાના સંબંધને લીધે બ્રાહ્મણોના અત્યાચારરૂપ દોષને દૂર કરી, મારી 'નિકાશં' પાસે (આવશો), અથવા બારણાંના કરતાં ઘણા પાસે ચરણમાં થોડા સમયમાં ફરી પાછા આવશો, એમ (કહેલ છે). લોકમાં ક્રોધરૂપ સંબંધ પુરુષાર્થ ન હોવાથી, તે પુરુષાર્થ છે એમ જણાવવા 'યોગ' 'યોગ' શબ્દ યોજેલ છે. ૩૦.

૧. 'લૌકિક હોવાથી' એટલે સ્મરણ લૌકિક હોવાથી. (પ્ર)

૨. ''સ્મરણ પ્રાયશ્ચિત્તરૂપ હોય, તો પાપ દૂર થયા પછી તે કરવાનું ન રહે અને તેથી 'વિષ્ણુનું સદા સ્મરણ કરવું' વિગેરે વાક્યોમાં જણાવેલ સ્મરણનું નિત્યપણું ન રહે'' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. પ્રારંભની સ્થિતિમાં (સ્મરણ) પ્રાયશ્ચિત્તરૂપ છે, પછી તો સ્વભાવિક થતાં ફલરૂપ અને અવશ્ય કરવા યોગ્ય થાય છે, તેથી નિત્યપણું જતું નથી, એવો અર્થ છે. (પ્ર) અહિં 'પ્રથમ'નો અર્થ 'પ્રારંભની સ્થિતિ' કરેલ છે તે યોગ્ય જણાતું નથી. પાપ કર્યા પહેલાંજ ભગવાનનું સ્મરણ કરેલું હોય તેને પ્રથમ કહેલું જણાય છે. પાપ દૂર કરવા સ્મરણ કરવામાં આવે તે પ્રાયશ્ચિત્તરૂપ છે. પાપ કર્યા પહેલાં કરેલું સ્મરણ પ્રાયશ્ચિત્તરૂપ નથી અને નિત્ય કરવા યોગ્ય છે, એવા અર્થ જણાય છે.

૩. ''(ભગવદીય થએલા જય તથા વિજયથી બ્રાહ્મણના તિરસ્કારરૂપ) પાપ કેમ થયું ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર)

૪. ''વૈદિક સ્મરણ લૌકિક (સ્મરણ)થી બલવાન છે અને જય વિજય તેના અધિકારી છે, તો વૈદિક સ્મરણથી પાપ કેમ દૂર ન થાય ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. કર્મમાં રચ્યા પચ્યા રહેવાથી સ્મરણ ન થાય. વળી ત્રણ પાપી યોનિમાં અવતાર લેવાનો શાપ થએલ હોવાથી તેઓને જ્ઞાનનો પણ અધિકાર રહેલ નહિ. (પ્ર)

૫. 'ત્યારે લૌકિક સ્મરણ પણ ન થાય' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ભગવાનની ઈચ્છા લૌકિક સ્મરણમાં નડતરરૂપ થાય તેવી નથી, (પ્ર)

૬. શુક્રાચાર્ય તપ કરવા ગએલા, ત્યારે તેમનું રૂપ લઈ બૃહસ્પતિ આવેલા, તેમને કાલનેમિ વિગેરેએ ગુરુ તરીકે સ્વીકાર્યા, એવી બીજા પુરાણમાં કથા છે. (પ્ર)

૭. 'વિગેરે' શબ્દથી પાંડવો કહેલા છે. તેઓને શાપ થએલ એ પાંચ ઈન્દ્રોના ઉપાખ્યાનમાં પ્રસિદ્ધ છે. (પ્ર)

એ પ્રમાણે તેઓને દિલાસો આપીને, ભગવાન્ યોગ્ય સ્થાને પધાર્યા. એમ નીચેના શ્લોકમાં કહે છે :

**દ્વાઃસ્થાવાદિશ્ય ભગવાન્ વિમાનશ્રેણીભૂષણમ્ ।।**
**સર્વાતિશયયા લક્ષ્મ્યા યુક્તં સ્વં ધિષ્ણ્યમાવિશત્ ।।૩૧।।**

બે દ્વાર પર રહેનારાઓને આજ્ઞા કરીને, ભગવાને વિમાનોની પંક્તિઓના ભૂષણરૂપ, સર્વથી ઉત્તમ શોભાવાળા પોતાના સ્થાનમાં પ્રવેશ કર્યો.. ૩૧.

'આજ્ઞા કરીને' એ વચનને લીધે, (તેથી) વિરુદ્ધ કરવાનું સંભવતું નથી.

'ભગવાનને ગ્લાનિ થઈ હશે' એવી શંકા થાય, તેથી 'ભગવાને' એમ કહેલું છે, કારણ કે ઐશ્વર્ય, જ્ઞાન અને વૈરાગ્ય (એ ભગવાનના ગુણો) ગ્લાનિનો નાશ કરનાર છે. ''આ બંને કાઢી મૂકેલા જો દુષ્ટ હોય, તો બીજાઓ પણ તેવા હશે, તેથી તેમને પણ કાઢી મૂકવા જોઈએ, અને બીજા બે દ્વારપાલો નીમવા જોઈએ. તે બંને (કાર્ય) કર્યા વિના (ભગવાન્) ઘેર કેમ પધાર્યા ?'' એવી શંકા થાય, તેથી 'વિમાનોની પંક્તિઓનાં ભૂષણરૂપ' એમ કહેલું છે. વિમાનોની પંક્તિઓ, તેઓના 'ભૂષણં' અલંકારરૂપ થએલું (વિકુંઠ સ્થાન) હતું. વૈકુંઠમાં રહેલા 'વિમાનો' (પોતાના) અર્થવાળા હતા, કારણ કે 'વિગતઃ' જતું રહેલ હતું 'માનઃ' અભિમાન જેમનું તેવાં, તે વિનાનાં એટલે અભિમાન રહિત બધાં હોવાથી દોષરહિત હતાં, એવો અર્થ છે. સાધારણ[1] પણ ત્યાં તે (તેવા)જ હતાં, એમ જણાવવા 'પંક્તિઓ' શબ્દ (યોજેલ છે). તેઓનું પણ ભૂષણ એટલે સંપૂર્ણ રીતે સર્વદોષ વિનાનું (વિકુંઠ) સ્થાન છે, એવો અર્થ છે. તેથીજ બીજા (દ્વારપાલો) નીમ્યા નહિ. આ બે દોષવાળા હતા તેથી સંપૂર્ણ રીતે દ્વાર પર રહેનાર તરીકેજ (તેમને) નીમેલા, પરંતુ બીજાઓને રોકવા નીમેલા નહિ, કારણ કે મુનિઓનાં વચનથી તેવો નિશ્ચય થાય છે. ફરીથી (ભગવાને) તેજ સ્થાનમાં જવાનું કારણ 'સર્વથી ઉત્તમ શોભાવાળા' વિશેષણથી કહેલું છે. સર્વથી ઉત્તમ (શોભાવાળું), (કારણ કે) લક્ષ્મી માટે કરેલું હોવાથી લક્ષ્મીએ તેને સંપૂર્ણ રીતે શણગારેલું, તેથી તે સર્વથી ઉત્તમ શોભાવાળું છે. વળી તે સ્થાન પોતાનાં સ્વરૂપરૂપ બનેલું છે, તેથી (ભગવાન્) બીજે ન પધાર્યા. ૩૧.

૧. વિમાનમાં ફરનારાઓજ વૈકુંઠમાં સાધારણ પુરુષરૂપ છે (પ્ર) સાધારણ વિમાનો (તેમ વિમાનમાં ફરનારા પણ) ત્યાં અભિમાન વિનાનાજ છે, એટલે કોઈ અભિમાની નથી એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે ભગવાને ગૃહમાં પ્રવેશ કર્યાનું કહીને, નીચેના શ્લોકથી તે બે બીજા (સ્થાને) ગયાનું કહે છે :

**તૌ તુ ગીર્વાણઋષભૌ દુસ્તરાદ્ધરિલોકતઃ ।।**
**હતશ્રિયૌ બ્રહ્મશાપાદભૂતાં વિગતસ્મયૌ ।।૩૨।।**

તે બે ઉત્તમ દેવો તો પાર કરી ન શકાય તેવા હરિના લોકથી ગર્વરહિત થઈ, બ્રાહ્મણોના શાપને લીધે શોભારહિત થયા. ૩૨.

'તુ' 'તો' શબ્દથી (એમ જણાવ્યું છે કે) ત્યાં તે બે સંતાઈને રહ્યા નહિ; કારણ કે ભગવાનની આજ્ઞાનું પાલન કરવાથીજ છૂટકારો થશે એવો વિચાર કરનારા તેઓ હતા. તેવું (તેમને) જ્ઞાન હોવાનું કારણ 'બે ઉત્તમ દેવો' શબ્દથી (કહેલું છે) 'પાર કરી ન શકાય તેવા' વિશેષણથી (એમ કહ્યું છે કે) તે લોકને પાર કરવાનું દુઃખથી

પણ થઈ શકે તેવું નથી. તેમાં પણ (તે) 'હરિનો લોક' છે, કારણ કે તે (હરિ) સર્વ દુઃખ દૂર કરનારા છે. તેમાં પણ (તે) 'લોક' પ્રકાશતો છે, બીજામાં તો અજ્ઞાન જ હોય છે, એવો ભાવ છે. વૈકુંઠમાં રહેલા તે બેની જે શોભા હતી, તેનો બ્રાહ્મણોના શાપથી નાશ થયો, તેથી (તેઓ) ત્યાં રહી પણ શકતા ન હતા, કારણ કે ત્યાંના રહેવાસીઓ સાથે (તેમને) સમાન ગુણ ન રહ્યો. વળી જતો રહેલ છે 'સ્મયઃ' ગર્વ જે બેનો, તેવા (તે થયા). તેથીજ આ બેને પહેલાં ગર્વ હતો, પરંતુ દોષરહિતને ત્યાંથી કાઢી મૂકેલા નહિ, એવો (અર્થ છે). લોક (વિકુંઠ) ઉપકાર કરનારો[1] છે એમ જણાવવા લોકથીજ ગર્વરહિત થયા, એમ કારણ અને કાર્યનો સંબંધ[2] જણાવેલો છે. ૩૨.

૧. ગર્વ દૂર કરનાર તરીકે ઉપકાર કરનારો. (પ્ર)

૨. વૈકુંઠ લોક( માં વાસ) કારણ, અને ગર્વ દૂર થવો એ તેનું કાર્ય, એમ એ બેનો કારણ અને કાર્ય તરીકેનો સંબંધ જણાવેલો છે.

એમ તે (લોક)થી થએલો લાભ પ્રાપ્ત કરીને, તે બે ગયા, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તદા વૈકુણ્ઠધિષણાત્તયોર્નિપતમાનયોઃ ।।**
**હાહાકારો મહાનાસીદ્વિમાનાગ્ર્યેષુ પુત્રકાઃ ।।૩૩।।**

હે પુત્રો ! તે બે વિકુંઠ સ્થાનમાંથી પડતા હતા, ત્યારે ઉત્તમ વિમાનોમાં ભારે હાહાકાર થયો. ૩૩.

તે બે વિકુંઠ સ્થાનમાંથી પડતા હતા, ત્યારે 'અયોગ્ય થયું' એવો હાહાકાર થયો. 'ઉત્તમ વિમાનોમાં' શબ્દથી તેઓને (વિમાનમાંના દેવોને) (તે બેનાં) દર્શન થાય તેવું હોવાનું કહેલું છે. હાહાકારનું વર્ણન તે બે ઉપર દયા સૂચવનારું છે. તેથી જ આ વિષયમાં[1] વિરોધ ન કરવો, કારણ કે (તેમ કરવાથી) દુઃખી થએલા (તે) બેને અધિક દુઃખ થાય. (બ્રહ્મા) પોતે દયાળુ છે એમ જણાવવા 'હે પુત્રો !' એવું સ્નેહથી સંબોધન કરે છે. ૩૩.

૧. 'આ વિષયમાં' એટલે દિતિના ગર્ભના સંબંધમાં (પ્ર)

તે બેના નિરૂપણનો ચાલુ પ્રસંગમાં ઉપયોગ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તાવેવ હ્યધુના પ્રાપ્તૌ પાર્ષદપ્રવરૌ હરેઃ ।।**
**દિતેર્જઠરનિર્વિષ્ટં કાશ્યપં તેજ ઉલ્બણમ્ ।।૩૪।।**

હરિના તે બે ઉત્તમ પાર્ષદોજ હમણાં દિતિના જઠરમાં પ્રવેશ કરેલ કશ્યપના ઉગ્ર તેજરૂપ થએલા છે. ૩૪.

હમણાં તે બેજ દિતિના જઠરમાં પ્રવેશ કરેલ કશ્યપના તેજરૂપ થએલા છે.

અહિં (તે બેનો) ગર્ભમાં પ્રવેશજ થએલો છે, પરંતુ બીજા પ્રકારે અન્ન વિગેરેમાં સંક્રાંતિ થએલી નથી. સુરોની (દેવોની) સ્થિતિમાંથી નીકળી ગએલા હોવાથી 'અસુર' થએલા છે. તે બેનું બીજ (અસુરપણાંને) યોગ્ય હતું, એમ 'ઉગ્ર' વિશેષણથી કહેલું છે. (તે બીજ) અન્યાયથી નીકળેલું હોવાથી, સ્વભાવથીજ ઉગ્ર હતું, અને તેણે પણ દિતિના જઠરમાં પ્રવેશ કરેલો. તે બેની આ આપત્તિની અવસ્થા છે એમ જણાવવા, 'હરિના બે ઉત્તમ પાર્ષદો' શબ્દોથી તેઓની પહેલાંની અવસ્થા કહેલી છે. ૩૪.

'ત્યારે અંધકાર (થવા)નું શું કારણ ?' એ વિષયમાં નીચેનો શ્લોક કહે છે :

**તયોરસુરયોરદ્ય તેજસા યમયોર્દિવઃ ॥**
**આક્ષિપ્તં તેજ એતર્હિ ભગવાંસ્તદ્વિધિત્સતિ ॥૩૫॥**

હમણાં તે બે જોડકાં અસુરોના તેજથી સ્વર્ગના તેજનો નાશ થયો છે. હમણાં ભગવાન્ તે કરવા ઈચ્છે છે. ૩૫.

કારણ કે હમણાં તે બે અસુરો છે, તેથી તેઓના તેજથી 'વઃ' તમારાં તેજનો નાશ થએલો છે. ભગવાનનાં તેજથી દૈત્યોનાં તેજનો નાશ થાય છે, અને દૈત્યોનાં તેજથી દેવોનાં (તેજનો નાશ થાય છે). વળી મુનિઓએ કરેલા અપરાધનાં સ્મરણને લીધે સ્વર્ગના (તેજનો નાશ કરે છે). 'યમયોર્હિ વઃ' 'તમારા બે યમના (તેજથી)' એવો પાઠ હોય, ત્યારે પણ (એવો અર્થ થાય કે) તમારા જ બે યમો[૧] છે, તેથી જ તમારા તેજનો નાશ થએલો છે. 'ત્યારે ઉપાય કરવો જોઈએ' એમ કહે, તેથી 'ભગવાન્ તે કરવા ઈચ્છે છે' એમ કહેલું છે. 'એતર્હિ' હમણાં ભગવાનજ તમને ઉપદ્રવ કરવા ઈચ્છે છે. ઉપાય કોનાથી કરાય ? એવો અર્થ છે. ૩૫.

૧. 'તે યમે દેવોની ઈન્દ્રિયો અને વીર્યને છૂટાં પાડ્યાં. તે યમનું યમપણું છે' એવી 'યમ' શબ્દની વ્યુત્પત્તિ હોવાથી, તે બે તમારીજ ઈન્દ્રિયો તથા વીર્યનો નાશ કરનારા છે, એવો અર્થ છે. (પ્ર)

'ત્યારે શું ઉપાય (કરવો)' એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**વિશ્વસ્ય યઃ સ્થિતિલયોદ્ભવહેતુરાદ્યો યોગેશ્વરૈરપિ દુરત્યયયોગમાયઃ ॥**
**ક્ષેમં વિધાસ્યતિ સ નો ભગવાંસ્ત્ર્યધીશસ્તત્રાસ્મદીયવિમૃશેન કિયાનિહાર્થઃ ॥૩૬॥**

જે વિશ્વની સ્થિતિ નાશ અને ઉત્પત્તિ કરનારા છે, જેમની યોગમાયા યોગેશ્વરોથી પણ ઉલ્લંઘન થઈ ન શકે તેવી છે, તે ત્રણ લોકના સ્વામી મૂલ ભગવાન્ તે વિષયમાં આપણું કલ્યાણ કરશે. આમાં આપણા વિચારનું કેટલું ફલ થાય ? ૩૬.

તમારે શી ચિંતા ? તે (ભગવાન)જ શાંતિ કરશે. તેનું કારણ 'જે વિશ્વની સ્થિતિ નાશ અને ઉત્પત્તિ કરનારા છે' શબ્દોથી કહેલું છે. જે ઉત્પન્ન કરે છે તેજ

પાલન કરતા હોવાથી, હમણાં પણ તેજ પાલન કરશે, છતાં પણ જો પાલન ન કરે, તો પ્રલય કરનારા હોવાથી નાશ કરશે. તેથી કાંઈ ચિંતા ન કરવી, કારણ કે પ્રલય અવશ્ય થવાનો છે. 'છતાં પણ દુઃખને લીધે ચિંતા થાય છે' એમ કહો, તો (ભગવાન્) ઉત્પત્તિ પણ કરશે, તેથી ચિંતા ન કરવી. વળી તેમણે (ભગવાને) તમારુંજ કાર્ય કરવાનું નથી, પરંતુ બધાએ વિશ્વનું (કાર્ય કરવાનું છે), કારણ કે તે બધા વિશ્વની ઉત્પત્તિ વિગેરે કરનારા છે. ''સાધારણ દાહ થાય ત્યારે પણ જેમ દોડી જનારો નાસી જવાથી દાઝી જતો નથી, તેમ અમારા માટે આપે ઉપાય કરવો જોઈએ'' એવી શંકા થાય, તેથી 'જેમની યોગમાયા યોગેશ્વરોથી પણ ઉલ્લંઘન થઈ ન શકે તેવી છે' એમ કહેલું છે. સર્વ દુઃખનું કારણ ભગવાનની યોગમાયા છે, (અને) તે ઉલ્લંઘન થઈ ન શકે તેવી છે. સાધનોમાં યોગ ઉત્તમ છે. તેના પણ જે ઈશ્વરો, જેમને પોતાને યોગ અધીન રહે છે, તેઓ પણ યોગમાયાનું ઉલ્લંઘન કરી શકતા નથી. તેથી મારાથી ઉપાય (થાય તેમ) નથી. 'ત્યારે આપથી પણ મોટાને કહો' એવી શંકા થાય, તેથી 'મૂલ' વિશેષણ યોજેલું છે, કારણ કે તેમના કરતાં કોઈપણ મૂલ (ઉત્તમ) નથી કે જે કહેવા યોગ્ય હોય. 'ત્યારે તેમનેજ કહો' એવી શંકા થાય, તેથી 'તે કલ્યાણ કરશે' એમ કહેલું છે. ન કહેવા છતાં પણ તે પોતેજ કલ્યાણ કરશે. તેનું કારણ 'ત્રણ (લોક)ના સ્વામી' શબ્દથી કહેલું છે. તેમ (કલ્યાણ) ન કરે, તો જો તેઓ સ્વર્ગનો નાશ કરે, તો બેજ લોક રહે. ''તે બે નાશ કરે, ત્યારપછી (ભગવાન્) પાલન કેવી રીતે કરશે ?'' એવી શંકા થાય, તેથી 'ભગવાન્' એમ કહેલું છે. 'છતાં પણ આપે (અમારું) કલ્યાણ (થાય તેવો ઉપાય) કહેવો જોઈએ, અથવા આપના કહેવાથી અમારે તપ વિગેરે કરવું જોઈએ', એમ કહેવામાં આવે, તેથી 'આપણા વિચારનું (કેટલું ફલ થાય) ?' એમ કહેલું છે. જેમ વરસાદ વરસતો ન હોય તે પહેલાં ઘડાથી ખેતરને (જલ) પાવામાં આવે (તેવો આપણો વિચાર છે). જો વરસાદ ન વરસે, તો (જલ) પાવાથી પણ અનાજ ઉત્પન્ન નહિ થાય, (અને) વરસાદ વરસશે, તો જલ પાવાનું નકામું જ છે. તે સંજોગોમાં આપણા વિચારનું (કેટલું ફલ) ? અથવા 'તત્ર' સૃષ્ટિના વિષયમાં 'ઇહ' હવે (આપણા વિચારનું) કેટલું ફલ ? તે (ભગવાન્) સર્વને માટેજ કલ્યાણ (કરનારું હશે તે) કરવાના હોવાથી, ફલ પ્રાપ્ત ન કરાવે તેવો પ્રયાસ દરેકે કરવાનું શું પ્રયોજન ? એવો અર્થ છે. ૩૬.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના સોળમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય સત્તરમો ।।

**કામાદિના માર્ગનાશા ઉપોદ્ઘાતેન વર્ણિતાઃ ।।**
**સૃષ્ટિમાત્રપ્રયોગાય તત્ફલં વર્ણ્યતે શુભમ્ ।।૧।।**

કામ વિગેરેથી માર્ગોના નાશ થયાનું ઉપાદ્ઘાતમાં વર્ણન કર્યું. સૃષ્ટિ માત્રને ઉત્તમ સંબંધ થાય[૧] તે માટે તેનાં શુભ ફલનું વર્ણન કરવામાં આવે છે. કા. ૧.

**ઉત્પત્તિસ્તામસી પ્રોક્તા સ્થિતિર્વૈ રાજસી મતા ।।**
**સાત્ત્વિકઃ પ્રલયશ્ચેતિ વિપરીતં ફલં તયોઃ ।।૨।।**

તે બેની[૨] ઉત્પત્તિ તામસી કહેલી છે, સ્થિતિ ખરેખર રાજસી મનાએલી છે અને નાશ સાત્ત્વિક છે, એવું[૨] ફલ[૩] ઉલટું[૪] છે. કા. ૨.

**ઉત્પત્તિર્દ્વિવિધા પ્રોક્તા સ્વરૂપાનિષ્ટભેદતઃ ।।**
**યાવદ્વૃદ્ધિરિહોત્પત્તિઃ કાયવાગ્દોષવર્ણનમ્ ।।૩।।**
**સજાતીયવિજાતીયક્લેશદાનાય જન્મનઃ ।।**

દેહ[૫] (ની વૃદ્ધિ) અને અનિષ્ટના ભેદથી ઉત્પત્તિ બે પ્રકારની કહેલી છે. જ્યાં સુધી (દેહની) વૃદ્ધિ થઈ ત્યાં સુધી અહિં ઉત્પત્તિ છે. જન્મ પોતાની જાતનાને અને જૂદી જાતનાને દુઃખ દેવા થયો છે એમ જણાવવા દેહ અને વાણીના દોષોનું વર્ણન કરેલું છે. કા. ૩$^{1}/_{2}$.

**શાપસ્ત્વેક ઈતિ પ્રોક્તો હિરણ્યાક્ષો ન ચાપરઃ ।।૪।।**
**આધારસ્તુ સ એવોક્તો દ્વિતીયે દોષવર્ણનમ્ ।।**

શાપ તો એક હોવાથી હિરણ્યાક્ષ (ની કથા) કહેલી છે[૬]. બીજા (ની) કહેલી નથી; પરંતુ આધાર[૭] તે જ કહેલો છે. બીજાના[૮] દોષનું વર્ણન કરેલું છે. કા. ૪$^{1}/_{2}$.

**ઉત્પત્તિરેવ શાપેન નીચયોનૌ નિરૂપિતા ।।૫।।**
**સ્થિતિનાશૌ તયોસ્તસ્માત્.................**

શાપને લીધે નીચ યોનિમાં ઉત્પત્તિ જ કહેલી છે[૯]. તે બેનાં સ્થિતિ અને નાશ તેમનાથી (થએલ છે)[૧૦]. કા. ૫$^{1}/_{4}$.

**..............................હરાવેવાત્ર વર્ણ્યતે ।।**
**કૃષ્ણેન સહિતા લીલાઃ સ્થિતિસ્તસ્ય મહાત્મનઃ ।।૬।।**
**નિધનં ચાપિ તસ્યૈવ કલ્યાણવચનાન્મતમ્ ।।**

અહિં તે મહાત્માની શ્રીકૃષ્ણ સાથેની લીલારૂપ હરિમાંજ સ્થિતિનું વર્ણન

કરવામાં આવે છે અને[૧૧] તેનું મૃત્યુ પણ કલ્યાણ થવાના વચનને[૧૨] લીધે હરિમાં જ (થએલ હોવાનું) મનાએલ છે. કા. ૬[૧]/૨.

**સ્વરૂપોત્પત્તિરન્યત્ર હેતુરિત્યુચ્યતે બહુ ।।૭।।**
**અનિષ્ટસૂચકં તત્ર જ્ઞાનં દુઃખપ્રણાશનમ્ ।।**

બીજાઓમાં[૧૩] દેહની ઉત્પત્તિ કારણ છે એમ કહેવાય છે. ઘણાં અનિષ્ટ સૂચવનારું તે (ના કારણ)નું જ્ઞાન[૧૪] દુઃખનો નાશ કરનારું છે. કા. ૭[૧]/૨.

**અતઃ સપ્તદશેઽધ્યાયે દુઃખાભાવસ્તથોદ્ગમઃ ।।૮।।**
**અનિષ્ટસૂચનં દોષૌ વર્ણ્યન્તે પઞ્ચ સમ્ભવે ।।**

તેથી સત્તરમા અધ્યાય (ઉત્પત્તિના વિષય)માં (૧) દુઃખને દૂર કરવાનું તેમજ (૨) ઉત્પત્તિ (૩) અનિષ્ટ સૂચવવાનું અને (૪-૫) (કાયા અને વાણીના) બે દોષો એ પાંચ કહેલાં છે. કા. ૮[૧]/૨.

તે પૈકી આરંભમાં કારણના જ્ઞાનથી ભય દૂર થયો એમ કહે છે :

।। મૈત્રેય ઉવાચ ।।

**નિશમ્યાઽત્મભુવા ગીતં કારણં શઙ્કયોજ્ઝિતાઃ ।।**
**તતઃ સર્વે ન્યવર્તન્ત ત્રિદિવાય દિવૌકસઃ ।।૧।।**

આત્મભૂએ ગાન કરેલું કારણ સાંભળી ભયરહિત થઈ, પછી બધા દેવો સ્વર્ગમાં પાછા ગયા. ૧.

'આત્મભૂ' બ્રહ્માએ ગાન કરેલું કારણ સાંભળી, (દેવો) ભયરહિત થયા. 'આત્મભૂ' શબ્દથી કારણ[૧૫] કહેલ છે. 'ગાન કહેલું' શબ્દથી (એમ જણાવ્યું છે કે) હર્ષને લીધે સર્વમાં પ્રસિદ્ધ થાય તેમ (કહેલું હોવાથી) ફલ (પ્રાપ્ત થવા)માં સંદેહ ન હતો. ભય પોતાનો નાશ થવાનો હતો. માત્ર દુઃખ તો હદવાળું હોવાથી સહન કરવું જોઈએ, એવા વિચારથી ભયરહિત જ થયા, કારણ કે સુખ અને દુઃખનો સમય નક્કી થએલો હોય છે; અને ભય દૂર થયા પછી બધા સ્વર્ગમાં પાછા ગયા. 'દેવો' શબ્દથી ત્યાં જવાનું જરૂરી હોવાનું કહેલું છે. ૧.

૧. 'ઉત્તમપણું' એટલે ભગવાને કરેલ હોવાપણું, તેનો સંબંધ થાય તે માટે. તેથી સૃષ્ટિના સંબંધમાં ઉપોદ્ઘાત અને આ ત્રણ (૧૭ થી ૧૯ અધ્યાયો) પ્રતિ કારણપણું, એવી કારણ અને કાર્યના સંબંધરૂપ સંગતિ છે, એવો અર્થ છે. (પ્ર)

૨ - ૨. (૧૭ થી ૧૯ ત્રણે અધ્યાયોનો અનુક્રમે અર્થ કહેલો છે. 'તે બે' એટલે જય અને વિજય. (પ્ર)

૩. 'ફલ' એટલે શાપથી થએલ ફલ. (પ્ર)

૪. 'ઉલટું' એટલે લોકથી જૂદા પ્રકારનું, પરિણામે લાભકારક, એવો અર્થ છે. (પ્ર)
૫. અહિંથી સાડાચાર કારિકાઓથી (૧૭ થી ૧૯ એ ત્રણ) અધ્યાયનો અર્થ કહે છે. તે પૈકી પહેલી સવાત્રણ કારિકાઓથી સત્તરમાનો અર્થ કહે છે. (પ્ર)
૬. ''કાર્ય સમાન હોવાને લીધે અને પ્રસંગને લીધે બંનેની કથા કહેવી જોઈએ, છતાં અહિં એકલા (હિરણ્યાક્ષ)ની જ કથા કેમ કહી છે ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. બીજાની પણ ઉત્પત્તિ કહેલી છે, અને ટૂંકાણમાં વૃદ્ધિ પણ કહી છે. (પ્ર)
૭. હિરણ્યાક્ષ આધાર છે. દિતિના દોષને લીધે પ્રથમ ઉત્પન્ન થએલ હોવાથી આધાર (દિતિ)ના ઘણા દોષ તેનામાં હતા. (પ્ર)
૮. 'બીજાના' એટલે હિણ્યકશિપુના દોષ, તે ઉગ્ર વીર્યથી ઉત્પન્ન થએલ હોવાથી કહેલા છે. શ્લો. ૧૯ માં માત્ર તેનું ઉદ્ધતપણું કહેલું છે. (પ્ર)
૯. આ ઉત્પત્તિ – પ્રકરણ હોવાથી શાપને લીધે નીચ યોનિમાં (બંનેની) ઉત્પત્તિ જ કહી છે. (પ્ર)
૧૦. સ્થિતિ અને નાશ તો 'તેમનાથી' એટલે ભગવાનની સમીપ થયા છે. તેથી તે બીજા (નૃસિંહ) અવતારની કથા અહિં પ્રકૃત (ન) હોવાથી, હિરણ્યકશિપુનાં સ્થિતિ અને નાશની કથા અહિં કહેલી નથી, પરંતુ પ્રકૃત હોવાથી એક હિરણ્યાક્ષનાં જ સ્થિતિ અને નાશની કથા કહેલી છે. (પ્ર)
૧૧. 'અહિં' એટલે આ પ્રકરણમાં, 'તે મહાત્મા' હિરણ્યાક્ષની શ્રીકૃષ્ણ સાથેની લીલારૂપ હરિમાં જ સ્થિતિ કહેલી છે. (પ્ર)
૧૨. 'કલ્યાણ થાઓ' એવું પાછલા અધ્યાયના શ્લોક ૨૯માંનું વચન. (પ્ર)
૧૩. 'બીજાઓમાં' એટલે બીજાઓની પણ ઉત્પત્તિમાં. (પ્ર)
૧૪. 'તેનું જ્ઞાન' એટલે તેનાં કારણનું જ્ઞાન. (પ્ર)
૧૫. કારણ કે તે (બ્રહ્મા) આત્માની (દેવોની) ભૂઃ ઉત્પત્તિનું સ્થાન છે. તેથી તે (દેવોનું) કારણ હોવાથી તેમણે કહેલું દેવોને હિત કરનારું છે, એવો ભાવ છે. (પ્ર)

**નીચેના શ્લોકમાં ઉત્પત્તિ કહે છે :**

**દિતિસ્તુ ભર્તુરાદેશાદપત્યપરિશઙ્કિની ।।**
**પૂર્ણે વર્ષશતે સાધ્વી પુત્રૌ પ્રસુષુવે યમૌ ।।૨।।**

પતિનાં વચનને લીધે પુત્ર સંબંધી ભય રાખનારી ભલી દિતિએ તો એકસો વર્ષ પૂરાં થતાં બે યમ પુત્રોને જન્મ આપ્યો. ૨.

ઋષિના વિચાર પ્રમાણે (પુત્રો) તરતજ ઉત્પન્ન કરવાના હતા, છતાં પણ દિતિએ તેમ ન કર્યું, એમ 'તુ' 'તો' શબ્દથી (કહેલ છે.) પતિ કશ્યપનાં 'આદેશાત્' આજ્ઞારૂપ વચનને લીધે પુત્રના વિષયમાં તે સર્વ તરફથી ભય રાખનારી થઈ. તે ભયને લીધે તે બે (પુત્રો)ના દોષો દૂર થાય, તે માટે સંહાર કરનાર કાલ સુધી તેણે રાહ જોઈ, કારણ કે તે (કાલ) એકસો વર્ષનો હોય છે. તેથી તેણે એકસો વર્ષ પૂરાં થતાં બે પુત્રોને જન્મ આપ્યો. બંને પુત્રોને જન્મ આપ્યો. તે બે 'યમલૌ' જોડકાં (પુત્રો) હોવા છતાં,

દુઃખ આપનારા હોવાથી (તેમને) 'યમ' કહેલા છે. 'ભલી' શબ્દ એમ જણાવે છે કે પુત્રોના અપરાધને લીધે પતિ પોતાનો ત્યાગ કરશે, એવા ભયથી એકસો વર્ષ (તેણે ગર્ભ) ધારણ કર્યો. આ મનુષ્યોનાં વર્ષો (જાણવા). ૨.

એ પ્રમાણે ઉત્પત્તિ કહીને, તે તામસી હતી એમ જણાવવા અનિષ્ટ સૂચવનારા ઘણા ઉત્પાતોનું વર્ણન કરે છે. (દિતિએ) કાલની રાહ જોએલી હોવાથી સંવત્સરરૂપ કાલ તે પ્રસંગે અનિષ્ટ સૂચવનારો થએલ હોવાથી, બાર (શ્લોકો)થી અનિષ્ટો અને એકથી (તેમનું) ફલ કહે છે. તે પૈકી આરંભમાં નીચેના શ્લોકથી સામાન્ય અનિષ્ટ કહે છે :

**ઉત્પાતા બહવસ્તત્ર નિપેતુર્જાયમાનયોઃ ।।**
**દિવિ ભુવ્યન્તરિક્ષે ચ લોકસ્યોરુભયાવહાઃ ।।૩।।**

તે બેનો જન્મ થતો હતો ત્યારે લોકોને ઘણો ભય કરાવનારા ઘણા ઉત્પાતો ત્યાં સ્વર્ગમાં, ભૂમિ ઉપર અને અંતરિક્ષમાં થયા. ૩.

'તદા' 'ત્યાં' એટલે આશ્રમમાં, અથવા 'ત્યારે'. તેઓનો જન્મ થતો હતો ત્યારે ત્રણે પ્રકારના ઉત્પાતો થયા. 'સ્વર્ગમાં, ભૂમિ ઉપર અને અંતરિક્ષમાં' શબ્દોથી દેશના વિભાગથી તે ત્રણ પ્રકારના હોવાનું કહેલું છે. અહિં સાત્ત્વિક રાજસ અને તામસ ક્રમ (કહેલો) છે. 'ચ' 'અને' શબ્દથી દેહની અંદર અને પ્રાણીઓએ કરેલા (ઉપદ્રવો કહેલા છે). 'લોકોને ઘણો ભય કરાવનારા' વિશેષણથી તેઓનું ફલ કહેલું છે. 'લોકોને' એટલે સામાન્ય રીતે (સર્વ લોકોને), અથવા સત્પુરુષોને ઘણો ભય કરાવે તેવા (ઉત્પાતો થયા). ઘણો ભય લોકનો નાશ થવાથી (થાય). ૩.

દેશના વિભાગોથી (ઉત્પાતો) કહી, નીચેના શ્લોકમાં સ્વરૂપથી ત્રણ પ્રકારના કહે છે :

**સહાઽચલા ભુવશ્ચેલુર્દિશઃ સર્વાઃ પ્રજજ્વલુઃ ।।**
**સોલ્કાશ્ચાઽશનયઃ પેતુઃ કેતવશ્ચાઽઽર્તિહેતવઃ ।।૪।।**

પર્વતો સાથે ભૂમિઓ કાંપવા લાગી. બધી દિશાઓ સળગવા લાગી. ઉંબાડીઆં સાથે વજ્રો અને દુઃખ દેનારા ધૂમકેતુઓ પડવા લાગ્યા. ૪.

કેટલાક કહે છે કે આ (ઉત્પાતો) પણ દિવ્ય હતા. પર્વતો સાથે ભૂમિઓ કટકા થઈ કાંપવા લાગી. કટકા વિનાની (કાંપતી હોત) તો 'ભૂમિ કાંપવા લાગી' એમ કહેત. 'પર્વતો સાથે' શબ્દથી પર્વતો પણ જૂદા કાંપતા હોવાનું (કહેલું છે.) દિશાઓનું સળગવું અંતરિક્ષમાં થયું, કારણ કે દિશાઓ અંતરિક્ષમાં રહેલી છે. 'બધી' એટલે આઠે (દિશાઓ). 'સળગવા લાગી' શબ્દથી માત્ર ધૂમાડો ન હોવાનું (જણાવેલ છે).

ઉત્તરાર્ધથી આકાશના (ઉત્પાતો) કહેલા[1] છે. ઉંબાડીઆં અગ્નિ જેવાં નક્ષત્રરૂપ હોય છે, તેમની સાથે 'અશનયઃ' વજ્રો (અને) 'કેતવઃ' એકસો ધૂમકેતુ વિગેરે (પડવા લાગ્યા). સાધારણ રીતે બધા ભય કરાવે તેવા હોવા છતાં, ધૂમકેતુ વધારામાં દુઃખ દેનારા હતા. જેઓ (તેમને) પડતાં જૂએ, તેમનાં શરીરોમાં પીડા થાય એવો (તેમનો) ગુણ હતો. અથવા 'દુઃખ દેનારા' યમના દૂતો વિગેરે (દેખાયા). ૪.

૧. અહિં કહેલા ઉત્પાતો નારદસંહિતામાં કહેલા ઉત્પાતોથી જૂદા (પ્રકારના), અને તેથી પણ વધારે ભયંકર છે એમ જણાય છે. તેથી નારદસંહિતાનો વિરોધ દોષરૂપ નથી. (પ્ર)

નીચેના શ્લોકમાં ભૌતિક (ઉત્પાતો) કહે છે :

**વાયુર્વવૌ સુદુઃસ્પર્શઃ ફટ્કારાનીરયન્મુહુઃ ।।**
**ઉન્મૂલયન્નગપતીન્વાત્યાડનીકો રજોધ્વજઃ।।૫।।**

વારંવાર ફૂંકાડાના અવાજ કરતો ઘણા દુષ્ટ સ્પર્શવાળો વાયુ વાવા લાગ્યો. ધૂળરૂપ ધજાવાળો વંટોળીઆનો સમૂહ ઉત્તમ વૃક્ષોને મૂળમાંથી ઉખાડતો નીકળ્યો. ૫

(૧) વંટોળીઆરૂપ અને (૨) સદા વાતો એવો બે પ્રકારનો વાયુ છે. બંને પ્રકારનો (વાયુ) અનિષ્ટ સૂચવનારો હતો એમ કહે છે. તે પૈકી 'ઘણા દુષ્ટ સ્પર્શવાળો' વિશેષણથી સદા વાતા (વાયુ)નું અનિષ્ટ સૂચવતું સ્વરૂપ કહેલું છે. નિરંતર વાવું એ જ સ્વભાવથી અનિષ્ટ સૂચવનારું છે, તેમાં પણ ઘણો[1] દુષ્ટ હતો સ્પર્શ જેનો તેવો (વાયુ) 'ફટ્કારાનીરયન્' એટલે દુષ્ટ શબ્દોનું અનુકરણ કરતો વાતો હતો, એવો અર્થ છે. 'વારંવાર' શબ્દથી (એમ કહેલું છે કે) એક ધારાના પ્રવાહમાં જ ઘણા પ્રકારે અવાજ કરતો હતો. '(ઉત્તમ વૃક્ષોને) મૂળમાંથી ઉખાડતો' શબ્દથી વંટોળીઆરૂપ (વાયુ)ના અનિષ્ટનું લક્ષણ કહેલું છે. 'નગપતીન્' ઉત્તમ વૃક્ષોને મૂળમાંથી ઉખાડતો, ચક્કર ચક્કર ભમતો વાયુ આકાશ સુધી ધૂળ ઉડાડતો હતો, એવો અર્થ છે. ૫.

૧. 'ઘણો દુષ્ટ' એટલે સ્પષ્ટ રીતે દુષ્ટ. (પ્ર)

નીચેના શ્લોકમાં મેઘોનું અનિષ્ટ ચિહ્ન કહે છે :

**ઉદ્ધસત્તડિદમ્ભોદઘટયા નષ્ટભાગણે ।।**
**વ્યોમ્નિ પ્રવિષ્ટતમસા ન સ્મ વ્યાદશ્યતે પદમ્ ।।૬।।**

મોટેથી હસતી વિજળીવાળા મેઘોના સમૂહથી જેમાંના તેજના સમૂહનો નાશ થયો હતો તેવા આકાશમાં પ્રવેશેલા અંધકારને લીધે, (કોઈ) સ્થાન ખરેખર, દેખાતું ન હતું. ૬.

મોટેથી હસતી હોય તેવી જે વીજળીઓ, તે સાથેના જે મેઘો, તેઓનો જે

'ઘટા' સમૂહ, તેને લીધે નાશ થએલ હતો 'ભાગણઃ' તેજનો સમૂહ જેમાંનો, આવા આકાશમાં પ્રવેશેલો જે અંધકાર, તેને લીધે તારાઓનું અથવા બીજાઓનું કોઈપણ સ્થાન, ખરેખર દેખાતું ન હતું. 'સ્મ' 'ખરેખર' શબ્દથી સંમતિ માટે લૌકિક પ્રમાણ કહેલું છે. વિજળીઓનું હસતી હોય તેવી હોવું અને અત્યંત અંધકાર અનિષ્ટ છે. 'તમસઃ' '(પ્રવેશ કરેલા) અંધકારનું' એવો પાઠ હોય, ત્યારે અંધકારનું સ્થાન એટલે મેઘ વિગેરે દેખાતું ન હતું એવો અર્થ (થાય). ૬.

નીચેના શ્લોકમાં સમુદ્રનું અનિષ્ટ ચિહ્ન કહે છે :

**ચુક્રોશ વિમના વાર્ધિરુદૂર્મિઃ ક્ષુભિતોદરઃ ।।**
**સોદપાનાશ્ચ સરિતશ્ચુક્ષુભુઃ શુષ્કપઙ્કજાઃ ।।૭।।**

ઉંચા મોજાંવાળો, ખળભળેલા અંદરના ભાગવાળો સમુદ્ર દુઃખી હોય તેમ રાડો પાડવા લાગ્યો. સૂકાએલાં કમલોવાળી નદીઓ જલાશયો સાથે ખળભળી. ૭.

દુઃખી થયો હોય તેમ 'વાર્ધિઃ' સમુદ્ર રાડો પાડવા લાગ્યો. ઉંચા હતાં મોજાંઓ જેના, ખળભળેલો હતો અંદરનો ભાગ જેનો તેવો તે હતો. મઘર વિગેરેનાં દુઃખથી (અંદરનો ભાગ ખળભળેલો) જણાતો હતો. 'સોદપાનાઃ' કૂવા વિગેરે સાથે 'સરિતઃ' તળાવડીઓ, અથવા નદીઓ જ સૂકાએલાં કમલોવાળી થઈ. ૭.

**મુહુઃ પરિધયોઽભૂવન્સરાહ્વોઃ શશિસૂર્યયોઃ ।।**
**નિર્ઘાતો રથનિર્હ્રાદા વિવરેભ્યઃ પ્રજજ્ઞિરે ।।૮।।**

રાહુ સાથેનાં ચંદ્રનાં તથા સૂર્યનાં કુંડાળાં વારંવાર થવા લાગ્યાં. વાદળાં વિનાની વીજળી (પડી) ગુફાઓમાંથી રથોના અવાજ જેવા અવાજો ઘણા થયા. ૮.

એક જ સાથે રાહુએ ગળેલા ચંદ્ર અને સૂર્યનાં કુંડાળાં વારંવાર થવા લાગ્યાં. વાદળાં વિનાની વીજળીનું પડવું એવો 'નિર્ઘાતઃ'નો અર્થ છે. 'નિર્હ્રાદાઃ' એટલે રથોના અવાજ જેવા અવાજો 'વિવરેભ્યઃ' ચિરાડોમાંથી, ગુફાઓમાંથી, પાતાલ વિગેરેમાંથી અથવા સર્પ વિગેરેનાં દરોમાંથી ઘણા થયા. ૮.

**અન્તર્ગ્રામેષુ મુખતો વમન્ત્યો વહ્નિમુલ્બણમ્ ।।**
**શૃગાલોલૂકટઙ્કારૈઃ પ્રણેદુરશિવાઃ શિવાઃ ।।૯।।**

ગામોની અંદર મુખથી દારુણ અગ્નિ કાઢતી શિયાળવીઓ શિયાળો અને ઘૂવડોના અવાજો સાથે અમંગલ અવાજો મોટેથી કાઢવા લાગી. ૯.

ગામોની અંદર મુખથી દારુણ અગ્નિ કાઢતી 'શિવાઃ' શિયાળવીઓ શિયાળો અને ઘૂવડોના અવાજો સાથે અવાજો 'પ્રણેદુઃ' મોટેથી કરવા લાગી. 'અમંગલ' વિશેષણથી એમ જણાવેલું છે કે લોકમાં પણ તે (તેના અવાજો) અમંગલ

હોવાનું પ્રસિદ્ધ છે. ૯.

નીચેના શ્લોકમાં કૂતરાઓનાં (અમંગલ અવાજો) કહે છે :

**સંગીતવદ્રોદનવદુન્નમય શિરોધરામ્ ।।**
**વ્યમુઞ્ચન્વિવિધા વાચો ગ્રામસિંહાસ્તતસ્તતઃ ।।૧૦।।**

કૂતરાઓ ડોક ઉંચી કરીને સંગીતના જેવી (તથા) રુદનના જેવી જૂદા જૂદા પ્રકારની વાણી સર્વ બાજુએ બોલવા લાગ્યા. ૧૦.

જેમ લોકમાં સંગીત થાય છે, અથવા જેમ પશ્ચિમના વાસીઓનું રુદન થાય છે તેમ 'શિરોધરાં' ડોક ઉંચી કરીને જાતજાતની વાણી 'તતસ્તતઃ' સર્વ બાજુએ 'ગ્રામસિંહાઃ' કૂતરાઓ બોલવા લાગ્યા. ૧૦.

નીચેના શ્લોકમાં ગધેડાઓનું અનિષ્ટ ચિહ્ન કહે છે :

**ખરાશ્ચ કર્કશૈઃ ક્ષત્તઃ ખુરૈઘ્નન્તો ધરાતલમ્ ।।**
**ખાર્કારરભસા મત્તાઃ પર્યધાવન્વરૂથશઃ ।।૧૧।।**

અને હે સંયમી ! કઠોર ખરીઓથી પૃથ્વીની પીઠને ઠોકતાં ભૂંકવાના બલથી ગાંડા થએલાં ગધેડાઓ ટોળાંબંધ દોડવા લાગ્યા. ૧૧.

કઠોર ખરીઓથી પૃથ્વીની પીઠને ઠોકતાં, ગધેડાઓ તેમની જાતિના શબ્દ ભૂંકારથી 'રભસં' ઘણા ગાડાં થએલા, અથવા 'રભસા' (ભૂંકવાના) બલથી ગાંડા થએલા ટોળાબંધ દોડવા લાગ્યા. ૧૧.

નીચેના શ્લોકમાં તેમના અવાજથી થએલ બીજું અનિષ્ટ કહે છેઃ

**રુદન્તો રાસભત્રસ્તા નીડાદુદપતન્ ખગાઃ ।।**
**ઘોષેડરણ્યે ચ પશવઃ શકૃન્મૂત્રમકુર્વત ।।૧૨।।**

ગધેડાઓથી ભય પામેલા પક્ષીઓ રડતાં રડતાં માળામાંથી ઊડ્યા. નેસડામાં તથા વનમાં પશુઓએ મલમૂત્ર કર્યાં. ૧૨.

રડતાં રડતાં પક્ષીઓ ગધેડાઓથી ભય પામી માળામાંથી ઊડ્યા. ગધેડાઓના અવાજથી તેઓ પણ ભય પામ્યા, એવો અર્થ છે. ઉત્તરાર્ધથી (આરંભી) પશુઓનું અનિષ્ટ ચિહ્ન કહે છે. 'નેસડાઓમાં' એટલે ભરવાડોના ઘરોમાં અને વનમાં (પશુઓએ) ભયથી મલમૂત્ર કર્યાં, અથવા છાણવાળું મૂત્ર કર્યું. ૧૨.

**ગાવોડત્રસન્નસૃગ્દોહાસ્તોયદાઃ પૂયવર્ષિણઃ ।।**
**વ્યરુદન્ દેવલિંગાનિ દ્રુમાઃ પેતુર્વિનાડનિલમ્ ।।૧૩।।**

ગાયો ભય પામી (અને) લોહી દૂઝવા લાગી. વાદળાંઓ પરૂ વર્ષવા લાગ્યાં. દેવોની પ્રતિમાઓ રડવા લાગી. વાયુ વિના વૃક્ષો પડવા લાગ્યાં. ૧૩.

વળી ગાયો ભય પામી, (અને) 'અસૃગ્દોહાઃ' લોહી દૂઝવા લાગી; અને 'તોયદાઃ' વાદળાંઓ પરૂ વર્ષવા લાગ્યા. પહેલાં તેઓ ઢાંકણ હોવાનું જ[1] કહેલ છે. 'દેવલિનાનિ' દેવોની પ્રતિમાઓ ઘણું રડી, (રુદનનો) અવાજ (કરવા) અને નેત્રોમાંથી આંસુ પાડવા લાગી, અને વાયુ વિના વૃક્ષો પડવા લાગ્યા. ૧૩.

૧. શ્લો. ૬માં અંધકાર કરતા હોવાનું કહેલ છે.

વળી ગ્રહોનું યુદ્ધ થયું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ગ્રહાન્પુણ્યતમાનન્યે ભગણાશ્ચાંપિ દીપિતાઃ ।।**
**અતિચેરુર્વક્રગત્યા યુયુધુશ્ચ પરસ્પરમ્ ।।૧૪।।**

ઘણા પવિત્ર ગ્રહોને (જોઈને) બીજા (તેમની ઉપર) પડ્યા; અને નક્ષત્રો પણ સળગતા થઈ ઊંધી ગતિથી ઉલ્લંઘન કરી પરસ્પર યુદ્ધ કરવા લાગ્યાં. ૧૪.

શુક્ર વિગેરે ઘણા પવિત્ર ગ્રહોને જોઈને, શનૈશ્ચર વિગેરે બીજા ગ્રહો તેમની ઉપર પડવા લાગ્યા[1], એવો (શ્લો. ૧૩ સાથે) સંબંધ છે; અથવા પીડવા લાગ્યા એમ અર્થથી જણાય છે. 'ભગણાઃ' બધાંએ નક્ષત્રો સળગતા થયા, કોઈએ સળગાવ્યા હોય તેવા થયા, એવો અર્થ છે. ૧૪.

૧. આગળ 'ઉંધી ગતિથી' એમ કહેલું છે અને તેનો સંબંધ 'ઉલ્લંઘન કરી' સાથે છે. વળી 'ગ્રહોને' એ બીજી વિભક્તિનો 'યુદ્ધ કરવા લાગ્યા.' સાથે સંબંધ નથી. તેથી ગયા શ્લોકમાં 'પેતુઃ' 'પડવા લાગ્યા' શબ્દ છે, તે અહિં લઈ વ્યાખ્યા કરી છે. (પ્ર)

એ પ્રમાણે અપશુકનો કહી, નીચેના શ્લોકમાં તેઓનું ફલ કહે છે :

**દૃષ્ટ્વાઽન્યાંશ્ચ મહોત્પાતાનતત્તત્ત્વવિદઃ પ્રજાઃ ।।**
**બ્રહ્મપુત્રાનૃતે ભીતા મેનિરે વિશ્વસંપ્લવમ્ ।।૧૫।।**

અને બીજા મોટા ઉત્પાતો જોઈને, બ્રહ્માના પુત્રો સિવાયની, તેમનું તત્ત્વ ન જાણનારી પ્રજા ભય પામી અને વિશ્વનો નાશ (થશે એમ) માનવા લાગી. ૧૫.

સૂર્યનાં પતનરૂપ, ચંદ્રના પતનરૂપ 'બીજા' (ઉપર) ન કહેલા પણ મોટા ઉત્પાતો (જોઈને), તેમનું તત્ત્વ ન જાણનારી પ્રજા આ વિશ્વનો 'સંપ્લવં' પ્રલય જ (થશે એમ) માનવા લાગી, પરંતુ જે મૂલભૂત સનક વિગેરે ચાર હતા તેમના સિવાયના બધાએ ભય પામ્યા અને પ્રલય (થશે એમ) માનવા લાગ્યા. ૧૫.

એ પ્રમાણે અનિષ્ટનાં ચિહ્નો ફલ સાથે કહીને, નીચેના શ્લોકથી (આરંભી) વૃદ્ધિરૂપ ઉત્પત્તિ કહે છે :

**તાવાદિદૈત્યૌ સહસા વ્યજ્યમાનાઽઽત્મપૌરુષૌ ।।**
**વવૃધાતેઽશ્મસારેણ કાયેનાઽદ્રિપતી ઈવ ।।૧૬।।**

એકાએક જેમના દેહની અંદર પુરુષાતન પ્રકટ થતું હતું, તેવા તે બે

આદિદૈત્યો પથ્થર જેવી દઢ કાયાથી મોટા બે પર્વતો હોય તેમ વધવા લાગ્યા. ૧૬.

આરંભમાં જ દૈત્યપણું પ્રાપ્ત કરેલા મધુ અને કૈટભ, અથવા દિતિના પુત્રોમાં પ્રથમ થએલા (જન્મેલા), તે બે આદિદૈત્યો, 'એકાએક' એટલે કારણ વિના અને કાલની ઢીલ વિના પ્રકટ થતું હતું દેહની અંદર પુરુષાતન જેમના તેવા થયા. અથવા જેમના દેહો સ્પષ્ટ દેખાતા હતા તેવા બે પુરુષો થયા, કારણ કે પહેલાનાં જન્મમાં તે બેએ ભગવાનના જેવા દેહ પ્રાપ્ત કરેલા, (અને) હમણાં પણ તેવીજ રીતના સ્પષ્ટ દેખાતા દેહવાળા થઈ પુરુષો થયા, પણ બીજા રૂપથી (દેખાતા) ન હતા, એવો અર્થ છે. અથવા પ્રકટ કરવામાં આવતા હતા દેહમાં પુરુષ જે બેથી તેવા થયા, (કારણ કે) જો ભગવાન્ (દેહની) અંદર તેવા સ્વરૂપવાળા હોય, તોજ બીજો (પુરુષ) બહારથી ચાર ભુજાઓ વિગેરે (ભગવાનના જેવા) રૂપવાળો થાય, તેમ આ બે પણ વૈજયંતી (માલા) વિગેરેવાળા (દેખાયા). પથ્થર જેવી સારવાળી એટલે દઢ કાયાથી બે મોટા મેરૂ પર્વતો હોય તેમ વધવા લાગ્યા. ૧૬.

નીચેના શ્લોકમાં તે બેની વૃદ્ધિનું વર્ણન કરે છે :

**દિવિસ્પૃશૌ હેમકિરીટકોટિભિર્નિરુદ્ધકાષ્ઠૌ સ્ફુરદંગદાભુજૌ ।।**
**ગાં કમ્પયન્તૌ ચરણૈઃ પદે પદે કટ્યાસુકાઞ્ચ્યાઽર્કમતીત્ય તસ્થતુઃ ।।૧૭।।**

સુવર્ણના મુકુટોના છેડાઓથી સ્વર્ગનો સ્પર્શ કરતા, દિશાઓને જેમણે ભરી દીધી છે તેવા, પ્રકાશતા બાજુબંધવાળી ભુજાઓવાળા, ચરણોથી પગલે પગલે પૃથ્વીને કંપાવતા (તે બે) સુંદર કંદોરાવાળી કેડથી સૂર્યને ઓળંગી રહેતા હતા. ૧૭.

સુવર્ણના બે મુકુટોના છેડાઓથી સ્વર્ગનો સ્પર્શ કરતા હતા. ('દિવિસ્પૃશૌ' શબ્દમાં 'દિવિ' એ) સાતમી (વિભક્તિ) બીજીના અર્થમાં યોજાએલી છે અને (સમાસમાં તેના પ્રત્યયનો) લોપ થયો નથી. પ્રકાશતા બાજુબંધવાળી (દરેકની) બે ભુજાઓ (હતી). 'અનદૌ' શબ્દનું પાણિનિ ૭-૧-૩૯ પ્રમાણે ('ઔ' નો) 'આ' થઈ 'અનદા' થએલું છે. 'પગલે પગલે પૃથ્વીને કંપાવતા' એટલે ભૂમિને રસાતલમાં લઈ જવા તત્પર થયા હોય તેવા (હતા). (તેમનાં) કાર્યથી તેમના દેહનું અનુમાન કરવું, એવો અર્થ છે. 'સુકાઞ્ચી' સુંદર કંદોરો હતો જેમાં તેવી કેડથી સૂર્યને ઓળંગી રહેતા હતા. જે (કદ)થી કેડ સૂર્યમંડળથી ઉંચી રહે તેટલા મોટા કદવાળા હતા. ૧૭.

એ પ્રમાણે તે બેની વૃદ્ધિ કહી, નીચેના શ્લોકમાં તેમના નામ પાડવાના વિગેરે સંસ્કારો કહે છે :

**પ્રજાપતિર્નામ તયોરકાર્ષીદ્યઃ પ્રાક્સ્વદેહાદ્યમયોરજાયત ।।**
**તં વૈ હિરણ્યકશિપું વિદુઃ પ્રજા યં તં હિરણ્યાક્ષમસૂત સાઽગ્રતઃ ।।૧૮।।**

પ્રજાપતિએ તે બેનાં નામ પાડ્યાં. જોડકાં પૈકી જે પોતાના દેહમાંથી પહેલો ઉત્પન્ન થએલ તેને પ્રજાએ ખરેખર હિરણ્યકશિપુ જાણ્યો. જેને તેણે (દિતિએ) પહેલાં જન્મ આપ્યો તેને પ્રજાએ હિરણ્યાક્ષ જાણ્યો. ૧૮.

પ્રજાપતિ કશ્યપે તે બેનાં નામ પાડ્યાં. તેઓ પૈકી પોતાના દેહમાંથી વીર્યનાં રૂપથી જે પહેલાં ઉત્પન્ન થએલો (તેને હિરણ્યકશિપુ જાણ્યો). જો કે (આમણે) પોતાની (કશ્યપની) અંદર પ્રવેશ કરેલો ન હતો, છતાં પણ પાછળથી પણ તે પ્રકારે ઉત્પન્ન થએલાં બીજની સાથે (આમનો) સંબંધ થવાથી, 'પોતાના દેહમાંથી ઉત્પન્ન થએલો' એમ કહેલું છે; કારણ કે તે વિષયમાં પુત્ર (ઉત્પન્ન) થવાનું કારણ બીજ જ છે. જોડકાં પૈકી જે માતામાંથી પાછળથી ઉત્પન્ન થાય, તે પિતામાંથી પહેલો ઉત્પન્ન થએલો એમ જાણવું, કારણ કે અનુક્રમે પ્રવેશ કરેલાઓ (તેથી) ઉલટા ક્રમથી જ બહાર નીકળવાનું સંભવે છે. તેને પ્રજાએ હિરણ્યકશિપુ જાણ્યો. તે દિતિએ જેને પહેલો જન્મ આપ્યો, તેને હિરણ્યાક્ષ જાણ્યો, એવો અર્થ છે. તેથી હિરણ્યાક્ષ પહેલો જન્મેલો હોવા છતાં નાનો હતો. ૧૮.

તેઓ પૈકી હિરણ્યકશિપુ દોષનું સ્વરૂપ વાસના (સાતમા સ્કંધ)માં કહેવાનું હોવાથી, બીજા (હિરણ્યાક્ષ)નો અનાદર ન થાય તે માટે અહિં નીચેના શ્લોકથી માત્ર (તેની) સ્થિતિ સૂચવે છે :

**ચક્રે હિરણ્યકશિપુર્દોર્ભ્યાં બ્રહ્મવરેણ ચ ।।**
**વશે સપાલાંલ્લોકાંસ્ત્રીનકુતોમૃત્યુરુદ્ધતઃ ।।૧૯।।**

કોઈથી મૃત્યુ ન થાય તેવા હિરણ્યકશિપુએ ઉદ્ધત થઈ બે ભુજાથી અને બ્રહ્માના વરદાનથી લોકપાલો સહિત ત્રણ લોકને વશ કર્યા. ૧૯.

આ બે ભુજાવાળો હોવા છતાં, બ્રહ્માના વરદાન સાથે બે ભુજાથી જ (આણે) લોકપાલો સહિત ત્રણે લોકોને વશ કર્યા. તેને ધર્મ અથવા મોક્ષ ન હતા એમ 'કોઈથી મૃત્યુ ન થાય તેવો ઉદ્ધત થયો' એ શબ્દોથી કહેલ છે. (તેનું) મૃત્યુ જ ન હતું, એટલે અમુક પ્રકારના મૃત્યુરૂપ મુક્તિ તો જરાએ ન જ હોય. (તે) ઉદ્ધત હોવાથી (તેને) ધર્મ ન હતો, કારણ કે નમ્ર રહેવાથી જ તે (ધર્મ) ઉત્પન્ન થાય છે. ૧૯.

એ પ્રમાણે સામાન્ય રીતે હિરણ્યકશિપુનું પરાક્રમ કહીને, હિરણ્યાક્ષ દોષવાળો હતો એમ જણાવવા, નીચેના શ્લોકથી આરંભી છ (શ્લોકો)થી તેણે સ્વર્ગ વિગેરેમાં કરેલ ઉપદ્રવ કહે છે :

**પ્રયત્નશ્ચ ભયોત્પત્તિરૂપં કાર્યં ચ તસ્ય તત્ ।।૯।।**
**તેન ગર્વસ્તતો ભાદસ્તસ્માત્સર્વભયં પુનઃ ।।**

પ્રયત્ન (૨૦), અને (દેવોને) ભય ઉત્પન્ન થાય તેવું રૂપ (૨૧), અને તે (રૂપ)નું તે પરિણામ (૨૨), તેનાથી અહંકાર (૨૩), તેથી થએલ મદ (૨૪), (અને) પછી તેથી થએલ સર્વને ભય (૨૫). કા. ૯ ૧/૨.

આરંભમાં દેવો સાથે વૈર કરવાનો પ્રયત્ન નીચેના શ્લોકમાં કહે છે :

**હિરણ્યાક્ષોઽનુજસ્તસ્ય પ્રિયઃ પ્રીતિકૃદન્વહમ્ ।।**
**ગદાપાણિર્દિવં યાતો યુયુત્સુર્મૃગયન્ રણમ્ ।।૨૦।।**

(તેનો) પ્રિય અને (તેને) પ્રીતિ ઉત્પન્ન કરનારો તેનો નાનો ભાઈ હિરણ્યાક્ષ યુદ્ધ કરવાની ઈચ્છાથી યુદ્ધ શોધતો હાથમાં ગદા લઈ દરરોજ સ્વર્ગમાં જતો. ૨૦.

હિરણ્યકશિપુનો ભાઈ (હોવાથી), તે (હિરણ્યકશિપુ)ની પેઠે આને પણ ત્રણ જગતો (લોકો) વશ હતા, એમ કહેવાયું. (તેને) પ્રિય હોવાથી, (હિરણ્યશિપુની) તેના ઉપર પ્રીતિ હોવાથી. હિરણ્યકશિપુએ કરેલ વિજયો વિગેરેનું ફલ આને પ્રાપ્ત થતું એમ કહ્યું. આ પણ પ્રીતિ ઉત્પન્ન કરનારો હતો. આચાર અને દુઃખ સરખાં ન હોય તો પ્રીતિ ઉત્પન્ન ન થાય, તેથી મોટા (ભાઈ)ને પ્રીતિ ઉત્પન્ન થાય તે માટે દેવો સાથે વૈર કરવા તેણે પ્રયત્ન કર્યો, એમ 'દરરોજ હાથમાં ગદા લઈ યુદ્ધ શોધતો (સ્વર્ગમાં જતો)' શબ્દોથી કહેલું છે. નારદની પેઠે તે દર્શન કરવા (સ્વર્ગમાં જતો) ન હતો, પરંતુ યુદ્ધ કરવાની ઈચ્છાથી, 'દેવો સાથે યુદ્ધ હું કરીશ' એવા વિચારથી સ્વર્ગમાં જતો. ૨૦.

પછી દેવોને ભય ઉત્પન્ન થાય તે માટે, દેવોએ જોએલું તેનું રૂપ નીચેના શ્લોકમાં કહે છે :

**તં વીક્ષ્ય દુઃસહજવં રણત્કાઞ્ચનનૂપુરમ્ ।।**
**વૈજયન્ત્યા સ્રજા જુષ્ટમંસન્યસ્તમહાગદમ્ ।।૨૧।।**

સહન થઈ ન શકે તેવા વેગવાળા, અવાજ કરતાં સુવર્ણનાં નૂપુરોવાળા, વૈજયંતી માલા ધારણ કરેલા, ખભા ઉપર મોટી ગદા રાખેલા તેને જોઈને.... ૨૧.

૧.આરંભથી જ સહન થઈ ન શકે તેવો તેનો 'જવઃ' વેગ હતો. દૂરથી જોવામાં આવતાંજ, માત્ર ક્ષણમાંજ આવીને હણે, તેથી સામો ઉપાય કરવાની શક્તિ ન રહેતી. ૨.'અવાજ કરતાં સુર્વણનાં નૂપુરોવાળા' વિશેષણથી ઉપરાઉપરી તેના વિજય જણાવનારી તેની વિરૂદાવલી (પ્રશંસાનું કાવ્ય) જણાવેલ છે. ૩.'વૈજયંતી માલા ધારણ કરેલા' વિશેષણ તે ભગવદીય હોવાનું જણાવનારું છે, કારણ કે તે (ભગવદીય)જ વૈજયંતી માલા ધારણ કરેલા હોય છે. ૪.'ખભા ઉપર મોટી ગદા રાખેલા' વિશેષણથી તેના શ્રમ અને સાધનનું અધિકપણું કહેલાં છે. ૨૧.

એ પ્રમાણે ચાર વિશેષણોથી (તેનું) ભય ઉત્પન્ન કરાવનારું રૂપ કહીને, ભય પામેલા દેવો નાસી ગયા, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**મનોવીર્યમદોત્સિક્તમસૃણ્યમકુતોભયમ્ ।।**
**ભીતા નિલિલ્યિરે દેવાસ્તાર્ક્ષ્યત્રસ્તા ઈવાઽહયઃ ।।૨૨।।**

ઉત્સાહ વીર્ય અને મદને લીધે ઉચ્છૃંખલ થએલા, અંકુશ વિનાના, કોઈના પણ ભય વિનાનાને (તેને) જોઈને, જેમ ગરુડથી ભય પામેલા સર્પો છૂપાય, તેમ (તેનાથી) ભય પામેલા દેવો છૂપાઈ ગયા. ૨૨.

૧.'મનઃ' ઉત્સાહ, વીર્ય એટલે પરાક્રમ, મદ એટલે ગર્વ, તેમને લીધે 'ઉત્સિક્તઃ' ઉચ્છૃંખલ થએલા, મર્યાદા ઓળંગી ગએલાને, એવો અર્થ છે. ૨.'અસૃણ્યઃ' અંકુશ વિનાનો, ભાઈ વશ રાખનાર હતો, છતાં પણ તેજ તેમ કરાવતો હોવાથી, ઉદ્ધતપણામાં વશ રાખનાર ન હતો. 'સૃણિઃ એટલે અંકુશ. ૩.તેથી જ ન હતો કોઈનો પણ ભય જેને તેવો (તે હતો). એ પ્રમાણે (તેને) ત્રણ દોષવાળો જોઈને, (દેવો) ભય પામી યુદ્ધ કર્યા વિના જ 'નિલિલ્યિરે' છૂપાઈ ગયા. 'સ્ત્રી પુત્રો વિગેરેને તજી (દેવો) કેમ છૂપાઈ ગયા ?' એવી શંકા થાય, તેથી 'જેમ ગરુડથી ભય પામેલા સર્પો (છૂપાય)' એવું (દષ્ટાંત) કહેલું છે, કારણ કે ગરુડ સર્પોનો જીવ લેવાય ત્યાં સુધી (તેમને) મારે છે, ધન વિગેરે આપવા છતાં પણ મૂકતા નથી. તેવો આ છે એમ માનીને, પોતાના પ્રાણ બચાવવા માટે છૂપાઈ ગયા, એવો અર્થ છે. ૨૨.

તેથી પણ અહંકાર થયો, એમ માનીને શ્લોકમાં કહે છે :

**સ વૈ તિરોહિતાન્ દષ્ટ્વા મહસા સ્વેન દૈત્યરાટ્ ।।**
**સેન્દ્રાન્ દેવગણાન્ ક્લીબાનપશ્યન્ વ્યનદદ્ભૃશમ્ ।।૨૩।।**

ઈંદ્ર સહિત દેવોને ખરેખર પોતાના તેજથી છૂપાઈ ગએલા જાણીને, તે દૈત્ય રાજાએ (તે) નપુંસકોને ન જોતાં મોટેથી ગર્જના કરી. ૨૩.

સરખાપણું હોય તો શત્રુ થવાય. પુરુષની સમાન પુરુષ હોય, પરંતુ નપુંસક ન હોય. દેવપણું અથવા શૂરવીરપણું તો દૂર રહ્યું. ઘણાં અભિમાની (હિરણ્યાક્ષે) એમ (દેવોને નપુંસક) માન્યા. ''કાલ વિગેરેથી બધાએ છૂપાય (તેમાં) શું આશ્ચર્ય ?'' એવી શંકા થાય, તેથી 'પોતાનાં તેજથી' એમ કહેલું છે. યુદ્ધ ન કરતાં પણ, જેમ સૂર્યના તેજથી અંધકાર છૂપાય, તેમ તેના તેજથી જ તેઓ છૂપાઈ ગયા. ઈંદ્ર સાથે બધાએ ઉત્તમ દેવોને, પોતે કાર્ય કરવા છતાં પણ કાર્ય ન કરનારા (અને) સ્વરૂપથી પણ (કાર્ય કરવા) અયોગ્ય (જાણ્યા). તેથીજ (તેઓને) ન જોતાં મોટેથી ગર્જના કરી. (તેઓ) છૂપાઈ ગયા એ જ્ઞાન (તેઓ) નપુંસક હોવાનું જ્ઞાન કરાવનારું હતું.

પોતાનાજ તેજથી (તેઓને) છૂપાઈ ગએલા જાણીને, પોતાનાજ તેજથી તે દૈત્યરાજા થયો, એવું જૂદું વાક્ય છે. તેથીજ નપુંસકપણું વિગેરે ગુણવાળાઓને પણ તેમને (ત્યાં) ન જોતાં, જો તેઓ નજીક હોય તો ગર્જનાથી જ મરી જશે એવા વિચારથી-તેણે મોટેથી ગર્જના કરી. ૨૩.

એવી રીતે પરાભવ કરીને, ગર્ભમાં રહેલા (દેવો)નો ઘણોજ પરાભવ કરીને ઘણા ગર્વને લીધે સળગતા દેહવાળાએ તેણે સમુદ્રમાં જલક્રીડા કરી, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તતો નિવૃત્તઃ ક્રીડિષ્યન્ ગમ્ભીરં ભીમનિઃસ્વનમ્ ||**
**વિજગાહે મહાસત્ત્વો વાર્ધિં મત્ત ઈવ દ્વિપઃ ||૨૪||**

ત્યાંથી પાછા ફરી મદવાળા હાથીની પેઠે મહાબલવાન (હિરણ્યાક્ષ) ગંભીર ભયાનક અવાજવાળા સમુદ્રમાં ક્રીડા કરવાની ઈચ્છાથી કૂદી પડ્યો. ૨૪.

(આ શ્લોક તેનો) ઘણો મદ જણાવે છે. 'ક્રીડા કરવાની ઈચ્છાથી' શબ્દથી (એમ કહેલું છે કે) સ્વર્ગમાંથી ક્રીડા કરવાજ તે સમુદ્રમાં આવ્યો. ક્રીડા કામથી થઈ શકે તેવી હોવાથી, અને ક્રોધ અથવા યુદ્ધમાં આસક્તિ હોય ત્યારે ક્રીડા થઈ ન શકે, તેથી તે (યુદ્ધ)ની પ્રવૃત્તિમાંથી તે પાછો ફર્યો. દેવો કરતાં સમુદ્ર મોટો છે એમ જાણી તે આવ્યો, એમ કહેવા, 'ગંભીર, ભયાનક અવાજવાળા' વિશેષણોથી સમુદ્રના ગુણ કહે છે. ભય ઉત્પન્ન કરે તેવા અગાધ જલવાળો હોય તે ગંભીર. આ વિશેષણથી (સમુદ્રનું પોતાની) સમાનપણું અને સૂકાઈ ન જવાપણું સૂચવેલાં છે. 'ભયાનક અવાજવાળા' શબ્દથી સામો અવાજ કરવાને લીધે તે યુદ્ધની ઈચ્છાવાળો પણ છે એમ જણાયું. (હિરણ્યાક્ષ) મદવાળો હોવાથી (તેને) એવું જ્ઞાન થયું. છતાં પણ તે યુદ્ધ કરવાના રસથી (સમુદ્ર પાસે) ન આવ્યો, પરંતુ ક્રીડા કરવાની ઈચ્છાથી જ આવ્યો એવી તેની સરસાઈ (જણાવી). 'વિગાહનં' એટલે (સમુદ્રની) અંદર કૂદી પડવું. તેમ કરવાની શક્તિ 'મહાબલવાન' વિશેષણથી કહેલી છે. ઘણું છે બલ જેનું તેવો તે હતો.

અહિં નીચે પ્રમાણે જાણવું[૧]: આ બે (હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ) પદ્મકલ્પમાં ઉત્પન્ન થએલા, અને (તેમણે) મૃત્યુ ઉપર વિજય પ્રાપ્ત કરેલો હોવાથી (તે) કલ્પના અંતે (તેમનું) મરણ થએલ નહિ. ત્યારે (તે કલ્પમાં)જ ત્રણ લોક (હિરણ્યકશિપુએ) વશ કરેલા. પછી મોહથી ગળાએલા તે બે રસાતલમાં આદિવરાહ કલ્પમાં અને પ્રલયમાં સૂતા. તે પૈકી આદિવરાહ કલ્પ પૂરો થયો ન હતો, ત્યારે ભૂમિ ઉત્પન્ન થએલી, અને બ્રહ્માએ દેવો અને કેટલીક પ્રજા રચેલી. ત્યારે મોટો

(હિરણ્યકશિપુ) સૂતો જ હતો તે સમયે આ નાનો (હિરણ્યાક્ષ) બ્રહ્માના પ્રાતઃકાલમાં સ્વર્ગે ગયો, અને અર્ધ બનેલી હોવાથી ભૂમિ વચલા સમયમાં પાછી ડૂબી ગઈ. ત્યાં (સ્વર્ગમાં)થી પણ પાછો ફરેલો (હિરણ્યાક્ષ) પ્રલયના જલમાંજ પડ્યો; અને દેવો સર્જેલા હોવાથી, અને વરુણ દૈત્યોનો અધિપતિ હોવાથી, રસાતલમાં અથવા તેજ (બ્રહ્માંડની) છાલના ભાગોમાંના પાછલા ભાગમાં રહેલ. મનુ વિગેરે ઉત્પન્ન થએલા હોવાથી, પદ્મકલ્પમાંજ ઉત્પન્ન થએલા નારદ વિગેરે ઉપર[2] રહેલા. દિતિ રસાતલમાં (રહેલી), પણ કશ્યપ ઉપર (રહેલ). પૃથ્વી ડૂબી ગઈ ત્યારે જલ અડચણ કરતું ન હોવાથી, દૈત્યો (તેનો) ભોગ કરતા. તેથી નારદના કહેવા પ્રમાણે[3] (હિરણ્યાક્ષને) વારાહનો સંબંધ થયો, એમ બધુંએ ઘટે છે. વળી પુરાણો[4] એક જ ચોકડીની[5] કથા સારી રીતે કહે છે, અને સામાન્ય ગુણો ફરી જણાવે છે, અને બીજી ચોકડીની કથા અથવા બીજા કલ્પની (તેમાં કહેલી) કથા મતાંતર હોવાથી તેના વિરોધનો ભય ન રાખવો. શાસ્ત્રમાં જણાવેલ વિષયોનું બંધ બેસવું એ આમાં પ્રમાણ છે. મદવાળો હોવાથીજ તેણે સમુદ્રમાં પ્રવેશ કર્યો. તેમાં જલ સદા ઉત્પન્ન થયા કરે છે. તેનો (હિરણ્યાક્ષનો) મદ વિવેકવાળો હોવાથી 'મદવાળા (હાથી)ની પેઠે' એમ કહેલું છે. તેમ ન હોત તો '(મદવાળો) હાથી' એમજ કહેત. ઘણો અવાજ કરતાં (કૂદ્યો) એવા વિષયમાં (આ) દૃષ્ટાંત (કહેલું છે). 'હાથી' શબ્દથી તે ડૂબવાનો નથી એમ સૂચવેલું છે, કારણ કે સૂંઢ વિના[6] તે જલની અંદર પ્રવેશ કરે છે. ૨૪.

૧. તેરમા અધ્યાયના આરંભમાં વારાહ અને આદિવારાહ કલ્પથી કથાની સંગતિ કહી છે. અહિં જૂદા પ્રકારે કહે છે, કારણ કે આ મતાંતર છે. 'અહિં' એટલે મતાંતરમાં ભૂમિ બે વાર ડૂબે છે. બીજી કથા પહેલાની જેવીજ છે. (પ્ર)

૨. 'ઉપર' એટલે ઉપરના સાત લોક પૈકી પાંચ ડૂબેલ હોવાથી છઠ્ઠા મહર્લોક અથવા સાતમા લોક સ્વર્ગમાં, એવો અર્થ જણાય છે.

૩. જૂઓ આગળ અધ્યાય ૧૮ શ્લોક ૧-૨.

૪. ''ઉપર નોટ ૧માં કહ્યું તેમ હોવા છતાં અધ્યાય-૧૪ શ્લોક-૧૦ વાળું દિતિનું વચન કેમ ઘટે ? કારણ કે પદ્મ કલ્પમાં કાલે ઉત્પન્ન કરેલી અને બ્રહ્માએ ઉત્પન્ન કરેલી સૃષ્ટિઓ જ હતી; બીજાં કોઈ ન હતાં'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર)

૫. ચોકડી, એટલે સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ એ ચાર યુગ. મનુષ્યના ૪૩,૨૦,૦૦૦ વર્ષ એ ચારે યુગ મળી થાય છે.

૬. હાથી સૂંઢ જલ ઉપર રાખી બીજો દેહનો ભાગ જલમાં રાખે છે, એવો અર્થ જણાય છે.

તેથી પણ તે (સમુદ્ર)માંના (જીવો)ને ઘણું દુઃખ થયું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તસ્મિન્પ્રવિષ્ટે વરુણસ્ય સૈનિકા યાદોગણાઃ સન્નિધયઃ સસાધ્વસાઃ ।।**
**અહન્યમાના અપિ તસ્ય વર્ચસા પ્રધર્ષિતા દૂરતરં પ્રદુદ્રુવુઃ ।।૨૫।।**

તેણે પ્રવેશ કર્યો ત્યારે વરુણના સૈનિક જલચરોના સમૂહો સ્થાનવાળા હોવા છતાં ભય પામ્યા. પ્રહાર કરાએલા ન હોવા છતાં તેના તેજથી જ બલહીન થઈ ઘણા દૂર દોડી ગયા. ૨૫.

હિરણ્યાક્ષે (સમુદ્રમાં) પ્રવેશ કર્યો, ત્યારે તેના (વરુણના) યુદ્ધમાં કુશલ 'સૈનિક' જલચરોના સમૂહો જે જલમાં ઘણા બલવાન હતા, (અને) 'સ્થાનવાળા' હોઈ સર્વ (પ્રકારના) દુઃખ વિનાના સર્વ તરફથી પુષ્ટ હતા, આવા હોવા છતાં તેઓ ભય પામ્યા. તેથી જ પ્રહાર કરાએલા ન હોવા છતાં પણ દેવોની પેઠે તેના 'વર્ચસા' તેજથી જ બલહીન થવાથી ઘણા દૂર દોડી ગયા. ૨૫.

એ પ્રમાણે સર્વને દુઃખ દેનારી તેની કાયાની ક્રિયા કહીને નીચેના શ્લોકથી આરંભી છ (શ્લોકો)થી (તેની) વાણીની ક્રિયા કહેતાં, (તેના તે) પહેલાનાં ચરિત્રનો સંબંધ કહે છે :

**સ વર્ષપૂગાનુદધૌ મહાબલશ્ચરન્મોહોર્મીન્ શ્વસનેરિતાન્મુહુઃ ।।**
**મૌર્વ્યાઽભિજઘ્ને ગદયા વિભાવરીમાસેદિવાંસ્તાત પુરીં પ્રચેતસઃ ।।૨૬।।**

તે મહાબલવાને ઘણાં વર્ષો સુધી સમુદ્રમાં ફરતાં, (પોતાના) શ્વાસથી ઉત્પન્ન થએલાં મોટાં મોજાંઓને મૂર્વા ઘાસથી બાંધેલી ગદાથી વારંવાર પ્રહાર કર્યા. હે તાત ! તે વરૂણની નગરી વિભાવરીએ પહોંચ્યો. ૨૬.

ત્યાં પહેલાં, સમુદ્ર પોતાને મોટો જાણે છે એમ માની, તેણે તેના હાથ જેવા મોજાંઓને ગદાથી પ્રહાર કર્યા એમ કહે છે. 'તે' હિરણ્યાક્ષે 'ઘણાં વર્ષો' એટલે કલ્પના અંત સુધી (સમુદ્રમાં ફરતાં પ્રહાર કર્યા). 'મહાબલવાન' વિશેષણથી કાલથી તેનાં બલનો નાશ ન થવાનું કહેલું છે. ત્યાં સમુદ્રમાં જ ફરતાં, પોતાના શ્વાસના વાયુથી જ ઉત્પન્ન થએલાં મોજાંઓને પણ તે (સમુદ્ર)ના હાથો જાણીને, તેણે (તેમના ઉપર) 'મૌર્વ્યા' અમુક ઘાસથી બાંધેલી મોટી ગદાથી પ્રહાર કર્યા. જ્યારે (તેના) શ્વાસથી જ મોજાં થતાં, ત્યારે તેના ફરવાનું તથા પ્રહાર કરવાનું તો કહેવું જ શું ? એ પ્રમાણે સમુદ્રનો સંયમ કરતો હતો, ત્યારે તેથી પણ વધારે મોજાંઓ (થતાં) જોઈને, તેના અધિપતિ વરુણને મારવા માટે તે તેની પુરીની સમીપ ગયો, અથવા ત્યાં (સમુદ્રમાં)જ રહેલી (તેની પુરીએ) ગયો. તેના ઘેર ગયો, એવો અર્થ છે. (વરુણ) 'પ્રચેતસ' એટલે ઉત્તમ ચિત્તવાળો હોવાથી, તેને ભય થયો નહિ, તેમજ તે નાઠો પણ નહિ. ૨૬.

ત્યાં જઈને તેની મશ્કરી કરી એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તત્રોપલભ્યાઽસુરલોકપાલકં યાદોગણાનામૃષભં પ્રચેતસમ્ ।।**
**સ્મયન્પ્રલબ્ધું પ્રણિપત્ય નીચવજ્જગાદ મે દેહ્યધિરાજ સંગરમ્ ।।૨૭।।**

ત્યાં અસુરોના લોકોનું પાલન કરનાર, જલચરોના સમૂહોના પતિ પ્રચેતસ પાસે જઈ, મશ્કરી કરતાં ઠગવા માટે પ્રણામ કરી, નીચ (પુરુષ)ની પેઠે કહ્યું કે 'હે મહારાજા ! મને યુદ્ધ આપો'. ૨૭.

તે (વરુણ)ને હણત જ, પરંતુ તે દૈત્યોનું રક્ષણ કરનાર હોવાથી (તેને) ન હણ્યો, એમ 'અસુરોના લોકોનું પાલન કરનાર' શબ્દથી કહેલું છે. અસુરોના રસાતલ વિગેરેમાં જેટલા લોકો રહેલા છે, તેમનું આ પાલન કરનારો છે. જેઓ અસુરો લોકોમાં ઉપદ્રવ કરનારા છે તેમને હણનારા, અને (તે) લોકોનું પોષણ કરનારા જલચરોના સમૂહો છે. આ લોકમાં હાથીઓ, ઘોડાઓ છે, તેમની પેઠે તેઓ પણ વરુણનેજ વશ રહે છે. તેથી તે હણવા યોગ્ય ન હતો, એમ 'જલચરોના સમૂહોના પતિ' શબ્દોથી કહેલું છે. વળી સ્વભાવથી પણ તે ('પ્રચેતસ') ઉત્તમ ચિત્તવાળો, ગર્વ વિગેરે (દોષ) વિનાનો હતો. તેથી તેને હણવાનું વિગેરે ન કરતાં, ત્યાં પણ અહંકારી થઈ 'સ્મયન્' થોડી મશ્કરી કરતાં 'પ્રલબ્ધું' આડું બોલી ઠગવા માટે નમસ્કાર કરી, (પોતે) સેવકથી પણ હલકો હોય તેમ 'જગાદ' થોડા અક્ષરોથી વિનયપૂર્વક કાંઈક કહ્યું. (જે કહ્યું) તેજ કહે છે કે : 'હે મહારાજા ! યુદ્ધ આપો' આ (વરુણ) મને ઓળખતો નથી, એમ જાણી મશ્કરી કરી. કાર્ય (યુદ્ધ)થી આને જણાવવું, એવા વિચારથી ઠગવાનાં વચન (કહ્યાં). (વરુણને) ગર્વ ઉત્પન્ન કરાવવા પ્રણામ (કર્યા), (તેની) અવગણના કરવા પોતે નીચ (પુરુષ)નું અનુકરણ (કર્યું), કારણ કે તેમ ન કરે તો, (વરુણ) યુદ્ધ કરવા માટે પ્રવૃત્ત ન થાય. 'તારો (મને) ભય નથી' એમ જણાવવા 'હે મહારાજા !' એવું સંબોધન કર્યું. તારી સાથેજ યુદ્ધ કરવું છે એમ જણાવવા (યુદ્ધ કરવાનું) વરદાન માંગ્યું. 'સંગરમ્' એટલે યુદ્ધ. ૨૭.

એ પ્રમાણે માંગણી કરીને, તે (વરુણ) શાંત રહેતાં નીચેના શ્લોકથી (તેના) ગુણો કહેતાં, તેને પાનો ચઢાવે છે :

**ત્વં લોકપાલોઽધિપતિર્બૃહચ્છ્રવા વીર્યાઽપહો દુર્મદવીરમાનિનામ્ ।।**
**વિજિત્ય લોકે કિલ દૈત્યદાનવં યદ્રાજસૂયેન પુરાઽયજત્પ્રભુઃ ।।૨૮।।**

તમે લોકપાલ, મહારાજા, ઘણી કીર્તિવાળા, ઉન્મત્ત અને પોતાને વીર માનનાર (પુરુષો)ના વીર્યનો નાશ કરનારા છો, અને લોકમાં દૈત્યો તથા દાનવો ઉપર વિજય પ્રાપ્ત કરીને ખરેખર પહેલાં રાજસૂય યજ્ઞ કરનારા હોવાથી પ્રભુ છો. ૨૮.

જેવા ભગવાન્ તેવા તમે છ ગુણોના ઐશ્વર્યવાળા છો. તેના ગુણો કહે છે (કે)-(૧) આરંભમાં તમે 'લોકપાલ' ઈશ્વર (ઐશ્વર્યવાળા) છો. (૨) બધા પતિઓની ગણના કરતાં તમે 'મહારાજા' છો. 'તે ખરેખર પતિ છે' એ નિયમ પ્રમાણે વીર્યવાળો જ મહારાજા થાય. (૩) તેથીજ તમે 'બૃહચ્છ્રવાઃ' ઘણી કીર્તિવાળા છો. (આ વિશેષણમાં) યશ સ્પષ્ટજ (જણાવેલો) છે. (૪) 'ઉન્મત્ત અને પોતાને વીર માનનાર (પુરુષ)ના વીર્યનો નાશ કરનારા' વિશેષણથી શ્રી (કહેલી છે), કારણ કે શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરવાથી શ્રી (પ્રાપ્ત) થાય છે. તે (શત્રુ)ઓ ઉન્મત્ત અને 'અમે વીર છીએ' એમ માનનારા હતા. જેટલાથી તેમના વીર્યનો નાશ થાય તેટલું કરનાર થઈ (તમે) તેવા થયા. તેવો શ્રીરહિત થાય, ત્યારે એમ થાય; તેથી (તમે) પોતે શ્રીવાળા છો. (૫) 'લોકમાં દૈત્યો તથા દાનવો ઉપર વિજય પ્રાપ્ત કરીને ખરેખર...' એમ જ્ઞાન કહેલું છે. 'ખોટાં જ્ઞાનથી નરક અને જ્ઞાનથી ઉત્તમ સ્થાન પ્રાપ્ત થાય છે' એ વાક્ય પ્રમાણે દૈત્યો જ્ઞાનના વિરોધી છે. તે પૈકી દૈત્યો રાજસ અને રાક્ષસો તામસ હોવાથી બંનેનું એક જોડકું[1] છે, કારણ કે જ્ઞાનથીજ તેઓનો પરાભવ કરી શકાય છે. વળી કર્મથી પણ તેઓનો પરાભવ કરી શકાય તેવું હોવાથી 'પહેલા રાજસૂય યજ્ઞ કરનારા હોવાથી' એમ કહેલું છે, કારણ કે દેવો અને લોકપાલોને વીર્યનો અધિકાર હોવાથી તેઓ ક્ષત્રિય હોઈ, તેઓને અધિક સરસાઈ પ્રાપ્ત કરાવનારો રાજસૂય હોવાથી, તેનાથી દૈત્યો ઉપર વિજય (પ્રાપ્ત થાય). (૬) 'પ્રભુ' શબ્દથી વૈરાગ્ય (જણાવેલ છે), કારણ કે (બીજાની) જેને જરુર રહે તે શક્તિવિનાનો હોવાથી જેને બીજાની જરુર ન રહે તેજ પ્રભુ છે. ૨૮.

૧. દૈત્ય અને દાનવ શબ્દોનો સમાહાર દ્વન્દ્વસમાસ કરી તેમને એક ગણેલા છે, કારણ કે તેમનો પરાભવ કરવાનાં સાધન એક જ છે, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે (હિરણ્યાક્ષે વરુણની) સ્તુતિ કરી, ત્યારે તેણે જેની પ્રાર્થના કરેલ તે કહેવા, મુખ્ય છ ગુણોના ઐશ્વર્યવાળા (ભગવાન)ને જ દર્શાવવા, ઠગવાનાં વચનોથી ઉત્પન્ન થએલા ક્રોધને પણ દૂર કરી, (વરુણે) તેવો ઉત્તર આપ્યો એમ નીચેના શ્લોકમાં કહે છે :

॥ મૈત્રેય ઉવાચ ॥

**સ એવમુત્સિક્તમદેન વિદ્વિષા દઢં પ્રલબ્ધો ભગવાનપાં પતિઃ ॥**
**રોષં સમુત્થં શમયન્સ્વયા ધિયા વ્યવોચદંગોપશમં ગતા વયમ્ ॥૨૯॥**

એવી રીતે ઉભરાઈ જતા મદવાળા શત્રુથી ઘણો તિરસ્કાર કરાએલા તે જલોના પતિ ભગવાને ઉત્પન્ન થએલા ક્રોધને પોતાની વિચારશક્તિથી શાંત રાખતાં

(તેને) સ્પષ્ટ ઉત્તર આપ્યો કે : 'હે અંગ ! હું શાંત થએલો છું.' ૨૯.

"(વરુણ) પોતે દૈત્યોનો પતિ હોઈ દૈત્યોનું અહિત (કરનારું વચન) કેમ બોલ્યો ?" એવી શંકા થાય, તેથી 'ઉભરાઈ જતા મદવાળા' એમ કહેલું છે. દૈત્યોને મદ હોવા છતાં સર્વને ડૂબાડી દેવા તે ઉભરાતો નથી. આનો (મદ) તો ઉભરાઈ જતો હોવાથી સર્વનો નાશ કરે. તેથી તેનો નાશ કરવો જોઈએ, એવો અર્થ છે. બોધ ન આપવા માટે 'શત્રુથી' એમ કહેલું છે. ઘણો દ્વેષ રાખતો હતો, તેથી તેવો (શત્રુ) હતો. 'ઘણો (તિરસ્કાર)' એટલે છૂપો અર્થ સ્પષ્ટ કરે તેવો. '(વરુણ યુદ્ધ કરવાની) શક્તિ વિનાનો હોવાથી તેમ કહેતો હશે' એવી શંકા દૂર થાય તે માટે 'ભગવાન્' એમ કહેલું છે. 'ત્યારે તેણે (હિરણ્યાક્ષને) કેમ ન હણ્યો ?' એવો પ્રશ્ન થાય, તેથી 'જલોના પતિ' એમ કહેલું છે, કારણ કે જલમાં રહેલો અગ્નિ બાળતો નથી. તેથીજ તેણે ઉત્પન્ન થએલા ક્રોધને પણ આત્માના જ્ઞાનથી શાંત કર્યો. તે (અર્થ) 'પોતાની વિચારશક્તિથી' શબ્દોથી કહેલો છે. 'વિ' સારી રીતે સ્પષ્ટતાથી (તેને) ઉત્તર આપ્યો. શું તું યુદ્ધ જ માગે છે કે મારી સાથે યુદ્ધ (માગે છે) ? તે પૈકી બીજા (પક્ષ)નો ઉત્તર કહે છે. 'હે અંગ !' એ સંબોધન (વરુણ પોતે) જ્ઞાનથી ભરપૂર હોવાનું જણાવે છે, કારણ કે કોઈપણ પોતાના અંગનો નાશ કરતું નથી. 'હું શાંત થએલો છું.' મેં શસ્ત્રો મૂકી દીધેલાં છે, એવો અર્થ છે. ૨૯.

જો તું માત્ર યુદ્ધ માગતો હોય, તો પણ (તારી) સર્વ ઈચ્છાઓ પૂર્ણ કરે તેવો એક જ છે, બીજો નથી, એમ નીચેના શ્લોકથી કહે છે :

**પશ્યામિ નાઽન્યં પુરુષાત્પુરાતનાદ્યઃ સંયુગે ત્વાં રણમાર્ગકોવિદમ્ ।।**
**આરાધયિષ્યત્યસુરર્ષભેહિતં મનસ્વિનો યં ગૃણતે ભવાદશાઃ ।।૩૦।।**

પુરાતન પુરુષ વિના બીજા (કોઈ)ને હું જોતો નથી કે જે રણમાર્ગમાં કુશળ તમને યુદ્ધમાં સંતોષ આપે. ઉત્તમ અસુરોની ઈચ્છા રાખનાર જેમની (તેમની) તમારા જેવા શૂરવીરો પ્રશંસા કરે છે. ૩૦.

કારણ કે હલકા (પુરુષો)ને આપની કદર નથી. જ્ઞાની નિંદા કરતો નથી, તેથી 'સંતોષ આપે' એમ (વરુણે) કહેલ છે; બીજો સત્ત્વવિનાનો તો આપનો આદર નહિ કરે. આ વિષયમાં મારું જ્ઞાન પ્રમાણ છે. તે (અર્થ) 'જોતો' શબ્દથી કહેલ છે. 'પુરાતન પુરુષ વિના બીજા (કોઈ)ને હું જોતો નથી' એ જૂદું વાક્ય જ્ઞાનના વિષયનું છે. તેમ ન હોય, તો વાણીના પ્રપંચથી એવી રીતે ન કહેત, કારણ કે પુરુષ પુરુષાતનવાળો છે; બીજા બધા પ્રાકૃત શરીરના સંબંધને લીધે સ્ત્રીઓ છે, (અને) તેઓજ સર્વ તરફ જોવામાં આવે છે એવો (અર્થ છે). (પુરુષનું) ઘણું બલ જણાવવા

'પુરાતન' વિશેષણ (યોજેલું છે), કારણ કે તેથી (ઘણું બલ હોવાથી)જ જે 'સંયુગે' યુદ્ધમાં તમને સંતોષ આપશે, કારણ કે સંતોષ ઉત્પન્ન કરવો તે 'આરાધન' છે. સંતોષ તો પોતાના જ્ઞાનથી અધિક જ્ઞાન (જણાય ત્યારે થાય), તે માટે તે (હિરણ્યાક્ષ)નું જ્ઞાન 'રણમાર્ગમાં કુશલ' વિશેષણથી કહેલું છે. રણમાર્ગમાં એટલે પરંપરા પ્રાપ્ત થએલ યુદ્ધના પ્રકારોમાં કુશલ (તમને સંતોષ આપે). (૧) (ભગવાન્) આત્મા હોવા છતાં પણ હણશે એમ જણાવવા 'હે ઉત્તમ અસુર !' એવું સંબોધન (કરેલું છે). 'આ' સર્વ તરફ છે 'ઈહિતં' ક્રિયા જેની તેવો, એટલે સર્વ પ્રકારથી યુદ્ધ જાણનાર. (૨) અથવા ઉત્તમ અસુરોમાં છે ઈચ્છા જેની તેવો, (તું છે). જેવા મોટા અસુરો છે તેવો તું છે[૧], એવો અર્થ છે. અથવા (૩) ઉત્તમ અસુરો છે ઈચ્છેલા જેમના[૨], એમ (હિરણ્યાક્ષનો) વધ કરવાનું કારણ (જણાવેલું છે), કારણ કે આનો વધ થતાં, બધાએ અસુરોનો વધ થશે. અથવા (૪) ઉત્તમ અસુર હિરણ્યકશિપુ પ્રતિ અહિત[૩] (થાય તેમ), એવું આ ક્રિયાવિશેષણ છે[૪].

'તેમનું એમ કરવાનું શું સામર્થ્ય ?' એવો પ્રશ્ન થાય, તેથી 'જેમની શૂરવીરો પ્રશંસા કરે છે' એમ કહેલું છે. 'મનસ્વિનઃ' દૃઢ મનવાળા શૂરવીરો જે ભગવાનની પ્રશંસા કરે છે, તેમની સાથે યુદ્ધ કરી હારેલા હોવા છતાં, તેમનીજ પ્રશંસા કરે છે. આ વચન પાનો ચડાવનારું છે, કારણ કે મોટા (પુરુષ) સાથે યુદ્ધ કરવું જોઈએ. 'તમારા જેવા (શૂરવીરો)' શબ્દથી (હિરણ્યાક્ષની) સ્તુતિ (કરેલી છે). ૩૦.

૧. આ અર્થ પ્રમાણે પણ હિરણ્યાક્ષ માટે યોજેલ 'ત્વાં' 'તમને' શબ્દનું આ વિશેષણ છે. (પ્ર)
૨. ભગવાન્ માટે યોજેલા 'યમ્' 'જેમની' શબ્દનું આ અર્થ પ્રમાણે, વિશેષણ છે. (પ્ર)
૩. હિરણ્યકશિપુનું જેમ અહિત થાય તેમ તમને સંતોષ આપશે એવો અર્થ છે. (પ્ર)
૪. 'અસુરર્ષભેહિતમ્' શબ્દના આ જૂદી જૂદી રીતે અર્થો કરેલા છે.

એ પ્રમાણે યુદ્ધ માટે સામા લડવૈયા તરીકે ભગવાનને જણાવીને નીચેના શ્લોકથી તેમને પ્રાપ્ત કરવાનું કહે છે :

**તં વીરમારાદભિપદ્ય નિર્ભયઃ શયિષ્યસે વીરશયે શ્વભિર્વૃતઃ ।।**
**યસ્ત્વદ્વિધાનામસતાં પ્રશાન્તયે રૂપાણિ ધત્તે સદનુગ્રહેચ્છયા ।।૩૧।।**

જે વીર તારા જેવા દુષ્ટોનો નાશ કરવા (અને) સત્પુરુષો ઉપર કૃપા કરવાની ઈચ્છાથી અવતાર ધારણ કરે છે, તેમને થોડા સમયમાં પ્રાપ્ત કરીને નિર્ભય થઈ કૂતરાથી વીંટાએલ તું વીરને યોગ્ય શય્યામાં સૂઈશ. ૩૧.

તે ભગવાન્ પણ વીર, યુદ્ધનેજ ઈચ્છે છે. તે માટેજ (તમને) શાપ વિગેરે આપેલ, એવો ભાવ છે. કાલનો વિલંબ પણ નથી, એમ 'થોડા સમયમાં' શબ્દથી

કહેલ છે. નજીકના સમયમાંજ, એવો (અર્થ છે). 'પ્રાપ્ત કરીને' શબ્દનો એવો ભાવ છે કે જેમ પતંગીયું અગ્નિમાં પડે, તેમ તું પડીશ. છતાં પણ તું 'નિર્ભય' મૃત્યુના ભય વિનાનો હોઈશ, કારણ કે ભગવાનને પ્રાપ્ત કરીને કોઈ પણ મૃત્યુથી ગળી જવાતો નથી, તેથી તું મૃત્યુના ભય વિનાનો હોઈશ, એવો અર્થ છે. 'વિસ્મયઃ' એવો પાઠ હોય, ત્યારે ગર્વરહિત થઈશ (એવો અર્થ થાય), કારણ કે (ભગવાનને પ્રાપ્ત કરે) ત્યાં સુધીજ ગર્વ હોય છે. 'પછી જય કોનો થશે ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'તુંજ વીરને યોગ્ય શય્યામાં સૂઈશ' એમ કહેલું છે. યુદ્ધની ભૂમિ ઉપર સૂઈશ, એવો અર્થ છે. (ભગવાન્) વિજય કરીને પણ નિર્ભય રહેશે, એમ જણાવવા (તેમ કહેલું છે). યુદ્ધની ભૂમિ ઉપર પણ સુખથીજ સૂવાનું સંભવે છે, તેથી તેમ નહિ થાય એમ જણાવવા 'કૂતરાથી વીંટાએલ' એમ કહેલું છે, કારણ કે કૂતરાઓ મરેલાનેજ વીંટી રહે છે. ''માત્ર યુદ્ધનીજ પ્રાર્થના કરવામાં આવે, ત્યારે ઈચ્છેલું આપનાર ભગવાન્ એવી રીતે કેમ હણશે ?'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. જો કે તારું ઈચ્છેલું તેટલું જ છે, તોપણ તારું મરણ દેવોનું ઈચ્છેલું હોવાથી (તને) હણશે, કારણ કે દુષ્ટોનો નાશ કરવાજ ભગવાન્ વરાહ અવતાર વિગેરે જૂદી જૂદી જાતના અવતારો ધારણ કરે છે. તેમ ન હોય, તો અવતાર (લેવાનું) પ્રયોજન ન હોય. ''ભગવાન્ આત્મા હોઈ, એવી રીતે હણવા માટે એવા અવતારો શા માટે ધારણ કરે છે ?'' એવી શંકા થાય, તેથી 'સત્પુરુષો ઉપર કૃપા કરવાની ઈચ્છાથી' એમ કહેલું છે. તે તો સત્પુરુષો ઉપર કૃપા કરવા માટેજ અવતારો ધારણ કરે છે. ધર્મનું રક્ષણ કરવાજ (તેમની) પ્રવૃત્તિ થાય છે, દુષ્ટોને હણવાનું તો સદા તેની સાથે સંબંધવાળું હોવાથી અવશ્ય કરવાનું થાય છે. આથી એમ કહેલું છે કે ફરીથી (તને યુદ્ધની) ઈચ્છા પણ ઉત્પન્ન નહિ થાય. તેમ ન હોય (ઈચ્છા ફરી ઉત્પન્ન થાય) તો ફરીથી જૂદા સમયે આવી સ્થિતિ થાય, ત્યારે કોણ શાંતિ કરે ? એવો ભાવ છે. ૩૧.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના સત્તરમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય અઢારમો ।।

**અષ્ટાદશે સ્થિતિસ્તસ્ય ભગવત્સન્નિધૌ સ્ફુટા ।।**
**નિરૂપ્યતે તથા શાપાત્પારુષ્યં વિજયસ્તતઃ ।।૧।।**

અઢારમા (અધ્યાય)માં તેની ભગવાન સમીપ સ્થિતિ સ્પષ્ટ કહેવામાં આવે છે, તેમજ શાપને લીધે નિંદાનાં વચન અને પછી વિજય (કહેવાશે). કા. ૧.

**સ્થિત્યધ્યાયોऽયમાખ્યાતો બ્રહ્મણા તત્ સ્થિરીકૃતમ્ ।।**
**ઉત્પત્તાવેવ શાપો હિ મારણં બ્રહ્મવાક્યતઃ ।।૨।।**

આ સ્થિતિનો અધ્યાય કહેવાએલો છે. બ્રહ્માએ તે સ્થિર કરેલું છે[૧], કારણ કે[૨] ઉત્પત્તિ(ના વિષય)માં જ શાપ થએલ. હણવાનું બ્રહ્માના વચનથી થશે. કા.૨.

**યુદ્ધમાત્રે હરીચ્છા હિ કાયવાઙ્મનસા તુ સા ।।**
**ઉભયોરુદ્યમોક્ત્યૈવ યુદ્ધં માનસમીરિતમ્ ।।૩।।**

કારણ કે હરિની ઈચ્છા માત્ર યુદ્ધ (કરવા)ની હતી. તે[૩] તો કાયા વાણી અને મનથી કર્યું. બંનેનો (યુદ્ધનો) ઉદ્યમ કહેવાથી જ યુદ્ધને મનથી કરેલું કહેલું છે. કા. ૩.

**કાયિકં ચાગ્રિમાધ્યાયે મધ્યમં મધ્યમે મતમ્ ।।**
**અતો વિરોધવાક્યાનામુભયેષાં ન દૂષણમ્ ।।૪।।**

અને કાયાથી કરેલું (યુદ્ધ) આવતા અધ્યાયમાં (કહેશે). વચમાં વચલું[૪] મનાએલું છે. તેથી બંનેના વિરોધના વચનો દૂષણરૂપ નથી[૨]. કા. ૪.

**પ્રસંગો દર્શનં વાક્યં ત્રિભિર્ભક્તાનુરોધનમ્ ।।**
**પુનરાક્ષેપવાક્યં ચ શરવ્યકરણં તથા ।।૫।।**
**વાક્યોપક્રમણં વાક્યં ત્રિભિર્માનસ્તથોદ્યમઃ ।।**

પ્રસંગ[૫](૧), દર્શન(૨), ત્રણ (શ્લોકથી) વચન(૩-૫), ત્રણથી ભક્તની શાંતિ(૬-૮). વળી તિરસ્કારનું વચન અને લક્ષ્ય બનાવવાનું તેમજ ઉત્તરનો આરંભ (૯), ત્રણ (શ્લોક)થી ઉત્તર અને મદ (કરાવવો)(૧૦-૧૨), ઉદ્યમ(૧૩) કા.૫[૧]/૨.

**યુદ્ધં ષડ્ભિર્ભગવત્ત્વાત્ બ્રહ્મપ્રાર્થનમન્તતઃ ।।૬।।**

ભગવદ્રૂપ હોવાથી યુદ્ધ પણ છ (શ્લોકો)થી (૧૪-૧૯), (અને) છેવટે બ્રહ્માની પ્રાર્થના (૨૦ થી ૨૮) (કહેલાં છે). કા.૬.

**ઉભયોર્વચનં ષડ્ભિર્યુદ્ધં ચૈવ તથોભયોઃ ।।**
**સ્થિતિરેષા તસ્ય હરૌ તત્પોષકમિહાપરમ્ ।।૭।।**

બંનેના વચન છ (શ્લોકો)થી (૩ થી ૫, + ૧૦ થી ૧૨), તેમજ બંનેનું

યુદ્ધ (છ શ્લોકથી) (૧૪ થી ૧૯) (કહેલાં છે). આ તેની હરિમાં સ્થિતિ છે. બીજું અહિં તે (તે સ્થિતિ)નું પોષણ કરનારું છે. કા. ૭.

૧. ''અધ્યાયની સમાપ્તિમાં ( હિરણ્યાક્ષને ) હણવાનો ઉદ્યમ કહેલ હોવાથી, આ સંપૂર્ણ રીતે 'સ્થિતિ'નો અધ્યાય કહેવાય નહિ,'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. બ્રહ્માએ કહેલ શ્લો. ૨૪નાં વચન પ્રમાણે વિનાશની કાંઈ સામગ્રી ન હોવાથી, બ્રહ્માએ પણ નિંદાનાં વચનો જ દઢ કર્યાં છે. તેથી આ સ્થિતિ અધ્યાય છે એમ સહેલાઈથી કહી શકાય તેમ છે, એવો અર્થ છે. ( પ્ર )

૨ – ૨.'ત્યારે બ્રહ્માએ હિરણ્યાક્ષને હણવાની પ્રાર્થના કેમ કરી ? એ જાણવાની ઈચ્છા થાય, તેથી તે પ્રાર્થના પણ પરિણામે સ્થિતિજ જણાવનારી છે એમ આ અઢી કારિકાથી કહેલું છે. ( પ્ર )

૩. 'તે' એટલે યુદ્ધનું કાર્ય. ( પ્ર )

૪. 'વચલું' એટલે વાણીનું યુદ્ધ. જો બ્રહ્મા પ્રાર્થના ન કરત, તો ભગવાન્ ( હિરણ્યાક્ષને ) હણત જ નહિ કારણ કે તેમની વાણીનું યુદ્ધ કરવાની ઈચ્છા પૂર્ણ થઈ ન હતી. તેથી ( ભગવાનની યુદ્ધ કરવાની ) ઈચ્છા જણાવનારું હોવાથી, તેમનું વચન પણ સ્થિતિમાંજ પરિણમે છે. ( પ્ર )

૫. અહિંથી શ્લોકોના વિભાગ પાડે છે. ( પ્ર )

આરંભમાં નીચેના શ્લોકથી યુદ્ધ કરવા માટે તેઓનો સંબંધ થયાનું કહે છે :

।। મૈત્રેય ઉવાચ ।।

**તદૈવમાકર્ણ્ય જલેશભાષિતં મહામનાસ્તદ્વિગણય્ય દુર્મદઃ ।।**
**હરેર્વિદિત્વા ગતિમંગ નારદાદ્રસાતલં નિર્વિવિશે ત્વરાઽન્વિતઃ ।।૧।।**

ત્યારે એવું વરુણનું વચન સાંભળી, દુષ્ટ મદવાળો ઉત્સાહી થઈ તેની દરકાર ન કરતાં નારદ પાસેથી હરિની સ્થિતિ જાણીને તે ઉતાવળથી રસાતલમાં ગયો. ૧.

'જલેશઃ' એટલે વરુણ. ત્યારે એવું તેનું વચન સાંભળીને (હિરણ્યાક્ષ) 'મહામનાઃ' ઉત્સાહી થયો. જો કે (પોતાનું) મરણ (થશે એમ) સાંભળેલું, છતાં પણ તેની દરકાર ન કરતાં જ ઉત્સાહી થયો, એવો (વાક્યનો) સંબંધ છે. તેનું કારણ 'દુષ્ટ મદવાળાએ' શબ્દથી કહેલું છે, કારણ કે દુષ્ટમદ પોતાનું અનિષ્ટ જણાવતો (જાણવા દેતો) નથી. ભગવાનને ભક્ત જ જાણે છે, તેથી નારદને (ભગવાન ક્યાં છે એ) પૂછયું. નારદ પણ ભગવાનનું કાર્ય કરનારો હોવાથી (તેની) સમીપ આવેલો. તેથી સાધનરૂપ નારદથી હરિની સ્થિતિ એટલે તે જ્યાં વિરાજતા હતા તે પ્રદેશ સાંભળેલ હોવાથી યુદ્ધમાં આસક્તિવાળો થઈ ઉતાવળથી રસાતલમાં ગયો. ૧.

પછી હિરણ્યાક્ષને ભગવાનનાં દર્શન થયાં, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**દદર્શ તત્રાઽભિજિતં ધરાધરં પ્રોન્નીયમાનાવનિમગ્રદંષ્ટ્રયા ।।**
**મુષ્ણન્તમક્ષ્ણા સ્વરુચોઽરુણશ્રિયા જહાસ ચાઽહો વનગોચરો મૃગઃ ।।૨।।**

ત્યાં સર્વ તરફથી જય પ્રાપ્ત કરનાર, ધરાને ધારણ કરનાર, દાઢના ટેરવાંથી પૃથ્વીને ઉંચી પકડી રાખનાર, લાલ રંગવાળા નેત્રથી પોતાની કાંતિને હરનાર

(ભગવાન)નાં (તેને) દર્શન થયાં અને તેણે મશ્કરી કરી કે – 'અહો ! વનબહાર ફરનારો મૃગ છે.' ૨.

જેમ બીજાને જોઈને તેને તિરસ્કાર ઉત્પન્ન થએલ, તેમ ભગવાનના દર્શન થયાં ત્યારે થયું નહિ, એમ જણાવવા 'ત્યાં' રસાતલમાં (૧) 'સર્વ તરફથી જય પ્રાપ્ત કરનાર (૨) ધરાને ધારણ કરનાર (૩) પૃથ્વીને ઉંચી પકડી રાખનાર (અને) (૪) (પોતાની કાંતિને) હરનાર' એમ ચાર પ્રકારના ભગવાનના ગુણ કહે છે.

**પરાક્રમસ્તથા કાર્યમિતિ શૂરત્વબોધનમ્ ।।**
**શત્રોઃ પરાજયશ્ચેતિ સહજં તચ્ચતુષ્ટયમ્ ।।૮।।**

(૧) પરાક્રમ તેમજ (૨) કાર્ય (૩) એમ શૂરવીરપણું દર્શાવનારું (કાર્ય) અને (૪) શત્રુનો પરાજય તે ચાર (ભગવાનના) કુદરતી (ગુણ) છે. કા. ૮.

સર્વ તરફથી જય છે જેમનો તેવા (ભગવાન છે). તેમના આકારના દર્શન થતાંજ તેમનો સર્વ તરફનો જય જણાય છે. ધરાને ધારણ કરે તે તેવા (ધરાને ધારણ કરનાર), અથવા ધરામાં છે અધર જેમનું તે (ધરાધર). તે (અધર) દેખાતું ન હતું, તેથી પણ ભગવાનનાં દર્શન થવા છતાં પણ (હિરણ્યાક્ષને) પોતાની અંદર અથવા ભગવાનની અંદર લોભ ઉત્પન્ન ન થયો. 'અગ્રદંષ્ટ્રા' એટલે દાઢનું ટેરવું પહેલાં[1] જણાવેલું છે, તેનાથી ઉંચી પકડી રાખેલી છે પૃથ્વી જેમણે તેવા (ભગવાનનાં દર્શન થયાં.) આથી એમ સૂચવેલું છે કે (હિરણ્યાક્ષના) શત્રુ કામમાં રોકાએલા હતા. 'પોતાની' હિરણ્યાક્ષની કાંતિને લાલરંગવાળા નેત્રથી હરતા હતા. દૈત્ય સુવર્ણના રંગવાળો હતો, અને કામમાં રોકાએલા ભગવાનનું નયન પણ લાલ રંગનું હતું, કારણ કે તેમાં રજોગુણ પ્રકટ થયો હતો. આથી એમ કહેલું છે કે ભગવાનની આગળ તે પોતાને અથવા ભગવાનને જોતો ન હતો. એમ (ભગવાનને) ઓળખવા છતાં પણ ભવિષ્યની ભગવાનની લીલા (કરવા)ની ઈચ્છાની મુખ્યતા હોવાથી (તેણે તેમની) મશ્કરી કરી. તેમના દર્શન ર્ક્યાં અને મશ્કરી કરી. 'ચ' 'અને' શબ્દથી આગળનાં વચનોનો પણ સમાવેશ કરેલો છે. 'અહો ! વનબહાર ફરનારો મૃગ છે' શબ્દોથી તે (વચનો) કહેલાં છે, અને આ મશ્કરીરૂપ છે. 'અહો' એ આશ્ચર્ય છે કે વનમાં રહેનાર મૃગ 'અવનગોચરઃ' વનબહારની ભૂમિ ઉપર રહેલ છે. વનમાં અને જલમાં ફરે છે, તેથી આ તેવા મૃગ છે એમ (આ) ભગવાન છે એવી બુદ્ધિથી જણાયું. છતાં પણ આ વનમાં ફરનાર મૃગ છે (એવી મશ્કરી કરી), એવો અર્થ છે. ૨.

૧. 'પહેલાં' એટલા પાછલા અધ્યાય ૧૩ શ્લોક ૩૮ માં. (પ્ર)

આકૃતિ ગમે તેવી હોય પરંતુ યુદ્ધ કરવું છે, એવા અભિપ્રાયથી નીચેનો

શ્લોક કહે છે :

**આહૈનમેહ્યજ્ઞ મહીં વિમુઞ્ચ નો રસૌકસાં વિશ્વસૃજેયમર્પિતા ।।**
**ન સ્વસ્તિ યાસ્યસ્યનયા મમેક્ષતઃ સુરાઽધમાઽઽસાદિતસૂકરાઽકૃતે ।।૩।।**

એમને કહ્યું કે – 'હે અજ્ઞ ! આવો. ભૂમિને મૂકી દો.' વિશ્વ રચનારે અમો રસાતલના વાસીઓને આપેલી છે. હે અધમ દેવ ! હે સૂકરની આકૃતિ સ્વીકારનાર ! મારા દેખતાં આની સાથે સુખપૂર્વક તમે નહિ જાઓ. ૩.

'એમને' એટલે ભગવાનને એમ કહ્યું કે:હે ભગવન્! આવો. કદાચ (ભગવાન્) પોતાને ન જાણતા હોય, એવા વિચારથી એવું[૧] સંબોધન કરેલું છે. યુદ્ધ (કરવા) માટે હું બોલાવું છું. 'હું બીજા કામમાં રોકાએલો છું' એમ (ભગવાન્) કહે, તેથી 'ભૂમિને મૂકી દો' એમ કહેલું છે. 'આરંભેલુ કામ પૂરું કરીને પછી બીજું કરવું જોઈએ' એમ કહેવામાં આવે, તેથી 'વિશ્વ રચનારે આ અમો રસાતલના વાસીઓને આપેલી છે' એમ કહેલું છે. આ ભૂમિ અમારી છે, કારણ કે રસાતલના વાસીઓ માટે વિશ્વ રચનારે આપેલી છે. તેથી બીજાની ભૂમિ લઈ જવી યોગ્ય નથી. ક્ષત્રિયના ધર્મ પ્રમાણે જો લઈ જતા હો, તો યુદ્ધ કરીને લઈ જવી જોઈએ. તેથી બંને પ્રકારે આને મૂકી દો, કારણ કે આ અમારી છે. આની ચિંતા પણ (તમારે) કરવી યોગ્ય નથી, કારણ કે આ અમારી છે, કેમકે સ્વામી હોય ત્યારે બીજાએ ચિંતા કરવી યોગ્ય નથી, એવો ભાવ છે. શરીરની પેઠે ન્યાયથી આ પ્રાપ્ત કરેલી છે, એમ જણાવવા બ્રહ્માએ આપેલી હોવાનું કહેલું છે. છતાં પણ (તેને) ન મૂકી દેનાર (ભગવાન)ને કહે છે કે 'સુખપૂર્વક તમે (આની સાથે) નહિ જાઓ.' મારા દેખતાં આની સાથે સુખ જેમ થાય તેવી રીતે તમે નહિ જાઓ, એવો અર્થ છે. અપમાનકારક બે સંબોધનો ક્રોધ ઉત્પન્ન કરવા (કહેલાં છે). જેઓનો આકાર ઘણો ઉત્તમ હોય તેવા મોટા દેવો પણ મારો વિરોધ હોય ત્યારે કાર્ય કરી શકતા નથી. આકારથી જ મોટાપણું અથવા મોટા ન હોવાપણું જણાય છે. (તમે તો) 'આસાદિતા' સ્વીકાર કરેલી છે સૂકરના જેવી આકૃતિ જેણે તેવા (છો). (આ) પહેલાનાં (સંબોધનનું) કારણ છે. ૩.

૧. 'હે અજ્ઞ ! (અજ્ઞાની)' એ સંબોધન.

'દેવોની પ્રેરણાથી હું આવેલ છું' એમ (ભગવાન્) કહે, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ત્વં નઃ સપત્નૈરભવાય કિં ભૃતો યો માયયા હંસ્યસુરાન્ પરોક્ષજિત્ ।।**
**ત્વાં યોગમાયાબલમલ્પપૌરુષં સંસ્થાપ્ય મૂઢ પ્રમૃજે સુહૃચ્છુચઃ ।।૪।।**

તમો જે માયાથી અસુરોને હણો છો (અને) અદૃશ્ય રહી વિજય પ્રાપ્ત

કરનાર છો, તેમને અમારા સ્પર્ધીઓએ શું નાશ કરાવવા પોષેલા છે ? હે મૂઢ ! યોગમાયાના બલવાળા થોડા પુરુષાતનવાળાનો તમારો નાશ કરી હું મિત્રોનો શોક દૂર કરીશ. ૪.

અમારા પ્રતિસ્પર્ધી દેવોએ તમને શું નાશ કરાવવા પોષેલા છે ? એવો અપમાન (કરનારો) પ્રશ્ન છે. કાર્ય તો મોટા (દેવો)થી પણ થવાનું નથી તો તમારાથી કેમ થશે ? તેથી ન થઈ શકે તેવા કાર્યમાં યોજનારા દેવો તમારું અહિત જ કરનારા છે એવો અર્થ છે. 'સ્વતંત્ર રીતે તારો શત્રુ વિષ્ણુ છું. દેવોએ પ્રેરેલો હોવાનું કેમ કહે છે ?' એમ (ભગવાન્) કહે, તેથી 'જે માયાથી (અસુરોને) હણો છો' એમ કહેલું છે. સાચું. તમે વિષ્ણુ જ છો એ મેં જાણ્યું. જે તમે અસુરોને માયાથી એટલે કપટથી જ હણો છો, એમ ઓળખાવનારું ચિહ્ન કહેલું છે. માયાજ તમારું સાધન છે. 'માયા છે તે અસુરો છે' એવી શ્રુતિ હોવાથી અને (અસુરોને) મોક્ષ પ્રાપ્ત ન થાય તે માટે, અથવા દુઃખ દૂર થાય તે માટે કપટથી જ હણો છો. કપટથી કરેલું યુદ્ધ વીરપણું જણાવનારું નથી. તે (અર્થ) 'અદૃશ્ય રહી વિજય પ્રાપ્ત કરનાર' શબ્દથી કહેલ છે. તમે અદૃશ્ય રહી આવીને વિજય પ્રાપ્ત કરો છો, તેથી દૃષ્ટિ સમક્ષ રહી યુદ્ધ કરવું ન જોઈએ. ભૂમિને મૂકી દઈને જાઓ, એવો ઉપદેશ છે. 'તેમ નહિ કરું' એમ (ભગવાન્) કહે, તેથી 'તમે યોગમાયાના બલવાળા (છો)' એમ કહેલ છે. તમારું બલ તો કુદરતી નથી, પરંતુ યોગમાયાના લીધે છે. તે તો અમારી હોવાથી, અમારા રહેઠાણમાં તેની સત્તા ચાલશે નહિ, એટલે તમારું પોતાનું પુરુષાતન અલ્પજ રહેશે, એવો અર્થ છે. તેથીજ તમારું સારી રીતે સ્થાપન (નાશ) કરીને મિત્રોના શોકને દૂર કરીશ. તમે જેમને હણેલા છે, તેમનાં ઋણમાંથી છૂટીશ, એવો અર્થ છે. (તમે) હણેલા શત્રુઓનો હું સંબંધી છું, એ રીતે તમે મને જાણતા નથી, તેથી તેવું (મૂઢ !) સંબોધન કરેલું છે. ૪.

'દેવોની હયાતી હોવાથી, દૈત્યો કેમ શોકરહિત થશે ?' એવા પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ત્વયિ સંસ્થિતે ગદયા શીર્ણશીર્ષણ્યસ્મદ્ભુજચ્યુતયા યે ચ તુભ્યમ્ ।।**
**બલિં હરન્ત્યૃષયો યે ચ દેવાઃ સ્વયં સર્વે ન ભવિષ્યન્ત્યમૂલાઃ ।।૫।।**

મારા હાથથી પડેલી ગદાથી છૂંદાઈ ગએલા મસ્તકવાળા તમો નાશ પામશો ત્યારે જે ઋષિઓ અને દેવો તમને બલિ લાવી આપે છે તેઓ સર્વે મૂલરહિત થઈ, નભવાના નથી. ૫.

મારા હાથથી પડેલી ગદાથી, શસ્ત્રથી ન ભેદી શકાય તેવા શરીરમાં પણ પ્રહારથી વ્યથા થશે ત્યારે સારી રીતે સ્થિતિ (નાશ) થશે. 'મારા હાથથી પડેલી'

વિશેષણથી ઘણા બલનો સંબંધ કહેલો છે. 'તેથી શું (થશે) ?' એવો પ્રશ્ન થાય, તેથી 'જે દેવો અને ઋષિઓ તમને બલિ લાવી આપે છે....' એમ કહેલું છે. બીજા પણ સ્વતંત્ર (પુરુષો) જે અભિમાનવાળા છે તેઓ પણ બધાનું મૂલ તમેજ હોવાથી, તેઓ પોતેજ પ્રહાર કરેલ ન હોવા છતાં પણ 'ન ભવિષ્યન્તિ' નભવાના નથી; એવો અર્થ છે. તેનું કારણ 'મૂલરહિત' વિશેષણથી (કહેલું છે). ૫.

એ પ્રકારના દુષ્ટનાં વચનોનો પણ (ભગવાને) ભક્તના હિત માટે અંગીકાર કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

।। મૈત્રેય ઉવાચ ।।

**સ તુદ્યમાનોऽરિદુરુક્તિ તોમરૈર્દંષ્ટ્રાગ્રગાં ગામુપલભ્ય ભીતામ્ ।।**
**તોદં મૃષન્નિરગાદમ્બુમધ્યાદ્ ગ્રાહાऽऽહતઃ સકરેણુર્યથેભઃ ।।૬।।**

શત્રુનાં દુષ્ટ વચનરૂપ બાણોથી ઘવાતાં તેમણે દાઢનાં ટેરવાં ઉપર રહેલી પૃથ્વીને ભય પામેલી જાણી, પીડાને સહન કરતાં, જેમ મઘરથી પીડાએલો હાથી હાથણી સાથે જલમાંથી બહાર નીકળે તેમ તે જલમાંથી બહાર નીકળ્યા. ૬.

શત્રુ હિરણ્યાક્ષ. તેનાં દુષ્ટ વચનોજ 'તોમરાઃ' અમુક પ્રકારના બાણો હતાં, કે જેનાથી હાથીને પીડા કરવામાં આવે છે. તેવી રીતે ઘવાતાં પણ, પૃથ્વીને ભય પામેલી જાણીને, પીડાને સહન કરતાંજ તે જલમાંથી બહાર નીકળ્યા. તેમ બહાર નીકળવાનું અયોગ્ય હોવા છતાં, 'જેમ મઘરથી પીડાએલો હાથી હાથણી સાથે (જલમાંથી બહાર નીકળે)' શબ્દોથી તે વિષયનું દૃષ્ટાંત કહેલું છે.

અહિં ભગવાનની યુદ્ધલીલા કહેવામાં આવે છે, અને શત્રુઓમાં જ યુદ્ધ (થવા)નો સંભવ હોવાથી ગદાના પ્રહારો પેઠે શત્રુપણું જણાવનારાં વચનો પણ યોગ્યજ છે. જો વચનોનું જૂદા પ્રકારે વ્યાખ્યાન કરવામાં આવે, તો યુદ્ધની ક્રિયાનું પણ જૂદી રીતે વ્યાખ્યાન કરવું જોઈએ. તે (ક્રિયા) નટની પેઠે (કરેલી છે એવું) વ્યાખ્યાન કરવામાં આવે, તો વચનોનું પણ તે જ પ્રકારે (વ્યાખ્યાન કરવું જોઈએ). છતાં પણ ભક્તોને શ્રવણ કરતાં (તે) દુઃખકારક હોવાથી વચનોનું જૂદા પ્રકારે વ્યાખ્યાન કરવામાં આવે છે, પરંતુ તે ભાગવતનો અર્થ નથી. વાસ્તવિક રીતે હિરણ્યાક્ષ ભક્ત છે, અને સરસ્વતી પણ (ભક્ત છે.) તેમ હોવાથી તે (હિરણ્યાક્ષે કહેલાં) વચનો સ્તુતિના અર્થવાળાંજ છે, એવું ફરીથી વ્યાખ્યાન કરવામાં આવે છે.

(શ્લો. ૨) 'અહો !' શબ્દથી (હિરણ્યાક્ષ) પોતાના ભાગ્યનું અભિનંદન કરે છે. 'વને' વનમાં 'ગોભિઃ' ઉપનિષદોથી 'ચર્યતે' જાણવામાં આવે છે, એમ ઉત્તમ અધિકારીને જેમનું વેદાંતોથી જ્ઞાન થાય છે, તે (ભગવાન્) હમણાં મને શોધે છે એ

ઘણું આશ્ચર્યકારક છે.

(શ્લો. ૩) તેથીજ ભગવાનને કહે છે કે : 'હે ભગવન્ ! 'એહિ' મારો ઉદ્ધાર કરવા આવો. 'પૃથ્વીને હું આવું તે ગમતું નથી' એમ કહેવામાં આવે, તેથી 'અજ્ઞાની ભૂમિને મૂકી દો' એમ કહેલું છે. 'અજ્ઞા' અજ્ઞાની અને તે 'મહી' ભૂમિ, કારણ કે તે મારું દુઃખ જાણતી નથી. ભક્ત બીજાનું દુઃખ જાણનાર હોય છે. તેથી તેને મૂકી દો. 'નો રસૌકસામર્થે' રસ જ છે 'ઓકઃ' સ્થાન જેઓનું તેવા અમે રસિક ભક્તો છીએ, તેથી પહેલાં અમારો ઉદ્ધાર કરો, એવો અર્થ છે. 'ત્યારે પૃથ્વીની શી સ્થિતિ ?' એવો પ્રશ્ન થાય, તેથી 'આ વિશ્વ રચનારે આપેલી છે' એમ કહેલું છે. આ પોતાના સ્વભાવથી આપનાં સ્થાનમાં આવેલી નથી, પરંતુ બ્રહ્માએ આપેલી છે. આપેલી હોવાથી ફરી પાછી આપવી જોઈએ, પછી બ્રહ્મા જ તેનો ઉદ્ધાર કરશે, એવો અર્થ છે. અમારે તો બીજો આધાર નથી, આ તો (બીજા) આધારવાળી છે, એવો ભેદ છે. વળી જો અમારો ઉદ્ધાર કર્યા વિના આપ આની સાથે જશો, તો પરમદયાળુ આપને સુખ નહિ થાય, એમ 'સુખપૂર્વક નહિ જાઓ' શબ્દોથી કહેલું છે. ઉદ્ધાર કર્યા વિનાના મારા દેખતાં જ, આની સાથે આપ સુખથી નહિ જાઓ, એવો અર્થ છે, કારણ કે કોઈ પણ દયાવાળો (પુરુષ) ભક્તનો ઉદ્ધાર કર્યા વિના ભાર્યા સાથે સુખ ભોગવતો નથી. 'દેવોને તારો ઉદ્ધાર ગમતો નથી' એમ કહેવામાં આવે, તેથી 'સુરાધમ' એમ કહેલું છે. 'સુરાઃ' દેવો છે 'અધમાઃ' અધમ જેમનાથી તેવા (આપ છો), કારણ કે તેઓ ક્ષુદ્ર છે. તેઓની સંમતિનું શું પ્રયોજન ? એવો અર્થ છે. 'ભૂમિનો ઉદ્ધાર કરવાથી હું થાકેલો છું. બીજું સ્વરૂપ લઈ તમારો ઉદ્ધાર કરીશ' એમ કહેવામાં આવે, તેથી 'અસાદિતસૂકરાકૃતે' એવું સંબોધન કરેલું છે. નથી 'સાદિતા' ખેદ પમાડેલી સૂકરની આકૃતિ જેમણે તેવા (આપ છો). અત્યારે પણ આ (વરાહ) સ્વરૂપ થાકેલું નથી. તેથી ભૂમિનો ઉદ્ધાર કર્યા વિના મારો ઉદ્ધાર કરો, એવો અર્થ છે.

(શ્લો. ૪) દેવોએ ભૂમિનો ઉદ્ધાર કરવા મારી પ્રાર્થના કરેલી, કારણ કે તેઓ ભૂમિ ઉપર મારી આરાધના કરીને મુક્ત થશે. 'તેથી ઘણાના ઉપર ઉપકાર થતો હોવાથી ભૂમિનોજ ઉદ્ધાર કરવો જોઈએ' એમ કહેવામાં આવે, તેથી 'આપને અમારા પ્રતિસ્પર્ધીઓએ (શું મોક્ષ થાય તે માટે ધારણ[૧] કરેલા છે) ?' એમ કહેલું છે. અમારા 'સપત્નૈઃ' શત્રુ (પ્રતિસ્પર્ધી) સનક વિગેરે અથવા તેમની સાથેના દેવો વિગેરેએ ભૂમિ ઉપર ભગવાનનું ભજન કરવાથી મોક્ષ પ્રાપ્ત થશે એવા વિચારથી આપને શું 'અભવાય' (પોતાને) મોક્ષ પ્રાપ્ત થાય તે માટે 'ભૃતઃ' ધારણ કરેલાં છે ? ભક્તનો દ્રોહ થતો હોવાથી તે તો નહિ થાય, કારણ કે તેઓ અમારા 'સપત્નાઃ' શત્રુઓ છે.

ભક્તનો[૨] દ્રોહ થાય ત્યારે મુક્તિ પ્રાપ્ત થતી નથી. 'હું પણ તમારો શત્રુ જ છું' એમ કહેવામાં આવે, તેથી 'જે કપટથી હણો છો' એમ કહેલું છે. આપ તો લોકોને મોહ ઉત્પન્ન કરવા અસુરોને કપટથી હણો છો, વાસ્તવિક રીતે તો તેઓને સાયુજ્ય (મુક્તિ) આપો છો, કારણ કે 'અસૂન્' પ્રાણોને 'રાન્તિ' બોલાવે, શબ્દવાળા કરે તે અસુરો[૩] પ્રાણના અવાજનું શ્રવણ કરે છે, યોગીઓ છે એવો અર્થ છે. અથવા પ્રાણોની સ્તુતિ કરે તે (અસુરો), કારણ કે 'મૃત્યુને તરી ગયો' એ શ્રુતિ પ્રમાણે પ્રાણની ઉપાસના કરનારાઓનું મૃત્યુ થતું નથી. વળી આપ 'પરોક્ષજિત્' છો. 'પરાણિ' પ્રતિકૂલ છે 'અક્ષાણિ' ઇન્દ્રિયો જેઓની, તેઓ[૪] ઉપરજ વિજય પ્રાપ્ત કરે તે 'પરોક્ષજિત્', ઇન્દ્રિયોમાં સુખ માનનારાઓનેજ આપ હણો છો, એવો અર્થ છે. અથવા 'અસુરાન્ પરોક્ષજિત્'. કારણ કે અસુરોને લક્ષ્ય કરીને ન જણાય તેવા પ્રકારે જેમ થાય તેમ વિજય પ્રાપ્ત કરો છો. લોકોના સ્થાનમાં અસુરો ઉપર વિજય પ્રાપ્ત કર્યો એમ (ભગવાન્) કહે છે, પરંતુ વાસ્તવિક રીતે જેમ બલિના સ્થાનમાં થયું તેમ તેઓને અધીન રહે છે. 'ત્યારે (મારી) પાસે આવીને તું શું કરવાનો ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'આપનું સારી રીતે સ્થાપન કરીને મિત્રોનો શોક દૂર કરીશ' એમ કહેલું છે. 'ત્યારે પાસે આવવાથી શું (લાભ) ? યોગથી અથવા શાસ્ત્રથી (મારું) સારી રીતે સ્થાપન કર' એવી શંકા થાય, તેથી 'યોગમાયાબલમ્' એમ કહેલું છે. યોગમાયાનું બલ પણ જેમનાથી છે તેવા (આપ છો). 'જ્ઞાનીઓનાં પણ ચિત્તોનું (આકર્ષણ કરીને)...' એ વાક્ય પ્રમાણે યોગ વિગેરે કરતાં પણ યોગમાયાજ ઘણી બલવાન છે, તેનું પણ બલ આપનાથી છે. તે(વા આપ) યોગથી વશ કેમ થાઓ ? એવો અર્થ છે. '૨-૨-૧ વિગેરે (શ્રીમદ્ભાગવત સ્કંધ ૨ અધ્યાય ૨)માં જણાવ્યા પ્રમાણે પુરુષના સ્વરૂપનું હૃદયમાં ચિંતન કર' એમ કહેવામાં આવે, તે સંબંધમાં 'અલ્પપૌરુષમ્' એમ કહેલું છે. પુરુષના સંબંધવાળું સ્વરૂપ તે પૌરુષ, અલ્પ છે પૌરુષ જેમનાથી તેવા આપ કરોડો બ્રહ્માંડરૂપ દેહવાળા છો. તેથીજ આપનુંજ (મારા હૃદયમાં) સારી રીતે સ્થાપન કરીને, હું (મારા) કુટુંબ સાથે કૃતાર્થ થઈશ. '(તને) જ્ઞાન ન હોવાથી તારો મોક્ષ કેમ થશે ?' એવો પ્રશ્ન થાય, તે સંબંધમાં હે 'મૂઢપ્ર' એમ કહેલું છે. મૂઢોમાં પણ 'પ્રકર્ષઃ' સરસાઈ છે જેમની તેવા (આપ છો). તેથી આપ મૂઢોને પણ કૃતાર્થ કરતા હોવાથી ભક્તિમાર્ગમાં જ્ઞાનની જરૂર નથી, એવો અર્થ છે.

(શ્લો. ૫) વળી હું જ (મારા) કુટુંબ સાથે મુક્ત થઈશ એટલું જ નહિ, પરંતુ એમ કરવામાં આવતાં ઘણાં વિશ્વાસને લીધે ભક્તો મુક્ત થશે, એમ પાંચમા શ્લોકથી કહે છે. અમારા માટે આપની સારી રીતે સ્થિતિ થશે, અને ભુજાથી છૂટેલી ગદાથી

મસ્તક છૂંદાઈ જશે, ત્યારે જે ઋષિઓ અને દેવો આપને બલિ લાવી આપે છે, 'ચ' 'અને' શબ્દ હોવાથી (આપના) ભક્તોને પણ (બલિ લાવી આપે છે), તેઓ બધા મૂલરહિત નહિ થાય, બધાએ મૂલવાળા રહેશે એવો અર્થ છે. ભગવાન્ હૃદયમાં સ્થિર થાય, ત્યારે 'ગતિં' ગતિ 'દદાતિ' આપે તે 'ગદા' એટલે સુષુમ્ણા નાડી, જેનાથી ભુજાઓનો એટલે ક્રિયા શક્તિઓનો નાશ થાય છે. તેનાથી બ્રહ્મરંધ્ર ભેદાતાં પ્રાણો વિગેરે તે માર્ગે જશે અને પોતે (જીવ) ભગવાન્ સાથે ભળી જશે, ત્યારે બધાએ સાયુજ્ય પ્રાપ્ત કરી મૂલવાળા જ થશે એવો અર્થ છે. એ પ્રમાણે એક માટે યોજાએલા શબ્દો બીજામાં યોજવા જોઈએ.

(શ્લો.૬) ભક્તોને લીધે ભગવાન્, 'તુદ્યમાનાઃ' પીડાતા જે દૈત્યો, તેઓ સાથે ભળ્યા. શત્રુઓ છે દુષ્ટ વચનરૂપ બાણો જેઓના, તેઓનાં બીજાઓને વીંધનારા દુષ્ટ વચનો કોઈ પણ સમયે હોતાં નથી, કારણ કે તેઓ નારદ વિગેરે ભક્તો છે. તેમને લીધે ભગવાન્ હિરણ્યાક્ષ વિગેરે સાથે ભળ્યા, તેથી તેઓના સંબંધને લીધે મને ભૂલી જશે એવો ભૂમિને ભય થયો. (ભગવાનની) દાઢ યમરૂપ હોવાથી (ભય થયો), તેનાં (દાઢના) ટેરવાં ઉપર (તે) રહેલી પણ હતી. ભગવાનની દષ્ટિ (ભૂમિ ઉપર) ન હોય, તો વળી તે યમ (તેને) ખાઈ જાય, એમ તે (દૈત્યો)નો દૈત્યભાવજ પીડારૂપ (પીડાકારક) હતો, તે ભગવાન્ વસ્તુતઃ સહન કરતા નહિ. તેઓનો તે ભાવ દૂર કરવાં જો (ભગવાન્ તેઓના ઉપર) વિસ્તારે તો ભૂમિને ભય થાય. તેથી તેઓની (તેઓએ કરેલી) પીડા સહન કરતાં જ–જોકે જલમાંજ તેઓને પવિત્ર કરવાના હતા છતાં પણ–જલમાંથી ભગવાન્ બહાર નીકળ્યા. '(ભગવાને) શા માટે તેમ કર્યું ?' એવી શંકા થાય, તેથી 'મઘરથી પીડાએલો (હાથી)' એવું દષ્ટાંત કહેલું છે. જેમ મોટો હાથી હાથણી સાથે તે (મઘર)ને લઈને (ઢસડીને)જ બહાર નીકળે છે (તેમ બહાર નીકળ્યા). હાથી તો કાલને અધીનજ હોવાથી, ત્યાં (જલમાં) મઘરો (તેને) પીડા કરનારા હોય છે. તેઓ જો પીડા ન કરે, તો હાથણી સાથે રહી આનંદ કરે; તેથી દૈત્યપણું ભગવાનને અડચણ કરનારું ન હોવાથી, સુખરૂપ ક્રિયા પ્રાપ્ત કરાવનાર હોવાથી, સેવક સ્ત્રી (ભૂમિ) સાથે ભગવાન્ બહાર નીકળ્યા, એવો અર્થ છે. ૬.

૧. પોતાને મોક્ષ પ્રાપ્ત થાય તે માટે હૃદયમાં ધારણ કરેલા છે ? એવા અર્થ જણાય છે.
૨. અહિં દૈત્યો ( હિરણ્યાક્ષ વિગેરે ) પોતાને ભક્ત કહે છે.
૩. 'અસન્' પ્રાણોની 'રસન્તિ' સ્તુતિ કરે તે અસુરો, એવી વ્યુત્પત્તિ જણાય છે. ( અસુ+ર ) છેવટ 'રસ્'માંનો 'સ્' મૂકી દીધેલો જણાય છે
૪. 'પર+અક્ષ=પરાક્ષ' થાય. 'પરોક્ષ' ગણી વ્યુત્પત્તિ કરેલી છે.

એવી રીતે બંને સાથેના (સાથે રહેલા) ભગવાનનું ચરિત્ર બંનેનું હિત

કરનારું થયું, એમ નીચેના (શ્લોકથી આરંભી) બે (શ્લોકો)થી કહે છે :

**તં નિઃસરન્તં સલિલાદનુદ્રુતો હિરણ્યકેશો દ્વિરદં યથા ઝષઃ ।।**

**કરાલદંષ્ટ્રોઽશનિનિઃસ્વનોઽબ્રવીદ્ગતહ્રિયાં કિં ત્વસતાં વિગર્હિતમ્ ।।૭।।**

જેમ હાથી પાછળ મઘર દોડે તેમ જલમાંથી નીકળતા તેમની પાછળ હિરણ્યકેશ દોડ્યો. કરાલ દાઢવાળા (અને) અશનિના અવાજવાળા તેણે કહ્યું કે : 'જેમની હ્રી જતી રહેલી છે તેવા અસત્ (પુરુષો)ને તો શું નિંદ્ય છે ?' ૭.

'જલમાંથી નીકળતા તેમની એટલે ભગવાનની પાછળ તે દોડ્યો' એમ આરંભમાં હિરણ્યાક્ષનું કૃતાર્થપણું કહે છે. જ્યારે ભગવાન્ જલમાંથી બહાર નીકળ્યા ત્યારેજ મીઠાનાં કટકા પેઠે ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત થાય તે માટે (તેમની) 'અનુ' પાછળ દોડ્યો (પીગળ્યો). કઠણપણાંનો ત્યાગ કર્યો. (તેનું) દૈત્યપણું ગયું એવા અર્થ છે. 'દ્રુતઃ' 'દોડ્યો' (પીગળ્યો) શબ્દ એમ જણાવે છે કે જેમ અગ્નિની સમીપ ઘી ઓગળે છે તેમ (તે પીગળ્યો). પ્રસિદ્ધ અર્થ પ્રમાણે તો (હિરણ્યાક્ષ ભગવાનની) પાસે દોડતો આવ્યો, એવો અર્થ છે. 'પછી શું થયું ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'હિરણ્યકેશ' એમ કહેલું છે. ભગવાનની સૂર્યના મંડલમાં રહેલી મૂર્તિ હિરણ્યકેશરૂપ છે, તેથી તેણે તેવું સ્વરૂપ ધારણ કર્યું, એવો અર્થ છે. ''માત્ર ભગવાનનાં સમીપપણાંથી આને દિવ્ય સ્વરૂપની પ્રાપ્તિ કેમ થઈ ?'' એવી શંકા થાય, તેથી કહે છે કે, 'દ્વિરદં' હાથી ગજેન્દ્રની પાછળ (દોડતાં) જેમ મઘર હૂહૂ ગંધર્વે દિવ્ય સ્વરૂપ પ્રાપ્ત[1] કર્યું તેવી રીતે (આણે પ્રાપ્ત કર્યું.) આકસ્મિક ફલ (પ્રાપ્ત) થયું એમ કહેલું છે. સાયુજ્યરૂપ ઉત્તમ ફલ (આગળ) કહેશે.

'તેનું મરણ કેમ થયું ?' એવી શંકા થાય, તેથી 'કરાલ દાઢવાળા' એમ કહેલું છે. 'કરઃ' ભગવાનનો (શ્રીહસ્ત), 'અલં' પૂરતો છે જેમને માટે તે 'કરાલ' એટલે ભગવાને વધ કરવા યોગ્ય, તેઓમાં જ દાઢરૂપ યમ ગયો, એવો અર્થ છે. અથવા સુદર્શન વિગેરે કરાલ (ભયંકર શસ્ત્રો)માં જ આનું પણ મરણ રહેલું હતું. 'શું ગ્રહો પીડા કરનારા થયા ?' એવો પ્રશ્ન થાય, તેથી 'અશનિના અવાજવાળા' એમ કહેલું છે. શનિ સિવાયના, દુષ્ટ ન હોય તેવા ગ્રહોનો જ્યાં સદા અવાજ થતો હતો, એટલે સર્વ શુભ ગ્રહો ભેગા થએલા હોવાથી ગ્રહોનો દોષ દૂર થયો હતો, એવો અર્થ છે. તેથીજ તેણે ભગવાનને 'જેમની હ્રી જતી રહેલી છે તેવા...' એમ કહ્યું. 'હ્રી' શબ્દથી દેહ વિગેરેમાં અભિમાન હોવું વિગેરે બધાએ ગુણો કહેલા છે, (અને) 'તુ' 'તો' શબ્દથી તેઓ પહેલાના ગુણોરહિત[2] થએલા હોવાનું કહેલું છે. એ પ્રમાણે જેમનામાં ત્રણ ગુણો નથી તેવા વિષયમાં વિચરતા મુક્ત જીવોને શું નિંદ્ય છે ? એવો પ્રશ્નાર્થ છે.

તેમાં પણ 'અ' એટલે શ્રીકૃષ્ણ, તેમના 'સતામ્' પરમભક્તોએ (શું નિંદ્ય છે ?) જો કે તેઓ ત્રણ ગુણ વિનાના છે, છતાં પણ ભક્તના વિરોધવાળા પદાર્થો (તેમણે) કરવા કે નહિ, એવો સંદેહ રહેવાથી પ્રશ્ન (કરેલો છે). પ્રસિદ્ધ મત (અર્થ) પ્રમાણે તો તે તરત ભગવાનની પાછળ દોડ્યો. 'હિરણ્યકેશ' શબ્દથી તેની તેવી શક્તિ સૂચવેલી છે. તેમની ગતિ રોકનારો પણ થયો, એમ (જણાવવા) દષ્ટાંત (કહેલું) છે. 'યુદ્ધ માગનારને યુદ્ધ ન આપવાથી ક્રોધ કેમ થાય ?' એવો પ્રશ્ન થાય, તે સંબંધમાં '' 'કરાલ' ભયંકર છે 'દ્રંષ્ટ્રાઃ' દાઢો જેની'' એમ કહેલું છે. સ્વભાવથી ક્રોધવાળો હતો, એવો અર્થ છે. આથી એમ કહેવાયું કે તે મારવાજ પ્રવૃત્ત થયો. છતાં પણ પોતાને વીર્યનો મદ હોવાથી માર્યા વિનાજ, 'મારું વચનજ વજ્રની સમાન છે' એવા વિચારથી દુષ્ટ વચનથી જ તેણે તેમ કહ્યું, એમ 'અશનિના અવાજવાળાએ કહ્યું' શબ્દોથી કહેલું છે. '(યુદ્ધ માટે) બોલાવેલાએ પાછા ન ફરવું' એ શાસ્ત્ર પ્રમાણે યુદ્ધ માટે બોલાવેલો નાસી જાય તે શૂરવીરોને શરમાવનારું પણ છે. તેથી મુખ્ય ધર્મ લજ્જાનો ત્યાગ કરીને માત્ર પ્રાણનું રક્ષણ કરનારાઓને શું નિંદ્ય છે, એમ મશ્કરી (કરેલી છે). 'અસત્' શબ્દથી ધર્મરહિત હોવાનું પણ કહેલું છે. આથી પોતે (યુદ્ધથી) અટકે તે માટે ભગવાન્ યુદ્ધ માટે અયોગ્ય હોવાનું કહેલું છે. તેથી જ તે યુદ્ધ કરતો અટકશે એવા વિચારથી ભગવાને તેને તે ન અટકે તેવાં અપમાનકારક વચનો કહેલાં છે[૩]. ૭.

૧. જૂઓ સ્કંધ ૮ અધ્યાય બેથી ચાર. હૂહૂને ઉત્તમ સ્વરૂપ પ્રાપ્ત થયું તે માટે જૂઓ ૮-૪-૩.
૨. દેહ વિગેરેનું અભિમાન વિગેરે ગુણોરહિત થયા, એટલે ત્રણ ગુણરહિત થયા.
૩. જૂઓ આગળ આ અધ્યાયનો શ્લોક ૧૨.

એમ કહેલા ભગવાને તરત ભૂમિને સ્થાપન કરવાનું કાર્ય કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**સ ગામુદસ્તાત્સલિલસ્ય ગોચરે વિન્યસ્ય તસ્યામદધાત્સ્વસત્ત્વમ્ ।।**
**અભિષ્ટુતો વિશ્વસૃજા પ્રસૂનૈરાપૂર્યમાણો વિબુધૈઃ પશ્યતોऽરેઃ ।।૮।।**

શત્રુના દેખતાં વિશ્વ રચનારથી સ્તુતિ કરાતા (અને) દેવોથી પુષ્પોથી છવાતા તેમણે ભૂમિને જલની ઉપર ગોચરમાં મૂકીને તેમાં પોતાનું સત્ત્વ મૂક્યું. ૮.

તે ભગવાને જલની 'ઉદસ્તાત્' ઉપર 'ગોચરમાં' એટલે નિર્ભય પ્રદેશમાં કારણ કે ગાયો ત્યાં (તેવા પ્રદેશમાં) જ ચરે છે (મૂકી); અથવા (ભગવાન્) વૈકુંઠમાં રહીને જેને જૂએ તે સ્થાન 'ગોચર' કહેવાય છે. (તેવા સ્થાનમાં); અથવા તારાઓનાં મંડલની અંદર (મૂકી), તેથીજ ત્યાં ઘણો પ્રકાશ છે. તેવા સ્થાનમાં ભૂમિને મૂકીને, તે

સ્થાનનું રક્ષણ કરનાર દેવોમાં થાપણની પેઠે (તેનું) સ્થાપન કરીને, દેવોમાં (સત્ત્વ છે તે) ભગવાનનું છે એમ જણાવવા, તેમાં પોતાનું સત્ત્વ મૂક્યું. તેથીજ આ પૃથ્વી ઉપર સર્વ સ્થલે ભગવાનની મૂર્તિઓ, ભગવાનના ગુણો અને ભક્તો રહેલા છે. 'પોતાનું સત્ત્વ' એટલે શુદ્ધ સત્ત્વગુણ, કારણ કે તે (શુદ્ધ સત્ત્વ)જ ધારણ કરનારું, શક્તિરૂપ અને સ્વરૂપ છે. એમ કરવામાં આવતાં દેવોને સંતોષ થયો, તેથી તેઓએ સ્તુતિ અને પુષ્પોની વૃષ્ટિ કર્યાં એમ ઉત્તરાર્ધમાં કહે છે. વિશ્વ રચનારે સ્તુતિ કરી અને દેવોએ પુષ્પોની વૃષ્ટિ વરસાવી અથવા બંનેએ બંને (કાર્યો કર્યાં). પહેલાં (ભગવાને) યુદ્ધ ન કર્યું ત્યારે હિરણ્યાક્ષને તિરસ્કાર થયો તે દૂર કરવા, અને શત્રુએ જોએલી સરસાઈ ઘણું ઉત્તમ પણું પ્રાપ્ત કરાવે છે તેથી, 'શત્રુના દેખતાં' એમ કહેલું છે. (ભગવાનની) સ્તુતિ (કરે છે) એવો અર્થ લેતાં, 'દેવોએ એમ સર્વ તરફથી સ્તુતિ કેમ કરી અને પુષ્પોની વૃષ્ટિ કેમ કરી ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'શત્રુનાં દેખતાં' એમ કહેલું છે. આ સ્તુતિ વિગેરે કામ્ય (ફલની કામનાથી કરેલું કર્મ) નથી, અને નિત્ય (કર્મ)થી જૂદું છે. તેથી (તે) નિમિત્તથી થએલું છે એમ જણાવવા બે નિમિત્તો દર્શાવે છે. (૧) ભૂમિ આવી એટલે તેના ઉપર સર્વ સ્થલે યજ્ઞો વિગેરે ધર્મો થશે, તે બધા જોવાશે. (તેથી) તેવી કૃપા (ભગવાને) કરી તે માટે સ્તુતિ કરી, કારણ કે જોવામાં આવશે. (ભગવાન્ યજ્ઞ વિગેરેમાં) પોતાનું સ્વરૂપ જ[1] જોશે, એટલે સ્તુતિથી પ્રસન્ન થએલા તેમ કરશે. વળી (૨) શત્રુના કારણથી, અને દેવોને શત્રુઓનો મોટો ભય હતો તે (ભગવાન્) દૂર કરશે તે માટે પુષ્પોની વૃષ્ટિ કરી. અમારી સમૃદ્ધિ આપના કારણથી (આપને લીધે) છે એમ જણાવવા (દેવોએ) તેમ કર્યું. ૮.

૧. સ્તુતિ કરનારું રૂપ ભગવાનને જોશે, એવો અર્થ છે (પ્ર) સ્તુતિ કરનારા તો દેવો છે. આવો અર્થ હોય તો 'સ્વસ્યૈવ રૂપં' એમ કહેવા કરતાં 'સ્વયમ્' એમજ કહે. તેથી જૂદા પ્રકારે અર્થ કર્યો છે. પ્રસન્ન થએલા ભગવાન્ દેવોને પોતાનું સ્વરૂપજ જોશે, એવો અર્થ જણાય છે.

ભગવાને એ પ્રમાણે ભૂમિને કૃતાર્થ કરીને ભક્ત હિરણ્યાક્ષના પ્રશ્નનો ઉત્તર આપવાનો આરંભ કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છે :

**પરાऽનુષક્તં તપનીયોપકલ્પં મહાગદં કાઞ્ચનચિત્રદંશમ્ ।।**
**મર્માણ્યભીક્ષ્ણં પ્રતુદન્તં દુરુક્તૈઃ પ્રચણ્ડમન્યું પ્રહસંસ્તં બભાષે ।।૯।।**

પર (બ્રહ્મ)માં આસક્તિવાળા, તાપ યોગ્ય સામગ્રીવાળા, મોટા ઓષધવાળા, કાંચનાના વિચિત્ર દંશવાળા, મર્મોને વારંવાર ઘણું પીડતા, દુષ્ટ વચનોને લીધે પ્રચંડ મન્યુ જેમનો હતો તેવા (ભગવાને) ઘણું હસતાં (નીચે પ્રમાણે) ઉત્તર આપ્યો. ૯.

'ભગવાન્ શા માટે તેને ઉત્તર આપે ?' એની શંકા થાય, તેથી 'પરમાં આસક્તિવાળા' એમ કહેલું છે. પરબ્રહ્મમાં તે આસક્તિવાળો હતો. જે સત્પુરુષોના માર્ગે જવા ઈચ્છતો હોય, તેને ઉપદેશ આપવો જોઈએ, તેવો અર્થ છે. 'છતાં પણ ભગવાને કહેલું તે સ્વીકારશે નહિ' એવી શંકા 'તાપ યોગ્ય સામગ્રીવાળા' વિશેષણથી દૂર કરે છે. તેની દેહ ઈન્દ્રિયો વિગેરે બધીએ સામ્રગી ઘણાં તપથી (તેને) પ્રાપ્ત થઈ હતી. જેણે તપ કરેલ ન હોય તે આનો ભોગ કરતો નથી. વળી તે 'મોટા ઓષધવાળો' હતો. મોટું હતું ઓષધ જેનું, તેવો (હતો). સર્વ રોગોને દૂર કરનારી તેની ઉત્તમ ભક્તિ હતી, તેથી તેજ તેનું મોટું ઓષધ હતું. ''છતાં પણ કાલ વિગેરેથી ઉત્પન્ન થએલો દોષ સંભવતો હોવાથી તે સંપૂર્ણ રીતે (ભગવાનનું) વચન કેમ સ્વીકારશે ?'' એવી શંકા થાય, તેથી 'કાંચનાના વિચિત્ર દંશવાળા' એમ કહેલું છે. 'કાંચના' અલૌકિક ભક્તિ પ્રતિ વિચિત્ર દંશ (ચિહ્ન) હતો જેને તેવો (તે હતો), કારણ કે ભગવાને (તેના પર) એવું ચિહ્ન કરેલું કે જેનાથી ઉત્તમ ભક્તિ ઉત્પન્ન થાય. મુનિઓનું શાપ નામનું ચિહ્ન ઘણું વિચિત્ર હોય છે. તે દેહમાં રહેલ અયોગ્યને દૂર કરે છે, અને સ્વતંત્ર ભક્તિનું સ્થાપન કરે છે, કારણ કે લોકમાં સર્પ વિગેરેનો જેને દંશ થયો હોય તે કલ્યાણરહિત થાય છે. તેથીજ તે મર્મોને એટલે પોતાનાં પાપનાં છિદ્રોને વારંવાર પીડતો હતો, એટલે ઈન્દ્રિયોનો ઘણો સંયમ કરતો હતો. તેથી (આ) સર્વ સાધનોવાળો હોવાથી આને ઉપદેશ આપવો જોઈએ. '' 'ઈશ્વર પાસેથી જ્ઞાન (પ્રાપ્ત કરવા)ની ઈચ્છા રાખે' એ વાક્ય પ્રમાણે મહાદેવજ તેને ઉપદેશ આપશે, (ભગવાને) પોતે ઉપદેશ આપવાનું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી 'દુષ્ટ વચનોને લીધે (તે) પ્રચંડ મન્યુ જેમનો હતો તેવા' એમ કહેલું છે. જો કે મહાદેવ ગુરુ છે, છતાં પણ દુષ્ટ વચનોને લીધે (તે) પ્રચંડ થાય છે, કારણ કે ન કહેવા યોગ્ય ઘણાં વચનો (કહેલાં) છે. અથવા 'પ્રકૃષ્ટા' બલવાન છે, 'ચણ્ડિકા' ચંડિકા જેમની તેવા (મહાદેવ છે). ત્યાં જવાથી તે (ચંડિકા) મોહ ઉત્પન્ન કરાવે, અને લોકો નિંદા[૧] કરે. પ્રચંડ છે મન્યુ જેમનો તેવા (ભગવાન્) છે. 'મન્યુ' એટલે શિવ. સંપૂર્ણ રીતે જે ગુણોથી પર હોય, તેને ભક્તિના રસનો સ્વાદ (પ્રાપ્ત) ન થાય, તેથી 'ઘણું હસ્તાં' (ભગવાને ઉત્તર આપ્યો). મોહ પણ ફલ પ્રાપ્ત કરાવે તેવો (કર્યો) એમ જણાવવા 'ઘણું' (હસ્યા). 'તેને' એટલે પહેલાં જેણે પ્રશ્ન કરેલ તે (હિરણ્યાક્ષ)ને ઉત્તર આપી (તેના) સંદેહને દૂર કર્યો, એવો અર્થ છે.

કથાના વિચાર પ્રમાણે તો ભગવાને ભૂમિનું સ્થાપન કરીને, તેનો વધ કરવા માટે વચનોથી તેને ક્રોધ ઉત્પન્ન કરાવ્યો એમ આ શ્લોકથી કહેલ છે. (તે) 'પરા'

પાછલ 'અનુષક્તમ્' દોડી આવતો હતો. જો દેવો (એ કરેલી ભગવાન)ની પૂજા જોઈને જતો રહે તો જતો જ રહેત, જતો ન હતો તેથી હણવા યોગ્ય હતો. 'સર્વના આત્મા ભગવાન્ જતો કેમ ન કરે ?' એવો પ્રશ્ન થાય તેથી 'તપનીયોપકલ્પમ્' વિશેષણ કહેલું છે. 'તપનીયં' સુવર્ણનાં બનાવેલ 'ઉપકલ્પં' બાજુબંધ વિગેરે હતાં જેનાં તેવો (તે હતો). આથી તેનો અહંકાર જણાવ્યો. અથવા તેનો 'ઉપકલ્પં' એટલે તેણે પ્રાપ્ત કરેલી દૈત્યો વિગેરે સામગ્રી સારી રીતે તપાવવા યોગ્ય હતી, તેથી તે હણવા યોગ્ય હતો એવો અર્થ છે. 'મહાગદમ્' વિશેષણથી એમ ક્હેલું છે કે તે યુદ્ધનો ઉદ્યોગ પણ કરતો હતો. મોટી હતી ગદા જેની, તેવો (તે હતો). 'કાઞ્ચનં' સુવર્ણનું બનાવેલું 'ચિત્રં' વિચિત્ર 'દંશં' કવચ હતું જેનું તેવો (હતો). (યુદ્ધમાં) પોતાનું રક્ષણ કરવા કવચ, (અને) શત્રુને મારવા ગદા (રાખેલાં). વળી શત્રુને પાનો ચડાવવા વારંવાર મર્મોને ઘણું પીડતો હતો. ભક્તોને સંતોષ થાય તે માટે ભગવાન્ જે અલૌકિક કરે છે તે 'મર્મ' કહેવાય છે. (આ) લૌકિક ભક્તનાં વચનો ન હતાં એમ જણાવવા 'દુષ્ટ વચનોને લીધે' એમ (કહેલું છે). ઈચ્છેલા અને તિરસ્કારેલાનાં ભેદથી સારા અને ખરાબ શબ્દોથી એકજ અર્થ કહેવાય છે, જેમકે વિજય પ્રાપ્ત કરનાર (અને) હણનાર. તેથી ભગવાનના દોષ વિનાના પૂર્ણ ગુણો પણ દુષ્ટ વચનોથી કહેવામાં આવેલા મર્મનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. તેથી જ (તે શબ્દોનો) મર્મને સ્પર્શ થતાં પીડા કરે છે. ભગવાનની નિંદા સાંભળીને (તેમની) અંદર રહેલા મહાદેવ તે (હિરણ્યાક્ષ)નો વધ કરવા પ્રચંડ બને છે, તેથી જ 'પ્રચંડ મન્યુવાળા' એમ કહેલું છે. (ભગવાનનું) ઘણું હાસ્ય યુદ્ધની તૈયારીનો ઉત્સાહ સૂચવનારું છે. 'તેને' એટલે પહેલાં કહેલાં દુષ્ટ વચનો જેનાં હતાં, તેને જોઈને (ભગવાને) ઉત્તર આપ્યો. ૯.

૧. 'અન્યથા વદેયુઃ' એટલે 'આ શૈવ છે' એમ (લોકો) કહે. (પ્ર) દેવી મોહ ઉત્પન્ન કરે, એટલે લોકો નિંદા કરે, એવો અર્થ જણાય છે.

શત્રુપણું આગળ કરીને જેમ તેણે નિંદાનાં વચનો કહેલાં, તેમ ભગવાન્ પણ નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી કહે છે :

**સત્યં વયં ભો વનગોચરા મૃગા યુષ્મદ્વિધાન્મૃગયે ગ્રામસિંહાન્ ।।**
**ન મૃત્યુપાશૈઃ પ્રતિમુક્તસ્ય વીરા વિકત્થનં તવ ગૃહ્ણન્ત્યભદ્ર ।।૧૦।।**

અલ્યા ઓ પાપી ! સત્ય છે કે અમે વનમાં દેખાઈએ તેવા મૃગો છીએ. હું તારા જેવા ગ્રામસિંહોને શોધું છું. મૃત્યુના બંધનોથી બંધાએલાની તારી બડાઈ શૂરવીરો કબુલ રાખતા નથી. ૧૦.

'ભોઃ' 'અલ્યા ઓ !' એ સામાન્ય પ્રકારનું સંબોધન એમ જણાવવા (કરેલું

છે કે), ભગવાનના વિરોધીનું નામ લેવા યોગ્ય નથી. અમે વનમાં જ 'ગોચરાઃ' દેખાઈએ તેવા છીએ, પણ ઘરમાં (દેખાઈએ તેવા) નથી. આ સત્ય જ છે. વનમાં અને જલમાં તને દેખાયા, તે પણ સત્ય છે. 'મૃગ'[1] એમ (તેં) જે કહ્યું તે પણ સત્ય જ છે. 'મૃગયન્તિ' શોધે છે તે 'મૃગઃ' મૃગ છે. અમારામાં વ્યુત્પત્તિથી થતો બધોએ અર્થ ઘટે છે, કારણ કે અમે સર્વને રચનારા અને સર્વ શબ્દોથી ઓળખાતા છીએ. ચાલુ પ્રસંગમાં મૃગો વધ કરવા યોગ્ય છે એમ જે કહ્યું, તે (વચન)માં પણ અમારો સંબંધ છે એમ 'મૃગો'[1] શબ્દથી કહેલું છે. શોધે છે તે મૃગો, જેમને મૃગયામાં પણ હણવામાં આવે છે, કારણ કે તેઓ ગ્રામસિંહોને શોધે છે. કૂતરાઓ (ગ્રામસિંહો) તેમને હણનારા છે, કારણ કે 'મૃગને પકડવામાં કૂતરો પવિત્ર છે' એ વાક્યમાં પ્રસિદ્ધ હોવાથી તે (કૂતરા)ઓ વિના મૃગયા થતી નથી; પરંતુ આ વિષયમાં કોઈક ભેદ છે, તેથી 'તારા જેવા (કૂતરાઓ)' શબ્દોથી પ્રસિદ્ધ અર્થ કહે છે. જેવા અમે મૃગો છીએ તેવા જ ગ્રામસિંહો હોય છે; તેથી જો મૃગ તરીકે સ્તુતિ કરતો હો, તો અમે પણ સિંહ તરીકે (તારી) સ્તુતિ કરીએ છીએ, એવા અભિપ્રાયથી તેવું વચન (કહેલું છે). છતાં જો નિંદા કરવા (મૃગ) કહેલ હોય, તો તે ખોટા અર્થવાળું અને ઉલટા અર્થવાળું હોવાથી સત્ય નથી, તેથી અમે તે કબુલ રાખતા નથી, એમ ઉત્તરાર્ધથી કહે છે. દેવો અને દૈત્યોનો સાધારણ વિરોધ જણાવવા બહુવચન[2] (યોજેલું) છે. નિંદા તો તેણે જ કરેલી હોવાથી ઉત્તરાર્ધમાં તો એકવચન[3] (યોજેલું) છે; અને બધાની નિંદા કરેલી હોવાથી દેવના પક્ષમાં તો બહુવચન[4] જ (યોજેલું છે). કોઈ પણ તારું વચન કબુલ રાખે, તો અમે પણ કબુલ રાખીએ. કબુલ ન રાખવાનું કારણ 'મૃત્યુના બંધનોથી બંધાએલા' વિશેષણથી (કહેલું છે). જેમ સંનિપાતવાળો (સંનિપાત હોય) ત્યારે મૃત્યુના બંધનોથી બંધાએલો બકે છે (તેમ તું બકે છે). એક બંધનથી બંધાએલો પણ છૂટતો નથી, તો પછી ઘણાં (બંધનોથી બંધાએલો) તો કેમ જ છૂટે ? તે દિવસે કાલ કર્મ સ્વભાવ અને ભગવાન્ બધાએ તેના હણનાર તરીકે (તેની) પાસે આવેલ હોવાથી બંધનો ઘણાં થએલાં હોય છે. 'પ્રતિકૂલતયા' વૈરી તરીકે 'મુક્તઃ' પટકેલો તે 'પ્રતિમુક્તઃ', વળી શૂરવીરો વચનને કબુલ કરતા નથી, પણ કાર્યનેજ (સ્વીકારે છે). તેમાં પણ બડાઈ કબુલ રાખતા નથી. યુદ્ધ ભૂમિ ઉપર પ્રાપ્ત કરેલ જય વિગેરેનું બીજા સ્થળે કીર્તન કરવામાં આવે છે, ત્યાંજ (કરેલી) કાર્યથી વિરુદ્ધ બડાઈ કોણજ કબુલ રાખે ? તેમાં પણ તું જે એકલો અને સાહાય્ય કરનાર વિનાનો છે તેની (બડાઈ કોણ કબુલ રાખે ?) (તારી) મોટાઈ તો ચોરની પેઠે પીડા કરનાર હોવાથી છે, એમ 'ઓ પાપી !' એ સંબોધનથી કહેલું છે. 'અભદ્ર' એટલે પાપ. પાપ કરનારો પ્રસિદ્ધ

હોવા છતાં અપકીર્તિનું મૂળ જ છે. ૧૦.

૧...૧. જૂઓ પાછલ શ્લો. ૨

૨. 'મૃગાઃ' દેવો માટે, 'ગ્રામસિંહાન્' દૈત્યો માટે બહુવચનમાં યોજેલા છે.

૩. 'તવ' તારી, 'અભદ્ર' હે પાપી ! એ શબ્દો એકવચનમાં હિરણ્યાક્ષ માટે યોજેલાં છે.

૪. 'વીરાઃ' 'શૂરવીરો' શબ્દ દેવો માટે ઉત્તરાર્ધમાં પણ બહુવચનમાં યોજેલો છે.

'ભૂમિને મૂકી દો' એમ અધર્મ કરનાર તરીકે અમને કહ્યા, તેનો પણ ઉત્તર કહીએ છીએ કે :

**એતે વયં ન્યાસહરા રસૌકસાં ગતહ્રિયો ગદયા દ્રાવિતાસ્તે ।।**
**તિષ્ઠામહેઽથાપિ કથઞ્ચિદાજૌ સ્થેયં ક્વ યામો બલિનોત્પાદ્ય વૈરમ્ ।।૧૧।।**

રસાતલના વાસીઓની થાપણને હરનારા, લજ્જા તજેલા, તારી ગદાએ નસાડેલા અમે આ છીએ, છતાં પણ કેટલાક સમય સુધી સંગ્રામમાં ઊભા છીએ, રહેવું જોઈએ. બલવાન સાથે વૈર ઉત્પન્ન કરી ક્યાં જઈએ ? ૧૧.

જે તમારા સંબંધવાળી થાપણને હરનારા તે અમે આ છીએ. (પોતાનું) સ્વરૂપ દેખાડી ચોરપણું દૂર કરી (આ વચનથી) પ્રભુપણું સ્થાપન કરેલું છે, પણ ચોર હોવાપણું જ કહેલું નથી. આથી[1] એમ કહેલું છે કે હું યજ્ઞ છું. (આનો) અર્થ એવો નથી કે (પોતે ચોર હોઈ) યોગ્ય લાગે તેમ કરો એમ જણાવેલ છે. આક્ષેપવાળાં વચન પ્રમાણે પણ થાપણ હરવાનું સાચું હોવાથી 'અમે આ છીએ' એમ કહેવું એ દોષનો અંગીકાર કરવાના અર્થવાળું હોય, કારણ કે (એ) (હિરણ્યાક્ષની) નિંદા નથી. 'જેમની હ્રી જતી રહેલી છે' એમ (શ્લો.૭) જે કહ્યું, તેના સંબંધમાં 'લજ્જા તજેલા' એમ કહે છે. જેઓ યુદ્ધ કર્યા વિના નાસી જાય અને બડાઈ કરે, તેઓ લજ્જા તજેલા છે. આ પણ સત્ય જ છે, કારણ કે લજ્જાવાળો (પોતાના) સેવક સાથે યુદ્ધ કરતો નથી. અથવા 'ગતા' પ્રાપ્ત કરેલી છે 'હ્રી' લજ્જા જેમણે તેવા (અમે છીએ), કારણ કે 'ત્રણ ખરેખર શોભા પ્રાપ્ત કરેલા છે' સ્થલે તેવો નિર્ણય થએલો છે. અંદરથી અડચણ કરનાર હોવા છતાં, પોતાના (સેવક)ના સંબંધમાં જ અડચણ કરનાર પદાર્થનો સંપૂર્ણ ત્યાગ કરવો તે લજ્જા તજેલા હોવાપણું છે. 'તારી ગદાએ નસાડેલા' વિશેષણથી તેવાપણું (લજ્જારહિત હોવાપણું) કહેલું છે. યુદ્ધ ન કરતાં ત્યાંથી જતા રહેવું એ નાસી જવું જ છે; કારણ કે જનાવરો લાકડી જોઈને નાસી જાય છે. તેથી નાસી જવું અને લજ્જારહિત હોવાપણું (કહ્યું તે) યોગ્યજ છે. ''ત્યારે (તમે) ફરીથી (મારાં વચનો) કહો છો જ કેમ ? નાસી કેમ જતા નથી ?'' એવી શંકા થાય; તેથી ઉત્તરાર્ધ કહેલો છે. 'છતાં પણ' (અમારી) પોતાની હલકાઈ હોવા છતાં પણ, સરસાઈ થશે એવી માન્યતાથી 'આજૌ' સંગ્રામમાં કેટલાક સમય સુધી ઊભા

છીએ. 'કથઞ્ચિત્' એટલે કેટલાક સમય સુધી. તે (હિરણ્યાક્ષ) જાણતો હતો કે ભગવાન્ તો સંગ્રામમાં બહિર્મુખોની સામે ઊભા નહિ રહે, છતાં પણ ભક્તોની ગ્લાનિ દૂર થાય તે માટે કેટલાક સમય સુધી ઊભા છીએ, એવો અર્થ છે.

વળી 'બલવાન સાથે વૈર ઉત્પન્ન કરીને ક્યાં જઈએ ?' જવાનું સ્થાન ન હોવાથી પણ ઊભા છીએ, એવો અર્થ છે; કારણ કે નાસી જઈએ તો બલવાન શોધીને પણ મારે. તેથી પરાજય ચોક્કસ હોવાથી યુદ્ધજ કરીએ છીએ, તેથી કેટલાક સમય સુધી ઉભા છીએ એવું છલવાળું વચન છે. થાપણ
(ભૂમિ) લઈ જઈને અને (મૂકી દેવાની) આજ્ઞા ન માનીને વૈર ઉત્પન્ન કરેલું છે. ૧૧.

૧. 'આથી' એટલે પૂર્ણ ક્રિયાશક્તિ હોવાનું જણાવનાર વચનથી (પ્ર)

ભગવાને એમ કહ્યું, ત્યારે તે (હિરણ્યાક્ષ)ની બુદ્ધિમાં (ભગવાનની) હલકાઈ આવશે, તો તે યુદ્ધ કર્યા વિના જ જતો રહેશે, એવી શંકા થવાથી નીચેનો શ્લોક કહે છે :

**ત્વં પદ્રથાનાં કિલ યૂથપાઽધિપો ઘટસ્વ નોઽસ્વસ્તય આશ્વનૂહઃ ।।**
**સંસ્થાપ્ય ચાઽસ્માન્પ્રમૃજાઽશ્રુ સ્વકાનાં**
**યઃ સ્વાં પ્રતિજ્ઞાં નાઽતિપિપર્ત્યસભ્યઃ ।।૧૨।।**

તું ખરેખર પાયદળ અને રથોના સમૂહોના પાલન કરનારાઓનો અધિપતિ છે, અમારી સાથે અકલ્યાણ માટે વિચાર કર્યા વિના તરત યુદ્ધ કર, અને અમારું સંસ્થાપન કરી (તારા) સંબંધીઓનું આંસુ લૂછ. જે પોતાની પ્રતિજ્ઞા સારી રીતે પૂર્ણ કરતો નથી તે અસભ્ય છે. ૧૨.

પાયદળ અને રથોના સમૂહોના જે પાલન કરનારાઓ છે, તેઓનો પણ તું ખરેખર અધિપતિ છે. અથવા જેઓનાં પગરૂપ રથો છે (તેઓના પાલન કરનારાઓનો તું અધિપતિ છે). આથી એમ કહેલું છે કે તેઓ સુખપૂર્વક રથ ચલાવવાની શક્તિવાળા છે. તેઓના 'યૂથપાઃ' સેનાપતિઓ (નો અધિપતિ છે), તેથી તારે એકલાએ યુદ્ધ ન કરવું, પણ બધાંએ ભેગા થઈને આવવું, એમ (ભગવાને) પોતાની સરસાઈ સૂચવેલી છે. 'નઃ' અમારી સાથે યુદ્ધમાં ઉતર. અમે પણ ઘણાં છીએ, કારણ કે ઉત્તમોએ ઉત્તમ સાથે યુદ્ધ કરવું જોઈએ. તે યુદ્ધ પણ મજાકરૂપ (કરવાનું) નથી, પણ 'અસ્વસ્તયે' અકલ્યાણ થાય તેમ (કરવાનું છે), કારણ કે (બેમાંથી) એકને હણવાનું જરુરી છે. અથવા 'નઃ' નો સંબંધ ('અસ્વસ્તયે' સાથે) છે[1], કારણ કે ત્યારે તેને પાનો ચઢે. ઉલટું વચન થતાં, છલવાળું વચન થાય છે. બંને પ્રકારે અમને હાનિજ થવાની, કારણ કે નમાલા ઉપર વિજય થાય અને સેવક

હણાય[2]. તેથીજ ભગવાને 'નઃ'[3] 'અમારું' એમ કહેલું છે. ભલે ગમે તેમ હો. વિચાર કર્યા વિના તરત યુદ્ધ કર. કોઈ પણ અંશનો વિચાર ન કર. 'ઊહઃ' એટલે વિચાર. અથવા જેમાં વિઘ્ન ન હોય તે 'અનૂહઃ', વિઘ્નરહિત, એવો અર્થ છે. 'તેથી શું (ફલ) થાય ?' એવો પ્રશ્ન થાય, તેથી છલવચનથી 'અને અમારું સંસ્થાપન કરી' એમ કહે છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી દેવોનું પણ (સંસ્થાપન કરી), સંબંધીઓનું આંસુ લૂછ. માત્ર સંસ્થાપન થવાથીજ આંસુઓ દૂર થશે, એટલે જરાતરા અંશ રહ્યો હશે, તેથી ઘણાં (સંબંધીઓ)ના સંબંધવાળું 'એક આંસુ (લૂછ)' એમ કહેલું છે. યુદ્ધ કરવાના વિચાર પ્રમાણે ઘણાં ઉપર ઉપકાર થશે, પરંતુ હલકાને મારવાથી પોતાના મનમાં હલકાઈ થશે. યુદ્ધમાં બીજો પણ ગુણ છે એમ 'જે પોતાની પ્રતિજ્ઞા...' શબ્દોથી કહે છે. જે પોતાની પ્રતિજ્ઞા સારી રીતે 'ન પિપર્તિ' પૂર્ણ કરતો નથી તે અસભ્ય છે. તેથી આ યુદ્ધનાં વિચાર પ્રમાણે પ્રતિજ્ઞા પૂર્ણ થવાથી સભ્યપણું પ્રાપ્ત થતું હોવાથી, અને ઘણાં ઉપર ઉપકાર થતો હોવાથી સર્વ સંજોગોમાં યુદ્ધ કરવું યોગ્ય છે, એવો અર્થ છે. ૧૨.

૧. 'નઃ' એટલે 'હે પુરુષ !' એવો અર્થ છે. (પ્ર) આ સંબોધન નથી, પણ 'અસ્વસ્તયે' નું વ્યાખ્યાન ચાલે છે, તેનો 'નઃ' સાથે સંબંધ છે. 'અમારું અકલ્યાણ થાય તે માટે તું યુદ્ધમાં ઉતર' એવો અર્થ થાય. તેથી હિરણ્યાક્ષને પાનો ચઢે, અને તે યુદ્ધ કર્યા વિના જતો ન રહે. આવો અર્થ જણાય છે.

૨. યુદ્ધમાં હિરણ્યાક્ષનો જય થાય, તો ભગવાનની હાનિ થયાનું સ્પષ્ટજ છે. ભગવાનનો જય થાય, તો પણ નમાલા અસુર ઉપર વિજય પ્રાપ્ત કરવો અને તે સેવકને હણવોએ હાનિજ છે, એવો અર્થ છે. તેથીજ અમારી ( મારી તથા દેવોની ) સાથે યુદ્ધ કર, એમ ભગવાન્ કહે છે. 'મારી સાથે યુદ્ધ કર' એમ કહેતા નથી.

૩. 'નઃ અસ્વસ્તયે' એ છલવાળું વચન ( વક્રોક્તિ ) છે.

પરસ્પર વાણીનું યુદ્ધ કહ્યું. પછી કાયાથી યુદ્ધ થયું એમ નીચેના શ્લોકથી આરંભી છ (શ્લોક) થી કહે છે :

**દ્વાભ્યાં યુદ્ધં તુ દૈત્યસ્ય આરમ્ભો યુદ્ધમેવ ચ ।।**
**પ્રતીકારશ્ચ યુદ્ધં ચ દ્વયં ભગવતઃ પુનઃ ।।૯।।**
**મિશ્રયુદ્ધં તતઃ સ્થૂલમુપસંહાર એવ ચ ।।**

(યુદ્ધનો) આરંભ(૧૩) અને યુદ્ધ જ(૧૪) એમ બે (શ્લોકો)થી તો દૈત્યનું યુદ્ધ (કહેલું છે). પછી ભગવાને કરેલો (તેનો) ઉપાય(૧૫) અને યુદ્ધ(૧૬) બે કહેલાં છે. પછી ભેગું સ્થૂલ યુદ્ધ(૧૭) અને ઉપસંહાર જ(૧૮) કહેલા છે. કા. ૯ ૧/૨.

તે પૈકી આરંભમાં હિરણ્યાક્ષનું યુદ્ધ બે શ્લોકથી કહે છે. યુદ્ધમાં ક્રોધ મુખ્ય

સાધન છે, તે પહેલાં નીચેના શ્લોકથી કહે છે :

॥ મૈત્રેય ઉવાચ ॥

**સોઽધિક્ષિપ્તો ભગવતા પ્રલબ્ધશ્ચ રુષા ભૃશમ્ ॥**
**આજહારોલ્બણં ક્રોધં ક્રીડ્યમાનોઽહિરાડિવ ॥૧૩॥**

ભગવાને તિરસ્કાર કરેલા અને ક્રોધથી ઘણા ઠગાએલા તેણે રમાડાતા ઉત્તમ સર્પની પેઠે ઉગ્ર ક્રોધ ધારણ કર્યો. ૧૩.

'ભગવાને તિરસ્કાર કરેલા' વિશેષણથી ક્રોધ (ધારણ કરવા)નું કારણ (કહેલું છે). તે (ક્રોધ) તો ભક્તને અથવા નમાલાને ન થાય, તેથી 'તેણે' એમ કહેલું છે, 'તે' દૈત્ય હતો અને ઘણો બલવાન હતો. તે સમયે ભગવાને (પોતાનો) સ્વભાવ પ્રકટ કર્યો, એમ 'ભગવાને' શબ્દથી કહેલું છે. (૧) 'ગ્રામસિંહોને' શબ્દથી તિરસ્કાર (કરેલો), (૨) 'અમે આ (રહ્યા)' વિગેરે (શબ્દો)થી 'પ્રલબ્ધઃ' ઠગવાનાં વચનોથી ઠગાએલો હતો. 'ચ' 'અને' શબ્દથી યુદ્ધ (કરવા) માટે આહ્વાન કરેલો (જણાવેલ છે). (૩) તેમાં પણ ક્રોધથી (તેને) ઠગેલો, પણ હિત કરનાર ઉપદેશથી (ઠગેલો) નહિ. તેથી ત્રણ દોષો થએલ હોવાથી, તેને ત્રિદોષરૂપ ઘણો ક્રોધ થયો એમ ઉત્તરાર્ધથી કહેલ છે. 'આજહાર' એટલે કોઈક સ્થલે (ક્રોધ) રાખેલ હોય તેની પેઠે (ત્યાંથી) લઈ આવ્યો, એવો અર્થ છે. 'ઉગ્ર' એટલે દુઃખમાં અંત આવે તેવો. કુદરતી ક્રોધવાળાનો સાધન કરતાં દુઃખમાંજ અંત આવે તેમાં શું કહેવું ? એ વિષયનું દૃષ્ટાંત 'રમાડાતા (ઉત્તમ સર્પની પેઠે)' શબ્દથી કહેલું છે. જેમ 'અહિરાડ્' કાલિય અથવા બીજો ઉત્તમ સર્પ. ૧૩.

તે જેમ (રમાડાતાં) પોતાનું પુરુષાતન પ્રકટ કરે તેમ તેણે કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**સૃજન્નમર્ષિતઃ શ્વાસં મન્યુપ્રચલિતેન્દ્રિયઃ ॥**
**આસાદ્ય તરસા દૈત્યો ગદયાઽભ્યહનદ્ધરિમ્ ॥૧૪॥**

સહન ન કરતાં, ક્રોધથી ખળભળેલી ઈન્દ્રિયોવાળા દૈત્યે શ્વાસ મૂકતાં તરત પાસે આવી હરિ ઉપર ગદાથી પ્રહાર કર્યો. ૧૪.

ઘણો (જરાએ) સહન ન કરતાં, શ્વાસ મૂકતાં, ગદાથી પ્રહાર કર્યો એવો (વાક્યનો) સંબંધ છે. (દેહની) અંદર રહેલા ક્રોધથી શ્વાસ ઉત્પન્ન થયો. બહાર રહેલા, 'મન્યુ' શબ્દથી ઓળખાતા ક્રોધથી તો ઘણો ખળભળાટ કરતી છે ઈન્દ્રિયો જેની, તેવો તે થયો. એવી રીતે તે ક્રોધથી છવાયો એમ કહેલું છે. તેથીજ તરત પાસે આવી, ભગવાનની સમીપ આવી (પ્રહાર કર્યો). ભગવાન્ સાથે યુદ્ધ (કરવું) અયોગ્ય

છે એવી શંકા થાય, તેથી 'દૈત્ય' શબ્દથી તેની જાતિ દર્શાવે છે. મોટો (પુરુષ) તો પછીજ પ્રહાર કરે છે, પહેલાં કરતો નથી, તેથી ભગવાનની સરસાઈ કહેવા તેણે પ્રથમ પ્રહાર કર્યો, એમ 'ગદાથી પ્રહાર કર્યો' શબ્દોથી કહેલું છે. સિંહને અથવા દુઃખ દૂર કરનારને પ્રહાર કરવામાં આવે, તો તે પોતાનુંજ અનિષ્ટ કરનાર થાય છે, એમ સૂચવવા 'હરિ' એમ કહેલું છે. એ પ્રમાણે પ્રહાર (કર્યા) સુધીનું તેનું યુદ્ધ કહ્યું. ૧૪.

નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી ભગવાને કરેલું યુદ્ધ કહે છે :

**ભગવાંસ્તુ ગદાવેગં વિસૃષ્ટં રિપુણોરસિ ।।**
**અવઞ્ચયત્તિરશ્ચીનો યોગારૂઢ ઈવાઽન્તકમ્ ।।૧૫।।**

જેમ યોગમાં કુશલ (પુરુષ) મૃત્યુને ચૂકાવે, તેમ ભગવાને તો શત્રુએ છાતી ઉપર ફેંકેલી ગદાના વેગને ખસી જઈને ચૂકાવ્યો. ૧૫.

'તુ' 'તો' શબ્દથી એમ કહેલું છે કે (ભગવાને) તેની પેઠે ક્રોધ ન કર્યો, પરંતુ શાંત જ રહીને તેનો ઉપાય કર્યો. ઉપાય કરવાની ભગવાનની શક્તિ પોતાના[1] શબ્દથી કહેલી છે. (૧) ગદા ન ચૂકાવી શકાય તેવા વેગવાળી હોય છે, કારણ કે (તેનાથી) સમીપમાં (રહીને) પ્રહાર થાય છે. (૨) તે પણ ઉત્તમ પ્રકારે છાતી ઉપર છોડેલી (અને) (૩) તે પણ શત્રુએ. ન ચૂકાવાના ત્રણ કારણો કહ્યાં, છતાં પણ (ભગવાને) ચૂકાવ્યો એમ 'ચૂકાવ્યો' શબ્દથી કહેલ છે. 'કેવી રીતે ચૂકાવ્યો ?' એવી શંકા થાય, તેથી 'ખસી જઈને' શબ્દથી (ચૂકાવવાનો) પ્રકાર કહેલો છે. ઘણા વેગથી ભગવાન્ ખસી ગયા. 'સમીપમાં થતો પ્રહાર માત્ર ખસી જવાથી કેમ ચૂકાવાય ?' એવો પ્રશ્ન થાય, તેથી 'યોગમાં કુશલ (મૃત્યુને ચૂકાવે તેમ)' એમ કહેલું છે, કારણ કે યોગ પ્રાણને વશ કરવાનું સાધન છે અને મૃત્યુ પ્રાણને હરનારું છે. તે (યોગમાં કુશલ પુરુષ) યોગથી પ્રાણનો લય કરે છે ત્યારે મૃત્યુ શોધવા છતાં પ્રાણને પ્રાપ્ત કરતું નથી. એ પ્રમાણે ભગવાને શત્રુની સમક્ષ પોતાનાં સ્વરૂપને (લીન) કર્યું. તેટલા સમયમાં જ તિરોહિત થયા, તેથી પ્રહાર જ્યાં કરેલ તે સ્થાનમાં અંતર્ધાન થવાથી (ગદાનો વેગ) ચૂકાવાયો, એવો અર્થ છે. ૧૫.

૧. 'પોતાના શબ્દથી' એટલે 'ભગવાન્' શબ્દથી. (પ્ર)

એવી રીતે પહેલાં કરેલ (પ્રહાર)નો ઉપાય કરીને (ભગવાન્) શાંત રહેવા છતાં, તેણે ફરી પ્રહાર કરવાની પ્રવૃત્તિ કરી, પછી ભગવાને (તેના ઉપર) પ્રહાર કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**પુનર્ગદાં સ્વામાદાય ભ્રામયન્તમભીક્ષ્ણશઃ ।।**
**અભ્યધાવદ્ધરિઃ ક્રુદ્ધઃ સંરમ્ભાદષ્ટદચ્છદઃ ।।૧૬।।**

ફરીથી પોતાની ગદા લઈને વારંવાર (તેને) ફેરવતા તેની પાસે, ક્રોધ કરેલા ક્રોધથી હોઠ કરડેલા હરિ દોડી આવ્યા. ૧૬.

'પોતાની' મૂર્વા ઘાસથી બાંધેલી '(ગદા) વારંવાર ફેરવતા' એમ દૃઢ વૈરનું સાધન જણાવવા (કહેલું છે), અને ફેરવવાનું (ફેંકવાની ક્રિયા) પહેલાના સમયનું કહેલું છે. 'હરિ' વરાહ પ્રહાર કરવા માટે 'અભ્યધાવત્' દોડીને સમીપ આવ્યા, એવો અર્થ છે. તેનો (હિરણ્યાક્ષનો) પહેલાનો પ્રયાસ વ્યર્થ થવાથી ક્રોધના જુસ્સાથી કરડેલો છે 'દચ્છદઃ' દાંતોના ઢાંકણરૂપ હોઠ જેમણે તેવા (હરિ થયા). 'જેઓ મને જે પ્રકારે ભજે છે....' (ભ.ગી. ૪.૧૧.) એ માટે એમ કર્યું એવો ભાવ છે. ૧૬.

'પછી (ભગવાને) શું કર્યું ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**તતશ્ચ ગદયાઽરાતિં દક્ષિણસ્યાં ભ્રુવિ પ્રભુઃ ।।**
**આજઘ્ને સ તુ તાં સૌમ્ય ગદયા કોવિદોઽહનત્ ।।૧૭।।**

અને પછી પ્રભુએ શત્રુને જમણી ભ્રમર ઉપર ગદાથી પ્રહાર કર્યો, પરંતુ હે ભલા ! તે કુશલ (પુરુષે) તે (ગદા)ને ગદાથી પ્રહાર કર્યો. ૧૭.

'ગદાથી' કૌમોદકી (ગદા)થી જમણી ભ્રમર ઉપર-, (તે) પુરુષ હોવાથી તેનું આસુરી મૃત્યુ દૂર થાય એવા વિચારથી જમણી ભ્રમર ઉપર-પ્રહાર કર્યો. ''નાનાં સ્થાન ઉપર પ્રહાર કેમ કરી શકાય ?'' એવી શંકા થાય, તેથી 'પ્રભુ' એમ કહેલું છે. 'તે (ગદા)ને' એટલે કૌમોદકી ગદાને, 'હે ભલા (પુરુષ) !' પોતાની મૂર્વા ઘાસ બાંધેલી ગદાથી ગદાયુદ્ધમાં 'કુશલ' એટલે પંડિત (હિરણ્યાક્ષે) પ્રહાર કર્યો. ૧૭.

એ પ્રમાણે પરસ્પરનું યુદ્ધ કહીને, નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે :

**એવં ગદાભ્યાં ગુર્વીભ્યાં હર્યક્ષો હરિરેવ ચ ।।**
**જિગીષયા સુસંરબ્ધાવન્યોન્યમભિજઘ્નતુઃ ।।૧૮।।**

એ પ્રમાણે હર્યક્ષ અને હરિ પોતે જય પ્રાપ્ત કરવાની ઈચ્છાથી ઘણાં જુસ્સામાં આવી મોટી ગદાઓથી એક બીજાને પ્રહાર કરતા હતા. ૧૮.

ઘણા સમય સુધી યુદ્ધમાં ઉપયોગી થાય તે માટે 'મોટી' ગદાઓથી (પ્રહાર કરતા હતા). હર્યક્ષ એટલે હરિ જ હતા 'અક્ષણિ' આંખમાં જેની તે હિરણ્યાક્ષ, (હરિની) સમાન હતો એમ જણાવવા (તેને માટે) 'હર્યક્ષ' શબ્દ યોજેલો છે. 'હરિ' એટલે ભગવાન્. વધ કરાય તેવા ન હતા એમ જણાવવા બંને માટે 'હરિ' શબ્દ યોજેલો છે. (બંનેનો) પ્રયાસ જય પ્રાપ્ત કરવાના પ્રયોજનથી જ હતો, વધુ કરવા માટે ન હતો એમ જણાવવા 'જય પ્રાપ્ત કરવાની ઈચ્છાથી' એમ કહેલું છે. 'ઘણા

જુસ્સામાં આવી' શબ્દથી બંનેને યુદ્ધ કરવાનું કારણ કહેલું છે. એક બીજાને સર્વ તરફથી પ્રહાર કરતા હતા. ૧૮.

એ પ્રમાણે ભગવાનની યુદ્ધલીલા કહીને, નીચેના શ્લોકમાં તેનું વર્ણન કરે છે :

**તયોઃ સ્પૃધોસ્તિગ્મગદાહતાઙ્ગયોઃ ક્ષતાત્સ્રવદ્ઘ્રાણવિવૃદ્ધમન્વ્યોઃ ।।**
**વિચિત્રમાર્ગાશ્ચરતોર્જિગીષયા વ્યભાદિલાયામિવ શુષ્મિણોર્મૃધઃ ।।૧૯।।**

પ્રચંડ ગદાઓથી જેમના અંગ ઘવાયાં હતાં અને ઘામાંથી નીકળતાં (લોહી)ની ગંધથી જેમનો ક્રોધ ઘણો વધેલો હતો તેવા, જય પ્રાપ્ત કરવાની ઈચ્છાથી વિચિત્ર માર્ગોમાં ફરતા તે બે સ્પર્ધા કરનારાઓનું યુદ્ધ ભૂમિ ઉપર જેમ બે આખલાઓનું યુદ્ધ શોભે તેમ શોભતું હતું. ૧૯.

પરસ્પર સ્પર્ધા કરનારા તે બે, જેમનાં અંગો પ્રચંડ ગદાઓથી ઘવાયાં હતાં (તેમનું યુદ્ધ શોભતું હતું). ''દુઃખના પ્રભાવથી યુદ્ધ કરતાં બંધ પડ્યા હશે'' એવી શંકા થાય, તેથી 'ઘામાંથી નીકળતાં (લોહી)ની ગંધથી જેમનો ક્રોધ ઘણો વધેલો હતો.' એ વિશેષણથી કારણ સાથે ક્રોધ વધેલ હોવાનું કહેલું છે. ગદાના પ્રહારથી જે ઘા થયો, તેમાંથી નીકળતું જે લોહી, તેની ગંધ એટલે ઉપભોગ, તેનાથી ઘણો વધેલો હતો ક્રોધ જેમનો, તેવા (તે બે હતા). ગદા (યુદ્ધ)ના 'વિચિત્ર માર્ગોમાં ફરતા' વિશેષણથી યુદ્ધલીલામાં (વીર) રસમાં આસક્તિ કહેલી છે. સ્વરૂપથી અને અભિપ્રાયથી જય પ્રાપ્ત કરવાની ઈચ્છાજ હોવાથી, આમાં પણ જય પ્રાપ્ત કરવાની ઈચ્છાજ કારણરૂપ હતી. ''બે શત્રુઓને માત્ર જય પ્રાપ્ત કરવાનુંજ પ્રયોજન કેમ હોય ?'' એવી શંકા થાય, તેથી 'ભૂમિ ઉપર જેમ બે આખલાઓનું (યુદ્ધ શોભે)' એવું દૃષ્ટાંત કહેલું છે. 'ઈલા' એટલે ભૂમિ. એકમાં સ્થાન દર્શાવવા[1] સાતમી (વિભક્તિ) છે, અને બીજામાં પ્રયોજન દર્શાવવા સાતમી (વિભક્તિ) છે. જેમ પૃથ્વી ઉપર કામને લીધે મત્ત થએલા બે ઘણા પુષ્ટ આખલાઓ એક બીજા ઉપર વિજય પ્રાપ્ત કરવાની ઈચ્છાથી યુદ્ધ કરે, અથવા જેમ ગાય માટે તે બેનું યુદ્ધ થાય, તેમ તે બેનું યુદ્ધ 'વ્યભાત્' શોભતું હતું. ૧૯.

૧. જેમ ભૂમિ ઉપર (સ્થાન દર્શાવનારી સપ્તમી) બે આખલાઓનું યુદ્ધ શોભે, તેમ ભૂમિ માટે (પ્રયોજન દર્શાવનારી સપ્તમી) હર્યક્ષ અને હરિનું યુદ્ધ શોભતું હતું. 'ઈલા' એટલે (૧) ભૂમિ (૨) ગાય.

એ પ્રમાણે લીલાથી યુદ્ધ કરવામાં આવે, તો ભગવાનથી તે (હિરણ્યાક્ષ)નું મૃત્યુ નહિ થાય, એવી શંકા થતાં, બ્રહ્મા પોતે આવી, તેનો વધ કરવા પ્રાર્થના કરે છે

એમ નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોકો)થી, આવવું અને પ્રાર્થના કરવી, એવા ભેદથી કહે છે :

**દૈત્યસ્ય યજ્ઞાऽવયસ્ય માયયાગૃહીતવારાહતનોર્મહાત્મનઃ ।।**
**કૌરવ્ય મહ્યાં દ્વિષતોર્વિમર્દનં દિદૃક્ષુરાગાદૃષિભિર્વૃતઃ સ્વરાટ્ ।।૨૦।।**

હે કુરુના વંશજ ! દૈત્ય અને માયાથી જેમણે વરાહનો દેહ ધારણ કરેલો તે ઉદાર મનવાળા યજ્ઞરૂપ અવયવાળા (ભગવાન્), એ બે શત્રુઓનું ભૂમિ ઉપરનું યુદ્ધ જોવાની ઈચ્છાવાળા સ્વરાટ્ ઋષિઓથી વીંટાઈને આવ્યા. ૨૦.

બંને સમાન બલવાળા છે એમ જણાવવા (બંનેના) સ્વરૂપનું વર્ણન કરે છે. તે પૈકી યુદ્ધ વિગેરેમાં દૈત્યપણું જ ઉપયોગી હોવાથી તેજ કહેલું છે. યજ્ઞો છે અવયવો જેમના તે (યજ્ઞરૂપ અવયવાળા). આથી તેમનામાં (ભગવાનમાં) ક્રિયાશક્તિ પૂર્ણ છે એમ કહેલું છે. 'જેમના યજ્ઞો અવયવો છે તે આવા આકારવાળા કેમ હોય ?' એ દોષને 'માયાથી જેમણે વરાહનો દેહ ધારણ કરેલો' શબ્દોથી દૂર કરતાંજ (તેમનું) ઉત્તમ સામર્થ્ય કહેલું છે. 'ઉદાર મનવાળા' એ વિશેષણથી એમ સૂચવેલું છે કે તેવા (ભગવાન)ને યુદ્ધ કરવાનું પ્રયોજન જણાતું નથી. મોટા (પુરુષો)ના ચરિત્રમાં વિશ્વાસ રહે તે માટે (વિદુરનું) 'હે કુરુના વંશજ' એવું સંબોધન (કરેલું છે). જલમાં યુદ્ધ થતું હતું એ વિચાર પ્રમાણે તો (તે) તેમનાથી (બ્રહ્માથી) દેખાય નહિ, તેથી તેને (ગણત્રીમાં) ન લેવા, 'મહ્યામ્' ભૂમિ ઉપરનું બે શત્રુઓનું મોટું યુદ્ધ જોવાની ઈચ્છાવાળા (બ્રહ્મા) પોતે આવ્યા. 'હિરણ્યાક્ષનો વધ થતાં બ્રહ્માનું કયું પ્રયોજન સિદ્ધ થાય ?' એવો પ્રશ્ન થાય, તેથી 'સ્વરાટ્' એમ કહેલું છે; કારણ કે તે (બ્રહ્મા) બધીએ સૃષ્ટિના રાજા છે. ઇંદ્ર વિગેરે તેમના અંશો છે. સાક્ષી થવા માટે ઋષિઓ આવેલા. ૨૦.

તે બેનું યુદ્ધ જોઈ, આ બે રમત કરે છે એમ માની, (બ્રહ્માએ હિરણ્યાક્ષનો) વધ કરવા પ્રાર્થના કરી, એમ નીચેના શ્લોકથી કહે છેઃ

**આસન્ન શૌણ્ડીરમપાસ્તસાધ્વસં કૃતપ્રતીકારમહાર્યવિક્રમમ્ ।।**
**વિલોક્ય દૈત્યં ભગવાન્સહસ્રણીર્જગાદ નારાયણમાદિસૂકરમ્ ।।૨૧।।**

સાહસનો ઉત્સાહ જેણે ધારણ કરેલો, જેનો ભય જતો રહ્યો હતો, જેણે સામો પ્રહાર કરેલ અને જેનું પરાક્રમ હરી ન શકાય તેવું હતું તેવા દૈત્યને જોઈને હજારોના નાયક ભગવાન્ બ્રહ્માએ આદિવરાહ નારાયણને નીચે પ્રમાણે કહ્યું. ૨૧.

ભગવાનની સરસાઈ યોગ્ય છે, તે (દૈત્ય)ની યોગ્ય નથી, તેથી તેનુંજ વર્ણન કરે છે. 'આસન્નં' ધારણ કરેલ હતો 'શૌણ્ડીરં' સાહસનો ઉત્સાહ જેણે, ભગવાનની

સમીપ હોવાથી જતો રહેલ હતો ભય જેનો, કરેલ હતો સામો પ્રહાર જેણે, કોઈથી પણ હરી ન શકાય તેવું હતુ પરાક્રમ જેનું, તેવા દૈત્યને જોઈને, આ જીતી ન શકાય તેવો છે એમ જાણીને, ભગવાન્ જો હણવા ઈચ્છે તોજ આનું મરણ થાય પરંતુ ઉદાસીન રીતે (યુદ્ધ કરે) તો ન થાય એમ માનીને, (બ્રહ્માએ) પોતાના પિતા, સર્વ અવતારોમાં પહેલા અવતારરૂપ ભગવાન્ આદિવરાહને (નીચે પ્રમાણે) કહ્યું, એવો (વાક્યનો) સંબંધ છે. (બ્રહ્માને) તેવું જ્ઞાન હતું એ વિષયનું કારણ 'ભગવાન્' વિશેષણથી (કહેલું છે). ''એમ કહેવામાં આવતું હોય, ત્યારે તે જો બ્રહ્મા ઉપરજ પ્રહાર કરે, તો શું પરિણામ આવે ?'' એવી શંકા થાય, તેથી 'હજારોના નાયક' એમ કહેલું છે. હજારોને (યુદ્ધમાં) દોરવણી કરે તે બ્રહ્મા પોતાના જેવા હજાર યોધાને દોરવણી કરનાર હતા, તેથી આમને ભય ન હતો, એવો અર્થ છે. ૨૧.

ભગવાન્ (હિરણ્યાક્ષને) હણે તે માટે નીચેના બે (શ્લોક)થી બ્રહ્મા તેનાં દૂષણોજ કહે છે :

॥ બ્રહ્મોવાચ ॥

**એષ તે દેવ દેવાનામઙ્ઘ્રિમૂલમુપેયુષામ્ ॥**
**વિપ્રાણાં સૌરભેયીણાં ભૂતાનામપ્યનાગસામ્ ॥૨૨॥**
**આગસ્કૃદ્ભયકૃદુષ્કૃદસ્મદ્રાદ્ધવરોઽસુરઃ ॥**
**અન્વેષન્નપ્રતિરથો લોકાનટતિ કણ્ટકઃ ॥૨૩॥**

હે દેવ ! આ દેવોને, આપના ચરણના મૂલને શરણ આવનારને વિપ્રોને ગાયોને અને નિર્દોષ પ્રાણીઓને પણ દોષવાળા બનાવનાર, ભય ઉત્પન્ન કરનાર, દુષ્ટ કર્મ કરનાર, મારી પાસેથી વર પ્રાપ્ત કરેલો અસુર, (પોતાની) સમાન બલવાળો યોદ્ધો ન હોવાથી (તેવાને) શોધતો લોકોમાં કંટકરૂપ થઈ ફરે છે. ૨૨-૨૩.

'ભક્તનો દ્રોહ કરે ત્યારે વધ વિચારેલો છે' એવો ભગવાનનો ભાવ હોવાથી આણે ભક્તનો દ્રોહજ કરેલો છે એમ કહે છે. 'આ' એટલે હિરણ્યાક્ષ. (દેવો પ્રતિ) પક્ષપાત જણાવવા 'હે દેવ !' એવું સંબોધનજ (કરેલું છે). (૧) દેવોનો દ્રોહ (કરેલ) હોવાથી, (હિરણ્યાક્ષના) વધથી દોષ થતો નથી એમ જણાવવા 'દેવોને' એમ કહેલું છે. (૨) 'ચરણના મૂલને શરણ આવનારને' શબ્દથી (વધ કરવાનું) મુખ્ય કારણ કહેલું છે. (૩) બ્રાહ્મણો અને ગાયો યજ્ઞમાં ઉપયોગી હોવાથી, તેઓનો વિરોધ (હિરણ્યાક્ષે કરેલ) હોવાથી યજ્ઞસ્વરૂપ વરાહે (તેને) અવશ્ય હણવો જોઈએ, એ ચાલુ અવતારમાં ઉપયોગી હોવાથી 'વિપ્રોને, ગાયોને' એમ કહેલું છે.(૪) વિષ્ણુ સામાન્ય રીતે રક્ષણ કરનાર હોવાથી, તે (વિષ્ણુ) તરીકે રક્ષણ કરે તે માટે 'નિર્દોષ પ્રાણીઓને

પણ' એમ કહેલું છે, કારણ કે અપરાધરહિત પ્રાણીઓનું રક્ષણ કરનારે સદા કરવું જોઈએ. ચાર કારણોથી આ હણવા યોગ્ય છે એમ કારણો કહ્યાં. ૨૨.

ત્રેવીસમા શ્લોકમાં તેના પણ ચાર દોષો કહે છે. (૧) આરંભમાં અપરાધ રહિતને અપરાધવાળો જણાવે છે, ખોટોજ અપરાધ સિદ્ધ કરાવે છે. (૨) પછી ધમકી વિગેરેથી ભય ઉત્પન્ન કરે છે. (૩) પછી મારવાનું, બધી મિલ્કત પડાવી લેવાનું વિગેરે દુષ્ટ (કર્મ) કરે છે. 'મારી પાસેથી વર પ્રાપ્ત કરેલો' વિશેષણથી બીજા પણ દોષો (તેનાથી) ઉત્પન્ન થાય તે માટે(નું) તેનું બલ કહેલું છે. મારી પાસેથી 'રાદ્ધઃ' પ્રાપ્ત કરેલો છે વર જેણે, તેવો (તે છે). ''દેવ પાસેથી વર પ્રાપ્ત કરીને તે દુષ્ટ કેમ થયો ?'' એવી શંકા થાય, તેથી 'અસુર' એમ કહેલ છે. સર્પોને દુધ પાવામાં આવે, તેની પેઠે (વરથી દુષ્ટ થયો). (૪) આ 'કંટકરૂપ' છે એમ ચોથો દોષ કહેલો છે. (કાંટારૂપ તે) ગતિનોજ નાશ કરે છે, થોડો હોય તો પણ ઘણું દુઃખ આપનારો છે એવો અર્થ છે. વળી આની સમાન બલવાળો યોદ્ધો નથી. નથી લોકમાં 'પ્રતિરથઃ' યુદ્ધમાં સમાન બલવાળો જેની, તેવો (આ છે). તેથીજ સમાન બલવાળાને શોધતો લોકોમાં ફરે છે. તેથી અહંકારી દુષ્ટ હણવા યોગ્ય છે, એવો અર્થ છે. ૨૩.

આના પ્રતિ ઉદાસીન ન રહેવું, એવું નીચેના શ્લોકમાં કહે છે :

**મૈનં માયાવિનં દૃપ્તં નિરંકુશમસત્તમમ્ ।।**
**આક્રીડ બાલવદ્દેવ યદાડડશીવિષમુત્થિતમ્ ।।૨૪।।**

હે દેવ ! આ માયાવી, અહંકારી, અંકુશરહિત ઘણા દુષ્ટને બાલકની પેઠે રમાડો નહિ, કારણ કે (આ) જગાડેલો સાપ છે. ૨૪.

આને 'આક્રીડ' રમાડો નહિ, એવો અર્થ છે; અથવા આને લક્ષમાં રાખીને રમત ન કરો, એવો અર્થ છે. તેનાં ચાર કારણો છે. (૧) માયાવી. વળી આ માયાવી છે, આનું બલ જણાતું નથી; તેથી જ્યારે બલ ઘટી જશે ત્યારે તે તરતજ નાસી જશે, તેથી હમણાંજ હણવો યોગ્ય છે. વળી (૨) આ વિના કારણ અહંકારી છે. તેથી ઉદાસીન રહેવાથી જગતનો નાશ કરશે. વળી (૩) અંકુશરહિત છે. આપના સિવાય બીજો (કોઈ) આને વશ રાખનાર નથી. તેથી આના સંબંધમાં બીજો (કોઈ) આને વશ રાખનાર નથી. તે પોતેજ સમય જતાં મૂર્ખાઈ તજશે, એમ ન માનશો, કારણ કે આ ઘણો દુષ્ટ છે. તેથીજ 'હે દેવ ! બાલકની પેઠે (તેને) રમાડો નહિ;' કારણ કે બાલક પરિણામનો વિચાર કરતો નથી. વળી (૪) આ આપના ઉપર પણ અપકાર કરશે, એમ 'કારણ કે (આ) જગાડેલો સાપ છે' શબ્દોથી કહેલું છે. જગાડેલો સાપ (હણવા યોગ્ય છે). જો સૂતેલા સર્પને ક્રિયાથી જગાડવામાં આવે, તો (તેને)

હણવોજ જોઈએ. તેમ ન કરીએ, તો અપકાર કરે. ૨૪.

વળી સ્વભાવથીજ આ ઘણો બલવાન છે. સંધ્યા સમયે અત્યંત બલવાન થશે. તેથી આ(ના બલ)ની વૃદ્ધિનો સમય આવે નહિ, તેટલામાંજ આ હણવા યોગ્ય છે, એમ નીચેના શ્લોકથી કહે છેઃ

**ન યાવદેષ વર્ધેત સ્વાં વેલાં પ્રાપ્ય દારુણઃ ।।**
**સ્વાં દેવમાયામાસ્થાય તાવજ્જહ્યઘમચ્યુત ।।૨૫।।**

હે અચ્યુત ! આ ભયંકર (દૈત્ય) પોતાના સમયને પ્રાપ્ત કરીને વૃદ્ધિ ન પામે તેટલામાં પોતાની દેવમાયાનો ઉપયોગ કરીને પાપને હણો. ૨૫.

(દૈત્ય) વૃદ્ધિ પામે, ત્યારે (થનાર) દોષ 'ભયંકર' વિશેષણથી કહેલ છે. 'પોતાનો સમય' એટલે સંધ્યા, કારણ કે તે દૈત્યો તે સમયે ઉત્પન્ન થએલા. આ બે (હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ)નો પણ ત્યારેજ જન્મ (થએલો). 'ત્યારે કેવી રીતે હણવો ?' એવો પ્રશ્ન થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે; કારણ કે 'હે ભારત ! રજોગુણ અને તમોગુણનો પરાભવ કરીને સત્ત્વ પ્રવર્તે છે' (ભ.ગી.૧૪-૧૦). એ વાક્ય પ્રમાણે દેવમાયા અસુરોનો પરાભવ કરનારી છે. વધ કરવાથી દોષ થશે એમ ન માનશો, કારણ કે આ પાપરૂપ છે. આ યુદ્ધમાં (આપના) પોતાના (વિજય) વિષે સંદેહ ન રાખશો, એમ 'હે અચ્યુત !' એ સંબોધનથી કહેલ છે. ૨૫.

સંધ્યા પોતે પણ નાશ કરનારી છે, એમ નીચેના શ્લોકથી કહે છે :

**એષા ઘોરતમા સન્ધ્યા લોકચ્છમ્બટ્કરી પ્રભો ।।**
**ઉપસર્પતિ સર્વાત્મન્ સુરાણાં જયમાવહ ।।૨૬।।**

હે પ્રભો ! આ લોકોનો નાશ કરનારી ઘણી ઘોર સંધ્યા સમીપમાં આવે છે. હે સર્વરૂપ ! દેવોને જય પ્રાપ્ત કરાવો. ૨૬.

(૧) આ દેવોની સંધ્યા આવે છે કારણ કે જ્યોતિશ્ચક્ર સ્થિર છે અને પૃથ્વી વચ્ચે રાખેલી છે. બ્રહ્મા વિગેરે દેવો હોવાથી દેવોના માનથી (સંધ્યા કહી છે) એવો નિશ્ચય થાય છે. અથવા (૨) આ બ્રહ્માનો દિવસ છે, કારણ કે 'લોકોનો નાશ કરનારી' એમ કહેલ હોવાથી, તેમના વર્ષના છેલ્લા દિવસેજ કલ્પનો પ્રલય થાય છે. પહેલા મત પ્રમાણે સંધ્યા લોકોનો નાશ કરે તે સ્વાભાવિક હોવાથી તેમ કહેલું છે. અથવા (૩) જ્યોતિશ્ચક્ર ફર્યા કરતું હોવાથી મનુષ્યોનું માન છે. (મનુષ્યોનાં માન પ્રમાણે સંધ્યા આવતી હોવાનું કહેલું છે.) અથવા (૪) (કાલની) અધિષ્ઠાત્રી દેવતાઓ ભગવાનની સેવા કરવા આવેલા કાલ પાસે એક પછી એક પ્રકટ થયા કરે છે, તેથી તે દેવતાને જ સંધ્યા કહેલી છે. અભિજીતનું પણ તેમજ જાણવું. એવી રીતે

ચારે વિચાર પ્રમાણે સમાધાન કરવાનું શક્ય હોવા છતાં પણ આ[1] વિચારજ મુખ્ય છે.

'છમ્બટ્' શબ્દ વૈદિક છે. તેનો અર્થ 'નાશ' છે. 'તેથી એક અષ્ટકાને ખાલી કરે છે' એ શ્રુતિ પ્રમાણે તેની સમાન અર્થવાળો 'ખાલી' (શબ્દ) છે. તેથીજ સંધ્યા પણ લોકોનો નાશ કરનારી છે. દૈત્ય પણ (તેવો છે). બંને ભેગાં થતાં ઘણો અનર્થ થાય, તેથી તે (સંધ્યા)ની પહેલાંજ દૈત્યને હણવો જોઈએ, એવો અર્થ છે. 'પ્રભો !' શબ્દ (ભગવાનની) તેવી શક્તિ સૂચવે છે. બધાએ અવતારોમાં સત્ત્વ અંશ ઢંકાઈ જતો હોવાથી, (વરાહના) જ્ઞાનનો જાણે કે તિરોભાવ થયો હોય તેમ (બ્રહ્મા) માને છે, તેથી (તેમને) જણાવે છે. ત્રણ પ્રહર થયા છે, તેથી સંધ્યા થોડા સમયમાંજ થશે, એવા વિચારથી 'સમીપમાં આવે છે' એમ કહે છે. સર્વનું રક્ષણ કરવાનું આપને જરૂરી છે એમ (જણાવવા), 'હે સર્વરૂપ !' શબ્દથી તેવું સંબોધન કરે છે. એકને હણવાથી ઘણાનું રક્ષણ થતું હોવાથી, 'સર્વરૂપ' હોવા છતાં, (તેને) હણવાનું (પોતાનાં એ સ્વરૂપથી) વિરુદ્ધ નથી. 'છતાં પણ સંપૂર્ણ રીતે હણવો નહિ, માત્ર રક્ષણ જ કરવું' એવો વિચાર થાય, તેથી 'દેવોને જય પ્રાપ્ત કરાવો' એમ કહેલું છે. સત્ત્વના સમયમાં દેવોનો વિજય (થાય તેમ) કરવું જોઈએ. ૨૬.

૧. ( કાલની ) દેવતાઓ આવે છે એવો ( ચોથો ) વિચાર. ( પ્ર )

''હું જ (તેને) હણીશ. આ પ્રમાણે શા માટે (તું) જણાવે છે ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**અધુનૈષોડભિજિન્નામ યોગો મૌહૂર્તિકો હ્યગાત્ ।।**
**શિવાય નસ્ત્વં સુહૃદામાશુ નિસ્તર દુસ્તરમ્ ।।૨૭।।**

હમણાં આ અભિજિત્ નામનો એક મુહૂર્તનો યોગ ગયો. અમો સ્નેહીઓનું કલ્યાણ થાય તે માટે આપ સહન ન થઈ શકે તેવાથી તરત બચાવો. ૨૭.

તે (અભિજિત્)ની અધિષ્ઠાત્રી દેવતા પ્રત્યક્ષ (દેખાતી) હોવાથી, 'આ' એમ કહેલું છે. અભિજિત્ નક્ષત્ર મધ્યાહ્ન સમયે રાશિ દ્વારા પ્રાપ્ત થાય છે, તેથી તેમ[1] કહેલું છે. તુલા સંક્રાંતિના આઠ દિવસ જાય, ત્યારે તેજ દિવસે ઉત્તરાષાઢાના ચોથા ચરણમાં મધ્ય દિવસ હોય ત્યારે માત્ર એક મુહૂર્ત સુધી 'અભિજિત્' યોગ હોય છે. 'તે દેવોએ તે નક્ષત્રમાં યજ્ઞ કર્યો' એ ઉપાખ્યાનમાં અભિજિત્ નક્ષત્રમાં દેવોએ દૈત્યો ઉપર વિજય (પ્રાપ્ત કર્યાનું) કહેલું છે. તે (યોગ) તો થોડા સમય ઉપરજ ગયો. જેનો પરાભવ થઈ ન શકે તેવા ઉપર વિજય (પ્રાપ્ત) થાય તે માટે ત્યારેજ હણવો યોગ્ય હતો. અથવા 'પાપને લીધે પરાજય પામેલા જેવાને તો' એ શ્રુતિ પ્રમાણે અભિજિત્ નક્ષત્ર (જય પ્રાપ્ત કરવા માટે ઘણું) ઉત્તમ નથી, કારણ કે (તેમાં અસુરોનો) પાપથી

પરાજય થએલો. તેથી તે (અભિજિત્ યોગ) પણ ગયો, અને સંધ્યા થઈ નથી, તેથી હણવા યોગ્ય છે એવો અર્થ છે. અમો 'સ્નેહીઓ' દેવોનું કલ્યાણ થાય તે માટે, એવા પ્રકારના દુષ્ટ સહન ન થઈ શકે તેવા મૃત્યુરૂપ (દૈત્ય)થી તરત 'નિસ્તર' સંપૂર્ણ પ્રકારે બચાવો. ૨૭.

૧. 'તેમ' એટલે યોગ હોવાનું (કહેલું છે). (પ્ર)

''આનું જીવે તેવું અદષ્ટ હોય, ત્યારે (આ) કેમ મરે ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**દિષ્ટ્યા ત્વાં વિહિતં મૃત્યુમયમાસાદિતઃ સ્વયમ્ ।।**
**વિક્રમ્યૈનં મૃધે હત્વા લોકાનાધેહિ શર્મણિ ।।૨૮।।**

સદ્ભાગ્યે આ (તેના) મુકરર કરેલા મૃત્યુરૂપ આપની પાસે પોતે આવેલો છે. પરાક્રમ કરી સંગ્રામમમાં આને હણી લોકોને સુખમાં મૂકો (રાખો). ૨૮.

કારણ કે આ અવસરે આપની પાસે આવેલો છે, તેથી એમ જણાય છે કે આ જીવે તેવું આનું અદષ્ટ નથી. આનું મૃત્યુ આપજ છો, તેથી સદ્ભાગ્યે આ પોતાની મેળેજ મૃત્યુરૂપ આપની પાસે 'આસાદિતઃ' આવેલો છે. જેમ મૃત્યુ રોગ વિગેરે પરાક્રમથી તે (રોગી)ને હણે છે, એવી રીતે આને પણ પરાક્રમ કરીનેજ સંગ્રામમમાં હણી બધાએ લોકોને પરમસુખમાં મૂકો, એવી પ્રાર્થના છે. યુદ્ધમાં હણવાથી દોષ પણ નહિ (થાય). ૨૮.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના અઢારમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય ઓગણીસમો ।।

**એવં સ્થિતિર્હરૌ તસ્ય પૂર્વાધ્યાયે નિરૂપિતા ।।**
**પ્રલયો બ્રહ્મણો વાક્યાદ્ભગવત્કૃત ઈર્યતે ।।૧।।**

એ પ્રમાણે ગયા અધ્યાયમાં હરિમાં તે (હિરણ્યાક્ષ)ની સ્થિતિ કહી. બ્રહ્માના વાક્યથી ભગવાને કરેલો (તેનો) નાશ કહેવામાં આવે છે. કા.૧.

**એકોનવિંશે ભગવાન્ક્રીડન્નિવ મહાસુરમ્ ।।**
**સુરાણાં મહદર્થાય હતવાનિતિ વર્ણ્યતે ।।૨।।**

ઓગણીસમા અધ્યાયમાં એવું વર્ણન કરવામાં આવે છે કે દેવોના ઉત્તમ લાભ માટે ભગવાને પોતે રમત કરતા હોય તેમ મોટા અસુરને મારી નાખ્યો. કા. ૨.

એ પ્રમાણે બ્રહ્માએ સ્તુતિ કરી છતાં, (હિરણ્યાક્ષ) ભક્ત હોવાથી (ભગવાન્ તેને) હણશે કે નહિ એવો સંદેહ હોવાથી, નીચેનો શ્લોક કહે છે :

।। મૈત્રેય ઉવાચ ।।

**અવધાર્ય વિરઞ્ચ્યસ્ય નિર્વ્યલીકામૃતં વચઃ ।।**
**પ્રહસ્ય પ્રેમગમ્ભીરં તદપાંગેન સોઽગ્રહીત્ ।।૧।।**

વિરંચ્યનાં કપટરહિત અમૃત વચનનો નિર્ણય કરીને, તેમણે ઘણું હસી પ્રેમને લીધે દીર્ઘદષ્ટિવાળાં તે (વચન)નો કટાક્ષથી સ્વીકાર કર્યો. ૧.

આ (બ્રહ્મા) દેવની સ્થિતિવાળા હોવાથી દ્વેષથી કહે છે કે એવુંજ છે, એમ ભગવાને તે વચનનો વિચાર કર્યો. તેનો નિર્ણય કરીને 'હું તેમજ કરીશ' એમ તેનો સ્વીકાર કર્યો. 'વિરંચ્ય' શબ્દથી પણ તે ખોટું બોલનાર નથી એમ જણાયું, કારણ કે 'રવિ' શબ્દ ઉલટાવેલો ('વિર' થાય), (અને) 'વિરં' રવિને 'ચિનોતિ' પ્રાપ્ત કરે (બનાવે) તે 'વિરંચ્ય'. આ સૂર્ય વિગેરેને બનાવનાર છે, અંધકાર બનાવનાર નથી. તેથી (તેમનું વચન) કપટરહિત અને 'અમૃત' એટલે હિત કરનારું તથા મીઠું (છે). એવા ગુણવાળું વચન સત્ય છે એવો નિર્ણય કરી, બ્રહ્માને ભય પામેલા જાણીને અથવા (પોતાની) સમીપમાં (તેમને) જ્ઞાન થયું નહિ તેથી ઘણું હસીને, પ્રેમને લીધે દીર્ઘદષ્ટિવાળાં તે વચનનો કટાક્ષથી જ સ્વીકાર કર્યો. 'પ્રેમગર્ભેણ' 'પ્રેમથી ભરેલાં (કટાક્ષથી)' એવો પાઠ હોય, ત્યારે (ભગવાનની) દષ્ટિ પ્રેમવાળી હતી અને તે અધિક પ્રેમ ઉત્પન્ન કરાવશે, એમ તેઓને નિર્ભય (રહેવાનું) જણાવે છે. 'તેમણે' એટલે ભગવાને. ભૂમિનો ઉદ્ધાર કરીને તે તિરોહિત ન થયા, અને તે (વરાહના) સ્વરૂપમાં (પોતે) પ્રવેશ કર્યો[1] (લીન થયા) નહિ, એમ તે (શબ્દ) જણાવે છે. ૧.

૧. 'પ્રવેશિતઃ' નો પ્રવેશ કર્યો એવો અર્થ છે. (પ્ર)

એ પ્રમાણે (હિરણ્યાક્ષના) વધની પહેલાંથી સ્થિતિ (અને) ભગવાનની (તેનો વધ કરવાની) ઈચ્છા કહીને, (ભગવાન્) સર્વરૂપ હોવાથી, (તેને) હણ્યા પહેલાં તેની કામના પૂર્ણ કરે છે. તેને એવી મોટી કામના હતી કે યુદ્ધ કરવું, અને (તેમાં) જય થાય. તેથી આરંભમાં (ભગવાન્) તે બંને સિદ્ધ કરે છે. તે પૈકી પહેલાં યુદ્ધમાં તેને જય પ્રાપ્ત કરાવે છે, એમ નીચેના શ્લોકથી આરંભી પાંચ (શ્લોકો)થી કહે છે. આગળ દૈત્યનો જય (થાય છે એમ) કહેવાનું હોવાથી પહેલાં ભગવાને કરેલું યુદ્ધ કહે છે.

**યુદ્ધં તસ્ય પ્રતીકારો દૈત્યધર્મશ્ચ સાધકઃ ।।**
**સર્વલોકપ્રસિદ્ધિશ્ચ ભક્તાનામાશિષસ્તથા ।।૩।।**
**સર્વેષામેવ હૃદયે જયસ્તસ્ય સમાગતઃ ।।**
**ઈતિ દર્શયિતું દેવાસ્તદાહુરિતિ રૂપ્યતે ।।૪।।**

યુદ્ધ (૨), તેનો ઉપાય (૩), અને (જય) પ્રાપ્ત કરનાર દૈત્યનો ધર્મ (૪), અને (તેના જયની) સર્વ લોકમાં પ્રસિદ્ધિ (૫) તેમજ ભક્તોની આશિષો (કહ્યાં છે). કા. ૩.

બધાએના હૃદયમાં તેનો જય (થયાનું) આવ્યું એમ દર્શાવવા દેવોએ તે (વચન) કહ્યું એમ કહેવામાં આવે છે. કા. ૪.

**તતઃ સપત્નં મુખતશ્ચરન્તમકુતોભયમ્ ।।**
**જઘાનોત્પત્ય ગદયા હનાવસુરમક્ષજઃ।।૨।।**

પછી સન્મુખ ફરતા ભયરહિત અસુર શત્રુને, ઈન્દ્રિયમાંથી ઉત્પન્ન થયેલા (ભગવાને) કૂદીને હડપચી ઉપર ગદાપછી, 'સપત્નં' શત્રુને પ્રહાર કર્યો, એવો (વાક્યનો) સંબંધ છે. (પ્રહાર કરવા) પહોંચાય તેમ હતું એમ જણાવવા 'સન્મુખ ફરતા' એમ (કહેલું છે). 'મુખતઃ' એટલે સન્મુખ અથવા મુખ્યપણાથી. (તે) મુખથી (ઉપર ઉપરથી)જ ફરતો હતો. (ભગવાનની તેને) હણવાની ઈચ્છા ઉત્પન્ન થતાં, અંદરથી તો તેનાં હૃદયમાં પણ મરણ આવ્યું, તેથી મુખથીજ ફરતો હોવાનું કહેલું છે. એવું જાણવા છતાં પણ (તે) નાસી જતો ન હતો એમ જણાવવા, 'ભયરહિત' (હોવાનું) કહેલ છે. 'ઉત્પત્ય' એટલે કૂદીને અથવા ઉપર પડીને, બ્રહ્માના નસ્કોરામાંથી ઉત્પન્ન થએલા હોવાથી 'ઈન્દ્રિયમાંથી ઉત્પન્ન થએલા' ભગવાને ગદાથી હડપચી ઉપર પ્રહાર કર્યો. હડપચી એટલે મુખથી નીચેનું હાડકું. ૨.

નીચેના શ્લોકમાં પછી (અસુરે કરેલો) ઉપાય કહે છે :

**સા હતા તેન ગદયા ગલિતા ભગવત્કરાત્ ।।**
**વિઘૂર્ણિતાઽપતદ્રેજે તદદ્ભુતમિવાઽભવત્ ।।૩।।**

તેણે ગદાથી પ્રહાર કરેલી તે (ગદા) ભગવાનના કરમાંથી પડી, ચક્કર ચક્કર ફરતી પડી શોભવા લાગી, તે અદ્‌ભુત જેવું થયું. ૩.

તે દૈત્યે (પોતાના) ઉપર પડતી કૌમોદકી ગદાને પોતાની ગદાથી પ્રહાર કર્યો, ત્યારે તેણે પ્રહાર કરેલી તે કૌમોદકી ભગવાનના કરમાંથી પડી, આકાશમાં ચક્કર ચક્કર ફરી, ફરતી 'અપતત્' ભૂમિ ઉપર પડી, પરંતુ ભાંગી નહિ, પણ ભૂમિ ઉપર પડી શોભવા લાગી. ભગવાનના કરમાંથી કૌમોદકીનું પડવું ઘણું અદ્‌ભુત હતું, એમ 'તે અદ્‌ભુત (થયું)' શબ્દોથી કહે છે. અદ્‌ભુત કરતાં પણ આશ્ચર્યકારક હતું એમ 'જેવું' એ શબ્દથી કહેલું છે. ભગવાનના કરમાંથી પડવું જ આશ્ચર્યકારક છે, તેનાથી પણ કૌમોદકીનું પડવું (આશ્ચર્યકારક છે), કારણ કે તે પ્રાણરૂપ છે. દૈત્યો તેનાથીજ હણાય છે, કેમકે તે (ભગવાન્) પાપીઓનો નાશ કરનારા છે. તેથી અહિં (આ કાર્ય) આશ્ચર્યકારક કરતાં પણ આશ્ચર્યકારક થયું. ભગવાન્ જ્યારે કામના પૂર્ણ કરે છે, ત્યારે મર્યાદાનું ઉલ્લંઘન કરીને પણ પૂર્ણ કરે છે, તેથી તે પ્રમાણે થયું. ૩.

આ (કાર્ય) ભગવાનેજ કરેલું હતું એમ જણાવવા, તેની ધર્મબુદ્ધિ કહેવામાં આવે છે. તેમ (ભગવાને કરેલું) ન હોય, તો દુષ્ટ, પ્રયોજન વિના લોકોને દોષ દેનારો, ભય કરાવનારો, દુષ્ટ કાર્ય કરનારો તે સમયે શાંત કેમ રહે ? કારણ કે આ પ્રસંગે (તે) ભગવાનનાં સામર્થ્યને લીધે (શાંત રહ્યો) ન હતો. તેથી નીચેના શ્લોકમાં ધર્મ જણાવવામાં આવે છે :

**સ તદા લબ્ધતીર્થોઽપિ ન બબાધે નિરાયુધમ્ ।।**
**માનયન્ સ મૃધે ધર્મં વિષ્વક્સેનં પ્રકોપયન્ ।।૪।।**

પછી લાગ પ્રાપ્ત કરેલ હોવા છતાં પણ સંગ્રામમાંના ધર્મનું પાલન કરતાં, સર્વ તરફ સૈન્યવાળાને ઘણું કોપાવતાં તેણે શસ્ત્રરહિત ભગવાન્ પર પ્રહાર ન કર્યો. ૪.

'પછી' કૌમોદકી પડ્યા પછી, લાગ પ્રાપ્ત કરેલ હોવા છતાં–ભગવાન્ શસ્ત્રરહિત હોવાથી હમણાં જીતી શકાશે એવી લોકની દૃષ્ટિ પ્રમાણે જય (પ્રાપ્ત કરવા)નો લાગ હોવા છતાં–પણ, તેણે શસ્ત્રરહિત ભગવાન્ ઉપર, પ્રહાર ન કર્યો. 'જય (પ્રાપ્ત કરવા) ઈચ્છાવાળાએ પ્રહાર કેમ ન કર્યો ?' એવો પ્રશ્ન થાય, તેથી 'સંગ્રામમાંના ધર્મનું પાલન કરતાં તેણે (પ્રહાર ન કર્યો)' એમ કહેલું છે. સંગ્રામમાં શસ્ત્રરહિત શત્રુને મારવો નહિ, એવો ધર્મ છે, તે ધર્મનું પાલન કરતાં તેણે પ્રહાર ન

કર્યો, એવો અર્થ છે. (તેનો) જય ભગવાને કરેલો હતો એમ જણાવવા, આ ધર્મ કહી, તેનામાં (તે) ધર્મ સ્વાભાવિક ન હતો એમ જણાવવા, તેનું ઈચ્છેલું બીજું હતું એવી શંકા કરી, 'સર્વ તરફ સૈન્યવાળાને કોપાવતાં' એમ કહેલું છે. 'વિષ્વક્' સર્વ તરફ 'સેના' સૈન્ય છે જેમનું તેવા (ભગવાન્ છે). આથી તે મૂર્ખ હોવાનું સૂચવેલું છે. શાંત રહેવું તે પણ જય સૂચવનારું છે, અને 'હું જીત્યો' એવો અર્થ દર્શાવનારું છે. એવી રીતે દૈત્યની (પોતાનો) જય (થયો એવી) બુદ્ધિ જણાવી. ૪.

નીચેના શ્લોકમાં લોકોની (દૈત્યનો) જય ( થયો એવી ) બુદ્ધિ કહે છે :

**ગદાયામપવિદ્ધાયાં હાહાકારે વિનિર્ગતે ।।**
**માનયામાસ તદ્ધર્મં સુનાભં ચાઽસ્મરદ્વિભુઃ ।।૫।।**

ગદા પડી (અને) હાહાકાર નીકળ્યો, ત્યારે સર્વશક્તિમાને તેના ધર્મનો આદર કર્યો અને સુદર્શનનું સ્મરણ કર્યું. ૫.

(ગદા) 'અપવિદ્ધા' પ્રહાર થવાથી પડી ગઈ ત્યારે, અને લોકમાં સર્વ સ્થલે હાહાકાર નીકળ્યો ત્યારે (તેના ધર્મનો આદર કર્યો...) ગદા પડવાના કારણથી હાહાકાર (થએલો). ભગવાન્ પણ લોકને અનુસરતા હોવાથી તેમણે તેનો જય સ્વીકાર્યો, એમ 'તેના ધર્મનો આદર કર્યો' શબ્દોથી કહેલું છે. શસ્ત્રરહિતનો વધ ન કરવો, એવા તેના ધર્મનો (ભગવાને) આદર કર્યો, કારણ કે ભગવાને આદર ન કરેલો ધર્મ ફલ આપનારો ન થાય. 'પછી (ભગવાને) શું કર્યું ?' એવો પ્રશ્ન થાય, તેથી 'અને સુદર્શનનું સ્મરણ કર્યું' એમ કહેલું છે. 'સુનાભ' એટલે સુદર્શન અને 'ચ' 'અને' શબ્દ હોવાથી પોતાના સ્વભાવનું (સ્મરણ કર્યું). ''માત્ર સ્મરણ (કરવા)થી પોતાનો સ્વભાવ ભગવત્પણું અને સુદર્શન કેમ આવે ?'' એવી શંકા થાય, તેથી 'સર્વશક્તિમાને' એમ જણાવેલું છે; (તે બંને સ્મરણથીજ આવે), કારણ કે તે (ભગવાન્) સર્વ (કરવાની) શક્તિવાળા છે. ૫.

તે સમયે ભગવાનના ભક્તોના હૃદયમાં પણ તેનો જય આવ્યો (સ્ફૂર્યો), તેથી ભગવાનને ફરી આયુધ ધારણ કરેલા જોઈને જીવન પામેલા તેઓ, વિલંબ વિના તેનો વધ કરવા (ભગવાન)ની નીચેના શ્લોકમાં પ્રાર્થના કરે છે :

**તં વ્યગ્રચક્રં દિતિપુત્રાઽધમેન સ્વપાર્ષદમુખ્યેન વિષજ્જમાનમ્ ।।**
**ચિત્રા વાચોઽતદ્વિદાં ખેચરાણાં તત્ર સ્માઽઽસન્સ્વસ્તિ તેઽમું જહીતિ ।।૬।।**

પોતાના મુખ્ય સેવક, દિતિના અધમ પુત્રની સાથે યુદ્ધ કરતા, ઉદ્યમી ચક્રવાળા તેમના પ્રતિ, તે નહિ જાણનાર દેવોની ખરેખર ત્યારે વિચિત્ર વાણીઓ થઈ કે 'આપનું કલ્યાણ હો, આનો વધ કરો.' ૬.

'તેમના' એટલે ઉપર કહ્યા પ્રમાણે ક્રીડા કરતા (ભગવાન્ પ્રતિ વાણીઓ થઈ). સુદર્શન પણ ભગવાનની લીલાનો હૃદયથી આદર કરતું ન હતું, તેમજ ગદાના પડવાની ગણના કરતું ન હતું. તેથી દૈત્યનો વધ કરવા ઉદ્યમી થયું હતું ચક્ર જેમનું તેવા (ભગવાન્ પ્રતિ વાણીઓ થઈ). ''સૃષ્ટિ રચવાની પ્રવૃત્તિ કરતાં ભગવાન્ તેને કેમ હણે ? (કારણ કે સૃષ્ટિમાં) દૈત્યોને પણ ઉત્પન્ન કરવાના હતા'' એવી શંકા થાય, તેથી 'દિતિના અધમ પુત્ર' એમ કહેલું છે. દિતિના પુત્રોમાં (આ) અધમ હતો. અધમથી ઉત્તમ સૃષ્ટિ (ઉત્પન્ન) થતી નથી, અને દૈત્યોની મર્યાદા (આનામાં) ન હોવાથી (આ) અધમ હતો. તેથી (આ) વધ કરવા યોગ્ય હોવાથી (ભગવાને) સુદર્શન વિગેરેનું સ્મરણ કર્યું. ''તે હલકા સાથે (ભગવાન્) શા માટે યુદ્ધ કરે છે ? સુદર્શનથી સંપૂર્ણ રીતે (તેનો) વધજ (કરવો) યોગ્ય હતો.'' એવી શંકા થાય, તેથી 'પોતાના મુખ્ય સેવક' એમ કહેલું છે. તે સેવકોની અંદર મુખ્ય હતો, તેથી પોતાના સેવક સાથે ક્રીડા (કરવી) યોગ્ય હતી, એવો અર્થ છે. યુદ્ધ કરવા માટે (ભગવાન્) તેની સાથે સારી રીતે 'સજ્જમાનં' સંબંધમાં આવેલાં હતાં, તેથીજ આ મર્મ નહિ જાણનાર, માત્ર આકાશમાં ઉભા રહી જોનાર દેવોની 'ત્યારે' તે અવસરે વિચિત્ર વાણીઓ થઈ. કોઈકે કહ્યું કે (ભગવાન્ તેને) હણશે, કોઈકે (કહ્યું) કે નહિ (હણે). કોઈએ કહ્યું કે મારી શકાય તેવો છે. કોઈકે (કહ્યું) કે, મારી ન શકાય તેવો છે. એવા પ્રકારની વિચિત્ર વાણીઓ થઈ. 'સ્મ' 'ખરેખર' શબ્દ પ્રસિદ્ધિ (જણાવે છે). (દેવોએ) દુઃખી થઈ આશીર્વાદો આપ્યા કે : 'આપનું કલ્યાણ હો. આનો વધ કરો.' (૧) (ભગવાનનું) કુશલ અને (૨) શત્રુ ઉપર વિજય (એ) બેની પ્રાર્થના કરી. (દેવોને)[૧] દુઃખી થવાનું કારણ[૧] વિચિત્ર વાણીજ હતી, અને દુઃખી થવાથી તેવાં વચન[૨] કહેલાં. આ[૩] વચન તો વિચિત્ર નથી, તેથી 'ઈતિ' શબ્દ[૪] પ્રકાર જણાવનારો હોવા છતાં, ત્રણ વાક્યો કહેલ હોવાનું ગોઠવવું જોઈએ. ૬.

૧. સુદર્શનને દુઃખી થવાનું કારણ (પ્ર) સુદર્શનને દુઃખ થયુંજ નથી. સુદર્શન 'વ્યગ્ર' એટલે (હિરણ્યાક્ષનો વધ કરવા) ઉદ્યમીજ થયું છે. એકબીજાની વિચિત્ર વાણીઓ સાંભળવાથી દેવોનેજ દુઃખ થયું હતું.

૨. 'તેવાં વચન' એટલે આશીર્વાદનાં અને વધ કરવાનાં વચન.(પ્ર) તેવાં વચન એટલે વિચિત્ર વચનો હણાશે, નહિ હણાય એમ જૂદા જૂદા દેવોનાં જૂદા જૂદા વચનો, એવો અર્થ જણાય છે.

૩. 'આ વચન' એટલે 'આપનું કલ્યાણ હો. આનો વધ કરો' એ વચન.

૪. 'ઈતિ' એટલે એવા પ્રકારનાં. અનુવાદ 'કે' શબ્દથી કરેલો છે. આ પ્રકાર દર્શાવનાર શબ્દ છે, પણ અહિં કહેલ વચન વિચિત્ર નથી, તેથી આ વચન ઉપરાંત વિચિત્ર વચન કહેલાં એમ

ગોઠવવું જ રહ્યું. તેથી આ બે વાક્ય ઉપરાંત ત્રીજું વાક્ય કહેલું એમ માનવાનું રહ્યું.

એવી રીતે તેના પ્રસિદ્ધ જયનું નિરૂપણ કરી, નીચેના શ્લોકથી આરંભી અઢાર (શ્લોક)થી યુદ્ધનું નિરૂપણ કરે છે, કારણ કે ભગવાનની લીલા સર્વ વાણીથી વર્ણન કરવા યોગ્ય છે.

**દશભિઃ સત્યયુદ્ધં તુ માયાયુદ્ધં તથાષ્ટભિઃ ।।**
**દ્વિવિધેનાપિ યુદ્ધેન ક્રીડતિ સ્મેતિ વર્ણ્યતે ।।૫।।**

દશ (૭ થી ૧૬) (શ્લોક)થી તો સત્ય યુદ્ધ (કહેલું છે), તેવી રીતે (૧૭ થી ૨૪) આઠ (શ્લોકો)થી માયાથી કરેલું યુદ્ધ કહેલું છે. બંને પ્રકારના યુદ્ધથી (ભગવાન્) ક્રીડા કરે છે એવું વર્ણન કરેલું છે. કા. ૫.

**દૈત્યસ્ય યુદ્ધસંરમ્ભઃ પશ્ચાદ્યુદ્ધં સવાચિકમ્ ।।**
**પ્રતીકારોક્તિભિશ્ચૈવં ક્રોધાદ્યુદ્ધં પુનસ્તથા ।।૬।।**

દૈત્યનો યુદ્ધ (કરવા)નો ઉદ્યોગ (૭), પછી વાણી સાથેનું યુદ્ધ (૮), (તેના) ઉપાય અને વચનો સાથે એવું (યુદ્ધ) (૯), ક્રોધથી કરેલું યુદ્ધ (૧૦), ફરી તે પ્રમાણે (તેનો ઉપાય)(૧૧), કા.૬.

**તતઃ પૌરુષનાશોઽભૂત્ ભગવલ્લીલયા રિપોઃ ।।**
**એવં ષડ્ભિર્ગદાયુદ્ધં દ્વાભ્યાં શૂલેન ચૈવ હિ ।।૭।।**

પછી ભગવાનની લીલાથી શત્રુના પુરુષાતનનો નાશ થયો (૧૨), એ પ્રમાણે છ (શ્લોકો)થી ગદા યુદ્ધ (કહ્યું). બે (શ્લોકો)થી શૂલથી જ (કરેલું યુદ્ધ કહેશે). (૧૩-૧૪) કા. ૭.

**મુષ્ટિભિશ્ચ તથા દ્વાભ્યાં સ્વદેવાસ્રાત્તથા સ્વતઃ ।।**
**યુદ્ધં નિરૂપિતં તસ્ય માયાસામાન્યવર્ણનમ્ ।।૮।।**

અને તેવી રીતે બે (શ્લોકો)થી મુક્કીઓથી (કરેલું) યુદ્ધ કહેશે (૧૫-૧૬) (પછી) પોતાના દેવના અસ્ત્રથી[1] અને પોતે કરેલું માયાનું સામાન્ય વર્ણન જેમાં છે તેવું યુદ્ધ (કહેલું છે) (૧૭) કા.૮.

**ચતુર્ભિસ્તદ્વિશેષાશ્ચ તસ્યાપ્યુક્તા પ્રતિક્રિયા ।।**
**માયાયુદ્ધં તતઃ ષડ્ભિઃ દ્વયં તૂત્તરહેતુકમ્ ।।૯।।**

અને ચાર (શ્લોકો)થી તેના ભેદો કહેલા છે (૧૮-૨૧), તેનો પણ ઉપાય[2] કહેલો છે (૨૨). તેથી છ (શ્લોકો)થી માયાથી (કરેલું) યુદ્ધ (કહ્યું). બે (શ્લોકો) તો પાછળના (મરણના) કારણ રૂપ[3] કહ્યા (૨૩-૨૪). કા. ૯.

**દુર્નિમિત્તદર્શિર્યુદ્ધં મારણાર્થમિહોચ્યતે ।।**

**એકેન મારણં ચૈવ મરણં ચ તતો મહત્ ।।૧૦।।**

આમાં દુષ્ટ ચિહ્નો (અરિષ્ટ)નું દેખાવું (૨૩), અને હણવા માટેનું યુદ્ધ કહેલ છે (૨૪). વળી એક (શ્લોક)થી માર્યાનું (૨૫), અને પછી ઉત્તમ મૃત્યુ (કહેલ છે). (૨૬) કા. ૧૦.

**મૃતસ્ય વર્ણનં ચૈવ ત્રિભિરિત્યેષ સંગ્રહઃ ।।**
**સ્તોત્રં ભગવતો યાનમુપસંહાર એવ ચ ।।૧૧।।**

અને ત્રણ (શ્લોકો)થી મરેલા (હિરણ્યાક્ષ)નું વર્ણન (કરેલું છે). (૨૭-૨૯), એવો આ સાર છે. સ્તુતિ (૩૦), ભગવાનનું પધારી જવું (૩૧), અને ઉપસંહાર પણ (કહેલા છે) (૩૨). કા. ૧૧.

**માહાત્મ્યં દ્વિવિધં તસ્ય શ્રવણસ્ય નિરૂપિતમ્ ।।**
**ગુણોપસંહૃતિશ્ચૈવ દૃષ્ટાન્તાર્થમિહોચ્યતે ।।૧૨।।**

તેના શ્રવણનું બે પ્રકારનું[૪] માહાત્મ્ય કહેલું છે. (૩૩-૩૪). આ વિષયનાં દૃષ્ટાંત માટે ગુણોનો (સમુચ્ચય કહેલો)[૫] છે. (૩૫-૩૬), કા. ૧૨.

**જાતં જનિષ્યમાણં ચ ફલમત્ર નિરૂપ્યતે ।।**
**દ્વાભ્યાં દ્વાભ્યાં તતઃ ષડ્ભિઃ શ્રવણસ્ય ફલં તતમ્ ।।૧૩।।**

અહિં થએલું અને થવાનું ફલ કહેલ છે (૩૭-૩૮). (છેલ્લા ત્રણ) બે બે શ્લોકોથી કહેલાં છે, તેથી છ (શ્લોકો)થી શ્રવણનાં ફલનો વિસ્તાર કરેલો છે. કા. ૧૩.

આરંભમાં યુદ્ધનો ઉદ્યોગ અને યુદ્ધના ભેદથી નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોકો)થી પોતાનાં આયુધ ગદાથી કરેલું યુદ્ધ કહે છેઃ

**સ તં નિશમ્યાત્તરથાંગમગ્રતો વ્યવસ્થિતં પદ્મપલાશલોચનમ્ ।।**
**વિલોક્ય ચાઽમર્ષપરિપ્લુતેન્દ્રિયો રુષા સ્વદન્તચ્છદમાદશચ્છ્વસન્ ।।૭।।**

તેમને ચક્ર ધારણ કરેલા સાંભળીને અને કમલનાં પુષ્પ જેવાં નયનવાળાને (પોતાની) આગળ ઉભેલા જોઈને, ક્રોધમાં ડૂબેલી ઈન્દ્રિયવાળાએ તેણે ક્રોધથી ફૂંફાડા મારતાં પોતાનો હોઠ ડસ્યો. ૭.

કારણ કે વિજય (પ્રાપ્ત થયા) પછી પ્રાણીને ઉત્સાહ થાય છે. ભગવાનને બીજું સાધન અકસ્માત્ પ્રાપ્ત થતાં, ભગવાનની સરસાઈ જોઈ, તેણે ક્રોધ કર્યો એમ કહેલું છે. 'તે' દૈત્યે 'અગ્રે' પોતાની આગળ 'તેમને' એટલે ભગવાનને ચક્ર ધારણ કરેલા (હોવાનું) સાંભળીને (હોઠ ડસ્યો). ક્રોધને લીધે જોએલું પણ સાંભળેલું હોય તેમ તેણે માન્યું. 'નિશામ્ય' 'જોઈને' એ પાઠ સ્પષ્ટ છે. તેણે મૃત્યુ સમયે ચક્ર આયુધવાળા અને કમલના જેવાં નયનવાળા (ભગવાન)નું ધ્યાન કરવું જોઈએ, તેથી

'કમલનાં પુષ્પ જેવાં નયનવાળા' એવું વર્ણન કરેલું છે, અથવા શત્રુ (હિરણ્યાક્ષ)નો જય થવા છતાં પણ (ભગવાન્) ખળભળાટ વિનાની દૃષ્ટિવાળા (હોવાનું એ વિશેષણથી કહેલું છે). તેવા (ભગવાન)ને જોઈને, તેમની ખળભળાટ ન થવારૂપ સરસાઈ સહન ન કરતાં તે 'ક્રોધમાં ડૂબેલી ઈન્દ્રિયોવાળો' થયો. (૧) 'અમર્ષેણ' ક્રોધમાં 'પરિપ્લુતાનિ' ડૂબેલી હતી 'ઈન્દ્રિયાણિ' ઈન્દ્રિયો જેની, તેવો થયો. (૨) ફરી ઉત્પન્ન થએલા ક્રોધથી 'સ્વદન્તચ્છદમ્' પોતાનો અધર 'આદશત્' તેણે ડસ્યો. (૩) ફરી (દેહની) અંદર વધેલા ક્રોધને લીધે તેણે ફૂંફાડા પણ મારવા માંડ્યા. તેવી રીતે તે યુદ્ધ (કરે તે) માટે ત્રણ ક્રોધ કારણ તરીકે કહ્યા.

**ઉત્કર્ષદૃષ્ટૌ માત્સર્યાત્ ચક્રદૃષ્ટેસ્તુ ઘાતકઃ ।।**
**સ્વાભિમાનાન્મહાન્ રોષો વિલમ્બં ન સહેત્તથા ।।૧૪।।**

(ભગવાનની) સરસાઈ જોતાં અદેખાઈથી (ક્રોધ થયો), ચક્ર જોવાથી તો હણનારો (ક્રોધ થયો), પોતાનાં અભિમાનને લીધે ઘણો ક્રોધ વિલંબ સહન ન કરે તેવા પ્રકારનો થયો. કા. ૧૪.

એવી રીતે યુદ્ધ (કરે તે) માટે તેના ક્રોધનું વર્ણન કર્યું. ૭.

૧. 'પોતાનો' એટલે દૈત્યનો દેવ માયા, તેના અસ્ત્રથી, 'અસ્' એટલે ફેંકવું. માયા ફેંકવાથી, માયાનું સામાન્ય વર્ણન છે જેમાં તેવું યુદ્ધ કહેલું છે. (પ્ર)
૨. સુદર્શનના પ્રયોગથી માયાનો ઉપાય પણ એક શ્લોકથી કહેલો છે. (પ્ર)
૩. સુદર્શનના પ્રયોગ પછી થએલાં ખરાબ ચિહ્નોનાં કારણરૂપ. (પ્ર)
૪. 'બે પ્રકારનું' એટલે પ્રત્યક્ષ અને સિદ્ધ થતું. (પ્ર)
૫. 'ગુણોનો સમુચ્ચય' એટલે સદાચાર, પરાક્રમ વિગેરે ગુણોનું એકમાં હોવાપણું. (પ્ર)

નીચેના શ્લોકમાં યુદ્ધ કહે છે :

**કરાલદંષ્ટ્રશ્ચક્ષુર્ભ્યાં વ્યાચક્ષાણો દહન્નિવ ।।**
**અભિપ્લુત્ય સ્વગદયા હતોઽસીત્યાહનદ્ધરિમ્ ।।૮।।**

બાળતો હોય તેમ નયનોથી જોતાં ભયંકર દાઢવાળાએ પોતાની ગદા સાથે સામા દોડી આવી, 'મારેલ છે' એમ (કહી) હરિ ઉપર પ્રહાર કર્યો. ૮.

ભયંકર હતી દાઢો જે દૈત્યની તેવો (તે હતો). તેની દાઢ ઉપર યમ આવ્યો, એમ પોતાની આધિદૈવિક સામગ્રી સાથે (તે આવેલ હોવાનું) કહેલ છે. 'નયનોથી જોતાં' શબ્દોથી (તેની) પૂરી દૃષ્ટિ ત્યાં (ભગવાન્ ઉપર)જ કહેલી છે, તેથી બીજે દૃષ્ટિ ન હોવાથી, બીજા વિચારથી પણ (તે) યુદ્ધ નહિ કરે, એવી શંકા દૂર કરેલી છે. સારી દૃષ્ટિ ન હતી એમ જણાવવા 'બાળતો હોય' એમ કહેલું છે. છતાં પણ અગ્નિ (પોતાના) આધારને બાળીનેજ બીજાને બાળે છે, તેથી 'તેમ' એમ કહેલું છે. એવી

રીતે ક્રૂર દૃષ્ટિથી જોઈ, પોતાની ગદા સાથે સામા આવી 'અહતોઽસિ' ન હણાએલ છો' એમ (કહી) પ્રહાર કર્યો, કારણ કે આ (સૂકર) યજ્ઞ છે. જેમ 'હે ફરશી ! આને હણ નહિ' 'આ ખરેખર (તું) મરતો નથી', એમ ઉલટા જેવું બોલતાં પ્રહાર કર્યો. 'ઉલટું બોલવાનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી 'હરિ' શબ્દ યોજેલ છે; કારણ કે સર્વનાં દુઃખ હરનારા તે કેવી રીતે હણાય ? અથવા 'યુદ્ધ ન કરનાર સૂકર ઉપર તું કેમ પ્રહાર કરે છે ?' એવી શંકા થાય, તેથી 'અહતોઽસિ' પહેલાં તમે 'આ' સર્વ તરફથી પ્રહાર કરેલા છે. એવો અર્થ છે. કેટલાક એમ કહે છે કે મુખથી (વાણીથી) પણ પ્રહાર કરી, (પછી) પ્રહાર કરેલ છે, સ્તુતિનો અર્થ લેતાં 'હતોઽસિ' 'તમે પ્રાપ્ત થયા છો' એમ (કહી ભગવાન્ પાસે) ગયો, એવો અર્થ છે. ૮.

એ રીતે તેનું યુદ્ધ કહીને, નીચેના શ્લોકમાં, તેને નિષ્ફલ કર્યાનું કહે છે :

**પદા સવ્યેન તાં સાધો ભગવાન્ યજ્ઞસૂકરઃ ।।**
**લીલયા મિષતઃ શત્રોઃ પ્રાહરદ્વાતરંહસમ્ ।।૯।।**

હે ભલા (પુરુષ) ! યજ્ઞરૂપ સૂકર ભગવાને શત્રુના દેખતાં પવનના જેવા વેગવાળીને તેને રમતમાં વામ પગથી પ્રહાર કરી પાડી. ૯.

પાછલનો ડાબો પગ 'વામ પગ' કહેવાય છે. તે ગદાને ભગવાને રમતમાં, 'પ્રાહરત્' પગની પાટુથી તેને ભૂમિ ઉપર પાડી દીધી એવો અર્થ છે. 'હે ભલા (પુરુષ) !' એ સંબોધન (વિદુરને) વિશ્વાસ રહે તે માટે (કરેલું છે). અથવા ભલા પુરુષોનાં રક્ષણ માટે (ભગવાને) તેમ કર્યું એમ સૂચવે છે. 'ભગવાન્' શબ્દથી તિરસ્કારથી કરેલા પ્રહારથી તેમ કરવાની શક્તિ (જણાવેલી છે).

'યજ્ઞરૂપ સૂકર' શબ્દથી (એમ જણાવ્યું છે કે) તે (યજ્ઞ) માટેજ અવતાર (લીધેલ) હોવાથી તેને નિષ્ફલ કરવાનું જરુરી હતું. ફરી તેને ક્રોધ ઉત્પન્ન કરાવવા 'રમતમાં' (તેમ કર્યું). તે (ગદા) તેવી (નિષ્ફલ) થાય તે માટે '(શત્રુના) દેખતાં' એમ (કહેલું છે). 'પવનના જેવા વેગવાળી' વિશેષણથી નિષ્ફલ ન થાય તે માટે[1] ગદાની સરસાઈ કહેલી છે. ૯.

૧. નિષ્ફલ થાય તેવી ન હતી એમ જણાવવા, એવો અર્થ જણાય છે.

એ રીતે (ગદાને) નિષ્ફલ કરતાંજ ક્રોધ ઉત્પન્ન કરી, વાણીથી પણ ક્રોધ ઉત્પન્ન કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**આહ ચાઽયુધમાદત્સ્વ ઘટસ્વ ત્વં જિગીષસિ ।।**
**ઈત્યુક્તઃ સ તયા ભૂયસ્તાડયન્નનદદ્દૃશમ્ ।।૧૦।।**

અને કહ્યું કે '(૧) આયુધ લે. (૨) યુદ્ધ માટે તૈયાર થા. (૩) તું જીતવા

ઈચ્છે છે', એમ કહેલા તેણે તેનાથી ફરી પ્રહાર કરતાં ભારે ગર્જના કરી. ૧૦.

(અને ભગવાને) કહ્યું પણ, કે : '(૧) આયુધ લે. (૨) ત્યાર પછી 'ઘટસ્વ' યુદ્ધ કર, અથવા યુદ્ધ માટે તૈયાર થા, કારણ કે (૩) તું જીતવા ઈચ્છે છે.' (આ) ત્રણ વચન તેનાં અભિમાનનો નાશ કરવા (કહ્યાં), કારણ કે પડેલું (આયુધ) લેવું તે અભિમાન ન હોય તેનું કાર્ય છે, ફરી યુદ્ધ કરવું તે લાજ ન હોય તેનું કાર્ય છે, (અને) 'આવો પણ હું જીતીશ' (એમ માનવું) તે મૂર્ખનું કાર્ય છે. એમ કહેવામાં આવ્યું છતાં પણ, ક્રોધને લીધે (તે વચનોથી) સૂચવેલ અર્થ ન જાણતાં, તેજ દૈત્યે તેજ ગદાથી ફરીથી પ્રહાર કરતાં ભારે ગર્જના કરી. આ તેનું મધ્યમ પ્રકારથી બીજું યુદ્ધ કહ્યું. ૧૦.

આને પણ નિષ્ફલ કરી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ તામાપતતીં વીક્ષ્ય ભગવાન્ સમવસ્થિતઃ ।।**
**જગ્રાહ લીલયા પ્રાપ્તાં ગરુત્માનિવ પન્નગીમ્ ।।૧૧।।**

તેને આવતી જોઈને, સ્થિર ઉભા રહેલા તે ભગવાને-જેમ ગરુડ આવેલી નાગણને પકડે તેમ-આવેલી (તેને) રમતમાં પકડી લીધી. ૧૧.

પહેલાં તે (દૈત્ય)ને વિચાર (થયો) કે : ગદા દૈવની ગતિથી ભૂમિ ઉપર પડેલી, પરંતુ બુદ્ધિપૂર્વક તેમણે (ભગવાને) તેને તેમ કરેલી (ભૂમિ ઉપર પાડેલી) નહિ. તેથી (તેણે ફરી) પ્રહાર કર્યો. આ જાણીને ભગવાને બીજો પ્રકાર (તેને નિષ્ફલ કરવાનો) કર્યો એમ આ શ્લોકથી કહે છે. ગદાને (પોતાની) ઉપર આવતી જોઈને, (પોતે) અદશ્ય થવાનું વિગેરે ન કરતાં, પહેલાંની પેઠેજ સ્થિર ઉભા રહ્યા. પછી 'પ્રાપ્તાં' પોતાના ઉપર આવેલી તે ગદાને રમતમાં પકડી લીધી. 'જેમ ગરુડ નાગણને પકડે તેમ' એ દષ્ટાંતથી બંનેના અભિપ્રાયનું સમર્થન કરતાં તેવાં કાર્ય સિદ્ધ કરે છે; કારણ કે 'ગરુડ મારે ભક્ષણ કરવા યોગ્ય છે, અમારા પતિ પુત્રો વિગેરેને તે હણે છે' એવા વિચારથી નાગણ ઝડપથી (ગરુડ ઉપર) આવે છે. ગરુડ તો 'મને ખોરાક પ્રાપ્ત થયો' એવા વિચારથી લાડુની પેઠે તેને પકડી લે છે. એવી રીતે વેગથી આવેલી, હણવા માટે આવેલી (ગદા)ને ભગવાને ક્રીડા (કરવા) માટે પકડી લીધી છે, એવો અર્થ છે. ૧૧.

એ પ્રમાણે (ગદાને) નિષ્ફલ કર્યાનું કહીને, તેથી તેનો (યુદ્ધનો) મધ્યમ પ્રકાર પણ ગયો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**સ્વપૌરુષે પ્રતિહતે હતમાનો મહાસુરઃ ।।**
**નૈચ્છદ્ગદાં દીયમાનાં હરિણા વિગતપ્રભઃ ।।૧૨।।**

પોતાનું પુરુષાતન નાશ પામતાં ગર્વરહિત કાંતિરહિત થએલા મોટા અસુરે

હરિએ આપવા માંડેલી ગદા (લેવા)ની ઈચ્છા ન કરી. ૧૨.

કારણ કે પુરુષ સ્વતંત્ર છે. બીજાનાં રોકાણ વિનાનું તેનું જે સામર્થ્ય તે પુરુષાતન છે, પરંતુ જ્યારે બીજા પુરુષના સામર્થ્યથી તે રોકાઈ જાય છે, ત્યારે તેનો નાશ થાય છે. અંદરથી તેનો નાશ થતાં, બહારથી (તેનું) કાર્ય થતું નથી. પુરુષાતનનો તો પહેલાંજ નાશ થએલો, હવે (તેણે તે) જાણ્યું, એવો અર્થ છે. અથવા બલવાન (ભગવાને તેને) અટકાવી દીધું. 'પોતાનું' શબ્દથી અહિં ગદાએ કરેલું અને તે (ગદા) દ્વારા પોતાની (હિરણ્યાક્ષની) અંદર આવેલું, (જણાવેલ છે). આ ક્ષત્રિય હોવાથી (આને) શસ્ત્ર દ્વારા (પ્રાપ્ત થએલું) અભિમાનજ મુખ્ય છે. તેથી તે (શસ્ત્ર) નિષ્ફલ થતાં 'ગર્વરહિત' પણ થયો ત્યારે અભિમાન ન રહેતાં તેણે બીજાનો[1] આશ્રય કર્યો. અસુર તો ક્રૂર હોય છે. શરીરનું બલ પણ તેનામાં કુદરતી હોય છે. આ તો અસુરોના દેવ પાસેથી વર પ્રાપ્ત કરેલ મોટો અસુર હતો. તેથી આનામાં બે[2] પુરુષાતન બાકી રહ્યાં એમ કહેવાયું. તેથીજ ફરી આપવા માંડેલી હોવા છતાં, ગદા (લેવા)ની તેણે ઈચ્છા ન કરી. જો તે લે, તો કેટલાક સમય સુધી યુદ્ધ પણ કરે, કારણ કે (તે) ભગવાનનાં તેજનાં સંબંધવાળી હતી. બીજા દેવનું સામર્થ્ય (તેને) ભાસવાથી (તેણે તે) લીધી નહિ. એમ જાણીનેજ ભગવાને પણ તે આપવા માંડેલી; અથવા બીજા દેવનો સંબંધ તેને ન થાય તે માટે (આપવા માંડેલી). આપવાનું કારણ 'હરિ' શબ્દથી કહેલું છે. તે સમયે ભગવાનને તેના ઉપર દયા આવી. પહેલાં તેનામાં વૈષ્ણવનું તેજ રહેલું હોવાથી કાંતિ હતી, ગદા દ્વારા (તે ભગવાનમાં) આવી. જો તે ફરી (ગદા) લે, તો (તેજ તેનામાં) ફરી આવે, તે ન આવ્યું, તેથી 'વિશેષેણ' સંપૂર્ણ રીતે 'ગતા' જતી રહેલી છે 'પ્રભા' કાંતિ જેની, તેવો તે થયો, એવો અર્થ છે. ૧૨.

૧. 'બીજાનો' એટલે શંકર ( નાં આયુધ ત્રિશૂલ )નો, એવો અર્થ જણાય છે.
૨. (૧) બીજા દેવનું અને (૨) પોતાનું અસુરનું શારીરિક.

પછી તેણે બીજા દેવના વરથી પ્રાપ્ત થએલું ત્રિશૂલ લીધું એમ નીચેના શ્લોકમાં કહે છે :

**જગ્રાહ ત્રિશિખં શૂલં જ્વલજ્જ્વલનલોલુપમ્ ।।**
**યજ્ઞાય ધૃતરૂપાય વિપ્રાયાઽભિચરન્યથા ।।૧૩।।**

વિપ્રને હણવા મંત્રનો પ્રયોગ કરનારની પેઠે દેહ ધારણ કરેલ યજ્ઞને (હણવા) માટે બળતા અગ્નિની પેઠે નાશ કરનારું ત્રણ શિખાવાળું શૂલ તેણે લીધું. ૧૩.

'શૂલ' એટલે સોયના જેવી અણીવાળું, 'ત્રણ શિખાવાળું' એટલે વીંધી નાખનારી ત્રણ અણીઓવાળું, ત્રિશૂલ એવો અર્થ થયો. તે અગ્નિની પેઠે બાળનારું

પણ હતું એમ સૂચવવા 'શિખા' શબ્દ યોજેલો છે. તેવું ન હોય, તો દેવથી પ્રાપ્ત થએલું ન હોય. બળતો જે અગ્નિ, તેની પેઠે નાશ કરનારું (તે હતું). આથી (એમ જણાવેલું છે કે) સુદર્શનની[1] પેઠે આને પણ લજ્જા જ થઈ, તેમ ન હોત તો (તે) પોતેજ વૈર વાળવાની પ્રવૃત્તિ કરવા ઈચ્છતું હતું[1]. દેવતાની પ્રેરણાથી (તેણે પ્રવૃત્તિ કરી) એમ સૂચવેલું છે. અથવા આની અંદર કૃત્યારૂપ તામસી શક્તિ હોવાથી (આ) તેવું[2] હતું; કારણ કે દેવતાની (પોતાને) નભાવનાર સિવાયના બીજાઓ ઉપર શક્તિ ચાલે છે. બધાએ દેવતાઓને નભાવનાર યજ્ઞ છે, અને તે પણ સાક્ષાત્ (દેહધારી) પ્રકટ હતા. તેમનો વિરોધ કરવામાં આવે, તો પોતાનો આત્મા જ ન રહે. તે નભાવનારનેજ તે (દેવતા)થીજ જે હણવા પ્રયાસ કરે છે તે મૂર્ખ છે. 'વિપ્રને હણવા પ્રયોગ કરનારની પેઠે' શબ્દોથી (ભગવાનનું) નભાવનાર હોવાપણું દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે, કારણ કે હણવાનો પ્રયોગ મંત્રોથી થઈ શકે, અને તે (મંત્ર) બ્રાહ્મણને આધીન છે. તેજ મંત્રથી તેજ બ્રાહ્મણનો અપરાધ કરવો યોગ્ય નથી, એવો અર્થ છે. ૧૩.

૧. ભગવાને સુદર્શન લીધું એમ પાછલ શ્લોક ૫ થી ૭ ઉપરથી સ્પષ્ટ થાય છે, છતાં સુદર્શન પોતે હિરણ્યાક્ષનો વધ હજી કરતું નથી. તેથી તેને લજ્જા થઈ છે એમ જણાય છે. ભગવાન્ તેને પ્રેરણા કરશે ત્યારે તે કાર્ય કરશે શ્લો. ૧૪-૨૨. તેની પેઠે ત્રિશૂલ પોતેજ વૈર વાળવાની પ્રવૃત્તિ કરવાની ઈચ્છાવાળું હોવા છતાં પણ લજ્જા થવાથી કાર્ય કરતું નથી. દેવતાની પ્રેરણાથી કરશે, એવો અર્થ જણાય છે.

૨. 'તેવું' એટલે બળતા અગ્નિની પેઠે નાશ કરનારું.

પછી શું થયું તે જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**તદોજસા દૈત્યમહાભટાર્પિતં ચકાસદન્તઃખ ઉદીર્ણદીધિતિ ।।**
**ચક્રેણ ચિચ્છેદ નિશાતનેમિના હરિર્યથા તાર્ક્ષ્યપતત્રમુજ્ઝિતમ્ ।।૧૪।।**

દૈત્યરૂપ મોટા યોધાએ બલથી સમર્પણ કરેલાં, આકાશમાં પ્રકાશતાં, અંદરનાં વધી ગએલાં તેજવાળાં તેને-જેમ હરિએ ગરુડનાં (તેણે) તજેલાં પીછાંને કાપેલું તેમ-હરિએ તીક્ષ્ણ ધારવાળા ચક્રથી કાપી નાખ્યું. ૧૪.

દેવતા પાસેથી મળેલાં મનમાં રહેલાં તેજને અહિં 'ઓજઃ' 'બલ' (કહેલું છે). દેવતા મુખ્ય છે એમ જણાવવા દૈત્યને 'યોધો' કહેલ છે. દેવતા પ્રેરણા કરે એવું (તેનામાં) સામર્થ્ય હોવાથી (તેને) 'મોટો યોધો' કહેલો છે. ભગવાન્ પ્રતિ (તેનો) વિરોધ જણાવવા (તેને) 'દૈત્ય' કહેલો છે. 'અર્પિતમ્' એટલે સમર્પણ કરેલું. તેમ કરે નહિ, તો બીજા દેવનું ભજન કરવારૂપ દોષ થાય, એવો સત્ય અર્થ છે. 'ખે' આકાશમાં (તે) 'ચક્રાસત્' પ્રકાશતું હતું. અંદર વધી ગએલું હતું તેજ જેનું તેવું (તે થયું), કારણ કે રુદ્રો અંતરિક્ષના દેવો છે અને ત્યાંજ તેઓની શોભા થાય છે. અંદરના

તેજનું વર્ણન તે દેવતાનો ઉત્સાહ જણાવવા માટે (કરેલું છે), કારણ કે પોતાનાં સ્થાનમાં તેનું બલ ઘણું થાય છે. 'બીજા સ્થાનમાં તેના બલનો નાશ થતાં (તેનાં તેજની) હાનિ થાય તે યોગ્ય છે' એવી શંકા દૂર કરવા, ત્યાં (અંતરિક્ષમાં) જ ચક્રથી (તેને) કાપી નાખ્યું.

''બંને એકજાતના[1] હોવાથી એકે બીજાને કેમ કાપ્યું ?'' એવી શંકા થાય, તેથી 'તીક્ષ્ણ ધારવાળા' વિશેષણ કહેલું છે. 'નિશાતા' તીક્ષ્ણ હતી 'નેમિઃ' ધાર જેની તેવું (ચક્ર હતું). ''બીજા કલ્પમાં સુદર્શન મહાદેવના અંશરૂપ હોવાથી, તેણે ત્રિશૂલનો કેમ નાશ કર્યો ?'' એવી શંકા થાય, તેથી 'હરિએ' એમ કહેલું છે. સર્વના દુઃખ હરવા ભગવાનેજ તેમ કર્યું, એવો અર્થ છે. ''ભગવાન્ પણ દેવતાનો અપરાધ કરે તે યોગ્ય નથી'' એવી શંકા થાય, તેથી 'હરિએ જેમ (ગરુડનાં પીછાંને કાપેલું તેમ)' એમ કહેલું છે. ઈન્દ્રે 'તાર્ક્ષ્યસ્ય' ગરુડનાં 'પતત્રં' પીછાંને, તેણેજ તજેલાંને જેમ કાપેલું, તે પ્રમાણે (ભગવાને કર્યું). વજ્ર પણ નિષ્ફલ ન થાય તેવું હતું, ગરુડ પણ હણી ન શકાય તેવો હતો. છતાં પણ બંનેનું રક્ષણ થાય તે માટે તેણે (ગરુડે) એક પીછું તજ્યું, તેમ ભગવાન્ મહાદેવે પણ સુદર્શન સત્ય ઠરે તે માટે તે ત્રિશૂલનો ત્યાગ કર્યો. તેથી કોઈ પણ (પ્રકારનો) વિરોધ નથી. તે ત્રિશૂલનો ત્યાગ કરીને દેવતા બીજે ગઈ, એવો અર્થ છે. એ રીતે દેવના બલનો પણ નાશ કર્યો. ૧૪.

૧. રુદ્ર પાસેથી ( ભગવાને ) ચક્ર મળેલું, એવા મત પ્રમાણે, ( ત્રિશૂલ અને ચક્ર બંને ) રૌદ્ર હોવાથી એકજાતના છે. તેમ ન માનવામાં આવે તો, બંને તેજરૂપ હોવાથી એકજાતના છે. ( પ્ર )

પછી (હિરણ્યાક્ષે) પોતાનું સામર્થ્ય પ્રકટ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**વૃક્ણે સ્વશૂલે બહુધાઽરિણા હરેઃ પ્રત્યેત્ય વિસ્તીર્ણમુરો વિભૂતિમત્ ।।**
**પ્રવૃદ્ધરોષઃ સ કઠોરમુષ્ટિના નદન્ પ્રહૃત્યાઽન્તરધીયતાઽસુરઃ ।।૧૫।।**

હરિના સંબંધવાળા શત્રુએ પોતાનાં ત્રિશૂલના ઘણા ટુકડા કરતાં, ઘણા વધેલા ક્રોધવાળા તે અસુરે હરિની સામા આવી, (તેમની) લક્ષ્મીવાળી વિશાળ છાતી ઉપર ગર્જના કરતાં કઠોર મુક્કીથી પ્રહાર કર્યો (અને) અદશ્ય થયો. ૧૫.

દેવતા જતી રહેતાં, ત્રિશૂલ (અસુરનું) પોતાનું જ રહ્યું. 'શત્રુએ' એટલે (સુદર્શન) ચક્રે. તેનું સામર્થ્ય પહેલાં કહેલું છે. 'હરિના સંબંધવાળા' વિશેષણથી (એમ જણાવ્યું છે કે) સંબંધવાળા (હરિ)નું સામર્થ્ય હોવાથી, (તેને) નભાવનારનો વિરોધ ન હતો. 'લક્ષ્મીવાળી' વિશેષણ એવા (અભિપ્રાયથી) કહેલું છે કે લક્ષ્મીના લોભથીજ (ભગવાને) મારી અવગણના કરેલી છે, એમ જણાવતો હોય તેમ (છાતી

ઉપર પ્રહાર કર્યો). ભગવાનની છાતી ઉપર મુક્કીથી પ્રહાર કરીને અદૃશ્ય થયો, એવો વાક્યનો સંબંધ છે. (વિરોધી તરીકે) સામા આવવાનું (એમ) સૂચવે છે કે તેનો મોક્ષ થવાનો નથી. તેમ ન (સામો આવ્યો) હોત, તો 'મારી પાસે આવ્યા પછી તો હે અર્જુન ! ફરી જન્મવાનું રહેતું નથી' (ભ.ગી. ૮-૧૬) એ વાક્ય પ્રમાણે ભગવાનની પાસે આવેલો (તે) કૃતાર્થજ થાય. છાતી મર્મસ્થાન છે. આખી મુક્કીનો સંબંધ (છાતીને થયાનું) જણાવવા 'વિશાળ' એમ કહેલું છે, અથવા ઘણા વિસ્તારમાં પથરાએલી હોઈ ઢાંકી શકાય તેવી ન હતી, (એમ 'વિશાળ'થી જણાવેલ છે.) ''શસ્ત્રથી પ્રહાર કર્યા પછી આ (મુક્કી)થી શું થવાનું હતું ?'' એવી શંકા થાય, તેથી 'ઘણા વધેલા ક્રોધવાળા' વિશેષણ કહેલું છે. ઘણો વધેલો જે ક્રોધ, તેને લીધે (અસુરને) વિચાર ન થયો, એમ (કહેલું છે). 'ક્રોધ હોવા છતાં વિચાર કરવાની પ્રવૃત્તિ કેમ ન થઈ ?' એવો પ્રશ્ન થાય, તેથી 'તે' એમ કહેલું છે. ઉપર વર્ણવ્યો તેવો (તે હતો), તેથી વિવેક વિગેરે (તેને) ન હોવાથી (તેને) વિચાર ઉત્પન્ન થયો નહિ. મુક્કી (પ્રહાર કરવાનું) સાધન જણાય તે માટે 'કઠોર' એમ કહેલું છે. આ (વિશેષણ)થી તેનું[1] પ્રચંડપણું સૂચવેલું છે. 'ગર્જના કરતાં' એટલે ધ્યાન બહાર ન જાય તે માટે પોતાની ઓળખાણ આપતાં. બધાંએ બલનો નાશ થયો, ત્યારે (તે) અસુર હોવાથી પ્રહાર કરીને અદૃશ્ય થયો. આમનો સામનો કરવામાં શું[2] બાકી રહ્યું છે, એવા વિચારથી અદૃશ્ય થયો. ૧૫.

૧. 'તેનું' એટલે અસુરનું અથવા તેની મુક્કીનું.

૨. 'શું બાકી રહ્યું છે ?' એટલે કાંઈ પણ બાકી રહ્યું નથી, એવો અર્થ છે. (પ્ર)

'સામનો ન થયો, ત્યારે પ્રહારથી શું થયું ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહેલો છે :

**તેનેત્થમાહતઃ ક્ષત્તર્ભગવાનાદિસૂકરઃ ।।**
**નાઽકમ્પત મનાક્ ક્વાઽપિ સ્રજા હત ઈવ દ્વિપઃ ।।૧૬।।**

હે સંયમી ! તેણે આ પ્રકારે પ્રહાર કરેલા ભગવાન્ આદિસૂકરને-માલાથી પ્રહાર કરેલા હાથીની પેઠે-ક્યાંય પણ જરાએ કંપ થયો નહિ. ૧૬.

'હે સંયમી !' એ સંબોધન (વિદુર) વિવેકી છે એમ જણાવવા (કરેલું છે). જેમ પુત્ર અથવા જેમ સ્ત્રી માલાથી પ્રહાર કરે (તેવો આ પ્રહાર થયો). (પ્રહાર) નજીવો થવાનું કારણ 'ભગવાન્' શબ્દથી કહેલું છે. અવતારના દેહનો વિચાર કરતાં પણ મુક્કીના પ્રહારથી કાંઈ પણ હાનિ થતી નથી, તેમાં પણ 'આદિસૂકર' ઘણા કઠણ હતા. તેમને જરાએ કંપ થયો નહિ. પશુઓ વિગેરેના દેહ ઉપર માખીના

બેસવાથી કંપ થાય છે. પ્રહારનું અધમ કાર્ય કંપ (કરવાનું) છે, તે પણ (દેહના) થોડા ભાગમાં, અને તે પણ શ્વાસ (લેવા)થી દેહ હાલે તેમ જરાક – તે (તેવું) પણ થયું નહિ. ''સાધન (પ્રહાર)થી સાધ્ય (કંપ, દુઃખ) ન થવાનું કેમ ઘટે ?'' એવી શંકા થાય, તેથી 'માલાથી પ્રહાર કરેલા હાથીની પેઠે' એમ કહેલું છે, કારણ કે માલાથી પ્રહાર કરેલા હાથીને કંપ થતો નથી. બધા પ્રહાર દુઃખ કરનારા હોતા નથી, પરંતુ નાનાને મોટો (પ્રહાર દુઃખ કરે છે). તેમ હોય, તો ચાલુ પ્રસંગમાં પણ તેવું જ (થયું) (પ્રહાર દુઃખ કરનાર ન થયો) એવો અર્થ છે. ૧૬.

આ પ્રમાણે તેનું કુદરતી યુદ્ધ કહીને, નીચેના શ્લોકથી માયાથી કરેલું યુદ્ધ કહે છે :

**અથોરુધાઽસૃજન્માયાં યોગમાયેશ્વરે હરૌ ।।**
**યાં વિલોક્ય પ્રજાસ્ત્રસ્તા મેનિરેઽસ્યોપસંયમમ્ ।।૧૭।।**

પછી યોગમાયાના ઈશ્વર હરિ ઉપર તેણે ઘણા પ્રકારે માયાનો પ્રયોગ કર્યો, જે (માયા)ને જોઈને ભય પામેલી પ્રજા આનો નાશ માનવા લાગી. ૧૭.

જૂદા પ્રકારથી જૂદા જૂદા પ્રકારની દૈત્યોએ ઉપાસના કરવા યોગ્ય માયાનો તેણે પ્રયોગ કર્યો. 'માયા એ અસુરો છે, તે ઉત્પન્ન થઈ આમનું રક્ષણ કરે છે' એ શ્રુતિ પ્રમાણે ભગવાનને મોહ ઉત્પન્ન કરવા (તેણે) માયા રચી; પરંતુ તે મૂર્ખ હતો. બીજાના વિષેજ આ કરવા યોગ્ય હતું, પરંતુ 'યોગમાયાના ઈશ્વર' વિષે (કરવા યોગ્ય) ન હતું. બધી માયાઓ યોગમાયાના અંશરૂપ છે, તે (યોગમાયા)ને પણ ભગવાન્ 'ઈશ્વર' વશ રાખનારા છે. તેમાં પણ (ભગવાન્) સર્વનાં દુઃખને હણનારા છે, અને (યોગમાયા સિવાયની) બીજી માયાઓ પ્રાણીઓને દુઃખ આપનારી હોય છે. તેથી (ભગવાન્) વિચાર કરીને પણ, બીજાને દુઃખ આપનારી માયાનો (તે) છૂપાએલી હોવા છતાં નાશ કરે છે. તેવા સંજોગોમાં પોતાનું સર્વસ્વ બનેલી જીવની માયાનો ભગવાન્ ઉપર પ્રયોગ કરે, તો ભગવાન્ તેનો નાશ કરી પોતાનાં સર્વસ્વનો જ નાશ કરે, એમ તેની દુષ્ટ બુદ્ધિ જણાવવા, સાતમી (વિભક્તિ)ના પ્રત્યયવાળા[1] બે શબ્દો યોજેલા છે. ''ત્યારે તેણે એ પ્રમાણે (માયાનો) કેમ પ્રયોગ કર્યો ?'' એવી શંકા થાય, તેથી માયા લોકમાં વિજય (પ્રાપ્ત કરવા)નું ઉત્તમ સાધન છે એવાં તેનું સ્વરૂપ અને ગુણો કહેવા જોઈએ. તે પૈકી ઉત્તરાર્ધથી (તેના) ગુણો કહે છે. જે માયાને જોઈને બધીએ પ્રજા પોતાનો વધ થશે એવી શંકાથી આરંભમાં ભય પામી, (અને) પછી પ્રચંડ (માયા) જોઈને, આનો[2] નાશજ માનવા લાગી. જગતનો પ્રલયજ થયો, એમ (પ્રજાએ) જાણ્યું. ૧૭.

૧. 'યોગમાયેશ્વરે હરૌ' એ બે શબ્દો.
૨. 'આનો' એટલે જગતનો.

નીચેના શ્લોકથી આરંભી ચાર (શ્લોકો)થી સ્વરૂપ કહે છે :

**પ્રવવુર્વાયવશ્ચણ્ડાસ્તમઃ પાંસવમૈરયન્ ।।**
**દિગ્ભ્યો નિપેતુર્ગ્રાવાણઃ ક્ષેપણૈઃ પ્રહિતા ઈવ ।।૧૮।।**

પ્રચંડ વાયુઓ વાવા લાગ્યા. ધૂળોનો અંધકાર પ્રકટ કર્યો. યંત્રોથી ફેંકાએલા હોય તેમ દિશાઓમાંથી પથરા પડ્યા. ૧૮.

(૧) સહન ન થઈ શકે તેવા પ્રચંડ વાયુઓ જોરથી 'વવુઃ' વાવા લાગ્યા. વળી (૨) (માયાઓએ) ધૂળોનો અંધકાર 'ઐરયન્' પ્રકટ કર્યો. જેમ ગાઢ અંધકાર થાય તેવી રીતે ધૂળનો વરસાદ થયો. (૩) ઉત્તરાર્ધથી ત્રીજું સ્વરૂપ કહેલું છે. સર્વ તરફથી પથરા પડ્યા, અને તે પથરા કરા વિગેરે પેઠે પડતા ન હતા, પરંતુ 'ક્ષેપણેન' કિલ્લા ઉપર રહેલા યંત્ર વડે જેમ ઓષધના બલથી પડે તેમ પડતા હતા. યંત્રોથી ફેંકાએલા (પથરો) પ્રાણીઓનો નાશ કરે છે, તેની પેઠે (પડ્યા), એવો અર્થ છે. આ ત્રણ પ્રકારની તામસી માયા (જણાવી). ૧૮.

નીચેના શ્લોકમાં રાજસી (માયા) કહે છે :

**દ્યૌર્નષ્ટભગણાઽભ્રૌઘૈઃ સવિદ્યુત્સ્તનયિત્નુભિઃ ।।**
**વર્ષદ્ભિઃ પૂયકેશાઽસૃગ્વિણ્મૂત્રાઽસ્થીનિ ચાઽસકૃત્ ।।૧૯।।**

વીજળી અને ગર્જના સાથેના, અને પરૂ કેશ લોહી વિષ્ઠા મૂત્ર અને હાડકાં વારંવાર વર્ષાવતાં, વાદળાંઓના સમૂહોથી સ્વર્ગ જ્યોતિશ્ચક્રરહિત હોવાનું (જણાતું હતું). ૧૯.

સ્વર્ગ (આકાશ) વાદળાંઓને લીધે જ્યોતિશ્ચક્રરહિત હોવાનું (જણાતું હતું). 'વાદળાંઓના સમૂહોથી' શબ્દથી વાદળાંની પેટા-જાતિઓના પ્રકારો કહેલા છે. 'વિદ્યુતઃ' વીજળીઓ, 'સ્તનયિત્નવઃ' ગર્જનાઓ, તે બે સાથેના સાત્ત્વિક (વાદળાંઓ)થી (તેમ થએલ). પ્રાણીઓના ગર્ભનો વધ થાય તે માટે અહિં રાજસ (વીજળી) અને તામસ (ગર્જના) બંનેની (સાત્ત્વિક વાદળાં સાથે) સામેલગીરી (કહેલી છે). ઉત્તરાર્ધથી વાદળાંઓનું કાર્ય કહેલું છે. પરૂ વિગેરે છ મલ તેઓ વર્ષાવતાં હતાં. પરૂ, કેશ અને લોહી એક પ્રકારના ભયાનક અને અણગમો કરાવનારાં છે. વિષ્ઠા મૂત્ર અને હાડકાં માત્ર અણગમો કરાવનારાં છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી બીજાં પણ ભયાનક (પદાર્થો વર્ષાવતાં હતાં). 'અસકૃત્' 'વારંવાર' શબ્દ (વાદળાંઓનું એવું) સ્વભાવિકપણું જણાવનારો છે. ૧૯.

નીચેના શ્લોકમાં સાત્ત્વિક (માયા) કહે છે :

**ગિરયઃ પ્રત્યદશ્યન્ત નાનાયુધમુચોઽનઘ ।।**

**દિગ્વાસસો યાતુધાન્યઃ શૂલિન્યો મુક્તમૂર્ધજાઃ ।।૨૦।।**

હે પાપરહિત ! પર્વતો જાતજાતના આયુધો ફેંકતા દેખાયા. રાક્ષસીઓ નગ્ન ત્રિશૂલ ધારણ કરેલી અને છૂટા મૂકેલા કેશવાળી દેખાવા લાગી. ૨૦.

(પર્વતો) તલવાર વિગેરે અનેક આયુધો ફેંકતા હોવાથી 'જાતજાતના આયુધો ફેંકતા' (દેખાયા). (તેઓ) પોતે પ્રહાર કરતા અને સાધનથી (પ્રહાર કરતા) એમ (કહેલું છે). (વિદુરને) વિશ્વાસ રહે અને ભય ન થાય તે માટે 'હે પાપરહિત !' એવું સંબોધન (કરેલું છે). ઉત્તરાર્ધથી સાત્ત્વિક માયાની આધિદૈવિક (દેવતા) કહેલ છે. 'યાતુધાન્યઃ' સ્વભાવથી ભયાનક રાક્ષસીઓ, 'દિગમ્બરાઃ' 'નગ્ન' સ્વરૂપથી અમંગલ (કરનારી), 'શૂલિન્યઃ' ત્રિશૂલ ધારણ કરેલી, સાધનથી હણનારી, (અને) 'મુક્તમૂર્ધજાઃ' છૂટા મૂકેલ કેશવાળી, દેખાવથી ભયંકર (દેખાવા લાગી). ૨૦.

નીચેના શ્લોકમાં લૌકિક પ્રકારથી પણ માયાનું યુદ્ધમાં ઉપયોગી સ્વરૂપ કહે છે :

**બહુભિર્યક્ષરક્ષોભિઃ પત્ત્યશ્વરથકુઞ્જરૈઃ ।।**

**આતતાયિભિરુત્સૃષ્ટા હિંસ્રા વાચોઽતિવૈશસાઃ ।।૨૧।।**

પાયદળ, અશ્વ, રથ અને હાથીઓ સાથે શસ્ત્ર ધારણ કરેલા ઘણા યક્ષો અને રાક્ષસો હિંસા કરનારી ઘણી ઘાતકી વાણી બોલતા હતા. ૨૧.

યક્ષો અને રાક્ષસોનો તફાવત આગળ કહેવાનો છે. 'ઘણા' વિશેષણથી તેઓની પેટા–જાતિઓનો સમાવેશ કરેલો છે. આ દૈત્ય તરીકે સ્વભાવથી યોધાઓ હોય છે. 'પાયદળ, અશ્વ, રથ અને હાથીઓ સાથે' શબ્દથી (તેઓની) ચાર પ્રકારની સેના કહેલી છે. પગે ચાલનારા, અશ્વોના સમૂહો, રથો અને હાથીઓ સેનાના અંગો છે. એ પ્રમાણે દેખાવથી હણનારા છે એમ કહી, વાણીથી પણ તેવા છે એમ ઉત્તરાર્ધથી કહેલ છે. હાથમાં શસ્ત્રો રાખેલા બધાએ 'મારો લગાવો' વિગેરે વાણીઓ મોટેથી બોલતા હતા. તે વાણીઓનાં બે વિશેષણો કહેલાં છે. ૧.'હિંસ્રાઃ' સ્વરૂપથી હિંસા કરનારી જેવી કે 'ખટ્, ફટ્, હણો' વિગેરે. અને ૨.'અતિવૈશસાઃ' પ્રાણીઓનો ઘાત કરવાના મંત્રરૂપ, જેનાથી મનુષ્યો અને પશુઓ હણાય છે તેવી. ૨૧.

એ પ્રમાણે ચાર પ્રકારનું માયાનું સ્વરૂપ કહીને, નીચેના શ્લોકમાં તેનો સામનો (કર્યાનું) કહે છેઃ

**પ્રાદુષ્કૃતાનાં માયાનામાસુરીણાં વિનાશનમ્ ।।**

**સુદર્શનાસ્ત્રં ભગવાન્પ્રાયુઙ્ક્ત દયિતં ત્રિપાત્ ।।૨૨।।**

પ્રકટ થએલી માયાઓ પૈકી આસુરી (માયાઓ)નો સારી રીતે નાશ કરનારાં (પોતાનાં) પ્રિય સુદર્શનાસ્ત્રનો યજ્ઞરૂપ ભગવાને પ્રયોગ કર્યો. ૨૨.

જે માયાઓ તો તેણે પ્રયોગ કરેલ હોવા છતાં ભગવાનના ભયથી પ્રકટ ન થઈ, તેમનો નાશ ન કર્યો, પરંતુ જે પ્રકટ થઈ, તેમાં (ભગવાનની) પોતાની પણ પોતાની જાતનીનું રોકાણ કરવા પ્રકટ થએલી, તેમનો નાશ કર્યો નહિ એમ જણાવવા 'આસુરી' એમ કહેલું છે. ફરીથી તે (માયાઓ) ઉત્પન્ન ન થાય તે માટે (તેમનો) સારી રીતે નાશ થતો હતો જેનાથી તેવા (સુદર્શનનો પ્રયોગ કર્યો). 'સુદર્શનાસ્ત્ર'નો એવો અર્થ છે કે શસ્ત્રરૂપ સુદર્શનમાં મંત્રરૂપ સુદર્શનાસ્ત્ર યોજીને, પછી સુદર્શન ફેંક્યું. ''તે (માયા) સાત્ત્વિકી દેવતા હોવાથી, (સુદર્શન) તેનો નાશ ન કરે'' એવી શંકા થાય, તેથી 'પ્રિય' એમ કહેલું છે. તે (ભગવાનને) ઘણું પ્રિય હતું. પ્રિય (ભગવાન)નું હિત કરવાનું જ, એવો અર્થ છે. 'ત્રિપાત્' એટલે યજ્ઞ, કારણ કે યજ્ઞ ત્રણ સવનરૂપ[1] છે. માયાનો સારી રીતે નાશ થાય, ત્યારેજ યજ્ઞની ઉત્પત્તિ થતી હોવાથી, તે (યજ્ઞરૂપ ભગવાન)ને તે (માયાનો વિનાશ કરવાનું) જરૂરી છે, એવો અર્થ છે. યજ્ઞ બીજાનાં કાર્યથી સિદ્ધ થાય તેવો નથી એમ જણાવવા 'ભગવાને' એમ કહેલું છે. ૨૨.

૧. 'સવન' એટલે સોમરસ કાઢવાના સમય, સવારે, બપોરે અને સાંજે સોમરસ કઢાય છે.

એ રીતે માયાથી કરેલું યુદ્ધ પણ કહી, તેની કામના પૂર્ણ કરી, (ભગવાને) તેને હણવાની ઈચ્છા કરી, ત્યારે તેનું મૃત્યુ સૂચવનારું દુષ્ટ ચિહ્ન થયું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તદા દિતેઃ સમભવત્સહસા હૃદિ વેપથુઃ ।।**
**સ્મરન્ત્યા ભર્તુરાદેશં સ્તનાચ્ચાસૃક્ પ્રસુસ્રુવે ।।૨૩।।**

તે સમયે પતિની ભવિષ્યવાણીનું સ્મરણ કરતી દિતિના હૃદયમાં એકાએક કંપ થયો, સ્તનમાંથી લોહી નીકળ્યું. ૨૩.

પોતાના સ્થાનમાં રહેલી દિતિના હૃદયમાં તે સમયે કંપ થયો. જો ભય કારણમાં પ્રથમ પ્રવેશ કરી કાર્યમાં આવે, તો તે નિશ્ચિત થાય છે, તેથી તેમ કહેલું છે. કંપ તરત અપ્રિય કરનારો છે એમ પહેલાં કહેલું છે. વળી પુત્રનું મૃત્યુ થશે એમ તેણે જાણ્યું. તે (અર્થ) 'પતિની ભવિષ્યવાણીનું સ્મરણ કરતી' શબ્દોથી કહેલો છે. 'ત્યારે ક્રોધ પામેલા વિશ્વેશ્વર' (૩-૧૪-૪૦) એ કશ્યપના વચનનું સ્મરણ કરી, હૃદયમાં એકાએક કંપ થતાં, તેણે પુત્રનો નાશજ (થશે એવો) નિશ્ચય કર્યો, એવો અર્થ છે. વળી 'અને સ્તનમાંથી લોહી નીકળ્યું' શબ્દોથી બીજું ચિહ્ન પણ થયું એમ કહેલું છે.

આ પુત્રનો નાશ સૂચવનારુંજ છે, કારણ કે સ્તનમાંથી નીકળતું દુધ તે (પુત્ર)નું પોષણ કરનારું છે અને લોહી નાશ કરનારું છે. 'ચ' 'અને' શબ્દથી એમ કહેલું છે કે (તેનું) હૃદય પણ તેમજ કહેતું હતું. ૨૩.

એ પ્રમાણે (મૃત્યુનું) ચિહ્ન થયું (અને) માયાનો પણ નાશ થયો, બધુંએ પુરુષાતન અટકી પડ્યું, ત્યારે જો તે (ભગવાન્ સામે) ન આવે, તો ક્લેશ વિના કર્મ કરનાર ભગવાન્ (તેને) હણે નહિ, એમ સૂચવવા તેણે ફરી (ભગવાનનો) અપરાધ કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**વિનષ્ટાસુ સ્વમાયાસુ ભૂયશ્ચાડડવ્રજ્ય કેશવમ્ ।।**
**રુષોપગૂહમાનોડમું દદશેડવસ્થિતં બહિઃ ।।૨૪।।**

પોતાની માયાઓનો નાશ થયો, ત્યારે ફરીથી કેશવ પાસે આવી, (તેમને) ક્રોધથી બાથમાં લેતાં, આમને બહાર ઉભેલા જોયા. ૨૪.

પોતાના ભાગમાં જેટલી આવેલી, તેટલી બધીએ માયાઓનો નાશ થયો, એમ 'પોતાની' શબ્દથી જણાવે છે. પહેલાં જેમ મુક્કી મારવા માટે આવેલો, તેવીજ રીતે ફરીથી પણ આવી, ક્રોધથી તેણે ભગવાનને 'પકડીને બીજાં સ્થલે લઈ જઈશ' એવા વિચારથી બાથમાં લીધા. ત્યારે ભગવાન્ નાના થઈ ગયા, (અને) તેના હાથમાંથી છૂટા થઈ બહારજ ઉભા રહ્યા. ત્યારે તેણે તે ભગવાનને (પોતાની) સમીપ ઉભેલા જોયા, એમ '(બહાર) ઉભેલા જોયા' શબ્દોથી કહેલું છે. ૨૪.

**તં મુષ્ટિભિર્વિનિઘ્નન્તં વજ્રસારૈરધોક્ષજઃ ।।**
**કરેણ કર્ણમૂલેડહન્યથા ત્વાષ્ટ્રં મરુત્પતિઃ ।।૨૫।।**

વજ્રના જેવી પ્રબળ મુક્કીઓથી સારી રીતે પ્રહાર કરતા તેને-જેમ ઈન્દ્રે વૃત્રને મારેલો તેમ-ઈન્દ્રિયોથી ઉત્પન્ન થએલ (કર્મ) જેમને પહોંચતું નથી તેવા (ભગવાને) કાનના મૂળમાં હાથથી પ્રહાર કર્યો. ૨૫.

એમ છતાં પ્રહાર ન કરતા ભગવાનને ફરીથી તેણે-જેમ બાલક માતાને અથવા પિતાને (પ્રહાર કરે) તેમ-મુક્કીઓથી પ્રહાર કર્યા. સારી રીતે પ્રહાર કરતો હતો એ (તેને) તેવી રીતે મારવાનું કારણ હતું. 'વજ્રના જેવી પ્રબલ' વિશેષણથી (તેને મારવાનું) બીજું કારણ (કહેલું છે). વજ્રના પડવા કરતાં પણ કઠણ (મુક્કીઓથી પ્રહાર કરતો હતો). 'ઈન્દ્રિયોથી ઉત્પન્ન થએલ (કર્મ) જેમને પહોંચતું નથી' એ શબ્દથી (એમ કહેલું છે કે ભગવાને તેને) દુઃખને લીધે માર્યો ન હતો. ઈન્દ્રિયોથી ઉત્પન્ન થએલ જ્ઞાન અથવા કર્મ ભગવાનને પહોંચતું ન હોવાથી, તે બહિર્મુખ હોવાથી પ્રહાર કરતો હતો, એવો ભાવ છે. 'કાનના મૂળમાં હાથથી પ્રહાર

કર્યો' શબ્દોથી મારવાનો પ્રકાર કહેલો છે. આગલો પગ તે હાથ. સુદર્શનથી હણવાથી મુક્તિ થાય, તેથી ક્રિયાશક્તિ (હાથ)થી હણવાથી બીજો જન્મ થવાનું સૂચવેલું છે. 'જેમ ઈન્દ્રે વૃત્રને મારેલો તેમ' શબ્દોથી આનો વધ કરવાનું પ્રયોજન કહેલું છે, કારણ કે વૃત્ર તેજ અસ્ત્ર અને આયુધની સંપત્તિઓ ગળી ગએલો, (તે) તેનો વધ થતાં પાછી પ્રાપ્ત થએલી. તેમ થયું ન હોત, તો ઘણો વધી ગએલો તે લોકોનેજ પોતાની અંદર પૂરી રાખત. તેથી લોકોનું રક્ષણ કરવા, દેવોનું હિત કરવા અને તે દૈત્ય પોતાનો સેવક હોવાનું પ્રસિદ્ધ થાય તે માટે (ભગવાને તેને) હણ્યો, એવો અર્થ છે. ૨૫.

હણાયા પછી તે હિરણ્યાક્ષનાં થએલાં સ્વરૂપનું નીચેના શ્લોકમાં વર્ણન કરે છે :

**સ આહતો વિશ્વસૃજા હ્યવજ્ઞયા પરિભ્રમદ્ગાત્ર ઉદસ્તલોચનઃ ।।**
**વિકીર્ણ બાહ્વઙ્ઘ્રિશિરોરુહોઽપતદ્યથા નગેન્દ્રો લુલિતો નભસ્વતા ।।૨૬।।**

વિશ્વ રચનારે અવગણનાથી સ્હેજ પ્રહાર કરેલો તે ચોતરફ ભમતા ગાત્રવાળો, ઉંચા ચઢેલાં બે લોચનવાળો, (અને) વીખરાએલા હાથ પગ તથા કેશવાળો થઈ-જેમ વાયુએ ઉખાડી નાખેલું ઉત્તમ વૃક્ષ પડે તેમ-પડ્યો. ૨૬.

'વિશ્વ રચનારે અવગણનાથી સ્હેજ પ્રહાર કરેલો તે પડ્યો' એવો (વાક્યનો) સંબંધ છે. ''તેનો વધ કર્યો તેમાં ભગવાને શું ઉપકાર કર્યો ?'' એવી શંકા થાય, તેથી 'વિશ્વ રચનારે' એમ કહેલું છે. સૃષ્ટિ (રચવા) માટે તેનો વધ (કર્યો), એવો અર્થ છે, કારણ કે તે રજોગુણના અભિમાનવાળો હોઈ, રજોગુણને રોકી દઈ રહેતો હતો, અને માત્ર તે (અસુર)નો નાશ થાય, પરંતુ રજોગુણનો (નાશ) ન થાય, તે માટે (ભગવાને) સ્હેજ પ્રહાર કરેલો. આજ અર્થ 'હિ' શબ્દ સિદ્ધ કરે છે, કારણ કે તેને હણ્યો ન હોત, તો રજોગુણ કાર્ય કરી શકત નહિ. જો કે તેનાથી રજોગુણનેજ છૂટો પાડી શકાત, (તેને) મારવાની જરુર ન હતી, છતાં પણ (તે બંને કાર્યમાં) પ્રયાસ સરખો હોવાથી, (તેને) હણ્યોજ. તે (અર્થ) 'અવગણનાથી' શબ્દથી કહેલો છે. (તેનું) મરણ ભગવાને લક્ષ્યમાં રાખેલું ન હતું, એવો અર્થ છે. ચોતરફ ભમતાં હતાં ગાત્ર જેનાં તેવો (તે થયો), કારણ કે હાથથી પ્રહાર કરેલો ભમે છે. ઉંચાં ચઢેલાં હતાં બે લોચનો જેનાં તેવો (તે થયો). બે લોચનો ઉંચાં ચઢી ગયાં, કારણ કે તે માત્ર રાજસ હોવા છતાં, (તેનાં) બીજને લીધે સત્ત્વવાળો પણ હતો; અને સત્ત્વને લીધે પાછળથી (ભગવાન્ તેના ઉપર) ઉપકાર કરશે, અને ચાલુ પ્રસંગમાં (તેનો) નાશ થાય છે. તેમ ન થાય, તો રજોગુણનો અટકાવ થાય. તેથીજ આરંભમાં 'ચોતરફ ભમતાં ગાત્રવાળો' વિશેષણથી રજોગુણ બહાર કાઢ્યાનું કહેલું છે. લોચનમાં તો

બીજ અને જીવના ભેદથી બંને પ્રકારનું સત્ત્વ હોવાથી, 'બે લોચનો' એમ દ્વિવચન છે. ચોતરફ ભમવાથી ઘણાં પ્રકારે રજોગુણની પ્રવૃત્તિ થતાં, હાથ વિગેરે વીખરાઈ ગયા. આ કલ્પમાં વર્ણોની જૂદા જૂદા પ્રકારે ઉત્પત્તિ થાય, તે માટે હાથ પગ અને કેશ વીખરાએલા હતા જેના તેવો (તે થયો). 'વીખરાએલા' એટલે ક્રિયાશક્તિ (હાથ), ગતિ (પગ), અને જન્મ (કેશ) વીખરાયા, અને તે છિન્નભિન્ન થવાથી તેના બધા સંસ્કાર અટકી પડ્યા. (તેના) પ્રાણો અંતરિક્ષમાંજ ગએલા હોવાથી ભવિષ્યમાં તે રાક્ષસ અને ભક્ત[1] થશે. મરણ પામી[2] 'પડ્યો' એ શબ્દથી ભૂમિ ઉપર તો પ્રાણ ગયા ન હતા એમ કહેલું છે. તેમ થવાનું[3] જણાવનાર (ચિહ્ન)–'જેમ (વાયુએ ઉખાડી નાંખેલું) ઉત્તમ વૃક્ષ (પડે)'–એ દૃષ્ટાંતથી કહેલું છે. જેમ 'નભસ્વતા' વાયુએ મૂલમાંથી ઉખાડેલું ઉત્તમ વૃક્ષ પડે (તેમ તે પડ્યો), એવો અર્થ છે. ૨૬.

૧. 'ભક્ત' એટલે રુદ્રનો ભક્ત, કારણ કે અંતરિક્ષના દેવ રુદ્ર છે (પ્ર) પાછળ શ્લો.૧૨ના સુબોધિનીમાં બીજા દેવનો તેને સંબંધ ન થાય, તે માટે ગદા ભગવાને તેને આપવા માંડ્યાનું કહેલ છે. વળી આ જય વિજય ભગવાનનાજ ભક્તો હતા. તેથી રુદ્રનો ભક્ત થશે એમ માનવું યોગ્ય લાગતું નથી.

૨. ચિહ્નોથીજ તે મરણ પામ્યાનું અહિં જણાય છે. ભગવાને કરેલા પ્રહારથી હાથ પગ વિગેરે વિખરાયા (નું કહ્યું) તેથી તે છિન્નભિન્ન થયાનું પણ જણાય છે. (પ્ર)

૩. 'તેમ થવાનું' એટલે બીજા સ્થાનમાં પડવાનું. (પ્ર) અંતરિક્ષમાં પ્રાણ જવાનું, એવો અર્થ જણાય છે.

નીચેના શ્લોકમાં મરેલા (હિરણ્યાક્ષ)નું વર્ણન કરે છે :

**ક્ષિતૌ શયાનં તમકુણ્ઠવર્ચસં કરાલદંષ્ટ્રં પરિદષ્ટદચ્છદમ્ ।।**
**અજાદયો વીક્ષ્ય શશંસુરાગતા અહો ઈમાં કો નુ લભેત સંસ્થિતિમ્ ।।૨૭।।**

(ત્યાં) આવેલા બ્રહ્મા વિગેરેએ ભૂમિ ઉપર સૂતેલા, જેનું તેજ ઝાંખું પડ્યું ન હતું તેવા, ભયંકર દાઢવાળા, સર્વત્ર હોઠ કરડેલા તેને જોઈને પ્રશંસા કરી કે 'અહો ! આવું મૃત્યુ કોણજ પ્રાપ્ત કરે ?' ૨૭.

મૃત્યુએ ગળેલો ઝાંખા તેજવાળો થાય છે. આને તો ભગવાને હણેલો હોવાથી ન હતું ઝાંખું પડેલું તેજ જેનું તેવો હતો. ભયંકર હતી દાઢો જેની તેવો હતો. મૃત્યુ સમયે યમ (દાઢ) ભયંકર હોવાથી ભવિષ્યમાં તે રાક્ષસ થવાનો અને લોભરૂપ હોઠ સ્નેહ (દાંત)થી કરડેલો હોવાથી મનુષ્ય થવાનો, સર્વત્ર (હોઠ) કરડાએલ હોવાથી મરણ સુધી લોભ રહેવાનો. આનું મરણ સર્વવાદીઓના મત પ્રમાણે સારું હતું એમ જણાવવા, બ્રહ્મા વિગેરેની પ્રશંસા (કહેલી છે). (તેને મળેલ) ફલ (તેનાં) કર્મથી વિરુદ્ધ હોવાથી, હિરણ્યાક્ષે તેવું ફલ પ્રાપ્ત કર્યું એ આશ્ચર્યકારક છે. 'સંસ્થિતિ'

એટલે મૃત્યુ. (ભગવાનની) વિરુદ્ધ (કાર્ય) કરનાર એવું (ફલ) પ્રાપ્ત કરતો નથી, તેથી 'કોણ જ પ્રાપ્ત કરે ?' એવું આશ્ચર્યનું વચન છે. તેનું કર્મ ફલથી વિરુદ્ધ હોવાનું બ્રહ્માએજ જણાવેલું છે. ૨૭.

વળી આ ફલ તેવુંજ છે એવી શંકા ન કરવી, પરંતુ ઘણાં ઉત્તમ યોગનું આ ફલ છે એમ નીચેના શ્લોકમાં કહે છે :

**યં યોગિનો યોગસમાધિના રહો ધ્યાયન્તિ લિંગાદસતો મુમુક્ષયા ।।**
**તસ્યૈષ દૈત્યઋષભઃ પદાહતો મુખં પ્રપશ્યંસ્તનુમુત્સસર્જ હ ।।૨૮।।**

અહો ! પ્રાકૃત લિંગ (દેહ)માંથી છૂટવા માટે યોગથી પ્રાપ્ત થએલી સમાધિ વડે યોગીઓ જેમનું એકાંતમાં ધ્યાન ધરે છે, તેમના ચરણથી હણાએલા આ ઉત્તમ દૈત્યે તેમનું મુખ જોતાં દેહ તજ્યો. ૨૮.

'અસતઃ' પ્રાકૃત 'લિનાત્' (સૂક્ષ્મ ઈન્દ્રિયો વિગેરેના) સમૂહ (રૂપ લિંગ દેહ)માંથી છૂટવા માટે, જેમણે યોગ ઉપર વિજય પ્રાપ્ત કરેલો છે તેવા યોગીઓ, યોગથીજ સમાધિ પ્રાપ્ત કરીને જે ભગવાનનું તેમાં ધ્યાન ધરે છે, (તેમના ચરણથી હણાએલાએ દેહ તજ્યો). બીજા માર્ગમાં રહેલાઓએ પણ સમાધિમાં ચિંતન કરેલી આ વરાહની માનસી મૂર્તિ પણ મોક્ષ પ્રાપ્ત કરાવે છે, ત્યારે (આ તો) સાક્ષાત્ ભગવાન્, તેમને[1] પણ ગતિ આપનારો ભક્તોનો આધાર બનેલો ચરણ, (તેનાથી હણાએલો). આ (દૈત્ય) પણ પોતાના ધર્મમાં શ્રદ્ધાવાળો હતો એમ 'ઉત્તમ દૈત્ય' શબ્દથી કહેલું છે. વળી (તેને) મૃત્યુ સમયે પૂર્ણ જ્ઞાન હતું, કારણ કે (વરાહનું) મુખ જોતાં તેણે દેહ તજ્યો; તે પરંપરાનો[2]જ ત્યાગ કર્યો, એવો અર્થ છે. 'આશ્ચર્યકારક (છે)' એમ બ્રહ્માએ દેવો પ્રતિ તેનું (તેણે પ્રાપ્ત કરેલું) ફલ કહેલું છે. ૨૮.

૧. 'તસ્ય અપિ' એટલે પ્રકૃતિને પણ ( પ્ર ) 'અસ્યાપિ' એવો વૃંદાવનવાળી પ્રતનો પાઠ લીધો છે. તે ભગવાનને પણ ગતિ આપનારો ( ચલાવનારો ) તેમનો ચરણ છે.
૨. 'તે પરંપરા' એટલે દૈત્યની પરંપરા. ( પ્ર )

એવી રીતે મરણ થવા છતાં, અને બીજા જન્મનો સંબંધ રહેતાં વિસ્મયથી (બ્રહ્મા) વિસ્મય પામેલા (દેવો)ને નીચે પ્રમાણે કહે છે :

**એતૌ તૌ પાર્ષદાવસ્ય શાપાદ્યાતાવસદ્ગતિમ્ ।।**
**પુનઃ કતિપયૈઃ સ્થાનં પ્રપત્સ્યેતે હ જન્મભિઃ ।।૨૯।।**

આ બે આમના તે પાર્ષદો છે, કે જેઓ શાપને લીધે અસદ્ગતિ પામેલા કેટલાક જન્મોથી ફરી (પોતાનું) સ્થાન પ્રાપ્ત કરશે. ૨૯.

'તે' એટલે ઉપર જણાવેલા. આમના (ભગવાનના)જ પાર્ષદો હોવાથી

એવું ફલ (પ્રાપ્ત) થાય તેમાં આશ્ચર્ય નથી. એવી સ્થિતિ થવાનું કારણ 'શાપને લીધે અસદ્‌ગતિ પામેલા' શબ્દોથી કહેલું છે. 'ત્યારે ક્યારે છૂટકારો થશે' એ જાણવાની ઈચ્છા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. આ (જન્મ) સાથે ત્રણ (પ્રકારના) જન્મોથી (છૂટકારો થશે). કર્મની ગતિ જાણી ન શકાય તેવી હોવાથી કલ્પનાથી ('જન્મો' એમ) બહુવચન (યોજેલું છે). ૨૯.

એ પ્રમાણે તે (અસુર)ની પ્રશંસા કરી, ભગવાનનું તાગ ન લઈ શકાય તેવું માહાત્મ્ય જાણીને, નીચેના શ્લોકમાં (તેમને) નમન કરે છે :

।। દેવા ઊચુઃ ।।

**નમો નમસ્તેઽખિલયજ્ઞતન્તવે સ્થિતૌ ગૃહીતાઽમલસત્ત્વમૂર્તયે ।।**
**દિષ્ટ્યા હતોઽયં જગતામરુન્તુદસ્ત્વત્પાદભક્ત્યા વયમીશ નિર્વૃતાઃ ।।૩૦।।**

સર્વ યજ્ઞોની સંસ્થારૂપ, પાલન કરવા શુદ્ધ સત્ત્વવાળી મૂર્તિ ધારણ કરનાર આપને નમસ્કાર હો, નમસ્કાર હો. જગતનાં મર્મ સ્થાનોમાં પીડા કરનાર આને આપે સદ્‌ભાગ્યે હણ્યો ! હે ઈશ ! આપના ચરણની ભક્તિથી અમે સુખી થયા છીએ. ૩૦.

આદર દર્શાવવા 'નમસ્કાર હો, નમસ્કાર હો' એમ બે વાર (કહેલું છે), ભગવાનનું એક કાર્ય ઘણાં ફલને પ્રાપ્ત કરાવનારું હોવાથી, ભગવાને કરવાનું ઘણું કાર્ય કહે છે.

તે પૈકી આરંભમાં સૃષ્ટિ (રચાય તે) માટે યજ્ઞનું પ્રાકટ્ય કહે છે. બીજાના પ્રસંગમાં કોઈક સમયે કેટલાક યજ્ઞો કેટલાકને પ્રકટ થાય છે, અહિં (વરાહમાં) તો બધાએ (યજ્ઞો) પ્રકટ થએલા છે. તે (અર્થ) 'સર્વ યજ્ઞોની સંસ્થારૂપ' શબ્દથી કહેલો છે. સર્વ જે 'યજ્ઞતન્તવઃ' યજ્ઞની સંસ્થાઓ, તેના સ્વરૂપવાળા આપ છો. વળી રક્ષણ ઉત્તમ આકારથી ભગવાનનો સાક્ષાત્ ગુણ છે. તે પણ આ સ્વરૂપથી થએલો છે એમ 'પાલન કરવા ધારણ કરેલી છે શુદ્ધ સત્ત્વવાળી મૂર્તિ જેમણે' એ વિશેષણથી કહેલ છે. 'શુદ્ધ' એટલે બીજા ગુણના સંબંધરહિત. ધર્મની ગ્લાનિ પણ દૂર કરી, એમ 'સદ્‌ભાગ્યે આને હણ્યો' એ શબ્દોથી કહેલું છે. ઉત્તમ ભાગ્યથી આ હણાયો, કારણ કે ધર્મનું પોષણ કરનારું ભાગ્ય ધર્મ છે. 'જગતનાં મર્મ સ્થાનોમાં પીડા કરનાર' શબ્દથી આનો વધ થતાં ધર્મનું રક્ષણ થવાનું કારણ કહેલું છે. 'અરુઃ' એટલે મર્મસ્થાન. દેવોની ભક્તિનું રક્ષણ પણ આથી થયું, એમ 'આપના ચરણની ભક્તિથી (અમે સુખી થયા છીએ)' શબ્દોથી કહેલું છે. 'અમે' એટલે દેવો[૧]. 'હે ઈશ !' એ સંબોધન સર્વ સ્થલે (ભગવાનનું) સામર્થ્ય દર્શાવનારું છે, અથવા એકજ સામર્થ્ય તેવું હોવાનું[૨] જણાવનારું છે. 'નિર્વૃતાઃ' એટલે હિરણ્યકશિપુની ઉદ્ધતાઈ ન રહેવાથી અથવા

આવી પડેલા દુઃખનો નાશ થવાથી સુખી થએલા. ૩૦.

૧. વિષ્ણુની ભક્તિ દેવોનો સ્વાભાવિક ગુણ છે, એ વામનપુરાણમાં પ્રસિદ્ધ છે. (પ્ર)

૨. 'તેવું હોવાનું' એટલે અનેક કાર્યો કરનારું હોવાનું. (પ્ર)

એ પ્રમાણે ભગવાને અવતાર (ધારણ) કરીને, તેનો ઉપસંહાર કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

॥ મૈત્રેય ઉવાચ ॥

**એવં હિરણ્યાક્ષમસહ્યવિક્રમં સંસાદયિત્વા હરિરાદિસૂકરઃ ॥**
**જગામ લોકં સ્વમખણ્ડિતોત્સવં સમીડિતઃ પુષ્કરવિષ્ટરાદિભિઃ ॥૩૧॥**

એવી રીતે સહન ન થઈ શકે તેના પરાક્રમવાળા હિરણ્યાક્ષનો નાશ કરી, કમલઆસનવાળા વિગેરેથી સારી રીતે સ્તુતિ કરાએલા તે આદિસૂકર હરિ જ્યાં ઉત્સવો બંધ ન રહેતાં થયા કરે છે તેવા પોતાના લોકમાં પધાર્યા. ૩૧.

સહન ન થઈ શકે તેવા પરાક્રમવાળા હિરણ્યાક્ષનો સારી[1] રીતે નાશ કરી (હરિ) પોતાના લોકમાં પધાર્યા, એવો (વાક્યનો) સંબંધ છે. 'સહન ન થઈ શકે તેવા પરાક્રમવાળા' વિશેષણથી તેની અંતર રહેલો દોષ (તેને) હણવાનું કારણ (હોવાનું કહેલું છે). 'હરિ' શબ્દથી તેમને તેમ કરવાનું કારણ પોતાનો ધર્મ (હોવાનું કહેલું છે). 'આદિસૂકર' શબ્દથી તરત અદશ્ય થવાનું કારણ (કહેલું છે), અને 'આદિ' શબ્દ અલૌકિક અર્થવાળો છે, તેથી તેમનામાં દોષ ન હોવાનું (જણાવેલું છે), 'પોતાના' વિશેષણથી (ત્યાં જવાની) જરુરીઆત (જણાવી છે). જો કે અહિંનું રહેઠાણ પણ કીર્તિ કરાવનારું છે, છતાં પણ જ્યાં બંધ ન રહેતાં ઉત્સવો થયા કરે છે તેવો 'વૈકુંઠ' નામનો લોક છે. હર્ષનાં કારણરૂપ ઉત્સવો (ત્યાં) કોઈપણ સમયે બંધ થતા નથી, એમ અવતારનાં કાર્યની સમાપ્તિ સૂચવેલી છે. 'પુષ્કરવિષ્ટરાદિભિઃ' 'કમલ આસનવાળા' બ્રહ્મા વિગેરેથી સારી રીતે સ્તુતિ કરાએલા (હરિ પોતાના લોકમાં પધાર્યા). ૩૧.

૧. 'સંસાદયિત્વા' પાઠ આચાર્યશ્રીએ લીધેલો હોવાનું જણાય છે.

એ પ્રમાણે વરાહનું ચરિત્ર કહીને, તેમનું બીજું ચરિત્ર પણ એવું હશે એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**મયા યથાઽનૂક્તમવાદિ તે હરેઃ કૃતાઽવતારસ્ય સુમિત્ર ચેષ્ટિતમ્ ॥**
**યથા હિરણ્યાક્ષ ઉદારવિક્રમો મહામૃધે ક્રીડનવન્નિરાકૃતઃ ॥૩૨॥**

હે ભલા મિત્ર! જેમ ઉદાર પરાક્રમવાળા હિરણ્યાક્ષનો મોટા યુદ્ધમાં રમકડાંની પેઠે નાશ કર્યો તે અવતાર ધારણ કરેલા હરિનું ચરિત્ર જેવું હું ભણેલો તેવું મેં

તને કહેલું છે. ૩૨.

બીજું ચરિત્ર હો કે ન હો. હું જેટલું જેમ ભણ્યો, ગુરુઓની પરંપરાથી પ્રાપ્ત થયું, મારા ગુરુએ (મને) જેવું કહ્યું, તેવું મેં 'તે' તને કહેલું છે. અવશ્ય (વધ)[1] કરવાનું કારણ 'હરિ' શબ્દથી (કહેલું છે). 'અવતાર ધારણ કરેલા' વિશેષણથી ગુરુઓને પણ (તેનું) જ્ઞાન હોવાનું કારણ (કહેલું છે). છૂપી રાખવા યોગ્ય (કથા) કહેવા માટે 'હે ભલા મિત્ર !' એવું સંબોધન (કરેલું છે). 'હે ભલા મિત્ર !' સંબોધનથી (આ કથા) સારી રીતે કહેવાનું એવું કારણ કહેલું છે કે જેવો હું તેવો (તું) હોવાથી, આમાં (તારાથી) છૂપું રાખવા યોગ્ય નથી. પરંપરા આંધળી નથી, એમ ઉત્તરાર્ધથી (કહેલું છે). ઉદાર હતું પરાક્રમ જેનું તેવો (હિરણ્યાક્ષ હતો). બધાએ વીર (પુરુષો)માં બધા ગાન કરનારાઓએ તેની[2] કીર્તિ કહેલી, કારણ કે પોતાનાં સામર્થ્યથી તેઓને તે સર્વ આપતો. 'મહામૃધે' હિરણ્યાક્ષે અલૌકિક સંગ્રામ કર્યો ત્યારે, રમકડાંની એટલે લાકડાની પૂતળીની પેઠે (ભગવાને) તેનો નાશ કર્યો. જે ભગવાને કરેલું, તે મારા ગુરુએ (મને) કહેલું, તેવુંજ મેં (તને) કહ્યું છે, એવો અર્થ છે. ૩૨.

૧.'આવશ્યકકરણે' એટલે અવશ્ય અવતાર લેવાનું. (પ્ર) 'અવતાર ધારણ કરેલા' વિશેષણનું પ્રયોજન આગળ કહેલું છે. તેથી અવશ્ય વધ કરવાનું કારણ 'હરિ' શબ્દથી કહેલ હોવાનું જણાય છે. 'હરિ' એટલે સર્વનાં દુઃખ હરનાર, હિરણ્યાક્ષ સર્વને પીડતો હતો, તેથી સર્વનાં દુઃખ દૂર કરવા 'હરિએ' અવશ્ય તેનો વધ કરવો જોઈએ, એવો ભાવ જણાય છે.

૨. 'કીર્તિઃ' ને બદલે 'કીર્તિતઃ' પાઠ વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં છે. 'સર્વેષાં ગાયકાનાં' ને બદલે 'સર્વૈઃ ગાયકૈઃ' હોવું જોઈએ, એમ જણાય છે.

૧.આણે અનુભવેલું ૨.બીજાએ અનુભવેલું અને ૩.નહિ અનુભવેલું એવું આ ચરિત્રનું ત્રણ પ્રકારનું ફલ છ (શ્લોકો)થી કહે છે. દરેક (પ્રકારનું) બે (શ્લોકો)થી કહે છે. તે પૈકી આરંભમાં તે કથા સાંભળી ત્યારે વિદુરે અનુભવેલું ફલ (૧) કહેવું અને (૨) ઘટાવવું એવા ભેદથી નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોકો)થી કહે છે :

॥ સૂત ઉવાચ ॥

**ઈતિ કૌષારવાઽઽખ્યાતામાશ્રુત્ય ભગવત્કથામ્ ॥**
**ક્ષત્તાઽઽનન્દં પરં લેભે મહાભાગવતો દ્વિજાઃ ॥૩૩॥**

હે દ્વિજો ! એ પ્રમાણે કૌષારવે કહેલી ભગવાનની કથાનું શ્રવણ કરીને, ભગવાનના મોટા ભક્ત સંયમીને ઘણો આનંદ પ્રાપ્ત થયો. ૩૩.

તે પૈકી આરંભમાં 'કથા સાંભળવામાં આવી, ત્યારે તેને શું થયું ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી (આ શ્લોક) કહેલો છે. 'ઈતિ' આ પ્રકારે કુષારુના પુત્ર કૌષારવ એટલે મૈત્રેયે (કહેલી કથાનું શ્રવણ કરીને...). તેણે (કથા) કહી તેમાં

વિશ્વાસ રહે, તે માટે તેને પિતાના નામથી ઓળખાવેલ છે. 'ભગવાનની કથા' શબ્દથી કથાના પણ છ ગુણો (હોવાનું) જણાવેલ છે. 'સંયમી' એટલે ચતુર. મોહ કરનારી લીલાનો ત્યાગ કરી, મુખ્ય લીલાનું (વિદુર) ગ્રહણ કરે તે માટે (એમ) કહેલું છે. કથામાંજ રહેલો, શ્રવણ કરનાર ઉત્તમ હોવાથી પ્રકટ થએલો 'ઘણો આનંદ' તેને પ્રાપ્ત થયો. તેમ થવાનું કારણ 'ભક્ત' શબ્દથી (કહેલું છે). ''શૌનક વિગેરેમાં તેવાપણું[1] ન હોવાથી (આ વચન) વિરુદ્ધ અર્થવાળું હશે'', એવી શંકા થાય, તે 'હે દ્વિજો' એ સંબોધનથી ખોટી હોવાનું કહેલું છે. (શૌનક વિગેરે) વેદમાં કહેલા કર્મના ભારવાળા હોવાથી (તેઓને) તે[2] સ્ફૂર્યો નહિ, એવો ભાવ છે. ૩૩.

૧. 'તેવાપણું' એટલે ભક્તપણું.
૨. 'તે' એટલે આનંદ.

તેથીજ નીચેના શ્લોકથી તે ઘટાવે છે :

**અન્યેષાં પુણ્યશ્લોકાનામુદ્દામયશસાં સતામ્ ।।**
**ઉપશ્રુત્ય ભવેન્મોદઃ શ્રીવત્સાંકસ્ય કિં પુનઃ ।।૩૪।।**

પવિત્ર કીર્તિવાળા અને હદરહિત યશવાળા બીજા સત્પુરુષો (ની કથા)નું શ્રવણ કરીને આનંદ થાય, તો પછી શ્રીવત્સના ચિહ્નવાળાની (કથા સાંભળવાથી થાય) તેમાં કહેવું જ શું ? ૩૪.

પવિત્ર છે કીર્તિ જેઓની તે નલ વિગેરે (ની કથા સાંભળવાથી આનંદ થાય. કીર્તિ અને યશનો સદાચાર અને પરાક્રમથી થતો ભેદ ઉપર કહેલો છે. વૈદિક અને લૌકિક એવા ભેદથી તે જૂદાં છે, બંને હોય ત્યારે સત્પણું (સત્પુરુષ) થાય; અથવા આનંદ થવામાં ત્રણ[1] કારણરૂપ છે. કૃપાલુપણું વિગેરે સત્પુરુષના ગુણો અંતઃકરણથી સરસાઈ કરાવનારા છે. ઘણા પ્રકારે ફરી ફરી કરેલું સત્કર્મ પ્રભાવવાળું થતાં પવિત્ર કીર્તિ થાય છે. હદરહિત છે યશ જેઓનો, એટલે અટકાવી ન શકાય તેવા પરાક્રમથી ઉત્પન્ન થએલો (યશ છે જેઓનો), એવો અર્થ છે. તેઓની કથા સાંભળીને 'મોદઃ' શ્રવણનું સુખ થાય છે. 'શ્રીવત્સ' શબ્દથી સદાચાર અને બધા ગુણો જણાવેલા છે, કારણ કે (તે) લક્ષ્મીનું સ્થાન છે. તે પણ 'અંક' ચિહ્ન જેવું છે. આવાં પણ ઘણાં ચિહ્નો હોવાથી, કૈમુતિક ન્યાય[2] પણ કહેલો છે. ૩૪.

૧. (૧) પવિત્ર કીર્તિ (૨) હદ રહિત યશ અને (૩) સત્પણું ( ભલમનસાઈ ) એ ત્રણ જેમનામાં હોય, તે તેમની કથાનું શ્રવણ કરવામાં આનંદ થવાનાં કારણ છે.
૨. 'કિમુત' એટલે કેટલું વધારે ? એ ઉપરથી 'કૈમુતિક ન્યાય' થયો. સત્પુરુષની કથાના શ્રવણથી આનંદ થાય છે, તો પછી ભગવાનની કથાના શ્રવણથી કેટલો વધારે આનંદ થાય ? એવો અર્થ છે.

(સર્વની) સંમતિ થાય તે માટે તેમનું તેવા પ્રકારનું બીજું ચરિત્ર નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોક)થી સ્વરૂપ અને ફલના ભેદથી કહે છે. તે પૈકી નીચેના શ્લોકમાં સ્વરૂપ કહે છે :

**યો ગજેન્દ્રં ઝષગ્રસ્તં ધ્યાયન્તં ચરણાડમ્બુજમ્ ।।**
**ક્રોશન્તીનાં કરેણૂનાં કૃચ્છ્રતોડમોચયદ્ દ્રુતમ્ ।।૩૫।।**

જેમણે મઘરે ગળેલા, (પોતાના) ચરણકમલનું ધ્યાન ધરતા ઉત્તમ હાથીને–હાથણીઓ રડતી હતી ત્યારે–સંકટમાંથી ઝડપથી મુક્ત કરાવ્યો....૩૫.

જે હરિએ 'ઝષગ્રસ્તં' મઘરે ગળેલા, અથવા (મઘરે) પકડી રાખવાથી ડૂબેલા (ઉત્તમ હાથીને) મુક્ત કરાવ્યો. મુક્ત કરાવવાનું કારણ '(ચરણકમલનું) ધ્યાન ધરતા' શબ્દથી (કહેલું છે). 'ચરણકમલ' શબ્દથી પ્રેમભક્તિના માર્ગ પ્રમાણે (કરેલું) ધ્યાન જણાવેલું છે. 'હાથણીઓ રડતી હતી ત્યારે' શબ્દોથી દીનતા જણાવેલી છે. 'ઝડપથી મુક્ત કરાવ્યો'. (શબ્દથી) એમ કહેલું છે કે જોવાય તેવી રીતે ભગવાન જ ફલ આપનારા હતા. તેમ હોવાથી, જોએલાનો ત્યાગ કરી બીજા ન જોએલાને કોણ ભજે ? એમ કહેશે. આ ચરિત્ર (ભગવાન્) ભજન કરવા યોગ્ય છે એમ સિદ્ધ કરનારું અને (તેમની) દયા પ્રાપ્ત કરાવનારું હોવાથી ચાલુ પ્રસંગમાં ઉપયોગી હોઈ, તેનેજ આનંદ (પ્રાપ્ત) કરાવનાર તરીકે કહેલું છે. અહિં 'ઝષઃ' શબ્દથી મઘર, જલમાં ફરનારું અમુક પ્રાણી (કહેલ છે). બધાએ મઘરો 'ઝષ' કહેવાય છે. (ઉત્તમ હાથીનો) તેજ દેહથી ઉદ્ધાર કરવાનું કારણ હાથણીઓ ઉપર કરેલી દયા, અને સંપૂર્ણ ઉદ્ધાર[૧] કરવાનું (કારણ) ધ્યાન છે એવો ભેદ છે. આથી (તેનો ઉદ્ધાર થાય તેવું તેનું) સાધન ન હતું, એમ પણ કહેલું છે, કારણ કે ઉત્તમ હાથી ઘણા મદવાળો હોય છે, (અને) મઘરે ગળેલો સર્વ સાધનો વિનાનો હોય છે. જાતિ, સ્વરૂપ અને અંતરાય દુષ્ટ હોવાથી, ભગવાનની કૃપા (થવી) દુર્લભ હતી, તેથી ગજેન્દ્રનું નિરૂપણ (કરેલું છે). સ્થિતિ, સ્વરૂપ અને સંબંધ દુષ્ટ અને લૌકિક હોવાથી, માત્ર ધ્યાનથીજ તેના સંબંધવાળાઓને પણ સુખ કર્યું (દીધું) એમ જણાવવા, હાથણીઓ (ની વાત) કહેલી છે. ૩૫.

૧. 'સંપૂર્ણ ઉદ્ધાર' એટલે મોક્ષ. હાથણીઓ પર દયા કરી, ગજેન્દ્રને તેજ દેહથી જલમાંથી બહાર કાઢ્યો. તેણે ચરણકમલનું ધ્યાન ધરેલું હોવાથી તેને મોક્ષ આપ્યો, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે અનેક પ્રયોજન સિદ્ધ કરનારું ચરિત્ર કહીને, નીચેના શ્લોકથી જે અંશથી અહિં દૃષ્ટાંત છે, તેનું સ્વરૂપ કહેતાં, ભજન ફલરૂપ હોવાનું સિદ્ધ કરે છે :

**તં સુખાડરાધ્યમૃજુભિરનન્યશરણૈર્નૃભિઃ ।।**

કૃતજ્ઞઃ કો નુ સેવેત દુરારાધ્યમસાધુભિઃ ।।૩૬।।

સરલ, બીજું શરણ જેમને નથી તેવા મનુષ્યોથી સ્હેલાઈથી પ્રસન્ન કરાય તેવા અને દુષ્ટો દુઃખથી પણ પ્રસન્ન ન કરી શકે તેવા તેમને ઉપકાર જાણનાર કોણજ ન સેવે ? ૩૬.

વિષયથી થતાં સુખ કરતાં પણ અધિક સુખ આપનારાં જેમ (ને પ્રાપ્ત કરવા)નાં સાધનો છે, અને અલૌકિક ઉત્તમ ફલ (જેમનાથી મળે છે), તે 'સુખારાધ્યઃ' સ્હેલાઈથીજ પ્રસન્ન કરી શકાય તેવા છે. તે વિષયમાં વધારે પડતો નિર્ણય ન થાય તે માટે 'સરલ' (વિગેરે) વિશેષણ કહેલ છે. ('સરલ' એટલે) કપટી ન હોય તેવાં, કાયા વાણી અને મનથી કપટનો સ્વીકાર ન કરે, કપટ આચરે નહિ તેવા. આ પણ તેઓનો સ્વાભાવિક ગુણ (હોવો જોઈએ), પરંતુ સાધન બનેલ, પ્રસંગથી રાખેલો હોવો ન જોઈએ. આવા બીજા માર્ગમાં પણ હોય છે, તેથી તેઓને બાતલ કરવા 'બીજું શરણ જેમને નથી તેવા' એ વિશેષણ કહેલું છે. નથી બીજું શરણ જેઓને તેવા (હોવા જોઈએ). આથી શરણ આવવામાં બ્રહ્માસ્ત્ર[1] ન્યાય કહેલો છે, અને શરણ વિનાના રહેતા નથી, તેથી વાસ્તવિક રીતે ભગવાનનું શરણ રાખનાર કહેલા છે. 'નૃભિઃ' એટલે સાધારણ મનુષ્યોથી. અભિમાન ન રાખે અને ચાલુ પ્રસંગમાં ઉપયોગી વિવેક રાખે તે માટે (એમ) કહેલ છે. 'ઉપકાર જાણનાર' શબ્દથી (એમ કહેલું છે કે ભગવાન્) ઉત્પન્ન કરનાર હોવાથી, અંતર્યામી હોવાથી, પાલન કરનાર હોવાથી અને પહેલાં ભજન કરેલ ત્યારે (તેમણે) ઘણો ઉપકાર કરેલ હોવાથી, જે ભગવાને કરેલ (ઉપકારો) જાણે, તેવો કોણજ સેવા ન કરે ? (તેમના) ઉપકાર ન જાણનાર તો સેવા કરતો નથી, તે (સેવા કરવા)માં ભગવાનના ગુણોજ કારણ છે, એમ '(દુષ્ટો) દુઃખથી પણ પ્રસન્ન ન કરી શકે તેવા' એ વિશેષણથી કહેલું છે. તેમ ન હોય, તો (ભગવાન્ અમુક) પક્ષવાળાઓએજ ભજન કરવા યોગ્ય થાય (ગણાય), કારણ કે તેઓ (દુષ્ટો) ભજન નથી કરતા એમ નથી, પરંતુ ભગવાનજ (તેઓથી) 'દુરારાધ્યઃ' દુઃખથી પણ પ્રસન્ન ન કરી શકાય તેવા છે. 'અસાધવઃ' દુષ્ટો એટલે સ્ત્રીલંપટ અને પેટભરા. ૩૬.

૧. બીજા ઉપર આધાર રાખે તો બ્રહ્માસ્ત્ર નિષ્ફલ થાય; તેમ બીજાનું શરણ કરે તો ભગવાનનું શરણ ન રહે. તેથી માત્ર ભગવાનનુંજ શરણ રાખવાનું છે, એવો ભાવ છે.

એ પ્રમાણે ભજન (કરવાનું) સિદ્ધ કરી, નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોકો)થી પાપ દૂર કરનારું અને ફલ આપનારું એવું (બે પ્રકારનું તેનું) અલૌકિક ફલ કહે છે. તે પૈકી આરંભમાં નીચેના શ્લોકમાં પાપ દૂર કરનારું ફલ કહે છે :

**યો વૈ હિરણ્યાક્ષવધં મહાદ્ભુતં વિક્રીડિતં કારણસૂકરાત્મનઃ ।।**
**શૃણોતિ ગાયત્યનુમોદતેઽઞ્જસા વિમુચ્યતે બ્રહ્મવધાદપિ દ્વિજાઃ ।।૩૭।।**

હે દ્વિજો ! પ્રયોજન માટે સૂકરનો દેહ ધારણ કરનારની ઉત્તમ ક્રીડારૂપ મહા અદ્‌ભુત હિરણ્યાક્ષના વધનું જે યથાર્થ પ્રકારે શ્રવણ કરે છે, ગાન કરે છે, અને અનુમોદન કરે છે, તે બ્રાહ્મણના વધથી પણ મુક્ત થાય છે. ૩૭.

તેમ (ભજન પાપ દૂર કરનારું) ન હોય, તો હિરણ્યાક્ષ બ્રાહ્મણ હોવાથી, (તેનો) વધ શ્રવણ કરવા યોગ્ય ન હોય, એમ 'હિરણ્યાક્ષના વધનું' શબ્દથી (જણાવેલ છે). બીજાના મતમાં પ્રસિદ્ધ હોવાથી, અથવા વધ હિત કરનારો હોવાથી, (તે) મહા અદ્‌ભુત છે. મહાન્ (ઘણો) અદ્‌ભુત છે, એટલે શ્રવણ કરનારાઓના ઉપર પણ ઉપકાર કરાવનારો હોવાથી ઉદાર છે; છતાં પણ શ્રવણ કરવા યોગ્ય હોવાનું કારણ 'ઉત્તમ ક્રીડારૂપ' શબ્દથી કહેલું છે. ઉત્તમ પ્રકારની છે ક્રીડા જેમાં તેવો (તે છે), કારણ કે ભગવાનની યુદ્ધલીલા તેમાં સ્પષ્ટ છે, ભગવાનના સંબંધથી પવિત્ર થએલ હોવાથી (તે) તેવો છે. 'પ્રયોજન માટે સૂકરનો દેહ ધારણ કરનારની' શબ્દથી એમ કહેલું છે કે યજ્ઞ માટે અને સૃષ્ટિ (રચાય તે) માટે તેમ કરવું (વધ કરવો) યોગ્ય હતું. 'કરનારને, શીખવનારને (ચીંધનારને) અને અનુમોદન કરનારને (સમાન ફલ પ્રાપ્ત થાય)' એ નિયમ પ્રમાણે 'શ્રવણ કરે છે, ગાન કરે છે અને અનુમોદન કરે છે' એ ત્રણેનું ફલ કહેલ છે. શ્રવણ મુખ્ય છે, ગાન શાસ્ત્રરૂપ (શીખવનારું, ચીંધનારું) છે. 'તે પ્રાયશ્ચિત્તરૂપ[૧] હશે' એવી શંકા થાય, તેથી 'ગાન કરે છે' એમ કહેલું છે, કારણ કે તેનું (ગાન કરવાનું) જણાએલું કારણ સુખ છે. અનુમોદન જે (શ્રવણ અને ગાન) બંનેને પોષનારું છે તે તેવું છે. કેટલાક એમ કહે છે કે (તે) કરવામાં આવતી સ્તુતિરૂપ છે. 'યથાર્થ પ્રકારે (શ્રવણ)' એટલે સર્વ સ્થલે અર્થથી, તાત્પર્યથી અને શબ્દથી શુદ્ધ હૃદયથી કરેલું શ્રવણ. કીર્તનમાં પણ આ ત્રણ અને પ્રયોજનનો અભાવ (જોઈએ). અનુમોદન પણ પ્રયોજન વિના (કરેલું હોવું જોઈએ). (તેમ કરે) ત્યારે સર્વ વધનદોષથી મુક્ત થાય છે. ''મુખ્યના (વધના) અર્થમાં આ (કહેલું) નહિ હોય'' એવી શંકા થાય, તેથી 'બ્રાહ્મણના વધથી પણ' એમ કહેલું છે. 'હે દ્વિજો !' એ સંબોધન (શૌનક વિગેરેને) જ્ઞાન થાય, તે માટે (કરેલું છે). (તેમને) જ્ઞાન હોય તો બીજાને પણ થાય એમ જાણવું, અથવા યજ્ઞના સંબંધને લીધે (આ જ્ઞાન) દ્વિજોનેજ થાય છે, (એમ જણાવવા એ સંબોધન કરેલું છે). ૩૭.

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે. વધની કથા સાંભળવાથી પાપ થાય, તે દૂર કરનારું પ્રાયશ્ચિત્ત ગાન કરવાથી થતું હશે એવી શંકા કરી છે. પ્રાયશ્ચિત્ત કરવામાં સુખ થતું નથી. અને

આ ગાન કરવામાં સુખ અનુભવાય છે, તેથી ગાન પ્રાયશ્ચિત્તરૂપ નથી એમ સિદ્ધ થાય છે, એવો અર્થ જણાય છે.

ફલ આપનારું પણ છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**એતન્મહાપુણ્યમલં પવિત્રં ધન્યં યશસ્યં પદમાયુરાશિષામ્ ।।**
**પ્રાણેન્દ્રિયાણાં યુધિ શૌર્યવર્ધનં નારાયણોઽન્તે ગતિરંગ શ્રૃણ્વતામ્ ।।૩૮।।**

હે વહાલા! આ ઘણું પુણ્યવાળું, ઘણું પવિત્ર, ધન આપનારું, યશ આપનારું, આયુષ્યનું અને ઉપકારનું ધામ, યુદ્ધમાં પ્રાણ અને ઈન્દ્રિયોનાં ધૈર્યને વધારનારું છે, (અને) શ્રવણ કરનારને અંતે નારાયણરૂપ ફલ (પ્રાપ્ત થાય છે). ૩૮.

આ ચાર પ્રકારના પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારું છે. તે પૈકી (૧) ધર્મ સ્વર્ગ વિગેરે ફલ પ્રાપ્ત કરાવનારો અને દેહ વિગેરેની પવિત્રતા કરાવનારો (એવા) બે પ્રકારનો છે. તે બંને પ્રકાર (નો પ્રાપ્ત કરાવનારું હોવા)નું 'ઘણું પુણ્યવાળું ઘણું પવિત્ર' વિશેષણોથી કહેલ છે. 'ઘણું પુણ્યવાળું' એટલે સદાનું કલ્યાણ પ્રાપ્ત કરાવનારું. 'ઘણું પવિત્ર' એટલે સંપૂર્ણ રીતે અંતઃકરણને શુદ્ધ કરનારું. (૨) અર્થ ધનરૂપ અને યશરૂપ એવા બે પ્રકારનો છે. 'યશનું અને લક્ષ્મીનુંજ...' એ વાક્યમાં આ કહેવામાં આવશે. તે બંને 'ધન આપનારું, યશ આપનારું' વિશેષણોથી કહેલ છે. (૩) 'શરીરનું આરોગ્ય, ઐશ્વર્ય અને શત્રુના પક્ષ ઉપર વિજય' એ વાક્ય પ્રમાણે કામ જીવનરૂપ ભોગરૂપ અને શત્રુ ઉપરના વિજયરૂપ, એવા ત્રણ પ્રકારનો છે. તે ત્રણ[૧] 'આયુષ્યનું અને ઉપકારનું ધામ, યુદ્ધમાં પ્રાણ અને ઈન્દ્રિયોનાં ધૈર્યને વધારનારું' વિશેષણોથી કહેલ છે. પુત્ર વિગેરે ઉપકારના વિષયો છે. તેઓનું આજ ધામ છે, કારણ કે આ ઉપાખ્યાન સૃષ્ટિ કરાવનારું છે. પ્રાણ બલ (પ્રાપ્ત કરવા)નું સાધન છે અને ઈન્દ્રિયો કાર્ય કરનારી છે. અથવા વિષય ભક્ષણ કરવાના પદાર્થ અને ભોગરૂપ હોવાથી (આ બેનો) સંબંધ ઉપરના સાથે લેવો. યુદ્ધમાં ધૈર્યની વૃદ્ધિ થાય જેનાથી તેવું (આ છે). ધૈર્યથીજ વિજય (પ્રાપ્ત) થાય છે. ધૈર્ય બલ અને ઈન્દ્રિયોને સાહાય્ય કરનારું હોવાથી તેનાથીજ યુદ્ધમાં જય થાય છે. તેથી તેમના સંબંધી તરીકે કહેલું છે. કુશલ અને શૂરવીર હોવાની જરુર નથી એમ જણાવવા 'યુદ્ધમાં' એમ કહેલું છે. (૪) મોક્ષ પ્રાપ્ત કરાવનારું છે એમ '(શ્રવણ કરનારને અંતે) નારાયણરૂપ (ફલ પ્રાપ્ત થાય છે)' શબ્દોથી કહેલું છે. અમારા શાસ્ત્રમાં નારાયણની પ્રાપ્તિજ મોક્ષ હોવાથી, એક પ્રકારનો જ (મોક્ષ) કહેલો છે. તે વિષયમાં ભગવચ્છાસ્ત્રમાં (અ) બ્રહ્માણ્ડ જેમનો દેહ છે તેવા નારાયણ સાથે સાયુજ્ય (આ) અક્ષરમાં (ભળી જવું તે) અને (ઈ) પુરુષોત્તમમાં (ભળી જવું તે), એમ નારાયણની પ્રાપ્તિ ત્રણ પ્રકારની છે.

(ઈ)[2] 'નરમાંથી ઉત્પન્ન થએલાં તત્ત્વોને 'નાર' કહે છે', (આ) 'નરોનો સમૂહ તે નાર' (અ) ''જલને 'નાર' એમ કહે છે'' એ વાક્યો પ્રમાણે તે ત્રણે 'નારાયણ' શબ્દજ કહે છે (જણાવે છે). તેથી 'નારાયણ' શબ્દ યોજેલો છે. પહેલા (ઈ) અર્થમાં (નારાયણ એટલે) પુરુષોત્તમ, બીજા (આ)માં અક્ષર (અને) ત્રીજા (અ)માં બ્રહ્માના પિતા છે. આનાં શ્રવણથી ત્રણ પ્રકારનો (મોક્ષ) થાય છે. તેથી 'નારાયણ' શબ્દ (યોજેલો છે). 'હે વહાલા !' એ સંબોધન છેતરતો નથી એમ સૂચવવા સ્નેહ દર્શાવનારું (યોજેલું છે) ફલ (પ્રાપ્ત) થાય છે, એવો અર્થ છે. 'ગતિ' શબ્દનો અર્થ છેવટનું ફલ છે. 'શ્રવણ કરનારને' શબ્દથી મુખ્ય[3] (કાર્ય)નુંજ આ ફલ હોવાનું કહેલું છે. ૩૮.

૧. પ્રાણરૂપ આયુષ્ય અને ઈન્દ્રિયોરૂપ આશિષોનું ધામ છે, એમ ઉપરના શબ્દો સાથે પ્રાણ અને ઈન્દ્રિયોનો સંબંધ લેવાનું કહેલું જણાય છે.

૨. આ ત્રણે વાક્યોમાં 'નાર' નો અર્થ કહેલો છે. નાર છે અયન ( સ્થાન ) જેમનું તે 'નારાયણ'. એ રીતે નારાયણનો અર્થ કહેવાયો.

૩. શ્રવણ કરનાર, ગાન કરનાર અને અનુમોદન કરનાર એવાં ત્રણનાં ફલ કહેલાં છે, તે પૈકી શ્રવણ મુખ્ય હોવાનું કહેલું છે, આ મોક્ષરૂપ ફલ પ્રાપ્ત થાય છે, એમ કહેલ હોવાનું જણાય છે.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના ઓગણીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

## ।। અધ્યાય વીસમો ।।

**ભગવત્કૃતસર્ગસ્તુ સોપોદ્ઘાતો નિરૂપિતઃ ।।**
**ચતુર્દશભિરધ્યાયૈરૂચ્યતે હરયે પરઃ ।।૧।।**

ભગવાને[૧] રચેલા સર્ગનું તો ઉપોદ્ઘાત[૨] સાથે નિરૂપણ[૩] કર્યું. ચૌદ અધ્યાયોથી બીજો હરિ માટેનો[૪] (સર્ગ) કહેવામાં આવે છે. કા.૧.

**ગુણવૈષમ્યભાવેન સર્ગાઃ પૂર્વં નિરૂપિતાઃ ।।**
**ગુણવૈષમ્યભાવોઽત્ર દ્વિવિધો વર્ણ્યતે સ્ફુટઃ ।।૨।।**

ઉપર ગુણોનાં વિષમપણાની સ્થિતિથી[૫] સર્ગો (થયાનું) કહેલ છે. અહિં બે પ્રકારનું ગુણોનું વિષમપણું[૬] સ્પષ્ટ વર્ણવેલું છે. કા.૨.

**આધિદૈવિકભાવોઽત્ર નાસ્તીતિ દ્વૈધવર્ણનમ્ ।।**
**આધિભૌતિકમેકેન ચતુર્ભિશ્ચ તથા પરમ્ ।।૩।।**

આધિદૈવિક પ્રકાર અહિં ન હોવાથી બે પ્રકારનું હોવાનું[૭] કહેલું છે. એક (અધ્યાય)થી આધિભૌતિક[૮] અને ચાર (અધ્યાયો) થી બીજું. કા.૩.

**ભૂતમાત્રેન્દ્રિયધિયાં હરૌ જ્ઞાનોપયોગિનામ્ ।।**
**ગુણાઃ સ્વભાવતઃ કેઽત્ર પુષ્ટિમાર્ગોપયોગિનઃ ।।૪।।**
**નિરૂપ્યન્તે હરેરુક્તાઃ પ્રત્યેકં ત્રિવિધા યથા ।।**

હરિ (નાં પ્રાકટ્ય) માટેના જ્ઞાનમાં ઉપયોગી (થાય તેવો) મહાભૂત, તન્માત્રા ઈન્દ્રિય અને બુદ્ધિનો (જન્મ કહેલ છે)[૯]. અહિં સ્વભાવથી પુષ્ટિમાર્ગમાં ઉપયોગી ગુણો કયા ? તે હરિએ કહેલા (આધિદૈવિક વિગેરે પ્રકારથી) દરેક ત્રણ પ્રકારના યથાર્થ રીતે કહેલા છે[૧૦]. કા.૪ ૧/૨.

**આધિદૈવિકમાધ્યાત્મમાધિભૌતિકમેવ ચ ।।૫।।**
**ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ તથૈકેનોચ્યતે ક્રમાત્ ।।**

ચાર ચાર અને એક (અધ્યાય)થી આધિદૈવિક, આધ્યાત્મિક, અને આધિભૌતિક અનુક્રમે કહેલા[૧૧] છે. કા.૫ ૧/૨.

**ભક્તિસાંખ્યાત્મવિજ્ઞાનયોગૈશ્ચત્વાર આદ્યકે ।।૬।।**
**આધ્યાત્મિકઃ કાલ એવ માહાત્મ્યકરણે તથા ।।**
**તદધીનં જગત્સર્વમિત્યન્યથાઽસ્તુ દ્વિતીયકે ।।૭।।**

પહેલામાં ભક્તિ સાંખ્ય આત્માનું જ્ઞાન અને યોગથી ચાર (અધ્યાયો થયેલા

છે)[૧૨]. બીજામાં આધ્યાત્મિક જ કાલ, માહાત્મ્ય અને કારણ અને તેને અધીન બધું જગત્[૧૩] એવાં જુદા પ્રકારે હો. કા.૭.

**મુક્ત એવ હરેરર્થે ભુતત્વેનોપયુજ્યતે ।।**
**અતો મુક્તિઃ સ્ત્રિયાશ્ચૈવ પૂર્વેષુ દ્વિવિધેષ્વપિ ।।૮।।**

હરિને માટે મુક્ત જ મહાભૂત તરીકે ઉપયોગી થાય છે[૧૪]. તેથી પહેલાના બંને પ્રકારનામાં સ્ત્રીની પણ મુક્તિ (કહેલી) છે. કા.૮.

**ધર્માદયોઽપિ દ્વિવિધાસ્તત્રોચ્યન્તે ક્રમાદિમે ।।**
**સર્ગે તેષામનુત્પત્તૌ માર્ગસ્તેષાં ન વૈ ભવેત્ ।।૯।।**

તે (અધ્યાયો)માં આ ધર્મ વિગેરે (પુરુષાર્થો) પણ બે પ્રકારના અનુક્રમે કહેલા છે[૧૫]. સર્ગમાં તેઓની ઉત્પત્તિ ન હોય. તો માર્ગ તેમનો ન જ થાય (ગણાય)[૧૬]. કા.૯.

**યાદૃશા ભગવન્માર્ગે જીવચિન્તનચિન્તિતાઃ ।।**
**એકવિંશતિભિસ્તેઽત્ર નિરૂપ્યન્તે ક્રમાત્સ્ફુટાઃ ।।૧૦।।**

ભગવાન્માર્ગમાં જેવા (ધર્મ વિગેરે પુરુષાર્થો) જીવના ચિંતનથી વિચારેલા છે તે અહિં એકવીસ (મા અધ્યાય)થી (આરંભી) અનુક્રમે સ્પષ્ટ કહેલા છે. કા. ૧૦.

**ભગવચ્ચિન્તિતા યે વૈ પઞ્ચવિંશતિભિસ્તુ તે ।।**
**અન્યત્સર્વં કાલકૃતં ચત્વારસ્તેઽપિ વર્ણિતાઃ ।।૧૧।।**

જે ભગવાને વિચારેલા (ધર્મ વિગેરે) છે તે તો ખરેખર પચીસ (મા અધ્યાય)થી આરંભી (કહેલા છે). બીજું[૧૭] બધું કાલે કરેલ છે. તે ચારનું પણ વર્ણન કરેલું છે. કા.૧૧.

**ત્રિવિધા અપિ તેઽપ્યુક્તા મુખ્યો મોક્ષસ્તથાઽન્તિમઃ ।।**
**મૂલં સર્ગસ્ત્રયાણાં તુ મુખ્યો મોક્ષઃ ફલં તથા ।।૧૨।।**

ત્રણે પ્રકારના તે પણ કહેલા છે. છેવટનો[૧૮] મોક્ષ તેમાં મુખ્ય છે. આરંભનો[૧૯] તો ત્રણેનો[૨૦] સર્ગ છે, અને છેવટનો મોક્ષ (તેઓનું) ફલ (હોવાનું) કહેલ છે. કા.૧૨.

**ચતુર્દશભિરધ્યાયૈસ્તઃ સર્ગો નિરૂપિતઃ ।।**
**તદ્વિંશતિતમેઽધ્યાયે સંકીર્ણઃ સર્ગ ઉચ્યતે ।।૧૩।।**
**ષડ્વિધો હરિકાર્યાર્થમત્રોક્તાઃ સકલા હરૌ ।।**

તેથી ચૌદ અધ્યાયોથી સર્ગ કહેલો છે. તેમાં વીસમા અધ્યાયમાં છ પ્રકારનો અસ્પષ્ટ[૨૧] સર્ગ કહેલો છે. હરિના કાર્ય માટે અહિં કહેલા સર્વ હરિમાં (રહેલા)[૨૨] છે. કા. ૧૩ ૧/૨.

**સર્ગમેકવિધં જ્ઞાત્વા વિસર્ગે પ્રશ્ન ઈદૃશઃ ।।૧૪।।**
**તથાપિ શાસ્ત્રમેવાત્ર વક્તવ્યમિતિ નિશ્ચયઃ ।।**

એક પ્રકારનો સર્ગ જાણીને વિસર્ગ વિષે આવો પ્રશ્ન કર્યો[૨૩], છતાં પણ આ વિષયમાં શાસ્ત્ર જ કહેવા યોગ્ય છે[૨૪], એવો નિશ્ચય છે. કા.૧૪[૧]/૨.

**અભિપ્રેતં ન તસ્યાપિ તથૈવેત્યન્યથોચ્યતે ।।૧૫।।**

તેણે પણ તેવું જ ઈચ્છેલું ન હતું[૨૫]. તેથી જૂદા પ્રકારે કહેલ છે. કા.૧૫.

**પ્રશ્નદ્વયં તુ કુરુતે શૌનકઃ પ્રકૃતૌ મહાન્ ।।**
**વિસર્ગવિષયં ત્વાદ્યં ભક્તાનાં તુ તથાપરમ્ ।।૧૬।।**
**એકેન પઞ્ચભિશ્ચૈવ મૂલારમ્ભો હિ ભેદકઃ ।।**

ઉદાર શૌનક પ્રકૃતિના વિષે બે પ્રશ્નો કરે છે;[૨૬] પહેલો એક શ્લોકથી વિસર્ગના સંબંધનો અને તે જ પ્રમાણે બીજા પાંચ શ્લોકોથી ભક્તોના સંબંધનો છે, કારણ કે મૂલથી કરેલો આરંભ સૂતના અધિકારને જૂદો જણાવનારો[૨૭] છે. કા.૧૬[૧]/૨.

**પરીક્ષિત્ત્છુકયોરત્ર વિરામો નૈવ દૃશ્યતે ।।૧૭।।**
**સૂત એવ તતો વક્તા તુલ્યાર્થત્વાન્ન દૂષણમ્ ।।**

અહિં પરીક્ષિત્ અને શુક (કથાથી) અટકયા હોય તેવું દેખાતું નથી જ. તેથી સૂત જ (કથા) કહે છે. સમાન અર્થવાળી હોવાથી (તેમાં) દોષ નથી. કા. ૧૭[૧]/૨.

૧. બીજાં પ્રકરણનો આરંભ કરવાનો હોવાથી, સંગતિ જણાવવા પહેલાં પ્રકરણનો અનુવાદ કરેલો છે. (પ્ર)
૨. ઉપોદ્‌ઘાત (બે પ્રકરણોની) વચ્ચે કહેલ હોવાથી બ્રહ્મરૂપ કર્તા હોવાનું જણાવાનારો હોવાથી, આ પ્રકરણના પણ કારણરૂપ છે. (પ્ર)
૩. ઓગણીસ અધ્યાયોથી નિરૂપણ કર્યું. (પ્ર)
૪. પોતાને માટે કરેલો અને બીજાને માટે કરેલો, એવા સર્ગના બે ભેદો હોવાથી, પહેલાં બીજાને માટે કરેલ સર્ગ કહી, હવે પોતાને માટે કરેલ સર્ગ કહે છે. તેથી અવસર સંગતિ છે, એવો અર્થ છે. (પ્ર)
૫. ''ગુણનાં વિષમપણાંને પણ વચલા પ્રકરણમાં સર્ગનું સાધન કહેલું હોવાથી તે પણ (સર્ગ) કરાવનારું કેમ નહિ ?'' એવી શંકા થાય, તેથી આ કારિકા કહેલી છે. (પ્ર)
૬. વીસમા અને છવીસમા અધ્યાયોમાં 'ખળભળાટ' કહેલ છે. એમ તે ફરીથી કહેલ હોવાથી, પહેલાં કહેલ ગુણોનું વિષમપણું આ સર્ગમાં કારણરૂપ નથી, પણ પહેલા સર્ગોનાં જ કારણરૂપ હતું, એવો અર્થ છે. (પ્ર)
૭. ૩।૫।૫૭ માં દેવોનો તત્ત્વોમાં સમાવેશ કરેલો છે, તેવું આ પ્રકરણમાં નથી, તેથી આ સર્ગ પહેલાના કરતાં જૂદા પ્રકારનો હોવાથી, પહેલાં કહેલ તે બધું અહિં લઈ શકાય તેમ નહિ હોવાથી અહિં આધિદૈવિક ગુણોનું વિષમપણું નથી. તેથી બે જ પ્રકારનું વિષમપણું હોવાનું કારણ કહેલ

છે. ( પ્ર )

૮. ઓગણીસમા (વીસમા ?) અધ્યાયથી આધિભૌતિક વિષમપણું કહેલ છે. અને ચાર અધ્યાયોથી હરિને માટે ( કરેલો ) સર્ગ કહેલો છે. ( પ્ર )

૧૦. ભગવાનનો પ્રાદુર્ભાવ થાય તે માટે યોગ્ય થવાય તે માટેના જ્ઞાનમાં ઉપયોગી થાય તેવા મહાભૂત તન્માત્રા ઈન્દ્રિય તથા બુદ્ધિનો તેમના ગુણોના સંસ્કારરૂપ જન્મ કહેલો છે. તેથી ( ૨૦ થી ૨૫ સુધીના પાંચ અધ્યાયોનું ) પહેલું પેટા – પ્રકરણ છે.(પ્ર )

૧૧. આ પ્રકરણમાં સ્વભાવથી પુષ્ટિમાર્ગમાં ઉપયોગી થાય તેવા મહાભૂત તન્માત્રા ઈન્દ્રિયો તથા બુદ્ધિના સંસ્કારરૂપ ગુણો કયા ? એ જાણવાની ઈચ્છા થાય, તેથી કપિલે જે ગુણો કહેલા છે તે યથાર્થ રીતે આધિદૈવિક વિગેરે પ્રકારે દરેક ત્રણ પ્રકારના છે. ( પ્ર )

૧૨. તેથી ( ૨૫ થી ૨૮ ) ચાર આધ્યાયોથી આધિદૈવિક, ( ૨૯ થી ૩૨ ) ચારથી આધ્યાત્મિક અને ( ૩૩ ) એકથી આધિભૌતિક એવા ત્રણ પ્રકારના તે કહેલા છે. તેથી આ નવ અધ્યાયોનું બીજું પેટા – પ્રકરણ છે એવો અર્થ છે. ( પ્ર )

૧૨. ભક્તિ વિગેરે ચાર ગુણો મહાભૂત વિગેરેનો સંસ્કાર કરનારા છે. ( પ્ર )

૧૩. આ ચાર આધ્યાત્મિકમાં મહાભૂત વિગેરેનો અનુક્રમે સંસ્કાર કરનારા છે. આધ્યાત્મિક ( કાલ ) એટલે સંવત્સરરૂપ ( કાલ ). 'કરણ' એટલે મુક્તોનો સંગ. 'જગત્ બધું તેને અધીન છે' એવી બુદ્ધિ બુદ્ધિના સંસ્કારરૂપ છે. 'બીજામાં' એટલે આધ્યાત્મિકમાં. કાલ વિગેરેથી સંસ્કાર પામેલાં મહાભૂતો વિગેરે અનુક્રમે સર્ગરૂપ હો ( થાય છે ). એવો અર્થ છે. ( પ્ર )

૧૪. આધિદૈવિક અને આધ્યાત્મિકના ભેદથી બંને પ્રકારના મહાભૂત વિગેરેના હરિના માટે સંસ્કારો થાય, ત્યારે બાકી રહેલ 'મુક્ત' થાય છે. મુક્ત દેહ જ મહાભૂત તરીકે ઉપયોગી થાય છે. તેથી આકાંક્ષા ન રહેવાથી ત્રીજા આધિભૌતિકમાં એક જ અધ્યાય છે, એવો અર્થ છે. ( પ્ર )

૧૫. એક પ્રકારે વિભાગ કરીને આથી બીજાં પ્રયોજનથી બીજા પ્રકારે બીજા વિભાગ કરે છે. તેથી ( ૨૧ થી ૨૪ અને ૨૫ થી ૨૮ ) અધ્યાયોમાં અનુક્રમે આ ધર્મ વિગેરે પુરુષાર્થો બે પ્રકારના કહેલ છે. ( પ્ર )

૧૬. ધર્મ વિગેરે કહેવાનું પ્રયોજન આથી કહેલુ છે. તેમના માર્ગનો પ્રચાર થાય તે માટે બે પ્રકારના તે પણ કહેલા છે. ( પ્ર )

૧૭. ભગવન્માર્ગ સિવાયના તે ચારે કાલે કરેલા છે એમ જણાવવા ઓગણત્રીસમાથી આરંભી ચાર અધ્યાયોથી ધર્મ વિગેરે ચાર વર્ણવેલા છે. ( પ્ર )

૧૮. 'છેવટનો' એટલે તેત્રીસમો ( અધ્યાય ). ( પ્ર )

૧૯. 'આરંભનો' એટલે ( આ પ્રકરણનો પહેલો ) ઉત્પત્તિરૂપ ( વીસમો અધ્યાય ). ( પ્ર )

૨૦. ત્રણેનો એટલે ત્રણ પ્રકારના ધર્મ વિગેરેનો. ( પ્ર )

૨૧. ભેદ હોવા છતાં, સ્વરૂપ સમાન હોવાથી જૂદો જાણી ન શકાય તેવો. ( પ્ર )

૨૨. 'હરિમાં ( રહેલા )' એટલે ઐકયપણાથી સાક્ષાત્ હરિમાં રહેલા. ( પ્ર )

૨૩. 'આવો' એટલે ભગવાનનાં ઉપયોગી કાર્યસંબંધી. કહેવા ઈચ્છેલા સર્ગને અનુકૂલ હોવાથી તે કહે છે, એવો અર્થ છે. ( પ્ર )

૨૪. ''સર્ગને અનુકૂલ હોય છતાં પણ વિસર્ગ સંબંધી પ્રશ્ન હોવાથી, મૈત્રેયે વિસર્ગ જ કહેવો

જોઈએ, સર્ગ કહેવો ન જોઈએ'', એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર)
૨૫. પ્રશ્ન કર્યો ન હોય તોપણ શાસ્ત્ર જ કહેવું જોઈએ. તેથી પ્રસંગને લીધે તે કહેલ છે. (પ્ર)
૨૬. ''એ પ્રસંગને લીધે કહેલું કેમ જાણવું ?'' એવી શંકા થાય, તેથી કહે છે કે તે વિદુરે પણ તે (વિસર્ગ) ઈચ્છેલ ન હતો. તેથી તેના પ્રશ્નની અવગણના કરીને કહ્યું, તેથી તે પ્રસંગને લીધે કહેલું જણાય છે. (પ્ર) જૂઓ શ્લો. ૨ તથા ૫ નો આભાસ.
૨૭. 'છતાં શૌનક અને સૂતને સંવાદમાં લાવવાનું શુ પ્રયોજન ?' એવો પ્રશ્ન થાય, તો તે (શૌનક ?) ઘણો સાત્ત્વિક હતો એમ જણાવવા તેનો ઉલ્લેખ કરેલ છે, અને સૂતનો અધિકાર જૂદો હોવાનું દર્શાવવા તેનો ઉલ્લેખ કરેલો છે. (પ્ર)

સર્ગ (તેના) અસાધારણ ગુણો[1] સાથે સાંભળેલ હોવાથી, શૌનક નીચેના શ્લોકથી તે સંબંધમાં વિસર્ગ સંબંધી પ્રશ્ન કરે છેઃ

|| શૌનક ઉવાચ ||

**મહીં પ્રતિષ્ઠામધ્યસ્ય સૌતે સ્વાયંભુવોમનુઃ ||**
**કાન્યન્વતિષ્ઠદ્ દ્વારાણિ માર્ગાયાઽવરજન્મનામ્ ||૧||**

હે સૂતપુત્ર! ભૂમિરૂપ સ્થાન પ્રાપ્ત કરીને સ્વાયંભૂ મનુએ પાછળથી જન્મનારાઓના માર્ગ માટે કયાં દ્વારો કર્યાં? ૧.

પહેલાં કહેલું કહીને પ્રશ્ન કરવો જોઈએ. હિરણ્યાક્ષનો વધ ઉપોદ્‌ઘાત હોવાથી, તે પહેલાં કહેલ તરીકે સ્વીકારેલો નથી, અને ભૂમિ મનુને માટે (જલમાંથી) આણેલી હોવાથી મનુનાં ચરિત્ર સંબંધી જ પ્રશ્ન કરે છે. 'પ્રકર્ષેણ' ઉત્તમ પ્રકારે 'સ્થિતા' સ્થિતિ કરેલ હોય તે 'પ્રતિષ્ઠા' (સ્થાન). અથવા બધાએ જીવોનું આ જ (ભૂમિ જ) સ્થાન છે, કારણ કે દેહની ઉત્પત્તિનું તે સ્થાન છે. તે (મનુ)ને માટે જ તેનો ઉદ્ધાર કરેલો હોવાથી તે જ તેને સ્થાન કરી રહ્યો. સ્થાન પ્રાપ્ત કરેલ (પુરુષ) સર્વ (કાર્ય) કરે છે, તેથી (તેનાં) કાર્ય સંબંધી પ્રશ્નનો યોગ્ય સમય છે. 'શુક વિગેરેએ કહેલ ન હોવાથી તમારે કહેવું જોઈએ' એમ જણાવવા 'સૌતે' 'હે સૂતપુત્ર' એવું સંબોધન કરેલું છે. કથા કહેવી એ તેનો કુલની પરંપરાથી ચાલ્યો આવતો ધર્મ છે. મનુથી સૃષ્ટિ (થવી) જરૂરી હોવાથી 'સ્વાયંભૂ' શબ્દ યોજેલો છે. 'મનુ' શબ્દથી (એમ કહેલું છે કે તે) ધર્મની પ્રવૃત્તિ કરાવનાર હોવાથી (તેણે) ધર્મથી વિરુદ્ધ કરેલ નહિ હોય. બ્રહ્માએ તો મન અને શરીર (એ) બે જ (સૃષ્ટિનાં) દ્વાર કરેલાં. જો બીજાઓ પણ શરીરથી તથા મનથી ઉત્પન્ન થએલા હોય, તો તેઓ પણ તે જ પ્રકારે ઉત્પન્ન કરે, ત્યારે જગત્ ત્રણ પ્રકારનું ન થાય. તેથી 'કયાં દ્વારો કર્યાં' એવો પ્રશ્ન (પૂછ્યો છે). 'અવરજન્મનામ્' એટલે મનુથી પાછળથી જન્મનારાઓના. ૧.

૧. અસાધારણ ગુણો એટલે તે(સર્ગ)ને ઉત્પન્ન કરનારી ક્રિયાઓ. (પ્ર)

એ પ્રમાણે ધર્માત્મા મનુનાં કાર્યનો પ્રશ્ન કરીને, પોતાના કરતાં વિદુરને (મોટો) ભક્ત જાણીને, તેણે પૂછેલું હોય તે જ તમારે (સૂતે) કહેવું એવા અભિપ્રાયથી, તેણે સંપૂર્ણ રીતે પ્રશ્ન કરેલ હશે એ વિષયનું પ્રમાણ નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી કહે છેઃ

**ક્ષત્તા મહાભાગવતઃ કૃષ્ણસ્યૈકાન્તિકઃ સુહૃત્ ।।**
**યસ્તત્યાજાઽગ્રજં કૃષ્ણે સાપત્યમઘવાનિતિ ।।૨।।**

(વિદુર) સંયમી, મોટો ભક્ત, શ્રીકૃષ્ણનો સુનિશ્ચિત મિત્ર, જેણે પુત્ર સહિત મોટા–ભાઈનો શ્રીકૃષ્ણનો અપરાધ કરેલ હોવાથી ત્યાગ કરેલો. ૨.

**સોપપત્તિકભક્તત્વં તસ્ય મૂલં નિરૂપ્યતે ।।૧૮।।**
**ઉત્કૃષ્ટપ્રશ્નકર્તૃત્વં સોપપત્તિકમાહ હિ ।।**

તેનું[1] કારણ યોગ્યતા સાથે ભક્ત હોવાનું કહેવામાં આવે છે, કારણ કે યોગ્યતા સાથે (તે) ઉત્તમ પ્રશ્ન કરનાર હોવાનું કહે છે. કા.૧૮[1]/૨.

આરંભમાં વિદુર ભક્ત હોવાનું કહે છે. જે અસિધારાવ્રત આચરે તે મોટો ભક્ત છે. વિદુર ભક્ત થવાનું આ[2] મુખ્ય કારણ છે. તે (અર્થ) 'સંયમી મોટો ભક્ત' શબ્દોથી કહેલો છે, કારણ કે અસિધારાવ્રત આચરનાર સંયમી છે. બીજા પુરાણમાં રાજસૂય (યજ્ઞ)ના પ્રસંગમાં ભગવાને યુધિષ્ઠિરને આ વ્રત (નીચે પ્રમાણે) કહેલું છેઃ – 'પોતે પુષ્ટ અને જુવાન, કામનાવાળી સ્ત્રીઓની સમીપ સદા રહેતો હોવા છતાં પણ મનથી પણ જેને વિકાર થતો નથી. સર્વ અવયવોથી આનંદ આપનારી, સર્વ આભરણોથી શોભતી, જેમની કામના પૂર્ણ થઈ નથી તેવી સ્ત્રીઓ તેને પ્રાપ્ત કરી, પોતે તેની ઈચ્છા કરતી હોય છતાં પણ, પોતાની સ્ત્રીઓ તેમજ બીજી પોતાની પત્નીઓની વચ્ચે પાંચ અગ્નિઓની વચ્ચે હોય તેમ રહેવું તે અસિધારાવ્રત છે.' સંયમી તેવો હોય છે, તેથી તે મોટો ભક્ત છે. 'શ્રીકૃષ્ણનો સુનિશ્ચિત મિત્ર' શબ્દોથી જણાઈ આવે તેવા પ્રકારે પણ તે મોટો ભક્ત હોવાનું કહેલ છે. સંપૂર્ણ પ્રકારે હિત કરનારો સુનિશ્ચિત (મિત્ર) છે.

**સ્વામિકાર્યપ્રસંગાનાં તથાત્વેઽપિ યતો દૃઢઃ ।।૧૯।।**
**યઃ કેવલં હરેરર્થે સર્વથા યત્નવાન્ સ્વતઃ ।।**
**પ્રસંગાદપિ ન સ્વાર્થે મહાભાગવતસ્તુ સઃ ।।૨૦।।**

સ્વામી, (તેમનું) કાર્ય અને પ્રસંગ તેવાં[3] હોય, છતાં જે દૃઢ રહી માત્ર હરિને માટે જ સંપૂર્ણ રીતે પોતાની મેળે પ્રયાસ કરે, અને કોઈ પણ પ્રસંગે પોતાના માટે (પ્રયાસ) ન કરે, તે મોટો ભક્ત છે. કા.૨૦.

વળી ‘સુષ્ઠુ’ સારું ‘હૃદયં’ હૃદય છે જેનું તેવો ‘સુહૃત્’ મિત્ર હતો, તેથી બીજા દોષો પણ તેનામાં નહતા. સંબંધને લીધે પ્રાપ્ત થતો દોષ પણ તેનામાં નહતો, એમ ઉત્તરાર્ધથી કહેલ છે. પહેલાં જન્મેલો (મોટો ભાઈ) પિતાની સમાન છે. ‘એકથી ઉત્પન્ન થએલા ભાઈઓનાં (સંતાનો)’ એ નિયમ પ્રમાણે તેનો પુત્ર પોતાનો પુત્ર જ છે, એવો (અર્થ છે). નાના મોટાના વિચારનો ત્યાગ કરીને, ભગવાનથી વિરુદ્ધ છે એટલું જ જોઈને દુર્યોધન વિગેરે સાથે (વિદુરે) ધૃતરાષ્ટ્રનો ત્યાગ કર્યો એવો અર્થ છે. વાસ્તવિક રીતે તેણે શ્રીકૃષ્ણનો અપરાધ પણ કર્યો નહતો, છતાં પણ ભગવાને અંગીકાર કરેલા પાંડવોનો વિરોધ કરેલ હોવાથી (તે) અપરાધી થએલ. ‘ઇતિ’ શબ્દ પ્રકાર જણાવનારો અથવા સંભવ જણાવનારો છે. ૨.

૧. ‘તેનું’ એટલે પોતે જે પ્રશ્ન કરવાનો છે તેનું. (પ્ર) ‘તેનું’ એટલે વિદુરે તેવો પ્રશ્ન કરેલ હોવો જોઈએ, તેનું; એવો અર્થ જણાય છે.

૨. ‘આ’ એટલે સંયમીપણું. (પ્ર)

૩. ‘તેવાં’ એટલે (પોતાથી) વિરુદ્ધ. (ગ્ર)

એવી રીતે તર્કસહિત (વિદુર) ભક્ત હોવાનું સિદ્ધ કરીને, તે તેવો હોય તે યોગ્ય જ છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દ્વૈપાયનાદનવરો મહિત્વે તસ્ય દેહજઃ ।।**
**સર્વાઽઽત્મનાશ્રિતઃ કૃષ્ણં તત્પરાંશ્ચાઽપ્યનુવ્રતઃ ।।૩।।**

વ્યાસના દેહથી ઉત્પન્ન થએલો, ઉત્સવ કરવામાં તેમનાથી ન્યૂન નહિ, સંપૂર્ણ રીતે શ્રીકૃષ્ણના આશ્રયવાળો, અને તેમના સેવકોની પણ સેવા કરનારો. ૩.

ભગવાનનો અંશ જ મોટો ભક્ત હોય છે, તેથી (વિદુર) ભગવાનનો અંશ હતો એમ જણાવવા વેદવ્યાસથી ‘ઉત્સવ કરવામાં ન્યૂન નહિ’, ઓછો ન ઉતરે, ન્યૂન ન થાય તેવો હતો, એવો અર્થ છે. ‘મહઃ’ ઉત્સવ આનો છે તે ‘મહી’ ‘ઉત્સવ કરનાર.’ તેની સ્થિતિ તે ‘મહિત્વમ્’ ‘ઉત્સવ કરનાર હોવાપણું.’ તેવા ગુણનો વિચાર કરવામાં આવે, ત્યારે જેવું ઉત્સવ કરનાર હોવાપણું વેદવ્યાસમાં હતું, તેવું જ વિદુરમાં હતું, અહિં ભગવાનનું સ્મરણ વિગેરેને ‘ઉત્સવ’ કહેલ છે. ‘મહ, ઉદ્ધવ, ઉત્સવ’ એ શબ્દકોશ પ્રમાણે ‘મહ’ શબ્દ અંતે ‘અ’ વાળો છે. જેવું જ્ઞાન, ભગવાનનું સ્મરણ અને ભગવાનના ધર્મોની પ્રવૃત્તિ કરાવવાનું વેદવ્યાસમાં હતું, તેવું (વિદુરમાં હતું) એમ (કહેલું છે). તેનું કારણ ‘તેના (વ્યાસના) દેહથી ઉત્પન્ન થએલો’ વિશેષણથી કહેલું છે. આ વેદવ્યાસના બીજથી ઉત્પન્ન થએલો તેમનો પ્રિય પુત્ર હતો, તેથી તેવો હોય તે યોગ્ય જ છે એવો (અર્થ છે). ‘સંપૂર્ણ રીતે શ્રીકૃષ્ણના આશ્રયવાળો’ એ તો તે (વ્યાસ)થી પણ અધિક (વિદુરમાં) હતું. વેદવ્યાસ અધિકારી

હોવાથી સંપૂર્ણ આશ્રયવાળા નહતા. (વિદુર) આ લોકનાં તથા પરલોકનાં, દેહનાં તથા પોતાના (સંબંધી)ઓનાં કાર્ય તથા ફલ માટે સંપૂર્ણ રીતે ભગવાનનો જ આશ્રય રાખતો હોવાથી, તેવો હતો. (તેણે આશ્રય કરેલ તે) ભગવાન્ સર્વરૂપ[1] છે એમ કહેવા, તેમનું અમુક નામ કહેલું છે. વળી આ (વિદુર) ભક્તિમાર્ગમાં આનંદ લેનાર હતો એવું (તેનું) અધિકારવાળા જ્ઞાની ભક્ત કરતાં ઉત્તમપણું 'અને તેમના સેવકોની પણ સેવા કરનારો' વિશેષણથી કહેલું છે. ભગવાનમાં આસક્તિવાળા ભક્તોની 'અનુવ્રતઃ' સેવા કરનારો હતો. એ રીતે સર્વ પ્રકારે તે ભક્ત હોવાનું સિદ્ધ કર્યું. ૩.

૧. 'સર્વરૂપ' એટલે ભજન કરવા યોગ્ય સર્વરૂપવાળા – આ શ્લોકમાં 'સંપૂર્ણ રીતે' અને 'સર્વરૂપ' શબ્દોથી શરણમાર્ગીય સર્વાત્મભાવ, અને ભક્તિમાર્ગીય સર્વાત્મભાવનો ભેદ દર્શાવેલો જાણવો. (પ્ર)

એ પ્રમાણે વિદુરની ભક્ત તરીકે સ્તુતિ કરી, નીચેના શ્લોકમાં તેનો પ્રશ્ન ઉત્તમ હોવાનું કહે છેઃ

**કિમન્વપૃચ્છન્મૈત્રેયં વિરજાસ્તીર્થસેવયા ।।**
**ઉપગમ્ય કુશાવર્ત આસીનં તત્ત્વવિત્તમમ્ ।।૪।।**

તીર્થનું સેવન કરવાથી રજોગુણરહિત થએલાએ કુશાવર્તમાં બેઠેલા ઉત્તમ તત્ત્વજ્ઞાની મૈત્રેય પાસે આવીને (તેને) શા પ્રશ્ન કર્યા ? ૪.

પૂછવામાં આવે ત્યારે કહે અને ક્રોધ ન કરે એમ જણાવવા 'મૈત્રેય' એમ કહેલું છે, કારણ કે તે મિત્રાનો પુત્ર હતો. 'ભગવાનનો અત્યંત ભક્ત હોય તે પણ ગુણોને વશ થઈ અથવા કાલને વશ થઈ લૌકિક અથવા પ્રાકૃત પ્રશ્ન કરે' એવી શંકા દૂર થાય તે માટે 'તીર્થનું સેવન કરવાથી રજોગુણરહિત થએલાએ' એમ કહેલું છે. જે સાધનથી પાપરહિત અથવા રજોગુણરહિત થએલો હોય તે (ભગવાન્ સિવાય) બીજો પ્રશ્ન ન કરે. રજોગુણ જ દૂર કરેલ હોવાથી, તમોગુણ ઘણો દૂર (રહ્યો). તેમાં પણ ઘણા કષ્ટથી ગહન પ્રદેશમાં જઈ સત્સંગ પ્રાપ્ત થાય, ત્યારે બીજો પ્રશ્ન કેમ કરે ? એમ ઉત્તરાર્ધથી કહે છે. હરિદ્વારસ્થાનની અંદર રહેલો અમુક પ્રદેશ 'કુશાવર્ત' છે, ત્યાં બેઠેલાને, અને તેમાં પણ તત્ત્વજ્ઞાનીઓમાં શ્રેષ્ઠને પ્રશ્ન (કર્યા), એમ (કહેલું છે), કારણ કે તેવા પ્રદેશમાં તેવો (મોટો ભક્ત) બીજો પ્રશ્ન ન કરે. છૂપું અલૌકિક વિજ્ઞાન તે (મૈત્રેય) જ જાણતો હતો, તેથી (તેને) 'ઉત્તમ તત્ત્વજ્ઞાની' કહેલો છે. ૪.

'શું પ્રશ્ન જ કહું કે ઉત્તર, અથવા બંને ? તેમ (કહેવાના) હોય તો તે[1] તરીકેનો આગ્રહ હોવાથી ભગવાનની કથાના રસમાં આસક્તિ નહિ થાય'' એવી શંકા થાય, તેથી ભગવાનની કથા માટે કહેવાનું છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તયોઃ સંવદતોઃ સૂત પ્રવૃત્તા હ્યમલાઃ કથાઃ ।।**
**આપો ગાંગા ઈવાઘઘ્નીર્હરેઃપાદાડમ્બુજાશ્રયાઃ ।।૫।।**

હે સૂત ! તે બે સંવાદ કરતા હતા ત્યારે ગંગાના જલના જેવી હરિના ચરણકમલના આશ્રયવાળી પાપ હરનારી પવિત્ર કથાઓ થઈ હતી. ૫.

'તે બે' વિદુર અને મૈત્રેય સંવાદ કરતા હતા, ત્યારે વચ્ચે કથાઓ પોતાની મેળે જ થઈ હતી. (સૂતને) તેની કથાઓનું જ્ઞાન છે, કારણ કે તે જ તેનો ધંધો છે એમ જણાવવા 'હે સૂત !' એવું સંબોધન કરલું છે. જેમ શૂરવીરોના યુદ્ધમાં લોહીના પ્રવાહો થાય (તેમ કથાઓ થઈ હતી). તે (લોહીના પ્રવાહો) મલવાળા હોય છે, પરંતુ આ પવિત્ર (મલ વિનાની) થઈ હતી. પવિત્રપણું કેવા પ્રકારનું, તે જાણવાની ઈચ્છા થાય, તેથી 'ગંગાના જલના જેવી' એ દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. જલ સ્વભાવથી જ પવિત્ર હોય છે, તેઓમાં પણ સાક્ષાત્ ભગવદ્રૂપ ગંગા (જલ) ઉત્તમ છે, એવો અર્થ છે. 'અઘઘ્નીઃ' પાપનો નાશ કરનારી અથવા અપરાધ દૂર કરનારી, પોતે નિર્મલ જ રહી બીજાને પણ તેવો (નિર્મલ) કરે છે, કારણ કે બ્રાહ્મણે કરેલી શિક્ષાથી બળી મરેલા (સગરના પુત્રો) પણ ગંગાથી પવિત્ર થએલા. બંને[૨] તેવાં હોવાનું એક કારણ 'હરિના ચરણકમલના આશ્રયવાળી' વિશેષણથી કહેલું છે. બંને[૨] ચરણકમલના આશ્રયવાળી છે. ૫.

૧. 'તે તરીકેનો' એટલે તેમના સંવાદ તરીકેનો. (પ્ર)
૨...૨. 'બંને' એટલે (૧) ગંગાનાં જલ અને (૨) કથાઓ. સંસ્કૃતમાં જલ માટે 'આપઃ' શબ્દ યોજેલ છે, તે સ્ત્રીલિંગનો છે અને સદા બહુવચનમાં યોજાય છે.

તેથી શું ? એવો પ્રશ્ન થાય, તેથી નીચેના શ્લોક કહે છેઃ

**તા નઃ કીર્તય ભદ્રં તે કીર્તન્યોદારકર્મણઃ ।।**
**રસજ્ઞઃ કો નુ તૃપ્યેત હરિલીલાડમૃતં પિબન્ ।।૬।।**

કીર્તન કરવાયોગ્ય ઉદાર કર્મવાળાની તે કથાઓ અમને કહો. તમારું કલ્યાણ થાઓ. હરિની લીલારૂપ અમૃતનું પાન કરતાં રસ જાણનાર કોણ જ તૃપ્ત થાય ? ૬.

'(હું) સૂત (કથા કહેનારો) હોવાથી (મને કાંઈ) આપવું જોઈએ' એમ કહે, તો 'તમારું કલ્યાણ થાઓ' એમ કહેલું છે. તમારું કલ્યાણ થાઓ, (એવી) બ્રાહ્મણોએ તો આશિષો જ આપવાની હોય. કથાઓ ઉત્તમ હોવાનું કારણ 'કીર્તન કરવા યોગ્ય ઉદાર છે કર્મો જેમનાં' (તેમની એ) શબ્દથી કહેલું છે. ભગવાનનાં કર્મોના બે કુદરતી ગુણો છે : (૧) ફલની ઈચ્છા ન રાખનાર અને ફલની ઈચ્છા રાખનાર હરકોઈ તેમનું કીર્તન જ કરે. ફલની ઈચ્છા ન રાખનારે (તે) કીર્તન કરવા યોગ્ય છે

એવી સદાની શાસ્ત્રની આજ્ઞા છે. ફલની ઈચ્છા રાખનારને તો બધાં ફલો (આપે છે). (ફલ માટે) યોગ્ય છે કે અયોગ્ય એવો વિચાર કર્યા વિના જ સર્વ ફલ આપે તે 'ઉદાર'. તેથી (ફલની ઈચ્છા રાખનારે) કીર્તન કરવા યોગ્ય છે. (૨) બધા પદાર્થોમાં રસો હોય છે, અને રસ જાણનાર પ્રાપ્ત થતાં તેઓ પ્રકટ થાય છે. ભગવાનનાં કર્મો તો પ્રકટ જ છે, માત્ર રસ જાણનારની જરુર છે. કથાઓ પોતાના વિષય ઉપર પ્રેમ ઉત્પન્ન કરાવનારી છે એમ અમે[1] પહેલાં કહેલું છે. જેમ પાચક ઔષધથી ભૂખ લાગે અને એ પ્રમાણે અન્નથી (તે) તૃપ્ત થાય છે. જો અન્ન જ ભૂખ લગાડનારું હોય તો તે કેમ તૃપ્ત થાય ? તે પ્રમાણે 'નુ' નિશ્ચયપૂર્વક રસ જાણનાર કોણ જ તૃપ્ત થાય ? કારણ કે પાન કરેલું અમૃત ભવિષ્યમાં (તેની) ઈચ્છા ઉત્પન્ન કરે છે, કારણ કે તે (હરિ) સ્મરણ કરતાં તરત જ દુઃખ હરે છે, અને દુઃખ આત્માનો તિરોભાવ થવાથી થાય છે, અને પ્રાકૃત (પદાર્થો)નો સમૂહ (આત્માનો) તિરોભાવ કરાવનારો છે, તે કઠોર છે. કાલ વિગેરે પણ (આત્માનો તિરોભાવ કરાવનારા છે). તેથી સદાએ ઉત્પન્ન થયાં કરતું દુઃખ દૂર થાય તે માટે હરિનું સ્મરણ કરવું જોઈએ. વળી લોકમાં આળસ વિગેરે દુઃખ હોય ત્યારે- પોતાની અથવા બીજાની કરવામાં આવતી અથવા કહેવામાં આવતી-રમતથી સ્વસ્થપણું પ્રાપ્ત થાય છે. બધાને મૃત્યુનો ભય હોય છે, તેવા સંજોગોમાં અમૃત અવશ્ય ઈચ્છવા યોગ્ય છે, વળી (અમૃત) પાન કરવાનું કેટલાક સમય સુધી બંધ રહે ત્યારે અથવા (તે) ન સાંભળવાથી વચ્ચે (ના સમયમાં) કાલ વિગેરે અથવા પ્રાકૃત (પદાર્થો) બીજો (બીજામાં) રસ ઉત્પન્ન કરે ત્યારે, (પાન કરનાર એટલે કથાનું શ્રવણ કરનાર) 'બહુ (થયું)' એમ માને પણ ખરો, પરંતુ જે પાન કર્યા જ કરતો હોય તે કેમ તૃપ્ત થાય ? એવો અર્થ છે. ૬.

૧. 'પહેલાં' એટલે (૨।૩।૧૨) (ઉપરનાં શ્રીસુબોધિની)માં. (પ્ર)

સર્ગલીલાનો પહેલેથી આરંભ કરવામાં આવે છે, એમ જણાવવા વ્યાસ પોતે નીચેનો શ્લોક કહે છેઃ

**એવમુગ્રશ્રવાઃ પૃષ્ટ ઋષિભિર્નૈમિષાયનૈઃ ।।**
**ભગવત્યર્પિતાઽધ્યાત્મસ્તાનાહ શ્રૂયતામિતિ ।।૭।।**

નૈમિષ-સ્થાનમાં રહેનારા ઋષિઓએ એ પ્રમાણે પ્રશ્ન કરેલા ઉગ્ર કીર્તિવાળા ભગવાનને અર્પણ કરેલ અધ્યાત્મવાળા સૂતે તેમને કહ્યું કે 'સાંભળો'. ૭.

ઉગ્ર હતી 'શ્રવઃ' કીર્તિ જેની તે (ઉગ્રશ્રવા સૂત). આ ઉગ્રપણું ભગવાનની કીર્તિના વિરોધીઓનો નાશ કરવા માટે હતું. આ 'ઉગ્રશ્રવા' નામનો રોમહર્ષણનો પુત્ર હતો. (તેને પૂછેલ) કારણ કે આનાથી કાર્ય સિદ્ધ થશે, એમ જાણીને ઋષિઓ પ્રશ્ન

કરે છે. નૈમિષ જ હતું સ્થાન જેઓનું તેવા (ઋષિઓ હતા), કારણ કે વૈષ્ણવના સ્થાનમાં રહેલાઓ દેશના ગુણથી પણ વૈષ્ણવ થાય છે. પોતાની અંદર બહાર અને અંદરના ભેદથી દેહ વિગેરે અથવા બુદ્ધિ વિગેરે જેટલાં કાર્ય કરનારાં હતાં, તે સર્વ ભગવાનને જ અર્પણ કરેલાં હતાં જેણે તેવા (સૂત)નું આજ કાર્ય હતું, તેથી તેણે તેમને કહ્યું કે 'સાંભળો'. પોતે કહેનાર હોવાનું સિદ્ધ થયું, 'સાંભળો' શબ્દથી તેઓ શ્રવણ કરનારા હોવાનું સિદ્ધ કરે છે. શુક (કથાની) વચ્ચે અટકયો ન હતો, તેથી તેના પ્રશ્નોત્તર (કહેલા) નથી. વિદુરનું વાક્ય (શ્લોક ૯ થી આરંભી) શુકે પણ કહેલું એમ જાણવું[1]. ૭.

૧. ૩।૧।૩ માં પરીક્ષિતે મૈત્રેય અને વિદુરનો બધો સંવાદ પૂછેલ હોવાથી, શુક પણ આ કહે છે એમ જાણવું. (પ્ર) સૂત ઋષિઓને કહે છે, તે જ શુકે પરીક્ષિતને પણ કહેલું. બંનેએ એક જ વાત કરેલ હોવાથી ઈચ્છા પ્રમાણે એકનાં કહેનાર તથા શ્રવણ કરનાર તરીકે નામ કહેલાં છે. જૂઓ નિબંધ ૩।૩।૧૪૭.

સૂત તો વિદુરે પ્રશ્ન કરેલો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**હરેર્ધૃતક્રોડતનોઃ સ્વમાયયા નિશમ્ય ગોરુદ્ધરણં રસાતલાત્ ।।**
**લીલાં હિરણ્યાક્ષમવજ્ઞયા હતં સંજાતહર્ષો મુનિમાહ ભારતઃ ।।૮।।**

પોતાની માયાથી સૂકરનું શરીર ધારણ કરનાર હરિની રસાતલમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કરવારૂપ અને અવગણનાથી હણેલા હિરણ્યાક્ષરૂપ લીલાનું શ્રવણ કરીને હર્ષ પામેલા ભારત (વિદુરે) મુનિને (નીચે પ્રમાણે) કહ્યું. ૮.

શુકે તો પ્રશ્ન જ કહેલો. આ (સૂત) તો ઉપોદ્ઘાત કહે છે, કારણ કે હિરણ્યાક્ષનો વધ ખાસ કરીને વિદુરના પ્રશ્નને લીધે જ કહેલો. સર્વના દુઃખ હરવા માટે જ ભગવાને સૂકરનું શરીર ધારણ કરેલું. 'પોતાની માયાથી' એટલે પોતાને અધીન માયાથી, (પોતાની) ઈચ્છા પ્રમાણે ફરતી (માયા)થી લોકને દેખાડવા માટે તેવી સ્થિતિ જણાવે છે અથવા ઉત્પન્ન કરે છે. તેથી જ માયાથી સૂકરનું શરીર ધારણ કરનાર તેમના (૧) પૃથ્વીનો ઉદ્ધાર કરવારૂપ ઈચ્છેલા પ્રકારનું, અને (૨) હિરણ્યાક્ષના વધરૂપ અનિષ્ટ દૂર કરવાના પ્રકારરૂપ બે ચરિત્રો કહેલાં છે. બંનેનું શ્રવણ કરીને (વિદુરને) હર્ષ થયો. અનુવાદ કરતાં પણ ભગવાનનું માહાત્મ્ય જણાવવા માટે, (બેની) વચ્ચે 'લીલામ્' શબ્દ યોજીને બંને લીલા હોવાનું કહેલું છે. બંને લીલા છે. હિરણ્યાક્ષ ભગવદીય[1] હોવાથી, તેને જ લીલા તરીકે કહેલો છે[1]. વિશેષણમાં ('લીલા' શબ્દ) પરિણમતો હોય તો લક્ષણા અને નિરર્થક લંબાણ થાય[2]. વળી હિરણ્યાક્ષનું ચરિત્ર વધારે (કહેલું) થાય[3]. એ રીતે (કહેલું) સર્વ લીલા જ છે.

(વિદુરને) આનંદ ઉત્પન્ન કરાવનારું હોવાથી (તેને) હર્ષ ઉત્પન્ન થયો. ભવિષ્યનો (વૃત્તાંત મૈત્રેય) જાણે છે એમ જણાવવા 'મુનિને' એમ (કહેલું છે). ચાલુ પ્રસંગમાં બીજો (બીજામાં) રસ ઉત્પન્ન ન થાય તે માટે (વિદુરને) 'ભારત' કહેલો છે. ૮.

૧...૧. ''લીલા કર્મરૂપ હોવાથી ભૂમિનો ઉદ્ધાર કરવો એ લીલા છે, પરંતુ હિરણ્યાક્ષ પુરુષ હોવાથી તે લીલા નથી'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'ભગવદીય' એટલે ભગવાનની ક્રીડાનાં સાધનરૂપ – તેને પણ (ભગવાનની) યુદ્ધલીલા કરવાની ઈચ્છાએ શરીર પ્રાપ્ત કરાવેલું હોવાથી, તેનો લીલામાં સમાવેશ થતો હોવાથી, તેને 'લીલા' કહેલ છે. (પ્ર)

૨. ''એમ શા માટે માનવું ? તેને હણ્યો એને જ લીલા કહો'' એવી શંકા થાય, તેથી આ કહેલું છે. અહિં 'હતં' 'હણાએલા' વિશેષણ કર્મ થએલું છે. તે (સહ્યભેદથી) ભાવરૂપ થએલું માનવું જોઈએ. 'હિરણ્યાક્ષ' શબ્દનો તેની સાથે અન્વય થાય તે માટે તેની બીજી વિભક્તિને છઠ્ઠીના અર્થવાળી માનવી જોઈએ, એટલે લક્ષણા થઈ, એટલે તે વિશેષણ ત્યાં પરિણમવાથી લક્ષણા અને નિરર્થક લંબાણ (ગૌરવ) થાય. (પ્ર)

૩. વળી હિરણ્યાક્ષનાં કર્મનો ભગવાનની લીલામાં સમાવેશ થતો ન હોવાથી, સર્ગલીલા ન થાય, અને તેથી તે વધારાનું કહેલું થાય. હણવાનાં કર્મને લીલા ગણવાનો મત યોગ્ય નથી. (પ્ર)

।। વિદુર ઉવાચ ।।

**પ્રજાપતિપતિઃ સૃષ્ટ્વા પ્રજાસર્ગે પ્રજાપતીન્ ।।**
**કિમારભત મે બ્રહ્મન્ પ્રબ્રૂહ્યવ્યક્તમાર્ગવિત્ ।।૯।।**
**યે મરીચ્યાદયો વિપ્રા યસ્તુ સ્વાયંભુવો મનુઃ ।।**
**તે વૈ બ્રહ્મણ આદેશાત્કથમેતદભાવયન્ ।।૧૦।।**
**સદ્વિતીયાઃ કિમસૃજન્સ્વતંત્રા ઉત કર્મસુ ।।**
**આહોસ્વિત્ સંહતાઃ સર્વ ઈદં સ્મ સમકલ્પયન્ ।।૧૧।।**

હે બ્રહ્મન્ ! પ્રજાઓની સૃષ્ટિમાં પ્રજાપતિઓના પતિએ પ્રજાપતિઓને ઉત્પન્ન કરીને શું આરંભ્યુ ? અવ્યકતના માર્ગને જાણનાર આપ મને (તે) કહો. મરીચિ વિગેરે જે વિપ્રો, અને જે સ્વાયંભૂ મનુ, તેઓએ નિશ્ચયપૂર્વક બ્રહ્માની આજ્ઞાથી આ કેવા પ્રકારે ઉત્પન્ન કર્યું ? ભાર્યાઓ સાથે મળી રચ્યું ? અથવા કાર્યોમાં સ્વતંત્ર રહી (રચ્યું) ? અથવા બધાએ ભેગા મળી આ રચ્યું ? ૯-૧૧.

વિદુર તો એમ માનતો હતો કે 'ભક્ત બ્રહ્માએ સૃષ્ટિ તો રચી જ, (અને) હવે પછી ભક્તિમાં ઉપયોગી થાય તેવું જ કાંઈક કાર્ય કરશે.' 'શું આરંભ્યુ ?' એવો બ્રહ્માનાં કાર્ય સંબંધી પહેલો પ્રશ્ન છે. ભક્તે (બ્રહ્માએ) ભગવાન્ માટે જ ઉત્પન્ન કરેલા હોવાથી, મરીચિ વિગેરેએ પણ કેવા ભક્તોને ઉત્પન્ન કર્યા ? એવો બીજો પ્રશ્ન છે. તેમાં પણ ભક્તોની ઉત્પત્તિના સંબંધમાં ભેદ જણાવવા નીચેના ત્રણ પ્રકારો છે. (૧) 'સદ્વિતીયાઃ'. 'સદ્વિતીયાઃ' એટલે ભાર્યાઓ સાથેના. તેમ હોય તો પ્રાકૃત

ભક્તોની ઉત્પત્તિ થાય. (૨) 'સ્વતંત્ર' એટલે એકલા. એમ હોય તો જ્ઞાની ભક્તોની ઉત્પત્તિ થાય. (૩) 'સંહતાઃ' ભેગા મળીને. એમ હોય તો પરમ ભક્તોની ઉત્પત્તિ થાય. જો બ્રહ્મા પ્રજાપતિઓની ઉત્પન્ન કર્યા પછી બીજું કાંઈ ન કરે, તો તે પ્રજાપતિ જ રહે, પરંતુ પ્રજાપતિના પતિ ન થાય. સૃષ્ટિ પ્રવાહની પેઠે ચાલી જતી હોવાથી, મરીચિ વિગેરેથી જૂદો પ્રકાર ન થાય. પ્રજાપતિઓની ઉત્પત્તિ કર્યા વિના માત્ર પ્રજા જ ઉત્પન્ન કરે, તો રક્ષણ કરનાર (કોઈ) ન હોવાથી પ્રજાઓ મર્યાદારહિત થાય. તેમને ઉત્પન્ન કરવામાં આવે ત્યારે તો તેઓથી જ પ્રજા ઉત્પન્ન થવાની, તેથી પ્રજા ઉત્પન્ન કરવા પ્રજાપતિઓને જ ઉત્પન્ન કર્યા. 'ઉત્પન્ન કરીને' એટલું જ (પહેલાં કરેલું કાર્ય) ફરી કહેલું છે. પહેલાંનું (કાર્ય) બાકી રહેલ નથી એમ જણાવવા 'આરંભ્યુ ?' એમ કહેલું છે. (મૈત્રેયને) જ્ઞાન છે એમ જણાવવા 'હે બ્રહ્મન્!' એવું સંબોધન (કરેલું છે). પોતે (જાણવા માટે) અધિકારી છે એમ જણાવવા 'મને' શબ્દ (યોજેલ છે). બ્રહ્માને તેથી પણ અલૌકિક (સૃષ્ટિ) કરવાનું જ્ઞાન હતું, એમ જણાવવા 'અવ્યક્તના માર્ગને જાણનાર' એમ કહેલું છે. 'અવ્યક્ત' એટલે કારણરૂપ બ્રહ્મ, તેનો માર્ગ-તે (બ્રહ્મ)માંથી આ કેવી રીતે આવે છે (ઉત્પન્ન થાય છે) અને કેવી રીતે (તેમાં) પ્રવેશ કરે છે, એવો ઉત્પત્તિ અને પ્રલયનો પ્રકાર. આ બ્રહ્મા જ જાણે છે. 'બધાએ'નું કારણ અવ્યક્ત હોવાથી એમ કહેલું છે.

'મરીચિ વિગેરે...' થી બીજો પ્રશ્ન કહેલો છે. મરીચિ વિગેરેને એકલા (પત્નીઓ વિનાના) ઉત્પન્ન કરેલા. મનુને તો પત્ની સાથે (ઉત્પન્ન કરેલો). તે બધા સૃષ્ટિ ઉત્પન્ન કરવામાં કામે લગાડેલા. નિશ્ચયપૂર્વક બ્રહ્માની આજ્ઞાથી આ જગત્ તેઓએ કેવા પ્રકારે 'અભાવયન્' ઉત્પન્ન કર્યું ? એવો અર્થ છે. 'કાર્યોમાં' એટલે ઉત્પન્ન કરવું તે અને બીજાં (કાર્યો)માં પણ-એ જૂદું વાક્ય છે, કારણ કે માત્ર ઉત્પન્ન કરવાથી જ બધું થતું નથી. 'બધાએ' શબ્દથી એવો પ્રશ્ન (કર્યો) છે કે ત્રણ ચારે અથવા બધાએ (ભેગા મળીને રચ્યું) ? 'આ' શબ્દથી (એમ જણાવ્યું છે કે) સર્વ બાજુએ દેખાતું કાર્ય (જગત્) હયાત હોવાથી અવશ્ય (તે) કરેલું. (તે કરવાના) પ્રકારમાં સંદેહ હોવાથી પ્રશ્ન (કરેલો છે). આ જગત્ ખોટું નથી અને ભ્રમથી રચાએલું નથી એમ કહેવા માટે 'સ્મ' શબ્દથી (તેની) પ્રસિદ્ધિ (કહેલી છે). તેથી સારી રીતે રચ્યું છે. ક્યા પ્રકારે તે સંપૂર્ણતાથી પ્રકટ કર્યું, એવો પ્રશ્ન છે. ૯।૧૦।૧૧.

સૃષ્ટિના પ્રકારો કહેવા માટે, સાધારણ[1] સૃષ્ટિ ભગવાનનો ગુણ છે એમ જણાવવા, નીચેના શ્લોકથી આરંભી છ શ્લોકોથી (તે) કહે છે.

**મહત્તત્ત્વમહંકારઃ સકાર્યોઽણ્ડં તથૈવ ચ ।।**

**નારાયણત્વં પદ્મં ચ બ્રહ્મા ચેત્યત્ર ષટ્ ક્રમાત્ ।।૨૧।।**

મહત્તત્વ, (તેનાં) કાર્યો સાથે અહંકાર, અને તે જ પ્રમાણે બ્રહ્માંડ, નારાયણ, કમલ અને બ્રહ્મા એમ અહિં અનુક્રમે છ કહેલાં છે. કા. ૨૧.

**પ્રાકૃતાઃ ષડિમે સૃષ્ટા એકાદશ તુ વૈકૃતાઃ ।।**
**સગુણાસ્તુ નવૈતેષુ પુરુષો ભગવત્કૃતઃ ।।૨૨।।**
**નિર્ગુણઃ પ્રોચ્યતે પુમ્ભિઃ શબ્દબ્રહ્માત્મન ઋષિઃ ।।**

આ છ પ્રાકૃત[૨] ઉત્પન્ન કરેલા છે. વૈકૃત[૩] તો ૧૧ ઉત્પન્ન કરેલા છે; આમાં નવ તો સગુણ[૪] છે, પુરુષ ભગવાને ઉત્પન્ન કરેલો. તેની પહેલાં ઉત્પન્ન થએલ પુરુષોએ તેને નિર્ગુણ કહેલો છે. શબ્દબ્રહ્મમાંથી ઋષિ ઉત્પન્ન થયા[૪]. કા. ૨૨ ૧/૨.

**એવં સપ્તદશ પ્રોક્તા યજ્ઞાત્માનો ગતા ઈમે ।।૨૩।।**

એ પ્રમાણે સત્તર કહેલા છે. આ યજ્ઞરૂપ મનાએલા છે[૫]. કા. ૨૩.

**તેનૈવ પ્રથમં દેવસ્તૃપ્યતે સર્ગલીલયા ।।**
**અતસ્તદર્થસર્ગોઽયં નાન્યથેતિ નિરૂપિતમ્ ।।૨૪।।**

દેવ સર્ગલીલાથી આરંભમાં તેનાથી જ તૃપ્ત થાય છે. તેથી આ સર્ગ તેમના માટેનો છે[૬], બીજા પ્રકારનો નથી[૭] એમ જણાવેલું છે. કા. ૨૪.

**વેદે સર્ગોઽયમેવોક્તસ્તસ્માદુભયતો મહાન્ ।।**

આને જ વેદમાં સર્ગ કહેલો છે[૮]. તેથી બંને તરફથી[૯] તે ઉત્તમ છે. કા. ૨૪ ૧/૨.

આરંભમાં[૧૦] નીચેના શ્લોકમાં મહત્‌ની ઉત્પત્તિ કહે છેઃ

।। મૈત્રેય ઉવાચ ।।

**દૈવેન દુર્વિતર્ક્યેણ પરેણાઽનિમિષેણ ચ ।।**
**જાતક્ષોભાદ્ભગવતો મહાનાસીદ્ ગુણત્રયાત્ ।।૧૨।।**

કહી ન શકાય તેવા દૈવથી, પરથી અને કાલથી ખળભળેલા ભગવાનના ત્રણ ગુણોમાંથી મહત્‌ની ઉત્પત્તિ થઈ. ૧૨.

આ મહત્ પ્રકૃતિના ગુણોના વિષમપણામાંથી નહિ, પરંતુ બ્રહ્મના જ ગુણોના વિષમપણામાંથી ઉત્પન્ન થએલ. અહિં દૈવ, પર અને કાલ એ ત્રણ ગુણો[૧૧] છે. (૧) દૈવ એટલે ભગવાનની ઈચ્છા, કામ, એવો અર્થ છે. તેનું સ્વરૂપ તો 'આ આવું છે' એમ કહી શકાય તેવું ન હોવાથી, (તેને) 'કળી ન શકાય એવું' કહેલું છે. 'તેણે કામના કરી' એ શ્રુતિ પ્રમાણે તે કામ દેવના સંબંધવાળો છે અને તે કામ

વર્ણવેલો નહિ હોવાથી[૧૨], વર્ણન કરનારાઓથી કળી ન શકાય તેવો છે. (૨) અહિં 'પર' એટલે પુરુષ અથવા અક્ષર છે. તે રાજસ[૧૩] છે. (૩) 'અનિમિષઃ' કાલ તામસ છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી કર્મ સ્વભાવ વિગેરે કાલના વિભાગો પણ કારણ બને છે. આ ત્રણ ગુણોથી પણ ખળભળાટ થએલો છે જેમને, તેવા ભગવાન્ પુરુષોત્તમમાંથી મહત્ ઉત્પન્ન થયું. આ (ત્રણે) ભગવદ્રૂપ જ હોવાથી[૧૪], 'તત્ત્વ' શબ્દ યોજેલો નથી. ત્રણ ગુણોમાંથી એટલે સત્ ચિત્ અને આનંદમાંથી, અથવા તેમના અંશોમાંથી[૧૫]. ૧૨.

૧. 'સાધારણ' એટલે સર્વ કલ્પોમાં એકસરખી. (પ્ર)
૨. 'પ્રાકૃત ઉત્પન્ન કરેલા છે' એટલે ભગવાને સર્વ સૃષ્ટિઓનાં કારણ તરીકે ઉત્પન્ન કરેલા છે. (પ્ર)
૩. 'વૈકૃત' એટલે જૂદી જૂદી સૃષ્ટિઓનાં કારણ બનેલા. (પ્ર)
૪...૪. ''અવિદ્યાથી આરંભી ઋષિ સુધી ગણાતાં સર્ગો ઘણા થાય છે, છતાં અગીઆર કેમ કહો છો ?'' એવી શંકા થાય, તેથી વિભાગ કરનારી ઉપાધિનો વિચાર કરી ગણતાં અગીઆર છે એમ કહે છે. આ અગીઆરમાં (નવ સગુણ), પુરુષ એટલે મનુને તેની પહેલાં ઉત્પન્ન થએલાઓએ 'નિર્ગુણ' કહેલો છે, અને શબ્દબ્રહ્મમાંથી ઋષિ ઉત્પન્ન થએલા છે. એમ અગીઆર (વૈકૃત) થાય છે. (પ્ર)
૫. કુલ સત્તર થયા 'આ પ્રજાપતિ (યજ્ઞ) સત્તર છે' એ શ્રુતિ પ્રમાણે યજ્ઞના જેટલા હોવાથી આ યજ્ઞરૂપ છે, એમ ભેગી (૬+૧૧=૧૭) થએલી સંખ્યાનું પ્રયોજન કરેલું છે. (પ્ર)
૬. 'દેવ' ભગવાન્ સર્ગની લીલાથી આરંભમાં તે યજ્ઞથી જ તૃપ્ત થાય છે, તેથી આ સર્ગ તેમના એટલે ભગવાનના માટેનો છે. (પ્ર)
૭. 'બીજા પ્રકારનો' એટલે જીવના માટેનો નથી એમ સંખ્યા (સત્તર)થી જણાવેલું છે. (પ્ર)
૮. માત્ર સંખ્યાથી નિર્ણય થઈ ન શકે. તેથી આ ભગવાન્ માટેનો સર્ગ હોવાનું બીજું કારણ આથી કહેલું છે. (પ્ર)
૯. 'બંને તરફથી' એટલે પ્રમાણ તરફથી અને પ્રમેય તરફથી. અથવા સંખ્યાથી અને શબ્દથી. (પ્ર)
૧૦. પહેલાં કહેલા સર્ગો અને આ સર્ગનો ભેદ અહિંથી સ્પષ્ટ કરે છે. (પ્ર)
૧૧. સત્ત્વ, રજઃ અને તમઃ ને સ્થાને આ ત્રણ છે, એવો અર્થ છે. (પ્ર)
૧૨. 'હું બહુ થાઉં', એ શ્રુતિમાં સામાન્ય રીતે વર્ણવેલ હોવા છતાં, સારી રીતે વર્ણવેલ નથી, કારણ કે કયા પ્રકારે બહુ થયા, ક્યા પ્રકારે ઉત્તમ તથા હલકા થયા, એવું કહેલ નથી. (પ્ર)
૧૩. 'રાજસ' એટલે રજોગુણના સ્થાને રહેલો. (પ્ર)
૧૪. 'તત્ત્વ' એટલે તેનો ભાવ અથવા તેનો ગુણ. અહિં તો ધર્મી (ભગવાન્, ગુણી) પોતે જ તે પ્રકારે પ્રકટ થતા હોવાથી, 'તત્ત્વ' શબ્દ યોજેલો નથી. એ પ્રમાણે પહેલાંના સર્ગો કરતાં આ સર્ગનો ભેદ નીચે પ્રમાણે કહ્યોઃ (૧) ગુણોમાં ભેદ (૨) સાક્ષાત્ ભગવાન્ (આ સર્ગમાં) કારણ બને છે અને (૩) 'તત્ત્વ' શબ્દ યોજેલ નથી. (પ્ર)

૧૫. સત્ ચિત્ અને આનંદ માટે ગુણ શબ્દ યોજવાનું પ્રસિદ્ધ નથી, તેથી આ બીજો મત દર્શાવેલો છે. 'તેમના અંશોમાંથી' એટલે બીજા સ્કંધમાં કહેલા સત્ત્વ વિગેરેથી.( પ્ર )

નીચેના શ્લોકમાં મહત્‌માંથી, (પોતાનાં) કાર્યો સાથે અહંકાર ઉત્પન્ન થયાનું કહે છેઃ

**રજઃપ્રધાનાન્મહતસ્ત્રિલિંગો દૈવચોદિતાત્ ।।**
**જાતઃ સસર્જ ભૂતાદિર્વિયદાદીનિ પઞ્ચશઃ ।।૧૩।।**

દૈવે પ્રેરેલા રજોગુણ જેમાં મુખ્ય છે તેવા મહત્‌માંથી ઉત્પન્ન થએલા ત્રણ ગુણવાળા ભૂતાદિ (અહંકારે) પાંચ પાંચની સંખ્યામાં આકાશ વિગેરે ઉત્પન્ન કર્યાં. ૧૩.

મહત્ ત્રણ ગુણવાળું હોવા છતાં અહંકાર ઉત્પન્ન કરવા જેમાં રજોગુણ મુખ્ય છે તેવું થયું. રજોગુણના ભેદથી[1] જ તે ત્રણે પ્રકારનો થએલો[1]. તેમાં પણ ભગવાનની ઈચ્છા (તેને) પ્રેરણા કરનારી હતી એમ 'દૈવે પ્રેરેલા' વિશેષણથી કહેલું છે. તે ઉત્પન્ન થતાં જ ત્રણે પ્રકારના તેણે[2] પાંચ પાંચની સંખ્યામાં ઉત્પન્ન કર્યાં, એવો (વાક્યનો) સંબંધ છે. તેમાં (૧) ભૂતાદિ તામસ હતો. તેણે આકાશ વિગેરે પાંચ મહાભૂતો, અને પાંચ તન્માત્રાઓ (ઉત્પન્ન કર્યાં). એવી રીતે (૨) ઈન્દ્રિયાદિએ પણ જ્ઞાન કરાવનારી ઈન્દ્રિયો અને કર્મ કરાવનારી ઈન્દ્રિયો, પ્રાણ વિગેરે અને નાગ વિગેરે (પાંચ પાંચ) ઉત્પન્ન કર્યાં અને (૩) દેવાદિએ (તેમના) જૂદા જૂદા અભિમાનવાળા દેવોને, દિશાઓ વિગેરેને અને પાંચ અગ્નિઓ વિગેરેને, તથા મન અને અંતઃકરણના ચાર દેવોને[3] (ઉત્પન્ન કર્યા). એવી રીતે ત્રણે ગુણાવાળાએ પાંચ પાંચની સંખ્યામાં ઉત્પન્ન કર્યાં, એવો અર્થ છે. ૧૩.

૧. આ વાક્યથી પણ ( પહેલાના સર્ગથી આ સર્ગનો ) ભેદ કહેલો છે, કારણ કે પહેલાના સર્ગમાં 'તત્ત્વ' શબ્દ યોજેલો હતો અને બીજા સ્કંધમાં 'રજ અને સત્ત્વથી પુષ્ટ થએલા, તમઃ જેમાં મુખ્ય છે એવા મહત્‌માંથી' ( ૨|૫|૨૩ ) એમ મહત્‌નું વિશેષણ કહેલું છે. અહિં તેને જેમાં રજોગુણ મુખ્ય છે તેવો કહેલો છે અને બીજા ગુણોથી તે પુષ્ટ થએલ હોવાનું કહેલું નથી. ( પ્ર )

૨. 'ત્રણે પ્રકારના તેણે' એટલે ત્રણે પ્રકારના અહંકારે. ( પ્ર )

૩. આ ચાર ચંદ્ર, રુદ્ર, બ્રહ્મા અને ચૈત્ય છે. ( પ્ર )

નીચેના શ્લોકમાં તેમનાથી બ્રહ્માંડ રચાયાનું કહે છેઃ

**તાનિ ચૈકૈકશઃ સ્રષ્ટુમસમર્થાનિ ભૌતિકમ્ ।।**
**સંહત્ય દૈવયોગેન હૈમમણ્ડમવાસૃજન્ ।।૧૪।।**

અને તેઓ એક એક બ્રહ્માંડ રચવા શક્તિવાળાં ન હોવાથી તેઓએ સદ્‌ભાગ્યે ભેગા મળીને સુવર્ણમય બ્રહ્માંડ રચ્યું. ૧૪.

અશક્તિવાળા હોવાથી નપુંસક જણાવેલા છે. 'ચ' 'અને' શબ્દથી એમ કહેલું છે કે દેવો વિગેરે પણ એક એક રહી (બ્રહ્માંડ રચવાનાં) કાર્ય માટે ખળભળાટ કરવાની શક્તિવાળા ન હતા, કારણ કે બ્રહ્માંડ સર્વ ભૂતોનું બનેલું હોય છે. તેથી ભેગા મળીને ભગવાનની ઈચ્છાથી તેઓએ ઘણા પ્રકાશવાળું સુવર્ણમય બ્રહ્માંડ રચ્યું. 'અવ' ઉપસર્ગ જૂદા જૂદા અર્થવાળો હોવા છતાં પણ, અહિં ('અવાસૃજન્' શબ્દમાં) રક્ષણના અર્થવાળો છે, એટલે તેઓએ દૃઢ, નાશ ન પામે તેવું, વૃદ્ધ અથવા ક્ષય ન થાય તેવું બ્રહ્માંડ રચ્યું. ૧૪.

તેમાં ભગવાન્ નારાયણે પ્રવેશ કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સોઽશયિષ્ટાઽબ્ધિસલિલે આણ્ડકોશો નિરાત્મકઃ ।।**
**સાઽગ્રં વૈ વર્ષસાહસ્રમન્વવાત્સીત્તમીશ્વરઃ ।।૧૫।।**

તે આત્મા વિનાનો આંડકોશ સમુદ્રના જલમાં પૂરેપૂરાં એક હજાર વર્ષ રહ્યો. પછી તેમાં ઈશ્વરે નિવાસ કર્યો. ૧૫.

સમુદ્રના જલમાં એટલે પ્રલયના જલમાં; અથવા '(આરંભમાં) જલ જ ઉત્પન્ન કર્યું'. એ વાક્ય પ્રમાણે પહેલાં સમુદ્ર બનાવેલો (તેના જલમાં), તે જ બ્રહ્માંડ કમલની કલી જેવો થયો. જેમ ઈંડામાંથી પક્ષી થાય છે, તેમ (તે ઈંડું) કલીરૂપ થયો. તેને 'આંડકોશ' કહે છે. તે ભગવાનને માટે રચાએલો હોવાથી, બીજો (કોઈ) તેમાં પ્રવેશ કરવા યોગ્ય નથી. તેથી આત્મા વિનાનો જ તે પૂરેપૂરાં એક હજાર વર્ષ રહ્યો. પછી ભગવાને 'અનુ' (તેની) ઉત્પત્તિ પછી 'અવાત્સીત્' તેમાં જ નિવાસ કર્યો, અથવા તેમાં પ્રવેશ કર્યો એવો (અર્થ છે). 'ઈશ્વર' શબ્દથી એમ કહેલું છે કે તે વિષયમાં (ભગવાનનું તેમાં પ્રવેશ કરવાનું) પ્રયોજન વિગેરે જાણવાની ઈચ્છા ન કરવી. ૧૫.

એ પ્રમાણે નારાયણ થવાનું કહીને, નીચેના શ્લોકમાં તેમનામાંથી કમલની ઉત્પત્તિ કહે છેઃ

**તસ્ય નાભેરભૂત્પદ્મં સહસ્રાઽર્કોરુદીધિતિ ।।**
**સર્વજીવનિકાયૌકો યત્ર સ્વયમભૂત્સ્વરાટ્ ।।૧૬।।**

તેમની નાભિમાંથી એક હજાર સૂર્યો કરતાં અધિક તેજવાળું સર્વ જીવોના સમૂહોના રહેઠાણરૂપ કમલ ઉત્પન્ન થયું, જેમાં (ભગવાન્) પોતે બ્રહ્મા થયા. ૧૬.

પ્રાકૃત કમલની પેઠે તેને વિકાસ કરાવનાર સૂર્ય વિગેરેની જરુર હોય, તેથી 'એક હજાર સૂર્યો', તેઓના 'કરતાં પણ અધિક તેજ છે જેનું' એવું (કમલનું વિશેષણ) કહેલું છે. તે જગતનો માત્ર પ્રકાશ કરનારું ન હતું, પરંતુ જગતનો આધાર

પણ હતું, એમ સમૂહમાં રહેલા 'સર્વ જીવોના (રહેઠાણરૂપ)' શબ્દથી કહેલું છે. 'જે કમલમાં ભગવાન્ 'સ્વયમ્' પોતે જ 'સ્વરાટ્' બ્રહ્મા થયા' એમ ઉત્પન્ન કરનારું પણ તે જ હોવાનું કહેલું છે. તેમાંથી સર્વ (ઉત્પન્ન) થશે. એવો ભાવ છે. ૧૬.

બ્રહ્મામાંથી જે પ્રકારે સૃષ્ટિ (ઉત્પન્ન) થાય, તેનો ઉપાય નીચેના શ્લોકમાં કહે છેઃ

**સોઽનુવિષ્ટો ભગવતા યઃ શેતે સલિલાશયે ।।**
**લોકસંસ્થાં યથાપૂર્વં નિર્મમે સંસ્થયા સ્વયા ।।૧૭।।**

જે જલરૂપ ગૃહમાં રહ્યા હતા તે ભગવાન્ સાથે પ્રવેશ કરેલા તેમણે, પોતાની સ્થિતિ વડે પહેલાંની પેઠે લોકોની વ્યવસ્થા કરી. ૧૭.

ભગવાન્ સાથે 'અનુવિષ્ટઃ' પ્રવેશ કરેલા (બ્રહ્માએ લોકોની વ્યવસ્થા કરી). 'કયા ભગવાન્ ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'જે (જલરૂપ ગૃહમાં) રહ્યા હતા' એમ કહેલું છે. જલ જ હતું 'આશયઃ' ગૃહ (જેમનું તે) 'નારાયણ' એવો અર્થ છે. 'પછી શું થયું ?' એવો પ્રશ્ન થાય, તેથી 'લોકોની વ્યવસ્થા (કરી)' એમ કહેલું છે. જાતિ, ગુણો અને સ્થાનના વિભાગથી જેવી પહેલાંના કલ્પમાં હતી, તેવી લોકોની સારી વ્યવસ્થા (કરી). ''આ સૃષ્ટિ તેવી હોય, તો (તેમાં અને આમાં) ભેદ શો ?'' એવી શંકા થાય, તેથી 'પોતાની સ્થિતિ વડે' શબ્દો યોજેલા છે. આમાં[1] ભગવાન્ પોતે જ તેવી રીતે રહ્યા. પહેલાંની (સૃષ્ટિ) સાથે તો માત્ર આકારનું જ સમાનપણું હતું. એ રીતે છ પ્રકારની મૂલ[2] સૃષ્ટિ કહી. ૧૭.

૧. પહેલાંની સૃષ્ટિથી આનો ભેદ અહિં પણ કહેલો છે. (પ્ર)
૨. 'મૂલ' એટલે કારણની.

કાર્યોની સૃષ્ટિ કહેતાં આરંભમાં, નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકથી કાર્ય, (તેનું) સાધન[1] અને (તેના) પરિણામના ભેદથી તામસી સૃષ્ટિ કહે છેઃ

**સસર્જચ્છાયયાઽવિદ્યાં પઞ્ચપર્વાણમગ્રતઃ ।।**
**તામિસ્રમન્ધતામિસ્રં તમો મોહો મહાતમઃ ।।૧૮।।**

પહેલાં છાયાથી તામિસ્ર, અંધતામિસ્ર, તમઃ, મોહ અને મહાતમઃ (એ) પાંચ અવયવોવાળી અવિદ્યા ઉત્પન્ન કરી. ૧૮.

તે પૈકી આરંભમાં પોતાની અંદર રહેલા તમઃથી (થએલું) પાંચ પ્રકારનું તામસ કાર્ય આ શ્લોકથી કહેલું છે.

**આત્મા દેહસ્તથા છાયા સાત્ત્વિકાદિવિભેદજાઃ ।।૨૫।।**
**તામસી તત્ર વૈ છાયા તસ્યામપિ હરિઃ સ્વયમ્ ।।**

**તતશ્છાયા હિ કરણમવિદ્યાં પ્રતિ નાન્યથા ।।૨૬।।**

આત્મા દેહ અને છાયા સાત્ત્વિક વિગેરેના ભેદથી ઉત્પન્ન થએલાં છે. તેમાં છાયા ખરેખર તામસી છે. તેમાં પણ હરિ પોતે (રહેલા). તેથી છાયા અવિદ્યા ઉત્પન્ન થવામાં સાધન થઈ, નહિ તો ન થાય. કા. ૨૬.

**એતસ્યાઃ પઞ્ચ પર્વાણિ, પૂર્વસ્યાસ્તુ વિશિષ્યતે ।।**
**સસર્જાગ્રેઽન્ધતામિસ્રમિતિ પૂર્વપ્રકલ્પના ।।૨૭।।**
**અન્યથેયં સમાખ્યાતા મહામોહફલા મતા ।।**

આના પાંચ અવયવો છે. પહેલાંની કરતાં (આ) ઉત્તમ[૧] છે, 'પહેલાં અંધતામિસ્ર રચ્યું' એવી પહેલાંની બનાવટ હતી. આ જૂદા પ્રકારની કહેલી છે (અને) મહામોહરૂપ ફલવાળી[૨] મનાએલી છે. કા. ૨૭[૧]/૨.

આમાં અવિદ્યાના અવયવોમાં પહેલું (૧) તામિસ્ર છે. ભગવાનથી વિમુખ હોઈએ ત્યારે મહાભોગની ઈચ્છા મોટી નડતરરૂપ[૩] છે. (૨) ત્યારપછી ભોગની ઈચ્છા, (૩) તેથી પણ ઓછું (નડતર) અજ્ઞાન, (૪) નિર્બલ પુત્રો વિગેરે બધામાં 'હું જ નિર્બલોનું મૂલ છું' એવો (મોહ) તેથી પણ ઓછું (નડતર છે). આ વૈરાગ્ય ઉત્પન્ન કરનારો અજ્ઞાનથી સારો છે. (૫) તેનાથી પણ (ઓછું નડતર) દેહનો અહંકાર છે, કારણ કે આ ભગવાનની સેવામાં ઉપયોગી હોવાથી ઉત્તમ છે. આ ક્રમ તો આ[૪] (અવિદ્યા)માં જ છે. 'પહેલાં' શબ્દથી એમ જણાય છે કે આ છાયા આગળની[૫] હતી. તેમ ન હોય તો[૬] પહેલો કહેલો પહેલો થાય જ[૬].૧૮.

૧. આ અવિદ્યા પહેલાંના કરતાં જૂદી અને તેથી ઉત્તમ છે, એવો અર્થ છે. (પ્ર)
૨. 'મહામોહ' તેનો ઉત્તમ અવયવ છે. (પ્ર)
૩. આ અવયવો નડતરરૂપ હોવા છતાં ભગવાન્ માટે ઉપયોગી છે એમ જાણવું. જેમકે (૧) ઈન્દ્રે યજ્ઞનો ભંગ કર્યો અને પારિજાતક વૃક્ષ ભગવાન્ લઈ ગયા ત્યારે ક્રોધ કર્યો એ તેનું મહાભોગની ઈચ્છારૂપ તામિસ્ર (અજ્ઞાન) ગોવર્ધનને ધારણ કરવા વિગેરેમાં ઉપયોગી થયું. એવી રીતે (૨) બભ્રુ અને ઉગ્રસેનની ભોગની ઈચ્છારૂપ અંધતામિસ્ર ભગવાનની લીલામાં ઉપયોગી હતું (જુઓ ૩।૨।૨૨). (૩) દેવકીજીનું અજ્ઞાનરૂપ તમઃ પણ ભગવાનની લીલામાં ઉપયોગી હતું એમ ૧૦।૮।૪૪ નાં શ્રી સુબોધિનીમાં દર્શાવેલું છે, અને તે પુષ્ટિમાં ઉપયોગી હોવાનું ૧૦।૮।૫૧ ઉપરનાં શ્રીસુબોધિનીમાં સિદ્ધ કરેલું છે. (પ્ર)
૪. 'પ્રકૃતે' એમ સાતમી વિભક્તિવાળો શબ્દ છે. (પ્ર) ચાલુ પ્રસંગમાં એટલે જેની વાત ચાલે છે તે 'આ અવિદ્યામાં' એવો અર્થ છે.
૫. 'આગળની' એટલે પોતાથી જોઈ શકાય તેવી. જેમ સૂર્ય પાછળ હોય, ત્યારે આપણે જોઈ શકીએ તેમ આપણી છાયા પડે તેવી. (પ્ર)
૬....૬. એટલે 'પહેલાં' 'આગળની' 'અગ્રતઃ' શબ્દ અર્થરહિત થાય, એવો અર્થ છે. (પ્ર)

જે મૂર્તિ (દેહ)થી આ છાયા થઈ, તે મૂર્તિનો ત્યાગ કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**વિસસર્જાત્મનઃ કાયં નાભિનન્દંસ્તમોમયમ્ ।।**
**જગૃહુર્યક્ષરક્ષાંસિ રાત્રિં ક્ષુત્તૃટ્સમુદ્ભવામ્ ।।૧૯।।**

પોતાની તમોમય કાયાનું અભિનંદન ન કરતાં બ્રહ્માએ તેને તજી. ભૂખ અને તરસ જેમાંથી ઉત્પન્ન થાય તેવી તે રાત્રિને યક્ષો અને રાક્ષસોએ ગ્રહણ કરી.૧૯

તે (કાયા)નું તામસપણું (તેનાં) કાર્યથી જણાય છે. વાસ્તવિક રીતે તો આ સૃષ્ટિ માટે ઉપયોગી હોવાથી તેનું અભિનંદન (કરવું) યોગ્ય હતું, તે પણ (બ્રહ્માએ) ન કર્યું. તેનું કારણ 'તમોમય' શબ્દથી કહેલું છે. આ રહેશે તો હું ભગવાનથી વિમુખ થઈશ[1], એવા વિચારથી તે કાયાનો ત્યાગ કર્યો. તેજરહિત (પ્રાણીઓ)ને હરિથી વિમુખ રહેવાથી સુખ થાય છે, તેથી તેને બીજાઓ–યક્ષો અને રાક્ષસોએ ગ્રહણ કરી. તે રાત્રિના અભિમાનવાળી દેવતા થઈ. તજેલી તે (કાયા)નું કાર્ય 'ભૂખ અને તરસ જેનાથી ઉત્પન્ન થાય તેવી' વિશેષણથી કહેલું છે. યક્ષો અને રાક્ષસો પહેલાના કલ્પમાં જ ઉત્પન્ન થએલા, કારણ કે આઠ પ્રકારની દેવોની સૃષ્ટિમાં તેમને ગણેલા[2] છે. અથવા પહેલાં કહેલી પાંચ અવયવોવાળી અવિદ્યાની આ[3] દેવતાઓ છે. તેથી પાંચ અવયવોવાળી (પોતાના) દેવો સાથે ઉત્પન્ન થએલી. તેઓની અહિં જ ઉત્પત્તિ થઈ. તેથી જ પોતાના કારણરૂપ (કાયા)ને તેઓએ ગ્રહણ કરી. ૧૯.

૧. જેમ વાછડાં હરાતાં થયાનું ક્ષેપક ત્રણ અધ્યાયોમાં કહેલું છે, તેવું થશે ( એવો અર્થ છે ). અહિં તેવી તામસ કાયાનો ત્યાગ કર્યાનું કહેલું હોવાથી તે ( વાછડાં હરવાનું ) કાર્ય આ કલ્પના બ્રહ્માનું નહતું એમ સ્પષ્ટ થયાનું જાણવું. ( પ્ર )
૨. ૩।૧૦।૨૮ માં તેઓને દેવસૃષ્ટિમાં ગણેલા છે.
૩. 'આ' એટલે યક્ષો અને રાક્ષસો.

તે (કાયા)ના માત્ર સ્પર્શથી યક્ષો અને રાક્ષસોને ભૂખ અને તરસ ઉત્પન્ન થયાં, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ક્ષુત્તૃડ્ભ્યામુપસૃષ્ટાસ્તે તં જગ્ધુમભિદુદ્રુવુઃ ।।**
**મા રક્ષતૈનં જક્ષધ્વમિત્યૂચુઃ ક્ષુત્તૃડર્દિતાઃ ।।૨૦।।**

ભૂખ અને તરસના સંબંધવાળા થએલા તેઓ તેમને ખાવા દોડ્યા. ભૂખ અને તરસથી પીડાએલાઓએ કહ્યું કે 'આમનું રક્ષણ ન કરો, ખાઈ જાઓ.' ૨૦.

તેથી પહેલાંના કલ્પમાં ભૂખ અને તરસની ઉત્પત્તિ ન હતી. તે બે હતાં, તો પણ દેવના અધિષ્ઠાનવાળાં ન હોવાથી પહેલાં કામની પેઠે, વૃક્ષોને હોય છે તેવાં સહન કરી શકાય તેવાં હતાં. તેથી ઘણી ભૂખ અને તરસના સંબંધવાળા થએલા

(યક્ષો અને રાક્ષસો), બીજું કાંઈ ખાવાનું ઉત્પન્ન કરેલું ન હોવાથી બ્રહ્માને જ ખાઈ જવા દોડ્યા. પહેલાં નપુંસક તરીકે કહેલાં હોવા છતાં પણ, બ્રહ્માના કરતાં પણ તેઓ ઘણા બલવાન હોવાથી, ફરીથી જણાવતાં (આ શ્લોકમાં) પુરુષ તરીકે (નરજાતિના) કહેલા છે. આ પ્રસંગે કેટલાકોએ કહ્યું કે 'આમનું (બ્રહ્માનું) રક્ષણ ન કરો.' આ બ્રહ્માનું રક્ષણ ન કરો. અત્યારે માયાથી અથવા અવિદ્યાથી (તે આપણી) ભૂખ તથા તરસની શાંતિ કરે પણ ખરા, છતાં પણ તેમનું રક્ષણ ન કરો, કારણ કે ફરીથી બીજી પીડા ઉત્પન્ન કરશે. બીજાઓએ તો કહ્યું કે 'ખાઈ જાઓ.' '' 'જક્ષ્' ધાતુ ખાવાના અને હસવાના અર્થવાળો છે.'' તેથી અહિં 'જક્ષ્' ખાવાના અર્થમાં યોજેલો છે. અથવા ખાવાના અર્થવાળો 'યક્ષ્' ધાતુ છે. 'પિતાને એમ કેમ કહ્યું ?' એવી શંકા થાય, તેથી 'ભૂખ અને તરસથી પીડાએલાઓએ' એમ કહેલું છે, કારણ કે પીડાએલો કાંઈ ધર્મ અથવા અધર્મ જાણતો નથી. ૨૦.

પછી શું થયું, એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહેલો છેઃ

**દેવસ્તાનાહ સંવિગ્નો મા માં જક્ષત રક્ષત ||**
**અહો મે યક્ષરક્ષાંસિ પ્રજા યૂયં બભૂવિથ ||૨૧||**

દુઃખી થએલા દેવે તેઓને કહ્યું (કે) : 'મને ખાઓ નહિ, (મારું) રક્ષણ કરો. અહો , યજ્ઞો અને રાક્ષસો મારા પુત્રો છે. તમે મારાં સંતાન થયાં'. ૨૧.

(બ્રહ્મા) દેવ હોવાથી (તેમને) તેવું જ્ઞાન હતું, અને તામસોને ઉત્પન્ન કરેલા હોવાથી તેમને તેવો ભય થયો. ભગવાનની ઈચ્છાથી જ તેમ થએલું, તેથી તેની[1] અવગણના કરવા પોતે દેહ તજતાં, ભગવાનના કોપથી એમ થયું[2] એવું જણાય છે. તેમ ન હોત[3] તો માત્ર દીનતા કરવાથી તેઓ (બ્રહ્માને) મૂકી ન દે. (બ્રહ્માએ) કહ્યું કે : 'મને ખાઓ નહિ, (મારું) રક્ષણ કરો'. મને 'મા જક્ષત' ખાઓ નહિ, એવો અર્થ છે; પરંતુ (મારું) રક્ષણ કરો. તે (વિષય)ની યોગ્યતા 'અહો ! યક્ષો અને રાક્ષસો મારા (પુત્રો છે)' શબ્દોથી કહેલી છે. 'અહો !' શબ્દ આશ્ચર્ય દર્શાવે છે, કારણ કે પુત્રો પિતાને ખાઈ જતા નથી, કેમકે યક્ષો અને રાક્ષસો મારા 'પ્રજાઃ' પુત્રો છે, એવો અર્થ છે. 'યક્ષો અને રાક્ષસો (તમારા) પુત્રો હોય, તેમાં અમારે શું ?' એવો પ્રશ્ન કરે, તેથી 'તમે જ યક્ષો અને રાક્ષસો છો' એમ કહેલું છે. ''આમનું 'મા રક્ષત' રક્ષણ ન કરો, 'યક્ષધ્વમ્' ખાઈ જાઓ'' એ (તમારાં) વચનને લીધે તમે યક્ષો અને રાક્ષસો છો, તેથી જ મારી પ્રજા થયા છો. 'પ્રજા' શબ્દથી જાતિ કહેલી છે. (તમે) બધાએ મારી પ્રજા જ છો, તેથી (એવો અર્થ હોવાથી) ('બભૂવિથ' એ) બીજા પુરુષનું એકવચન ઘટે છે. એ પ્રમાણે (આ શ્લોકમાં કહેલી) પ્રાર્થના સાથે ચાર (શ્લોકો)થી પહેલી સૃષ્ટિ

કહી. ૨૧.

૧. 'તેની અવગણના' એટલે તામસોની ઉત્પત્તિની અવગણના. (પ્ર) ભયની અવગણના.

૨. 'એમ થયું' એટલે (બ્રહ્માને) માત્ર ભય થયો. (પ્ર)

૩. 'તેમ ન હોત તો' એટલે બ્રહ્માને હણવાની જ પૂરેપૂરી ઈચ્છા હોત તો. (પ્ર)

નીચેના શ્લોકમાં સાત્ત્વિક સૃષ્ટિ કહે છેઃ

**દેવતાઃ પ્રભયા યા યા દીવ્યન્પ્રમુખતોઽસૃજત્ ।।**
**તેઽહારિષુર્દેવયન્તો વિસૃષ્ટાં તાં પ્રભામહઃ ।।૨૨।।**

જે જે દેવતાઓ સન્મુખ ક્રીડા કરે છે તેમને પોતાની પ્રભાથી ઉત્પન્ન કર્યાં. તજી દીધેલ તે પ્રભારૂપ દિવસને ક્રીડા કરતાં તેઓએ ગ્રહણ કર્યું. ૨૨.

જેવી દીવાની પ્રભા, અથવા જેવી મણિની અથવા સૂર્ય વિગેરેની પ્રભા, તેવી બ્રહ્માની પણ પ્રભા (હોય છે). તેથી તે પ્રભાથી તેમણે દેવતાઓ સર્જ્યાં. પ્રભાથી સર્જેલાં દેવતાઓનો ગુણ 'જે જે સન્મુખ ક્રીડા કરે છે[1]' શબ્દોથી કહે છે. જે જે દેવતાઓ સન્મુખ ક્રીડા કરે છે. સૂર્ય વિગેરે રૂપવાળા દેવતાઓની ઉપાસના કરવામાં આવે છે, તેઓ જ ઉપાસના કરનારની સન્મુખ ક્રીડા કરે છે. એ પ્રમાણે તેઓને ઉત્પન્ન કરીને, દોષ ન હોવા છતાં જૂદા પ્રકારની મનોવૃત્તિ ઉત્પન્ન થવાથી (બ્રહ્માએ) તે શરીરનો પણ ત્યાગ કર્યો. પછી બ્રહ્માએ તજી દીધેલ તે પ્રભારૂપ (શરીર)ને, પહેલાં સ્ત્રી તરીકે જણાવેલા, તે જ દેવોએ[2] 'અહારિષુઃ' ગ્રહણ કર્યું, લીધું, એવો અર્થ છે. (તે) 'અહોરૂપામ્' દિવસરૂપ હતું. 'અહાવિપુઃ' એવો પાઠ હોય, ત્યારે પણ અર્થ તે જ છે. ૨૨.

૧. આચાર્યશ્રીએ 'અદીવ્યન્' પાઠ લીધેલો જણાય છે. 'અ' 'યાઃ' પછી આવતો હોવાથી 'યા અદીવ્યન્' એમ જોઈએ; છતાં અને 'આ' માં ભેળવેલ જણાય છે.

૨. પહેલાં 'દેવતાઃ' સ્ત્રીલિંગ વાપરેલ, પછી 'તે' એમ પુલ્લિંગ યોજેલ છે.

રજોગુણથી રચેલી સૃષ્ટિ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દેવોઽદેવાઞ્જઘનતઃ સૃજતિ સ્માઽતિલોલુપાન્ ।।**
**ત એનં લોલુપતયા મૈથુનાયાઽભિપેદિરે ।।૨૩।।**

દેવે જઘનમાંથી અત્યંત કામી દૈત્યોને ઉત્પન્ન કર્યા. તેઓ અત્યંત કામી હોવાથી એમની તરફ મૈથુન કરવા દોડ્યા. ૨૩.

પહેલાં જૂદી જૂદી સ્થિતિ પ્રાપ્ત કરી. (બ્રહ્મા) તે તે પ્રકારની સૃષ્ટિ કરતા, પણ દૈત્યની સૃષ્ટિ તો દેવની સ્થિતિમાં રહેલા તેમણે કરી, એમ 'દેવ' શબ્દથી કહેલું છે. 'અદેવાન્' એટલે દેવોના વિરોધીઓને (દૈત્યોને). 'જઘનમાંથી' એટલે ગુહ્ય સ્થાનમાંથી અથવા કેડમાંથી અથવા કેડથી આરંભી ઢીંચણ સુધીના ભાગમાંથી, જ્યાં

કામથી સંબંધ થાય છે તેમાંથી. 'અતિલોલુપાન્' અત્યંત કામીઓને (ઉત્પન્ન કર્યા). કામ તો સ્ત્રીના સંભોગરૂપ મુખ્ય છે. મૈથુન પુરુષ સાથે પણ થાય, તેથી તે અસુરો 'એમની' પ્રજાપતિની તરફ મૈથુન કરવા દોડ્યા. જેમ માતા સાથે સંગ કરવાની મના છે, તેમ પિતા સાથેના સંગની પણ (મના છે), છતાં પણ અત્યંત કામી હોવાથી તેઓએ તેમ કર્યું. અત્યંત કામી હોવું એટલે કામને લીધે અસ્થિર થવું. કામ વિવેક વિગેરેનો નાશ કરનારો છે. ૨૩.

'પછી શું થયું ?' (એવો પ્રશ્ન થાય) તેથી નીચેનો શ્લોક કહેલો છેઃ

**તતો હસન્ સભગવાનસુરૈર્નિરપત્રપૈઃ ।।**
**અન્વીયમાનસ્તરસા ક્રુદ્ધો ભીતઃ પરાપતત્ ।।૨૪।।**

પછી હસતાં ભગવાનવાળા (બ્રહ્મા) નિર્લજ્જ અસુરો ઝડપથી (તેમની) પાછળ પડતાં, ક્રોધ કરી ભય પામી નાઠા. ૨૪.

આરંભમાં (બ્રહ્મા) હસ્યા. તેઓમાં લજ્જા ન હોવાથી હસવું (આવ્યું). ત્યારપછી 'સભગવાન્' ભગવાનવાળા થયા (એટલે) ભગવાનનો ગુણ જ તેમનામાં સ્થિર થયો, દૈત્યનો ગુણ (સ્થિર) ન થયો. તેમ થયું ન હોત, તો (બ્રહ્મા) તેઓની સાથે ક્રીડા કરત. દેખાવના રસથી પ્રવૃત્તિ કરી, તેથી તેઓ 'નિરપત્રપાઃ' નિર્લજ્જ હતા. બીજાથી લજ્જા થાય તે 'અપત્રપાઃ' (કહેવાય છે). વળી અસુરોમાં સ્વભાવથી રજોગુણ મુખ્ય હોય છે, તેથી તેઓથી ઝડપથી પાછળ પડાએલા (બ્રહ્મા)એ આરંભમાં એવા હેતુથી ક્રોધ કર્યો કે (મારા) ક્રોધથી (તેઓના) કામને દૂર કરું. ત્યારપછી (તેઓને) ભયરહિત અને પાછા ન ફરતા જોઈને, (બ્રહ્મા) ભય પામ્યા. પછી 'પરાપતત્' નાઠા, એવો અર્થ છે. ૨૪.

તે ફરતાં, ભગવાન્ જ્યાં રહેતા હતા, ત્યાં વૈકુંઠમાં ગયા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ ઉપવ્રજ્ય વરદં પ્રપન્નાઽઽર્તિહરં હરિમ્ ।।**
**અનુગ્રહાય ભક્તાનામનુરૂપાત્મદર્શનમ્ ।।૨૫।।**

તેમણે વરદાન કરનારા, શરણ આવેલાઓના દુઃખને હરનારા, (અને) ભક્તો ઉપર કૃપા કરવા ભક્તોને અનુકૂલ આત્માનું દર્શન કરાવનારા હરિ પાસે જઈને (નીચે પ્રમાણે કહ્યું). ૨૫.

લૌકિક ઉપાયથી આ (દૈત્યો) શાંત થશે નહિ, (અને) અલૌકિક ઉપાય તો ભગવાનથી જ થઈ શકે, એમ જણાવવા 'વરદાન કરનારા' વિશેષણ કહેલું છે, કારણ કે વર અલૌકિક પદાર્થ પ્રાપ્ત કરવાનો ઉપાય છે. તે વરો લોકમાં ઈચ્છેલા (પદાર્થ)ની

પ્રાપ્તિરૂપ હોવાથી, તેવા આ નથી એમ કહેવા 'શરણ આવેલાઓનાં દુઃખને હરનારા' એમ કહેલું છે. દૈત્યો પણ (ભગવાન્ પાસે) ગએલા હોવાથી, તેઓનાં પણ દુઃખને કોઈ સમયે (ભગવાન્) હરે, તે માટે 'શરણ આવેલાઓના' એમ કહેલું છે, કારણ કે (તે) 'હરિ' છે. વળી ભક્તો ઉપર કૃપા કરવા જ તે વૈકુંઠમાં ઘર કરી રહેતા હતા, તે (અર્થ) ઉત્તરાર્ધથી કહેલો છે. ભક્તો ઉપર (કૃપા) કરવા, ભક્તોનું જેવું રૂપ, તે અનુરૂપ, તેવું આત્માનું દર્શન છે જેમના તેવા (ભગવાન્ છે). 'આત્મા' એટલે સ્વરૂપ. લોકમાં (તે) દેહરૂપ છે. અહિં (ભગવાનમાં) તો તે સચ્ચિદાનંદરૂપ જ છે, બીજો અંતરાત્મા નથી. પૌરાણિકો તો (બીજો અંતરાત્મા) છે, એમ કહે છે. ૨૫.

એવી રીતે ભગવાન્ પાસે જઈ, અસુરોથી દુઃખી થએલ હોવાથી સ્તુતિ નમસ્કાર વિગેરે કર્યા વિના જ નીચે પ્રમાણે વિજ્ઞપ્તિ જ કરી :

**પાહિ માં પરમાત્મંસ્તે પ્રેરણેનાऽસૃજં પ્રજામ્ ।।**
**તા ઈમા યભિતું પાપા ઉપાક્રામન્તિ માં પ્રભો ।।૨૬।।**

હે પરમાત્મા ! મારું રક્ષણ કરો. આપની પ્રેરણાથી મેં પ્રજા ઉત્પન્ન કરી. તે આ પાપીઓ, હે પ્રભો ! મૈથુન કરવા મારી પાસે આવે છે. ૨૬.

આપની પ્રેરણાથી મેં પ્રજા ઉત્પન્ન કરી, તે પૈકી આ દૈત્યરૂપ પ્રજાઓ મૈથુન કરવા મારી પાસે જ આવે છે, તેથી મારું રક્ષણ કરો, એવો સંબંધ છે. (આપનાં) પાલન કરવાનાં સામર્થ્યમાં, હું પ્રેરાએલો હોવામાં અને આપ પ્રેરણા કરનારા હોવામાં શંકા નથી, કારણ કે આપ 'પરમાત્મા',–'પરઃ' વશ રાખનાર અને તે 'આત્મા' આત્મા–એટલે વશ રાખનારા આત્મા છો. તેથી જ આપે મને પ્રેરણા કરેલી. આ (દૈત્યો) આવા ઉત્પન્ન થશે, એમ આપ જ જાણતા હતા, હું (જાણતો) નહતો, તેથી દોષની શાંતિ પણ આપે જ કરવી જોઈએ, એવા વિચારથી દોષ જણાવ્યો. વળી અપરાધ તરતમાં જ થવાનો (કરવાના) છે, તેથી તરત શાંતિ (કરવી જોઈએ). 'હે પ્રભો !' એ સંબોધન તે વિષયમાં (ભગવાનનું) સામર્થ્ય જણાવનારું છે. ૨૬.

''તેં પ્રજાઓ ઉત્પન્ન કરી. તું પિતા છે અને તેઓ પુત્રો છે. તેથી બેમાંથી એકનું હિત કરવું અશક્ય છે અને (બેમાં) વિરોધ છે ત્યારે બંનેનું હિત તો કેવી રીતે થાય ?'' એવી શંકા થાય, તેથી દૈત્યો ઉપર પ્રીતિ ન હોવાથી એકનું જ હિત કરવાની પ્રાર્થના કરવા નીચેનો શ્લોક કહે છે:

**ત્વમેકઃ કિલ લોકાનાં ક્લિષ્ટાનાં ક્લેશનાશનઃ ।।**
**ત્વમેકઃ ક્લેશદસ્તેષામનાસન્નપદાં તવ ।।૨૭।।**

આપ એકલા જ ખરેખર દુઃખી લોકોનાં દુઃખનો નાશ કરનારા છો. આપ,

એકલા જ ચરણ સમીપ ન આવેલા આપના તે (સેવકો)ને દુઃખ દેનારા છો. ૨૭.

વિરુદ્ધ (પક્ષ)માં 'ચરણ સમીપ ન આવેલાને' એમ કહેલું હોવાથી, જેઓ ચરણે આવેલા છે, તેઓના અદષ્ટ વિગેરેની પણ દરકાર કર્યા વિના, આપ 'એકઃ' બીજા કોઈ સાહાય્ય કરનાર વિના (એકલા)જ તે દુઃખી લોકોનાં દુઃખનો નાશ કરનારા છો. 'ખરેખર' શબ્દથી (આ વિષયની) પ્રસિદ્ધિ દર્શાવી છે. વળી દુઃખ કાલ વિગેરેએ કરેલું હોય છે. 'ત્યારે બીજાઓની (ભગવાન્) દરકાર નહિ રાખતા હોય' એમ જણાય, તેથી તેમ નથી, એમ 'આપ એકલા જ દુઃખ દેનારા છો' શબ્દોથી કહેલું છે. 'ચરણ સમીપ ન આવેલાઓને' એવું વચન હોવાથી, અહિં 'સુઃખ દુઃખ જન્મવૃત્તિ...' વિગેરે શાસ્ત્ર પ્રમાણે દુઃખ દેવાનું કહેલું નથી, પરંતુ ભક્તિની પ્રવૃત્તિ કરાવનાર સ્વરૂપથી (દુઃખ દેવાનું કહેલું છે). જેમ કાલ વિગેરે અધિકારીઓ દુઃખ દેનારા છે, તેમ ભગવાન્ પણ સ્વતંત્ર રીતે દુઃખ દેનારા છે, તેથી 'આપ એકલા જ દુઃખ દેનારા છો' એમ કહેલું છે. ચરણ સમીપ ન આવેલાને આપ એકલા જ દુઃખ દેનારા છો. ''એ રીતે શાસ્ત્રનો અર્થ પક્ષપાત કરાવનારો કેમ હોય ?'' એવી શંકા થાય, તેથી 'આપના (સેવકો)ને' એમ કહેલું છે. આપના સેવકો થઈ જેઓ ચરણે આવેલા નથી, તેઓને (આપ દુઃખ દેનારા છો), એવો અર્થ છે. આથી એમ કહેલું છે કે આપના સેવકોને બીજો કોઈ સુખ અથવા દુઃખ આપનારો નથી, પણ આપ જ છો. કાલ (સર્વને) સમાન હોવાથી દુઃખ આપે, તોપણ આપ (તેનો) નાશ કરનારા છો. તેથી (આપે) મારું દુઃખ દૂર કરવું જોઈએ, અને આમને અટકાવવા જોઈએ, એવો (અર્થ છે). ૨૭.

તે ભગવાનને બહુ પસંદ ન હોવાથી, નીચેના શ્લોકમાં બંનેના સમાધાન (નો ઉપાય) કહે છેઃ

**સોઽવધાર્યાસ્ય કાર્પણ્યં વિવિક્તાધ્યાત્મદર્શનઃ ।।**
**વિમુઞ્ચાઽઽત્મતનું ઘોરામિત્યુક્તો વિમુમોચ હ ।।૨૮।।**

વિવેકપૂર્વક બ્રહ્માના દેહમાંના (પદાર્થો)ને જોનાર તેમણે આમની દીનતા જોઈને (કહ્યું કે) :'પોતાના ઘોર દેહનો ત્યાગ કર'. એમ કહેલા બ્રહ્માએ, અહો ! (તેનો) ત્યાગ કર્યો. ૨૮.

દોષનું કારણ જાણ્યા વિના તે દૂર કરે, તો ભગવાન્ મર્યાદાનો નાશ કરનારા થાય, તેથી તે (કારણ જાણ્યાનું કહેવા) માટે, 'વિવેકપૂર્વક બ્રહ્મના દેહમાંના (પદાર્થો)ને જોનાર' એમ કહેલું છે. 'વિવિક્તઃ' સારી રીતે બીજાથી ભેદપૂર્વક છૂટા કરેલ 'અધ્યાત્મા' બ્રહ્માના દેહમાં રહેલ સર્વ પદાર્થો, તેમનું 'દર્શનં' પ્રત્યક્ષ પ્રકારે

જ્ઞાન છે જેમને, આવા ભગવાને બ્રહ્માને કહ્યું કે 'પોતાના દેહનો ત્યાગ કર'. જે દેહથી દૈત્યો ઉત્પન્ન થયા તે ઘોર છે, કારણ કે કારણ તેવું (ઘોર) ન હોય તો તેવું કાર્ય ઉત્પન્ન ન થાય. એમ કહેલા બ્રહ્માએ તેનો ત્યાગ કર્યો. અથવા (બ્રહ્મા) દેહનો ત્યાગ કરે તે માટે 'વિવેકપૂર્વક દેહમાંના (પદાર્થો)ને જોનાર' એ બ્રહ્માનું વિશેષણ (લેવું). 'હ' 'અહો !' શબ્દ આશ્ચર્ય દર્શાવે છે. ૨૮.

જૂદા સ્વભાવથી ઉત્પન્ન કરાએલી હોવાથી તે દેવતા પણ દૈત્યોનું હિત કરનારી અને દેવ હોવાથી ભ્રમ કરાવનારી થઈ, એમ નીચેના ત્રણ શ્લોકોથી તેનું વર્ણન કરી કહે છે:

**તાં ક્વણચ્ચરણામ્ભોજાં મદવિહ્વલલોચનામ્ ।।**
**કાઞ્ચીકલાપવિલસદ્દુકૂલચ્છન્નરોધસમ્ ।।૨૯।।**
**અન્યોન્યશ્લેષણોત્તુંગનિરન્તરપયોધરામ્ ।।**
**સુનાસાં સુદ્વિજાં સ્નિગ્ધહાસલીલાऽવલોકનામ્ ।।૩૦।।**
**ગૂહન્તીં વ્રીડયાऽऽત્માનં નીલાલકવરૂથિનીમ્ ।।**
**ઉપલભ્યાऽસુરા ધર્મ સર્વે સન્મુમુહુઃ સ્ત્રિયમ્ ।।૩૧।।**

હે ધર્મ! ઝંકાર કરતા ચરણરૂપ કમલવાળી, મદથી વિહ્વલ થએલાં નેત્રોવાળી, કંદોરારૂપ કલાપથી શોભતા રેશમી વસ્ત્રથી ઢાંકેલ કેડના ભાગવાળી, પરસ્પર ભેટતાં ઘણાં ઉંચા અને અંતર વિનાનાં સ્તનોવાળી, સુંદર નાસિકાવાળી, સુંદર દાંતવાળી, સ્નેહવાળાં હાસ્ય સાથે વિલાસવાળી દષ્ટિવાળી, લજ્જાને લીધે આત્માને છૂપાવતી, શ્યામ કેશના સમૂહવાળી તે સ્ત્રીને પ્રાપ્ત કરીને સર્વ અસુરો ઘણો મોહ પામ્યા. ૨૯-૩૧.

કારણ કે દેવતાને જેવી ભાવનાથી જોવામાં આવે તેવી તે થાય છે, અને કામાતુર તેઓ (અસુરો)એ તેને સ્વરૂપવતી સ્ત્રી જોઈ. વળી જેવા પ્રકાર તેઓના મનમાં રુચતા, તે (પ્રકારો)(તે) દેવતા હોવાથી તેનામાં જોએલા વર્ણવવામાં આવે છે. જ્યાં સુધી દૈત્યોએ તેનો સ્પર્શ કર્યો નહતો, ત્યાં સુધી બહાર રહેલી તેણે પોતાને તેવી દેખાડી. પછી જ્યારે તેનો સ્પર્શ કર્યો ત્યારે સંધ્યાના અભિમાનવાળી (તે) દેવતાએ તેઓમાં જ પ્રવેશ કર્યો; એવું જોએલી (દેવતા)નું વર્ણન, સ્તુતિ, (અસુરોનું તેની) સમીપ જવું, અને કામલીલાથી પ્રશ્ન કરી વર્ણન કરવું-એવી રીતે આઠ (શ્લોકો)થી તેની પ્રશંસા કહેલી છે. પછી એક (શ્લોક)થી તેને પકડવાનું અને અર્ધાથી (તેનો) અનુભવ કર્યાનું ( કહેલ છે ).

ઝંકાર કરતા ચરણો જ કમલ જેવા હતા જેના, તેવી (તે હતી). તેના

દેહમાં, બે ચરણો અને મુખ જ ઢાંક્યાં વિનાનાં હતાં. બીજું (બીજે) વસ્ત્ર વિગેરે હતાં. તેથી તે (અસુરો)ની હલકાં અંગનાં લાલસા હોવાથી, આરંભમાં ચરણોનું વર્ણન (કરેલું છે). તેનાં (ચરણો) (દૈત્યોનાં) નેત્રોને સુખ કરનારાં હોવાથી કમલ (જણાયાં). પછી પોતે ઈચ્છેલા પ્રકારથી મુખનું વર્ણન કરેલું છે. મદથી વિહ્વલ થએલાં હતાં નેત્રો જેનાં તેવી (તે હતી). કંદોરારૂપ કલાપ (આભરણ)થી શોભતું જે રેશમી વસ્ત્ર, તેનાથી ઢંકાએલો હતો 'રોધઃ' કેડનો ભાગ જેનો તેવી (તે હતી). આ (વિશેષણ)થી પ્રકટ આભરણ અને વસ્ત્ર જણાવેલાં છે. 'કલાં' કલાનું 'પાતિ' રક્ષણ કરે તે 'કલાપઃ' એમ કંદોરો ઢીલાં પડતાં વસ્ત્રને પકડી રાખનારો હોવાથી 'કલાપઃ' કહેલો છે, અથવા (તેના) અંશો પણ ઉત્તમ હોવાથી કલાપ (સમૂહ)ની પેઠે સમૂહરૂપ (હોવાથી તેને 'કલાપ' કહેલ છે). કામરૂપ કુંડમાં સ્નાન કરનારાઓ માટે 'રોધઃ' (કિનારો) શબ્દ તટ જણાવનારો છે. પરસ્પર ભેટતાં, 'ઉત્તુંગૌ' ઘણાં ઉચાં 'નિરન્તરૌ' મધ્યે છિદ્ર (અંતર) વિનાનાં હતાં 'પયોધરૌ' સ્તનો જેનાં તેવી (તે હતી). ૨૯।૩૦.

એ પ્રમાણે બે શ્લોકોથી રૂપ જણાવીને (તેના) સ્ત્રીભાવનું વર્ણન કરે છે. લજ્જાને લીધે આત્માને છૂપાવતી (હતી). અહિં (તેનાં) આત્માએ (દેહે) સ્ત્રીભાવ પ્રાપ્ત કરેલો. જે ક્રિયાથી તે છૂપો રહી જણાય, તેવી જ ક્રિયા તે લજ્જાને લીધે કરતી હતી, એવો અર્થ છે. કેટલાક એમ કહે છે કે[૧] (જે) અવયવો દેખાતા હતા તેમને વસ્ત્રથી છૂપાવતી હતી. જેમ બહારના પદાર્થો (અસુરોની) બુદ્ધિથી કલ્પેલા છે, તેમ લજ્જા પણ અહિં (કલ્પેલી જાણવી). વળી શ્યામરંગના જે કેશો, તેમના સમૂહવાળી હતી. આથી તેનાં પોતાનાં લક્ષણો કહ્યાં.

કેટલાક આ આધ્યાત્મિક હોવાનું જણાવે છે[૨]. પક્ષીઓ વિગેરેના શબ્દો (એ) ચરણોનો ઝંકાર; અર્ધ ઉગતો ચંદ્ર અને અર્ધ આથમતો સૂર્ય (એ) બે લોચન; સહેજ લાલ મેઘો (એ) કંદોરો; આકાશ (એ)જ વસ્ત્ર; દિશાઓ (એ) તટ (કેડના ભાગ); કામાંધ સ્ત્રી અને કામાંધ પુરુષ, અથવા બે ચક્રવાક (એ) બે સ્તનો; પોપટો (એ) ઉત્તમ નાસિકા; કુંદ વિગેરે (શ્વેત પુષ્પો) અથવા સુંદર છે 'દ્વિજાઃ' (પક્ષીઓ, દાંતો) જેના, એવી વ્યુત્પત્તિને લીધે પક્ષીઓ (એ) દાંતો, પુરુષ સાથે સંબંધ સુચવનારું સ્નેહવાળું જે હાસ્ય, તેની અંદર જે વિલાસ, તે સાથેની જ હતી દૃષ્ટિ જેની તેવી (સંધ્યાને સ્ત્રી કહેલી છે); અથવા તે સમયે કામીઓના અથવા વિકસેલાં પુષ્પો ઉપર બેઠેલા ભ્રમરાઓના ભાવો (કહેલા છે). ક્ષણે ક્ષણે સંધ્યાનો તિરોભાવ થાય એ જ (દેહ) છૂપાવવાનું છે. તે સમયનાં સત્કર્મો (એ) લજ્જા. અંધકાર એ જ

કેશોનો સમૂહ[૨].

[૩]આ ગુણો ઓળખાવનારા જ છે, પરંતુ આટલું જ (હતું એમ) નથી. તેમ (અર્થ) ન લઈએ, તો વાક્યનો અર્થ ખોટો ઠરે, અને બધાં વાક્યોનો વિરોધ થાય. તેથી ઓળખાવનારા તરીકે જ આમનું વર્ણન (કરેલ હોવાનું કહેવું) યોગ્ય છે. દેવતા જો તેવી (સ્ત્રી) ન હોય, તો લોકમાં સંધ્યા સમયે તેવા ભાવો[૪] ન હોય[૩].

એ પ્રમાણે તેનું વર્ણન કરીને, તેના દર્શનનું કાર્ય, એકત્રીસમા શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે. 'હે ધર્મ !' એવું વિદુરનું સંબોધન (તેને) મોહ ન થાય તે માટે કરેલું છે. 'હે ધર્મરાજ !' એવો (તેનો) અર્થ છે. હમણાં (વિદુરમાં) રાજાપણું ન હોવાથી, તેનામાં જે ધર્મ હતો તે જ જણાવનારું એક ભાગ (ના ગુણ)થી સંબોધન કરેલું છે. સર્વ અસુરો ઘણો મોહ પામ્યા. મોહનું કારણ સ્ત્રીપણું જ હતું તેથી તે છેવટે ('સ્ત્રિયમ્' શબ્દથી) કહેલું છે. ૩૧.

૧. આ શ્રીધરનો મત કહેલો છે. (પ્ર)
૨...૨. આ પણ શ્રીધરનો અથવા બીજા કોઈનો મત કહેલો છે. (પ્ર) વિશ્વનાથ ચક્રવર્તીની ટીકામાં આના જેવો અર્થ દેખાય છે.
૩...૩. આ ભાગથી ૨..૨ વાળો અર્થ યોગ્ય નથી એમ જણાવે છે. સ્ત્રીનું આધિદૈવિક સ્વરૂપ જણાવનારા આ ગુણો જ છે, પણ આવા ગુણો જ હતા, (સ્ત્રી ન હતી) એમ કહેવું યોગ્ય નથી. આવો અર્થ ન લઈએ, તો સ્ત્રી હતી, એવો વાક્યનો અર્થ ખોટો ઠરે, તેમ જ મોહ, ધીરજ રાખવાનું વિગેરે આ પછીના શ્લોકમાં કહેલાં છે, તે વાક્યોનો વિરોધ થાય. (પ્ર)
૪. પક્ષીઓ, મેઘો વિગેરે પદાર્થો, એવો અર્થ જણાય છે.

તે (સ્ત્રી)ભાવથી મોહ પામેલા, (તેણે) જોએલા (અસુરો)ની મનોવૃત્તિ જણાવનારું વાક્ય નીચેના શ્લોકમાં કહે છે:

**અહો રૂપમહો ધૈર્યમહો અસ્યા નવં વયઃ ।।**
**મધ્યે કામયમાનાનામકામેવ પ્રસર્પતિ ।।૩૨।।**

અહો આનું રૂપ ! અહો આનું ધૈર્ય ! અહો આની ઉગતી જુવાની ! કામના રાખનારાઓની (આપણી) મધ્યે કામના વિનાની હોય તેવી ઘણું ફર્યા કરે છે. ૩૨.

(૧) 'અહો રૂપ !' શબ્દોથી રૂપનો ઉલ્લેખ કરીને આશ્ચર્ય કરેલું (જણાવેલું) છે. (૨) 'અહો ધૈર્ય !'નો પણ તેવો જ (અર્થ) છે. (આની) ક્રિયાથી કામ તો આને પણ ઘણો જ હોય તેમ જણાય છે, છતાં પણ જે કામાંધ થતી નથી, તેથી આનું ધૈર્ય આશ્ચર્યકારક છે, એવો અર્થ છે. (૩) ''જેણે ભોગ કરેલો હોય અથવા જે ઘરડી હોય, તેનામાં આ બંને (ગુણો હોવાનું) આશ્ચર્યકારક નથી'' એવી શંકા થાય, તેથી 'અહો ! આની ઉગતી જુવાની !' એમ કહેલું છે. 'ઉગતી' શબ્દથી

ભોગ કર્યા વગરનાં અથવા તાજાં ખીલેલાં વયને લક્ષમાં રાખીને આશ્ચર્ય કરેલું (જણાવેલું) છે. એવી રીતે તેનામાં કામરૂપ સંનિપાત ઉત્પન્ન કરનારા ત્રણ દોષ છે, તે કામ વિનાની કેવી રીતે હોઈ શકે ? ઘણું ફર્યા કરે છે[1] એ જ આનું કામરહિતપણું જણાવનારું છે. (તેમાં) મુખ્ય ક્રિયારહિતપણું જરુરી છે. ભાવ વિગેરે દેખાતા હોવાથી 'કામના વિનાની હોય તેવી' કહેલી છે. વળી આનામાં અંદરના જ દોષો છે એમ નથી, પરંતુ બહારના પણ છે, એમ 'કામના રાખનારાઓની મધ્યે (ફર્યા કરે છે)' શબ્દથી કહેલું છે. આપણે બધાએ કામના રાખનારા છીએ, તેથી કામ જરુરી હોવાથી અને વીંટાઈ રહેનારો હોવાથી[2], (આપણી) મધ્યે કામના વિનાની હોય તેવી કેમ હોય (હોઈ શકે) ? એવો અર્થ છે. ૩૨.

૧. 'વિશેષસર્પણં' એટલે પોતાનો દેહ છૂપાવવો તે. (પ્ર). ઘણું ફર્યા કરવું તે, એવો અર્થ જણાય છે, કારણ કે કામમાં મુખ્ય ક્રિયારહિતપણું છે એમ આગળ કહેલું છે.

૨. રૂપ, અને ઉગતી જુવાની હોવાથી કામ જરુર હોવો જોઈએ, વળી આપણી કામીઓની મધ્યે ફર્યા કરે છે એટલે કામ તેને વીંટી તેની ચોતરફ રહેલો છે, એવો અર્થ છે.

'પરિચય ન હોવાથી (કામ વિનાની હોય તેમ ફર્યા કરે છે)' એમ કહેવામાં આવે, તો 'અમે વાતચિત કરી (તેનો) પરિચય કરશું' એવા અભિપ્રાયથી, તેઓએ (તેની સાથે) વાતચિત કરવા પ્રયત્ન કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**વિતર્કયન્તો બહુધા તાં સંધ્યાં પ્રમદાઽઽકૃતિમ્ ।।**
**અભિસંભાવ્ય વિશ્રમ્ભાત્પર્યપૃચ્છન્કુમેધસઃ ।।૩૩।।**

તે પ્રમદાની આકૃતિવાળી સંધ્યા સંબંધી ઘણા પ્રકારે વિતર્ક કરતાં દુષ્ટ બુદ્ધિવાળાઓએ વિશ્વાસથી (તેને) આદર આપી પ્રશ્ન કર્યો. ૩૩.

પ્રમદાની આકૃતિવાળી તે સંધ્યા સંબંધી ઘણા પ્રકારે વિતર્ક કરતાં (તેને) પ્રશ્ન કર્યા, એવો (વાક્યનો) સંબંધ છે. 'ઘણા પ્રકારે' એટલે સ્વરૂપ, સંબંધ વિગેરે (જાણવા) માટે, પરંતુ તે સ્ત્રી હોવામાં અથવા ભોગ કરવા યોગ્ય હોવામાં (તેઓને) સંદેહ નહતો; પરંતુ સંદેહના પ્રકારના પ્રશ્નો આગળ કરશે. પ્રશ્ન (કર્યા) પહેલાં, પોતાની મેળે જ જાણવા વિતર્ક (કરેલા). વળી 'પ્રકર્ષેણ' ઘણો 'મદઃ' મદ થએલો જેની સમીપમાં, તેવી તે સ્ત્રી (પ્રમદા) રૂપ દેવતા હતી. (તેને) 'આદર આપી' એટલે સર્વ તરફથી (તેની) સ્તુતિ કરી અને (તેનાં) કુશલ વિગેરે પૂછીને, એવો અર્થ છે. 'વિશ્રમ્ભાત્' એટલે આ અમારા ઉપર પ્રેમ કરશે એવા વિશ્વાસથી 'પરિતઃ' નામ ગોત્ર વિગેરેના ભેદથી (પ્રશ્ન કર્યા). તે દેવતા છે એ જાણવાને લીધે તેઓ 'દુષ્ટબુદ્ધિવાળા' હતા, કારણ કે દેવતા ભોગ કરવા યોગ્ય હોતી નથી. તે દર્શન કરવા

યોગ્ય જ હોય છે, પરંતુ સ્પર્શ કરવા યોગ્ય હોતી નથી, એવો અર્થ છે. ૩૩.

નીચેના શ્લોકથી (તેઓએ તેને કરેલા) ત્રણ પ્રશ્નો કહે છેઃ

**કાઽસિ કસ્યાઽસિ રમ્ભોરુ કો વાઽર્થસ્તેઽત્ર ભામિનિ ।।**
**રૂપદ્રવિણપણ્યેન દુર્ભગાન્નો વિબાધસે ।।૩૪।।**

હે કેળના જેવા સાથળવાળી ! તું કોણ છે ? કોની છે ? હે ભામિનિ ! તારે અહિં (આવવાનું) શું પ્રયોજન છે ? રૂપરૂપી દ્રવ્યરૂપ વેચવાના પદાર્થથી તું અમને દરિદ્રોને પીડા કરે છે. ૩૪.

(૧) 'તું કોણ છે ?' એ જાતિ અને કુલ સંબંધી પ્રશ્ન છે. (૨) 'કોની છે ?' એ સંબંધીઓ, પિતા અને પતિ સંબંધી (પ્રશ્ન છે). (૩) અહિં આવવાનું શું પ્રયોજન છે ? એ ત્રીજો (પ્રશ્ન છે). તે પ્રશ્નો પરિચય કરવા જ (પૂછેલા છે), પરંતુ ઉત્તર જાણવાનું કાંઈ જ પ્રયોજન નથી. 'હે ભામિનિ !' સંબોધનથી (તેની) સ્તુતિ કરી છે. હે ઉત્તમ સ્ત્રી ! ઉપર ઉપરથી તું ઉત્તમ જણાય છે, કારણ કે ઉત્તમ (સ્ત્રી)નું તારું કાર્ય ઉત્તમ છે, પરંતુ તારું એક જ (કાર્ય) અયોગ્ય છે કે 'રૂપરૂપી દ્રવ્યરૂપ વેચવાના પદાર્થથી તું અમને દરિદ્રોને પીડા કરે છે;' રૂપ જ સુવર્ણ વિગેરે દ્રવ્ય છે, અને તે જ વેચવાનો પદાર્થ છે, અને તે ઘણા દ્રવ્યથી પ્રાપ્ત થઈ શકે તેવો છે. વળી અમે દરિદ્રો, તેના મૂલ્ય જેટલાં દ્રવ્ય વિનાના છીએ, તેથી તું અમને પીડા કરે છે. કેટલાક તામસ (અસુરોએ) ઉપાય ન જાણવાથી એમ કહ્યું. ૩૪.

બીજાઓએ તો (નીચે પ્રમાણે) કહ્યુંઃ

**યા વા કાસ્વિત્ત્વમબલે ! દિષ્ટ્યા સંદર્શનં તવ ।।**
**ઉત્સુનોષીક્ષમાણાનાં કન્દુકક્રીડયા મનઃ ।।૩૫।।**

હે અબલા ! તું ગમે તે હો. સદ્‌ભાગ્યે તારાં દર્શન થયાં. દડાની રમતથી (તને) જોનારનાં (અમારાં) મન તું નીચોવી લે છે. ૩૫.

તું ગમે તે હો. 'વા' શબ્દ અનાદર દર્શાવે છે. 'સ્વિદ્' શબ્દ વિચાર દર્શાવે છે. સંબંધ અને વિચારની દરકાર નથી. 'હે અબલા !' એ સંબોધનથી એમ જણાવ્યું છે કે બલહીનની સેવા કરવી જોઈએ, તેથી (અમે તારા) ચરણ ચાંપવાનું વિગેરે કરીશું. અમે કમનસીબ નથી, પણ સદ્‌ભાગી છીએ એવો નિર્ણય થાય છે, કારણ કે અમને તારાં દર્શન થયાં. આ સદ્‌ભાગ્યથી થયું. ઉત્તરાર્ધથી તે અપરાધી હોવાનું કહે છે, (અને) એમ પણ સૂચવે છે કે તું સંપૂર્ણ રીતે દેવતા છે અને દેવતાની સેવા તથા દેવતાનું દર્શન અલ્પ ભાગ્યથી થતાં નથી. તું દડાની રમતથી 'નઃ' અમારાં મન નીચોવી લે છે. જેમ પથરાઓથી સોમ નીચોવવામાં આવે છે, તેવી રીતે તું મનને

ઉપરથી નીચોવી લે છે, જેથી તે ઉંચું જાય જ નહિ[1]. દડાની રમત તો દેહ ફેરવવાથી થાય. તેમાં અવયવો ઢંકાય છે અને ખુલ્લા થાય છે. તેથી જે (તારાં) દર્શનની ઈચ્છા રાખનારું અમારું ચિત્ત, તે ક્ષણે ક્ષણે હરાઈ જાય છે, તેથી મનને દુઃખ થાય છે. ૩૫.

૧. 'ઊંચું જાય જ નહિ' એટલે તારાથી દૂર થાય જ નહિ, એવો અર્થ જણાય છે.

બીજા સાત્ત્વિકો હતા, તેઓએ 'આ ઠપકો દેવા યોગ્ય નથી, પરંતુ સ્તુતિ કરવા યોગ્ય છે; તેથી સ્તુતિથી પ્રસન્ન થશે' એવા અભિપ્રાયથી નીચેના શ્લોકથી સ્તુતિ કરીઃ

**નૈકત્ર તે જયતિ શાલિનિ પાદપદ્મં ઘ્નન્ત્યા મુહુઃ કરતલેન પતત્પતઙ્ગમ્ ॥**
**મધ્યં વિષીદતિ બૃહત્સ્તનભારભીતં શ્રાન્તેવ દૃષ્ટિરલસા સુશિખાસમૂહઃ ॥૩૬॥**

હે મનોહર સ્ત્રી ! હથેળીથી વારંવાર ઉડતા ભ્રમરોને પ્રહાર કરનારીનાં તારાં ચરણ કમલનો સર્વત્ર જય થાય છે. મોટાં સ્તનોના ભારથી ભય પામેલી કેડને ખેદ થાય છે. દૃષ્ટિ થાકેલા જેવી, આળસવાળી છે. કેશનો સમૂહ સુંદર છે. ૩૬.

કારણકે 'તેમની સ્તુતિ કરું છું' એ વાક્ય પ્રમાણે કામશાસ્ત્રમાં કામિની જ દેવતા છે. અલૌકિક રૂપનું વર્ણન, ઉત્તમ તરીકે કહેવું એ જ સ્તુતિ છે, તેથી તે કહે છે. 'હે શાલિનિ' મનોહર અથવા વિજયવાળી સ્ત્રી ! તારાં ચરણકમલનો 'એકત્ર' એક સ્થલે 'ન જયતિ' જય થતો નથી. પ્રસિદ્ધ કમલ તો જલમાં જ શોભે છે, પણ તારું (ચરણકમલ) તો સર્વ સ્થલે શોભે છે એવો ભેદ છે. વળી 'ચરણકમલ' ભક્તિ સુચવનારું છે. તેનો[1] એક સ્થલે વિજય થતો નથી, પરંતુ સર્વ સ્થલે (વિજય થાય છે). અથવા 'નૈકત્ર' એટલે અનેક સ્થલે (વિજય થાય છે). ચરણકમલને ફરવાનું કારણ '(ઉડતા ભ્રમરોને) પ્રહાર કરનારી' વિશેષણથી કહેલું છે. 'મુહુઃ' વારંવાર હથેળીથી ઉડતા ભ્રમરોને પ્રહાર કરનારી (તું છે). દડો લેવા જતાં, વચ્ચે આવતા ભ્રમરોને હથેળીથી પ્રહાર કરનારી (તું છે). તે ભ્રમરો પણ ઉડતા હોય છે. જાતિના વિચારથી ('પતંગમ્' એમ) એકવચન યોજેલું છે. અથવા (આ અસુરો) સાત્ત્વિક હોવાથી સૂર્યને જ તેવો માને છે, કારણ કે આથમતા સૂર્યને સંધ્યાના કિરણો પ્રહાર કરે છે. '(મોટાં સ્તનોના ભારથી ભય પામેલી) કેડને ખેદ થાય છે' શબ્દોનો એવો ભાવ છે કે ખેદ દૂર કરવા માટે અમારે બે કલશો (સ્તનો) પકડી રાખવા. (કેડ) પાતળી હોવાથી (તેને) ખેદ થાય છે. વળી પાતળી કેડ હોવી એ ઉત્તમ સ્ત્રીનું લક્ષણ છે. તેમ ન હોય, તો ત્રીજાં શાસ્ત્ર (કામશાસ્ત્ર)માં કોઈપણ બંધો ઘટે નહિ. 'મોટાં સ્તનોના ભારથી ભય પામેલી' વિશેષણથી ખેદ (થવા)નું કારણ (કહેલું છે). માત્ર ખેદજ થતો નથી, પરંતુ ભંગ થશે એવો ભય પણ (રહે છે). તેથી (તારે) સૂઈને જ (સૂતેલી જ)

રહેવું જોઈએ, એવો ભાવ છે. વળી તારી દષ્ટિ પણ થાકેલી જેવી, અને રસથી ભરેલી આળસવાળી થએલી છે. થાક બહારનાં કાર્યથી શરીરને થાય, આળસ મનને થાય. સુંદર છે કેશોનો સમૂહ જેવો તેવી (તું છે), તેથી (તારે અમારા) ખોળામાં શયન કરવું, એવો ભાવ છે. ૩૬.

૧. 'ન' શબ્દ સાથે 'એકત્ર'નો સમાસ છે, એવા અભિપ્રાયથી આ કહેલું છે. (પ્ર)

એ પ્રમાણે સ્તુતિ કરીને, શાંત રહેલીએ તેણે 'નાકબુલ કરેલું ન હોય તે કબુલ ગણાય' એમ જાણીને બધાએ તેને પકડી, એમ નીચેના શ્લોકમાં કહે છે:

**ઈતિ સાયંતનીં સન્ધ્યામસુરાઃ પ્રમદાયતીમ્ ।।**
**પ્રલોભયન્તીં જગૃહુર્મત્વા મૂઢધિયઃ સ્ત્રિયમ્ ।।૩૭।।**
**પ્રહસ્ય ભાવગમ્ભીરં જિઘ્રન્ત્યાત્માનમાત્મના ।।**

એ પ્રમાણે સ્ત્રીની પેઠે આચરણ કરતી, અને લોભાવતી સાંજની સંધ્યા (દેવી)ને મૂઢબુદ્ધિવાળાઓએ સ્ત્રી માની પકડી, (અને)(ચિત્તને) આનંદ થાય તેમ હસીને પોતાની મેળે પોતાને સૂંઘવા લાગ્યા. ૩૭[૧]/૨.

સ્ત્રીની પેઠે આચરણ કરતી, અને પોતાને 'લોભાવતી' એટલે કામ ઉત્પન્ન કરતી સાંજની પશ્ચિમમાં દેખાતી સંધ્યાને, 'સ્ત્રી જ્યારે લોભાવનારી થઈ ત્યારે પ્રાપ્ત થઈ' એમ જાણીને પકડી, એટલે (તેનું) આલિંગન કર્યું, કારણ કે આ મૂઢબુદ્ધિવાળા હતા. બ્રહ્માના પુત્રો હોવા છતાં સત્ય જાણતા નહતા, તેથી તેવા કહેલા છે. 'તેથી શું થયું ?' એવો સંશય રહે, તેથી કહે છે (કે), તે બધાએ તેને આલિંગન કરીને, તેણે પોતાની અંદર પ્રવેશ કરતાં, ભૂતના આવેશવાળાઓની પેઠે તેઓ પોતાની મેળે પોતાને સૂંઘવા લાગ્યા. આરંભમાં તેણે આલિંગન કર્યું હોય તેમ પ્રસન્ન થયા, ક્ષણ પછી તેને ન જોતાં, 'અમને ઠગવા સંતાઈ ગઈ' એવા વિચારથી (ચિત્તને) આનંદ થાય તેમ હસીને, પછી પોતાને જ સ્ત્રી માનીને, (સ્ત્રીપણાંનો) નિર્ણય કરાવનારાં રૂપ વિગેરે ન જોતાં, (તેને) કમલના જેવી ગંધવાળી માનીને, ગંધથી ઓળખવા માટે સૂંઘવા લાગ્યા. ૩૭[૧]/૨.

એ રીતે આરંભમાં એક પ્રકારથી[૧] ત્રણ જાતની સૃષ્ટિ કહીને નીચેના શ્લોકથી આરંભી બીજા પ્રકારથી (ત્રણ જાતની સૃષ્ટિ) કહે છે:

**કાન્ત્યા સસર્જ ભગવાન્ગન્ધર્વાઽપ્સરસાં ગણાન્ ।।૩૮।।**
**વિસસર્જ તનું તાં વૈ જ્યોત્સ્નાં કાન્તિમયીં પ્રિયામ્ ।।**
**ત એવ ચાઽઽદદુઃ પ્રીત્યા વિશ્વાવસુપુરોગમાઃ ।।૩૯।।**

ભગવાને કાંતિથી ગંધર્વો અને અપ્સરાઓના સમૂહો ઉત્પન્ન કર્યા. તે

ચંદ્રિકારૂપ કાંતિવાળા પ્રિય શરીરનો ખરેખર ત્યાગ કર્યો, અને વિશ્વાવસુ વિગેરે જેઓમાં મુખ્ય હતા તેઓએ જ પ્રીતિથી તે ગ્રહણ કર્યું. ૩૮।૩૯.

'કાંતિ' એટલે લાવણ્ય. આ [2]સાત્ત્વિક સૃષ્ટિ છે. કેટલાક આ રાજસી (સૃષ્ટિ) કહે[3] છે. સાધ્યો અને પિતૃઓ સાત્ત્વિક હોવાથી[4] શંકાવાળું[5] છે. 'ભગવાને' શબ્દથી (એમ જણાવેલું છે કે બ્રહ્મામાં) ફરી મૂલ (ભગવાને) પ્રવેશ કર્યો, કારણ કે આરંભ કરેલા ગુણો સમાપ્ત થએલા. 'ગંધર્વો અને અપ્સરાઓના સમૂહો' શબ્દથી (તેઓની) પેટા-જાતિઓના પ્રકારો (કહેલા છે). ૩૮.

તે શરીરનો પણ બ્રહ્માએ ત્યાગ કર્યો. તે ચંદ્રિકા થયું, કારણ કે તે (ચંદ્રિકા) કાંતિવાળી છે. 'કાન્તીમતીમ્' એવો પાઠ હોય ત્યારે પણ તેવો જ અર્થ (થાય છે). તે (ચંદ્રિકા) બ્રહ્માને પ્રિય છે. અથવા ગંધર્વો અને અપ્સરાઓને પ્રિય છે, કારણ કે તેઓ ચંદ્રિકામાં જ રમણ કરે છે. તેથી જ તે જ સમૂહોએ તેને ગ્રહણ કરી. 'ચ' 'અને' શબ્દ હોવાથી ભૌતિક ચંદ્રિકાને પણ (ગ્રહણ કરી). 'વિશ્વાવસુ શ્રેષ્ઠ થયો' એ શ્રુતિ પ્રમાણે, અને 'ગંધર્વો અને અપ્સરાઓમાં (હું) વિશ્વાવસુ અને પૂર્વચિત્તિ છું' એ વિભૂતિ વર્ણવનારાં વાક્ય પ્રમાણે, વિશ્વાવસુ વેદમાં મુખ્ય (કહેલો છે) ૩૯.

૧. 'એક પ્રકારથી' એટલે તામસતામસ, તામસસાત્ત્વિક અને તામસરાજસ પ્રકારથી. (પ્ર) તામસના પેટાના ત્રણ ગુણોથી એવો અર્થ થયો.

૨. આ (સૃષ્ટિ) ઉત્પન્ન કરનાર શરીર પ્રકાશ કરનારું હોવાથી અને પ્રિય હોવાથી, તેના કાર્યરૂપ આ સૃષ્ટિ પણ સાત્ત્વિક છે, એવો અર્થ છે. (પ્ર)

૩. આ શ્રીધરનો મત નથી. (પ્ર)

૪. જૂઓ. ૩।૧૦।૨૮.

૫. તર્ક(નો આધાર) ન હોવાથી શંકાવાળું છે એમ દોષ દર્શાવે છે. (પ્ર)

નીચેના શ્લોકથી આરંભી તામસી (સૃષ્ટિ) કહે છેઃ

**સૃષ્ટ્વા ભૂતપિશાચાંશ્ચ ભગવાનાત્મતન્દ્રિણા ।।**
**દિગ્વાસસો મુક્તકેશાન્ વીક્ષ્ય ચાઽમીલયદ્ દશૌ ।।૪૦।।**

વળી ભગવાને (બ્રહ્માએ) પોતાની આળસ અને નિદ્રાથી ભૂતો અને પિશાચોને ઉત્પન્ન કરીને, (તેઓને) નગ્ન અને છૂટા કેશવાળા જોઈને બંને નયનો બંધ કર્યાં. ૪૦.

'તન્દ્રી' એટલે આળસ અને નિદ્રા. તેનાથી ભૂતો અને પિશાચોને ઉત્પન્ન કર્યા. વળી આ સૃષ્ટિ આટલી જ નથી, પરંતુ વધારે પણ છે એમ જણાવવા 'સૃષ્ટ્વા' 'ઉત્પન્ન કરીને' એમ 'ક્ત્વા' (સંબંધક ભૂતકૃદંતનો) પ્રત્યય લગાડેલ છે. વળી નયનો બંધ કરવાં એ આળસ અને નિદ્રાનું વચલું સાધન છે. ઉત્પન્ન કરેલા પિશાચો નગ્ન

અને છૂટા કેશવાળા હતા. તેઓને અમંગળ જોઈને બંને નયનો બંધ કર્યાં, અને નયનો બંધ કરવાથી ઉન્માદનો સમૂહ ઉત્પન્ન થયો, તેથી બંને શરીરોનો ત્યાગ[1] કર્યો. ૪૦.

૧. 'ત્યાગ કર્યો' એટલે નયનો બંધ કરેલી સ્થિતિનો ત્યાગ કર્યો. (પ્ર) બગાસાંવાળા અને નયનો બંધ કરેલાં એ બંને શરીરો (સ્થિતિઓ)નો ત્યાગ કર્યો, એવો અર્થ જણાય છે.

તે પૈકી એક (શરીર)નો ઉપયોગ નીચેના (અર્ધ) શ્લોકમાં કહે છેઃ

**જગૃહુસ્તદ્વિસૃષ્ટાં તાં જૃમ્ભણાઽઽખ્યાં તનું પ્રભોઃ ।।**
**નિદ્રામિન્દ્રિયવિક્લેદો યયા ભૂતેષુ દશ્યતે ।।**
**યેનોચ્છિષ્ટાન્ ધર્ષયન્તિ તમુન્માદં પ્રચક્ષતે ।।૪૧।।**

તેમણે તજેલાં પ્રભુનાં તે જૃંભણ નામના શરીરને તેઓએ ગ્રહણ કર્યું, જેનાથી પ્રાણીઓમાં ઈન્દ્રિયોનો વિકલેદ જોવામાં આવે છે, તે નિદ્રાને જે (સમૂહે ગ્રહણ કરી) તેને ઉન્માદ કહે છે, કારણ કે ઉચ્છિષ્ટોનો તેઓ અત્યાચાર કરે છે. ૪૧.

ભૂતો અને પિશાચોએ જ તે (શરીર) ગ્રહણ કર્યું. 'વિશેષેણ' સારી રીતે 'સૃષ્ટા' તજેલ તે 'વિસૃષ્ટા', એ વ્યુત્પત્તિથી પહેલાંની પેઠે ગ્રહણ કરેલ હોવાનું[1] પણ સૂચવેલું છે. 'વિસૃષ્ટા' એટલે તજેલાં તે બે (શરીરો)નો ભેદ દર્શાવવા 'જૃંભણ નામનાં' શબ્દથી પહેલા (શરીર)નું નામ કહેલું છે, કારણ કે આળસ અને નિદ્રા આવે, ત્યારે જૃંભા (બગાસાં) આવે છે. અશુભ હોવા છતાં ગ્રહણ કરવાનું કારણ 'પ્રભુના' શબ્દથી કહેલું છે. હવે પહેલાં જેને વિષે સંદેહ હતો તે બીજાં (શરીર)ને 'નિદ્રા' શબ્દથી જણાવે છે. નિદ્રા જ બીજું શરીર હતું. પહેલું તો જૃંભણ નામનું હતું. 'જેનાથી પ્રાણીઓમાં ઈન્દ્રિયોનો વિકલેદ જોવામાં આવે છે' શબ્દોથી દેવતારૂપ નિદ્રાનું કાર્યદ્વારા લક્ષણ કહે છે; કારણ કે (૧) નિદ્રાથી બધી ઈન્દ્રિયોનો લય થાય છે અને (૨) નિદ્રાથી નાશ થાય છે. (૩) આધિદૈવિક તે (નિદ્રા)થી જ નયનોમાંથી (આસુંઓનો) સ્રાવ વિગેરે પણ થાય છે. તેથી ત્રણે પ્રકારનાં (તે) કાર્યને 'ઈન્દ્રિયોનો વિકલેદ' કહે છે. તે (નિદ્રા)ને જેમણે ગ્રહણ કરી તેઓને (ઉન્માદ કહે છે), કારણ કે 'ઉચ્છિષ્ટોનો (તેઓ અત્યાચાર કરે છે)' શબ્દોથી કહેલા છે. તે સમૂહ તો 'ઉન્માદ' નામનો છે, 'જેણે તે (નિદ્રા) ને ગ્રહણ કરી' એમ ભાવાર્થથી કહેલું છે. તેમ ન હોય, તો વર્ણન નકામું થાય. ''તેઓનું નામ ઉન્માદ કેમ પડ્યું ?'' એવી શંકા થાય, તેથી જે કારણથી તેઓ ઉચ્છિષ્ટોનો–એટલે ભોજન વિગેરેથી અથવા મલત્યાગ વિગેરેથી અપવિત્ર થએલા હોય તેઓનો–અત્યાચાર કરે છે, તેથી તે કારણથી તે સમૂહને ઉન્માદ કહે છે. 'ઉદ્‌ગતઃ' વધી ગએલું છે 'માદઃ' ગાંડપણ જેનું તે (ઉન્માદ), કારણ કે ગાંડાઓ જ સાવધાન ન હોય તેઓનો અત્યાચાર કરે છે. તેથી તે સમૂહને 'ઉન્માદ'

કહે છે.

અથવા ભૂતો અને પિશાચોએ જ જૃંભણ નામનાં અને નિદ્રા શરીરોને ગ્રહણ કરેલાં, અને નિદ્રાથી બીજા દેહે ઉત્પન્ન કરેલા સમૂહને અત્યાચાર કરવા સાધન તરીકે ગ્રહણ કરેલું. તેમ હોય, ત્યારે તે સમૂહનો પણ પિશાચોમાં જ સમાવેશ થએલો જાણવો. પિશાચો અત્યાચાર કરે છે. ઓળખનારાઓ તેઓને ઉન્માદ કહે.૪૧

૧. બીજો નિદ્રાવાળો દેહ બ્રહ્માએ ગ્રહણ કર્યો હોવાનું સૂચવેલું છે, એવો અર્થ જણાય છે.

નીચેના શ્લોકમાં રાજસી સૃષ્ટિ કહે છેઃ

**ઊર્જસ્વન્તં મન્યમાન આત્માનં ભગવાનજઃ ।।**
**સાધ્યાન્ ગણાન્ પિતૃગણાન્ પરોક્ષેણાઽસૃજત્પ્રભુઃ ।।૪૨।।**

પોતાને શક્તિમાન માનનાર સમર્થ ભગવાન્ અજે સાધ્યોના સમૂહોને અને પિતૃઓના સમૂહોને અદષ્ટ પ્રકારે ઉત્પન્ન કર્યા.૪૨.

'ઈટ્' અને 'ઊર્જઃ' શબ્દો અમુક શક્તિના અર્થવાળા છે. ઈન્દ્રિયોને વિષયો ગ્રહણ કરવાનું અમુક સામર્થ્ય પ્રાપ્ત કરાવનારી, આત્મામાં રહેલી, વિચાર (કરવા)ના કારણરૂપ શક્તિ 'ઊર્જઃ' કહેવાય છે, જ્યારે ભૂખ અને તરસને ઘણું વધારનારી શક્તિ 'ઈટ્' કહેવાય છે. તેથી જ 'ઈટ્ (પ્રાપ્ત) કરીને ઊર્જઃ (પ્રાપ્ત) કરીને' એ વાક્ય પ્રમાણે શાખાનો છેદ કરવામાં આ બે શક્તિઓ ઈચ્છેલી છે. આ બે શક્તિઓ ભગવાનની જ છે, અને જીવોમાં 'અન્નમાં આદ્ય દહીં ખરેખર ઊર્જઃ છે' 'ઉદુંબર (વૃક્ષ) ખરેખર ઊર્જઃ છે'. 'પ્રાણને ઈટ્, અપાનને ઊર્જઃ' એ વાક્યો[1] પ્રમાણે ઓષધિઓ અને વનસ્પતિઓમાં રહેલી છે. જેનામાં ઊર્જઃ હોય , તે 'ઊર્જવાળો' (શક્તિમાન). જ્યારે બ્રહ્માને અભિમાન થયું–ભગવાન્ શબ્દ મૂલ ઊર્જઃનો સંબંધ દર્શાવનારો છે, (અને) 'અજ' શબ્દથી અભિમાનનું કારણ કહેલું છે, તેમ ન હોય તો સર્વરૂપ (સર્વ પદાર્થ બનેલા) ભગવાન્ પોતે તેવા (અજ – જન્મરહિત) હોવાનું અભિમાન ન કરે–ત્યારે તેમણે અદષ્ટ પ્રકારે સાધ્યોને અને પિતૃઓના સમૂહને ઉત્પન્ન કર્યા. જે જોએલું ન હોય તે બધું પરોક્ષ (અદષ્ટ) છે. તેથી જ 'અને શરમાએલાઓ ન દેખાતા (પદાર્થ)ના ભાગવાળા છે' એ શ્રુતિ પ્રમાણે સાધ્યો વધેલા (પદાર્થ)ના ભાગવાળા થયા. અને પિતૃઓ ન્યુબ્જ[2](માં રહેલ પદાર્થ)ના ભાગવાળા. તેથી તે બંનેની સૃષ્ટિ (બ્રહ્માએ) જોયા વિના જ કરેલી. તેવી રીતે સૃષ્ટિ કરવાનું સામર્થ્ય 'સમર્થ' વિશેષણથી કહેલું છે. ૪૨.

૧. આ વાક્યોથી એ શક્તિઓ ઓષધિઓ અને વનસ્પતિઓમાં હોવાનું પ્રમાણ કહેલું છે. (પ્ર)

૨. 'ન્યુબ્જ' એ શ્રાદ્ધમાં વપરાતું એક વાસણ છે. તેમાં રહેલા પદાર્થ પિતૃઓને પ્રાપ્ત થાય છે, એવો અર્થ જણાય છે.

તે શરીરનો પણ (બ્રહ્માએ) ત્યાગ કર્યો, (એમ નીચેના શ્લોકમાં કહે છે) :

**તં ત્વાત્મસર્ગં તત્કાયં પિતરઃ પ્રતિપેદિરે ।।**
**સાધ્યેભ્યશ્ચ પિતૃભ્યશ્ચ કવયો યદ્વિતન્વતે ।।૪૩।।**

તે તેમને ઉત્પન્ન કરનાર તેમનાં શરીરને તો પિતૃઓએ પ્રાપ્ત કર્યું, જેથી કવિઓ સાધ્યોને અને પિતૃઓને આપે છે. ૪૩.

તેથી જ 'આત્મસર્ગં' પોતાને ઉત્પન્ન કરનાર, 'તેમનાં' બ્રહ્માના 'કાયં' શરીરને, તે બંનેએ–અને મુખ્ય રીતે પિતૃઓએ–પ્રાપ્ત કર્યું, કારણ કે લોકમાં પિતૃઓ જ અત્યંત પ્રસિદ્ધ છે. તે શરીરને લીધે બંનેને થતી પ્રાપ્તિ ઉત્તરાર્ધથી કહેલી છે. 'યદ્' જે શરીરને લીધે લોકો વધારાના (પદાર્થના યજ્ઞ)થી અને શ્રાદ્ધથી (સાધ્યોને અને પિતૃઓને) આપે છે. ૪૩.

નીચેના શ્લોકથી આરંભી ફરીથી ત્રીજી[૧] ત્રણ ગુણોની સૃષ્ટિ કહે છેઃ

**સિદ્ધાન્વિદ્યાધરાંશ્ચૈવ તિરોધાનેન સોઽસૃજત્ ।।**
**તેભ્યોઽદદાત્તમાત્માનમન્તર્ધાનાઽઽખ્યમદ્ભુતમ્ ।।૪૪।।**

તેમણે સિદ્ધો અને વળી વિદ્યાધરોને તિરોધાનથી ઉત્પન્ન કર્યા, (અને) તેઓને પોતાનું તે અદ્‌ભુત અંતર્ધાન નામનું શરીર આપ્યું. ૪૪.

આ સાત્ત્વિકો છે. જ્ઞાન પ્રાપ્ત કરેલા સિદ્ધો અને કર્મ કરેલા વિદ્યાધરો. બંનેને પણ તિરોધાનથી જ ઉત્પન્ન કર્યા. તિરોધાન (અદૃશ્ય) થવાની વિદ્યારૂપ જે દૈવી શક્તિ, તેનાથી ઉત્પન્ન કર્યા, એવો અર્થ છે. વળી તે શરીરનો (બ્રહ્માએ) પહેલાંની પેઠે ત્યાગ ન કર્યો, પણ તેઓને આપ્યું, એમ ઉત્તરાર્ધથી કહે છે. 'આત્માનં' શરીર આપ્યું. સંદેહ ન રહે તે માટે તે (શરીર)નું નામ કહે છે (કે) અંતર્ધાન એવું નામ છે જેનું. 'અદ્‌ભુત' વિશેષણથી પોતે દાન કરવાનું કારણ કહેલ છે. ૪૪.

૧. રાજસ રાજસ, રાજસ સાત્ત્વિક, અને રાજસ તામસ પ્રકારની (પ્ર). રાજસના પેટાના ત્રણ ગુણોની એવો અર્થ થયો.

નીચેના શ્લોકમાં રાજસી (સૃષ્ટિ) કહે છેઃ

**સ કિન્નરાન્કિમ્પુરુષાન્પ્રત્યાત્મ્યેનાસૃજત્પ્રભુઃ ।।**
**માનયન્નાત્મનાઽઽત્માનમાત્માભાસં વિલોકયન્ ।।૪૫।।**

તે સમર્થે (પોતાના) પ્રતિબિંબરૂપથી (પોતાના) આત્મા (શરીર)નો આદર કરતાં, પ્રતિબિંબ જોતાં પ્રતિબિંબથી કિન્નરો અને કિંપુરુષોને ઉત્પન્ન કર્યા. ૪૫.

કિન્નરો અને કિંપુરુષો દેવોના ગવૈયાઓ છે, તેઓને 'પ્રત્યાત્મ્યેન'

પ્રતિબિંબથી ઉત્પન્ન કર્યા. 'સમર્થે'નો અર્થ પહેલાં કર્યો છે તેવો છે. માત્ર પ્રતિબિંબથી તેઓની સૃષ્ટિ કરી ન હતી, પરંતુ સન્માન આપીને કરેલી એમ '(પ્રતિબિંબથી આત્માનો) આદર કરતાં' શબ્દથી કહેલ છે. 'આત્મના' પ્રતિબિંબના રૂપથી, બિંબરૂપ આત્માનો આદર કરતાં ઉત્પન્ન કર્યા, એવો (વાક્યનો) સંબંધ છે. લોકમાં પણ દર્પણ વિગેરેમાં મુખ જોતાં (લોક) પોતાનો ઘણો આદર કરે છે. વળી માત્ર સન્માન સાથેના (પ્રતિબિંબથી ઉત્પન્ન કર્યા) ન હતા, પરંતુ પ્રતિબિંબ જોતાં જ ઉત્પન્ન કરેલા. તેને જોઈને સન્માન સાથેના પ્રતિબિંબથી ઉત્પન્ન કર્યા, એવો અર્થ છે. ૪૫.

તેને લીધે કાર્ય ત્રણ પ્રકારનું[1] થયું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તે તુ તજ્જગૃહૂરૂપં ત્યક્તં યત્પરમેષ્ઠિના ।।**
**મિથુનીભૂય ગાયન્તસ્તમેવોષસિ કર્મભિઃ ।।૪૬।।**

તેઓએ તો સ્ત્રીપુરુષનાં જોડકાં થઈને પ્રાતઃકાલે કર્મો વડે તેમનું જ ગાન કરતાં જે શરીર પરમેષ્ઠીએ તજી દીધેલું તેને જ ગ્રહણ કર્યું. ૪૬.

આ શરીર બ્રહ્માએ તજી જ દીધું, કારણ કે તે પરમેષ્ઠી, 'તેથી તેમણે ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરી' એ શ્રુતિ પ્રમાણે, ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરેલા હતા. તેથી જે થયું તે ઉત્તરાર્ધથી કહેલું છે. તે બંને પણ સ્ત્રી અને પુરુષના શરીરથી (પ્રકટ) થયા. આ[2] પ્રતિબિંબનો ગુણ છે. અને 'ઉષસિ' પ્રાતઃકાલે રસ પ્રકટ થાય તે માટે સ્ત્રી પુરુષનાં જોડકાં થઈને જ બ્રહ્માએ કરેલાં સરસાઈનાં કારણરૂપ કર્મો વડે તે જ બ્રહ્માનું ગાન કરતાં તે શરીરને ગ્રહણ કર્યું, એવો (વાક્યનો) સંબંધ છે. ગાન દર્શનથી[3] થએલું. ૪૬.

૧. (૧) સ્ત્રી અને પુરુષ શરીરવાળા થવું. (૨) સ્ત્રી અને પુરુષના રસ પ્રકટ થાય તે માટે જોડકાં કરવાં અને (૩) બ્રહ્માનાં કર્મોનું ગાન કરવું એ ત્રણ પ્રકારનું કાર્ય થયાનું કહેલ જણાય છે.

૨. 'આ' એટલે સ્ત્રી અને પુરુષ થવું તે. (પ્ર).

૩. 'દર્શનથી થએલું' એટલે દર્શનનો ગુણ છે. (પ્ર) 'તેથી' એટલે બ્રહ્માએ તજી દીધેલ આ શરીર ગ્રહણ કરવાથી, એવો અર્થ જણાય છે.

નીચેના શ્લોકથી આરંભી તામસી સૃષ્ટિ કહે છેઃ

**દેહેન વૈ ભોગવતા શયાનો બહુચિન્તયા ।।**
**સર્ગેઽનુપચિતે ક્રોધાદુત્સસર્જ હ તદ્વપુઃ ।।૪૭।।**

સૃષ્ટિની વૃદ્ધિ ન થતાં ઘણી ચિંતાને લીધે ખરેખર સ્થૂલ દેહથી (બ્રહ્માએ) સૂઈ જઈ ક્રોધને લીધે તે શરીરનો ત્યાગ કર્યો. ૪૭.

'ભોગવતા' એટલે સ્થૂલ દેહથી (સૂતા). 'ભોગઃ' વિષયોનો ભોગ, તે જેને

હોય તે સ્થૂલ થાય જ. આ લોકમાં પ્રસિદ્ધ છે, એમ 'વૈ' 'ખરેખર' શબ્દથી કહેલું છે. ઘણી ચિંતાને લીધે બ્રહ્મા સૂઈ ગયા, લાંબા થઈને પડ્યા, એવો અર્થ છે. ચિંતાનું કારણ 'સૃષ્ટિની વૃદ્ધિ ન થતાં' શબ્દથી કહેલું છે. ઈચ્છા પૂર્ણ ન થતાં (બ્રહ્માને) ક્રોધ થયો, અને ક્રોધને લીધે તે શરીરનો ત્યાગ કર્યો. ૪૭.

તજી દીધેલા શરીરમાંથી સૃષ્ટિ થઈ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યેઽહીયન્તાઽમુતઃ કેશા અહયસ્તેઽઙ્ગ જજ્ઞિરે ।।**
**સર્પાઃ પ્રસર્પતઃ ક્રૂરા નાગા ભોગોરુકન્ધરાઃ ।।૪૮।।**

આ (શરીર)માંથી કેશો ખેરવાયા, તે અહિઓ થયા. હે વહાલા ! હરતાફરતા (શરીર)માંથી ક્રૂર સર્પો થયા, (અને) મોટી ફેણ અને ગરદનવાળા નાગો થયા. ૪૮.

આ (બ્રહ્માના) શરીરમાંથી જે કેશો ખેરવાયા (તે અહિઓ થયા). આથી એમ જણાય છે કે (બ્રહ્માએ) ક્રોધને લીધે પોતાના કેશો પણ ખેંચી કાઢેલા. તે કેશો જ અહિઓ થયા. અહિઓ, સર્પો અને નાગો એ પેટાભેદો છે.

**ક્રિયાવન્તોઽફણાદ્યાશ્ચ સફણાસ્તુ તથા પરે ।।૨૮।।**
**નાગા અજગરાઃ પ્રોક્તા મધ્યમાઃ સવિષાઃ સ્મૃતાઃ ।।**

ફેણ વિનાના પહેલા કહેલા ક્રિયાવાળા છે. તેમજ છેલ્લા (કહેલા) ફેણવાળા નાગો તો અજગર કહેવાએલા છે. વચલા વિષવાળા મનાએલા છે. કા. ૨૮ ૧/૨.

કારણ કે 'અહીયન્ત' 'ખેરવાયા' તેથી 'અહિઓ' થયા. (બ્રહ્માએ) ક્રોધને લીધે જે હરફર કરી, તે ('પ્રસર્પતઃ') હેરફેર કરતા દેહમાંથી જે ઉત્પન્ન થયા તે 'સર્પો' (અને) પડી રહેલા ક્રિયાવિનાના દેહમાંથી જે ઉત્પન્ન થયા તે 'નાગો' છે. (નાગો) સ્થૂલ આકારવાળા ક્રિયા વિનાના દેહમાંથી ઉત્પન્ન થયા, તેથી મોટી ફેણ અને ગરદનવાળા છે. મોટી છે ફેણ અને મોટી છે ગરદન જેઓની તેવા થયા. ગરદન ફેણનું (ફેણ ધારણ કરવાનું) સ્થાન છે. ('ભોગોરુકન્ધરાઃ' શબ્દમાં) 'ઉરુ' 'મોટી' શબ્દ વચ્ચે યોજેલો હોવાથી (ફેણ અને ગરદન) બંને સાથે (તેનો) સંબંધ છે. અથવા ભોગ માટે અથવા ભોગની જરૂરીઆતને લીધે મોટી ગરદનવાળા (એવો અર્થ લેવો). ૪૮.

એવી રીતે નવ પ્રકારની સૃષ્ટિ કહીને, (બ્રહ્માએ) પોતાને ગુણથી પર વિચારી કોઈ એક સૃષ્ટિ રચી, તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ આત્માનં મન્યમાનઃ કૃતકૃત્યમિવાઽઽત્મભૂઃ ।।**
**તદા મનૂન્ સસર્જાઽન્તે મનસા લોકભાવનાન્ ।।૪૯।।**

પછી ભગવાનથી ઉત્પન્ન થએલા (બ્રહ્મા)એ પોતાને કૃતકૃત્ય જેવા માનતાં અંતે લોકોને આનંદ કરાવનાર મનુઓને મનથી ઉત્પન્ન કર્યા. ૪૯.

**યદૈવ પુરુષઃ સ્વસ્મિન્ગુણાતીતેऽવતિષ્ઠતે ।।૨૯।।**
**તદૈવ કૃતકૃત્યોऽહમિત્યાત્માનં સ મન્યતે ।।**

જ્યારે પુરુષ ગુણથી પર પોતાની અંદર સ્થિતિ કરે છે, ત્યારે જ 'હું કૃતકૃત્ય છું' એમ તે પોતાને માને છે. કા. ૨૯[૧]/૨.

ચિંતનથી તેવા (કૃતકૃત્ય) હોવાથી 'ઈવ' 'કૃતકૃત્ય જેવા' એમ કહેલું છે. એવા થવાનું કારણ 'આત્મભૂઃ' શબ્દથી કહેલું છે. 'આત્મનઃ' ભગવાનમાંથી તે ઉત્પન્ન થએલા હતા. પછી શરીરને ઠેકાણે રહેલા મનથી તેમણે મનુઓને ઉત્પન્ન કર્યા. આ સંબંધમાં મુખ્ય મનુઓ ચૌદ છે, (અને) બીજા પણ તેમના જેવા ઘણા છે. પોતાની (પોતે રચેલી) સૃષ્ટિના અંતે (મનુઓને ઉત્પન્ન કર્યા). હવે પછી બ્રહ્માની (રચેલી) સૃષ્ટિ નથી. ઋષિઓની (નીચે શ્લોક પરમાં કહેલી) સૃષ્ટિ તો વેદરૂપ ભગવાનમાંથી (થએલી છે). આ (મનુઓ)ની સરસાઈ 'લોકોને આનંદ કરાવનાર' વિશેષણથી કહેલી છે, કારણ કે તેઓ લોકોને ધર્મ વિગેરેથી આનંદ કરાવે છે. ૪૯.

પછી બ્રહ્માએ પોતાનું સામર્થ્ય તેઓને આપ્યું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તેભ્યઃ સોऽત્યસૃજત્સ્વીયં પુરં પુરુષ આત્મવાન્ ।।**
**તાન્દૃષ્ટ્વા યે પુરા સૃષ્ટાઃ પ્રશશંસુઃ પ્રજાપતિમ્ ।।૫૦।।**

પ્રસન્ન થએલા તે પુરુષે પોતાનું પુર તેઓને આપ્યું. જેઓને પહેલાં ઉત્પન્ન કરેલા, તેઓએ તેમને જોઈને પ્રજાપતિની (નીચે પ્રમાણે) પ્રશંસા કરી. ૫૦.

(બ્રહ્માનું) બ્રહ્માંડરૂપ 'પુર', તેજ કાલના વિભાગ કરી તેઓને આપ્યું, કારણ કે તે (બ્રહ્મા) પુરુષ[૧] છે, તેથી 'તેઓ પુરનું પાલન કરશે (અને) પોતે શયન કરશે' એવા વિચારથી આપ્યું. પછી બ્રહ્માને ઠેકાણે ઘણા મનુઓ થયા, તેથી પહેલાં જેમને ઉત્પન્ન કરેલા તેઓને સુખ થયું એમ ઉત્તરાર્ધથી કહે છે. મનુઓ કરતાં પહેલાં જેઓને ઉત્પન્ન કરેલા તેઓએ પ્રજાપતિની પ્રશંસા કરી. ૫૦.

૧. 'પુરિ' પુરમાં 'શેતે' શયન કરે, તે 'પુરુષ'. તેથી બ્રહ્માએ શયન કરવા મનુઓને બ્રહ્માંડનું રક્ષણ કરવા તે સોંપી દીધું, એવો અર્થ જણાય છે.

નીચેના શ્લોકમાં (તેમણે કરેલી બ્રહ્માની) પ્રશંસા જ કહે છેઃ

**અહો એતજ્જગત્સ્રષ્ટઃ સુકૃતં બત તે કૃતમ્ ।।**
**પ્રતિષ્ઠિતાઃ ક્રિયા યસ્મિન્સાકમન્નમદામહે ।।૫૧।।**

અહો! હે જગત્ રચનાર ! આનંદની વાત છે કે તમારું આ કાર્ય ઉત્તમ કાર્ય છે જેની (તેની)અંદર ક્રિયાઓ સ્થાપન થએલી છે. અમે સાથે અન્નનું ભોજન કરશું.૫૧

સૃષ્ટિ ઘણી આશ્ચર્યરૂપ છે. અમને પણ તેમણે (બ્રહ્માએ) જ ઉત્પન્ન

કર્યા, આમને (મનુઓને) પણ, (તેમણે જ ઉત્પન્ન કર્યા). તેમ છતાં કારણ સરખું હોવા છતાં પણ (આ મનુઓ) ઉત્તમ થયા તેથી જગત્ રચનારનું આ કાર્ય જ ઉત્તમ કાર્ય છે. પોતાનાં શરીર કરતાં પણ આ ઉત્તમ થયું, તેથી હર્ષ જણાવવા 'વત' 'આનંદની વાત છે કે' શબ્દ (યોજેલ છે). 'જેની અંદર ક્રિયાઓ સ્થાપન થએલી છે' શબ્દોથી બીજું કારણ પણ કહેલું છે. જે મનુરૂપ કાર્યમાં ધર્મ વિગેરે ક્રિયાઓ ઉત્તમ પ્રકારે સ્થાપન થએલી છે. આથી ધર્મ અને મોક્ષ પ્રાપ્ત થયાનું કહ્યું; અને 'અમે સાથે અન્નનું ભોજન કરીશું' શબ્દોથી અર્થ અને કામ (પ્રાપ્ત થયાનું કહ્યું). એ રીતે (મનુઓ) સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવનારા છે. ૫૧.

નીચેના શ્લોકમાં ભગવાનની ઉત્તમ દિવ્ય શક્તિથી (થએલી) સૃષ્ટિ કહે છેઃ

**તપસા વિદ્યયા યુક્તો યોગેન સુસમાધિના ।।**
**ઋષીનૃષિર્હૃષીકેશઃ સસર્જાઽભિમતાઃ પ્રજાઃ ।।૫૨।।**

તપ, વિદ્યા અને ઉત્તમ સમાધિ સુધીના યોગવાળા ઋષિ હૃષીકેશે (પોતાને) પ્રિય પ્રજારૂપ ઋષિઓને ઉત્પન્ન કર્યા. ૫૨.

જ્ઞાન, કર્મ અને ભક્તિ વડે હૃષીકેશ ભગવાને સર્વ વેદો વિગેરેની પ્રવૃત્તિ કરાવનારા, પ્રિય પ્રજારૂપ ઋષિઓને ઉત્પન્ન કર્યા. અહિં (આ શ્લોકમાં) જ્ઞાનને તપ (અને) ભક્તિને વિદ્યા (કહેલ છે). 'યોગવાળા' એટલે ભગવાનની દિવ્ય શક્તિ પ્રાપ્ત કરેલા, અથવા ઉત્તમ સમાધિ સુધીના યોગવાળા, અથવા સૃષ્ટિ રચનાર ઈન્દ્રિયોના પતિ હોવાથી (આ) સર્વ (સાધનો)થી ભગવાને (ઉત્પન્ન કર્યા). 'ઋષિઓ' ઈન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરેલા અને જ્ઞાનમાં શ્રદ્ધાવાળા, કર્મમાં શ્રદ્ધાવાળા તથા ભક્તિમાં શ્રદ્ધાવાળા એવા ત્રણ પ્રકારના હોય છે. વળી તે[૧] પણ ઋષિ અને હૃષીકેશ એટલે શબ્દ અને (તેના) અર્થરૂપ બ્રહ્મસ્વરૂપ છે, એવો અર્થ છે. ૫૨.

૧. 'તે' એટલે ઋષિઓને ઉત્પન્ન કરનાર.

ભગવાનના છ ગુણો ભેગા થઈ (આ સૃષ્ટિ) રચનારના વિશેષણ થએલા હોવાથી, ઉત્પન્ન કરેલાઓને તેમણે એક એક અંશ આપ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તેભ્યો હ્યેકૈકશઃ સ્વસ્ય દેહસ્યાંશમદાદજઃ ।।**
**યત્તત્સમાધિયોગર્દ્ધિતપોવિદ્યાવિરક્તિમત્ ।।૫૩।।**

જન્મરહિતે પોતાના દેહનો એક એક અંશ જે સમાધિ, યોગ, ઋદ્ધિ, તપ, વિદ્યા અને વૈરાગ્યવાળો તે તેઓને આપ્યો. ૫૩.

'હિ' આ અર્થ યોગ્ય જ છે, કે જે અંશના આદરથી જેમને ઉત્પન્ન કરેલા

હોય, તેઓને તે અંશ આપવો જોઈએ. પોતાને માટે તો (કોઈ અંશની) જરુર નથી, કારણ કે આ જન્મરહિત છે, એટલે હવે પછી પુત્ર વિગેરેના પ્રકારથી ઉત્પન્ન નથી થવાના. ઉત્તરાર્ધથી તે અંશો જ કહે છે. જે જેનો (જેને આપ્યો) તે જ તેનો (થયો), એવો અર્થ છે. ઐશ્વર્ય વિગેરે (ભગવાનના) છ ગુણોમાં સમાધિ વિગેરે (છ) નો સમાવેશ કરવો; અથવા તેમનો (દરેકનો) તે (એક એક ગુણ) તરીકે અર્થ કરવો; અથવા ચાલુ વિષયમાં ઉપયોગી 'ભગ' શબ્દથી ઓળખાતા આ જૂદા (જાણવા). (૧) સમાધિ એટલે ચિત્તનું એકાગ્રપણું, (૨) યોગ તેનો ઉપાય, (અને) (૩) ઋદ્ધિ (વૈભવ) તેનું ફલ એ ત્રણ એક વર્ગના છે; અને તપ એટલે જ્ઞાન, વિદ્યા એટલે ભક્તિ અને વૈરાગ્ય બીજા વર્ગના છે. (૧) વિદ્યા જ 'યશ' છે. (૨) ઋદ્ધિ જ 'શ્રી' છે, (૩) યોગ 'બલ (વીર્ય)' છે, (૪) સમાધિ 'ઐશ્વર્ય' છે એમ (જાણવું)[1], અને 'સમ્યગ્' ઘણી છે શત્રુઓને 'આધિઃ' મનની પીડા જેનાથી, (તે સમાધિ) એવી (તેની) વ્યુત્પત્તિ છે. ઋષિઓ ભગવાનનો એક એક અંશ પ્રાપ્ત કરે છે, એવો અર્થ છે. ૫૩.

૧. ભગવાનના છ ગુણો પૈકી ચાર ગણાવ્યા. (૫) તપ જ્ઞાન છે એમ ઉપર જણાવેલ છે. (૬)વૈરાગ્ય તો શ્લોકમાં જ કહેલો છે.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના વીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય એકવીસમો ।।

**એકવિંશે તુ સફલો ધર્મમાર્ગો નિરૂપ્યતે ।।**
**ભૂતસંસ્કારકર્તૃત્વાદ્ ભૂતસર્ગોઽયમુચ્યતે ।।૧।।**

એકવીસમા (અધ્યાય)માં તો ધર્મમાર્ગનું[1] ફલ સાથે નિરૂપણ કરવામાં આવે છે. મહાભૂતોનો સંસ્કાર કરનારો હોવાથી, આ 'ભૂતસર્ગ' કહેવાય છે. કા.૧.

**ષડ્વિધં રૂપમસ્યાપિ તપોદર્શનસંસ્તવાઃ ।।**
**ત્રિવિધાઃ કારણે યુક્તા વાક્યાગમસમૃદ્ધયઃ ।।૨।।**
**ફલેઽપિ ત્રિવિધાઃ પ્રોક્તા ઋષિવાક્યં સમૃદ્ધયે ।।**

આના પણ છ પ્રકાર છે. તપ, દર્શન અને સ્તુતિ એ ત્રણ પ્રકારોનો કારણમાં[2] ઉપયોગ છે. ફલની અંદર પણ[3] વાક્ય, આગમન અને સમૃદ્ધિ એ ત્રણ પ્રકારના કહેલા છે. ઋષિનું વચન[4] સમૃદ્ધિ જણાવનારુ છે. કા.૨ $^{1}/_{2}$.

૧. 'આ' એટલે ધર્મમાર્ગ. (પ્ર)
૨. 'કારણમાં' એટલે મહાભૂતોના સંસ્કારના કારણરૂપ ધર્મમાં. (પ્ર)
૩. 'ફલ' એટલે મહાભૂતોના સંસ્કારરૂપ ફલ. (પ્ર)
૪. 'ઋષિનું વચન', એટલે કર્દમે મનુને કહેલ વચન. (પ્ર)

એવી રીતે બધી બ્રહ્માની સૃષ્ટિનું ગયા અધ્યાયમાં શ્રવણ કરીને, મનુના વંશનો ખાસ ગુણ જાણવા માટે નીચેના શ્લોકથી આરંભી પાંચ (શ્લોકો)થી તે (વંશ) સંબંધી પ્રશ્ન કરે છેઃ

।। વિદુર ઉવાચ ।।

**સ્વાયંભુવસ્ય ચ મનોર્વંશઃ પરમસંમતઃ ।।**
**કથ્યતાં ભગવન્ યત્ર મૈથુનેનૈધિરે પ્રજાઃ ।।૧।।**

હે ભગવન્! અને સ્વાયંભુવ મનુનો ઘણી પ્રશંસા પામેલો વંશ જેમાં મૈથુનથી પ્રજાઓની વૃદ્ધિ થઈ, તે કહો. ૧.

મૈથુનની ઉત્પન્ન થવું એ જ આનો ખાસ ગુણ છે. બ્રહ્માના વંશનું શ્રવણ કર્યું, અને સ્વાયંભુવ મનુના વંશનું શ્રવણ કરવું છે, તેનું કારણ 'ઘણી પ્રશંસા પામેલો' વિશેષણથી કહેલું છે. 'પરમમ્' ઘણો જ પ્રશંસા પામેલો છે, અને સર્વની પ્રશંસા પામેલ હોય, તેનું શ્રવણ કરવું જોઈએ, કારણ કે અત્યારના પ્રાણીઓનો તેવી જ રીતે જન્મ થાય છે. તે અર્થ 'જેમાં મૈથુનથી પ્રજાઓ ઉત્પન્ન થઈ' શબ્દોથી કહેલ છે. મૈત્રેયને તેનું જ્ઞાન છે એમ જણાવવા 'હે ભગવન્' એવું (તેનું) સંબોધન કરેલું છે. ૧.

એ રીતે સામાન્ય રીતે (વંશ સંબંધી) પ્રશ્ન કરી, નીચેના શ્લોકથી (મનુના) બે પુત્રો સંબંધી ખાસ પ્રશ્ન કરે છેઃ

**પ્રિયવ્રતોત્તાનપાદૌ સુતૌ સ્વાયંભુવસ્ય વૈ ।।**
**યથાધર્મં જુગુપતુઃ સપ્તદ્વીપવતીં મહીમ્ ।।૨।।**

સ્વાયંભુવના પુત્રો પ્રિયવ્રત અને ઉત્તાનપાદે નિશ્ચય ધર્મને અનુસરી સાત દ્વીપોવાળી પૃથ્વીનું પાલન કર્યું. ૨.

સ્વાયંભુવના પ્રિયવ્રત અને ઉત્તાનપાદ (એ) બે જે પુત્રો કહ્યા, તેઓએ નિશ્ચય ધર્મનું ઉલ્લંઘન ન થાય તેમ સાત દ્વીપોવાળી પૃથ્વીનું પાલન કર્યું. (તેઓનાં) માત્ર જન્મનું શ્રવણ કર્યું અને તર્કથી (તેઓએ કરેલ પૃથ્વીનાં) પાલનનો નિર્ણય કર્યો, પરંતુ તે બેનો વંશ કહો, એવો ભાવ છે. ૨.

નીચેના શ્લોકથી આરંભી કન્યાઓના વંશ સંબંધી પ્રશ્ન કરે છેઃ

**તસ્ય વૈ દુહિતા બ્રહ્મન્ દેવહૂતીતિ વિશ્રુતા ।।**
**પત્ની પ્રજાપતેરુક્તા કર્દમસ્ય ત્વયાઽનઘ ।।૩।।**
**તસ્યાં સ વૈ મહાયોગી યુક્તાયાં યોગલક્ષણૈઃ ।।**
**સસર્જ કતિધા વીર્યં તન્મે શુશ્રૂષવે વદ ।।૪।।**

હે બ્રહ્મન્ ! તેની પુત્રી દેવહૂતિ નામની ખરેખર પ્રસિદ્ધ છે. હે દોષરહિત ! આપે (તેને) પ્રજાપતિ કર્દમની પત્ની કહેલી છે. તે મહાયોગીએ યોગનાં લક્ષણોવાળીમાં તેનામાં, નિશ્ચય કેટલા પ્રકારે વીર્યનું આધાન કર્યું, તે શ્રવણ કરવા ઈચ્છનાર મને કહો. ૩।૪.

વચેટ પુત્રી દેવહૂતિ સંબંધી આ બે શ્લોકોથી અને બાકીની બે સંબંધી એક (પાંચમા શ્લોક)થી પ્રશ્ન કરે છે. વચેટ સદા ઉત્પત્તિનું સ્થાન હોવાથી તેની પ્રશંસા (થએલી છે). તેને મોક્ષ પ્રાપ્ત થતાં સુધી જ સર્ગ છે. 'હે બ્રહ્મન્ !' એ સંબોધન વિકારરહિતપણું દર્શાવે છે. 'દેવાનાં' દેવોનું છે 'હૂતિઃ' આમંત્રણ જેને તે (દેવહૂતિ), સર્વ દેવોવાળી અથવા સર્વ દેવો જેમાં રહેલા છે તેવી હતી. અથવા આનંદ માટે અથવા ઉપભોગ માટે દેવોનું આમંત્રણ થતું, કારણ કે મોહ પામેલા દેવોને તેનું રૂપ બોલાવતું. દેવહૂતિ સદા સારી રીતે જણાએલી પ્રસિદ્ધ છે, અને તેનો વિવાહ મારા જાણવામાં આવ્યો છે. તે પ્રજાપતિ કર્દમની પત્ની છે એમ (આપે) જણાવેલું છે. 'હે દોષરહિત !' એ સંબોધનથી એમ કહેલું છે કે સ્ત્રીથી થતી વૃત્તિ (મૈત્રેયનાં) હૃદયમાં ઉત્પન્ન નહિ થાય. પાપીઓને જ જે લૌકિકથી ખળભળે તેવો કામ થાય છે. ૩.

(તેને) જણાવીને, (તેના સંબંધી) પ્રશ્ન કરે છે. તે (કર્દમ) મહાયોગી

હોવાથી (અને) બીજ વાવવું એ યોગમાં વિઘ્ન કરનારું હોવાથી, તેવાએ પણ ઘણાં સંતાનો ઉત્પન્ન કર્યાં એ આશ્ચર્યકારક હોવાથી પ્રશ્ન (કરે છે). તે (દેવહૂતિ) પણ યોગનાં લક્ષણોવાળી હતી. બત્રીસ લક્ષણવાળામાં યોગ રહે છે, તેથી કર્દમને તો યોગ પ્રાપ્ત થયો. તે (દેવહૂતિ)માં (યોગનાં) ચિહ્નો છે, યોગ તો તેને ભવિષ્યમાં પ્રાપ્ત થશે. તેથી બંને સૃષ્ટિના વિરોધી હોવાથી પ્રશ્ન (થાય છે), કારણ કે (કર્દમ) 'મહાયોગી' હોવાથી સૃષ્ટિ ઉત્પન્ન કરે તોપણ કાંઈપણ દોષ નથી. 'વૈ' એટલે નિશ્ચય. 'તેનામાં કેટલા પ્રકારે વીર્યનું આધાન કર્યું' એ (સંતાનોની) સંખ્યા સંબંધી અને ઉત્તમ પ્રકાર સંબંધી પ્રશ્ન છે. ઉત્તર આપવાનું કારણ 'શુશ્રૂષવે' 'શ્રવણ કરવા ઈચ્છનાર' વિશેષણથી (કહેલું છે). 'કહો' શબ્દથી પ્રાર્થના (કરેલી છે). ૪.

નીચેના શ્લોકથી બાકીની બે કન્યાઓના પણ વંશ સંબંધી પ્રશ્ન કરે છેઃ

**રુચિર્યો ભગવાન્ બ્રહ્મન્ દક્ષો વા બ્રહ્મણઃ સુતઃ ।।**
**યથા સસર્જ ભૂતાનિ લબ્ધ્વા ભાર્યાં ચ માનવીમ્ ।।૫।।**

અને હે બ્રહ્મન્ ! જે બ્રહ્માનો પુત્ર ભગવાન્ રુચિ તથા દક્ષ (તેમણે) મનુની પુત્રીને પત્ની તરીકે પ્રાપ્ત કરીને જે પ્રકારે સંતાનો ઉત્પન્ન કર્યાં. (તે કહો). ૫.

રુચિ જ્ઞાનથી ભરપૂર હોવાથી પહેલાંના કલ્પોમાં જીવતો રહેલો. (મૈત્રેય) સંપૂર્ણ રીતે સર્વ વૃત્તાંત જાણે છે એમ દર્શાવવા 'હે બ્રહ્મન્ !' એવું સંબોધન કરેલું છે. દક્ષ ત્રીજી (પુત્રી)નો (પતિ હતો). 'સંતાનો' શબ્દથી કન્યાઓમાં જૂદા જૂદા પ્રકારની ઉત્પત્તિ (થયાનું) સૂચવેલ છે. 'માનવીમ્' એટલે મનુની પુત્રીને પ્રાપ્ત કરીને (જે પ્રકારે સંતાનો ઉત્પન્ન કર્યાં તે કહો). ૫.

સર્ગમાં કર્દમનો જ ઉપયોગ હોવાથી, ચાર અધ્યાયોથી દેવહૂતિથી થએલી સૃષ્ટિ કહે છેઃ

**સાધનં ચ વિવાહશ્ચ સૃષ્ટિર્દ્વેધા વિભેદતઃ ।।૩।।**

(૧) સાધન અને (૨) વિવાહ અને (૩-૪) જૂદી જૂદી બે પ્રકારની સૃષ્ટિ (કહેલ છે[1]). કા.૩.

**વિસર્ગે સર્વવસ્તૂનાં ધર્માદાવુપયોગિનામ્ ।।**
**નિરૂપણં હિ, સર્ગે તુ સર્વં સર્ગાર્થમેવ હિ ।।૪।।**

કારણ કે વિસર્ગમાં ઉપયોગી સર્વ વસ્તુઓનું ધર્મ વિગેરે માટે[2] નિરૂપણ કરવામાં આવે છે, સર્ગમાં તો બધું સર્ગ માટે જ નિરૂપણ કરવામાં આવે છે[3] કા. ૪.

૧. આ અર્ધકારિકાથી ચાર અધ્યાયોનો અર્થ કહેલો છે. બે પ્રકારની સૃષ્ટિમાં ત્રીજા અધ્યાયમાં કન્યાઓની સૃષ્ટિ અને ચોથામાં પુત્રની સૃષ્ટિ કહેલી છે. (પ્ર)

૨. 'ધર્માદૌ' એટલે ધર્મ વિગેરે માટે. વચ્ચે મૈત્રેયનાં વાક્યોનો વિચાર કરતાં, આ સર્વ વિસર્ગ માટે કહેલું હોય તેમ જણાય છે, કારણ કે વિદુરનો પ્રશ્ન વિસર્ગ સંબંધી હોવાથી તે જ પેટાપ્રકરણ થાય છે. તેમાં ધર્મ વિગેરે માટે સર્વનું નિરૂપણ કરેલું જણાય. (પ્ર).
૩. અહિં સર્ગમાં બધા પદાર્થોનું નિરૂપણ કરેલું હોવાથી, બધું સર્ગ માટે જ નિરૂપણ કરેલું છે, કારણ કે આ પ્રકરણ સર્ગનું છે. (પ્ર)

॥ મૈત્રેય ઉવાચ ॥

**પ્રજાઃ સૃજેતિ ભગવાન્કર્દમો બ્રહ્મણોદિતઃ ॥**
**સરસ્વત્યાં તપસ્તેપે સહસ્રાણિ સમા દશ ॥૬॥**

'પ્રજા ઉત્પન્ન કર' એમ બ્રહ્માએ કહેલા ભગવાન્ કર્દમે દશહજાર વર્ષ સુધી સરસ્વતીના તીરે તપ કર્યું. ૬.

બ્રહ્મા ભગવદ્રૂપ હતા. કર્દમ પણ ભગવદ્રૂપ હતો, તેથી પોતે કરવાનું કરવા માટે (બ્રહ્માએ) કર્દમને જ પ્રેરણા કરી, કારણ કે તે પોતાની સમાન હતો. બ્રહ્મા જેના દેવ છે તે સરસ્વતી સૃષ્ટિ રચવા માટે ઉપયોગી છે, તેના તીરે (કર્દમે) દશ હજાર દિવ્ય વર્ષો સુધી તપ કર્યું. આટલા (સમય)માં ચાર યુગો થઈ ગયા. સ્વતંત્ર બ્રહ્માની સૃષ્ટિ માટે પણ માત્ર એક હજાર વર્ષ તપ (કરવામાં આવેલું). આ તો તેથી પણ અધિક હોવાથી, તેનું કારણ કહેશે. ૬.

માત્ર તપથી ભગવાન્ પ્રસન્ન થતા નથી, પરંતુ ભક્તિથી (પ્રસન્ન થાય છે). તેથી નીચેના શ્લોકમાં (કર્દમે) ભગવાનનું ભજન (કર્યાનું) કહે છેઃ

**તતઃ સમાધિયુક્તેન ક્રિયાયોગેન કર્દમઃ ॥**
**સંપ્રપેદે હરિં ભક્ત્યા પ્રપન્નવરદાશુષમ્ ॥૭॥**

પછી સમાધિ સાથેના ક્રિયાયોગથી (તેમજ) ભક્તિથી કર્દમે શરણે આવેલાને વરદાન કરનારા હરિને પ્રાપ્ત કર્યા. ૭.

સમાધિમાં ભગવાન્ પ્રકટ કરાવ્યા, તેનું (સાધન) 'ક્રિયાયોગ' એટલે સેવા. તેથી 'સમાધિ સાથેના ક્રિયાયોગથી' એમ કહેલું છે. એ રીતે સેવાથી (હરિને) ઉત્તમ પ્રકારે પ્રાપ્ત કર્યા. પછી ભજન કરવા યોગ્ય (ભગવાન્)ના ગુણને લીધે ભજનથી દુઃખ દૂર થયું. તે (અર્થ) 'હરિ' શબ્દથી કહેલ છે. પછી પ્રેમરૂપ ભક્તિ થઈ, તેનાથી પણ (ભગવાનને) પ્રાપ્ત કર્યા, અથવા તેને લીધે (ભગવાન્) શરણે આવેલાને વરદાન કરનારા થયા. 'દાશુષમ્' એટલે દાન કરનારા. ૭.

પછી (કર્દમને) ભગવાનનો સાક્ષાત્કાર થયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તાવત્પ્રસન્નો ભગવાન્ પુષ્કરાક્ષઃ કૃતે યુગે ॥**
**દર્શયામાસ તં ક્ષત્તઃ શાબ્દં બ્રહ્મ દધદ્વપુઃ ॥૮॥**

હે સંયમી ! તેટલા સમયમાં પ્રસન્ન થએલા કમલના જેવાં નયનવાળા ભગવાને કૃતયુગમાં શબ્દબ્રહ્મરૂપ દેહ ધારણ કરતાં તેને દર્શન કરાવ્યાં. ૮.

તેટલા સમયમાં (ભગવાન્) પ્રસન્ન થયા; અથવા જ્યારે શરણે આવેલાને વરદાન કરનારની પ્રેમથી સેવા કરવા માંડી, ત્યારે મનને સંતોષ થાય તેટલી સેવા જેટલા સમયમાં ન થઈ, તેની મધ્યે જ ભગવાન્ પ્રસન્ન થયા, એવો અર્થ છે. વિલંબ થવાનું કારણ 'કૃતયુગમાં' શબ્દથી કહેલું છે, કારણ કે તે સત્યયુગમાં તપ કરવા બેઠેલ. સત્ય(યુગ)માં તપથી શુદ્ધ અન્તઃકરણવાળો થયો, પછી ત્રેતા(યુગ)માં યોગ પ્રાપ્ત કરેલો (યોગી) થયો. તપ તો સર્વ (યુગમાં) ચાલુ જ છે. પછી ભગવાન્ (સમાધિમાં) પ્રકટ થયા. પછી દ્વાપરમાં ભગવાનની સેવા (કરી), પછી કલિ(યુગ)માં પ્રેમ થયો. તે સમયે જો ભગવાન્ પ્રકટ થાય, તો કલિમાં ઉત્પન્ન થએલી સૃષ્ટિ ઉદ્ધત થાય. તેથી પ્રેમ ઉત્પન્ન થયો, છતાં પણ (ભગવાન્) શરણે આવેલાને વરદાન કરનારા હોવાથી, તે (કર્દમને આપવાના વર)નો નાશ ન થાય તે માટે કૃતયુગમાં પ્રકટ થયા. (કૃતયુગ થયો) ત્યારે તો વિલંબ ન કર્યો, એમ 'તેટલા સમયમાં' શબ્દથી કહેલું છે. (ભગવાન્) કમલ જેવાં નયનવાળા હોવાથી દષ્ટિથી જ પુષ્ટિ કરાવનારા છે. 'શબ્દબ્રહ્મે' એટલે વેદે ઉત્પન્ન કરેલું (રૂપ) વેદના મંત્રથી ભરપૂર હોય છે. વેદપુરુષ ભગવાને તેવું રૂપ ધારણ કરી, પ્રકટ થઈ, તેને દર્શન આપ્યાં. અંતઃપુરમાંથી પ્રભુ (રાજા) ઘણા પ્રકારે પ્રકટ થાય છે, તેથી ભગવાનનાં (આ) ઉત્તમ રૂપમાં (વિદુરને) સંદેહ ન રહે, તે માટે 'હે સંયમી' એવું (તેનું) સંબોધન કરેલું છે. જો કે તે (ભગવાનનું રૂપ) ઈન્દ્રિયોથી પર છે, છતાં પણ ભગવાને જ (તેનાં) દર્શન કરાવ્યાં, કારણ કે બહાર અનેક પ્રકારે સ્વરૂપ (દેહ) ધારણ કરનાર ભગવાનથી કાંઈ પણ ન થઈ શકે તેવું નથી. ૮.

એ પ્રમાણે દર્શન કરેલાં ભગવાનનાં સ્વરૂપનું નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી વર્ણન કરે છેઃ

**સ તં વિરજમર્કાભં સિતપદ્મોત્પલસ્રજમ્ ।।**
**સ્નિગ્ધનીલાऽલકવ્રાતવક્ત્રાऽબ્જં વિરજાऽમ્બરમ્ ।।૯।।**

તેણે રજરહિત, સૂર્યના જેવી પ્રભાવાળા, શ્વેત દિવસના અને રાત્રિના કમલની માલાવાળા, સ્નેહવાળા શ્યામ કેશના સમૂહોથી વીંટાએલા મુખકમલવાળા, શ્વેત વસ્ત્રવાળા તેમને (જોઈને દંડવત્ પ્રણામ કર્યા. શ્લોક.૧૨). ૯.

આરંભમાં સ્વરૂપ અને આભરણોને યોગ્ય વિશેષણોથી સ્વરૂપનું વર્ણન કરે છે. 'સઃ' તે કર્દમે 'તં' પ્રસિદ્ધ તેમને જોઈને, હર્ષ પામી દંડવત્ પ્રણામ કર્યા એવો (શ્લો. ૧૨ સાથે) સંબંધ છે.

**સૃષ્ટ્યર્થં પુરુષાર્થાર્થં ચતુર્દશવિધો હરિઃ ।।**
**સૃષ્ટિશ્ચ દ્વિવિધા તસ્માદતો દ્વાભ્યાં તુ પઞ્ચધા ।।૫।।**

સૃષ્ટિ માટે (૧૦) અને પુરુષાર્થ માટે (૪) હરિ ચૌદ પ્રકારના થયા[૧]; અને તેનાથી સૃષ્ટિ બે પ્રકારની[૨] છે. તેથી બે શ્લોકોથી પાંચ પાંચ પ્રકારના કહ્યા છે[૩].કા. ૫.

**દશાપત્યાનિ તસ્માદ્ધિ એક એવ પુમાન્ યતઃ ।।**
**સર્ગે ચ દોષવ્યાવૃત્તિઃ પુરુષાર્થે ચ સ્વયમ્ ।।૬।।**
**શુક્લો હરિઃ પ્રાદુરાસીદાદ્યા નવ હિતાઃ સતામ્ ।।**

તેથી દશ સંતાન થયાં. એક જ પુરુષ (પુત્ર) થયો[૪]; કારણ કે સૃષ્ટિમાં દોષ દૂર કરવાના, અને પુરુષાર્થમાં તેજસ્વી હરિ પોતે પ્રકટ થયા. પહેલી નવ ( કન્યાઓ ) સત્પુરુષોનું હિત કરનારી છે[૫]. કા. ૬[૧]/૨.

આરંભમાં દોષ ન હોવાનું (૧) 'રજરહિત' વિશેષણથી કહે છે. રજોગુણ રાગ (આસક્તિ) અને મલિનતા નથી, એવો અર્થ છે. (૨) અજ્ઞાનરૂપ અંધકાર અને જડપણું નથી એમ જણાવવા 'સૂર્યના જેવી પ્રભાવાળા' વિશેષણ કહેલું છે, કારણ કે સૂર્ય દેવતાઓનો સમૂહ અને નારાયણ છે. સૂર્યના જેવી જે પ્રભા છે જેમની તેવા (ભગવાનને જોઈને દંડવત્ પ્રણામ કર્યા). (૩) શ્વેત દિવસનાં કમલો અને રાત્રિનાં કમલો, તેઓની (બનેલી) માલા છે જેમની તેવા (એમ) દિવસે અને રાત્રે ખીલતા વર્ગના સમૂહવાળા ભગવાન્ કહેલા છે. (૪) સ્નેહવાળા અને શ્યામ જે કેશોના સમૂહો, તેમનાથી વીંટાએલું છે મુખકમલ જેમનું, આ વિશેષણથી સર્વ સુખો સાથે ભક્તિ તેમનામાં ઝળકી રહેલી (કહેલી છે), અને સુખ આ લોકનું અને પરલોકનું હોવાથી કેશોનાં બે વિશેષણો[૬] કહેલાં છે. (૫) 'વિરજં' શ્વેત છે વસ્ત્ર જેમનું તેવા, કારણ કે શુદ્ધ જ વેદના ભાગો તેમણે સ્વીકારેલા. આ (વિશેષણ)થી પૂરેપૂરી જ્ઞાનશક્તિ કહી. એ રીતે આ (શ્લોક)થી દોષ ન હોવાનું[૭] અને ત્રણ[૭] પ્રકારના ગુણો હોવાનું કહ્યું. ૯.

૧. ભગવાનનાં ચૌદ વિશેષણો કહેવાનું તાત્પર્ય આ વાક્યથી કહેલું છે.
૨. 'તેનાથી' એટલે કર્દમથી સ્ત્રી અને પુરુષના ભેદથી, અથવા ગુણવાળી અને નિર્ગુણના ભેદથી બે પ્રકારની સૃષ્ટિ કહેલી છે. ( પ્ર )
૩. આ અને દશમા એ બે શ્લોકમાં પાંચ પાંચ વિશેષણો કહેલાં છે. ( પ્ર )
૪. બીજા સાંખ્યમાં ઘણા પુરુષો હોવાનું કહેલ છે, તેમ અહિં નથી. ( પ્ર )
૫. 'સત્પુરુષોનું હિત કરનારી' એટલે સમાન સૃષ્ટિ કરનારી. તેથી સંખ્યાથી અને સૃષ્ટિના પ્રકારથી બીજા સાંખ્યોથી ભેદ કહેલો છે, એવો ભાવાર્થ છે. ( પ્ર )

૬. 'સ્નેહવાળા' વિશેષણથી વયરૂપ આ લોકનું સુખ કહેલું છે, અને 'નીલ' એટલે 'નિકૃષ્ટા' હલકી છે 'ઈલા' ભૂમિ જેનાથી એ વ્યુત્પત્તિ પ્રમાણે પરલોકનું સુખ કહેલું છે. એવો ભાવ જણાવવા બે વિશેષણો કહેલાં છે. (પ્ર)
૭. પાંચ પૈકી પહેલા અને પાંચમા વિશેષણોથી દોષ ન હોવાનું કહેલું છે, અને બાકીનાં ત્રણ વિશેષણોથી ગુણો કહેલા છે.

ફરી બીજા (નીચેના) શ્લોકથી રાજસ ગુણો અને દોષ ન હોવાનું કહે છેઃ

**કિરીટિનં કુણ્ડલિનં શઙ્ખચક્રગદાધરમ્ ।।**
**શ્વેતોત્પલક્રીડનકં મનઃસ્પર્શસ્મિતેક્ષણમ્ ।।૧૦।।**

(૬) મુકુટવાળા (૭) કુંડલોવાળા, (૮) શંખ ચક્ર અને ગદા ધારણ કરનારા, (૯) શ્વેત રાત્રિકમલરૂપ ક્રીડનક (રમકડાં)વાળા (૧૦) મનનો સ્પર્શ કરતાં સ્મિત અને દૃષ્ટિવાળાને (જોઈને દંડવત્ પ્રણામ કર્યા.શ્લો.૧૨).૧૦.

મુકુટવાળા, કુંડલવાળા અને શંખચક્ર વિગેરે ધારણ કરેલાને (જોઈને...).

**વેદાન્તે પરમં વેદ્યં પ્રમેયબલમીરિતમ્ ।।૭।।**
**સાંખ્યયોગૌ પ્રમાણં ચ તત્ત્વાનાં કાર્યતો બલમ્ ।।**
**ત્રિવિધાન્યપિ તત્ત્વાનિ પ્રોક્તાનિ ત્રિભિરાયુધૈઃ ।।૮।।**

વેદાંતમાં ઉત્તમ જાણવા યોગ્ય પ્રમેયબલ[1] કહેલું છે, અને સાંખ્ય અને યોગ[2] પ્રમાણ (કહેલ છે). તત્ત્વોનું (તેઓનાં) કાર્યથી બલ કહેલું છે. ત્રણ આયુધોથી ત્રણે પ્રકારનાં તત્ત્વો કહેલાં છે[3]. કા.૮.

ભૂમિ ઉપર અવતરેલા ભગવાન્‌થી લીલા કરતાં તે ભૂમિમાં રહેલા દોષવાળા થાય, તેથી તેમ થએલ નથી એમ જણાવવા ચોથા આયુધ કમલને પડતું મૂકી, શ્વેત જે રાત્રિકમલ, તે જ છે ક્રીડનક (ક્રીડાનું સાધન) જેમનું તેવા થયા. 'ક્રીડનક' શબ્દ યોજેલ હોવાથી (ભગવાન્ તેને) ભમાવતા હતા એમ જણાય છે; અને કમલ ભમાવવામાં આવે, ત્યારે જગત જ ભમેલું થાય; પણ રાત્રિકમલ (ભમાવવામાં આવે, ત્યારે) અજ્ઞાન ભમેલું થાય[4]. તેથી એમ કહેલું છે કે (ભગવાનની) લીલા[5] પણ અજ્ઞાનનો નાશ કરનારી જ છે. મનનો સ્પર્શ કરે તેવું મનોહર જે સ્મિત, તે સાથેની છે દૃષ્ટિ જેમની તેવા (હતા). ભગવાનની માયાસૃષ્ટિ[6] પણ મનમાં જ સહેજ જ વિકાર ઉત્પન્ન કરે છે, પરંતુ દેહ વિગેરેનો (વિકાર) કરતી નથી. આથી એમ પણ સૂચવેલું છે કે આ પુત્ર (કપિલ) યોગ ભક્તિ અને જ્ઞાન પ્રાપ્ત કરાવશે. ૧૦.

૧. મુકુટથી પ્રમેયબલ કહ્યું.
૨. સાંખ્ય અને યોગ બે કુંડલો છે. તે પ્રમાણ છે.

૩. ભૂમિ, જલ અને તેજ તત્ત્વોનાં કાર્યરૂપ ગદા, શંખ અને ચક્ર થી તત્ત્વોનું બલ કહેલ છે.
૪. રાત્રિએ વિકાસ પામતાં કમલને ફેરવવાથી અંધકારરૂપ અજ્ઞાન ભમે એટલે નાશ પામે એવો અર્થ છે. (પ્ર)
૫. 'લીલા' એટલે ક્રીડા, રમત.
૬. 'સ્મિત' માયારૂપ હોઈ માયા સૃષ્ટિ છે.

**નીચેના શ્લોકમાં પુરુષાર્થોમાં રહેલા દોષોને દૂર કરતા (ભગવાન્) કહેલા છેઃ**

**વિન્યસ્તચરણાડમ્ભોજમંસદેશે ગરુત્મતઃ ।।**
**દૃષ્ટ્વા ખેડવસ્થિતં વક્ષઃશ્રિયં કૌસ્તુભકન્ધરમ્ ।।૧૧।।**

(૧૧) ગરુડના ખભાના પ્રદેશ ઉપર ચરણકમલ સ્થાપન કરેલા (૧૨) આકાશમાં ઉભેલા (૧૩) છાતી ઉપર લક્ષ્મીવાળા (અને) (૧૪) ગરદન ઉપર કૌસ્તુભવાળા જોઈને... (દંડવત્ પ્રમાણ કર્યા. શ્લો. ૧૨). ૧૧.

મૃત્યુ – શ્રમરૂપ મૃત્યુરૂપ અને (મૃત્યુનું) નિમિત્ત બનેલ કાલ–ધર્મમાં વિઘ્ન કરે છે, તેથી તેને દૂર કરવા માટે કાલરૂપ ગરુડ ઉપર ચરણકમલનું એટલે ભક્તિમાર્ગનું સ્થાપન કરી (ભગવાન્) રહ્યા હતા. 'ખભાના પ્રદેશ ઉપર' શબ્દથી મોક્ષ સુધીની ભક્તિ કહેલી છે, કારણ કે ખભા ઉપરનું માથું દેહનો ચોથો ભાગ છે. 'ખે' આકાશમાં ઉભેલા હતા. (આથી) તેને એકાએક (પ્રાપ્ત થવાનો) અર્થ કહેલો છે. છાતી ઉપર હતી લક્ષ્મી જેમની, (એ વિશેષણથી) ઈચ્છા પ્રમાણેનો કામ કહેલો છે. કૌસ્તુભ મણિ હતો ગરદન ઉપર જેમની તેવા (ભગવાન્ હતા). બધા જીવોને[1] સુખપૂર્વક લઈ જવા માટે પોતાની ઉપર રાખેલી, એમ સર્વ પ્રકારની મુક્તિ કહેલી છે. ૧૧.

૧.કૌસ્તુભ સર્વ જીવોરૂપ છે.

**જાતહર્ષોડપતન્મૂર્ધ્ના ક્ષિતૌ લબ્ધમનોરથઃ ।।**
**ગીર્ભિસ્ત્વભ્યગૃણાત્પ્રીતિસ્વભાવાડડત્મા કૃતાડગ્જલિઃ ।।૧૨।।**

આનંદ પામેલા, મનોરથ પ્રાપ્ત કરેલા તેમણે (કર્દમે) ભૂમિ ઉપર મસ્તકથી દંડવત્ પ્રણામ કર્યા, (અને) ભગવાન્ ઉપર પ્રેમ જેનો સ્વભાવ હતો તેવા આત્માવાળા તેણે બે હાથ જોડી વાણીથી (તેમની નીચે પ્રમાણે) સ્તુતિ કરી. ૧૨.

તેથી જ ઉત્પન્ન થયો છે આનંદ જેને, તેવા તેણે ભૂમિ ઉપર મસ્તકથી દંડવત્ પ્રણામ કર્યા. ઉભા રહીને જ ઉપર રહેલા (ભગવાન્)ના ચરણનો સ્પર્શ ન કર્યો, અને દર્શન કરવા ઈચ્છનારે મસ્તક નીચું કરવું ન જોઈએ, એવો[1] દોષ પણ દૂર કર્યો. 'મારા માટે જ (ભગવાન્) પધારેલા છે' એવા વિચારથી પ્રાપ્ત કરેલો હતો ભગવદ્રૂપ મનોરથ જેણે તેવો (તે થયો). એ પ્રમાણે દેહથી થતું અને મનથી થતું ભજન કહીને, 'વાણીથી સ્તુતિ કરી' શબ્દોથી વાણીથી થતું ભજન કહેલું છે.

'અભિતઃ' સર્વ તરફથી 'ગૃણનં' સ્તુતિ કરવી, એટલે સર્વ સિદ્ધાંત જણાવીને (સ્તુતિ કરવી). ભગવાનમાં પ્રીતિ સ્વભાવ જ હતો જેનો. તેથી ભક્તિથી સ્તુતિ કરી, એમ કહેવું નહિ, કારણ કે બધાંએ કર્મોમાં ભક્તિનો ઉપયોગ (કરેલો) (ભગવાનમાં પ્રીતિ સ્વભાવજ હતો જેનો ) તેવો આત્મા હતો જેનો, તેવો (તે હતો). જીવનો અને અંતઃકરણનો સ્વભાવ જ તેવો હોવાથી, દેહના કાર્યમાં અને દાસના કાર્યમાં અટક્યા વિનાનો સ્નેહ કહેલો છે. પ્રાર્થના કરવા માટે 'બે હાથ જોડી' એમ કહેલું છે. (ભગવાનના) પ્રસાદનો સ્વીકાર કરવા પ્રસારેલ ખોબાવાળો કહેલો છે. ૧૨.

૧. મસ્તક નીચું નમાવે તો ઉપર રહેલ ભગવાનનાં દર્શન ન થાય, તેથી એ દોષ છે. ચત્તા જમીન ઉપર પડી બે હાથ જોડવાથી મસ્તક નમાવ્યું ન ગણાય, દર્શન પણ થાય, એટલે એ દોષ ન થાય.

**નવધા વર્ણયામાસ સૃષ્ટ્યર્થં ગુણભાવતઃ ।।**
**આદ્યાસ્તુ રજસા સત્ત્વે તમસાઽપ્યત્ર યોજિતમ્ ।।૯।।**

સૃષ્ટિને માટે ગુણોના પ્રકારથી નવ પ્રકારે વર્ણન કરેલું છે. પહેલા[૧] (શ્લોકો)માં તો રજો(ગુણ) સાથે સત્ત્વ (વિગેરે) ભળેલા છે[૨]. આમાં તમઃ પણ ભેળવેલું છે[૩]. કા. ૯.

**દ્વાભ્યાં સત્ત્વં રજઃસત્ત્વાત્ ત્રિભિરન્તિમ ઈર્યતે ।।**
**સત્ત્વમિશ્રં રજઃપૂર્વં તમોમિશ્રં તથા પરમ્ ।।૧૦।।**

સત્ત્વ[૪] અને રજઃસત્ત્વ હોવાથી તે બે (શ્લોકો)થી (કહેલાં છે). છેવટ[૫]નું ત્રણ (શ્લોકો)થી[૬] કહેલ છે. પહેલાં સત્ત્વ સાથે ભળેલું રજઃ અને છેવટે તમઃ સાથે ભળેલું રજઃ (કહેલાં છે)[૭]. કા. ૧૦.

**ફલં તુ ભગવાનેવ સર્વોત્કૃષ્ટમિતિ સ્થિતિઃ ।।**
**તં પરિત્યજ્ય તસ્માદ્ધિ પ્રાપ્યં પ્રથમમુચ્યતે ।।૧૧।।**

સર્વથી ઉત્તમ ફલ તો ભગવાનજ છે, એવો સિદ્ધાંત છે. તેમને મૂકી દઈ, તેમની પાસેથી પ્રથમ પ્રાપ્ત કરવાનો (પદાર્થ) કહે છે[૮] કા. ૧૧.

**દોષજ્ઞાને તથા કામે વિદ્યમાને તુ મધ્યમઃ ।।**
**વિચાર્ય ભગવાન્ દાતેત્યસ્ય વૈ શરણં ગતઃ ।।૧૨।।**

તેથી પોતાના દોષનું જ્ઞાન તેમજ કામના હોવાથી તો ( કર્દમ) મધ્યમ હતો. ભગવાન્ (કામના) આપનારા છે એમ વિચારીને તે આમને શરણ ગયો.[૯] કા. ૧૨.

આરંભમાં ભગવાન જ પરમપુરુષાર્થ છે એમ સત્ત્વ સાથે ભળેલા રજો(ગુણ)ના પ્રકારથી નીચેના શ્લોકમાં કહે છેઃ

॥ ઋષિરુવાચ ॥

**જુષ્ટં બતાદ્યાઽખિલસત્ત્વરાશેઃ સાંસિધ્યમક્ષ્ણોસ્તવ દર્શનાન્નઃ ॥**
**યદ્દર્શનં જન્મભિરીડ્ય સદ્ભિરાશાસતે યોગિનો રૂઢયોગાઃ ॥૧૩॥**

હે પ્રશંસા કરવા યોગ્ય ! સર્વ સત્ત્વના સમૂહરૂપ આપનાં દર્શનથી આજે અમને નયનોની દિવ્ય શક્તિનો અનુભવ થયો એ આનંદની વાત છે, જે (તે) દર્શનની યોગમાં પ્રવીણ યોગીઓ ઉત્તમ જન્મોથી ઈચ્છા કરે છે. ૧૩.

અમારાં નયનોની 'સાંસિધ્યમ્' દિવ્ય શક્તિવાળી સ્થિતિનો અમને આપનાં દર્શનથી જ 'જુષ્ટમ્' અનુભવ થયો. સર્વ ફલ કરતાં દિવ્ય શક્તિ ઉત્તમ છે, (કારણ કે) જેને (તેને) લીધે ફલો સ્વાધીન જ થાય છે. તે શક્તિનો અમને (અનુભવ) થયો, તેથી સર્વ પ્રકારથી તે પ્રાપ્ત થશે એમ જણાય છે; (કારણ કે) જેનાથી[૧૦] આરંભમાં નયનોની દિવ્ય શક્તિ થઈ, (તે) અમારા જાણવામાં આવી, કેમકે દિવ્ય શક્તિ વિનાની દૃષ્ટિ ઇન્દ્રિયોથી જેમનું જ્ઞાન થઈ ન શકે તેવાં (આપ)નાં દર્શન કરવા યોગ્ય નથી. તેથી[૧૧] જણાય છે કે 'સાંસિધ્યમ્' આધિદૈવિક શક્તિનો અનુભવ થયો. તેથી જ 'બત' શબ્દ આનંદ દર્શાવવા (યોજેલો છે). 'આજે' શબ્દથી ન પ્રાપ્ત થઈ શકે તેવો લાભ (થયાનું) કહેલ છે. બધી દિવ્ય શક્તિઓ સત્ત્વથી ઉત્પન્ન થએલી હોય છે, અને સર્વ સત્ત્વો આપની અંદર એકઠાં થએલાં છે. તેમનાં જ્યારે સમીપમાં દર્શન થાય છે, ત્યારે કઈ દિવ્ય શક્તિ (પ્રાપ્ત કરવી) બાકી રહે ? એવા અભિપ્રાયથી 'સર્વ સત્ત્વના સમૂહરૂપ' વિશેષણ કહેલું છે. બધાએ દિવ્ય શક્તિ પ્રાપ્ત કરેલાઓને પોતા તરીકે જાણી 'અમને' એમ કહે છે. એ રીતે (ભગવાનનાં) દર્શન બીજા પ્રકારે થવાનું સંભવતું ન હોવાથી, નયનોની દિવ્ય શક્તિ કહેલી છે. હવે ઉત્તરાર્ધથી દર્શન જ સર્વ સિદ્ધિઓનું ફલ હોવાનું કહે છે. 'હે પ્રશંસા કરવા યોગ્ય !' સંબોધનથી એમ જણાવેલું છે કે આ [૧૨]સ્તુતિ કરી નથી, પરંતુ વસ્તુનું (આપનું) સ્વરૂપ જ તેવું છે. ભગવાનની સ્તુતિ બધાએ કરતા હોવાથી સદા થતી હોય છે. તેથી સ્તુતિ આશ્ચર્યકારક ન હોવાથી (આ) વાક્યો સ્તુતિના અર્થવાળાં નથી. જે (તે આપનાં) દર્શનની યોગમાં પ્રવીણ (યોગીઓ) પણ ઘણા જન્મોથી (જન્મો સુધી) કાયાની (જૂદા જૂદા પ્રકારની) ગોઠવણ કરીને પણ, દેહ દેશ અને કાલથી થતા સંદેહ ન રહે તે માટે ઉત્તમ જન્મોથી પણ ઈચ્છા કરે છે. તે (યોગી)ઓને દિવ્ય શક્તિઓ પોતાની મેળે પ્રાપ્ત થએલી હોય છે, પરંતુ (આપનાં) દર્શન દુર્લભ હોવાથી ઈચ્છેલાં જ રહે છે. ૧૩.

૧. 'પહેલા' એટલે પહેલા ચાર. (પ્ર)
૨. પહેલા ત્રણ શ્લોકથી સત્ત્વરજઃ, રજોરજઃ અને તમોરજઃ ગુણવાળી સ્તુતિ કરે છે.

૩. ચોથા શ્લોકમાં સત્ત્વતમઃ ગુણવાળી સ્તુતિ કરી છે.
૪. 'સત્ત્વ' એટલે સત્ત્વસત્ત્વ, અને રજઃસત્ત્વ ગુણવાળી સ્તુતિ પાંચમા તથા છઠ્ઠા શ્લોકથી કરી છે.
૫. 'છેવટનું' એટલે નવમા શ્લોકમાં રજઃસત્ત્વ (ગુણવાળી સ્તુતિ છે) (પ્ર) 'છેવટનું' એટલે પછીના ગુણો અથવા બાકીના ગુણોવાળી સ્તુતિ કહેલી છે. તમઃસત્ત્વ, રજસ્તમઃ અને તમસ્તમઃ એ ગુણોવાળી સ્તુતિ કહેલી છે એવો અર્થ જણાય છે.
૬. 'ત્રણ શ્લોકથી' એટલે છઠ્ઠા પછીના ત્રણ શ્લોકથી. (પ્ર)
૭. પહેલાં સાતમામાં સત્ત્વથી ભળેલું રજઃ, અને પછીના આઠમામાં તમઃ સાથે ભળેલું રજઃ કહેલાં છે. (પ્ર) સત્ત્વરજઃ તો પહેલા જ શ્લોકમાં આવી ગયાનું તે શ્લોક ઉપરના આભાસમાં સુબોધિનીમાં જ કહેલું હોવાથી આ અર્થ યોગ્ય લાગતો નથી. પહેલા અને ત્રીજા શ્લોક સંબંધમાં આ કહેલું છે. આ ક્રમ પહેલા ત્રણ શ્લોકોની સ્તુતિ સંબંધી ગુણો જણાય તે માટે કહેલો જણાય છે.
૮. આ કારિકાના પહેલા અર્ધ શ્લોકથી પહેલા શ્લોકનો, અને બીજા અર્ધથી બીજા શ્લોકનો અર્થ કહેલા છે. (પ્ર)
૯. આ કારિકાના પહેલા અર્ધથી ત્રીજા શ્લોકનો અને બીજા અર્ધથી ચોથા શ્લોકનો અર્થ કહેલ છે. (પ્ર) અહિં સ્તુતિના નવ (૧૩।૨૧) શ્લોકોને જ અનુક્રમે નંબર આપેલા છે.
૧૦. 'જેનાથી' એટલે જે દિવ્યશક્તિથી. (પ્ર)
૧૧. 'તેથી' એટલે આપનાં દર્શન મને થયાં તેથી.
૧૨. 'સ્તુતિ' એટલે ન હોય તેવા (ગુણો) હોવાનું કહેવું તે. (પ્ર).

એ પ્રમાણે ભગવાનનું દર્શન સૂચવનારું૧ અને ફલરૂપ હોવાનું કહીને, જેઓ દર્શન થયા પછી દર્શન આપનાર પાસે બીજા (પદાર્થ)ની કામના કરે છે, તેઓની નીચેના શ્લોકમાં નિંદા કરે છેઃ

**યે માયયા તે હૃતચેતસસ્ત્વત્પાદાઽરવિન્દં ભવસિન્ધુપોતમ્ ।।**
**ઉપાસતે કામલવાય તેષાં રાસીશ કામાન્નિરયેઽપિ યે સ્યુઃ ।।૧૪।।**

હે ઈશ ! માયાથી હરાએલાં ચિત્તવાળા જેઓ સંસારરૂપ સાગરના મછવારૂપ આપનાં ચરણકમલની નજીવી અભિલાષા માટે ઉપાસના કરે છે, તેઓને આપ નરકમાં પણ જે મળે તેવી (તે) અભિલાષાઓ આપો છો. ૧૪.

જેઓ નજીવી અભિલાષા માટે આપનાં ચરણકમલની ઉપાસના કરે છે, તેઓ માયાથી હરાએલાં ચિત્તવાળા છે, કારણ કે માયાથી મોહિત થએલો બાળક ઘણું સુવર્ણ આપી મૂઠી ચવેણું લે છે, તેની પેઠે (તેઓ કરે છે) તેવી રીતે લેવાનું કારણ 'માયાથી હરાએલાં ચિત્તવાળા' વિશેષણથી કહેલું છે. 'ચરણકમલ' શબ્દથી સહેલાઈથી સેવા થઈ શકે તેવા હોવાનું (કહેલું છે). ''જેઓ ઉપાસના કરે છે તેઓ પ્રયોજનને લીધે જ (કરે છે), તેથી વર માગવાનું યોગ્ય જ છે'' એવી શંકા થાય, તેથી

'સંસારરૂપી સાગરના મછવારૂપ' એમ કહેલું છે. સાગરમાં તેના કાંઠે રહેનારાઓને તેના સામા કિનારે જવા મછવો હોય છે, કારણ કે તે પ્રયોજનથી જ તે બનાવેલો હોય છે, પરંતુ ગામની પેઠે ભોગ કરવા (બનાવેલો) હોતો નથી. તેથી જેઓ સામે કાંઠે જવા ઈચ્છતા હોય, તેઓએ જ તેમાં બેસવું જોઈએ, પરંતુ ગામની પેઠે રહેવા માટે (તેમાં બેસવું) ન જોઈએ. તેવા પ્રયોજનથી બેસે તો સૂકાનીને ક્રોધ થાય. વળી જેઓને તેમાં પ્રયોજન (સામે કાંઠે જવા) માટે બેસાડેલા હોય, તેઓને ભોગ પ્રાપ્ત થતો હોવા છતાં, બગડેલા વાસી ભોગ જ ભોગવે છે. તે (તેવા ભોગ) તો નરકમાં પણ બંધન વિગેરે હોવાથી મળે છે. તેથી મછવામાં બેઠેલાએ હરકોઈ પ્રકારે સામે કાંઠે જ જવું જોઈએ, પરંતુ તેણે વિષયભોગની અભિલાષા કરવી ન જોઈએ. તેમાં[2] કુદરતી નિરોધ[3] હોવાથી, ત્યાં ભોગથી નજીવી અભિલાષા જ (પૂર્ણ) થાય. જેમ ઘણાં દુઃખથી મછવામાં બેઠેલો તે તે (મછવા)માં રહેલ સૂકાની પાસેથી માત્ર ખાવાનું પ્રાપ્ત કરે છે, તેમ ઘણા દયાળુ ભગવાન્ તો તે (નજીવી અભિલાષા) પણ આપે છે, (પણ) મોટા શહેરમાં મળે તે કરતાં તો તે અન્ન વિગેરે હલકાં જ હોય છે, તેની પેઠે (થાય છે), એવો અર્થ છે. ૧૪.

૧. 'સૂચવનારું' એટલે સિદ્ધિ સૂચવનારું. (પ્ર)

૨. 'તેમાં' એટલે મછવામાં. (પ્ર)

૩. 'નિરોધ' એટલે બંધન. મછવાની બહાર દરીઓ હોવાથી તેની બહાર જવાતું નથી.

એ રીતે (ભગવાનના ચરણારવિંદના) ગુણો અને (કામનાના) દોષો જાણીને પણ બીજો માર્ગ ન હોવાથી, અને પ્રવૃત્ત થએલા કામનો ઉપાય નહિ હોવાથી નીચેના શ્લોકમાં પોતાને માટે પણ ભગવાનની પ્રાર્થના કરે છેઃ

**તથા સ ચાહં પરિવોઢુકામઃ સમાનશીલાં ગૃહમેધિધેનુમ્ ।।**

**ઉપેયિવાન્મૂલમશેષમૂલં દુરાશયઃ કામદુઘાઽઙ્ઘ્રિપસ્ય ।।૧૫।।**

અને હું તે (તેવો) છું. હું દુષ્ટ અંતઃકરણવાળો (મારી) સમાન સ્વભાવવાળી ગૃહસ્થોની ગાયરૂપ (પત્ની)ને પરણવાની ઈચ્છાથી કામનાઓ આપનાર વૃક્ષનાં મૂલ, સર્વનાં મૂલરૂપ (આપના ચરણારવિંદ) સમીપ આવ્યો છું. ૧૫.

અને હું તેવો છું. એમ જાણવા છતાં પણ પ્રકટ કામવાળો છું. તેથી જ પરણવાની ઈચ્છાવાળો છું. (મારા) પોતાના યોગનાં બલથી સ્ત્રીઓ ઉત્પન્ન કરીને ભોગ કરવાની ઈચ્છાવાળો નથી, તેમજ તેવી રીતે ઉત્પન્ન કરેલી (સ્ત્રીઓ) બ્રહ્માના કાર્યમાં ઉપયોગી પણ ન થાય. તે[1] હલકી હોય. તેવી જોઈતી નથી એમ જણાવવા 'સમાન સ્વભાવવાળી' એમ કહેલું છે. સમાન છે સ્વભાવ જેનો તેવી (સ્ત્રી જોઈએ).

ત્યારે સંતાન પૂર્ણ થાય. આથી એમ જણાવેલું છે કે ભગવાન્ સદાનંદે જ તેને ઉત્પન્ન કરેલી છે. વળી માત્ર કામની ઇચ્છાવાળી જ નહિ. પરંતુ ધર્મ વિગેરેની પણ જરુર છે; કારણ કે જે 'ગૃહમેધિનઃ' ઘરમાં જેમની બુદ્ધિ રહેલી છે અને જેઓ ધર્મ અર્થ અને કામમાં આસક્તિવાળા છે, તેઓને ધર્મ વિગેરે આપનારી (જે) ગાય, તેવી (પત્ની)ને પરણવાની ઇચ્છાવાળો હું આપ કામનાઓ આપનાર વૃક્ષનાં મૂલ પાસે આવ્યો છું. કલ્પવૃક્ષનાં મૂળ પાસે ગએલાને, ભગવાને કલ્પવૃક્ષમાં જેટલી શક્તિ મૂકેલી છે તે સર્વ પ્રાપ્ત થાય છે. તે વિષયમાં પ્રવીણ ભગવાનનાં બે ચરણારવિંદ તો તેથી પણ ઉત્તમ છે, એમ 'સર્વના મૂલરૂપ' શબ્દથી કહેલું છે, કારણ કે કલ્પવૃક્ષ સર્વનું મૂલ નથી, તેમજ દેવહૂતિ આપવાની તેની શક્તિ નથી. ''ચિત્તશુદ્ધિ માટે પ્રાર્થના કર, અથવા (તે) પ્રાપ્ત કર. આ (દેવહૂતિ)થી શું વળવાનું ?'' એવી શંકા થાય, તેથી 'દુષ્ટ અંતઃકરણવાળો' એમ કહેલું છે. અંતઃકરણની શુદ્ધિ (થએલી) ન હોવાથી, તે સ્થિતિ થવાની નથી. જેમ આપ સંસારરૂપ સાગરના મછવા છો, તેમ કલ્પવૃક્ષ પણ છો. તેથી પત્ની માટે પણ (આપનું) ભજન (કરવું) યોગ્ય જ છે એવો ભાવ છે. ૧૫.

૧. 'તે' એટલે પોતાને માટે યોગથી ઉત્પન્ન કરેલ પદાર્થો ( સ્ત્રીઓ ) ( પ્ર ).

''વરથી (વર તરીકે) અંતઃકરણની શુદ્ધિ જ કેમ માગતો નથી ? અભિલાષા પૂર્ણ કરવાથી શું વળવાનું ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**પ્રજાપતેસ્તે વચસાઽધીશ તન્ત્યા લોકઃ કિલાઽયં કામહતોઽનુબદ્ધઃ ।।**
**અહં ચ લોકાઽનુગતો વહામિ બલિં ચ શુક્લાઽનિમિષાય તુભ્યમ્ ।।૧૬।।**

હે અધીશ ! ખરેખર કામથી દુઃખી થએલો આ લોક આપના પ્રજાપતિની વાણીરૂપ દોરડાંથી બંધાએલો છે, અને હે વિશુદ્ધ ! લોકને અનુસરનારો હું કાલરૂપ આપનું પૂજન કરું છું. ૧૬.

માત્ર કામ નથી, પરંતુ (મારા) પિતાની આજ્ઞા પણ છે, અને તે વૈષ્ણવ, આપના પુત્ર છે. તેથી આપના જે પ્રજાપતિ, તેમની વાણીથી (બંધાએલ છે); અથવા લોકના વિચાર પ્રમાણે–જેમ ગામડામાં રહેનારાઓને ગામડાનો પતિ જ મહારાજા છે તેમ – તે આપ જ છો. લોકોથી બ્રહ્માના વાક્યનું ઉલ્લંઘન ન થાય, એમ 'આપનાં (પ્રજાપતિ)ની વાણીરૂપ દોરડાંથી આ બધોએ કામથી દુઃખી થએલો લોક બંધાએલો છે' શબ્દોથી કહે છે. 'ત્રણ ઋણ ફેડીને મોક્ષમાં મન કરવું' અને 'જન્મતો બ્રાહ્મણ ખરેખર ત્રણ ઋણો સાથે જન્મે છે', એવા પ્રકારનાં શ્રુતિ અને સ્મૃતિનાં વચનો કામવાળાઓના સંબંધમાં છે. તેથી કામવાળો જો જૂદા પ્રકારે વર્તે તો જરુર પડે. તેથી જેમનાં સામર્થ્યનું ઉલ્લંઘન થઈ ન શકે તેવા હે અધીશ ! બધોએ લોક

કામથી દુઃખી થએલો બંધાએલો જ છે.

એ પ્રમાણે સામાન્ય રીતે કામથી દુઃખી થએલાએ ત્રણ ઋણો ફેડવાં જોઈએ એમ કહીને, પોતે લોકમાં ન હોવા છતાં કામવાળો અને લોકને અનુસરનારો છે એમ ઉત્તરાર્ધથી કહે છે. હે વિશુદ્ધ ! વળી હું આપનું પૂજન કરું છું. આ (મારામાં) અધિક છે, કારણ કે હું પણ (આપનો) ભક્ત છું. તેથી ત્રણ[1] કાર્યો માટે મને પત્ની આપવી જોઈએ, એવો ભાવ છે. 'હે વિશુદ્ધ !' એ સંબોધનથી એમ સૂચવેલું છે કે (પત્ની આપવાથી મને) સંસારમાં થતું કાંઈ પણ દુઃખ થશે નહિ. ૧૬.

૧. (૧) બ્રહ્માની આજ્ઞા પળાય તે માટે (૨) ત્રણ ઋણો ફેડાય તે માટે અને (૩) આપની ભક્તિ થાય તે માટે, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે પોતે લોકને અનુસરનારો સકામ ભક્ત હોવાનું કહીને, મુખ્ય ભક્તોનું નિરૂપણ કરવા નીચેના શ્લોકમાં તેઓના ગુણ કહે છેઃ

**લોકાંશ્ચ લોકાऽनुगतान् પશૂંશ્ચ હિત્વાऽऽશ્રિતાસ્તે ચરણાऽऽતપત્રમ્ ।।**
**પરસ્પરં ત્વદ્ગુણવાદસિન્ધુપિયૂષનિર્યાપિતદેહધર્માઃ ।।૧૭।।**

જેઓએ લોકોનો અને લોકોને અનુસરનારા પશુઓનો ત્યાગ કરી, આપનાં ચરણછત્રમાં આશ્રય કરેલો છે અને પરસ્પર આપના ગુણોની વાણીરૂપ સમુદ્રમાંથી નીકળેલાં અમૃતથી દેહના ધર્મોને દૂર કરેલા છે...૧૭.

ભગવાનના મુખ્ય ભક્તો ત્રણ ગુણવાળા હોય છે. (૧) પહેલાં તેઓ લોકોનો ત્યાગ કરે છે, (૨) ત્યાર પછી આપનાં ચરણછત્રનો આશ્રય કરે છે, પ્રકારે (૩) જે પ્રકારે દેહ વિગેરે ભૂલી જવાય તેવી રીતે સદા તેવા (મુખ્ય ભક્તો) સાથે ભગવાનના ગુણોનું ગાન કરે છે. જો આમાંથી એક પણ (ગુણ) ઓછો હોય, તો તે વૈષ્ણવ મુખ્ય નથી. (૧) જેમ લોકોનો ત્યાગ કરવાનો છે, એવી જ રીતે ભગવાનના ભક્તો પણ જો લોકને જ અનુસરનારા હોય તો તેઓનો પણ ત્યાગ કરવો જ જોઈએ લોકોના કરતાં પણ આમનો ખાસ ત્યાગ કરવો જોઈએ, એ વિષયનું કારણ 'પશુઓ' શબ્દથી કહેલું છે. જો આંધળો કૂવામાં પડે તો તે યોગ્ય છે. જો આંખવાળો (દેખતો) પડે, તો તે મોટો આંધળો છે એમ જાણવું. (૨) પછી છત્ર (રૂપ ચરણ) ગ્રહણ કરીને ચરણનું શરણ લેવું જોઈએ. અત્યારની[1] પેઠે ભગવાન્ જેના ઉપર પ્રસન્ન થાય, તે જો તેમ થતાં (ભગવાનને) શરણ આવે, તો મુખ્ય (ભક્ત) થાય છે. (૩) પોતાની[2] મેળે ગુણો કહેવાથી રસ પ્રકટ થતો નથી અને અભિમાન થાય, તેથી જો સમાન (ભક્તો) હોય તો પરસ્પર (ગુણો) કહેવા. તેમાં પણ આપના ગુણોનું જેમાં કથન છે, તેવી વાણી સમુદ્ર જ છે, તેમાંથી મથનથી જેમ ઉત્પન્ન થએલું હોય તેવું જે અમૃત,

તેને લીધે સારી રીતે જો ભૂખ તરસ વિગેરે દૂર કરેલાં હોય (તો મુખ્ય ભક્ત થવાય). જેઓ કથારૂપ અમૃતનું પાન કરતાં દેહના ધર્મ રહિત થાય તેઓ જ ભગવાનના ભક્તો છે, અને જે દેહના ધર્મોને દૂર કરે તે જ અમૃત છે, અને જેમનો (દેહનો ધર્મ) દૂર થાય તેમણે જ લોકોનો ત્યાગ કરેલો છે, કારણ કે બીજાઓને તેમની (લોકોની) જરુર રહે છે. જો (ભક્ત ભગવાનનાં) ચરણની છાયાનો આશ્રય કરે, તો જ (ભગવાનના ગુણોની) વાણી અંદરના તાપને દૂર કરે. જેનો તાપ બીજાની છાયાથી દૂર થાય, અને ભૂખ અન્ન વિગેરેથી દૂર થાય, તેઓ જો લોકને અનુસરનારા હોય, તો પતિત જ છે, કારણ કે તેવા સંજોગોમાં બંનેથી[3] ભ્રષ્ટ થએલા છે. તેથી (ભગવાનના મુખ્ય ભક્તનાં) ત્રણ લક્ષણો કહેલાં છે.

૧. અત્યારે જેમ કપિલ ઉપર પ્રસન્ન થયા છો અને દર્શન દીધાં છે તેમ પ્રસન્ન થઈ દર્શન દો, એવો અર્થ જણાય છે.

૨. 'પોતાની મેળે' એટલે એકલા.

૩. લોકથી અને ભગવાનના માર્ગ (ભક્તિ)થી, એવો અર્થ જણાય છે.

નીચેના શ્લોકમાં તેવા (ભક્તો)ને પ્રાપ્ત થતું ફલ કહેતાં, (તેઓને) કાલ વિગેરે પીડા કરતા નથી, એમ કહે છેઃ

**ન તેऽજરાક્ષભ્રમિરાયુરેષાં ત્રયોદશારં ત્રિશતં ષષ્ટિપર્વ ।।**
**ષણ્નેમ્યનન્તચ્છદિ યત્રિણાભિ કરાલસ્રોતો જગદાચ્છિદ્ય ધાવત્ ।।૧૮।।**

જરારહિત અક્ષ ઉપર ફરતું, તેર આરાવાળું, ત્રણસો સાઠ સાંધાવાળું, છ નેમિવાળું, અનંત પત્રોવાળું, ત્રણ નાભિવાળું, ભયંકર પ્રવાહવાળું જગતને ઝડપી લઈ દોડતું આપનું ચક્ર-એમના આયુષ્યને ઝડપી દોડતું નથી.૧૮.

આપનું ત્રણ નાભિવાળું કાલચક્ર આમનાં (મુખ્ય ભક્તોનાં) આયુષ્યને ઝડપી લઈ દોડતું નથી એવો (વાક્યનો) સંબંધ છે. કાલ સર્વથી બલવાન છે અને બીજા કોઈથી પ્રેરાએલો હોતો નથી એમ કહેવા, (તેનાં) સ્વરૂપને પ્રવાહ તરીકે કહેલું છે. ચક્ર તો બીજાએ પ્રેરેલું હોય છે. અથવા ચક્રના જેવી અમુક પ્રકારની ગતિને પ્રવાહ કહેલો છે. સંવત્સરરૂપ કાલચક્ર નાશ કરનારું હોવાથી વિકારરહિત અક્ષરરૂપ 'અક્ષ' (ધરા) ઉપર ભરાવેલું છે. મલ[1] સહિત તેર આરાવાળું કહેલું છે. તેર માસો જ (તેના) આરા છે. આ ચક્ર અખંડ છે, પણ પરિઘવાળું નથી. એક એક આરાને ત્રીસ સાંધાઓ છે. તેમ હોવાથી ત્રણસો સાઠ છે સાંધાઓ જેના (તેવું છે). આ[2] આ આધિદૈવિક ચક્ર એકસરખું જ છે. તેમ ન હોય, તો તે જ ફરી ન આવે, કારણ કે આધિભૌતિક (વર્ષરૂપ ચક્ર)માં વૃદ્ધિ અને ક્ષય થાય છે. તેથી તે (આધિદૈવિક) તેટલા (ત્રણસો સાઠ)

સાંધાવાળું હોવાનું ખોટું નથી[૨]. છ ઋતુઓ જ છે નેમિ (પરિઘ) જેની (તેવું છે). આરાઓ તો નાભિમાં અને નેમિમાં પ્રવેશ કરે છે, અને આ ત્રણ નાભિવાળું છે. સર્પના ગુંચળા પેઠે ત્રણ નાભિઓ છે, પરંતુ ચાર જ આરાઓ એક નાભિમાં પ્રવેશ કરે છે. તેથી જ[૩] આ (ચક્ર) ભયંકર છે, અને તે ચોમાસું, ઉનાળો અને શીઆળો નાભિના સ્થાને છે. અને વળી તે અનંત પત્રોવાળું છે; અને આ સંવત્સર (રૂપ ચક્ર) અંકુરવાળું છે, કારણ કે આનાં પાંદડાં હોય છે, પરંતુ (આ) પ્રાકૃત ચક્રની પેઠે સૂકાં લાકડાંનું બનેલ નથી. તેથી આનો કોઈ પણ સમયે નાશ થતો નથી. આનો પ્રવાહ પણ ભયંકર છે. તેથી જ તે જગતને ઝડપી લઈ દોડે છે. જો તે લોકની અંદર રહે[૪], તે મૂકી ન દેવાય તેવા તરીકે પણ તેનાં આયુષ્યને ઝડપી લે. કિનારાની[૫] છાયાનો આશ્રય કરે, તો પણ તે (કિનારાની છાયા) માં રહેનારાઓને મુંઝવણ (થવા)નો સંભવ હોવાથી, ફરી આવે ત્યારે કોઈ સમયે (લોકમાં) પાડી નાખે. તેની (લોકની) ઈચ્છાથી તેની સમીપ જાય, તો જરૂર પડે અને (લોકની) ઈચ્છા રહે છે. જો કથાથી દેહના ધર્મો દૂર થાય, તો જ (ઈચ્છા) દૂર થાય. એ રીતે બે[૬] (શ્લોક)થી ભક્તિમાર્ગની સરસાઈ કહી. ૧૮.

૧. 'મલ' એટલે અધિક માસ. અધિક માસ આવે તે વર્ષ તેર માસનું થાય છે.
૨....૨. અધિક માસ આવે ત્યારે ૩૬૦ થી અધિક દિવસ વર્ષના થવા છતાં, વર્ષનાં સાંધા ( દિવસો ) ૩૬૦ જ કેમ કહ્યા છે તેનો આ ભાગથી ખુલાસો કરે છે. ( પ્ર ).
૩. 'તેથી જ' એટલે સર્પનાં કુંડલાં જેવા આકારવાળું હોવાથી જ. ( પ્ર )
૪. લોક સર્વને ઝડપી જાય છે તેથી ભક્ત લોકનો ત્યાગ ન કરતાં લોકમાં રહે તો તેને પણ કાલ ઝડપી જાય, એવો અર્થ જણાય છે.
૫. લોક અને લોક બહારના પ્રદેશના કિનારા ઉપર રહે, તોપણ ત્યાંથી કદાચ લોકમાં પડાય એવી તેને મુંઝવણ રહે છે, કારણ કે ભગવાનની કથાથી દેહના ધર્મો દૂર થએલા નથી. તેથી કાલ ફરી ફરી આવતાં કોઈવાર તેનાં આયુષ્યને ઝડપી લે, એવો અર્થ જણાય છે.
૬. 'બે' એટલે સત્તરમા અને આ શ્લોકોથી.

તામસ પ્રકારથી (ભગવાન્) જગતના કર્તા છે એમ કહીને અને તેમને લીલાથી ધારણ કરેલ દેહવાળા જાણીને, નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો) થી તેમની પાસેથી ઈચ્છેલું માગે છેઃ

**એકઃ સ્વયં સન્ જગતઃ સિસૃક્ષયા દ્વિતીયયાऽऽત્મન્યધિયોગમાયયા ।।**
**સૃજસ્યદઃ પાસિ પુનર્ગ્રસિષ્યસે યથોર્ણનાભિર્ભગવાન્સ્વશક્તિભિઃ ।।૧૯।।**

(આપ) પોતે એકલા છો. જગતને રચવાની ઈચ્છાથી પોતાની અંદર (બનાવેલી) યોગમાયાથી – જેમ કરોળીઓ (જાળ રચે છે) તેમ – ભગવાન્ પોતાની શક્તિઓથી એ જગત્ રચો છો, (તેનું) પાલન કરો છો અને પછી સંહાર કરશો. ૧૯.

આપ પોતે એકલા જ છો. જ્યારે જગત્ રચવાની (આપને) ઈચ્છા થઈ, ત્યારે તેવા (એકલા) હોવા છતાં પણ 'આત્મનિ' પોતાના સ્થાનમાં (આપે) વધારાની યોગમાયા બનાવી ત્યારે તે બીજી (જગત્ રચવાના) સાધનરૂપ પ્રાપ્ત થઈ, ત્યારે બધુંએ 'એ' અસ્પષ્ટસ્વરૂપવાળું પણ જગત્ આપ રચો છો, (તેનું) પાલન કરો છો અને પછી (તેનો) સંહાર કરશો. સાહાય્ય કરનાર ન હોય ત્યારે માત્ર સાધનની જરૂર હોવાનું દૃષ્ટાંત 'જેમ કરોળીઓ' શબ્દોથી (કહેલું છે), તેમ કરવાની શક્તિ (હોવાનું) 'ભગવાન્' શબ્દથી (કહેલું છે). પોતાની સત્ત્વ વિગેરે શક્તિઓ (કરોળીઆની જાળના) તાંતણાના અંશરૂપ છે. ૧૯.

(ભગવાન્) સર્વ રચનાર હોવાથી અને પાલન કરનાર હોવાથી સ્ત્રી વિગેરે આપીને સૃષ્ટિ કરાવે તે આશ્ચર્યકારક નથી, છતાં પણ ભક્તિમાર્ગમાં તે પ્રમાણે કરાવે તે તેમને માટે પણ આશ્ચર્યકારક છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**નૈતદ્ બતાઽધીશ પદં તવેપ્સિતં યન્માયયા નસ્તનુષે ભૂતસૂક્ષ્મમ્ ॥**
**અનુગ્રહાયાઽસ્ત્વપિ યર્હિ માયયા લસત્તુલસ્યા તનુવા વિલક્ષિતઃ ॥૨૦॥**

હે અધીશ્વર ! આપ માયાથી જે અમને ભૂતસૂક્ષ્મ પ્રાપ્ત કરાવો છો, તે સ્થિતિ, અરેરે ! આપની ઈચ્છેલી નથી. હે પ્રભુ ! જ્યારે માયાથી પ્રકાશતી તુલસીમાળા દેહથી આપે દર્શન દીધાં છે ત્યારે (અમારા ઉપર) કૃપા (કરવા) માટે ભલે તેમ હો. ૨૦.

'આ' વિવાહ વિગેરે ચિહ્નોવાળી સ્થિતિ આપની ઈચ્છેલી નથી, કારણ કે આપ અધીશ્વર છો, બીજા પ્રકારથી પણ બધી સૃષ્ટિ રચવા શક્તિવાળા છો. 'વત' 'અરેરે' શબ્દ ખેદ દર્શાવવા (યોજેલ છે). અને અમો ભક્તોને સંસાર પ્રાપ્ત કરાવનારાં 'ભૂતસૂક્ષ્મ' એટલે અહંકાર અથવા તન્માત્રાઓ આપ જે 'તનુષે' પ્રાપ્ત કરાવો છો, આ આપનું ઈચ્છેલું નથી. સહજ જગત્ ઉત્પન્ન કરતાં આપે ભક્તો માટે વિષયો બનાવેલા નથી, એવો અર્થ છે. ''એમ છે, ત્યારે બીજાઓ માટે ઉત્પન્ન કરેલા વિષયો તું શા માટે માગે છે ?'' એવી શંકા થાય, તેથી 'કૃપા (કરવા) માટે ભલે હો' એમ કહેલું છે. બીજા માટે કરેલ હોવા છતાં પણ કૃપા કરીને બીજાને દેવા યોગ્ય છે, તેથી જ કૃપા (કરવા) માટે તેમનું દાન હો. 'અપિ' 'હે પ્રભુ' એ સંબોધન સ્નેહથી (કહેલું છે), અને આ (શબ્દ) અવ્યય છે. ''કૃપાથી પણ (એક માટે રચેલું બીજાને આપવારૂપ) ફેરફાર કેમ કરી શકાય ?'' એવી શંકા થાય, તેથી 'જ્યારે માયાને લીધે પ્રકાશતી તુલસીવાળા દેહથી આપે ઉત્તમ પ્રકારે દર્શન દીધાં છે' એમ કહેલું છે. આપે ભક્તો માટે અથવા પોતાને માટે કાંઈ પણ રચેલું નથી. તેવા સંજોગોમાં બીજાઓને

માટે જ રચેલાં સત્ત્વનાં કાર્યોથી પોતાનો દેહ ઉત્પન્ન કરી, અને તુલસી વિગેરે આભરણો ધારણ કરી, 'આ વિષ્ણુ છે' એમ જ્યારે આપને પ્રસિદ્ધ કરો છો, ત્યારે (મને) ભક્તને પણ જેવા ઈચ્છેલા તેવા વિષયો પ્રાપ્ત કરાવો એવો અર્થ છે. તામસ પ્રકારમાં તો આવા પ્રકારની[1] જ સૃષ્ટિ થાય છે. ૨૦.

૧. 'આવા પ્રકારની' એટલે બીજા માટે રચેલાં સત્ત્વના કાર્યોની બનાવેલી. (પ્ર) વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લઈ અર્થ કરેલો છે.

એ પ્રમાણે પોતાનું ઈચ્છેલું જણાવીને, (ભગવાન્) તે આપે તે માટે નીચેના શ્લોકમાં (તેમને) નમન કરે છેઃ

**તં ત્વાનુભૂત્યોપરતક્રિયાર્થં સ્વમાયયાઽઽવર્તિતલોકતન્ત્રમ્ ।।**
**નમામ્યભીક્ષ્ણં નમનીયપાદસરોજમલ્પીયસિ કામવર્ષમ્ ।।૨૧।।**

અનુભૂતિથી જેમને ક્રિયાનાં પ્રયોજન નથી, જેમનાથી પોતાની માયાથી લોકની રચના વારેવારે થએલી છે, જેમનાં ચરણકમલ નમન કરવા યોગ્ય છે, જે નજીવાને પણ ઈચ્છેલું આપનાર તે આપને વારંવાર નમન કરું છું. ૨૧.

સર્વ પ્રકારથી વર્ણવેલા આપને હું નમન કરું છું, એવો વાક્યનો સંબંધ છે. ભગવાન્ પોતે અનુભવ કરાતા પોતાના આનંદથી જ પૂર્ણ હોવાથી, પોતાને માટે કાંઈ પણ ક્રિયા કરતા નથી, તેથી અનુભૂતિ (પોતાના આનંદના અનુભવ)થી જ જેમને ક્રિયાનાં પ્રયોજન નથી તેવા છે, અને (૧) દુઃખ ન હોવું તે અને (૨) સુખ (થવું) એવાં ક્રિયાનાં બે પ્રયોજન હોય છે. જગતનાં કારણ (થવા)ની ક્રિયા પણ (ભગવાન્) પોતાની મેળે કરતા નથી, પરંતુ માયાથી (કરે છે), એમ 'પોતાની માયાથી' શબ્દથી કહેલું છે. ઘણા પ્રકારે વારંવાર થએલી છે 'લોકતન્ત્રં' લોકની રચના જેમનાથી તેવા (ભગવાન્ છે), કારણ કે પોતાને અધીન માયાથી જ તે ઘણા પ્રકારે સૃષ્ટિ કરે છે. તેથી આવા (ભગવાન્)ને હું વારંવાર નમન કરું છું. વળી આ નમન નવું નથી, એમ બધાએ 'નમન કરવા યોગ્ય જ છે ચરણકમલ જેમનું' એ વિશેષણથી કહેલું છે. ચાલુ કામમાં ઉપયોગ થાય તે માટે, 'નજીવાને પણ ઈચ્છેલું આપનાર' એ ગુણ કહે છે. નજીવા વિષયમાં પણ, અથવા (નજીવા) પુરુષને પણ જે ઈચ્છેલું હોય તે (ભગવાન્) આપે છે, એવો અર્થ છે. મેં તો ગૃહસ્થપણું જ માગ્યું, અને (આપ) અલૌકિક (ફલ) આપશો, એવો ભાવ છે. ૨૧.

(તેણે) માગણી કરી, ત્યારે અદ્‌ભુત કર્મ કરનાર ભગવાને શું કર્યું? એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહેલો છેઃ

।। મૈત્રેય ઉવાચ ।।

**ઈત્યવ્યલીકં પ્રણુતોઽબ્જનાભસ્તમાબભાષે વચસાઽમૃતેન ।।**
**સુપર્ણપક્ષોપરિ રોચમાનઃ પ્રેમસ્મિતોદ્વીક્ષણવિભ્રમદ્ભ્રૂઃ ।।૨૨।।**

એ પ્રમાણે નિષ્કપટ રીતે પ્રણામ કરાએલા, ગરુડની પક્ષ ઉપર શોભતા, પ્રેમ અને સ્મિતવાળી દષ્ટિને લીધે ભમતી ભ્રમરવાળા કમલનાભે અમૃતવાણીથી તેને (નીચે પ્રમાણે) કહ્યું. ૨૨.

જેવું (કર્દમના) હૃદયમાં હતું તેવું કહેલ હોવાથી (તેનું) નિષ્કપટપણું હતું. આ (તેનું) સ્વરૂપ કહ્યું. ભગવાનને તો સારી રીતે પ્રણામ કર્યા. (કર્દમનાં) તપ ભક્તિ વિગેરે તો ભવિષ્યમાં ફળશે, આ તો સ્તુતિ (કરી તે)નું ફલ (થયું) એમ જણાવ્યું. કમલનાભ શબ્દથી (એમ કહેલું છે કે ભગવાન્) જગત્ રચનારા હોવાથી, (તેનું) સાધન (વિવાહ વિગેરે) ઈચ્છેલ જ છે. ''વિષયોનું દાન કરવાથી કદાચ (કર્દમનું) મૃત્યુ થાય'' એવી શંકા થાય, તેથી 'અમૃત વાણીથી' એમ કહેલું છે. તેવાપણું (અમૃતપણું) પ્રાપ્ત થાય તે માટે 'ગરુડની પક્ષ (પાંખ) ઉપર શોભતા જ' (ભગવાને) કહ્યું. 'પક્ષ' 'પક્ષ' શબ્દથી કાલનો પક્ષપાત પણ જણાવેલો છે, જેને લીધે તેણે પરિત્યાગ વિગેરે (અમૃતપણાનાં) સાધનો પણ કર્યાં. ભગવાન્ સાથે સંવાદ થાય, ત્યારે આની માયા દૂર ન થાય એવા વિચારથી, (ભગવાને) સ્મિત કરી (તેના ઉપર) દષ્ટિ કરી, અને તેને સંસારની સ્થિતિ પ્રાપ્ત ન થાય તે માટે પ્રેમ(વાળી દષ્ટિ કરી). દષ્ટિ સરસાઈ કરાવનારી છે, તે માટે ભમતી હતી ભ્રમર જેમની તેવા (ભગવાન્ થયા). દેહનો ત્યાગ મોક્ષમાં સરસાઈ કરાવનારો છે. એ રીતે બધોએ ભવિષ્યનો વૃત્તાંત સૂચવતાં (ભગવાને) કહ્યું, એવો અર્થ છે. ૨૨.

**સ્વસિદ્ધાન્તં કામનાયાઃ પૂરણં દ્વિવિધં તથા ।।**
**તવ ચ ત્વત્પિતુશ્ચૈવ મદાજ્ઞાન્યાસ એવ ચ ।।૧૩।।**
**એવં કૃતે ત્વહં તુષ્ટઃ પુત્રસ્તે ભવિતા શુભઃ ।।**

પોતાનો સિદ્ધાંત, તથા તારી અને તારા પિતાની એવી બે પ્રકારની કામનાઓને પૂર્ણ કરવાનું, અને સંન્યાસ (લેવાની) મારી આજ્ઞા. એ પ્રમાણે કરવામાં આવતાં પ્રસન્ન થએલો હું તારો પ્રસિદ્ધ પુત્ર થઈશ. કા. ૧૩ $^{1}/_{2}$.

બે શ્લોકોથી ભગવાનના શાસ્ત્રનો સિદ્ધાંત કહે છેઃ

।। શ્રીભગવાનુવાચ ।।

**વિદિત્વા તવ ચૈત્યં મે પુરૈવ સમયોજિ તત્ ।।**
**યદર્થમાત્મનિયમૈસ્ત્વયંવાહં સમર્ચિતઃ ।।૨૩।।**

તારો ચિત્તનો ભાવ જાણીને, જેને માટે દેહને વશ રાખીને તેં જ મારું પૂજન

કરેલું છે તે મેં પહેલેથી જ ગોઠવી રાખેલું છે. ૨૩.

**ભક્તસ્ય હૃદયે કામસ્તદૈવ સ્યાદ્યદા પુરા ॥૧૪॥**

**ભગવાન્પૂરકં કુર્યાત્સિદ્ધ એવ હિ સાધનમ્ ॥**

જ્યારે ભગવાન્ પહેલાં (ભક્તની ઈચ્છા) પૂર્ણ કરવાનું કરે, ત્યારે જ ભક્તના હૃદયમાં ઈચ્છા થાય, કારણ કે (કામ) સિદ્ધ થએલ હોય ત્યારે જ સાધન (કરાવે છે). કા.૧૪[૧]/૨.

**અતો હિ સર્વમાર્ગાણાં ભગવન્માર્ગ ઉત્તમઃ ॥૧૫॥**

**સફલાન્યેવ સર્વાણિ સાધનાન્યત્ર સર્વદા ॥**

તેથી બધા માર્ગોમાં ભગવન્માર્ગ ઉત્તમ છે, કારણ કે આ (માર્ગ)માં સર્વ સાધનો સદા સફલ જ હોય છે. કા.૧૬[૧]/૨.

તારો 'ચૈત્યં' ચિત્તનો ભાવ જાણીને તેં માગ્યું તે પહેલાં જ મેં તે ગોઠવી રાખેલું છે. ''આપે શું ગોઠવી રાખેલું છે ?'' એવી શંકા થાય, તેથી (કર્દમને) ભય ન રહે તે માટે ઉત્તરાર્ધ કહેલો છે, જે ઈચ્છા (પૂર્ણ થાય તે) માટે તપ વિગેરે દેહને વશ રાખનારાં (કાર્યો) સાથે ભક્તિથી તેં જ મારું પૂજન કરેલું છે. જો મેં તે કરેલું (ગોઠવી રાખેલું) ન હોત, તો અંતર્યામીની પ્રેરણાને લીધે તેં મારું જ પૂજન કેવી રીતે કર્યું હોત ? તેથી મારું પૂજન સફલ થાય તે માટે, '(તારી ઈચ્છા) સફલ જ ઉત્પન્ન થાઓ' એવા વિચારથી મેં પહેલાંથી જ કરેલું (ગોઠવેલું) છે. ૨૩.

''પૂજન પાછલથી કેમ ન ફલ આપે ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**ન વૈ જાતુ મૃષૈવ સ્યાત્પ્રજાધ્યક્ષ મદર્હણમ્ ॥**

**ભવદ્વિધેષ્વતિતરાં મયિ સંગૃભિતાઽઽત્મસુ ॥૨૪॥**

હે પ્રજાધ્યક્ષ ! મારું પૂજન ખરેખર નિષ્ફલ થતું નથી જ. મારામાં જેમનો આત્મા પ્રસન્ન થાય છે તેવા તમારા જેવા માટે જરાએ (નિષ્ફલ થતું નથી). ૨૪.

મારું પૂજન કોઈ પણ સમયે 'મૃષા' ફલ વિનાનું હોતું નથી. કાલના ભેદથી પણ[૧] મારાં ભજનને ફલનો સંબંધ ન હોવાનું બનતું નથી. ભગવચ્છાસ્ત્રમાં અદષ્ટ વિગેરે ન હોવાથી, અને ભગવાન્ ક્રિયારૂપ[૨] ન હોવાથી, તે સમયે ભજન બંધ થએલ હોવાથી ભજનનાં ફલ પ્રાપ્ત ન થાય. પહેલાં તૈયાર કરેલી સામગ્રી માગેલી હોવાથી, સમાન સમયમાં[૩] પણ ફલ ઉત્પન્ન ન થાય. જો પહેલેથી ફલ ઉત્પન્ન કરવામાં ન આવે, તો બધાએ મતો પ્રમાણે ફલનો એક ભાગ અટકી પડે. તેથી મારાં ભજનનો

સ્વભાવ જ તેવો (ફલ આપવાનો) હોવાથી, પહેલાં જ ફલ ઉત્પન્ન થાય છે. વળી ભક્ત ન હોય તેવાઓમાં ભક્તિનો વિરોધ હોવાથી મારું પૂજન જૂદા પ્રકારનું (ફલ વિનાનું) પણ થાય, પરંતુ તમારા જેવામાં તો તે જૂદા પ્રકારનું થવાની શંકા નથી જ, એમ ઉત્તરાર્ધથી કહે છે. 'અતિતરામ્' એટલે સંપૂર્ણ રીતે નિષ્ફલ થતું નથી, કોઈ પણ ભાગથી જૂદા પ્રકારનું થતું નથી. 'મારામાં જેઓનો આત્મા પ્રસન્ન થાય છે તેવા' શબ્દોથી તે (ભજન નિષ્ફલ ન થવા દેવાનો) પ્રકાર જ કહેલો છે. મારામાં સારી રીતે 'ગૃભિતઃ' પ્રસન્ન થએલો છે આત્મા જેમનો, તેઓ માટે (નિષ્ફલ થતું નથી).૨૪.

૧. જીવ માગે છે, તેનાં સાધન કરવાના પહેલાના સમયનાં રૂપથી પણ (મારું ભજન ફલરહિત નથી), એવો અર્થ છે, અને તેથી ભગવાનના ભજનના વિષયમાં ફલ અને સાધનનાં જ્ઞાન અને વ્યવહાર, સર્વત્ર રહેલ છે તેને બોલાવવામાં આવે ત્યારે ઉપયોગી થાય છે એવો ભાવ છે. (પ્ર)

૨. ફલ ભવિષ્યમાં આપનારું અદષ્ટ ઉત્પન્ન થતું નથી, અને ભગવાન્ પણ ક્રિયારૂપ ન હોવાથી પૂજન પછીના સમયે ફલ આપવાની ક્રિયા થતી નથી, એવો અર્થ જણાય છે.

૩. 'સમાન સમયમાં' એટલે ફલ માગે તે સમયે. (પ્ર)

એ પ્રમાણે સિદ્ધાંત કહીને, સામાન્ય રીતે ઈચ્છા પૂર્ણ કરીને, નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી ખાસ પ્રકારથી (તેની કામના) પૂર્ણ કરે છેઃ

**પ્રજાપતેઃ સુતઃ સમાટ્ મનુર્વિખ્યાતમઙ્ગલઃ ।।**
**બ્રહ્માવર્તં યોઽધિવસન્ શાસ્તિ સપ્તાર્ણવાં મહીમ્ ।।૨૫।।**
**સ ચેહ વિપ્ર રાજર્ષિર્મહિષ્યા શતરૂપયા ।।**
**આયાસ્યતિ દિદક્ષુસ્ત્વાં પરશ્વો ધર્મકોવિદઃ ।।૨૬।।**

પ્રજાપતિનો પુત્ર, ચક્રવર્તી, પ્રખ્યાત સદાચારવાળો મનુ, જે બ્રહ્માવર્તમાં રહી સાત સાગરવાળી પૃથ્વી ઉપર રાજ્ય કરે છે, તે ધર્મમાં પ્રવીણ રાજર્ષિ, હે વિપ્ર! મહારાણી શતરૂપા સાથે તને મળવાની ઈચ્છાથી પરમદિવસે અહિં આવશે.૨૫-૨૬.

**શ્વસુરાધિક્યકથનં તત્સમાગમ એવ ચ ।।૧૬ ।।**
**કન્યાદાનં તતઃ કન્યારુચિસ્ત્વયિ ચ વર્ણ્યતે ।।**

સસરાની સરસાઈ કહેવી (૨૫), અને તેની સાથે સમાગમ જ (થવાનું કહેવું) (૨૬), કન્યાદાન (૨૭) અને પછી તારી (કર્દમની) કન્યામાં રુચિ (૨૮) વર્ણવવામાં આવે છે. કા.૧૬[૧]/૨.

આરંભમાં મનુની સરસાઈ કહે છે. પ્રજાપતિ બ્રહ્માનો (તે) પુત્ર છે. આથી ઉત્તમ વંશ કહ્યો. 'ચક્રવર્તી' રાજા છે. (આથી) સંપત્તિ કહી. 'મનુ' શબ્દથી ધર્મ (કહ્યો). ' પ્રખ્યાત સદાચારવાળો' વિશેષણથી કીર્તિ (કહી). પ્રસિદ્ધ છે 'મંગલં'

સદાચાર જેનો, તેવો (તે છે). બ્રહ્માવર્ત દેશમાં રહી, સાત સાગરવાળી બધીએ પૃથ્વી ઉપર રાજ્ય કરે છે, એમ દેશ અને સ્વ (મનુનો પોતાનો) ધર્મ કહ્યા. 'સરસ્વતી અને દૃષદ્વતી બે દેવનદીઓની વચ્ચેનો જે પ્રદેશ, તે દેવોએ રચેલા દેશને બ્રહ્માવર્ત કહે છે.' એ હાલ 'કુરુક્ષેત્ર' નામથી પ્રસિદ્ધ છે. એ પ્રમાણે મનુ સર્વ પ્રકારથી ઉત્તમ (હોવાનું) કહ્યું. ૨૫.

છવીસમા શ્લોકમાં તે આવશે એમ કહે છે, કારણ કે ભક્તો પોતે માગતા નથી. આવે ત્યારે (તેનું) સ્વાગત કરવા 'હે વિપ્ર !' એવું સંબોધન કરેલું છે, કારણ કે વિપ્રો પાછલથી બુદ્ધિવાળા થાય છે. સત્કાર ન કરે તો અભિમાન દોષ થાય. તે ન થાય તે માટે સંબોધનથી ઉપદેશ કરે છે. 'રાજર્ષિ' શબ્દથી (મનુની સત્કાર માટે) યોગ્યતા (કહેલી છે). પત્નીની પણ સંમતિ થાય તે માટે, તેની સાથે આવશે. તે વિઘ્ન નહિ કરે એમ જણાવવા તેની ચતુરાઈ કહેવા 'શતરૂપા' એમ કહેલું છે. (તું) વિવાહ[1] (કરવાનો છે કે નહિ તે) જાણેલ ન હોવાથી તને મળવાની ઈચ્છાથી જ આવશે, અને આ વૃત્તાંત બહુ દૂર નથી એમ 'પરમ દિવસે' શબ્દથી કહેલું છે. 'ધર્મમાં પ્રવીણ' વિશેષણથી (એમ જણાવ્યું છે કે) ''પોતે (વર પાસે) આવીને વિધિ પ્રમાણે કન્યાને શણગારીને જે ઉત્તમ વરને (કન્યા) આપે છે તે 'કૂકુદ' કહેવાય છે''. તેથી (મનુ) કન્યાદાન કરવાના ધર્મને જાણે છે. ૨૬.

૧. કર્દમ વિવાહ કરવા ઈચ્છે છે એમ મનુએ સાંભળેલું ( ૩।૨૨।૧૪ ), પરંતુ તે તેના જાણવામાં ન હતું, એવો અર્થ જણાય છે.

આવીને (તે તને) કન્યા આપશે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**આત્મજામસિતાપાઙ્ગીં વયઃશીલગુણાઽન્વિતામ્ ।।**
**મૃગયન્તીં પતિં દાસ્યત્યનુરૂપાય તે પ્રભો ।।૨૭।।**

હે પ્રભો ! શ્યામ નેત્રવાળી, વય શીલ અને ગુણવાળી, પતિને શોધતી પુત્રીને તેના જેવા તને તે આપશે. ૨૭.

કારણ કે કન્યાદાન કરવામાં પિતા મુખ્ય અધિકારી છે. 'શ્યામ નેત્રવાળી' છે. કુદરતી નેત્રના અંત સુધી શ્યામપણું હોય, તે સર્વ ઉત્તમ લક્ષણો સૂચવનારું છે. 'વય' જુવાની, 'શીલ' પતિવ્રતાપણું, 'ગુણો' સ્ત્રીનાં લક્ષણો (વાળી તે છે). વૈરાગ્યવાળી સાથે વિવાહ (કરવો) યોગ્ય ન હોવાથી 'પતિને શોધતી' વિશેષણ કહેલું છે. તું પણ તેવો પત્નીને શોધતો હોવાથી, તેના જેવાને તને તે આપશે. (ભગવાને) પોતાનું સામર્થ્ય તેને આપેલું છે એમ જણાવવા 'હે પ્રભો !' એવું સંબોધન કરેલું છે. તેથી તેને એમ જણાવેલું છે કે 'સ્ત્રીઓને ભોગના જેટલા પદાર્થની જરૂર છે તે

બધોએ મેં તને આપેલ છે'. ૨૭.

આ ન જાણવા છતાં પણ તે તારી સેવા કરશે એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સમાહિતં તે હૃદયં યત્રેમાન્ પરિવત્સરાન્ ।।**
**સા ત્વાં બ્રહ્મન્ નૃપવધૂઃ કામમાશુ ભજિષ્યતિ ।।૨૮।।**

હે બ્રહ્મન્ ! તારું હૃદય જેનું આ વર્ષો સુધી ચિંતન કરતું હતું તે નૃપવધૂ (તને) સુખ થાય તે પ્રમાણે સત્વર તારી સેવા કરશે. ૨૮.

જે દેવહૂતિનું તારૂં હૃદય ચિંતન કરતું હતું (તે તારી સેવા કરશે). 'આ વર્ષો' ગણત્રીનાં દશ હજાર વર્ષો સુધી (ચિંતન કરતું હતું). ઘણો સંયોગ જણાવવા બીજી (વિભક્તિ) (યોજેલી છે).

તે દેવહૂતિ તારી સેવા કરશે. રાજાની કન્યાને ઋષિ ગમતો નથી, છતાં પણ મારી ઈચ્છાથી તારી સેવા કરશે. કહેલા વિષયમાં (કર્દમની) સંમતિ જણાવવા 'હે બ્રહ્મન્' એવું સંબોધન કરેલું છે. 'નૃપવધૂ' એટલે વધૂની પેઠે સારી રીતે રક્ષણ કરાએલી, રાજાની કન્યા. પિતાના ઘરમાં ચંચલપણું સંભવતું હોવાથી, તે ન હતું એમ જણાવવા ('નૃપવધૂ' એમ) કહેલ છે. 'કામમ્' એટલે (તને) સુખ થાય તે પ્રમાણે, પરંતુ (તારી) અવગણના કરીને નહિ (સેવા કરે). (પરસ્પર) પ્રેમવાળાં બેને રતિસુખ થાય, તેથી બંનેનો પ્રેમ કહેલો છે. ૨૮.

**યાત આત્મભૃતં વીર્યં નવધા પ્રસવિષ્યતિ ।।**
**વીર્યે ત્વદીયે ઋષય આધાસ્યન્ત્યઞ્જસાઽઽત્મનઃ ।।૨૯।।**

જે પોતાની અંદર ધારણ કરેલાં તારાં વીર્યનો નવ પ્રકારે પ્રસવ કરશે. ઋષિઓ તારાં વીર્યમાં સહેલાઈથી પુત્રો ઉત્પન્ન કરશે. ૨૯.

પછી તારે સંપૂર્ણ રીતે તેનો ભોગ કરવો. જૂદા જૂદા પ્રકારે સ્થાપન કરેલાં બીજોને પણ પોતાની શક્તિથી એક પ્રકારે એકપણું પ્રાપ્ત કરેલાંને પોતાની અંદર ધારણ કરેલાંનો તે નવ પ્રકારે પ્રસવ કરશે. તે નવે કન્યાઓ જ થશે. પછી તારાં વીર્યમાં એટલે (તે) કન્યાઓમાં મરીચિ વિગેરે ઋષિઓ 'આત્મનઃ' પુત્રો ઉત્પન્ન કરશે. તેથી (તે કન્યાઓ) તે (ઋષિ)ઓને પરણાવવી, એવો ભાવ છે. ૨૯.

પછી તારે તો સંન્યાસ ગ્રહણ કરવો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ત્વં ચ સમ્યગનુષ્ઠાય નિદેશં મ ઉશત્તમ ।।**
**મયિ તીર્થીકૃતાશેષક્રિયાર્થો માં પ્રપત્સ્યસે ।।૩૦।।**

હે સુંદર ! તું તો મારી આજ્ઞાનું સારી રીતે પાલન કરીને, હું તીર્થમાં સમર્પણ કરેલાં છે સર્વ કર્મનાં ફલ જેણે તેવો થઈ મને પ્રાપ્ત કરીશ. ૩૦.

પણ શ્રુતિને અનુસરી જીવતાં સુધી ગૃહસ્થની સ્થિતિમાં જ ન રહેવું, એવો ભાવ છે. મારી આજ્ઞા ઉપર કહેલી જ છે. તું તો (મને પ્રાપ્ત કરીશ). 'ચ' શબ્દ 'તુ' 'તો' અર્થવાળો છે. તે (દેવહૂતિ) પણ (મને) પ્રાપ્ત કરશે એમ જણાવ્યું છે. 'નિદેશમ્' આજ્ઞાનું (ઉપર) કહેલા પ્રકારથી સારી રીતે પાલન કરીને મને પ્રાપ્ત કરીશ, એવો (વાક્યનો) સંબંધ છે. 'હે સુંદર !' એ સંબોધન મારી અંદર પ્રવેશ કરવાની યોગ્યતા જણાવવા (કરેલું છે). ''કર્મ (કરેલાં) હોવાથી ભગવાનમાં પ્રવેશ કેવી રીતે થશે ?'' એવી શંકા થાય, તેથી 'હું (તીર્થમાં સમર્પણ કરેલાં છે સર્વ કર્મનાં ફલ જેણે તેવો થઈ)' એમ કહેલું છે. 'તીર્થીકૃતાઃ' તીર્થમાં સમર્પણ કરેલાં છે સર્વ કર્મનાં ફલ જેણે, તેવો તું મને પ્રાપ્ત કરીશ, એવો અર્થ છે. ૩૦.

તે પહેલાં (બ્રહ્મ) જણાવનારું જ્ઞાન તને થશે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**કૃત્વા દયાં ચ જીવેષુ દત્ત્વા ચાઽભયમાત્મવાન્ ।।**
**મય્યાત્માનં સહ જગદ્ દ્રક્ષ્યસ્યાત્મનિ ચાઽપિ મામ્ ।।૩૧।।**

જીવો ઉપર દયા કરીને તથા (તેમને) અભય આપીને આત્માવાળો તું મારી અંદર જગત્ સાથે પોતાને જોશે, અને (તારા) પોતામાં મને જોશે. ૩૧.

સર્વનો સાક્ષાત્કાર (થાય, તે)જ તે જણાવનારું (જ્ઞાન) છે. બ્રહ્મ જાણનારને જ ભગવાન્ પ્રાપ્ત થાય છે, અને 'જે જાણવામાં આવતાં આ સર્વ જાણેલું થાય છે' એ જ્ઞાનનું દષ્ટાંત છે. 'જીવો ઉપર દયા કરીને તથા (તેમને) અભય આપીને' એમ તેનું પણ દષ્ટાંત કહેલું છે. વળી (તું) પોતે બ્રહ્મની સ્થિતિ પ્રાપ્ત કરેલો (હોઈશ), બીજાઓ તો તે (સ્થિતિ) વિનાના દીન દયાપાત્ર હશે, અને આત્માપણું (તને) સ્ફુરશે, ત્યારે તો અભયનું દાન કરીશ, કારણ કે આત્માને જાણનારનું તે કામ છે. તે (અર્થ) 'આત્માવાળો' શબ્દથી કહેલો છે. 'આત્માવાળા' હોવું, એટલે મૂલ ચિદ્ રૂપનું પોતાની અંદર પ્રકટ થવું. [1]ઇન્દ્રિયો ઉપરનો વિજય તેમાં ઉપયોગનો નથી જ, કારણ કે (તે તો) પહેલાં જ પ્રાપ્ત કરેલો છે. [1]પછી સર્વનાં ધામ તરીકે મને (ભગવાનને) જોશે, એમ ઉત્તરાર્ધથી કહે છે. ભગવાનમાં પોતાના આત્માને અને જગતને તું જોઈશ. પોતામાં, અને 'ચ' 'અને' શબ્દ હોવાથી જગતમાં તું મને જોઈશ. આટલાથી આધાર અને આધેય બનેલા, અને પોતાના આધારરૂપ ભગવાનનું જ્ઞાન થયું. એ રીતે પૂર્ણબ્રહ્મનું જ્ઞાન તેને થયું એમ કહેલું છે. ૩૧.

૧...૧. 'આત્મવાન્'નો અર્થ ઇન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરેલો કરવામાં જે દોષ થાય, તે આ ભાગથી કહેલો છે. (પ્ર) વીરરાઘવાચાર્યે એવો અર્થ કરેલો છે.

એ પ્રમાણે તેને આજ્ઞા કહીને (કરીને) તેનો અંગીકાર થતાં પોતે કૃપા (કરશે

તે) નીચેના શ્લોકમાં કહે છેઃ

**સહાઽહં સ્વાંશકલયા ત્વદ્વીર્યેણ મહામુને ।।**
**તવ ક્ષેત્રે દેવહૂત્યાં પ્રણેષ્યે તત્ત્વસંહિતામ્ ।।૩૨।।**

હે મોટા મુનિ ! તારાં વીર્ય સાથે પોતાનાં અંશ અને કલાથી હું તારી પત્ની દેવહૂતિને તત્ત્વસંહિતા કહીશ. ૩૨.

'પોતાનાં અંશ અને કલાથી'. (અહિં) અંશો આનંદરૂપ છે. તે (આનંદરૂપ) જ ભગવાનના પોતાના અંશો છે. જીવો તો (ભગવાનના ચિદ્રૂપના) અંશો છે. 'કલા' એટલે જ્ઞાન અને ક્રિયાની શક્તિઓ. તેમાં જ્ઞાનકલા સાથેના આનંદ અંશરૂપ (હું) તારાં વીર્ય સાથે તારી પત્ની દેવહૂતિને સાંખ્ય સિદ્ધાંતનો બોધ કરનારી તત્ત્વસંહિતા 'પ્રકર્ષેણ' સારી રીતે 'નેષ્યે' કહીશ; કારણ કે (મને) વીર્ય અને ક્ષેત્રનો સંબંધ જ થશે, પરંતુ (મારી) જીવની પેઠે ઉત્પત્તિ થતી નથી[1]. વેદની પેઠે પુરાણોમાં (૧) સાંખ્ય (૨) યોગ (૩) પશુપતિનો મત અને (૪) વૈષ્ણવ સિદ્ધાંતનો બોધ કરનાર મંત્રોરૂપ ચાર મૂલ સંહિતાઓ છે. બધાંએ પુરાણો તેમને જરુરી છ અંગ બનેલ કાલ વિગેરેનો બોધ કરનારાં બ્રાહ્મણના સ્થાને છે[1]. તે પૈકી મૂલ સંહિતાઓ કાલથી ગૂમ થએલી હોવાથી, તેઓ પૈકીની પહેલી હું પ્રસિદ્ધ કરીશ, એવો અર્થ છે. પોતાના અંશમાં અને (કર્દમના) વીર્યમાં ભેદ નથી એમ જણાવવા (શ્લોકના) આરંભમાં જ 'સહ' 'સાથે' શબ્દ યોજેલો છે. 'હે મહામુનિ !' એ સંબોધન (કર્દમનો) તેવા હોવાનો અધિકાર જણાવવા ( કરેલું છે ). ૩૨.

૧...૧. ઋક્, સામ, યજુસ્ અને અથર્વ એ ચાર વેદોની ચાર સંહિતાઓ ( મંત્રો ) છે. તેવી ચાર પુરાણોની સંહિતાઓ છે. વેદમાં સંહિતાઓ પછી બ્રાહ્મણો (યજ્ઞ કરવાની વિધિ જણાવનારા મંત્રો) હોય છે, તેવાં બ્રાહ્મણો બધાં પુરાણો છે એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે (કર્દમની) કામના પૂર્ણ કરીને, પોતાની હાજરીમાં જીવની કામના પૂર્ણ થતી ન હોવાથી ભગવાન્ વરદાન કરી પધારી ગયા એમ નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોક)થી કહે છેઃ

।। મૈત્રેય ઉવાચ ।।

**એવં તમનુભાષ્યાઽથ ભગવાન્પ્રત્યગક્ષજઃ ।।**
**જગામ બિન્દુસરસઃ સરસ્વત્યા પરિશ્રિતાત્ ।।૩૩।।**

એ પ્રમાણે તેને કહીને, પછી અંદર વળેલી ઇન્દ્રિયોથી પ્રકટ થતા ભગવાન્ સરસ્વતીથી વીંટાએલાં બિંદુ સરોવરમાંથી પધારી ગયા. ૩૩.

'તેને' કર્દમને કહીને, (પધારી ગયા). (કર્દમ) બધું પોતે જ કરશે, પણ

(તેને) કહેવાનું જ (ભગવાન્) કરે છે. 'અથ' 'પછી' જૂદા આરંભથી (પધારી ગયા). પહેલાં દયાથી ભરપૂર (થઈ) પધારેલા, હવે ભક્તનો ઉદ્ધાર કરીને પૂર્ણ થએલ મનોરથવાળાની પેઠે પધારી ગયા. તેથી જૂદો આરંભ (કહેલો છે). તે (કર્દમ)ની અંદર મૂકેલ બ્રહ્મભાવ લઈને પધારી ગયા, એમ જણાવવા 'ભગવાન્' એમ કહેલું છે. ''ફરીથી (ભગવાન્) ક્યારે પ્રકટ થશે'' એવી શંકા થાય, તેથી તે જ સ્થિતિ દર્શાવતો હોય તેમ 'અંદર વળેલી ઈન્દ્રિયોથી પ્રકટ થતા' વિશેષણથી ભગવાનને ઓળખાવે છે, કારણ કે ઈન્દ્રિયો અંદર વળેલી થાય, ત્યારે ભગવાન્ પ્રકટ થાય છે. જ્યારે આ (કર્દમ) અંતર્મુખ થશે, ત્યારે તરત જ ભગવાન્ પ્રકટ થશે એવો અર્થ છે, કારણ કે તે 'બિંદુ સરોવર' તીર્થ ભગવાને જ બનાવેલું અને બ્રહ્મ જેની દેવતા છે તેવી સરસ્વતી છે, અને તે સરસ્વતીથી વીંટાએલું છે. ભગવદ્ભાવ અને સૃષ્ટિ એ બે ત્યાં પ્રાપ્ત થએલાં હોવાથી, સ્થાનને લીધે જ તેને બંને પ્રાપ્ત થશે એવા અભિપ્રાયથી સરસ્વતીથી વીંટાએલાં બિંદુસરોવરમાંથી ભગવાન્ પધારી ગયા એમ કહેલું છે. ૩૩.

જો (કર્દમનું) ચિત્ત બીજામાં પરોવાય તો દેશ પણ (તેને) ઉપયોગી થાય નહિ તેથી, અને તેના હૃદયમાં ભગવાનનું સ્થાપન કરવા તે દર્શન કરતો રહ્યો ત્યારે (તેમ)જ ભગવાન્ પધારી ગયા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**નનિરીક્ષતસ્તસ્ય યયાવશેષસિદ્ધેશ્વરાઽભિષ્ટુતસિદ્ધમાર્ગઃ ।।**
**આકર્ણયન્પત્રરથેન્દ્રપક્ષૈરુચ્ચારિતસ્તોમમુદીર્ણસામ ।।૩૪।।**

સર્વ સિદ્ધેશ્વરોએ સ્તુતિ કરેલા પોતાથી જ સિદ્ધ થતા માર્ગવાળા (ભગવાન્) ગરુડની પાંખોથી ગવાએલાં સામ, જેમાં સ્તુતિઓના સમૂહનો ઉચ્ચાર થતો હતો તેનું શ્રવણ કરતાં, તેના દેખતાં જ પધારી ગયા. ૩૪.

સર્વ સિદ્ધેશ્વરોએ સંપૂર્ણ રીતે સ્તુતિ કરેલો, (અને) 'સિદ્ધઃ' પોતાથી જ પૂર્ણ થતો હતો માર્ગ જેમનો તેવા (ભગવાન્ પધારી ગયા). અથવા 'સિદ્ધૈઃ' સિદ્ધોથી 'મૃગ્યતે' શોધવામાં આવે છે તે વૈકુંઠ માર્ગ છે જેમનો તેવા (ભગવાન્ પધારી ગયા). સિદ્ધોથી શોધવામાં આવે છે, એટલે ભગવાનનું પધારી જવું અને પધારવું સિદ્ધોએ ઈચ્છેલાં છે. તેથી ભગવાન્ પધારી જતાં તે (કર્દમ)ની કાંઈ અપકીર્તિ (થતી) નથી, કારણ કે (તે) ફરી પધારવાનો સંભવ છે. સિદ્ધો સાથે ભગવાનનો વ્યવહાર જ તેવા પ્રકારનો છે. સર્વ (સિદ્ધો)ની આમાં સંમતિ હતી એમ જણાવવા 'અશેષ' 'સર્વ' શબ્દ (યોજેલો છે). જેઓને સિદ્ધિની[૧] પ્રાપ્તિ થએલી છે. અને પોતે પણ સિદ્ધિઓ આપનારા[૧] છે, તેઓને પણ ભગવન્માર્ગ ઈચ્છેલું આપનારો છે, કારણ કે (તેઓને) તેથી પણ અધિક ફલની ઈચ્છા હોય છે. ''સિદ્ધોના ઈશ્વરો

ભગવાનની સદા સ્તુતિ કરે છે, તેથી તેઓનાં સ્તુતિવચનોનું શ્રવણ કર્યા વિના ભગવાન્ કેમ પધારી ગયા ?'' એવી શંકા થાય, તેથી કહે છે કે 'પત્રરથસ્ય[2]'' ગરુડની પીઠરૂપ[3] પાંખે થી રથંતર વિગેરેએ ઉચ્ચારેલો 'સ્તોમઃ' બૃહત્ વિગેરે સ્તુતિના મંત્રોનો સમૂહ[4] છે જેમાં, તેવું ગવાએલું જે 'સામ' ૠગ્વેદના મંત્રના આધારવાળાં ગીત(નું શ્રવણ કરતાં પધારી ગયા). ત્રિવૃત્ વિગેરે ચાર[5] સ્તોમ છે. બૃહત્[6] વિગેરે પણ (સામવેદના મંત્રો છે), તેઓમાં[7] ૠગ્વેદના મંત્રો મુખ્ય છે. (ગરુડની) પાંખોથી ગવાએલું જે સામ, તેનું શ્રવણ કરતાં (પધારી ગયા), એવો (વાક્યનો) સંબંધ છે. 'ઉચ્ચારિતસ્તોમમ્' 'જેમાં સ્તુતિઓના સમૂહોનો ઉચ્ચાર થતો હતો' એ વિશેષણ છે. તેથી વેદો સાક્ષાત્ ભગવાનની જ સ્તુતિ કરે છે, અને (ભગવાન્) તેનું જ શ્રવણ કરે છે, બીજાઓ તો માર્ગોની જ સ્તુતિ કરે છે એવો ભાવ છે. ૩૪.

૧. 'સિદ્ધિ' એટલે અલૌકિક શક્તિ. જેઓને તે પ્રાપ્ત થઈ તે સિદ્ધો. જેઓ સિદ્ધિ આપનારા છે તે સિદ્ધેશ્વરો, અથવા સિદ્ધોના ઈશ્વરો.

૨. 'પત્રં' પાંખ છે 'રથઃ' રથ જેનો તે 'પત્રરથઃ' પક્ષી, તેઓનો 'ઇન્દ્રઃ' ઇન્દ્ર ગરુડ છે.

૩. મધ્યાહ્ન સમયે સોમરસ કાઢતાં ગવાતાં ચાર સૂક્તો 'પૃષ્ટ' કહેવાય છે. 'સ્પર્શ' થાય તે 'પૃષ્ટ' એવી વ્યુત્પત્તિ 'પૃષ્ટ' શબ્દની કરવી. (પ્ર) એમ કરવાથી તેનો અર્થ 'પીઠ' થાય, કારણ કે ભગવાન્ ગરુડની પીઠ ઉપર વિરાજે છે.

૪. પૃષ્ટમાં સત્તર સ્તોમ (સ્તુતિઓના સમૂહ) છે. (પ્ર).

૫. ત્રિવૃત્, પંદર, સત્તર અને એકવીસ એવા ચાર (સ્તોમ) છે. (પ્ર)

૬. આ સર્વ જૂદા જૂદા સામવેદના મંત્રો છે. (પ્ર). તેમાં બૃહત્ ઉત્તમ છે. જુઓ ભગવદ્ગીતા ૧૦।૩૫.

૭. 'તેઓમાં' એટલે સામોમાં (સામવેદના મંત્રોમાં). (પ્ર). ૠગ્વેદના મંત્રો મુખ્ય છે. સામવેદના મંત્રો તેના ઉપરથી ગવાય તે રીતે રચેલા છે.

એ પ્રમાણે ભગવાને કરેલું કહીને, આ તેવી જ રીતે બન્યું એમ નીચેના શ્લોકથી (આરંભી) કહે છેઃ

**અથ સંપ્રસ્થિતે શુક્લે કર્દમો ભગવાનૃષિઃ ।।**
**આસ્તે સ્મ બિન્દુસરસિ તં કાલં પ્રતિપાલયન્ ।।૩૫।।**

પછી શુક્લ નીકળ્યા ત્યારે ભગવાન્ ૠષિ કર્દમ તે સમયની રાહ જોતા બિંદુસરોવરમાં રહ્યા. ૩૫.

'અથ' 'પછી' શબ્દ તરતનો પાછલનો સમય દર્શાવનારો છે. જે ક્ષણે શુક્લનારાયણ ભગવાન્ બિંદુસરોવરમાંથી નીકળ્યા તેજ સમયે મનુ પોતાના ઘરમાંથી નીકળ્યો. કર્દમ પણ 'ૠષિ' હોવાથી તે વૃત્તાંતને જાણતો, અને 'ભગવાન્' હોવાથી

ચિંતારહિત રહી, 'ક્યારે બે દિવસ વીતશે' એમ તે સમયની રાહ જોતો જ રહ્યો, કારણ કે ચિંતાવાળો હોય તે તે વિષયમાં પ્રયત્ન કરે. જેણે ભગવદ્‌ભાવ પ્રાપ્ત કરેલ હોય તેને જ કામના કરતાં પણ ભગવાનનું વાક્ય ઉત્તમ છે, એવો વિશ્વાસ હોય છે. ૩૫.

મનુ તો પત્ની સાથે આવ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**મનુઃ સ્યન્દનમાસ્થાય શાતકૌમ્ભપરિચ્છદમ્ ।।**
**આરોપ્ય સ્વાં દુહિતરં સભાર્યો વ્યચરન્મહીમ્ ।।૩૬।।**
**તસ્મિન્ સુધન્વન્નહનિ ભગવાન્ યત્સમાદિશત્ ।।**
**ઉપાયાદાશ્રમપદં મુનેઃ શાન્તવ્રતસ્ય તત્ ।।૩૭।।**

હે ઉત્તમ ધનુષ્યવાળા! મનુ તો સુવર્ણની સામગ્રીવાળા રથમાં બેસી, પોતાની પુત્રીને (તેમાં) બેસાડી, પત્ની સાથે પૃથ્વી ઉપર ફરતાં ભગવાને જે કહેલ હતો તે જ દિવસે સમાપ્ત થએલ વ્રતવાળા મુનિના તે આશ્રમના પ્રદેશ સમીપ આવ્યો. ૩૬।૩૭.

'શાતકૌમ્ભપરિચ્છદમ્' 'સુવર્ણની સામગ્રીવાળો' રથ વિવાહ સૂચવે છે. વિવાહ કરવા માટે નિશ્ચય કરેલો (મનુ), અંતર્યામીની પ્રેરણાથી 'તે તેમ જ થશે' એવો નિશ્ચય કરીને, પોતાની કન્યા સિવાય બીજા કોઈને પૂછવાનું ન હોવાથી, (વિવાહ કરવામાં) દંપતી (માબાપ) મુખ્ય હોવાથી (પોતાની) પત્નીની સાથે પરણાવવાની તરીકે તે (પુત્રી)ને લઈ, તેને (વિવાહ કરવાનો વૃત્તાંત) ન જણાવતાં, તેને પાછલથી આશ્ચર્યકારક (જોવા લાયક) સ્થાનોનું દર્શન થશે નહિ એવા વિચારથી પૃથ્વી ઉપર ફરવા લાગ્યો. તેણે બધાં ઉત્તમ સ્થાનો દેખાડ્યાં, એવો અર્થ છે. ૩૬.

એ રીતે બે દિવસો વીત્યા. ત્રીજે દિવસે કુરુક્ષેત્રથી બિંદુસરોવર આવ્યો એમ સાડત્રીસમા શ્લોકમાં કહે છે. પોતાનું (વિદુરનું) પુરુષાતન જણાવતાં, પોતે ઈન્દ્રિયો ઉપર કરેલ વિજય જણાવે છે એમ વિદુરને ભાન થાય તે માટે 'હે ઉત્તમ ધનુષ્યવાળા!' એવું વિદુરનું સંબોધન કરેલું છે. ભગવાનની આજ્ઞા ખોટી ન પડે તે માટે ભગવાને જે કહેલ તે જ દિવસે (મનુ) આવ્યો, પરંતુ 'કાગડાનું બેસવું અને તાડનું પડવું' એવા અકસ્માતથી તે સમયે આવ્યો ન હતો. આવું (અકસ્માતથી તે જ સમયે આવવાનું) થયું ન હતું, એમ જણાવવા માટે જ ભગવાનની આજ્ઞા કહેલી છે. આશ્રમ જે 'પદે' પ્રદેશમાં હતો 'તમુપાયાત્' તેની સમીપ આવ્યો. 'તપને લીધે તે (પ્રદેશ) તપતો હતો, ત્યારે તેના તેજને લીધે તે (તેની) સમીપ કેવી રીતે ગયો ?' એવો પ્રશ્ન થાય, તે સંબંધમાં 'સમાપ્ત થએલ વ્રતવાળા' એમ કહેલું છે. પરિસમાપ્ત

થએલું હતું તપરૂપ વ્રત જેનું તેવા (કર્દમનું) 'તત્' 'તે' પ્રસિદ્ધ (સ્થાન હતું.) (તેનું) જ્ઞાન થાય તે માટે (કોઈને) પ્રશ્ન કરવાની જરુર ન હતી. ૩૭.

ભગવાને જણાવેલો કાલ તે જ હતો એમ કહીને, સ્થાન પણ ભગવાને રચેલું હતું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યસ્મિન્ભગવતો નેત્રાન્ન્યપતન્નશ્રુબિન્દવઃ ।।**
**કૃપયા સંપરીતસ્ય પ્રપન્નેઽર્પિતયા ભૃશમ્ ।।૩૮।।**

જેની અંદર શરણ આવેલાને સંપૂર્ણ રીતે આપેલી કૃપાથી તરબોળ થએલા ભગવાનના નેત્રમાંથી આંસુનાં બિંદુઓ પડેલાં... ૩૮.

'બિન્દવઃ' બિંદુઓ છે જે 'સરસિ' સરોવરમાં, તે ( બિંદુસરોવર ), એવી બિંદુસરોવરની વ્યુત્પત્તિ તેથી જ થએલી. 'જે સરોવરની અંદર ભગવાનનાં નેત્રમાંથી આંસુનાં બિંદુઓ પડ્યાં' શબ્દોથી તે બિંદુઓની ઉત્પત્તિ કહેલી છે. 'કૃપાથી તરબોળ થએલા' વિશેષણથી બિંદુઓ પડવાનું કારણ (કહેલું છે). 'શરણ આવેલાને આપેલી' શબ્દોથી કૃપા (કરવા)નું કારણ કહેલું છે. શરણ આવેલો જ્યારે દુઃખી થાય, ત્યારે તેના ઉપર કૃપા થાય છે. કૃપાથી જે તરબોળ થાય, તે પોતાનાં સ્થાનથી ધસી આવે ત્યારે (તેનાં) નેત્રમાંથી બિંદુઓ થાય છે (પડે છે). ભગવાને પોતાની કૃપા શરણ આવેલાઓને જ આપેલી છે. તેથી સર્વ ગરીબડાઓ ઉપર ભગવાનની દયા (થતી) નથી, કારણ કે તેમણે તે શરણ આવેલાઓને આપેલી છે. તે (અર્થ) 'આપેલી' વિશેષણથી કહેલો છે. 'ભૃશમ્' એટલે સંપૂર્ણ રીતે. ૩૮.

એ પ્રમાણે (તે) દેશ અને કાલ ભગવાને કરેલા (હોવાનું) કહીને, કન્યા ત્યાં સુખપૂર્વક રહી શકે તે માટે નીચેના શ્લોકથી આરંભી છ (શ્લોકો)થી તે દેશમાં (થએલ) ભગવાનની કૃપાનું ફલ કહે છેઃ

**તદ્વૈ બિન્દુસરો નામ સરસ્વત્યા પરિશ્રિતમ્ ।।**
**પુણ્યં શિવાઽમૃતજલં મહર્ષિગણસેવિતમ્ ।।૩૯।।**

સરસ્વતીથી વીંટાએલું તે ખરેખર બિંદુસરોવર નામનું, પવિત્ર આરોગ્યકારક અને સ્વાદિષ્ટ જલવાળું, મોટા ઋષિઓના સમૂહે આશ્રય કરેલું (સ્થલ) છે. ૩૯.

ભગવાનના ગુણથી બનેલું છે એમ જણાવવા 'બિંદુસરોવર' એવું (તેનું) નામ પ્રસિદ્ધ છે. 'સરસ્વતીથી વીંટાએલું' હોવાથી ત્યાં ધર્મની પ્રાપ્તિ થાય છે. 'પરિપ્લુતમ્' 'ડૂબેલું' એવો પાઠ હોય, ત્યારે સરસ્વતીની અંદર જ કાલીયના ધરાના જેવો તે કુંડ (હોવાનું જાણવું) આરંભમાં જલનું વર્ણન કરે છે. 'પુણ્ય' (ઉત્તમ) અદૃષ્ટ[1] ઉત્પન્ન કરનારું, 'શિવં' આરોગ્યકારક, 'અમૃતં' સ્વાદિષ્ટ (જલવાળું છે).

'મોટા ઋષિઓના સમૂહે આશ્રય કરેલું' વિશેષણથી (તે વિષયનું) પ્રમાણ કહેલું છે. મોટા ઋષિઓ, જેઓ સર્વ પદાર્થોનું સત્ય સ્વરૂપ જાણે છે, તેઓના સમૂહે આશ્રય કરેલું છે, તેથી આ જલ ઉત્તમ ફલ આપનારૂં જ છે. ૩૯.

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'અદષ્ટજનકમ્' પાઠ લીધેલો છે.

જલના કીનારાનો ભાગ ઋષિઓના સમૂહે આશ્રય કરેલો હોવાનું કહીને, નીચેના શ્લોકમાં તેની પણ વાડરૂપ વનનું વર્ણન કરે છેઃ

**પુણ્યદ્રુમલતાજાલૈઃ કૂજત્પુણ્યમૃગદ્વિજૈઃ ।।**
**સર્વર્તુફલપુષ્પાઢ્યં વનરાજિશ્રિયાઽન્વિતમ્ ।।૪૦।।**

જેમના વિષે કૂજન કરતાં પવિત્ર મૃગો અને પક્ષીઓ હતાં તેવાં પવિત્ર વૃક્ષો અને લતાઓના સમૂહોને લીધે સર્વ ઋતુઓનાં ફલ અને પુષ્પોથી ભરપૂર, વનની હારથી શોભતું (તે સ્થલ હતું). ૪૦.

સ્વભાવથી પણ પવિત્ર અને પવિત્રપણું કરાવનારા આંબો વિગેરે 'દ્રુમાઃ' વૃક્ષો અને દ્રાક્ષ વિગેરે લતાઓ, તેમનાં ફલોનું ભક્ષણ કરનારાં પવિત્ર અને કૂજન કરતાં હરણ વિગેરે મૃગો અને મોર વિગેરે પક્ષીઓ જેમના વિષે હતાં તેવાં-(હતાં). તેવા પ્રકારનાં વૃક્ષો અને લતાઓના સમૂહો-તેમને લીધે સર્વ ઋતુઓમાં તે સ્થલ ફલો અને પુષ્પોથી ભરપૂર રહેતું, અને ત્યાં સર્વ તરફ વનની શોભતી હાર હતી. તે (અર્થ) 'વનની હારથી શોભતું' વિશેષણથી કહેલ છે. ૪૦.

વન એ રીતે ધર્મ કરાવનારું (હોવાનું) કહીને, નીચેના શ્લોકમાં તે રસાલ હોવાનું કહે છે.

**મત્તદ્વિજગણૈર્જુષ્ટં મત્તભ્રમરવિભ્રમમ્ ।।**
**મત્તબર્હિનટાટોપમાહ્વયન્મત્તકોકિલમ્ ।।૪૧।।**

મદવાળા પક્ષીઓના સમૂહોથી સેવાએલું, મદવાળા ભમરાઓનો જેમાં વિલાસ થતો હતો તેવું, મદવાળા મોરરૂપ નાચનારાનું અભિમાન જેમાં (દેખાતું) હતું તેવું, ટૌકા કરતી મદવાળી કોયલોવાળું (તે સ્થાન હતું). ૪૧.

બધાએ 'દ્વિજગણાઃ' પક્ષીઓના સમૂહો તે (વન)માં રહેલા રસને લીધે મદવાળા થએલા, તેથી જ તે (રસ)ના લોભથી (તેને) સેવ્યા જ કરતા, તેથી તેઓથી, સેવાએલું તે હતું. મદવાળા ભમરાઓનો 'વિભ્રમઃ' વિલાસ, મધુર ગુંજાર અથવા ઉત્તમ પ્રકારની ગતિ જેમાં હતાં, તેવું (તે હતું). મદવાળા જે મોરો, તેઓ જ 'નટાઃ' નાચનારા, તેમનું 'આટોપઃ' અભિમાન જેમાં હતું, તેવું (તે હતું). (ત્યાં) હિંસા કરનાર કોઈ ન હોવાથી તેઓ (મોરો)નું નિશ્ચિંતપણું કહેલું છે. ટૌકા કરતી

મદવાળી કોયલો હતી જેમાં તેવું (તે હતું). ૪૧.

એવી રીતે રસાલપણું જણાવીને, નીચેના શ્લોકમાં જેઓમાં પુષ્પો મુખ્ય છે તેવાં (તેમાંનાં) વૃક્ષો કહે છેઃ

**કદમ્બચમ્પકાऽશોકકરઞ્જબકુલાऽऽસનૈઃ ।।**
**કુન્દમન્દારકુટજૈશ્ચૂતપોતૈરલંકૃતમ્ ।।૪૨।।**

કદંબ, ચંપો, આસોપાલવ, કણઝી, બોરસલી, અસન, મોગરો, મંદાર, કુટજ, અને નાના આંબાઓથી શોભતું (તે હતું). ૪૨.

અસન પણ જેમાં પુષ્પો પ્રધાન છે તેવું વૃક્ષ છે. 'ચૂતપોતાઃ' એટલે નાના આંબાઓ તેઓથી પણ શોભતું (તે હતું). ૪૨.

**કારણ્ડવૈઃ પ્લવૈર્હંસૈઃ કુરરૈર્જલકુક્કુટૈઃ ।।**
**સારસૈશ્ચક્રવાકૈશ્ચ ચકોરૈર્વલ્ગુ કૂજિતમ્ ।।૪૩।।**

બતકો, પ્લવો, હંસો, ટીટોડીઓ, જલકૂકડાઓ, સારસો, ચક્રવાકો અને ચકોરોથી મનોહર રીતે ગાજતું (તે હતું). ૪૩.

બતકો વિગેરે પક્ષીઓ છે. મનોહર જે પ્રકારે થાય તેવી રીતે તેઓથી ગાજતું (તે હતું). ૪૩.

**તથૈવ હરિણૈઃ ક્રોડૈઃ શ્વાવિદ્ગવયકુઞ્જરૈઃ ।।**
**ગોપુચ્છૈર્હરિભિર્મર્કૈર્નકુલૈર્નાભિભિર્વૃતમ્ ।।૪૪।।**

તે જ પ્રમાણે હરણો, ભૂંડો, શાહુડીઓ, રોઝો, હાથીઓ, વાંદરાઓ, હરિઓ, માંકડાઓ, નોળીઆ અને કસ્તૂરીમૃગોથી ભરપૂર (તે હતું). ૪૪.

હરણો વિગેરે અમુક પ્રકારનાં પશુઓ છે, તેઓથી તે ભરપૂર હતું. 'ક્રોડઃ' એટલે ભૂંડ. 'શ્વાવિત્' એટલે શાહુડી. વાંદરાઓ વિગેરે જૂદી જૂદી જાતના વાંદરા છે : 'હરિઓ' એટલે સિંહો અથવા વાંદરાઓ. 'નાભિભિઃ' એટલે કસ્તૂરીમૃગોથી. ૪૪.

તેવા વનમાં સંકોચ વિના પ્રવેશ કરીને (મનુએ) ત્યાં રહેલા ઋષિને જોયા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**પ્રવિશ્ય તત્તીર્થવરમાદિરાજઃ સહાનુગઃ ।।**
**દદર્શ મુનિમાસીનં તસ્મિન્હુતહુતાऽશનમ્ ।।૪૫।।**

આદિ રાજાએ સેવકો સાથે તે ઉત્તમ તીર્થમાં પ્રવેશ કરીને, તેમાં અગ્નિમાં હોમ જેણે કરેલ હતો તેવા મુનિને બેઠેલા જોયા. ૪૫.

બિંદુસરોવરની નજીક જ તે (કર્દમ)ની પર્ણકુટી હતી, તેથી જ 'ઉત્તમ

તીર્થમાં પ્રવેશ કરીને (જોયા)' એમ કહેલું છે. 'પ્રવેશ કરીને' શબ્દથી એમ જણાય છે કે નદી ઊતરીને (મનુ) તેના આશ્રમે પહોંચ્યો. (તે) તીર્થનાં ઉત્તમપણાનું (મનુને) જ્ઞાન હતું એમ જણાવવા 'આદિરાજા' એમ કહેલું છે. 'આદિરાજા' એટલે મનુ. 'સહાનુગઃ' 'સેવકો સાથે' વિશેષણ (તે) રાજા હોવાનું જણાય તે માટે (યોજેલું છે). દૂરથી જ (તેણે) મુનિને જોયા. 'હોમ કરેલો હતો અગ્નિમાં જેણે' આ (વિશેષણ)થી કર્મ પૂરૂં થયાનું સૂચવેલું છે. ૪૧.

(કર્દમ) કન્યાદાન માટે યોગ્ય છે એમ જણાવવા નીચેના દોઢ શ્લોકથી તેનું વર્ણન કરે છેઃ

**વિદ્યોતમાનં વપુષા તપસ્યુગ્રયુજા ચિરમ્ ।।**
**નાઽતિક્ષામં ભગવતઃ સ્નિગ્ધાપાઙ્ગાઽવલોકનાત્ ।।**
**તદ્વ્યાહૃતાઽમૃતકલાપીયૂષશ્રવણેન ચ ।।૪૬।।**

લાંબા સમય સુધીના તપના ગાઢ સંબંધવાળા દેહથી પ્રકાશતા, ભગવાનના સ્નેહવાળા કટાક્ષવાળી દષ્ટિને લીધે અને તેમનાં વચનરૂપ ચંદ્રના અમૃતનાં શ્રવણને લીધે બહુ દૂબળા નહિ તેવા (મુનિને જોયા). ૪૬.

તપના ગાઢ સંબંધવાળા દેહથી પ્રકાશતા (મુનિને જોયા). ગાઢ 'યુક્' સંબંધ હતો જેને તેવો (તેનો દેહ હતો). તેને તપનો ગાઢ સંબંધ હતો. તપ ઉત્તમ ધર્મ હોવાથી લાંબા સમય સુધી તપ કરેલું હોવા છતાં, (તેનો) દેહ પ્રકાશતો જ હતો. આથી (તેનો) વર્ણ (દેહનો રંગ) ઉત્તમ હોવાનું કહ્યું. 'બહુ દૂબળા નહિ' એ વિશેષણથી દૂબળાપણું ન હતું એમ જણાવે છે. ભગવાનની જે સ્નેહવાળાં કટાક્ષવાળી દષ્ટિ, તેને લીધે તે બહુ દૂબળો ન હતો. 'જેમના કટાક્ષનું પડવું એ અનંત સૃષ્ટિ છે' વિગેરે વાક્ય પ્રમાણે ભગવાનનો કટાક્ષ સર્વ પદાર્થોને ઉત્પન્ન કરનારો છે. તે દેહને પણ પુષ્ટ કરે. (દેહની પુષ્ટિનું) અનંતપણું કર્યું ન હતું એમ જણાવવા સ્નેહવાળો (કટાક્ષ) કહેલો છે. દેહમાં સ્થૂલપણું કરાવનારા અવયવો ભગવાનની સ્નેહ સાથેની દષ્ટિથી ઉત્પન્ન થયા, તેથી ભવિષ્યમાં (તેમનામાં) ફેરફાર થવાનો નહિ, અને તે અવયવો થોડા જ હતા, તેથી બહુ દૂબળાપણું ન હતું. (તે ભગવાનની) સાક્ષાત્ દષ્ટિથી ઉત્પન્ન થએલા હતા એમ જણાવવા, બધા અવયવોને દષ્ટિનો સંબંધ થએલો એમ જણાવવા બહુવચન[૧] (યોજેલું છે).

છતાં પણ પ્રાણને તૃપ્તિ ન થાય, તેથી 'તેમનાં વચનરૂપ ચંદ્રનાં અમૃતનાં શ્રવણને લીધે' એમ (બહુ દૂબળા ન હોવાનું) બીજું પણ કારણ કહેલું છે, અને ભગવાનનું જે 'વ્યાહૃતં' વચન, તે જ 'અમૃતકલઃ' ચંદ્ર, તેની 'આ' આસપાસ

(રહેલું) જે અમૃત, તેના શ્રવણને લીધે (બહુ દૂબળો ન હતો). ભગવાનનું વચન જેમાંથી સદા અમૃતની ઉત્પત્તિ થયા કરે તેવું હોવાથી, (તે) વચનનાં શ્રવણથી પણ પુષ્ટિ ઉત્પન્ન થાય છે તે માટે, (તેને) ચંદ્ર તરીકે વર્ણવેલું છે. તેથી અહિં દ્રવિડમંડક[2] નથી. તેમાં પણ ઉપયોગી રૂપ (હતું એમ) કહેવા માટે 'અમૃતકલઃ' શબ્દ યોજેલો છે; અને તે (વચન)નું માત્ર શ્રવણ (કરેલ) હોવાથી બહુ દૂબળાપણું ન હોવાનું (કહેલું છે). તેમ ન હોત, તો પુષ્ટ હોવાનું જ કહેત. 'ચ' 'અને' શબ્દથી (ભગવાનની) અલૌકિક કૃપા (કહેલી છે). ૪૬.

૧. શ્રીસુબોધિનીમાં જ 'અવયવો' શબ્દ બહુવચનમાં યોજેલ છે એમ કહેલ છે. મૂળ શ્લોકમાંનો 'અપાન' શબ્દ સમાસ છોડતાં બહુવચનમાં લેવાનું જણાવેલ હોવાનું જણાય છે.

૨. દ્રવિડ દેશનો માલપુવો. માલપુવો ન હોય, પણ માલપુવાનો આકાર કરી વચ્ચે છિદ્ર કરી, બાલકને માલપુવો કહી આપે તે દ્રવિડમંડક છે. ભગવાનનાં વચનનાં શ્રવણથી ખરેખર પુષ્ટિ થાય છે. દ્રવિડમંડક જેવું આ ખોટું કહેલું નથી, એવો ભાવ જણાય છે.

એ પ્રમાણે દોષ ન હોવાનું કહીને, નીચેના શ્લોકમાં (તેના) ગુણોનું વર્ણન કરે છેઃ

**પ્રાંશું પદ્મપલાશાઽક્ષં જટિલં ચિરવાસસમ્ ।।**
**ઉપસંસૃત્ય મલિનં યથાઽર્હણમસંસ્કૃતમ્ ।।૪૭।।**

મોટા અવયવોવાળા, કમલની પાંખડી જેવાં નેત્રવાળા, જટા ધારણ કરેલા, ફાટેલાં વસ્ત્રવાળા, યોગ્યતા પ્રમાણેની શુદ્ધિ વિનાના ગંદા (મુનિ) પાસે જઈને (તેમને જોયા શ્લો. ૪૫). ૪૭.

'પ્રકૃષ્ટાઃ' મોટા 'અંશવઃ' અવયવો હતા જેમના તેવા (મુનિને જોયા એમ) ઢીંચણ સુધીના બાહુવાળાપણું અને પૂજ્યપણું કહ્યાં. કમલની પાંખડી જેવાં નેત્રો હતાં જેમનાં, (એમ) ચાલુ પ્રસંગમાં ઉપયોગી સૌંદર્ય કહ્યું. 'જટા ધારણ કરેલા, ફાટેલાં વસ્ત્રવાળા' વિશેષણોથી સત્ત્વ (ગુણ છે એમ) જણાવવા ઋષિપણું જણાવનારું તપ (કહ્યું). 'ઉપસૃત્ય' પાસે જઈને જોયા, એમ પહેલાનાં વાક્ય (શ્લો. ૪૫) સાથે સંબંધ છે; અથવા 'ઉપ' સમીપમાં 'સંસૃત્ય' સંસાર પ્રાપ્ત કરીને ગંદા બનેલા (મુનિને જોયા), કારણ કે 'ધૂમાડાથી અગ્નિ વીંટાએલો હોય છે' એ વાક્ય પ્રમાણે કામથી પ્રાણીઓ ગંદા થાય છે. 'યોગ્યતા પ્રમાણે શુદ્ધિ કર્યા વિનાના' વિશેષણથી કુદરતી દોષ ન હતો એમ જણાવવા તે (વિષય)નું દૃષ્ટાંત કહેલું છે. શુદ્ધ કર્યા વિનાનું ઉત્તમ રત્ન જેમ સ્વભાવથી સ્વચ્છ હોવા છતાં બહારથી શુદ્ધ કર્યા વિનાનું હોવાથી સુવર્ણમાં જડી શકાતું નથી, તેવા ચાલુ પ્રસંગમાં આ (મુનિ હતા). 'પ્રકાશતા (શ્લો. ૪૫)' વિશેષણના વિરોધને લીધે અને ઋષિ તેવા (ગંદા) હોય તેમાં

ક્ષતિ ન હોવાથી, બીજો[1] મત (અર્થ) (લીધેલ છે). ૪૭.

૧. ગંદા હોય તે પ્રકાશતા ન હોય. તેથી સંસાર પ્રાપ્ત કરીને કામને લીધે ગંદા થએલા એવો બીજો અર્થ કહેલ છે. પોતે ગંદા નહિ, પણ કામને લીધે ગંદા થએલા, અને પ્રકાશતા મુનિને જોયા, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે દૂરથી જોએલા તેમનું વર્ણન કરીને, તેમના લૌકિક ધર્મ જણાવવા નીચેનો શ્લોક કહે છેઃ

**અથોટજં પ્રત્યાયાન્તં નૃદેવં પ્રણતં પુરઃ ।।**
**સપર્યયા પર્યગૃહ્ણાત્પ્રતિનન્દ્યાઽનુરૂપયા ।।૪૮।।**

પછી પર્ણકુટી તરફ આવતા, (પોતાની) આગળ પ્રણામ કરેલા રાજાને આવકાર આપી (મુનિએ) યોગ્ય પૂજાથી (તેનો) સત્કાર કર્યો. ૪૮.

પર્ણકુટી તરફ આવતા, (પોતાની) આગળ પગ પાસે ક્ષત્રિયનો તેવો જ ધર્મ હોવાથી પ્રણામ કરેલા રાજાને, (આવકાર આપી), રાજાનાં પૂજન માટે પહેલેથી જ પ્રાપ્ત કરેલી પૂજા (ની સામગ્રી)થી (તેનો) સત્કાર કર્યો. આશીર્વાદ અથવા કુશલતાના પ્રશ્નોથી આવકાર આપી, (પોતાની) સમાનપણું જાણવામાં આવે તે માટે 'અનુરૂપયા' મહારાજાને યોગ્ય પૂજનની સામગ્રીથી (સત્કાર કર્યો) એવો અર્થ છે, કારણ કે પોતાના (સંબંધી) તરીકે ઘરમાં લઈ જવું તે સત્કાર છે. ૪૮.

એ પ્રમાણે બહારથી તેની પૂજા કરીને, (તેનાં) મનની ચિંતા દૂર કરવા અને (તેના) સર્વ સંદેહો દૂર થાય તે માટે, વાણીથી નીચેના શ્લોકમાં કહે છેઃ

**ગૃહીતાઽર્હણમાસીનં સંયતં પ્રીણયન્મુનિઃ ।।**
**સ્મરન્ભગવદાદેશભિત્યાહ શ્લક્ષ્ણયા ગિરા ।।૪૯।।**

ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરતાં મુનિએ પૂજનનો સ્વીકાર કરી સાવધાન થઈ બેઠેલા (રાજા)ને પ્રસન્ન કરતાં મનોહર વાણીથી નીચે પ્રમાણે કહ્યું. ૪૯.

ઋષિએ કરેલ પૂજનનો સ્વીકાર કરી (મનુ) રહેલ છે એમ જાણીને, ભવિષ્યમાં (જે કહેવાનું છે તે)નો પણ સ્વીકાર કરવો એવો નિશ્ચય કરીને, સારી રીતે પ્રયાસ કરી રહેલા એટલે સાવધાન વિનયવાળાને, પ્રસન્ન કરતાં એટલે આરંભમાં તેની સ્તુતિ કરતાં મુનિએ નીચે પ્રમાણે કહ્યું. મુનિ હોવાથી ભવિષ્યમાં થનાર વૃત્તાંત જાણતા હતા, છતાં પણ 'નિશ્ચય તરીકે તેણે (મનુએ) કહેલું હું કેવી રીતે કરીશ ?' એવા વિચારથી (નીચે પ્રમાણે) કહે છે. 'કદાચ તે (મનુ) બીજું જ કાંઈક કહે' એવી શંકા થાય, તેથી 'ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરતાં' શબ્દો કહેલા છે. 'શ્યામ નેત્રવાળી પુત્રીને...' (શ્લો. ૨૭) એમ ભગવાને કહેલ હોવાથી આ કન્યા આપવા જ આવેલો છે, અને(પણ) લજ્જાને લીધે બોલશે નહિ. તેથી મુનિએ પોતેજ

'શ્લક્ષ્ણયા' મનોહર વાણીથી હવે આવશે તે વાક્ય(શ્લોક)રૂપ આ વચન કહ્યું. ૪૯.

નીચેના શ્લોકથી આરંભી સાત (શ્લોકો)થી (મુનિનાં) વચનો જ કહે છે. જો કે 'તમે શામાટે આવ્યા છો ?' એમ પૂછવું યોગ્ય ન હતું, કારણ કે (કાર્યના) પ્રસંગને લીધે પણ આવેલ હોવાનું સંભવે, અને છ શ્લોકથી પ્રસંગ કહો (એમ કહે છે). છતાં પણ 'મારી પાસે અમુક દેખાવથી આવેલા હો એમ જણાઓ છો, તેથી તેમ હોય તો તમે જેવી આજ્ઞા કરશો તેમ હું કરીશ' એવો (સાત શ્લોકના) સમૂહનો અર્થ છે. નીચેના શ્લોકમાં (કાર્યનો) પ્રસંગ કહે છેઃ

।। કર્દમ ઉવાચ ।।

**નૂનં ચઙ્ક્રમણં દેવ સતાં સંરક્ષણાય તે ।।**
**વધાય ચાઽસતાં યત્ત્વં હરેઃ શક્તિર્હિ પાલિની ।।૫૦।।**

હે દેવ ! ખરેખર, તમારું પર્યટન સત્પુરુષોના રક્ષણ માટે અને દુષ્ટોના નાશ માટે હોય છે, કારણ કે તમે હરિની પાલન કરનારી શક્તિ છો. ૫૦.

હે દેવ ! તમારું પર્યટન સત્પુરુષોના રક્ષણ માટે અને દુષ્ટોના નાશ માટે હોય છે; 'યત્' કારણ કે તમે હરિની પાલન કરવાની શક્તિ છો. શબ્દોથી 'હે દેવ !' એ સંબોધન સિદ્ધ કરે છે. 'હવે વસ્તુતઃ ધર્મ...' એ વાક્ય પ્રમાણે સત્પુરુષો ઉપરની કૃપા અને દુષ્ટોનો નાશ ધર્મરૂપ હોવાથી સ્વતંત્ર છે, પરંતુ એકને માટે બીજું નથી. ૫૦.

''લોકપાલોથી જ પાલન થાય છે, મનુ વિગેરેનું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી પાલન કરનારી શક્તિ કહીને, તેમ (પાલન) કરનાર ભગવાનને નીચેના શ્લોકથી નમન કરે છેઃ

**યોઽર્કેન્દ્વગ્નીન્દ્રવાયૂનાં યમધર્મપ્રચેતસામ્ ।।**
**રૂપાણિ સ્થાન આધત્તે તસ્મૈ શુક્લાય તે નમઃ ।।૫૧।।**

જે યોગ્ય અવસરે સૂર્ય, ચન્દ્ર, અગ્નિ, ઈન્દ્ર, વાયુ, યમ, ધર્મ અને વરુણનાં સ્વરૂપો ધારણ કરે તેવા આપ શુક્લને નમસ્કાર. ૫૧.

જે સૂર્ય વિગેરે લોકપાલોનાં સ્વરૂપો 'સ્થાને' જૂદાં જૂદાંના કામના અવસરે અથવા મનુના દેહમાં ધારણ કરે છે તે આપ શુક્લને નમસ્કાર, એમ આ શુક્લનારાયણ જ મનુમાં રહેલા હોવાથી તેને નમસ્કાર (કરે છે). (શુક્લનારાયણ વિના ) બીજો કોઈ તે (મનુ)માં બધાં સ્વરૂપો મૂકી શકે નહિ, તેમજ ભગવાન્ (તેની અંદર) રહેલા ન હોય તો તેનામાં બધા દેવોની હાજરી ન હોય. તેથી પાલન કરવા માટે મનુને રહેઠાણ કરી ભગવાનજ (તેમાં) રહેલા છે. ૫૧.

(તેથી) ઉલટું હોય તો થતું સંકટ નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકથી કહે છે, બે સાધનોથી અને બે ફલથી (થતાં સંકટ કહે છે). બે (શ્લોકો)થી (મનુથી) પોતાથી અને સૈન્યથી થતું પાલન (કહે છે), અને ફલમાં મર્યાદાધર્મનું રક્ષણ અને અધર્મનો નાશ (જણાવેલ છે). આરંભમાં બાવનમા શ્લોકથી (મનુ) પોતાથી રક્ષણ ન કરે તેને સંકટ તરીકે કહે છેઃ

**ન યદા રથમાસ્થાય જૈત્રં મણિગણાઽર્પિતમ્ ।।**
**વિસ્ફૂર્જચ્ચણ્ડકોદણ્ડો રથેન ત્રાસયન્નઘાન્ ।।૫૨।।**
**સ્વસૈન્યચરણક્ષુણ્ણં વેપયન્મણ્ડલં ભુવઃ ।।**
**વિકર્ષન્બૃહતીં સેનાં પર્યટસ્યંશુમાનિવ ।।૫૩।।**

જો તમે મણિઓના સમૂહથી જડેલા વિજય પ્રાપ્ત કરવાના સ્વભાવવાળા રથમાં બેસીને ટંકાર કરતું પ્રચંડ ધનુષ્ય લઈ રથ વડે પાપીઓને ત્રાસ કરતાં; પોતાની સેનાના ચરણથી ઘવાએલાં પૃથ્વીનાં મંડલને ધ્રૂજાવતાં, મોટી સેનાને ફેરવતાં સૂર્યની પેઠે ફરો નહિ... ૫૨।૫૩.

જો તમે વિજય પ્રાપ્ત કરવાના સ્વભાવવાળા રથમાં બેસીને ફરો નહિ, તો મર્યાદાઓનો નાશ થાય (શ્લો. ૫૪) એવો (વાક્યોનો) સંબંધ છે. રથ મુખ્ય આસન છે. 'જૈત્રમ્' એટલે વિજય પ્રાપ્ત કરવાના સ્વભાવવાળો. આથી (એમ જણાવ્યું કે) ક્યાંયે પણ પરાજય થવાનો ભય નથી. (રથ) મહારાજાને યોગ્ય થાય તે માટે મણિઓના સમૂહથી જડેલો છે. (તેને) જોવાથી જ દુષ્ટોને ભય (થાય છે એમ) જણાવેલું છે. સારી રીતે ટંકાર કરતું પ્રચંડ છે ધનુષ્ય જેનું તેવો (મનુ છે). આથી એમ જણાવ્યું છે કે તે ધનુષ્યનો ટંકાર કરીને દૂરથી જ ભય ઉત્પન્ન કરે છે. પાપીઓને- ઘણા પાપીઓને શસ્ત્રથી હણતો નથી, પરંતુ રથથી જ (તેઓને) ત્રાસ ઉત્પન્ન કરતાં (ફરે છે). ૫૨.

દુષ્ટો ઘણા હોવાથી તે(ઓને ત્રાસ ઉત્પન્ન કરવા)માટે ત્રેપનમા શ્લોકમાં બીજું પણ સાધન કહેલું છે. પોતાની ચાર પ્રકારની સેનાનાં ચરણોથી ઘવાએલાં પૃથ્વીનાં મંડલને ધ્રૂજાવતાં-મોટી સેનાને જોઈને જ મોટા દોષો દૂર થતા હોવાથી ભૂમિ ધ્રૂજવાનું બીજું પ્રયોજન નથી એમ જણાવવા મોટી સેના 'વિકર્ષત્' જૂદા જૂદા સ્થળે ફેરવતાં (તમે ફરો છો). પહેલાં કહેલો ગુણ[1] ધર્મ કરાવનારો અને અધર્મનો નાશ કરનારો હોવાનું જણાવતાં; 'સૂર્યની પેઠે' શબ્દોથી (તેનું) દષ્ટાંત કહે છે, કારણ કે એક હજાર કિરણવાળો તે (સૂર્ય) અંધકારનો નાશ કરે છે અને અગ્નિહોત્ર વિગેરે ધર્મ ઉત્પન્ન કરે છે, કેમકે સૂર્ય ઉગ્યો ન હોય ત્યારે કોઈ પણ ધર્મ

વિગેરે સિદ્ધ થતા નથી. ૫૩.

૧. પૃથ્વીના મંડલ ઉપર ફરવાનો ગુણ. સૂર્ય જેમ એક હજાર કિરણો સાથે ફરતાં ધર્મ કરાવે છે અને અંધકારનો નાશ કરે છે, તેમ તમે મોટી સેના સાથે ફરતાં ધર્મ કરાવો છો (સંતોનું રક્ષણ કરો છો), અને અધર્મનો (દુષ્ટોનો) નાશ કરો છો, એવો અર્થ જણાય છે.

**તદૈવ સેતવઃ સર્વે વર્ણાશ્રમનિબન્ધનાઃ ||**
**ભગવદ્રચિતા રાજન્ ભિદ્યેરન્ બત દસ્યુભિઃ ||૫૪||**

તો હે રાજન્! ભગવાને રચેલી વર્ણના અને આશ્રમના બંધનરૂપ બધી મર્યાદાઓનો લૂંટારાઓથી નાશ થાય. ૫૪.

તો ભગવાને રચેલી વર્ણોથી થતી અને આશ્રમોથી થતી બધી 'સેતવઃ' મર્યાદાઓનો તરત જ નાશ થાય. (મનુ આમ ફરવામાં) ઉદાસીન ન રહે તે માટે (કરેલાં) 'હે રાજન્!' એવાં સંબોધનથી (તે) તેનો સ્વધર્મ છે એમ જણાવેલું છે. લૂંટારાઓથી જ (મર્યાદાઓનો) નાશ થાય, કારણ કે લૂંટારાઓનો ભય હોય ત્યારે વર્ણાશ્રમવાળાઓ ભય પામેલા હોવાથી (તેઓથી) મર્યાદા સચવાય નહિ. ૫૪.

**અધર્મશ્ચ સમેધેત લોલુપૈર્વ્યઙ્કુશૈર્નૃભિઃ ||**
**શયાને ત્વયિ લોકોઽયં દસ્યુગ્રસ્તો વિનંક્ષ્યતિ ||૫૫||**

અને તમે સૂઈ રહો ત્યારે લોભી નિરંકુશ મનુષ્યોથી અધર્મ વધે. લૂંટારાઓનું ભક્ષ્ય બનેલો આ લોક નાશ પામે. ૫૫.

માત્ર ધર્મનો નાશ થાય એટલું જ નહિ, પણ અધર્મ પણ 'સમેધેત' વૃદ્ધિ પામે. 'ચ' 'અને' શબ્દ હોવાથી પાખંડ ધર્મો પણ (વૃદ્ધિ પામે). તેનું કારણ 'લોભી (નિરંકુશ પુરુષોથી)' શબ્દથી કહેલું છે. ધર્મ સદા કરવામાં આવે, ત્યારે ઈન્દ્રિયો (ધર્મ કરવામાં) રોકાએલી રહે છે. તેવા સંજોગોમાં તે લૌકિક ભોગમાં આસક્ત થતી નથી. તેમ ન હોય ત્યારે તો (લૌકિક ભોગમાં) આસક્ત થઈ, યોગ્ય ઈચ્છેલા પદાર્થોથી સંતોષ ન પામતાં અયોગ્ય (પદાર્થો)નો લોભ કરે છે. છતાં પણ જો રાજાનો ભય હોય, તો (અયોગ્ય પદાર્થ પ્રાપ્ત કરવાના લોભનું) કાર્ય સફલ ન થાય. તેમ (રાજાનો ભય) ન હોય, તો તો અનીતિ થાય જ; એમ 'નિરંકુશ' વિશેષણથી કહેલું છે. જતો રહેલ છે અંકુશ એટલે વશ રાખનાર જેમનો તેવા (મનુષ્યો થાય). 'મનુષ્યો' શબ્દ (યોજેલ છે), કારણ કે ખોરાકના પ્રસંગમાં[1] વેદે તેઓને જ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા કહેલા છે ૧.વિષયોનો ભોગ કરવાની, અને ૨.પાલન કરવાની એવી બે રાજાની અવસ્થાઓ છે. (તેમાંની) પહેલી (અવસ્થા) જ શયન છે. જો બંને (અવસ્થાઓ) સરખી હોય, અથવા જો કાલના ભેદથી (જૂદી જૂદી અવસ્થાની)

વ્યવસ્થા (કરે), અથવા જો ભોગનું મુખ્યપણું (રાખે), એમ સર્વ (હરકોઈ) પ્રકારથી પણ તમે સૂઈ રહો, તો આ લોક લૂંટારાઓનું જ ભક્ષ્ય બની, સ્ત્રી અને ધન ગૂમાવી, સ્વરૂપથી પણ નાશ પામે. તેથી તમારે અવશ્ય ફરવું જોઈએ. તેથી (એ કાર્યના) પ્રસંગને લીધે, અને અહિં પણ ચોર વિગેરેનો નાશ કરવા (તમે) આવ્યા છો. ૫૫.

૧. તૈત્તિરીય બ્રાહ્મણના પહેલા અષ્ટકમાં 'તેથી દિવસમાં ત્રણ વાર પશુઓ મોકલાતા' વિગેરેથી સર્વનો ખોરાક (લેવા)નો સમય કહેતાં, 'તેથી મનુષ્યોને દિવસમાં બે વાર ખોરાક આપવામાં આવે છે' એમ કહેલું છે, તે પ્રસંગમાં. ( પ્ર ).

**અથાऽપિ પૃચ્છે ત્વાં વીર યદર્થં ત્વમિહાऽऽગતઃ ।।**
**તદ્વયં નિર્વ્યલીકેન પ્રતિપદ્યામહે હૃદા ।।૫૬।।**

છતાં પણ હે વીર ! તમે જે પ્રયોજનથી અહિં આવ્યા છો તે તમને હું પૂછું છું. હું નિષ્કપટ હૃદયથી તેનો સ્વીકાર કરીશ. ૫૬.

છતાં પણ પોતાના ધર્મમાં રહેનાર હે વીર ! જે પ્રયોજનથી તમે અહિં આવેલ છો તે તમને હું પૂછું છું. જો મારી પાસે માગણી કરવા આવ્યા છો, એવું હોય, તો તમારાં વચનનો હું નિષ્કપટ હૃદયથી 'પ્રતિપદ્યામહે' સ્વીકાર કરીશ; પરંતુ તમારા માગ્યા પ્રમાણે નહિ કરું એવો સંદેહ (ન રાખવો). એવું વચન (કર્દમે) ભગવાનની કૃપા હોવાથી જ કહેલું છે, કારણ કે મહારાજા (મનુ)થી પણ (પોતાની) સરસાઈનું વચન છે. ૫૬.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધમાં એકવીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય બાવીસમો ।।

**દ્વાવિંશે કર્દમસ્યાર્થઃ સિદ્ધઃ[1] સ્રીધનરૂપવાન્ ।।**
**અયમેવૈન્દ્રિયગણઃ કૃષ્ણાર્થં સુવિનિશ્ચિતઃ ।।૧।।**

બાવીસમા (અધ્યાય)માં કર્દમને સ્ત્રી અને ધનરૂપ અર્થ પ્રાપ્ત થયો. આ જ શ્રીકૃષ્ણ માટેનો સારી રીતે નિશ્ચિત કરેલો ઐન્દ્રિયોનો[2] સમૂહ છે. કા.૧.

**અર્થસ્ય[3] સત્ત્વં ચાખ્યાતું મનોર્ધર્મસ્ય વર્ણનમ્ ।।**
**ભગવત્કૃપયૈવાર્થ ઉત્તમો નાન્યથેતિ ચ ।।૨।।**

અને અર્થ ઉત્તમ[4] હતો એમ કહેવા મનુના ધર્મનું વર્ણન કરેલું છે. ભગવાનની કૃપાથી જ ઉત્તમ અર્થ પ્રાપ્ત થાય છે, નહિ તો નથી થતો એમ કહેલું છે. કા. ૨.

**આકૂતિઃ પુત્રિકાત્વેન દત્તા યેન નિજેચ્છયા ।।**
**સ એવાત્યન્તદૈન્યેન દેવહૂતિં પ્રયચ્છતિ ।।૩।।**

જેણે પોતાની ઈચ્છાથી આકૂતિને પુત્રિકા તરીકે પરણાવેલી, તે (મનુ) જ અત્યંત દીનતાથી દેવહૂતિને પરણાવે છે. કા. ૩.

**કૃતકૃત્યં ચ મનુતે તતો ધર્મં ચ સેવતે ।।**
**યજ્ઞશ્રવણભેદેન દ્વિરૂપમપિ સર્વદા ।।૪।।**

અને (પોતાને) કૃતકૃત્ય માને છે; અને પછી સદા યજ્ઞ અને શ્રવણના ભેદથી બંને પ્રકારનો ધર્મ આચરે છે. કા.૪.

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે.
૨. ઈન્દ્રિયોથી ગ્રહણ થતી તન્માત્રાઓ 'ઐન્દ્રિય' છે, તેઓનો સમૂહ. (પ્ર)
૩. અહિંથી પેટા-સંગતિ દર્શાવી છે. (પ્ર) નોટ ૧ માં સૃષ્ટિ પ્રકરણમાં તન્માત્રાઓની સૃષ્ટિ જણાવી. અહિં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ પુરુષાર્થોમાંથી બીજો 'અર્થ' પુરુષાર્થ જણાવ્યો. એમ બંને સંવાદની સંગતિ દર્શાવી.
૪. ભગવદ્ગીતા ૧૭।૨૬ પ્રમાણે 'સત્' એટલે 'સાધુ'.(પ્ર) ઉત્તમ.

ગયા અધ્યાયના અંતે 'તારા વચનનો હું સ્વીકાર કરીશ' એમ ઋષિના મુખથી સાંભળીને પ્રસન્ન થએલો (મનુ), વિજ્ઞપ્તિ કરવા માટે આરંભમાં તેની સ્તુતિ કરે છે. એમ (મૈત્રેય) નીચેના શ્લોકથી કહે છેઃ

।। મૈત્રેય ઉવાચ ।।

**એવમાવિષ્કૃતાऽશેષગુણકર્મોદયો મુનિમ્ ।।**
**સવ્રીડ ઈવ તં સમ્રાડુપારતમુવાચ હ ।।૧।।**

અહો ! એવી રીતે જેના સર્વ ગુણો અને કર્મોની સમૃદ્ધિ પ્રકટ કરાએલી હતી તેવા ચક્રવર્તીએ લજ્જા પામતો હોય તેમ (બોલતાં) બંધ રહેલા તે મુનિને (નીચે પ્રમાણે) કહ્યું. ૧.

'આવિષ્કૃતાઃ' પ્રકટ કરાએલાં હતાં સર્વ ગુણો કર્મો અને સમૃદ્ધિ જેનાં, અથવા ગુણો અને કર્મોની સમૃદ્ધિ જેની તેવો મનુ હતો. તે સર્વ દેવોનું ધામ હોવાથી ગુણોની સમૃદ્ધિ હતી. ધર્મનું ઉત્તમ પ્રકારે પાલન કરતો હોવાથી કર્મોની સમૃદ્ધિ હતી. 'મુનિ' શબ્દથી (એમ જણાવ્યું છે કે) તે ખોટું બોલ્યા ન હતા. પોતાની કીર્તિનાં શ્રવણને લીધે, અથવા કન્યાને માટે પ્રાર્થના કરવામાં આવવા છતાં પણ કર્દમ ના પાડે તેવી શંકાને લીધે, મનુ 'લજ્જા પામતો હોય તેવો' જણાતો હતો. 'ચક્રવર્તી' શબ્દથી (એમ જણાવ્યું છે કે) મોટા (પુરુષ)નું બધુંએ વચન શોભા કરાવનારું હોય છે. 'ઉપારતમ્' એટલે બોલતો બંધ રહેલો, અથવા 'ઉપ' સમીપમાં કન્યાના સંબંધમાં આ સર્વ તરફથી 'રતમ્' રસવાળો. 'હ' 'અહો' શબ્દ આશ્ચર્ય દર્શાવવા યોજેલો છે, કારણ કે મહારાજા કોઈને પણ એવી રીતે પ્રાર્થના કરતો નથી. ૧.

''બ્રાહ્મણ અને ક્ષત્રિય નો વિવાહ યોગ્ય નથી'' એવી શંકા થાય, તેથી આરંભમાં તે બેનો સંબંધ ભગવાને જ કરેલો છે, તેથી એક બીજા ઉપર ઉપકાર કરનારા હોવાથી તેઓ સમાન છે એમ નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી સિદ્ધ કરે છેઃ

॥ મનુરુવાચ ॥

**બ્રહ્માઽસૃજત્સ્વમુખતો યુષ્માનાત્મપરીપ્સયા ॥**
**છન્દોમયસ્તપોવિદ્યાયોગયુક્તાઽનલમ્પટાન્ ॥૨॥**

છંદોમય બ્રહ્માએ પોતાની પૂર્તિ કરવાની ઈચ્છાથી પોતાના મુખમાંથી અલંપટ, તપવાળા, વિદ્યાવાળા અને યોગવાળા તમને ઉત્પન્ન કર્યા. ૨.

આરંભમાં વેદમય બ્રહ્માએ પોતાના મુખમાંથી તમને બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા. 'આત્મપરીપ્સયા' પોતાની પોતાના વેદને પૂર્ણ કરવાની ઈચ્છાથી અથવા (તેનું) રક્ષણ કરવા માટે (તમને ઉત્પન્ન કર્યા). બ્રાહ્મણો વિના વેદોની અથવા યજ્ઞોની 'પર્યાપ્તિ' એટલે પૂર્તિ થતી નથી. 'છંદોમય' એટલે સર્વ વેદરૂપ. તે બ્રાહ્મણો ત્રણ પ્રકારના છે (૧) વિદ્યાવાળા (૨) તપવાળા (અને) (૩) યોગવાળા અથવા ભગવાનની ઉપાસના કરનારા–ત્રણ (ગુણો)વાળા જ મુખ્ય છે. 'અલંપટ' વિશેષણથી (એમ જણાવ્યું છે કે) વિષયોમાં લંપટપણું (એ) બ્રાહ્મણોનો દોષ છે. તપ વિગેરે (તેમના) ગુણો છે. ૨.

એ રીતે બ્રાહ્મણોને ગુણવાળા અને દોષ વિનાના કહીને, નીચેના શ્લોકથી ક્ષત્રિયોનું નિરૂપણ કરે છેઃ

**તત્રાણાયાઽસૃજચ્ચાઽસ્માન્ દોઃસહસ્રાત્સહસ્રપાત્ ।।**
**હૃદયં તસ્ય હિ બ્રહ્મ ક્ષત્રમઙ્ગં પ્રચક્ષતે ।।૩।।**

અને તેઓનું રક્ષણ કરવા માટે સહસ્ર ચરણવાળા ભગવાને સહસ્ર બાહુઓ માંથી અમને ઉત્પન્ન કર્યા. બ્રહ્મ તેમનું હૃદય છે, ક્ષત્રને તેમનું અંગ કહે છે. ૩.

બ્રાહ્મણોનું રક્ષણ કરવા માટે 'અમને' ક્ષત્રિયોને એક હજાર બાહુઓમાંથી (ઉત્પન્ન કર્યા). વરદાનથી (ભગવાન્ સિવાય) બીજાને પણ એક હજાર બાહુઓ હોય, તેથી તે (બીજો) ઉત્પન્ન કરનાર નથી એમ જણાવવા 'સહસ્ર ચરણવાળાએ' એમ કહેલું છે. બ્રાહ્મણોમાં રહેલ વેદનું ભગવાન્ રક્ષણ કરે છે, અને રક્ષણ (કરવા)માં બાહુઓ સાધન છે. તેમાંથી ક્ષત્રિયો ઉત્પન્ન થયા. શબ્દના મુખ્યપણાથી બ્રાહ્મણોની ઉત્પત્તિ થઈ, અર્થના[૧] પ્રધાનપણાથી ક્ષત્રિયોની ઉત્પત્તિ થઈ, એમ (તે બેની) જૂદી જૂદી યોનિ હોવાનું પણ વિવાહ માટે સૂચવેલું છે. ઉત્તરાર્ધથી બંનેને એકબીજાનો ઉપયોગ (હોવાનું) કહેલ છે. 'બ્રહ્મ' બ્રાહ્મણના અભિમાનવાળી દેવતા 'તેમનું' એટલે ભગવાનનું 'હૃદય' અંતઃકરણ, આત્મા, અંદરનો ભાગ (છે), એવો અર્થ છે. 'ક્ષત્રં' ક્ષત્રિયોના અભિમાનવાળી દેવતા (ભગવાનના) 'અંગ' અવયવો છે. 'પ્રચક્ષતે' 'કહે છે' શબ્દથી પ્રમાણ (કહેલું છે). જેમ અવયવો વિના આત્મા ઉત્સાહરહિત થાય છે, એવી રીતે આત્મા વિના અવયવોનો પણ નાશ થાય છે. ૩.

૧. 'અર્થ' એટલે બીજો પુરુષાર્થ ધન. તેનું રક્ષણ કરવા ક્ષત્રિયોની ઉત્પત્તિ થઈ. 'અર્થ' એટલે શબ્દના અર્થ. બ્રાહ્મણો વેદ અથવા શબ્દ માટે ઉત્પન્ન થયા, ક્ષત્રિયો અર્થ માટે ઉત્પન્ન થયા. શબ્દ અને અર્થનો સદાનો સંબંધ હોવાથી, તેઓમાંથી ઉત્પન્ન થએલા બ્રાહ્મણ અને ક્ષત્રિયોનો સંબંધ( વિવાહ ) થવો યોગ્યજ છે. એમ વિવાહ સૂચવેલો છે, એવો અર્થ જણાય છે.

**અતો હ્યન્યોન્યમાત્માનં બ્રહ્મ ક્ષત્રં ચ રક્ષતઃ ।।**
**રક્ષતિ સ્માવ્યયો દેવઃ સ યઃ સદસદાત્મકઃ ।।૪।।**

તેથી બ્રહ્મ અને ક્ષત્ર એક બીજાનું પોતાનું રક્ષણ કરે છે. જે સર્વરૂપ છે તે વિકારરહિત દેવ (બંનેનું) રક્ષણ કરે છે. ૪.

તેથી બ્રહ્મ અને ક્ષત્ર એક બીજાનું રક્ષણ કરે છે. તેમ હોવાથી (બંને) પોતાનું જ રક્ષણ કરે છે. 'હિ' શબ્દથી (એમ કહ્યું છે કે) આ અર્થ યોગ્ય છે, કારણ કે જે પોતાને માટે બીજાઓનું રક્ષણ કરે છે તે પોતાનું જ રક્ષણ કરે છે. એવી રીતે એકબીજાનું રક્ષણ (કરતા હોવાનું) કહીને, બંને એકબીજાની જરુર રાખીને પાલન કરતા હશે એવી શંકા થાય, તેથી સ્વતંત્ર રીતે ભગવાનથી પાલન કરાતા એકબીજાનું

પાલન કરે છે એમ કહેવા ઉત્તરાર્ધ કહેલો છે, કારણ કે તે, દેવ (ભગવાન્) સ્વતંત્ર હોઈ બધાઓનું પાલન કરે છે. પાલન કરવાનું કારણ 'સર્વરૂપ' શબ્દથી કહેલું છે. સર્વરૂપ હોવા છતાં પણ વિકારરહિત છે, એમ 'વિકારરહિત' વિશેષણથી કહેલું છે. 'સ્મ' શબ્દથી (તે વિષયનું) પ્રમાણ (કહેલું છે), અને એવી રીતે ભગવાનને લીધે જેમ એકબીજાનું રક્ષણ થાય છે, તેમ કામ અને કન્યાથી પણ બંનેનું રક્ષણ કરવું જોઈએ. તમારો કામ મારે કન્યા આપીને પૂર્ણ કરવો જોઈએ, (અને) મારી ઈચ્છા પણ વિવાહથી (વિવાહ કરીને) તમારે પૂર્ણ કરવી જોઈએ, એવો ભાવ છે. ૪.

બીજા બધાં ફલો (તમારાં) વચનથી જ પ્રાપ્ત થએલાં હોવાથી, તે (મારી) ઈચ્છા વિવાહરૂપ જ છે એમ કહેવા, નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી તે (બીજાં ફલો) ગણાવે છેઃ

**તવ સંદર્શનાદેવચ્છિન્ના મે સર્વસંશયાઃ ।।**
**યત્સ્વયં ભગવાન્પ્રીત્યા ધર્મમાહ રિરક્ષિષોઃ ।।૫।।**

તમારાં દર્શનથી જ મારા સર્વ સંશયો દૂર થએલા છે, કારણ કે (આપ) ભગવાને પોતે પ્રેમથી (મને) રક્ષણ કરનારનો ધર્મ કહેલો છે. ૫.

બ્રાહ્મણોના સ્થાનમાં રાજા વિગેરે ધર્મનો નિર્ણય કરાવવા પણ આવે છે, તે મને પહેલાંથી જ (પ્રાપ્ત) થયું, કારણ કે (તમે કર્યાં) એવી રીતે જ તપ અને ભગવાનની સેવા કરવાં. 'તેમ થતાં એવી રીતે ભગવાન્ પ્રસન્ન થાય ત્યારે બધાએ પુરુષાર્થ પ્રાપ્ત થશે, બીજા પ્રકારે (પ્રાપ્ત) નહિ થાય' એમ 'તમારાં દર્શનથી જ સર્વ સંશયો દૂર થયા'. પહેલાં બધા વિષયોમાં જે સંદેહો રહેલા તે સર્વે તમારું દર્શન થયું કે તરત જ નિશ્ચયપૂર્વક દૂર થયા, એવો અર્થ છે. 'રાજાઓનો શો ધર્મ ?' એ સંદેહ પણ દૂર થયો, એમ ઉત્તરાર્ધથી કહે છે. 'યત્' કારણ કે (તમારાં) દર્શન પછી પ્રેમથી 'રિરક્ષિષોઃ' રક્ષણ કરનારનો અથવા રક્ષણ કરવા ઈચ્છનારનો ધર્મ (આપ) ભગવાને જ કહ્યો. 'તેથી પ્રજાનું પાલન એ ઉત્તમ ધર્મ છે' એ ક્ષત્રિયોનો ધર્મ છે. તેથી (તમારાં) વચનથી જ ધર્મ સંબંધી સંદેહ દૂર થયો. ૫.

'મહાપુરુષોનું દર્શન જ સ્વતંત્ર ફલરૂપ છે' એમ કહેવામાં આવે, તો તે પણ વચન વિના જ (પ્રાપ્ત) થયું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દિષ્ટ્યા મે ભગવાન્ દષ્ટો દુર્દર્શો યોઽકૃતાત્મનામ્ ।।**
**દિષ્ટ્યા પાદરજઃ સ્પૃષ્ટં શીર્ષ્ણા મે ભવતઃ શિવમ્ ।।૬।।**

મારું મોટું ભાગ્ય કે જેમનાં દર્શન (ભગવાન્ માટે) અંતઃકરણ ન ધારણ કરનારાઓને દુર્લભ છે તેવા (આપ) ભગવાનનાં મને દર્શન થયાં, (અને) આપનાં

ચરણની કલ્યાણકારક રજનો (મારાં) શિરથી મને સ્પર્શ થયો. ૬.

આપ ભગવાનનાં દર્શન 'અકૃતાત્મનાં' જેમણે (ભગવાન્ માટે) અંતઃકરણ ધારણ કરેલ નથી તેઓને દુર્લભ હોવા છતાં 'મે' મને (મારાં) મોટાં ભાગ્યથી થયાં, જેઓએ દેહથી આત્માને જુદો કરેલ (અનુભવેલ) નથી, અથવા ભગવાન્ માટે અંતઃકરણ (ધારણ) કરેલ નથી, અથવા ભગવાનને યોગ્ય દેહ (પ્રાપ્ત) થાય તે માટે (દેહમાં રહેલાં) મહાભૂતોને શુદ્ધ કરેલાં નથી, તેઓ 'અકૃતાત્મનઃ' છે. તેવાને (મને) તમારાં દર્શન થતાં, પરલોક (પ્રાપ્ત કરવા) માટે ઉપયોગી બધુંએ કાર્ય સિદ્ધ થએલું હોવાથી, (મારો) પરલોક સંબંધી સંદેહ પણ દૂર થયો. 'પાપનો નાશ થાય તે માટે પ્રાયશ્ચિત્ત (કર્યું) ?'' એવો કાંઈ પણ પ્રશ્ન ન કરવો, એમ ઉત્તરાર્ધથી કહે છે. તમારાં ચરણની 'શિવં' કલ્યાણકારક રજનો જ મેં શિરથી સ્પર્શ કર્યો, અથવા મારા શિરથી સ્પર્શ કર્યો. 'બ્રાહ્મણના ચરણની રજ મને પવિત્ર કરો' એ વાક્ય પ્રમાણે બધાં પ્રાયશ્ચિત્ત કરતાં આ જ ઉત્તમ છે. વળી તે માત્ર પાપ દૂર કરનારી નથી, પરંતુ કલ્યાણ કરનારી પણ છે, તેથી 'શિવમ્' 'કલ્યાણકારક' એમ કહેલું છે. જ્યારે (તેનો) શિરથી સ્પર્શ કર્યો, ત્યારે (બીજાં) અંગોનાં પાપનો પણ નાશ થયો જ, કારણ કે (શિર) મુખ્ય (અંગ) છે. (આ) અકસ્માત્ થયું એ (મારું) મોટું ભાગ્ય. ૬.

જેમ આચાર્ય શિષ્યને 'સત્ય બોલ' વિગેરે વાક્યોથી બોધ કરે છે, તેમ બ્રાહ્મણ ક્ષત્રિયને બોધ કરે છે, તે (લાભ) પણ મને વચન વિના જ (પ્રાપ્ત) થયો, એમ નીચેના શ્લોકથી કહે છેઃ –

**દિષ્ટ્યા ત્વયાऽનુશિષ્ટોऽહં કૃતશ્ચાऽનુગ્રહો મહાન્ ।।**
**અપાવૃતૈઃ કર્ણરન્ધ્રૈર્જુષ્ટા દિષ્ટ્યોશતીર્ગિરઃ ।।૭।।**

(મારું) મોટું ભાગ્ય કે તમે મને બોધ કર્યો અને (મારા ઉપર) મોટી કૃપા કરી. (તમારી) સુંદર વાણી મેં ખુલ્લા કાનનાં છિદ્રોથી સાંભળી એ ( મારું) મોટું ભાગ્ય. ૭.

વચન[1] વિના જ 'પ્રજાનું પાલન કરવું' એવા ધર્મનો તમે બોધ કર્યો અને 'હું નિષ્કપટ (હૃદયથી) તેનો (સ્વીકાર કરીશ)' (અ.૨૧ શ્લો.૫૬ ) એ વચનથી કૃપા કરી. ઉત્તમ (પુરુષો)નાં મુખથી ભગવાનના ગુણોનું શ્રવણ કરવું એ (લાભ) પણ મને (પ્રાપ્ત) થયો એમ ઉત્તરાર્ધથી કહે છે. 'જે (યોગ્ય અવસરે) સૂર્ય, ચંદ્ર...'(અ.૨૧. શ્લો.૫૧ ) એમ આ સર્વનું પાલન કરનાર ભગવાનના ગુણો (કહ્યા), તે જણાવનારી (તમારી) વાણી સુંદર જ હતી, અને તે (મારાં) ભાગ્યથી જ બીજા શબ્દોના આવરણ વિનાના (મારા) કાનનાં છિદ્રોથી અકસ્માત્ મેં સાંભળી. ૭.

૧. 'વચન વિના' એટલે પ્રશ્ન વિના જ. ( પ્ર )

એ રીતે ઉત્તમ (પુરુષ)નાં દર્શનથી જેટલો (લાભ) થવો જોઈએ, તે બધો થયો. હવે પછી હું બીજી વિજ્ઞપ્તિ કરું છું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ ભવાન્ દુહિતૃસ્નેહપરિક્લિષ્ટાऽऽત્મનો મમ ।।**
**શ્રોતુમર્હસિ દીનસ્ય શ્રાવિતં કૃપયા મુને ।।૮।।**

હે મુનિ ! તે આપ પુત્રી ઉપરના સ્નેહને લીધે દુઃખી અંતઃકરણવાળાનું મારું મંદભાગીનું શ્રવણ કરાવવા કહેલું કૃપાથી શ્રવણ કરો. ૮.

આ પ્રાર્થના સામાન્ય રીતે કરે છે. આપ 'તે' ઉત્તમ (પુરુષ) છો. 'કન્યાના પિતા હોવાથી દુઃખ થાય છે' એ નિયમ પ્રમાણે 'પુત્રી ઉપરના સ્નેહને લીધે સર્વ તરફથી દુઃખી છે અંતઃકરણ જેનું' તેવો (હું છું). માત્ર પુત્રી હોવી તે દુઃખ નથી, પરંતુ (તેના ઉપરનો) સ્નેહ (દુઃખકારક) હોવાથી તેમ કહેલું છે. 'મારું' શબ્દથી મંદભાગ્ય માટે અયોગ્યતા (જણાવેલી છે), તેથી કૃપા (કરવા કહે છે). ચાલુ પ્રસંગનો વૃત્તાંત (કર્દમ) જાણે છે એમ જણાવવા 'હે મુનિ !' એવું સંબોધન (કરેલું છે). 'શ્રાવિતમ્' એટલે વિજ્ઞપ્તિ, અથવા નારદ વિગેરે દ્વારા ભગવાને (કર્દમને) શ્રવણ કરાવેલું, અથવા શ્રવણ કરાવવા (મેં) કહેલું. ૮.

એ પ્રમાણે 'શ્રવણ કરો' એમ કહીને, નીચેના શ્લોકથી આરંભી તે (શ્રવણ કરવાનું) વચન કહે છેઃ

**પ્રિયવ્રતોત્તાનપદોઃ સ્વસેયં દુહિતા મમ ।।**
**અન્વિચ્છતિ પતિં યુક્તં વયઃશીલગુણાદિભિઃ ।।૯।।**

આ પ્રિયવ્રત અને ઉત્તાનપાદની બેન (અને) મારી પુત્રી વય આચાર ગુણ વિગેરેથી (પોતાને) યોગ્ય પતિ શોધે છે. ૯.

'જેને ભાઈ ન હોય (અને જેનો) પિતા જાણવામાં ન હોય, તેને જ્ઞાની પુરુષે ખરેખર પુત્રિકાધર્મની[1] શંકાથી પરણવી નહિ'. (મનુસ્મૃતિ. ૩।૧૧ પ્રમાણે) ભાઈ ન હોય તો વિવાહ કરવા યોગ્ય ન હોય (ગણાય); તેથી 'પ્રિયવ્રત અને ઉત્તાનપાદની બેન' એમ કહેલું છે, અને 'એક પુત્ર પુત્ર નથી', એ વાક્યને લીધે બંને (નાં નામ) કહેલાં છે. પિતા પ્રસિદ્ધ છે એમ કહેવા, 'મારી પુત્રી' એમ કહેલું છે. કામના વિનાની (સ્ત્રી)ની કામના કરવી યોગ્ય ન હોવાથી 'પતિને શોધે છે' એમ (કહેલું છે). (પતિ) દોષ વિનાનો હોવો જોઈએ, એમ જણાવવા 'યોગ્ય' વિશેષણ (યોજેલું છે). (માત્ર) કામ માટે સંબંધ ન થાઓ તેમ કહેવા 'વય આચાર ગુણ વિગેરેથી (યોગ્ય)' એમ કહેલું છે. કામ માટે વય, ધર્મ માટે આચાર, અર્થ માટે ગુણો, (અને) મોક્ષ માટે 'વિગેરે' શબ્દથી (જણાવેલાં) જ્ઞાન વિગેરે; એ પ્રમાણે ચાર

પ્રકારના પુરુષાર્થ સિદ્ધ થાય તે માટે-સ્ત્રીનું સર્વ પુરુષને અધીન હોવાથી-તેવો પતિ ઈચ્છે છે. ૯.

૧. જે કન્યાને ભાઈ ન હોય તેનો પિતા તેને પરણાવતી વખતે એવો સંકલ્પ કરે કે 'આ કન્યામાં જે પુત્ર થાય તે મારો પુત્ર ગણાય' તો તે કન્યાનો પુત્ર પિંડદાન કરે તે તે કન્યાના પિતાને પ્રાપ્ત થાય છે. આવી કન્યા પુત્રિકા કહેવાય છે.

તેવો કોઈ બીજો (પતિ) તેણે મનથી સ્વીકારેલો હોય, તોપણ (તે કન્યા) પરણવા યોગ્ય નથી, તેથી (બીજા કોઈનો) સ્વીકાર કરેલ નથી એમ કહેતાં, તમો ન પરણો તો આનો પતિ જ નથી એવા અભિપ્રાયથી નીચેનો શ્લોક કહે છેઃ

**યદા તુ ભવતઃ શીલશ્રુતરૂપવયોગુણાન્ ।।**
**અશ્રૃણોન્નારદાદેષા ત્વય્યાસીત્કૃતનિશ્ચયા ।।૧૦।।**

જ્યારે નારદ પાસેથી તમારાં શીલ, શ્રુત, રૂપ, વય અને ગુણો સાંભળ્યા ત્યારથી તમારા વિષે (તમને પતિ કરવાનો) આણે નિશ્ચય કર્યો છે. ૧૦.

પોતાને યોગ્ય બધા વરોનું શ્રવણ કરવાનો ઉદ્યમ કરતી આણે જ્યારે તમારાં શીલ વિગેરે સાંભળ્યાં, ત્યારથી તમારા વિષે જ આણે નિશ્ચય કરેલો છે. 'શીલ' એટલે આચાર, 'શ્રુત' એટલે વિદ્યા વિગેરેથી ઉત્પન્ન થએલું જ્ઞાન, 'રૂપ' એટલે સૌંદર્ય, 'વય' એટલે જુવાની, ઉદારપણું વિગેરે ગુણો. આ જ્યારે આણે શ્રવણ કર્યાં-કારણ કે દેવોનું કાર્ય કરનાર નારદ પ્રસંગ ઉત્પન્ન કરીને કહેતો હતો-ત્યારે તેણે તમારા વિષે જ નિશ્ચય કર્યો કે આ જ મારા પતિ. ૧૦.

આમ હોવા છતાં પણ કન્યા પિતાને અધીન હોવાથી, પિતાએ (તેને) પરણાવવાની હોવાથી, મારાથી અપાતી તેને સ્વીકારો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તત્પ્રતીચ્છ દ્વિજાગ્ર્યેમાં શ્રદ્ધયોપાહૃતાં મયા ।।**
**સર્વાત્મનાનુરૂપાં તે ગૃહમેધેષુ કર્મસુ ।।૧૧।।**

તેથી હે ઉત્તમ બ્રાહ્મણ ! મેં શ્રદ્ધાથી આપેલી, ગૃહસ્થનાં કર્મોમાં સંપૂર્ણ રીતે તમને યોગ્ય આ (કન્યા)ને સ્વીકારો. ૧૧.

'હે ઉત્તમ બ્રાહ્મણ !' એ સંબોધનથી એમ સૂચવેલું છે કે બ્રાહ્મણો માટે પિતા વિગેરેએ આપેલી (સાથે)નો જ વિવાહ મુખ્ય છે, પણ ગાંધર્વ વિગેરે (વિવાહ મુખ્ય) નથી. 'આ' શબ્દથી (એમ કહે છે કે) અમુક સમય પછી વિવાહ કરવાનો નથી, અને (કન્યાનું) રૂપ દેખાડીને લોભાવે છે. 'શ્રદ્ધાથી આપેલું ન ઈચ્છેલું હોય, તે પણ ગ્રહણ કરે' એવા વિચારથી 'શ્રદ્ધાથી આપેલી' એમ કહેલું છે. 'સંપૂર્ણ રીતે યોગ્ય' વિશેષણથી એમ જણાવેલું છે કે (આ) ભગવાને તમારા માટે જ ઉત્પન્ન કરેલી છે, પરંતુ (કોઈ) સાધારણ (કન્યા) નથી. માત્ર કામ માટે જ યોગ્ય છે એમ નથી, પરંતુ

ગૃહસ્થનાં કર્મોમાં (યોગ્ય છે). 'ગૃહેષુ' ઘરોમાં 'મેધા' બુદ્ધિ થાય છે જેમનાથી, અને જે કર્મોથી ગૃહસ્થાશ્રમ સિદ્ધ થાય, તે (ગૃહસ્થનાં કર્મો), એવો અર્થ છે ૧૧.

એ રીતે કન્યાના સંબંધનું સર્વ કહી, નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી વર સંબંધનું કહે છેઃ

**ઉદ્યતસ્ય હિ કામસ્ય પ્રતિવાદો ન શક્યતે ।।**
**અપિ નિર્મુક્તસંગસ્ય કામરક્તસ્ય કિં પુનઃ ।।૧૨।।**

જેણે સંગનો ત્યાગ કરેલ હોય, તેનાથી પણ સદા પ્રવૃત્ત રહેતા કામનો અનાદર કરી શકાતો નથી, પછી કામમાં આનંદ માનનારથી તો તે (અનાદર) કેમ જ થાય ? ૧૨.

**બહિર્ગતો હિ વિષયઃ કામે સત્યેવ ગૃહ્યતે ।।**
**ઉભયોર્યોગસિદ્ધૌ હિ વિશ્લેષોઽશક્ય એવ ચ ।।૫।।**

કામ હોય ત્યારે જ બહાર રહેલો વિષય ગ્રહણ કરવામાં આવે છે અને બંનેનો[1] સંબંધ થાય, ત્યારે છૂટા પડવાનું અશક્ય જ છે. કા. ૫.

કામ અને ઈચ્છેલો પદાર્થ બંને એક છે એમ જણાવવા (તેમને) એક શબ્દથી ('બંને' શબ્દથી) જણાવેલા છે. 'ઉદ્યતસ્ય' સદા કાર્ય કરવા પ્રવૃત્ત રહેતા (કામ)નો 'પ્રતિવાદઃ' અનાદર 'ન શક્યતે' કરી શકાતો નથી એવો અર્થ થાય છે; અથવા તે (સદા પ્રવૃત્ત રહેતો કામ જ) (આપણી) શક્તિનો વિષય નથી[2]. 'ઉદ્યતસ્ય' પોતાની મેળે પ્રાપ્ત થએલા કામનો અથવા કામના વિષયનો અનાદર (થઈ શકતો) નથી. ''સંગનો ત્યાગ કરવાથી કામનો અથવા ઈચ્છેલા પદાર્થનો અનાદર કરી શકાય'' એવી શંકા થાય, તેથી 'જેણે સંગનો ત્યાગ કરેલ હોય તેનાથી પણ' એમ કહેલું છે. કામથી આનંદ માનનાર, (તેમાં) રચ્યાપચ્યા રહેનારથી જરાએ અનાદર ન થઈ શકે, તેમાં કહેવું જ શું ? એવો અર્થ છે. ૧૨.

૧. 'બંનેનો' એટલે કામ અને ઈચ્છેલા પદાર્થનો. ( પ્ર )
૨. 'આપણી શક્તિનો વિષય નથી' એટલે આપણાથી થઈ શકે તેવો નથી.

કામ હોય ત્યારે સ્વતઃ પ્રાપ્ત થએલનો સ્વીકાર ન કરવાથી થતું દુઃખ નીચેના શ્લોકથી કહે છેઃ

**ય ઉદ્યતમનાદૃત્ય કીનાશમભિયાચતે ।।**
**ક્ષીયતે તદ્યશઃસ્ફીતં માનશ્ચાઽવજ્ઞયાહતઃ ।।૧૩।।**

જે પોતાની મેળે પ્રાપ્ત થએલનો અનાદર કરી કૃપણ પાસે માગે છે, તેના વિપુલ યશનો નાશ થાય છે અને સ્વાભિમાન અનાદરથી હણાય છે. ૧૩.

જે 'ઉદ્યતં' પોતાની મેળે પ્રાપ્ત થએલાનો અંગીકાર ન કરતાં, ન પ્રાપ્ત

થએલ માગે છે, તેનો યશ વિપુલ હોવા છતાં નાશ પામે છે, અને સ્વાભિમાન આદરથી હણાય છે. 'ન પ્રાપ્ત થએલ' એમ કહેવાનું હતું, ત્યાં 'કીનાશં' 'કૃપણ' એમ કહ્યું, તે મોટા પુરુષને પણ પ્રાપ્ત થતું નથી એમ સૂચવવા કહેલું છે. કૃપણ પાસે રહેલો પદાર્થ જ બધાને (કોઈને પણ) પ્રાપ્ત થઈ ન શકે તેવો છે, કારણ કે કૃપણ પદાર્થ ન આપવા ઉપરાંત પોતાની સરસાઈ દર્શાવવા અપકીર્તિ[1] પ્રસિદ્ધ કરે છે. તેથી તે (માગનાર)ના યશનો નાશ થાય છે. યશ વિપુલ હોવા છતાં પણ, કૃપણે કરાવેલી અપકીર્તિ પ્રબલ હોવાથી તેનો નાશ થાય છે. એવી રીતે બહારની અપકીર્તિ કહીને 'અને સ્વાભિમાન (અનાદરથી હણાય છે)' શબ્દોથી અંદરનું દુઃખ[2] પણ કહેલું છે. 'સ્વાભિમાન મોટા પુરુષોનું ધન છે' એ વાક્ય પ્રમાણે દુઃખનો અંગીકાર કરવામાં ન આવે, ત્યારે સ્વાભિમાનનો નાશ સહન થઈ શકે નહિ તેવો હોય છે. તે સ્વાભિમાનની ફરી ઉત્પત્તિ થતી નથી, એમ જણાવવા 'હણાય છે' એમ (કહેલું છે). ૧૩.

૧. મોટી ઉમરના કર્દમને પણ પ્રાપ્ત થતું નથી, એમ સૂચવવા આ કહેલ છે. તેથી જો હમણાં તમે મારો અનાદર કરશો તો ભવિષ્યમાં તમારો બીજો અનાદર થશે નહિ. (પ્ર) 'મોટા' એટલે ઉત્તમ સ્થિતિવાળાને પણ પ્રાપ્ત થતું નથી. તેથી હમણાં કર્દમ આ કન્યાનો અનાદર કરશે તો બીજી કન્યા તેને પ્રાપ્ત થશે નહિ, અને કોઈની કન્યા માગવા જશે તો તે ન આપતાં સ્વાભિમાનની હાનિ થશે, એવો અર્થ જણાય છે.

૨. વૃંદાવનના દેવકીનંદન પ્રેસવાળી પ્રતના પાઠ લીધેલા છે.

એ રીતે ઈચ્છેલા પદાર્થનો સ્વીકાર ન કરવાથી થતું દુઃખ કહીને, તે (કર્દમ) કામનાવાળો છે એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અહં ત્વાऽશ્રૃણવં વિદ્વન્ વિવાહાऽર્થે સમુદ્યતમ્ ।।**
**અતસ્ત્વમુપકુર્વાણઃ પ્રત્તાં પ્રતિગૃહાણ મે ।।૧૪।।**

હે વિદ્વન્ ! મેં તમને વિવાહ માટે તત્પર થએલા સાંભળ્યા છે. તેથી ઉપકાર કરનાર આપ મેં આપેલી (આ કન્યાને) સ્વીકારો. ૧૪.

તમે વિવાહ માટે તત્પર થયા છો, એમ સાક્ષાત્ મેં જ સાંભળ્યું છે. વિવાહ કરીને જ કામ પૂર્ણ કરવો જોઈએ, તેથી અયોગ્ય માર્ગનો તમે સ્વીકાર નહિ કરો એમ જણાવવા 'હે વિદ્વન્!' એવું સંબોધન કરેલું છે. તેથી વિવાહ કરવા ઈચ્છનાર બ્રહ્મચારી 'ઉપકુર્વાણઃ' ઉપકાર કરનાર છે, કારણ કે તે જ પિતા વિગેરે ઉપર ઉપકાર કરે છે. બ્રહ્મચર્યના અંતે પહોંચેલ બ્રહ્મચારી ઉપકાર કરનારો છે. 'મે' મેં 'પ્રત્તાં' સારી રીતે આપેલી (પરણાવેલી) (કન્યાને) પત્ની તરીકે સ્વીકારો, એવો અર્થ છે. ૧૪.

અહિં (કન્યાનો) સ્વીકાર કરવામાં ભગવાનના ગુણો જ કારણરૂપ હોવાથી નીચેના શ્લોકથી આરંભી છ (શ્લોક)થી સ્વીકાર (કર્યાનું) કહે છેઃ

॥ કર્દમ ઉવાચ ॥

**બાઢમુદ્વોઢુકામોઽહમપ્રત્તા ચ તવાઽઽત્મજા ॥**
**આવયોરનુરૂપોઽસાવાદ્યો વૈવાહિકો વિધિઃ ॥૧૫॥**

સત્ય છે કે હું પરણવાની ઈચ્છાવાળો છું અને તમારી કન્યા (કોઈને) આપેલી નથી. અમારા બેનો તે પ્રથમ યોગ્ય વિવાહસંબંધી વિધિ (થાઓ). ૧૫.

**ઈયં હિ ભગવદ્દાસી ભગશબ્દનિરૂપિતા ॥**
**ઐશ્વર્યાદિપ્રસિદ્ધ્યર્થમસ્યા વર્ણનમુચ્યતે ॥૬॥**

કારણ કે આ 'ભગ' શબ્દથી જણાવેલી[1] ભગવાનની દાસી છે. (આના) ઐશ્વર્ય વિગેરે (ગુણો) પ્રસિદ્ધ થાય તે માટે આનું વર્ણન કહેવામાં (કરવામાં) આવે છે[2]. કા. ૬.

**અનઙ્ગીકરણે ત્વસ્યાઃ સ્વતઃ કામેન બાધનાત્ ॥**
**તુલ્યત્વં ચાભિલષિતમત આદ્યો નિરૂપિતઃ ॥૭॥**

આનો સ્વીકાર કરવામાં ન આવે, તો કામ પોતાની મેળે (કર્દમને) પીડા કરે, અને સમાનપણું ઈચ્છેલું છે, તેથી પહેલો (ગુણ)[3] કહેલો છે. કા. ૭.

**ધર્મો વીર્યં દ્વિતીયેન વધ્યાદરણવર્ણનાત્ ॥**
**યશો હિ વર્ણ્યતે તસ્યા વિશ્વાવસુનિરૂપણાત્ ॥૮॥**

વિધિના આદરનું વર્ણન કરેલું હોવાથી બીજા (સોળમા શ્લોક)થી 'વીર્ય' ગુણ (કહેલો છે). વિશ્વાવસુના નિરૂપણથી તેના યશનું વર્ણન કરેલું છે. કા. ૮.

**કાન્ત્યાધિક્યસ્ય કથનાલ્લક્ષ્મ્યાશ્ચૈવ નિરાકૃતેઃ ॥**
**સોમસમ્બન્ધ એવોક્તો ગન્ધર્વસ્તુ તતઃ સ્ફુટઃ ॥૯॥**

કાંતિ અધિક કહેલી હોવાથી અને વળી લક્ષ્મીની અવગણના કરેલી હોવાથી[4], ચંદ્ર[5] સાથે જ સંબંધ કહ્યો. ગંધર્વનો સંબંધ[5] તો તેથી સ્પષ્ટ થયો. કા. ૯.

**લક્ષ્મીવદ્વર્ણનં તસ્યાઃ શ્રિયમિચ્છેદ્ધુતાશનાત્ ॥**
**ઈતિ વાક્યાચ્ચ તસ્યાપિ સમ્બન્ધો વિનિરૂપિતઃ ॥૧૦॥**

લક્ષ્મીની પેઠે તેનું વર્ણન કરેલું, અને 'અગ્નિ પાસેથી શ્રીની ઈચ્છા કરવી' વાક્ય પ્રમાણે તેનો (અગ્નિનો) સંબંધ[6] પણ જણાવેલો છે. કા.૧૦.

**જ્ઞાનવૈરાગ્યયોર્વાક્યે સ્પષ્ટ એવ નિરૂપિતે ॥**
**અતોઽસ્યા વર્ણનં તત્ર ન નિષિદ્ધમિતિ સ્થિતિઃ ॥૧૧॥**

જ્ઞાન અને વૈરાગ્યનાં વચનો સ્પષ્ટ જ કહેલાં છે[7] તેથી તે વિષયમાં આનું વર્ણન (કરવાનું) મના કરેલું નથી, એવી સ્થિતિ છે. કા. ૧૧.

'વાઢમ્' એ વચન વિવાહમાં પ્રસિદ્ધ છે, કારણ કે 'સુખ થાય તેમ પસંદ કરો' એમ કહેલું (હોય છે). 'સુખ પ્રમાણે' એવા અથવા 'સત્ય'ના અર્થવાળો આ અવ્યય છે. હું તો પરણવાની ઈચ્છાવાળો જ છું, અને તારી 'આત્મજા' કન્યા કોઈને પણ આપેલી નથી.

**દત્તાયાસ્તુ વિવાહોऽત્ર લૌકિકઃ પરિકીર્તિતઃ ।।**
**અપ્રત્તાયા વિવાહો હિ બ્રાહ્મ એવ નિરૂપિતઃ ।।૧૨।।**

અહિં આપેલીના[8] વિવાહને લૌકિક કહેલો છે, કારણ કે નહિ આપેલીના વિવાહને જ બ્રાહ્મ કહેલો છે. કા. ૧૨.

'પરણવાની ઈચ્છાવાળો' એમ કહેલું હોવાથી, મારો (કર્દમનો) પણ પહેલો વિવાહ થએલો નથી. તેથી અમારા બંનેનો આ પ્રથમ 'વૈવાહિકો વિધિ' વિવાહ સંબંધી અપૂર્વ ઉત્પન્ન કરનારો પ્રકાર (વિધિ) (થાઓ). 'જો ઉત્તમ વર આવે તો (વચનથી) આપેલી હોવા છતાં કન્યા (તેને) પરણાવવી. પતિ ગૂમ થાય, મરણ પામે, સંન્યાસ લે, નપુંસક હોય અથવા પતિત થાય, (એ) પાંચ સંકટોમાં સ્ત્રીઓનો બીજો પતિ કરવામાં આવે છે' એ વાક્યથી દુઃખમાં (બીજો) વિવાહ કરવાનું અને સંતતિ (ઉત્પન્ન કરવા) માટે પ્રાજાપત્ય (વિવાહ) (કરવાનું) કહેલું છે, તે અહિં કરવાનો નથી એમ 'વિધિ થાઓ' શબ્દથી (કહેલું છે). ૧૫.

૧. 'જણાવેલી' એટલે 'ભગ' શબ્દથી કહેલા ગુણોના એક ભાગરૂપ 'શ્રી' શબ્દથી જણાવેલી. (પ્ર).
૨. '' 'પિતાની' પાસે (તેની) પુત્રીનાં સૌંદર્યનું વર્ણન કરવું એ લોકથી વિરુદ્ધ છે. વળી લક્ષ્મીની અવગણના કહેવી એ વૈષ્ણવપણાંથી વિરુદ્ધ છે'' એવી શંકા થાય, તેથી કર્દમ દોષરહિત છે એમ જણાવવા આ કારિકાઓ કહેલી છે. (પ્ર).
૩. 'પહેલો (ગુણ)' એટલે ઐશ્વર્ય. (પ્ર)
૪. લક્ષ્મીની અવગણના કરનારી કહેવાનું બીજું પ્રયોજન આથી કહેલું છે. (લક્ષ્મી સર્વની બેન હોવાથી) આ (કર્દમની) બેન નથી એમ જણાવવા આ કહેલ છે. (પ્ર)
૫. ચંદ્રમાં કાંતિ ઘણી હોવાથી, કાંતિ કહી તેથી ચંદ્ર સાથે સંબંધ કહેવાયો. ગંધર્વ કન્યાઓને મધુર વાણી આપનાર છે. કાંતિ કહી તેથી મધુર વાણી પણ કહેવાઈ એવો અર્થ જણાય છે.
૬. શ્લો. ૧૯ માં 'તેજ ધારણ કરે ત્યાં સુધી' એમ કહેલ હોવાથી અગ્નિનો સંબંધ પણ જણાવાયો, એવો ભાવ જણાય છે.
૭. 'તેથી' એટલે આ લક્ષણોથી તે ભગવાનની દાસી હોવાથી. (પ્ર)
૮. વચનથી બીજાને આપેલી, એટલે બીજા સાથે સગપણ કરેલી, એવો અર્થ જણાય છે.

માત્ર અદૃષ્ટ ઉત્પન્ન કરનારો (વિવાહ) શોભા કરનારો થતો નહિ હોવાથી, સુખ થાય તે પ્રમાણે શોભા પણ ભલે થાઓ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**કામઃ સ ભૂયાન્નરદેવ તેઽસ્યાઃ પુત્ર્યાઃ સમામ્નાયવિધૌ પ્રતીતઃ ।।**
**ક એવ તે તનયાં નાઽઽદ્રિયેત સ્વયૈવ કાન્ત્યા ક્ષિપતીમિવ શ્રિયમ્ ।।૧૬।।**

હે રાજા ! તમારી આ પુત્રીનો (વિવાહ વિધિ) વારંવાર નામ લેવાની વિધિમાં સ્વીકારેલો ઈચ્છા પ્રમાણેનો થાઓ. પોતાની કાંતિથી જ જાણે કે લક્ષ્મીની અવગણના કરતી હોય તેવી તમારી પુત્રીનો કોણ જ આદર ન કરે ? ૧૬.

તે જ વિધિ 'કામઃ' ઈચ્છેલા પ્રકારનો 'ભૂયાત્' થાઓ, એવો અર્થ છે. તેનું કારણ 'રાજા' શબ્દથી કહેલું છે, કારણ કે બ્રાહ્મણોની પેઠે રાજાઓનો વિવાહ શોભા વિનાનો થતો નથી, પરંતુ તે સંપૂર્ણ રીતે લૌકિક ન કરવો, પણ સામામ્નાય વિધિમાં સ્વીકારાએલ પ્રકારનો કરવો. 'સમામ્નાય' એટલે વારંવાર નામ લેવું તે. જેમ પહેલાં બધાએ કરેલ તેવા પ્રકારના વિધિમાં સ્વીકારાએલ (વિધિ કરવો). કેટલાક 'સામામ્નાય'નો અર્થ 'વેદ' કરે છે. ''તેવા સંજોગોમાં[1] કન્યાનું ઉત્તમપણું જણાવાથી (તેને) ઈર્ષ્યાને લીધે (તમે કદાચ) ન સ્વીકારો'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. તમારી પુત્રીનો કોણ જ આદર ન કરે ? 'એવ' 'જ' શબ્દ અનાદરના અર્થમાં (યોજેલો છે). 'પોતાની અસાધારણ કાંતિ જ જાણે કે 'શ્રિયમ્' લક્ષ્મીની અવગણના કરતી હોય તેવી' શબ્દોથી તે અનાદર ન કરવાનું કારણ કહેલું છે. આ (દેવહૂતિ) પણ ભગવાનની શક્તિ હોવાથી તેમ કહેવામાં દોષ નથી. 'જાણે કે લક્ષ્મીની અવગણના કરતી હોય તેવી' શબ્દોથી આ ભક્તિના ચિહ્નરૂપ હોવાનું પણ સૂચવેલું છે. ૧૬.

૧. 'તેવા સંજોગોમાં' એટલે શોભાવાળો વૈભવથી વિવાહ કરવામાં આવે તો.

નીચેના શ્લોકમાં તેની કીર્તિ કહે છેઃ

**યાં હર્મ્યપૃષ્ઠે ક્વણદઙ્ઘ્રિશોભાં વિક્રીડતીં કન્દુકવિહ્વલાક્ષીમ્ ।।**
**વિશ્વાવસુર્ન્યપતત્સ્વાદ્વિમાનાદ્વિલોક્ય સંમોહવિમૂઢચેતાઃ ।।૧૭।।**

મહેલના ધાબા ઉપર ઝંકાર કરતા ચરણોથી શોભતી, ક્રીડા કરતી, દડાને લીધે વિહ્વલ નેત્રોવાળીને જેને જોઈને ઘણા મોહને લીધે ભાનવગરના ચિત્તવાળો વિશ્વાવસુ પોતાના વિમાનમાંથી પડી ગયો હતો. ૧૭.

વિશ્વાવસુ ગંધર્વ જે દેવહૂતિને મહેલના ધાબા ઉપર ક્રીડા કરતી, દડાને લીધે વિહ્વલ થયાં હતાં નેત્રો જેનાં તેવી (જોઈને વિમાનમાંથી પડી ગયો હતો). અપ્સરાઓની હાજરીમાં પણ (દેવહૂતિની) શોભાથી આકર્ષાએલ ચિત્તવાળો થઈ ઉપર (આકાશમાર્ગે) જતાં વિમાનમાંથી (દેવહૂતિ)ની સમીપ પડી ગએલો, એમ નારદ વિગેરેનાં વચનોથી જાણવામાં આવેલું છે. મહેલના ધાબા ઉપર ઢાંકણ હોતું નથી. 'ઝંકાર કરતા ચરણોથી શોભતી' વિશેષણથી ઉદ્દીપન વિગેરે (વિભાવો)

કહેલા છે. 'દડાને લીધે વિહ્વલ નેત્રોવાળી' વિશેષણથી ચંચલપણું અને ભોળપણ કહેલાં છે. ઘણા મોહને લીધે ભાનવગરનું થએલું હતું ચિત્ત જેનું, તેવો (વિશ્વાવસુ થયો). તે ગંધર્વ હોવાથી દોષ (થએલ) નથી. ૧૭.

નીચેના શ્લોકમાં તે (દેવહૂતિ)નું શ્રીપણું કહે છેઃ

**તાં પ્રાર્થયન્તીં લલનાલલામામસેવિતશ્રીચરણૈરદૃષ્ટામ્ ।।**
**વત્સાં મનોરુચ્ચપદઃ સ્વસારં કો નાઽભિમન્યેત બુધોઽભિયાતામ્ ।।૧૮।।**

સ્ત્રીઓમાં શ્રેષ્ઠ, ભગવાનનાં ચરણો જેમણે સેવેલાં નથી તેમણે ન જોએલી, મનુની વહાલી પુત્રી, ઉત્તાનપાદની બેન, પોતાની મેળે આવી પ્રાર્થના કરતીનો તેનો કયો વિદ્વાન આદર ન કરે ? ૧૮.

આરંભમાં પ્રાર્થના કરતી અને પોતાની મેળે જ આવેલીનો જે વિદ્વાન હોય તેવો કોણ આદર ન કરે ? હરકોઈ પ્રાર્થના કરતી (સ્ત્રી)નો સદા સ્વીકાર કરવો જોઈએ, તેમાં પણ 'ઉત્તમ સ્ત્રીને ખરાબ કુલમાંથી પણ (સ્વીકારવી)' એ નિયમ પ્રમાણે પણ તેને સ્વીકારવી જોઈએ, એમ 'સ્ત્રીઓમાં શ્રેષ્ઠ' વિશેષણથી કહેલું છે. 'લલના' સ્ત્રી (જાત), તેઓની મધ્યે 'લલામા' શ્રેષ્ઠ (તે છે). વળી તે ભગવાનની કૃપારૂપ હોવાથી સંપૂર્ણ રીતે તેનો સ્વીકાર કરવો જોઈએ, એમ કહે છે કે, નથી સેવેલાં 'શ્રીયુક્તૌ' લક્ષ્મીવાળાં ભગવાનનાં ચરણારવિંદો જેમણે તેઓએ ન જોએલી (તે છે). તેઓ તેને જોઈ પણ શક્તા નથી, તેથી આ ભગવાનની કૃપારૂપ છે. મનુ ધર્મરૂપ છે; તે જ્યારે ફલનું દોહન કરે, ત્યારે આ 'વત્સા' પ્રિય પુત્રી હોય છે, એવો અર્થ છે. 'ઉત્તાનપાદની બેન' શબ્દોથી (એમ કહેલું છે કે આ) ભાઈવાળી અને પ્રસિદ્ધ કન્યા છે. સર્વ શાસ્ત્રોના અર્થ જાણનારો કોણ જ (આનો) આદર ન કરે ? કારણ કે આવી સ્ત્રી બ્રહ્મવિદ્યાથી પણ અધિક છે. સાથે ચાલીને (પોતાની મેળે) આવેલી હોવાથી, આવી (કન્યા)નો ત્યાગ કરવાથી દોષ થવાનું શાસ્ત્રમાં કહેલું છે. ૧૮.

પરંતુ એક અનિષ્ટ છે. તે જો (દેવહૂતિ) સ્વીકારે તો હું (તેનો) સ્વીકાર કરીશ એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અતો ભજિષ્યે સમયેન સાધ્વીં યાવત્તેજો બિભૃયાદાત્મનો મે ।।**
**અતો ધર્માન્ પારમહંસ્યમુખ્યાન્ શુક્લપ્રોક્તાન્ બહુ મન્યેઽવિહિંસ્રાન્ ।।૧૯।।**

જ્યાં સુધી (તેના) આત્મરૂપનું મારું તેજ (આ) પતિવ્રતા ધારણ કરે ત્યાં સુધીના નિયમથી હું આનો સ્વીકાર કરીશ. પછી શુક્લનારાયણે કહેલા સંન્યાસમાં જે મુખ્ય છે તે હિંસારહિત ધર્મોનો હું ઘણો આદર કરીશ. ૧૯.

કારણ કે આ સર્વથી ઉત્તમ છે, તેથી હું (આનો) સ્વીકાર કરીશ, પરંતુ

'સમયેન' કાલના નિયમથી (સ્વીકાર કરીશ). ''આરંભમાં જ એ પ્રકારનો આગ્રહ કેમ કરો છો ? જ્યારે (તમને) વૈરાગ્ય થાય, ત્યાર પછી તરત જ (આનો) ત્યાગ કરજો'' એવી શંકા થાય, તેથી 'પતિવ્રતા' એમ કહેલું છે, કારણ કે આ પતિવ્રતા છે. '(પતિ) મરણ પામે ત્યારે જે નારી મરે તે પતિવ્રતા જાણવી'. તેથી મરણ સુધી[1] તેના ધર્મનું રક્ષણ થાય તે માટે (તેનું) રક્ષણ કરવું જોઈએ. તેમ કરવામાં ન આવે, તો (મારે) શરણ આવેલીના તેના ધર્મનો નાશ થાય તેથી પહેલાંથી જ કરાર કર્યો હોય, તો પરણવાના સમયે તે તેવું વ્રત ન લે. 'જ્યાં સુધી આત્મરૂપનું મારું તેજ ધારણ કરે' શબ્દોથી કરાર જ કહેલો છે. હું બ્રાહ્મણ હોવાથી મારું તેજ બીજરૂપ છે. તેટલાથી જ તે કૃતાર્થ થશે એમ જણાવવા 'આત્મરૂપ' એમ કહેલું છે. હું તેનો પણ આત્મા છું. આત્મરૂપ તેજ ધારણ કરવામાં આવે ત્યારે જ પતિવ્રતાપણું પ્રાપ્ત થાય છે, કારણ કે પતિ પોતાની અંદર જ રહેલો (થાય છે). ત્યાર પછી હું સંન્યાસના ધર્મોનો જ સ્વીકાર કરીશ, એમ ઉત્તરાર્ધથી કહે છે. સંન્યાસ આશ્રમમાં (જે ધર્મો) મુખ્ય છે (તેમનો સ્વીકાર કરીશ). 'શુક્લનારાયણે કહેલા' વિશેષણથી પ્રમાણ કહેલું છે. શુક્લનારાયણે કહેલા તે (ધર્મો)નો જ હું ઘણો આદર કરીશ. 'હિંસારહિત' વિશેષણથી પ્રમેયથી પણ તે ધર્મોની સરસાઈ કહેલી છે. ગૃહસ્થાશ્રમમાં યજ્ઞો વિગેરે હિંસાકારક (ધર્મો) છે. ૧૯.

૧. મારા (કર્દમના) મરણ સુધી તેનું રક્ષણ કરવું પડે, એટલે સંન્યાસના ધર્મો આચરી શકાય નહિ, એવો ભાવ જણાય છે.

'' 'જીવતાં સુધી અગ્નિમાં હોમ કરવો' એવી શ્રુતિ અને 'અહિંથી જ બ્રહ્મચર્યમાંથી સંન્યાસ લેવો' એવી સ્મૃતિ હોવાથી ગૃહસ્થાશ્રમ પછી સંન્યાસ ન લેવાય'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**યતોऽભવદ્વિશ્વમિદં વિચિત્રં સંસ્થાપ્યતે યત્ર ચાવતિષ્ઠતે ।।**
**પ્રજાપતીનાં પતિરેષ મહ્યં પરં પ્રમાણં ભગવાનનન્તઃ ।।૨૦।।**

જેમનામાંથી આ વિચિત્ર વિશ્વ ઉત્પન્ન થયું, જેમની અંદર લય પામે છે અને જેમની અંદર રહેલું છે તે પ્રજાપતિઓના પતિ આ અનંત ભગવાન્ મારા માટે ઉત્તમ પ્રમાણ છે. ૨૦.

આ વિષયમાં 'આ ભગવાન' જ પ્રમાણ છે.

**સર્વથાऽऽદરણીયો યઃ સ પ્રમાણમિહોચ્યતે ।।**
**તત્સંબન્ધાકૃતિસ્તસ્ય પ્રમાણં વાક્યમેવ ચ ।।૧૩।।**

સંપૂર્ણ રીતે જે આદર કરવા યોગ્ય છે, તે (ભગવાન્) અહિં પ્રમાણ કહેલા

છે. તેમના સંબંધને લીધે જ તેમનું કાર્ય અને વચન પ્રમાણ છે. કા. ૧૩.

વેદો ભગવાનનાં વાક્ય હોવાથી પ્રમાણ છે. તે (ભગવાન્) અનંત, અનંત મૂર્તિવાળા અને દેશ વિગેરેની હદવિનાના છે. તેમણે જૂદા જૂદા (પુરુષો)ના અધિકાર પ્રમાણે ઘણા પ્રકારે શાસ્ત્રાર્થ કહેલો છે; અને ભક્તોને જૂદો જૂદો કહેલો છે. તેથી તેમણે જે મને વિશેષ પ્રકારથી કહ્યો, તે જ (મારે) પ્રમાણ છે, કારણ કે ખાસ (કહેલું) બળવાન છે. સ્વતંત્ર વેદ કરતાં પણ ભગવાન્ ઉત્તમ છે, એમ કહેવા, (તે) જગતના કર્તા છે એમ કહે છે. (૧) જે ભગવાનમાંથી આ વિશ્વ 'અભવત્' ઉત્પન્ન થયું. 'વિચિત્ર' વિશેષણથી તે (ભગવાન્) અલૌકિક કર્તા હોવાનું જણાવેલું છે. 'યતઃ'[1] 'જેમનામાંથી' શબ્દથી કારણ (ભગવાન્) વિકારરહિત (હોવાનું કહેલ છે), ચિંતામણિ વિગેરેમાંથી ઉત્પન્ન થએલા ઘડા વિગેરે (પદાર્થો)નું કાંઈ પણ સમવાયિ વિગેરે બીજું કારણ જોવામાં આવતું નથી, તે પ્રમાણે જેટલાં કારણોની જરુર હોય તે ભગવાન જ છે, બીજું કાંઈ નથી, એમ જણાવવા અવ્યય યોજેલો છે. (૨) જેમની અંદર જ 'સંસ્થાપ્યતે' લય પામે છે, અને (૩) (જેમની અંદર) 'અવતિષ્ઠતે' રહેલું છે. ગુણો અને તેઓના અભિમાનીઓ[2] એકના કારણ હોવાનું સંભવતું હોવાથી, ત્રણે કહેલાં છે. વળી 'પ્રજાપતિઓના પતિ' શબ્દથી (ભગવાન્) વશ રાખનાર હોવાનું કહેલું છે. તે પણ 'આ', હમણાં પણ સમીપમાં પ્રકાશે છે. આથી એમ કહેલું છે કે ( તેમની આજ્ઞાનું ) ઉલ્લંઘન પણ થઈ શકે તેમ નથી. તેથી જ વેદ વિગેરે કરતાં પણ, (તે) ઉત્તમ પ્રમાણ છે. 'ભગવાન્' શબ્દથી વિકારરહિત બ્રહ્મ એમ (કહેલું છે). 'અનંત' વિશેષણથી (ભગવાન્) પ્રમાણ હોવાનું કારણ (કહેલું છે), કારણ કે બીજો (અનંત ન હોય તે) આદર કરવા યોગ્ય નથી. ૨૦.

૧. આ 'અવ્યય' (જેનાં રૂપ ન થાય તેવો શબ્દ) છે. 'અવ્યય' એટલે જેમાં ફેરફાર ન થાય તેવું, વિકાર (ફેરફાર) રહિત.

૨. ઉત્પત્તિ, લય અથવા સ્થિતિ ત્રણમાંથી એકના. ( પ્ર )

આટલું કહીને, જો (શરત) સ્વીકારશે તો વિવાહ કરાવીશ એવો નિશ્ચય કરીને (કર્દમ) શાંત રહ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

॥ મૈત્રેય ઉવાચ ॥

**સ ઉગ્રધન્વન્નિયદેવાऽऽબભાષે આસીચ્ચ તૂષ્ણીમરવિન્દનાભમ્ ॥**
**ધિયોપગૃહ્ય સ્મિતશોભિતેન મુખેન ચેતો લુલુભે દેવહૂત્યાઃ ॥૨૧॥**

'હે ઉગ્ર ધનુષ્યવાળા !' તે આટલું જ બોલ્યા અને કમલનાભને બુદ્ધિથી ધારણ કરી શાંત રહ્યા. તેમનાં સ્મિતથી શોભતાં મુખથી દેવહૂતિનું ચિત્ત લોભાયું. ૨૧.

(વિદુરને) ખળભળાટ ન થાય તે માટે 'હે ઉગ્ર ધનુષ્યવાળા!' એવું સંબોધન (કરેલું છે), કારણ કે સ્ત્રીનું ચિંતન પણ ખળભળાટ કરાવનારું છે. તે 'ઈચદેવ' આટલું જ બોલ્યા. 'અને શાંત રહ્યા' શબ્દોથી એમ કહેલું છે કે આને સિદ્ધ કરનારું પણ કહેવું અથવા જૂદો (ન પરણવાનો) વિચાર હોય તો બીજું કહેવું, એવું તેમનું મન ન હતું. તર્ક સંબંધી દોષ હોવાથી તે દૂર કરવા 'કમલનાભને બુદ્ધિથી ધારણ કરી (શાંત રહ્યા)' એમ કહેલું છે, કારણ કે તે કમલનાભ હોવાથી બધુંએ જગત્ ફેરવી નાખવા શક્તિવાળા છે, (તેમને) આટલામાં જ શું અશક્ય હોય ? એવો (અર્થ છે). તેટલામાં જ ભગવાને કાંઈક ઉપાય કર્યો એમ કહે છે (કે), જેવા (તેણે કમલનાભને) બુદ્ધિથી ધારણ કર્યા કે તરત જ સ્મિતથી શોભતું જે (તેનું) મુખ, તેનાથી દેવહૂતિનું ચિત્ત લોભાયું. ૨૧.

માયાથી મોહ પામેલો અથવા વસ્તુની લાલસાવાળો ભવિષ્યમાં થવાના ગુણો અથવા દોષોને જાણતો નથી, તેથી મનુનું મન સંદેહવાળું હોવા છતાં પણ 'પુત્રી માટે (આ) યોગ્ય પતિ છે' એવી પત્નીની ઈચ્છા અને પુત્રીનું ચિત્ત જાણીને તે સંદેહરહિત થયું, એટલે તેણે તેને કન્યા આપી, એ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સોऽનુજ્ઞાત્વા વ્યવસિતં મહિષ્યા દુહિતુઃ સ્ફુટમ્ ।।**
**તસ્મૈ ગુણગણાઽઽઢ્યાય દદૌ તુલ્યાં પ્રહર્ષિતઃ ।।૨૨।।**

તેણે મહારાણીનો (અને) પુત્રીનો સ્પષ્ટ નિશ્ચય જાણીને, હર્ષ પામી, ગુણોના સમૂહવાળાને તેને (તેની) સમાન (કન્યા) પરણાવી. ૨૨.

'સ્ફુટમ્' વચન વિગેરેથી સ્પષ્ટ થએલો 'વ્યવસાયઃ' નિશ્ચય (જાણ્યો), તેથી જ તેને કન્યા પરણાવી. પોતે લગ્ન ન રોકવાનું કારણ 'ગુણોના સમૂહવાળાને' વિશેષણથી (કહેલું છે), અને અનિષ્ટ હતું તે (લગ્ન) કરાવનારું જાણ્યું એમ '(તેની) સમાન' વિશેષણથી કહેલું છે. આ દેવહૂતિ પણ મુક્તિ પામશે, એવો અર્થ છે. તેમ ન હોત, તો ભગવાને (તેની) સમાન ઉત્પન્ન કરી ન હોત. તેથી જ તે હર્ષ પામ્યો. ૨૨.

સંકલ્પ કરીને આણે પરણાવી. ઉત્સવ તો શતરૂપાએ કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**શતરૂપા મહારાજ્ઞી પારિબર્હાન્મહાધનાન્ ।।**
**દમ્પત્યોઃ પર્યદાત્પ્રીત્યા ભૂષાવાસઃપરિચ્છદાન્ ।।૨૩।।**

મહારાણી શતરૂપાએ દંપતીને આભૂષણ, વસ્ત્રો, ઘરવખરીનો ઘણો કિંમતી દાયજો પ્રીતિથી આપ્યો. ૨૩.

(આપવાની) શક્તિ 'મહારાણી' શબ્દથી (કહી છે). 'મહાધનાન્' ઘણો

કિંમતી 'પારિબર્હાન્' વિવાહ સમયે આપવા યોગ્ય (દાયજો), માત્ર પુત્રીને નહિ, પરંતુ દંપતીને, સંકલ્પથી નહિ તેમજ દયાથી નહિ પરંતુ પ્રીતિથી આપ્યો. 'ભૂષા' કુંડલ વિગેરે આભરણો, જાતજાતનાં વસ્ત્રો (અને), 'પરિચ્છદાઃ' ઘરવખરીનો (દાયજો આપ્યો). ૨૩.

કન્યા પરણાવીને, ઘેર જતાં મનુનું કૃત્ય નીચેના શ્લોકમાં કહે છેઃ

**પ્રત્તાં દુહિતરં સમ્રાટ્ સદક્ષાય ગતવ્યથઃ ॥**
**ઉપગુહ્ય ચ બાહુભ્યામૌત્કણ્ઠ્યોન્મથિતાऽऽશયઃ ॥૨૪॥**

અને (તેના) જેવાને પુત્રી પરણાવીને દુઃખરહિત થએલા, પ્રેમને લીધે વિહ્વલ થએલા અંતઃકરણવાલા ચક્રવર્તી (પુત્રીને) બે બાહુઓથી ભેટ્યા... ૨૪.

પરણાવેલી હોવા છતાં કન્યા અયોગ્યને (પરણાવી હોય તે) દુઃખદાયક થાય છે. તેવું ન હોવાથી (મનુ) નિશ્ચિંત થયો એમ '(તેના) જેવાને (પરણાવીને) દુઃખરહિત થએલા' શબ્દોથી કહેલું છે. 'દત્ત્વા' 'પરણાવીને' એમ કહેવું જોઈએ, તે થઈ ગએલ હોવાથી ન કહેતાં, ભેટવામાં (પુત્રી) ઈચ્છેલી હોવાથી 'પ્રત્તામ્' 'પરણાવેલીને' એમ બીજી (વિભક્તિ) જ કહેલી છે. તરત જવાનું કારણ 'ચક્રવર્તી' શબ્દથી (કહેલું છે). 'ચ' 'અને' શબ્દથી બીજાં તે સમયને યોગ્ય (મનુનાં) વચનો પણ સૂચવેલાં છે. 'ઉપગૃહ્ય' 'પકડીને' એવો પાઠ હોય, ત્યારે માત્ર 'સમીપમાંથી પકડી' (એવો અર્થ થાય). બંને પ્રકારે માથાંથી પકડેલી. દ્વિવચનથી[1] ઘણો સ્નેહ જણાવેલો છે; વળી (મનુ) પ્રેમથી વિહ્વલ થયો, એમ 'પ્રેમને લીધે વિહ્વલ થએલા અંતઃકરણવાળા' વિશેષણથી કહેલું છે. 'ઉન્મથિતઃ' ઘણું જ વિહ્વલ થએલું હતું 'આશયઃ' અંતઃકરણ જેનું તેવો (મનુ). ૨૪.

૧. 'બાહુભ્યામ્' 'બે બાહુઓથી' એ શબ્દમાં યોજેલ દ્વિવચનથી.

તે જવાને પણ અશક્ત થયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અશક્નુવંસ્તદ્વિરહં મુઞ્ચન્બાષ્પકલાં મુહુઃ ॥**
**આસિઞ્ચન્નમ્બ વત્સેતિ નેત્રોદૈર્દુહિતુઃ શિખામ્ ॥૨૫॥**
**આમન્ત્ર્ય તં મુનિવરમનુજ્ઞાતઃ સહાऽનુગઃ ॥**
**પ્રતસ્થે રથમારુહ્ય સભાર્યં સ્વપુરં નૃપઃ ॥૨૬॥**

તેનો વિરહ સહન કરવા અશક્ત થતાં, વારંવાર અશ્રુકલાને પાડતાં, 'હે માતા ! હે પુત્રી !' એવો શબ્દો વચ્ચે પુત્રીના ચોટલાને નયનનાં જલોથી સિંચતાં, તે ઉત્તમ મુનિની રજા લઈ, રજા પામેલો રાજા પત્ની સાથે રથમાં બેસી સેવકો સાથે પોતાના શહેર જવા નીકળ્યો. ૨૪|૨૫.

(વિરહ) 'સહન કરવા' (અશક્ત) એમ અર્થથી પ્રાપ્ત થાય છે, કારણ કે વિરહ પોતાની સાથે સંબંધવાળો જ થયો, તે (સહન કરવો) શક્ય હોય કે અશક્ય હોય. તેથી (વિરહ સહન કરવો અશક્ય હોવાથી) જ (તે) વારંવાર અશ્રુકલા પાડતો હતો; કારણ કે અંદરના દુઃખને લીધે મુખ (નયન)માંથી અશ્રુ બહાર નીકળતાં હતાં. અશ્રુ શોભતાં હોવાથી (તેને) 'કલા' કહેલ છે. 'વારંવાર' શબ્દ જ્યારે જ્યારે સ્મરણ થાય ત્યારે ત્યારે અધિક વિરહ થયાનું સૂચવે છે, અને નેત્રમાંથી ઘણું જલ નીકળ્યું એમ પચીસમા[1] શ્લોકના ઉત્તરાર્ધથી કહેલું છે. તે (પુત્રી) પણ રડતી હતી, ત્યારે 'હે માતા ! હે પુત્રી !' એવાં સંબોધન થતાં હતાં. 'રડ નહિ' વિગેરે કહેવાની શક્તિવિનાનો (મનુ) નયનમાં ઉત્પન્ન થએલાં જલોથી પુત્રીના ચોટલાને સિંચતો હતો, અને ઉત્તમ મુનિની રજા લઈ, તેની પાસેથી જ રજા પામેલો (રાજા) પત્ની સાથે રથમાં બેસી સવકો સાથે પોતાના શહેર જવા નીકળ્યો, એવો ત્રણ શ્લોકોનો[1] સંબંધ છે. (કર્દમ) ઉત્તમ મુનિ હોવાથી જ (તેને પુત્રીની) ખાસ સોંપણ કરી નહિ. 'રાજા' શબ્દથી રક્ષણ કરવા માટે પોતાના શહેર તરફ જવાનું જરુરી હોવાનું કહેલું છે. ૨૫।૨૬.

૧. ૨૪, ૨૫ અને ૨૬ શ્લોકોનો સંબંધ છે. ૨૭ મા શ્લોક સાથે ચારે શ્લોકનું એક વાક્ય થાય છે.

પુત્રીને (કોઈનો) સહવાસ નથી એવી શંકા પણ નીચેના શ્લોકથી ખોટી ઠરાવે છેઃ

**ઉભયોર્ઋષિકુલ્યાયાઃ સરસ્વત્યાઃ સુરોધસોઃ ।।**
**ઋષીણામુપશાન્તાનાં પશ્યન્નાશ્રમસમ્પદઃ ।।૨૭।।**

ઋષિઓનાં કુલને યોગ્ય સરસ્વતીના બંને કિનારા ઉપર આવેલા શાંત ઋષિઓના આશ્રમોની સંપત્તિને જોતો (રાજા પોતાના શહેર જવા નીકળ્યો. શ્લો. ૨૬.) ૨૭.

ઋષિઓનાં કુલને યોગ્ય સરસ્વતીના બંને કીનારા ઉપર આવેલા શાંત ઋષિઓના આશ્રમોની સંપત્તિને માર્ગમાં જોતો (નીકળ્યો), એમ પહેલાંના (શ્લો. ૨૬.) સાથે જ સંબંધ છે. એક બીજા દેખાતા હોવાનું જણાવવા 'બંને કીનારા ઉપરના' (એમ કહેલું છે). સરસ્વતી ઋષિઓનાં કુલને યોગ્ય હોવાથી, સરસ્વતીની પ્રાર્થનાથી પણ જમાઈ પોતાની નજીક (શહેરમાં) ગયો ન હતો એમ કહેલું છે. વળી તે (સરસ્વતી) સૃષ્ટિ માટે ઉપયોગી હોવાથી 'સરસ્વતીના' એમ (કહેલું છે). સારી રીતે વ્યવહાર થઈ શકે તે માટે 'સુંદર કીનારા' (કહેલા છે). (ઋષિઓમાં) કજીઓ ન હતો એમ જણાવવા 'શાંત' વિશેષણ (યોજેલું છે). 'સંપત્તિ' શબ્દથી સમૃદ્ધિ જણાવેલી છે. ૨૭.

એ પ્રમાણે અહિંથી જવાનું કહી, તેણે પોતાના નગરમાં પ્રવેશ કર્યો ત્યારે (તેનો થએલ) આદર નીચેના શ્લોકથી કહે છેઃ

**તમાયાન્તમભિપ્રેત્ય બ્રહ્માવર્તાત્પ્રજાપતિમ્ ।।**
**ગીતસંસ્તુતિવાદિત્રૈઃ પ્રત્યુદીયુઃ પ્રહર્ષિતાઃ ।।૨૮।।**

તે રાજાને બ્રહ્માવર્તમાંથી આવતા જાણીને. ઘણો હર્ષ પામેલી (પ્રજા) ગીત સ્તુતિ અને વાજીંત્રોથી વધાવવા આવી. ૨૮.

સરસ્વતીનો આખોય કીનારો 'બ્રહ્માવર્ત' તરીકે ઓળખાય છે, તેથી 'બ્રહ્માવર્તમાંથી' એમ કહેલું છે. 'બ્રહ્માવર્ત[1] (આવતા જાણીને)' એ પાઠ સ્હેલાઈથી જણાય છે. 'પ્રજાપતિમ્'[1] એટલે (રાજા) મનુને. અહિં સરવાળો (કરેલો છે). 'પ્રજાઃ પતિમ્' 'પ્રજાઓ પતિને (આવતા જાણીને)' એવો પાઠ છે. હર્ષ પામેલી પ્રજા ગીત વિગેરેથી 'પ્રત્યુદીયુઃ' (વધાવવા) સામી આવી. ૨૮.

* 'બ્રહ્માવર્ત' એટલે સરસ્વતી અને દષદ્વતી દેવનદીઓ વચ્ચેનો મનુનો પ્રદેશ. ત્યાં મનુને આવતા જાણીને.

''બિન્દુ સરોવરનો ત્યાગ કરી મનુ બીજાં સ્થલે કેમ ગયો ? ત્યાં જ તેણે રાજધાની કેમ ન કરી ?'' એવી શંકા થાય, તેથી મનુ જેમાં રહેતો હતો તે નગરી પણ બિન્દુસરોવરની સમાન હતી એમ કહેવા, નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોક)થી તેનું વર્ણન કરે છેઃ

**બર્હિષ્મતી નામ પુરી સર્વસમ્પત્સમન્વિતા ।।**
**ન્યપતન્યત્ર રોમાણિ યજ્ઞસ્યાઙ્ગં વિધુન્વતઃ ।।૨૯।।**

બર્હિષ્મતી નામની નગરી સર્વસંપત્તિવાળી છે, જેની અંદર અંગ ધૂણાવતા યજ્ઞવરાહનાં રુવાડાં પડ્યાં હતાં. ૨૯.

જેવું આ બિંદુસરોવર છે, તેવી તે બર્હિષ્મતી નામની (નગરી) છે. 'સરખાં હોય, તો (મનુ) અહિં જ કેમ ન રહ્યો ?' એવો પ્રશ્ન થાય; તેથી 'નગરી' શબ્દ કહેલો છે, કારણ કે રાજાઓ નગરીમાં જ રહે છે, પણ હરકાઈ સ્થાનમાં (રહેતા) નથી. વળી આ સર્વ સંપત્તિવાળી હતી. પ્રાણીઓને ચાર પુરુષાર્થ હોય છે, અને તે પણ ઘણા પ્રકારના હોય છે. સર્વ પ્રકારના (પુરુષાર્થો)ની સર્વ સંપત્તિ આ (નગરી)માં હતી, તેથી રાજા સર્વ ઉપર ઉપકાર કરનાર હોવાથી અહિં રહે તે યોગ્ય છે. ઉત્તરાર્ધથી (તે નગરી) બર્હિષ્મતી હોવાનું સિદ્ધ કરે છે. 'બર્હિઃ' બર્હિઃ 'વર્તતે' છે જેની અંદર, એવી તે બર્હિષ્મતી નગરી છે, અને બર્હિ વૈદિક યજ્ઞના અવયવોમાંથી ઉત્પન્ન થએલું છે. જેમ બ્રહ્મણોમાં પિતાઓનો આરોપ કરવામાં આવે છે, તેમ મંત્ર વિગેરેથી કુશ કાશ

(ઘાસ)માં તેનો (બર્હિષનો) આરોપ કરવામાં આવે છે, કારણ કે તે દેવોનું આસન છે. તે જ્યાં હોય છે ત્યાં જ દેવો (રહે છે), પરંતુ જ્યાં તે કુદરતથી છે ત્યાં (દેવોનું) આવાહન કરવાની પણ જરુર નથી. વળી તે બર્હિષ્ તે જ નગરીમાં ઉત્પન્ન થએલું, એમ જણાવવા 'અંગ ધૂણાવતા યજ્ઞવરાહનાં રુંવાડાં જેની અંદર પડ્યાં હતાં' એવી કથા કહેલી છે, કારણ કે તે (વરાહ) યજ્ઞરૂપ છે અને (તેમનાં) રુંવાડાં બર્હિષ્ છે. ૨૯.

**કુશાઃ કાશાસ્ત એવાડડસન્ શશ્વદ્ધરિતવર્ચસઃ ॥**
**ઋષયો યૈઃ પરાભાવ્ય યજ્ઞઘ્નાન્ યજ્ઞમીજિરે ॥૩૦॥**

તે જ સદા લીલા રંગવાળા કુશ અને કાશ થયાં, જેમનાથી ઋષિઓએ યજ્ઞનો ધ્વંસ કરનારાઓનો પરાભવ કરી યજ્ઞનું પૂજન કરેલું. ૩૦.

તે જ કુશ અને કાશ થયાં. તે યજ્ઞના સંબંધવાળા જણાય તે માટે 'સદા લીલા રંગવાળા' વિશેષણથી તેઓનું અલૌકિક સ્વરૂપ કહેલું છે. બધાએ કાલમાં કુશ ઉત્પન્ન થાય છે, અને લીલા રંગના હોય છે, પરંતુ બીજાં ડાંગર, જવ વિગેરે (તેવાં) હોતાં નથી. તેથી તે જ થયા, એટલે રુંવાડાં જ કુશ અને કાશ થયાં એવો અર્થ છે. ''યજ્ઞના સંબંધવાળા પશુ વિગેરે ઘણાએ પદાર્થો છે અને તેઓ સર્વે સ્થલે યોગ્ય પ્રકારે ઉત્પન્ન થાય છે, તેથી બર્હિષને જ કેમ ઉત્તમ (ગણાય) અને તેમનાથી બર્હિષ્મતીની સરસાઈ કેમ થાય ?'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. જે કુશ અને કાશોથી યજ્ઞનો ધ્વંસ કરનાર રાક્ષસોનો પરાભવ કરી (ઋષિઓએ) યજ્ઞનું પૂજન કરેલું. કુશો યજ્ઞના વિરોધીઓનો નાશ કરનાર હોવાનું બીજી શાખાઓમાં સમજાય તેવું છે. ૩૦.

એ પ્રમાણે બર્હિષ્મતીપણું સિદ્ધ કરી, નીચેના શ્લોકમાં તેમાં ખાસ રહેવાનું પ્રયોજન કહે છેઃ

**કુશકાશમયં બર્હિરાસ્તીર્ય ભગવાન્મનુઃ ॥**
**અયજદ્યજ્ઞપુરુષં લબ્ધ્વા સ્થાનં યતો ભુવઃ ॥૩૧॥**

ભગવાન્ મનુએ ભૂમિનું સ્થાન પ્રાપ્ત કરીને, કુશ અને કાશરૂપ બર્હિષ્ બીછાવીને જેમની પાસેથી (ભૂમિનું સ્થાન) પ્રાપ્ત કરેલ તે યજ્ઞપુરુષનું પૂજન કર્યું. ૩૧

ઘોડાના વાળ 'કાશ' છે, કારણ કે તેનું પશુ વિગેરેનું અને પરોણાગત વિગેરેમાં આસન થાય છે. કુશ અને કાશના રૂપવાળું બર્હિષ બીછાવીને, પોતે દીક્ષા લીધેલો ભગવદ્રૂપ થઈ મનુએ યજ્ઞપુરુષનું પૂજન કર્યું, કારણ કે તેણે ભૂમિ પ્રાપ્ત કરેલી. અધિકારી હોવામાં ભેદ ન હોવા છતાં પણ, ઈન્દ્ર વિગેરે સ્વર્ગમાં અધિકારવાળા છે, (અને) મનુ તો ભૂમિ ઉપર (અધિકારવાળો છે) અને તે (ભૂમિ) દેવનાં યજ્ઞ (કરવા)નાં સ્થાનરૂપ છે. યજ્ઞ કરવાનું સ્થાન પ્રાપ્ત કરીને અવશ્ય યજ્ઞો

કરવા જોઈએ, તેથી 'પ્રાપ્ત કરીને પૂજન કર્યું ' એમ (કહેલું છે). (ભૂમિની) પ્રાપ્તિ માત્ર યજ્ઞ માટે ઉપયોગી હોવાથી (સંબંધક ભૂતકૃંદતનો) 'ક્ત્વા' પ્રત્યય (લગાડેલો છે). અથવા 'યતઃ' એટલે યજ્ઞ (પુરુષ) પાસેથી. યજ્ઞવરાહે જ તે (ભૂમિ) આપેલી, તેથી યજ્ઞ માટે જ મેં પ્રાપ્ત કરી છે, એવા વિચારથી (યજ્ઞપુરુષનું) પૂજન કર્યું. ૩૧.

એવી રીતે બર્હિષ્મતીમાં રહેવાનું પ્રયોજન કહીને, તેમાં (મનુએ) પ્રવેશ કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**બર્હિષ્મતીં નામ વિભુર્યાં નિર્વિશ્ય સમાવસત્ ।।**
**તસ્યાં પ્રવિષ્ટો ભવનં તાપત્રયવિનાશનમ્ ।।૩૨।।**

બર્હિષ્મતી નામનું (ભૂમિનું સ્થાન પ્રાપ્ત કરીને પૂજન કર્યું. શ્લો.૩૧.). જેમાં પ્રવેશ કરીને સમર્થ (મનુ) રહ્યો, તેમાં ત્રણ તાપનો નાશ કરનારાં ભવનમાં તેણે પ્રવેશ (કર્યો). ૩૨.

તેવાં સ્થાનમાં રહેવાની તેની શક્તિ જણાવવા 'સમર્થ' વિશેષણ (યોજેલું છે). તેથી જ ઉત્તમ સ્થલમાં શત્રુઓની પીડા થતી ન હોવાથી એક જ સ્થલે તે સદા રહ્યો, એમ 'જેમાં પ્રવેશ કરીને રહ્યો' શબ્દોથી કહેલું છે. ભૂમિનું પ્રસિદ્ધ બર્હિષ્મતી સ્થાન પ્રાપ્ત કરીને, એમ ગયાં વાક્ય (શ્લો ૩૧) સાથે જ સંબંધ છે. 'જેમાં (પ્રવેશ કરીને...)' વિગેરે જૂદું છે. (મનુ ત્યાં) સારી રીતે રહ્યો. વળી નગરી જ સર્વથી ઉત્તમ હતી એમ ન હતું. પરંતુ તેમાં ભવન પણ સર્વથી ઉત્તમ હતું એમ (કહેલું છે). 'તેમાં પ્રવેશ કર્યો' એટલે તે (નગરી)માં રહેલાં ભવનમાં પ્રવેશ કર્યો. 'ત્રણ તાપનો નાશ કરનારાં' વિશેષણથી (ભવનની) સરસાઈ (કહેલી છે), કારણ કે તે સ્થાન ભક્તિ ઉત્પન્ન કરાવનારું હતું. ૩૨.

**સભાર્યઃ સપ્રજઃ કામાન્ બુભુજેઽન્યાવિરોધતઃ ।।**
**સંગીયમાનસત્કીર્તિઃ સસ્ત્રીભિઃ સુરગાયકૈઃ ।।**
**પ્રત્યૂષેષ્વનુબદ્ધેન હૃદા શૃણ્વન્ હરેઃ કથામ્ ।।૩૩।।**

સ્ત્રીઓ સહિત સુરોના ગાન કરનારાઓ જેની સત્કીર્તિનું સારી રીતે ગાન કરતા હતા તેવો (મનુ) દર પ્રાતઃકાલે એકાગ્ર હૃદયથી હરિની કથાનું શ્રવણ કરતાં પ્રજા સાથે (અને) પત્ની સાથે બીજા (પુરુષાર્થ)નો વિરોધ ન થાય તેવી રીતે વિષયોનો ભોગ કરતો હતો. ૩૩.

કારણકે ત્રણ તાપ ન હોય ત્યારે બહારની અને અંદરની પીડા ન હોવાથી શાસ્ત્ર પ્રમાણે પુરુષાર્થો પ્રાપ્ત કરી શકાય છે, તે (અર્થ) 'પ્રજા સાથે (અને) પત્ની સાથે ધર્મ વિગેરેનો વિરોધ ન થાય તેવી રીતે 'કામાન્' વિષયોનો ભોગ કરતો હતો'

શબ્દોથી કહેલો છે. પુરુષાર્થ (પ્રાપ્તિ)નો વિરોધ થતો હોય, ત્યારે અડચણ કરનારા હોવાથી જ પત્ની અને પુત્રોનો ત્યાગ કરવામાં આવે છે. '(સ્ત્રીઓ સહિત સુરોના ગાન કરનારાઓ જેની સત્કીર્તિનું) સારી રીતે ગાન કરતા હતા' શબ્દથી (મનુ) તેવો હોવાનું ચોક્કસ (ચિહ્ન) કહેલું છે. ગંધર્વો વિગેરે સુરોના ગાન કરનારાઓથી ગાન કરાતી હતી સત્કીર્તિ જેની તેવો (મનુ હતો). દેવો તો અસત્ય ગાન કરતા નથી, તેમજ ધર્મ વિગેરેથી વિરુદ્ધ કીર્તિનું ગાન કરતા નથી અને શ્રવણ કરતા નથી. આ કીર્તિ ચાર પુરુષાર્થરૂપ હોવાનું સિદ્ધ કરે છે. મોક્ષમાં પરિણમતી હોવાથી 'સારી રીતે (ગાન કરાતી) હતી, ઉદારતાને લીધે (અર્થ પ્રાપ્ત કરાવનારી હોવાથી તેનું) ગાન થતું હતું, 'સત્ ( ઉત્તમ )' હોવાથી ધર્મરૂપ હતી અને 'કીર્તિ' હોવાથી કામરૂપ હતી. તેથી કામ ઉત્પન્ન કરતી હોવાથી, સ્ત્રીઓ સાથે (ગંધર્વો તેનું) ગાન કરતા હતા; કારણ કે સુરો (દેવો)ને ધર્મ ફલરૂપ છે, ગાન કરનારાઓને કામ અને અર્થ (ધન) મુખ્ય હોય છે, અને ઉત્તમ (હોય તે) મોક્ષ (પ્રાપ્તિ)માં ઉપયોગી થાય છે.

'પ્રત્યૂષેષુ' દર પ્રાતઃકાલે (એકાગ્ર હૃદયથી હરિની કથાનું શ્રવણ કરતાં)' શબ્દથી ઉપર કહેલાં સર્વને (પુરુષાર્થ પ્રાપ્ત કરવામાં) સાહાય્ય કરનારું કહેલું છે. એકાગ્ર ચિત્તથી હરિની કથાનું શ્રવણ કરતાં (વિષયોનો) ભોગ કરતો હતો, એમ ઉપરના વાક્ય સાથે જ સંબંધ છે. ૩૩.

પ્રેમથી ભગવાનની કથાનું શ્રવણ સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવનારું હોવાથી વચ્ચે (તેનું) દૃષ્ટાંત નીચેના શ્લોકથી કહે છે :

**નિષ્ણાતં યોગમાયાસુ મુનિં સ્વાયંભુવં મનુમ્ ।।**
**યદા ભ્રંશયિતું ભોગા ન શેકુર્ભગવત્પરમ્ ।।૩૪।।**
**અયાતયામાસ્તસ્યાસન્ યામાઃ સ્વાન્તરયાપનાઃ ।।**
**શૃણ્વતો ધ્યાયતો વિષ્ણોઃ કુર્વતો બ્રુવતઃ કથાઃ ।।૩૫।।**

યોગમાયામાં પ્રવીણ સ્વયંભૂના પુત્ર ભગવત્પરાયણ મનુને ભોગો ભ્રષ્ટ કરી શક્યા નહિ, કારણકે વિષ્ણુની કથાઓનું શ્રવણ કરતાં, ધ્યાન કરતાં, રચતાં અને કહેતાં પોતાનાં મન્વન્તરનો વ્યતીત થતો તેનો સમય સારરહિત થતો ન હતો. ૩૪.૩૫.

યોગમાયાઓમાં પ્રવીણ સ્વાયંભૂના પુત્ર મનુને ભોગો ભ્રષ્ટ કરી શક્યા નહિ, કારણ કે તેનો સમય સારરહિત થતો ન હતો, એમ આગળના (પાંત્રીસમા શ્લોકના વાક્ય) સાથે સંબંધ છે. યોગમાયાઓ અણિમા વિગેરે જૂદા જૂદા પ્રકારના વિષયના ભોગોના પ્રકારવાળી છે, તેમાં (મનુ) 'પ્રવીણ' એટલે સર્વ ભોગોને

ભોગવનાર હતો. મનન (કરવા)ના સ્વભાવવાળો હોવાથી, (તેનો) મોક્ષ (થવાનો) હતો, તેથી મોક્ષ (ન થવાના) ભયથી પણ તે ભોગ કરતાં અટકતો નહિ. સ્વયંભૂ (બ્રહ્મા)નો પુત્ર હોવાથી, (તેને) પરલોકનો ભય તો ન હતો જ. તેથી જ (તેને) ઋણ ફીટાડવાની જરૂર ન હતી, તેમજ પરલોકનો ભય પણ ન હતો. એ પ્રમાણે હોવાથી (તેને) ચિંતાવિનાનો ભોગ થતો અને તેમ થાય ત્યારે તેમાં આસક્તિ થવાથી ભ્રષ્ટ થવાનું સંભવે, પરંતુ તે(ભોગો તેને) ભ્રષ્ટ કરી શક્યા નહિ, તેનું કારણ 'ભગવત્પરાયણ' વિશેષણથી (કહેલું છે). કથાનાં શ્રવણ વિગેરેથી (તે) ભગવત્પરાયણ (રહેતો), અને ભગવત્પરાયણ હોય તેને વિષયોમાં આસક્તિ થતી નથી. આસક્તિ ન થાય, તેથી ભ્રષ્ટ થતા નથી. મનન અને બ્રહ્માના પુત્ર હોવાપણું વિગેરે યોગમાયાઓમાં પ્રવીણ હોવાનું કારણ છે. વિષયોમાં આસક્તિ હોવાથી જ સમય વ્યર્થ (સારરહિત) થાય છે ન હોય તો (તેવો જતો) નથી. ચાલુ વિષયમાં તે (વિષયોમાં આસક્તિ) ન હોવાથી તેના 'યામાઃ' ઉત્તમ સમયો 'અયાતયામાઃ' સારરહિત ન થએલા જ હતા. (તેનો) સંપૂર્ણ જ સમય તેવો હતો, એમ 'સ્વાન્તરયાપનાઃ (યામાઃ)' શબ્દથી કહેલું છે. પોતાના મન્વન્તરનો વ્યતીત થતો (સમય), (મન્વન્તરને) 'યાપયન્તિ' સમાપ્ત કરે છે. તે કાલના અવયવો. તે બધાએ સારરહિત થતા ન હતા. મન્વન્તર ઈકોતેર યુગનો હોય છે. ભોગો ભ્રષ્ટ કરતા નહિ એટલાથી જ (સમય) સારરહિત ન થતો એમ ન હતું, પરંતુ (તેનું) બીજું પણ કારણ હતું એમ પાંતરીસમા શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે. વિષ્ણુની કથાઓનું તે શ્રવણ કરતો, (તે) કથાઓનું જ ધ્યાન કરતો, યોગના બલથી ભગવાનના ગુણો જાણીને તેમને એકત્ર કરીને કથાઓ રચતો, વાતચિતમાં તથા રાજસભામાં તેમની કથા જ રચતો, અને શ્રવણ કરનારાઓની ઈચ્છા થતાં (તે) કહેતો. (પરોઢમાં) ઉંઘી ઊઠ્યા પછી દેહશુદ્ધિ (કર્યા) પહેલાં કથાઓ સાંભળતો, પછી સભા(માં જવા)ની જરુર પડે ત્યાંસુધી (તેમનું) ધ્યાન કરતો, અને ત્યાં ઉત્તમ (પુરુષો) સાથે તે કથા રચતો, પછી બોધ કરવા માટે ઉંઘ આવે ત્યાંસુધી ભગવાનની કથાઓ કહેતો. એ પ્રમાણે દરરોજ કરતો. ૩૪-૩૫.

'પછી શું થયું ?' એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**સ એવ સ્વાऽન્તરં નિન્યે યુગાનામેકસપ્તતિમ્ ।।**
**વાસુદેવપ્રસંગેન પરિભૂતગતિત્રયઃ ।।૩૬।।**

ત્રણ ગતિઓનું ઉલ્લંઘન કરનાર તેણે જ પોતાનો ઈકોતેર યુગનો મન્વન્તર વાસુદેવના પ્રસંગથી વીતાડ્યો હતો. ૩૬.

તે સમયે પહેલા મન્વન્તરમાં મનુ જ રાજા થએલો. પોતાના અધિકારના સમયમાં બીજો (કોઈ) તે પ્રમાણે ધર્મનું પાલન કરશે નહિ એવા વિચારથી તેણે જ પોતાનો મન્વન્તર એવા પ્રકારથી 'નિન્યે' વીતાડ્યો હતો. પ્રિયવ્રતના રાજ્યની કથા[1] કલ્પની અંદરની છે. ઉત્તાનપાદના (રાજ્યની કથા) તો બીજા મન્વન્તરની છે, અથવા પ્રિયવ્રતના પુત્રો જ બીજા મન્વન્તરના અધિપતિ હોવાથી, બીજા[2] કલ્પમાં (તે કથા થએલી). આથી એમ જણાવેલું છે કે મનુ ઘણા કલ્પો સુધી જીવેલો, અને કાલ તેને પીડતો નહિ; કારણ કે ભગવાને અધિકાર આપેલો હોય, ત્યારે અધિકારના સમયનો આયુષ્ય ગણવામાં સમાવેશ થતો નથી. તેથી અધિકાર ન હોય તેવો સમય જ સો વર્ષના આયુષ્યમાં (ગણવાનો) છે; અથવા પિતૃઓ દેવો તથા મનુષ્યોમાં આ (મનુ)નો સમાવેશ થયો નથી. '(ઈકોતેર)[3] યુગનો' શબ્દથી મન્વન્તરનું માપ કહેલું છે. એક હજાર (યુગોના) કલ્પોના[4] (ઈકોતેર ઈકોતેરના) ચૌદ ભાગ કરતાં નવસો ચોરાણું યુગો થાય છે, અને (બાકીના) છ યુગો (નો ભાગ) ઉચિત સંખ્યાનો થતો ન હોવાથી[4], (તેમને) ગણેલા નથી. અથવા આ જૂદી સૃષ્ટિ હોવાથી (આ છ યુગો) ભગવાનના ગુણો ઉપભોગ કરે તે માટે છ ગુણવાળા છે. 'તેથી શું થયું?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'વાસુદેવના પ્રસંગથી' એમ કહેલું છે. વાસુદેવનો જ મનનો વાણીનો અને કાયાનો જે ધ્યાન કીર્તન સેવા વિગેરેરૂપ સંગ, તેનાથી જ 'પરિભૂતં' ઉલ્લંઘન કરેલું છે ત્રણ ગતિઓનું જેણે તેવો (મનુ થયો). ઉંચી નીચી અને વચ્ચેની ગતિઓ ત્રણ ગુણોથી પ્રાપ્ત થાય તેવી છે, તે ત્રણે ટળી ગઈ, અને તેથી ભગવાન વિષે જ ગતિ બાકી રહી, કારણ કે મોક્ષ આપનારનો એવી રીતે સંગ કરવામાં આવે, ત્યારે ધર્મ અર્થ અને કામરૂપ ગતિ થતી નથી. ૩૬.

૧. આ કથા પાંચમા સ્કંધના પહેલા અધ્યાયમાં કહેલી છે.
૨. પ્રિયવ્રતના પુત્ર ત્રીજા અને ચોથા મનુ થએલ. જુઓ ૮-૧-૨૩ અને ૮।૧।૨૭.
૩. ભગવદ્‌ગીતા ૮।૧૭ પ્રમાણે અહિં 'યુગ' એટલે ચાર યુગોનો સમૂહ જાણવો. (પ્ર).
૪...૪. ૭૧×૧૪ = ૭૯૪, બાકીના ૬ ને ૧૪ થી ભાગતા પૂર્ણાંક આવતો નહિ હોવાથી તેમને મૂકી દીધા છે, એવો અર્થ જણાય છે.

''દુઃખ વિગેરે (કથામાં) વિઘ્ન કરનારાં હોવાથી, ભગવાનની કથા વિગેરે સદા કેમ થઈ શકે ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહેલો છેઃ

**શારીરા માનસા દિવ્યા વૈયાસે યે ચ માનુષાઃ ।।**
**ભૌતિકાશ્ચ કથં ક્લેશા બાધન્તે હરિસંશ્રયમ્ ।।૩૭।।**

હે વ્યાસપુત્ર ! જેણે હરિનો આશ્રય કરેલો છે તેને શરીરનાં, મનનાં દેવતાઈ,

જે મનુષ્યનાં છે તે અને આધિભૌતિક દુઃખો કેમ પીડા કરે ? ૩૭

વ્યાધિરૂપ શરીરનાં, આધિરૂપ મનનાં, વીજળી વૃષ્ટિ વિગેરેથી થએલાં દેવતાઈ (દુઃખો છે). (વિદુરને) વિશ્વાસ રહે તે માટે 'હે વ્યાસપુત્ર !' એવું સંબોધન (કરેલું છે), કારણ કે વ્યાસે તે (મનુ)નું ચરિત્ર ઘણા પ્રકારે કહેલું. આજ્ઞાનું ઉલ્લંઘન વિગેરે મનુષ્યનાં દુઃખો છે. જો કે શરીરનાં અને મનનાં દુઃખોમાં બધાંએ (દુઃખોનો) સમાવેશ થાય છે, છતાં પણ ધન વિગેરે ન હોય, આજ્ઞા પાળવામાં ન આવે અને પ્રજાને ભૂતો વિગેરેનો ઉપદ્રવ થાય ત્યારે, બીજાઓની દૃષ્ટિ પ્રમાણે રાજા હોવાથી અને તે (દુઃખો)નો નાશ કરવા પ્રયત્ન કરતો હોવાથી, રાજા દુઃખી છે એમ લોકો માને છે. તેથી 'ક્લેશાઃ' દુઃખો અને અહંકાર અજ્ઞાન વિગેરે કેમ પીડા કરે ? તે (દુઃખ ન કરવા)નું કારણ 'જેણે હરિનો આશ્રય કરેલો છે તેને' શબ્દથી કહેલું છે. કારણ કહેલું હોવા છતાં, આકસ્મિક (કારણ) નથી એમ જણાવવા, ઘણા પ્રકારે કહે છે. ૩૭.

નીચેના શ્લોકમાં સંદેહ ન રહે તેવી રીતે તેણે ભગવાનનો આશ્રય કરેલ હોવાનું ફલથી સિદ્ધ કરે છેઃ

**યઃ પૃષ્ટો મુનિભિઃ પ્રાહ ધર્માન્નાનાવિધાન્ શુભાન્ ।।**
**નૃણાં વર્ણાશ્રમાણાં ચ સર્વભૂતહિતઃ સદા ।।૩૮।।**

સદા સર્વ પ્રાણીઓનું હિત કરનાર તેણે મુનિઓના પૂછવાથી જાતજાતના શુભ ધર્મો અને મનુષ્યોના વર્ણોના અને આશ્રમોના (ધર્મો) કહ્યા. ૩૮.

કારણ કે ભગવાનના ભક્તો જ છૂપો ધર્મ જાણે છે. તેથી મુનિઓએ 'આ ભક્ત છે' એમ જાણીને (તેને) ધર્મો પૂછેલા. તેથી મુનિઓને તેણે ધર્મો કહ્યા. એક પ્રકારનો ધર્મ કહેવાથી, જૂદા જૂદા સ્વભાવ અને ગુણવાળાઓના બધા (ધર્મો)નો સમાવેશ ન થાય, તેથી જાતજાતના (ધર્મો) કહ્યા, અને (તે) બધાએ કલ્યાણકારી (શુભ) હતા. ખાસ ધર્મો પણ કહેલા, તેથી અને ' 'નૃણાં' મનુષ્યોના વર્ણોના અને આશ્રમોના (ધર્મો)' શબ્દોથી ખાસ ધર્મો ગણાવેલા છે. લાભ, પૂજન અથવા ખ્યાતિ થાય તે માટે આ (ધર્મો) કહેલા નહિ, પરંતુ સર્વ પ્રાણીઓનું હિત કરનાર હોવાથી કહેલા, કારણ કે રાજાએ સર્વ પ્રાણીઓનું હિત કરવું જોઈએ, એવો જ અભિપ્રાય ચિત્તમાં રાખીને તેવી રીતે (ધર્મો) કહેલા; અથવા આ સદા તેવો (સર્વ પ્રાણીઓનું હિત કરનાર) હતો. ૩૮.

એ પ્રમાણે મનુનું ચરિત્ર કહીને, નીચેના શ્લોકથી (તેનો) ઉપસંહાર કરે છેઃ

**એતત્ત આદિરાજસ્ય મનોશ્ચરિતમદ્ભુતમ્ ।।**
**વર્ણિતં વર્ણનીયસ્ય તદપત્યોદયં શ્રૃણુ ।।૩૯।।**

વર્ણન કરવા યોગ્ય આદિરાજા મનુનાં આ અદ્ભુત ચરિત્રનું તારી પાસે વર્ણન કર્યું. તેનાં સંતાનના ઉદયનું શ્રવણ કર. ૩૯.

'આદિરાજા' શબ્દથી રાજાઓમાં પ્રથમ (કહી) સરસાઈ (જણાવી) 'મનુ' શબ્દથી બ્રાહ્મણોમાં[૧] (સરસાઈ જણાવી). (મનુનું ચરિત્ર) 'અદ્ભુત' છે, કારણ કે વિષયોનો ભોગ, ભક્તિ અને વૈરાગ્ય ત્રણે એકમાં રહેલાં છે. તેથી (વિદુરે) મનુનું જ ચરિત્ર પૂછેલું, એમ (કહેલું છે). 'વર્ણન કર્યું ' શબ્દથી તેનો જ ઉપસંહાર (કરેલો છે). માત્ર પ્રશ્નને અનુસરીને જ વર્ણન કર્યું એમ નથી, પરંતુ વર્ણન કરવા યોગ્ય હોવાથી (વર્ણન કર્યું), કારણ કે તેનું ચરિત્ર ભગવાનનાં ચરિત્ર ઉપર આધાર રાખતું હોવાથી વર્ણન કરવા યોગ્ય જ છે. ભવિષ્યમાં (આ સંબંધી) બીજો પ્રશ્ન પૂછે નહિ તે માટે, 'તેનાં સંતાનના ઉદયનું શ્રવણ કર' એમ કહેલું છે. તેને પાંચ[૨] સંતાનો હતાં. તે પૈકી દેવહૂતિનો પ્રસંગ ચાલે છે. તેનો 'ઉદય' એટલે કન્યા વિગેરેની ઉત્પત્તિ અને વિવાહ, અને તે (દેવહૂતિ)ની મુક્તિ. (આ) સર્વ 'ઉદય' શબ્દથી કહેલ છે. તેમાં આદર થાય તે માટે 'શ્રવણ કર' એવી આજ્ઞા (કરે છે). ૩૯.

૧. મનન કરવાનું કાર્ય બ્રાહ્મણનું હોવાથી, મનુ તે સદા કરતો હોવાથી એ શબ્દથી બ્રાહ્મણોમાં તેની સરસાઈ જણાવાઈ.

૨. જૂઓ ૩|૧૨|૫૪|૫૫.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધનો બાવીસમો અધ્યાય સંપૂર્ણ.**

# ।। અધ્યાય ત્રેવીસમો ।।

**કર્દમસ્ય હિ કામોऽત્ર સ્વીકૃતત્વાત્તદિચ્છયા ।।**
**ત્રયોવિંશતિમેऽધ્યાયે વૈરાગ્યાવધિરુચ્યતે ।।૧।।**

કર્દમે[૧] તેની ઈચ્છાથી કામનો સ્વીકાર કરેલો હોવાથી અહિં ત્રેવીસમા અધ્યાયમાં (તેને) વૈરાગ્ય થયો ત્યાં સુધીના તેના કામનું વર્ણન કરેલું છે. કા. ૧.

**ભગવદ્ભોગસૃષ્ટૌ હિ પૂર્વં માત્રા નિરૂપિતાઃ ।।**
**તદ્ગ્રાહકાણીન્દ્રિયાણિ નિરૂપ્યન્તેऽધુના સ્ફુટમ્ ।।૨।।**

ભગવાનના ભોગની સૃષ્ટિમાં ઉપર (ગયા અધ્યાયમાં) તન્માત્રાઓનું નિરૂપણ કર્યું[૨]. હવે (આ અધ્યાયમાં) તેમને ગ્રહણ કરનારી ઈન્દ્રિયોનું સ્પષ્ટ નિરૂપણ થાય છે[૧]. કા. ૨.

**ભગવત્કૃતભોગો હિ નાલ્પસત્ત્વેન ભુજ્યતે ।।**
**અતસ્તસ્યા યોગ્યતાયૈ પતિસેવા નિરૂપ્યતે ।।૩।।**

ભગવાને રચેલો ભોગ થોડાં સત્ત્વવાળાથી ભોગવી શકાતો નથી. તેથી તે (દેવહૂતિ એવો ભોગ કરવા) યોગ્ય થાય તે માટે પતિસેવાનું નિરૂપણ કરેલું છે. કા. ૩.

**તતઃ પ્રસાદો વિજ્ઞપ્તિર્ભોગ્યસાધનનિર્મિતિઃ ।।**
**અન્તઃસ્થિતહરેર્જ્ઞપ્ત્યા તથાત્વજ્ઞાપનં તથા ।।૪।।**

ત્યારપછી (કર્દમની) પ્રસન્નતા, (દેવહૂતિની) વિજ્ઞપ્તિ, (કર્દમની) અંદર રહેલા હરિની બુદ્ધિથી ભોગ કરવા યોગ્ય સાધનોનું નિર્માણ, અને તેવું હોવાનું[૩] જણાવવાનું... કા.૪.

**ભોગો નાનાવિધશ્ચૈવ સર્વભાવેન ચૈવ હિ ।।**
**ભાર્યેચ્છયા કન્યકાનાં જનનં ચાપિ વર્ણ્યતે ।।૫।।**
**વૈરાગ્યમુભયોશ્ચૈવ કામસ્તેનૈવ પૂર્યતે ।।**

તેમજ વળી જાતજાતનો સંપૂર્ણ પ્રકારથી ભોગ, અને વળી પત્નીની ઈચ્છાથી કન્યાઓનાં જન્મ વર્ણવેલ છે. તેમજ બંનેનો વૈરાગ્ય (વર્ણવેલો છે). કામ તે (વૈરાગ્ય)થી જ પૂર્ણ થાય છે. કા. ૫ ૧/૨.

૧...૧. પહેલાંની પેઠે અવસર જ સંગતિ છે એમ આ પહેલી બે કારિકાઓથી જણાવેલ છે. (પ્ર).

૨. ભગવાનનાં વચન, કર્દમનાં વચન અને મનુના ધર્મોથી દેવહૂતિની સંસ્કારવાળી માત્રાઓનું નિરૂપણ કર્યું અને ભગવાનનાં દર્શન તપ વિગેરેથી કર્દમની સંસ્કારવાળી માત્રાઓનું નિરૂપણ કર્યું. (પ્ર).

૩. 'તેવું હોવાનું' એટલે ભગવાને (ભોગ ઉત્પન્ન) કરેલા હોવાનું. (પ્ર).

તે પૈકી આરંભમાં નીચેના શ્લોકથી આરંભી તેણે કરેલી પતિની સેવા કહે છેઃ

॥ મૈત્રેય ઉવાચ ॥

**પિતૃભ્યાં પ્રસ્થિતે સાધ્વી પતિમિંગિતકોવિદા ॥**
**નિત્યં પર્યચરત્પ્રીત્યા ભવાનીવ ભવં પ્રભુમ્ ॥૧॥**

માતપિતા ગયાં ત્યારે ચેષ્ટાથી અભિપ્રાય જાણવામાં પંડિત સાધ્વીએ– જેમ ભવાનીએ પ્રભુ શંકરની સેવા કરી હતી તેમ પતિની પ્રેમથી સદા સેવા કરવા માંડી. ૧.

માતપિતા નીકળી ગયાં, ત્યારે દુઃખી થએલી હોવા છતાં સતીએ ખેદ ન કરતાં પતિની સેવા કરવા માંડી. પતિનો સંબંધ થયો, ત્યાંસુધી જ માતાપિતાનો તેને સંબંધ હતો, કારણ કે તે 'સાધ્વી' હતી. પતિવ્રતાનો તે જ ધર્મ છે. જે પતિને રુચે તે જ સેવા, અને ઉત્તમ (પુરુષ) બોલતા નહિ હોવાથી (તેની) રુચિ તેની ચેષ્ટાથી જ જાણવી જોઈએ. 'ચેષ્ટાથી અભિપ્રાય જાણવામાં પંડિત' વિશેષણથી એમ કહેલું છે કે તે (રુચિ)નું જ્ઞાન (તેને) પાતિવ્રત્યથી જ થયું. ચેષ્ટાથી જણાતો અભિપ્રાય જાણવામાં (તે) 'કોવિદા' પંડિત હતી. લાંબા સમય સુધીના પ્રેમ સાથે ચાલુ રહેલી સેવા ફલ આપનારી થાય છે. તે (અર્થ) 'પ્રેમથી સદા (સેવા કરવા માંડી)' શબ્દોથી કહેલો છે. 'સદા' એટલે લાંબા સમય સુધી ચાલુ રહેતી, અને 'પ્રીતિઃ' પ્રેમ અને આદર, જેની સેવા કરવામાં આવે તેને વશ કરવાનાં સાધન છે. (સેવા) નિષ્કામ કામનાવાળી અને આવશ્યક હોવાનું દૃષ્ટાંત 'જેમ ભવાનીએ શંકરની સેવા કરી હતી તેમ' શબ્દોથી કહેલું છે. વિવાહ પહેલાં પાર્વતીએ પ્રભુ તરીકે જ (શંકરની) સેવા કરેલી. માત્ર મનથી અને પૂર્વના સંસ્કારથી તે જાણતી હતી કે આ મારા પતિ છે. તેની પેઠે આ (દેવહૂતિ) પણ સંબંધ (કર્યા) વિના અને ઈચ્છવા યોગ્ય અલંકાર વિગેરેની કામના વિના, (સેવા કરવી) જરુરી હોવાથી જ સેવા કરવા લાગી, એવો અર્થ છે. ૧.

સેવામાં (દેવહૂતિના) ગુણો અને દોષ ન હોવાનું બે (શ્લોકો)થી કહે છે. (તે પૈકી) ગુણો નીચેના શ્લોકથી કહે છેઃ

**વિશ્રમ્ભેણાઽઽત્મશૌચેન ગૌરવેણ દમેન ચ ॥**
**શુશ્રૂષયા સૌહૃદેન વાચા મધુરયા ચ ભોઃ ॥૨॥**

હે (વિદુર)! વિશ્વાસથી અંતઃકરણની શુદ્ધિથી ગૌરવથી અને ઈન્દ્રિયના નિગ્રહથી સેવાથી સૌહૃદથી અને મધુરવાણીથી... ૨.

'વિશ્રમ્ભેણ' આનાથી મારો સર્વ પુરુષાર્થ સિદ્ધ થશે, એવા વિશ્વાસથી,

'આત્મનઃ' દેહની અને અંતઃકરણની 'શૌચેન' શુદ્ધિથી, (કારણ કે) ઉત્તમ (પુરુષો) શુદ્ધિથી જ પ્રસન્ન થાય છે. સર્વ (ગુણો)માં વિશ્વાસ અંગ છે. 'ગૌરવ' શબ્દથી (એમ કહેલું છે કે) પુત્ર અને પિતાની સેવા કરાય તેમ સેવા કરતી ન હતી, પણ દેવની પેઠે (સેવા કરતી હતી). 'ગૌરવ' એટલે માહાત્મ્ય સાચવીને ઉત્તમ પ્રકારનું (અપાતું) માન, જેવું ગુરુને અપાય છે. 'દમઃ' ઈન્દ્રિયનો નિગ્રહ. ઈન્દ્રિય ચંચલ હોય ત્યારે સેવા ફલતી નથી એ લોક અને વેદમાં પ્રસિદ્ધ છે. 'સેવા' એટલે ચરણ ચાંપવા વિગેરે અંદરના ભાગની સેવા. સુહૃદ્ (મિત્ર)નો ભાવ તે સૌહૃદ. છૂપું રાખવા યોગ્ય છૂપું રાખવું, ગુણો પ્રકટ કરવા વિગેરે બધાએ મિત્રના ગુણોથી, એવો અર્થ છે; અને 'મધુર વાણી' ઉપર કહેલા બધાએ ગુણોના પ્રાણરૂપ છે, કારણ કે 'અપ્રિય બોલનારીનો તો તરત જ ત્યાગ કરવો' એ વાક્ય પ્રમાણે તેથી વિરુદ્ધ ગુણ ત્યાગ (કરવા)ના કારણરૂપ છે. 'ચ' 'અને' શબ્દથી શાંતિ વિગેરે બીજા ગુણો પણ કહેલા છે. 'ભોઃ' 'હે વિદુર!' એ વિદુર સાવધાન રહે તે માટે માત્ર સંબોધન (કરેલું છે). ૨.

નીચેના શ્લોકથી દોષ ન હોવાનું કહે છેઃ

**વિસૃજ્ય કામં દમ્ભં ચ દ્વેષં લોભમઘં મદમ્ ।।**
**અપ્રમત્તોદ્યતા નિત્યં તેજીયાંસમતોષયત્ ।।૩।।**

કામનો, દંભનો અને દ્વેષનો, લોભનો, પાપનો અને મદનો ત્યાગ કરી સદા સાવધાન અને ઉદ્યમી રહી તેણે ઘણા તેજસ્વી (મુનિ)ને પ્રસન્ન કર્યા. ૩.

કામ વિગેરે છ દોષો અને વધારાના અપરાધ અને પાપ (નો ત્યાગ કર્યો); તે પૈકી (૧) પહેલો કામ છે. કામ પૂર્ણ કરવા જ કામિનીનો આશ્રય કરે છે. 'માનમ્' 'અભિમાન' એવો પાઠ હોય, ત્યારે 'હું રાજાની પુત્રી છું' એવું અભિમાન કામને ઠેકાણે છે. (૨) દંભ લોભરૂપ છે. ધન કીર્તિ વિગેરેનો લોભ ન હોય તો દંભ ન કરે. અહિં તો તે (કર્દમ)નું સર્વ તેનું જ હોવાથી સાક્ષાત્ લોભ હોવાનું સંભવતું નથી, તેથી રાજપુત્રી તે (કર્દમ)ની સમીપ અને (તેણે સંન્યાસ લીધા) પછી સેવામાં એકસરખી રહેવાનું સંભવતું ન હોવાથી, 'દંભ' કહેલો છે. (૩) 'ચ' 'અને' શબ્દથી અપરાધ ન હોવાનું કહેલું છે. (૪) દ્વેષ અદેખાઈરૂપ છે, અને (૫) ક્રોધનો (તેમાં) સમાવેશ કરેલો છે (૬) લોભ સ્પષ્ટ છે. (૭) 'પાપ' અપરાધરૂપ છે. (૮) 'મદ' એટલે ગર્વ. એ પ્રમાણે આઠે (દોષ) ન હોવાનું કહેલું છે. સાવધાન અને વળી ઉદ્યમી. સદાનો ઉદ્યમ અને ગફલતનો અભાવ (સેવાના) અંદરનાં અંગ છે. એમ કરવાથી જે (પરિણામ) થયું તે 'ઘણા તેજસ્વીને પ્રસન્ન કર્યા' શબ્દોથી કહેલું છે. ઘણા તેજસ્વી, સમીપ ન જઈ શકાય તેવાને પણ પ્રસન્ન કર્યા, એવો અર્થ છે. ૩.

પ્રસન્ન થએલા (કર્દમ)ની કૃપા કહેવા માટે, ઘણી કૃપા જણાવવા તેણે અનુભવેલી તે (દેવહૂતિ)ની દીનતા[1] નીચેના બે (શ્લોકો)થી કહે છેઃ

**સ વૈ દેવર્ષિવર્યસ્તાં માનવીં સમનુવ્રતામ્ ।।**
**દૈવાદ્ગરીયસઃ પત્યુરાશાસાનાં મહાશિષઃ ।।૪।।**
**કાલેન ભૂયસા ક્ષામાં કર્શિતાં વ્રતચર્યયા ।।**
**પ્રેમગદ્ગદયા વાચા પીડિતઃ કૃપયાઽબ્રવીત્ ।।૫।।**

ખરેખર ! (પોતાને) સારી રીતે અનુસરનારી, દૈવથી પણ મોટા પતિ પાસેથી ઘણા લાભની રાહ જોતી, લાંબા સમયથી દુર્બલ થએલી અને વ્રત આચરવાથી દુઃખી થએલી તે મનુની પુત્રીને (જોઈને) કૃપાથી દુઃખી થએલા તે ઉત્તમ દેવર્ષિએ પ્રેમને લીધે ગળગળી વાણીથી (નીચે પ્રમાણે) કહ્યું. ૪।૫.

કારણ કે દીનતા સાથે સરસાઈ દયા ઉત્પન્ન કરાવનારી થાય છે. તેથી આરંભમાં (ચોથા શ્લોકમાં) 'મનુની પુત્રી' વિગેરે ત્રણ વિશેષણોથી સરસાઈ કહેલી છે. (કર્દમને) તેવું જ્ઞાન હોવાનું કારણ 'ઉત્તમ દેવર્ષિ' શબ્દથી કહેલું છે. કારણ કે દેવો (બીજાનાં) હૃદયમાં રહેલું જાણે છે, (અને) ઋષિઓ અલૌકિક જાણે છે, તેઓથી પણ ('વર્યઃ') ઉત્તમ (આ) બહારનું અંદરનું અને અલૌકિક જાણતો હતો. તે પૈકી (૧) 'મનુની પુત્રી' શબ્દથી બહારની સરસાઈ (કહેલી) છે. (૨) 'સારી રીતે અનુસરનારી' વિશેષણથી જેવો પોતાનો અનુભવ વિગેરે થએલ તે અથવા અંતઃકરણના બહારના ગુણો કહેલા છે. (૩) 'દૈવ' એટલે અદૃષ્ટ અથવા કાલ, તેનાથી પણ પતિ (કર્દમ) મોટો હતો, દૈવને પણ ફેરવી નાખવાની શક્તિવાળો હતો, એવો અર્થ છે. તે દુર્લભ કામનાને પણ પૂર્ણ કરશે એવા (વિશ્વાસથી) 'તેની પાસેથી ઘણા લાભની રાહ જોતી' હતી. આ અંદરનું છે. ૪.

પાંચમા શ્લોકથી દીનતા (હોવા)નાં બે કારણો કહેલાં છે. ૧.લાંબા સમયથી વિષય(ભોગ) વિનાની હોવાથી 'ક્ષામાં' દુર્બલ થએલી હતી, અને ૨.વ્રત આચરવાથી દુઃખી થએલી હતી. જેમ પતિ ભારે તપ આચરતો હતો, તેમ આ પતિના વ્રતવાળી થઈ રહેલી હોવાથી 'ક્લિષ્ટા' ઘણી દુઃખી થએલી હતી. આવી (દેવહૂતિ)ને જોઈને કૃપાને લીધે તે દુઃખી થયો અને તેના ઉપરના પ્રેમને લીધે ગળગળી વાણીથી આગળ કહેવામાં આવશે તે પ્રસાદરૂપ વચન તેણે કહ્યું, એવો અર્થ છે. ૫.

* વૃંદાવનના દેવકીનંદન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલો છે.

નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી તે વચનો કહે છેઃ

।। કર્દમ ઉવાચ ।।

**તુષ્ટોઽહમદ્ય તવ માનવિ માનદાયાઃ શુશ્રૂષયા પરમયા પરયા ચ ભક્ત્યા ।।**
**યો દેહિનામયમતીવ સુહૃત્સ્વદેહો નાઽવેક્ષિતઃ સમુચિતઃ ક્ષપિતું મદર્થે ।।૬।।**

હે મનુની પુત્રી ! માન આપનારીની તારી ઘણી સેવાથી અને ઉત્તમ ભક્તિથી આજે હું ઘણો પ્રસન્ન થયો છું. દેહીઓનો આ જે ગાઢ મિત્ર સુખકારી પોતાનો દેહ, તેનો મારા માટે ક્ષય કરવામાં તે વિચાર કર્યો નથી. ૬.

**સંતોષઃ સર્વદાનં ચ દુર્લભત્વં ચ તસ્ય વૈ ।।૬।।**
**ત્રયં ભગવતા દેયં નાન્યેનેતિ નિરૂપ્યતે ।।**

૧.સંતોષ અને ૨.સર્વનું દાન અને ૩.તેનું ખરેખર દુર્લભપણું[૧] એ ત્રણ ભગવાનથી અપાવા યોગ્ય છે, બીજાથી (અપાવા યોગ્ય) નથી એમ જણાવવામાં આવે છે. કા. ૬ $^{૧}/_{૨}$.

આરંભમાં (આ શ્લોકથી) સંતોષ કહે છે. 'મિત્ર' એટલે પ્રિય (દેહ) 'સુખકારી' હોવાથી આદરવા કરવા યોગ્ય હોવા છતાં, મારા માટે (તેનો) ક્ષય કરવામાં 'ન અપેક્ષિતઃ' તેં ગણેલો (વિચાર કરેલો) નથી, મારી સેવા કરીને[૨] તેની અવગણના કરી છે, એવો અર્થ છે. (૧) હે માનવિ ! મોટા (પુરુષ મનુ)ની પુત્રી ! આજે હું તારા ઉપર પ્રસન્ન થયો છું. માત્ર પિતા અને માતાની સરસાઈને લીધે (તારા ઉપર પ્રસન્ન થયો છું) એમ નથી, પરંતુ (૨) તારી પોતાની સરસાઈને લીધે પણ (પ્રસન્ન થયો છું) એમ 'માન આપનારીની' વિશેષણથી કહેલું છે; કારણ કે જે સદા 'માનં' સન્માન કરે છે, તે પાત્રને દાન કરવાને લીધે પોતે પણ માન પામે છે. એ રીતે આધાર (દેવહૂતિ)માં રહેલા બે ગુણો પ્રસન્ન થવાનાં કારણ છે. 'ઘણી સેવાથી અને ઉત્તમ ભક્તિથી' શબ્દોથી (પ્રસન્ન કરવાનાં) બે સાધનો કહેલાં છે. ૧.'ઘણી' અલૌકિક 'શુશ્રૂષા' અંતરંગ સેવા. આ બહારનું સાધન છે. ૨.'પરાં' માહાત્મ્યનાં જ્ઞાન સાથેની ઉત્તમ ભક્તિ એટલે પ્રીતિ. (આ) અંદરનું સાધન છે. વળી જન્મથી આરંભીને જ જો ભજન થએલું ન હોય તો માત્ર બે સાધનોથી જ કાર્ય પાર પડતું નથી; પરંતુ જન્મથી આરંભીને જ આ બે (સાધનો) જેની અંદર રહેલાં છે[૩], તે (દેહ)નો પણ ક્ષય તેં (મારી સેવા) માટે ઈચ્છેલો છે; એવો અર્થ છે, તે ઉત્તરાર્ધથી કહે છે. તે (દેહ)માં ઉપર કહેલાં બે સાધનો સંપૂર્ણ પ્રકારે રહેલાં છે એમ કહેવા 'આ દેહ દેહીઓને' એટલે દેહનાં આવરણવાળાઓને ગાઢ 'મિત્ર' એટલે પ્રિય છે, પોતાનું સ્વરૂપ બનેલા જેવો છે, તેનો પણ મારા માટે 'ક્ષપિતું' ક્ષય કરવામાં, એમ બંને કર્તા એક જ હોવાથી 'ણિચ્' પ્રત્યયનો ('ક્ષપિતુમ્' માં) સમાવેશ કરેલો છે[૪]. પોતાને માટે ઉપયોગ ન હોય તેનો લોક ઉપર ઉપકાર કરવા ક્ષય કરાવવાનું જોવામાં આવે છે, તેથી તેમ ન હતું એમ

જણાવવા 'લાભકારી' વિશેષણ યોજેલું છે. 'સમુચિતઃ' એટલે સારી રીતે યોગ્ય, (પોતાને) સર્વ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનાર. તેથી પૂરી પ્રસન્નતા (થવા)નાં કારણરૂપ ત્રણ ગુણો (તારામાં) ઉત્પન્ન થએલા હોવાથી, હું પ્રસન્ન થયો છું. ૬.

૧. તેવા દુર્લભ પદાર્થ ભગવાનથી જ અપાય તેવા છે, એવો અર્થ જણાય છે.
૨. વૃંદાવનના દેવકીનંદન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે.
૩. જે રહેઠાણમાં ક્રિયા તરીકે રહેલાં છે તે રહેઠાણરૂપ દેહનો અને અંતઃકરણનો તેને માટેની ક્રિયારૂપ સેવા અને પ્રીતિ (ભક્તિ)ના પ્રયોજનથી ક્ષય કરાવ્યો. (પ્ર).
૪. 'ક્ષપિતુમ્' માં 'ક્ષપયિતુમ્' એ કારકના અર્થનો સમાવેશ કરેલો છે, એવો અર્થ જણાય છે.

**નીચેના શ્લોકમાં પ્રસન્ન થએલા કર્દમનું કૃત્ય કહે છેઃ**

**યે મે સ્વધર્મનિરતસ્ય તપઃસમાધિવિદ્યાત્મયોગવિજિતા ભગવત્પ્રસાદાઃ ।।**
**તાનેવ તે મદનુસેવનયાઽવરુદ્ધાન્ દૃષ્ટિં પ્રપશ્ય વિતરામ્યભયાનશોકાન્ ।।૭।।**

સ્વધર્મમાં રહેલાએ મેં તપ સમાધિ ભક્તિ અને આત્મયોગથી જે ભગવાન્ પાસેથી મારા પ્રસાદો પ્રાપ્ત કરેલા ને તેઓ જ મારી સેવાથી વશ કરાએલા હું તને આપું છું, (અને) દૃષ્ટિ આપું છું. ભયરહિત અને શોકરહિત (તેઓને) તું જો. ૭.

'મે' મારા જે ભગવાન્ પાસેથી (પ્રાપ્ત કરાએલા), જે ભગવાને મને આપેલા પ્રસાદો છે તેઓ જ હું 'તે' તને આપું છું, કારણ કે જે પ્રસન્ન થયો હોય તે (પોતાનું) સર્વસ્વ અથવા જે ઉત્તમ હોય તે આપે છે. મારું તો સર્વસ્વ અને ઉત્તમ બધુંએ ભગવાન્ પાસેથી પ્રાપ્ત કરેલા પ્રસાદો જ છે, અને તે (પ્રસાદો) પણ પ્રસિદ્ધ છે, પણ નમાલા નથી. તેનું કારણ 'સ્વધર્મમાં રહેલાએ' વિશેષણથી કહેલું છે. 'સ્વધર્મ' એટલે ભગવદ્ધર્મ, તેમાં (હું) 'નિરતઃ' રહેલો છું. તે (પ્રસાદો) જો દયાથી પ્રાપ્ત કરેલા હોય, તો બીજાને આપવામાં આવતાં કાર્ય કરવા શક્તિવાળા ન રહે. તેથી તેવા ન હતા એમ 'તપ સમાધિ ભક્તિ અને આત્મયોગથી પ્રાપ્ત કરેલા' વિશેષણથી કહેલું છે. 'તપ' ધર્મરૂપ છે. ધર્મથી જે કોઈ પ્રસાદો પ્રાપ્ત થાય તે તેનાથી વશ કરેલા ગણાય. 'સમાધિ' યોગની શ્રેષ્ઠતા છે, તેનાથી અણિમા વિગેરે પદાર્થો પ્રાપ્ત થાય છે, તે પ્રકારના પણ ભગવાનના પ્રસાદો તેનાથી વશ થએલા છે. 'વિદ્યા' એટલે ભક્તિ અથવા વાનપ્રસ્થ લઈ પ્રાપ્ત કરાતી ઉપાસના, તેનાથી પણ જ્ઞાન વિગેરેરૂપ ભગવાનના પ્રસાદો પ્રાપ્ત થાય છે, તે પણ વશ થએલા છે. 'આત્મયોગ' એટલે જેનાથી મોક્ષ[1] પ્રાપ્ત કરાય તે સંન્યાસીનો ધર્મ, તેનાથી પણ વશ કરેલા (ભગવાનના પ્રસાદો) તેવા છે તેઓ જ તને આપું છું. 'એવ' 'જ' શબ્દ બીજા (પદાર્થો)ને જૂદા પાડનારો[2] નથી, પરંતુ પદાર્થોના ખાસ ગુણ જોતાં તે પદાર્થો ન આપવા યોગ્ય તરીકે પ્રસિદ્ધ છે એમ તેઓની સરસાઈ જણાવનારી છે[3].

‘‘ભગવાનના પ્રસાદો સ્વતંત્ર છે. (તમે) આપો તોપણ મને કેમ પ્રાપ્ત થાય ?’’ એવી શંકા થાય, તેથી ‘મારી સેવાથી વશ કરાએલા’ વિશેષણ કહેલું છે. મારી જે (તેં કરેલી) સેવા તેણે મને જ વશ કરેલો છે, તો પછી (મારી) પાછળ આવતા ગુણોનું તો કહેવું જ શું ? અને જેમને વશ કરેલા છે તે પોતાને અધીન હોય છે. અલૌકિક (વિષય)માં વિશ્વાસ રહે, તે માટે ‘દૃષ્ટિ (આપું છું) તું જો’ શબ્દો યોજેલા છે. તેમને જોવા માટે (તને) દૃષ્ટિ આપું છું, તેથી તું જો, એવો અર્થ છે. આરંભમાં તે (પ્રસાદો)નું દાન કરે છે, અને ફલ (ભગવાનના પ્રસાદો) પોતાની અંદર રહેલ હોવાથી પછી દૃષ્ટિનું દાન કરે છે.

‘‘પ્રસાદો પણ વિષયો હોવાથી, ઉત્પત્તિના દોષવાળા જ હશે’’ એવી શંકા થાય, તેથી બે દોષ (તેઓમાં) નથી એમ જણાવે છે. (તેઓ) ‘ભયરહિત’ આ લોકના અને પરલોકના ભય વિનાના અને શોકરહિત, પોતે જતા રહેવાથી શોક ઉત્પન્ન ન કરે તેવા છે, એવો અર્થ છે. ૭.

૧. ‘ઈન્દ્રિયોની વ્યાકુલતા બંધ અને એમનો સંયમ મોક્ષ છે’ એ ભગવાનનાં વાકય પ્રમાણે ઈન્દ્રિયોના સંયમરૂપ મોક્ષ જેનાથી પ્રાપ્ત કરાય તેવો છે. (પ્ર).

૨. બીજા પદાર્થો ન આપે, એમ જણાવતો નથી, એવો અર્થ છે.

૩. સદાનો સંબંધ હોવાથી તે પદ પ્રાપ્ત થાય છે, છતાં તે કહે છે તે તેની સરસાઈ જણાવવા કહે છે. તેમ હોવાથી તે સદા હાજર હોવાથી ‘જ’ શબ્દ પણ તેમની સરસાઈ જ કહે છે, એવો અર્થ છે. (પ્ર)

(દેવહૂતિ) રાજાની કન્યા હોવાથી રાજ્યના સંબંધવાળા તેઓ (પદાર્થો) નો જ ઘણો આદર કરે, પરંતુ અલૌકિક પદાર્થોનો આદર ન કરે એવી શંકા થાય તેથી નીચેના શ્લોકથી પહેલાં ભોગ કરવા યોગ્ય તરીકે જ જાણેલા પદાર્થોની નિંદા કરે છેઃ

**અન્યે પુનર્ભગવતો ભ્રુવ ઉદ્વિજૃમ્ભવિભ્રશિતાડર્થરચનાઃ કિમુરુક્રમસ્ય ।।**
**સિદ્ધાઽસિ ભુઙ્ક્ષ્વ વિભવાન્નિજધર્મદોહાન્ દિવ્યાન્નરૈર્દુરધિગાન્નૃપવિક્રિયાભિઃ ।।૮।।**

મોટા પગલાં ભરનાર ભગવાનની ભ્રમરનાં બગાસાંથી જેમનાં પ્રયોજનની રચનાનો નાશ થાય છે તેવા બીજા (પદાર્થો) તો શું હિસાબના ? તેં સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. પોતાના ધર્મનો લાભ કરાવનારા, દિવ્ય, રાજા હોવાના વ્યામોહથી મનુષ્યોને પ્રાપ્ત થઈ ન શકે તેવા વિભવોનો તું ભોગ કર. ૮.

બીજા રાજ્ય વિગેરે અથવા સ્વર્ગ વિગેરે (પદાર્થો) શું હિસાબના ? કાંઈ પણ (હિસાબના) નહિ, એવો અર્થ છે. તેનું કારણ ‘મોટાં પગલાં ભરનાર ભગવાનની ભ્રમરના બગાસાંથી જેમનાં પ્રયોજનની રચનાનો નાશ થાય છે તેવા’ વિશેષણથી કહેલું છે. ‘ભગવાન્’ શબ્દથી શક્તિ (જણાવેલી છે). ‘મોટાં પગલાં

ભરનાર' શબ્દથી અદ્‌ભુત ધર્મ કરનાર હોવાનું (કહેલું છે), કારણ કે (ભગવાન્) તેવા ન હોય, તો પોતે આપેલા (પદાર્થો)નો પોતે જ નાશ કેમ કરે ? અને અપકાર કરનારા કેમ થાય ? અને આત્મા થઈને એવું (એવો અપકાર) કેમ કરે ? આથી સર્વ દોષો દૂર કરેલા છે અને (ભગવાને) કરવા ઈચ્છેલું ન જણાવાનું કારણ કહેલું છે. તેથી જ તેમની ભ્રમરરૂપ કાલનું જે 'બગાસું' એટલે આળસથી પણ ગ્રહણ કરવું, તેનાથી જ નાશ થએલો છે જેનાં પ્રયોજનની રચનાનો, તેવા રાજ્ય વિગેરે (પદાર્થો છે). સ્વરૂપથી પણ તેઓનો નાશ થાય છે, અને જે પ્રયોજનથી કરવામાં આવ્યાં હોય તે પણ સિદ્ધ કરાવતા નથી. પ્રયોજન માટે તેમનું 'રચના' નિર્માણ (થએલું).

'હું પણ તેવી જ હોવાથી (મને) યોગ્યતા પ્રમાણે જ ફલ ભલે પ્રાપ્ત થાય' એમ (દેવહૂતિ) કહે, તેથી કહે છે કે 'તેં સિદ્ધિઓ પ્રાપ્ત કરેલી છે' પણ તું પહેલાંના જેવી સિદ્ધિ પ્રાપ્ત કર્યા વિનાની નથી; તેથી પહેલાં પ્રાપ્ત થએલા વિષયોનો ભોગ કર તો પતિત થા. પહેલાંના (વિષયો) ન ભોગવવાનું માત્ર કહેતો નથી. પણ 'તું વિભવોનો ભોગ કર'. 'વિગતઃ' જતો રહેલ છે 'ભવઃ' જન્મ જેમનાથી તેવા (વિભવો) વિષયો હોવા છતાં પણ મોક્ષ પ્રાપ્ત કરાવનારા છે. વળી આ ધર્મનાં ફલરૂપ નથી. તેવા હોય, તો કરેલા ધર્મનો ક્ષય થાય[૧]. ઉલટા પોતાના ધર્મ પતિવ્રતાપણું વિગેરેનો લાભ કરાવનારા છે, એમ 'પોતાના ધર્મનો લાભ છે જેમનાથી' વિશેષણથી કહેલું છે. માત્ર ફલથી જ તેઓ ઉત્તમ છે એમ નથી, (પણ) સ્વરૂપથી પણ ઉત્તમ છે એમ 'મનુષ્યોને પ્રાપ્ત થઈ ન શકે તેવા' વિશેષણથી કહે છે. 'અમે રાજા છીએ' એવો વ્યામોહ સંનિપાતનું પરિણામ છે. તેવાં સાધનોથી ભોગ કરનારા મનુષ્યો તે (દિવ્ય) વિષયોને પ્રાપ્ત કરી શકતા નથી, એવો અર્થ છે. ૮.

૧. ધર્મના ફલરૂપ વિષયોનો ભોગ થાય તેમ ધર્મનો ક્ષય થતો જાય છે. આ દિવ્ય વિષયો તો ઉલટા ધર્મનો લાભ કરાવનારા છે, એવો અર્થ છે.

એ પ્રમાણે વર આપ્યો ત્યારે તેના હૃદયમાં એકાએક બધું આવ્યું (સમજાયું) નહિ, તેથી પહેલાં વિચારેલ તેના જેવું કાંઈક માગવાનો આરંભ કરે છે, એમ નીચેના શ્લોકમાં (મૈત્રેય) કહે છેઃ

॥ મૈત્રેય ઉવાચ ॥

**એવં બ્રુવાણમબલાઽખિલયોગમાયાવિદ્યાવિચક્ષણમવેક્ષ્ય ગતાઽઽધિરાસીત્ ॥**
**સંપ્રશ્રયપ્રણયવિહ્વલયા ગિરેષદ્વ્રીડાઽવલોકવિકસદ્ધસિતાનનાઽઽહ ॥૯॥**

એ પ્રમાણે બોલતા સર્વ યોગમાયાની વિદ્યામાં નિપુણ (કર્દમ)ને જોઈને અબલા ચિંતારહિત થઈ. સહેજ લજ્જાવાળી દૃષ્ટિને લીધે વિકસતા હાસ્યવાળા

મુખવાળીએ તેણે વિવેક અને સ્નેહને લીધે ગળગળી થએલી વાણીથી (નીચે પ્રમાણે) કહ્યું. ૯.

આરંભમાં તે (દેવહૂતિ)નો ખેદ જતો રહ્યો એમ 'એ પ્રમાણે બોલતા (કર્દમ)ને જોઈને ચિંતારહિત થઈ' શબ્દોથી કહેલું છે. 'સ્ત્રીઓને અસત્ય કહેવાથી દોષ થતો નથી' એ નિયમ પ્રમાણે માત્ર (કર્દમનું) માહાત્મ્ય જણાવનારું (એ) વચન ન હતું. તેવી (શંકા) દૂર થાય તે માટે 'સર્વ યોગમાયાની વિદ્યામાં નિપુણ' વિશેષણ કહેલું છે. સર્વ જૂદા જૂદા બધા વિષયોરૂપ જે યોગમાયા, તેને વશ કરનારા મંત્રો વિગેરેરૂપ વિદ્યા, તેમાં 'વિચક્ષણઃ' ઘણો નિપુણ (કર્દમ હતો). તેથી તેવાને જોઈને, અને તેમ કહેનારને 'વિચક્ષ્ય' 'આ સત્ય કહે છે' એમ વિચાર કરતાં જાણીને, (દેવહૂતિ) ચિંતારહિત થઈ.

(દેવહૂતિ) પ્રાર્થના કરે તે માટે ઉત્તરાર્ધ કહેલો છે. 'પ્રશ્રયઃ' એટલે વિનય, 'પ્રણયઃ' એટલે સ્નેહ. 'પ્રશ્રિત' એવો પાઠ હોય, ત્યારે સારી રીતે 'પ્રકર્ષેણ' ઉત્તમ પ્રકારે આ જેનો 'શ્રિતઃ' આશ્રય કરેલો, તેનો જે પ્રેમ, તેનાથી ગળગળી થએલી વાણી (થી કહ્યું). વિનય પણ અક્ષરોને (કંઠમાંથી) બહાર નીકળતો રોકનારો છે, સ્નેહ પણ તેવો છે. (કર્દમની વાણીથી) કહેલા અર્થનું સ્મરણ થવાથી (દેવહૂતિ) કુલવધૂ હોવાથી સહેજ જે હાસ્ય થયું, તેને લજ્જા સાથેની આજે થનારા વૃત્તાંતને સૂચવનારી દષ્ટિ, તેને લીધે વિકસતા અને હાસ્યવાળા મુખવાળી થઈ તેણે (નીચે) કહેવામાં આવશે તે કહ્યું. ૯.

નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોકો)થી દેવહૂતિ (પોતાનું) ઈચ્છેલું સાધન સાથે કહે છે :

॥ દેવહૂતિરૂવાચ ॥

**રાદ્ધં બત દ્વિજવૃષૈતદમોઘયોગમાયાઽધિપે ત્વયિ વિભો તદવૈમિ ભર્તઃ ॥**
**યસ્તેઽભ્યધાયિ સમયઃ સકૃદઙ્ગસઙ્ગો ભૂયાદ્ગરીયસિ ગુણપ્રસવઃ સતીનામ્ ॥૧૦॥**

હે ઉત્તમ દ્વિજ ! હે શક્તિમાન્ ! અમોઘ યોગમાયાના અધિપતિ આપને વિષે, અહો ! આ સિદ્ધ થએલું છે. હે પતિ ! હું તે જાણું છું. જે આપે શરત કહેલી, તે એકવારનો અંગસંગ થાઓ. ઉત્તમ (પતિ) વિષે (તે જ) પતિવ્રતાઓના ગુણોનો પ્રસવ છે. ૧૦.

જો કે પતિએ 'ભગવાનના પ્રસાદો' એમ કહેલું હતું. છતાં પણ આણે તેની ભગવાન્ તરીકે જ સેવા કરેલી હોવાથી, તેણે કહેલા ગુણો તેનામાં સ્વાભાવિક રીતે હોવાનું કહીને, તે વિષય પોતાના જ્ઞાન પ્રમાણે સત્ય હોવાનું કહે છે.

હે ઉત્તમ દ્વિજ ! 'આ' આપે કહ્યું તે આપને વિષે 'રાદ્ધમ્' સિદ્ધ થએલું જ છે. 'બત' 'અહો !' શબ્દ હર્ષ દર્શાવવા (યોજેલો છે). દ્વિજોની અંદર જે ઉત્તમ, બ્રહ્મ જાણનારાઓ છે, તેઓને આ સર્વ સિદ્ધ થએલું છે એમ જણાવવા (હે ઉત્તમ દ્વિજ ! એ) સંબોધન (કરેલું છે) અથવા (પતિ) કામ પૂર્ણ કરે તે માટે (એ સંબોધન કરેલું છે), કારણ કે કામ પશુ યોગ્ય છે. અમોઘ (કોઈ સમયે અફલ નહિ થનારી) જે યોગમાયા, તેના અધિપતિ આપને વિષે સર્વ સિદ્ધ થએલું જ છે. કોઈક યોગમાયા દેખાડવા માટેની પણ હોય છે, તેવી નહિ એમ જણાવવા 'અમોઘ' કહેલી છે. તેવા (બ્રહ્મ જાણનાર ઉત્તમ દ્વિજ)નું જ તેવું વચન સત્ય હોય છે, તેથી તેમ કહેલું છે. 'હું તે જાણું છું' શબ્દોથી પ્રમાણ (કહેલું છે), અને 'હે શક્તિમાન્!' એ સંબોધન તે સાબિત કરનારું છે. 'હે પતિ!' એ સંબોધન પોતાને તેવું જ્ઞાન થાય તે માટે (પોતામાં) શક્તિ ઉત્પન્ન કરાવવા (કરેલું છે), કારણ કે પતિના ગુણથી જ પત્નીને શક્તિ (પ્રાપ્ત) થાય છે. વિવાહમાં શરત કરેલી હોવાથી, તેનાથી અધિક માગવામાં પોતાના ધર્મનો ક્ષય થાય, તેથી પહેલાં કહેલી (શરત)નું જ 'આપે જે (શરત) કહેલી' શબ્દોથી સ્મરણ કરાવે છે. 'જ્યાં સુધી મારું તેજ ધારણ કરે...' (૩-૧૨-૧૯) એમ જે આપે શરત કરેલી, તે એક પરિણામવાળો સંગ (થાઓ). વળી આપ અમોઘ વીર્યવાળા છો, તેથી વાસ્તવિક રીતે એક જ વાર અંગસંગ કહેલ, અને તે શરત, કરારનું બંધન, બંનેએ ઉલ્લંઘન ન કરવા માટે (કરેલું). તે (અંગસંગ) થાઓ, એવી પ્રાર્થના છે. 'તેથી શું થશે ?' એવી શંકા થાય, તેથી કહે છે કે તે એકવારનો અંગસંગ જ પતિવ્રતાઓના ગુણોનો પ્રસવ છે. પતિવ્રતાઓ તો કામાતુર હોતી નથી, અને પતિનું વ્રત (એ) જ તેઓનું વ્રત છે. તેથી (મારે) તેટલું જ જોઈએ છીએ. તેમનામાં (પતિવ્રતાઓમાં) રહેલા આનંદ વિગેરે ગુણો ત્યારે જ પતિ પાસે પ્રકટ થાય છે, અને ભવિષ્યમાં પુત્ર દ્વારા સારી રીતે ઉત્પન્ન થાય છે, અને ત્યારે જ તેઓનો જન્મ સફલ થાય છે, એવો (અર્થ છે). ૧૦

નીચેના શ્લોકમાં સાધન કહે છેઃ

**તત્રેતિકૃત્યમુપશિક્ષ યથોપદેશં યેનૈષ મે કર્શિતોઽતિરિરંસયાઽઽત્મા ।।**
**સિદ્ધયેત તે કૃતમનોભવધર્ષિતાયા દીનસ્તદીશભવનં સદૃશં વિચક્ષ્વ ।।૧૧।।**

તે વિષયમાં શું કરવું તે શાસ્ત્ર પ્રમાણે જાણી લો કે જેનાથી આપે ઉત્પન્ન કરેલા કામથી પરાભવ પામેલીનો મારો આ ઘણું રમણ કરવાની ઈચ્છાથી ઘણો દુઃખી થએલો તુચ્છ દેહ (રમણ માટે) તૈયાર થાય. તેથી હે ઈશ ! યોગ્ય ભવન જૂઓ. ૧૧.

તે વિષયમાં શું કરવું તે જાણી લો. તે સંગ જો રસરૂપ થાય, તો પુરુષાર્થ

સાથેનો થાય. એકવાર ભોગ કરનાર જ સાધન સહિત (ભોગ કરનાર) હોય. વળી રસ વિભાવ અનુભાવ અને વ્યભિચારી[1] (ભાવો)થી ઉત્પન્ન થાય છે, તે બધા કામશાસ્ત્રમાં વિસ્તારથી કહેલા છે. તે સમીપ (ના સમય)માં જ જ્ઞાન દઢ થાય તે માટે જૂઓ, એવો ભાવ છે. તેથી જ 'શાસ્ત્ર પ્રમાણે' એમ કહેલું છે. 'ચંદ્ર, મંદિર, લક્ષ્મી કસ્તૂરી' વિગેરે (સાધનો) કહેલાં છે. ઉત્પન્ન થએલી કામની વૃત્તિ બીજા પ્રકારે દૂર થતી નથી, એમ 'જેનાથી (મારો દેહ રમણ માટે તૈયાર થાય)' શબ્દથી કહેલું છે. આ મારો દેહ રમણ કરવાની ઈચ્છાથી ઘણો દુઃખી થએલો છે. આ 'આત્મા' એટલે દેહ અથવા અંતઃકરણ, કામશાસ્ત્ર વિના આ રસ (ભોગવવા) માટે યોગ્ય નહિ થાય. આવો રમણ કરવાની ઈચ્છાથી દુઃખી થએલો દેહ પણ જેનાથી (રમણ માટે) તૈયાર થાય તે જ ઉપાય કરવો યોગ્ય છે, એવો અર્થ છે. વળી તે આપે ઉત્પન્ન કરેલો જે કામ તેનાથી પરાભવ પામેલી (હું છું). કામે મારો પરાભવ કરેલો છે, તે પરાભવ પણ દૂર કરવો જોઈએ, અને આ દેહ પોતાને અધીન (કરવો જોઈએ). બીજી વિજ્ઞપ્તિ કહે છે (કરે છે), કે હે ઈશ ! યોગ્ય ભુવન જૂઓ. ૧૧.

૧. (૧) દેહની અથવા અંતઃકરણની અમુક સ્થિતિ ઉત્પન્ન કરનાર અથવા તેની વૃદ્ધિ કરનાર ભાવ 'વિભાવ' કહેવાય છે. રતિ વિગેરે ઉત્પન્ન કરનાર વિભાવો છે. તે બે પ્રકારના છે. આલંબનવિભાવ અને ઉદ્દીપનવિભાવ (૨) અંતઃકરણની વૃત્તિને જણાવનારું બહારનું ચિહ્ન 'અનુભાવ' કહેવાય છે, જેમકે ભ્રમરનો ભંગ કોપ સૂચવનારો છે. (૩) થોડા સમય સુધી રહેનારી મનની વૃત્તિ 'વ્યભિચારી ભાવ' કહેવાય છે. આ 'સ્થાયી ભાવ'થી વિરુદ્ધ છે. સ્થાયીભાવ માટે – રસ માટે આની ખાસ જરુર નથી, પરંતુ આ વ્યભિચારી ભાવ પણ રસનું પોષણ કરે છે.

પછી કર્દમે વિચાર્યું કે આને માત્ર રસ જોઈતો નથી, પરંતુ વૈભવ સાથે (રસ જોઈએ છીએ). તેથી તેમ જ કરવું જોઈએ એવા અભિપ્રાયથી, ભગવાને આપેલી યોગની શક્તિથી તેણે તેમ જ કર્યું એમ નીચેના શ્લોકથી (આરંભી મૈત્રેય) કહે છે :

॥ મૈત્રય ઉવાચ ॥

**પ્રિયાયાઃ પ્રિયમન્વિચ્છન્ કર્દમો યોગમાસ્થિતઃ ॥**
**વિમાનં કામગં ક્ષત્તસ્તર્હ્યેવાઽઽવિરચીકરત્ ॥૧૨॥**

હે સંયમી ! પ્રિયાનું પ્રિય કરવા ઈચ્છતા કર્દમે યોગમાયાનો આશ્રય કરી તે જ ક્ષણે ઈચ્છા પ્રમાણે જનારું વિમાન પ્રકટ કર્યું. ૧૨.

જેના ઉપર પ્રેમ છે તે પત્ની 'પ્રિયા', તેને પ્રસન્ન કરવા ઈચ્છતા કર્દમે ભગવાને આપેલ યોગનો આશ્રય કર્યો. યોગના બલથી તેણે ઈચ્છા પ્રમાણે જનારું વિમાન 'આવિરચીકરત્' પ્રકટ કર્યું. યોગમાં સર્વ રહેલું જ છે, (અને) ઈચ્છાથી પ્રકટ

થાય છે. તે વિમાન ભવનરૂપ હતું છતાં ઈચ્છા પ્રમાણે જનારું હતું. વિદુર અંતઃપુરના વૈભવનો સાક્ષી છે એમ જણાવવા 'હે સંયમી' એ સંબોધન કરેલું છે. ૧૨.

નવ ભાવથી[1] નવ પ્રકારની ક્રીડા થાય તે માટે નીચેના શ્લોકથી આરંભી નવ શ્લોકથી તે વિમાનનું વર્ણન કરે છેઃ

**સર્વકામદુઘં દિવ્યં સર્વરત્નસમન્વિતમ્ ।।**
**સર્વર્દ્ધ્યુપચયોદર્કં મણિસ્તમ્ભૈરુપસ્કૃતમ્ ।।૧૩।।**

(તે) સર્વ કામનાઓ આપનારું, દિવ્ય, સર્વ રત્નોવાળું, સર્વ ઘણી સંપત્તિઓ જેમાં વધ્યા કરતી હતી તેવું, મણિના સ્તંભોથી શણગારેલું (હતું). ૧૩.

બધીએ કામનાઓને 'દોગ્ધિ' આપે તેવું, 'દિવ્ય' એટલે અલૌકિક, 'સર્વ રત્નોવાળું' વિશેષણ સ્પષ્ટ (અર્થવાળું) છે, સર્વ 'ઋદ્ધયઃ' સંપત્તિઓ તેઓનું 'ઉપચયઃ' ઘણી હોવાપણું, તે જ વધ્યા કરવાપણું હતું જેનું તેવું. તે ઘરમાં સંપત્તિઓનો ભોગ થવાથી (તેમની) વૃદ્ધિ જ થતી હતી, ક્ષય થતો ન હતો. લોકમાં સર્વ સ્થલે (ભોગની) પછીનું ફલ ક્ષય હોય છે. મણિના બનાવેલા સ્તંભોથી (તે) શોભતું હતું. જે પ્રકારે ઉત્તમ શોભા થાય, તે પ્રકારે રચેલું હતું. ૧૩.

**દિવ્યોપકરણોપેતં સર્વકાલસુખાઽઽવહમ્ ।।**
**પટ્ટિકાભિઃ પતાકાભિર્વિચિત્રાભિરલંકૃતમ્ ।।૧૪।।**

દિવ્ય સામગ્રીવાળું, સર્વ સમયમાં સુખ આપનારું, વિચિત્ર તોરણો અને ધજાઓથી શણગારેલું (તે હતું). ૧૪.

દિવ્ય વસ્ત્રો, તકીઆ વિગેરે જે સામગ્રી, તે સાથેનું, શિઆળો વિગેરે સર્વ સમયમાં સુખ આપનારું (હતું). ઉત્તરાર્ધથી બહારની ઉત્તમ શોભા કહેલી છે. 'પટ્ટિકાઃ' લટકતાં રેશમી વસ્ત્રના બનાવેલાં (તોરણો) – જયના લખાણનાં ચિહ્નવાળી ધજાઓ – બધાંએ વિચિત્ર હતાં. તેમનાથી શણગારેલું (તે હતું). ૧૪.

**સ્રગ્ભિર્વિચિત્રમાલ્યાભિર્મઞ્જુસિઞ્જત્ષડઙ્ઘ્રિભિઃ ।।**
**દુકૂલક્ષૌમકૌશેયૈર્નાનાવસ્ત્રૈર્વિરાજિતમ્ ।।૧૫।।**

જેમાં મનોહર ગૂંજાર કરતા ભ્રમરો હતા તેવાં વિચિત્ર પુષ્પોની માલાઓથી અને દુકૂલ, ક્ષૌમ, કૌશેય, અને જૂદા જૂદા પ્રકારનાં વસ્ત્રોથી શોભતું (તે હતું). ૧૫.

વિચિત્ર 'માલ્યાનિ' પુષ્પો હતાં જેઓમાં, તેવી 'સ્રગ્ભિઃ' માલાઓથી (શોભતું). (પુષ્પો) સદા કરમાયા વિનાનાં રહે અને (તેમાં) સુગંધ અને મકરંદ રહે તે માટે મનોહર ગૂંજાર કરતા 'ષડઙ્ઘ્રયઃ' ભ્રમરો હતા જેમાં તેવાં (તે હતાં). દુકૂલ, ક્ષૌમ અને કૌશેય (અનુક્રમે) કીડાઓએ બનાવેલાં, ઘાસમાંથી બનાવેલાં અને છાલમાંથી

બનાવેલાં અમુક પ્રકારનાં રેશમી વસ્ત્રો છે. (તેઓ) અને જૂદા જૂદા પ્રકારનાં વસ્ત્રો, તેમનાથી યોગ્ય પ્રકારે શોભતું (તે હતું). ૧૫.

**ઉપર્યુપરિ વિન્યસ્તનિલયેષુ પૃથક્ પૃથક્ ।।**
**ક્ષિપ્તૈઃ કશિપુભિઃ કાન્તં પર્યંકવ્યજનાડડસનૈઃ ।।૧૬।।**

ઉપરાઉપર બનાવેલ ઓરડાઓમાં જૂદાં જૂદાં રાખેલ શય્યાઓ પલંગો પંખાઓ અને આસનોને લીધે રમણીય (તે હતું). ૧૬.

'ઉપર્યુપરિ' એક પછી એક ઉપરાઉપર બનાવેલા ઓરડાઓ તેમાં સેંકડો હતા. બધાએ ઓરડાઓમાં જૂદી જૂદી ગોઠવેલી 'કશિપુભિઃ' ઉત્તમ શય્યાઓને લીધે રમણીય (તે હતું), પરંતુ બીજા ઓરડામાં રહેલી શય્યા પાછી અહિં (આ ઓરડામાં) લાવવાની ન હતી. 'પર્યપાઃ' ઉત્તમ પલંગો, ઉત્તમ પંખાઓ અને ઉત્તમ આસનો, તે બધાઓને લીધે 'કાન્તં' રમણીય (તે હતું). ૧૬

તેમાં કામશાસ્ત્ર પ્રમાણેના સર્વ બંધોનો બોધ કરનારાં ચિત્રો (હતાં), તેમનું નીચેના શ્લોકમાં વર્ણન કરે છેઃ

**તત્ર તત્ર વિનિક્ષિપ્તનાનાશિલ્પોપશોભિતમ્ ।।**
**મહામરકતસ્થલ્યા જુષ્ટં વિદ્રુમવેદિભિઃ ।।૧૭।।**

જૂદાં જૂદાં સ્થલે મૂકેલ જાતજાતનાં કલાચિત્રોથી શોભતું, મોટા મરકતમણિના તલવાળું, પરવાળાંની બેઠકોવાળું (તે હતું).૧૭.

ઉત્તમ પ્રકારે મૂકેલાં જે જાતજાતનાં કલાચિત્રો, તેઓથી શોભતું (હતું), અને જૂદા જૂદા ઓરડાઓમાં મોટા મરકત મણિઓનું બનાવેલું તલ હતું, તે (તલ)વાળું હતું, અને 'વિદ્રુમાઃ' પરવાળાંઓ, તેમની બનાવેલી 'વેદયઃ' બેઠકો હતી. અહિં 'વેદિઃ' એટલે ઉંચી બેસવાની જગ્યા.૧૭.

**દ્વાઃસુ વિદ્રુમદેહલ્યા ભાતં વજ્રકપાટવત્ ।।**
**શિખરેષ્વિન્દ્રનીલેષુ હેમકુમ્ભૈરધિશ્રિતમ્ ।।૧૮।।**

બારણાંઓમાં વિદ્રુમમણિના ઉંબરાઓથી શોભતું, હીરા જડેલાં કમાડો વાળું, ઈન્દ્રનીલમણિનાં બનાવેલાં શિખરો ઉપર સુવર્ણના કુંભો સ્થાપેલું હતું.૧૮.

બારણાઓમાં પરવાળાંના જ ઉંબરા હતા. તેનાથી પણ 'ભાતં' શોભતું (તે હતું), અને હીરા જડેલાં કમાડવાળું હતું. ઈન્દ્રમણિના બનાવેલા 'શિખરેષુ' ઓરડાઓના ઉપરના ભાગમાં સ્થાપન કરેલા સુવર્ણના કુંભોવાળું હતું. સુવર્ણના કુંભો તેના આધારે જ રહેલા, તેઓની પણ તેનાથી જ શોભા (જણાતી) હતી. ૧૮.

**ચક્ષુષ્મત્પદ્મરાગાડગ્ર્યૈર્વજ્રભિત્તિષુ નિર્મિતૈઃ ।।**

**જુષ્ટં વિચિત્રવૈતાનૈઃ સહારૈર્હેમતોરણૈઃ ।।૧૯।।**

હીરાની બનાવેલી ભીંતોમાં જડેલાં ઘણા તેજસ્વી ઉત્તમ માણેકવાળું, હારવાળા અને સુવર્ણના તોરણોવાળા વિચિત્ર ચંદરવાવાળું (તે હતું).૧૯.

'ચક્ષુષ્મતઃ' ઘણા તેજસ્વી, જૂએ છે એવા જણાતા ઉત્તમ માણેક હીરાની બનાવેલી ભીંતોમાં જડેલાં, તેઓવાળું પણ (તે હતું). મોતીના હારો સાથેના, અને પાંદડાના ઘાટના તોરણના આકારના સુવર્ણો સાથેના વિચિત્ર 'વૈતાનાઃ' ચંદરવા, તેઓવાળું પણ (તે હતું).૧૯.

**હંસપારાવતવ્રાતૈસ્તત્ર તત્ર નિકૂજિતમ્ ।।**
**કૃત્રિમાન્ મન્યમાનૈઃ સ્વાનધિરુહ્યાઽધિરુહ્ય ચ ।।૨૦।।**

(જેમાં) જૂદાં જૂદાં સ્થલે હંસ અને કબૂતરોનાં ટોળાંઓ બનાવટી (હંસ અને કબૂતરો)ને સાચાં માની, તેમના ઉપર ચઢી ચઢીને કૂજન કરતાં હતાં તેવું (તે હતું). ૨૦.

હંસ વિગેરે અમુક પ્રકારનાં પક્ષીઓ છે, તેઓનાં ટોળાંઓ જેમાં જૂદાં જૂદાં સ્થલે કૂજન કરતાં હતાં તેવું (તે હતું). તે હંસ વિગેરે (પક્ષીઓ) ચિત્રોમાં પણ બનાવેલાં હતાં. આ (કૂજન કરનારાં) સાચાં હતાં. ચિત્રમાં રહેલાં બનાવટી (પક્ષીઓ)ને 'સ્વાન્' કુદરતી (સાચાં)જ માનીને કૂજન કરતાં હતાં એમ ઉપરના (પૂર્વાર્ધ) સાથે સંબંધ છે. 'ઉપર ચઢી ચઢીને' શબ્દોથી (એમ કહેલું છે કે) હંસ વિગેરે (પક્ષીઓ) લાકડાનાં તથા પથ્થરનાં બનાવેલાં પણ હતાં, (તેમના) ઉપર એકવાર ચઢીને પણ ભૂલ કરે (જાણે); (છતાં) અધિરુહ્યાધિરુહ્ય એમ ઘણીવાર ઉપર ચઢી ચઢીને ભૂલ કરતાં હતાં, એવું કારીગરીનું નિપુણપણું (જણાવેલું છે).૨૦.

**વિહારસ્થાનવિશ્રામસંવેશપ્રાંગણાઽજિરૈઃ ।।**
**યથોપજોષં રચિતૈર્વિસ્માપનમિવાઽત્મનઃ ।।૨૧।।**

યોગ્ય પ્રકારે રચેલાં વિહારસ્થાન, વિશ્રામસ્થાન, બેઠક, ઓરડા બહારનાં આંગણાં અને આંગણાંઓથી પોતાને પણ વિસ્મય પમાડતું હોય તેવું તે હતું. ૨૧.

'વિહારસ્થાન' એટલે ક્રીડા કરવાનું સ્થાન. 'વિશ્રામસ્થાન' એટલે બાહુયુદ્ધ વિગેરે કરીને થાક ઉતારવા માટે બેસવાનું સ્થાન. 'બેઠક' એટલે સુખપૂર્વક બેસવાનું સ્થાન. 'પ્રાનણમ્' ઓરડા બહારનું આંગણું, 'અજિરમ્' આંગણું. 'યથોપજોષં રચિતૈઃ' યોગ્ય પ્રકારે રચેલાં તેઓથી 'પોતાને' યોગના અધિપતિ કર્દમને પણ વિસ્મય પમાડતું હોય તેવું, (તે હતું). જો કે (કર્દમ) યોગમાયાનો વૈભવ જાણતો હતો, છતાં પણ તેવું (વિમાન) તેણે કોઈપણ સમયે જોએલું ન હતું. તેથી 'વિસ્મય

પમાડતું હોય તેવું' એમ કહેલું છે. ૨૧.

ઈચ્છેલું ભવન જોયું, છતાં પણ 'પોતાનું શરીર તેને યોગ્ય નથી' એવો તે (દેવહૂતિ)નો અભિપ્રાય જાણીને, તે (દેવહૂતિનું શરીર) પણ તેવું (વિમાનને યોગ્ય) થાય, તે માટે તેને ઉપદેશ કરે છે એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈદગ્ગૃહં તત્પશ્યન્તીં નાઽતિપ્રીતેન ચેતસા ।।**
**સર્વભૂતાઽઽશયાભિજ્ઞઃ પ્રાવોચત્ કર્દમઃ સ્વયમ્ ।।૨૨।।**

બહુ પ્રસન્ન નહિ તેવાં ચિત્તથી આવાં તે ભવનને જોઈ રહેલીને સર્વ પ્રાણીઓનો અભિપ્રાય જાણનાર કર્દમે પોતે (નીચે પ્રમાણે) કહ્યું. ૨૨.

ઉપર જણાવેલા પ્રકારનું ભવન બહુ પ્રસન્ન નહિ તેવાં ચિત્તથી જોઈ રહી શાંત જ ઉભી રહેલી તેને પોતાના યોગના બલથી સર્વ પ્રાણીઓનો અભિપ્રાય જાણનાર કર્દમે પોતે જ (નીચે પ્રમાણે) કહ્યું. ૨૨.

નીચેના શ્લોકમાં તે (કર્દમનું) વચન કહે છેઃ

**નિમજ્જ્યાઽસ્મિન્હ્રદે ભીરુ વિમાનમિદમારુહ ।।**
**ઈદં શુક્લકૃતં તીર્થમાશિષાં યાપકં નૃણામ્ ।।૨૩।।**

હે ભીરુ! આ સરોવરમાં સ્નાન કરીને, આ વિમાન ઉપર ચઢ. આ શુક્લનારાયણે કરેલું તીર્થ મનુષ્યોને કામનાઓ આપનારું છે. ૨૩.

અને 'ભીરુ' 'હે ઉત્તમ (સ્ત્રી)!' સંબોધનથી બીકણપણું જાણીને જ કહે છે કે ભય ન રાખવો, કારણ કે સ્નાન (કરવા) માટે મોકલવામાં આવે છે. 'આ સરોવરમાં સ્નાન કરીને આ વિમાન ઉપર ચઢ.' ''શુદ્ધ થયા વિનાની થંડા જલમાં સ્નાન કરું તેથી શું (લાભ)?'' એવી શંકા થાય, તેથી 'આ તીર્થ શુક્લનારાયણે કરેલું છે' એમ કહે છે. શુક્લનારાયણે કરેલું તીર્થ બધાની 'આશિષામ્' કામનાઓ આપનારું છે. આમાં પ્રવેશ કરતાં, જેવો તારો મનોરથ હશે, તેવું તારું શરીર થશે, એવો ભાવ છે; અને સદા (તેમાં) સ્નાન કરવામાં મોટા (પુરુષો)ની તેવી સંમતિ ન હોવાથી, પહેલાં (તેમ) થયું ન હતું. ૨૩.

નીચેના બે (શ્લોકો)થી કહે છે કે તેણે તેમ જ કર્યુંઃ

**સા તદ્ભર્તુઃ સમાદાય વચઃ કુવલયેક્ષણા ।।**
**સરજં બિભ્રતી વાસો વેણીભૂતાંશ્ચ મૂર્ધજાન્ ।।૨૪।।**
**અંગં ચ મલપંકેન સંછન્નં શબલસ્તનમ્ ।।**
**આવિવેશ સરસ્વત્યાઃ સરઃ શિવજલાઽઽશયમ્ ।।૨૫।।**

રજવાળું વસ્ત્ર, અને અંબોડામાં ગૂંથાએલા કેશ, તથા મેલના કીચડથી ઘણો

ઢંકાએલો અને ફીક્કાં સ્તનોવાળો દેહ ધારણ કરતી તે કમલનાં પત્રનાં જેવાં નેત્રવાળીએ પતિનું તે વચન સારી રીતે ગ્રહણ કરીને સરસ્વતીનાં કલ્યાણકારક જલનાં ધામરૂપ સરોવરમાં પ્રવેશ કર્યો. ૨૪।૨૫.

પતિનું વચન સારી રીતે ગ્રહણ કરીને, રજવાળું વસ્ત્ર અને અંબોડામાં ગૂંથાએલા કેશ તથા મેલનાં કીચડથી ઘણો ઢંકાએલો દેહ ધારણ કરતી તે દેવહૂતિએ સરસ્વતીનાં સરોવરમાં પ્રવેશ કર્યો. વચન ગ્રહણ કરવાનું કારણ 'પતિનું' શબ્દથી (કહેલું છે), કારણ કે બધોએ પ્રભાવ તેનો જ હતો. 'સારી રીતે ગ્રહણ કરવું' એટલે (સુંદર) દેહ પ્રાપ્ત થવાનું સાધન આજ છે. એવાં જ્ઞાન સહિત ગ્રહણ કરવું. 'કુવલયેક્ષણા' એટલે કમલનાં પત્રના જેવાં વિસ્તારવાળાં નેત્રવાળી. આથી એમ કહેલું છે કે તેનામાં ક્રોધ, અદેખાઈ, ખેદ વિગેરે ગુણો ન હતા. (પતિનાં) વચન ઉપર વિશ્વાસ હોવાથી જ, નેત્રો સ્વચ્છ હતાં, પરંતુ સામગ્રી તેવી ન હતી. એમ કહેવા, (તેથી) વિરુદ્ધ પ્રકારની સામગ્રીનું વર્ણન કરે છે. રજવાળું મલિન વસ્ત્ર (હતું). બહારનું જરુરી સાધન ખરાબ હતું એમ (આથી) સૂચવ્યું. અંબોડામાં ગૂંથાએલા કેશ બહારનું અંગ બનેલ છે. અને દેહ (ગંદો હતો). દરરોજ ઉત્પન્ન થતો મેલ જલની સાથે સંબંધમાં આવતાં કીચડ જેવો થએલો, તેથી તેને દૂર કરવો કઠણ હતો, એવો અર્થ છે. 'શબલૌ' ફીક્કાં હતાં સ્તનો જેનાં, એ દેહનું વિશેષણ છે. ઉપભોગ કરવાના અવયવો ઘણા જ અયોગ્ય હોવાનું સૂચવેલું છે. સરસ્વતી સૃષ્ટિ કરાવનારી છે, તેથી આનાથી (દેહ) ઉત્પન્ન થશે, એમ માની તેમાં પ્રવેશ કર્યો. 'શિવં' કલ્યાણકારક, સ્નાન કરવાથી પણ નુકશાન ન કરે તેવું. ઉપકાર તો (પતિનાં) વચનથી થવાનો જ, અને નુકશાન તો થવાનું નથી જ, એવો અર્થ છે. ૨૪।૨૫.

પછી શું થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**સાऽન્તઃસરસિ વેશ્મસ્થાઃ શતાનિ દશ કન્યકાઃ ।।**
**સર્વાઃ કિશોરવયસો દદર્શોત્પલગન્ધયઃ ।।૨૬।।**

સરોવરની અંદર ઘરમાં રહેલી એક હજાર કન્યાઓ તેણે જોઈ. તે બધી કિશોર વયની લાલ કમલના જેવી સુગંધવાળી (હતી). ૨૬.

પોતાનો (કર્દમનો) આનંદાંશ દેવહૂતિ હતી, તેનું તત્ત્વ[1] અહિંથી અદશ્ય થઈ, યોગને નિમિત્ત બનાવી[2], એક હજાર સ્ત્રીરૂપ થયું; તેથી તે (સ્ત્રી)ઓથી કાંઈ પણ હાનિ થતી નથી. સરોવરની અંદર એક અદ્ભુત ઘર હતું. ઋષિએ બનાવેલું નહિ હોવાથી, આ તો ભગવાને જ બનાવેલું હતું. પોતે બનાવેલી સ્ત્રીઓનો ઉપભોગ કરવાથી દોષ થાય, અને દેવહૂતિ સાથે કરેલો વિવાહ નકામો થાય. વળી તે સ્ત્રીઓમાં

રહેલો આનંદ પણ આ (દેવહૂતિ)માં જ પાછો આવશે. બહારની સેવાઓ તો (આ સ્ત્રીઓથી) થશે. વળી તે ભગવદીય (ભગવાને બનાવેલી) હોવાથી દેવહૂતિનો દેહ રહે ત્યાંસુધી જ રહી પાછી ભગવાનની યોગમાયામાં જ પ્રવેશ કરશે. તે ઘરમાં રહેલી એક હજાર કન્યાઓ (દેવહૂતિએ) જોઈ. બધીએ એક (સરખી) વયવાળી હોવાનું ભગવાને જ કરેલું એમ જણાવવા, 'બધી કિશોર વયની' એમ કહેલું છે.

એક હજારની સંખ્યા કામશાસ્ત્ર પ્રમાણે તે સ્થાને (ઘર)ની સરસાઈ જણાવવા (કહેલી છે). 'લાલ કમલ(ના જેવી ગંધવાળી)' શબ્દથી સ્ત્રીના સ્વભાવમાં રાગ (રજોગુણ)માં આસક્તિ હોવાનું સૂચવેલું છે. બીજામાં તેનો પ્રવેશ થાય, તે માટે ગંધ કહેલી છે[3]. ૨૬.

૧. 'તત્ત્વ' એટલે દેવોને બોલાવવાનું સાધન. (પ્ર)

૨. યોગને નિમિત્ત એટલે કારણ બનાવી. યોગને લીધે તે તત્ત્વ એક હજાર કન્યાઓરૂપ થયું, એવો અર્થ જણાય છે.

૩. ગંધ પોતાના આધારમાંથી નીકળી બીજા સ્થળે જાય છે, તેમ આ સ્ત્રીઓ (નો આનંદ) વળી દેવહૂતિમાં જશે, એમ જણાવવા ગંધ કહેલી છે, એવો અર્થ જણાય છે.

પછી જે થયું, તે નીચેના શ્લોકમાં કહે છે :

**તાં દૃષ્ટ્વા સહસોત્થાય પ્રોચુઃ પ્રાઞ્જલયઃ સ્ત્રિયઃ ।।**
**વયં કર્મકરીસ્તુભ્યં શાધિ નઃ કરવામ કિમ્ ।।૨૭।।**

તેને જોઈને સ્ત્રીઓએ એકાએક ઉભા થઈ બે હાથ જોડી તેને કહ્યું કે 'અમે તમારી દાસીઓ છીએ. અમને આજ્ઞા કરો, અમે શું કરીએ ?' ૨૭.

દેવહૂતિને જોઈને (તેને) વિશ્વાસ આવે અને (તેની) સેવા થઈ શકે તે માટે, તે સ્ત્રીઓએ બે હાથ જોડીને (તેને) કહ્યું. ઉત્તરાર્ધથી તેઓનાં વચન કહે છે. 'તુભ્યં' તમારી સેવા થાય તે માટે અમે 'કર્મકરીઃ' દાસીઓ છીએ, તેથી જ (અમને) 'શાધિ' આજ્ઞા કરો કે અમે તમારું શું (કાર્ય) કરીએ. તમે ઈચ્છેલો પદાર્થ કહો. શરીરની શુદ્ધિ (કરવી એ) તો અમારો ધર્મ જ હોવાથી, તે જ જો (ઇચ્છેલો પદાર્થ) હોય, તો તે કહેવાની જરુર નથી, એવો અર્થ છે. ૨૭.

તેથી તેઓએ તે પ્રમાણે જ સેવા કરી, એમ નીચેના બે શ્લોકમાં કહે છે :

**સ્નાનેન તાં મહાર્હેણ સ્નાપયિત્વા મનસ્વિનીમ્ ।।**
**દુકૂલે નિર્મલે નૂત્ને દદુરસ્યૈ ચ માનદાઃ ।।૨૮।।**
**ભૂષણાનિ પરાઙ્ધ્યાર્ણિ વરીયાંસિ દ્યુમન્તિ ચ ।।**
**અન્નં સર્વગુણોપેતં પાનં ચૈવાઙમૃતાઙઙસવમ્ ।।૨૯।।**

માન આપનારીઓએ તે મનસ્વિનીને ઘણાં કિંમતી સ્નાન કરવાનાં દ્રવ્યોથી

સ્નાન કરાવીને આને બે નિર્મલ નવાં વસ્ત્રો, ઘણા કિંમતી ઉત્તમ કાંતિવાળા આભૂષણો, સર્વ ગુણોવાળું અન્ન અને સ્વાદિષ્ટ મદ કરાવે તેવું પીણું આપ્યાં. ૨૮।૨૯.

આરંભમાં 'ઘણાં કિંમતી સ્નાન કરવાનાં દ્રવ્યોથી સ્નાન કરાવીને' એટલે ૧.પહેલાં મેલ દૂર કરાવનારું સ્નાન, ૨.બીજું સુખકારક શરીર ચોળીને વિગેરે પ્રકારનું સ્નાન અને ૩.કપૂર વિગેરે ઘણાં કિંમતી દ્રવ્યોથી સ્નાન કરાવીને 'સ્નાન' શબ્દ 'અગ્નિહોત્ર' શબ્દની પેઠે ક્રિયા જણાવનારો છે, અને તે કરવાનાં દ્રવ્યોના અર્થવાળો પણ છે. તેથી 'સ્નાનેન સ્નાપયિત્વા' 'સ્નાન કરવાનાં દ્રવ્યોથી સ્નાન કરાવીને' એમ કહેલું છે. 'મનસ્વિનીને' અને માનવાળીને, અથવા 'માનવીમ્' એવો પાઠ હોય, ત્યારે 'મનુની પુત્રીને'. 'ચ' 'અને' શબ્દ હોવાથી વિલેપન વિગેરે સર્વ સંસ્કારો; અંદર પહેરવાનાં અને ઉપર પહેરવાનાં વસ્ત્ર માટે બે વસ્ત્રો (આપ્યાં). નવાં વસ્ત્રો ઉત્પન્ન થતાં મેલાં થવાનો સંભવ હોવાથી (આ વસ્ત્રો) 'નિર્મલ' હોવાનું કહેલું છે. બીજો પક્ષ (વસ્ત્રો ધોએલાં હોવાનો) ન હતો એમ જણાવવા 'નવાં' એમ કહેલું છે. 'અને આને આપ્યાં' શબ્દોથી (એમ કહેલું છે કે) તે (દેવહૂતિ)નું સન્માન કરવા, 'બધી સખીઓને (વસ્ત્રો) આપી પહેરો' એમ જણાવવા (તેની) પાસે ઘણાંએ વસ્ત્રો મૂક્યાં. તેમ થાય, ત્યારે તેનું સન્માન થાય; કારણ કે આ (સ્ત્રીઓ) 'માન આપનારીઓ' હતી. વળી જાતજાતનાં આભુષણો આપ્યાં. તે 'પરાર્ધ્યાણિ' ઘણાં કિંમતી હતાં. ગુણથી પણ ઘણાં કિંમતી હતાં, તેથી 'ઉત્તમ' એમ કહેલું છે. (તે) ઘણાં સુંદર અને કાંતિવાળાં હતાં. ભોજન માટે અન્ન (આપ્યું). (તેમાં) અથાણાં વિગેરે સર્વ ગુણો હતા, અને 'પાનં' પીણું વિગેરે સ્વાદિષ્ટ અને મદ કરાવે તેવાં (આપ્યાં); કારણ કે રસ ઉત્પન્ન થાય તે માટે કામશાસ્ત્રમાં મદ કરાવનારાં દ્રવ્યો (લેવાનો) ઉપદેશ કરેલો છે. જાયફળ વિગેરે (મદ કરાવનારાં દ્રવ્યો) જેમનો શાસ્ત્રમાં પ્રતિબંધ કરેલ નથી તે (આપ્યાં), પરંતુ મદિરા વિગેરે જેમનો શાસ્ત્રમાં પ્રતિબંધ કરેલો છે તે (આપ્યાં) ન હતાં. તેમ કર્યું ન હોય (જાયફળ વિગેરે લીધાં ન હોય) તો પતિ સાથે સુરતસંગ્રામ ન થાય (થઈ શકે). ૨૮।૨૯.

(મુખ) જોવા માટે દર્પણ આપ્યું. કામની સેનારૂપ તે (દેવહૂતિ) ચાર અંગવાળી હોવાથી નીચેના ચાર (શ્લોકો)થી સત્ય જણાય તે માટે તેણે જોએલાં જ તેનાં રૂપનું વર્ણન કરે છે :

**અથાऽऽદર્શે સ્વમાત્માનં સ્રગ્વિણં વિરજાऽમ્બરમ્ ।।**
**વિરજં કૃતસ્વસ્ત્યયનં કન્યાભિર્બહુમાનિતમ્ ।।૩૦।।**

**સ્નાતં કૃતશિરઃસ્નાનં સર્વાડડભરણભૂષિતમ્ ।।**
**નિષ્કગ્રીવં વલયિનં કૂજત્કાઞ્ચનનૂપુરમ્ ।।૩૧।।**
**શ્રોણ્યોરધ્યસ્તયા કાઞ્ચ્યા કાઞ્ચન્યા બહુરત્નયા ।।**
**હારેણ ચ મહાર્હેણ રુચકેન ચ ભૂષિતમ્ ।।૩૨।।**
**સુદતા સુભ્રુવા શ્લક્ષ્ણસ્નિગ્ધાડપાઙ્ગેન ચક્ષુષા ।।**
**પદ્મકોશસ્પૃધા નીલૈરલકૈશ્ચોપશોભિતમ્ ।।૩૩।।**

પછી દર્પણમાં તેણે પોતાના દેહને માલા ધારણ કરેલો, સ્વચ્છ વસ્ત્રો પહેરેલો, નિર્મલ, સેવા કરાએલો, કન્યાઓથી ઘણું માન અપાએલો, સ્નાન કરેલો, માથાંબોળ સ્નાન કરેલો, સર્વ આભરણોથી શણગારેલો, ડોકમાં પદકવાળો, કડાંવાળો, ઝણકાર કરતાં સુવર્ણનાં ઝાંઝરવાળો, અને નિતંબ ઉપર ધારણ કરેલાં સુર્વણનાં ઘણાં રત્નોવાળા કંદોરાથી ઘણા કિંમતી હારથી અને કંકુના ચાંદલાથી શોભતો, અને સુંદર દાંતથી સુંદર ભ્રમરથી મનોહર સ્નેહાળ કટાક્ષવાળાં નેત્રથી અને શ્યામ કેશોથી કમલની કળીની સ્પર્ધા કરતાં (મુખ)થી શોભતો જોયો. ૩૦-૩૩.

સર્વ તૈયારી થયા પછી 'અથ' જૂદા આરંભથી, પોતાની રુચિ પ્રમાણે (અલંકારોની) રચના થાય તે માટે 'અથ' એમ કહેલું છે. 'સ્વં' પોતાના 'આત્માનં' દેહને (જોયો). સખીઓમાં પણ (દેવહૂતિને) આત્મભાવ (પોતાપણું) થએલ હોવાથી તેઓ (ના દેહ)નું વર્ણન નથી એમ જણાવવા 'સ્વં' 'પોતાના' વિશેષણ યોજેલું છે. 'સ્ત્રગ્વિણં' માલા ધારણ કરેલો, સ્વચ્છ છે (પહેરેલાં) વસ્ત્રો જેનાં તેવો, દેહ પણ સ્વચ્છ (જોયો). કરેલી છે 'સ્વસ્ત્યયનં' સેવા જેની તેવો, અને (દર્પણમાં પડતાં) પ્રતિબિંબમાં પણ કન્યાઓ સમીપ હોવાથી કન્યાઓથી ઘણું માન અપાએલો (હતો). સ્નાન કરેલો, (અને) ફરી કરેલું હતું માથાંબોળ સ્નાન જેણે તેવો (હતો). આથી બે સ્નાન જૂદા જૂદા પ્રકારે કરેલાં હોવાનું અને સ્ત્રીઓ સદા માથાંબોળ સ્નાન કરતી નથી એમ સૂચવેલું છે. (પછી) સદા (પહેરવા)નાં અને જરૂરી આભરણો (પહેર્યાં). 'નિષ્કં' પદક હતું ડોકમાં જેના તેવો (હતો). 'કડાંવાળો' વિશેષણથી (એમ જણાવેલું છે કે) કડું સ્વાભાવિક આભરણ વિગેરેથી જૂદું છે. 'કુજન્તી' ઝણકાર કરતાં સુવર્ણના બનાવેલાં ઝાંઝરો હતાં જેનાં તેવો (હતો). નિતંબ ઉપર ધારણ કરેલ જે સુવર્ણનો ઘણાં રત્નોવાળો કંદોરો, અને મોતીનો ઘણો કિંમતી હાર અને 'રુચકઃ' કંકુનો ચાંદલો, (અને) 'ચ' 'અને' શબ્દ હોવાથી ન કહેલાં બધાંએ (શૃંગારો) તે બધાંએથી શોભતો (હતો). કમળની કળીની સ્પર્ધા કરતાં મુખથી શોભતો (હતો), જે (મુખ)માં સુંદર દાંતો હતા. સુંદર જે ભ્રમર (તેથી અને) મનોહર સ્નેહાળ કટાક્ષ

જેમાં હતા તેવાં નેત્રથી અને મુખ ઉપર રહેલા શ્યામ કેશોથી, (મુખની) સમીપ રહેલાં બધાંએથી શોભતું મુખ હતું જેનું તેવો (દેહ જોયો). ૩૦-૩૩.

એવા દેહને જોઈ તે ભોગ કરવા યોગ્ય હોવાનું વિચારી, તેણે ભોગ કરવાનું સ્મરણ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યદા સસ્માર ઋષભમૃષીણાં દયિતં પતિમ્ ।।**
**તત્ર ચાઽસ્તે સહ સ્ત્રીભિર્યત્રાઽઽસ્તે સ પ્રજાપતિઃ ।।૩૪।।**

જ્યારે ઋષિઓમાં ઉત્તમ (પોતાના) પ્રિય પતિનું તેણે સ્મરણ કર્યું, ત્યારે જ્યાં તે પ્રજાપતિ હતા ત્યાં તે સ્ત્રીઓ સાથે રહી (પહોંચી). ૩૪.

(૧) પોતાના 'પતિ' (૨) 'પ્રિય' ઘણા પ્રેમના સ્થાનરૂપ (૩) 'ઋષિઓમાં ઉત્તમ' એવાં ત્રણ વિશેષણો કર્દમ (૧) સ્વધર્મ પ્રમાણે (૨) લૌકિક ધર્મ પ્રમાણે અને (૩) વૈદિક ધર્મ પ્રમાણે સેવા કરવા યોગ્ય હોવાથી યોજેલાં છે. (તે આશ્રમ) દિવ્ય સ્થલ હોવાથી ઈચ્છા પૂર્ણ થઈ, એમ ઉત્તરાર્ધથી કહે છે. પહેલાં જ્યાં પ્રજાપતિ હતા, ત્યાં જ પોતે પણ સ્ત્રીઓ સાથે રહી (પહોંચી). ૩૪.

એ પ્રમાણે પોતે અનુભવેલો વૈભવ જોઈને, પતિનાં માહાત્મ્ય વિષે તેને ઘણું આશ્ચર્ય થયું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ભર્તુઃ પુરસ્તાદાત્માનં સ્ત્રીસહસ્રવૃતં તદા ।।**
**નિશામ્ય તદ્યોગગતિં સંશયં પ્રત્યપદ્યત ।।૩૫।।**

ત્યારે પતિની સમીપ એક હજાર સ્ત્રીઓથી વીંટાઈ રહેલી પોતાને જોઈ, તે યોગનાં ફલને જોઈને, તેને આશ્ચર્ય થયું. ૩૫.

પતિની સમીપ પોતાના દેહને જ્યારે એક હજાર સ્ત્રીઓ સહિત જોયો, ત્યારે તેમના યોગનાં ફલને જોઈને (તેનું) સાધન જાણેલ ન હોવાથી તેને ઘણો સંતાપ થયો, અથવા સંશયના કાર્યરૂપ આશ્ચર્ય થયું. ૩૫.

પોતાનું માહાત્મ્ય (દેવહૂતિએ) જાણ્યું, ત્યાર પછી (કર્દમે) તેની સાથે સંગ કર્યો, એમ નીચેના શ્લોકથી આરંભી કહે છેઃ

**સ તાં કૃતમલસ્નાનાં વિભ્રાજન્તીમપૂર્વવત્ ।।**
**આત્મનો બિભ્રતીં રૂપં સંવીતરુચિરસ્તનીમ્ ।।૩૬।।**
**વિદ્યાધરીસહસ્રેણ સેવ્યમાનાં સુવાસસમ્ ।।**
**જાતભાવો વિમાનં તદારોહયદમિત્રહન્ ।।૩૭।।**

હે શત્રુને સંહારનાર ! જેનો મેલ ધોવાઈ ગએલો છે તેવી, અદ્ભુત હોય તેવી પ્રકાશતી, પોતાનું રૂપ ધારણ કરેલી, ઢંકાએલાં મનોહર સ્તનોવાળી, એક હજાર

વિદ્યાધરીઓથી સેવાતી, સુંદર વસ્ત્રવાળીને તેને જોઈને, કામ જેને ઉત્પન્ન થએલો છે તેવા તેણે તે વિમાનમાં બેસાડી. ૩૬।૩૭.

કરેલું છે મેલ ધોવાઈ જાય તેવું સ્નાન જેણે, એમ (દેવહૂતિની) બહારની શુદ્ધિ કહી. 'તેને' શબ્દથી (તેની) અંદરની શુદ્ધિ (કહી). 'અપૂર્વવત્' 'અદ્‌ભુત હોય તેવી પ્રકાશતી' એમ નવો રસ ઉત્પન્ન થાય તે માટે કહેલું છે. આટલા શૃંગારથી પણ વિવાહના સમયનું સ્વરૂપ જ (તેને) પ્રાપ્ત થયું, પરંતુ કાંઈ પણ અલૌકિક થયું નહિ એમ 'પોતાનું રૂપ ધારણ કરેલી' વિશેષણથી કહેતાં તેના કુદરતી સૌંદર્યનું વર્ણન કરેલું છે. સારી રીતે 'વીતૌ' ચોળી વિગેરેથી ઢંકાએલાં મનોહર સ્તનો હતાં જેનાં, તેવી (તેને જોઈ). ૩૬.

પોતે (કર્દમે) આપેલો વૈભવ અધિક થયો, એમ સાડત્રીસમા શ્લોકમાં કહે છે. 'એક હજાર વિદ્યાધરીઓથી (સેવાતી)' 'સિદ્ધો અને વિદ્યાધરીઓ યોગમાં જ પ્રસિદ્ધ છે' એ વાક્ય પ્રમાણે તે વિદ્યાધરીઓ ભગવદીય (ભગવાને બનાવેલી) હતી. 'સુંદર વસ્ત્રવાળી' વિશેષણ, કામ થાય ત્યારે તેની વૃદ્ધિ થાય તે માટે (કહેલું છે). તેવાં વર્ણનનું ફલ 'કામ જેને ઉત્પન્ન થએલો છે' એ વિશેષણથી કહેલું છે. ઉત્પન્ન થએલો છે 'ભાવઃ' કામ જેને તેવો (કર્દમ) થયો. તેણે તેને તે વિમાનમાં બેસાડી. શ્રવણ કરનાર (વિદુર)ને કામ ન થાય તે માટે, 'હે શત્રુને સંહારનાર !' એ સંબોધન (કરેલું છે). બીજાના કામની ક્રીડાનું શ્રવણ કરવાથી ઉત્પન્ન થતો કામ દુષ્ટ હોવાથી તે શત્રુ છે. ૩૭.

નીચેના શ્લોકથી આરંભી ચાર (શ્લોકો)થી તેની કામલીલા કહે છેઃ

**તસ્મિન્નલુપ્તમહિમા પ્રિયયાડનુરક્તો વિદ્યાધરીભિરુપચીર્ણવપુર્વિમાને ।।**
**બભ્રાજ ઉત્કચકુમુદ્ગણવાનપીચ્યસ્તારાભિરાવૃત ઈવોડુપતિર્નભઃસ્થઃ ।।૩૮।।**

જેમ તારાઓથી વીંટાએલો ખીલેલા કુમુદોના સમૂહવાળો આકાશમાં રહેલો ચંદ્ર પ્રકાશે તેમ-તે વિમાનમાં કેશવાળી સુખ આપનારી (સ્ત્રી)ઓનાં સમૂહમાં રહેલો, ક્ષીણ ન થએલ મહિમાવાળો, પ્રિયાથી રંગાએલો, વિદ્યાધરીઓથી સેવાતા દેહવાળો ઘણો સુંદર (કર્દમ) પ્રકાશતો હતો. ૩૮.

જાણવામાં આવેલ અને ન જણાય તેવા પ્રકારથી કામવિકાર મહિમાનો નાશ કરનારો[1] છે, તેવું થયું ન હતું એમ જણાવવા 'ક્ષીણ ન થએલ મહિમાવાળો' વિશેષણ કહેલું છે. (કર્દમનો) પોતાનો દેહ પણ વિદ્યાધારીઓથી સેવાતો હતો. જેમ રંગનાર દ્રવ્યથી રંગાય, તેમ[1] (તે) પ્રિયાથી રંગાએલો હતો. પ્રિયા પ્રિય હોવાથી, તેમાં રહેલા રાગ (રંગ, પ્રેમ)થી રંગાએલો હતો, એવો અર્થ છે. 'ઉત્કચકુમુદ્ગણવાન્'

વિકાસ પામેલા કુમુદોના સમૂહવાળો ચંદ્ર (પ્રકાશે તેમ) 'ઉદ્ગતાઃ' પ્રસરેલા છે 'કચાઃ' કેશ જેમના, 'કૌ' ભૂમિ ઉપર 'મુદ્' આનંદ થાય છે જેમનાથી, તેવી કેશવાળી આ સુખ આપનારી જે સ્ત્રીઓ તેઓના સમૂહથી વીંટાએલો (કર્દમ પ્રકાશતો હતો). 'ઘણો સુંદર' હોઈ સ્ત્રીઓને પ્રિય હતો. (આ વિશેષણથી) ગુણ સૂચવનારું સૌંદર્ય (કહ્યું). સ્ત્રી (દેવહૂતિ) ઉપર પ્રેમ[1] રસનો આધાર હતો. તે (વિદ્યાધરી)ઓ પણ રસની વૃદ્ધિ કરનારી અને તે શાસ્ત્રમાં પ્રવીણ હોવાનું જણાવે છે. વળી (કર્દમનો) દેહ સ્ત્રીઓથી સેવાતો હતો, કારણ કે તેઓ તે કાર્યમાં ઉપયોગી કોમલતા પ્રાપ્ત કરાવનારી હોય છે. તેઓમાં (કર્દમને) કામવિકાર ન હતો એમ જણાવવા તે (દેવહૂતિ)થી રંગાએલો હોવાનું કહેલું છે, વળી તે 'તે' પ્રસિદ્ધ વિમાનમાં શોભતો હતો, કારણ કે રાજાની કન્યાને વૈભવની ઈચ્છા હોય છે, તેથી આરંભમાં ઘણા વૈભવનું વર્ણન કરેલું છે. વળી તેઓ સર્વ લોકમાં પ્રસિદ્ધ થયા એમ 'જેમ તારાઓથી વીંટાએલો આકાશમાં રહેલો ચંદ્ર (પ્રકાશે)' એ દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. વળી આકાશની પેઠે વિમાન વિશાલ હોવાનું (એ દૃષ્ટાંત) સૂચવે છે. જેમ જૂદા પ્રદેશમાં બીજા જ તારાઓ ચંદ્રને ઢાંકી દેનારા હોય છે, તેમ અહિં (કર્દમને) પણ હતું એવો અર્થ છે[2]. જેમ જૂદા જૂદા સ્થલે શય્યા વિગેરે પદાર્થો હતા, તેમ સ્ત્રીઓ પણ હતી એમ જણાવેલું છે. ૩૮.

૧. વૃંદાવનના દેવકીનંદન પ્રેસની પ્રતવાળો પાઠ લીધો છે.

૨. જેમ ચંદ્રને ઢાંકનારા તારાઓ જૂદા જૂદા પ્રદેશમાં જૂદા જૂદા હોય છે, તેમ કર્દમની સેવા કરનારી સ્ત્રીઓ વિમાનના જૂદા જૂદા ઓરડાઓમાં જૂદી જૂદી હતી એવો અર્થ જણાય છે.

નીચેના શ્લોકમાં (કર્દમનો) વિહાર કહે છેઃ

**તેનાઽષ્ટલોકપવિહારકુલાઽચલેન્દ્રદ્રોણીષ્વનઙ્ગસખમારુતસૌભગાસુ ।।**
**સિદ્ધૈર્નુતો દ્યુધુનિપાતશિવસ્વનાસુ રેમે ચિરં ધનદવલ્લલનાવરુથી ।।૩૯।।**

તેનાથી[1] સ્ત્રીઓના સમૂહમાં રહેલા સિદ્ધોથી સ્તુતિ કરાએલા તેણે (કર્દમે) કામદેવના મિત્ર વાયુથી સુખકર થએલી, ગંગાના પડવાથી ઉત્પન્ન થએલા કલ્યાણકારક અવાજવાળી, આઠ લોકપાલકોનું વિહારસ્થાન બનેલી મેરુની ગુફાઓમાં કુબેરની પેઠે લાંબા સમય સુધી આનંદ કર્યો. ૩૯.

આઠ જે લોકપાલો, તેમનું વિહારસ્થાન બનેલી 'કુલાચલેન્દ્રસ્ય' મેરુની ગુફાઓ, તેઓમાં આનંદ કર્યો, એવો (વાક્યનો) સંબંધ છે. દેશ વિગેરે જેમ ધર્મનાં અંગ છે, તેમ કામનાં પણ (અંગ છે), કારણ કે જેમ ખાણોમાં ખૂટે નહિ તેટલું ધન પ્રકટ છે, તેમ તે (દેશ વિગેરે)માં જૂદે જૂદે સ્થલે અક્ષય કામ પ્રકટ થાય છે. રસ

ઉત્પન્ન કરવાનો તે દેશમાં પ્રભાવ હતો, એમ કહે છે (કે) 'કામદેવનો મિત્ર વાયુ' એટલે દક્ષિણમાંથી આવતો વાયુ અથવા બીજો કામ ઉત્પન્ન કરનારો વાયુ,-અને રમણમાં તેની ઘણી જરુર હોય છે તેથી,-તેનાથી સુખકર થએલી (ગુફાઓમાં આનંદ કર્યો); વળી સિદ્ધોની સ્તુતિ ઉત્સાહ વધારતી હતી, તેમ ન હોય તો વૈરાગ્ય વિગેરેથી રસની હાનિ થાય. 'ઘુઘુની' ગંગા, તેના 'સીતા' વિગેરે જે પ્રવાહો (તે) પડેલા (પ્રવાહો)ના સંબંધવાળા વાયુઓથી થતો હતો કલ્યાણકારક અવાજ જેઓમાં તેવી (ગુફાઓમાં આનંદ કર્યો); કારણ કે અશુદ્ધ (સ્થલ)માં ભૌતિક પાપો પ્રવેશ કરે છે, તેમ થાય તેવું ન હતું એમ જણાવવા (તે) કહેલું છે. 'કુબેરની પેઠે' શબ્દથી દ્રવ્યનો તૂટો ન હોવાનું (કહેલું છે). 'લલના' એટલે સ્ત્રી. તેઓના સમૂહવાળો (કર્દમ હતો). સર્વ તરફ (તેને) સ્ત્રીનાં દર્શન થતાં હતાં. ૩૯.

૧. 'તેનાથી' એટલે વિમાનથી.

માત્ર તે સ્થાનો જોયાં એટલું જ નહિ, પરંતુ તેઓમાં રમણ પણ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**વૈશ્રમ્ભકે સુરસને નન્દને પુષ્પભદ્રકે ।।**
**માનસે ચૈત્રરથ્યે ચ સ રેમે રામયા રતઃ ।।૪૦।।**

રામાએ રમણ કરાવેલા તેણે વૈશ્રંભક, સુરસેન, નંદન, પુષ્પભદ્રક, માનસ અને ચૈત્રરથ્યમાં રમણ કર્યું. ૪૦.

દિક્પાલોનાં ભોગના ઉપવનોનાં વૈશ્રંભક વિગેરે છ સ્થાનો એમ જણાવવા કહેલાં છે કે તે ભગવાને આપેલાં છે, કારણ કે તે (દેવહૂતિ) રામા થઈ અને (કર્દમને) પોતાને પણ બંધ વિગેરે કરીને તેણે રમણ કરાવ્યું. ૪૦.

એવી રીતે અલૌકિક સરસાઈ કહીને, નીચેના શ્લોકમાં ત્યાં રહેલા પોતાની જાતનાઓથી સરસાઈ કહે છેઃ

**ભ્રાજિષ્ણુના વિમાનેન કામગેન મહીયસા ।।**
**વૈમાનિકાનત્યશેત ચરંલ્લોકાન્ યથાऽનિલઃ ।।૪૧।।**

પ્રકાશતા, ઈચ્છા પ્રમાણે ફરતા મોટા વિમાનથી પવનની પેઠે લોકોમાં ફરતાં તેણે વિમાનમાં ફરનારાઓનો પરાભવ કર્યો. ૪૧.

આણે વિમાનમાં ફરનારાઓનો પરાભવ કર્યો, એટલે સર્વ પ્રકારથી તેઓનું અતિક્રમણ કરીને રહ્યો. તેઓનાં વિમાનો (૧) પોતાની મેળે પ્રકાશતાં ન હતાં. વળી (૨) તેઓનાં વિમાનને હદ હતી, કારણ કે તેઓ ભૂમિ ઉપર આવતાં નહિ, તેમજ સિદ્ધોનાં સ્થાનની ઉપર જતાં નહિ, જ્યારે (૩) આ (કર્દમનું વિમાન) તો ઈચ્છા

પ્રમાણે ફરનારું હતું. વળી (૪) આ હદવિનાનું (મોટું) હતું, તેથી ચાર ગુણોથી (આણે બીજાં વિમાનોનો) પરાભવ કર્યો. 'લોકોમાં ફરતાં' શબ્દોથી ક્રિયાથી પણ પરાભવ (કર્યાનું) કહેલ છે. એક લોકમાંથી બીજા લોકમાં પવનની પેઠે જતાં, તે (બીજાં વિમાનો)નો પરાભવ કર્યો, એવો અર્થ છે. ૪૧.

એ પ્રમાણે ભોગ જણાવીને, જેમાંથી આટલું થયું તે કહે છેઃ

**કિં દુરાપાદનં તેષાં પુંસામુદ્દામચેતસામ્ ।।**
**યૈરાશ્રિતસ્તીર્થપદશ્ચરણો વ્યસનાત્યયઃ ।।૪૨।।**

તીર્થો જેમનાં ચરણમાં છે તેમનાં દુઃખનો નાશ કરનારાં, ચરણનો જેઓએ આશ્રય કરેલો છે, તે બંધનરહિત ચિત્તવાળા પુરુષોને ન પ્રાપ્ત થઈ શકે તેવું શું છે ? ૪૨.

''હરકોઈને નિશ્ચિત ભોગો પ્રાપ્ત થતા નથી. તેમ (થતા) હોય, તો મર્યાદાનો નાશ થાય; અને સર્વ તેની[1] સાથે (પ્રાપ્ત) થાય છે તેમાં પણ મર્યાદા છે. તેથી આ (કર્દમ)ને આટલું (આટલા ભોગ) કેમ પ્રાપ્ત થયા ?'' એવી શંકા થાય, તેથી 'તીર્થો જેમનાં ચરણમાં છે તેમનાં ચરણનો જેઓએ આશ્રય કરેલો છે...' શબ્દોથી તે સિદ્ધ કરે છે. '(ભગવાનનું) ચરણ પવિત્ર, વિસ્તારવાળું અને પુરાણ છે' શ્રુતિ પ્રમાણે ચરણ સર્વત્ર રહેલું, સર્વ કાલમાં રહેનારું અને પાપરહિત અને પોતાનો આશ્રય કરેલાઓને પણ તેવા બનાવનારું છે. તેથી ચરણનો આશ્રય હોય ત્યારે સર્વમાં રહેલ ભોગ (પ્રાપ્ત થવામાં) વિરોધ નથી. વળી (ભોગની) હદ પાપને લીધે થાય છે, (અને ચરણ) 'પાપરહિત' હોવાથી તે (પાપ) પણ થતું નથી; વળી (ચરણ) 'પુરાણ' હોવાથી કાલ પણ વિઘ્ન કરતો નથી. તેથી ચરણનો આશ્રય થતાં, સ્વભાવથી જ સર્વ ભોગો પ્રાપ્ત થાય છે. વળી, ઈચ્છેલા (ભોગો) પણ પ્રાપ્ત થાય છે. ઈચ્છેલા (ભોગ)નું દાન કરવા તીર્થો બનાવેલાં છે, તેઓ પણ ચરણમાં છે એમ 'તીર્થો જેમનાં ચરણમાં છે' શબ્દથી કહેલું છે. વળી વિચિત્ર દુઃખવાળા સંસારમાં બધાં ફલો ભોગવી શકાતાં નથી, કારણ કે દુઃખો વિઘ્ન કરનારાં છે. તેમનો પણ ચરણ નાશ કરે છે એમ 'દુઃખનો નાશ કરનારાં' વિશેષણથી કહેલું છે. દુઃખોનો નાશ થાય છે જેનાથી, તેવું (ચરણ છે). 'ઘણા પાપી શત્રુનું અતિક્રમણ કરીએ' એ વાક્ય પ્રમાણે ચરણ દુઃખનો નાશ કરનારું હોવાનું, અને તેનો આશ્રય બધાને થતો નથી પણ કેટલાકને જ થાય છે એ પ્રસિદ્ધ છે. (તેનો આશ્રય થાય) તે માટે (જરુરી) દેહ અને અંતઃકરણના બે ગુણો કહે છે. 'પુરુષો' શબ્દથી સ્વતંત્રપણું અને 'તે' શબ્દથી પ્રસિદ્ધિ ( કહેલાં છે ). તે બંને ગુણોથી કેટલાક જ લોક વિગેરેથી સ્વતંત્ર થાય છે.

અંતઃકરણનો ગુણ કહે છે (કે) 'ઉદ્‌ગતં' જતું રહેલું છે 'દામ' બંધન ચિત્તમાંનું જેમના તેવા, કારણ કે બંધન કરનારુ 'દામ' દોરડું છે, અને ચરણ હદરહિત છે, (તેનું) બંધાએલાં હદવાળાં (ચિત્ત)માં સ્થાપન કરી શકાતું નથી. તેથી (બંધનરહિત પુરુષોને) અંતઃકરણ અને દેહ પણ (ભોગ પ્રાપ્ત થવામાં) વિઘ્ન કરનારાં ન હોવાથી, ભોગ કરવા યોગ્ય કોઈ પણ (પદાર્થ) તેઓથી પ્રાપ્ત ન થઈ શકે તેવો નથી. હદવાળાને જ 'દુઃખથી પ્રાપ્તિ છે જેની' તેવો (પદાર્થ) હોય છે. ૪૨.

૧. ભોગના સર્વ પદાર્થો તે ભોગની સાથે પ્રાપ્ત થાય છે, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે તર્ક સહિત ભોગ કહીને (સિદ્ધ કરીને), નીચેના શ્લોકમાં ઉપસંહાર કરે છેઃ

**પ્રેક્ષયિત્વા ભુવો ગોલં પત્ન્યૈ યાવાન્ સ્વસંસ્થયા ।।**
**બહ્વાશ્ચર્યં મહાયોગી સ્વાઽઽશ્રમાય ન્યવર્તત ।।૪૩।।**

પત્નીને ઘણાં આશ્ચર્યવાળો પૃથ્વીનો ગોળ પોતાની અવસ્થાથી જેટલો છે તેટલો દેખાડીને મોટો યોગી (કર્દમ) પોતાના આશ્રમે પાછો આવ્યો. ૪૩.

તે (દેવહૂતિ)નો કામ પૂર્ણ કરનારું (સાધન) પત્નીપણું જ હતું. યોગના બલથી એક સ્થલે (પૃથ્વીનો ગોળ) દેખાડ્યો નહિ, પરંતુ પોતાની અવસ્થાથી જેટલો છે, જે જે સ્થલે જેટલો છે, ત્યાં જ તેને લઈ જઈને દેખાડ્યો. ઘણાં આશ્ચર્ય જેમાં છે તેવો (તે ગોળ) છે. તેવો ન હોય, તો તો (દેવહૂતિ) જૂએ નહિ. તેવી રીતે દેખાડવાની શક્તિ 'મોટો યોગી' શબ્દથી (જણાવેલી છે). પોતાના આશ્રમે એટલે સિદ્ધોના રહેઠાણે. ૪૩.

અંતરિક્ષમાં સંતાન ઉત્પન્ન કરવામાં આવે, તો રુદ્રનો પૂજક થાય, તેથી ઋષિઓની (પત્નીઓની) ઉત્પત્તિ થઈ શકે તે માટે ભૂમિ ઉપર આવીને તેણે પ્રજા ઉત્પન્ન કરી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**વિભજ્ય નવધાઽઽત્માનં માનવીં સુરતોત્સુકામ્ ।।**
**રામાં નિરમયન્ રેમે વર્ષપૂગાન્મુહૂર્તવત્ ।।૪૪।।**

પોતાના નવ વિભાગ કરીને, સુરત ઈચ્છતી રામા માનવીને રમણ કરાવતાં એક મુહૂર્ત હોય તેમ તેણે ઘણાં વર્ષો સુધી રમણ કર્યું. ૪૪.

પોતાના નવ વિભાગ કરીને એટલે જૂદા જૂદા સ્વભાવથી (પોતાનાં) નવ રૂપો કરીને (રમણ કર્યું). તે ( દેવહૂતિ )ની તેવું સહન કરવાની શક્તિ 'માનવી' શબ્દથી (કહેલી છે). ઘણા પ્રકારે (વિભાગથી રમણ) કરવાનું કારણ 'સુરત ઈચ્છતી' વિશેષણથી (કહેલું છે). જૂદો સ્વભાવ થતાં જૂદાં (રૂપ) થવાનું જાણવામાં આવવા

છતાં, તેને ભય ન થાય તે માટે 'રામા' એમ કહેલું છે, કારણ કે રામાને લજ્જા અને ભય થતાં નથી. તેવી હોવાથી જ તે 'રામા' હતી. તેથી તેને સદા રમણ કરાવતાં, તેણે પણ એક મુહૂર્ત હોય તેમ ઘણાં વર્ષ સુધી રમણ કર્યું, કારણ કે કાલની ગણત્રી કરતાં વર્ષો થાય છે, અને આનંદનો અનુભવ થતો ન હોય ત્યારે (કાલની) ગણત્રી (થાય છે). તેથી સુરતમાં વીતેલો સમય સુખનો અનુભવ કરાવનારો હોવાથી એક મુહૂર્ત જ (જણાયો), તેથી તેણે (તે) બધા સમયને તેવો (તેટલો) જ માન્યો. ૪૪.

તે (દેવહૂતિ)ને પણ કાલનું જ્ઞાન ન રહ્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તસ્મિન્ વિમાન ઉત્કૃષ્ટાં શય્યાં રતિકરીં શ્રિતા ।।**
**ન ચાઽબુધ્યત તં કાલં પત્યાઽપીચ્યેન સંગતા ।।૪૫।।**

અને તે વિમાનમાં ઉત્તમ રતિ કરાવનારી શય્યા ઉપર રહેલી, સુંદર પતિના સંગવાળી તેણે તે સમય જાણ્યો નહિ. ૪૫.

આશ્રયના[1] ગુણથી જ (સર્વ) પ્રકાશતું હોવાથી સૂર્ય વિગેરેની ગતિથી કાલનું જ્ઞાન થતું ન હતું, અને શય્યા ઉંઘ વિગેરે કરાવતી હોવાથી મોહ કરાવતી હતી. તેમાં વળી તે રતિ કરાવનારી હોઈ અંદર રહેલો આનંદ પ્રકટ કરાવતી હતી. તેથી ભોગમાં જેટલો સમય થયો તે તેણે જાણ્યો નહિ, (અને) પોતાનું તથા પહેલાંની (પોતાની) અવસ્થાનું[2] (તેને) ભાન રહ્યું નહિ. વળી પતિ ઘણો સુંદર, તે (સુરતના) કાલના ગુણોને અનુકૂલ હતો. ૪૫.

૧. આશ્રય (વિમાન)નો જે પ્રકાશતો અભિમાનના અભાવરૂપ ગુણ, તેને પ્રાપ્ત કરીને, એવો અર્થ છે. (પ્ર). વિમાનનો ગુણ પ્રકાશ હતો, તેને લીધે, એવો અર્થ ઘટે છે. તેથી 'અભિમાનના અભાવરૂપ ગુણ પ્રાપ્ત કરી' એવો અર્થ કરવાની જરૂર જણાતી નથી. વળી સુરતમાં અભિમાનનો અભાવ થવાનું સંભવે કે કેમ એ પણ વિચારવા યોગ્ય થાય છે.
૨. આ 'ચ' 'અને' શબ્દનો અર્થ કહેલો છે. (પ્ર)

બંનેને કાલનું જ્ઞાન ન હોવા છતાં મૈત્રેય પોતે ભોગનો સમય કહે છેઃ

**એવં યોગાઽનુભાવેન દંપત્યો રમમાણયોઃ ।।**
**શતં વ્યતીયુઃ શરદઃ કામલાલસયોર્મનાક્ ।।૪૬।।**

એવી રીતે પતિ પત્ની યોગના પ્રભાવથી રમણ કરતાં હતાં એટલામાં એક સો શરદ્ વીતી. (તે સમય) કામની લાલસાવાળાંને અલ્પ (જણાયો). ૪૬.

યોગના પ્રભાવથી પતિ- પત્ની રમણ કરતાં હતાં, એટલામાં એક સો શરદ્ વીતી. એક સો વર્ષ થયાં. ભોગ માટે શરદનો સમય ઉત્તમ હોવાથી 'શરદ્' શબ્દ યોજેલો છે. એક સો વર્ષ થયાં છતાં પણ કામ અગ્નિરૂપ હોવાથી, તેની તૃપ્તિ થઈ નહિ. તેથી તેટલો સમય પણ 'અલ્પ' જ થયો. 'અલ્પ' એટલે ઘણો થોડો સમય. ૪૬.

એવાં રમણના અંતે, તે (દેવહૂતિ)માં વીર્યનું આધાન કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તસ્યામાધત્ત રેતસ્તાં ભાવયન્નાત્મનાઽઽત્મવિત્ ।।**
**નોધા વિધાય રૂપં સ્વં સર્વસંકલ્પવિદ્વિભુઃ ।।૪૭ ।।**

સર્વના સંકલ્પ જાણનાર સમર્થ આત્મવેત્તાએ પોતાના રૂપને નવ પ્રકારનું કરીને પોતાની મેળે તેનું ચિંતન કરતાં તેનામાં વીર્યનું આધાન કર્યું. ૪૭.

સ્ત્રી સંતાનો થાય તે માટે 'તેનું જ ચિંતન કરતાં' એમ કહેલું છે. 'માત્ર ચિંતન કરવાથી તેમ થતું નથી'. એવી શંકા થાય, તેથી 'આત્મવેત્તાએ' એમ કહેલું છે. કારણ કે તે આત્માને જાણતો હતો, તેથી સર્વજ્ઞ હોવાથી પણ તેણે તેમ કર્યું. વળી આ તેણે પોતાની મેળે જ કર્યું, પરંતુ બીજાના ઉપદેશથી કર્યું ન હતું, તે (અર્થ) 'પોતાની મેળે' શબ્દથી કહેલો છે. વળી પોતાનું સ્વરૂપ નવ પ્રકારનું કરીને વીર્યનું આધાન કર્યું. તેમ (કર્યું) ન હોય, તો એક જ કન્યા અથવા એક જ સ્વભાવની કન્યાઓ થાય. તેથી નવ પ્રકારનું સ્વરૂપ કરીને વીર્યનું આધાન કર્યું. અદશ્ય વૃત્તાંત કહેવા માટે 'નવધા' 'નવ પ્રકારનું' એ શબ્દમાં સંપ્રસારણનો પ્રયોગ[1] કરેલો છે. પોતાનાં જ સ્વરૂપને (નવ પ્રકારનું) કરેલું હોવાથી, દોષ (થયો) નથી. મરીચિ વિગેરે સર્વનો પત્નીની પ્રાપ્તિના વિષયનો સંકલ્પ (કર્દમ) જાણતો હતો, એ તેમ (નવ પ્રકારનું સ્વરૂપ) કરવાનું કારણ હતું. 'સમર્થ' વિશેષણથી (તેની તેવી) શક્તિ (કહેલી છે). ૪૭.

૧. 'વ'નું સંપ્રસારણ 'ઉ' થાય છે. 'નવધા'માં 'વ'નું સંપ્રસારણ કરતાં 'ન+ઉ+ધા' એમ 'નોધા' થયું.

એ રીતે પિતાથી (થએલી) ઉત્પત્તિ કહીને, નીચેના શ્લોકમાં માતાથી (ઉત્પત્તિ) કહે છેઃ

**અતઃ સા સુષુવે સદ્યો દેવહૂતિઃ સ્ત્રિયઃ પ્રજાઃ ।।**
**સર્વાસ્તાશ્ચારુસર્વાઙ્ગ્યો લોહિતોત્પલગન્ધયઃ ।।૪૮।।**

તેથી તે દેવહૂતિએ તરત જ સ્ત્રી પ્રજાઓને જન્મ આપ્યો તે સર્વ સુંદર સર્વ અંગવાળી (અને) લાલ કમલના જેવી સુગંધવાળી હતી. ૪૮.

તરત જ જન્મ આપ્યો, પરંતુ દશ માસ પછી (જન્મ આપ્યો) ન હતો. દેહનો પરિપાક તો આધાન કરનાર (કર્દમ) શક્તિવાળો હોવાથી થએલ. તે (તે કારણથી પરિપક્વ દેહવાળી થએલ હોવાનું) 'તેથી' શબ્દથી કહેલું છે. ઉત્તમ પ્રકારે જન્મેલી પણ સ્ત્રીઓને જ જન્મ આપ્યો, કારણ કે તે દેવહૂતિ દેવના જેવા સ્વભાવવાળી જ હતી. ઉત્તરાર્ધથી તે (સ્ત્રી સંતાનો)નું વર્ણન કરે છે. 'સુંદર સર્વ

અંગવાળી' વિશેષણથી અંગમાં ખોટ ન હોવાનું અને ઘણું જ સૌંદર્ય હોવાનું કહેલું છે. વળી 'લાલ કમલના જેવી સુગંધવાળી' વિશેષણથી કુલવતી સ્ત્રીઓ જન્મ્યાનું કહેલું છે. રાગ (લાલાશ, પ્રેમ) માટે અને ભોગના સમયે જ સુગંધ પ્રકટ થાય તે માટે 'લાલ કમલ' શબ્દ યોજેલ છે. ૪૮.

એમ કરીને કર્દમે ચાલી નીકળવાનો આરંભ કર્યો, ત્યારે તેને તેનું જ્ઞાન થયું એમ નીચેના બે શ્લોકથી કહે છેઃ

**પતિં સા પ્રવ્રજિષ્યન્તં તદાડડલક્ષ્યોશતી સતી ।।**
**સ્મયમાના વિક્લવેન હૃદયેન વિદૂયતા ।।૪૯।।**
**લિખન્ત્યધોમુખી ભૂમિં પદા નખમણિશ્રિયા ।।**
**ઉવાચ લલિતાં વાચં નિરુધ્યાશ્રુ કલાં શનૈઃ ।।૫૦।।**

પછી પતિ સંન્યાસ લેવાનો છે એમ જાણીને કમનીય સતીએ દુઃખવાળાં હૃદયથી પીડાતાં, હસતાં, નીચે મુખ રાખી નખરૂપ મણિની કાંતિવાળા પગથી ભૂમિ ખોતરતાં, ધીરે ધીરે આંસુના બિંદુને રોકી મનોહર વાણી કહી. ૪૯ – ૫૦.

'પ્રવ્રજિષ્યન્તમ્' એટલે સંન્યાસના પ્રકારથી (ઘેરથી) જવાનો જેણે નિશ્ચય કરેલો છે, એવો તે (પતિ) જવાનો છે એમ 'આલક્ષ્ય' (તેનાં) ચિહ્નોથી જાણીને, કમનીય સતીએ (તેમાં) વિઘ્ન ન કરતાં વિજ્ઞપ્તિ જ કરી, એમ 'મનોહર વાણી કહી' એવો બીજા (પચાસમા) શ્લોક સાથે સંબંધ છે. પોતાનો જ તેવો દોષ થએલ એવા વિચારથી (તેને) 'વિક્લવઃ' ચિત્તમાં દુઃખ થયું. 'સ્મયમાના' કષ્ટથી હાસ્ય કરતાં અને 'વિશેષેણ દૂયતા' ઘણું દુઃખ કરાવતા હૃદયથી (હૃદયવાળી) જણાતી તેણે પોતાની ચિંતા જણાવવા નીચે મુખ રાખી ભૂમિ ખોતરતાં (મનોહર વાણી કહી). દેહની કાંતિવાળી હોય તે જ તેમ કહે એમ જણાવવા 'નખરૂપ મણિની કાંતિવાળા પગથી' એમ ખોતરવાનું સાધન કહેલું છે. નખો જ મણિ, અને તેઓની તેવી (મણિ જેવી) જ કાંતિ હતી જેમાં, તેવા (પગથી ખોતરતાં વાણી કહી). 'લલિતાં' એટલે મનોહર. રુદન (કરવા)થી કાર્ય સિદ્ધ થશે નહિ એમ (જાણી) આંસુના બિંદુને રોકી (વાણી કહી). 'ધીરે ધીરે' શબ્દથી પહેલાંની (રુદનની) સ્થિતિ જતી રહેલી હોવાનું સૂચવેલું છે.

નીચેના શ્લોકથી આરંભી સાત (શ્લોકો)થી તે (દેવહૂતિ)નાં વચનો કહે છેઃ

।। દેવહૂતિરુવાચ ।।

**સર્વં તદ્ભગવાન્મહ્યમુપોવાહ પ્રતિશ્રુતમ્ ।।**
**અથાડપિ મે પ્રપન્નાયા અભયં દાતુમર્હસિ ।।૫૧।।**

(આપ) ભગવાને વચન આપેલું તે સર્વ મને લાવી આપ્યું. છતાં પણ શરણ આવેલીને મને આપ અભય આપો. ૫૧.

**પરલોકાર્થવિજ્ઞપ્તિર્વિવાહઃ કન્યકાસુ ચ ।।૭।।**
**ભોગાભાવસ્ય કથનં સત્સંગશ્ચ પ્રસંગતઃ ।।**

પરલોક (પ્રાપ્ત કરાવવા)ની વિજ્ઞપ્તિ (૫૧), અને કન્યાઓનો વિવાહ (૫૨), ભોગ નથી માગતી એવું વચન (૫૩), પ્રસંગથી સત્પુરુષનો સંગ થયાનું વચન (૫૪). કા. ૭.

**ફલમાવશ્યકં તસ્ય સર્વં વ્યર્થં તતોઽન્યથા ।।૮।।**
**સ્વદોષાભાવકથનં કૃપાસિદ્ધ્યૈ નિરૂપિતમ્ ।।**

તેનું ફલ જરૂરી હોવું(૫૫), તેમ ન થાય તો સર્વ વ્યર્થ હોવાનું(૫૬), (કર્દમની) કૃપા પ્રાપ્ત થાય તે માટે પોતાનો દોષ ન હોવાનું વચન કહેલું છે (૫૭). કા. ૮ ૧/૨.

જેમ પહેલાં સુરત માગેલું, તેમ હવે અભય માગે છે. સત્પુરુષોએ એક જ વાર માગવું યોગ્ય છે, છતાં પણ પોતાની લાચારીને લીધે ફરી માગે છે એમ જણાવવા, પહેલાં માગેલ તેમાં કાંઈ બાકી રહેલું નથી એમ પૂર્વાર્ધથી કહે છે. આપ ભગવાને જે વચન આપેલું તે સર્વ મને લાવી 'ઉપોવાહ' સમીપ લાવીને આપ્યું છે, અને તેથી હવે આપવાનું બાકી રહેતું નથી. 'છતાં પણ શરણ આવેલીને અભય આપો'. જેમ શરણ આવેલાએ માગેલું વચન આપવામાં આવે છે, તેમ શરણ આવ્યાનું ફળે તે માટે અભય પણ આપવું જોઈએ, કારણ કે તેમ કરવામાં ન આવે તો શરણે આવેલાનું પાલન કરેલું ન થાય. આથી એવી વિજ્ઞપ્તિ કરેલી છે કે મને પરલોક પ્રાપ્ત થાય તે માટે ઉપાય કરો. ૫૧.

અને પુત્રીઓનો વિવાહ કરો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**બ્રહ્મન્ દુહિતૃભિસ્તુભ્યં વિમૃગ્યાઃ પતયઃ સમાઃ ।।**
**કશ્ચિત્ સ્યાન્મે વિશોકાય ત્વયિ પ્રવ્રજિતે વનમ્ ।।૫૨।।**

હે બ્રહ્મન્ ! આપની પુત્રીઓ માટે તેઓની સમાન પતિઓ શોધવા જોઈએ. આપ વનમાં જાઓ ત્યારે મારો શોક દૂર કરનાર કોઈ એક હો. ૫૨.

'તુભ્યં' આપની પુત્રીઓ માટે પોતાની (પુત્રીઓની) સમાન પતિ શોધવા જોઈએ. કેટલાક કહે છે કે (દેવહૂતિએ આ) દીનતા જણાવેલી છે.

**કન્યાનાં પતિસમ્બન્ધસ્ત્વન્મનોરથસિદ્ધયે ।।૯।।**
**તથાપિ સંશયો ભાવી તસ્માત્ત્વં તાઃ પ્રયચ્છ હિ ।।**

આપનો મનોરથ ફલે તે માટે કન્યાઓને પતિનો સંબંધ (કરાવવાનો છે). છતાં પણ સંશય થશે, તેથી આપ તેઓને પરણાવો. કા. ૯ $^{૧}/_{૨}$.

'આપ વનમાં જાઓ ત્યારે મારો શોક દૂર કરનાર કોઈ એક હો' શબ્દોથી બીજી પ્રાર્થના કહેલી છે. કન્યાઓ તો સાસરે જશે, પુત્ર આપો, એવો અર્થ છે. ૫૨.

''આ બાનાથી ફરી ભોગ માગે છે ?'' એવી શંકા થાય, તેથી કહે છેઃ

**એતાવતાઽલં કાલેન વ્યતિક્રાન્તેન મે પ્રભો ।।**
**ઇન્દ્રિયાઽર્થપ્રસંગેન પરિત્યક્તપરાઽઽત્મનઃ ।।૫૩।।**

હે પ્રભો ! ઈન્દ્રિયોના વિષયોના ઘણા સંગને લીધે જેમાં પરમાત્માનો ત્યાગ થએલો હતો તેવા મારા વીતેલા આટલા કાલથી ઘણું થઈ ગયું. ૫૩.

વ્યર્થ વીતેલા આટલા કાલથી જ ઘણું થઈ ગયું. હવેથી બાકી રહેલા કાલમાં પુરુષાર્થ પ્રાપ્ત કરવો છે, એવો અભિપ્રાય છે. ઉત્તરાર્ધથી વીતેલા કાલનો દોષ કહે છે. ઈન્દ્રિયોના વિષયોનો ઘણો સંગ હતો જેને લીધે, તેવા કાલને લીધે 'પરિત્યક્તઃ' ત્યાગ કરેલ હતો 'પરઃ' ભગવાનરૂપ 'આત્મા' આત્માનો જેમાં, તેવા પોતાના પુરુષાર્થનો નાશ કરનાર આટલા-(કાલ)થી જ ઘણું થઈ ગયું. ૫૩.

'ત્યારે શું કરવું ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**ઇન્દ્રિયાર્થેષુ સજ્જન્ત્યા પ્રસંગસ્ત્વયિ મે કૃતઃ ।।**
**અજાનન્ત્યા પરં ભાવં તથાઽપ્યસ્ત્વભયાય મે ।।૫૪।।**

ઈન્દ્રિયોના વિષયોમાં આસક્તિ રાખનારી મેં આપનો ઘણો સંગ (આપનું) ઘણું સામર્થ્ય જાણ્યા વિના કર્યો, છતાં પણ તે મને અભય આપનારો થાઓ. ૫૪.

સાધન તો સત્સંગ છે, તે મને અકસ્માતથી જ (પ્રાપ્ત) થયો. જેમ કોઈકને ભોગ માટે ખાધેલી સાકર ઔષધરૂપ થાય છે, તેમ 'ઈન્દ્રિયાર્થેષુ' વિષયોના ભોગમાં આસક્તિ રાખનારીએ મેં આપનો ઘણો સંગ કર્યો, છતાં પણ (મને) સત્સંગ થયો જ. જોકે (આપ) સત્પુરુષ છો એવું જ્ઞાન (મને) થયું ન હતું, અને (તેથી) સત્પુરુષના (સંગના) પ્રકારનો (તે) સંગ ન થયો, છતાં પણ વાસ્તવિક રીતે સત્સંગ થયો. તેથી તે ફલ આપશે એમ ઉત્તરાર્ધથી કહે છે. આપનું 'પરમો ભાવઃ' ઘણું સામર્થ્ય જો કે (મેં) જાણ્યું ન હતું, (છતાં હું) પતિવ્રતા હોવાથી (આપની) સેવા વિગેરેમાં સત્સંગના પ્રકારનો સંગ પણ થએલો. સેવાનો ભોગ માટે ઉપભોગ ન હતો, અને (પતિ સાથે) ભોગ શાસ્ત્રમાં મના કરેલો નથી, પરંતુ (આપના) માહાત્મ્યનું જ્ઞાન જ બાકી રહેલું જ્ઞાન ન હોવા છતાં, તે સફલ થાઓ, એવી પ્રાર્થના 'છતાં પણ તે મને અભય આપનારો થાઓ' શબ્દથી (કહેલી છે). ૫૪.

''ક્રિયાથી ફલ (પ્રાપ્ત થાય છે), પરંતુ દ્રવ્યથી (પ્રાપ્ત થતું) નથી, કારણ કે ઉત્તમ દ્રવ્યથી પણ દુષ્ટ કાર્ય કરવામાં આવે તો ખરાબ જ ફલ (પ્રાપ્ત થાય છે), (અને) ખરાબ (દ્રવ્ય)થી સારું કાર્ય કરવામાં આવે તો સારું જ (ફલ પ્રાપ્ત થાય છે). તેથી (તે) સત્સંગ કરેલો નથી'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**સંગો યઃ સંસૃતેર્હેતુરસત્સુ વિહિતોઽધિયા ।।**
**સ એવ સાધુષુ કૃતો નિઃસંગત્વાય કલ્પતે ।।૫૫।।**

અજ્ઞાનથી દુષ્ટો સાથે કરેલો જે સંગ તે સંસાર કરાવનારો છે. સત્પુરુષો સાથે કરેલો તે જ સંસાર ફીટાડનારો થાય છે. ૫૫.

જો સત્પુરુષો અને દુષ્ટો પ્રતિ જૂદા પ્રકારનું કાર્ય[1] કરવામાં આવે તો તેમ ભલે થાઓ. દ્રવ્યની શક્તિથી જ કાર્ય સારું થાય છે. દ્રવ્ય શક્તિ તેમ ન હોય, તો તો દુષ્ટ જ થાય છે, કારણ કે (ભલો પુરુષ છે કે દુષ્ટ તેનાં) અજ્ઞાનથી કરેલો બધોએ સંગ સંસાર કરાવનારો છે. સંજોગો પ્રમાણે તે દુષ્ટો સાથે થએલો હોય છે. તેથી સંગ પોતે સારો નથી. તે[2] જ જો સત્પુરુષો સાથે કરવામાં આવે, તો સંસાર ફીટાડનારો થાય છે, કારણ કે સત્પુરુષો પોતાના સંબંધથી ક્રિયાપણું જ થવા દેતા નથી, (એટલે) ફલ સંબંધમાં શી ચિંતા (હોય) ? તેથી સત્પુરુષો ઘણા બલવાન[3] હોવાથી, ક્રિયા ફલ આપતી નથી. તેથી મને સત્સંગ થાઓ (થયો), એમ સાબિત થયું. ૫૫.

૧. 'કાર્ય' એટલે 'ક્રિયારૂપ કાર્ય'. (પ્ર)
૨. 'તે' એટલે અજ્ઞાનથી કરેલો સંગ.
૩. જૈમિનિના શાસ્ત્ર પ્રમાણે ક્રિયા અપૂર્વ ઉત્પન્ન કરનારી હોઈ, ક્રિયા જ મુખ્ય રીતે ફલ (પ્રાપ્ત) કરાવનારી છે. લોકમાં પણ ન્યાયથી પ્રાપ્ત થએલાં દ્રવ્યથી દ્યૂત વિગેરે રમવામાં આવે, તો રાજા દંડે છે, અને અન્યાયથી પ્રાપ્ત થએલાં દ્રવ્યથી ગાયોનું પાલન કરવામાં આવે અને અન્ન આપવામાં આવે, તો ( તેમ કરનારના ) સત્કાર વિગેરે થાય છે. તેથી જો કે ફલ આપનારી ક્રિયા જ છે એમ જોવામાં આવે છે, તોપણ આ વાક્યોમાં કહેલ સંગરૂપ ક્રિયાના સંબંધમાં દ્રવ્ય જ ફલ પ્રાપ્ત કરાવનારું હોવાનું જણાવેલ છે અને લોકોમાં પણ તેવું જોવામાં આવે છે. તેથી ક્રિયા ફલ કરાવનારી છે એવો નિયમ રહેતો નથી, પરંતુ દ્રવ્ય અને ક્રિયા પૈકી જે વિષય બલવાન હોય તે ફલ આપે છે. તેથી બલવાન હોય તે ફલ પ્રાપ્ત કરાવે છે એવો નિયમ થાય છે. તેથી વરદાનના સમય વિગેરેમાં ઉદ્ધત થવાથી અસુર થાય છે, અને શિવે યજ્ઞ વિગેરેનો નાશ કરેલ એ વૃત્તાંત પણ ઘટે છે. (પ્ર)

''ત્યારે એવા બીજા (સંગ)ની પણ શા માટે ઈચ્છા કરે છે ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**નેહ યત્કર્મ ધર્માય ન વિરાગાય કલ્પતે ।।**
**ન તીર્થપદસેવાયૈ જીવન્નપિ મૃતો હિ સઃ ।।૫૬।।**

જેનું કર્મ ધર્મ ઉત્પન્ન કરતું નથી, વૈરાગ્ય ઉત્પન્ન કરતું નથી (અને) તીર્થો જેમનાં ચરણમાં છે તેમની સેવા કરાવનારું નથી, તે જીવતો હોવા છતાં મૂએલો છે. ૫૬.

જે કર્મથી, ધર્મ વૈરાગ્ય અથવા ભક્તિ ઉત્પન્ન થાય, (એ) ત્રણ પ્રકારનું કર્મ જ સફલ છે. વળી જે તેવું કર્મ કરતો નથી, તે જીવતો હોવા છતાં મૂએલો જ છે. ૨જીવતાં અને મૂએલામાં કર્મ કરવાનો જ ભેદ છે. તે કર્મ જો પોતાના માટે, સ્વામીને માટે અથવા પ્રિયને માટે (કરેલું) હોય, તો સફલ છે. (પોતાને) ગમે તે માટે કરેલું હોય, તો ઉલટું ફલ (પ્રાપ્ત થાય છે), કારણ કે તેવાં (કર્મો)થી મરણ જરુર થાય છે. તેથી (તેવાં કર્મ કરનાર) 'મૂએલો જ છે' એમ કહેલું છે. ૫૬.

અને તેવું (કર્મ) મેં કરેલું છે એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સાઽહં ભગવતો નૂનં વઞ્ચિતા માયયા દઢમ્ ।।**
**યત્ત્વાં વિમુક્તિદં પ્રાપ્ય ન મુમુક્ષેય બન્ધનાત્ ।।૫૭।।**

તે હું ખરેખર (આપ) ભગવાનની માયાથી ઘણી ઠગાઈ છું, કારણ કે મુક્તિ આપનાર આપને પ્રાપ્ત કરીને બંધનથી મુક્ત થઈ નથી. ૫૭

તેવાં (કર્મ મેં) કર્યાં તેનું કારણ આપની માયાથી (હું) મોહિત થઈ તે જ છે. તે (અર્થ) આ શ્લોકમાં કહે છે. હું વિવેકવાળી હોવા છતાં પણ 'સા' (તે) આવી (આવાં કર્મ કરનારી થઈ તેથી) મારાથી પણ અધિક આપ ભગવાનની માયાથી ખરેખર ઠગાઈ છું. (આનો) પરિણામને લીધે નિશ્ચય થાય છે. તેમ ન હોય, તો મુક્તિ આપનાર આપને પ્રાપ્ત કરીને હું સંસારનાં બંધનમાંથી પણ કેમ 'ન મુમુક્ષેય' મુક્ત થઈ નથી ? (આપ) સત્પુરુષ હોઈ મોક્ષ આપનારા છો. કામ વિગેરે બંધન છે. 'વિમુક્તઃ' 'મોક્ષ' એટલે કાલથી મુક્તિ. તેથી માત્ર પોતાના દોષથી હું એવી થઈ છું એમ નથી, પરંતુ આપે મોહ કરાવેલો હોવાથી આપે જ (મારો) ઉદ્ધાર કરવો જોઈએ, એવો ભાવ છે. ૫૭.

**ઈતિ શ્રીલક્ષ્મણ ભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના ત્રેવીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય ચોવીસમો ।।

**ચતુર્વિંશે તથાઽધ્યાયે મોક્ષો બુદ્ધિશ્ચ વર્ણ્યતે ।।**
**કપિલો હિ હરિર્બુદ્ધિરુપદેશો ભજિસ્તથા ।।૧।।**

વળી ચોવીસમા અધ્યાયમાં મોક્ષ અને બુદ્ધિનું વર્ણન કરવામાં આવે છે. કપિલ હરિ છે એ બુદ્ધિ છે અને ભજન કરવું એ ઉપદેશ છે. કા. ૧.

**ઋણત્રયપરિત્યાગો મોક્ષાર્થં તસ્ય વર્ણ્યતે ।।**

તેનો (કર્દમનો) મોક્ષ થયો એમ જણાવવા (તેના) ત્રણ ઋણના ત્યાગ (ભરપાઈ)નું વર્ણન કરવામાં આવે છે[1]. કા. ૧[1]/૨.

૧. આ દોઢ કારિકાથી પહેલાંની પેઠે સંગતિ દર્શાવેલી છે. (પ્ર)

ગયા અધ્યાયમાં દેવહૂતિનાં વૈરાગ્ય અને પ્રાર્થના કહ્યાં અને છેવટે તેને (મોક્ષની) આશા ન હોવાનું સૂચવ્યું. તે પૈકી આરંભમાં આશા ન હોવાના વિષયનું ખંડન કરે છે:

।। મૈત્રેય ઉવાચ ।।

**નિર્વેદવાદિનીમેવં મનોર્દુહિતરં મુનિઃ ।।**
**દયાલુઃ શાલિનીમાહ શુક્લાઽભિવ્યાહૃતં સ્મરન્ ।।૧।।**

એ રીતે વૈરાગ્યની વાત કરતી વિનયવાળી મનુની પુત્રીને, શુક્લનારાયણનાં વચનનું સ્મરણ કરતાં દયાળુ મુનિએ (નીચે પ્રમાણે) કહ્યું. ૧.

'નિર્વેદઃ' એટલે વૈરાગ્ય. તે (દેવહૂતિ) વિષયોના ભોગથી વૈરાગ્યવાળી થઈ હતી. પોતે (કર્દમ) ત્યાં સુધી જ પતિ હતો એવી શરત કરેલી હોવાથી, આ 'મનુની પુત્રી' હતી, એમ કહેલું છે. (કર્દમ) મુનિ હોવાથી ભવિષ્યમાં થનારો વૃત્તાંત જાણતો હતો. 'દયાળુ' વિશેષણથી (દેવહૂતિનું) સાંત્વન કરવાનું કારણ (કહેલું છે). 'શાલિની' એટલે વિનયવાળી અથવા મનોહર. જો કે દેવની છૂપી (વાત) કહેવી ન જોઈએ, છતાં પણ આ વૈરાગ્યવાળી, ઉત્તમ કુળમાં જન્મેલી અને વિનયવાળી હોવાથી (આને તે) છૂપી વાત કહે છે. વળી 'શુક્લનારાયણનાં વચનનું સ્મરણ કરતાં' (કહ્યું). શુક્લનારાયણે 'પછી[1] હું પોતાના અંશ અને કલાથી...' (૩।૨૧।૩૨) એમ હું પુત્ર થઈશ એમ કહેલું, તેનું પણ સ્મરણ કરતાં કહ્યું. સત્પુરુષો પણ ભગવાનનો સંબંધ (ઉત્પન્ન) કરવાથી મોક્ષ પ્રાપ્ત કરાવે છે. ૧.

૧. અહિં 'અથાહં' છે. ૩।૨૧।૩૨ માં 'સહાહં' પાઠ છે.

મોક્ષ આપનાર તો ભગવાનજ છે. તે જો પુત્ર થાય, તો (દેવહૂતિનું) બધુંએ

કાર્ય સિદ્ધ થાય, તેથી નીચેના શ્લોકથી આરંભી તેને તેમ જણાવતાં આશ્વાસન આપે છેઃ

।। ઋષિરુવાચ ।।

**મા ખિદો રાજપુત્રીત્થમાત્માનં પ્રત્યનિન્દિતે ।।**
**ભગવાંસ્તેઽક્ષરો ગર્ભમદૂરાત્સંપ્રપત્સ્યતે ।।૨।।**

હે નિંદારહિત રાજપુત્રિ ! પોતાના વિષે તું આવી રીતે ખેદ ન કર. થોડા જ સમયમાં અક્ષર ભગવાન્ તારા ગર્ભમાં આવશે.

હે રાજપુત્રિ ! પોતાનો જન્મ વિફલ થશે વિગેરે વચનોથી આવી રીતે તું 'આત્માનં' પોતાના વિષે અથવા મને લક્ષમાં રાખી ખેદ ન કર, કારણ કે કરેલું કર્મ (ફલનો) નાશ કરનારું થતું નથી. તેવું થતું હોય, તો (તને) છેવટે વૈરાગ્ય ન થાત. તે (અર્થ) 'હે નિંદારહિત !' સંબોધનથી કહેલો છે. 'થોડા જ સમયમાં ભગવાન્ તારા ગર્ભમાં આવશે' શબ્દોથી (તે) નિંદારહિત હોવાનું પ્રમાણ કહેલું છે. 'થોડા જ સમયમાં' એટલે હું (વનમાં) જાઉં તે પહેલાં જ. 'ગર્ભમાં (આવશે)' એટલે પુત્ર થશે. જો સ્વચ્છંદ રમણથી કાંઈ પણ દૂષણ થયું હોત, તો ભગવાન્ (તારા) પુત્ર તરીકે પ્રકટ ન થાત, અને (તે) જરુર (પુત્ર તરીકે) પ્રકટ થશે એવો ભગવાનનાં વચનથી નિશ્ચય થયેલો છે, એવો ભાવ છે. ૨.

''ત્યારે મારે સાધન ન કરવું'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**ધૃતવ્રતાઽસિ ભદ્રં તે દમેન નિયમેન ચ ।।**
**તપોદ્રવિણદાનૈશ્ચ શ્રદ્ધયા ચેશ્વરં ભજ ।।૩।।**

તેં વ્રત ધારણ કરેલું છે. તારું કલ્યાણ થાઓ; અને સંયમથી તથા નિયમથી, તપથી, દ્રવ્યથી અને દાનોથી શ્રદ્ધાપૂર્વક ઈશ્વરનું ભજન કર. ૩.

ભગવાન્ પ્રાપ્ત થાય ત્યારે સાધનો અડચણ વિના થાય છે[1]. જેમ લોકમાં સ્વભાવથી ભોજન કરનારને અતિથિ તરીકે આમંત્રણ કરી વિગેરે (ઉપાયો)થી વશ કરી ભોજન કરાવે છે, પરંતુ ભોજન ન કરનારને સેંકડો ઉપાયોથી પણ ભોજન કરાવાતું નથી, તેમ જ્યારે 'હું પોતે આવીશ' એમ ભગવાન્ વિચારે છે ત્યારે કરવામાં આવેલાં સાધનો ભગવાનને જણાવે છે, પ્રાપ્ત કરાવે છે, વશ કરે છે (અને) સમીપ લાવે છે[1]. તેથી ભગવાન્ પોતે પધારવાના હોવાથી સાધનો કરવાં જોઈએ. તે પૈકી કેટલાંક (સાધનો) આરંભમાં દેહને શુદ્ધ કરવા કરવાં જોઈએ, તે તારે કરવાનાં નથી, એમ 'તેં વ્રત ધારણ કરેલું છે' શબ્દોથી કહેલું છે. પતિવ્રતપણાનું વ્રત તેં ધારણ કરેલું જ છે. 'હવે પછી આપ (વનમાં) જશો ત્યારે (મારું વ્રત) જતું રહેશે' એમ (દેવહૂતિ)

કહે, તેથી 'તારું કલ્યાણ થાઓ' એમ કહેલું છે. તું વ્રત નહિ રાખ, તોપણ મારાં વચનથી જ વ્રત કરનારની પેઠે તને ફલ પ્રાપ્ત થશે એવો (આ) આશીર્વાદ છે. વ્રત સિદ્ધ થાય ત્યારે ભગવાનને પ્રસન્ન કરવા પાંચ સાધનો કરજે એમ કહે છે. (૧) 'દમઃ' ઈન્દ્રિયોનો 'સંયમ' કરવો. (૨) ભગવાનના ગુણોથી જ વ્યવહાર કરવો એવો 'નિયમ'. અથવા સ્નાન વિગેરે દેહના નિયમો. (આ બીજો અર્થ લેવામાં આવે) ત્યારે 'ચ' 'તથા' શબ્દથી પહેલા કહેલા (નિયમો) સમજવા. (૩) (દેહને) કષ્ટ વિગેરે રૂપ 'તપ' પ્રસિદ્ધ છે. (૪) સુવર્ણ વિગેરે 'દ્રવ્યો' ભગવાન્ માટે (પ્રાપ્ત) કરવાં, એ એક સાધન. (૫) બીજું દ્રવ્યોનું દાન કરવું તે; અથવા દાન જ (બીજું સાધન)[૨]. તેમ ન હોય, તો ગૌણ (પદાર્થ) ઘણા હોવાથી, બહુવચન નકામું થાય[૩]. 'સંયમવાળાં અંતઃકરણવાળાનું' (ભ.ગી. ૯।૨૬) એ વાક્ય પ્રમાણે[૪] સંયમ આવશ્યક છે. વ્રતો હરિની પ્રસન્નતા કરાવનારાં હોવાથી, હરિ પ્રકટ થાય ત્યારે તે[૫] પણ ઉપયોગી છે. 'યજ્ઞ દાન અને (તપ બુદ્ધિવાળાઓને પવિત્ર કરનારાં છે)' (ભ.ગી.૧૮ – ૪) એમ ભગવાને કહેલ શાસ્ત્રાર્થ પ્રમાણે (આચરણ) કરવાથી ભગવાન્ પ્રસન્ન થતા હોવાથી, તપ વિગેરેને સ્વીકારેલાં છે[૪]. વળી 'દ્રવ્ય' શબ્દથી ભગવાનનાં પૂજનની વિધિરૂપ યજ્ઞો કહેલા છે. અહિં સર્વ (સાધનો)માં શ્રદ્ધા અંગ છે. 'ભગવાન્ પ્રાપ્ત થાય, ત્યારે આટલાં સાધનો શા માટે (કરવાનાં) ?' એવો પ્રશ્ન થાય, તેથી 'ઈશ્વર' શબ્દ યોજેલો છે. કોઈપણ (ઉપાય)થી તે વશ થતાં નથી, તેથી પ્રાપ્ત થયા ન હોય તેની પેઠે જ સાધનો કરવાં જોઈએ, એવો અર્થ છે. ૩.

૧...૧. ભગવાન્ પ્રસન્ન થયા હોય, ત્યારે પણ સાધનો (કરવાં) જરુરી છે, એમ આ ભાગથી સિદ્ધ કરે છે. (પ્ર)

૨. દાન જ પાંચમું સાધન, એવો અર્થ છે. (પ્ર)

૩. 'દ્રવ્યનો દાન સાથે સંબંધ લેવામાં શું દોષ ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી આ વાકય કહેલું છે. 'દ્રવ્ય' ને 'દાન'નું વિશેષણ ગણીએ, તો શ્લોકમાં બહુવચન છે તેનો સંબંધ ગૌણ દ્રવ્ય સાથે થાય, તેમ લેતાં પણ દ્રવ્ય અને દાન બે જ મુખ્ય થાય, તેથી દ્વિવચન લેવું જોઈએ. તેથી 'બહુવચન' નકામું થાય' એમ કહેલું છે. (પ્ર).

૪...૪. શ્રીમદ્ભાગવત ભગવદ્ગીતાના વિસ્તારરૂપ હોવાથી ગીતા પ્રમાણે સંયમ વિગેરે પાંચ સાધનો જરુરી હોવાનું આ ભાગથી સિદ્ધ કરે છે. (પ્ર)

૫. 'તે' એટલે નિયમો. (પ્ર)

''તેથી શું થશે ?'' એવી શંકા થાય તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**સ ત્વયાઽઽરાધિતઃ શુક્લો વિતન્વન્ મામકં યશઃ ।।**
**છેત્તા તે હૃદયગ્રન્થિમૌદર્યો બ્રહ્મભાવનઃ ।।૪।।**

તેં પ્રસન્ન કરેલા, તારા ઉદરમાં ઉત્પન્ન થએલા, બ્રહ્મનો અનુભવ કરાવનારા તે શુક્લનારાયણ મારો યશ વિસ્તારતાં તારી હૃદયમાંની ગાંઠ છેદશે. ૪.

મેં પ્રસન્ન કરેલા હોવા છતાં પણ જો તું પ્રસન્ન કરીશ, તો દોષરહિત અને ગુણોથી ભરપૂર દેહવાળા તે શુક્લનારાયણ મારો યશ વિસ્તારતાં, લોકમાં 'કર્દમને પુત્ર થયો' એમ મારી કીર્તિ પ્રસારતાં તારી હૃદયમાંની ગાંઠને છેદશે. દોષરહિત હોવાનું જણાવવા જરૂરી[1] હોવાનું જણાવવા, અને (દેવહૂતિને) વિશ્વાસ રહે તે માટે 'ઔદર્યઃ' 'ઉદરમાં ઉત્પન્ન થએલા' એમ કહેલું છે. ઉદરમાં ઉત્પન્ન થએલો (તે) 'ઔદર્યઃ'. 'મારા તે પુત્રમાં મારું અજ્ઞાન દૂર કરવાની શક્તિ કેમ હોય ?' એવો પ્રશ્ન થાય, તેથી 'બ્રહ્મભાવનઃ' એમ કહેલું છે. 'બ્રહ્મ' બ્રહ્મનો 'ભાવયતિ' પોતાની અંદર અને બીજાની અંદર અનુભવ કરાવે તેવા (તે થશે). તેથી તારામાં પણ બ્રહ્મ પ્રકટ કરીને (તારી) હૃદયની ગાંઠ છેદશે. એવી રીતે આશ્વાસન (નાં વચન) કહ્યાં. ૪.

૧. દેવહૂતિ તેની માતા હોવાથી તેનાં હૃદયની ગાંઠ (અજ્ઞાન) છેદવાનું કપિલ માટે જરુરી હતું, એવો અર્થ જણાય છે.

પતિનાં વચનને લીધે દેવહૂતિએ તેમ જ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

॥ મૈત્રેય ઉવાચ ॥

**દેવહૂત્યપિ સંદેશં ગૌરવેણ પ્રજાપતેઃ ॥**

**સમ્યક્ શ્રદ્ધાય પુરુષં કૂટસ્થમભજદ્ ગુરુમ્ ॥૫॥**

દેવહૂતિએ પણ આદરથી પ્રજાપતિના સંદેશામાં સારી રીતે શ્રદ્ધા રાખી કૂટસ્થ પુરુષ ગુરુનું ભજન કર્યું. ૫.

વચલા (સમય)માં કર્દમે પણ ધ્યાન ધરેલું એમ જાણવું[1]. દેવહૂતિએ પણ ઘણા આદરથી પ્રજાપતિના સંદેશામાં 'સારી રીતે શ્રદ્ધા રાખી' એટલે તેનાં વચનમાં વિશ્વાસ રાખી, તે જ 'કૂટસ્થ' એટલે અંતર્યામી અથવા વિકારરહિત, જ્ઞાનમાર્ગમાં પણ ભગવાન્ તરીકે સેવા કરવા યોગ્ય શુક્લનારાયણરૂપ પુરુષ ગુરુનું ભજન કર્યું. (કર્દમે) કહેલા પ્રકારથી જ (ભજન કર્યું) એમ જાણવું. ૫.

૧. આ 'અપિ' 'પણ' શબ્દનો અર્થ કરેલો જણાય છે.

પછી ભગવાન્ પ્રકટ થયા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તસ્યાં બહુતિથે કાલે ભગવાન્ મધુસૂદનઃ ॥**

**કાર્દમં વીર્યમાપન્નો જજ્ઞેઽગ્નિરિવ દારુણિ ॥૬॥**

ઘણો સમય થયો ત્યારે જેમ કાષ્ઠમાં અગ્નિ પ્રકટ થાય તેમ કર્દમના વીર્યમાં પ્રવેશ કરેલા ભગવાન્ મધુસૂદન તે ( દેવહૂતિ )માં પ્રકટ થયા. ૬.

ઘણા સમય સુધી તેણે ભજન કર્યું ત્યારે તે (દેવહૂતિ)માં ભગવાન્ 'જજ્ઞે' પ્રકટ થયા. અથવા તેની અંદર ઘણા સમય સુધી રહીને ભગવાન્ બહાર પ્રકટ થયા, એવો મુખ્ય જ અર્થ છે. 'આ કોણ પ્રકટ થયા ?' એવી શંકા ન રહે તે માટે 'ભગવાન્ મધુસૂદન' એમ કહેલું છે, કારણ કે યોગમાયાએ જેમનાં નયનો બંધ કરેલાં છે તે મધુસૂદન છે, (અને) આ તે જ છે. 'કર્દમના વીર્યમાં પ્રવેશ કરેલા' વિશેષણથી એમ કહેલું છે કે તે પુત્રના પ્રકારથી પ્રકટ થશે, કારણ કે તે ગુરુ થવાના છે, તેથી મર્યાદાનું રક્ષણ કરવા પ્રથમ તે કર્દમના વીર્યમાં પ્રકટ થયા, પછી (દેવહૂતિમાં) પ્રકટ થશે. વળી 'એમ હોવાથી તે પ્રાકૃત છે' એવી શંકા ન કરવી, એમ 'જેમ કાષ્ઠમાં અગ્નિ પ્રકટ થાય તેમ' એ દૃષ્ટાંતથી કહેલું છે. કાષ્ઠ અથવા છાણાંને પ્રાપ્ત કરી પ્રકટ થતો અને ઉંચાપણું અને નીચાપણું, વૃદ્ધિ અને ક્ષય પ્રાપ્ત કરતો હોવા છતાં અગ્નિ પ્રાકૃત નથી, તેમજ જન્મતો નથી, પણ માત્ર પ્રકટ થાય છે. ત્યાં જ રહેલો (હતો તે) ત્યાં જ પ્રકટ થાય છે એમ જણાવવા 'કાષ્ઠમાં' એમ કહેલું છે.૬.

ભગવાનનો અવતાર થયો એમ જણાવવા, નીચેના શ્લોકથી આરંભી તેનાં ચિહ્નો કહે છે. ભગવાનનો સમાગમ 'એક (ચિહ્ન)' અને દેવોએ વગાડવાના વિગેરે ઘણાં 'વાજીંત્રો (બીજું ચિહ્ન)' છે, તે બે (શ્લોક)થી કહે છેઃ

**અવાદયંસ્તદા વ્યોમ્નિ વાદિત્રાણિ ઘના ઘનાઃ ।।**
**ગાયન્તિ તં સ્મ ગન્ધર્વા નૃત્યન્ત્યપ્સરસો મુદા ।।૭।।**

તે સમયે આકાશમાં ગાઢ વાદળાંઓએ વાજીંત્રો વગાડ્યાં. ગંધર્વોએ આનંદથી તેમનું ગાન કર્યું. અપ્સરાઓએ આનંદથી નૃત્ય કર્યું. ૭.

આકાશમાં 'ઘના ઘનાઃ' ગાઢ વાદળાંઓએ મેઘરૂપ જ વાજીંત્રો વગાડ્યાં અને ગંધર્વોએ ગાન કર્યું, અને અપ્સરાઓએ નૃત્ય કર્યું. જેમ ઉત્સવમાં બીજાથી પ્રેરાએલાં (ગંધર્વો અને અપ્સરાઓ ગાન અને નૃત્ય) કરે છે તેમ નહિ, એમ 'મુદા' 'આનંદથી' શબ્દથી કહેલું છે. ૭.

અને પુષ્પોની વૃષ્ટિ થઈ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**પેતુઃ સુમનસો દિવ્યાઃ ખેચરૈરપવર્જિતાઃ ।।**
**પ્રસેદુશ્ચ દિશઃ સર્વા અમ્ભાંસિ ચ મનાંસિ ચ ।।૮।।**

દેવોએ નાખેલાં દિવ્ય પુષ્પો પડ્યાં અને સર્વ દિશાઓ જલો અને મનો પ્રસન્ન થયાં. ૮.

બીજાઓએ (પુષ્પોની વૃષ્ટિ) કરેલી ન હતી, એમ જણાવવા 'દિવ્ય' એમ (કહેલું છે). દર્શન કરવાની ઈચ્છાથી આવેલા 'ખેચરૈઃ' દેવોએ 'અપવર્જિતાઃ'

નાખેલાં (પુષ્પો પડ્યાં)[1]. (પુષ્પોની) વૃષ્ટિ કરવામાં પ્રેમથી તેઓ વિહ્વલ થએલા એમ પણ સૂચવેલું છે. દિશાઓ અને જલો અને પ્રાણીઓનાં મનો પ્રસન્ન થયાં. ત્રણની પ્રસન્નતા અલૌકિક આધિદૈવિકરૂપ છે. વાજીંત્રો આધિભૌતિક છે. ૮.

૧. 'અપવર્જિતાઃ' 'નાખેલાં' વિશેષણથી એમ સૂચવેલ હોવાનું જણાય છે.

બ્રહ્માનો સમાગમ આધિદૈવિક છે, તે નીચેના ત્રણ (શ્લોકોથી) કહે છેઃ

**તત્કર્દમાઽઽશ્રમપદં સરસ્વત્યા પરિશ્રિતમ્ ।।**
**સ્વયંભૂઃ સાકમૃષિભિર્મરીચ્યાદિભિરભ્યયાત્ ।।૯।।**
**ભગવન્તં પરં બ્રહ્મ સત્ત્વેનાંશેન શત્રુહન્ ।।**
**તત્ત્વસંખ્યાનવિજ્ઞપ્ત્યૈ જાતં વિદ્વાનજઃ સ્વરાટ્ ।।૧૦।।**
**સભાજયન્ વિશુદ્ધેન ચેતસા તચ્ચિકીર્ષિતમ્ ।।**
**પ્રહૃષ્યમાણૈરસુભિઃ કર્દમં ચેદમભ્યધાત્ ।।૧૧।।**

હે શત્રુઓને સંહારનાર! પરબ્રહ્મ જન્મરહિત ભગવાન્ સાંખ્ય શાસ્ત્ર જણાવવા (પોતાના) સત્ત્વના અંશથી પ્રકટ થએલા છે એમ જાણનાર, પોતાથી પ્રકાશેલા સ્વયંભૂ, વિશુદ્ધ ચિત્તથી તેણે કરવા ઈચ્છેલાંનો અંગીકાર કરતાં, સરસ્વતીથી વીંટાએલાં કર્દમના તે આશ્રમના સ્થાનમાં મરીચિ વિગેરે ઋષિઓ સાથે આવ્યા અને હરખાતી ઈન્દ્રિયોથી કર્દમને આ (નીચે પ્રમાણે) કહ્યું. ૯।૧૦।૧૧.

કર્દમનાં 'તે' બિંદુસરોસ્વરૂપ આશ્રમનાં સ્થાનમાં (બ્રહ્મા આવ્યા). 'સરસ્વતીથી વીંટાએલાં' વિશેષણથી બ્રહ્માએ શંકા વિના આવવાનું કારણ (કહેલું છે). તેમને અલૌકિક જ્ઞાન છે એમ જણાવવા 'સ્વયંભૂ' એમ કહેલું છે. 'ઋષિભિઃ' સનક વિગેરે અને મરીચિ વિગેરે ઋષિઓ સાથે (બ્રહ્મા) આવ્યા. ૯.

તે માત્ર કર્દમને મળવા આવ્યા ન હતા, પરંતુ ભગવાન્ પ્રકટ થયા છે એમ જાણીને આવેલા એમ દશમા શ્લોકમાં કહેલું છે. ભગવાન્ પોતે પરબ્રહ્મ જ છે. 'પોતાના સત્ત્વના અંશથી' એટલે સત્ત્વ અંશ ગ્રહણ કરીને, જ્ઞાનની કલાથી 'તત્ત્વાનાં સંખ્યાનં' સાંખ્ય શાસ્ત્ર, તે 'વિજ્ઞપ્ત્યૈ' જણાવવા, પોતે 'જન્મરહિત' રહીને જ પ્રકટ થયા છે એમ જાણનાર (બ્રહ્મા હતા), કારણ કે આ (બ્રહ્મા) 'સ્વરાટ્' પોતાથી જ પ્રકાશતા હતા. ૧૦.

આવીને આરંભમાં તેમણે કર્દમનો આદર કર્યો; એમ અગીયારમા શ્લોકમાં કહે છે : જેટલું તે કર્દમે કરેલું તે સર્વનો વિશુદ્ધ ચિત્તથી 'સભાજયન્' 'સારું જ કર્યું છે' એમ કહી અંગીકાર કરતાં, અને તેણે કરવા ઈચ્છેલ સંન્યાસ લેવાનું વિગેરેનો પણ અંગીકાર કરતાં, હરખાતી 'અસુભિઃ' ઈન્દ્રિયોથી અથવા પ્રફુલ્લ થએલા પ્રાણોથી જ

નીચે કહેવામાં આવશે તે કર્દમને કહ્યું. ૧૧.

કારણ કે તેણે (કર્દમે) પહેલાં ત્રણ ઋણો ફીટાડ્યાં, તે પૈકી પિતૃના ઋણના સંબંધમાં બ્રહ્મા પિતા હોવાથી તેમનું ઈચ્છેલું કરવું જોઈએ તે કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

॥ બ્રહ્મોવાચ ॥

**ત્વયા મેઽપચિતિસ્તાત કલ્પિતા નિર્વ્યલીકતઃ ॥**

**યન્મે સંજગૃહે વાક્યં ભવાન્ માનદ માનયન્ ॥૧૨॥**

હે વહાલા ! તેં નિષ્કપટ હૃદયથી મારું પૂજન કરેલું છે, કારણ કે હે માન આપનારા ! તેં મારાં વચનનો આદર કરી (તેનો) સારી રીતે સ્વીકાર કરેલો છે. ૧૨.

મને ઘણા પુત્રો થયા, પરંતુ મારું 'અપચિતિઃ' પ્રત્યુપકાર કરવારૂપ પૂજન તેં જ કરેલું છે, અને તે પણ નિષ્કપટ હૃદયથી (કરેલું છે). ભગવાન્ પ્રસન્ન થયા અને શાસ્ત્રાર્થ જાણવામાં આવ્યો અને કામ તીવ્ર ન હતો, ત્યારે મારાં વચનના આદરથી જેણે (તેં) પ્રતિકૂલ જેવાં (કાર્ય)ની પણ મારી આજ્ઞા હાલાકી સહન કરીને પણ ઘણાં કષ્ટથી પાળી. ઉત્તરાર્ધથી તે જ (અર્થ) કહેલો છે. અંતઃકરણપૂર્વક સ્વીકાર કર્યો એટલે (તેનો) આદર કરતાં (સ્વીકાર કર્યો), આ જ 'સારી રીતે સ્વીકાર' થશે. 'હે માન આપનારા !' સંબોધનથી (એમ જણાવ્યું છે કે મારી આજ્ઞા) પ્રતિકૂલ હોવા છતાં પણ 'બ્રહ્માએ મોટો ઉપકાર કર્યો' એમ હૃદયમાં સન્માન (કર્યું). (૧) વચનનું (પાલન) કરવું, (૨) પોતામાં કામની લાલસા ન હોવા છતાં (તેનું પાલન) કરવું, (૩) તે (બ્રહ્મા)ને દોષ દીધા વિના (તેમ) કરવું, (૪) તેમના ઉપર ઉપકાર કરનાર તરીકે (તેમ) ન કરવું, અને (૫) પોતાના ઉપર ઉપકાર કરતા હોય તેમ કરવું, એ રીતે પાંચ (પ્રકાર)નો અંગીકાર સર્વથી ઉત્તમ છે. ૧૨.

આટલું જ ધર્મનું કાર્ય છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એતાવત્યેવ શુશ્રૂષા કાર્યા પિતરિ પુત્રકૈઃ ॥**

**બાઢમિત્યનુમન્યેત ગૌરવેણ ગુરોર્વચઃ ॥૧૩॥**

પુત્રોએ પિતાની આટલી જ સેવા કરવી જોઈએ. ગુરુનાં વચનને 'બહુ સારું' એમ કહી માનપૂર્વક સ્વીકારવું જોઈએ. ૧૩.

પુત્રોએ પિતાની આટલી જ સેવા કરવી જોઈએ. જે કાયાથી સેવા કરવાની તે પ્રેમને લીધે કરવાની હોવાથી લૌકિક છે. તેથી પિતા તરીકે અથવા ગુરુ તરીકે (તેમના પ્રતિ) જે કરવાનું તે અલૌકિક જ કરવું જોઈએ, તે (તેમનું) વચન જ છે. આમનું મન તો તેમાં જ હોય છે એવો નિશ્ચય થાય છે, કારણ કે (તે) પહેલાંનું

સ્વરૂપ[1] છે. 'પુત્રોએ' એ બહુવચનથી એમ જણાવેલું છે કે એક એક (પુત્ર આજ્ઞા પાળવા) અશક્ત હોય, તો બધાએ ભેગા મળીને પાળવી જોઈએ[2]. ગુરુનાં વચનને 'બહુ સારું' એમ કહી સ્વીકારવું જોઈએ. 'માનપૂર્વક' સ્વીકારવાથી પોતે કૃતાર્થ થાય છે. 'બહુ સારું' કહેવાથી પોતામાં અહંકાર ન હોવાનું (જણાય છે). 'સ્વીકારવું' એટલે તે પ્રમાણે જ કરવું. 'ગુરુ' શબ્દથી તેમનામાં દોષ ન હોવાનું (કહેલું છે), અને પાછલથી જ વચન કહેલ હોવાથી, પોતામાં કામની લાલસા ન હોવાનું (જણાવ્યું છે). તેં સારી પ્રજા ઉત્પન્ન કરી, એવું તાત્પર્ય છે. ૧૩.

૧. મન પહેલાંનું સ્વરૂપ છે અને વાણી તેનું પાછલનું સ્વરૂપ છે. તેથી મનમાં આવેલ હોય તે જ વાણીથી કહેલું હોય, એવો ભાવ જણાય છે.

૨. 'ગુરુ' એટલે દોષરહિત થઈને જ વચન (સંતાન ઉત્પન્ન કરવાનું) કહેલું. તેથી તે પ્રમાણે કરવાનું આવશ્યક હોવાથી કર્યું, પણ કામ લાલસા (કર્દમમાં) ન હતી, એવો ભાવ જણાય છે.

તે (બ્રહ્માનું વચન પાળ્યું તે)નો ઉપયોગ નીચેના શ્લોકથી આરંભી કહે છેઃ

**ઈમા દુહિતરઃ સભ્ય તવ વત્સ સુમધ્યમાઃ ॥**
**સર્ગમેતં પ્રભાવૈઃ સ્વૈર્બૃંહયિષ્યન્ત્યનેકધા ॥૧૪॥**

હે સદાચારી! હે પુત્ર! આ તારી સુંદર કટિવાળી પુત્રીઓ પોતાના પ્રભાવોથી આ સૃષ્ટિની અનેક પ્રકારે વૃદ્ધિ કરશે. ૧૪.

'હે સદાચારી' સંબોધનથી તેને પોતાથી કામ લાલસા ન હોવાનું જણાવેલું છે. 'હે પુત્ર!' સંબોધનથી આદર (દર્શાવ્યો છે). 'સુંદર કટિવાળી' વિશેષણથી સૌંદર્યને લીધે ગુણો કહેલા છે. તેથી જ પોતાના જ પ્રભાવોથી એટલે પતિનો અંગીકાર કરવાના ગુણોથી આ સૃષ્ટિની અનેક પ્રકારે વૃદ્ધિ કરશે. તેથી કન્યાઓથી જ જગત્ ભરપૂર થશે એટલે હવે પછી (તારે) કાંઈ કરવાનું (રહ્યું) નથી. ૧૪.

તેથી તે (કાર્ય) માટે ઋષિઓને પરણાવ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અતસ્ત્વમૃષિમુખ્યેભ્યો યથાશીલં યથારુચિ ॥**
**આત્મજાઃ પરિદેહ્યદ્ય વિસ્તૃણીહિ યશો ભુવિ ॥૧૫॥**

તેથી તું મુખ્ય ઋષિઓને (તેઓના) સ્વભાવ પ્રમાણે અને રુચિ પ્રમાણે પુત્રીઓ હમણાં પરણાવ. (તારા) યશનો ભૂમિ ઉપર વિસ્તાર કર. ૧૫.

મરીચિ વિગેરે મુખ્ય ઋષિઓને, '(તેઓના) સ્વભાવ પ્રમાણે અને રુચિ પ્રમાણે' એટલે ભગવાને કરેલા સંબંધનું અને સ્વભાવિક સંબંધનું ઉલ્લંઘન ન થાય તેવી રીતે તારી પુત્રીઓ પરણાવ 'હમણાં' શબ્દથી ઉત્તમ કાલ હોવાનું કહેલું છે. જો કે સંબંધ ભગવાને કરેલો અને કુદરતી હોવાથી, તારાં કાર્યની (તેમાં) જરુર નથી, છતાં

પણ તું પોતે (કન્યાઓનું) દાન કરીને ભૂમિ ઉપર (તારા) યશનો વિસ્તાર કર. ૧૫.

એ પ્રમાણે ભવિષ્યની આજ્ઞા આપી, નીચેના શ્લોકમાં 'આ ભગવાન્ છે' એમ કપિલને ઓળખાવે છેઃ

**વેદાહમાદ્યં પુરુષમવતીર્ણં સ્વમાયયા ।।**
**ભૂતાનાં શેવધિં દેહં બિભ્રાણં કપિલં મુનિમ્ ।।૧૬।।**

હું જાણું છું કે પોતાની માયાથી પ્રાણીઓના નિધિરૂપ દેહ ધારણ કરીને આદ્ય પુરુષ કપિલ મુનિ (થઈ) અવતરેલા છે. ૧૬.

'હું જાણું છું' શબ્દોથી પ્રમાણ (જણાવ્યું). 'આદ્ય પુરુષે' એટલે ભગવાને પોતાની ઈચ્છા પૂર્ણ કરનારી અને લોકોને ખોટું જણાવનારી પોતાની માયા (છે), તેવી માયાથી પ્રાણીઓના નિધિરૂપ દેહ ધારણ કરેલો છે. લોકમાં (તે) 'કપિલ' નામથી પ્રસિદ્ધ છે. આથી (કર્દમના) પુત્રમાં રહેલા બધા ગુણો કહેલા છે. 'મુનિ' શબ્દથી એમ સૂચવેલું છે કે તારે તેમના વિષે કાંઈએ કરવા યોગ્ય નથી. ૧૬.

પોતાનું (કપિલનું) સ્વરૂપ કહીને, નીચેના શ્લોકમાં (તેમનું) કાર્ય કહે છેઃ

**જ્ઞાનવિજ્ઞાનયોગેન કર્મણામુદ્ધરન્ જટાઃ ।।**
**હિરણ્યકેશઃ પદ્માઽક્ષઃ પદ્મમુદ્રાપદામ્બુજઃ ।।૧૭।।**

સુવર્ણવર્ણના કેશવાળા, કમલના જેવાં નયનવાળા અને ચરણકમલમાં કમલનાં ચિહ્નવાળા (કપિલ) જ્ઞાન વિજ્ઞાન અને યોગથી કર્મોની ગૂંચોનો મૂલમાંથી નાશ કરશે. ૧૭.

તે જ્ઞાન વિજ્ઞાન અને યોગ પ્રકટ કરશે. 'જ્ઞાન' એટલે સાંખ્ય, 'વિજ્ઞાન' એટલે સાધન સાથેનો અનુભવ, (અને) આઠ અંગોવાળો[1] યોગ. જે આધિભૌતિક કર્મો છે તેમનો સાંખ્ય વડે મૂલમાંથી નાશ થાય છે, જે આધ્યાત્મિક (કર્મો) છે તેમનો અનુભવથી, (અને) જે આધિદૈવિક કર્મો છે તેમનો યોગ વડે (મૂલમાંથી નાશ થાય છે). એવી રીતે ત્રણ (સાધનોથી) કર્મોનું પરસ્પર મિશ્રણ થવાથી જે ગૂંચો (થએલી છે), તેમનો 'ઉદ્ધરન્' મૂલમાંથી નાશ કરનાર થશે, એમ અર્થથી (સમજાય છે). ત્રણની પ્રવૃત્તિ કરાવનાર હોવાનાં લક્ષણો ઉત્તરાર્ધથી કહેલાં છે. સુવર્ણવર્ણના કેશો સાંખ્યની પ્રાપ્તિ કરાવનારા છે. કમલ જેવાં નયનો છે જેમનાં તેવા, આ અનુભવનું લક્ષણ છે. કમલનું ચિહ્ન છે ચરણકમલમાં જેમનાં તેવા, આ યોગનું લક્ષણ છે. ૧૭.

૧. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ યોગનાં અંગો છે.

એ પ્રમાણે કર્દમને કહીને, નીચેના શ્લોકથી આરંભી દેવહૂતિનું આશ્વાસન

કરે છેઃ

**એષ માનવિ તે ગર્ભં પ્રવિષ્ટઃ કૈટભાર્દનઃ ।।**
**અવિદ્યાસંશયગ્રન્થિં છિત્ત્વા ગાં વિચરિષ્યતિ ।।૧૮।।**

હે મનુની પુત્રિ ! તારા ગર્ભમાં આવેલા, આ કૈટભાર્દન અવિદ્યાથી થએલા સંશયની ગાઠને છેદી પૃથ્વી ઉપર ફરશે. ૧૮.

'હે મનુની પુત્રિ !' એ સંબોધનથી (એમ જણાવ્યું કે) પોતાના વંશમાં ભગવાન્ પ્રકટ થાય તેમાં દોષ નથી. 'કૈટભાર્દન'[1] નામથી મૂલ પુરુષ કહેલા છે. ક્રિયામાં તત્પર રહેનાર મદુસૂદન[1] છે અને જ્ઞાનમાં તત્પર રહેનાર કૈટભાર્દન છે, તેથી (ક્રિયા અને જ્ઞાન) બંનેનાં વિઘ્નોનો નાશ (થશે). તેથી જ 'અવિદ્યાથી થએલા સંશયની ગાંઠને' એટલે સર્વ શાસ્ત્રાર્થનું શ્રવણ થયા પછી પણ હૃદયમાં સંદેહ ઉત્પન્ન કરનારી મોહથી થએલી ગાંઠને છેદી, પોતે પણ લોકમાં તે (સાંખ્ય)નો પ્રચાર કરતાં, પૃથ્વી ઉપર ફરશે. ૧૮.

૧. 'કૈટભાર્દન' એટલે કૈટભ દૈત્યનો નાશ કરનારા. પાછલ શ્લોક ૬માં મધુસૂદન નામ કહેલ છે. મધુનો નાશ કરનાર 'મધુસૂદન'. મધુ અને કૈટભ બંને વિષ્ણુ પોઢેલા ત્યારે તેમના કાનમાંથી નીકળેલા, તે દૈત્યોનો વિષ્ણુએ નાશ કરેલો.

વળી આ (કપિલ) વાસ્તવિક રીતે ઉત્તમ થશે, અને લૌકિક તથા અલૌકિક પ્રસિદ્ધિથી પણ ઉત્તમ થશે. તે પૈકી વાસ્તવિક ઉત્તમપણું નીચેના શ્લોક (ના પૂર્વાર્ધ)થી કહે છેઃ

**અયં સિદ્ધગણાધીશઃ સાંખ્યાચાર્યૈરભિષ્ટુતઃ ।।**
**લોકે કપિલ ઇત્યાખ્યાં ગન્તા તે કીર્તિવર્ધનઃ ।।૧૯।।**

આ સિદ્ધોના સમૂહના ઈશ્વર, સાંખ્યાચાર્યોએ સ્તુતિ કરેલા, લોકમાં 'કપિલ' એ નામથી ઓળખાશે, (અને) તારી કીર્તિની વૃદ્ધિ કરશે. ૧૯.

યોગ વિગેરે (ઉપાયો)થી જેમણે સિદ્ધિ પ્રાપ્ત કરેલી છે, તેમને જે વશ રાખનારા, તે વાસ્તવિક રીતે જ સિદ્ધિ પ્રાપ્ત કરેલા છે. સાંખ્યાચાર્યો જે સાંખ્યની પ્રવૃત્તિ કરાવનારા છે, તેઓએ 'સ્તુતિ કરેલા', એમ અલૌકિક ઉત્તમપણું કહ્યું. અને લોકમાં 'કપિલ' એ નામથી ઓળખાશે. એવા (કપિલ) હોવા છતાં પણ 'કપિલ દેવહૂતિના પુત્ર છે' એમ તારી કીર્તિની વૃદ્ધિ કરશે[1].

૧. આ લૌકિક ઉત્તમપણું કહ્યું.

એ પ્રમાણે આશ્વાસન કરીને, પછીનું કાર્ય થાય તે માટે (બ્રહ્મા) ત્યાંથી ગયા, એમ (મૈત્રેય) નીચેના શ્લોકમાં કહે છેઃ

॥ મૈત્રેય ઉવાચ ॥

**તાવાશ્વાસ્ય જગત્સ્રષ્ટા કુમારૈઃ સહનારદઃ ॥**
**હંસો હંસેન યાનેન ત્રિધામ પરમં યયૌ ॥૨૦॥**

તે બેનું આશ્વાસન કરીને જગત્ રચનાર હંસ (બ્રહ્મા) અને નારદ સાથે હંસ વાહનથી ઉત્તમ ત્રિધામ ગયા. ૨૦.

'નજીવા કામ માટે બ્રહ્મા એવી રીતે પોતે કેમ આવીને ગયા ?' એવો પ્રશ્ન થાય, તેથી 'જગત્ રચનાર' એમ કહેલું છે. જે કાર્ય કરવામાં આવવાથી જગતની સૃષ્ટિની વૃદ્ધિ થાય, તે જ (બ્રહ્માએ) કરવું જોઈએ. તેથી (કર્દમના આશ્રમે) ગયા, અને બીજું કાર્ય (કરવા) માટે પાછા આવ્યા, એવો અર્થ છે. સનક વિગેરે કુમારો સાથે અને નારદ સાથે (ત્રિધામ) ગયા, કારણ કે આમનો વિવાહમાં ઉપયોગ ન હતો. (બ્રહ્મા પોતે) 'હંસ' એટલે દૂધ અને જલને છૂટાં કરનારા હતા, તેથી આ (બ્રહ્મા) મરીચિ વિગેરેને (કર્દમના આશ્રમમાં) રાખીને અને બીજાઓને લઈને (ત્રિધામ) ગયા, હંસ જ (તેમનું) વાહન હતો, તેના ઉપર બેસી 'ત્રિધામ' ત્રણ લોકોનાં તેજરૂપ ધામમાં, અથવા (ત્રણ) ગુણો જ્યાં સમાન હતા તેવા (સ્થાને) ગયા. બ્રહ્માનાં ઘણાં સ્થાનો હોવાથી, તે (બીજાં) ધામોએ ગયા નહોતા એમ જણાવવા 'ઉત્તમ (ત્રિધામ)' એમ કહેલું છે. (બ્રહ્મા) સત્યલોકમાં ગયા. ૨૦.

**ગતે શતધૃતૌ ક્ષત્તઃ કર્દમસ્તેન ચોદિતઃ ॥**
**યથોદિતં સ્વદુહિતૄઃ પ્રાદાદ્વિશ્વસૃજાં તતઃ ॥૨૧॥**

હે સંયમી ! શતધૃતિ ગયા પછી તેમણે પ્રેરેલા કર્દમે તેમણે જેમ કહેલું તેમ પોતાની પુત્રીઓ વિશ્વ રચનારા (ઋષિઓ)ને પરણાવી. ૨૧.

પછી 'શતધૃતૌ' બ્રહ્મા ગયા પછી, બ્રહ્માએ પ્રેરેલા (કર્દમે) બ્રહ્માએ જેમ કહ્યું હતું તેવી રીતે (સ્વભાવનાં) સમાનપણાં અને રુચિનો વિચાર કરીને વિશ્વ રચનારાઓ પૈકી એક એકને એક એક (પુત્રી) પરણાવી. બ્રહ્માનું ગંભીરપણું કહેવા માટે (તેમને માટે) 'શતધૃતિ' (શબ્દ) યોજેલો છે. 'શતં' એકસો 'ધૃતયઃ' ધૃતિઓ છે જેમની તેવા (બ્રહ્મા છે). ૨૧.

નીચેના અઢી (શ્લોકો)થી વિવાહો કહે છેઃ

**મરીચયે કલાં પ્રાદાદનસૂયામથાત્રયે ॥**
**શ્રદ્ધામઙ્ગિરસેઽયચ્છત્પુલસ્ત્યાય હવિર્ભુવમ્ ॥૨૨॥**
**પુલહાય ગતિં યુક્તાં ક્રતવે ચ ક્રિયાં સતીમ્ ॥**
**ખ્યાતિં ચ ભૃગવેઽયચ્છદ્વસિષ્ઠાયાપ્યરુન્ધતીમ્ ॥૨૩॥**

**અથર્વણેઽદાચ્છાન્તિં ચ યયા યજ્ઞો વિતન્યતે ।।**

મરીચિને કલા પરણાવી, અને અત્રિને અનસૂયા, અંગિરસને શ્રદ્ધા પરણાવી, પુલસ્ત્યને હવિર્ભૂ, પુલહને (તેને) યોગ્ય ગતિ, અને ક્રતુને સતી ક્રિયા, અને ભૃગુને ખ્યાતિ પરણાવી અને વસિષ્ઠને અરુંધતી, (અને) જેનાથી યજ્ઞનો વિસ્તાર થાય છે તે શાંતિ અથર્વાને પરણાવી ૨૨-૨૩ $^{1}/_{2}$.

'હવિર્ભૂ' કન્યાનું નામ છે. 'ગતિ' કન્યાનું નામ છે. 'યુક્તાં' 'યોગ્ય' એટલે યોગ્યતા પ્રમાણે, (કારણ કે) બીજું પ્રયોજન ગણતાં પુલહ અને પુલસ્ત્ય રાક્ષસ સ્વભાવના હતા. 'ક્રિયા' (કન્યાનું) નામ છે. ક્રતુ દક્ષિણાને જ યોગ્ય હોવા છતાં પણ, સત્ય ક્રિયાને પણ યોગ્ય હોવાથી 'સતી ક્રિયા' એમ કહેલું છે. અથર્વા વેદના અભિમાનવાળો દેવ છે, કારણ અથર્વાંગિરસ બ્રહ્મનું જ્ઞાન કરાવનાર છે. તેની પત્ની 'શાંતિ' છે. તે પણ બ્રહ્માનો જ પુત્ર હતો એમ જાણવું. ''આ નિવૃત્તિ[1]પરાયણ હોવાથી (આને) પત્નીનું શું કામ ?'' એવી શંકા થાય, તેથી 'જેનાથી યજ્ઞનો વિસ્તાર થાય છે' એમ કહેલું છે. જેમ તે બ્રહ્મનું જ્ઞાન કરાવનાર હતો, તેમ જ યજ્ઞમાં પણ ઉપયોગી હતો. તેમ હોવાથી જે શાંતિથી યજ્ઞનો વિસ્તાર થાય તે આ (કન્યા) હતી, એવો અર્થ છે. ૨૨-૨૩ $^{1}/_{2}$.

૧. 'નિવૃત્તિ' એટલે કર્મ ન કરવાં તે.

તેઓને કન્યાઓ આપીને, ભૂષણો વિગેરેથી (તેમનું) લાલન કર્યું એમ નીચેના અર્ધ શ્લોકથી કહે છેઃ

**વિપ્રર્ષભાન્ કૃતોદ્વાહાન્ સદારાન્ સમલાલયત્ ।।૨૪।।**

લગ્ન કરેલા ઉત્તમ વિપ્રર્ષિઓનું પત્નીઓ સાથે લાલન કર્યું. ૨૪.

તે બ્રાહ્મણોએ પોતપોતાના મત પ્રમાણે વિવાહ કરેલા. તેથી સ્વતંત્ર રીતે વિવાહ કરવાની શક્તિ 'ઉત્તમ વિપ્રર્ષિઓ' શબ્દથી કહેલી છે. પોતાની કન્યાઓ પણ તેઓની સ્ત્રીઓ જ થઈને રહી, તેથી 'સદારાન્' પત્નીઓ સાથે (તેઓનું) લાલન કર્યું. ૨૪.

**તતસ્ત ઋષયઃ ક્ષત્તઃ કૃતદારા નિમન્ત્ર્ય તમ્ ।।**
**પ્રાતિષ્ઠન્નન્દિમાપન્નાઃ સ્વં સ્વમાશ્રમમણ્ડલમ્ ।।૨૫।।**

પછી હે સંયમી ! સ્ત્રી પરણેલા તે ઋષિઓ તેની રજા લઈને આનંદ પામી પોતપોતાનાં આશ્રમસ્થાને જવા ઉપડ્યા. ૨૫.

પછી તે બધા મંત્ર જાણનાર ઋષિઓ અલૌકિક જાણીને, તે સ્ત્રીઓમાં સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઈચ્છાવાળા થઈ, 'કૃતદારાઃ' તે કન્યાઓને સ્ત્રીઓ કરેલી

હતી જેઓએ તેવા થએલા. ધર્મ અને ધર્મી માં ભેદ ન હોવાથી[1] 'કૃતદારાઃ' એમ કહેલું છે. 'તેની' એટલે સસરાની 'રજા લઈને' 'હું જાઉં છું' એમ કહીને 'નન્દિં' ઘણો આનંદ પામીને ત્યાંથી જ દરેક છૂટા પડી પોતપોતાનાં આશ્રમસ્થાને જવા ઉપડ્યા. ૨૫.

૧. 'ધર્મ' એટલે ગુણ, અને 'ધર્મી' એટલે જેનો તે ગુણ છે તે. અહિં સ્ત્રીને ધર્મ અને તેના પતિ ઋષિને ધર્મી કહેલા જણાય છે. પતિપત્ની એક ગણાય છે. તેમનામાં ભેદ નથી.

એ પ્રમાણે આ લોકનું (કાર્ય) સમાપ્ત કરી, નીચેના શ્લોકથી આરંભી અધ્યાય પૂરો થાય ત્યાંસુધી તે (કર્દમ)ની મુક્તિ (થયાનું) કહે છેઃ

**આજ્ઞાં ભગવતો લબ્ધ્વા તસ્યૈવાજ્ઞાનુસારતઃ ॥૨॥**
**યદા સર્વં પરિત્યજ્ય વિચરેત્સ હિ મુચ્યતે ॥**

ભગવાનની આજ્ઞા પ્રાપ્ત કરી, જો સર્વ તજીને તેને અનુસરીને જ આચરણ કરે તો તે મુક્ત થાય છે. કા.૨ [1]/૨.

ભગવાનને ઓળખી, (તેમની) સ્તુતિ કરી પછી વર માગવો જોઈએ એવો નિયમ હોવાથી, આરંભમાં (તેણે ભગવાનને) ઓળખ્યા એમ કહેવા તેનો પુત્ર વિષેનો આદર નીચેના શ્લોકમાં આરંભી કહે છેઃ

**સ ચાવતીર્ણં ત્રિયુગમાજ્ઞાય વિબુધર્ષભમ્ ॥**
**વિવિક્ત ઉપસંગમ્ય પ્રણમ્ય સમભાષત ॥૨૬॥**

અને તેણે અવતરેલા ઉત્તમ દેવ ત્રિયુગને ઓળખીને, એકાંતમાં સમીપ જઈ, પ્રણામ કરી (નીચે પ્રમાણે) કહ્યું. ૨૬.

'ત્રિયુગ' એટલે ધર્મ, યજ્ઞરૂપ ભગવાન્[1], કારણ કે સૃષ્ટિમાં જેમ ક્રિયારૂપ વરાહ છે, તેમ જ્ઞાનરૂપ કપિલ છે. તેમ ન હોય, તો સૃષ્ટિ ભગવાનની લીલા હોવાથી અનંત હોય. 'વિબુધર્ષભમ્' એટલે ઉત્તમ દેવ વિષ્ણુ, કારણ કે તે જ ઉત્તમ દેવ છે. વૈદિક માર્ગમાં દેવતા જ સર્વથી ઉત્તમ છે. બ્રહ્મા પણ દેવતા જ છે. તેવી રીતે આત્મા (દેવતા છે). તેથી કપિલ ઉત્તમ દેવ હોવાનું કહેલું છે. ત્યાં રહેનારા ઋષિઓને કપિલ ભગવાન્ છે એવું જ્ઞાન ન થાય તે માટે, અને પત્નીને દુઃખ ન થાય[2] તે માટે 'વિવિક્તે' એકાંતમાં 'ઉપસંગમ્ય' સમીપ જઈ, (કપિલનાં) ચરણોનો સ્પર્શ કરી, (તે) ભગવાન્ છે એવો નિશ્ચય કરી પ્રણામ કરી, સારી રીતે સ્તુતિરૂપ (નીચેનું) વાક્ય કહ્યું. ૨૬.

૧. યજ્ઞરૂપ ભગવાન્ જ હવે જ્ઞાનરૂપ ભગવાન્ કપિલ થઈ અવતરેલા છે, એવો અર્થ જણાય છે.
૨. પોતે સંન્યાસ લેવાનો છે તેમ કહેવાનું હોવાથી, તે સાંભળતા દેવહૂતિને દુઃખ ન થાય તે માટે.

**અહો પાપચ્યમાનાનાં નિરયે સ્વૈરમઙ્ગલૈઃ ॥**

**કાલેન ભૂયસા નૂનં પ્રસીદન્તીહ દેવતાઃ ।।૨૭।।**

અહો ! પોતાનાં પાપોથી નરકમાં દુઃખ ભોગવતા (લોક) ઉપર આ લોકમાં દેવતાઓ ઘણા સમયે ખરેખર પ્રસન્ન થાય છે. ૨૭.

પોતાના ઘરમાં ભગવાનનો અવતાર થયો તે પોતાના ધર્મને લીધે થએલો નથી, કારણ કે તેવો ધર્મ (કરેલ) નથી; પણ બધા દેવોની પ્રસન્નતાથી થએલો છે, કારણ કે તેઓ (દેવો) ભગવાનના અવયવો છે. તેઓની પ્રસન્નતા પણ આપણા ધર્મથી થતી નથી, પરંતુ ઘણા સમય સુધી દુઃખનો અનુભવ થતાં આપણે લાચાર થઈએ, ત્યારે દયાથી (તેઓ) પ્રસન્ન થાય છે. શાસ્ત્રમાં તો દેવો દયાથી પ્રસન્ન થતા હોવાનું (કહેલું) નથી, પણ કર્મથી જ (પ્રસન્ન થતા હોવાનું કહેલું) છે. તેથી (શાસ્ત્રથી) ઉલટું જોવામાં આવતું હોવાથી 'અહો !' શબ્દથી આશ્ચર્ય (જણાવેલું છે). બીજાથી ભોગવી ન શકાય તેવાં પોતાનાં 'અમંગલૈઃ' પાપોથી ઘણા દુઃખી થતા (લોક) ઉપર દેવતાઓ ઘણા સમયે ખરેખર પ્રસન્ન થાય છે, કારણ કે તેઓ સાત્ત્વિક સ્વભાવના છે, અને આ (જીવ)ને (પોતાનો) ઉદ્ધાર કરવાના ઉપાયનું જ્ઞાન ન હોવાથી, (દેવોની) પ્રસન્નતાની જરુર છે. ૨૭.

'આ (કપિલનો તારા પુત્ર તરીકે જન્મ થવો તે) શું દુર્લભ છે, કે જેથી (તું તેનું દેવતાઓની) પ્રસન્નતાના ફલ તરીકે વર્ણન કરે છે ?' એવો પ્રશ્ન થાય, તેની નીચેના શ્લોક કહે છેઃ

**બહુજન્મવિપક્વેન સમ્યગ્યોગસમાધિના ।।**
**દ્રષ્ટું યતન્તે યતયઃ શૂન્યાગારેષુ યત્પદમ્ ।।૨૮।।**
**સ એવ ભગવાનદ્ય હેલનં ન ગણય્ય નઃ ।।**
**ગૃહેષુ જાતો ગ્રામ્યાણાં યઃ સ્વાનાં પક્ષપોષણઃ ।।૨૯।।**

ઘણા જન્મોથી પક્વ થએલા ઉત્તમ યોગથી કરેલી સમાધિ વડે એકાંત સ્થાનોમાં જેમનાં ચરણનું દર્શન કરવા સંન્યાસીઓ પ્રયત્ન કરે છે, તે જ ભગવાન્ જે પોતાના (સેવકો)ના પક્ષની ઉન્નતિ કરનારા છે તે અપમાનની દરકાર ન કરતાં હમણાં અમો ગામડીઆઓના ઘરોમાં જન્મેલા છે. ૨૮-૨૯.

ઘણાએ જન્મે પ્રાપ્ત કરેલો યોગ જો પક્વ થાય, તો ચિત્ત નિર્મલ થાય છે, ત્યારે ભગવાનનાં દર્શન કરવાની ઈચ્છા થાય છે, પરંતુ દર્શન થતાં નથી. એવી રીતે જેમનાં દર્શન દુર્લભ છે તે જો ઘરમાં અવતરે તો (આપણાં) ભાગ્યનું શું વર્ણન કરવું ? ચિંતન વિગેરેથી નહિ, પરંતુ યોગથી જે સમાધિ થાય (તેનાથી ચિત્ત નિર્મલ થાય). 'એકાંત સ્થાનોમાં' શબ્દથી સંન્યાસ. તે (સંન્યાસ)ના ધર્મોમાં મચ્યા રહેવાનું અને

નિર્ભય(પણું) કહેલાં છે. 'જેમનાં ચરણનું' એટલે 'હૃદયમાં સ્ફુરેલાં જેમનાં ચરણનું'. ૨૮.

ત્યારે આ (કપિલ) તે (ભગવાન્) નહિ હોય, એવી શંકા થાય, તેથી ઓગણત્રીસમો શ્લોક કહેલો છે. આ તે જ ભગવાન્ છે. બ્રહ્માનાં વચનથી, (મારા) પોતાના અનુભવથી અને ભગવાનનાં વચનથી (તેવો) નિર્ણય થાય છે.

''પુરુષોત્તમ અપમાન સહન કરીને એવી રીતે ગામડીઆઓમાં શા માટે અવતરે ? કારણ કે વેદ પણ પરસ્પર વિરુદ્ધ વૃત્તાંતનો બોધ કરતો નથી, કેમકે તે (પુરુષોત્તમ) સર્વ તરફથી માન આપવાને યોગ્ય છે'' એવી શંકા થાય, તેથી 'હમણાં અમારા અનાદરની દરકાર ન કરતાં જન્મેલા છે' એમ કહેલું છે. આથી પહેલાં જ મર્યાદા રહેલી. હમણાં જ એવું થયું. તેથી જ (પુરુષોત્તમ) ગામડીઆઓનાં ઘરોમાં જન્મેલા છે. કોઈકના પુત્ર, કોઈકના ભાઈ, સાળા, મામા એમ ઘણા પ્રકારનો સંબંધ ઉત્પન્ન થવાથી 'ઘરોમાં' એમ બહુવચન કહેલું છે. હમણાં તેમ કરવાનું પ્રયોજન 'જે પોતાના ભક્તોના પક્ષની ઉન્નતિ કરનારા' શબ્દોથી કહેલું છે. પહેલાં ભગવાન્ સર્વને સરખા હતા, હમણાં ભક્તિમાર્ગને ઉત્પન્ન કરી પક્ષપાતી થયા હોવાથી પોતાના ભક્તોના પક્ષની ઉન્નતિ જેમને લીધે (થાય) છે તેવા (થયા છે). ૨૯.

વળી જેમ વેદો પ્રમાણ છે, તેમ ભગવાનનું વચન પણ (પ્રમાણ) હોવાથી, 'પોતાનાં અંશ અને કલાથી' (૩।૨૧।૩૨) એ વચન પ્રમાણે (તે) અવતરેલા છે એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ્વીયં વાક્યમૃતં કર્તુમવતીર્ણોઽસિ મે ગૃહે ।।**
**ચિકીર્ષુર્ભગવાન્ જ્ઞાનં ભક્તાનાં માનવર્ધનઃ ।।૩૦।।**

ભક્તોનું માન વધારનાર આપ ભગવાન્ પોતાનું વચન સત્ય કરવા જ્ઞાનનો (પ્રચાર) કરવાની ઈચ્છાથી મારા ઘેર અવતરેલા છો.૩૦.

(આપ) અવતરેલા છો તો લોકમાં જ્ઞાનનો પ્રચાર કરવા, અને ભક્તોનું માન વધારવા. કાષ્ઠ વૃક્ષ વિગેરેને પડતાં મૂકી મારા ઘેર અવતરેલા છો, પરંતુ (મારાં) પોતાનાં ભાગ્યને લીધે અથવા બીજા (કોઈ) કારણથી (અવતરેલા) નથી. ૩૦.

''છતાં પણ ભગવાનની હલકી સ્થિતિ થવાનું કેમ ઘટે ?'' એવી શંકા થાય, તેથી તે વિષયનો તર્ક નીચેના શ્લોકમાં કહે છેઃ

**તાન્યેવ તેઽભિરુપાણિ રુપાણિ ભગવંસ્તવ ।।**
**યાનિ યાનિ ચ રોચન્તે સ્વજનાનામરુપિણઃ ।।૩૧।।**

હે ભગવન્ ! રૂપવિનાના આપનાં તે રૂપો અને જે જે પોતાના સેવકોને ગમે

છે તે રૂપો યોગ્ય જ છે. ૩૧.

પુરુષોત્તમની હલકી સ્થિતિ (થવી) યોગ્ય નથી, અને આ હલકી સ્થિતિ નથી. ભગવાનનાં (૧) આનંદમય વિગેરે જે રૂપો સર્વ વેદોમાં પ્રસિદ્ધ છે અને (૨) જે ભક્તોને ગમે છે તે બંને પ્રકારનાં રૂપો યોગ્ય છે. આટલાથી (આટલાં રૂપો હોવા છતાં) પણ ભગવાન્ રૂપ વિનાના જ છે. હે ભગવન્! તે જ આનંદમય રૂપો આપને 'અનુરૂપાણિ' યોગ્ય છે, અને મનુષ્યના દેહવાળાં તે (રૂપો) જે ભક્તોને ગમે છે તે (આપ) ભગવાનને યોગ્ય છે. (ભગવાને) પહેલાં જે રૂપો (ધારણ) કરેલાં તે ભગવાનનાં (રૂપો) વેદે કહેલાં છે. પાછલથી ભક્તોની અનુકૂલતા માટે જ (રૂપો ભગવાને ધારણ) કર્યાં, તે પણ સામગ્રી સરખી હોવાથી યોગ્ય જ છે, પરંતુ (તે રૂપો) (વેદમાં) કહેલાં નથી, તે તો હમણાંના સમયનાં હોવાથી. વળી આટલાં (ભગવાનનાં રૂપો) છે, અને (બીજાં) નથી એમ (વેદમાં) કહેલું નથી જ. બીજા (ભક્ત સિવાયના)ઓને ખોટું જ્ઞાન તો બુદ્ધિના દોષથી થાય છે, ભક્તોને તો તે (રૂપ) પણ આનંદરૂપ જ (દેખાય) છે. તેમ ન (દેખાતું) હોય, તો (તેમાં) રુચિ ન થાય. ૩૧.

એ પ્રમાણે (કપિલ) ભગવાનનો અવતાર હોવાનું દૃઢ કરી, નીચેના શ્લોકમાં તેમને નમન કરે છે:

**તં સૂરિભિસ્તત્ત્વબુભુત્સયાદ્ધા સદાભિવાદાર્હણપાદપીઠમ્ ।।**
**ઐશ્વર્યવૈરાગ્યયશોઽવબોધવીર્યશ્રિયાં પૂર્તમહં પ્રપદ્યે ।।૩૨।।**

તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છાથી વિદ્વાનોએ જેમનાં ચરણનું આસન ખરેખર સદા વંદન કરવા યોગ્ય છે તે (તેવાં), ઐશ્વર્ય વૈરાગ્ય યશ જ્ઞાન વીર્ય અને શ્રીથી ભરપૂર (આપ)ને હું વંદન કરું છું. ૩૨.

બે ફલ પ્રાપ્ત કરાવનાર તે (તેવા આપ)ને હું વંદન કરું છું. (૧) તે પૈકી મોક્ષ પ્રાપ્ત કરાવનાર હોવાપણું કહે છે કે વિદ્વાનોએ 'તત્ત્વબુભુત્સયા' તત્ત્વજ્ઞાન (પ્રાપ્ત કરવા)ની ઈચ્છાથી સદા વંદન કરવા યોગ્ય છે ચરણનું આસન જેમનું (તેવા). મોક્ષ જ્ઞાનથી (પ્રાપ્ત) થાય છે, તે (જ્ઞાન) ગુરુથી થાય છે. અને તે પણ સેવા કરવામાં આવે ત્યારે જ્ઞાન આપે છે. તેથી (તેમના) ચરણનું આસન 'અભિવાદાર્હણમ્' વંદન કરવા યોગ્ય છે જ. આ લોકનું ફલ પણ તેમનાથી જ પ્રાપ્ત થાય છે, એમ ઉત્તરાર્ધથી કહે છે. ઐશ્વર્ય વિગેરે છ ગુણો છે, તેમનાથી 'પૂર્ત' એટલે તેમનાથી ભરપૂર (આપ છો) એવો અર્થ છે. હરકોઈ (પોતાની પાસે) હોય તે જ આપે છે, પરંતુ મોટામાં મોટો દાન કરનાર પણ (પોતાની પાસે) ન હોય તે આપતો નથી. તેથી આ લોકનાં (ફલ) માટે પણ ભગવાનજ સેવા કરવા યોગ્ય છે. ૩૨.

ભગવાન્ ફલરૂપ અને ફલ પ્રાપ્ત કરાવનારા હોવાનું સિદ્ધ કરી, (કપિલ) બ્રહ્મ છે એમ જણાવવા નીચેના શ્લોકથી તે સર્વરૂપ હોવાનું સિદ્ધ કરે છેઃ

**પરં પ્રધાનં પુરુષં મહાન્તં કાલં કવિં ત્રિવૃતં લોકપાલમ્ ।।**
**આત્માનુભૂત્યાઽનુગતપ્રપઞ્ચં સ્વચ્છન્દશક્તિં કપિલં પ્રપદ્યે ।।૩૩।।**

અક્ષર પ્રધાન પુરુષ મહત્તત્ત્વ કાલ કવિ અહંકાર (અને) લોકપાલરૂપ, પોતાનાં જ્ઞાનથી જેમનામાં પ્રપંચની ઉત્પત્તિ થએલી છે તેવા સ્વચ્છંદ-શક્તિવાળા (આપ) કપિલને હું વંદન કરું છું.૩૩.

સર્વરૂપ કપિલને હું વંદન કરું છું. તે રૂપો કહે છે. 'પરમ્' અક્ષર, 'પ્રધાન' પ્રકૃતિ, 'પુરુષ' તે (પ્રકૃતિ)નો અધિષ્ઠાતા, 'મહત્તત્ત્વ' મુખ્ય પુત્ર, ગુણોમાં ખળભળાટ કરાવનાર 'કાલ', 'કવિ' મહત્તત્ત્વના અભિમાનવાળો અથવા મૂલબ્રહ્મા અથવા તંતુરૂપ, 'લોકપાલ' બધાએ દેવો.

એ પ્રમાણે કારણરૂપ હોવાનું કહીને, ઉત્તરાર્ધમાં કાર્યરૂપ હોવાનું કહે છે. 'અનુગતઃ' પોતાની અંદર લય પામેલો રહેલો અથવા ઉત્પન્ન થએલો છે પ્રપંચ જેમની, તેવા (આપ છો). જ્ઞાનશક્તિથી પણ ઉત્પત્તિ થાય છે એવા મત પ્રમાણે (પ્રપંચની કપિલથી) ઉત્પત્તિ થાય[૧] છે, બીજા પ્રકારે તો પ્રલય થાય છે, અને તેથી કપિલ પ્રપંચરૂપ અને પ્રપંચરહિત સ્વરૂપવાળા હોવાનું કહેલું છે. તેવા થવાની (તેમની) શક્તિ 'સ્વચ્છંદશક્તિવાળા' વિશેષણથી કહેલી છે. તેમની શક્તિ પોતાની ઈચ્છાને વશ રહેનારી છે. ૩૩.

૧. 'તેમણે તપ કરીને આ સર્વ રચ્યું' વિગેરે વાકયો પ્રમાણે આ શ્રૌતમત હોવાનો નિશ્ચય થાય છે, તેથી આ મત પ્રમાણે 'અનુગત' શબ્દથી ઉત્પત્તિ કહેલી જાણવી. બીજા પ્રકારે, એટલે સાંખ્યમત પ્રમાણે તો ( તેનો અર્થ ) પ્રલય જાણવો, એવો અર્થ છે. ( પ્ર )

એવી રીતે સ્તુતિ કરી પ્રણામ કરી, નીચેના શ્લોકમાં વિજ્ઞપ્તિ કરે છેઃ

**આ સ્માભિપૃચ્છેઽદ્ય પતિં પ્રજાનાં ત્વયાવતીર્ણર્ણ ઉતાપ્તકામઃ ।।**
**પરિવ્રજત્પદવીમાસ્થિતોઽહં ચરિષ્યે ત્વાં હૃદિ યુઞ્જન્વિશોકઃ ।।૩૪।।**

આપથી ઋણથી છૂટેલો અને વળી કામનાઓ પ્રાપ્ત કરેલો હું હવે (આપ) પ્રજાઓના પતિની અનુજ્ઞા માગું છું, સંન્યાસીના સ્થાનને પ્રાપ્ત થએલો હું શોકરહિત થઈ આપનું હૃદયમાં ધ્યાન કરતો ફરીશ. ૩૪.

આપ પ્રજાઓના પતિની 'આઽભિપૃચ્છે સ્મ' હું અનુજ્ઞા માગું છું. 'આ' ઉપસર્ગ જનારો જાય તેમાં સંમતિ સૂચવનારો છે (અને) 'સ્મ' પ્રસિદ્ધ જણાવવા (યોજેલો છે), કારણ કે પુત્રની આજ્ઞાથી અને ભગવાનની આજ્ઞાથી જવું (સંન્યાસ

માટે ઘરનો ત્યાગ કરવો) જોઈએ. 'અભિ' શબ્દ સર્વ પ્રકારોના અર્થવાળો છે, એટલે જવાના સર્વ પ્રકારો (મને) કહો. (કપિલનું) પ્રજાપતિપણું આજ્ઞા કરનારું છે, કારણ કે (તેમને) પોતાને એવો અધિકાર છે, કેમકે 'આપ યજ્ઞ છો.' વિગેરે વચનો વેદ સંબંધી અધિકાર (દર્શાવનારાં) છે. 'આપથી ઋણથી છૂટલો' વિશેષણથી વાણીથી જ તે કહે છે. આપને લીધે 'અવતીર્ણાનિ' ઉતારેલાં છે, પોતાની મેળે જ છૂટી ગએલાં છે ઋણો જેનાં તેવો (હું છું). વળી વધારામાં આપથી જ મેં કામનાઓ પણ પ્રાપ્ત કરેલી છે. (આપ) પુત્ર ભગવાન્ (અને) આત્મા હોવાથી, (મારી) પુત્રની ઈચ્છા પણ આત્માની કામના જ થઈ. તેથી (મારો) પોતાનો અધિકાર આપને સોંપી દઈ, ત્રણ ઋણો ફીટાડી, કામનાઓ પૂર્ણ કરેલો થઈ, બ્રહ્મ જાણનાર હું હવે 'પરિવ્રજત્પદવીમ્' સંન્યાસીનાં સ્થાનને પ્રાપ્ત થએલો છું. પરમહંસ (સંન્યાસી) થઈ, દેહ પડે ત્યાંસુધી જીવતા રહેનાર બ્રહ્મ જાણનારે (કરવાનું) કૃત્ય-આપ પુરાણ પુરુષોત્તમનું 'હૃદયે યુઞ્જન્' હૃદયમાં ધ્યાન કરતો હું ફરીશ. આ (ફરવાની) દેહની ક્રિયા છે, કારણ કે હું શોક તરી ગએલો છું, અને શોક ગએલો હોવાથી, બીજું કાંઈ કરવાનું નથી. આથી એમ કહેલું છે કે જ્ઞાન થએલું હોય છતાં પણ જો શોક સંપૂર્ણ પ્રકારે દૂર થયો ન હોય, તો જ્ઞાન સારી રીતે થએલું નથી એમ જાણવું. ૩૪.

એવી રીતે (કર્દમે) આજ્ઞા માગી ત્યારે પોતાના અવતારનું પ્રયોજન આ (કર્દમ) સારી રીતે જાણતો ન હોવાથી, નીચેના શ્લોકથી આરંભી છ (શ્લોકો)થી તે કહેતાં ભગવાન્ તેને આજ્ઞા આપે છે :

।। શ્રીભગવાનુવાચ ।।

**મયા પ્રોક્તં હિ લોકસ્ય પ્રમાણં સત્ય લૌકિકે ।।**
**અથાજનિ મયા તુભ્યં યદવોચમૃતં મુને ।।૩૫।।**

હે સત્યરૂપ ! લૌકિકમાં મેં કહેલું લોકને પ્રમાણ છે. પછી મેં તમારા માટે જન્મ લીધો. હે મુનિ ! મેં તમને કહેલું (તે) સત્ય છે. ૩૫.

મારામાં સંપૂર્ણ વિશ્વાસ રાખવો એમ કહેવા, ભવિષ્યમાં ફલ અવશ્ય (પ્રાપ્ત) થવામાં વિશ્વાસ રહે તે માટે, પોતાનું વચન સત્ય હોવાનું જણાવે છે. હે 'સત્ય' સત્યરૂપ ! લૌકિકમાં મેં કહેલું જ લોકને પ્રમાણ છે, કારણ કે હું જ જગત્ રચનાર અને (તેનું) પોષણ કરનારો છું, અને વળી મારું વચન જ વેદ છે. અથવા સત્યમાં અલૌકિકમાં અને લૌકિકમાં અથવા સત્યરૂપ લૌકિકમાં (મેં કહેલું પ્રમાણ છે). આથી એમ કહેવાયું કે અસુરોને (તે) પ્રમાણ નથી. તેથી (મારું) પોતાનું વચન પ્રમાણ હોવાનું સિદ્ધ થાય તે માટે, 'પછી' જૂદા આરંભથી લૌકિક જડ તથા જીવ

સિવાયનાનો મારો પણ જન્મ થયો. તે (અર્થ) 'મેં જન્મ લીધો' શબ્દોથી કહેલો છે. 'મેં તમને કહેલું (તે સત્ય છે)' શબ્દથી 'પછી હું પોતાના અંશ અને કલાથી (૩।૨૧।૩૨)' એમ પહેલાં કરેલી પ્રતિજ્ઞા, કહેલી છે. 'તુભ્યમ્' એટલે તમારા માટે. (મેં કહેલું) તે સત્ય જ છે. 'હે મુનિ !' એ સંબોધન બંનેનું[1] (કર્દમને) જ્ઞાન થાય તે માટે (કરેલું છે.) ૩૫.

૧. પહેલાં કરેલી પ્રતિજ્ઞાનું અને હવે તે સત્ય કરવા કપિલે કર્દમને ત્યાં જન્મ લીધો છે એ બંને વિષયોનું, એવો અર્થ જણાય છે.

(જન્મ લેવાનું) પ્રયોજન પણ પહેલાં કહેલું જ હોવાથી, નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોકો)થી તે કહે છેઃ

**એતન્મે જન્મ લોકેઽસ્મિન્મુમુક્ષૂણાં દુરાશયાત્ ।।**
**પ્રસંખ્યાનાય તત્ત્વાનાં સંમતાયાત્મદર્શને ।।૩૬।।**

આ લોકમાં મારો આ જન્મ દુષ્ટ દેહથી મુક્ત થવા ઈચ્છનારાઓ માટે આત્માનાં દર્શન માટે ઉપયોગી ગણાએલ તત્ત્વોની ગણત્રી માટે (થએલો) છે. ૩૬.

મારો આ જન્મ દુષ્ટ દેહથી મુક્ત થવા ઈચ્છનારાઓ માટે (થએલો) છે. 'આશયઃ' દેહરૂપ છે, તે જો દુષ્ટ હોય તો આત્માનો નાશ કરે છે, તેથી એવી સ્થિતિમાંથી બહાર નીકળવા ઈચ્છતા પ્રાણીનો ઉદ્ધાર થાય તે માટે તત્ત્વોની ગણત્રી કરવી જોઈએ, કારણ કે સાક્ષાત્ જોવામાં આવતા ઘણા ભેળસેળ ન થએલા થાંભલો વિગેરે પદાર્થો પણ વાંકા પોલાણવાળા વિગેરે (પ્રકારના) હોવાથી પુરુષ વિગેરેથી જૂદા જણાય છે, પરંતુ બીજી રીતે (જૂદા જણાતા) નથી; તો પછી ઈન્દ્રિયોથી જેઓનું જ્ઞાન થઈ ન શકે તેવા પરસ્પર ભેળસેળ થએલા કાલ આકાશ વિગેરેનું તો કહેવું જ શું ? તેથી જ તે પદાર્થોની નામ અને વ્યાખ્યા વડે ગણત્રી કરવી જોઈએ. તે (ગણત્રી)નું પણ પ્રયોજન આત્માનું દર્શન થવાનું છે. ('આત્મદર્શને' શબ્દ) પ્રયોજન જણાવવા સાતમી વિભક્તિમાં (યોજેલો છે). આત્માનું જ્ઞાન થાય તે માટે, તત્ત્વોની પણ ગણત્રી કરવી જોઈએ. તે કરવામાં ન આવે તો સમૂહમાં પડેલો આત્મા તેમનાથી જૂદો જાણી ન શકાય. વળી આત્મા બે નથી એમ જણાવનારી શ્રુતિનો વિરોધ હોવાની શંકા ન કરવી[1], કારણ કે જૂદા હોવાનો વ્યવહાર થતો હોય ત્યારે સાંખ્યનો ઉપયોગ થાય છે. નિર્ણય કર્યા વિનાનું સ્વભાવથી જેવું છે તેવું જગત્ આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં ઉપયોગી નથી, કારણ કે વિચારાતો પદાર્થ જણાએલો નથી[2]. તેથી વિચારાતા પદાર્થનાં જ્ઞાન દ્વારા આત્માનું જ્ઞાન થાય તે માટે (તત્ત્વોની ગણત્રી જરૂરી છે) એમ તત્ત્વ જાણનારાઓ કહે છે. બીજા (પદાર્થો)થી જૂદા તરીકે

આત્માનું જ્ઞાન થાય તે માટે (તે ગણત્રી જરુરી છે), એમ બીજાઓ કહે છે. પરલોક પ્રાપ્ત કરવા ઈચ્છતાં સ્ત્રી શૂદ્ર અને નામમાત્ર બ્રાહ્મણોને તો વેદનું શ્રવણ થએલ નહિ હોવાથી, તેઓને તો વેદનો વિરોધ થવાની શંકા રહેતી નથી[3]. તેઓને દેહથી ઉત્પન્ન થએલ દોષરૂપ અહંકાર ન થાય તે જ (તત્ત્વોની ગણત્રીનું) ફલ છે. તેથી તેવા ગુણથી સમૃદ્ધ થએલો ઘણા સમય પછી ઉત્પન્ન થએલો બ્રાહ્મણનો દેહ પ્રાપ્ત થાય ત્યારે ફરીથી વેદ પ્રમાણે આત્માનો વિચાર થવાનો હોવાથી કાંઈપણ અયોગ્યતા નથી. તેથી જ (તત્ત્વોની) ગણત્રી આત્માનાં દર્શન માટે ઉપયોગી ગણાએલી[4] છે, કારણ કે આત્માને જાણનારને સાંખ્ય (શાસ્ત્ર) સાથે વિરોધ નથી. ૩૬.

૧...૧. સાંખ્ય ભેદ જણાવતું હોવાથી તે વેદથી વિરુદ્ધ હોવાની શંકા કરી, તેનું આ ભાગથી સમાધાન કરે છે. (પ્ર)

૨. (જગત્ છે તેવું) આત્માનું જ્ઞાન થવામાં ઉપયોગી ન હોવાનું કારણ આથી કહેલું છે. 'આ સર્વ આ (આત્મ) રૂપ છે' શ્રુતિમાં 'આ' શબ્દથી દેખાતા સ્વરૂપવાળું અને 'સર્વ' શબ્દથી જગત્ કહેલાં નથી, કારણ કે (તેવો અર્થ કરતાં) પ્રત્યક્ષનો વિરોધ થાય. પણ 'તે સત્ય છે' એમ પછી કહ્યું, તેથી સત્ય સ્વરૂપવાળું તેને કહેલું છે, અને સાંખ્ય પ્રપંચને સદ્રૂપ જણાવે છે; તેથી સાંખ્ય અને વેદનો વિરોધ નથી. (પ્ર)

૩. અધિકારીમાં ભેદ હોવાથી (સાંખ્ય અને વેદ માં) વિરોધ નથી, એવો અર્થ છે. (પ્ર)

૪. શ્વેતાશ્વતર વિગેરે ઉપનિષદોમાં તેમ ગણાએલી છે. (પ્ર)

''આ ગણત્રી જો હમણાંની હોય, તો આનું પ્રયોજન નથી, પણ જો પરંપરાથી પ્રાપ્ત થએલી હોય, તો અવતારનું પ્રયોજન નથી'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**એષ આત્મપથોઽવ્યક્તો નષ્ટઃ કાલેન ભૂયસા ।।**
**તં પ્રવર્તયિતું દેહમિમં વિદ્ધિ મયા ભૃતમ્ ।।૩૭।।**

આ લાંબા સમયથી ગૂમ થએલો આત્માનો માર્ગ અસ્પષ્ટ હતો. તેની પ્રવૃત્તિ કરાવવા આ દેહ મેં ધારણ કરેલો હોવાનું જાણો. ૩૭.

અનંત કાલથી આવતો આ આત્માનો માર્ગ લાંબા સમયથી ક્ષીણ થતાં ગૂમ થએલો. પછી 'અસ્પષ્ટ' થયો, એટલે લોકમાં કયાંય પણ પ્રકટ ન હતો. પુરાણો તેનું ખીચડા તરીકે વર્ણન કરતાં હોવાથી, તે સ્પષ્ટ ન હતો. સંપૂર્ણ રીતે અપ્રકટિત હોય, તો તેને જાણનારાઓનાં સ્મૃતિ અને સંસ્કારનો નાશ થતાં, તેનો નાશ થાય. સર્વનો ઉદ્ધાર થાય તે માટે તેની ફરી પ્રવૃત્તિ કરાવવા આ દેહ મેં ધારણ કરેલો હોવાનું જાણો. ૩૭.

તેથી આ માર્ગથી બધાએનો મોક્ષ થતો હોવાથી, દેવહૂતિ વિગેરેનો પણ

મોક્ષ થશે, તેથી બીજી ચિંતાનો ત્યાગ કરી તમે મુક્તિ પ્રાપ્ત કરો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ગચ્છ કામં મયાદિષ્ટો મયિ સંન્યસ્તકર્મણા ।।**
**જિત્વા સુદુર્જયં મૃત્યુમમૃતત્વાય માં ભજ ।।૩૮।।**

મેં આજ્ઞા આપેલા તમે ઈચ્છા પ્રમાણે ફરો, મને સમર્પણ કરેલાં કર્મથી ન જીતી શકાય તેવા મૃત્યુને જીતી પરમાનંદ પ્રાપ્ત કરવા મારું ભજન કરો. ૩૮.

મેં 'આદિષ્ટઃ' આજ્ઞા આપેલા તમે જાઓ, અહિંથી જઈ સદા ફર્યા કરજો. પછી કરવા યોગ્ય કહે છે કે : મને સમર્પણ કરેલાં કર્મથી ન જીતી શકાય તેવાં મૃત્યુને જીતી 'અમૃતત્વાય' પરમાનંદ પ્રાપ્ત કરવા મારું ભજન કરો. કર્મો ઘણા પ્રકારનાં છે. મૃત્યુને જીતવા માટે સાધન તરીકે ઘણાંએ કર્મો કહેલાં છે. બધાંએ કર્મો ભગવાનને સમર્પણ કરવાં જોઈએ, એમ કેટલાક કહે છે, બીજાઓ કહે છે કે ભગવાનનાં ભજનથી વિરુદ્ધ (કર્મો)નો (ભજન થાય) તે માટે ત્યાગ કરવો જોઈએ. તે પૈકી પહેલાં (કહેલાં) મને સમર્પણ કરેલાં કર્મથી ન જીતી શકાય તેવા મૃત્યુને પણ જીતે છે. પછી વિઘ્ન કરનાર મૃત્યુ ન રહેવાથી પરમાનંદ પ્રાપ્ત કરવા માટે પાછલથી મારું ભજન કરવું જોઈએ. આરંભમાં ફરવાનું (અને) સર્વ કર્મનું સમર્પણ કરવું જોઈએ. તે થાય ત્યારે જો દેહનો ક્ષય ધોળા કેશ ભૂખ અને તરસ ન થાય, તો પછી પછી ભજન કરવું; કારણ કે ભજન સ્વસ્થ (પુરુષ)નું કાર્ય છે. ધોળા કેશ ન થવા વિગેરે મૃત્યુ ઉપરનો જય જણાવનાર છે. ૩૮.

ભય તો દ્વૈતનું કાર્ય છે અને શોક દેહનું કાર્ય છે. તે બંને પછી દૂર થશે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**મામાત્માનં સ્વયંજ્યોતિઃ સર્વભૂતગુહાશયમ્ ।।**
**આત્મન્યેવાત્મના વીક્ષ્ય વિશોકોઽભયમૃચ્છતિ ।।૩૯।।**

પ્રાણીમાત્રનાં અંતઃકરણમાં રહેલા, સ્વયં પ્રકાશતા આત્માને મને આત્માથી આત્માની અંદર જ જોઈને શોકરહિત થઈ અભય પ્રાપ્ત કરે છે. ૩૯.

સાંખ્ય (શાસ્ત્ર)માં ચિત્સ્વરૂપ આત્મા જ 'ભગવાન્' શબ્દથી જણાવવામાં આવે છે. તેનું દેહથી વિખૂટો થએલો આત્મા આત્માથી (પોતાથી) જ ભજન કરે છે. આત્માથી (કરેલું) ભજન જ મુખ્ય છે. જેમ લોકમાં શરીરથી કરેલું (ભજન મુખ્ય) છે, અને દ્રવ્ય વિગેરેથી (કરેલું ભજન) હલકું છે, તેમ આત્માથી (કરેલું ભજન) મુખ્ય છે, (અને) દેહ ઈન્દ્રિયો વિગેરેથી કરેલુ હલકું છે, એવો (અર્થ છે). 'સ્વયં પ્રકાશતા, પ્રાણીમાત્રનાં અંતઃકરણમાં રહેલા' વિશેષણોથી તે ઉપાસના કરવા યોગ્ય છે એમ

જણાવવા તેના ગુણો કહેલા છે. તે પોતાની મેળે પ્રકાશનાર અને પ્રાણીમાત્રનાં અંતઃકરણમાં રહેલ છે. તેથી તેને પ્રાપ્ત કરવા અથવા તેનું જ્ઞાન થાય તે માટે પ્રયત્ન કરવાનો નથી. દેહથી જૂદો હોવાનું વિચારેલો પોતાનો આત્મા પ્રકટ થઈ તે સર્વત્ર રહેલા આત્માને પ્રકટ કરે છે. જેમ (કાષ્ઠની) બહાર રહેલો અગ્નિ કાષ્ઠની સાથે સંબંધમાં આવી કાષ્ઠની અંદર રહેલા અગ્નિને પણ મથન વિગેરે વિના જ તરત પ્રકટ કરે છે અને તેની સાથે ભળી જાય છે, તેમ આ વિષયમાં પણ જાણવું. (તેમ થાય) ત્યારે સર્વ આત્મા જ હોવાથી, ભય અને શોક દૂર થાય છે. વિચારવામાં આવતા[1] પદાર્થનું જ્ઞાન ન હોય ત્યારે તો 'તે આ છે' એમ જરાએ જણાતું નથી. સંબંધ[2] થતાં કાષ્ઠમાં રહેલો અગ્નિ પણ (બહારના) અગ્નિમાં જ રહે છે, કારણ કે કાષ્ઠનો ભોગ થઈ જાય છે, અને તે (બહારના અગ્નિ)થી જ પ્રકાશેલો રહે છે. તે (અર્થ) 'આત્માથી આત્માની અંદર જ' શબ્દોથી કહેલ છે. એવી રીતે (આત્માનું) દર્શન થતાં જ ફરીથી સંઘાતમાં પડવાનો ભય ન રહેવાથી શોકરહિત થાય છે. પોતે જ સર્વ થતો હોવાથી (તે) અભય હોવાની યોગ્યતા કહેવાઈ. ૩૯.

૧. 'મામ્' શબ્દથી કહેલા પદાર્થનું (પ્ર).
૨. બહારના અગ્નિનો સંબંધ થતાં, (પ્ર)

એ રીતે તેને આજ્ઞા આપીને માતા માટે જે કહેવાનું છે તે કહે છેઃ

**માત્રે ચાધ્યાત્મિકીં વિદ્યાં શમનીં સર્વકર્મણામ્ ।।**
**વિતરિષ્યે ગયા ચાસૌ ભયં ચાતિતરિષ્યતિ ।।૪૦।।**

અને માતાને સર્વ કર્મને શાંત કરનારી આધ્યાત્મિકી વિદ્યા હું આપીશ, જેનાથી તે ભયને તરી જશે. ૪૦.

આ (કર્દમને આપી તે) તો આધિદૈવિકી વિદ્યા કહી, માતાને તો આધ્યાત્મિકી વિદ્યા (આપીશ). તે (વિદ્યા)માં વિવેકથી (જૂદાં જૂદાં તત્ત્વોનાં જ્ઞાનથી) પોતાના આત્માનું જ જ્ઞાન થાય છે. તેથી જ (તે) સર્વ કર્મોને શાંત કરનારી છે. જો કે તે (દેવહૂતિ)નાં સાધનથી તે (વિદ્યા) (પ્રાપ્ત) નહિ થાય, છતાં પણ હું જ (તે તેને) આપીશ, વધારે દાન કરીશ; જે વિદ્યાથી અને મારી કૃપાથી તે સહેલાઈથી સંપૂર્ણ રીતે ભયને તરી જશે. 'ચ' 'અને' શબ્દ હોવાથી, શોકને (તરી જશે). (ભય અને શોકને) તરી જવું એટલે ફરી દેહ પ્રાપ્ત ન થવો તે. ૪૦.

આત્મા સાથે પોતે ગ્રહણ કરેલ બે દેહના[1] સમાચાર સાંભળીને, સ્વરૂપની પ્રાપ્તિ થતાં સુધી કર્દમે તેમ કર્યું એમ સાત (શ્લોકો)થી કહે છેઃ

**આદૌ તતો નિર્ગમનં વ્રતાનિ ચ બહિસ્તથા ।।૩।।**

**આન્તરં મનસા ધ્યાનં દોષાભાવસ્તથાન્તરઃ ।।**

આરંભમાં ત્યાંથી નીકળી જવું (૪૧) અને તેવી રીતે બહારનાં વ્રતો (૪૨), અંદરનું મનથી (કરેલું) ધ્યાન (૪૩), અંદરનો દોષ ન હોવાનું (૪૪), કા.૩[૧]/૨.

**તતો ગુણાશ્ચ તત્રૈવ તતો જ્ઞાનોદયસ્તથા ।।૪।।**

**તતઃ ફલસ્ય સમ્પ્રાપ્તિઃ પ્રાપ્તે જ્ઞાને ત્વિયં ક્રિયા ।।**

પછી તેનામાં જ ગુણો થવા (૪૫), અને પછી જ્ઞાનનો ઉદય થવો (૪૬), પછી ફલની પ્રાપ્તિ થવી (૪૭), જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે આવી પદ્ધતિ[૨] છે. કા.૪[૧]/૨.

૧. પોતાના અને દેવહૂતિના બંને દેહની મુક્તિ થવાની છે એવા સમાચાર સાંભળીને, એવો અર્થ જણાય છે. 'પત્ની પોતાનું અર્ધ છે' એ શાસ્ત્રના વચન પ્રમાણે પત્નીના દેહને પણ પોતાનો ગણી 'પોતે ગ્રહણ કરેલ બે દેહના' એમ કહેલ હોવાનું જણાય છે.

૨. આ છેલ્લાં વાકયમાં સાતે શ્લોકનો સમગ્ર અર્થ કહેલો છે. (પ્ર)

આરંભમાં નીચેના શ્લોકમાં (કર્દમ) ત્યાંથી નીકળી ગયાનું કહે છેઃ

।। મૈત્રેય ઉવાચ ।।

**એવં સમુદિતસ્તેન કપિલેન પ્રજાપતિઃ ।।**

**દક્ષિણીકૃત્ય તં પ્રીતો વનમેવ જગામ હ ।।૪૧।।**

અહો ! તે કપિલે એમ કહેલો પ્રજાપતિ તેમની પ્રદક્ષિણા કરી, પ્રસન્ન થઈ, વનમાં જ ગયો. ૪૧.

તે કપિલે ઉપર કહેલા પ્રકારે કહેલો (પ્રજાપતિ વનમાં ગયો). જો પોતે તેમ ન કરે, તો બીજો કોઈ પણ ના કરે, તેથી પ્રજાપતિ કર્દમ પોતે પુત્રની પ્રદક્ષિણા કરી, તેમનાં વચનથી પ્રસન્ન થઈ, વનમાં જ ગયો. 'હ' 'અહો' શબ્દથી આશ્ચર્ય દર્શાવેલું છે કે ભગવાનને મૂકી વનમાં ગયો ! અને (ભગવાનનાં) વચનને લીધે ગએલો. ૪૧.

(વનમાં) ગએલાએ વ્રતો (આચર્યાં તે) નીચેના શ્લોકમાં કહે છેઃ

**વ્રતં સ આસ્થિતો મૌનમાત્મૈકશરણો મુનિઃ ।।**

**નિઃસઙ્ગો વ્યચરત્ક્ષોણીમનગ્નિરનિકેતનઃ ।।૪૨।।**

માત્ર આત્માનું શરણ કરનાર તે મુનિએ મૌનવ્રત ધારણ કર્યું, (અને) સંગરહિત અગ્નિવિનાના અને ઘરવિનાના થઈ પૃથ્વી ઉપર ફરવા માંડ્યું. ૪૨.

'મૌન' એટલે વાણીરૂપ ક્રિયાનો ત્યાગ. દેહ રહે ત્યાંસુધી તેને વ્રત તરીકે ધારણ કર્યું. આથી નામપ્રપંચનો ત્યાગ થયો. 'માત્ર આત્માનું શરણ કરનાર' વિશેષણથી રૂપપ્રપંચનો પણ ત્યાગ કહેલો છે. 'આ આત્મા બ્રહ્મ છે' એવી શ્રુતિ હોવાથી માત્ર આત્મા જ હતું શરણ જેનું તેવો (થયો). 'મુનિ' શબ્દથી વાસનામય

પ્રપંચનો ત્યાગ (કહેલો છે) એ પ્રમાણે પોતે કરેલ પ્રપંચનો ત્યાગ કહીને 'સંગરહિત' વિશેષણથી બીજાથી થતો સંબંધ પણ ન હોવાનું કહેલું છે. 'નિર્ગતઃ' જતો રહેલો છે 'સંગ' સંગ જેનાથી (જેને), તેવો થયો. ફર્યા કરવું એ (સંન્યાસીનો) પોતાનો ધર્મ છે. 'અગ્નિરહિત' એટલે રસોઈ વિગેરે ન લેનાર, અને 'અનિકેતનઃ' ઘર વિગેરે વિનાનો થયો. અગ્નિના અને ઘરના સંબંધ વિના જેમ રહેવાય, તેમ ફરવા લાગ્યો. અગ્નિનો સ્પર્શ થએલા (પદાર્થ) ખાતો નહિ (અને) કયાંય પણ ઘરમાં પ્રવેશ કરતો નહિ, એવો અર્થ છે. ૪૨.

નીચેના શ્લોકમાં અંદરનું (વ્રત) કહે છે :

**મનો બ્રહ્મણિ યુઞ્જાનો યત્તત્સદસતઃ પરમ્ ।।**
**ગુણાવભાસે વિગુણ એકભક્ત્યાડનુભાવિતે ।।૪૩।।**

જે સત્ અને અસત્ થી પર છે, જેમાં ગુણો ભાસે છે (પણ જે) ગુણરહિત છે (અને) અનન્ય ભક્તિથી અનુભવ થનારા તે બ્રહ્મમાં મનને યોજતાં...(૪૩).

આ (કર્દમ) વૈદિક હોઈ, ઉપનિષદોમાં જણાવેલા પ્રકારે પાછાં વાળેલાં ચક્ષુઓવાળો થઈ, મનને બ્રહ્મમાં રોકી (૪૩) અહંકાર વિગેરે વિનાનો થઈ (૪૪), ભક્તિ પ્રાપ્ત કરી (૪૫), અને જ્ઞાન (પ્રાપ્ત કરી) (૪૬) તેણે સાયુજ્ય પ્રાપ્ત કર્યું (૪૭) એમ પાંચમા (સુડતાળીસમા શ્લોક) સાથે સંબંધ છે. પ્રપંચથી પર તે બ્રહ્મને બંને સ્વરૂપવાળું જાણીને એક (સ્વરૂપ) માહાત્મ્ય (જણાવવા) માટે હોવાનું જાણીને, બીજામાં મનને રાખી (સાયુજ્ય પ્રાપ્ત કર્યું). વળી તે બ્રહ્મ કાર્ય અને કારણથી પર હોવા છતાં, ગુણો જેમાં જણાતા હતા તેવું હોઈ, કારણરૂપ ગુણોની પ્રવૃત્તિ કરાવનારું અને સત્ વિગેરે અંશોથી ગુણોને ઉત્પન્ન ન કરનારું છે એવો (અર્થ છે). તેની અંદર મન રાખવાનો ઉપાય 'અનન્ય ભક્તિથી અનુભવ થનારાં' વિશેષણથી કહેલો છે. અનન્ય ભક્તિથી, પ્રેમથી જ તેમાં સ્થિર થાય છે, અને ભક્તિથી તેમાં શ્રદ્ધા ઉત્પન્ન થએલી હોવાથી, સંગરહિતપણું વિગેરે બ્રહ્મના ગુણો (તેમાં મન રાખવામાં) નડતા નથી. ૪૩.

જો મન બ્રહ્મમાં ભક્તિવાળું હોય, તો દેહ વિગેરેમાં અહંકાર (હોય તે) પોતાની મેળે જ દૂર થાય છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**નિરહંકૃતિર્નિર્મમશ્ચ નિર્દ્વન્દ્વઃ સમદૃક્ સ્વદૃક્ ।।**
**પ્રત્યક્ પ્રશાન્તધીર્ધીરઃ પ્રશાન્તોર્મિરિવોદધિઃ ।।૪૪।।**

અહંતારહિત અને મમતારહિત થઈ દ્વન્દ્વરહિત થઈ, સમ આત્માને જોનાર, અંદર દૃષ્ટિ કરનાર, શાંતબુદ્ધિવાળો, ધીર અને શાંત મોજાંવાળા સમુદ્ર જેવો

થઈ...૪૪.

હું અને મારું એવા અહંકારનાં કાર્યના બે પ્રકારો છે. ‘અહંતારહિત અને મમતારહિત’ વિશેષણથી તે બંને ન હોવાનું કહેલું છે. ‘ચ’ ‘અને’ શબ્દથી ઈચ્છા વિગેરેમાં પણ તે ધારણ કરતો ન હોવાનું (કહેલું છે). ત્યાર પછી દોષ પણ ન રહ્યા, એમ ‘દ્વન્દ્વરહિત’ વિશેષણથી કહેલું છે. જેમ લૌકિક સુખ પછી દુઃખ જરુર (આવે છે), તેમ એક આવ્યા પછી બીજું આવે તે (બે) ‘દ્વન્દ્વ’ છે, જેવાં કે ભુખ અને તરસ, ઘડપણ અને મરણ, શોક અને મોહ વિગેરે દ્વન્દ્વો છે. પછી વિષયોમાં ભેદ જોવાનું પ્રયોજન ન રહેતાં, સર્વમાં સમાન દૃષ્ટિવાળો ‘સમ’ બ્રહ્મને જોતો હતો. આત્માને અથવા આત્માની (પોતાની) અંદર (બ્રહ્મ) જૂએ તે ‘સ્વદૃક્’ ‘આત્માને જોનાર’. પછી બહાર જોવાથી તેને આત્માનું ભાન થતું ન હતું, એમ ‘પ્રત્યક્’ ‘અંદર દૃષ્ટિ કરનાર’ શબ્દથી કહેલું છે. તેને તેનું પોતાનું ભાન અંદર દૃષ્ટિ કરવાથી જ થતું હતું, એવો અર્થ છે. મોહવાળી બુદ્ધિથી બહિર્મુખ થવાય છે. તે (બહિર્મુખપણું) પણ ન હતું એમ ‘શાંત બુદ્ધિવાળો’ વિશેષણથી કહેલું છે. બહારનું (તે) તેવો હોવાનું ચિહ્ન ‘શાંત મોજાંવાળા સમુદ્ર જેવો’ દૃષ્ટાંતથી કહેલું છે. શાંત થએલાં છે મોજાંઓ જેનાં તેવો, મોજાં વિનાનો સમુદ્ર જેમ ચંચલ હોતો નથી, તેવો (તે થયો).૪૪.

એ પ્રમાણે સર્વદોષવિનાનાને (તેને) ભક્તિ પ્રાપ્ત થઈ, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**વાસુદેવે ભગવતિ સર્વજ્ઞે પ્રત્યગાત્મનિ ।।**
**પરેણ ભક્તિભાવેન લબ્ધાત્મા મુક્તબન્ધનઃ ।।૪૫।।**

અંદરના આત્મારૂપ સર્વજ્ઞ ભગવાન્ વાસુદેવમાં ઉત્તમ ભક્તિ હોવાને લીધે આત્માને પ્રાપ્ત કરી, બંધનોથી મુક્ત થએલો...૪૫.

શુદ્ધ અંતઃકરણમાં છ ગુણવાળા જ્ઞાનશક્તિવાળા ભગવાન્ પ્રકટ થાય ત્યારે સંન્યાસીઓએ જ્ઞાન (શક્તિ)વાળા ભગવાનનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું હોવાથી ‘સર્વજ્ઞ’ એમ કહેલું છે. વળી તે (ભગવાન્) પોતાનું સ્વરૂપ જ છે એમ ‘અંદરના આત્મારૂપ’ શબ્દથી કહેલું છે. માત્ર અંદર (હોવા)પણું (કહેવામાં આવે), તો ભગવાન જ તેવી રીતે પણ સ્ફુરતા હોય, તેથી ‘આત્મારૂપ’ એમ કહેલું છે. ‘ઉત્તમ’ એટલે માહાત્મ્યનું જ્ઞાન થયા પછી (થએલ) સ્નેહવાળી ભક્તિ હોવાને લીધે એટલે ઘણા આદર સાથે મનથી કરાતા ભજનની ક્રિયાને લીધે, તેમનામાં આત્માને પ્રાપ્ત કર્યો, એટલે તેમની અંદર પોતાપણું પ્રાપ્ત કર્યું. પછી (ભગવાનમાંથી) બહાર કાઢનારાં બંધનો દૂર થયાં. ‘એમ બંધનોથી મુક્ત થએલો’ વિશેષણથી કહેલું છે. ૪૫.

પછી તેને (જે) જ્ઞાન પ્રાપ્ત થયું તેનું સ્વરૂપ નીચેના શ્લોકમાં કહે છે :

**આત્માનં સર્વભૂતેષુ ભગવન્તમવસ્થિતમ્ ।।**
**અપશ્યત્સર્વભૂતાનિ ભગવત્યપિ ચાત્મનિ ।।૪૬।।**

તેણે પોતાના આત્મારૂપ ભગવાનને સર્વ પ્રાણીઓમાં રહેલા જોયા, અને ભગવદ્રૂપ પોતાના આત્મામાં પણ સર્વ પ્રાણીઓને જોયાં. ૪૬.

ભગવાનજ પોતાનો આત્મા, તે સર્વપ્રાણીઓમાં રહેલા હતા, એમ સર્વ સ્થલે પોતાના આત્માને તેણે ભગવદ્રૂપ જોયો, અને સર્વ પ્રાણીઓને ભગવદ્રૂપ (પોતાના) આત્મામાં જોયા. જગતના આધાર અને આધેય[1] બનેલ પોતાના આત્મારૂપ ભગવાનનો તેણે સાક્ષાત્કાર કર્યો, એવો અર્થ છે. ૪૬.

૧. આધેય એટલે જે બીજાના આધારે રહેલ હોય તે ( અહિં જગત્ ).

એ પ્રમાણે સંપૂર્ણ જ્ઞાન થતાં ફલ (થયું તે) નીચેના શ્લોકમાં કહે છે :

**ઈચ્છાદ્વેષવિહીનેન સર્વત્ર સમચેતસા ।।**
**ભગવદ્ભક્તિયુક્તેન પ્રાપ્તા ભાગવતી ગતિઃ ।।૪૭।।**

ઈચ્છા અને દ્વેષ વિનાના, સર્વની અંદર સમાનતાવાળા, ભગવાનની ભક્તિવાળા ચિત્તથી તેણે ભગવાન્ સાથે સાયુજ્ય પ્રાપ્ત કર્યું. ૪૭.

જ્યારે વિષયો માટેનાં ઈચ્છા અને દ્વેષ જતાં રહે, અને સર્વમાં ભેદ ન હોવાનું ચિત્ત સ્વીકારે, ત્યારે જ બ્રહ્મરસના સંબંધવાળું ચિત્ત લૌકિક (પદાર્થ)માંથી નીકળી જાય છે. ચિત્તના દોષને લીધે જ વિષયમાં ભેદ જણાય છે. તેમ ન હોય તો એક જ વિષયમાં વારાફરતી રાગ અને દ્વેષ ન થાય. બ્રહ્મ સર્વમાં રહેલું હોવાથી, બ્રહ્મરસના સંબંધવાળું (ચિત્ત સર્વ) સમાન હોવાનું જ સ્વીકારે છે. આથી તેને બ્રહ્મની સ્થિતિ (પ્રાપ્ત થએલ હોવાનું) કહેલું છે. પછી 'ભગવાનની ભક્તિવાળા' વિશેષણથી મુખ્ય ભક્તિ પ્રાપ્ત થયાનું કહે છે. 'હું જે જેવો જેટલો છું'(૧૧।૧૧।૩૩) એ વાક્ય પ્રમાણે તેને જ્ઞાન સાથેની પ્રેમલક્ષણા ભક્તિ ઉત્પન્ન થઈ; અને 'ભગવાન્' શબ્દનો એવો અર્થ છે કે વિષયોના જ્ઞાનરૂપ જ્ઞાન થયું. પછી તેને ભગવાનના સંબંધવાળી ગતિ પ્રાપ્ત થઈ. જે ગતિથી ભગવાન્ પધારે છે તે, અથવા ભગવાનની અંદર ગતિ, અથવા ભગવાનની સ્થિતિ એટલે સાયુજ્ય પ્રાપ્ત થયું, એવો અર્થ છે. ૪૭.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધનાં ચોવીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# || અધ્યાય પચીસમો ||

**ઉક્તશ્ચતુર્ભિરધ્યાયૈઃ સપ્રસંગો હરેર્ભવઃ ||**
**જ્ઞાનરૂપં ચરિત્રં તુ નવભિઃ સ્વસ્ય વર્ણ્યતે ||૧||**

ચાર[1] અધ્યાયોથી પ્રસંગ સાથે હરિનો જન્મ કહ્યો. (તેમનાં) પોતાનાં જ્ઞાનરૂપ ચરિત્રનું તો નવ (અધ્યાયો)થી વર્ણન કરવામાં આવે છે[2]. કા. ૧.

**પ્રકારાઃ સગુણાઃ સર્વે નવાઽધ્યાયાસ્તતોઽત્ર હિ ||**
**નવભાવં ગતા સાઽપિ તદન્તે ત્વભવો ભવેત્ ||૨||**

અહિં સર્વ પ્રકારો સગુણ છે, તેથી ખરેખર નવ અધ્યાયો છે. તે (દેવહૂતિ) પણ નવ સ્વભાવવાળી થઈ. તે પછી તો મુક્તિ થાય. કા. ૨.

**ભગવદ્રૂપનિષ્પત્તૌ ભક્તિર્ભૂતાનિ સર્વથા ||**
**માત્રાસ્તત્ત્વાનિ સર્વાણિ ભુઙ્ક્તે સર્વં યતો હરિઃ ||૩||**

ભગવાનનું સ્વરૂપ પ્રાપ્ત થવામાં ભક્તિ સર્વ પ્રકારે[3] મહાભૂતો છે. સર્વ તત્ત્વો તન્માત્રાઓ છે, કારણ કે હરિ સર્વનો ભોગ કરે છે. કા. ૩.

**આત્મા તસ્યેન્દ્રિયં પ્રોક્તં યેન સર્વં સ પશ્યતિ ||**
**યોગ એવ હરેર્બુદ્ધિસ્તસ્માત્સર્વં પ્રકાશતે ||૪||**

આત્મા જેનાથી તે (હરિ) સર્વ જૂએ છે તે તેમની ઈન્દ્રિય કહેલ છે. યોગ હરિની બુદ્ધિ જ છે. તેનાથી સર્વનો પ્રકાશ થાય છે[4]. કા. ૭.

**પઞ્ચવિંશે તથાઽધ્યાયે ભક્તિયોગો નિરૂપ્યતે ||**
**વૈતૃષ્ણ્યં તસ્ય ચાઙ્ગં હિ ઈતરજ્ઞાનમેવ ચ ||૫||**

અને પચીસમા અધ્યાયમાં ભક્તિયોગ કહેવામાં આવે છે, કારણ કે વૈરાગ્ય અને બીજુંજ્ઞાન તેનાં[5] અંગ છે.કા.૫.

**પરમં સાધનં ભક્તિર્યથા ભવતિ મુક્તયે ||**
**યથાશાસ્ત્રસ્ય કથનં સન્તો ભક્તેશ્ચ સાધકાઃ ||૬||**

જે પ્રકારે મુક્તિ પ્રાપ્ત કરાવે તે પ્રકારનું ઉત્તમ સાધન ભક્તિ છે[6]. તે શાસ્ત્ર પ્રમાણે[7] કહેલી છે, અને ભક્તિ પ્રાપ્ત કરાવનાર સત્પુરુષો[8]નું નિરૂપણ કરેલું છે.કા. ૬.

**વંશ એવ મનોઃ પૃષ્ટસ્તેન જ્ઞાનં ન વર્ણયેત્ ||**
**અતઃ શૌનકસંપ્રશ્નશ્ચરિત્રત્વં ચ બુધ્યતે ||૭||**

મનુનો વંશ જ પૂછેલો તેથી જ્ઞાનનું નિરૂપણ ન કરે. તેથી શૌનકનો પ્રશ્ન

અને ચરિત્ર જોવામાં આવે છે. કા. ૭.

૧. એકવીસથી ચોવીસ સુધીના ચાર અધ્યાયોથી.

૨. વિદુરે ૩।૩।૫ માં પ્રશ્ન કરેલ તેથી અહિં ભેદ જણાવે છે. અહિં જે પદાર્થો કહેલા છે. તે ૩।૧૩।૪ ના પ્રશ્ન પ્રમાણે કરેલા છે. પ્રસંગથી ઉત્પન્ન થતા હોવાથી કહેલા છે. (પ્ર)

૩. સર્વ પ્રકારે મહાભૂતો ઉપયોગી હોવાથી. (પ્ર)

૪. ભગવદર્થસૃષ્ટિમાં રહેલાં મહાભૂત, તન્માત્રા, ઈન્દ્રિય તથા બુદ્ધિનાં લક્ષણ ત્રીજી તથા ચોથી કારિકામાં કહેલાં જાણવાં. આ બે કારિકાથી સ્કંધના અર્થ (સર્ગ) પ્રમાણે પચીસમાથી અઠ્ઠાવીસમા સુધીના ચાર અધ્યાયોની સંગતિ કહેલી છે. (પ્ર)

૫. 'તેનાં' એટલે ભક્તિયોગના ફલ પ્રાપ્ત કરવામાં ઉપયોગી અંગો છે. 'બીજું જ્ઞાન' એટલે (સર્વથી) જૂદા તરીકે આત્માનું જ્ઞાન, બે અંગોવાળી ભક્તિ ભગવાન્ માટે રચાએલાં મહાભૂતોના આધિદૈવિક સંસ્કારરૂપ અહિં કહેલી છે, એવો અર્થ છે. (પ્ર)

૬. બીજા પ્રકારે (પુરુષાર્થના પ્રકારે) વિભાગ પાડતાં, આ 'ધર્મ' જણાવનાર અધ્યાય છે. (પ્ર)

૭. 'શાસ્ત્ર પ્રમાણે' એટલે શાસ્ત્રનું ઉલ્લંઘન ન થાય તેવી રીતે, કારણ કે આ 'ધર્મ' જણાવનાર છે, એવો અર્થ છે. (પ્ર)

૮. સત્પુરુષોનું નિરૂપણ તો ગુરુ ઉપયોગી હોવાથી બંને પ્રકારના (વિભાગમાં) સામાન્ય છે. આ કારિકામાં 'ચ' 'અને' શબ્દથી સત્પુરુષોને ધર્મની પણ પ્રાપ્તિ કરાવનાર જણાવેલા છે. (પ્ર)

ગયા અધ્યાયમાં કપિલની ઉત્પત્તિ કહી. તેમનું જ્ઞાનરૂપ ચરિત્ર કહ્યું નહિ, તેથી નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી શૌનક તે પૂછે છેઃ

**કપિલસ્તત્ત્વસંખ્યાતા ભગવાન્ સ્વાત્મમાયયા ।।**
**જાતઃ સ્વયમજઃ સાક્ષાદાત્મપ્રજ્ઞપ્તયે નૃણામ્ ।।૧।।**

તત્ત્વોની ગણત્રી કરનાર ભગવાન્ કપિલે-પોતે જન્મરહિત હોવા છતાં મનુષ્યોને આત્માનું જ્ઞાન થાય તે માટે-પોતાની માયાથી મનુષ્યદેહથી જન્મ લીધો. ૧.

**ચરિત્રકથનપ્રશ્નસ્તત્રાતૃપ્તિસ્તથાત્મનઃ ।।**
**સામાન્યતોઽપ્યતૃપ્તિશ્ચ પ્રકૃતૌ સાધિકા મતા ।।૮।।**

ચરિત્ર કહેવા સંબંધી પ્રશ્ન (૧) તેમજ તે વિષયમાં પોતાની તૃપ્તિ થતી ન હોવાનું (કહેવું) (૨), અને સામાન્ય રીતે (ચરિત્રના કથનથી) તૃપ્તિ થયેલ નથી. સ્વભાવમાં તે (તૃપ્તિ)ને અધિક માનેલી છે. (૩). કા.૮.

આરંભમાં ચરિત્ર પૂછે છે. 'તત્ત્વસંખ્યાતા' એટલે તત્ત્વોની ગણત્રી કરનાર; તત્ત્વો સંબંધી શંકા હોવાથી અહિં બીજો કોઈ તે કહી શકે તેમ નથી એવો (અર્થ છે). 'ભગવાન્' શબ્દથી એમ (કહેલું છે કે) જ્ઞાન (કપિલનો) પોતાનો ગુણ હોવાથી, પોતાના અવતાર વિના જ્ઞાન પ્રકટ થશે નહિ. 'પોતાની માયા'થી એટલે સર્વ થવાની

શક્તિથી કપિલનાં સ્વરૂપથી 'જાતઃ' સાક્ષાત્ પ્રકટ થયા. પોતે જન્મરહિત હોવા છતાં-(તેમને) લોક પોતાની જાતના ન જાણે તો (તેમનું) માને નહિ[1] તેથી મનુષ્યોને 'આત્મપ્રજ્ઞપ્તયે' આત્માનું સારી રીતે જ્ઞાન થાય તે માટે-પોતે મનુષ્યદેહથી જન્મ લીધો, એવો અર્થ છે. આથી[2] એવો નિશ્ચય થાય છે કે જીવોને આત્માનું જ્ઞાન થાય તે માટે તેનાથી[3] તેમણે કાંઈક કર્યું. તે (તમે મને) કહો, એવો અર્થ છે. ૧.

૧. 'તેમનું માને નહિ' એટલે તે જન્મરહિત અને પોતાથી જ પ્રકાશતા હોવાનું ન માને. (પ્ર) તેમનો ઉપદેશ માને નહિ, તેમના ઉપદેશની દરકાર કરે નહિ એવો અર્થ જણાય છે. (પ્ર)
૨. 'આથી' એટલે આ કહ્યું તેથી. (પ્ર)
૩. 'તેનાથી' એટલે તે (કપિલના) પ્રાકટ્યથી. (પ્ર)

(ઉપર) કહેલું કારણથી (કારણ જણાવી) નીચેના શ્લોકથી સિદ્ધ કરે છેઃ

**ન હ્યસ્ય વર્ષ્મણઃ પુંસાં વરિમ્ણઃ સર્વયોગિનામ્ ।।**
**વિશ્રુતૌ શ્રુતદેવસ્ય ભૂરિ તૃપ્યન્તિ મેઽસવઃ ।।૨।।**

પુરુષોમાં શ્રેષ્ઠ સર્વ યોગીઓએ વરણ કરવા યોગ્ય, કીર્તિથી પ્રાપ્ત થતા આમનું નિરંતર શ્રવણ કરતાં મારા પ્રાણોને બહુ તૃપ્તિ થતી નથી. ૨.

પુરુષોમાં 'વર્ષ્મણઃ' શ્રેષ્ઠ, સર્વ યોગીઓએ 'વરિમ્ણઃ' વરણ કરવા યોગ્ય (આમની) 'વિશ્રુતૌ' કીર્તિનું નિરંતર શ્રવણ કરવા છતાં (તૃપ્તિ થતી નથી). શ્રવણમાં જ દેવનો પ્રકાશ થાય છે, અથવા શ્રવણથી (તે) પ્રકાશે છે, અથવા કીર્તિ જેમને પ્રિય છે તેવા (તે છે), અથવા કીર્તિથી (કીર્તનથી) પ્રાપ્ત થાય તેવા છે[1]. મારા 'અસવઃ' પ્રાણોને બહુ તૃપ્તિ થતી નથી. તેથી સામાન્ય રીતે (તમે) વર્ણન કરેલ હોવા છતાં સંપૂર્ણ રીતે વર્ણન કરો, એવો ભાવ છે. ૨.

૧. આ વાક્યમાં 'શ્રુતદેવસ્ય' 'કીર્તિથી' પ્રાપ્ત થતા શબ્દના અર્થો કરેલા છે.

નીચેના શ્લોકમાં સામાન્ય રીતે બધુંએ ભગવાનનું ચરિત્ર પૂછે છેઃ

**યદ્યદ્વિધત્તે ભગવાન્ સ્વચ્છન્દાત્માઽઽત્મમાયયા ।।**
**તાનિ મે શ્રદ્દધાનસ્ય કીર્તન્યાન્યનુકીર્તય ।।૩।।**

ભક્તોની ઈચ્છાને અનુસરવાના સ્વભાવવાળા ભગવાન્ પોતાની માયાથી જે જે કરે છે તે કીર્તન કરવા યોગ્ય (કાર્યો) શ્રદ્ધાવાળાને મને કહો. ૩.

'સ્વાનાં' ભક્તોની 'છન્દઃ' ઈચ્છા, તેને અનુસરવાનો સ્વભાવ છે જેમનો તેવા (ભગવાન્ છે). ચરિત્ર કરવામાં પણ પોતાની માયા (તેમનું) સાધન છે. 'જે જે' શબ્દોથી (એમ જણાવેલું છે કે) જ્ઞાન ક્રિયા વિગેરેના ભેદોની (આમાં) જરુર નથી. તે બધાંએ (કાર્યો) સંપૂર્ણ રીતે કીર્તન કરવા યોગ્ય હોવાથી તમારે જરુર કહેવાં જોઈએ,

(અને) શ્રદ્ધાળુએ મેં (તેમનું) અવશ્ય શ્રવણ કરવું જોઈએ. મારી શ્રદ્ધા પણ તમારે કહેવાનાં કારણરૂપ છે. ૩.

જેવા શૌનકે પ્રશ્ન કર્યા, તેવા જ વિદુરે કરેલા, એમ નીચેના શ્લોકમાં કહેતાં, (સૂત) મૈત્રેય દ્વારા જ આ ચરિત્ર કહે છેઃ

॥ સૂત ઉવાચ ॥

**દ્વૈપાયનસખસ્ત્વેવં મૈત્રેયો ભગવાંસ્તથા ॥**

**પ્રાહેદં વિદુરં પ્રીત આન્વીક્ષિક્યાં પ્રચોદિતઃ ॥૪॥**

આન્વીક્ષિકીના સંબંધમાં એ પ્રમાણે પ્રેરણા કરાએલા વ્યાસના મિત્ર ભગવાન્ મૈત્રેયે પ્રસન્ન થઈ વિદુરને તે પ્રમાણે આ કહેલું. ૪.

આન્વીક્ષિકીના સંબંધમાં વિદુરથી પ્રેરણા કરાયેલા મૈત્રેયે વિદુરને ઉત્તર આપેલો, એવો (વાક્યનો) સંબંધ છે. વિદુરનો પ્રશ્ન થતાં, (તેનો) અવશ્ય ઉત્તર આપવા માટે મૈત્રેયના ત્રણ ગુણો કહેલા છે કે ૧.(વિદુરના) પિતાનો મિત્ર હોવાથી ૨. જગતનો મિત્ર હોવાથી અને ૩. ભગવાન્ હોવાથી (મૈત્રેયે ઉત્તર આપ્યો), કારણ કે ૧.વિદુર વ્યાસનો પુત્ર હતો ૨.પ્રાણી અને ૩.ભક્ત[1] હતો. 'આન્વીક્ષિકી' એટલે આત્મવિદ્યા. કેટલાક મનનરૂપ વિદ્યા એમ (તેનો અર્થ કરે છે.) ૪.

૧. (૧) મૈત્રેય વ્યાસનો મિત્ર હતો. (જુઓ ૩।૫।૧૨) અને વ્યાસ વિદુરના પિતા હતા. (૨) મૈત્રેય જગતનો એટલે પ્રાણિમાત્રનો મિત્ર હતો અને વિદુર પ્રાણી હતો. (૩) મૈત્રેય ભગવાન્ હતા અને વિદુર ભક્ત હતો.

દેવહૂતિ અને કર્દમનો સંવાદ કહેવા માટે, કર્દમ ગયા પછી કપિલ ત્યાં જ રહ્યા એમ મૈત્રેય નીચેના શ્લોકમાં કહે છેઃ

॥ મૈત્રેય ઉવાચ ॥

**પિતરિ પ્રસ્થિતેઽરણ્યં માતુઃ પ્રિયચિકીર્ષયા ॥**

**તસ્મિન્બિન્દુસરેઽવાત્સીદ્ભગવાન્ કપિલઃ કિલ ॥૫॥**

પિતા વનમાં ગયા, ત્યારે માતાનું પ્રિય કરવાની ઈચ્છાથી ભગવાન્ કપિલ ખરેખર તે બિંદુ સરોવરમાં રહ્યા. ૫.

મોટા પુરુષોનું ઘરમાં રહેવાનું માબાપ માટે હોય છે એમ જણાવવા, પિતા વનમાં ગયા, ત્યારપછી માતાનું પ્રિય કરવાની ઈચ્છાથી (કપિલ) તે જ બિંદુ સરોવર સમીપ રહ્યા. 'બિન્દુઃ' બિંદુ છે 'સરસિ' સરોવરમાં જેની અંદર તે ('બિન્દુસરઃ' એમ) સમાસના અંતે 'અ' છે. (ત્યાં કપિલે) વાસ જ કર્યો, કારણ કે જિજ્ઞાસા થયા પછી જ કહેવું (ઉપદેશ આપવો) જોઈએ, કેમકે ભૂખ્યાને જ અન્નનું દાન થાય.

ભવિષ્યમાં થવાનો વૃત્તાંત (તે) જાણતા હતા, એમ જણાવવા 'ભગવાન્' શબ્દ (યોજેલો છે). 'કપિલ' નામથી તે પ્રયોજનથી જ અવતાર (લીધાનું) સૂચવેલ છે. 'કિલ' 'ખરેખર' શબ્દથી એમ (જણાવ્યું છે કે) ભગવાનની ક્યાંય પણ (બીજાને) અધીનપણાથી સ્થિતિ અયોગ્ય છે. 'કિલ' શબ્દથી (આ વૃત્તાંત) પ્રસિદ્ધ હોવાથી (મૈત્રેયે) પોતાનો દોષ ન હોવાનું (જણાવ્યું છે). ૫.

**તમાસીનમકર્માણં તત્ત્વગ્રામાગ્રદર્શનમ્ ।।**
**સ્વસુતં દેવહૂત્યાહ ધાતુઃ સંસ્મરતી વચઃ ।।૬।।**

બ્રહ્માનાં વચનનું સ્મરણ કરતાં દેવહૂતિએ કર્મમાં ન રોકાએલા, તત્ત્વોના સમૂહના નિર્ણયનાં જ્ઞાનવાળા, બેઠેલા પોતાના તે પુત્રને (નીચે પ્રમાણે) કહ્યું. ૬.

પછી પતિ જતાં થએલ તીવ્ર શોક જતો રહ્યો ત્યારપછી દેવહૂતિએ તે બેઠેલા પુત્રને કહ્યું, એવો (વાક્યનો) સંબંધ છે. જ્ઞાનના ઉપદેશને દઢ કરવામાં (તે પુત્રની) પ્રસિદ્ધિ હતી. 'બેઠેલા' વિશેષણથી (એમ કહેલું છે કે તે સમયે તે) ચિંતાતુર ન હતા. 'કર્મમાં ન રોકાએલા' એટલે તપ યોગ વિગેરેરૂપ કોઈ પણ, કર્મમાં રોકાએલા નહતા. તેમ ન હોય (કર્મમાં રોકાએલા હોય), તો તેવાને પ્રશ્ન કરવો યોગ્ય નથી. તત્ત્વોના સમૂહનો 'અગ્રં' નિર્ણય, તેનું જ્ઞાન હતું જેમને તેવા, એ વિશેષણથી પ્રશ્ન કરવા માટે યોગ્ય સ્વરૂપ કહેલું છે. 'પોતાના પુત્રને' શબ્દથી વિશ્વાસ, નિર્ભયપણું અને દોષ ન હોવાપણું કહેલ છે. જો કે પતિએ પુત્ર જ્ઞાન આપશે એમ કહેલું, છતાં તે આશ્વાસન આપવા માટે પણ (કહેલું) હોય, તેથી 'હે મનુની પુત્રિ ! આ (કૈટભનો નાશ કરનાર) તારા ગર્ભમાં પ્રવેશેલા છે' (૩।૨૪।૧૮) એ બ્રહ્માનું વચન બ્રહ્માએ કહેલું, તેને જ પ્રમાણ ગણેલું છે, કારણ કે તે સૃષ્ટિ ઉત્પન્ન કરનાર સર્વના પિતાને સ્થાને હોવાથી (તેમને) તેમ કહેવામાં કાંઈપણ પ્રયોજન હોવાનું સંભવતું નથી. ૬.

પોતે પ્રશ્ન કરનારી છે અને તેમણે ઉત્તર આપવા જ અવતાર લીધેલો છે એમ તેની (દેવહૂતિની પોતાની) પ્રાર્થના કહેવા માટે દઢ કરતાં, (દેવહૂતિ) નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી ભગવાનની સ્તુતિ કરે છે. તેમાં આરંભમાં નીચેના શ્લોકમાં પોતાનો વૈરાગ્ય કહે છેઃ

।। દેવહૂતિરુવાચ ।।

**નિર્વિણ્ણા નિતરાં ભૂમન્નસદિન્દ્રિયતર્પણાત્।।**
**યેન સંભાવ્યમાનેન પ્રવિષ્ટાઽન્ધંતમઃ પ્રભોઃ ।।૭।।**

હે સર્વશક્તિવાળા ! દુષ્ટ ઈન્દ્રિયોની વૃત્તિ, જેને આદરપૂર્વક કરવાથી, હે પ્રભો ! મારો અંધતમઃમાં પ્રવેશ થએલો છે, તેનાથી મને ઘણો જ ખેદ થએલો છે. ૭.

'ભૂમન્' 'હે સર્વશક્તિવાળા! ' સંબોધન કપિલમાં સર્વ શક્તિ હોવાનું સૂચવે છે. દુષ્ટ ઇન્દ્રિયોની તૃપ્તિ કરવાથી મને ખેદ થએલો છે. ઇન્દ્રિયો પોતાને માટે ઉપયોગી નથી. ભગવાન્ સર્વરૂપ હોવાથી જો '(આ)ભગવાન્ છે' એવી બુદ્ધિથી તેમનું પોષણ કરવામાં આવે તોપણ આ દુષ્ટ હોવાથી, પોતાનો ગુણ ભાવ કરવાની (ભજવવાની) જ, કારણ કે ઇન્દ્રિયો ઉત્તમ હોય ત્યારે જ ભગવાનનું ભજન થાય છે એવો સિદ્ધાંત છે. તેથી જ દુષ્ટ ઇન્દ્રિયો હોય ત્યારે જેમનો પરિચય નથી તેવા ભગવાનના ચરણની સેવા ન કરવી, કારણ કે ભગવાન્ પ્રકટ થએલા ન હોય ત્યારે જેનો આશ્રય કરવામાં આવે તેના ગુણો સર્વથી બલવાન હોય છે. તેથી 'દુષ્ટ ઇન્દ્રિયોની તૃપ્તિથી મને ખેદ થએલો છે' એમ કહેલું છે. ખેદના કારણરૂપ ઇન્દ્રિયોએ કરેલો અપરાધ ઉત્તરાર્ધથી કહેલો છે. જે ઇન્દ્રિયોની તૃપ્તિ સદા આદરપૂર્વક કરવાથી મારો અંધતમઃમાં પ્રવેશ થએલો છે. 'સમ્ભાવના' એટલે આદરપૂર્વક તેની પૂર્તિ કરવી. દુષ્ટોનું કાર્ય પોષણ કરનારનો નાશ કરવાનું હોવાથી, મેં 'અંધતમઃ' એટલે મહામોહમાં પ્રવેશ કરેલો છે. 'હે પ્રભો !' સંબોધનથી જેમ બીજાએ પીડેલો પુરુષ પ્રભુના સ્થાનમાં કકળાટ કરે છે, તેવો કકળાટ જણાવેલો છે.૭.

આપે તો આ પ્રયોજનથી જ અવતાર લીધેલો છે એમ કહે છેઃ

**તસ્ય ત્વં તમસોઽન્ધસ્ય દુષ્પારસ્યાદ્ય પારગમ્ ।।**
**સચ્ચક્ષુર્જન્મનામન્તે લબ્ધં મે ત્વદનુગ્રહાત્ ।।૮।।**

તરી ન શકાય તેવા તે અંધતમઃને પાર લઈ જનાર ઉત્તમ ચક્ષુરૂપ આપને મેં આપની કૃપાથી જન્મો પછી હમણાં પ્રાપ્ત કરેલ છે. ૮.

ઇન્દ્રિયો વિગેરેએ (પ્રાપ્ત) કરાવેલા, દેશ અને કાલની હદવિનાના અંધતમઃને (પેલે) પાર જે ચક્ષુ પોતાની અલૌકિક શક્તિથી લઈ જાય તે જ આપ છો, (અને) ઘણા જન્મો પછી 'મે' મેં (તે ચક્ષુ) પ્રાપ્ત કરેલ છે. તે (પ્રાપ્ત કરવા)નું પણ સાધન આપની કૃપા જ છે. ૮.

વળી આપ સાક્ષાત્ ભગવાન્ છો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ય આદ્યો ભગવાન્પુંસામીશ્વરો વૈ ભવાન્ કિલ ।।**
**લોકસ્ય તમસોઽન્ધસ્ય ચક્ષુઃ સૂર્ય ઈવોદિતઃ ।।૯।।**

આપ ભગવાન્ જે પુરુષોમાં આદ્ય અને પુરુષોના ખરેખર ઈશ્વર છો તે સૂર્યની પેઠે અંધકારને લીધે અંધ બનેલા લોકના પ્રકાશ કરનાર તરીકે ઉત્પન્ન થએલા છો. ૯.

(આપ) આદ્ય પુરુષ છો. બ્રહ્મા વિગેરે સર્વ પુરુષોના આપ જ આદ્ય

કારણરૂપ છો, અને કારણ જ બ્રહ્મ છે. (આપ) કાલ વિગેરે નથી એમ જણાવવા 'ભગવાન્' શબ્દ યોજેલો છે. (કપિલ) માત્ર ઉત્પન્ન કરનાર હોય તો બ્રહ્મ હોવાનું સિદ્ધ થાય નહિ, તેથી 'આપ પુરુષોના ખરેખર ઈશ્વર છો' શબ્દોથી વશ રાખનાર હોવાનું પણ કહેલું છે. 'કિલ' 'ખરેખર' શબ્દથી પ્રમાણ (જણાવ્યું છે), અને વળી આપે પાલન કરવા માટે અવતાર લીધેલો છે, કારણ કે અંધકારને લીધે અંધ બનેલા લોકના ચક્ષુરૂપ અને સૂર્યરૂપ આપ ઉત્પન્ન થએલા છો. અંધકારથી અંધ બનેલાના ચક્ષુ એટલે પ્રકાશક અથવા સૂર્ય આપ છો. મારું પણ આપ ચક્ષુ છો, (અને) લોકનું ચક્ષુ[1] છો એમ (કહેલ) હોવાથી ફરી તે જ અર્થ કહેવારૂપ (દોષ) નથી. અથવા (મારા) પોતાના પ્રતિ ચક્ષુરૂપ અને સર્વ પ્રતિ સૂર્યરૂપ (આપ છો). ૮.

૧. ગયા શ્લોકમાં પોતાનું ચક્ષુ કહેલ અને અહિં લોકનું ચક્ષુ કહે છે, તેથી ફરી તે જ અર્થ કહેવારૂપ દોષ નથી, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે ભગવાનની સ્તુતિ કરી, નીચેના શ્લોકમાં વિજ્ઞપ્તિ કરે છેઃ

**અથ મે દેવ સંમોહમપાકૃષ્ટું ત્વમર્હસિ ।।**
**યોઽવગ્રહોઽહંમમેતીત્યેતસ્મિન્યોજિતસ્ત્વયા ।।૧૦।।**

હવે હે દેવ ! 'હું મારું' એવો જે આગ્રહ આ (દેહ)માં આપે મૂકેલો છે તે મારો ઘણો મોહ આપ દૂર કરો. ૧૦.

હે મોહનો નાશ કરનાર દેવ ! મારો મોહ આપ દૂર કરો. આ (કરવા)ની આપની જ શક્તિ છે, કારણ કે આપે જ આ દેહમાં 'હું મારું' એવો 'અવગ્રહઃ' આગ્રહ મૂકેલો છે, તેથી આપે જ (તે) દૂર કરવો જોઈએ. ૧૦.

'બધામાં હું (આગ્રહ) મૂકું છું, પરંતુ દૂર કરતો નથી' એમ કહેવામાં આવે, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**તં ત્વા ગતાઽહં શરણં શરણ્યં સ્વભૃત્યસંસારતરોઃ કુઠારમ્ ।।**
**જિજ્ઞાસયાઽહં પ્રકૃતેઃ પૂરુષસ્ય નમામિ સદ્ધર્મભૃતાં વરિષ્ઠમ્ ।।૧૧।।**

તે શરણ કરવા યોગ્ય, પોતાના સેવકોના સંસારરૂપ વૃક્ષના કુહાડારૂપ આપને હું શરણ આવું છું, પ્રકૃતિનું અને પુરુષનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છાથી ઉત્તમ ધર્મ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ આપને હું નમન કરું છું. ૧૧.

શરણ આવેલાનો (મોહ) તો આપ દૂર કરો છો. 'તે' એટલે મોહ દૂર કરવાની શક્તિવાળા આપ (મને) ભાગ્યથી પ્રાપ્ત થયા છો, તેથી હું (આપના) શરણ આવું છું, અને આપ શરણ કરવા યોગ્ય છો.

**યથા વિદ્યાસુ યા વિદ્યા યસ્ય તત્રૈવ સા ભવેત્ ।।**

**શરણાગતધર્મોઽપિ શરણ્યે સોઽપિ કશ્ચન ॥૯॥**
**સ્વસ્વામી હરિરેવૈકઃ શરણ્ય ઈતિ તદ્વચઃ ॥**

જેમ વિદ્યાઓમાં જેની જે વિદ્યા હોય તે તેની અંદર જ રહે છે, તેમ શરણ આવેલા પ્રતિનો ધર્મ પણ શરણ કરવા યોગ્યમાં રહેલો છે. તે ( શરણ કરવા યોગ્ય ) પણ કોઈક છે. પોતાના સ્વામી હરિ એકલા શરણ કરવા યોગ્ય હોવાથી તે ( તેવું ) વચન ( કહેલું છે ). કા. ૯ ૧/૨.

વળી સ્વભાવથી પણ ભગવાન્ પોતાના સેવકોના સંસારને ફીટાડે છે, અને શરણ આવેલાઓ સેવક સમાન છે. તેથી શરણ આવતાં (જતાં), સંસાર ફીટાડવાનું (ભગવાન્) પોતે જ કરશે, એમ 'સંસારરૂપ વૃક્ષના કુહાડારૂપ' શબ્દથી કહેલું છે. કલ્પથી આરંભી મોક્ષ (પ્રાપ્ત) થાય ત્યાં સુધી ચાલુ રહેતા, આરંભરહિત અને અંતવાળા, કર્મ કાલ વિગેરે મુકરર કરેલા અંત વિનાના (સંસારરૂપ વૃક્ષનો) 'કુઠારં' છેદ કરનાર (આપ છો). તે સંસારમાં જો ભગવાન્ પ્રવેશ કરે, તો જેમ કુહાડાનો (વૃક્ષમાં) પ્રવેશ થતાં (તેનો નાશ થાય છે), તેમ તેનો (સંસારનો) નાશ થાય. તે (ભગવાન્) પતિ, પુત્ર વિગેરે સ્વરૂપથી ભક્તોના સંસારમાં જ પ્રવેશ કરે છે, બીજાના (સંસારમાં પ્રવેશ કરતા) નથી. તેથી 'પોતાના સેવકોના' એમ કહેલું છે, કારણ કે તે (સેવકો પોષણ કરવા યોગ્ય) છે. કાલ અથવા કર્મ તેમનું પોષણ કરતાં નથી તેથી, અને (ભગવાન્) અદ્ભુત કર્મ કરનારા હોવાથી તેમનો સંસારમાં પ્રવેશ, (સંસારનો) નાશ કરનારો થાય છે. 'વૃક્ષના' એ એકવચનથી એમ સૂચવેલું છે કે બધાએ ભક્તો ભગવદીય તરીકે એક ભાવના વિગેરે ગુણવાળા હોવાથી (તેઓનો) સંસાર એક જ છે. જો કે (ભક્તના) પોતાના પ્રયત્ન વિના જ, (સંસારની) અંદર પ્રવેશ કરેલા (ભગવાન્) પોતે જ (તેનો) નાશ કરશે અને આ તેમને પ્રવેશ કરાવવાનો પ્રયત્ન નથી, છતાં પણ જિજ્ઞાસાને લીધે સર્વ તત્ત્વોનું જ્ઞાન થાય તે માટે પ્રયત્ન કરવામાં આવે છે એમ 'હું નમન કરું છું' (વિગેરે) શબ્દોથી કહે છે. પ્રકૃતિ અને પુરુષનાં જ્ઞાનની ઈચ્છાથી આપને ગુરુ તરીકે હું નમન કરું છું. ખાસ ગુણના ભેદથી માતા પણ નમસ્કાર કરે તેમાં દોષ નથી; કારણ કે જેમ દેહ તે (માતા)થી ઉત્પન્ન થએલો અને પુષ્ટ થએલો છે, તેમ જ્ઞાન અથવા ફલ જેનાથી ઉત્પન્ન (પ્રાપ્ત) થાય, તે સેવક પુત્ર અથવા બીજો કોઈ (હરકોઈ હોય) તે જૂદો ખાસ ગુણ હોવાને લીધે નમસ્કાર કરવા યોગ્ય જ છે. 'પુરુષ જ આદર કરવા યોગ્ય છે, પ્રકૃતિ (તેવી) નથી' એવું જ્ઞાન થાય તે માટે પ્રકૃતિ અને પુરુષનો ભેદ સંપૂર્ણ રીતે કરવો (જાણવો) જોઈએ.

'ઉત્તમ ગુણ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ' શબ્દોથી ગુરુનું લક્ષણ કહેલું છે.

શાંતિ વિગેરે બ્રહ્મના ગુણો ઉત્તમ ગુણો છે, તેમને જેઓ ધારણ કરે છે, પરંતુ માત્ર કોઈક સમયે આચરતા નથી, એટલે જેઓમાં શાંતિ વિગેરે દઢ છે એવો અર્થ છે. તેઓમાં ( આપ ) શ્રેષ્ઠ છો. તેઓ જ ગુરુઓ થવા યોગ્ય છે, તો પછી તેઓના ગુરુ (આપ યોગ્ય હો તે) માં કહેવું જ શું ? ૧૧.

એ પ્રમાણે તર્ક સાથેનું માતાનું વચન શ્રવણ કરીને, માત્ર પૂછેલું સ્વરૂપ કહેવાથી જ્ઞાન થઈ શકશે નહિ એવા વિચારથી (કપિલે) બધોએ શાસ્ત્રાર્થ કહ્યો એમ (મૈત્રેય) નીચેના શ્લોકથી કહે છેઃ

॥ મૈત્રેય ઉવાચ ॥

**ઈતિ સ્વમાતુર્નિરવદ્યમીપ્સિતં નિશમ્ય પુંસામપવર્ગવર્ધનમ્ ॥**
**ધિયાઽભિનન્દ્યાઽઽત્મવતાં સતાં ગતિર્બભાષ ઈષત્સ્મિતશોભિતાનનઃ ॥૧૨॥**

એ પ્રમાણે પોતાની માતાનું દોષરહિત પુરુષોના મોક્ષની વૃદ્ધિ કરનારું ઈચ્છેલું જાણીને, બુદ્ધિથી (તેનું) અભિનંદન કરી, સહેજ હાસ્યને લીધે શોભતા મુખવાળા, ઉત્તમ ભગવદીયોનાં ફલરૂપ (ભગવાને તેને નીચે પ્રમાણે) કહ્યું.૧૨.

(દેવહૂતિ) પોતાની માતા હોવાથી, ગુરુ તરીકે તેનાં વચનનો આદર કરવો જોઈએ, અને (તે) દોષરહિત હોવાથી તે (કપિલ)નું ઈચ્છેલું હતું, કારણ કે તેનો વિષય સંસારને ફીટાડનારો હતો, કે જેને માટે તેણે અવતાર લીધો હતો. તે બંને[1] એક પ્રકારનાં જ થયાં, તેથી સંતોષથી તેણે કહ્યું એમ જણાવે છે. 'પુરુષોના મોક્ષની વૃદ્ધિ કરનારું' વિશેષણથી એમ (જણાવેલું છે કે) જો એક (પુરુષ)ને સાધનથી મુક્તિ પ્રાપ્ત થાય, તો તેને જોઈને બીજો પણ સાધન કરવાનો ઉદ્યમ કરે, એમ મોક્ષની (તે) વૃદ્ધિ કરે છે. મુખથી (કપિલ) અભિનંદન કરે, તો (દેવહૂતિ) સ્ત્રી હોવાથી કદાચ અભિમાનનો આશ્રય કરે. તેથી બુદ્ધિથી અભિનંદન કરી, પ્રશ્ન કરનારના ગુણના વિચાર પ્રમાણે કહેવાનું જણાવી, પોતાના ગુણના વિચાર પ્રમાણે પણ કહેવાનું તેમણે જરુરી (માન્યું) એમ 'ઉત્તમ ભગવદીયોનાં ફલરૂપ' શબ્દોથી કહેલું છે. 'આત્મવન્તઃ' શ્રીકૃષ્ણ સાથે રહેનારા (ભગવદીયો), તેવા હોવાનું બહારનું ચિહ્ન જિતેંદ્રિયપણું છે. ઉત્તમ પુરુષો તે ગુણવાળા છે. પૂર્ણ સાધનવાળા, ભગવાનના ગુણથી ગુણવાળાઓએ જે 'ગતિઃ' પ્રાપ્ત કરવા યોગ્ય છે તેવા (કપિલ છે). તેથી આ (કપિલ) ફલરૂપ છે. તેનાં સાધન કરવામાં આવે ત્યારે પ્રાપ્ત થાય તેવા હોવાથી, સ્વરૂપનું દાન કરવાના ઉપાયરૂપ સાધન તે અવશ્ય કહેશે એમ કહેલું છે. 'સહેજ હાસ્યથી શોભતું હતું મુખ જેમનું' એ વિશેષણથી (કપિલનો) સંતોષ જણાવેલો છે, કારણ કે સંતોષ પામેલાનું વચન જ ફલ પ્રાપ્ત કરાવનારું છે. મંદહાસ્ય પણ મંદ અને

સહેજ મોહ કરાવનારું હતું, કારણ કે (કપિલ) પુત્રપણું સાચવતા હતા. ૧૨.

૧. માતાનું વચન અને પોતાના અવતારનું પ્રયોજન એ બંને, એવો અર્થ જણાય છે.

સાંખ્ય(મત)માં ત્યાગ સદાનો હોવાથી, તે ન કહેતાં, અંગ તરીકે તે (ત્યાગ) કહીશ એમ વિચારી નીચેના શ્લોકથી આરંભી પંદર (શ્લોકો)થી યોગ પ્રમાણે જ શાસ્ત્રાર્થ કહે છે.

**યોગઃ પ્રશંસારૂપેણ પ્રમાણેનાપિ વર્ણ્યતે ।।૧૦।।**
**ચિત્તાલંબનરૂપો હિ યોગસ્તત્ર પ્રતિષ્ઠિતઃ ।।**

યોગનું નિરૂપણરૂપ લક્ષણથી[૧] (૧૦) અને પ્રમાણથી (૧૧) પણ વર્ણન કરવામાં[૨] આવે છે, કારણ કે ચિત્તના પ્રયત્નરૂપ યોગ તેમાં[૩] સ્થિર રહેલો છે. કા.૧૦ ૧/૨.

**અન્તરાત્મા સ્વયં ચિત્તમિન્દ્રિયાણિ તથા તનુઃ ।।૧૧।।**
**વેદે સાંખ્યે ચ યોગે ચ શૈવે વૈષ્ણવ એવ ચ ।।**
**મૂલરૂપાણિ શાસ્ત્રાણાં નિયમાર્થં નિરૂપણાત્ ।।૧૨।।**

અંતરાત્મા[૪], (જીવ) પોતે[૫], ચિત્ત, ઈન્દ્રિયો અને દેહને વેદમાં સાંખ્યમાં અને યોગમાં શૈવ (શાસ્ત્ર)માં તેમજ વૈષ્ણવ (શાસ્ત્ર)માં જાણવા યોગ્ય સ્વરૂપવાળાં (કહેલાં છે), કારણ કે શાસ્ત્રો (આમને) નિયમમાં રાખવા કહેલાં[૬] છે. કા. ૧૨.

**આત્મશેષો હ્યહંકારઃ સ સાંખ્યે વિનિરૂપ્યતે ।।**
**એકીકૃત્ય મનશ્ચિત્તં યોગો હ્યત્ર પ્રવર્તતે ।।૧૩।।**

કારણ કે આત્માના પરિણામરૂપ અહંકાર છે, તેનું સાંખ્યમાં નિરૂપણ[૭] કરેલું છે. અહિં[૮] મન અને ચિત્તને એક કરી ખરેખર યોગની પ્રવૃત્તિ થએલી[૯] છે. કા. ૧૩.

**જ્ઞાનક્રિયારૂપભેદાચ્છાસ્રાર્થે જ્ઞાનમુખ્યતા ।।**
**અતશ્ચિત્તં પુરસ્કૃત્ય યોગમાહ હરિઃ સ્વયમ્ ।।૧૪।।**

જ્ઞાનરૂપ અને ક્રિયારૂપના ભેદથી પ્રવર્તતા શાસ્ત્રના અર્થમાં જ્ઞાન મુખ્ય છે. તેથી ચિત્તનો આદર કરીને[૧૦] હરિએ પોતે યોગ કહેલો છે. ૧૪.

**ચિત્તસ્ય રૂપભેદશ્ચ યચ્ચ રૂપમિહોચિતમ્ ।।**
**તાદૃશસ્ય ફલં ચાપિ સાધનાનિ બહૂનિ ચ ।।૧૫।।**

અને ચિત્તનાં સ્વરૂપનો ભેદ (૧૫) અને (તેનું) જે સ્વરૂપ અહિં પ્રશંસાપાત્ર છે (૧૬) અને વળી તેવાં (ચિત્ત)નું ફલ (૧૭) અને ઘણાં સાધનો (૧૮), કા. ૧૫.

**તત્રાપ્યેકસ્ય નિર્ધારસ્તસ્ય સાધનમેવ ચ ।।**

**તસ્યાપિ વિષયઃ પ્રોક્તશ્ચતુર્ભિઃ ષોડશાત્મકઃ ।।૧૬।।**

તેમાં પણ એક[૧૧] (સાધન)નો નિશ્ચય (૧૯) અને વળી તેનું[૧૨] સાધન (૨૦), (અને) તેનો[૧૩] પણ સોળ ગુણવાળો વિષય ચાર (શ્લોકો)થી કહેલો છે. (૨૧।૨૪). કા. ૧૬.

**તસ્ય સાધનતારૂપં તથાત્વં મોક્ષસાધને ।।**
**બલિષ્ઠાત્તુ ફલં સિધ્યેત્તસ્માદિતિ વિનિર્ણયઃ ।।૧૭।।**

તે (વિષય)નું સાધન હોવાપણાનું સ્વરૂપ (૨૫), મોક્ષ પ્રાપ્ત કરવામાં તેવાપણું[૧૪] (૨૬) (અને) તે સર્વથી બલવાન સાધનથી ફલનું તો પ્રાપ્ત થવાનું (૨૭) એવો નિર્ણય (કરેલો છે). કા. ૧૭.

આરંભમાં નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોકો)થી યોગની પ્રશંસા કહે છે. તે પૈકી પહેલાં નીચેના શ્લોકથી (તેનું) સ્વરૂપથી ઉત્તમપણું કહે છેઃ

।। શ્રીભગવાનુવાચ ।।

**યોગ આધ્યાત્મિકઃ પુંસાં મતો નિઃશ્રેયસાય મે ।।**
**અત્યન્તોપરતિર્યત્ર દુઃખસ્ય ચ સુખસ્ય ચ ।।૧૩।।**

આધ્યાત્મિક યોગ, જેમાં દુઃખ અને સુખનો અત્યંત નાશ થાય છે, તે મેં પુરુષોના મોક્ષ માટે માન્ય કરેલો છે.૧૩.

કારણ કે યોગ ઘણા પ્રકારનો છે. ભગવાનનો સાક્ષાત્કાર (કરવા)માં જે (યોગ) ઉપયોગી છે તે આધિદૈવિક છે, આત્માનો સાક્ષાત્કાર (કરવા)માં (જે ઉપયોગી યોગ છે તે) આધ્યાત્મિક, અને આધિભૌતિક યોગ (૧) અણિમા વિગેરે પ્રાપ્ત કરાવનાર, (૨) શરીરનો વિજય કરનાર અને (૩) પ્રાણનો વિજય કરનાર એવા ત્રણ પ્રકારનો છે. પહેલો તો બીજાં શાસ્ત્રનું[૧૫] અંગ છે. અહિં બીજો મુખ્ય છે. તે 'આધ્યાત્મિક' શબ્દથી કહેલો છે. તેથી પુરુષોના મોક્ષ માટે (મેં) માન્ય કરેલો છે. જેઓ સ્વરૂપને પ્રકૃતિથી જૂદું જાણે છે, તે (યોગનો) વિષય પ્રાપ્ત કરેલાઓ[૧૬] આધ્યાત્મિક યોગના અધિકારી છે. તે યોગ તેઓને ફલ પ્રાપ્ત કરાવે છે. તેથી તેઓના મોક્ષ માટે (મેં) 'મતઃ' માન્ય કરેલો છે. આધ્યાત્મિક યોગ તેવો હોવાનું કારણ ઉત્તરાર્ધથી કહેલું છે. 'જેમાં' એટલે જે યોગમાં દુઃખ અને સુખનો અત્યંત નાશ થાય છે. (નાશ થએલા) પોતાની જાતના પદાર્થનું ફરી ઉત્પન્ન ન થવું તે (પદાર્થનો) અત્યંત નાશ છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી બંનેનાં સાધનોનો (અત્યંત નાશ કહેલો છે). આત્મા સિવાયના સર્વેનો નાશ જેમાં છે, એવો અર્થ છે. ૧૩.

૧. 'રૂપેણ' એટલે લક્ષણથી. (પ્ર)

૨. બે શ્લોકોથી વર્ણન કરવામાં આવે છે. (પ્ર)
૩. 'તેમાં' એટલે દેવહૂતિમાં. ગયા દશમા શ્લોક પ્રમાણે દેવહૂતિમાં યોગ સ્થિર થએલો છે. (પ્ર)
૪. 'અંતરાત્મા' એટલે અહંકાર.
૫. પોતે એટલે જીવ. (પ્ર)
૬. વેદ વિગેરે પાંચે શાસ્ત્ર પોતપોતાની રીતે આમને નિયમમાં રાખવા માટે કહેલાં હોવાથી, આમનું જ્ઞાન જરુરી હોઈ, આ જાણવા યોગ્ય છે, એવો અર્થ છે. (પ્ર)
૭. આત્માના પરિણામરૂપ જે અહંકાર, તે વિઘ્ન કરનાર હોઈ તેને સાંખ્યમાં ખાસ નિયમમાં રાખવા યોગ્ય કહેલો છે. (પ્ર)
૮. 'અહિં' એટલે (આ) ઉપદેશમાં. (પ્ર)
૯. સાંખ્ય અને યોગ ફલમાં જૂદાં નથી, તેથી મન અને ચિત્તને એક કરી આ ઉપદેશમાં યોગની પ્રવૃત્તિ થએલી છે. તેનું કારણ એ છે કે જ્ઞાનરૂપ અને ક્રિયારૂપ એવા ભેદથી પ્રવૃત્ત થતાં શાસ્ત્રમાં જ્ઞાન મુખ્ય છે. તેમ હોવાથી જ્ઞાન થાય ત્યારે અહંકારનો નાશ થાય છે, અને તે ફલ ચિત્ત વશ રાખવાથી થાય છે, અને ચિત્તને વશ રાખવાનું યોગથી થાય છે, તેથી અહિં આધ્યાત્મિક યોગનો ઉપદેશ કરેલો છે. (પ્ર)
૧૦. 'ચિત્તનો આદર કરીને' એટલે તેના અધિકારને વિચારીને. (પ્ર)
૧૧. 'એકનો' એટલે ભક્તિરૂપ સાધનનો. (પ્ર)
૧૨. 'તેનું સાધન' એટલે ભક્તિનું સંગરૂપ સાધન. (પ્ર)
૧૩. 'તેનો' એટલે સંગનો (પ્ર)
૧૪. 'તેવાપણું' એટલે પ્રયત્ન કરતા અંતઃકરણથી ઉપયોગી થવાપણું. (પ્ર)
૧૫. 'બીજા શાસ્ત્રનું' એટલે ભક્તિ અને જ્ઞાન શાસ્ત્રનું. (પ્ર)
૧૬. 'વિષય પ્રાપ્ત કરેલાઓ' એટલે યોગનો વિષય જેઓએ પ્રાપ્ત કરેલો છે તેવાઓ. (પ્ર)

બીજા યોગોથી જૂદો પાડી, તે જ (યોગ) હું તને કહીશ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તમિમં તે પ્રવક્ષ્યામિ યમવોચં પુરાऽનઘે ।।**
**ઋષીણાં શ્રોતુકામાનાં યોગમુર્વઙ્ગનૈપુણમ્ ।।૧૪।।**

હે પાપરહિત! આ યોગ જે પહેલાં મેં શ્રવણ કરવા ઈચ્છતા ઋષિઓને કહેલો અને જેની અંદર ઘણાં અંગોથી નિપુણતા પ્રાપ્ત થાય છે તે હું તેને કહીશ. ૧૪.

'જે મેં (પહેલાં) કહેલો' શબ્દોથી આ (યોગ) અનાદિ હોવાનું કહેલું છે. આ પાપરહિતોને જ ફલ આપે છે એમ જણાવવા 'હે પાપરહિત!' એવું સંબોધન કરેલું છે. આમાં ઋષિઓને જ વિશ્વાસ થાય છે એમ જણાવવા 'ઋષિઓને' કહેલું છે. 'શ્રવણ કરવા ઈચ્છતા' વિશેષણથી તેઓને પણ આ જરૂરી (હોવાનું કહેલું છે). ઘણાં અંગોથી થાય છે નિપુણતા જેમાં તેવો (આ છે) (ઘણાં અંગોમાં નિપુણતા હોય)

ત્યારે જ (આ યોગ) સ્થિર થાય છે. ૧૪.

''સંસાર ભગવાનની ઈચ્છાથી અથવા અજ્ઞાનથી થાય છે, તેમાં યોગથી શું વળે ?'' એવી શંકા થાય, તેથી સંસાર ચિત્તને અધીન છે, એવો શાસ્ત્રાર્થ કહે છે; કારણ કે 'ચિત્તની ક્રિયાઓને રોકવી તે યોગ' એવું યોગનું લક્ષણ છે. જો ચિત્ત જેનું મૂલ છે તેવો જ સંસાર હોય, તો યોગ ઉપયોગી છે, નહિતો (ઉપયોગી) નથી. તેથી નીચેના શ્લોકમાં ચિત્ત બંધન અને મુક્તિનું કારણ હોવાનું કહે છેઃ

**ચેતઃ ખલ્વસ્ય બન્ધાય મુક્તયે ચાત્મનો મતમ્ ।।**
**ગુણેષુ સક્તં બન્ધાય રતં વા પુંસિ મુક્તયે ।।૧૫।।**

ચિત્ત ખરેખર આ આત્માનો બંધ કરાવનારું અને મોક્ષ કરાવનારું મનાએલું છે. ગુણોમાં આસક્ત હોય તો બંધ કરાવે છે અને ભગવાન્ ઉપર સ્નેહવાળું હોય તો મોક્ષ કરાવે છે. ૧૫.

'ખલુ' 'ખરેખર' શબ્દથી સર્વ લોકમાં પ્રસિદ્ધ અનુભવને પ્રમાણ જણાવેલ છે. આ એક જ (આત્મા)નો બંધ કરાવનારું અને મોક્ષ કરાવનારું પોતાનું ચિત્ત જ મનાએલું છે. ઉત્તરાર્ધમાં તેના પ્રકારનો ભેદ કહેલો છે. ગુણો એટલે વિષયોમાં આસક્ત અથવા સ્નેહવાળું હોય, તો બંધ કરાવે છે (અને) 'પુંસિ' ભગવાનમાં આસક્ત અથવા સ્નેહવાળું હોય તો મોક્ષ કરાવે છે. સાધન સ્વભાવથી એક પ્રકારનું હોવા છતાં, પોતાના ગુણના વિષયનાં જૂદાપણાંને[1] લીધે બંધ અને મોક્ષ કરાવે છે.

**ચિત્તસ્વભાવ આસક્તિર્યસ્ત્યક્તું નૈવ શક્યતે ।।**
**સ્નેહો રતિરિતિ પ્રોક્તઃ સંસ્કારાચ્છાસ્ત્રતશ્ચ સઃ ।।૧૮।।**

ચિત્તનો સ્વભાવ જેનો ત્યાગ થઈ જ ન શકે તે આસક્તિ. સ્નેહને 'રતિ' એમ કહેલ છે. તે સંસ્કારથી અને શાસ્ત્રથી થાય છે[2] કા. ૧૮. ૧૫.

૧. પોતાના એટલે ચિત્તના આસક્તિ અને સ્નેહ એવા જે બે ગુણો, તેમના વિષય જૂદા હોવાને લીધે, એવો અર્થ છે. (પ્ર)

૨. 'લોકમાં આસક્તિ અને સ્નેહનો એક જ અર્થ છે, છતાં તેમને અહિં જૂદા કહેવાનું શું પ્રયોજન ?' જાણવાની ઈચ્છા થાય, તેથી આ કારિકાથી તેમનાં સ્વરૂપનો ભેદ કહેલો છે. (પ્ર).

લોકમાં વિષય અનુભવથી સારી રીતે જણાએલો હોવાથી તેને ન કહેતાં નીચેના ત્રણ શ્લોકોથી (મનની) શુદ્ધિનું આત્મા ઉપર ઘણું પરિણામ થવાનું કહે છેઃ

**અહંમમાભિમાનોત્થૈઃ કામલોભાદિભિર્મલૈઃ ।।**
**વીતં યદા મનઃ શુદ્ધમદુઃખમસુખં સમમ્ ।।૧૬।।**
**તદા પુરુષ આત્માનં કેવલં પ્રકૃતેઃ પરમ્ ।।**

**નિરન્તરં સ્વયંજ્યોતિરણિમાનમખણ્ડિતમ્ ||૧૭||**
**જ્ઞાનવૈરાગ્યયુક્તેન ભક્તિયુક્તેન ચાત્મના ||**
**પરિપશ્યત્યુદાસીનં પ્રકૃતિં ચ હતૌજસમ્ ||૧૮||**

મન જ્યારે 'હું' 'મારું' એવા અભિમાનથી ઉત્પન્ન થએલા કામ લોભ વિગેરે મલોથી મુક્ત થઈ, શુદ્ધ, દુઃખરહિત, સુખરહિત સમ થાય છે, ત્યારે જ્ઞાન અને વૈરાગ્યવાળા તથા ભક્તિવાળા મનથી પુરુષ આત્માને કેવલ, પ્રકૃતિથી પર, ભેદરહિત, પોતાની મેળે પ્રકાશનાર, ઘણો સૂક્ષ્મ, અખંડિત ઉદાસીન જૂએ છે, અને પ્રકૃતિને બલરહિત જૂએ છે. ૧૬|૧૭|૧૮.

નિર્મલ મન જ આત્માને ગ્રહણ કરે છે, અને કામ લોભ વિગેરે મનના મલ છે, અને દેહ વિગેરેમાં 'હું' 'મારું' એવા અભિમાનથી તે (મલો) (ઉત્પન્ન થાય છે). જ્યારે (મન) તેમનાથી મુક્ત થાય છે, એમ (કહી) સાધનો વારંવાર કરવાનું સૂચવેલું છે. તે સાધનો આગળ કહેશે. 'અહં નામનું ચિહ્ન કુશલ (પુરુષે) દૂર કરવું' એવું ફલ, 'ગુરુ હંસ પ્રતિ...' વિગેરે સાધનો, અને 'ઈચ્છારહિતપણાંથી કામને જીતવો' વિગેરે ઉપાયો કહેશે. તે ઉપાયોથી જ્યારે મલોનો નાશ થાય ત્યારે તેમનાથી મુક્ત થએલું મન શુદ્ધ થાય છે. શુદ્ધ (મન)નું ચિહ્ન 'દુઃખ રહિત સુખરહિત' વિશેષણોથી કહેલું છે. તે મનને વિષયના સંબંધવાળાં સુખ તથા દુઃખ જણાતાં નથી. 'તેવું થાય જ કેમ ?' એવી શંકા થાય, તેથી 'સમ' વિશેષણ કહેલું છે. જ્યારે સર્વ બ્રહ્મ હોવાના વિચારથી વિષયમાં રહેલો ભેદ મન ગ્રહણ કરતું નથી, ત્યારે તે 'સમ' થાય છે. તેથી જ તે સુખ તથા દુઃખ ને જાણતું નથી. ૧૬.

તેવા મનથી આત્માને જૂએ છે એમ સત્તરમા શ્લોકમાં કહે છે. આત્માનો જૂદો સાક્ષાત્કાર ત્યારે જ થાય છે, બીજા સમયે આત્મા દેહમાં પ્રવેશ કરેલો જણાય છે. 'કેવલ' એટલે દેહથી મુક્ત થએલો. અહિં 'પ્રકૃતિ' શબ્દથી સ્વભાવ કહેલો છે. પ્રાકૃત[1] (પદાર્થો)ના સંબંધવાળો આત્મા પ્રકૃતિના સ્વભાવવાળો હોય છે[1]. તેને જ્યારે વશ રાખનાર થાય, ત્યારે (તેનાથી) સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત કરેલો થાય (ગણાય), એવો અર્થ છે. તેવો[2] (અર્થ) ન હોય તો પહેલાં જ તેને 'કેવલ' કહેલ હોવાથી, (આ વિશેષણથી) તે જ અર્થ ફરી કહેવા રૂપ દોષ થાય[2] અને[3] (પ્રકૃતિને) વશ રાખનાર હોય, તો પ્રકૃતિનું ઉલ્લંઘન કરેલો થાય (ગણાય)[3]. ભગવાન્ સાથે 'ભેદરહિત', એટલે (આ) જીવ અને (આ) બ્રહ્મ એવા વિભાગરહિત. તે પણ (બ્રહ્મમાં) ભળી જવાથી નહિ, પરંતુ બ્રહ્મરૂપ થવાથી એમ 'પોતાની મેળે પ્રકાશનાર' વિશેષણથી કહેલું છે. તે પોતે જ પોતાને પ્રકાશનારો થએલ છે. 'અણિમાનમ્' એટલે

ઘણો સૂક્ષ્મ. (આત્મા) જાણવામાં આવે તેમાં અહંકાર વિગેરેનું (તેની) સાથે ભાન થતું ન હોવાથી જેમ આકાશ વિરલ કહેવાય છે, તેમ 'સૂક્ષ્મ' કહેલો છે, પરંતુ નાનામાં નાના કદવાળો હોવાનું પણ (કહેલું) નથી. આત્માને દેવો, હલકાં પ્રાણીઓ, મનુષ્યો વિગેરે સર્વમાં (તેમનો) આત્મા બનેલ, કોઈ પણ ભાવથી ખંડિત ન થએલ, સર્વરૂપ જૂએ છે. ૧૭.

આવાં આત્માનાં સ્વરૂપનો સાક્ષાત્કાર થવામાં મનની માત્ર શુદ્ધિ જ કારણ નથી, પરંતુ (બીજાં) પણ ત્રણ કારણો છે એમ અઢારમા શ્લોકમાં કહે છે. જ્ઞાન અને વૈરાગ્ય ભક્તિનાં અંગ બનેલાં છે, અને તે ફલ પ્રાપ્ત કરાવનારાં અંગો છે; પણ ભક્તિ ઉત્પન્ન કરનારાં નથી. સાધન તરીકે સદા કરવામાં આવતી ભક્તિ પણ યોગરૂપ છે. 'ચ' 'તથા' શબ્દથી બીજાં ભક્તિનાં સાધનોવાળાં પણ 'આત્મના' મનથી–આત્મા સાથે એકપણું પ્રાપ્ત કરેલ (અને) વિષયોની ઈચ્છાથી તેમાંથી બહાર ન નીકળેલા–મનથી આત્માને જૂએ છે. જ્ઞાન થાય ત્યારે પ્રકૃતિને પ્રેરણા કરવાની શક્તિ થાય છે (આવે છે), (અને) પછી ઘણો ભોગ સંભવે છે, તેથી પ્રકૃતિ સાથે હોવાનું સંભવે છે. તેમ નથી એમ કહેવા 'ઉદાસીન' વિશેષણ યોજેલું છે. પ્રકૃતિનું તો જરાએ બલ હોતું નથી એમ 'અને પ્રકૃતિને બલરહિત જૂએ છે' શબ્દોથી કહેલું છે. પ્રકૃતિ માત્ર વાસનાથી[૪] રહે છે, એવો અર્થ છે. ૧૮.

૧...૧. પ્રકૃતિ શબ્દથી આત્માનો સ્વભાવ કહેલો છે. 'તે ક્યો ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી આ વાક્ય કહેલું છે, તેથી 'પ્રકૃતિથી પર' શબ્દોનો અર્થ 'પહેલાંનાં સ્વભાવ ઉપર જેણે વિજય મેળવેલો છે તેવો' જાણવો એવો ભાવ છે. (પ્ર)

૨...૨. '' 'પ્રકૃતિથી પર' નો અર્થ 'પ્રકૃતિથી જૂદો' કરવામાં શું દોષ ?'' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. (પ્ર)

૩...૩. '' 'ત્યારે પ્રકૃતિને વશ રાખનાર' એવો અર્થ કરો,'' એમ કહેવામાં આવે તેથી આ વાક્ય કહે છે. પ્રકૃતિમાં રોકાએલ હોય, તો નિયમન કરવા માટે પ્રકૃતિની તેને જરુર રહે. એમ હોય તો 'ઉદાસીન' શબ્દનો વિરોધ થાય. તેથી પહેલાં કહેલો અર્થ જ નિશ્ચિત જાણવો, એવો અર્થ છે. (પ્ર). આ ૧|૨|૩ નોટ પ્રકાશની યોગ્ય જણાતી નથી. 'આત્માના સ્વાભાવ' ને 'પ્રકૃતિ' કહેલ હોય તેવું જણાતું નથી. પ્રકૃતિ એટલે સ્વભાવ. સ્વભાવથી આત્મા પર છે. વળી પ્રકૃતિથી પર હોય તે પ્રકૃતિથી જૂદો ન હોય એમ બનવું કઠિન છે. પ્રકૃતિથી પરને પ્રકૃતિને વશ રાખવા પ્રકૃતિની જરુર રહે છે અને તેથી તે 'ઉદાસીન' હોઈ શકે નહિ, એ તર્ક પણ વિચિત્ર જણાય છે. તેથી જૂદી રીતે અર્થ કરેલો છે. પ્રાકૃત પદાર્થો સાથે આત્મા ભળેલ હોય ત્યારે તે પ્રકૃતિના સ્વભાવવાળો હોય છે, પણ પ્રકૃતિને વશ કરનાર થાય ત્યારે તેણે પ્રકૃતિ અથવા સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત કરેલો ગણાય, એટલે તે પ્રકૃતિથી પર, અથવા પ્રકૃતિનું ઉલ્લંઘન કરનારો ગણાય, એવો અર્થ જણાય છે.

૪. 'વાસના' એટલે સ્મરણશક્તિથી પ્રાપ્ત થએલું જ્ઞાન.

એ પ્રમાણે સાધન સહિત આત્માનું જ્ઞાન થવાનું જણાવીને, તેમાં જો ચિત્તનો પ્રેમ અથવા આસક્તિ થાય તો તે મન મુકિત કરાવનારું થાય છે એમ કહ્યું. આ સીધી રીતે અને પરંપરાથી ઘણાં સાધનોથી થઈ શકે તેવું હોવાથી, બધાંએ સાધનરૂપ અને બધું ફલ પ્રાપ્ત કરાવનારું એક જ સાધન સહેલાઈથી થઈ શકે તે માટે નીચેના શ્લોકમાં કહે છેઃ

**ન યુજ્યમાનયા ભક્ત્યા ભગવત્યખિલાત્મનિ ।।**
**સદ્દશોડસ્તિ શિવઃ પન્થા યોગિનાં બ્રહ્મસિદ્ધયે ।।૧૯।।**

યોગીઓને બ્રહ્મ પ્રાપ્ત થાય તે માટે સર્વના આત્મારૂપ ભગવાનમાં ભક્તિ જેવો કલ્યાણકારી માર્ગ નથી. ૧૯.

ભગવાનમાં યોજેલી ભક્તિ જેવો માર્ગ નથી. (આ) બીજા (માર્ગ)નો સિદ્ધાંત હોવાથી ભગવન્માર્ગ સાથે વિરોધ છે. આરંભમાં યોગના અભ્યાસમાં રચ્યાપચ્યા રહેનારાને બ્રહ્મપણું થાય તે માટે સાધન કરવા ઈચ્છનારાઓનું સાધન ભક્તિ જ છે. 'સર્વના આત્મારૂપ' શબ્દનો અર્થ કેટલાક એવો કહે છે કે ચિદ્રૂપ નારાયણ સર્વના આત્મારૂપ હોવાનું જાણવામાં આવે, ત્યારપછી ભક્તિ કરવી. બીજાઓ એમ કહે છે સર્વમાં ભગવાનની ભક્તિ કરવી. સ્પર્ધા, ઈર્ષ્યા વિગેરે ન થાય તે માટે તેવું જ્ઞાન પ્રાપ્ત કરીને (ભજન) કરવું. અહિં 'ભગવાન્' શબ્દથી બ્રહ્મા અથવા સત્ત્વમૂર્તિ જ કહેલ છે. 'બ્રહ્મસિદ્ધિઃ' એટલે બ્રહ્મની પ્રાપ્તિ. ૧૯.

નીચેના શ્લોકમાં તે ભક્તિનું કારણ કહે છેઃ

**પ્રસંગમજરં પાશમાત્મનઃ કવયો વિદુઃ ।।**
**સ એવ સાધુષુ કૃતો મોક્ષદ્વારમપાવૃતમ્ ।।૨૦।।**

કવિઓ સંસર્ગને આત્માનું[1] અવિનાશિ બંધન કરનાર જાણે છે. સત્પુરુષો સાથે કરેલો તે જ મોક્ષનું ખુલ્લું દ્વાર છે. ૨૦.

કારણ કે ભક્તિ ત્યાગથી (પ્રાપ્ત) થતી નથી, પરંતુ ચિત્તની પેઠે જ્યારે સંસર્ગ (તેના) વિષયના ભેદથી જૂદા પ્રકારનો થાય, ત્યારે (તે) ભક્તિ ઉત્પન્ન કરે છે. આ શ્લોકથી તે (સંસર્ગ) ને ચિત્તની સમાન કહે છે. (સંસર્ગને) 'અજરમ્' જરારહિત (અવિનાશિ) 'પાશં' બંધન કરનાર, પણ દેહ વિગેરેનું નહિ પરંતુ આત્માનું (બંધન કરનાર) જાણે છે. હરકોઈ (પદાર્થ)માં ઘણો સંગ (થાય તેને) 'કવિઓ (તેવો) જાણે છે', એમ પ્રમાણ કહેલું છે. તે જ ઘણો સંગ જો સત્પુરુષો સાથે કરેલો હોય, તો મોક્ષનું દ્વાર ખુલ્લું થાય છે. જેમ ભગવાન્ ઉપરનો સ્નેહ મુક્તિ કરાવે છે, તેમ સત્પુરુષોનો સંગ મોક્ષનું દ્વાર છે. જેમ જ્ઞાન વિગેરેમાં સંગ વિગેરે

દ્વારરૂપ કોઈક, જેની સાથે સંગ હોય તેનો કુદરતી દોષ હોય છે, (અને) તે ઉઘાડતાં જ્ઞાન વિગેરેથી મોક્ષ (પ્રાપ્ત) થાય છે, તેવો સત્પુરુષો સાથેના સંગમાં કોઈ પણ કુદરતી સંગનો દોષ નથી, તે (અર્થ) 'ખુલ્લું' વિશેષણથી કહેલો છે. ૨૦.

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ પણ લીધેલો છે.

નીચેના શ્લોકથી આરંભી સત્પુરુષોનાં લક્ષણો કહે છેઃ

**તિતિક્ષવઃ કારુણિકાઃ સુહૃદઃ સર્વદેહિનામ્ ।।**
**અજાતશત્રવઃ શાન્તાઃ સાધવઃ સાધુભૂષણાઃ ।।૨૧।।**

સર્વ પ્રાણીઓ પ્રતિ સહનશીલ દયાળુ અને મિત્ર, જેમને શત્રુ થએલા નથી તેવા, શાંત, સદાચારી, સદાચારરૂપ ભૂષણવાળા, ૨૧.

**સન્તઃ ષોડશધર્મા વૈ ધર્માસ્તે ત્રિવિધા મતાઃ ।।**
**ભૌતિકાદિવિભેદેન એકસ્તુ સહજઃ સ્મૃતઃ ।।૧૯।।**

સત્પુરુષો ખરેખર સોળ ગુણોવાળા છે. તે ગુણો આધિભૌતિક વિગેરેના ભેદથી ત્રણ પ્રકારના મનાએલા છે, એક (ગુણ)[1] તો કુદરતી મનાએલો છે. કા.૧૯.

**ઉપયોગી તથા ચૈકો ભૌતિકાસ્ત્રય એવ હિ ।।**
**આધ્યાત્મિકાસ્તુ ચત્વારઃ સપ્ત ચૈવાધિદૈવિકાઃ ।।૨૦।।**

તેમજ એક ઉપયોગી[2] (ગુણ કહેલો છે), આધિભૌતિક ત્રણ જ છે, આધ્યાત્મિક તો ચાર છે અને આધિદૈવિક સાત જ છે. કા.૨૦.

**પઞ્ચધા ચેદ્ ગુણા ન સ્યુઃ સર્વેષાં સિદ્ધયો ન હિ ।।**
**ભૌતિકાનામભાવે તુ લૌકિકાસ્તે ન સંશયઃ ।।૨૧।।**

જો ગુણો પાંચ પ્રકારના ન હોય તો સર્વને સિદ્ધિઓ (પ્રાપ્ત) ન થાય. ભૌતિક (ગુણો) ન હોય, તો તેઓ લૌકિક જ થાય, (એમાં) સંશય નથી.૨૧.

**અલૌકિકા હિ તે સેવ્યા નિર્દુષ્ટાસ્તદનન્તરૈઃ ।।**
**સપ્તભિસ્તે મહાત્માનસ્તદભાવે ન તૈઃ ફલમ્ ।।૨૨।।**

કારણ કે અલૌકિક જ તેઓ (આધિભૌતિક ગુણો) સાચવવા જોઈએ, ત્યારપછીનાથી[3] દોષરહિત થાય છે, અને સાત (આધિદૈવિક ગુણો)થી તેઓ મહાત્મા થાય છે. તે[4] ન હોય તો તેનાથી ફલ (પ્રાપ્ત) થતું નથી. કા.૨૨.

આરંભમાં આધિભૌતિક ત્રણ ગુણો કહે છે. (૧) સર્વ પ્રાણીઓનો અપરાધ સહન કરે તે 'સહનશીલ' (૨) તેઓ અપરાધો કરે ત્યારે પણ 'દયાળુ' રહે છે. (અને) તેમનાં દુઃખો દૂર કરવા પ્રયત્ન કરે છે. વળી (૩) તેઓના અને બીજાના 'સુહૃદઃ' મિત્રો (રહે છે), સદા (તે સર્વનું) હિત આચરે છે અને વિચારે છે[5]. લોકમાં મિત્રો દેવો

અને ગાયો મિત્ર છે, (પણ) તેઓ બધાનાં દુઃખ દૂર થાય તે માટે પ્રયત્ન કરતા નથી; અને લૌકિક (પુરુષો) દયાળુ હોય છે અથવા પ્રયોજનનાં કારણે દયાળુ થાય છે, પરંતુ દુઃખ દૂર થાય ત્યારે તેઓનું હિત વિચારતા નથી. માબાપ બાલકો પ્રતિ સહનશીલ હોય છે, પરંતુ તેઓ દયાળુ હોતાં નથી, તેમજ સર્વનાં મિત્ર હોતાં નથી. તેથી ત્રણે ગુણવાળાઓ અલૌકિક જ છે[૫].

તેવાઓમાં દોષ હોતા નથી એમ ઉત્તરાર્ધથી કહે છે : ત્રણ[૬] ગુણો છે, તેઓ ઉલટા સ્વરૂપવાળા થતાં કામ ક્રોધ અને લોભરૂપ દોષો થાય છે. (૧) તે પૈકી ક્રોધ પ્રકટ ગુણવાળો અને અપ્રકટ ગુણવાળો વિગેરેના ભેદથી ઘણા પ્રકારનો છે. પોતાનો ક્રોધ સ્વરૂપથી (હોય) અથવા બીજો ક્રોધ કરે ત્યારે સાધનના પ્રકારથી કારણ થતો હોય, ત્યારે તે શત્રુ થાય છે, અને તેનો ગુણ પણ પોતાના ક્રોધનું કારણ થાય ત્યારે પરસ્પર શત્રુઓ થાય છે. વળી જો પાછલથી પ્રેમ વિગેરે ઉત્પન્ન કરનારા ગુણોથી તેઓને[૭] રોકવામાં આવે તો તેઓ અટકી જાય છે, પરંતુ[૮] 'જેઓને શત્રુઓ ઉત્પન્ન થએલા જ નથી'; પહેલાંના જન્મમાં જેમના દોષો દૂર થએલા હોય તેમને (શત્રુઓ) ઉત્પન્ન થએલા હોતા નથી અને આ જન્મમાં તો ઉત્પન્ન થયા ન હોય–આથી એમ કહેલું છે કે તેઓ પહેલાં અનેક જન્મો સુધી ક્રોધરહિત હતા. (૨) કામ વિગેરે રાજસ દોષ છે, તે પણ હોતા નથી એમ 'શાન્ત' વિશેષણથી કહેલું છે. 'શાંતિ' એટલે લય અને વ્યગ્રપણાં સિવાયની ચિત્તની અવસ્થા, તેની સાથે સ્વભાવથી જેઓએ એકપણું પ્રાપ્ત કરેલું હોય, તેઓ 'શાંત' છે. આ પણ ઘણા જન્મ સુધીનાં સાધનોથી જ બને છે. એ પ્રમાણે અંતઃકરણના અને જીવના[૯] દોષ ન હોવાનું કહેલ છે. (૩) 'સદાચારી' વિશેષણથી દેહના દોષ ન હોવાનું કહે છે. 'સાધવઃ' એટલે સદાચારી. તે જ આચાર સદાચાર છે કે જે આત્માને અથવા બીજાને દુઃખ ઉત્પન્ન કરતો નથી[૧૦]. આત્મા તો (પોતાના) અંતઃકરણ અને જીવરૂપ છે. શરીરમાં રહેલો (આત્મા) તો વેદમય છે[૧૧]. પર (આત્મા) પણ તેવો છે[૧૨]. અથવા જે આચારથી કોઈને પણ જરાએ કાંઈ પણ હાનિ થતી નથી તે 'સદાચાર' છે. તે ગુણથી પણ દેહથી અને સ્વભાવથી એક બનેલા હોય તે સદાચારી છે. (૪) તેવો જ ગુણ જેમને શોભાવવામાં કારણરૂપ છે, (જેમની) લોકમાં તે (ગુણ)થી જ પ્રતિષ્ઠા છે તેવા. આથી (એમ કહ્યું છે કે) તેઓનો બધોએ પરિવાર સદાચારરૂપ હોય છે. ૨૧.

૧. ''ગુણોના આધિભૌતિક વિગેરે ભેદો ગણીએ તો ત્રણ અથવા નવ ગુણો થાય, સોળ કેમ થાય?'' એવી શંકા થાય, તેથી અહિંથી ગુણોના વિભાગ કહે છે. સર્વના સંગરહિત હોવાપણાંનો એક ગુણ કુદરતી મનાએલો છે, એટલે ગુણો કહેતાં, પાછલથી સ્મરણ થતાં

(શ્લોકમાં) કહેલો છે. (પ્ર)
૨. તેવો જ બીજો એક કુદરતી ગુણ 'સંગના દોષ હરવારૂપ' છે. પ્રકૃતિના સંગના દોષ હરવામાં તે ઉપયોગી છે. તેનું પણ પાછલથી સ્મરણ થએલ છે.(શ્લો.૨૪.)'' (પ્ર)
૩. 'ત્યારપછીના' એટલે આધ્યાત્મિક. તેથી 'જેમનો શત્રુ થએલા નથી.' વિગેરે ચાર ગુણો મિત્રતા કરાવનારા છે. (પ્ર)
૪. 'તે' એટલે આધિદૈવિક ગુણો. એવો અર્થ જણાય છે.
૫...૫. 'સર્વ પ્રાણીઓ પ્રતિ' શબ્દ પહેલાં કહેલા ત્રણે આધિભૌતિક ગુણો સાથે સંબંધ ધરાવે છે. એવા અભિપ્રાયથી તે ગુણો અલૌકિક હોવાનું આ ભાગથી સિદ્ધ કરે છે. (પ્ર)
૬. 'જેમને શત્રુ થએલા નથી'થી આરંભી કહેલા ત્રણ ગુણો. (પ્ર)
૭. 'તેઓને' એટલે ક્રોધોને (પ્ર)
૮. અહિંથી 'જેઓને શત્રુ થએલા નથી' એ વિશેષણનો અર્થ કરે છે. (પ્ર)
૯. અહિં 'જીવ' શબ્દથી જીવનાં ચિહ્નરૂપ અહંકાર કહેલો છે. (પ્ર)
૧૦. દુઃખ ઉત્પન્ન ન થવાની ક્રિયાના કર્મરૂપ આત્મા અને પર (આત્મા)નું સ્વરૂપ અહિંથી સમજાવે છે. (પ્ર)
૧૧. 'આત્મા' શબ્દથી શરીરમાં રહેલો આત્મા વૈદિક વ્યવસ્થા પ્રમાણે કહેવાય છે. પુરાણની વ્યવસ્થા પ્રમાણે તો 'ચેતનવાળો હોય તે જીવ' કહેવાય છે. (પ્ર)
૧૨. વૈદિક પ્રક્રિયા પર (આત્મા)ને પણ લાગુ પાડે છે. (પ્ર)

એ રીતે સર્વ દોષો દૂર થવાનું કહી, તેઓ સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવનારા થાય તે માટે સત્પુરુષમાં પોતામાં રહેલા આધિદૈવિક ગુણો નીચેના શ્લોકમાં કહે છેઃ

**મય્યનન્યેન ભાવેન ભક્તિં કુર્વન્તિ યે દૃઢામ્ ।।**
**મત્કૃતે ત્યક્તકર્માણસ્ત્યક્તસ્વજનબાન્ધવાઃ ।।૨૨।।**

૧. મારામાં અનન્ય ભાવથી જેઓ દૃઢ ભક્તિ કરે છે. ૨. મારા માટે જેમણે કર્મોનો ત્યાગ કરેલો છે અને (૩) સગાંઓ તથા બાંધવોનો ત્યાગ કરેલો છે. ૨૨.

મન સાથે સર્વ ઈન્દ્રિયોનું 'હું પહેલી' 'હું પહેલી' એવા પ્રકારથી ભગવાનનાં કાર્યમાં રોકાએલ રહેવું તે ભક્તિ[1] એમ આગળ કહેશે, અને ઈન્દ્રિયો દોષરહિત અને ગુણવાળી હોય છે. નથી હોતો બીજામાં જે ભાવ (તેવા અનન્યભાવથી ભક્તિ કરે છે). ભાવ એટલે જેનું 'અભિપ્રાય' બીજું નામ છે તેવો ગુણ સર્વમાં કારણરૂપ હોય છે. તે ભક્તિ ઉત્પન્ન કરનારો પણ હોય છે અને બીજા અભિપ્રાય (પ્રયોજન)થી[2] પણ ભક્તિ ઉત્પન્ન કરે છે. તે[3] ફલના સંબંધવાળું જ હોય છે. અથવા બીજા[4] ભાવવાળો હોય છે; કારણ કે તે બીજા દેવ સંબંધી, બીજા પદાર્થ સંબંધી અથવા બીજા માર્ગ સંબંધી હોય છે. તે સાથે રાખવાની અથવા ફલનો અભિપ્રાય[5] (રાખવાની) અહિં મના કરવામાં આવે છે. તેથી જ જે બીજા માર્ગથી ચળે નહિ તેવી

દઢ (ભક્તિ કરે છે). જે ભક્તિમાં પ્રમાણ વિગેરે ચારે પ્રકારનું પણ નડતર ન હોય તે દઢ (ભક્તિ) છે. (તેવી ભક્તિ) માટે જ પહેલાં પ્રાપ્ત થએલા પદાર્થોનો ત્યાગ કરવો જોઈએ, અને તે (પદાર્થો) લોકરૂપ અને વેદરૂપ છે. તે કહે છે કે : 'મારા માટે' એટલે ભગવાનનાં કાર્ય માટે જ 'જેમણે વેદમાં કરવાનાં કહેલાં કર્મોનો ત્યાગ કરેલો છે.' સદા ચાલતાં ભગવાનનાં સ્મરણમાં અને સેવામાં બધાંએ કર્મો વિઘ્ન કરનારાં છે, અને જ્ઞાનપૂર્વક સેવા કરનારાઓના અનન્યભાવમાં અંતરાય કરનારાં છે. 'મારા (ભગવાન્) માટે' (ત્યાગ કરવાનો) હોવાથી, આળસ વિગેરેને લીધે તેમનો ત્યાગ કરવાનો નથી. (૩) લૌકિક સ્ત્રીપુત્રો વિગેરે સગાંઓ છે. બીજા પોતાની જાતના તો બાંધવો છે. તે બંનેનો ત્યાગ કરવો જોઈએ. પરંતુ તેઓ પણ ઉત્તમ (પુરુષો) હોય, તો તેઓ સગાં અથવા બાંધવો[૬] નથી. ત્યાગરૂપ સાધન એક જ હોવા છતાં પણ લૌકિક અને વૈદિકના ભેદથી, અથવા લૌકિકોનો ત્યાગ કરવાની શક્તિ નથી એમ જણાવવા (તેને) બે પ્રકારનું ગણેલું છે. ૨૨.

૧. ભક્તિ કાર્યરૂપ અને ભાવ (તેનાં) કારણરૂપ છે, એવો તેમનો ભેદ જણાવવા બંનેનાં સ્વરૂપ કહેલાં છે. (પ્ર)

૨. ભાવ અનન્ય રાખવાનું અહિંથી જણાવે છે. (પ્ર)

૩. 'તે' એટલે બીજું પ્રયોજન. તેથી ફલની ઈચ્છા વિનાનો ભાવ અનન્ય ભાવ છે, એવો અર્થ છે. (પ્ર)

૪. 'બીજા' શબ્દથી પોતાની જાતનો જણાય, તેથી 'અનન્ય' શબ્દથી પોતાની જાતના જ ન હોવાનું કહેવાય, ફલ ન હોવાનું ન કહેવાય, તેથી અહિંથી બીજો મત કહે છે. (પ્ર)

૫. (ફલનો અભિપ્રાય) 'ભક્તિનો કહેલ છે' શબ્દો અધ્યાહાર છે. (પ્ર). આ શબ્દો અધ્યાહાર રાખેલ માનવાનું પ્રયોજન નથી. 'ફલભાવશ્ચ'નો પણ 'નિષિધ્યતે' સાથે સંબંધ લઈ શકાય છે. તેથી એ પ્રમાણે અનુવાદ કરેલો છે.

૬. ઉપર જણાવ્યું તેમ તેઓ ઉત્તમ પુરુષો હોય. તો તેઓને સગાં અને બાંધવ ન ગણતાં (ઉત્તમ પુરુષો જાણી), તેઓનો ત્યાગ ન કરવો, એવો અર્થ છે. (પ્ર)

એવી રીતે સ્વરૂપની આસક્તિના સંબંધવાળા ત્રણ ગુણો કહ્યા. (ભગવાનનાં) નામ વિષેના ત્રણ ગુણો નીચેના શ્લોકમાં કહે છે :

**મદાશ્રયાઃ કથા મૃષ્ટાઃ શ્રૃણ્વન્તિ કથયન્તિ ચ ।।**
**તપન્તિ વિવિધાસ્તાપા નૈતાન્મદ્ગતચેતસઃ ।।૨૩।।**

મારો આશ્રય કરેલી ઉજ્જવલ કથાઓ તેઓ શ્રવણ કરે છે અને કહે છે. મારામાં પરોવાએલ ચિત્તવાળાઓને આમને જાતજાતના તાપો પીડતા નથી. ૨૩.

**ભગવદ્ગતચિત્તેન યે શ્રુતા ભગવદ્ગુણાઃ ।।**
**યે વા સંકીર્તિતા નિત્યં યાવત્તે રસતાં યયુઃ ।।૨૩।।**

**તાવત્ત્યક્તૈસ્તદીયૈશ્ચ બાધા ભવતિ સર્વથા ।।**

ભગવાનમાં[1] પરોવાએલ ચિત્તથી ભગવાનના જે ગુણો શ્રવણ કરેલા હોય અથવા જેમનું સદા કીર્તન કરેલું હોય, તેઓ રસપણું પ્રાપ્ત કરે ત્યાં સુધીમાં[2] જો તેમનો અને તેમનાઓનો[3] ત્યાગ કરવામાં આવે તો સંપૂર્ણ પ્રકારે નડતર થાય છે. કા. ૨૩ $^{૧}/_{૨}$.

**વિવિધા અપિ તે તાપાઃ સોઢવ્યાસ્તાપસત્વતઃ ।।૨૪।।**
**બલાત્કૃત્વા તપસ્યન્તે તતઃ પ્રાપ્તાઃ સ્વતો વરાઃ ।।**

જાતજાતના પણ તે તાપો સહન કરવા યોગ્ય છે. ભક્તપણાંને લીધે, ત્યાગ[4] કરીને બલથી તે સહન કરાય છે[5]. પછી વરદાનો પોતાની મેળે[6] પ્રાપ્ત થાય છે. કા. ૨૪ $^{૧}/_{૨}$.

**ભજનાપેક્ષયા તે વૈ ભગવત્પ્રીતિહેતવઃ ।।૨૫।।**
**દુઃખેષુ ભગવાંશ્ચાપિ નિત્યં સાક્ષાત્ક્રિયેત વૈ ।।**
**દેહાદિવિષયાંસ્ત્યક્ત્વા ચિત્તં તદ્ગતમેવ યત્ ।।૨૬।।**

ભજન કરતાં પણ તે (તાપો) ખરેખર ભગવાનની (અધિક) પ્રીતિ કરાવનારા છે. દુઃખોમાં[7] વળી ભગવાનનો સદા સાક્ષાત્કાર થાય છે જ[7], કારણ કે દેહ વિગેરે વિષયોનો ત્યાગ કરી ચિત્ત તેમનામાં જ પરોવાએલું રહે છે. કા. ૨૫.

જે કથાઓ ભગવાનનો જ આશ્રય કરી રહેલી છે, પરંતુ માત્ર અકસ્માતથી ભગવાનના સંબંધવાળી નથી, (અને) 'મૃષ્ટાઃ' ઉજ્જવલ, દોષરહિત અને પૂર્ણ ગુણવાળી છે અથવા ભાવનાં વર્ણનથી જેમને ભક્તોએ ઉજ્જવલ કરેલી છે, તેવીનું (મિશ્રણ કરે છે અને કહે છે)[8]. ૨૩.

૧. 'ભગવાનની કથાનું શ્રવણ વિગેરે કરનારાઓ ઉપર જણાવેલ ગુણવાળા હોવાથી તેઓને દુઃખ થવાનો સંભવ નથી. તેથી તેઓને તાપો પીડતા નથી એમ કહેવું નિરર્થક છે' એવી શંકા થાય તેથી આ કારિકાથી તેઓને તાપ થવાનું અને બીજું (તાપ પરિણામે લાભકારી હોવાનું) કહે છે. (પ્ર)

૨. 'ત્યાંસુધીમાં' એટલે કથાઓ રસપણું પ્રાપ્ત કરે તે પહેલાં. (પ્ર)

૩. 'તેમનાઓ' એટલે કથાના સંબંધવાળાઓ, કથા કહેનારા તથા શ્રવણ કરનારાઓ.

૪. 'કરીને' એટલે ત્યાગ કરીને. (પ્ર)

૫. સહન કરવાના હોવાથી પીડતા નથી, એવો અર્થ છે. (પ્ર)

૬. 'પોતાની મેળે' એટલે વિપ્રયોગના સ્વભાવથી. (પ્ર)

૭...૭. આ ભાગથી તાપોનો ગુણ કહેલો છે. (પ્ર)

૮. ભગવાનની કથાઓનું (૧) શ્રવણ અને (૨) કીર્તન તથા (૩) ભગવાન (નાં નામ)માં ચિત્ત

પરોવાએલું રાખવું, એ ત્રણ નામ વિષેના ગુણો આ શ્લોકમાં કહ્યા. આમ ગણવાથી છ આધિદૈવિક ગુણો થાય. 'મદાશ્રયાઃ' 'મારા આશ્રયે રહેલા' એ જો સત્પુરુષોનું વિશેષણ લઈએ તો આ શ્લોકમાં ચાર ગુણો કહેલા ગણાય, અને સાત આધિદૈવિક ગુણો થાય. સ્વરૂપની આસક્તિના ગયા શ્લોકમાં કહેલા ત્રણ અને 'મારો આશ્રય કરેલા' મળી ચાર ગુણો થાય, અને નામ વિષેના ત્રણ મળી સાત થાય.

એવી રીતે તેઓનાં ચિહ્નો કહીને, નીચેના શ્લોકથી તેઓ સત્પુરુષો હોવાનું નક્કી કરે છે :

**ત એતે સાધવઃ સાધ્વિ સર્વસંગવિવર્જિતાઃ ।।**
**સંગસ્તેષ્વથ તે પ્રાર્થ્યઃ સંગદોષહરા હિ તે ।।૨૪।।**

હે સાધ્વિ ! તે આ ઉત્તમ પુરુષો સર્વના સંગરહિત છે. હવે તારે તેઓ સાથેનો સંગ શોધવો, કારણ કે તેઓ સંગના દોષને દૂર કરનારા છે. ૨૪.

કેટલાક ખરેખર સ્વભાવથી જ ઉત્તમ પુરુષો હોય છે. તેઓ પણ ભગવાનની સમીપ રહે છે, તેથી (કપિલે) 'આ' એમ કહેલું છે. 'તે' જ પ્રસિદ્ધ (ઉત્તમ પુરુષો) આ છે. (દેવહૂતિને) વિશ્વાસ રહે તે માટે 'હે સાધ્વિ !' એવું સંબોધન (કહેલું છે). ''જો તેવા ઘણા હોય, તો જગત્ મુક્ત થયા વિનાનું કેમ રહેલું છે ?'' એવી શંકા થાય, તેથી 'સર્વના સંગરહિત' વિશેષણ કહેલું છે. લૌકિક (પુરુષો) તો પોતાની મેળે તેઓને ઓળખતા નથી, (અને) તેઓ તો સર્વની (કોઈની) પણ જરુર ન હોય તેવા હોવાથી, (તેમને) કોઈ પણ પ્રકારે કોઈના પણ સંગની[1] જરુર નથી. તેથી તેઓનો સંબંધ ન થવાથી જ મુક્તિ થતી નથી.

''તેઓનાં વર્ણનનું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. તેઓ સાથેનો સંગ તારે શોધવો. સંગનો ત્યાગ કરવો જોઈએ, તે તારાથી થઈ શકે તેમ ન હોવાથી (૧) સંગથી થતા દોષ દૂર કરનાર અને (૨) સંગના ત્યાગથી થતા ગુણ કરાવનાર કાંઈક (તારે) જોઈએ. તેમ ન થાય, તો સંગનો ત્યાગ (મોક્ષના) કારણરૂપ (તારાથી) ન થાય. બીજાં શાસ્ત્રમાં[2] પણ સંગના ત્યાગને બદલે ઉપર કહેલ બંને (ગુણ) પ્રાપ્ત કરાવનાર ઉત્તમ પુરુષોનો સંગ (કરવાનું) કહેલ છે. તું તેઓનો સંગ પણ કરી શકે તેમ નહિ હોવાથી, તારે તેઓનો સંગ શોધવાનું જ કરવું. (તેઓ સંગનો દોષ દૂર કરનારા છે એમ દેવહૂતિ જાણે) ત્યારે જ તે (તેઓનો સંગ) શોધશે એવા વિચારથી, તેઓના ગુણો તેવા હોવાનું કહેવા સંગના દોષ દૂર કરવા એ તેઓનો કુદરતી ગુણ છે એમ 'સંગના દોષ દૂર કરનારા' વિશેષણથી કહેલું છે; કારણ કે સંગ કામને ઉત્પન્ન કરે છે, કામ વિગેરે દોષો સંગથી ઉત્પન્ન થાય છે, અને દોષોને ઉત્તમ પુરુષો દૂર કરે છે. તે (અર્થ) 'હિ' 'કારણ કે' શબ્દથી કહેલ છે. તેઓની તેવી શક્તિ

'તે' 'તે' વિશેષણથી કહેલી છે, કારણ કે તે ભગવદીયો પ્રસિદ્ધ છે. ૨૪.

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતના પાઠ લીધેલા છે.

૨. બ્રહ્મવૈવર્ત (પુરાણ)માં મદાલસાના ઉપાખ્યાનમાં કહેલું છે કે 'સંગનો સંપૂર્ણ રીતે ત્યાગ કરવો. જો તેનો ત્યાગ થઈ ન શકે તો ઉત્તમ પુરુષો સાથે તે (સંગ) જ કરવો. ઉત્તમ પુરુષો સંગનું ઔષધ છે'. (પ્ર)

એ પ્રમાણે ભક્તિ પ્રાપ્ત કરાવનાર તરીકે ઉત્તમ પુરુષો કહ્યા. ''તેઓ (ભક્તિ) કેવી રીતે પ્રાપ્ત કરાવે ?'' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકથી આરંભી તે પ્રકાર કહે છે[1]:

**સતાં પ્રસંગાન્મમ વીર્યસંવિદો ભવન્તિ હૃત્કર્ણરસાયનાઃ કથાઃ ।।**
**તજ્જોષણાદાશ્વપવર્ગવર્ત્મનિ શ્રદ્ધા રતિર્ભક્તિરનુક્રમિષ્યતિ ।।૨૫।।**
**ભક્ત્યા પુમાઞ્જાતવિરાગ ઐન્દ્રિયાદ્ દૃષ્ટશ્રુતાન્મદ્રચનાઽનુચિન્તયા ।।**
**ચિત્તસ્ય યત્તો ગ્રહણે યોગયુક્તો યતિષ્યતે ઋજુભિર્યોગમાર્ગૈઃ ।।૨૬।।**

ઉત્તમ પુરુષોના ઘણા સંગથી મારું વીર્ય જણાવનારી મારી કથાઓ હૃદય અને કર્ણને રસ (ઉત્પન્ન) કરાવનારી થાય છે. તેઓનું સેવન કરવાથી તરત જ મોક્ષના માર્ગમાં શ્રદ્ધા પ્રેમ અને ભક્તિ અનુક્રમે થાય છે. જોએલા અને શ્રવણ કરેલા ઈન્દ્રિયના વિષયોમાં ભક્તિથી જેને વૈરાગ્ય ઉત્પન્ન થએલો છે તેવો પુરુષ મારી કૃતિનાં ચિંતનથી સાવધાન થઈ યોગ આચરનારો થઈ યોગના માર્ગોથી ચિત્તને વશ કરવા પ્રયત્ન કરે છે. ૨૫।૨૬.

ઉત્તમ પુરુષો સાથેનો જે ઘણો સંગ, તે કારણથી મારું વીર્ય જણાવનારી કથાઓ થાય છે. તેઓનું પ્રીતિપૂર્વક સેવન કરવાથી શ્રદ્ધા પ્રેમ અને ભક્તિ થાય છે, અને ભક્તિથી[2] વૈરાગ્ય થાય છે તેનાથી પણ સદા સ્મરણ થાય છે. તેનાથી યોગમાં પ્રવૃત્તિ થાય છે. એવી[3] રીતે વિદ્યાના અંગરૂપ ત્યાગ જ્ઞાન વૈરાગ્ય અને યોગ અને ભક્તિથી ભગવાનનાં સ્વરૂપની પ્રાપ્તિ થાય છે, એમ સાધનસહિત ફલ (કહેલું છે). ભક્તિ સાધન પ્રાપ્ત કરાવનારી પણ કહેલી હોવાથી (આમાં) વિરોધ નથી[4].

'ઉત્તમ પુરુષોના' એ બહુવચનથી (સંગ કરનાર) ઉત્તમ પુરુષ હોવાનું પ્રમાણ કહેલું છે, કારણ કે ઉત્તમ પુરુષોને જ ઉત્તમ પુરુષોનો સંગ થાય છે. જો પહેલો ઉત્તમ પુરુષ હોય, તો જ બીજા ઉત્તમ પુરુષ તેના સંબંધમાં આવે છે. તેઓનો ઘણો સંગ એક જાતના સાથે જ, અથવા એક મતમાં રહેલાઓ સાથે અથવા એક સ્વભાવવાળાઓ સાથે થાય છે; અને 'પ્રસંગ' 'ઘણો સંગ' શબ્દથી આ સૂચવેલું છે કે તેઓને પરસ્પર ઘણો સંગ થાય છે, બીજાને કોઈક પ્રસંગે થાય છે. સંસારમાં રહેલા

તેઓના ઘણા સંગથી જેમાં બીજી કથાઓ કહેવાની આવી પડેલી હોય તેમાંથી પણ ભગવાનની કથાઓ થાય છે, એમ જણાવેલું છે.

જો કે ભગવાનની કથાઓ સર્વ સ્થલે થાય છે, છતાં પણ તે ભગવાનનું પરાક્રમ જણાવનારી હોતી નથી. તે (કથા કહેનારા)ઓનાં મુખમાંથી ભગવાનનું લૌકિક સામર્થ્ય બહાર નીકળે છે, પણ ઉત્તમ પુરુષોના જ પ્રસંગથી ભગવાનનું પરાક્રમ જણાવનારી કથાઓ થાય છે. તેઓ જ (ભગવાનનું) વીર્ય જાણે છે. સ્વાભાવિક કથાઓનું સદા શ્રવણ થવાથી, હૃદય અને કર્ણ તેના સંસ્કારમાં ગરકાવ થએલાં રહે છે (અને) ભગવાનની કથા ગ્રહણ કરતાં નથી, કારણ કે હિમાલય ઉપર રહેનારાં પ્રાણીઓ તાપ ગ્રહણ કરી શકતાં નથી, છતાં પણ જો તેઓ પરદેશ જાય અને તે દેશમાં રહેલાં દ્રવ્યોથી તે દેશના સ્વભાવને પ્રાપ્ત કરે તો તેઓ જેમ તાપની ઈચ્છા કરનારા થાય છે, તેમ ભગવાનની કથાઓ પણ હૃદય અને કર્ણના પહેલાના સ્વભાવને દબાવી દઈ રસ ઉત્પન્ન કરનારી થાય છે, એવો અર્થ છે. પહેલાં શ્રવણ કરેલી (તે કથાઓ) હૃદયમાં રસ ઉત્પન્ન કરે છે, (અને) વારંવાર શ્રવણ કરેલી કર્ણોને (રસ ઉત્પન્ન કરે છે). જેમ કામમાં આસક્ત રહેનારનું ચક્ષુ કામિનીમાં રસવાળું હોઈ, બલથી પાછું વાળવા છતાં પાછું વળતું નથી, પરંતુ (તેનાં) દર્શન કરવાની ઈચ્છા જ સદા (તેને) રહે છે. તેવી રીતે (ભગવાનની) કથા જ બલથી પણ (પોતાની અંદર) રોકી રાખે છે, (અને) શ્રવણ કરવાની ઈચ્છા પણ સદા કરે છે, એવો અર્થ છે. તેથી તેઓનું શ્રવણ પ્રેમથી થાય છે. વારંવાર શ્રવણ થવાથી પ્રેમ ઉત્પન્ન થાય છે, ત્યારે લોકમાંથી પાછું ફરેલું મન પાપરહિત થઈ સત્પુરુષોના માર્ગમાં પ્રવેશ કરે છે. પછી તરત જ સર્વ લોકના ત્યાગરૂપ મોક્ષ કહેવાતા આત્મામાં, અથવા ભગવાનમાં અથવા તેમના માર્ગમાં આરંભમાં આસ્તિકપણાંની બુદ્ધિ થાય છે, પછી આ સર્વ પ્રકારે પ્રાપ્ત કરવો જોઈએ એવો 'રતિઃ' પ્રેમ થાય છે, પછી (આગળ) કહેવામાં આવશે તેવી ભક્તિ થાય છે, એવો અર્થ છે. ૨૫.

વિષયોનો ત્યાગ કરેલો હોય છતાં પણ વાસનાથી હૃદયમાં રહેલા (તેઓ) તેઓમાંથી આસક્તિ જતી રહે ત્યારે જ જાય છે, અને તે (આસક્તિ) ફલરૂપ પ્રાપ્ત કરેલી, બીજા રસને ભૂલાવનારી, ભગવાનમાં સ્નેહ (રાખવા)થી ઉત્પન્ન થએલી સેવાથી જ જાય છે. ત્યારે તેને વૈરાગ્ય થાય છે. 'ઈન્દ્રિયોના વિષયોમાં' શબ્દથી વૈરાગ્ય થવાનું કારણ (કહેલું છે). તે વિષયો આત્મામાં પરિણમતા નથી. 'જોએલા અને શ્રવણ કરેલા' વિશેષણથી (તે) વિષયો ઈન્દ્રિયોના હોવાનું પ્રમાણ પણ કહેતાં, તેઓનો ભેદ કહેલો છે. રાજ્ય વિગેરે જોએલા (અને) સ્વર્ગ વિગેરે શ્રવણ કરેલા

(વિષયો છે). 'મારી કૃતિનાં ચિંતનથી' શબ્દથી તે ભક્તિ ચાલુ રહે તે માટે સાધન કહેલું છે. ભગવાને કરેલી જે 'રચના' કૃતિ-'કૃતિ' શબ્દથી અલૌકિક કાર્ય કહેલું છે-તે અલૌકિક ભગવાનનાં ચરિત્રનાં શ્રવણથી ભક્તિ રહે છે, ત્યારે ચિત્તને વશ કરવાનો પ્રયત્ન થાય છે; કારણ કે ચિત્ત ચંચળ સ્વભાવવાળું હોવાથી પોતાની મેળે સ્થિર રહેતું નથી, અને પ્રમાદને લીધે સ્થિર રાખનારને સ્વીકારતું નથી. તેથી સાવધાન થઈ, ચિત્તને વશ કરવા માટે યોગ આચરનારો થાય છે, કારણ કે યોગ ચિત્તની ક્રિયાઓને રોકનારો છે. યોગથી ચિત્તનો સંયમ કરવો એવું નક્કી કરેલું પ્રયોજન છે, એવો અર્થ છે. પછી હઠ ક્લેશ વિગેરે વિનાના ભગવાનનાં ધ્યાનરૂપ-અથવા (ભગવાનનું) ચિંતન થતું ન હોય ત્યારે પ્રાણાયામ વિગેરે પ્રકારના યોગના સરલ જ-માર્ગોથી (ચિત્તને વશ કરવા પ્રયત્ન કરે છે). તેથી ભક્તિ પ્રાપ્ત થતાં બીજું સહેલાઈથી પ્રાપ્ત થાય તેવું હોવાથી પાંચમી વિદ્યા ભક્તિ જ મોક્ષના જેવી છે. ૨૬.

૧. (પચીસથી સત્તાવીસ સુધીના) ત્રણ શ્લોકોથી કહે છે. (પ્ર)

૨. અહિંથી આગળના (છવીસમા) શ્લોકનો અર્થ કહે છે. (પ્ર)

૩. અહિંથી ત્રીજા (સત્તાવીસમા) શ્લોકનો અર્થ કહે છે. (પ્ર)

૪. ''ઉત્તમ પુરુષના ઘણા સંગથી થએલી કથામાં ઉત્પન્ન થએલી ભક્તિ ભગવાનને (હૃદયમાં) રોકી રાખવારૂપ ફલનું સાધન હોય તે યોગ્ય છે, પરંતુ વૈરાગ્યનું સાધન હોય તે યોગ્ય નથી''. એવી શંકા કરી તેનું સમાધાન કરે છે. ભક્તિ બીજાં સાહાય્ય કરનાર વિના જ શૂર છે, એમ જણાવવા એમ કહેલું હોવાથી, તે હલકી બનતી ન હોવાથી, ભક્તિશાસ્ત્રનો વિરોધ નથી, એવો અર્થ છે. (પ્ર). સાધન કરાવનારી એટલે ગૌણી ભક્તિ વૈરાગ્ય ઉત્પન્ન કરનારી કહેલી હોવાથી વિરોધ નથી, એવો અર્થ જણાય છે.

એવી રીતે સાધન સાથે શાસ્ત્રાર્થ કહી, નીચેના શ્લોકમાં સાધનોની પરંપરા કહેતાં, ફલ કહી ઉપસંહાર કરે છેઃ

**અસેવયાઽયં પ્રકૃતેર્ગુણાનાં જ્ઞાનેન વૈરાગ્યવિજૃમ્ભિતેન ।।**
**યોગેન મય્યર્પિતયા ચ ભક્ત્યા માં પ્રત્યગાત્માનમિહાવરુન્ધે ।।૨૭।।**

પ્રકૃતિના ગુણોનું સેવન ન કરવાથી, વૈરાગ્યથી વિકાસ પામેલાં જ્ઞાનથી, યોગથી અને મને અર્પણ કરેલી ભક્તિથી આ મને અંદરના આત્માને અહિં જ પ્રાપ્ત કરે છે. ૨૭.

'આ' એટલે ઉપર જણાવેલો અધિકારી મને અંદરના આત્માને 'અહિં' જ એટલે આ દેહમાં અથવા જન્મમાં (જ), બ્રહ્માંડનું ભેદન વિગેરે કર્યા વિના જ પ્રાપ્ત કરે છે; તરત જ મુક્તિ પ્રાપ્ત કરે છે, એવો અર્થ છે. તેણે (૧) પ્રથમ પ્રકૃતિના ગુણોનું સેવન ન કરવું, બંધન કરાવનારા પ્રાકૃત વિષયોનો વારંવાર તેને અનુભવ થવો ન

જોઈએ. (૨) પછી વિષયોમાં મચ્યા ન રહેવાથી અંદર વળેલું ચિત્ત આત્માને ગ્રહણ કરે ત્યારે જ્ઞાન થાય છે, અને આત્મા (ને પ્રાપ્ત કરવા)ની કામનાવાળો થાય છે. (૩) પછી વિષયોમાં રહેલી આસક્તિ જતી રહે છે, અને તેથી વળી જ્ઞાન વિકાસ પામે છે. આ ત્રણ (સાધનો) એક છે. (૪) ચંચલપણું દૂર કરવાના કારણરૂપ યોગ સ્વતંત્ર (સાધન) છે. અને (૫) મને અર્પણ કરેલી ભક્તિ વિષયોને વશ કરનારી છે. (તેનાથી અધિકારી) આત્માને વિષયોથી છૂટો પાડી અને ભક્તિથી ભગવાનને વશ કરી, નિશાનની પેઠે રાખી, તે સંબંધનો બધોએ પ્રકાર જાણી અને જીવને લિંગદેહમાંથી નિશાન પ્રાપ્ત કરાવવા યોગ્ય જાણી, યોગ આચરનારો કરી, નિશાન સાથે તેનો સંબંધ કરાવે એ યોગ્ય જ છે. તેથી વિષયના ભેદને લીધે પાંચ (સાધનો)નો ઉપયોગ થાય છે. 'મને' શબ્દથી (એમ કહેલું છે કે) પ્રાપ્ત કરવા યોગ્ય હું જ છું. તને તો (હું) પ્રાપ્ત થએલો હોવાથી, માત્ર શાસ્ત્રાર્થ જ જણાવું છું એવો બોધ કરેલો છે. બહારથી (દેવહૂતિએ કપિલમાં) પ્રવેશ કરવાનો હશે, એવી શંકા દૂર કરવા 'અંદરના આત્માને' શબ્દ યોજેલ છે. (નયનને) અંદર વળેલું કરવાથી અંદર પ્રકાશતો (હું પ્રાપ્ત થાઉં છું), અને તે પણ (તારા) પોતાના આત્માથી જૂદો નથી. ૨૭.

પહેલાં અહિં ભક્તિને માત્ર ભજન કહેલું, ઉત્તમ પ્રકારથી (કહેલી) નહિ. તેથી નીચેના શ્લોકમાં વિશેષ રીતે ભક્તિ સંબંધી પ્રશ્ન કરે છેઃ

।। દેવહૂતિરુવાચ ।।

**કાચિત્ત્વય્યુચિતા ભક્તિઃ કીદશી મમ ગોચરા ।।**

**યયા પદં તે નિર્વાણમજ્જસૈવાશ્નવા અહમ્ ।।૨૮।।**

આપને વિષે કઈ ભક્તિ યોગ્ય છે; મારાથી થઈ શકે તેવી કેવા પ્રકારની ભક્તિ છે કે જેનાથી હું સહેલાઈથી જ આપનાં નિર્વાણ ધામનો અનુભવ કરી શકું ? ૨૮

(૧) શ્રદ્ધા (૨) પૂજન કરવા યોગ્ય તરીકે જ્ઞાન (૩) સેવા અને (૪) માહાત્મ્યનું જ્ઞાન થયા પછીનો સ્નેહ, તે પૈકી ભક્તિ શબ્દનો કયો અર્થ આપને વિષે યોગ્ય છે ? એવો પ્રશ્ન છે. જો કે અનુક્રમે ચારે (અર્થો) યોગ્ય છે, પરંતુ જેનાથી આપનો સાક્ષાત્ અનુભવ થાય, તે કહો, એમ ('ત્વયિ' આપને વિષે શબ્દમાંની) સાતમી (વિભક્તિ)થી સૂચવેલું છે. ભક્તિયોગ ઘણા પ્રકારનો હોવાથી, જીવના અધિકારની ગણના કર્યા વિના આપને યોગ્ય કઈ (ભક્તિ છે) ? એવો પ્રશ્ન છે. 'યોગ્ય' શબ્દથી શાસ્ત્રમાં ન કહેલી ભક્તિ બાતલ કરેલી છે. 'કેવા પ્રકારની' એટલે સગુણ અથવા નિર્ગુણ ? તેમાં પણ મને યોગ્ય કેવા પ્રકારની છે, એમ 'મારાથી થઈ શકે તેવી' વિશેષણથી (પૂછેલું છે). 'ગોચર' 'થઈ શકે તેવી' શબ્દ વિશેષ્ય[1] ઉપર પણ

આધાર રાખનારો છે. આપે જ બધા માર્ગોની પ્રવૃત્તિ કરાવેલી છે, અને આપ સર્વરૂપ છો; તેથી જોકે બધાએ ભક્તિમાર્ગો આપને વિષે ઘટે છે, છતાં પણ જે ભક્તિથી આપનાં નિર્વાણરૂપ ધામનો 'અઞ્જસા' સહેલાઈથી જ મને અનુભવ થાય (તે કેવા પ્રકારની) ? અથવા 'અશ્નવાનિ' એવો પાઠ (લેવો). દૈવની ગતિથી કોઈક સમયે બધાએ માર્ગો સહેલાઈથી થઈ શકે તેવા થાય છે, તે ગણવાનું નથી એમ જણાવવા 'એવ' 'જ' શબ્દ યોજેલો છે. નિર્વાણ નામનું ધામ એટલે વ્યાપિવૈકુંઠ. ત્યાં જે ભક્તિ સર્વ અધિકાર વિનાના પુરુષને પણ લઈ જાય, અને ત્યાં ગએલો (પુરુષ) ત્યાં રહેનારાઓની સાથે તે લોકમાં આનંદનો અનુભવ કરવા (જેનાથી) સમર્થ થાય તેવી (ભક્તિ) કહો, એવો અર્થ છે. ૨૮.

૧. નામનો ગુણ દેખાડે તે વિશેષણ, વિશેષણ જેનો ગુણ દેખાડતું હોય તે વિશેષ્ય. અહિં 'ગોચર' 'થઈ શકે તેવી' વિશેષણ છે. 'મારાથી' (દેવહૂતિ) વિશેષ્ય છે.

વળી નીચેના શ્લોકમાં યોગસંબંધી પ્રશ્ન કરે છેઃ

**યો યોગો ભગવદ્બાણો નિર્વાણાત્મંસ્ત્વયોદિતઃ ॥**
**કીદશઃ કતિ ચાઙ્ગાનિ યતસ્તત્ત્વાવબોધનમ્ ॥૨૯॥**

હે નિર્વાણસ્વરૂપ ! ભગવાને પહોંચાડનાર બાણરૂપ જે યોગ આપે કહ્યો (અને) જેનાથી તત્ત્વોનું જ્ઞાન થાય છે, તે કેવા પ્રકારનો છે અને (તેનાં) અંગો કેટલાં છે ? ૨૯.

ભગવાનરૂપ નિશાન સાથે આત્માનો સંબંધ કરાવવા જે બાણરૂપ યોગ (આપે જણાવ્યો) તે પણ કહો. ભગવાન્ સર્વ સ્થલે (જીવને) પહોંચાડે, તે વિષયનું કારણ ભક્તિ છે. (જીવને) પોતાની મેળે જવાના સાધનરૂપ યોગ છે. 'યોગથી મને પ્રાપ્ત કરે છે.' (શ્લો. ૨૭) એ શ્લોકમાં આપે (યોગ) કહેલો છે, તેનાં સ્વરૂપ અને અંગો કહો, કારણ કે શાસ્ત્રમાં જૂદી જૂદી જાતના (યોગ) કહેલા છે.

''યોગ સ્વતંત્ર રીતે કારણ થતો નથી અને ભક્તિ સંબંધી પ્રશ્ન કરેલો છે, તેથી યોગનું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી 'જેનાથી તત્ત્વોનું જ્ઞાન થાય છે' એમ કહેલું છે. યોગ જ્ઞાનનું સાધન છે. (૧) ભક્તિ (૨) સ્વરૂપથી યોગ (અને) તેનાં અંગો (૩) ફલ પ્રાપ્ત કરાવનાર તરીકે તેનાં અંગરૂપ સાંખ્ય અને (૪) જ્ઞાન (એ) ચાર વિષયો આ (શ્લોક)થી પૂછ્યા. યોગ અને યોગનાં અંગો એક (વિષય), (અને) બીજા ત્રણ (વિષયો પૂછ્યા). ૨૯.

આ સર્વ કહો એમ કહીને, આવશ્યક હોવાથી ઉપસંહાર કરે છેઃ

**તદેતન્મે વિજાનીહિ યથાઽહં મન્દધીર્હરેઃ ॥**

**સુખં બુધ્યેય દુર્બોધં યોષા ભવદનુગ્રહાત્ ।।૩૦।।**

જે પ્રકારે મંદબુદ્ધિવાળી સ્ત્રી હું ન જાણી શકાય તેવું હરિના સંબંધવાળું આ આપની કૃપાથી સહેલાઈથી જાણી શકું તેમ તે મને જણાવો. ૩૦.

શાસ્ત્રમાં પ્રસિદ્ધ હોય તે અનુભવમાં આવે ત્યાં સુધી કહો. 'વિજાનીહિ' જણાવો. જણાવવા (કપિલ) અધિક પ્રયત્ન કરે તે માટે 'મંદબુદ્ધિવાળી હું' શબ્દોથી પોતાનો હલકો અધિકાર કહેલો છે. હરિનું 'સુખં' સ્વરૂપ, (જે) બધાએથી ન જાણી શકાય તેવું છે, તે હું આપની કૃપાથી જાણું, અથવા હરિના સંબંધવાળું ઉપર કહ્યું તે હું જેમ સહેલાઈથી જાણું (તેમ જણાવો). વળી માત્ર કહેવાથી જણાશે નહિ, પરંતુ (આપની) કૃપાથી જ જણાશે, તેથી તેમ (તે શબ્દ) કહેલ છે. ૩૦.

જો કે માતાએ ગૂઢ પ્રકારે ચાર (વિષયો)નું સૂચન કર્યું, છતાં પણ (તે) જાણી લઈ કપિલ તે કહે છે, એમ નીચેના શ્લોકમાં (મૈત્રેય) કહે છેઃ

।। મૈત્રેય ઉવાચ ।।

**વિદિત્વાઽર્થં કપિલો માતુરિત્થં જાતસ્નેહો યત્ર તન્વાઽભિજાતઃ ।।**
**તત્ત્વામ્નાયં યત્પ્રવદન્તિ સાંખ્યં પ્રાવોચદ્વૈ ભક્તિવિતાનયોગમ્ ।।૩૧।।**

એવી રીતે કપિલે માતાનું તાત્પર્ય જાણીને, જેની અંદર દેહથી ઉત્પન્ન થએલ તેમાં સ્નેહ ઉત્પન્ન થતાં (તેને) તત્ત્વોનો અભ્યાસ જેને સાંખ્ય કહે છે (તે અને) ભક્તિનો વિસ્તાર અને યોગ (અને) જ્ઞાન ખરેખર કહ્યાં. ૩૧.

**યોગો ભક્તિઃ ક્રિયારૂપા જ્ઞાનં સાંખ્યં ચ વેદનમ્ ।।**
**તેષાં યત્રોપયોગઃ સ્યાત્તદગ્રે વક્ષ્યતે સ્ફુટમ્ ।।૨૭।।**

યોગ, ક્રિયારૂપ[૧] ભક્તિ, જ્ઞાન અને સાંખ્યની પ્રાપ્તિ (કરાવેલી છે). તેઓનો જેમાં ઉપયોગ થાય, તે[૨] આગળ સ્પષ્ટ કહેશે. કા. ૨૭.

ચારેનું જે પ્રયોજન તે તાત્પર્ય[૩].

**વિવેચનં તુ સંઘાતાત્સાંખ્યકાર્યં પ્રચક્ષતે ।।**
**વિવિક્તસ્ય તુ વિજ્ઞાનં જ્ઞાનકાર્યં નિરૂપિતમ્ ।।૨૮।।**
**ભક્ત્યા પ્રસન્ને તુ હરૌ તં યોગેનૈવ યોજયેત્ ।।**

સંઘાતમાંથી[૪] (આત્માને) છૂટો પાડવો એ સાંખ્યનું કાર્ય કહે છે. છૂટા પડેલાને જાણવો તે તો જ્ઞાનનું કાર્ય કહેલું છે. ભક્તિથી હરિ પ્રસન્ન થાય ત્યારે તો યોગથી જ (તેમની સાથે) તેનો[૫] સંબંધ કરાવવો. કા. ૨૮ $^{૧}/_{૨}$.

આ જ્ઞાન (કરાવવા)ની શક્તિ 'કપિલ' નામથી (જણાવી છે). 'માતા' શબ્દથી (તેને જ્ઞાન) કહેવાનું જરુરી હોવાનું (જણાવ્યું છે). 'સ્નેહ ઉત્પન્ન થતાં'

શબ્દથી છૂપું (જ્ઞાન) કહેવાનું પ્રયોજન (કહેલું છે). 'જેની અંદર' એટલે (જે) માતામાં કપિલ દેહથી તે ઉત્પન્ન થએલ એમ ઘણો સ્નેહ હોવાનું કારણ (કહેલું છે). જે કપિલ કહેશે તે ઉત્તરાર્ધમાં ગણાવે છે. (૧) 'તત્ત્વામ્નાયઃ' તત્ત્વોનો 'આમ્નાયઃ' અભ્યાસ છે જેમાં. નામ અને વ્યાખ્યાના[૬] ભેદથી, કારણ તરીકે અને કાર્યમાં પાછલથી પ્રવેશ કરેલ તરીકે-ઘણા પ્રકારે (તત્ત્વો) કહેલાં છે. તેની લોકમાં 'સાંખ્ય' નામથી પ્રસિદ્ધિ છે. 'કહે છે' શબ્દથી પ્રમાણ (જણાવ્યું છે). (૨) ભક્તિનો વિસ્તાર અને (૩) યોગ (૪) 'પ્રાવોચત્' શબ્દમાં 'પ્ર' ઉપસર્ગ છે તેનો અર્થ જ્ઞાન[૭] છે. ૩૧.

૧. 'ક્રિયારૂપ' એટલે સેવારૂપ (પ્ર).
૨. 'તે' એટલે જે પ્રાપ્ત કરવાનું છે તે ભક્તિનું સ્વરૂપ. (પ્ર).
૩. આ શ્લોકમાંના 'અર્થં' શબ્દનું વ્યાખ્યાન કરેલું છે. (પ્ર).
૪. 'તે પ્રયોજન ક્યું' એ જાણવાની ઈચ્છા થાય તેથી આ દોઢ કારિકાથી તે કહેલ છે. (પ્ર)
૫. 'તેનો' એટલે આત્માનો. સાંખ્ય વિગેરે ચારનાં ચાર પ્રયોજન કહેલાં છે. (પ્ર).
૬. મૂલ (ગ્રંથ)માં પરીક્ષા કહેલ ન હોવાથી, (અહિં) આ બે જ કહેલાં છે. (પ્ર).
૭. એટલે જ્ઞાન જે પ્રકારે થાય તે રીતે કહ્યાં, એવો શ્લોકનો અર્થ છે. (પ્ર).

તે પૈકી ભક્તિનું લક્ષણ નીચેના બે શ્લોકથી કહે છેઃ

॥ શ્રીભગવાનુવાચ ॥

**દેવાનાં ગુણલિંગાનામાનુશ્રવિકકર્મણામ્ ॥**
**સત્ત્વ એવૈકમનસો વૃત્તિઃ સ્વાભાવિકી તુ યા ॥૩૨॥**
**અનિમિત્તા ભાગવતી ભક્તિઃ સિદ્ધેર્ગરીયસી ॥**
**જરયત્યાશુ યા કોશં નિગીર્ણમનલો યથા ॥૩૩॥**

ગુણ જેઓનું ચિહ્ન છે તેવી, વૈદિક કર્મોમાં પ્રવૃત્તિ કરનારી, એક મનવાળા (પુરુષ)ની દૈવી ઈન્દ્રિયોની માત્ર સત્ત્વ (મૂર્તિ) વિષે જે સ્વાભાવિકી પ્રયોજન રહિત સ્થિતિ તે ભક્તિ. જેમ જઠરાગ્નિ ખોરાકને જીર્ણ કરે છે તેમ જે લિંગશરીરને તરત જ જીર્ણ કરે છે તે ભગવાન્ વિષેની ભક્તિ સિદ્ધિથી ઉત્તમ છે. ૩૨।૩૩.

અને તે (ભક્તિ)નો બધોએ પરિકર આગળ અગીઆર (૩૪ થી ૪૪) શ્લોકોથી કહેશે. એકમનવાળા પુરુષની બધી ઈન્દ્રિયોની સત્ત્વમૂર્તિવાળા ભગવાનમાં જે સ્વાભાવિકી સ્થિતિ તે ભક્તિ, એવો (અર્થ છે). 'જે પ્રજાપતિથી ઉત્પન્ન થએલી...' વાક્યમાં સ્વભાવથી બે પ્રકારની, ઈન્દ્રિયો કહેલી છે. એક દૈવ પ્રકારની, બીજી આસુર પ્રકારની. જે વેદોમાં કહેલ અલૌકિક જ કર્મ અથવા જ્ઞાન કરાવે તે દૈવ પ્રકારની, જે લૌકિક કર્મ વિગેરે કરાવે તે આસુર પ્રકારની તેઓને પરસ્પર હરીફાઈ હોય છે. તે પૈકી આસુરી ઘણી બળવાળી છે. તેને લીધે દૈવી પોતાના કાર્યમાં પ્રવૃત્તિ

કરી શકતી નથી. તે (આસુરી) જો પ્રાણની ઉપાસના વિગેરેથી અથવા આસંગ[1] વિગેરે દોષથી દૂર રહી પોતાનો દૈવ સ્વભાવ પ્રાપ્ત કરે, તો કાર્યથી પણ દૈવી પ્રકારની થાય. તે પૈકી ઋષિઓને ઘણાં જન્મો સુધીનો અભ્યાસ હોવાથી તેમની, અને ઈંદ્ર વિગેરે દેવોની ઇન્દ્રિયો દૈવ પ્રકારની જ હોય છે; અને જેઓ દૈવી સંપત્તિમાં જન્મેલા છે તેઓની પણ ઇન્દ્રિયો દૈવી હોય છે અને આસુરી પણ હોય છે. બંને એક જ ગોલક[2]માં રહે છે, જેમ ગંદો (પદાર્થ) જોઈને (ગ્લાનિ થાય છે) તેમ સ્ત્રી જોવામાં આવે ત્યારે પણ શાસ્ત્રમાં મના કરેલ કાર્યથી જેમને ગ્લાનિ થાય છે (તે દૈવી છે); પરંતુ જેમને મના કરેલ કાર્યમાં અને લૌકિકમાં પ્રીતિ થાય છે, તેમને જબરજસ્તીથી શાસ્ત્રમાં કરવાનાં કહેલાં કાર્યમાં પ્રેરવા છતાં (તેમાં) પ્રીતિ થતી નથી તેથી (તે) આસુરી છે. તે પૈકી દૈવી (ઇન્દ્રિયો)થી જ ભક્તિ થાય છે. આસુરીથી થતી નથી, એમ 'દૈવી' શબ્દથી (ભક્તિનું) સાધન બનાવેલી છે. 'ગુણ જેઓનું ચિહ્ન છે તેવી' વિશેષણથી તેઓ જણાઈ આવે તે માટે (તેઓનું) લક્ષણ કહેલું છે. રૂપ વિગેરે ગુણો છે તેઓથી જણાય તેવી છે, કારણ કે ગુણો જેઓનાં ચિહ્ન છે તેવી (તે છે). દૈવ પ્રકારની ઇન્દ્રિયોનું આ ચિહ્ન છે કે તેઓને લય તથા મોહ થતા નથી, તેથી મોહ (થતો) ન હોવાથી, કાર્યમાં પ્રવૃત્તિ થવાથી તે સ્પષ્ટ જણાતી નથી, તેમજ લય થતો ન હોવાથી મૂઢ રહી પદાર્થને ગ્રહણ પણ કરતી નથી, એમ પણ નથી; પરંતુ ચક્ષુ માત્ર રૂપને (રંગને) ગ્રહણ કરે છે. તે જૂએ છે તેને લઈને ચક્ષુ છે એમ જણાય છે. એવી રીતે બીજી ઇન્દ્રિયો (નું પણ જાણવું).

'(ઇન્દ્રિયો) તેવી કેમ હોય છે ?' એ જાણવાની ઇચ્છા થાય, તેથી 'વૈદિક કર્મોમાં પ્રવૃત્તિ કરનારી' વિશેષણ યોજેલું છે. 'અનુ' ગુરુએ ઉચ્ચાર કર્યા પછી 'શ્રૂયતે' શ્રવણ કરવામાં આવે છે તે 'અનુશ્રવઃ' વેદ, તેમાં કહેલાં કર્મો 'અનુશ્રવિક' 'વૈદિક' કર્મો છે. તે જ કર્મો છે જે (ઇન્દ્રિયો)નાં, તેવી (છે). લોકમાં તે જોવાનું વિગેરે જ કરે છે; તેઓનાં કાર્યો તો વૈદિક જ હોય છે. દૈવને લીધે જેઓને આવી ઇન્દ્રિયો (પ્રાપ્ત) થઈ હોય છે, તેઓથી ભક્તિ થાય છે એમ કહ્યું. વળી તે પણ પહેલાંની વાસનાથી અભ્યાસને લીધે કર્મ, યોગ, જ્ઞાન વિગેરે ઘણા પ્રકારનાં વૈદિક કર્મમાં પ્રવૃત્ત થએલી હોય છે, તેઓની પણ જો ફલ (પ્રાપ્ત કરવા)ની અવસ્થા થાય, તો માત્ર સત્ત્વમાં, શુદ્ધ સત્ત્વ પ્રકારના ભગવાનનાં સ્વરૂપમાં સ્વભાવથી પ્રવૃત્ત થાય છે. 'સત્ત્વે' 'સત્વ (મૂર્તિ) વિષે' એ પણ સાંખ્યમતને અનુસરીને કહેલું છે. વાસ્તવિક રીતે તો 'ગુણથી પર ભગવાનમાં સ્વાભાવિકી સ્થિતિ (તે ભક્તિ)' એવું ભગવાન્ સંબંધી શાસ્ત્ર છે. 'મારામાં રહેલું નિર્ગુણ કહેલું છે' 'કારણ કે હરિ સાક્ષાત્ નિર્ગુણ છે'

વિગેરે વાક્યો પ્રમાણે ભગવાનની બધી સામગ્રી નિર્ગુણ છે. 'એવ' 'માત્ર' શબ્દ રાજસ અને તામસને બાતલ કરવા (યોજેલો છે). 'એક મનવાળાની એટલે એક જ છે મન જેનું તેવાની. મન પણ દૈવ અને આસુરના ભેદથી બે પ્રકારનું છે, તે પૈકી આસુર (મન) સંકલ્પ અને વિકલ્પરૂપ જૂદી જૂદી સ્થિતિ પ્રાપ્ત કરનારું અને ગુણોથી ખળભળાટ પામનારું હોય છે. દૈવ (મન) તો એક સ્વભાવવાળું માત્ર મનનરૂપ જ હોય છે. ઈન્દ્રિયો તો ભલે બંને પ્રકારની હોય. આસુર (ઈન્દ્રિયોવાળા)ને કાર્યમાં જ વિઘ્ન થાય છે, પણ મન તો બીજું (આસુર) ન જ હોવું જોઈએ. તેમ (મન આસુર) હોય તો ઈન્દ્રિયોની ઉપર કહી તેવી (માત્ર સત્ત્વમૂર્તિમાં જ) સ્થિતિ ન થાય. તેથી 'એકં' એક સ્વભાવવાળું મન જેનું હોય છે, તેનાથી જ ભક્તિ થાય છે. બીજાઓની તો હરકોઈ પ્રકારે ભગવાનમાં કટકે કટકે કરેલી સ્થિતિ, ક્ષયરહિત હોવાથી ઘણા જન્મોથી પુષ્ટ થઈ, છેવટના જન્મમાં ભક્તિરૂપ સ્થિતિ ઉત્પન્ન કરશે, એમ કંઈ અયોગ્યતા (રહેતી) નથી. 'વૃત્તિઃ' એટલે તે (સત્ત્વમૂર્તિ)માં સ્થિતિ, પરંતુ માત્ર ગ્રહણ કરવાનું (જાણવાનું) નહિ. તે સ્થિતિ પણ જેવી પ્રહ્લાદની અથવા બીજા ભક્તોની હતી તેવી કુદરતી (જોઈએ). આટલું ઘણું દૂર છે, આ જન્મમાં સાધનથી પ્રાપ્ત થાય તેવું નથી, પરંતુ પહેલાનાં જન્મને લીધે એવો (ભક્ત) થાય છે. આગળ ભેદ જણાવવા 'તુ' 'તો' શબ્દ કહેલો છે. બીજા જન્મનું આવરણ હોવાથી, પહેલાં જન્મની સ્થિતિ 'યત્ (યા)' શબ્દથી કહેલી છે. ૩૨.

ફલરૂપ[3] (છેવટના) જન્મમાં તે (સ્થિતિ) પ્રયોજનરહિત, સ્વતંત્ર અથવા ભગવાનને લક્ષમાં રાખનારી હોય છે. ફલો અને પ્રયોજનો ભગવાનથી (સિદ્ધ થાય છે), અથવા જે પ્રયોજનરહિત (સ્થિતિ) તે ભક્તિ છે એમ પછીના (ભક્તિ શબ્દ) સાથે સંબંધ છે. વળી જો તે ભગવાન્ વિષેની હોય તો સાક્ષાત્ ભગવાનનો સાક્ષાત્કાર કરે છે અથવા છ ગુણોના સ્વરૂપવાળી ભગવાનની સ્થિતિ પ્રાપ્ત કરે છે. અથવા પહેલાં સત્ત્વસ્વરૂપવાળા દેવ વિષ્ણુમાં સ્થિતિ થાય, અને બીજા જન્મમાં ભગવાન્ વિષે તે (સ્થિતિ) જ થાય. પાંચ અગ્નિની વિદ્યામાં જ્ઞાનના સાધન તરીકે દેહની સ્થિતિ કહેલી છે અને તે દેહમાં જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે મુક્તિ થાય છે, તેથી જીવતાં, મરતાં, ચાલતા તથા (બીજાના) સંગમાં આવતાં તે બ્રહ્મ જાણનારની ક્રિયાઓ કહેલી છે. તરત મુક્તિમાં પણ સાયુજ્ય (થવાનું) કહેલું છે. તે (ફલ) વાસ્તવિક રીતે ભક્તોને પણ (પ્રાપ્ત) થાય છે, એવો સિદ્ધાંત છે, કારણ કે જૂદા પ્રકારે (જ્ઞાનથી) પ્રાપ્ત કરીને (ભક્તોથી તે) પ્રકટ કરાતું નથી. છતાં પણ સાયુજ્યરૂપ મુક્તિથી પણ આ ભક્તિ ઉત્તમ છે, એમ 'સિદ્ધિથી ઉત્તમ છે' શબ્દોથી કહેલું છે. સિદ્ધિ ઉપર જણાવી.

ઉત્તમપણું (તેત્રીસમા શ્લોકના) ઉત્તરાર્ધથી કહે છે. જે (ભક્તિ) 'કોશં' લિંગ શરીરને (જીર્ણ કરે છે), સંસારના બીજરૂપ (કોશ)ને (જીર્ણ કરે છે), એમ બીજાઓ કહે છે. જો કે સિદ્ધિ (મુક્તિ)માં પણ લિંગશરીર જીર્ણ થાય છે, છતાં પણ (ભક્તિ) તરત જ જીર્ણ કરે છે. પ્રયાસ વિના (તે જીર્ણ થાય છે) એમ જણાવવા 'જેમ જઠરાગ્નિ ખોરાકને (જીર્ણ કરે છે)' એવું દૃષ્ટાંત કહેલું છે, કારણ કે ખાધેલો કોળીઓ સારી રીતે પચી જાય તે માટે ઉદરના અગ્નિ સિવાય બીજું સાધન કરવામાં આવતું નથી. ઓસડ વિગેરે પણ અગ્નિને જ તેજ કરે છે. આ (ભક્તિ)થી મારું ધામ પ્રાપ્ત થાય છે, એવો ભાવ છે. ૩૩.

૧. 'આસંગ વિગેરે દોષથી' એટલે લૌકિકનો ત્યાગ ન કરવો વિગેરે દોષથી. (પ્ર)

૨. 'ગોલક' એટલે ઈન્દ્રિય જ્યાં રહે છે તે સ્થાન. એવો અર્થ જણાય છે.

૩. અહિંથી તેત્રીસમા શ્લોકનું વ્યાખ્યાન કરે છે. (પ્ર).

જ્ઞાનીઓ પેઠે તે ભક્તોએ ભવિષ્યમાં બે પ્રકારે[1] કરવાનું કૃત્ય કહે છે. તે પૈકી પહેલા (પ્રકાર)નું નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી કહે છે.

**જીવતાં સાધનાવસ્થા ફલરૂપા તથા પરા ।।૨૯।।**
**સાયુજ્યં ચ તૃતીયં સ્યાદતો નોત્ક્રાન્તિપ્રાપણે ।।**

જીવતાં (તેઓની) સાધનો (કરવા)ની સ્થિતિ (૩૪) અને પછીની ફલરૂપ (સ્થિતિ) (૩૫) અને ત્રીજું સાયુજ્ય છે (૩૬). તેથી બહાર નીકળવાનું અને પ્રાપ્ત કરાવવાનું કહેલાં[2] નથી. કા. ૨૯[1]/૨.

તે પૈકી નીચેના શ્લોકથી આરંભમાં ભક્તોની સાધન કરવાની સ્થિતિ કહે છેઃ

**નેકાત્મતાં મે સ્પૃહયન્તિ કેચિન્મત્પાદસેવાભિરતા મદીહાઃ ।।**
**યેઽન્યોન્યતો ભાગવતાઃ પ્રસજ્જ્ય સભાજયન્તે મમ પૌરુષાણિ ।।૩૪।।**

મારા ચરણની સેવામાં આનંદ માનનારા, મારા માટે કાર્ય કરનારા કેટલાક ભક્તો, જેઓ (મારામાં) આસક્તિ રાખી પરસ્પર મારાં પરાક્રમોનો આદર કરે છે તેઓ મારી સાથે સાયુજ્યની ઈચ્છા રાખતા નથી. ૩૪.

આ ફલરૂપ ભક્તિ જાણવી. તે ભક્તો જ્યાંસુધી જીવે ત્યાં સુધી ફલરૂપ ભક્તિ કરે છે, એવો અર્થ છે. ફલરૂપ (ભક્તિ) હોવાનું ત્યારે જ થાય, કે જ્યારે ભજનથી અનેક પ્રકારે રસ પ્રકટ થાય. ભગવાન્ સાથે 'એકાત્મતાં' સાયુજ્યરૂપ ફલની ઈચ્છા રાખતા નથી, (તો તે માટે) પ્રાર્થના (કરવા)ની તો વાત જ શી ? (એમ) તે પ્રકટ થવાનું દૃષ્ટાંત કહેલું છે. ભક્તોમાં વિરલ તેઓનું પ્રસંગને લીધે નિરૂપણ કરવામાં આવે છે. 'કેટલાક' વિશેષણથી (તેઓને) દુર્લભ (જણાવેલા છે).

સ્વભાવથી જ તેઓનાં કાયા વાણી અને મનની ક્રિયા ભગવાન્ વિષે જ થાય છે એમ 'મારા ચરણની (સેવામાં આનંદ માનનારા)' વિગેરેથી કહે છે. મારા ચરણની સેવા જ 'અભિરતિઃ' સ્વભાવ છે જેઓનો (અથવા) સર્વ સ્થલેથી જઈને ભગવાનનું કાર્ય કરવું એમ બે પગોથી સેવા (કરે છે), એવો અર્થ છે. બીજું (ભગવાનનું) સુખ તો (તેમની પાસે) ગયા પછી થઈ શકે તેવું છે. આ મનની ક્રિયા કહી. 'મારા માટે કાર્ય કરનારા' વિશેષણથી કાયાની (ક્રિયા) કહેલી છે. મારા સંબંધની જ છે 'ઈહા' ક્રિયા જેઓની તેવા (તેઓ છે). ઉત્તરાર્ધથી તેઓની વાણીની (ક્રિયા) કહેલી છે. બધા 'ભાગવતાઃ' એક પ્રકારના ભગવદીયો 'પ્રસજ્જ્ય' (મારામાં) આસક્તિ રાખી, 'મમ' મારાં ભગવાનનાં પરાક્રમોનો આદર કરે છે.

૧. 'બે પ્રકારે' એટલે આ લોકના અને પરલોકના ભોગના પ્રકારે. (પ્ર)

૨. તેઓની ત્રણ અવસ્થાઓ આવી છે, તેથી ઈન્દ્રિયોનું દેહમાંથી બહાર નીકળવાનું અને દેવતાપણું પ્રાપ્ત કરાવવાનું કહેલું નથી, એવો અર્થ છે. (પ્ર)

**અન્યોન્યમુક્તાન્યતિપૌરુષાણિ સંમાનયન્તિ પ્રકટં સુહૃષ્ટાઃ ।।૩૦।।**
**સ્વકાર્યનિર્ધારવિચારહેતૌ પ્રમાણમેતદ્ગણયન્તિ નાન્યત્ ।।**

ઘણા આનંદિત થઈ (ભગવાનનાં) પરસ્પર કહેલાં ઘણાં પરાક્રમ (વાળાં ચરિત્રો)નો પ્રકટ આદર કરે છે. આને પોતાનાં કાર્યનો નિશ્ચય કરવાનો વિચાર કરવામાં પ્રમાણ ગણે છે, બીજાને (પ્રમાણ ગણતા) નથી. કા. ૩૦ ૧/૨.

નીચેના શ્લોકમાં તેઓની ફલની અવસ્થા કહે છેઃ

**પશ્યન્તિ તે મે રુચિરાવતંસપ્રસન્નવક્ત્રારુણલોચનાનિ ।।**
**રૂપાણિ દિવ્યાનિ વરપ્રદાનિ સાકં વાચં સ્પૃહણીયાં વદન્તિ ।।૩૫।।**

તેઓ મારાં સુંદર કર્ણના આભરણવાળાં, પ્રસન્ન મુખવાળાં, અરુણ નેત્રવાળાં, દિવ્ય, વર આપનારાં સ્વરૂપોનું દર્શન કરે છે, (અને તેમની) સાથે ઈચ્છવા યોગ્ય વાત કરે છે. ૩૫.

તેઓ મારાં સ્વરૂપોનું દર્શન કરે છે. જેમ મિત્રો સાથે રમત રમે, તેમ તેઓને સદા ભગવાનનો સાક્ષાત્કાર થાય છે. આરંભમાં દર્શન કરે છે. ભગવાનનાં સ્વરૂપોનું વર્ણન કરે છે (કે) સુંદર છે 'અવતંસાનિ' કર્ણનાં આભરણો જેઓનાં (તેવાં સ્વરૂપો) છે. આથી એમ કહ્યું કે વૃંદાવન વિગેરેમાં ભગવાનનો સાક્ષાત્કાર થાય છે. પ્રસન્ન મુખો, (અને) અરુણ લોચનો છે જેઓનાં તેવાં સ્વરૂપો, રામના જેવાં, નૃસિંહના જેવાં (સ્વરૂપનાં) દર્શન કરે છે; અથવા (તે સ્વરૂપો) તેઓનું ઈષ્ટ થાય તે માટે રાજસભાવ અને (તેમનાં) ઈચ્છેલાં ટકી રહે તે માટે સાત્ત્વિકભાવ પ્રકટ કરે છે, એવો

અર્થ છે. 'સ્વરૂપોનું' શબ્દથી (એમ કહેલું છે કે) ઘણી ઉપાસના કરનારાઓને કોઈક વાર એક સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે, પણ તેઓને ઘણાં (સ્વરૂપોનું દર્શન થાય છે), અને તે (સ્વરૂપો) દિવ્ય છે, લૌકિક બુદ્ધિથી ગ્રહણ થતાં નથી; અથવા (તેઓ) અલૌકિક ભાવ પ્રકટ કરે છે, (અને) તેઓ (ભક્તો) પ્રતિ જ પ્રકટ થાય છે. આમ હોવાથી અતિપ્રસક્તિ[1] થતી નથી. તેઓનાં બીજાંને (દર્શન) થતાં નથી એમ જણાવનારું 'વર આપનારાં' શબ્દથી બીજું પ્રમાણ કહેલું છે; કારણ કે (ભગવાનનાં સ્વરૂપ સિવાય) બીજાથી વર આપી શકાતો નથી. પ્રસન્ન સ્વરૂપોને લીધે (થતી) આમની સરસાઈ[2] 'સાથે (ઈચ્છવા યોગ્ય) વાત કરે છે' શબ્દોથી કહેલી છે. જીવતાં જ આ (ભક્તો) આ લોકમાં જ જેમ મિત્રો સાથે ઈચ્છેલી વાતચિત કરાય તેમ-ભગવાન્ સાથે ઈચ્છવા યોગ્ય વાત કરે છે. ૩૫.

૧. 'અવતાર ધારણ કરેલ ભગવાનનાં સર્વને દર્શન થાય છે, તેથી ભક્ત ન હોય તેમને પણ દર્શન થતાં હોવાથી તે દિવ્ય કેમ ગણાય ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી આ કહેલ છે. જે દિવ્ય સ્વરૂપો છે તે ભૂમિ ઉપર ભક્તો માટે જ પ્રકટ થાય છે. તેથી ભક્તોને જ દર્શન દે છે, સર્વને દર્શન દેતાં નથી. તેથી દિવ્યપણું બીજાના જાણવામાં આવતું નથી, એવો અર્થ છે. (પ્ર).

૨. બીજા દર્શન કરનારાઓથી આ (દિવ્ય સ્વરૂપનાં દર્શન કરનાર) ભક્તોની સરસાઈ. (પ્ર)

પછી નીચેના શ્લોકમાં તેઓનું (તેઓને પ્રાપ્ત થતું) સાયુજ્ય કહે છેઃ

**તૈર્દર્શનીયાવયવૈરુદારવિલાસહાસેક્ષિતવામસૂક્તૈઃ ।।**

**હૃતાત્મનો હૃતપ્રાણાંશ્ચ ભક્તિરનિચ્છતો મે ગતિમણ્વીં પ્રયુઙ્ક્તે ।।૩૬।।**

તે સુંદર અવયવોવાળાં, ઉદાર વિલાસવાળાં, હાસ્ય સાથે દૃષ્ટિ કરનારાં, મનોહર વાણીવાળાં (સ્વરૂપો)થી હરાએલાં છે અંતઃકરણ અને પ્રાણો જેમનાં, તેઓ ન ઈચ્છતા હોવા છતાં ભક્તિ તેઓને મારું સૂક્ષ્મ સ્થાન પ્રાપ્ત કરાવે છે. ૩૬.

'તે' અનુભવ સમયે જ આનંદ ઉત્પન્ન કરનારાં ઉપર કહેલાં સ્વરૂપો, જેમના (૧) સુંદર અવયવો છે, (૨) ઉદાર વિલાસ છે, (૩) હાસ્ય સાથે દૃષ્ટિ છે, અને (૪) 'વામં' મનોહર 'સૂક્તં' વાણી છે તે (સ્વરૂપો)થી હરાએલાં છે અંતઃકરણ જેમનાં, એટલે (સ્વરૂપોએ) જેઓની ઈન્દ્રિયોને વશ કરેલી છે, તેમને તે ઉપર કહેલી ભક્તિ 'મારું સૂક્ષ્મ સ્થાન' એટલે સાયુજ્ય, તેઓ (તેને) ઈચ્છતા ન હોવા છતાં પ્રાપ્ત કરાવે છે. વળી ભક્તોને ચાર પ્રકારના પુરુષાર્થો પ્રાપ્ત થાય તે માટે (સ્વરૂપ) ચાર ગુણોવાળું હોવાનું જણાવે છે. તે પૈકી (૧) સુંદર અવયવો 'કામ' પૂર્ણ કરનારા છે. (૨) ઉદાર વિલાસ 'અર્થ' સૂચવે છે. (૩) હાસ્ય સાથેની દૃષ્ટિ 'ધર્મ' કરાવનારી છે (અને ૪) મનોહર વાણી 'મોક્ષ' કરાવનારી છે. (૧) કામ વિષયના સૌંદર્યથી અને અંદરની શક્તિથી પૂર્ણ થાય છે, તેથી 'સુંદર' એ વિશેષણ બહારનું અલૌકિક સૌંદર્ય

જણાવવા (યોજેલું છે). (૨) અર્થ જાતજાતનો (પ્રાપ્ત) થાય તે માટે વિલાસ (કહેલો છે). તે સર્વને લાભકારી થાય તે માટે તેને 'ઉદાર' કહેલ છે, કારણ કે ભગવાનની લીલા સર્વને સર્વ પદાર્થો આપનારી છે એ (ભગવાનનું) ભગવત્પણું છે. (૩) હાસ્ય દેહ વિગેરેમાં અધ્યાસ[1] ઉત્પન્ન કરાવનારું છે. તેમ (અધ્યાસ) ન હોય, તો સદા ધર્મ થઈ શકે નહિ, અને હાસ્ય સાથેનું જ્ઞાન (દષ્ટિ) ધર્મ કરાવનારું છે. (૪) વાણી હિત કરનારી, અવિદ્યાનો નાશ કરનારી છે, કારણ કે (તેનું) મનોહરપણું પરમ આનંદ આપનારું[2] છે.

સૂક્ષ્મ સ્થાન એક પ્રકારના આનંદરૂપ છે, અને (ભગવાનનાં) સ્વરૂપો અનંત આનંદરૂપ છે, તેથી જ (ભક્તો સૂક્ષ્મધામ અથવા સાયુજ્ય) ઈચ્છતા નથી. તેથી જ (સ્વરૂપો) સર્વ ઈન્દ્રિયોને સુખરૂપ હોવાથી, તેઓ અંતઃકરણને અને ઈન્દ્રિયોને આકર્ષણ કરે છે. તે ભગવાન્ પોતાને ઘેર પધારતાં તેમને (ભક્તોને) પણ લઈ જાય છે. તેઓ (સ્વરૂપો) તો ઈન્દ્રિયોને અને મનને લઈ જાય છે. જેનું ફલ અવશ્ય (પ્રાપ્ત) થવાનું છે તેવી ભક્તિ તો કાલ વિગેરેને પણ જે પ્રાપ્ત થતું નથી તેવું ઘણું સૂક્ષ્મ ભગવદ્રૂપ ફલ જ આપે છે. ૩૬.

૧. 'અધ્યાસ' એટલે હું દેહ વિગેરે છું, એવું ખોટું જ્ઞાન.
૨. મનોહરપણું પરમ આનંદ આપે, અને આનંદને લીધે અવિદ્યાનો નાશ થાય એટલે મોક્ષ પ્રાપ્ત થાય, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે સાયુજ્યરૂપ ફલ કહીને, નીચેના શ્લોકમાં સાલોક્ય વિગેરે પ્રકારનું ફલ કહે છેઃ

**અથો વિભૂતિં મમ માયાવિનસ્તામૈશ્વર્યમષ્ટાઙ્ગમનુપ્રવિષ્ટામ્ ।।**
**શ્રિયં ભાગવતીં વા સ્પૃહયન્તિ ભદ્રાં પરસ્ય મે તેઽશ્નુવતે નુ લોકે ।।૩૭।।**

જો માયાવીની મારી તે પ્રસિદ્ધ વિભૂતિ, આઠ અંગવાળાં ઐશ્વર્ય, (ભજન) પાછલ આવતી સંપત્તિ, ભગવાને કરેલી સંપત્તિ અથવા મોક્ષરૂપ સંપત્તિની તેઓ ઈચ્છા કરે, તો તેઓ હું-ઉત્તમના લોકમાં (તેમનો) નક્કી ભોગ કરે છે. ૩૭.

જો તે ભક્તિ મધ્યમ હોય, તો આ (શ્લોકમાં કહેલો) જૂદો ક્રમ છે. જો માયાવીની મારી પુત્ર ધન વિગેરેરૂપ અને સ્વર્ગ વિગેરેરૂપ વિભૂતિની (ઈચ્છા કરે, તો તેમનો ભોગ કરે છે). તેમાં ભોગ કરવા યોગ્ય (કાંઈ) ન હોવાથી 'માયાવીની' એમ કહેલું છે. ભગવદીયોનો બધોએ વિષય ભગવાનને અધીન છે એમ જણાવવા (માયાવીની મારી એમ) છઠ્ઠી વિભક્તિ (યોજેલી છે). 'તે' એટલે અલૌકિક અથવા સર્વ લોકમાં પ્રસિદ્ધ. અણિમા વિગેરે આઠ અંગો છે જેનાં તેવું ઐશ્વર્ય, એમ સર્વ

ઐશ્વર્યની પ્રાપ્તિ (કહેલી છે). ભગવાનનાં ભજન પાછળ અથવા ભગવાન્ પાછળ આવતી 'શ્રિયમ્' એટલે મોક્ષ સુધીની બધીએ સંપત્તિ, અને 'ભાગવતાં' ભગવાને કરેલી સંપત્તિ (ની ઈચ્છા કરે તો ભોગ કરે છે). 'વા' શબ્દ (આ સંપત્તિઓનો) અનાદર દર્શાવે છે. અથવા (આ) બધીએ (અને) 'ભદ્રાં' મોક્ષસંપત્તિની પણ ઈચ્છા[1] કરે (તો ભોગ કરે છે). મધ્યમ ભક્તિ અવશ્ય ફલ આપે છે, તેથી જો બીજા સ્થલે તેઓને ભોગ (કરવો) ન ગમે, તો વૈકુંઠમાં તેમને ભોગ આપે છે, એમ 'તેઓ હું-ઉત્તમના લોકમાં નક્કી ભોગ કરે છે'. શબ્દોથી કહેલું છે. 'ઉત્તમ' એટલે કાલ અને અક્ષરથી ઉત્તમના 'લોકમાં' એટલે વ્યાપિવૈકુંઠમાં ઐશ્વર્ય વિગેરે બધાંએનો ભોગ કરે છે, એવો અર્થ છે. ૩૭.

૧. અ, મા, નો, ના, શબ્દો નકારનો અર્થ જણાવે છે. 'અ' શબ્દ છૂટો, સમાસ ન કરેલો જાણવો. (પ્ર) અહિં 'અ' વધારે પ્રકાશકારે લીધો છે. વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં એ નથી. આ ભક્તિને મધ્યમ કહેલી છે. પાછલના શ્લોકમાં ન ઈચ્છેલ હોવા છતાં ફલ આપવાનું કહેલ છે. આ શ્લોકમાં આરંભમાં 'અથો' 'જો' શબ્દ છે. તેથી અણિમા વિગેરે ફલ ઈચ્છતા હોય તો શું થાય, તે આ શ્લોકમાં કહેલ હોય, તેવું જણાય છે. તેથી વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લઈ અર્થ કરેલ છે. 'અ' શ્લોકમાં નથી. છતાં 'વા' ના 'આ' સાથે ભળી ગએલો છે. એમ કહી શકાય. એવો પાઠ લઈએ તો આ ફલો નથી ઈચ્છતા, છતાં મારા લોકમાં ભોગવે છે, એવો અર્થ થાય. શ્રીધર વિગેરે 'અ' લે છે.

''લોકોને કાલનો ભય હોવાથી, 'પુણ્યનો ક્ષય થાય ત્યારે મર્ત્યલોકમાં પ્રવેશ કરે છે' (ભ.ગી. ૯।૨૧) પ્રમાણે પોતાનાં સ્થાનનો ત્યાગ થતો હોવાથી, વૈકુંઠલોકમાં વિષયોનો અનુભવ કરવાથી શું લાભ ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**ન કર્હિચિન્મત્પરાઃ શાન્તરૂપે નઙ્‌ક્ષ્યન્તિ નો મેઽનિમિષો લેઢિ હેતિઃ ।।**
**યેષામહં પ્રિય આત્મા સુતશ્ચ સખા ગુરુઃ સુહૃદો દૈવમિષ્ટમ્ ।।૩૮।।**

શાંત સ્વરૂપવાળા (વૈકુંઠ)માં મારામાં આસક્તિ રાખનાર જેઓના પ્રિય, દેહ, અને પુત્ર મિત્ર, ગુરુ, બાંધવો, દેવ અને ફલ હું છું તેઓનો કોઈપણ સમયે નાશ થતો નથી અને મારું આયુધ કાલ (તેમનું) ભક્ષણ કરતો નથી. ૩૮.

હે શાંત સ્વભાવવાળી માતા! અથવા શાંત છે સ્વરૂપ જેનું તેવા સર્વ દોષરહિત વૈકુંઠમાં, મારામાં જ છે આસક્તિ જેઓની, તેઓનો નાશ થતો નથી; (તેઓનાં) પુણ્યનો ક્ષય થતો નથી અને (તેઓનું) પતન થતું નથી; તેમજ આયુધ કાલચક્ર તેઓનું ભક્ષણ કરતું નથી. કાલ પણ તેઓનું ભક્ષણ કરતો નથી, તેનું કારણ ઉત્તરાર્ધથી (કહેલું છે). કાલનો જ્યાં વિષય હોય ત્યાં (તેની) પ્રવૃત્તિ થાય છે. તેના વિષય નીચેના આઠ છે - (૧) વિષયો (૨) દેહ (૩) પુત્રો (૪) મિત્રો (૫) ગુરુઓ

(૬) બાંધવો (૭) ઈષ્ટ દેવતા અને (૮) કામ. તે (વૈકુંઠ) લોકમાં આ નથી હોતા, પરંતુ આમનું કાર્ય હું જ કરું છું. તેથી જ તેઓને હું જ (ઉપર જણાવેલ) આઠ પ્રકારનો છું. (૧) કાલ મને વિષય કરતો નથી. (૨) મારાથી બીજો કોઈપણ તેમનો દેહ વિગેરે નથી. (૧) વિષય પ્રિય થાય છે, પણ વૈકુંઠ મારારૂપ હોવાથી હું જ ત્યાં વિષય છું. અને (૨) (ભક્તોએ) સારૂપ્ય (ભગવાન્ જેવું સ્વરૂપ) પ્રાપ્ત કરેલ હોવાથી, (તેમનો) દેહપણ હું જ છું. (૩) દેહથી વિષયોનો ભોગ કરવામાં આવે, ત્યારે પ્રકૃતિ પ્રસવ કરે છે, એટલે પુત્રો થાય છે. ત્યાં વિષયના ભોગથી પણ હું જ (ઉત્પન્ન) થાઉં છું. ત્યાં રહેનારાઓ મારા ઉપર જ પુત્ર તરીકે સ્નેહ કરે છે. (૪) ત્યાં બહારનો મિત્ર પણ હું જ છું, કારણ કે ત્યાં રહેનારા પુરુષો મારા સ્વરૂપવાળા છે. આ ચાર આ લોકના સંબંધવાળા (કહ્યા). પરલોકના સંબંધવાળા ચાર છે. (૫) તે પૈકી ઉપદેશ આપનાર ગુરુ છે. વૈકુંઠમાં તો હું જ (ગુરુ) છું. (૬) ગુરુના ઉપેદશ પછી હિત થાય તે માટે જેઓ ત્યાં પ્રયાસ કરે છે તે 'સુહૃદઃ' બાંધવો છે. બાંધવોનું કાર્ય તો ત્યાં રહેનારાઓ જ કરે છે. (૭) 'દૈવં' એટલે દેવ અથવા પૂજા કરવા યોગ્ય. તે ફલનું દાન કરવામાં ઉપયોગી છે અને (૮) 'ઈષ્ટં' એટલે ફલ (હું જ છું). તેથી તેઓનો નાશ ન થાય તે યોગ્ય જ છે. ૩૮.

નીચેના બે શ્લોકોથી તેનાથી પહેલી (પ્રાપ્ત થતી) ભક્તિ ફલ સાથે કહે છેઃ

**ઈમં લોકં તથૈવામુમાત્માનમુભયાયિનમ્ ।।**
**આત્માનમનુ યે ચેહ યે રાયઃ પશવો ગૃહાઃ ।।૩૯।।**
**વિસૃજ્ય સર્વાનન્યાંશ્ચ મામેવં વિશ્વતોમુખમ્ ।।**
**ભજન્ત્યનન્યયા ભક્ત્યા તાન્મૃત્યોરતિપારયે ।।૪૦।।**

આ લોકનો તેમજ પરલોકનો, બંને લોકમાં જનાર આત્માનો અને આત્માની પાછલ જે આ લોકમાં ધન પશુઓ ઘરો અને બીજાં છે તે સર્વનો ત્યાગ કરીને જેઓ એવી રીતે સર્વત્ર મુખવાળાનું મારું અનન્ય ભક્તિથી ભજન કરે છે, તેઓને હું મૃત્યુના પેલે પાર લઈ જાઉં છું. ૩૯।૪૦.

જેઓ ઉપર કહેલા અધિકાર વિનાના, તેવાં શરીર વિગેરે વિનાના, માત્ર પુણ્યના પાકવાથી જ એવા થઈ, (નીચે) કહેવામાં આવશે તે પ્રમાણે ઉપાસના કરે છે, તેઓમાં ભક્તિ ન હોવાથી હું તેઓને મૃત્યુના પેલે પાર લઈ જાઉં છું. એવો બે (શ્લોકો)નો સંબંધ છે. (આ) સાંખ્યનો સિદ્ધાંત હોવાથી, આમાં ત્યાગ મુખ્ય છે. મુખ્ય સિદ્ધાંત પ્રમાણે તો આ લોકમાં ઉદાસીનપણું જ (ફલનાં) કારણરૂપ છે. ત્યાગ કરવાના (પદાર્થો) ગણાવે છે. પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલના ભેદથી ચાર પ્રકારે

આ લોકનો ત્યાગ કરવો. આ લોકમાં રહેનારાઓનાં પ્રમાણો (આ ઉપાસના કરનારનાં) પ્રમાણો નથી. જે તેમનું પ્રમેય-જાણવા યોગ્ય અથવા ગ્રહણ કરવા યોગ્ય વિષયો-તે (આમને) ગ્રહણ કરવાના નથી. જે તેઓનું ફલ (પ્રાપ્ત કરવા)નું સાધન અથવા જે ફલ, તે બંને તેમનાં (ઉપાસના કરનારનાં સાધન તથા ફલ) નથી. જે આ પ્રમાણે કરે છે તે આ લોકનો ત્યાગ કરે છે. તેવી જ રીતે ચાર પ્રકારે પરલોકનો ત્યાગ કરે છે. બંને લોકની કામના કરનાર લૌકિક અને વૈદિક બંને સ્વભાવ પ્રાપ્ત કરેલ 'આત્મા' એટલે ચાર પ્રકારના દેહ[1] વિગેરે (નો ત્યાગ કરે છે). સર્વ સ્થલે 'ત્યાગ' એટલે ઉદાસીનપણું. 'આત્માનં' દેહ વિગેરેની પાછલ જે પુત્ર વિગેરે (રહેલા) અને 'ચ' 'અને' શબ્દથી જણાવેલા જે ઘરની ઘરવખરી વિગેરે છે (તેમનો ત્યાગ કરે છે). 'ઈહ' 'આ લોકમાં' શબ્દથી એમ સૂચવેલું છે કે મમતાના સ્થાનરૂપ બધુંએ પ્રત્યક્ષ જ જાણવામાં આવે છે. 'રાયઃ' ધન, ગાયો વિગેરે 'પશુઓ'. આવો અને બીજા ન કહેલાં પ્રતિષ્ઠા વિગેરે ગુણોનો ત્યાગ કરી (ભજન કરે છે). 'સર્વનો' એ વિશેષણ બધાંને લાગુ પડે છે. 'ચ' 'અને' શબ્દથી અભિમાન વિગેરે (જણાવ્યાં છે).

"સર્વનો ત્યાગ કરવામાં આવે ત્યારે સર્વથી થતા લાભોની જરુર હોવાથી કેવી રીતે મુક્તિ થશે ?'' એવી શંકા થાય, તેથી 'એવી રીતે સર્વત્ર મુખવાળાનું મારું (ભજન કરે છે)' એમ કહેલું છે, કારણ કે હું સર્વરૂપ છું. મારા માટે જેટલાંનો ત્યાગ કરે છે તેટલાં રૂપવાળો હું તેઓના માટે થાઉં છું, એવો (અર્થ છે). એવા સ્વરૂપવાળાનું મારું જેઓ ભજન કરે છે (તેઓને હું મૃત્યુના પેલે પાર લઈ જાઉં છું). 'સર્વત્ર મુખવાળા' વિશેષણથી એમ સૂચવેલું છે કે ભગવાનને નવીન રીતે કાંઈ પણ કરવાનું નથી. તે ભજનનું સાધન ભક્તિ જ છે. તેમાં અનન્યતાની જરૂર છે. પરલોક (પ્રાપ્ત કરવા) માટે, ભગવાનની કૃપા (પ્રાપ્ત કરવા) માટે, (અથવા) બીજાં (પ્રયોજન) માટે ભક્તિ સિવાય અથવા ભગવાન્ સિવાય જેઓને બીજું (સાધન) નથી, (તેઓ અનન્ય છે). 'મૃત્યુના પેલે પાર લઈ જવું'. એટલે ફરીથી તે આત્માને મૃત્યુ ગળી જાય તેવા દેહનો સંબંધ ન થવો તે. (તેઓને) મુક્તિ થતી નથી, (તેમ) મૃત્યુ પણ થતું નથી એટલે સનક વિગેરેની પેઠે તેઓ રહે છે. એ રીતે (૧) સાયુજ્ય (૨) વૈકુંઠ અને (૩) જીવન્મુક્તિ એવા ત્રણ પ્રકારો કહ્યા. ૩૯।૪૦.

૧. દેહ, ઈન્દ્રિય, પ્રાણ અને અંતઃકરણના અધ્યાસના ભેદથી જૂદો જૂદો ચાર પ્રકારનો થતો (આત્મા). (પ્ર)

બીજા માર્ગથી પણ આ ફલ થશે એવી શંકા કરી તે દૂર કરે છેઃ

**નાન્યત્ર મદ્ભગવતઃ પ્રધાનપુરુષેશ્વરાત્ ।।**

**આત્મનઃ સર્વભૂતાનાં ભયં તીવ્રં નિવર્તતે ।।૪૧।।**

પ્રકૃતિ અને પુરુષના ઈશ્વર, સર્વ પ્રાણીઓના આત્મા હું ભગવાન્ વિના બીજાથી તીવ્ર ભય દૂર થતો નથી. ૪૧.

**ભક્ત્યૈવ તુષ્ટિમભ્યેતિ વિષ્ણુર્નાન્યેન કેનચિત્ ।।૩૧।।**
**સ એવ મુક્તિદાતા ચ ભક્તિસ્તત્રૈવ કારણમ્ ।।**

વિષ્ણુ ભક્તિથી જ પ્રસન્ન થાય છે, બીજા કોઈપણ (સાધન)થી પ્રસન્ન થતા નથી; અને મુક્તિ આપનારા તે જ છે, (અને) તે (મુક્તિ)નું કારણ ભક્તિ જ છે. કા. ૩૧$^{1}/_{2}$.

'મત્' મારાથી બીજાથી સંસારરૂપ તીવ્ર ભય દૂર થતો નથી. જ્ઞાન વિગેરેથી સંસાર દૂર થાય છે, અને 'ભગ' 'ભગ' શબ્દથી ઓળખાતા તે ભગવાનમાં જ હોય છે. તે (અર્થ) 'ભગવાન્' શબ્દથી કહેલો છે. વળી સંસાર પ્રકૃતિ અને પુરુષથી ઉત્પન્ન થાય છે, (તેથી) તે બેને જે વશ રાખનાર છે તેમનાથી જ દૂર થાય તે યોગ્ય છે. વળી હું 'સર્વ પ્રાણીઓનો આત્મા' છું. આત્મા જ તેવો (સંસાર દૂર કરવાનો) ઉપકાર કરે છે, કારણ કે સ્વાર્થ વિના એક ઉપર બીજો કોઈ ઉપકાર કરતો નથી. તેથી ભગવાનજ જ્ઞાન વિગેરેરૂપ હોવાથી (સંસાર) દૂર કરનારા છે, પ્રકૃતિ વિગેરેને અટકાવનાર હોવાથી ફરી સંસાર થવા દેતા નથી, અને આત્મા હોવાથી અવશ્ય હિત કરનારા છે, તેથી બીજાથી ભય દૂર ન થાય તે યોગ્ય જ છે. 'તીવ્ર' એટલે તરત આવનારો, નજીક રહેનાર, અટકાવનારથી જ દૂર થાય તેવો. (ભગવાન્) આત્મા હોવાથી નજીક રહેનાર હોવાનું સિદ્ધ થએલું છે. ૪૧.

(ભગવાન્ સર્વને) વશ રાખનાર હોવાનું નીચેના શ્લોકથી સિદ્ધ કરે છેઃ

**મદ્ભયાદ્વાતિ વાતોઽયં સૂર્યસ્તપતિ મદ્ભયાત્ ।।**
**વર્ષતીન્દ્રો દહત્યગ્નિર્મૃત્યુશ્ચરતિ મદ્ભયાત્ ।।૪૨।।**

આ વાયુ મારા ભયથી વાય છે, સૂર્ય મારા ભયથી તપે છે. મારા ભયથી ઈંદ્ર વૃષ્ટિ કરે છે, અગ્નિ બાળે છે અને મૃત્યુ ફરે છે. ૪૨.

'આપના ભયથી વાયુ વાય છે, (આપના) ભયથી સૂર્ય ઉગે છે. આપના ભયથી અગ્નિ અને ઈંદ્ર (પોતાનાં કાર્ય કરે છે) અને પાંચમું મૃત્યુ દોડ્યા કરે છે' એવી શ્રુતિ છે. શ્રુતિનો અર્થ કહે છે. મારા ભયથી જ આ વાયુ વાય છે. એમ ન હોત, તો ફર્યા કરવાનું પ્રયોજન (તેને) ન હોવાથી સર્વ સ્થલે સદા ન વાત. સૂર્ય પણ મારા ભયથી જ તપે છે. શ્રુતિમાં 'ઉગે છે' એમ કહ્યું, ત્યાં 'ઉગવું' શબ્દથી 'તપવું' જ કહેલું છે. તેમ ન હોત તો (સૂર્યના) જ્યોતિશ્ચક્રમાં ફરવાથી પણ ઉદય થતો હોવાથી,

'ભય' નિરર્થક થાય. અગ્નિ અને ઈંદ્રની ક્રિયાઓ (શ્રુતિમાં) કહેલી ન હોવાથી 'ઈંદ્ર વૃષ્ટિ કરે છે...' શબ્દોથી પોતે કહે છે. તેમ (ભગવાનના ભયથી વૃષ્ટિ કરતો) ન હોય તો પોતાનાં ઘરમાં રહેલું જલ ઈંદ્ર કેમ વેડફી નાખે ? 'અગ્નિ બાળે છે' (ભગવાનના ભયથી બાળતો ન હોય તો) ન ગમતા પણ બધાએ અપવિત્ર પદાર્થોને કેમ બાળે ? દયાળુ મૃત્યુ પણ મારા ભયથી જ ફરે છે, એટલે મારી નાખવાનો પ્રયાસ કરે છે. 'વાયુ વિગેરેની ઉપાસનાથી મૃત્યુને દૂર કરવું' એવો મત ખોટો ઠરાવેલ છે, (અને) એમ પણ સૂચવેલું છે કે બીજાએ રોકવા માંડવા છતાં પણ મૃત્યુ રોકાતું નથી. ૪૨.

એ પ્રમાણે બીજાના મત ખોટા ઠરાવી, પોતાનો સિદ્ધાંત કહી, નીચેના શ્લોકથી તેમાં પૂર્વાચાર[1] પ્રમાણ હોવાનું કહે છેઃ

**જ્ઞાનવૈરાગ્યયુક્તેન ભક્તિયોગેન યોગિનઃ ।।**
**ક્ષેમાય પાદમૂલં મે પ્રવિશન્ત્યકુતોભયમ્ ।।૪૩।।**

મોક્ષ માટે યોગીઓ જ્ઞાન અને વૈરાગ્ય સાથેના ભક્તિયોગથી, જેને લીધે ક્યાંયથી પણ ભય રહેતો નથી તેવા મારા ચરણના મૂલમાં પ્રવેશ કરે છે. ૪૩.

જ્ઞાન અને વૈરાગ્ય ભક્તિની સાથે કાર્ય કરનારાં છે. યોગ અધિકારીનું વિશેષણ છે. ભક્ત જ મોક્ષનું સાધન છે. 'ક્ષેમાય' એટલે મોક્ષ માટે અથવા સ્વરૂપનું સંરક્ષણ થાય તે માટે મારા ચરણનાં મૂલમાં એટલે ચરણનાં આસનરૂપ અક્ષરમાં પ્રવેશ કરે છે, કે જેને લીધે ક્યાંયથી પણ ભય રહેતો નથી, (એમ) પ્રવેશ કરવાનું કારણ (કહેલું છે).૪૩.

૧. 'પૂર્વાચાર' એટલે બાપદાદાઓનું આચરણ.

એ રીતે સર્વ શાસ્ત્રાર્થ કહીને, નીચેના શ્લોકમાં સ્પષ્ટ જાણવામાં આવે તે માટે કર્તવ્ય કહેતાં ઉપસંહાર કરે છેઃ

**એતાવાનેવ લોકેઽસ્મિન્ પુંસાં નિઃશ્રેયસોદયઃ ।।**
**તીવ્રેણ ભક્તિયોગેન મનો મય્યર્પિતં સ્થિરમ્ ।।૪૪।।**

પુરુષોને આ લોકમાં મોક્ષ પ્રાપ્ત કરાવનાર આટલું જ છે. મને અર્પણ કરેલું મન તીવ્ર ભક્તિયોગથી મારામાં સ્થિર (કરવું). ૪૪.

પરલોક માટે પ્રયત્ન કરતા પુરુષોને આ લોકમાં મોક્ષ પ્રાપ્ત કરાવનાર આટલું જ છે. 'નિઃશ્રેયસઃ' મોક્ષનો 'ઉદયઃ' ઉદય થાય જેનાથી (તે 'નિઃશ્રેયસોદયઃ' એટલે) મોક્ષ પ્રાપ્ત કરાવનાર આટલું જ છે. પહેલાં સંસારને મનના આધારવાળો કહ્યો. મોક્ષનું પણ તે (મન) જ કારણ કહેલું હોવાથી, તે જો ભગવાનમાં સ્થિર થાય, તો કૃતાર્થ થવાય, તેથી તેને સ્થિર કરવા માટે ભક્તિ જ (સાધન) છે એમ ઉતરાર્ધથી

કહે છે. તરત ફલ પ્રાપ્ત કરાવનાર, સર્વ વિઘ્ન વિનાના ભક્તિયોગથી, મન મને અર્પણ કરેલું હોઈ (મારામાં) સ્થિર થાય–આટલું જ મોક્ષ પ્રાપ્ત કરાવનારું છે. યોગનો સિદ્ધાંત એવો છે કે હરકોઈ પ્રકારે ભગવાનમાં સ્થિર (થએલું) મન પરમ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારું છે. તે વિષયમાં ભક્તિ જ (મનને) સ્થિર કરાવનારી હોવાથી પોતાના[૧] સિદ્ધાંત પ્રમાણે પણ ભક્તિ જ (મોક્ષના સાધન તરીકે) જણાવી. ભાગવત સિદ્ધાંત પ્રમાણે પણ (તે જ સાધન છે). તેથી સર્વ વાદીઓએ (મોક્ષના સાધન તરીકે) ભક્તિનો આદર કરેલ હોવાથી, તે જ કરવી યોગ્ય છે એમ સિદ્ધ થયું. ૪૪.

૧. 'પોતાના સિદ્ધાંત' એટલે કપિલના સાંખ્ય સિદ્ધાંત, એવો અર્થ જણાય છે.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના પચીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય છવીસમો ।।

**આત્માનાત્મવિવેકાય ષડ્વિંશે સાઙ્ખ્યમુચ્યતે ।।**
**તત્ત્વાનાં લક્ષણાન્યત્ર નિરુક્તિશ્ચેયમત્ર ચ ।।૧।।**

આત્માનો અને અનાત્માનો ભેદ જણાય તે માટે છવીસમા અધ્યાયમાં સાંખ્યશાસ્ત્ર કહેલું છે[૧]. અહિં તત્ત્વોનાં લક્ષણો અને આ તેમનાં નામ કહેલાં છે.કા. ૧

**જીવબ્રહ્મવિભાગાર્થં પ્રક્રિયાદ્વિતયં સ્મૃતમ્ ।।**
**સંસારે મૂલભાવે ચ પુરુષઃ પ્રકૃતિર્મતા ।।૨।।**

જીવ અને બ્રહ્મનો ભેદ જાણવામાં આવે તે માટે બે પ્રક્રિયા[૨] કહેલ છે. સંસાર થવાના અને મૂલ સ્થિતિ[૩] પ્રાપ્ત થવાના (વિષય)માં પુરુષ અને પ્રકૃતિનો નિર્ણય કરેલો છે. કા. ૨.

૧. છવીસમા અધ્યાયનું વિવરણ કરતાં, સંગતિ પહેલાં કહેલી હોવાથી તે (ફરી) ન કહેતાં ભગવાને વિચારેલ 'અર્થ' નામનો બીજો પુરુષાર્થ સ્પષ્ટ કરવા આ બધો વિચાર કરાય છે એમ જણાવવા મુખ્ય રીતે પ્રયોજન આ કારિકાથી કહે છે. આત્મા અને અનાત્માનો ભેદ ભગવાને વિચારેલ 'અર્થ' છે. તે મૈત્રેયનાં વચનમાં આ અધ્યાયનો અર્થ છે. ( પ્ર )

૨. બંધ અને મોક્ષ, એવી બે પ્રક્રિયા કપિલે વિચારી કહેલ છે. આ બે પ્રક્રિયા ન હોય, તો જીવ અને બ્રહ્મનો ભેદ જણાય નહિ. ( પ્ર )

૩. 'મૂલ સ્થિતિ' એટલે પહેલાંનું સ્વરૂપ. ગયા અધ્યાયમાં ભક્તિ કહી. ભક્તિનો અધિકાર ન હોય તેને માટે તેનાં અંગ તરીકે તેના જેવું ફલ આપનારું સાંખ્ય અહિં કહેવામાં આવે છે, એટલે અંગાગિભાવ ( ભક્તિ અંગી, અને સાંખ્ય તેનું અંગ એવો સંબંધ), અથવા ( ભક્તિ અને સાંખ્ય ) બંનેનું એક પ્રયોજન છે એ સંગતિ છે, એવો અર્થ છે. શાસ્ત્રાર્થના વિચાર પ્રમાણે તો ભગવાને ભોગ કરવાનાં તત્ત્વો આ અધ્યાયમાં કહેલાં હોવાથી આ 'તન્માત્રા' જણાવનારો અધ્યાય છે. ( પ્ર ).

ગયા અધ્યાયમાં ઉત્તમ ભક્તિથી હૃદયનો લય થવાનું કહીને અને બીજી (ભક્તિ)ઓનાં ફલ કહીને, તે (ભક્તિ)ઓ સત્સંગથી જ થતી હોવાથી દેવહૂતિને તે થવાનો સંભવ નહિ હોવાથી (દેવહૂતિને) શાસ્ત્રાર્થનું પૂર્ણ જ્ઞાન થાય તે માટે જ તે કહેલ છે એમ વિચારી, તે જ પ્રયોજનથી સાંખ્ય(શાસ્ત્ર કહેવા નીચેનો શ્લોક કહે છેઃ

।। શ્રીભગવાનુવાચ ।।

**અથ તે સંપ્રવક્ષ્યામિ તત્ત્વાનાં લક્ષણં પૃથક્ ।।**
**યદ્વિદિત્વા વિમુચ્યેત પુરુષઃ પ્રાકૃતૈર્ગુણૈઃ ।।૧।।**

હવે હું તને તત્ત્વોનાં લક્ષણ જૂદાં જૂદાં કહીશ, જે જાણીને પુરુષ પ્રાકૃત

ગુણોથી મુક્ત થાય છે. ૧.

'અથ' 'હવે' શબ્દથી (આ માર્ગમાં) પરાધીન[1] રહેવાનું નથી એમ જણાવવા જૂદો આરંભ કરેલો છે. સાંખ્ય(શાસ્ત્ર) 'તે' તને જ કહીશ. 'તત્ત્વોનાં જૂદાં જૂદાં લક્ષણ' શબ્દોથી સાંખ્યનું સ્વરૂપ કહેલું છે. જેમ એક બીજાં (તત્ત્વો)નું મિશ્રણ થાય નહિ, તેમ તત્ત્વોનો વિચાર કરવો જોઈએ. લક્ષણોથી જ બીજાથી જૂદાપણાનું જ્ઞાન થાય છે, એમ અમે કહેલું છે. તેથી 'તત્ત્વોનાં લક્ષણ જૂદાં જૂદાં કહીશ'.

'બહાર રહેલાં તત્ત્વો વગેરે જાણવામાં આવે, તેથી પણ, (મનની) અંદર રહેલ સંસારને શું (અસર) થાય?' એવો પ્રશ્ન થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. જૂદાં જૂદાં લક્ષણો જાણીને, પુરુષ પોતે પ્રાકૃત ગુણો એટલે આધ્યાત્મિક તત્ત્વોથી[2] છૂટો પડે છે. (તત્ત્વોના) સમૂહમાં રહેલો (પુરુષ) જૂદાં જૂદાં (તત્ત્વોનાં) લક્ષણો વડે તે તે (તત્ત્વને) છૂટું પાડી કેવલ (મુક્ત) થઈ શકે છે. ૧.

૧. ભક્તિમાં સત્સંગ જરુરી હોવાથી, તેમાં સત્પુરુષોને અધીન રહેવાનું છે. અહિં તેવું નથી, એવો ભાવ જણાય છે.

૨. 'આધ્યાત્મિક તત્ત્વો' એટલે શરીરમાં રહેલાં વાસનાથી ભરપૂર તત્ત્વો. (પ્ર)

અને જે (જ્ઞાનની પ્રાપ્તિ) માટે આ આત્મા અને અનાત્માને જૂદા જાણવાના છે તે જ્ઞાન હું તને કહીશ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**જ્ઞાનં નિઃશ્રેયસાઽર્થાય પુરુષસ્યાઽઽત્મદર્શનમ્ ।।**
**યદાહુર્વર્ણયે તત્તે હૃદયગ્રન્થિભેદનમ્ ।।૨।।**

પુરુષને મોક્ષપ્રાપ્તિ માટેનું જ્ઞાન, જેને 'આત્મદર્શન' કહે છે, તે હૃદયની અંદરની ગાંઠને ભેદનારું (જ્ઞાન) હું તને કહું છું. ૨.

જે જ્ઞાન મોક્ષપ્રાપ્તિ માટેનું (હોઈ), પુરુષને મોક્ષ પ્રાપ્ત કરાવે છે, તે તને કહીશ, એવો (વાક્યનો) સંબંધ છે. ''આત્માના અજ્ઞાનને લીધે સંસાર થાય છે, તેથી આત્માનું જ્ઞાન જ કહેવું યોગ્ય છે, બીજાં જ્ઞાનનું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી 'જેને 'આત્મદર્શન' કહે છે' એમ કહેલું છે. આત્મદર્શન એટલે આત્માનું દર્શન થાય છે જેમાંથી, આત્માનો સાક્ષાત્કાર કરાવનારું, અથવા આત્માનો સાક્ષાત્કાર જ. સ્વરૂપથી અને કારણથી તે હું તને કહીશ. આ પણ ભક્તિની પેઠે હૃદયનો લય કરનારું છે, એમ 'હૃદયની અંદરની ગાંઠને ભેદનારું' એ વિશેષણથી કહેલું છે. હૃદયમાં ચિત્ (આત્મા) અને અચિત્ (અનાત્મા)ની સેળભેળ છે જેને લીધે, તે 'હૃદયની અંદરની ગાંઠ' એટલે મોહ અથવા લિંગ શરીર[1], તેને ભેદવાનું થાય છે જેને લીધે, તેવું આત્મદર્શન છે. સાંખ્ય સાથેનું જ્ઞાન (મોક્ષનું) સ્વતંત્ર સાધન છે, એમ કહેલું છે. ૨.

૧. 'કોશઃ' એટલે લિંગશરીર. (પ્ર)

તે પૈકી આરંભમાં નીચેના શ્લોકમાં પુરુષનું લક્ષણ કહે છેઃ

**અનાદિરાત્મા પુરુષો નિર્ગુણઃ પ્રકૃતેઃ પરઃ ॥**
**પ્રત્યગ્ધામા સ્વયંજ્યોતિર્વિશ્વં યેન સમન્વિતમ્ ॥૩॥**

પુરુષ આત્મા છે. આરંભરહિત, નિર્ગુણ, પ્રકૃતિને વશ રાખનાર, અંદરની દૃષ્ટિથી જણાય તેવો, પોતાની મેળે પ્રકાશનાર છે, જેની સાથે (આખું) વિશ્વ સારી રીતે સંબંધમાં આવેલ છે તેવો છે. ૩.

જે જાણવામાં આવતાં બીજાથી જૂદા (પદાર્થ) તરીકે જ્ઞાન થાય, એવું તેનું લક્ષણ જેનામાં ન હોય તેને જ જૂદું કરી શકાતું હોવાથી, મુખ્યપણાંથી આત્માનું લક્ષણ કહે છે. પુરુષનું લક્ષણ[1] કહેવાનું છે. આત્મા, 'આ હું છું' એવી બુદ્ધિથી જણાય છે એ (તેનું) લક્ષણ છે. દેહ[2], ઈન્દ્રિયો, અંતઃકરણ, લોકો અને યજ્ઞો વગેરેથી પ્રાપ્ત થાય તેવા પરલોકો મમતાનાં સ્થાનો છે. ઉપકાર કરનારાં સર્વમાં 'અતતિ' વ્યાપે તે આત્મા, કારણ કે '(આ) હું (છું)' એવી બુદ્ધિથી જાણવામાં આવે તેવો તે જ 'પુરુષ' છે. તેના[2] દેહ વિગેરેની ઉત્પત્તિને લીધે, જીવની સ્થિતિ પ્રાપ્ત કરેલાની તે (પુરુષ)ની ઉત્પત્તિ થાય, તેથી તેમનાથી જૂદો પાડવા 'આરંભ રહિત' એ વિશેષણ કહેલું છે. ઉત્પન્ન થવું, સમાગમમાં આવવું, બહારથી પ્રકટ થવું એવા[3] પ્રકારથી જેની કોઈપણ ઉત્પત્તિ જણાએલી નથી તે આરંભરહિત છે. (૨) 'નિર્ગુણ' વિશેષણથી તેની ઉત્પત્તિ ન હોવાનું કારણ કહેલું છે. 'નિર્ગતાઃ' નીકળેલા છે 'ગુણાઃ' ગુણો જેમાંથી તે નિર્ગુણ. સર્વને ઉત્પન્ન કરનારા ગુણો છે, તેઓ જ્યારે તે (આત્મા)માંથી જ ઉત્પન્ન થએલા છે, તો તેની ઉત્પત્તિ કોણ કરશે ? ('નિર્ગુણ' એટલે) પૂર્ણ રીતે નિવૃત્ત થએલા છે (ગુણો) જેમાંથી, એવા મત પ્રમાણે 'ગુણોના સંબંધરહિત' એવો અર્થ થાય છે.

(૩) ''(આત્મા) પોતે ગુણોનું કારણ હોય ત્યારે, અથવા (આત્માને) પોતાથી ગુણોનો સંબંધ ન હોય ત્યારે, પ્રકૃતિના જ ગુણો આત્માને આરંભવાળો કરશે'' એવી શંકા થાય, તેથી 'પ્રકૃતિને વશ રાખનાર' શબ્દો યોજેલા છે; કારણ કે પ્રકૃતિને વશ રાખનાર, પ્રકૃતિથી જૂદો, અથવા પ્રકૃતિના સંબંધ વિનાનો પ્રાકૃત (પ્રકૃતિના) ગુણો સાથે સંબંધમાં આવતો નથી. (૪) તે (વિષય)નું પ્રમાણ 'અંદરની દૃષ્ટિથી જણાય તેવો' વિશેષણથી કહેલું છે. 'પ્રત્યક્' અંદરની દૃષ્ટિથી 'ધામ' સ્ફૂર્તિ થાય છે જેની, એટલે '(આ) હું છું' એવી બુદ્ધિથી જણાય તેવો, એવો અર્થ છે.

''અહંકાર પણ તેવો છે'' એવી શંકા થાય, તેથી 'પોતાની મેળે પ્રકાશનાર'

એમ કહેલું છે. (આત્મા) પોતે જ 'જ્યોતિઃ' પ્રકાશરૂપ છે. આથી એમ કહેલું છે કે તેના વિષે બીજું પ્રમાણ નથી, તે (બીજા પ્રમાણ)ની જરૂર પણ નથી. અહંકાર તો પોતાની મેળે પ્રકાશનાર નથી, તે (આ) પછીના અધ્યાયમાં કહેશે. 'જેની સાથે (આખું) વિશ્વ સારી રીતે સંબંધમાં આવેલું છે' વિશેષણથી આત્માનો બીજો અસાધારણ ગુણ કહેલો છે. જે આત્માની સાથે બધુંએ વિશ્વ સારી રીતે સંબંધમાં આવેલું છે. તત્ત્વો એક બીજાથી છૂટાં ન પડે તેવાં હોવાથી, સ્વભાવ, કાલ અને કર્મ અનેક પ્રકારનાં હોવાથી, એકલો આત્મા જ આખા જગત્ સાથે સારી રીતે સંબંધમાં રહેલો હોય છે, બીજો કોઈ (આખા જગત્ સાથે સારી રીતે સંબંધમાં રહેલો) નથી; અને સારી રીતનો સંબંધ એટલે તેમાં રહેલા ગુણ અને દોષનો સંબંધ (થવા દીધા) વિના સારી રીતે સંબંધમાં રહેવું; એવો જ સંસર્ગ હોવો[૪].

અહિં 'આત્મા' એ જ પુરુષનું લક્ષણ છે. આત્મા સંઘાત (દેહ વિગેરેના સમૂહ)થી જૂદો પડે તે માટે બીજાં લક્ષણો (કહેલાં) છે. (ક) (૧) 'આરંભરહિત' શબ્દથી[૫] દેહને જૂદો પાડેલો છે. (૨) 'નિર્ગુણ' શબ્દથી સર્વ પ્રાકૃત[૬] પદાર્થ (ને જૂદા પાડેલા છે). (૩) 'પ્રકૃતિને વશ રાખનાર' શબ્દથી પ્રકૃતિને જૂદી પાડેલી છે[૭]. (૪) 'અંદરની દૃષ્ટિથી જણાય તેવો' ગુણથી કાલ (ને જૂદો પાડેલો છે)[૮]. એ રીતે ચાર શબ્દોથી એક લૌકિક લક્ષણ (કહેલું છે). (ખ) 'પોતાની મેળે પ્રકાશનાર' શબ્દથી અલૌકિક લક્ષણ (કહેલું છે). (ગ) 'જેની સાથે (આખું) વિશ્વ સારી રીતે સંબંધમાં આવેલ છે તેવો' શબ્દોથી જ્ઞાનમાં સાક્ષાત્ ઉપયોગી (થતું) લક્ષણ (કહેલું છે). એ પ્રમાણે આત્માનાં ત્રણ લક્ષણો (કહેલાં છે).

દેહ અને આત્મા નો ભેદ જાણ્યા પહેલાં દેહમાં પણ 'અંદરની દૃષ્ટિથી જણાય તેવા હોવાપણું' (ગુણ) હોય છે. તેથી 'અંદરની દૃષ્ટિથી જણાય તેવો' શબ્દથી દેહ જૂદો પડતો નથી. તેવી રીતે 'પ્રકૃતિને વશ રાખનાર' શબ્દથી કાલ વિગેરે જૂદા પડતા નથી, કારણ કે શાસ્ત્રનું સાહાય્ય પામેલી બુદ્ધિ પણ સ્વભાવને વશ કરનારી જોવામાં આવે છે. ૩.

૧. 'લક્ષણ' એટલે જે બીજામાં ન હોય તેવું (અસાધારણ) ચિહ્ન, વ્યાખ્યા.

૨...૨. આ ભાગથી આત્મા પુરુષનું લક્ષણ છે એમ સિદ્ધ થાય છે. અહિં 'આત્મા' શબ્દથી ભગવદ્ગીતા ૧૦।૨૦ માં જણાવેલ વિભૂતિરૂપ આત્મા જાણવો. (પ્ર)

૩. 'આવિર્ભાવ' શબ્દનો અહિં 'બહારથી પ્રકટ થવું તે' એવો અર્થ છે. (પ્ર). અહિં ત્રણ પ્રકારની ઉત્પત્તિ કહેલી છે. આત્માની એ પૈકી કોઈ પ્રકારથી ઉત્પત્તિ થતી નથી એમ જણાવે છે.

૪. આવા પ્રકારનો સંસર્ગ જ 'સમન્વિતમ્' 'સારી રીતે સંબંધમાં આવેલ' શબ્દનો અર્થ છે. (પ્ર)

૫. મૂલ (શ્લોક)માં લક્ષણની પરીક્ષા કરેલી નહિ હોવાથી, અહિંથી તેની પરીક્ષા કરે છે. (પ્ર).

૬. 'પ્રાકૃત' એટલે મહત્તત્ત્વ વિગેરે (પ્રકૃતિથી ઉત્પન્ન થએલા) પદાર્થો. આપણા દેહ કરતાં તેઓ અનાદિ હોવાથી તેઓને (આત્માથી) જૂદા પાડવા 'આરંભરહિત' શબ્દ યોજેલ છે. (પ્ર)
૭. 'નિર્ગુણ' એટલે ગુણો જેમાંથી નીકળેલા છે એવો અર્થ કરતાં, પ્રકૃતિ પણ નિર્ગુણ થાય, તેથી પ્રકૃતિથી આત્માને જૂદો પાડવા આ વિશેષણ યોજેલ છે. (પ્ર)
૮. ''આ વ્યાખ્યામાં ચાર વિશેષણોનું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. કાલમાં માત્ર આરંભરહિતપણું છે, પ્રકૃતિ ગુણોને ઉત્પન્ન કરનારી છે. એ પ્રમાણે જૂદા જૂદા પદાર્થોને આત્માથી જૂદા પાડવા આ વિશેષણો કહેલાં છે. (પ્ર)

તે આત્મારૂપ પુરુષ વાસ્તવિક રીતે દોષરહિત અને પ્રકૃતિને વશ રાખનાર હોવાથી, તેનામાં જીવપણું સ્વાભાવિક નથી એમ કહેવા, નીચેના શ્લોકમાં (તેને) જીવ બનાવનાર ઉપાધિ[1] કહે છે:

**સ એષ પ્રકૃતિં સૂક્ષ્માં દૈવીં ગુણમયીં વિભુઃ ।।**
**યદચ્છયૈવોપગતામભ્યપદ્યત લીલયા ।।૪।।**

આ તે શક્તિમાને સૂક્ષ્મ, દૈવી, ગુણોથી ભરપૂર, પોતાની મેળે જ આવેલી પ્રકૃતિનો લીલાને લીધે આદર કર્યો. ૪.

'આ' એટલે 'આ હું છું' એવી બુદ્ધિથી જણાતા, જેનું લક્ષણ જણાવ્યું તે કારણ[2] તરીકે કહેલા પુરુષે (પ્રકૃતિનો આદર કર્યો). 'તેનું એવું દુર્ભાગ્ય કેમ થયું ?' એવી શંકાના સંબંધમાં કહે છે[3]. સાંખ્યના એક વિભાગવાળાના[4] મત પ્રમાણે પ્રકૃતિ આત્માથી જૂદી (અને) પુરુષની પેઠે નિત્ય[5] છે. ભગવદીય સાંખ્ય પ્રમાણે તો તે ભગવાનની શક્તિ છે. સાંખ્ય શાસ્ત્ર તો ભગવાનનું જ્ઞાન કરાવતું નથી, કારણ કે (ભગવાન્) તેની[6] પ્રવૃત્તિ કરાવનારા છે અને તેને[7] વશ રાખનારા છે. તે શાસ્ત્રની પ્રવૃત્તિ અક્ષરની નીચે સુધી જ છે. પુરુષોત્તમ, અક્ષર, કાલ, પ્રકૃતિ અને પુરુષ એવા પાંચ પ્રકારે ભગવાન્ અનાદિ[8] છે, એવો (મત છે). આ મતના આધારે જ્યાં સાંખ્ય સિદ્ધાંતની પ્રવૃત્તિ થએલી છે, પરંતુ પ્રાકૃત (સાંખ્ય પ્રમાણે) થઈ નથી[8], ત્યાં[9] પુરુષ જ પ્રકૃતિને વશ રાખનારી અવસ્થાનો ત્યાગ કરી પ્રકૃતિને અધીન હોવાની અવસ્થા પ્રાપ્ત કરી, જીવ થાય છે. તે અર્થ 'પ્રકૃતિનો (આદર કર્યો)' એમ કહેલ છે. 'સૂક્ષ્મ' એટલે જાણી ન શકાય તેવી કોમળ અંગોવાળી. 'આ' શબ્દથી એમ જાણવું કે આ (પુરુષ)ને કામ પણ પહેલાં ભગવાનની ઈચ્છાથી થયો. તેમ ન હોત, તો (તેની) તેમાં આસક્તિ ન થાત, અને 'આ પુરુષ કામથી ભરપૂર જ છે' એમ શ્રુતિ (પણ કહે છે). તેથી આરંભમાં 'વિભુઃ' શક્તિમાન (પુરુષે), કામને લીધે દેવના સંબંધવાળી (દૈવી), બંધન કરાવનારા ગુણોથી ભરપૂર હોઈ મોહ કરાવનારી, ભગવાનની શક્તિરૂપ તે

પ્રકૃતિનો ભોગ કરવા આદર કર્યો. 'પોતાની મેળે જ (આવેલી)' શબ્દથી (એમ કહેલું છે કે) તે પણ ભગવાનની પ્રેરણાથી ભોગ કરવા યોગ્ય થઈ પોતે જ આવી. પ્રભુની તે લીલા યોગ્ય હોવાથી (પુરુષે) તેનો ભોગ કરવા આદર કર્યો, એટલે ભોગ કરવા માટે તેની સાથે એકપણું સાધ્યું, એવો અર્થ છે. ૪.

૧. 'જીવોપાધિમ્' એટલે જીવપણું પ્રાપ્ત કરાવનારો ગુણ. (પ્ર)
૨. 'કારણ તરીકે' એટલે ગુણો ઉત્પન્ન કરનાર તરીકે. (પ્ર)
૩. આનો સંબંધ 'આ મતના આધારે...' એ નીચેનાં વાક્ય સાથે છે. (પ્ર)
૪. અનીશ્વર વિગેરે સાંખ્યમત પ્રમાણે. (પ્ર)
૫. 'નિત્ય' એટલે સદા રહેનાર. જે કોઈ સમયે ન હોવાનું ન બને તેવા.
૬. ભગવાન્ 'તેની' એટલે સાંખ્યની પ્રવૃત્તિ કરાવનારા હોવાથી જો સાંખ્ય ભગવાનનું જ્ઞાન કરાવતું હોય, તો બ્રહ્મવાદમાં અને તેમાં ભેદ ન રહે, અને તે બેના ફલમાં પણ ભેદ ન રહે. તેથી ભગવાન્ 'તેની' એટલે સાંખ્યની પ્રવૃત્તિ કરાવનાર હોવાથી, સાંખ્યથી તેમનું જ્ઞાન થતું નથી. (પ્ર).
૭. ભગવાન્ 'તેને' એટલે પ્રકૃતિને વશ રાખનારા હોવાથી. અહિં પુરુષને સંસાર પ્રાપ્ત થાય તે માટે તે પ્રકૃતિને વશ થાય છે. ભવગાન્ પ્રકૃતિને વશ રાખનારા હોવાથી તે (પ્રકૃતિને વશ થવાપણું) પણ ભગવાનના વિષે ઘટતું નથી. (પ્ર)
૮. કાલ, પ્રકૃતિ અને પુરુષ આ (સાંખ્ય) મત પ્રમાણે અનાદિ હોવાનું સ્પષ્ટ છે. પુરુષોત્તમ અને અક્ષરને ગીતામાં અનાદિ કહેલાં છે તે અહિં કબુલ રાખવામાં આવે છે. અને 'દૈવી' શબ્દથી પ્રકૃતિ પણ (ભગવાનની) શક્તિ હોવાનું કબુલ રાખે છે. તેથી આ મત બીજા (સાંખ્ય)થી જૂદો છે. તેથી પ્રાકૃત સાંખ્ય પ્રમાણે આ સિદ્ધાંતની પ્રવૃત્તિ થઈ નથી એમ કહેલ છે. (પ્ર).
૯. 'ત્યાં' એટલે જે સાંખ્યની વાત કરવામાં આવે છે તે સાંખ્યમત પ્રમાણે. (ભગવદીય સાંખ્ય પ્રમાણે). (પ્ર)

તેનાથી ભોગવાતા (પુરુષ)ની સ્થિતિ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ગુણૈર્વિચિત્રાં સૃજતીં સરૂપાઃ પ્રકૃતિં પ્રજાઃ ।।**
**વિલોક્ય મુમુહે સદ્યઃ સ ઈહ જ્ઞાનગૂહયા ।।૫।।**

આમાં રહેલો તે, ગુણો વડે વિચિત્ર પોતાના જેવી પ્રજાઓ ઉત્પન્ન કરતી, જ્ઞાનને ઢાંકી દેનારી પ્રકૃતિને જોઈને તરત જ મોહ પામ્યો. ૫.

તે (પ્રકૃતિ) (પુરુષને) વશ કરવા માટે ગુણો વડે સદા નવી વિચિત્ર થાય છે. 'પોતાના જેવી પ્રજાઓ ઉત્પન્ન કરતી' વિશેષણથી (એમ કહેલું છે) કે પુરુષની અંદરના અવયવો બનેલા અંશોને પોતાના જેવા કરે છે, એટલે અંશો (અવયવો) દ્વારા પુરુષને પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરાવે છે. તેથી જ જ્યારે (પુરુષના) બધાએ અંશો તેની (પ્રકૃતિની) સ્થિતિ પ્રાપ્ત કરે ત્યારે, પોતે પણ તેની સ્થિતિ પ્રાપ્ત કરેલો થાય છે, એમ ઉત્તરાર્ધથી કહે છે.

''આ (પુરુષ) ભગવદ્રૂપ હોવાથી જ્ઞાન અને શક્તિ જેને સદાનાં છે તેવો

હોવાથી, તે (પ્રકૃતિ)નાં દર્શન થતાં તેને મોહ કેમ થાય ?'' એવી શંકા થાય, તેથી 'જ્ઞાનને ઢાંકી દેનારી' વિશેષણ કહેલું છે, કારણ કે (પ્રકૃતિ) જ્ઞાનને 'ગૂહતે' ઢાંકી દે છે. 'તરત જ' એટલે વિચાર સૂઝ્યા વિના, 'તે' એટલે (પુરુષ) શક્તિવાળો હોવા છતાં, 'ઈહ' આ (પ્રકૃતિ)માં રહેલો (મોહ પામ્યો). 'મોહ' એટલે (પોતાનાં) સ્વરૂપને ભૂલવું તે. ૫.

મોહ થયા પછી, જીવની સ્થિતિ પૂરી થઈ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં પરાઽભિધ્યાનેન કર્તૃત્વં પ્રકૃતેઃ પુમાન્ ।।**
**કર્મસુ ક્રિયમાણેષુ ગુણૈરાત્મનિ મન્યતે ।।૬।।**

એ પ્રમાણે બીજાને પોતે (હોવાનું) માનવાને લીધે, ગુણોથી જ્યારે કર્મ કરવામાં આવે ત્યારે પુરુષ પ્રકૃતિનાં કર્તાપણાંને પોતાનું માને છે. ૬.

'પરા' પોતાથી જૂદી જે પ્રકૃતિ, તેને પોતે (હોવાનું) માનવાને લીધે (કર્તાપણાંને પોતાનું માને છે), કારણ કે તે (પ્રકૃતિ)ને જ પોતે (હોવાનું) માને છે. (બીજાને) પોતે હોવાનું જાણવું તે 'અભિધ્યાનમ્'. ક્રિયાશક્તિ તે (પ્રકૃતિ)ની હોવાથી તે બધું (કર્મ) કરે છે. પુરુષને તો જ્ઞાનશક્તિ જ હોય છે, (અને) તે મોહને લીધે (ક્રિયાશક્તિ સાથે) ખીચડંપાક થાય છે. (પછી) પ્રકૃતિનાં કર્તાપણાંને પોતાનું માને છે, કારણ કે આ પુરુષ છે. લોકમાં પણ પુરુષ સ્ત્રીએ કરેલું (હોય તે) પોતે જ કરેલું માને છે. તે (પ્રકૃતિ) ગુણોને લીધે કર્મો કરે છે, તેમનું ફલ જેમાં મુખ્ય છે તેવું કર્તાપણું પુરુષ પોતાનું (હોવાનું) માને છે, એવો અર્થ છે. ૬.

પોતે કર્તા હોવાનું અભિમાન જ સંસારનું મૂલ છે, એમ કહે છેઃ

**તદસ્ય સંસૃતિર્બન્ધઃ પારતન્ત્ર્યં ચ તત્કૃતમ્ ।।**
**ભવત્યકર્તુરીશસ્ય સાક્ષિણો નિર્વૃતાત્મનઃ ।।૭।।**

કર્તાપણાંરહિત ઈશ્વર, સાક્ષી, આનંદરૂપ આનો તે સંસાર છે. બંધ અને પરતંત્રપણું પણ તેથી જ થએલું છે. ૭.

'તે' કર્તાપણું જ 'આ' જીવનો 'સંસૃતિઃ' સંસાર છે. પછી કર્મોથી (તેનો) બંધ અને પ્રકૃતિને પરતંત્ર હોવાપણું થાય છે. તે પણ કર્તાપણાંનાં અભિમાનથી જ થાય છે, પરંતુ માત્ર પ્રકૃતિએ કરેલ નથી. તે સર્વ તેના સ્વાભાવિક (ગુણ) નથી એમ કહેવા, આત્માનાં ચાર વિશેષણો કહેલાં છે, કારણ કે તે ભગવાનના અંશરૂપ હોઈ, સચ્ચિદાનંદરૂપ, અને ઐશ્વર્ય વિગેરે ગુણવાળો છે. (તેમાં) દોષ નથી એમ જણાવવા 'કર્તાપણાંરહિત' (કહેલ છે). ભગવાનનો (તેને) સંબંધ હોવાથી 'ઈશ્વર' (કહેલ છે). (તે) ચિદ્રૂપ હોવાથી 'સાક્ષી' કહેલ છે. તે 'નિવૃતાત્મા' એટલે આનંદસ્વરૂપ છે.

કર્તાપણાંરહિતને સંસાર, ઈશ્વરને બંધ, સાક્ષીને પરતંત્રપણું (અને) આનંદસ્વરૂપને (એ) ત્રણે, અથવા 'ચ' 'અને' શબ્દથી કહેલું દુઃખી હોવાપણું, (પ્રાપ્ત થાય છે). ૭.

''(કાર્ય કરવામાં) જ્ઞાન ઈચ્છા અને પ્રયત્ન એકમાં જ રહેલાં હોવાથી, ઉપાદાન જે પ્રાપ્ત કરી શકે તેવો અને (તેનું) જેને સાક્ષાત્ જ્ઞાન હોય તે જ કર્તા થઈ શકતો હોવાથી, બીજામાં[૧] કર્તાપણું હોવાનું કેમ સંભવે ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**કાર્યકારણકર્તૃત્વે કારણં પ્રકૃતિં વિદુઃ ।।**
**ભોક્તૃત્વે સુખદુઃખાનાં પુરુષં પ્રકૃતેઃ પરમ્ ।।૮।।**

કાર્ય કારણો અને કર્તાપણું થવામાં પ્રકૃતિ કારણ હોવાનું કહે છે. સુખ અને દુઃખ ભોગવનારપણાંમાં પ્રકૃતિને વશ રાખનાર પુરુષ (કારણ હોવાનું કહે છે). ૮.

જો કે કર્તાપણું અને ભોગવનારપણું એક પદાર્થમાં રહેલાં દેખાય છે, (છતાં) તે બંને[૨] ભેગાં થએલાં હોવાથી કોનો કયો (ગુણ) છે તેનો નિશ્ચય થઈ શકતો નથી. સર્વનું મૂલ બનેલ ભગવાનમાં તો કર્તાપણું અને ભોગવનારપણું કુદરતી જ છે. છતાં પણ કર્તાપણું પ્રકૃતિમાં રહેલું છે અને ભોગવનારપણું પુરુષમાં જ રહેલું છે. તે વિષયમાં ઘરડાઓ પ્રમાણ છે[૩].

કર્તાપણું[૪] પ્રકૃતિનો ગુણ હાવાનું કારણ પૂર્વાર્ધમાં કહેલું છે. 'કાર્ય' આધિભૌતિક દેહ, 'કારણો' આધ્યાત્મિક ઈન્દ્રિયો, 'કર્તા' આધિદૈવિક અંતઃકરણ. ચેતનરૂપ પુરુષ (એ) ત્રણ પ્રકારના જડની સ્થિતિ પ્રાપ્ત કરે, તેનું કારણ પ્રકૃતિ જ છે, કારણ કે કારણ વિના કોઈ (પોતાથી) જૂદો બનતો નથી. જો (એ) ત્રણ પ્રકારના ગુણો પ્રાકૃત (પ્રકૃતિના સંબંધવાળા) ન હોત, તો ભગવાનની ઈચ્છા (પુરુષ એવા ત્રણ પ્રકારનો થવાનું) કારણ છે એવી કલ્પના કરાત. (તે ગુણો) પ્રાકૃત હોવાથી, પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરાવવામાં પોતે જ[૫] કારણ હો. વધારાના પદાર્થ (ભગવાનની ઈચ્છા)ની કલ્પના કરવાથી શું લાભ ?

ભોગ[૬] તો સુખ અને દુઃખના અનુભવરૂપ છે. તે વિષયમાં 'જ્ઞાન સત્ત્વમાંથી ઉત્પન્ન થાય છે' (ભ.ગી.૧૪-૧૭) એ વાક્ય પ્રમાણે-જો પુરુષ જ્ઞાનરૂપ ન હોત, તો-જ્ઞાન[૭] પણ પ્રકૃતિમાં રહેલું હોવાની કલ્પના કરાત. પ્રાકૃત (પ્રકૃતિના સંબંધવાળું) જ્ઞાન પણ પુરુષના સંબંધથી જ થાય છે એમ ઉત્તરાર્ધમાં કહે છે. સુખ અને દુઃખના ભોગવનાર હોવાપણાંમાં (પુરુષ) જ્ઞાનરૂપ હોવાથી, પુરુષ જ કારણ હોવાનું કહે છે. '(જ્ઞાન) સત્ત્વમાંથી ઉત્પન્ન થાય છે', એ વાકયથી તો એમ કહેલું છે કે સત્ત્વની

ઉપાધિ હોય, ત્યારે પુરુષને જ્ઞાન ઉત્પન્ન થાય છે, પરંતુ જ્ઞાન પ્રકૃતિનું સ્વરૂપ અથવા (પ્રકૃતિનો) ગુણ હોવાનું (કહેલું) નથી[૮].

''પરંતુ આરંભથી જ કર્તાપણું હોતું નથી[૯]. પ્રકૃતિનો અધ્યાસ થવાથી (તે) થાય છે. પ્રકૃતિના સંબંધવાળા થએલાને જ્યારે ફરીથી પ્રકૃતિનો અધ્યાસ થાય છે ત્યારે ભોગવનારો થાય છે. તેમ હોવાથી ભોગવનારપણું કોનામાં રહેલું છે તે જણાતું નથી. અને 'પોતાનું કરેલું ભોગવે છે' એ વાક્ય પ્રમાણે (તે) પ્રકૃતિમાં રહેલું હોવાનું જ યોગ્ય છે.'' એવી શંકા થાય, તેથી 'પ્રકૃતિને વશ રાખનાર' એમ કહેલું છે, કારણ કે ભોગવાવા યોગ્ય થવામાં[૧૦] ભોગવનારપણું (રહેલું) નથી, તેથી ભોગ (કરવા)ની અવસ્થામાં (પુરુષ) પ્રકૃતિને વશ રાખનાર જ હોય છે; કારણ કે પોતાનો ભોગ (કોઈથી) થતો નથી, કેમકે (ભોગવવામાં આવતો પદાર્થ) બીજાને જ રસરૂપ થાય છે. એવી રીતે પ્રકૃતિ (કાર્ય) કરનારી (અને) ઘણો મોહ કરનારી છે. ભોગવનાર (પુરુષ) ભોગ (કરવા)ની અવસ્થામાં પ્રકૃતિને વશ રાખનારો છે, કર્તાપણાંમાં (કર્તા થવાના સમયે) પ્રકૃતિથી મોહ પામેલો હોય છે, અને દેહ વિગેરેનો આકાર પ્રાપ્ત કરે ત્યારે પુરુષ[૧૧] હોય છે, એમ બંનેનું લક્ષણ કહેવાયું. ૮.

૧. 'બીજામાં' એટલે પ્રકૃતિમાં. (પ્ર)
૨. 'તે બંને' એટલે પ્રકૃતિ અને પુરુષ.
૩. સૃષ્ટિ થયા પછી પ્રકૃતિ અને પુરુષ જૂદાં જાણી શકાતાં નથી, પરંતુ તે પહેલાં જૂદાં હતાં, એમ ઈતિહાસથી જણાય છે, એવો અર્થ છે. (પ્ર)
૪. ''ઈતિહાસ પ્રત્યક્ષથી વિરુદ્ધ હોવાથી ન માનવા જેવો છે એમ કેમ નથી કહેતા ?'' એવી શંકા થાય, તે અહિંથી દૂર કરે છે. (પ્ર)
૫. 'પોતે જ' એટલે પ્રકૃતિ જ. તેથી લોકમાં શરીરરહિત કોઈ કર્તા જોવામાં આવતો ન હોવાથી, કર્તાપણું સંઘાત (શરીર)માં રહેલું છે એવો નિશ્ચય થવાથી ઈતિહાસ અપ્રમાણ નથી, એવો અર્થ છે. (પ્ર)
૬. ''કર્તાપણાં જેવો જ તર્ક ભોગવનારપણાંમાં હોવાથી, ભોગવનાર પણ પ્રકૃતિ જ છે એવી કલ્પના કરો'' એવી શંકા અહિંથી દૂર કરે છે. (પ્ર)
૭. 'અનુભવ' શબ્દથી જ્ઞાન જણાવેલ, તેથી તેવું જ્ઞાન અથવા સુખ અને દુઃખનો અનુભવ સત્ત્વથી થતો હોવાથી અને સત્ત્વ પ્રકૃતિનો ગુણ હોવાથી, સુખ અને દુઃખ ભોગવનારી પણ પ્રકૃતિ જ માનવી જોઈએ, એવી કલ્પના કેમ કરી શકાતી નથી એમ જણાવે છે.
૮. ભ.ગી. ૧૪।૧૭ નો અહિં અર્થ કર્યો તેવો અર્થ ન હોય, તો ભ.ગી.૧૩।૨૦ના ઉત્તરાર્ધનો વિરોધ થાય. (પ્ર). ભ.ગી.૧૩।૨૦ આ શ્લોક જેવો જ છે.
૯. પુરુષમાં પહેલાંથી કર્તાપણું જણાતું નથી પ્રકૃતિનો અધ્યાસ થયા પછી જણાય છે.
૧૦. 'ભોગ્યાપત્તૌ' એટલે ભોગ કરવા યોગ્ય સ્વરૂપ પ્રાપ્ત કરવામાં. (પ્ર).

૧૧. 'પ્રકૃતિથી મોહ પામેલો' અધ્યાહાર છે. (પ્ર). આ શબ્દો અધ્યાહાર માનવાની જરૂર નથી, કારણ કે 'આત્મા' શબ્દથી જ પુરુષનું લક્ષણ કહેલું છે. પ્રકૃતિનો અધ્યાસ થયા પછી તો તે 'જીવ' બને છે. 'પુરિ શેતે ઈતિ પુરુષઃ' એ વ્યુત્પત્તિ પ્રમાણે પણ માત્ર દેહ પ્રાપ્ત થવાથી મોહ પામેલો માનવાનું કારણ જણાતું નથી. એમ હોય તો અવતારો બધા પ્રકૃતિથી મોહ પામેલા ગણાય.

તે વિષયમાં[1] દેવહૂતિ નીચેના શ્લોકથી શંકા કરે છેઃ

॥ દેવહૂતિરુવાચ ॥

**પ્રકૃતેઃ પુરુષસ્યાઽપિ લક્ષણં પુરુષોત્તમ ॥**
**બ્રૂહિ કારણયોરસ્ય સદસચ્ચ યદાત્મકમ્ ॥૯॥**

હે પુરુષોત્તમ ! આ (જગત)નાં બે કારણો પ્રકૃતિ અને પુરુષ, જેનારૂપ સત્ અને અસત્ છે, તેમનું પણ લક્ષણ કહો.૯.

દેહભાવ[2] પ્રાપ્ત થયા પછી (પુરુષનું) કર્તાપણું થાય છે, પરંતુ દેહ જ (તેને) કેવી રીતે (પ્રાપ્ત) થાય[3] ? વળી જીવો ઘણા પ્રકારના હોવાથી, પોતે જ[3] રચતા હોય તો અનંત જગતો થાય ; અને (મૂલપુરુષ રચતા હોય તો) હિત વિગેરે ન કરવાપણું[4], અને સંબંધ વિના કરવાપણું થાય. તેથી એમ કહેલું છે કે કર્તાપણું અને ભોગવનાર હોવાપણું પ્રકૃતિના અને પુરુષના અંશોના જ (ગુણ) છે, પરંતુ મૂલ પ્રકૃતિ અને પુરુષના નથી. તેથી તેઓનાં લક્ષણનો પ્રશ્ન (કરે છે). (તે) બંને ભગવદ્રૂપ હોવાથી તેમના સંબંધનો વિચાર કરવાનો નથી.

'હે પુરુષોત્તમ !' એ સંબોધનથી જ્ઞાન થાય તે માટે તેમનાથી પણ ભગવાનને ઉત્તમ કહેલા છે. 'આ' જગતમાં કારણ બનેલ, (અને) ઉપાદાન બનેલા પણ તે બે જ છે એમ 'સત્ અને અસત્ જેનાં રૂપ છે' એ શબ્દોથી કહેલું છે. કાર્ય અને કારણ, મોક્ષનું કારણ અને બંધનું કારણ, અસત્ય અને સત્ય-બધું એ 'યદાત્મકમ્' 'જે' મૂલ પ્રકૃતિ અને પુરુષરૂપ છે (તેનાં લક્ષણ કહો). તેથી તે બેનું જ્ઞાન થતાં સર્વ જણાય છે એવો ભાવાર્થ છે.

પુરુષ[5] તો એક જ છે. 'પુરુષમાં અને ઈશ્વરમાં અહિં જરાએ ભેદ નથી. તે જૂદો હોવાની કલ્પના નિરર્થક છે.' (૧૧।૨૨।૧૨) એવું વાક્ય હોવાથી જીવ અને ઈશ્વર જૂદી જૂદી અવસ્થા હોવાથી જ જૂદા જણાય છે, પરંતુ પોતાથી જૂદા ન હોવાથી[6] જે પુરુષનું લક્ષણ છે તે જ (તેમનું)[7] લક્ષણ છે. પ્રકૃતિને[8] લીધે પણ-જો (પ્રકૃતિ)[9] તે જ હોય, તો જૂદી અવસ્થા ન થાય ; કારણ કે તે માત્ર મોહ કરાવનારી જ છે ; પરંતુ જો જૂદી હોય, તો જ્યારે પોતાને તે (પ્રકૃતિ) હોવાનું માને ત્યારે (પુરુષ)

જીવની સ્થિતિ પ્રાપ્ત કરે છે; પણ જો મૂલ પ્રકૃતિનો આદર કરે તો (પોતાનાં) સ્વરૂપમાં રહેલો જ જગતનું કારણ બને છે. અથવા પ્રદેશના ભેદથી તે[૧૦] બંને-જેમ આકાશમાં કોઈ સ્થલે ગ્રહો વિગેરે હોય છે અને કોઈ સ્થલે હોતા નથી તેમ-પુરુષના સંબંધમાં આવે છે. તેથી તે[૧૧] પણ મોહ કરનારી પ્રકૃતિને દૂર કરે ત્યારે[૧૨] કારણની સમાન જ થાય છે, છતાં મૂલ પ્રકૃતિનો (તેને) સંબંધ ન હોવાને લીધે તે કર્તા થતો નથી. બંનેનો સંબંધ જે પ્રકારે ઘટે તેવો જ પુરુષ છે, એમ માનવું જોઈએ, કારણ કે બંને[૧૩] જોવામાં આવે છે. જીવો[૧૪] જૂદા છે એમ માનીએ તો વેદ અને સ્મૃતિનો[૧૫] વિરોધ થાય. પ્રપંચ મિથ્યા હોવાનું માનીએ, તો શાસ્ત્રનો વિરોધ થાય, મોક્ષ[૧૬] ન થાય, અને એકનો મોક્ષ થાય, અને અવિશ્વાસ રહે. તેથી જેનાથી બંને ઘટે તે જ પ્રકારે મૂલ પુરુષ બંને પ્રકૃતિ આદર કરે છે એમ માનવું જોઈએ.૯.

૧. ગયા શ્લોકમાં (પ્રકૃતિ) કર્તા હોવાનું કહ્યું તેમાં શંકા કરે છે. આ શ્લોકમાં શંકા કરે છે એમ દર્શાવનાર કોઈ શબ્દ નથી, છતાં પણ 'કારણયોરસ્ય' 'બે કારણો' એમ દ્વિવચન યોજ્યું તેથી પુરુષ પણ કારણ હોવાનું મનાએલ હોવાથી શંકા જણાય છે. (પ્ર).

૨. અહિંથી શંકા જણાવે છે. (પ્ર).

૩...૩. દેહ પ્રાપ્ત થયા પહેલાં પુરુષ કર્તા નથી, અને પ્રકૃતિ જડ છે. તેથી તે બેમાંથી કોઈ દેહ ઉત્પન્ન કરતું નથી. તેથી દેહ થવાનું કારણ ન હોવાથી કર્તાપણાંનું અભિમાન કરાવનારો દેહ થાય નહિ, એવો ભાવ છે. જો પ્રકૃતિની દરકાર કર્યા વિના જીવ જ એવો દેહ ઉત્પન્ન કરતો હોય, તો ત્રણ દોષ થાય છે, એમ આગળ કહે છે. (પ્ર).

૪. જીવ જો પોતા માટે રચતો હોય, તો અનંત જગતો થાય. જો મૂલ પુરુષ જીવ માટે કરતો હોય તો બીજા બે દોષો કહ્યા તે થાય. 'સંબંધ વિના કરવાપણું' એટલે સદા પ્રકૃતિના સંબંધ વિના જ કરવું તે. તેથી બીજાનું અભિધ્યાન કરવાનું કહ્યું તે મૂલ પુરુષમાં સંભવતું જ નથી. તેથી તે જીવ બને છે એમ કહી ન શકાય. તેથી જગતના કારણરૂપ મૂલપુરુષ અને પ્રકૃતિનાં બીજાં લક્ષણ કહો, એવો અર્થ છે, (પ્ર).

૫. બીજા સાંખ્યથી આનો ભેદ જણાય તે માટે મૂલ ગ્રંથનો ભાવાર્થ આ પેરામાં કહે છે. (પ્ર)

૬. બીજા સાંખ્ય પ્રમાણે પુરુષો ઘણા છે, કારણ કે 'વ્યવસ્થાને લીધે પુરુષો ઘણા છે' એવું પ્રવચનનું સૂત્ર છે. વળી બીજા પ્રમાણે ઈશ્વર પુરુષોથી જૂદો છે, કારણ કે પુરુષોને મોક્ષ પ્રાપ્ત કરાવનારું જ્ઞાન પોતાની મેળે થવાનું સંભવતું ન હોવાથી, જ્ઞાન આપનાર (ઈશ્વર)ની જરૂર રહે છે. આ બંને મત અહિં ઈચ્છેલા નથી, તેથી અહિં અગીઆરમાં (સ્કંધ)માં કહેલ મત જ કહેલ છે. (પ્ર).

૭. 'લક્ષણ' એટલે જીવ અને ઈશ્વરનાં સ્વરૂપનું લક્ષણ. (પ્ર)

૮. 'ત્યારે અવસ્થા જૂદી જૂદી કેમ થાય છે ?' તેનો અહિંથી ઉત્તર આપે છે. (પ્ર).

૯. 'તે' એટલે ઉપર કહી તે. (પ્ર).

૧૦. 'તે બંને' એટલે મૂલ પ્રકૃતિ અને મોહ કરનારી પ્રકૃતિ. (પ્ર)

૧૧. 'તે' એટલે જીવપણું પ્રાપ્ત કરેલ પ્રદેશ. (પ્ર)
૧૨. 'કારણની' એટલે મૂલ પુરુષની. (પ્ર)
૧૩. 'બંને' એટલે બંને અવસ્થાઓ (જીવપણું અને ઈશ્વરપણું) (પ્ર). મૂલ અને મોહ કરનારી પ્રકૃતિઓ, એવો અર્થ જણાય છે.
૧૪. 'જીવો મૂલપુરુષથી જૂદા હોવાનું કેમ માનતા નથી' એનો અહિંથી ઉત્તર આપે છે. (પ્ર)
૧૫. 'આ તે મહાન જન્મરહિત આત્મા છે' 'જેનું આત્મા શરીર છે' વિગેરે શ્રુતિઓ અને 'હે અર્જુન ! સર્વ પ્રાણીઓનાં હૃદયમાં રહેલો આત્મા હું છું' એ સ્મૃતિનો વિરોધ થાય (પ્ર).
૧૬. 'ત્યારે મોક્ષ વિષયમાં સરલતા થાય તે માટે માયાવાદનો જ કેમ આદર કરતા નથી ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહે છે. અહિં જે કાર્ય માત્ર સત્ય છે એવા મતનું સ્થાપન કરવામાં આવે છે. તે શાસ્ત્રનો વિરોધ થાય. (પ્ર).

નીચેના શ્લોકમાં મૂલ પ્રકૃતિનું લક્ષણ કહે છેઃ

|| શ્રીભગવાનુવાચ ||

**યત્તત્રિગુણમવ્યક્તં નિત્યં સદસદાત્મકમ્ ||**
**પ્રધાનં પ્રકૃતિં પ્રાહુરવિશેષં વિશેષવત્ ||૧૦||**

ત્રણ ગુણોવાળું, અસ્પષ્ટ, સદા એકરૂપ, કાર્યકારણરૂપ, વિશેષરહિત (અને) વિશેષવાળું જે પ્રધાન તેને જ પ્રકૃતિ કહે છે. ૧૦.

જે પહેલાં[1] કહી, તે જ આવા ગુણોવાળી મૂલ પ્રકૃતિ છે. જે ત્રણ ગુણવાળું છે, સત્ત્વ રજસ અને તમસ ગુણો જેના મૂલરૂપ છે તે (પ્રધાન) પ્રકૃતિ છે. જેમ બ્રહ્મ સચ્ચિદાનંદરૂપ છે (અને) ક્રિયા જ્ઞાન અને આનંદ (તેના) ગુણો પણ છે, તેમ પ્રધાન સચ્ચિદાનંદરૂપ છે, પરંતુ (તેમાંથી) ગુણો પણ અંશથી નીકળેલા છે 'અસ્પષ્ટ' એટલે કોઈપણ પ્રકારથી સ્પષ્ટ ન થએલ. તેનું કાર્ય જ સ્પષ્ટ થએલું હોય છે, પરંતુ (પ્રધાન) પોતે સ્પષ્ટ થતું નથી. 'નિત્યમ્' એટલે સદા એકરૂપ[2]. 'સદસદાત્મકમ્' એટલે કાર્ય અને કારણરૂપ. 'પ્રધાન' એટલે મુખ્ય. જેનું લક્ષણ કહેવાનું છે તે 'પ્રકૃતિ'. 'કહે છે' શબ્દથી પ્રમાણ (જણાવેલું છે.) (તે) બ્રહ્મની પેઠે વિશેષ રહિત છે. બધા ગુણોથી થતા વિશેષો (ભેદો) તેના જ હોવાથી 'વિશેષવાળું' છે. લક્ષણ એક જ 'પ્રધાન' શબ્દથી કહેલું છે. 'પ્રધાન' એટલે ભગવાને જગતનાં કારણ તરીકે બનાવેલું, અથવા તે (જગત) રૂપ મુખ્ય તે જગત્ રચવા સમર્થ છે એમ જણાવવા, ભગવાનની પેઠે તેના છ ગુણો 'ત્રણ ગુણોવાળું' વિગેરે છ શબ્દોથી કહે છે. ૧.તેમ (પ્રધાન ત્રણ ગુણોવાળું) ન હોય, તો ત્રણ ગુણોવાળી સૃષ્ટિ ન થાય. જેવું ભગવાનનું ઐશ્વર્ય છે તેવા[3] (આના ત્રણ ગુણો છે). તેમ ન હોય, તો કર્મ સમાન હોવા છતાં (જીવોની) ઉત્તમ અને અધમ સ્થિતિઓ ન થાય. સચ્ચિદાનંદના જેવા[4] આ ગુણો ભગવાનમાંથી

ઉત્પન્ન થએલી (પ્રકૃતિ)માં રહેલા છે. આમ હોવાથી જ (તે) મુખ્ય છે. જો કે દરેકે દરેક (શબ્દ) લક્ષણ છે, છતાં પણ (પ્રકૃતિ) ભગવાન્[5] છે એમ જણાવવા છ કહેલાં છે. ૨.'અસ્પષ્ટ' શબ્દથી બીજું (લક્ષણ કહેલું છે), કારણ કે તેનું આવા પ્રકારનું સામર્થ્ય કોઈથી પણ સ્પષ્ટ થએલું નથી. તેમ ન હોય, તો કાલ વિગેરેથી (તેનું સામર્થ્ય) સ્પષ્ટ થતાં, (તે) અનિત્ય થવાથી ફરીથી સૃષ્ટિ ન થાય. ૩.'સદા એકરૂપ' શબ્દથી તેની કીર્તિ (કહેલી છે). 'જીવની પ્રકૃતિને બાતલ કરવા (આ વિશેષણ યોજેલું છે).' એમ જે કેટલાક[6] કહે છે, તે આવતા અધ્યાયથી વિરુદ્ધ છે, કારણ કે બંને[7] નિત્ય છે. ૪.'કાર્યકારણરૂપ' વિશેષણથી શ્રી (કહેલી છે), કારણ કે તે સર્વરૂપ છે એવી આ તેની શોભા છે. ૫.'વિશેષરહિત' શબ્દથી તેને જ્ઞાન કરાવનાર (કહેલ છે), કારણ કે તેમ (તે જ્ઞાનરૂપ) ન હોય, તો તે સર્વનું કારણ હોવાથી સંસારીઓની મુક્તિ ન થાય. ૬.'વિશેષવાળું' વિશેષણથી બધા ભેદો તેના[8] હોવાનું (કહેલું છે). તેનું કાંઈપણ (કાર્ય) આશ્ચર્યકારક નથી, એમ વૈરાગ્ય કરાવનારો (આ ગુણ) છે. ૧૦

૧. 'પહેલાં' એટલે આ અધ્યાયના શ્લોક ૪ તથા ૫ માં (પ્ર)
૨. 'સદા એકરૂપ' એટલે સદા એકસરખું, સદા એકપ્રકારનું.
૩. જેવું ભગવાનનું ઐશ્વર્ય છે, તેમ તેને સ્થાને પ્રધાનમાં આ ત્રણ ગુણો છે, એવો અર્થ છે. (પ્ર)
૪. 'હું ઉત્પન્ન થાઉં' એવી ભગવાનની ઈચ્છાથી, તેમના ગુણોથી હલકી સ્થિતિ પ્રાપ્ત કરેલા, એવો અર્થ છે. (પ્ર)
૫. 'ભગવાન' એટલે ભગવદ્રૂપ, એવો અર્થ જણાય છે.
૬. આ શ્રીધરનો મત કહેલો છે.(પ્ર)
૭. 'બંને' એટલે જીવની પ્રકૃતિ અને મૂલપ્રકૃતિ. (પ્ર)
૮. 'તેના' એટલે તેનાથી થએલા, એવો અર્થ જણાય છે. (પ્ર)

પ્રધાનનું લક્ષણ કહીને, નીચેના શ્લોકમાં પ્રધાનના સંબંધવાળાઓને જણાવે છેઃ

**પઞ્ચભિઃ પઞ્ચભિર્બ્રહ્મ ચતુર્ભિર્દશભિસ્તથા ।।**
**એતચ્ચતુર્વિંશતિકં ગણં પ્રાધાનિકં વિદુઃ ।।૧૧।।**

પાંચથી, પાંચથી, ચારથી તેમજ દશથી પ્રધાનના સંબંધવાળા આ ચોવીસના સમૂહને બ્રહ્મ જાણે છે. ૧૧.

ચોવીસને પ્રધાનના સંબંધવાળો સમૂહ કહે છે. (તે) ચોવીસ પ્રકારના ભેદવાળો છે. ચોવીસ ભેગાં થએલાં પ્રધાનના સંબંધવાળો સમૂહ છે. 'જાણે છે' શબ્દથી પ્રમાણ (કહેલું છે). જેમનાથી ચોવીસની સંખ્યા (પ્રાપ્ત) થાય છે, તેમને 'પાંચથી પાંચથી' એમ વર્ગ પ્રમાણે ગણાવે છે. (દેવહૂતિ તેમનું) સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત

કરે તે માટે 'બ્રહ્મ' એમ (કહેલું છે). આ ચોવીસ પ્રકારના વિભાગવાળું જગત્ બ્રહ્મ જ છે. પ્રવૃત્તિ કરાવનારા ચાર હોવાથી 'ચારથી (તેમજ) દશથી' એમ ચારને પહેલાં કહેલા[1] છે. (આ) સાંખ્ય શાસ્ત્ર હોવાથી, સંખ્યાથી જ (તેમાં) પૂર્ણતા થાય છે. ૧૧.

૧. દશ ઈન્દ્રિયો અને ચાર મન વિગેરે આગળ તેર અને ચૌદમા શ્લોકમાં ગણાવેલાં છે તેમાં ઈન્દ્રિયો પહેલાં કહી છે, પણ મન વિગેરે ચારનો વર્ગ ઈન્દ્રિયોની પ્રવૃત્તિ કરાવનારો હોવાથી અહિં 'ચારથી' એમ 'દશથી' ની પહેલાં કહેલું છે, એવો અર્થ જણાય છે.

નીચેના શ્લોકથી આરંભી તેમને નામથી જણાવે છેઃ

**મહાભૂતાનિ પઞ્ચૈવ ભૂરાપોઽગ્નિર્મરુન્નભઃ ।।**
**તન્માત્રાણિ ચ તાવન્તિ ગન્ધાદીનિ મતાનિ મે ।।૧૨।।**

ભૂમિ, જલ, અગ્નિ વાયુ (અને) આકાશ (એ) મહાભૂતો પાંચ જ છે, અને ગંધ વિગેરે તન્માત્રાઓ મેં તેટલી જ માનેલી છે. ૧૨.

આરંભમાં પાંચની સંખ્યા પૂર્ણ કરનારાં મહાભૂતો છે. 'એવ' 'જ' શબ્દથી દિશાઓ વિગેરેનો આકાશ વિગેરેમાં[1] સમાવેશ (થએલ હોવાનું) સૂચવેલ છે. 'ભૂમિ' વિગેરેથી તેમને ગણાવે છે. 'અગ્નિ' એટલે તેજ, અથવા અગ્નિ જ. કેટલાક એમ કહે છે કે સૂર્ય વિગેરેનાં તેજોનો અગ્નિમાં સમાવેશ થાય છે. બીજાઓ (તેમને) ભગવાનનું તેજ કહે છે. 'મરુત્' એટલે વાયુ. 'નભઃ' એટલે આકાશ. શબ્દ વિગેરે તન્માત્રાઓ 'તેટલી' પાંચ જ છે. બધા સ્વરોનો[2] શબ્દમાં સમાવેશ થાય છે. 'ગંધ વિગેરે' એટલે ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ. 'મેં માનેલી છે' શબ્દોથી (એમ જણાવેલું છે કે) અમારા સિદ્ધાંત પ્રમાણે ગંધ વિગેરે તન્માત્રાઓ છે, બીજાના મત પ્રમાણે ગંધ વિગેરે ગુણો છે, અને તેઓ મહાભૂતોના ગાઢ સંબંધવાળા હોવાથી, મહાભૂતોમાંથી ઉત્પન્ન થાય છે. ૧૨.

૧. આ 'વિગેરે' શબ્દ 'દિશા કાલ આકાશ વિગેરેમાંથી' એ પ્રવચન સાંખ્ય સૂત્રને સૂચવે છે. (પ્ર).
૨. ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત, તેમજ નિષાદ (સારી, ગમ) વિગેરે. (પ્ર)

નીચેના શ્લોકમાં દશની સંખ્યા પૂર્ણ કરે છેઃ

**ઈન્દ્રિયાણિ દશ શ્રોત્રં ત્વગ્દગ્રસનનાસિકા ।।**
**વાક્કરૌ ચરણૌ મેઢ્રં પાયુર્દશમ ઉચ્યતે ।।૧૩।।**

ઈન્દ્રિયો દશ છે. કાન, ત્વચા, આંખ, જીભ, નાસિકા, વાણી, બે હાથ, બે પગો, લિંગ અને ગુદા દશમી કહેવાય છે. ૧૩.

આરંભમાં જ્ઞાન કરાવનારી ઈન્દ્રિયો ગણાવે છે. કાન શબ્દનું જ્ઞાન કરાવનાર છે. 'ત્વક્' એટલે ત્વચા ઈન્દ્રિય. 'દક' એટલે દષ્ટિ, આંખ એવો અર્થ છે. જીભ અને નાક ઈન્દ્રિય વાણીથી આરંભી કર્મેંદ્રિયો કહેલી છે. 'મેઢ્રં' એટલે લિંગ. ૧૩.

નીચેના શ્લોકમાં ચાર ગણાવે છેઃ

**મનો બુદ્ધિરહંકારશ્ચિત્તમિત્યન્તરાત્મકમ્ ।।**
**ચતુર્ધા લક્ષ્યતે ભેદો વૃત્ત્યા લક્ષણરૂપયા ।।૧૪।।**

મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત એવા ચાર પ્રકારનું અંતઃકરણ છે. (તેમનો) ભેદ લક્ષણરૂપ ક્રિયાથી જણાય છે. ૧૪.

''આ (ચાર) એક જ અર્થવાળા શબ્દો છે'' એવી શંકા થાય, તેથી 'અંતઃકરણ' એમ કહેલું છે. એક જ 'અન્તરાત્મકમ્' અંતઃકરણ મન બુદ્ધિ વિગેરે ચાર પ્રકારનું જણાય છે. એકનાં અનેક પ્રકારનાં ચિહ્ન હોવાનું કારણ 'ભેદ લક્ષણરૂપ ક્રિયાથી જણાય છે' શબ્દોથી (કહેલું છે). જૂદી જૂદી ક્રિયાથી જૂદાં હોવાનું જણાય છે, અને ક્રિયા લક્ષણરૂપ છે. લક્ષણ (બીજા બધા પદાર્થોથી) જૂદા પાડનારું હોય છે, કારણ કે સામાન્ય ક્રિયા જૂદા પાડનારી હોતી નથી. ૧૪.

''આ ચોવીસ પ્રકારના જૂદા (પ્રધાન સંબંધી સમૂહ)નો વિચાર કર્યો, અને બીજો ગણાવવો જોઈએ'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**એતાવાનેવ સંખ્યાતો બ્રહ્મણઃ સગુણસ્ય હ ।।**
**સન્નિવેશો મયા પ્રોક્તો યઃ કાલઃ પઞ્ચવિંશકઃ ।।૧૫।।**

સગુણ બ્રહ્મનો સમૂહ આટલી જ સંખ્યાવાળો મેં કહેલો છે. જે કાલ કહેલો છે તે પચીસમો છે. ૧૫.

સગુણ બ્રહ્મની આટલી જ સંખ્યા છે, અથવા સગુણ બ્રહ્મનો સમૂહ શાસ્ત્રમાં આટલી જ સંખ્યાનો છે. ('સન્નિવેશઃ' સમૂહ) 'સમ્યક્' સારી રીતે 'નિવેશઃ' પ્રવેશ, એટલે જેનો બીજામાં પ્રવેશ સંભવતો નથી, તેને પોતાના ગુણવાળા તરીકે જણાવવું તે. 'વધારામાં કાલ છે' એવો પ્રશ્ન થાય, તે સંબંધમાં 'જે કાલ કહેલો છે તે પચીસમો છે' એમ કહેલું છે. (કાલ) પ્રાકૃત જ છે, એવો અર્થ છે. પ્રકૃતિમાંથી (થએલ) પહેલો પદાર્થ કાલ છે, 'બીજા ચોવીસ છે, એવો અર્થ છે'. ૧૫.

(સાંખ્યના) એક વિભાગવાળાના મત પ્રમાણે કાલનું નિરૂપણ કરી, ફરીથી બીજા વિભાગવાળાના મત પ્રમાણે નીચેના શ્લોકથી નિરૂપણ કરે છેઃ

**પ્રભાવં પૌરુષં પ્રાહુઃ કાલમેકે યતો ભયમ્ ।।**
**અહંકારવિમૂઢસ્ય કર્તુઃ પ્રકૃતિમીયુષઃ ।।૧૬।।**

પ્રકૃતિ સાથે ભળી જનાર, અહંકારથી ઘણા મૂઢ થએલ કર્તાને જેનાથી ભય થાય છે તે પુરુષના પ્રભાવને કેટલાક કાલ કહે છે. ૧૬.

કેટલાક, પુરુષના પ્રભાવને કાલ કહે છે. (તેમના મત પ્રમાણે કાલ) પુરુષનો

કોઈએક ગુણ અથવા અમુક સામર્થ્ય છે. તેવો હોવાનું કારણ 'જેનાથી ભય થાય છે' શબ્દોથી કહેલું છે. જે કાલથી લોકમાં ભય થાય છે. 'કોને ભય થાય છે ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. અહંકારથી જે ઘણો મૂઢ થએલ, ઠગાએલ છે, જે પોતાને જ અહંકાર માને છે (તેને ભય થાય છે). અહંકારથી ઘણો મૂઢ થવાનું કારણ 'કર્તા' શબ્દથી (કહેલું છે). જે કર્મ વિગેરેનો કર્તા છે, તે અહંકારથી મૂઢ થએલ છે. કર્મ કરવાનું કારણ પણ 'પ્રકૃતિ સાથે ભળી જનાર' વિશેષણથી (કહેલું છે). જે પ્રકૃતિ સાથે એક થઈ કર્મો કરે છે, (અને) પછી અહંકારથી મૂઢ થાય છે, તેને કાલથી ભય થાય છે, એવો અર્થ છે. ૧૬.

નીચેના શ્લોકમાં પોતાના મત પ્રમાણે કાલનું લક્ષણ કહે છેઃ

**પ્રકૃતેર્ગુણસામ્યસ્ય નિર્વિશેષસ્ય માનવિ ।।**
**ચેષ્ટા યતઃ સ ભગવાન્ કાલ ઈત્યુપલક્ષિતઃ ।।૧૭।।**

હે મનુની પુત્રિ ! ભેદ વિનાના પ્રકૃતિના ગુણોનાં સમાનપણાંની જેનાથી ક્રિયા થાય છે તે ભગવાન્ 'કાલ' એમ ઓળખાય છે. ૧૭.

ગુણોનાં સમાનપણાંની અવસ્થા પ્રકૃતિ છે. પ્રકૃતિના સંબંધવાળા સત્ત્વ વિગેરે જે ગુણો છે, તેઓનું સમાનપણું એટલે ખળભળાટ થયા પહેલાંની અવસ્થા, અને ખળભળાટ પહેલાં તે (કાલ) ભેદ વિનાનો છે. 'હે મનુની પુત્રિ' એ સંબોધન (એમ જણાવવા કહેલું છે) કે મોટા (પુરુષ)થી ઉત્પન્ન થએલી અલૌકિક (વૃત્તાંત) જાણે છે. આવા (સમાનપણાં)ની જેનાથી ક્રિયા થાય છે તે કાલ. કાલથી જ ગુણોનો ખળભળાટ થાય છે. તે કાલ ભગવાન જ છે, કારણ કે પાંચ સ્વરૂપમાં ગણાવેલ છે.

''ભગવાનનું 'કાલ' એવું નામ શાથી પડ્યું ?'' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'ઓળખાય છે' એમ કહેલું છે. 'કલયતિ' ગણે છે, જે સ્વરૂપને લીધે દરેક પ્રાણી સર્વની ગણત્રી કરે છે તે 'કાલ', કારણ કે મૃત્યુથી ભય પામેલો જ સર્વની ગણત્રી કરે છે. તેથી 'કાલ' શબ્દથી ભગવાન જ ઓળખાવેલ છે એટલે ચિહ્નના પ્રકારથી જણાવેલા છે, કારણ કે 'કાલ' એ સાક્ષાત્ ભગવાનનું નામ નથી, પરંતુ પ્રાણીઓને (ભગવાનનું) જ્ઞાન કરાવનાર તરીકે જણાવેલો છે. ૧૭.

એ પ્રમાણે ભગવાનનાં સ્વરૂપ તરીકે કાલને કહીને, નીચેના શ્લોકમાં તે ભગવાનનું ચિહ્ન હોવાનું કહે છેઃ

**અન્તઃ પુરુષરૂપેણ કાલરૂપેણ યો બહિઃ ।।**
**સમન્વેત્યેષ સત્ત્વાનાં ભગવાનાત્મમાયયા ।।૧૮।।**

જે ભગવાન્ પોતાની માયાથી અંદર પુરુષરૂપથી અને બહાર કાલરૂપથી

પ્રાણીઓ સાથે સારી રીતે સંબંધમાં આવે છે તે આ (કાલ એમ ઓળખાય છે. શ્લો ૧૭). ૧૮.

એક જ ભગવાન્ સર્વ પ્રાણીઓની અંદર પુરુષરૂપથી રહેલા છે, (અને) બહાર કાલરૂપથી[1] (રહેલા છે). તેમ ન હોય તો ભગવાન્ સર્વ સ્થલે રહેલા ન હોય. (ભગવાનથી) બહિર્મુખ હોય તેમનું કાલરૂપથી ભક્ષણ કરે છે, (અને) અંતર્મુખ હોય તેમને પુરુષરૂપથી પ્રફુલ્લ કરે છે, એવું (પ્રયોજન છે). તેથી જ ભગવાન્ પોતાની માયા એટલે સર્વ થવાની શક્તિ વડે બંને પ્રકારના થઈ, બધા પ્રાણીઓ સાથે 'સમન્વેતિ' સારી રીતે સંબંધમાં આવે છે, કેમકે (પ્રાણીઓ) બહાર કાલમાં લય પામે છે (અને) અંદર પુરુષમાં (લય પામે છે). કાલ ભય કરાવનારો છે અને પુરુષ અભયરૂપ છે, એટલો ભેદ છે. ૧૮.

૧. આ જ સિદ્ધાંત પરીક્ષિતે ૧૦।૧।૭માં કહેલો છે વળી આ અધ્યાયના નવમા શ્લોકમાં જગતના કારણ તરીકે પુરુષસંબંધી પ્રશ્ન કરેલો છે. આથી પુરુષ કેવી રીતે જગતનું કારણ થાય છે. તેનો ઉત્તર આપેલ જાણવો. આ અધ્યાયના ત્રીજા શ્લોકમાં 'જેની સાથે વિશ્વ સારી રીતે સંબંધમાં આવેલ છે' એમ જ્ઞાનમાં ઉપયોગી થાય તેવું લક્ષણ કહેલ, છતાં દેવહૂતિએ ફરી પુરુષનું લક્ષણ પૂછેલ હોવાથી, તેને તેનું જ્ઞાન થએલ નથી એમ જાણી અહિં સારી રીતે તેનો સંબંધ જણાવેલો છે. (પ્ર)

એ પ્રમાણે નામથી તત્ત્વો કહીને, નીચેના શ્લોકથી આરંભી (તેમની) ઉત્પત્તિ જણાવીને લક્ષણો કહે છેઃ

**દૈવાત્ ક્ષુભિતધર્મિણ્યાં સ્વસ્યાં યોનૌ પરઃ પુમાન્ ।।**
**આધત્ત વીર્યં સાઽસૂત મહત્તત્ત્વં હિરણ્મયમ્ ।।૧૯।।**

દૈવને લીધે જેના ગુણોમાં ખળભળાટ થએલો હતો તેવાં પાતાનાં ક્ષેત્રમાં પ્રથમ પુરુષે વીર્યનું આધાન કર્યું. તેણે સુવર્ણમય મહત્તત્ત્વને જન્મ આપ્યો. ૧૯.

આરંભમાં ચિત્તની ઉત્પત્તિ કહીને, તેના આધિદૈવિક વિગેરે ભેદો કહેતાં લક્ષણો કહેશે. પહેલાં ઉત્પત્તિ, પછી આધ્યાત્મિકનું લક્ષણ, પછી આધિદૈવિકનું (લક્ષણ), (અને) પછી આધિભૌતિકનું (લક્ષણ). એમ ચાર (શ્લોકો)થી એક પદાર્થ કહે છે. તે પૈકી આરંભમાં (આ શ્લોકથી) મહત્તત્ત્વની ઉત્પતિ કહેલી છે.

'દૈવ' એટલે કાલને લીધે જેના ગુણોમાં ખળભળાટ થએલો છે, તે પુરુષનું 'યોનિઃ' ક્ષેત્ર (પ્રકૃતિ), તેમાં જેમ પુરુષ પોતાની પત્નીમાં (વીર્યનું આધાન કરે) તેમ 'પરઃ પુમાન્' પ્રથમ પુરુષે વીર્યનું આધાન કર્યું. ભગવાનની પેઠે તેની ઈન્દ્રિયો આનંદમય હતી, વીર્ય તો સત્ અને ચિત્ અંશોવાળું હતું. કેટલાક કહે છે કે (વીર્ય) ચિત્ અંશવાળું જ હતું, સત્ અંશનો સંબંધ તો પ્રકૃતિથી થાય છે. પછી તે પ્રકૃતિએ

મહત્તત્ત્વને જન્મ આપ્યો. તેનું શરીર સૂર્યની અંદર રહેલા નારાયણ (ના શરીર) પેઠે સુવર્ણમય હતું. આનંદ અને સત્ ભેગાં થતાં સુવર્ણરૂપ થાય છે. ૧૯.

નીચેના શ્લોકમાં અધ્યાત્મિક (મહત્તત્ત્વ)નું લક્ષણ કહે છેઃ

**વિશ્વમાત્મગતં વ્યઞ્જન્ કૂટસ્થો જગદંકુરઃ ।।**
**સ્વતેજસાઽપિબત્તીવ્રમાત્મપ્રસ્વાપનં તમઃ ।।૨૦।।**

પોતાની અંદર રહેલાં વિશ્વને પ્રકટ કરતાં, વિકારરહિત જગતના અંકુરે પોતાનો લય કરાવનાર અંધકારનો પોતાના તેજથી નાશ કર્યો. ૨૦.

કારણ કે તે સર્વ જગતની ઉત્પત્તિ કરાવનાર મહાન્ (મહત્તત્ત્વ) છે. વિશ્વના આધાર હોવું એ તેનું લક્ષણ છે. અંશથી તે બ્રહ્માંડનો પણ આધાર હોવાથી 'વિકારરહિત' એમ કહેલું છે. પ્રકૃતિથી (તેને) જૂદો પાડવા માટે 'જગતના અંકુરે' એમ કહેલું છે. જેમ વૃક્ષની પહેલી અવસ્થા અંકુર છે, તેમ તે જગતની પહેલી અવસ્થા છે, કારણ કે તે પોતાની અંદર રહેલાં વિશ્વને પ્રકટ કરે છે. 'તે શું કરતાં વિશ્વને પ્રકટ કરે છે' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'પોતાનો લય કરાવનાર અંધકારનો પોતાના તેજથી નાશ કરતાં' એમ કહેલ છે. જે અંધકારે પહેલાં મહત્તત્ત્વને 'પ્રસ્વાપિતં' લય પમાડેલું, તે મૂલ અંધકારનો મહત્તત્ત્વ નાશ કરે છે. તેમ ન કરે, તો કોઈ પણ પ્રકારથી જગત્ પ્રકટ ન થાય. ૧. જગતનો પ્રકાશ કરનાર તરીકે ૨. જગતને ઉત્પન્ન કરનાર તરીકે અને ૩. ઘણા સમર્થ અંધકારનો નાશ કરનાર તરીકે, એવાં આ મહત્તત્ત્વનાં ત્રણ માહાત્મ્ય કહેલાં છે. આ ત્રણે ગુણો સાત્ત્વિક રાજસ અને તામસ એ ત્રણ કારણના-પ્રકૃતિના ગુણોને અનુક્રમે જ સૂચવનારા છે.૨૦.

નીચેના શ્લોકમાં આધિદૈવિક (મહત્તત્ત્વ)નું લક્ષણ કહે છે :

**યત્તત્સત્ત્વગુણં સ્વચ્છં શાન્તં ભગવતઃ પદમ્ ।।**
**યદાહુર્વાસુદેવાઽઽખ્યં ચિત્તં તન્મહદાત્મકમ્ ।।૨૧।।**

તે જે સત્ત્વગુણવાળું સ્વચ્છ શાંત ભગવાનનું સ્થાન જેનું 'વાસુદેવ' નામ કહે છે, તે મહત્તત્ત્વરૂપ ચિત્ત છે. ૨૧.

'વાસુદેવ' એ તેનું આધિદૈવિક સ્વરૂપ છે, કારણ કે તે વાસુદેવનાં પ્રાકટ્યનું સ્થાન છે. 'વસુદેવે' વસુદેવમાં 'આવિર્ભવતિ' પ્રકટ થાય તે 'વાસુદેવ'. ઘણું જ શુદ્ધ સત્ત્વ વસુદેવ છે. જે સર્વે ઉપાસના કરવા યોગ્ય તરીકે પ્રસિદ્ધ છે, તે જ આ (ચિત્ત)નું આધિદૈવિક સ્વરૂપ છે. તે જ આ (ચિત્ત) છે. સત્ત્વ છે ગુણ જેનો (તેવું, તે) સત્ત્વનું પણ સત્ત્વ છે. તે સત્ ચિત્ અને આનંદરૂપ છે એમ જણાય તે માટે તેના ત્રણ ગુણો કહે છે. (૧) તે પૈકી 'સ્વચ્છ' એટલે ઘણું નિર્મલ, એ વિશેષણથી સદ્રૂપ કહેલું છે.

(૨) 'શાંત' ચિદ્રૂપ છે, કારણ કે જ્ઞાન જ શાંત સ્વભાવનું હોય છે. (૩) 'ભગવાન્' પુરુષોત્તમનું સ્થાન આનંદરૂપ છે. એવી રીતે સચ્ચિદાનંદરૂપ સત્ત્વનું સત્ત્વ તે ચિત્ત, સર્વ પ્રાણીઓમાં ચૈતન્યસ્વરૂપથી રહેલું છે. 'જેનું વાસુદેવ નામ કહે છે' શબ્દોથી ઉપાસના કરવા માટે તેનું બીજું નામ કહેલું છે. (તે) વાસુદેવના શરીરરૂપ હોવાથી, 'વાસુદેવ' એવું નામ છે જેનું તેવું તે છે; અથવા (તે) વાસુદેવનો આધાર હોવાથી '(વાસુદેવ એવું નામ છે) જેમાંથી', એમ સમાસ છોડવો. 'કહે છે' શબ્દથી પ્રમાણ (જણાવ્યું છે).

''તેવાં ચિત્તની ઉત્પત્તિ કહી નથી'' એવી શંકા થાય, તેથી 'તે મહત્તત્ત્વરૂપ છે' એમ કહેલું છે. ચિત્ત મહત્તત્ત્વરૂપ જ છે, તેથી મહત્તત્ત્વની ઉત્પત્તિથી જ તેની ઉત્પત્તિ કહી, એવો અર્થ છે. ૨૧.

નીચેના શ્લોકમાં આધિભૌતિક (મહત્તત્ત્વ)નું લક્ષણ કહે છે :

**સ્વચ્છત્વમવિકારિત્વં શાન્તત્વમિતિ ચેતસઃ ।।**
**વૃત્તિભિર્લક્ષણં પ્રોક્તં યથાऽપાં પ્રકૃતિઃ પરા ।।૨૨।।**

જેમ જલનો ઉત્તમ સ્વભાવ સ્વચ્છપણું છે તેમ સ્વચ્છપણું વિકારરહિતપણું (અને) શાંતપણું એવું ચિત્તનું લક્ષણ વૃત્તિઓથી કહેલું છે. ૨૨.

૧. 'સ્વચ્છપણું' એટલે નિર્મલપણું ૨. 'અવિકારિત્વં' સર્વ વિકારોથી રહિત હોવાપણું ૩. 'શાંતપણું' એટલે જ્ઞાનરૂપ હોવાપણું, (એ) ત્રણ વિશેષણો બુદ્ધિ મન અને અહંકારથી જૂદાપણું જણાવવા (કહેલાં છે). બુદ્ધિ જ્ઞાનરૂપ હોવા છતાં, વિષય (પદાર્થ)ના આકારવાળી (થતી) હોવાથી સ્વચ્છ નથી; (જ્યારે) ચિત્ત તો વિષયરહિત માત્ર આત્માના જ્ઞાનરૂપ હોવાથી સ્વચ્છ છે. મન તો વિકારવાળું હોવાનું સ્પષ્ટ જ છે. અહંકારમાં શાંતપણું નથી. સાત્ત્વિક અહંકાર તેવો (શાંત) હોવા છતાં, પદાર્થ એક જ હોવાથી, શાંત ઘોર અને વિમૂઢથી માત્ર શાંતપણું જૂદું જ પડે છે. તેથી જ ચિત્તનું લક્ષણ વૃત્તિઓથી[1] કહેલું છે. આ વૃત્તિઓ અહંકાર વિગેરેને હોતી નથી.

''બુદ્ધિ વિગેરેથી વિષયનું ગ્રહણ કરવામાં આવે, ત્યારે ચિત્ત પણ મલિન થાય છે. તેમ ન હોય, તો તેનો સંયમ કરવા પ્રયત્ન કરવો ન પડત'' એવી શંકા થાય, તેથી 'જેમ જલનો (ઉત્તમ) સ્વભાવ સ્વચ્છપણું છે' એમ કહેલું છે. જો કે જલનાં ફીણ મોજાં વિગેરે થાય છે, છતાં પણ આ તે (જલ) સ્વભાવથી નિર્મલ જ છે. તેથી જ (જલનો) ઉત્તમ સ્વભાવ સ્વચ્છ(પણું) જ છે. લક્ષણ તો કૃત્રિમ હોતું નથી. ઉપાધિથી થએલાં કાર્યો તો કૃત્રિમ હોય છે, કારણ કે પૃથ્વી કોઈપણ સમયે નિર્મલ હોતી નથી, તેમજ વાયુ વિકાર વિનાનો હોતો નથી અને તેજ શાંત હોતું નથી. તેથી

તેઓનો સંબંધ થતાં જલમાં (જલની) જૂદી જૂદી અવસ્થા થાય છે[૨]. ૨૨.

૧. 'વૃત્તિ' એટલે સ્થિતિ.

૨. સ્વભાવથી શાંત, વિકારરહિત અને શાંત સ્થિતિવાળા હોવું, એ ચિત્તનું લક્ષણ થયું. (પ્ર).

નીચેના શ્લોકથી આરંભી ઉપર પ્રમાણે અહંકારની ઉત્પત્તિ કહીને લક્ષણો કહે છે :

**મહત્તત્ત્વાદ્વિકુર્વાણાદ્ભગવદ્વીર્યસંભવાત્ ।।**
**ક્રિયાશક્તિરહંકારસ્ત્રિવિધઃ સમપદ્યત ।।૨૩।।**

ભગવાનનાં વીર્યની જેમાં સ્થિતિ હતી તેવાં, કાર્ય કરવા તત્પર થતાં મહત્તત્ત્વમાંથી ત્રણ પ્રકારનો ક્રિયાશક્તિરૂપ અહંકાર ઉત્પન્ન થયો. ૨૩.

'વિકુર્વાણાત્' એટલે કાર્ય કરવા તત્પર થતાં, કારણ કે કાલથી ગુણોનો ખળભળાટ થાય, ત્યારે કાર્ય કરવા તત્પર થતાં, કાર્ય ઉત્પન્ન કરે છે. માત્ર વિકાર (કાર્ય કરવાની તત્પરતા)થી જ (કાર્ય) થતું નથી, પરંતુ સર્વને ઉત્પન્ન કરનારી ભગવાનની શક્તિ પણ અંદર હોવાની જરુર રહે છે. તે[૧] (અર્થ) 'ભગવાનનાં વીર્યની જેમાં સ્થિતિ હતી તેવાં' વિશેષણથી કહેલો છે. ભગવાનનાં વીર્યની સ્થિતિ હતી જેમાં (તેવાં મહત્તત્ત્વમાંથી અહંકાર ઉત્પન્ન થયો), કારણ કે જલનું મથન કરવામાં આવતાં, તેમાં ન હોય તે ઘી ઉત્પન્ન થતું નથી, પરંતુ દૂધ અથવા દહીંમાં (તે રહેલ હોવાથી તેમાંથી ઉત્પન્ન થાય છે). આથી બૌદ્ધોનો મત ખોટો ઠરાવેલો છે[૨]. તેમ ન હોય, તો સર્વ (હરકોઈ પદાર્થ)માંથી સર્વ ઉત્પન્ન થાય. નિયંત્રણ કરનાર સ્વભાવ હોય, તો તો સ્વભાવ પણ તેવો (તેવી શક્તિવાળો) હોવાનું પ્રમાણ કહેવું જોઈએ[૩], કારણ કે જડ (પદાર્થો) બધાને વશ રાખી શકાય છે[૪], માત્ર ઈશ્વર જ વશ ન રાખી શકાય તેવા છે. વળી શાસ્ત્રથી સ્વભાવ ફેરવવાનું પણ ઘટે નહિ[૫]. વસ્ત્ર વિગેરેમાં તંતુઓ વિગેરે સાધનો અને ચિંતામણિ વિગેરેની (કાર્ય થવાનાં) કારણ તરીકે કલ્પના કરવામાં આવે છે[૬], તે નિયમ વિરુદ્ધ ગણાય. તેથી સમૂહમાં અથવા દરેક (પદાર્થ)માં મુકરર થએલી ભગવાનની સર્વ થવારૂપ શક્તિ એકલી જ ભગવાનના નિયમ પ્રમાણે જે (પદાર્થ)માં રહે છે, તેમાંથી જ (કાર્ય) ઉત્પન્ન થાય છે[૭]. એ યોગ્ય છે. ભગવાન જ તેવી રીતે પ્રકટ થતા હોવાથી બૌદ્ધમતની ગંધ પણ નથી. આમાં શ્રુતિ પણ ઘટે છે, અને બીજા (મત)માં શ્રુતિનો વિરોધ હોય છે. તેથી 'ભગવાનનાં વીર્યની જેમાં સ્થિતિ હતી તેવાં' એ યોગ્ય જ કહેલું છે. જ્ઞાન જેમાં મુખ્ય છે તેવાં મહત્તત્ત્વમાંથી ક્રિયાશક્તિરૂપ અહંકાર ઉત્પન્ન થયો; અને તે ત્રણ પ્રકારનો છે, ઉત્પત્તિથી જ તેવો (ત્રણ પ્રકારનો) જ ઉત્પન્ન થએલો; કારણ કે ક્રિયા[૮] જૂદા કરનારી હોઈ, તેણે કારણ

બનેલ ત્રણ ગુણોને કાર્યમાં જૂદા જૂદા જ ઉત્પન્ન કર્યા. ૨૩.

૧. પહેલાં મહત્તત્ત્વની ઉત્પત્તિ કહી, ત્યારે પણ ભગવાનનાં વીર્યથી ઉત્પત્તિ થયાનું જણાવેલ. છતાં અહિં તે ફરીથી કહેવાનું પ્રયોજન કહેલ છે. તેથી ભગવાનનું વીર્ય તેમાં હોવાથી જ, સચ્ચિદાનંદરૂપ સર્વ કાર્ય તેમાંથી ઉત્પન્ન થાય છે, એવો અર્થ છે. ( પ્ર )

૨. ભગવાનનું વીર્ય તેમાં હોવાનું કહ્યું તેનું બીજું પ્રયોજન આ વાક્યથી જણાવ્યું છે. બૌદ્ધો વેદને ન માનનારા છે. તેઓના મત પ્રમાણે વિનાશરૂપ અભાવ (ન હોવાપણાં)માંથી જ સર્વ ઉત્પન્ન થાય છે. તે ખોટું છે, કારણ કે અભાવ સર્વત્ર સહેલાઈથી પ્રાપ્ત થાય તેવો હોવાથી હરકોઈ પદાર્થમાંથી સર્વની ઉત્પત્તિ થાય; પરંતુ તંતુઓમાંથી જ વસ્ત્ર થાય છે, માટીમાંથી જ ઘડો થાય છે, લીંબોળીમાંથી લીબંડો થાય છે, એમ અમુક પદાર્થમાંથી અમુક પદાર્થની જ ઉત્પત્તિ થાય છે. તેથી ભગવાનનું વીર્ય હોવાપણું કારણ તરીકે કહ્યું, તેથી અમુક પદાર્થમાંથી અમુકની જ ઉત્પત્તિ થવાનું જણાવી બૌદ્ધમતનું ખંડન કરેલું છે. ( પ્ર )

૩. ''સ્વભાવવાદનું આથી ખંડન નહિ થાય. લોહચુંબક સમીપ લોઢું ખેંચાય છે, તેમાં લોહચુંબકનો સ્વભાવ જ કારણ છે. સ્વભાવને લીધે ખેંચાતું ન હોય, તો બધાએ પદાર્થો ખેંચાય. તેથી સ્વભાવ અહિં કારણરૂપ જણાય છે, તેમ બધા પદાર્થમાં સ્વભાવને જ કારણ માનવો જોઈએ. તેથી સ્વભાવને લીધે હરકોઈ પદાર્થમાંથી બધા ઉત્પન્ન થતા નથી. તેથી ભગવાનનું વીર્ય હોવાનું કહેવાનું કોઈ પ્રયોજન નથી'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. પીપળો, શેરડીની કાતળી વિગેરેનો સ્વભાવ એવો છે કે કોઈ સમયે તેમને ફલ ન બેસે; છતાં પણ દેશ રાજા વિગેરેનો વિનાશ થતાં અને ખેડુત ઘણો દરિદ્ર થતાં કોઈવાર ફૂલ બેસતાં જોવામાં આવે છે. તેનું કારણ જીવનું અદષ્ટ અથવા કાલ અથવા બીજું ગણીએ તોપણ સ્વભાવ કારણ હોવાના મતનું ખંડન જ થાય છે. તેથી અમુક પદાર્થમાંથી અમુક જ પદાર્થ ઉત્પન્ન થાય છે, તેનું (સ્વભાવ સિવાય) બીજું કારણ કહેવું જોઈએ. ( પ્ર )

૪. જડ પદાર્થો બધા વશ રાખી શકાય તેવા હોય છે, તેથી સ્વભાવ પણ જડ હોવાથી તેને વશ રાખનારની જરુર રહેશે. જડ પદાર્થમાં રહેનારા ચેતન પદાર્થો પણ વશ રાખી શકાય તેવા હોય છે, તો પછી જડ પદાર્થો તેવા હોય તેમાં કહેવું જ શું ? માત્ર ઈશ્વર જ વશ રાખી શકાય તેવા નથી. તેથી સ્વભાવ કારણ હોવાનો મત ટકતો નથી. ( પ્ર )

૫. ''જડ પદાર્થો બધા વશ રાખી શકાય તેવા હોવાનું માનવા જેવું નથી, કારણ કે પૃથ્વી તેના ઉપર લોઢાથી લીટાં કરી શકાય તેવી છે, છતાં હીરો પૃથ્વી હોવા છતાં તેના ઉપર લોઢાથી લીંટા કરી શકાતા નથી'' એવી શંકા થાય, તેથી આથી બીજો (સ્વભાવવાદનો) દોષ કહે છે. વાંઝણી સ્ત્રી અથવા ફલરહિત વૃક્ષને પુત્ર તથા ફલ પહેલાં સ્વભાવથી હોતાં નથી. તેમના સંબંધમાં પુત્ર ઉત્પન્ન કરાવનાર યજ્ઞ અથવા વૃક્ષની શાંતિરૂપ વૈદિક કર્મ કરવામાં આવે તો પછી પુત્ર અને ફલ થાય છે. ( પ્ર ) એ પ્રમાણે શાસ્ત્રથી સ્વભાવ ફરી જાય છે તેવું (જો સ્વભાવ જ કારણ હોય તો) ઘટે નહિ.

૬. આથી પ્રસિદ્ધ સ્પષ્ટ દષ્ટાંત કહેલાં છે. ( પ્ર )

૭. ''સ્વભાવવાદ ભલે ખોટો હોય. છતાં જૂદા જૂદા પદાર્થોમાં (કાર્યનો) પ્રાગભાવ રહેલો હોવાથી તે પ્રાગભાવ જ સ્વભાવનું અને અમુક પદાર્થમાંથી અમુક જ કાર્ય થાય એનું નિયંત્રણ કરનારો

છે, તેથી અર્ધવૈજ્ઞાનિક (નૈયાયિક) ના મતનો જ આદર કરવો'' એવી શંકા થાય તો તે યોગ્ય નથી. કારણની અવસ્થાથી પ્રાગભાવ જૂદો છે એમ કહી શકાય તેવું નથી. કાર્ય થવાનું છે એવાં જ્ઞાનથી જ પ્રાગભાવનો અનુભવ થાય છે, તેથી તે કારણની અવસ્થાથી જૂદો નથી જ. નિબંધમાં આ વિસ્તારથી કહેલું છે. વાસ્તવિક રીતે તો ભગવાનજ કારણ છે, તેથી સર્વ સ્થલે તેમની શક્તિથી જ કાર્ય ઉત્પન્ન થાય છે. એ ધ્યાનમાં રાખી આ વાક્ય કહેલું છે. (પ્ર)

૮. 'ક્રિયા' એટલે ઉત્પન્ન કરનારી ક્રિયા. (પ્ર)

**નીચેના શ્લોકમાં (અહંકારનું) આધ્યાત્મિક સ્વરૂપ હોય તેમ તે (ત્રણ) પ્રકારો ગણાવે છેઃ**

**વૈકારિકસ્તૈજસશ્ચ તામસશ્ચ યતો ભવઃ ।।**
**મનસશ્ચેન્દ્રિયાણાં ચ ભૂતાનાં મહતામપિ ।।૨૪।।**

**(૧) વૈકારિક (૨) તૈજસ અને (૩) તામસ (એ ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થયો. શ્લો. ૨૩), જેમાંથી મનની તેમજ ઈન્દ્રિયોની અને મહાભૂતોની અને તન્માત્રાઓની ઉત્પત્તિ થઈ. ૨૪.**

'વૈકારિક' એટલે સાત્ત્વિક, 'તૈજસ' એટલે રાજસ, અને તામસ (એવા ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થયો. શ્લો. ૨૩). આધ્યાત્મિકમાં ધર્મો[1] સાથેના ગુણો જ લક્ષણ છે. ત્રણ પ્રકારના જે (અહંકાર)માંથી મન, ઈન્દ્રિયો અને મહાભૂતોની ઉત્પત્તિ થઈ[2]. 'મહતામ્' એટલે તન્માત્રાઓની. તન્માત્રાઓનું કાર્ય ઉત્પન્ન કરવું એ પણ (અહંકારનું) લક્ષણ છે; અથવા મન વિગેરે કાર્ય ઉત્પન્ન કરનારા સત્ત્વ વિગેરે ગુણોવાળું હોવું એ લક્ષણ છે, કારણ કે તે (કોઈ પ્રસંગમાં) ખોટું પડતું નથી. ૨૪.

૧. 'ધર્મો' એટલે ઉત્પન્ન કરનારના ધર્મો (ગુણો). (પ્ર)

૨. કાર્ય સાથે મળતું આવતું જ લક્ષણ છે. (પ્ર)

**નીચેના શ્લોકમાં આધિદૈવિક (અહંકાર)નું લક્ષણ કહે છેઃ**

**સહસ્રશિરસં સાક્ષાદ્યમનન્તં પ્રચક્ષતે ।।**
**સઙ્કર્ષણાઽઽખ્યં પુરુષં ભૂતેન્દ્રિયમનોમયમ્ ।।૨૫।।**

**જે સહસ્ર શિરવાળા, મહાભૂતો ઈન્દ્રિયો અને મનથી ભરપૂર સાક્ષાત્ અનંતને સંકર્ષણ નામના પુરુષ કહે છે તે (અહંકારના દેવ છે). ૨૪.**

જેમ પહેલાં (ચિત્તના દેવ) વાસુદેવ કહ્યા, તેમ અહિં સંકર્ષણ છે, અને આ સ્વભાવથી તામસ અને પ્રલય કરનાર છે. અહંકારે ઉત્પન્ન કરેલ[1] નાશ કરનાર જ હોય છે. તે (અહંકાર)ની ઉત્પત્તિ અનેક પ્રકારે થાય છે એમ જણાવવા, 'સહસ્ર શિરવાળા' વિશેષણથી દેવતાને અનંત શિરો હોવાનું કહેલું છે, અથવા 'સહસ્ર જેટલાં

સ્વર્ગલોક છે' એ શ્રુતિ પ્રમાણે (અનંત) સુખના પ્રકારો[2] (કહેલા છે). તેથી જ અહંકારને લીધે (યોગ્ય) સમયે કરેલાં અનંત કર્મો ફલવાળાં થાય છે. 'અનંત' શબ્દના કાલ, સંકર્ષણ અને શેષ અર્થો થાય છે. 'કહે છે' શબ્દથી પ્રમાણ (કહેલું છે). વૈષ્ણવો 'જેને સંકર્ષણ કહે છે' એવો (વાક્યનો) સંબંધ છે. 'તે કોઈ બીજો દેવ હશે' એવી શંકા થાય, તેથી 'પુરુષ' એમ કહેલું છે. પુરુષ જ સંકર્ષણ છે, (જગતનું) કારણ બનેલ કાલ (સંકર્ષણ) નથી. તે ત્રણ પ્રકારના અહંકારના અધિષ્ઠાતા છે એમ જણાવવા 'મહાભૂતો ઈન્દ્રિયો અને મનથી ભરપૂર' વિશેષણથી તેમનાં ત્રણ સ્વરૂપો કહેલાં છે. તેમનામાં રહેલાં મહાભૂતો ઈન્દ્રિયો અને મન કાર્યમાં પ્રકટ થાય છે. 'મય' પ્રત્યયનો (મહાભૂત વિગેરે) દરેક સાથે સંબંધ છે અને આ (પ્રત્યય) ભરપૂરપણાંના અર્થમાં (યોજાએલો છે). ૨૫.

૧. 'અહંકારે ઉત્પન્ન કરેલ' કાલ અગ્નિ અને રુદ્રનાં સ્વરૂપ. તેથી તે સ્વરૂપોને ઉત્પન્ન કરનાર, એવું પણ (આધિદૈવિક અહંકારનું) લક્ષણ હોવાનું 'સંકર્ષણ' શબ્દથી સૂચવેલ છે. (પ્ર)
૨. તેવાં સ્વર્ગો ઉત્પન્ન કરનાર પણ (અહંકાર છે), એવું તેનું લક્ષણ હોવાનું સૂચવેલ છે. (પ્ર).

નીચેના શ્લોકમાં આધિભૌતિક (અહંકારનું) લક્ષણ કહે છેઃ

**કર્તૃત્વં કારણત્વં ચ કાર્યત્વં ચેતિ લક્ષણમ્ ।।**
**શાન્તઘોરવિમૂઢત્વમિતિ વા સ્યાદહઙ્કૃતેઃ ।।૨૬।।**

અને કર્તાપણું કારણપણું તથા કાર્યપણું (અહંકારનું) લક્ષણ છે. અથવા શાંતપણું ઘોરપણું તથા વિમૂઢપણું એવું અહંકૃતિનું (લક્ષણ છે). ૨૬.

પ્રાણીઓમાં રહેલા સાત્ત્વિક અહંકારનું લક્ષણ 'કર્તાપણું' છે, રાજસનું 'કારણપણું' (અને) તામસનું 'કાર્યપણું' છે. આ ગુણનાં મુખ્યપણાંથી (કહેલું) લક્ષણ છે. 'શાંતપણું ઘોરપણું તથા વિમૂઢપણું' એ ગુણવાળા (અહંકાર)નાં મુખ્યપણાંથી (કહેલું લક્ષણ છે). સાત્ત્વિક (અહંકાર)નાં સ્વરૂપનું લક્ષણ 'શાંતપણું' છે, તેથી જ અહંકારથી (થતી) શાંતિ નિષ્ફલ છે. 'ઘોરપણું' રાજસ (અને) 'વિમૂઢપણું' તામસ (અહંકાર)નાં લક્ષણ છે. અહંકાર વિનાનાને આવા ગુણો ઉત્પન્ન થતા નથી. તેથી જ ભગવાનમાં આસક્તિવાળો આ ત્રણથી જૂદા પ્રકારનો હોય છે. 'વા' 'અથવા' શબ્દ 'પ્રકાર' અર્થવાળો છે. 'અહંકૃતિ' એટલે અહંકાર. ભૌતિક (અહંકાર) દુર્બલ હોવાથી (તેને) સ્ત્રી (કહેલો છે). ૨૬.

નીચેના શ્લોકમાં મનની ઉત્પત્તિ કહે છેઃ

**વૈકારિકાદ્વિકુર્વાણાન્મનસ્તત્ત્વમજાયત ।।**
**યત્સંકલ્પવિકલ્પાભ્યાં વર્તતે કામસમ્ભવઃ ।।૨૭।।**

કાર્ય કરવા તત્પર થએલા વૈકારિક (અહંકાર)માંથી મનતત્ત્વ ઉત્પન્ન થયું,

જેના સંકલ્પ અને વિકલ્પોથી કામની ઉત્પત્તિ થાય છે. ૨૭.

અર્ધ (શ્લોક)થી ઉત્પત્તિ અને અર્ધથી આધ્યાત્મિક લક્ષણ (કહેલાં છે). પોણા (અઠ્ઠાવીસમા શ્લોક)થી આધિદૈવિક લક્ષણ અને એક ચરણ (પા શ્લોક)થી બીજું (આધિભૌતિક લક્ષણ કહેલું છે). 'કાર્ય કરવા તત્પર થએલા' એટલે કાલે જેના ગુણોમાં ખળભળાટ કરેલો તેવા, 'વૈકારિક' સાત્ત્વિક (અહંકાર)માંથી (મનતત્ત્વ ઉત્પન્ન થયું). 'ભગવાનનાં વીર્યની જેમાં સ્થિતિ હતી તેવાં' (જૂઓ પાછળ શ્લો. ૨૩) એ વિશેષણનો સર્વ સ્થલે સંબંધ લેવો. 'સાત્ત્વિકમાં વિકાર થતો નહિ હોય' એવી શંકા થાય, તેથી 'કાર્ય કરવા તત્પર થએલા' એમ ફરીથી[1] કહેલું છે. 'મન દુષ્ટ અથવા અન્નમય હશે' એવી શંકા થાય, તેથી તે દૂર કરવા 'મનતત્ત્વ ઉત્પન્ન થયું' એમ 'તત્ત્વ' શબ્દ યોજેલો છે. આધ્યાત્મિક તે (મન)નાં પણ કાર્યલક્ષણ અને સ્વરૂપલક્ષણ ઉત્તરાર્ધથી કહેલાં છે. સંકલ્પ[2] અને વિકલ્પ પ્રકારનું હોવાપણું એ સ્વરૂપનું લક્ષણ છે અને કામ ઉત્પન્ન કરનાર હોવાપણું એ કાર્યનું લક્ષણ છે. ૨૭.

૧. 'ભગવાનનાં વીર્યની જેમાં સ્થિતિ હતી તેવાં' એ વિશેષણ પણ શ્લો. ૨૪માં કહેલું, છતાં અહિં ફરીથી કહેલું છે, એવો અર્થ છે.

૨. 'સંકલ્પ' એટલે ઇચ્છા, કામના. 'વિકલ્પ' એટલે સંશય.

નીચેના શ્લોકમાં આધિદૈવિક (મન)નું લક્ષણ કહે છેઃ

**યદ્વિદુર્હ્યનિરુદ્ધાડડખ્યં હૃષીકાણામધીશ્વરમ્ ।।**
**શારદેન્દીવરશ્યામં સંરાધ્યં યોગિભિઃ શનૈઃ ।।૨૮।।**

જે શરદની રાત્રિના કમલના જેવા શ્યામ, ઈન્દ્રિયોના અધીશ્વરને 'અનિરુદ્ધ' નામથી ઓળખે છે; જે યોગીઓએ ધીરે ધીરે વશ કરવા યોગ્ય છે. ૨૮.

'અનિરુદ્ધ' તે (મન)નું પાલન કરનાર દેવ છે, કારણ કે તે કોઈથી રોકાય તેવા નથી. તે (કોઈથી રોકાય નહિ તેવા) જ પાલન કરનાર થાય છે, 'યત્' કારણ કે 'હૃષીકાણાં' ઈન્દ્રિયોના અધીશ્વરને 'અનિરુદ્ધ' નામથી ઓળખે છે, એવો (વાક્યનો) સંબંધ છે. ઈન્દ્રિયોને વશ રાખનાર હોવું એ તે (આધિદૈવિક મન, અનિરુદ્ધ)નું લક્ષણ છે. સાચો ઉપાય કરવા માટે સર્વથી બલવાન હોવાપણું એ આધિદૈવિકનું લક્ષણ છે. તે વિષયમાં સાચો ઉપાય કરવા માટે ભગવાનની ઉપાસના જ કરવી જોઈએ એમ 'શરદની રાત્રિના કમલ જેવા શ્યામ' એ વિશેષણથી કહેલું છે. 'ઈંદીવર' રાત્રે ખીલતું (કમલ) છે, અને 'શરદ' સર્વ દોષો રહિત છે, અને 'શ્યામ' શૃંગારરૂપ ગુણ છે. તે (વિશેષણ)થી એમ કહેલું છે કે સર્વ કાલમાં સર્વ દોષરહિત થઈ સ્નેહથી ભગવાનની સેવા કરવાથી મનના દોષો દૂર થાય છે. 'યોગીઓએ ધીરે ધીરે

વશ કરવા યોગ્ય' શબ્દથી ભૌતિક (મન)નું લક્ષણ કહેલું છે. મન વશ કરવા યોગ્ય છે. દેવને તો મંદપણાથી પ્રસન્ન કરવાના નથી, કારણ કે લાંબા સમય સુધીનો ચાલુ આદર જ ભજનનું કારણ હોવાનું સર્વ સ્થલે કહેલું છે. ૨૮.

નીચેના શ્લોકમાં બુદ્ધિની ઉત્પત્તિ કહે છેઃ

**તૈજસાત્તુ વિકુર્વાણાદ્ બુદ્ધિતત્ત્વમભૂત્ સતિ ।।**
**દ્રવ્યસ્ફુરણવિજ્ઞાનમિન્દ્રિયાણામનુગ્રહઃ ।।૨૯।।**

હે સતિ ! કાર્ય કરવા તત્પર થએલા રાજસ (અહંકાર)માંથી તો બુદ્ધિતત્ત્વ થયું. (તે) દ્રવ્યનું ભાન થતાં અમુક પ્રકારના જ્ઞાનરૂપ ઈન્દ્રિયો ઉપરનો ઉપકાર છે. ૨૯.

'તુ' 'તો' શબ્દ સાત્ત્વિકમાંથી ઉત્પત્તિ થવાના મતને ખોટો ઠરાવે છે. કાર્ય કરવા તત્પર થએલા રાજસ (અહંકાર) માંથી બુદ્ધિતત્ત્વ થયું. (અહંકાર) રાજસ હોવા છતાં પણ (તેમાંથી) ઉત્તમ બુદ્ધિ જ ઉત્પન્ન થાય છે, એમ જણાવવા 'હે સતિ !' એવું (દેવહૂતિનું) સંબોધન (કરેલું છે); અથવા ('સતિ' એટલે) વિદ્યમાન પદાર્થ હોય ત્યારે (બુદ્ધિતત્ત્વ ઉત્પન્ન થાય છે), કારણ કે બુદ્ધિ સર્વ[1] પદાર્થના સંબંધવાળી જ ઉત્પન્ન થાય છે. તેથી જ[2] આ (બુદ્ધિ)નું આધિદૈવિક સ્વરૂપ કહેલું નથી. ઉત્તરાર્ધથી આધ્યાત્મિક (સ્વરૂપ)નું લક્ષણ કહેલું છે. જેમ મન ઈન્દ્રિયોને પ્રેરણા કરનારું છે, તેમ બુદ્ધિ ઈન્દ્રિયો ઉપર ઉપકાર કરનારી છે. બુદ્ધિએ ઉપકાર કરેલી ઈન્દ્રિયો જ જૂએ છે[3] અને કાર્ય કરે છે. તેથી જ[4] બુદ્ધિના ભેદથી ઈન્દ્રિયોનાં જ્ઞાન અને ક્રિયા જૂદાં જૂદાં થાય છે. આ કાર્યને અનુસરીને લક્ષણ (કહ્યું). 'દ્રવ્યનું ભાન થતાં અમુક પ્રકારનાં જ્ઞાનરૂપ' શબ્દથી સ્વરૂપનું લક્ષણ (કહેલું છે). ઘટ વિગેરે દ્રવ્યોનું[5] ભાન થાય ત્યારે, શબ્દથી સંસ્કારથી[6] અથવા દીપકથી (તેમનું) જે અમુક પ્રકારના હોવાનું જ્ઞાન થાય (તે બુદ્ધિ છે); કારણ કે જો માત્ર નયનથી જ્ઞાન થતું હોય, તો (જ્ઞાનમાં) ભેદ ન થાય. પોતાની[7] મેળે (દ્રવ્યનું) ભાન યોગથી ઉત્પન્ન થએલ ગુણ વિગેરેથી પણ થાય છે, તેથી (શબ્દ વિગેરેથી) દ્રવ્યનું ભાન થાય, ત્યારે જ જે અમુક પ્રકારનું જ્ઞાન થાય છે, તે બુદ્ધિનું લક્ષણ (કહેલું છે)[8]. ૨૯.

૧. 'સર્વ' એટલે હરકોઈ, એવો અર્થ જણાય છે, કારણ કે જે કોઈ એક પદાર્થના સંબંધવાળી જ બુદ્ધિ હોય છે, એવો ભાવ જણાય છે.
૨. 'તેથી જ' એટલે વિદ્યમાન (હયાત) પદાર્થના સંબંધને લીધે જ, એટલે વિદ્યમાન પદાર્થનો સંબંધ એ જ તેનું આધિદૈવિક સ્વરૂપનું લક્ષણ છે. (પ્ર) આવા પદાર્થના સંબંધને લીધે જ બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેથી તેના અધિદૈવ કોઈ છે જ નહિ. તેનું આધિદૈવિક લક્ષણ કહેલું જ

નથી, એવો અર્થ જણાય છે.
૩. સામાન્ય રીતે જ્ઞાન પ્રાપ્ત કરે છે, એવા અર્થમાં આ કહેલ છે. (પ્ર)
૪. 'તેથી જ' એટલે (દ્રવ્યનું જ્ઞાન) બુદ્ધિને અધીન હોવાથી જ. (પ્ર)
૫. અહિં 'દ્રવ્ય' શબ્દથી ગુણ સૂચવેલા છે, કારણ કે સૂક્ષ્મ મહાભૂત તરીકે તેઓ પણ દ્રવ્ય છે. જેમ કાર્ય (વસ્ત્ર) ઉત્પન્ન થયા પછી તાંતણાઓ તેના અવયવો હોય છે, તેમ ગુણો પણ દ્રવ્ય ગણાય તેમાં વિરોધ થતો નથી. 'ભાન થવું' એટલે વિદ્યમાન પદાર્થમાં સંશય વિના પ્રવેશ કરવો તે. તેથી બુદ્ધિનું સ્વરૂપ એવું હોવાનું સિદ્ધ થાય છે કે સંશય વિના પાછળથી જે વિદ્યમાન પદાર્થ જાણવાનો છે, તેના દ્રવ્ય વિગેરેના સંબંધવાળું શબ્દ વિગેરેથી ઉત્પન્ન થતું અમુક પ્રકારનું જ્ઞાન તે બુદ્ધિ. (પ્ર)
૬. અહિં 'સંસ્કારથી' કહ્યું તે બીજા મત પ્રમાણે, અથવા જ્ઞાનની સૂક્ષ્મ અવસ્થારૂપને સંસ્કાર ગણી કહેલું જાણવું. (પ્ર).
૭. જૂદા જૂદા પુરુષને પોતપોતાની બુદ્ધિને લીધે જૂદું જૂદું જ્ઞાન થાય છે, એવો અર્થ જણાય છે.
૮. યોગીઓને સંદેહરહિત જે (દૂરના અથવા ઢંકાએલા પદાર્થનું) પ્રત્યક્ષ જ્ઞાન થાય છે, તેને આ બુદ્ધિનું લક્ષણ લાગુ ન પડે તે માટે આ વાક્ય યોજેલું છે. (પ્ર).

નીચેના શ્લોકમાં વિભાગો જણાવીને જ આધિભૌતિક (બુદ્ધિ)નું લક્ષણ કહે છેઃ

**સંશયોડથ વિપર્યાસો નિશ્ચયઃ સ્મૃતિરેવ ચ ।।**
**સ્વાપ ઈત્યુચ્યતે બુદ્ધેર્લક્ષણં વૃત્તિતઃ પૃથક્ ।।૩૦।।**

(૧) સંશય તેમજ (૨) વિપર્યાસ (૩) નિશ્ચય અને વળી (૪) સ્મૃતિ અને (૫) સ્વાપ એવું ક્રિયાથી બુદ્ધિનું જૂદું જૂદું લક્ષણ કહેલ છે.૩૦.

દ્રવ્યનું ભાન થવામાં ભેદ હોવાને લીધે બુદ્ધિ જૂદા જૂદા પ્રકારની થાય છે[૧]. (૧) સંસ્કાર અને તેજ (દ્રવ્યનો) સમાન પ્રકાશ કરતા હોય ત્યારે ભેદ ન જણાતાં સમ સંશય થાય છે[૨]. થોડો ભેદ જણાય ત્યારે જેમાં એક પક્ષ વધારે બલવાન હોય તેવો (સંશય થાય છે)[૩].

(૨) સંસ્કાર ઘણો બલવાન હોવાથી, તેજ તેને અનુકૂલ ગુણનો જ પ્રકાશ કરે છે; એક (પદાર્થ)નું જ ભાન થાય તેવી વ્યવસ્થા કરાવનારા[૪] છે એમ જણાવવા 'અથ' 'તેમજ' શબ્દ યોજેલો છે. (અ) વિપર્યાસ જૂદો પદાર્થ જણાવનારો છે[૫]. જેના સંબંધમાં ક્રિયા અને જેના સંબંધમાં જ્ઞાન થાય છે તે જૂદા પદાર્થ હોય છે. આથી[૬] એમ કહેલું છે, કે 'અન્ય ખ્યાતિ' જ સિદ્ધાંત છે. (આ) જૂદા પ્રકારે (જ્ઞાન થતું) હોય તો સત્ય (જ્ઞાન) થાય[૭],

કારણ કે 'હું રૂપું જોઉં છું' એવો અનુભવ થાય છે, પરંતુ 'હું રૂપાં તરીકે જોઉં

છું (જાણું છું), એવો (અનુભવ) થતો નથી[8]. (ઈ) બુદ્ધિ તત્ત્વરૂપ હોવાથી, આત્મખ્યાતિ પણ (થતી) નથી[9]. સંસ્કારને અને શબ્દને માત્ર પદાર્થની જ જરૂર હોવાથી, (તે) અમુક દેશ કાલ વિગેરેનો હોવો જોઈએ એવી જરુર હોતી નથી[10]. (ઈ) 'હું રૂપું જોઉં છું'. એવો નિર્ણય થતો હોવાથી, જેમાં (છીપનું) સ્વરૂપ નિગૂઢ છે એવી સ્મૃતિ નથી[11]; અને એક જ્ઞાનની સમાન (જ્ઞાન થતું) હોવાથી[12], બે જ્ઞાન (થતાં) નથી. (ઉ) સંસ્કાર ઘણો બલવાન હોવાથી અનિર્વચનીય રૂપાંની પણ જરુર નથી[13]. તેથી જ[14] અસત્ ખ્યાતિ પણ (થતી) નથી. તેથી અન્યખ્યાતિ જ પ્રસિદ્ધ છે.

(૩) (ક) જેવો પદાર્થ હોય તેવો[15] તેનો અનુભવ (થાય તે) 'નિશ્ચય' છે, કારણ કે પદાર્થ જ્ઞાનનું અર્ધ અંગ છે[16] . તેથી જ[17] સ્મૃતિમાં પદાર્થ ન હોવાથી તે નિશ્ચયરૂપ નથી. (ખ) અનુમાન પણ સંબંધવાળા પદાર્થની વચ્ચે સ્થિતિ થતી હોવાથી, પદાર્થથી જ ઉત્પન્ન થએલું હોય છે[18]. (ગ) સમાન ગુણ આકૃતિ વિગેરે પેઠે ગુણરૂપ પદાર્થ છે. નક્કી કરાવનાર પદાર્થથી જૂદાઈ સહન કરનારો તે ગુણ છે, અથવા તેના ગુણના જેવો (તે ગુણ) છે[19]. લક્ષણ તરીકે જણાએલા તે (ગુણ)નું-દ્રવ્યનું ભાન થતાં ભાન-થાય છે, અને શબ્દથી સંસ્કારને લીધે તે પ્રકટ થાય ત્યારે વાક્યનાં પ્રમાણપણાંને લીધે 'આ ગવય છે' એવો નિશ્ચય થાય છે[20]. તેમાં ચક્ષુ (પ્રમાણ છે)[21], વાક્ય (તેને) સાહાય્ય કરનારું છે, અથવા વાક્ય સાથેનો સમાન ધર્મ (સાહાય્ય કરનારો છે)[21]. સાહાય્ય કરનારાં જૂદાં પ્રમાણ નથી. (ઘ) શબ્દ પણ ધર્મ અને સમાન ગુણથી જૂદા પ્રકારનો સંસ્કાર ઉત્પન્ન કરનાર હોવાથી નિશ્ચય જ છે[22]. વળી શબ્દથી દ્રવ્યનું ભાન થાય છે (અને તેમાં) ચક્ષુની જરુર હોતી નથી, તેથી તે જૂદું પ્રમાણ છે[23]. (૧) ઈન્દ્રિયો, (૨) શબ્દ અને (૩) મન[24]; અથવા ચક્ષુ, શ્રવણ અને મન[24] એ ત્રણ જ પ્રમાણો છે. સ્પર્શ વિગેરે બીજાના ઉપર આધાર રાખનારાં છે[25]. મન તો યોગથી ઉત્પન્ન થએલ ગુણવાળું જ પ્રમાણ છે, બીજા પ્રસંગમાં પ્રમાણ નથી[26]. તેથી જ સ્મૃતિ પ્રમાણ નથી[26], અને દેહનું આત્મા તરીકે જ્ઞાન વિપર્યયરૂપ હોવાથી પ્રમાણ નથી.

(૪) 'સ્મૃતિ' સંસ્કારમાંથી ઉત્પન્ન થનારી સ્વતંત્ર બુદ્ધિ છે[27].

(૫) 'સ્વાપ' સ્વપ્નરૂપ છે[28]. (તે) જૂદા પ્રકારની સૃષ્ટિના સંબંધવાળું હોવાથી ઉપર કહેલા (બુદ્ધિના પ્રકારો)માં (તેનો) સમાવેશ થતો નથી[29]. સુષુપ્તિ તો બુદ્ધિ નથી, પરંતુ મૂઢતાથી થએલી બુદ્ધિની અવસ્થા છે[30]. આત્માનું ભાન તો

(તેમાં) પોતાથી[30] થાય છે; અથવા નિદ્રાને લીધે થતી હોવાથી તે સ્વપ્નનો પ્રકાર જ છે[31]. એવી રીતે પાંચ પ્રકારનું ક્રિયાથી થએલું બુદ્ધિનું લક્ષણ જૂદા જૂદા પ્રકારનું જાણવું, એવો અર્થ છે. બંને[32] એક જ્ઞાન છે એવા મતો આથી ખોટા ઠરાવેલા છે.

તેથી[33] 'આ રૂપું છે' એવું જ્ઞાન 'આ' અંશમાં પણ ખોટું છે, કારણ કે જ્ઞાનમાં અંશ હોતો નથી.[34]. 'આ તે દેવદત્ત છે' એ અનુભવ જ થાય છે[35]. અભ્યાસથી થતા જ્ઞાનમાં પહેલાંનાં જ્ઞાનનો સંસ્કાર (સાહાય્ય કરનારો) હોય છે, તેમ (તેમાં) પહેલાંની સ્મૃતિ પણ ચક્ષુને સાહાય્ય કરનારી છે.[36]. પ્રમા અને ભ્રમના સમૂહના આધારરૂપ (જ્ઞાન) 'એક ભાગમાં બગડેલ હોય તે બીજું ન હોય તેના જેવું થાય છે, એ નિયમ પ્રમાણે ભ્રમ અધિક હોય ત્યારે વિપર્યય જ છે, (અને) પ્રમા અધિક હોય ત્યારે નિશ્ચય છે, (અને બંને) સમાન રૂપવાળાં હોય ત્યારે સંભાવનાવાળો સંશય છે.[37].

સંભાવના વિગેરેનો[38] સંશયમાં સમાવેશ થતો હોવાથી તેઓ પ્રમાણ નથી જ. તેનાથી[39] નક્કી થતા પદાર્થવાળા વાક્યમાં તો, (તે) પ્રત્યક્ષને સાહાય્ય કરનાર હોવાથી પ્રત્યક્ષનાં કારણરૂપ જ છે[40]. જેમાં પદાર્થ નક્કી કરવાનો છે તેવા લૌકિક વાક્યના અર્થમાં તો, (પદાર્થ) બુદ્ધિથી કલ્પેલો હોવાથી પ્રમાણ ન હોવાથી, અપ્રમાણ હોવા છતાં પ્રમેયના બલને લીધે (તે) પ્રમાણ જ છે[41]. લોકમાં વાક્યનો અર્થ અપૂર્વ (અજાણ્યો, તદ્દન નવો) હોતો નથી[42], કારણ કે બોલનારને જેનું જ્ઞાન છે તેવા પદાર્થના સંબંધવાળો હોય છે[42], અને તે જણાવવાની શક્તિવાળા શબ્દોનો સમૂહ જ યોજેલો હોય છે. શબ્દોથી શબ્દોનો સમૂહ જૂદો છે[43]. તે (શબ્દોનો સમૂહ) જ વાક્યના અર્થ (જાણવા)નું સાધન છે. તેમ ન હોય[44], તો શબ્દમાં અર્થ જણાવનારી શક્તિઓ બે[45] થાય. શબ્દના અર્થ કરવામાં આવે છે એવા મત પ્રમાણે તો વાક્યનો અર્થ શબ્દથી થતું જ્ઞાન ન થાય[46] (ગણાય). સંભાવનાવાળું બધુંએ અપ્રમાણ[47] છે એમ આગળ કહેવામાં આવશે. ૩૦.

૧. ''એક જ બુદ્ધિ જૂદા જૂદા પ્રકારની કેમ હોઈ શકે ?'' એવી શંકા થાય તેથી આ કહેલું છે. (પ્ર) બુદ્ધિથી જૂદા જૂદા પ્રકારે દ્રવ્યનું ભાન થતું હોવાથી, બુદ્ધિ જૂદા જૂદા પ્રકારની છે, એવો અર્થ છે.

૨. જૂદા જૂદા પ્રકારનું ભાન થવાનું કારણ સ્પષ્ટ કરતાં, સંશયનું લક્ષણ કહે છે. અહિં સંસ્કાર અને તેજ શબ્દો ચિહ્ન તરીકે યોજેલા છે. તેથી 'વિરુદ્ધ સંસ્કારો, વિરુદ્ધ તેજ, વિરુદ્ધ શબ્દ વિગેરે એવો તેમનો અર્થ છે. તેથી માનસિક સંશય હોવાનું પણ ઘટે છે, 'સમ' એટલે અનેક પદાર્થો

જણાવનારો. ( પ્ર ) પહેલાં પદાર્થ જોયો હોય ત્યારે મન ઉપર તેનો સંસ્કાર પડેલ હોય તે, તથા પદાર્થને જણાવનારું તેજ, એ બેથી પદાર્થ ઓળખાય છે. જ્યારે સંસ્કાર તથા તેજથી એક જ પદાર્થ જૂદા જૂદા પદાર્થો હોવાનું સંભવતું હોય, જેમકે વનમાં જતાં દૂર કાંઈ દેખાય તે વૃક્ષનું થડ અથવા પુરુષ હોવાનું ભાન થાય, અને તેને થડ અથવા પુરુષ માનવાનાં કારણ સમાન જણાતાં હોય ત્યારે તે સમ સંશય કહેવાય, એવો અર્થ જણાય છે.૩. જેમાં એક પક્ષ વધારે બલવાન જણાતો હોય તેવા (સંશય)માં પણ, એક પક્ષ (વૃક્ષનું થડ) હોવાનું સહેજ વધારે કારણ હોવા છતાં પણ, બીજો પક્ષ (પુરુષ) હોવાનું કારણ હોવાથી સમપણું જતું નથી. ( પ્ર ) સંશય મટતો નથી, એવો અર્થ જણાય છે.

૪. સંશય સિવાયની ચારે વૃત્તિઓમાં એક જ પદાર્થ હોવાનું ભાન થાય છે, પરંતુ બે હોવાનું ભાન થતું નથી એવો નિયમ જણાવવા 'અથ' 'તેમજ' શબ્દથી જૂદો આરંભ કરેલો છે, એવો અર્થ છે. ( પ્ર )

૫. આ વિપર્યાસ (ભ્રમ, ભ્રાંતિ)નું લક્ષણ કહેલું છે. 'જૂદો' શબ્દથી 'કોનાથી જૂદો' એ જાણવાની આવશ્યકતા રહેતી હોવાથી બીજું વાક્ય યોજેલું છે. ઈન્દ્રિયનો સંયોગ કરાવનારી ક્રિયા જે પદાર્થના સંબંધમાં થાય છે, તેથી જે જૂદો પદાર્થ, તે (જૂદા પદાર્થ)નું જ ભાન કરાવનારી જે અમુક વૃત્તિ તે 'વિપર્યાસ' છે. ( પ્ર ) આપણાં ચક્ષુ અને દ્રવ્ય ભેગાં થાય ત્યારે દ્રવ્ય આપણે જોઈએ છીએ. છીપ પડી હોય તેને આપણાં ચક્ષુનો સંયોગ થાય, ત્યારે આપણે છીપ જોઈએ. તે છીપથી જૂદો પદાર્થ રૂપું છે, એવું જેનાથી આપણને ભાન થાય તે વૃત્તિ 'વિપર્યાસ' છે. પહેલાં આપણે રૂપું જોયું હોય ત્યારે તેનો સંસ્કાર મન ઉપર પ્રબલ પડ્યો હોય, તો હવે છીપનો ચક્ષુને સંયોગ થતાં, તેનાં ચકચકાટ વિગેરે રૂપાં જેવા ગુણને લીધે તે રૂપું હોય તેવું જ ભાન આપણને તેજથી થાય છે. આવું જ્ઞાન વિપર્યાસ (ભ્રમ) છે.

૬. 'આથી' એટલે વિપર્યાસ બુદ્ધિની અમુક વૃત્તિ છે એમ કહ્યું તેથી, અન્યખ્યાતિ જ સિદ્ધાંત છે. ( પ્ર ) છીપનું છીપ તરીકે ભાન ન થતાં, છીપથી જૂદા (અન્ય) પદાર્થ રૂપાંનું ભાન થાય છે, તેથી 'અન્યખ્યાતિ' જ સિદ્ધાંત છે.

૭. ''ચળકાટ વિગેરે ગુણોથી જાગ્રત થએલા સંસ્કાર સાથે ભળેલી દોષવાળી ઈન્દ્રિય (ચક્ષુ)ના સંબંધમાં આવેલ છીપનું જ રૂપાં તરીકે ભાન થતું હોવાથી નૈયાયિકોની 'અન્યથાખ્યાતિ' કેમ માનતા નથી ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. આમાં વિચારવા જેવું એ છે કે અન્યથાપણું (બીજા તરીકે જણાવું) તે શું ? (દ્રવ્યમાં) ફેરફાર થવો, અથવા એકપણું થવું અથવા જ્ઞાનનું સ્વરૂપ જ જૂદું જણાવું ? દૂધનું દહી થાય છે તેમ, ફેરફાર થવાથી અથવા લોઢાને મણિનો સ્પર્શ થતાં તે સુવર્ણ બની જાય છે તેમ છીપ રૂપું થઈ જતી હોય, તો તે વસ્તુતઃ દહીં અથવા સુવર્ણ હોય છે તેમ છીપ રૂપું જ થાય, એટલે તેનું જૂદા પદાર્થ (છીપથી જૂદાં રૂપાં) તરીકે ભાન થાય નહિ, પરંતુ સત્ય રૂપાં તરીકે જ ભાન થાય, એટલે તેનાં જ્ઞાનનું સ્વરૂપ સાચું જ થાય. તેથી ભ્રમ રહે જ નહિ. ( પ્ર )

૮. 'પદાર્થમાં ભલે ફેરફાર ન થાય, છતાં રૂપાંનો આકાર ગ્રહણ કરેલ જ્ઞાન છીપના આધારે રહે છે, એમ જ્ઞાન જૂદા પ્રકારનું થતું હોવાથી 'અન્યથાખ્યાતિ' થાય છે'. એમ કહેવામાં આવે તેથી આ વાક્ય યોજેલ છે. છીપ પોતાનો આકાર મૂકી દે, તો છીપને આધારે રહેલ હોવાનો નિર્ણય ન

થાય, અને ન મૂકી દે તો છીપનાં અને રૂપાંનાં એવા પરસ્પર વિરુદ્ધ ભાન થવાથી કાંઈ પણ જ્ઞાન થાય નહિ. (પ્ર) આ (ર) આથી નૈયાયિકો માને છે તે 'અન્યથાખ્યાતિ'નો નિરાસ કર્યો છે. છીપમાં છીપને બદલે રૂપાંનું જ ભાન થાય, છીપનું રૂપાં તરીકે ભાન થતું નથી. તેથી 'અન્યથા' 'જૂદા પ્રકારે' ભાન થતું નથી. પણ 'અન્ય' 'જૂદા' પદાર્થ તરીકે ભાન થાય છે. તેથી 'અન્યખ્યાતિ' થાય છે, 'અન્યથાખ્યાતિ' થતી નથી, એવો ભાવાર્થ છે.

૯. ''જેનું ભાન થાય છે તે બુદ્ધિની વૃત્તિ છે એમ માનીએ તો 'આત્મખ્યાતિ' થાય''. એવી શંકા થાય, તેથી આ કહેલ છે. વિજ્ઞાનવાદી બહારના પદાર્થને માનતો નથી અને આત્માને બુદ્ધિરૂપ માને છે, અને નવી ઉત્પન્ન થતી બુદ્ધિને પણ આત્મા જ માને છે. બુદ્ધિ જો આત્મારૂપ હોય, તો 'હું ઘડો છું' એવું પણ જ્ઞાન થાય. આવા ઘણા દોષો આ વાદમાં છે, તે ન કહેતાં તત્ત્વરૂપ દોષ કહેલ છે. આમ હોવાથી છીપમાં જેનું ભાન થાય છે તે રૂપું બુદ્ધિરૂપ હોય તોપણ તે આત્મારૂપ ન હોવાથી 'આત્મખ્યાતિ' થતી નથી; એવો અર્થ છે. (પ્ર),

૧૦. ''રૂપું બુદ્ધિરૂપ છે એ માનીએ, તો તે બુદ્ધિ પહેલાં ઉત્પન્ન થએલી અને હજી હયાત છે એમ અવશ્ય માનવું જોઈએ. ત્યારે પહેલાં રૂપાંનાં જ્ઞાનરૂપ બુદ્ધિ અમુક દેશ અને અમુક કાલમાં થએલી તેથી અત્યારે પણ તે દેશ અને કાલ સાથે જ રૂપાંનું ભાન થાય. તે દેશકાલ વિના તાજું ભાન ન થાય'' એવી શંકા થાય તેથી આ વાક્ય કહેલ છે. આનો અર્થ એવો છે કે છીપમાં સ્મૃતિએ આણેલ રૂપાંનું જ ભાન થાય છે એમ કહેનારે પણ એમ માનવું જોઈએ કે પહેલાં જે દેશ અને કાલમાં રૂપું જોએલ, તે દેશ અને કાલવાળાં જ રૂપાંનું અત્યારે સ્મૃતિથી ભાન થાય છે. એ દોષ ટાળવા તેણે પણ એમ જ કહેવું પડશે કે તે (રૂપાંનાં ભાનરૂપ) બુદ્ધિએ જે સંસ્કાર ઉત્પન્ન કરેલ તે જે પદાર્થના સંબંધમાં ઉત્પન્ન થએલ, તેનું જ ભાન કરાવે છે, પરંતુ તે દેશ અને કાલવાળા પદાર્થનું ભાન કરાવતો નથી. આ દોષ તેના મતમાં પણ આવતો હોવાથી તેને તે દોષરૂપ ગણી ન શકે (પ્ર). આ (ર) 'ઈ'થી આત્મખ્યાતિનું ખંડન કરેલું છે.

૧૧. ''છીપમાં 'આ રૂપું છે' એવું જ્ઞાન સંસ્કારથી જ થાય છે, સંસ્કાર વિના થતું નથી; તેથી તે જ્ઞાન 'સ્મૃતિ' પ્રકારનું માનવું જોઈએ. સ્મૃતિ અને અનુભવ એવા ભેદથી બે પ્રકારનું જ્ઞાન થાય છે. તેમાં તેપણાં (છીપપણાં)નું ભાન થતું નથી, કારણ કે સ્મૃતિ હોવા છતાં જો જોનારના દોષને લીધે તે નિગૂઢ થાય છે. (જોનારમાં) દોષ ન હોય, તો તે રૂપાં જેવું જ હોવાનું જ ભાન થાય છે. દોષ ક્યાંક આસક્તિરૂપ, ક્યાંક બલવાન તેજને લીધે ભેદ જાણવાની અશક્તિરૂપ, ક્યાંક બીજામાં ચિત્ત હોવાપણું વિગેરે હોય છે. તેથી ભાટ્ટો કહે છે તેમ, જેમાં તેપણું (છીપપણું) નિગૂઢ રહેલું છે તેવી સ્મૃતિરૂપ 'અખ્યાતિ' માનવી જોઈએ''. એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'હું રૂપું જોઉં છું' એવો નિર્ણય થતો હોવાથી, ઉપર કહી તે માન્યતા એ નિર્ણયથી વિરુદ્ધ હોવાથી, એ મત પણ બરોબર નથી, એવો અર્થ છે. (પ્ર).

૧૨. ''ભાટ્ટમત ભલે બરાબર ન હોય; છતાં પ્રભાકરના મત પ્રમાણે ગ્રહણ (જોવું) અને સ્મરણરૂપ બે જ્ઞાન થાય છે એમ માનવું જોઈએ, કારણ કે પ્રમાણ (ગ્રહણ) અને સ્મરણના ભેદથી બે પ્રકારનું જ્ઞાન થાય છે. તેથી બે પ્રકારના નિર્ણય થવા જોઈએ એમ ન માનવું, કારણ કે સ્મરણનું અભિમાન નિગૂઢ હોવાથી સ્મરણનું ભાન થતું નથી''. એવી શંકા થાય, તેથી આ કહેલ છે. જો બે જ્ઞાન થતાં હોય, તો તે એક જ્ઞાનની તુલ્ય ન થાય. તેથી પ્રભાકરનો મત પણ

બરાબર નથી ( પ્ર ), કારણ કે ''હું રૂપું જોઉં છું'' એવો એક જ નિર્ણય થાય છે. આ (૨) 'ઈ' થી કુમારિલ ભટ્ટ અતિ પ્રભાકર (પૂર્વમીમાંસાવાળા)ની 'અખ્યાતિનું' ખંડન કરેલ છે.

૧૩. '' 'અનિર્વચનીય ખ્યાતિ' માનવી જોઈએ. તે ન માનીએ તો રૂપાંનું ભાન જ ન થાય. 'છીપમાં રૂપું બનાવનારા અવયવો ન હોવાથી રૂપું બને નહિ. તેથી (છીપમાં) અનિર્વચનીય (જેનું વર્ણન થઈ ન શકે તેવું) રૂપું પણ હોવાનું કેમ મનાય ?'' એવી શંકા પણ ન કરવી, કારણ કે પદાર્થ (છીપ)ના ચૈતન્યમાં રહેલી અવિદ્યા જ રૂપું બનાવે છે; કારણ કે આરંભમાં દોષવાળી ઈન્દ્રિય સમીપ રહેલાં દ્રવ્ય (છીપ)ના સંયોગને લીધે 'આ' રૂપ અને ચકચકાટરૂપ અંતઃકરણની વૃત્તિ ઉત્પન્ન કરે છે, અને તે વૃત્તિમાં આ (દ્રવ્ય છીપ)માં રહેલાં ચૈતન્યનું પ્રતિબિંબ પડે છે. તે ચૈતન્ય પોલાણમાંથી નીકળતા નીકના પ્રવાહની પેઠે ખેતરની ચાર ખૂણાવાળી જમીનના ભાગમાં ભરેલા મહાસાગરના જલની પેઠે બનેલી, જે ચક્ષુરૂપ દ્વારમાંથી નીકળેલી અને અવયવોના સંબંધવાળા ઘડો વિગેરેના આકારવાળી તૈજસ (રાજસ) અંતઃકરણની વૃત્તિ, તેમાં ઉપર કહ્યું તે પ્રમાણે જઈને, જોનારમાં રહેલ પદાર્થના ચૈતન્ય સાથે ભળી જાય છે, અને તે અવિદ્યાવાળું હોવાથી પદાર્થના ચૈતન્યમાં જે અવિદ્યા હતી તે સમાન ગુણે ઉત્પન્ન કરેલા સંસ્કારના સાહાય્યથી કારણના (ઈન્દ્રિયના) દોષને લીધે રૂપાંનાં આકારવાળી અને તે જોવાની વૃત્તિના આકારવાળી એમ બે પ્રકારની થાય છે. એ રીતે ઉત્પન્ન થએલું તે અવિદ્યાવાળું રૂપું અવિદ્યાના સ્થાનરૂપ પદાર્થમાં રહેલા ચૈતન્યમાં રહે છે, કારણ કે બધાં કાર્યો પોતાને ઉત્પન્ન કરનારી અવિદ્યાના સ્થાનમાં રહે છે એવો નિયમ છે. એ પ્રમાણે રૂપું પદાર્થનાં ચૈતન્યમાં રહેલું હોવા છતાં, ચૈતન્ય એક જ હોવાથી જોનારમાં આવેલ હોવાથી તેને એકને જ તેનું ભાન થાય છે. આવી રીતે મિથ્યા જ્ઞાન ઉત્પન્ન થતું હોવાથી 'અનિર્વચનીય ખ્યાતિ' જ બરાબર છે'' એવો સંશય થાય, તેથી આ કહેલું છે. સંસ્કારથી સ્મૃતિ ઉત્પન્ન થાય છે, તેમ પ્રબલ સંસ્કારથી ભ્રમ ઉત્પન્ન થતો હોવાથી પદાર્થમાં (ચૈતન્યના) અધ્યાસની જરુર નથી, અને ગુંચવાડો થતો હોવાથી અનિર્વચનીય રૂપું થાય છે એમ માનવું વ્યર્થ જ છે, એવો અર્થ છે. ( પ્ર )

૧૪. 'તેથી જ' એટલે સંસ્કારની જરુર રહેતી હોવાથી જ. ( પ્ર )

૧૫. 'જેવો હોય તેવો અનુભવ' એટલે પદાર્થનું ઉલ્લંઘન ન થાય તે પ્રકારનો (તેવો) અનુભવ આ શબ્દથી એમ દર્શાવ્યું છે કે સંશય, વિપર્યાસ, સ્મૃતિ અને સ્વાપ, નિશ્ચય નથી. 'અનુભવ' શબ્દ 'જ્ઞાન'ના અર્થમાં યોજાએલ છે. તેથી ઘટ વિગેરે પદાર્થ અને સત્યવક્તાનું વચન નિશ્ચય ન હોવાનું જણાવેલ છે. ( પ્ર )

૧૬. ''સ્મૃતિ પણ સત્ય જ્ઞાનરૂપ હોવાથી તેને નિશ્ચયની વ્યાખ્યા લાગુ પડે છે'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ઉત્પન્ન થતું જ્ઞાન પદાર્થને અધીન હોવાથી, પદાર્થ જ્ઞાનનું અર્ધ અંગ છે. ( પ્ર )

૧૭. 'તેથી જ' એટલે (સ્મૃતિમાં) પદાર્થરૂપ અંગ ન હોવાથી જ તે 'નિશ્ચય' નથી; કારણ કે સંપૂર્ણ આકારવાળો દેહ ક્રિયા કરતો હોય છતાં માથાનો નાશ થતાં ધડરૂપ જ હોય છે, તેમ સ્મૃતિ જ્ઞાનરૂપ છે અને પ્રવૃત્તિ વિગેરે કાર્ય કરતા હોય છે. છતાં પદાર્થ વગરની હોવાથી તે નિશ્ચય નથી. ( પ્ર ) (૩) 'ક'માં નિશ્ચયની વ્યાખ્યા કહી અને સ્મૃતિમાં અને તેમાં શું ભેદ છે તે જણાવેલું છે.

૧૮. ''અગ્નિ વિગેરે રૂપ પદાર્થ આગળ દેખાતો ન હોવાથી, અનુમાનને આ (નિશ્ચયનું) લક્ષણ લાગુ પડશે નહિ'', એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (અગ્નિનાં) સંબંધવાળા ધૂમાડા વિગેરેરૂપ પદાર્થની વચ્ચે સ્થિતિ હોવાથી, તેની દ્વારા જ અગ્નિનું ભાન થતું હોવાથી, અનુમાન પણ પદાર્થથી જ ઉત્પન્ન થએલું જ્ઞાન છે. તે (અગ્નિ)નું મૂલ કાષ્ઠ વિગેરે છે. તેથી ધૂમાડો બહાર દેખાતો હોવા છતાં તે જેમાંથી નીકળે છે તે કાષ્ઠ વિગેરે દેખાતાં ન હોવાથી તે અગ્નિનું પ્રત્યક્ષ જ્ઞાન ઉત્પન્ન કરતો નથી, પરંતુ ધૂમાડા દ્વારા અનુમાનથી જ અગ્નિનું જ્ઞાન ઉત્પન્ન કરે છે. તેથી તે (જ્ઞાન) નિશ્ચયરૂપ છે. પદાર્થથી ઉત્પન્ન થતું હોવાથી નિશ્ચયનું લક્ષણ તેને લાગુ પડે છે. (પ્ર) આ (૩) 'ખ' થી અનુમાન નિશ્ચયરૂપ છે એમ સિદ્ધ કરે છે. કોઈ જંગલમાં પર્વતમાંથી નીકળતો ધૂમાડો જૂએ ત્યારે તે પર્વતમાં અગ્નિ છે એવો નિશ્ચય કરે છે, કારણ કે જ્યાં જ્યાં ધૂમાડો હોય છે ત્યાં અગ્નિ હોય છે, જેમકે રસોડામાં આને 'અન્વય-વ્યાપ્તિ' કહે છે. વળી જ્યાં જ્યાં અગ્નિ હોતો નથી ત્યાં ત્યાં ધૂમાડો હોતો નથી, જેમકે સરોવરમાં. આને 'વ્યતિરેકવ્યાપ્તિ' કહે છે. ધૂમાડો અગ્નિનું ભાન કરાવે છે, તેથી આ જ્ઞાન પણ જેવો પદાર્થ છે તેવું જ તેનું જ્ઞાન પદાર્થને લીધે થતું હોવાથી નિશ્ચયરૂપ છે.

૧૯. ઉપમાન નિશ્ચયરૂપ છે એમ જણાવવા, તેમાં સમાન ગુણની જરુર પડતી હોવાથી પ્રથમ 'સમાન ગુણ'નું લક્ષણ આથી કહેલ છે. (૧) નક્કી કરાવનાર પદાર્થથી જૂદાઈ સહન કરનારો, આકૃતિ વિગેરે જેવો જે (પદાર્થ) નક્કી કરવાનો છે તેનો ગુણ તે 'સમાનગુણ'. અથવા (૨) નક્કી કરાવનાર પદાર્થના ગુણના જેવો નક્કી કરવાના પદાર્થનો ગુણ તે 'સમાનગુણ'. (પ્ર).

૨૦. તે (સમાનગુણ) લક્ષણ તરીકે જાણેલો હોય, અને જેણે ગવય (નક્કી કરવાનો પદાર્થ) જોએલો હોય તેનાં 'ગાયના જેવો ગવય હોય છે' એવાં વાક્યથી જાણેલો હોય, અને પદાર્થ ગવય જોવામાં આવતાં ચક્ષુથી જોવામાં આવી જણાયો હોય. અને સંસ્કારથી 'ગાયના જેવો ગવય હોય છે' એ વાક્યનું સ્મરણ થતાં જોવામાં આવે ત્યારે વાક્યનાં પ્રમાણપણાને લીધે અને જે જોવામાં આવ્યું તે વાક્ય સાથે મળતું આવતું હોવાથી 'આ ગવય છે' એવો નિશ્ચય થાય છે. (પ્ર)

૨૧....૨૧. ''ઉપમાનમાં સમાનગુણ, વાક્ય અને ચક્ષુ ઉપમાનથી જ્ઞાન થવામાં કારણરૂપ હોવાથી કોને પ્રમાણ ગણવું ?' એ જાણવાની ઈચ્છા થાય, તો ઈન્દ્રિય (ચક્ષુ) જ પ્રમાણ છે. વાક્ય તેમજ સમાન ગુણ જ્ઞાન ઉત્પન્ન કરવામાં ચક્ષુને સાહાય્ય કરનારાં છે. તેમને જૂદાં પ્રમાણ ન ગણાય. એ રીતે ઉપમાન પણ સમાન ગુણ દ્વારા પદાર્થથી ઉત્પન્ન થતા જ્ઞાનરૂપ હોઈ, ઉપર જણાવેલ 'નિશ્ચય'ની વ્યાખ્યા તેને પણ લાગુ પડે છે. (પ્ર) આ (૩) 'ઘ' થી ઉપમિતિ પણ નિશ્ચયરૂપ જ્ઞાન છે એમ જણાવ્યું છે. નામ અને તે નામવાળા (પદાર્થ)ના સંબંધનું જ્ઞાન ઉપમિતિ છે. સમાન ગુણ (સાદશ્ય)થી તે જ્ઞાન થાય છે. 'ગવય' નામ છે અને 'ગવય(પ્રાણી)'નું તે નામ છે. 'ગવય' શબ્દનો અર્થ ન જાણનારને કોઈ જંગલમાં રહેનાર પુરુષ કહે કે 'ગાયના જેવો ગવય છે'. તે સાંભળ્યા પછી તે વનમાં જાય અને તે વાક્યનું સ્મરણ કરતાં ગાય જેવું પ્રાણી જૂએ, ત્યાર પછી 'આ ગવય (પ્રાણી) છે' એવું તેને જ્ઞાન થાય છે તે 'ઉપમિતિ' કહેવાય છે. ઉપમિતિ (જ્ઞાન) જેનાથી થાય તે 'ઉપમાન'.

૨૨. 'શબ્દમાં કોઈ સંબંધવાળો (પદાર્થ) નથી, તેમજ છૂપો પણ પદાર્થનો સંબંધ તેને નથી, તેમજ તેમાં કોઈ પદાર્થ પણ નથી. તેથી શબ્દ (પ્રમાણ)ને નિશ્ચયરૂપ કેમ ગણાય ?' એવો પ્રશ્ન થાય, તેથી શબ્દ નિશ્ચયરૂપ હોવાનું સિદ્ધ કરે છે. ધૂમાડો વિગેરે સંબંધવાળો ધર્મ તથા ઉપર (ઉપમિતિમાં) જણાવ્યો તેવો સમાનગુણ, તે બંનેથી જૂદો સંસ્કાર શબ્દ ઉત્પન્ન કરે છે. શબ્દ અને અર્થ (પદાર્થ)નો સંબંધ નિત્ય હોવાથી, જે પદાર્થનો સહજ સંબંધવાળો છે તે શબ્દનો અર્થ છે. તેથી શબ્દની (અર્થ જણાવવાની) શક્તિનું ગ્રહણ થયા પછી, (તે) શબ્દનું શ્રવણ થતાં તેના અર્થના સંબંધવાળો કોઈક સંસ્કાર ઉત્પન્ન થાય છે અને તે શબ્દ અને વાક્યના અર્થનું જ્ઞાન કરાવનારો હોય છે. તેથી જેમ વ્યાપી રહેનાર ગુણ દ્વારા પરંપરાથી અર્થ (પદાર્થનું જ્ઞાન) ઉત્પન્ન કરવાને લીધે અનુમાન નિશ્ચયરૂપ છે, જેમ વાક્યથી જાણેલા સમાન ગુણ દ્વારા પદાર્થને ઉત્પન્ન કરનારી હોવાથી ઉપમિતિ નિશ્ચયરૂપ છે, તેમ શ્રવણ કરનારે સાંભળેલ શબ્દ દ્વારા પદાર્થને રજુ કરનાર કુદરતી સંબંધવાળો શબ્દ પણ સંસ્કારથી રજુ થતો હોવાથી તે શબ્દવાળા વાક્યથી જ્ઞાન ઉત્પન્ન થતું હોવાથી, શબ્દ પણ પદાર્થનું ઉલ્લંઘન ન થાય તેવી રીતે નિશ્ચયરૂપ જ છે. ( પ્ર )

૨૩.''શબ્દથી તેવો સંસ્કાર ઉત્પન્ન થતો હોવા છતાં 'દ્રવ્યનું ભાન થતાં અમુક પ્રકારના જ્ઞાનરૂપ' એમ બુદ્ધિના લક્ષણમાં (પાછળ શ્લો.૨૯માં) કહેલ હોવાથી, દ્રવ્યની સંનિધિ (શબ્દમાં) નહિ હોવાથી દ્રવ્યનું ભાન ન થવાથી શબ્દથી થતા જ્ઞાનનો બુદ્ધિમાં સમાવેશ થાય નહિ. તેથી તે નિશ્ચયરૂપ હોવાનું કેમ કહેવાય ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. શબ્દથી દ્રવ્યનું ભાન અને જ્ઞાન બંને થતાં હોવાથી બુદ્ધિનાં સ્વરૂપ તથા લક્ષણનો વિરોધ થતો નથી, અને શબ્દરૂપ પ્રમાણથી (તે જ્ઞાન) થતું હોવાથી તે પ્રમાણ છે. શબ્દ જૂદું પ્રમાણ છે, કારણ કે 'પ્રત્યક્ષ, અનુમાન અને વેદ (શબ્દ) પ્રમાણો છે' એમ પ્રવચન સૂત્ર કહે છે. ( પ્ર )

૨૪...૨૪. 'કાર્ય કરવામાં ઈન્દ્રિયો જ સાધન હોય છે, અને બુદ્ધિ મન વિગેરે અંતઃકરણ ગણાય છે. તેથી તેઓને જ જ્ઞાન કરાવનારાં માનવાં જોઈએ, શબ્દને તેવો ન માનવો જોઈએ' એમ કહેવામાં આવે તેથી આ જૂદો મત કહેલો છે. શબ્દ પણ જ્ઞાન થવામાં સાહાય્ય કરનારો જ હોવાથી તેને પ્રમાણમાં ગણવામાં ન આવે તોપણ વિરોધ થતો નથી, એવો અર્થ છે. ( પ્ર )

૨૫. 'ત્યારે આ બીજા મત પ્રમાણે બીજી ઈન્દ્રિયો (ત્વચા, નાસિકા, જીભ)ની શી ગતિ ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે. ત્વચા, નાસિકા અને જીભના થોડા ભાગમાં જ (દ્રવ્યનો) સંયોગ થતો હોવાથી, તેઓ થોડું જ ગ્રહણ કરનારી હોવાથી, બહુ ગ્રહણ કરનાર આંખ કાન અને મનમાં તેઓનો સમાવેશ કરેલ છે, એવો અર્થ છે. તેથી જ ૨૯મા અધ્યાયના ૨૯।૩૦ શ્લોકમાં પહેલાંની ઈન્દ્રિયોથી જ્ઞાન પ્રાપ્ત કરનારાને પાછલી ઈન્દ્રિયોથી જ્ઞાન પ્રાપ્ત કરનાર કરતાં હલકા કહેલા છે. ( પ્ર )

૨૬...૨૬. ''સંસ્કાર દ્વારા જ્ઞાન કરાવનાર શબ્દ નિશ્ચયરૂપ છે, તો સંસ્કાર દ્વારા મનથી ઉત્પન્ન થતી સ્મૃતિ નિશ્ચયરૂપ કેમ નહિ ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. મનને તો શાસ્ત્રમાં સંકલ્પવિકલ્પરૂપ કહેલું છે, અને પછી યોગીઓએ વશ કરવા યોગ્ય કહેલું છે. (જૂઓ પાછળ શ્લો. ૨૭।૨૮) તેથી તે અશુદ્ધ અને શુદ્ધ એવા બે પ્રકારનું છે. તેથી અશુદ્ધ મનથી ઉત્પન્ન થએલી સ્મૃતિ પ્રમાણ નથી, એવો અર્થ છે. ( પ્ર ).

૨૭. આ વાક્યથી સ્મૃતિનું લક્ષણ કહેલું છે. સંસ્કારમાંથી જન્મ થાય છે જેનો તેવી તે છે. તેથી પ્રબલ ન હોય તેવા સંસ્કાર દ્વારા માત્ર મનથી ઉત્પન્ન થતું જ્ઞાન સ્મૃતિ છે, એવો અર્થ છે. 'પ્રબલ ન હોય તેવા' વિશેષણ તેને ભ્રમથી જૂદી પાડે છે, અને 'માત્ર' શબ્દ તેને અનુમાન અને શબ્દથી જૂદી પાડે છે. (પ્ર)

૨૮. આ 'સ્વાપ'નું લક્ષણ કહ્યું. (પ્ર)

૨૯. ''સ્વાપ (સ્વપ્નમાં થતું જ્ઞાન) સંસ્કારથી ઉત્પન્ન થવાથી સ્મૃતિ હશે, જૂદા પદાર્થ તરીકે જ્ઞાન કરાવનારું હોવાથી વિપર્યાસ હશે, અને (જાગ્રત અવસ્થામાં થતા જ્ઞાનની) સમાન હોવાથી સંશય હશે'', એવી શંકાઓ થાય, તે દૂર કરવા આ કહેલ છે. (પ્ર).

૩૦...૩૦. 'સુષુપ્તિ (ગાઢ નિદ્રા) પણ પ્રવૃત્તિ હોવાથી (બુદ્ધિની વૃત્તિઓ) પાંચ જ કેમ ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે. 'પોતાથી' એટલે આત્માના માહાત્મ્યથી. તેથી સુષુપ્તિમાં કાંઈ જ્ઞાન થતું ન હોવાથી તે બુદ્ધિની પ્રવૃત્તિ નથી. (પ્ર).

૩૧. 'છતાં પણ સુષુપ્તિ વૃત્તિ કહેવાય છે તેથી પાંચ જ વૃત્તિઓ કેમ ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે. 'નિદ્રાથી ઉત્પન્ન થએલ જૂદા પ્રકારની સૃષ્ટિનું જ્ઞાન તે સ્વાપ'. આમ હોવાથી ગાઢ નિદ્રામાં થતું જ્ઞાન તે સુષુપ્તિ. તેમાં અમુક પ્રકારનું જ્ઞાન થતું નથી, તેથી તેને બુદ્ધિની વૃત્તિ ગણેલ નથી. (પ્ર)

૩૨. 'બંને' એટલે સ્મૃતિ અને પ્રમાણના ભેદથી (થતાં જ્ઞાન) અથવા સ્મૃતિ અને અનુભવના ભેદથી થતાં જ્ઞાન, 'એક' એટલે તળાવના જલની પેઠે એકરૂપ છે, એવા મતો ખોટા ઠરાવેલા છે. (પ્ર)

૩૩. 'તેથી' એટલે ભ્રમ પણ એક વૃત્તિ છે એવો નિર્ણય કરેલ હોવાથી, સંસ્કારનાં પ્રબલપણાંને લીધે બહારથી ભગ્ન થવા છતાં, અનુભવની સામગ્રી બલરહિત હોવાથી ('આ રૂપું છે' એ વાક્યમાં જણાવેલ) 'આ' ભાગ પણ ખોટો જ જણાય છે, પણ જે આગળ છે તે જણાતો નથી, એવો અર્થ છે. (પ્ર)

૩૪. એ જ્ઞાન અંશથી પણ પ્રમાણ ન માનવાનું કારણ આથી કહેલ છે. (પ્ર).

૩૫. ''સંસ્કાર અને (ઈન્દ્રિય તથા પદાર્થના) સંયોગથી થતી પ્રત્યભિજ્ઞા સ્મૃતિ નથી, નિશ્ચય પણ નથી, જૂદા પદાર્થનું ભાન કરાવતી ન હોવાથી વિપર્યાસ પણ નથી, અને જૂદી સૃષ્ટિના સંબંધમાં થતી ન હોવાથી સ્વાપ પણ નથી, (બે પદાર્થોનું તેમાં) સમાન જ્ઞાન થતું ન હોવાથી સંશય પણ નથી. તેથી બુદ્ધિની પાંચ જ વૃત્તિઓ કેમ કહો છો ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર) 'પ્રત્યભિજ્ઞા' એટલે ઓળખવું તે. 'જેને કાલે જોએલ તે જ આ દેવદત્ત છે' એ પ્રત્યભિજ્ઞા થઈ. કાલે જોએલ તે એ ભાવ સંસ્કારથી થાય છે. 'આ'નું ભાન ચક્ષુ અને દેવદત્તના દેહના સંયોગથી થાય છે.

૩૬. 'અભ્યાસ' એટલે વારંવાર થવું તે (આવૃત્તિ). તેનાથી થતી પ્રતીતિરૂપ જ્ઞાન અભ્યાસથી થતું જ્ઞાન છે. તેમાં પહેલાંના અનુભવથી ઉત્પન્ન થએલો સંસ્કાર સાહાય્ય કરનારો છે, તેમ પ્રત્યભિજ્ઞામાં પણ વિશેષણની હદ જણાવનાર પ્રકારના નિશ્ચય તરીકે સ્મૃતિની જરુર રહેતી હોવાથી તે પણ સાહાય્ય કરનારી છે. તેથી જેમ અભ્યાસથી થતું જ્ઞાન નિશ્ચયરૂપ છે, તેમ પ્રત્યભિજ્ઞા પણ નિશ્ચયરૂપ છે. (પ્ર).

૩૭. દશ કટકામાં નવ કલાઈના હોય અને એક રૂપાનો હોય, ત્યારે દશે રૂપાંના છે એવું ભાન થાય, તે જેમાં ભ્રમ અધિક છે તેવા ભ્રમ અને પ્રમાના સમૂહનું દૃષ્ટાંત છે. લાકડાંની અને હાંથીદાંતની બનાવેલી મૂર્તિઓમાં અને ચિત્રોમાં, 'ઘોડો' વિગેરેનાં જે જ્ઞાન થાય છે. તેમાં પણ પ્રમા અધિક હોવાથી તે નિશ્ચયરૂપ જ છે. તેવી જ રીતે 'નટ રામ છે' એવું જે લોકને જ્ઞાન થાય છે, તેમાં પણ જો કે તે રામ જેવું કાર્ય કરતો નથી છતાં શાસ્ત્ર પ્રમાણે રામના વેષ ક્રિયા વિગેરેનું તે અનુકરણ કરતો હોવાથી અને લોકમાં રસ જાગ્રત કરાતો હોવાથી, તે પ્રમારૂપ જ છે. જ્યાં આ કટકા કલાઈના અથવા રૂપાંના છે એવું સમાન ભાન થતું હોય અને તેથી તે ભ્રમ છે કે પ્રમા છે તે કહી શકાતું ન હોય ત્યાં પણ, તે સંશયરૂપ છે. તેથી બુદ્ધિની વૃત્તિઓ તો પાંચ જ છે, વધારે નથી. (પ્ર)

૩૮. અહિં 'વિગેરે' શબ્દથી તર્કથી થતાં જ્ઞાનનો સમાવેશ કરેલો છે. (પ્ર)

૩૯. 'તેનાથી' એટલે સંભાવના વિગેરેથી, એવો અર્થ છે. (પ્ર)

૪૦. અહિં સુધી બુદ્ધિની વૃત્તિઓનો વિચાર કર્યો, ઈન્દ્રિયોથી થતાં જ્ઞાનમાં પ્રત્યક્ષ (જ્ઞાન) સ્પષ્ટ હોવાથી અને શબ્દથી થતું જ્ઞાન સંદેહવાળું હોવાથી, અહિંથી જેવા શબ્દથી જેવા પ્રકારનું સત્ય જ્ઞાન ઉત્પન્ન થાય છે તેનો વિચાર કરે છે. ઘડો છે, પણ પહેલાં કોઈવાર જોએલો ન હોય, ત્યારે કોઈ કહે 'આ ઘડો છે' ત્યારે તેનું જ્ઞાન થાય છે. પ્રમાણપણું વિગેરેનો નિર્ણય કરનારના વાક્યની પેઠે આ વાક્ય ચક્ષુ વિગેરે (ઈન્દ્રિય)ને મદદ કરનારૂં હોઈ, તે વાક્ય અને ચક્ષુ બંનેથી ઘડાનો સાક્ષાત્કાર થાય છે, તે પ્રત્યક્ષજ્ઞાન પ્રમાણ છે, પણ શબ્દથી થતું જ્ઞાન નથી, એવો અર્થ છે. વાક્યનું લક્ષણ, આકાંક્ષા ન હોય ત્યારે પણ વાક્યથી કેવી રીતે જ્ઞાન થાય છે તે, અને લૌકિક અને વૈદિક વાક્યના પ્રકારનો ભેદ સર્વનિર્ણય (નિબંધ)માં નામપ્રપંચનું નિરૂપણ કરતાં કહેલ છે, તેથી ત્યાં જોઈ લેવું. (પ્ર)

૪૧. 'ઘડો લાવ' એવો લૌકિક વાકયમાં, જેને ઘડો લાવવાનું કહેવામાં આવે તેની બુદ્ધિએ તે વાકયનો અર્થ કલ્પેલો હોવાથી, અને તેણે વાક્યનું શ્રવણ કર્યું ત્યારે ઘડો લાવવાની ક્રિયારૂપ તે વાકયનો અર્થ ન હોવાથી, તેનાથી પ્રમાણરૂપ (સત્ય) જ્ઞાન થતું નથી, પણ માત્ર જ્ઞાન જ ઉત્પન્ન થાય છે. તેથી પ્રમાણ ન હોવાથી તેવું જ્ઞાન ઉત્પન્ન કરનાર વાકય અપ્રમાણ છે, છતાં પણ 'પ્રમેયના બલને લીધે' એટલે જેને ઘડો લાવવાનું કહેલ છે તેણે કરવાની ઘડો લાવવારૂપ ક્રિયા વિગેરે રૂપ પ્રમેયના બલને લીધે તે જ્ઞાન પ્રમાણ થાય છે. એટલે તે વાકયથી થએલું શાબ્દ જ્ઞાન યોગ્ય ક્રિયા ઉત્પન્ન કરનારું થવાથી પ્રમાણરૂપ છે એવો અર્થ છે. આથી એમ સ્પષ્ટ કરેલું છે કે આવા સ્થળે બીજાથી પ્રમાણપણું થાય છે. (પ્ર)

૪૨....૪૨. ''ત્યારે લોકમાં પણ વાકયનો સંસર્ગરૂપ અર્થ અપૂર્વ ગણી પ્રમાણના બલથી લૌકિક વાકયને કેમ પ્રમાણ ગણતાં નથી ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. વૈદિક વાકયનો અર્થ તો અપૂર્વ હોય છે એમ બ્ર.સૂ.૧।૩।૨૮ ઉપરના અણુભાષ્યમાં જણાવેલું છે, તે ત્યાં જોઈ લેવું. (પ્ર)

૪૩. શબ્દ જ્ઞાન કરાવનાર છે એ વિષે બીજા શાસ્ત્રથી અહિં ભેદ હોવાનું કહે છે. અવયવરૂપ શબ્દોથી જેમ વસ્ત્ર (તંતુઓથી જૂદું છે) તેમ-તેમનો સમૂહ જૂદો છે. આ પણ સર્વનિર્ણયમાંથી જોઈ લેવું. (પ્ર)

૪૪. 'તેમ ન હોય' એટલે શબ્દોથી તેમનો સમૂહ જૂદો ન હોય, અને તે સમૂહ વાકયના અર્થનું સાધન ન હોય. (પ્ર)
૪૫. શબ્દના અર્થનું જ્ઞાન કરાવનારી અને વાકયના અર્થનું જ્ઞાન કરાવનારી એવી બે શક્તિઓ દરેક શબ્દની થાય. તેથી શબ્દોથી શબ્દોના સમૂહને જૂદો માનીએ છીએ. (પ્ર)
૪૬. એટલે શબ્દ સત્ય જ્ઞાન કરાવનારો હોય છે એ સિદ્ધાંત જ ન રહે. (પ્ર)
૪૭. 'નક્કી થતાં પદાર્થવાળું વાકય પ્રત્યક્ષ જ્ઞાન કરાવનારું કહ્યું તે બધે સંભવતું નથી, કારણ કે 'કાશીમાં ગાય છે' એવા વાક્યથી પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી. એવું શબ્દથી થતું જ્ઞાન કયા પ્રકારનું ગણવું ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે. આ વાકયનો પદાર્થ સંભાવિત હોવાથી, તે વાકયથી સંભાવના પ્રકારનું જ્ઞાન થાય છે, એટલે તેનો સંશયમાં સમાવેશ થતો હોવાથી તે અપ્રમાણ છે, એવો અર્થ છે. (પ્ર)

એ પ્રમાણે ચાર અંતઃકરણની ઉત્પત્તિ કહીને, નીચે શ્લોકમાં ઈન્દ્રિયની ઉત્પત્તિ કહે છે :

**તૈજસાનીન્દ્રિયાણ્યેવ ક્રિયાજ્ઞાનવિભાગશઃ ।।**
**પ્રાણસ્ય હિ ક્રિયાશક્તિબુદ્ધેર્વિજ્ઞાનશક્તિતા ।।૩૧।।**

ક્રિયા અને જ્ઞાનના વિભાગથી ઈન્દ્રિયો રાજસ જ છે, કારણ કે ક્રિયા ઉત્પન્ન કરનારી શક્તિ પ્રાણની છે (અને) જ્ઞાન ઉત્પન્ન કરનારી શક્તિ બુદ્ધિની છે. ૩૧.

જ્ઞાન કરાવનારી અને ક્રિયા કરાવનારી બંને પ્રકારની (ઈન્દ્રિયો) રાજસ જ છે, પરંતુ જ્ઞાન કરાવનારી સાત્ત્વિક નથી તેમ જ ક્રિયા કરાવનારી તામસ નથી, કારણ કે ઈન્દ્રિય જ્ઞાન અને ક્રિયા બેમાંથી એક કરાવનાર સાધન છે. કાર્ય ઈન્દ્રિયથી પર અથવા ઈન્દ્રિયોથી થાય તેવું હોય છે. દશે (ઈન્દ્રિયો) જૂદાં જૂદાં[1] તત્ત્વો હોવાથી એક લક્ષણ જણાવેલું નથી. બંને (પ્રકારની ઈન્દ્રિયો) હોવાનું કારણ ઉત્તરાર્ધથી કહેલું છે. ક્રિયામાં પ્રાણ આધાર છે (અને) જ્ઞાનમાં બુદ્ધિ આધાર છે. બંને રાજસ છે એમ ભાવાર્થથી કહેવાયું. પ્રાણ એટલે આસન્ય મહત્તત્ત્વનો પ્રકાર છે, અથવા ભગવદ્રૂપ છે. તેનો અવતાર રાજસ અહંકારમાં થએલ હોવાથી તે તત્ત્વ[2] નથી, તેમજ (તેની) ઉત્પત્તિ કહેલી નથી. અથવા બીજા મતમાં નક્કી કરેલ વૈદિક પ્રાણો અહિં કહેલા[3] છે, અથવા પ્રાણ ઈન્દ્રિયોના આધ્યાત્મિક સ્વરૂપવાળો છે[4]. બુદ્ધિ રાજસી હોવાથી તેના ઉપકારવાળી (ઈન્દ્રિયો) બધી રાજસ છે. પ્રાણ તો ક્રિયાના પ્રધાનપણાંવાળો હોવાથી રાજસ છે. પ્રાણ પણ બધી ઈન્દ્રિયો ઉપર ઉપકાર કરનારો છે. ('ક્રિયાશક્તિઃ' એટલે) ક્રિયા ઉત્પન્ન કરનારી શક્તિ. વિજ્ઞાનરૂપ શક્તિ છે જેની તે બુદ્ધિનો સ્વભાવ છે. ઈન્દ્રિયોનાં લક્ષણો જૂદાં જૂદાં આગળ કહેશે. ૩૧.

૧. 'જૂદાં જૂદાં' એટલે પદાર્થોને છૂટા પાડનારી ઉપાધિરૂપ, એવો અર્થ છે. (પ્ર)
૨. 'તત્ત્વતઃ' વાસ્તવિક રીતે રાજસ નથી, રાજસમાં અવતાર થએલ હોવાથી રાજસ છે એવો અર્થ છે(પ્ર). વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'તત્ત્વતા' પાઠ લઈ અર્થ કરેલો છે. પ્રાણની તત્ત્વોમાં ગણત્રી કરેલી ન હોવાથી આ પાઠ વધારે સારો જણાય છે.
૩. અવિચારનો સંભવ દૂર કરવા આ જૂદો મત કહ્યો છે. (પ્ર)
૪. ઉપરના મતમાં પ્રમાણ ન હોવાની શંકા થાય, તેથી આ જૂદો મત કહ્યો છે. (પ્ર)

નીચેના શ્લોકથી આરંભી મહાભૂતોની સૃષ્ટિ કહે છે :

**તામસાચ્ચ વિકુર્વાણાદ્ભગવદ્વીર્યચોદિતાત્ ।।**
**શબ્દમાત્રમભૂત્તસ્માન્નભઃ શ્રોત્રં તુ શબ્દગમ્ ।।૩૨।।**

અને ભગવાનનાં વીર્યથી પ્રેરાએલા, કાર્ય કરવા તત્પર થએલા તામસ (અહંકાર)માંથી શબ્દ તન્માત્રા ઉત્પન્ન થઈ, તેમાંથી આકાશ (ઉત્પન્ન થયું). કર્ણેન્દ્રિય તો શબ્દને ગ્રહણ કરનારી છે. ૩૨.

પહેલાંની પેઠે કાર્ય કરવા તત્પર થએલા તામસ અહંકારમાંથી (શબ્દ તન્માત્રા ઉત્પન્ન થઈ). (અહંકાર) તામસ હોવાથી જ ભગવાનનું વીર્ય તેને પ્રેરણા કરે છે, પરંતુ તેમાં ભગવાનનું વીર્ય હોય છે એટલું જ નથી. આરંભમાં શબ્દ તન્માત્રા ઉત્પન્ન થઈ, પછી તેમાંથી આકાશ (ઉત્પન્ન થયું). 'કર્ણેન્દ્રિય' શબ્દથી શબ્દનું પ્રમાણ (જ્ઞાન કરાવનાર સાધન) કહેલું છે. (તે) કર્ણેન્દ્રિયથી જણાય છે[1], કર્ણેન્દ્રિયથી જેનું જ્ઞાન થાય છે તે શબ્દ. શબ્દ ગુણવાળો પણ શબ્દ જ હોવાથી[2] (તેનું) લક્ષણ બહુ વિવેકરહિત નથી. અથવા કર્ણેન્દ્રિયને પ્રાપ્ત કરે તે (શબ્દ). શબ્દના આધારોની સ્વતંત્ર ગતિ ન હોવાથી તેમનો સમાવેશ કરેલો નથી. ૩૨.

૧. બધાએ શબ્દોનું જ્ઞાન કર્ણેન્દ્રિયથી થાય છે. 'કર્ણેન્દ્રિયથી (જણાય છે)' શબ્દોથી તે જ અર્થ કહેલો છે.(પ્ર)
૨. ગુણ અને ગુણવાળો (શબ્દ) એક જ છે એમ સ્વીકારી કહેલ છે. (પ્ર)

નીચેના શ્લોકમાં શબ્દનાં લક્ષણો કહે છે :

**અર્થાऽऽશ્રયત્વં શબ્દસ્ય દ્રષ્ટૃલિંગત્વમેવ ચ ।।**
**તન્માત્રત્વં ચ નભસો લક્ષણં કવયો વિદુઃ ।।૩૩।।**

(૧) અર્થના આધાર હોવાપણું, અને (૨) જોનાર (છે એમ) દર્શાવનાર હોવાપણું (૩) અને આકાશનું સૂક્ષ્મપણું હોવાપણું એ શબ્દનું લક્ષણ (હોવાનું) કવિઓ કહે છે.૩૩.

કારણ કે અર્થ (પદાર્થ) શબ્દના આધારે રહે છે. ઘડો વસ્ત્ર વિગેરે પદાર્થનાં ત્રણ રૂપો છે. (૧) તે પૈકી આધિદૈવિક રૂપ છે, તે શબ્દમાં રહેલું છે, માત્ર શબ્દથી જ

જણાય તેવું છે (અને) શબ્દની સાથે સદા સંબંધવાળું[1] હોય છે. (૨) આધિભૌતિક રૂપ તો પ્રકટ રૂપ છે, તે શબ્દના આધારે રહેતું નથી, પરંતુ પૃથ્વી વિગેરેના આધારે જ રહેલું છે. (૩) આધ્યાત્મિક (રૂપ) તો જ્ઞાન ઈચ્છા અને પ્રયત્નના આધારવાળું[2] છે. ત્રણે[3] રૂપ એક હોય તેવી રીતે બધે જણાય છે. (૧) અર્થના આધાર હોવાપણું એ શબ્દનું લક્ષણ છે, પરંતુ આકાશનું (લક્ષણ) નથી. (૨)''જોનાર (છે એમ) દર્શાવનાર હોવાપણું' શબ્દથી બીજું લક્ષણ કહેલું છે, કારણ કે પદાર્થોને[4] જોનાર આધ્યાત્મિક અર્થને તો સંબંધી તરીકે[5] જણાવે છે, જેમકે ભીંતથી[6] ઢંકાએલા હાથીને જોઈને 'આ હાથી છે' એમ કહે છે, ત્યારે એમ જણાય છે કે અંદર રહેલાં વાક્ય બોલનારે હાથી જોયો છે. અથવા 'આ દેવદત્ત પોતાથી પ્રકાશતો છે' એવું ગુણથી[7] જ્ઞાન કરાવવું તે શબ્દનું લક્ષણ છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી જોવાના પદાર્થને જણાવનાર હોવાપણું પણ (તેનું લક્ષણ છે). ભૌતિક ઘડો વિગેરે (પદાર્થ)નું જ્ઞાન તે કરાવે છે એવો અર્થ છે. (૩) 'અને આકાશનું સૂક્ષ્મરૂપ હોવાપણું' શબ્દોથી જૂદું (ત્રીજું) લક્ષણ કહેલું છે. આકાશનું 'તન્માત્રત્વં' સૂક્ષ્મરૂપ હોવાપણું (એ) શબ્દનું લક્ષણ છે, કારણ કે સૂક્ષ્મ અવસ્થા શબ્દ છે (અને) સ્થૂલ અવસ્થા આકાશ છે. કેટલાકનો મત જૂદો હોવાથી પોતાના વચનનું પ્રમાણ 'કવિઓ કહે છે' શબ્દોથી કહેલું છે. ૩૩.

૧. જૈમિનિના ઉત્પત્તિ સંબંધી સૂત્રમાં અને બ્ર.સૂ.૧.૩.૨૮માં એ પ્રમાણે સિદ્ધ કરેલું છે.( પ્ર ).

૨. જોઈને કહે તેવી અવસ્થામાં પદાર્થનું જ્ઞાન વિગેરેથી જ ભાન થતું હોવાથી (શબ્દો તેવું જ્ઞાન) કરાવનારા હોવાથી તે (જ્ઞાન, ઈચ્છા અને પ્રયત્ન)માં શબ્દ ન હોય તો ભૌતિક (પદાર્થ)નું જ્ઞાન જ ન થાય, એવો અર્થ છે. ( પ્ર ).

૩. 'ત્રણે' એટલે આધિદૈવિક વિગેરે. ( પ્ર )

૪. 'પદાર્થોને' એટલે ભૌતિક પદાર્થોને ( પ્ર )

૫. 'સંબંધી તરીકે' એટલે પોતાનાં જ્ઞાન, ઈચ્છા વિગેરેના આધારે રહેલ તરીકે. ( પ્ર )

૬. આ પાછલના વાક્યમાં કહ્યું તેનું ઉદાહરણ કહેલું છે. ( પ્ર )

૭. નામસૃષ્ટિ જૂદા પ્રકારની છે, એમ વિચારીને આ બીજો મત કહેલો છે. આ મત પ્રમાણે 'જોવું' શબ્દનો સામાન્ય જ્ઞાન હોવું એવો અર્થ છે, અને તે જ્ઞાન પોતાની અંદર રહેલું છે એવો પહેલાં કહેલ (મત)થી ભેદ છે. અહિં શ્રીભાગવતમાં શબ્દનાં ચાર લક્ષણ કહ્યાં (એક શ્લોક ૩૨માં અને ત્રણ શ્લોક ૩૩માં). તેમાં ૩૨મા શ્લોકમાં કહેલું (શબ્દનું) સામાન્ય લક્ષણ છે. બીજું (૩૩મા શ્લોકનું પહેલું) વર્ણ વિગેરેનું લક્ષણ છે. ત્રીજું (૩૩મા શ્લોકનું બીજું) વારા ફરતી બંનેનું (શબ્દનું અને વર્ણનું) લક્ષણ છે, અને ચોથું ધ્વનિનું લક્ષણ છે. પહેલું અને ત્રીજું લક્ષણ વ્યવહારમાં ઉપયોગી છે. ( પ્ર )

નીચેના શ્લોકમાં આકાશનું લક્ષણ કહે છેઃ

**ભૂતાનાં છિદ્રદાતૃત્વં બહિરન્તરમેવ ચ ।।**

**પ્રાણેન્દ્રિયાડડત્મધિષ્ણ્યત્વં નભસો વૃત્તિલક્ષણમ્ ।।૩૪।।**

પ્રાણીઓને અવકાશ આપનાર, અને બહારનું તથા અંદરનું એવું સ્વરૂપ કરાવનાર, પ્રાણ ઈન્દ્રિયો અને અંતઃકરણનો આધાર થનાર (એવું) આકાશનું કાર્યથી લક્ષણ છે. ૩૪.

(૧) 'ભૂતાનાં' પ્રાણીઓને અવકાશ આપનાર (૨) બહારનું તથા અંદરનું એવું સ્વરૂપ કરાવનાર, અને (૩) પ્રાણ ઈન્દ્રિયો અને અંતઃકરણનો આધાર થનાર, એવાં આકાશનાં ત્રણ લક્ષણો છે. (૧) 'છિદ્રમ્' અવકાશ (આપનાર). (૨) બહારનું અને અંદરનું એવો વ્યવહાર આકાશનો જ ગુણ છે. બહારનું અને અંદરનું એવો વ્યવહાર ઢાંકણરૂપ પૃથ્વી વિગેરેનો ગુણ નથી. (તેઓ) માત્ર હદ બાંધનારા જ[1] છે. જગ્યા પણ (અંદરનું અને બહારનું એવા) વ્યવહારનું કારણ નથી, કારણ કે તે (પૃથ્વી વિગેરેની) સમાન[2] છે. વળી પોલાણમાં (એવો) વ્યવહાર થાય છે, તેથી (તે) આકાશનો જ (ગુણ) છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી પૃથ્વી વિગેરે સર્વના આધાર હોવું એ (આકાશનું) લક્ષણ છે. (૩) 'પ્રાણ ઈન્દ્રિયો અને અંતઃકરણનો આધાર થનાર' શબ્દથી જૂદું લક્ષણ કહેલું છે. પ્રાણો ઈન્દ્રિયો અને અંતઃકરણનો 'ધિષ્ણ્યમ્' આધાર થએલું સ્થાન (આકાશ છે), અને 'ધિષ્ણ્ય' શબ્દથી તે સ્થાન વૈદિક હોવાનું જણાવેલું છે. 'આકાશનું કાર્યથી લક્ષણ છે' કારણ કે આકાશ ત્રણ પ્રકારે રહે છે. (૧) પોતાનું આધિભૌતિક રૂપ પોતે જ અર્પણ કરે છે તેથી (તે) આધિદૈવિક છે. (૨) બહારનું અને અંદરનું એવા વ્યવહારનો આધાર થતું હોવાથી (તે) આધ્યાત્મિક છે. (અને ૩) દેહની અંદર રહેલા પદાર્થોનો આધાર હોવાથી આધિભૌતિક છે. ૩૪.

૧. 'હદ બાંધનારા' એટલે બે ભાગને છૂટા પાડનાર. (પ્ર)

૨. ''જગ્યાને આ લક્ષણ લાગુ પડતું હશે'' એવી શંકા થાય, તેથી આ વાક્યથી તે દૂર કરે છે. અંદરની જગ્યા અને બહારની જગ્યા એમ કહેવાતું હોવા છતાં, જગ્યા પણ અંદરનું અને બહારનું એવા વ્યવહારનું કારણ નથી. કારણ કે ભીંત વિગેરે પેઠે જગ્યા પણ બે ભાગને છૂટા પાડનારી છે. આ (ત્રણ લક્ષણો)માં વચલું લક્ષણ વ્યવહારમાં ઉપયોગી છે. (પ્ર)

સ્પર્શ અને વાયુની ઉત્પત્તિ વિગેરે નીચેના શ્લોકમાં કહે છેઃ

**નભસઃ શબ્દતન્માત્રાત્કાલગત્યા વિકુર્વતઃ ।।**

**સ્પર્શોડભવત્તતો વાયુસ્ત્વક્ સ્પર્શસ્ય ચ સઙ્ગ્રહઃ ।।૩૫।।**

કાલની ક્રિયાથી કાર્ય કરવા તત્પર થએલા આકાશ અને શબ્દતન્માત્રામાંથી સ્પર્શ થયો, પછી વાયુ થયો; અને ત્વચા સ્પર્શને ગ્રહણ કરનારી છે. ૩૫.

સ્પર્શ તન્માત્રા વિગેરે વિશેષણ નથી, પરંતુ સ્થૂલ (આકાશમાંથી) અને સૂક્ષ્મ આકાશમાંથી પણ સ્થૂલ અને સૂક્ષ્મ કાર્ય થાય છે, એમ જણાવવા માટે (કહેલ છે). 'કાલથી ક્રિયાથી કાર્ય કરવા તત્પર થએલાં' એટલે કાલની પ્રેરણાથી જેમના ગુણોમાં ખળભળાટ થએલો તેવા, એ બંનેનું વિશેષણ છે. આરંભમાં સ્પર્શતન્માત્રા થઈ, પછી વાયુ થયો. 'ત્વચા' ઈન્દ્રિય છે, સ્પર્શનું સારી રીતે ગ્રહણ થાય છે જેનાથી તેવી (તે છે). ત્વચા જ સંગ્રહ (સારી રીતે ગ્રહણ કરનારી) છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી વાયુનું[1] પણ ગ્રહણ કરનારી છે, પરંતુ કર્ણેન્દ્રિય માત્ર શબ્દને ગ્રહણ કરનારી છે તેવી નથી. ૩૫.

૧. 'વાયુનું' એટલે વાયુના સંબંધવાળા સ્પર્શનું. આથી એમ જણાવેલું છે કે વાયુનું સ્પર્શથી પ્રત્યક્ષ જ્ઞાન થાય છે, એવો શાસ્ત્રકારનો મત છે. (પ્ર)

પ્રત્યક્ષથી જણાતા સ્પર્શના પ્રકારો જ સ્પર્શનાં લક્ષણો હોવાથી તેમને નીચેના શ્લોકમાં ગણાવે છેઃ

**મૃદુત્વં કઠિનત્વં ચ શૈત્યમુષ્ણત્વમેવ ચ ।।**
**એતત્સ્પર્શસ્ય સ્પર્શત્વં તન્માત્રત્વં નભસ્વતઃ ।।૩૬।।**

મૃદુપણું અને કઠણપણું, શીતલપણું તેમજ ઉષ્ણપણું – આ સ્પર્શનું સ્પર્શપણું, વાયુનું સૂક્ષ્મ રૂપ છે. ૩૬.

(૧) કપાસ વિગેરેમાં મૃદુપણું (૨) પથ્થર વિગેરેમાં કઠણપણું (૩) 'શૈત્યં' શીતલપણું અને (૪) ઉષ્ણપણું એવા ચાર પ્રકારનો સ્પર્શ છે. આ ચાર પ્રકારનો કારણરૂપ (સ્પર્શ)જ એક એક કાર્યમાં પ્રકટ થાય છે, જેમકે ઉષ્ણપણું તેજમાં, શીતલપણું જલમાં, પાકેલી માટીમાં કઠણપણું (અને) કાચી (માટી)માં મૃદુપણું. 'આ સ્પર્શનું સ્પર્શપણુ' શબ્દોથી એમ જણાવેલું છે કેઃ 'જેનો સ્પર્શ થાય છે તે સ્પર્શ' એવી વ્યુત્પત્તિ પ્રમાણે, અથવા સ્પર્શ કરનારી ઈન્દ્રિયથી ગ્રહણ થાય (તે સ્પર્શ એવા મત પ્રમાણે) વાયુ પણ (સ્પર્શ) થાય. વ્યાકરણ વિગેરેમાં 'ક' વિગેરે પણ સ્પર્શો છે. (બે પદાર્થના) જોડાણમાં પણ સ્પર્શ (થાય છે) એમ લોક કહે છે. તે કોઈને પણ અમે (સ્પર્શ કહેવા) ઈચ્છતા નથી, પરંતુ મૃદુપણું વિગેરે જે અમે કહેલ છે, તે જ[1] સ્પર્શનું સ્પર્શપણું છે. 'વાયુનું સૂક્ષ્મરૂપ' શબ્દોથી (સ્પર્શનું) બીજું લક્ષણ કહેલું છે. 'નભસ્વતઃ' વાયુનું 'તન્માત્રત્વં' સૂક્ષ્મરૂપ (સ્પર્શ છે). ૩૬.

૧. મૃદુપણું વિગેરે ગુણવાળા હોનારું સ્વરૂપ, એ (સ્પર્શનું) સામાન્ય લક્ષણ જ છે, એવો અર્થ છે. તત્ત્વરૂપ સ્પર્શ ચાર પ્રકારનો છે. સ્પર્શના કાર્યરૂપ એટલે ગુણરૂપ (સ્પર્શ) તો ગુરુપણું, સંયોગ વિગેરે ભેદોવાળો અનેક પ્રકારનો છે, કારણકે ૨।૧૦।૨૩માં તેમ કહેલું છે. તેથી વિચિત્ર સ્પર્શ પણ જૂદા જૂદા પ્રકારનો થાય તેથી ખામી થતી નથી.(પ્ર)

નીચેના શ્લોકમાં વાયુનું લક્ષણ કહે છેઃ

**ચાલનં વ્યૂહનં પ્રાપ્તિર્નેતૃત્વં દ્રવ્યશબ્દયોઃ ।।**
**સર્વેન્દ્રિયાણામાત્મત્વં વાયોઃ કર્માઽભિલક્ષણમ્ ।।૩૭।।**

૧. હલાવવું ૨.ભેગા કરવું ૩. પ્રાપ્ત કરાવવું ૪. દ્રવ્ય અને શબ્દને લઈ જવા (અને) ૫. બધી ઈન્દ્રિયોના આત્મા હોવું એ વાયુનું કર્મથી લક્ષણ છે. ૩૭.

વાયુનું કર્મ લક્ષણ[1] છે. તે કર્મ પાંચ પ્રકારનું હોવાથી પાંચ લક્ષણો છે. (૧) (વૃક્ષની) શાખા વિગેરેને હલાવવું (૨) પડેલાં તરખલાં વિગેરેને વાવાઝોડાંથી જ ભેગાં કરવાં (૩) ગંધ 'પ્રાપ્તિઃ' નાકને પ્રાપ્ત કરાવવી. (૪) દ્રવ્ય અને શબ્દને લઈ જવાં, એક જગ્યામાં રહેલાં વસ્ત્ર વિગેરે (દ્રવ્યો)ને બીજી જગ્યાએ લઈ જવાં, અને નગારૂં તથા ડંકો ભેગાં થતાં ઉત્પન્ન થએલો શબ્દ કાનના પોલાણ સુધી સ્વભાવથી જાય છે[2], તે વાયુ વિરુદ્ધ હોય ત્યારે જતો નથી, સમીપથી પણ સંભળાતો નથી, પરંતુ (વાયુ) અનુકૂળ હોય ત્યારે દૂરથી પણ સંભળાતો હોવાથી, શબ્દને પણ (વાયુ) બીજી જગ્યાએ લઈ જાય છે. (૫) વળી આ બધી ઈન્દ્રિયોનો આત્મા છે, કારણ કે આ (વાયુ) ન હોય, તો કોઈપણ ઈન્દ્રિય કાર્ય કરી શકતી નથી. આ પાંચ પ્રકારનું વાયુનું કર્મથી (કર્મ પ્રમાણે) સંપૂર્ણ પ્રકારનું લક્ષણ (કહ્યું). ૩૭.

૧. 'કર્મલક્ષણમ્' એટલે કર્મ જ લક્ષણ છે. (પ્ર)
૨. આ 'પ્રસ્થાનરત્નાકર'માં મેં નિપુણતાથી સિદ્ધ કરેલું હોવાથી, તેમાંથી જોવું, એ પ્રમાણે 'રૂપ વગરનાં હોઈ હલાવવું વિગેરે પાંચ કર્મવાળા હોવું' એ (વાયુનું) સામાન્ય લક્ષણ છે. હલાવવું વિગેરેમાંથી હરકોઈ એક પ્રકારનું કર્મ તે અમુક (વાયુ)નું લક્ષણ જાણવું. આ બંને વ્યવહારમાં ઉપયોગી જાણવાં. (પ્ર)

નીચેના શ્લોકમાં તેજની ઉત્પત્તિ કહે છેઃ

**વાયોશ્ચ સ્પર્શતન્માત્રાદ્રૂપં દૈવેરિતાદભૂત્ ।।**
**સમુત્થિતં તતસ્તેજશ્ચક્ષૂ રૂપોપલમ્ભનમ્ ।।૩૮।।**

દૈવે પ્રેરણા કરેલા વાયુ અને સ્પર્શતન્માત્રામાંથી રૂપ ઉત્પન્ન થયું. તેમાંથી તેજ ઉત્પન્ન થયું. ચક્ષુ રૂપને ગ્રહણ કરનાર (ઈન્દ્રિય) છે. ૩૮.

સ્પર્શતન્માત્રામાંથી રૂપતન્માત્રા (ઉત્પન્ન થઈ) એમ (અર્થ કરવો). 'દૈવે' એટલે કાલે પ્રેરણા કરેલા એ (વાયુ અને સ્પર્શતન્માત્રા એ) બંનેનું વિશેષણ છે. પહેલાં રૂપ ઉત્પન્ન થયું, તેમાંથી તેજ (ઉત્પન્ન થયું). ચક્ષુ તો 'રૂપમ્' રૂપ 'ઉપલભ્યતે' ગ્રહણ થાય છે આનાથી (જેનાથી) તેવું, રૂપને ગ્રહણ કરનાર (ઈન્દ્રિય છે), એમ રૂપમાં (તેને) પ્રમાણ કહેલું છે. ૩૮.

નીચેના શ્લોકમાં રૂપનાં લક્ષણો કહે છેઃ

**દ્રવ્યાડડકૃતિત્વં ગુણતા વ્યક્તિસંસ્થાત્વમેવ ચ ।।**
**તેજસ્ત્વં તેજસઃ સાધ્વિ રૂપમાત્રસ્ય વૃત્તયઃ ।।૩૯।।**

હે ભલી (મા) ! (૧) દ્રવ્યના જેવી આકૃતિવાળું હોવું (૨) અધીનપણું અને (૩) વ્યક્તિના જેવી સ્થિતિવાળા હોવું (અને ૪) તેજનું તેજપણું (એ) રૂપતન્માત્રાની વૃત્તિઓ છે. ૩૯.

(૧) ઘડો વિગેરે દ્રવ્યની જે આકૃતિ હોય તે જ રૂપની (આકૃતિ) છે. (ઘડા જેવું) તળીઉં અને વચલો ભાગ પહોળો હોવો, એવા આકારનું, અને લાંબું તથા પથરાયેલું રૂપ પણ હોય છે. 'દ્રવ્યના જેવી' (તેની) આકૃતિ હોવાથી દ્રવ્ય ઉપમેય નથી[1]. તેથી (આ) રૂપનું જ લક્ષણ છે. (૨) 'અધીનપણું', સદા (બીજાને) અધીન તરીકે જ જણાવું. શબ્દ વિગેરેમાં આમ નથી, કારણ કે સ્વતંત્ર રીતે પણ તે જણાય છે. (૩) વ્યક્તિ (અમુક પદાર્થ)ની સ્થિતિ જ છે સ્થિતિ જેની તેવું (રૂપ છે), કારણ કે જો વ્યક્તિ વાંકી હોય, તો રૂપ પણ વાંકું થાય છે. રૂપવાળો પદાર્થ બેસે તો લાંબા થવું, પથરાવું વિગેરે સંકડાવાના ભેદને લીધે રૂપ પણ બેસે છે, એટલે બેઠેલું થાય છે, અને (૪) તેજનું (તે) તેજપણું છે. રૂપની તન્માત્રા એટલે સૂક્ષ્મ અવસ્થા છે, એવો અર્થ છે. રૂપ ( દેવહૂતિને ) મોહ ન કરે તે માટે 'હે ભલી (મા) !' એવું સંબોધન કરેલું છે. 'રૂપમાત્રસ્ય' એટલે રૂપની તન્માત્રાની અથવા સર્વ (પદાર્થો)માં રહેલા રૂપની આ ચાર વૃત્તિઓ છે. ૩૯.

૧. ''દ્રવ્યની આકૃતિ બીજા દ્રવ્યમાં પણ હોય. તેથી આ લક્ષણ તે (બીજાં દ્રવ્ય)ને પણ લાગુ પડે'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. દ્રવ્ય ઉપમેય નથી, પરંતુ ઉપમાન છે. તેથી ટૂકમાં આ રૂપનો જ અસાધારણ ગુણ છે, એવો અર્થ છે. આ ચારે રૂપનાં સામાન્ય લક્ષણો છે, ચોથું વ્યવહારમાં ઉપયોગી નથી. અહિં રૂપના પ્રકારો ગણાવેલા નથી અને તે બધાને જણાતા પ્રસિદ્ધ હોવાથી ઘણા છે એમ જાણવું. ચિત્રરૂપ પણ જૂદું જાણવું. ગંધનાં લક્ષણમાં તે જણાવવામાં આવશે. ( પ્ર ).

નીચેના શ્લોકમાં તેજનાં લક્ષણો કહે છેઃ

**દ્યોતનં પાચનં પાનમદનં હિમમર્દનમ્ ।।**
**તેજસો વૃત્તયસ્ત્વેતાઃ શોષણં ક્ષુત્તૃડેવ ચ ।।૪૦।।**

૧. પ્રકાશ કરવો ૨.પાચન કરવું ૩.પાન કરવું અને ખાવું ૪. થંડીને દૂર કરવી અને (૫) શોષણ કરવું તેમજ ભૂખ અને તરસ, આ તો તેજનાં કાર્યો છે. ૪૦.

(૧) 'દ્યોતનં' સૂર્ય વિગેરેની પેઠે પ્રકાશ કરવો. (૨) પાચન કરવું. (એ) ઉદરના અગ્નિ (જઠરાગ્નિ)નું અથવા પકાવવું (એ) અગ્નિનું કાર્ય છે. (૩) જલ વિગેરેનું પાન કરવું. તેજ વિના બીજો કોઈ પાન કરતો નથી. 'અદનં' ખાવું. ખાનાર

અગ્નિ જ છે. (૪) 'હિમમર્દનમ્' થંડીને દૂર કરવી અને (૫) શોષણ કરવું, એ તેજનાં 'પઞ્ચ' પાંચ 'વૃત્તયઃ' કાર્યો છે. તે પૈકી (૧) પ્રકાશ કરવો, (૨) પાચન કરવું અને (૩) થંડીને દૂર કરવી એ ત્રણ પ્રત્યક્ષ જણાય છે, અને (૪) 'શોષણ કરવું' એનું અનુમાન થાય છે, કારણ કે વાયુ કરતાં તડકો વસ્ત્ર વિગેરેમાંથી જલને તરત જ ખેંચી લે છે. (૫) ''પાન કરવું અને ખાવું એ તેજનું કાર્ય નથી, કારણ કે તે ચેતન (પ્રાણીઓ) કરે છે અને ભૂખ અને તરસને લીધે જ તે થાય છે'' એવી શંકા થાય, તેથી 'તેમજ ભૂખ અને તરસ' એમ કહેલું છે. ભૂખ અને તરસરૂપ તેજ જ છે, તેથી પાન કરવું અને ખાવું એ તેનું જ કાર્ય છે, એ યોગ્ય છે, એવો અર્થ છે[1]. ૪૦.

૧. અહિં દરેક કાર્ય બધા તેજમાં હોતું નથી, તેથી જ જૂદાં જૂદાં તેજનાં પ્રકાશ કરવો વિગેરે છ* કાર્યો છે એમ તેજનું સામાન્ય લક્ષણ કહેલું જાણવું, કારણ કે શાસ્ત્રમાં અમુક (કાર્ય) કહીને સામાન્ય સૂચવે તેમાં દોષ નથી. બીજા શાસ્ત્રમાં 'ઉષ્ણ સ્પર્શવાળા અને પ્રકાશતા રૂપવાળા હોવું' એવું તેજનું સામાન્ય લક્ષણ કહેલ છે. (પ્ર).

*પાંચ જોઈએ એમ જણાય છે. )

નીચેના શ્લોકમાં જલની ઉત્પત્તિ કહે છેઃ

**રૂપમાત્રાદ્વિકુર્વાણાત્તેજસો દૈવચોદિતાત્ ।।**
**રસમાત્રમભૂત્તસ્માદમ્ભો જિહ્વા રસગ્રહઃ ।।૪૧।।**

દૈવે પ્રેરેલા (અને) કાર્ય કરવા તત્પર થએલા રૂપતન્માત્રા અને તેજમાંથી રસતન્માત્રા ઉત્પન્ન થઈ. તેમાંથી જલ (ઉત્પન્ન થયું). જીભ રસને ગ્રહણ કરનારી (ઈન્દ્રિય) છે. ૪૧.

રૂપતન્માત્રા અને તેજમાંથી (રસતન્માત્રા થઈ). 'દૈવે પ્રેરેલા' અને 'કાર્ય કરવા તત્પર થએલા' એ બે (તે) બંનેનાં વિશેષણો છે. પહેલાં રસતન્માત્રા ઉત્પન્ન થઈ. તેમાંથી જલ (ઉત્પન્ન થયું). જીભ રસગ્રહણ કરે છે તેથી (તે) તેવી (રસગ્રહણ કરનારી ઈન્દ્રિય) છે. રસમાં જીભ જ પ્રમાણ છે. ૪૧.

નીચેના શ્લોકમાં રસના પ્રકારો કહીને જ (તેનું) લક્ષણ કહે છેઃ

**કષાયો મધુરસ્તિક્તઃ કટ્વમ્લ ઈતિ નૈકધા ।।**
**ભૌતિકાનાં વિકારેણ રસ એકો વિભિદ્યતે ।।૪૨।।**

ભૌતિક (પદાર્થો)નાં બદલાવાથી એક રસના કસેલો, મીઠો, કડવો, તીખો, ખારો એમ અનેક પ્રકારના ભેદો થાય છે. ૪૨.

ખેર વિગેરેનો કસેલો, ગોળ વિગેરેનો મીઠો, લીંબડો વિગેરેનો કડવો, તીખાં વિગેરેનો તીખો, આંબલી વિગેરેનો ખાટો (રસ હોય છે). આથી પણ[1] અનેક પ્રકારનો (રસ) છે, એમ 'એમ અનેક પ્રકારના' શબ્દોથી કહેલું છે. એવી રીતે (રસ)

અનેક પ્રકારનો થાય છે, એવો અર્થ છે.

''જો રસ સ્વભાવથી એવા પ્રકારનો હોય, તો (તે) જલમાં પણ પ્રાપ્ત થાય, અને પાકવા વિગેરેથી મધુર અને કડવો ન હોય'' એવી શંકા થાય, તે સંબંધમાં 'ભૌતિક (પદાર્થો)ના બદલાવાથી' એમ કહેલું છે. ભૌતિક પૃથ્વીના અવયવોના ભળવાથી એક જ રસના અનેક પ્રકારના ભેદો થાય છે. વાસ્તવિક રીતે 'ન જણાય તેવો મીઠો' એક જ રસ છે[૨]. ૪૨.

૧. આથી એમ જણાવેલું છે કે ભેળસેળવાળો પણ રસ હોય છે એમ માનવું. (પ્ર)

૨. આ (શ્લોકમાંના) 'એક' શબ્દનું વિવરણ છે. ઘણું જલ હોવા છતાં તેમાં થોડું પણ મીઠું વિગેરે નાખવામાં આવે, ત્યારે રસમાં ફેરફાર થાય છે, તેથી (રસ) 'ન જણાય તેવો' છે. એમ જાણવું. એ રીતે કસેલો વિગેરેમાંનો એક, અને જલની તન્માત્રા (સૂક્ષ્મરૂપ) તે રસ, એમ રસનાં બે સામાન્ય લક્ષણ જાણવાં. (પ્ર).

નીચેના શ્લોકમાં જલનાં લક્ષણો કહે છેઃ

**ક્લેદનં પિણ્ડનં તૃપ્તિઃ પ્રાણનાઽઽપ્યાયનોદનમ્ ।।**
**તાપાઽપનોદો ભૂયસ્ત્વમમ્ભસો વૃત્તયસ્ત્વિમાઃ ।।૪૩।।**

ભીંજવવું, પિંડો કરવો, તૃપ્ત કરવું, જીવાડવું, સંતર્પણ કરવું, વહી જવું, સંતાપ દૂર કરવો (અને) ભરપૂરપણું, આ જલની વૃત્તિઓ છે. ૪૩.

(૧) 'ક્લેદનં' વસ્ત્ર વિગેરેને ભીંજવવાં, (૨) 'પિણ્ડનં' જવના લોટની પેઠે ભુક્કો થએલ હોય તેમનો પિંડો કરવો, (૩) 'તૃપ્તિઃ' ભૂખ વિગેરે દૂર કરી પુરુષને તૃપ્ત કરવો, કારણ કે ભોજન કર્યા પછી પણ જલ પીધું ન હોય ત્યાં સુધી તૃપ્ત થતો નથી. 'પ્રાણનાપ્યાયનમ્' (૪) 'પ્રાણનં' જીવાડવું (અને) (૫) 'આપ્યાયનં' પ્રાણોની તૃપ્તિ કરવી. (૬) 'ઉદનં' વહી જવું, કારણ કે જલ પદાર્થોને પ્રવાહથી લઈ જાય છે અને કિનારો વિગેરેને પાડી નાખે છે. (૭) 'તાપાપનોદનં' સંતાપ દૂર કરવો. (૮) 'ભૂયસ્ત્વં' એક પ્રદેશમાં પોતાની જાતના ઘણાંએ જ રહેવું, અથવા જેમાં જલ પ્રવેશ કરે છે, તેના જેવો આકાર તેનો થાય છે, તેથી (ભરપૂરપણું કહેલું છે). જલની આ આઠ વૃત્તિઓ છે[૧]. ૪૩.

૧. આથી (એમ જણાવ્યું છે કે) ભીંજવવું વિગેરે આઠ વૃત્તિઓ જલનું સામાન્ય લક્ષણ છે. ઘી તેલ વિગેરેમાં ભીંજવવાપણું અથવા પિંડો કરવાપણું જોવામાં આવે છે તે પણ જલનો જ ગુણ છે, પરંતુ કાર્ય (ઘી તેલ વિગેરે પદાર્થો) પાંચ મહાભૂતોમાંથી બનેલા હોવાથી, અગ્નિનો સંબંધ વિગેરેથી તે પ્રકટ થાય છે. તેઓ જલ કહેવાતા નથી, તે તો જેમ કરા જલ કહેવાતા નથી તેમ બીજાં મહાભૂતોએ કરેલા પ્રતિબંધને લીધે કહેવાતા નથી. કરા પણ કઠણ અને ઘન દેખાય છે, તે ભ્રાંતિ નથી, કારણ કે તેમાં બીજાં મહાભૂતો ભળેલ હોય છે. ધમણની પેઠે વાયુ (જલમાં) પૂરેલો હોય, ત્યારે ઘણી ઠંડીને લીધે જલનો પિંડો થતાં કરા થાય છે. તેમનામાં બે મહાભૂતો

હોય છે. તેથી જ હિમાલયમાં ગંગાના મૂલના પ્રવાહ ઉપર પુરુષો પગથી ચાલતા જોવામાં આવે છે. તેમ ન હોય, તો તેઓ ડૂબી જાય; અને શીયાળામાં ઝાકળ પડવાના સમયે વાસણમાં ખૂલ્લું જલ રાખેલ હોય, અને પછી સવારે વાસણ ઉંધું કરીએ તો પણ તે જલ નીચે પડતું નથી. વળી છરીથી જલના કટકા કરી ફલની પેઠે ખાવાનો પણ મધ્યપ્રદેશમાં રહેનાર પુરુષોને અનુભવ છે. (પ્ર)

**નીચેના શ્લોકમાં પૃથ્વીની ઉત્પત્તિ કહે છેઃ**

**રસમાત્રાદ્વિકુર્વાણાદમ્ભસો દૈવચોદિતાત્ ।।**
**ગન્ધમાત્રમભૂત્તસ્માત્ પૃથ્વી ઘ્રાણસ્તુ ગન્ધગઃ ।।૪૪।।**

કાર્ય કરવા તત્પર થએલાં (અને) દૈવે પ્રેરેલાં રસતન્માત્રા (અને) જલમાંથી ગંધતન્માત્રા ઉત્પન્ન થઈ, તેમાંથી પૃથ્વી (ઉત્પન્ન થઈ). નાક ગંધને ગ્રહણ કરનાર (ઈન્દ્રિય) છે. ૪૪.

કાલે પ્રેરણા કરેલાં, (અને) જેના ગુણમાં ખળભળાટ થએલો તેવાં સ્થૂલ અને સૂક્ષ્મ જલમાંથી આરંભમાં ગંધતન્માત્રા ઉત્પન્ન થઈ. તેમાંથી પૃથ્વી (ઉત્પન્ન થઈ). નાક ગંધને ગ્રહણ કરનાર ઈન્દ્રિય હોવાથી (ગંધ વિષયમાં) પ્રમાણ છે. ૪૪.

**નીચેના શ્લોકમાં ગંધના પ્રકારો કહે છેઃ**

**કરમ્ભપૂતિસૌરભ્યશાન્તોગ્રામ્લાદિભિઃ પૃથક્ ।।**
**દ્રવ્યાઽવયવવૈષમ્યાદ્ગન્ધ એકો વિભિદ્યતે ।।૪૫।।**

એક ગંધ દ્રવ્યના અવયવોના ભેદને લીધે મિશ્રગંધ, દુર્ગંધ, સુગંધ, શાંતગંધ, ઉગ્રગંધ, ખાટીગંધ વિગેરે ભેદોથી જૂદી જૂદી અનેક પ્રકારની થાય છે. ૪૫.

'કરમ્ભઃ' અથાણાં વિગેરેમાં પ્રસિદ્ધ મિશ્ર ગંધ. 'પૂતિઃ' દુર્ગંધ. 'સૌરભ્યં' ચંદન વિગેરેની સુગંધ. શાંત અને ઉગ્ર (ગંધ) દુર્ગંધ અને સુગંધના જ ભેદો છે. કમલ વિગેરેની ગંધ શાંત છે. ચંપક વિગેરેની અને લસણ વિગેરેની ગંધ ઉગ્ર છે. 'અમલઃ' બગડી ગએલા યૂષ વિગેરેની (ખાટી ગંધ). 'વિગેરે' શબ્દથી ધૂપ વિગેરેની અનેક પ્રકારની ગંધ કહેલી છે. જૂદી જૂદી જાતની ગંધોની સેળભેળ થતી નથી, પરંતુ[1] તે[2] (ગંધના) જૂદા જૂદા પ્રકારો જ છે, કારણ કે સેળભેળવાળા રસની પેઠે સેળભેળવાળી ગંધ થાય છે ; કેમકે કારણમાં રહેલ (અને) પ્રકટ ન થએલ એક જ પ્રકારના રસ અથવા ગંધ કાર્યમાં રસ તથા ગંધ પ્રકટ કરે છે. તેથી[3] જ હરડે વિગેરેનો રસ પણ જૂદો છે, અને ધૂપ વિગેરેની ગંધ (જૂદી છે). પેટાભાગ અનંત હોય તેમાં દોષ નથી. તેમ ન હોય (પેટાભાગ અનંત હોવામાં દોષ હોય), તો પદાર્થના વિભાગ કરનારી ઉપાધિના પચીસ પ્રકારો ન હોય. આ (અર્થ) 'જૂદી જૂદી' શબ્દથી કહેલો છે. તેમ હોવાનું

કારણ ઉત્તરાર્ધથી કહેલું છે. આધાર બનેલ દ્રવ્યના જે અવયવો, તેઓ જૂદા જૂદા પ્રકારના રસ અને ગંધવાળા હોવાથી, ગંધના ભેદો (જૂદા જૂદા પ્રકારો) થાય છે. અથવા યોગ્ય[૪] પ્રકારે ભેગા કરેલા અવયવો સ્વભાવથી સુગંધવાળી (ગંધ) ઉત્પન્ન કરે છે. જો તેઓ વિપરીત રીતે ગોઠવેલા હોય, તો તે ગંધ (સુગંધ) ઉત્પન્ન કરતા નથી. તેથી 'કરમ્ભઃ' 'મિશ્રગંધ' વિગેરે શબ્દોથી ગંધનો નાશ અથવા ગંધનું બરાબર પ્રકટ ન થવું, અથવા ગંધનો આભાસ કહેલો છે. (અવયવોનો) ભેદ અનેક પ્રકારનો હોવાથી, જલ વિગેરે ઘણા પદાર્થો તેને ઉત્પન્ન કરનારા હોવાથી, ગંધ અનંત પ્રકારની જ થાય છે. તે (અર્થ) 'ગંધ એક' હોવા છતાં 'અનંત પ્રકારની થાય છે' એમ કહેલો છે. ૪૫.

૧. ''ગંધ મિશ્ર શાંત અને ઉગ્ર હોય છે, એમ સ્વીકારવાથી (ગંધની) જાતોની સેળભેળ થતાં 'સુગંધ' વિગેરેની જાતિનો નાશ થાય. પુષ્પો વિગેરે જેમાં સુગંધ છે તેમાં દુર્ગંધ હોતી નથી. લસણ વિગેરે જેમાં દુર્ગંધ છે તેમાં સુગંધ હોતી નથી. અથાણાં વિગેરેમાં (સુગંધ તથા દુર્ગંધ) બંને હોય છે'' એવી શંકા દૂર કરવા આ કહેલ છે. (પ્ર)

૨. 'તે' એટલે 'મિશ્ર કહેવાતા'. (પ્ર)

૩. આ વાકયથી મિશ્રગંધને જૂદી ગણવાના આધારમાં તર્ક કહેલો છે. મીઠા સુગંધવાળાં અને ખાટા દુર્ગંધવાળાં દ્રવ્યો પ્રકટ થએલ ન હોય, તેમાં મિશ્ર રસ અને ગંધ પ્રકટ થયા હોતા નથી, પરંતુ તે બંને દ્રવ્યોનાં બનેલાં દ્રવ્યમાં, તે બંને દ્રવ્યો રસ અને ગંધ ઉત્પન્ન કરે છે, એવો અર્થ છે. (પ્ર)

૪. (શ્લોકમાંના) 'એકઃ' 'એક' શબ્દને ધ્યાનમાં લઈ આ કહેલ છે. 'અપ્રકટ સુગંધ' એક જ ગંધ છે. બીજી તો તેના આભાસરૂપ છે, એવો અર્થ છે. આથી એમ સિદ્ધ થાય છે કે બ્રહ્માંડ ઉત્પન્ન થયાં પહેલાં ગંધ તત્ત્વરૂપ હતી. તેને જ 'એકઃ' 'એક' શબ્દથી કહેલ છે. ત્યારપછી મહાભૂતોના ગુણરૂપ આ પ્રકારો તેનાં કાર્યરૂપ થયાં, પણ તત્ત્વરૂપ નથી, એટલે વ્યવહારમાં જણાતું પ્રત્યક્ષ પણ ખોટું નથી. એ રીતે 'ભૂમિની તન્માત્રા હોવું અને મિશ્રગંધ વિગેરેમાં એક હોવું' એવું ગંધનું સામાન્ય લક્ષણ જાણવું. (પ્ર

નીચેના શ્લોકમાં પૃથ્વીનું લક્ષણ કહે છેઃ

**ભાવનં બ્રહ્મણઃ સ્થાનં ધારણં સદ્વિશેષણમ્ ।।**
**સર્વસત્ત્વગુણોદ્ભેદઃ પૃથિવીવૃત્તિલક્ષણમ્ ।।૪૬।।**

(૧) આકાર પ્રાપ્ત કરાવવો (૨) બ્રહ્મનું સ્થાન હોવું (૩) ધારણ કરવું (૪) તત્ત્વોનો ભેદ જણાવવો (૫) સર્વ પ્રાણીઓના ગુણોને પ્રકટ કરવા (એ) પૃથ્વીનું કાર્યથી થતું લક્ષણ છે. ૪૬.

પૃથ્વીનાં પાંચ કાર્યો છે. (૧) સ્વભાવથી આધાર બનેલી હોય છે, અને (૨) દેહ વૃક્ષ વિગેરેરૂપ (પૃથ્વી) આધારે રહેનારી હોય છે. અને (૩) તેઓનું કારણ બનેલી હોય છે અને (૪) પ્રતિમારૂપ હોય છે અને (૫) ઉપાસના કરવા માટે મનથી કલ્પના કરવા યોગ્ય હોવું. એવી રીતે પાંચ પ્રકારની (પૃથ્વી) થાય છે. તે પૈકી આકાર પ્રાપ્ત

કરાવવાનું મનથી થાય છે. બ્રહ્મનું સ્થાન એટલે પ્રતિમા. ધારણ કરનારી (પૃથ્વી) સ્થૂલ છે. ઘડો વિગેરે 'સતાં' વિદ્યમાન પદાર્થોનાં 'વિશેષણં' જૂદા જૂદા પ્રકારના કારણરૂપ હોવું. બધા 'સત્ત્વાનાં' જીવોનાં સ્થૂલ સૂક્ષ્મ કાળો પીળો વિગેરે પ્રકારના જે ગુણો, તે થાય છે જેમાંથી (તેવી પૃથ્વી છે).

અથવા (૧) બ્રહ્મનો આકાર પ્રાપ્ત કરાવવો[1] એટલે પ્રતિમા (થવું). (૨) જલ વિગેરેનું સ્થાન (થવું). (૩) ધારણ કરવું એટલે બધા નિમિત્તથી આધાર હોવું. સ્થાન સ્થિર હોય છે, એવો ભેદ છે[2]. (૪) આકાશ વિગેરે 'સતાં' વિદ્યમાન (પદાર્થો)ની હદ બાંધનાર થવું. (૫) બધા 'સત્ત્વાનાં' પ્રાણીઓના પુરુષપણું વિગેરે જૂદા જૂદા ગુણોને 'ઉદ્ભેદઃ' ચોક્કસ પરિણામોથી પ્રકટ કરવા.

વાસ્તવિક[3] રીતે તો પહેલાં ઉત્પન્ન થએલી પૃથ્વીનાં આ લક્ષણો જલ વિગેરેથી (તેનો) ભેદ જણાવનારાં કહેવાં જોઈએ. પ્રતિમા ચિત્ર વિગેરે માત્ર આકૃતિરૂપ[4] હોવાથી, 'બ્રહ્મ' શબ્દ નિરર્થક થાય. તેમજ 'સ્થાનં' 'સ્થાન' એ જૂદી સ્થિતિ નથી[5]. સૂર્ય વિગેરેમાં પણ તે (તેવું સ્થાન) સંભવતું હોવાથી તે પૃથ્વીનું ખાસ લક્ષણ નથી. તેથી[6] (૧) 'ભાવનં' એટલે સર્વ પદાર્થોને આકાર પ્રાપ્ત કરાવવો (પૃથ્વીનું કાર્ય છે), કારણ કે બધાએને (તે) ઉત્પન્ન કરે છે. (૨) 'બ્રહ્મનું' એટલે શબ્દ બ્રહ્મના અને પરબ્રહ્મના હૃદય કંઠ વિગેરે સ્થાનરૂપ હોવું (૩) બધાએ જગતને ધારણ કરવું. (૪) 'સતાં' વિદ્યમાન બધાંએ તત્ત્વોનો 'વિશેષણં' ભેદ જણાવનાર અથવા અવયવ બનેલ હોવું. કાષ્ઠ વિગેરેમાં અગ્નિ પ્રકટ કરી બીજાથી (તેમનો) ભેદ જણાવે છે. તેમ ન કરે, તો તેજનું સ્વરૂપ જ કયાંય પણ પ્રકટ થએલ ન હોવાથી, કોનાથી તે જૂદું પડે ? એ પ્રમાણે પોતાની અંદર રહેલાં રસરૂપ જલને પણ નદી વિગેરેમાં પ્રકટ કરી દેખાડે છે. એ પ્રમાણે પંખો વિગેરેથી વાયુને, ખાડો વિગેરેથી આકાશને, અને શરીર વિગેરેમાં અહંકાર વિગેરેને, બધી ઈન્દ્રિયોને અને આત્માને (પ્રકટ કરે છે). વળી (૫) બધા પ્રાણીઓ એટલે જીવોના જેટલા ગુણો છે, બ્રહ્માથી આરંભી તરખલાં સુધીનાં જે ભેદો છે, તેઓ પૃથ્વીમાં જ પ્રકટ થાય છે. ૪૬.

૧. શ્રીધરે કરેલ અર્થ પ્રમાણે 'બ્રહ્મણઃ ભાવનં' અન્વય લઈ અર્થ કર્યો છે. (પ્ર)
૨. આ મત પ્રમાણે 'ધારણ' અને 'સ્થાન' એક અર્થવાળા થતાં, ફરી તે જ અર્થ કહ્યાનો દોષ આવે તેથી એ બેનો ભેદ કહેલો છે. (પ્ર)
૩. શ્રીધરે કરેલ અર્થ બરાબર નથી એમ જણાવે છે. (પ્ર)
૪. 'આકૃતિરૂપ' હરકોઈની (માત્ર બ્રહ્મની જ નહિ) આકૃતિરૂપ. (પ્ર)
૫. સ્થાનનું પણ (શ્રીધરનું) લક્ષણ બરાબર નથી એમ જણાવે છે. (પ્ર)

૬. અહિંથી (પોતે અર્થ કરી) સિદ્ધાંત કહે છે. તેથી આ પાંચમાંથી એક કાર્ય કરનાર હોવું એ પૃથ્વીનું સામાન્ય લક્ષણ છે, અને તે દરેક કાર્ય કરનાર હોવું એ વિશેષ લક્ષણ છે. એ પ્રમાણે છ લક્ષણ છે એમ જાણવું. (પ્ર)

કર્ણેન્દ્રિય વિગેરે પ્રમાણ તરીકે શબ્દ વિગેરેને ગ્રહણ કરનાર હોવાનું કહ્યું, તે જ તેમનાં લક્ષણ છે એમ નીચેના અઢી શ્લોકથી કહે છે:

**નભોગુણવિશેષોડર્થો યસ્ય તચ્છ્રોત્રમુચ્યતે ।।**
**વાયોર્ગુણવિશેષોડર્થો યસ્ય તત્સ્પર્શનં વિદુઃ ।।૪૭।।**
**તેજોગુણવિશેષોડર્થો યસ્ય તચ્ચક્ષુરુચ્યતે ।।**
**અમ્ભોગુણવિશેષોડર્થો યસ્ય તદ્રસનં વિદુઃ ।।**
**ભૂમેર્ગુણવિશેષોડર્થો યસ્ય તદ્ ઘ્રાણમુચ્યતે ।।૪૮।।**

આકાશનો ખાસ ગુણ જેનો વિષય છે તે કર્ણેન્દ્રિય કહેવાય છે. વાયુનો ખાસ ગુણ જેનો વિષય છે તેને સ્પર્શેન્દ્રિય (ત્વચા) કહે છે. તેજનો ખાસ ગુણ જેનો વિષય છે તે ચક્ષુ કહેવાય છે. જલનો ખાસ ગુણ જેનો વિષય છે તેને રસનેન્દ્રિય (જીભ) કહે છે. ભૂમિનો ખાસ ગુણ જેનો વિષય છે તે ઘ્રાણેન્દ્રિય (નાક) કહેવાય છે. ૪૭.૪૮.

તન્માત્રારૂપ (સૂક્ષ્મરૂપ)વાળો હોવા છતાં શબ્દ આકાશનો ગુણ છે. વસ્ત્રમાં તાંતણા જણાય છે તેમ હોવા છતાં, જેમ કાર્યમાં કારણ જણાય છે તેમ આકાશનો શબ્દ ગુણ[૧] છે. આગળ (બીજાઓમાં) પણ એમ (જાણવું). શબ્દ આકાશનો અસાધારણ ગુણ છે[૨], પરંતુ સંયોગ[૩] વિગેરેરૂપ (ગુણ) નથી ; તે જ છે 'અર્થઃ' વિષય જેનો, તે કર્ણેન્દ્રિય છે. 'કહેવાય છે' શબ્દથી પ્રમાણ (જણાવ્યું). આથી બીજાઓનું વ્યાખ્યાન થયું. વાયુનો ખાસ (અસાધારણ) ગુણ સ્પર્શ છે, તેજનો ખાસ ગુણ રૂપ છે, જલનો ખાસ ગુણ રસ છે, એવી રીતે ભૂમિનો ખાસ ગુણ ગંધ છે. ૪૭.૪૮.

૧. શબ્દ તન્માત્રામાંથી આકાશ ઉત્પન્ન થયું. (શ્લોક ૩૨). તેથી શબ્દ કારણ છે, આકાશ કાર્ય છે. કાર્યમાં કારણ જણાય છે તેમ આકાશમાં શબ્દ જણાય છે. શબ્દ તેનો અસાધારણ ગુણ છે.
૨. શબ્દને આકાશનો અસાધારણ ગુણ કહ્યો, તેથી શબ્દ અને આકાશ પરસ્પર એકબીજાના આધારે રહેલાં નથી એમ જણાવ્યું. અહિં માત્ર ગુણને ગ્રહણ કરનાર હોવું એવું લક્ષણ કહેલું છે. છતાં ત્વચા અને ચક્ષુ દ્રવ્યને પણ ગ્રહણ કરે છે, બીજી ઈન્દ્રિયો દ્રવ્યને ગ્રહણ કરતી નથી. જો બીજી ઈન્દ્રિયો દ્રવ્યને ગ્રહણ કરતી હોત, તો દ્રવ્યનાં કદ વિગેરે પણ તેમનાથી જણાત.(પ્ર).
૩. 'સંયોગ' એટલે સંબંધ. ટેબલ ઉપર પુસ્તક મૂકીએ, એટલે ટેબલ અને પુસ્તકનો સંયોગ થાય છે.

કારણનો પ્રવેશ થવાને લીધે પછી પછીનાં મહાભૂતોમાં અધિક ગુણો હોય

છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**પરસ્ય દૃશ્યતે ધર્મો હ્યપરસ્મિન્સમન્વયાત્ ।।**
**યતો વિશેષો ભાવાનાં ભૂમાવેવોપલક્ષ્યતે ।।૪૯।।**

કારણનો ગુણ ઘણો સંબંધ હોવાને લીધે કાર્યમાં જોવામાં આવે છે. તેથી (સર્વ) દ્રવ્યો (મહાભૂતો)નો ગુણ ભૂમિમાં જ જોવામાં આવે છે. ૪૯.

'પરસ્ય' કારણનો ગુણ 'અપરસ્મિન્' કાર્યમાં (જોવામાં આવે છે). કારણનો ઘણો સંબંધ હોવાને લીધે (તેનો) ગુણ (કાર્યમાં) જોવામાં આવે છે. તેથી કાર્યમાં પોતાનો ગુણ અને કારણનો ગુણ હોય છે[1]. બધાએ ગુણો, (પાંચ મહાભૂતોના) પાંચે ગુણો છેવટનાં કાર્ય પૃથ્વીમાં જ (જોવામાં આવે છે), એમ ઉત્તરાર્ધથી કહે છે. (આ) સાંખ્યશાસ્ત્ર હોવાથી વિસ્તારથી બધાં (મહાભૂતોના ગુણો)નો બોધ કરતું નથી[2]. વીણા વિગેરેનો શબ્દ અવાજથી થતો હોવાથી, કારણના સંબંધને લીધે તેવો[3] હોય છે, અને જૂદાં જૂદાં રૂપો કારણ (તેજ)માંથી પ્રાપ્ત થએલાં હોય છે. બધાએ ગુણો ભૂમિમાં જ 'ઉપલક્ષ્યન્તે' જોવામાં આવે છે. ૪૯.

૧. ''વાયુ, તેજ, જલ અને પૃથ્વી પૈકી છેલ્લેથી લેતાં અનુક્રમે ચાર ત્રણ અને બે મહાભૂતોમાં સ્પર્શ, રૂપ અને રસ અનુક્રમે જોવામાં આવે છે. તેથી આ ગુણો ઘણાં મહાભૂતોમાં હોવાથી તેમને ત્વચા ચક્ષુ અને જીભના અસાધારણ ગુણો કેમ કહ્યાં ?'' એવી શંકા દૂર કરવા આ કહેલ છે. (પ્ર) તેજમાં તેના કારણ વાયુનો પ્રવેશ થએલ હોવાથી સ્પર્શગુણ જણાય છે. એવી રીતે કારણનો કાર્યમાં પ્રવેશ થએલ હોવાથી કાર્યમાં પોતાના અને કારણના ગુણો જણાય છે. તેથી પૃથ્વીમાં શબ્દ સ્પર્શ રૂપ રસ અને ગંધ પાંચે ગુણો જણાય છે. જલમાં તેઓમાંના પહેલા ચાર, તેજમાં પહેલા ત્રણ, વાયુમાં પહેલા બે અને આકાશમાં શબ્દ જ જણાય છે.

૨. પૂર્વાર્ધથી અર્થ સમજાતો હોવા છતાં, ઉત્તરાર્ધ યોજવાનું પ્રયોજન આથી જણાવેલું છે. વેદમાં જણાવેલ અને લોકમાં પ્રસિદ્ધ જે બીજા મહાભૂતોના ગુણો ભૂમિમાં જોવામાં આવે છે, તે પણ તેના કારણના સંબંધને લીધે જ જણાય છે, પરંતુ ન હોવા છતાં જણાય છે એમ નથી. (પ્ર)

૩. 'તેવો' એટલે વર્ણ પદ વિગેરેરૂપ. તેથી ચિત્ર શબ્દ પણ જૂદો છે એમ જણાવ્યું. (પ્ર)

આમનાં ઉત્પત્તિ સ્વરૂપ અને લક્ષણ કહીને, કાર્યથી પણ તેમને જણાવવા માટે નીચેના શ્લોકમાં તેમનામાંથી બ્રહ્માંડની ઉત્પત્તિ (થયાનું) કહે છેઃ

**એતાન્યસંહત્ય યદા મહદાદીનિ સપ્ત વૈ ।।**
**કાલકર્મગુણોપેતો જગદાદિરુપાવિશત્ ।।૫૦।।**
**તતસ્તેનાડનુવિદ્ધેભ્યો યુક્તેભ્યોડણ્ડમચેતનમ્ ।।**
**ઉત્થિતં પુરુષો યસ્માદુદતિષ્ઠદસૌ વિરાટ્ ।।૫૧।।**

જ્યારે આ મહત્તત્ત્વ વિગેરે સાત ભેગાં થયા વિના રહેલાં હતાં, ત્યારે કાલ કર્મ અને ગુણો સાથે ભગવાને (તેમાં) પ્રવેશ કર્યો, પછી તેમનાથી ભરપૂર થઈ ભેગાં થએલાં તેઓમાંથી જડ બ્રહ્માંડ ઉત્પન્ન થયું, જેમાંથી તે વિરાટ્ પુરુષ નીકળ્યા. ૫૦।૫૧.

જો જડ તત્ત્વોમાંથી જ કાર્ય ઉત્પન્ન થાય તો આ સંઘાત (તત્ત્વોના સમૂહરૂપ જગત્)માં આત્મા શોધવાનો ન હોત, કારણ કે બધુંએ જડ હોય. તેથી સંઘાત ચેતન સાથેનાનો (બનેલો) છે એમ કહેવા, એકલાં (તત્ત્વો જગતનું) કારણ નથી એમ કહે છે. આ મહત્ વિગેરે મુખ્ય સાત[૧] જ્યારે 'અસંહત્ય' ભેગાં થયા વિના રહેલાં હતાં, એમ અર્થથી (જણાય છે), ત્યારે જગતના સર્વ કારણોનાં કારણ બનેલા ભગવાને કાલ, પ્રાણીઓનું અદૃષ્ટ (કર્મ) અને સત્ત્વ વિગેરે ગુણો સાથે ભળી આ (તત્ત્વો)માં પ્રવેશ કર્યો. અહિં અર્થવાળું એક વાક્ય સંબંધક ભૂતકૃદંત ('અસંહત્ય' શબ્દથી) સૂચવાએલું છે[૨].

અથવા[૩] ભગવાને જ આ તત્ત્વોને 'અસંહત્ય' ભેગાં કર્યા વિના, પછી તેઓમાં પ્રવેશ કર્યો, એમ અન્વય કરવો. ભવિષ્યમાં ઉત્પન્ન થનારું જગત્ જે પ્રકારે આત્મા કાલ કર્મ અને સ્વભાવ એ ચારને અધીન થાય, તે માટે (તેમ કરવા, ભગવાને) કાલ વિગેરે સાથે તેઓમાં પ્રવેશ કર્યો. ૫૦.

પછી બ્રહ્માંડ ઉત્પન્ન થયું એમ એકાવનમા શ્લોકમાં કહે છે. 'તતઃ' ભગવાને તત્ત્વોમાં પ્રવેશ કર્યા પછી, તે ભગવાને 'અનુવિદ્ધેભ્યઃ' ભેગા કરવા માટે ગુણોને ગ્રહણ કરી જેમ સોયથી વીંધવામાં આવે તેમ વીંધેલા પોતાથી ભરપૂર કરેલાં તત્ત્વોમાંથી આરંભમાં જડ બ્રહ્માંડ જ ઉત્પન્ન થયું, જે બ્રહ્માંડમાંથી પહેલાં જેમણે તત્ત્વોમાં પ્રવેશ કરેલો 'અસૌ' તે જ પુરુષ વિરાટરૂપ થઈ બહાર નીકળ્યો. ૫૧.

૧. મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ મહાભૂતો એ સાત. (પ્ર)

૨. જેમ 'જલ ઘડામાં લાવ' એમ કહેવામાં આવે, ત્યારે ઘડો કાણો ન હોવો જોઈએ એમ અર્થના બલથી જણાય છે, તેમ 'ભેગા થયા વિનાનાં' તત્ત્વો કહ્યાં, ત્યારે તેઓ તેવી સ્થિતિમાં રહેલાં હતાં, એમ અર્થના બલથી જણાય છે. (પ્ર)

૩. નોટ ૨ માં જણાવ્યું તેવી કલ્પના કર્યા વિના પણ બે શ્લોકને એક વાક્ય ગણી અર્થ સહેલાઈથી થઈ શકે છે, એવા અભિપ્રાયથી આ કહેલું છે. (પ્ર)

બ્રહ્માંડમાં ચેતન અને જડની ઉત્પત્તિ કહીને, નીચેના શ્લોકમાં તેનાં નામ અને સ્વરૂપ કહે છે :

**એતદણ્ડં વિશેષાડડખ્યં ક્રમાદ્ વૃદ્ધૈર્દશોત્તરૈઃ ।।**
**તોયાદિભિઃ પરિવૃતં પ્રધાનેનાડડવૃતં બહિઃ ।।**

**યત્ર લોકવિતાનોડયં રૂપં ભગવતો હરેઃ ।।૫૨।।**

અનુક્રમે પછી પછીના દશ દશ ઘણા વધારે જલ વિગેરેથી વીંટાએલું (અને) બહાર પ્રધાનથી ઢંકાએલું વિશેષ નામનું અંડ (બ્રહ્માંડ) છે, જેની અંદરનો આ લોકનો વિસ્તાર ભગવાન્ હરિસ્વરૂપ છે. ૫૨.

'વિશેષ' એવું આ (બ્રહ્માંડ)નું નામ છે. તે પોતે પોતાથી જ સર્વતરફથી પચાસ કરોડ યોજનના વિસ્તારવાળું છે. તેનાથી એક પછી એક પહેલાંના કરતાં દશઘણાં વધારે જલ વિગેરેથી સર્વ તરફથી વીંટાએલું છે, અને છેવટે પ્રધાનથી ઢંકાએલું છે. એ પ્રમાણે આનો વિસ્તાર છે. આમાં રહેલું બધું જગત્ ભગવદ્રૂપ હોવાથી પણ માહાત્મ્યવાળું છે એમ ઉત્તરાર્ધથી  કહે છે. આ બધોએ જીવલોકનો વિસ્તાર ભગવાનનું સ્વરૂપ છે. તેથી આ ભગવાનનો આધાર બનેલું છે. ૫૨.

" 'પુરિ' દેહમાં 'શેતે' શયન કરે તે પુરુષ" એવી 'પુરુષ' શબ્દની વ્યુત્પત્તિ હોવાથી તેમણે પુરુષપણું પ્રાપ્ત કરવા માટે તે (બ્રહ્માંડરૂપ) દેહમાં ઘણા સમય સુધી શયન કર્યું. જ્યાં સુધી આમણે શયન કર્યું, ત્યાં સુધી પહેલાં અનુવેદ રૂપથી પ્રવેશ કરેલા ભગવાનના[1] અંશોને ભોગ પ્રાપ્ત થતો નહોતો, પરંતુ જ્યારે આમણે તેમાંથી ઉભા થઈ, તેનાથી જૂદા થઈ, તેમાં પ્રવેશ કર્યો, ત્યારે બધા અંશોને ભેગા કરવા માટે તેમાં સ્થાનો ઉત્પન્ન થયાં, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**હિરણ્મયાદણ્ડકોશાદુત્થાય સલિલેશયાત્ ।।**
**તમાવિશ્ય મહાદેવો બહુધા નિર્વિભેદ ખમ્ ।।૫૩।।**

જલમાં રહેલા સુવર્ણમય દેહમાંથી ઉભા થઈ, મહાદેવે તેમાં પ્રવેશ કરી આકાશમાં ઘણાં છિદ્રો કર્યાં. ૫૩.

જલમાં રહેલા, ઘણા પ્રકાશવાળા હોવાથી સુવર્ણમય, 'નારાયણ' શબ્દથી ઓળખાતા વિરાટ દેહમાંથી ઉભા થઈ, (મહાદેવે) ફરી તેમાં પ્રવેશ કરી, બધે રહેલા આકાશમાં 'બહુધાનિર્વિભેદ' ઘણાં છિદ્રો કર્યાં. ભગવાન્ (દેહમાંથી) ઉભા થયા, છતાં પણ દેહનો નાશ ન થયો, તેથી તેને 'સુવર્ણમય' કહેલ છે. રાક્ષસો તેને પીડા ન કરે તે માટે 'જલમાં રહેલા' એમ કહેલું છે. મહાદેવ નજીવાઓએ શોધવા યોગ્ય હોવાથી[2] નજીવાઓ સાથે મળી, શક્તિમાન તેમણે તે શરીરમાં છિદ્રો કર્યાં. ફરીથી પણ (તેમાં) પ્રવેશ કરી, આમણે માત્ર છિદ્રો કર્યાં એટલે (આમનું) પુરુષપણું જ રહ્યું. આથી[3] વિરાટમાં કાર્ય કરવાની શક્તિ આવી નહિ. જેમ પ્રતિમા વિગેરેમાં ભગવાન્ રહેલા છે, તેમ જ આ (તેમાં) રહ્યા, એમ જાણવું. તેમ ન હોય[4], તો તત્ત્વોથી આત્મા જૂદો જ જણાય. ૫૩.

૧. 'પહેલાં અનુવેદરૂપથી પ્રવેશ કરેલા' એટલે પહેલાં પ્રવેશ લક્ષમાં રાખીને, શબ્દ અને અર્થનો સદાનો સંબંધ હોવાથી વેદરૂપથી એટલે જૂદાં જૂદાં નિત્ય વેદવાક્યોમાં જણાવેલ હદવાળા ભગવાનના અવયવોના રૂપથી પ્રવેશ કરેલા. (પ્ર) શ્લો. ૫૧. માં 'અનુવિદ્ધેભ્યઃ' છે, તેથી 'અનુવેધ' પાઠ સારો જણાય છે.
૨. મોટાઈને બીજાની જરુરીઆત રહેતી હોવાથી તેમ છે. (પ્ર)
૩. 'આથી' એટલે ક્રિયા વિગેરે ન કરતાં, માત્ર પ્રવેશથી. (પ્ર)
૪. આ વાક્યથી ક્રિયા (કરવા)નું પ્રયોજન કહેલું છે. 'તેમ ન હોય તો' એટલે 'ક્રિયા કર્યા વિના રહ્યા હોય તો.'(પ્ર)

**નીચેના શ્લોકથી આરંભી આઠ (શ્લોકો)થી છિદ્રોનો ઉપયોગ કહે છે :**

**નિર્ભિદ્યતાસ્યં પ્રથમં મુખં વાણી તતોઽભવત્ ।।**
**વાણ્યા વહ્નિરથો નાસે પ્રાણોઽતો ઘ્રાણ એતયોઃ ।।૫૪।।**
**પ્રાણાદ્વાયુરભિદ્યેતામક્ષિણી ચક્ષુરેતયોઃ ।।**
**તસ્માત્સૂર્યોઽન્વભિદ્યેતાં કર્ણૌ શ્રોત્રં તતો દિશઃ ।।૫૫।।**

પ્રથમ આનું મુખ ફૂટ્યું, તેમાં વાણીએ (અને) વાણી સાથે અગ્નિએ પ્રવેશ કર્યો. પછી બે નસ્કોરાં ફૂટ્યાં. પ્રાણ (તેમના) સંબંધમાં આવ્યો. આ બેમાં નાક (ઈન્દ્રિયે) પ્રવેશ કર્યો. પ્રાણમાંથી વાયુ (નીકળ્યો). બે આંખો ફૂટી. આ બેમાં ચક્ષુ (ઈન્દ્રિયે) પ્રવેશ કર્યો. તેમાંથી સૂર્ય (પ્રકટ થયો). બે કાન ફૂટ્યા, તેમાં કર્ણેન્દ્રિયે (પ્રવેશ કર્યો). તેમાંથી દિશાઓ (નીકળી). ૫૪।૫૫.

આરંભમાં પોલાણરૂપ મુખ ફૂટ્યું. 'મુખ' એ તે (પોલાણ)નું નામ છે. 'અસ્ય' 'આનું' એવો પાઠ છે. આરંભમાં આનું મુખ ફૂટ્યું. પછી 'વાણી' વાચા ઈન્દ્રિયે તેમાં 'અભવત્' પ્રવેશ કર્યો. વાચા સાથે અગ્નિએ પણ તેમાં પ્રવેશ કર્યો. પછી જૂદા આરંભથી બે બીજાં છિદ્રો નસ્કોરાં ફૂટ્યાં. તે બેમાં નાક ઈન્દ્રિયે પ્રવેશ કર્યો, અને 'પ્રાણ સંબંધમાં આવ્યો' શબ્દોથી એમ કહેલું છે કે દેવતાનો તેની સાથે સંબંધ થયો. પ્રાણ 'ઉતઃ' પરોવાયો, સંબંધમાં આવ્યો. બંને (નસ્કોરાં)માં એક જ પ્રાણે પ્રવેશ કર્યો. આ પ્રાણ ઈન્દ્રિયના દેવતારૂપ નથી, પરંતુ સર્વને વશ રાખનાર આસન્યરૂપ છે. ૫૪.

'પ્રાણમાંથી વાયુ (નીકળ્યો)' શબ્દોથી તે (પ્રાણ)ને ત્યાં વર્ણવવાનું પ્રયોજન કહેલું છે. તે પ્રાણમાંથી ઈન્દ્રિયના દેવતારૂપ વાયુ નીકળ્યો. ભગવાને રચેલી સૃષ્ટિમાં બે અશ્વિનીકુમારો ઈન્દ્રિયના દેવતા[1] છે, પરંતુ ભગવાન્ માટેની સૃષ્ટિમાં વાયુ ઈન્દ્રિયનો દેવતા છે એવો ભેદ છે. પછી ઈન્દ્રિયના સ્થાનરૂપ બે આંખો ફૂટી. બંનેની 'ચક્ષુ' એ એક ઈન્દ્રિય છે, તેમાંથી સૂર્ય પ્રકટ થયો. બે કાન ફૂટ્યા, તેમાં

કર્ણેન્દ્રિયે (પ્રવેશ કર્યો) તેમાંથી દિશાઓ (નીકળી). ૫૫.

૧. જૂઓ પાછળ છઠ્ઠા અધ્યાયનો શ્લોક. ૧૪.

**નિર્બિભેદ વિરાજસ્ત્વગ્લોમશ્મશ્રાદયસ્તતઃ ।।**
**તત ઓષધયશ્ચાસન્ શિશ્નં નિર્બિભિદે તતઃ ।।૫૬।।**
**રેતસ્તસ્માદાપ આસન્નિરભિદ્યત વૈ ગુદમ્ ।।**
**ગુદાદપાનોઽપાનાચ્ચ મૃત્યુર્લોકભયંકરઃ ।।૫૭।।**

વિરાટની ત્વચા ફૂટી. તેમાં રુંવાડાં દાઢી વિગેરેએ (પ્રવેશ કર્યો), અને તેમાંથી ઓષધિઓ નીકળી. લિંગ ફૂટ્યું, તેમાં વીર્યે (પ્રવેશ કર્યો). તેમાંથી જલ નીકળ્યું. ગુદા ખરેખર ફૂટી. ગુદામાં અપાને (વાયુએ પ્રવેશ કર્યો), અને અપાનમાંથી લોકને ભય કરનાર મૃત્યુ નીકળ્યું. ૫૬।૫૭.

વિરાટની ત્વચા ફૂટી. 'ફૂટી' એટલે 'પ્રકટ થઈ' એવો અર્થ છે. તેમાં રુંવાડાં ઈન્દ્રિયે (પ્રવેશ કર્યો). દાઢી અને કેશ અમુક રુંવાડાં જ છે, તેમાં દેવતા ઓષધિઓ થઈ. આ સૃષ્ટિમાં ચામડી અને ત્વચા એક છે. ત્વચા ઈન્દ્રિયથી સ્પર્શ થાય છે. કઈ ઈન્દ્રિય વાયુ દેવતાને ગ્રહણ કરે છે તે ઉપર (નસ્કોરાં નાકના વિષયમાં) કહેલું છે. લિંગ ઈન્દ્રિયનું સ્થાન છે. વીર્ય ઈન્દ્રિય છે. 'જલ જ પુરુષના આકારવાળું થાય છે' એ વાક્ય પ્રમાણે જલ દેવતા છે. પહેલાં બ્રહ્મા (વીર્ય ઈન્દ્રિયના) દેવ હતા[૧]. બધે જૂદાઈ જણાય છે ત્યાં જૂદી સૃષ્ટિથી તે થએલી છે. 'ગુદા' એટલે મલ કાઢવાનું સ્થાન. અપાન ઈન્દ્રિય છે. તેનો દેવ મૃત્યુ છે, અને તે લોકને ભય કરનારો છે, એમ વૈરાગ્ય (ઉત્પન્ન થાય તે) માટે કહેલું છે. મૃત્યુ ઉપર જ રહે છે, અને મધ્યમાં મૃત્યુ છે એમ (કહેલું છે). ૫૬।૫૭.

૧. જૂઓ પાછળ. ૩।૬।૧૯

**હસ્તૌ ચ નિરભિદ્યેતાં બલં તાભ્યાં તતઃ સ્વરાટ્ ।।**
**પાદૌ ચ નિરભિદ્યેતાં ગતિસ્તાભ્યાં તતો હરિઃ ।।૫૮।।**

અને બે હાથ ફૂટ્યા. તેમની સાથે બલ થયું. તેમાંથી ઈંદ્ર (નીકળ્યો). અને બે પગ ફૂટ્યા. તેમની સાથે ગતિ થઈ. તેમાંથી હરિ નીકળ્યા. ૫૮.

બે હાથ ઈન્દ્રિયના સ્થાનને ઠેકાણે છે. બલ ઈન્દ્રિય છે. તે તેમની (બે હાથની) સાથે જ પ્રકટ થએલ હોવાથી 'તાભ્યાં' શબ્દ ત્રીજી વિભકિતમાં યોજેલ છે. તે બલમાંથી 'સ્વરાટ્' ઈંદ્ર (નીકળ્યો). એવી રીતે બે પગ પણ (પ્રકટ થયા). ગતિ (તેમની) ઈન્દ્રિય છે. તે ગતિરૂપ (ઈન્દ્રિય)માંથી 'હરિઃ' વિષ્ણુદેવ (નીકળ્યા). ૫૮.

**નાડ્યોઽસ્ય નિરભિદ્યન્ત તાભ્યો લોહિતમાભૃતમ્ ।।**

**નદ્યસ્તતઃ સમભવન્નુદરં નિરભિદ્યત ।।૫૯।।**
**ક્ષુત્પિપાસે તતઃ સ્યાતાં સમુદ્રસ્ત્વેતયોરભૂત્ ।।**
**અથાસ્ય હૃદયં ભિન્નં હૃદયાન્મન ઉત્થિતમ્ ।।૬૦।।**
**મનસશ્ચન્દ્રમા જાતો બુદ્ધિર્બુદ્ધેર્ગિરાં પતિઃ ।।**
**અહંકારસ્તતો રુદ્રશ્ચિત્તં ચૈત્યસ્તતોઽભવત્ ।।૬૧।।**

આમની નાડીઓ પ્રકટ થઈ. તેઓમાંથી લોહી થયું, તેમાં નદીઓએ પ્રવેશ કર્યો. ઉદર પ્રકટ થયું, તેમાં ભૂખ તથા તરસ થયાં. આ બેમાં તો સમુદ્રે પ્રવેશ કર્યો. પછી આમનું હૃદય પ્રકટ થયું. (૧) હૃદયમાંથી મન નીકળ્યું. મનમાં ચંદ્રમા પ્રકટ થયો. (૨) બુદ્ધિ (નીકળી), બુદ્ધિમાં વાણીના પતિ (પ્રકટ થયા). (૩) અહંકાર નીકળ્યો તેમાં રુદ્ર પ્રકટ થયા. (૪) ચિત્ત (નીકળ્યું) તેમાં ચૈત્ય પ્રકટ થયો. ૫૯।૬૦।૬૧.

નાડીઓ ઈન્દ્રિયોનું સ્થાન છે. (તેમાં) 'આ' સર્વ તરફથી ભરાએલું રુધિર ઈન્દ્રિય છે. અથવા 'આભૃતમ્' એટલે થયું. નદીઓ દેવતા છે. ઉદર ઈન્દ્રિયનું સ્થાન છે. ભૂખ અને તરસ ઈન્દ્રિય છે. સમુદ્ર દેવતા છે, હૃદય ચાર (ઈન્દ્રિયો)નું સ્થાન છે. (૧) તેમાં એક ઈન્દ્રિય મન છે. મનમાંથી ઉત્પન્ન થએલ ચંદ્રમા તેનો દેવ છે. (૨) બુદ્ધિ પણ ઈન્દ્રિય છે. વાણીના પતિ દેવ છે. (૩) અહંકાર ઈન્દ્રિય છે. રુદ્ર દેવ છે. (૪) ચિત્ત ઈન્દ્રિય છે (અને) 'ચૈત્ય' જીવ દેવતા છે, એવો (અર્થ છે). આ બધા જૂદા જૂદા સ્થાનમાં પ્રકટ થએલા ભગવાનના અંશો છે. ચૈત્ય ભગવાનનો મુખ્ય અંશ છે. ૫૯।૬૦।૬૧.

બધાથી તે (ચૈત્ય – જીવ)નો ભેદ જણાવવા, નીચેના શ્લોકમાં ફરી તેઓનું બહાર નીકળવાનું અને પ્રવેશ કહે છેઃ

**એતે હ્યભ્યુત્થિતા દેવા નૈવાસ્યોત્થાપનેઽશકન્ ।।**
**પુનરાવિવિશુઃ ખાનિ તમુત્થાપયિતું ક્રમાત્ ।।૬૨।।**

આ ઉભા થએલા દેવો આને ઉઠાડવા શક્તિમાન ન જ થયા. તેને ઉઠાડવા તેઓએ અનુક્રમે છિદ્રોમાં ફરીથી પ્રવેશ કર્યો. ૬૨.

પોતે ઉભા થએલા આ દેવો આ દેહને ઉઠાડી ન શક્યા. જે આ દેહને ઉઠાડે, તે જ જીવ આત્મા છે એમ જાણવું. શક્તિ હોવા છતાં પણ તેઓ (દેહને) ઉઠાડતા નહતા એમ ન માનવું, પરંતુ (તેઓમાં) શક્તિ જ નહતી એમ (જાણવું). તે (જણાવવા) માટે ઉત્તરાર્ધથી ઉપાખ્યાન કહે છે. તે જ શરીરમાં પોતપોતાના સ્થાનમાં પહેલાં ભગવાન્ સાથે પ્રવેશ કરેલો હોવા છતાં પણ ફરીથી તેઓએ 'ખાનિ' છિદ્રોમાં પ્રવેશ કર્યો. 'તેને ઉઠાડવા' શબ્દોથી (ફરી પ્રવેશ કરવાનું) પ્રયોજન (કહેલું

છે). પોતપોતાના બલની પરીક્ષા કરવા માટે 'અનુક્રમે' (પ્રવેશ કર્યો). ૬૨.

**વહ્નિર્વાચા મુખં ભેજે નોદતિષ્ઠત્તતો વિરાટ્ ।।**
**ઘ્રાણેન નાસિકે વાયુર્નોદતિષ્ઠત્તતો વિરાટ્ ।।૬૩।।**
**અક્ષિણી ચક્ષુષાऽऽદિત્યો નોદતિષ્ઠત્તતો વિરાટ્ ।।**
**શ્રોત્રેણ કર્ણૌ ચ દિશો નોદતિષ્ઠત્તતો વિરાટ્ ।।૬૪।।**
**ત્વચં રોમભિરોષધ્યો નોદતિષ્ઠત્તતો વિરાટ્ ।।**
**રેતસા શિશ્નમાપસ્તુ નોદતિષ્ઠત્તતો વિરાટ્ ।।૬૫।।**
**ગુદં મૃત્યુરપાનેન નોદતિષ્ઠત્તતો વિરાટ્ ।।**
**હસ્તાવિન્દ્રો બલેનૈવ નોદતિષ્ઠત્તતો વિરાટ્ ।।૬૬।।**
**વિષ્ણુર્ગત્યૈવ ચરણૌ નોદતિષ્ઠત્તતો વિરાટ્ ।।**
**નાડીર્નદ્યો લોહિતેન નોદતિષ્ઠત્તતો વિરાટ્ ।।૬૭।।**
**ક્ષુત્તૃડ્ભ્યામુદરં સિન્ધુર્નોદતિષ્ઠત્તતો વિરાટ્ ।।**
**હૃદયં મનસા ચન્દ્રો નોદતિષ્ઠત્તતો વિરાટ્ ।।૬૮।।**
**બુદ્ધ્યા બ્રહ્માપિ હૃદયં નોદતિષ્ઠત્તતો વિરાટ્ ।।**
**રુદ્રોऽભિમત્યા હૃદયં નોદતિષ્ઠત્તતો વિરાટ્ ।।૬૯।।**

અગ્નિએ વાણી સાથે મુખનો આશ્રય કર્યો, ત્યારે વિરાટ્ દેહ ઉઠ્યો નહિ. વાયુએ નાક(ઈન્દ્રિય) સાથે બે નસ્કોરાંનો આશ્રય કર્યો ત્યારે વિરાટ્ ઉઠ્યો નહિ. ૬૩.

સૂર્યે બે આંખોનો ચક્ષુ સાથે (આશ્રય કર્યો) ત્યારે વિરાટ્ ઉઠ્યો નહિ; અને દિશાઓએ કર્ણેન્દ્રિય સાથે બે કાનનો (આશ્રય કર્યો) ત્યારે વિરાટ્ ઉઠ્યો નહિ. ૬૪.

ઔષધિઓએ રુંવાડાંઓ સાથે ત્વચાનો (આશ્રય કર્યો) ત્યારે વિરાટ્ ઉઠ્યો નહિ. ૬૫.

મૃત્યુએ અપાન સાથે ગુદાનો (આશ્રય કર્યો), ત્યારે વિરાટ્ ઉઠ્યો નહિ. જલોએ તો વીર્ય સાથે લિંગનો (આશ્રય કર્યો) ત્યારે વિરાટ્ ઉઠ્યો નહિ. ૬૫.

મૃત્યુએ અપાન સાથે ગુદાનો (આશ્રય કર્યો), ત્યારે વિરાટ્ ઉઠ્યો નહિ. ઈંદ્રે બલની સાથે જ બે હાથનો (આશ્રય કર્યો), ત્યારે વિરાટ્ ઉઠ્યો નહિ. ૬૬.

વિષ્ણુએ ગતિ સાથે જ બે ચરણોનો (આશ્રય કર્યો), ત્યારે વિરાટ્ ઉઠ્યો નહિ. નદીઓએ રુધિર સાથે નાડીઓનો (આશ્રય કર્યો), ત્યારે વિરાટ્ ઉઠ્યો નહિ. ૬૭.

સમુદ્રે ભૂખ અને તરસ સાથે ઉદરનો (આશ્રય કર્યો), ત્યારે વિરાટ્ ઉઠ્યો નહિ. ચંદ્રે મન સાથે હૃદયનો (આશ્રય કર્યો), ત્યારે વિરાટ્ ઉઠ્યો નહિ. ૬૮.

બ્રહ્માએ પણ બુદ્ધિ સાથે હૃદયનો (આશ્રય કર્યો), ત્યારે વિરાટ્ ઉઠ્યો નહિ. રુદ્રે અહંકાર સાથે હૃદયનો (આશ્રય કર્યો), ત્યારે વિરાટ્ ઉઠ્યો નહિ. ૬૯.

આરંભમાં અગ્નિદેવે, વાણી ઈન્દ્રિય સાથે, મુખનો આશ્રય કર્યો, (એટલે) તેમાંથી બહાર નીકળી તેમાં પ્રવેશ કર્યો. તેણે પ્રવેશ કર્યો ત્યારે વિરાટ્ જલમાંથી ઉભો ન થયો. બધે સ્થલે દેવતાએ ઈન્દ્રિય સાથે ઈન્દ્રિયના સ્થાનમાં પ્રવેશ કર્યો, ત્યારે વિરાટ્ ઉભો ન થયો. 'વિષ્ણુએ ગતિ સાથે જ (આશ્રય કર્યો)' શબ્દોથી (એમ જણાવેલું છે કે) ઈન્દ્રિય સાથે પ્રવેશ કરેલ વિષ્ણુએ માત્ર તેટલું જ કાર્ય કર્યું, અધિક (કાંઈ) કર્યું નહિ. બધા સ્થલે એ પ્રમાણે જાણવું. મંત્રના અધિપતિ સ્વરૂપોમાં પણ આ[1] મર્યાદા છે. પુરુષોત્તમ તો સેવા કરી શકાય અથવા પ્રાપ્ત થાય, તો સર્વ કરે છે. રુદ્ર સુધીના બધા દેવોએ એક પછી એક દરેકે પ્રવેશ કર્યો, ત્યારે વિરાટ્ ઉઠ્યો નહિ. ૬૩।૬૯.

૧. 'આ' એટલે તે (મંત્ર)નું માત્ર ફલ આપનાર હોવારૂપ. (પ્ર)

**ચિત્તેન હૃદયં ચૈત્યઃ ક્ષેત્રજ્ઞઃ પ્રાવિશદ્યદા ।।**
**વિરાટ્ તદૈવ પુરુષઃ સલિલાદુદતિષ્ઠત ।।૭૦।।**

જ્યારે દેહના અભિમાનવાળા જીવે ચિત્તની સાથે હૃદયમાં પ્રવેશ કર્યો, ત્યારે તરત જ વિરાટ્ પુરુષ જલમાંથી ઉઠ્યો. ૭૦.

પરંતુ જ્યારે ચિત્ત ઈન્દ્રિયની સાથે 'ક્ષેત્રજ્ઞઃ' દેહના અભિમાનવાળા 'ચૈત્યઃ' જીવે હૃદયમાં જેવો પ્રવેશ કર્યો કે તરત જ 'પુરુષ' એટલે ભગવાન્ સાથેનો દેહ જલમાંથી ઉઠ્યો. ૭૦.

મહારાજાને અત્યંત પ્રિય સેવક જ ઉઠાડી શકે છે, બીજો (ઉઠાડી શકતો) નથી એમ નીચેના બે (શ્લોકો)માં દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છેઃ

**યથા પ્રસુપ્તં પુરુષં પ્રાણેન્દ્રિયમનોધિયઃ ।।**
**પ્રભવન્તિ વિના યેન નોત્થાપયિતુમોજસા ।।૭૧।।**
**તમસ્મિન્પ્રત્યગાત્માનં ધિયા યોગપ્રવૃત્તયા ।।**
**ભક્ત્યા વિરક્ત્યા જ્ઞાનેન વિવિચ્યાત્મનિ ચિન્તયેત્ ।।૭૨।।**

જેથી સૂતેલા પુરુષને પ્રાણ ઈન્દ્રિયો મન અને બુદ્ધિ (પોતાના) પ્રભાવથી જેના વિના ઉઠાડી શકતાં નથી, તેથી તે શરીરના અભિમાનવાળા જીવને યોગથી પૂર્ણ થએલ બુદ્ધિ ભક્તિ વૈરાગ્ય અને જ્ઞાનથી (બીજાઓથી) છૂટો પાડી, આ દેહની અંદર (તેનું) ચિંતન કરવું. ૭૧।૭૨.

જેથી પોતાની સામગ્રી (પ્રભાવ)થી સૂતેલા પુરુષને બહાર રહેલાં પ્રાણ

ઈન્દ્રિયો મન અને બુદ્ધિ જે અંદર રહેલા જીવના વિના ઉઠાડી શકતાં નથી, વળી તે જ 'પ્રત્યગાત્માનં' શરીરના અભિમાનવાળા જીવનું આ દેહમાં બીજાઓને છૂટા પાડી ચિંતન કરવું. તે ચિંતનમાં બુદ્ધિ સાધન છે. તે પણ હલકી બુદ્ધિ નહિ, પરંતુ યોગથી પૂર્ણ થએલી, એવો અર્થ છે. તેને સાહાય્ય કરનાર ભક્તિ વિગેરે ત્રણ છે. તે (ત્રણ) સાથે બુદ્ધિથી બીજાઓને દૂર કરી, તે (જીવ)નું જ ચિંતન કરવું. તેની અંદર વારંવાર બુદ્ધિ પરોવવી. તેમ કરવામાં આવે ત્યારે તે (જીવ) બ્રહ્મરૂપ છે એમ વિચારવાનું સહેલું થાય છે, એવો ભાવ છે. ૭૧।૭૨.

**ઇતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના છવીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય સત્તાવીશમો ।।

**સાંખ્યેનેતરભિન્નસ્ય જ્ઞાને જાતે તથાત્મનઃ ।।**
**બ્રહ્મરૂપેણ તજ્જ્ઞાનં સપ્તવિંશે નિરૂપ્યતે ।।૧।।**

આત્મા બીજાથી જૂદો છે તેવા પ્રકારનું તેનું[૧] જ્ઞાન સાંખ્યથી થતાં, સત્તાવીશમા અધ્યાયમાં તે જ્ઞાન બ્રહ્મરૂપ હોવાનું જણાવવામાં આવે છે. કા.૧.

**સાધનાનિ સ્વરૂપં ચ ચિન્તનાર્થમિહોચ્યતે ।।**
**યુક્તયોઽપ્યત્ર કથ્યન્તે વિપર્યયનિવૃત્તયે ।।૨।।**

ચિંતન[૨] થાય તે માટે અહિં સાધન અને સ્વરૂપ કહેવામાં આવે છે, ખોટું જ્ઞાન દૂર થાય તે માટે અહિં તર્કો પણ કહેવામાં આવે છે. કા. ૨.

૧. 'તેનું' એટલે દેહથી જૂદાં આત્માનું. એવો અર્થ છે. આથી એમ જણાય છે કે બ્રહ્મસ્વરૂપ તરીકે જણાએલ આત્મા જ ઈન્દ્રિયરૂપ છે, કારણ કે તેવા આત્માથી જ સર્વ જાણવામાં આવે છે. (પ્ર).

૨. 'ચિંતન' એટલે (આત્મા) બ્રહ્મરૂપ હોવાનું ચિંતન. તેથી સાધન જણાવનારા અને (આત્માનું) સ્વરૂપ જણાવનારા (શ્લોક)ની પ્રયોજનરૂપ સંગતિ છે, તર્ક જણાવનારા (શ્લોકો) તો ઉપોદ્‌ઘાતરૂપ છે. આ અધ્યાય કામરૂપ છે એવું પણ આથી સ્પષ્ટ થાય છે, કારણ કે બ્રહ્મરૂપ સ્થિતિ જ ભગવાને વિચારેલ કામરૂપ છે. (પ્ર).

ગયા અધ્યાયમાં આત્મા દેહમાં રહેલ હોવા છતાં પણ (તેથી) જૂદો હોવાનું કહ્યું. તેના મોક્ષનું (આ અધ્યાયમાં) નિરૂપણ કરે છે. જો તે ઘણા સમય સુધી પ્રકૃતિમાં રહે તો, જેમ મજીઠ વગેરે રંગનારાં દ્રવ્યોથી વસ્ત્ર રંગાય છે તેમ તે (પ્રકૃતિથી) રંગાય, ત્યારે તેનો મોક્ષ થવો સંભવે નહિ એમ સૂચવતાં, નીચેના શ્લોકમાં તેની (પ્રકૃતિમાં) સ્થિતિ હોવાનું કહે છેઃ

।। શ્રીભગવાનુવાચ ।।

**પ્રકૃતિસ્થોઽપિ પુરુષો નાજ્યતે પ્રાકૃતૈર્ગુણૈઃ ।।**
**અવિકારાદકર્તૃત્વાન્નિર્ગુણત્વાજ્જલાર્કવત્ ।।૧।।**

પુરુષ વિકારરહિત હોવાથી, કર્તા ન હોવાથી, ગુણરહિત હોવાથી, જલમાં પડેલાં સૂર્યની પેઠે પ્રકૃતિમાં રહેલો હોવા છતાં પ્રકૃતિના ગુણોથી લેપાતો નથી. ૧૦.

આ જીવ સદા પ્રકૃતિમાં એટલે પ્રાકૃત દેહમાં જ રહે છે, છતાં પણ જેમ પુરુષ તેલ વિગેરેથી લેપાય છે, તેમ તે પ્રકૃતિના સત્વ રજઃ અને તમઃ ગુણોથી લેપાતો નથી. 'વિકાર રહિત' વિગેરે ચાર (ઉત્તરાર્ધમાં કહેલ) શબ્દોથી ન લેપાવાનાં ચાર કારણો કહેલાં છે. પ્રકૃતિના ગુણો પોતાની અંદર પ્રવેશ કરેલા પદાર્થને વાસ્તવિક

રીતે લિંપન કરે છે, અથવા પોતે તે (પદાર્થ)ની અંદર પ્રવેશ કરીને (લિંપન કરે છે). (૧) (ગુણો) તે (પદાર્થ)માં પ્રવેશ કરે[૧], ત્યારે વિકારવાળા (પદાર્થ)માં જ પ્રવેશ કરતા હોવાથી, (પુરુષમાં) વિકાર ન હોવાથી પ્રવેશ કરતા નથી, કારણ કે જે ઉત્પત્તિને અનુભવે છે તેવા ઉત્પત્તિવાળા[૨] (પદાર્થ)ને જ વિકાર હોય છે, પરંતુ તે (પુરુષ) તો કોઈપણ પ્રકારથી (ઉત્પન્ન) થતો ન હોવાથી, તેને વિકારો હોતા નથી. વળી (૨) કર્તા ક્રિયાના ગુણોથી ન જાણવામાં આવે તેવા પ્રકારે રંગાય છે. (પુરુષ) કર્તા ન હોવાથી જાણવામાં આવે તેવા પ્રકારે પણ (રંગાતો) નથી[૩]. (૩) વિકાર વિનાનો પણ પોતાની જાતનાને ગ્રહણ કરનારો હોવાથી જો (પુરુષ) ગુણવાળો હોય, તો વિદ્વાનની પેઠે પોતાની જાતના બીજાના ગુણોથી પણ રંગાય, રસમાં આસક્તિ હોવાથી થતો આ રંગાટ 'ફલથી રંગાટ' કહેવાય છે. સાધનથી, ક્રિયાથી[૪] અને ફલથી (પુરુષ) રંગાતો નથી એમ કહ્યું.

''(પુરુષ) પોતાની[૫] અંદર પ્રવેશ કરે ત્યારે રંગાતો હશે'' એવી શંકા થાય, તેથી 'જલમાં સૂર્યની પેઠે' એ દૃષ્ટાંતથી જૂદા પ્રકારે તેનો (પ્રકૃતિમાં) પ્રવેશ થવાનું કહેલું છે; કારણ કે તે પ્રતિબિંબના પ્રકારે પ્રકૃતિમાં પ્રવેશ કરે છે, પરંતુ કુંડમાં બોર પડે તેમ (પ્રવેશ કરતો) નથી. તેમ (પ્રતિબિંબ પ્રકારે પ્રવેશ કરતો) ન હોય, તો પ્રકૃતિમાં તે જોવામાં ન આવે, અને સર્વ સ્થલે તે જોવામાં ન આવે, અને પ્રકૃતિ કરતાં પણ તે વધારે પ્રદેશમાં રહેલો હોવાથી (પ્રકૃતિમાં પ્રતિબિંબથી જૂદા પ્રકારે પ્રવેશ ન કરે). તેથી સ્વચ્છ પ્રકૃતિ પુરુષના પ્રતિબિંબને ગ્રહણ કરતી હોવાથી, સૂર્યની પેઠે પુરુષ તેના ગુણોથી રંગાતો નથી. ૧.

૧. પ્રકૃતિના ગુણો બીજા (પદાર્થ)માં પ્રવેશ કરે તે સંબંધી વિચાર કરતાં, એવો અર્થ છે. (પ્ર)

૨. 'ભવન' ઉત્પત્તિની ક્રિયાનો આધાર તે 'ભાવઃ। ભવતિ' ઉત્પન્ન થાય તે 'ભાવઃ' એવી વ્યુત્પત્તિ છે. આ આત્મા તો અનાદિ છે. તેની ઉત્પત્તિ થતી ન હોવાથી તે અનાદિ છે. (પ્ર) 'ભવનાનુભવિતૃત્વેન' બદલે 'ભવનાનનુભવિતૃત્વેન' જોઈએ એમ જણાય છે. તેથી તે પ્રમાણે અર્થ કરેલો છે.

૩. લૌકિક પ્રકારથી પણ રંગાતો નથી એમ જણાવવા આ કહેલ છે. (પ્ર)

૪. 'સાધન' એટલે ગુણ. 'ક્રિયા' એટલે (કર્મ અથવા) અદૃષ્ટ. 'ફલ' એટલે રસમાં આસક્તિ. (પ્ર)

૫. 'પોતાની અંદર' એટલે પ્રકૃતિની અંદર (પ્ર)

''ત્યારે તેને સંસાર કેમ પ્રાપ્ત થાય છે ?[૧]'' એવી શંકા થાય, તેથી કહે છેઃ

**સ એષ યર્હિ પ્રકૃતેર્ગુણેષ્વભિવિષજ્જતે ।।**
**અહઙ્ક્રિયાવિમૂઢાત્મા કર્તાઽસ્મીત્યભિમન્યતે ।।૨।।**

જ્યારે તે પ્રકૃતિના ગુણોમાં આસક્ત થાય છે ત્યારે આ (થાય છે, અને) અહંકારને લીધે મૂઢ થએલ અંતઃકરણવાળો 'હું કર્તા છું' એવું અભિમાન કરે છે. ૨.

તે જ (પુરુષ) પ્રકૃતિના ગુણો સાથે સંબંધ વિનાનો હોય છતાં, 'આ' એટલે સંસારી થાય છે. 'કેવી રીતે (સંસારી થાય છે) ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'જ્યારે (પ્રકૃતિના ગુણોમાં આસક્ત થાય છે ત્યારે)' એમ કહેલું છે. જ્યારે (તે) પોતે પ્રકૃતિના ગુણોમાં રંગાય છે ત્યારે (સંસારી થાય છે). જો કે ગુણો કોઈપણ કરવાની શક્તિવાળા નથી, છતાં પણ ચેતન (પુરુષ) પોતે તે ગુણોને વશ કરવા, પોતાના ગુણથી રંગવા શક્તિવાળો છે. જેમ સૂર્ય પોતાના ગુણોથી જલને તપાવે છે, પરંતુ જલ સૂર્યને ઠંડો કરવા શક્તિવાળું નથી. (સૂર્ય જલ તપાવે) ત્યારે (સૂર્યનાં) કિરણોથી સૂકાતું જલ સૂર્યમાં પ્રવેશ કરે છે (અને) પછી ત્યાં ગએલનો ઘણા પ્રકારે પ્રસવ થાય છે[2]. આ જ ખરેખર ગુણોમાં આસક્તિ છે. પછી (ગુણો) વશ કરેલા થાય ત્યારે અહંકારને લીધે ઘણો મૂઢ[3] થઈ, 'હું કર્તા છું' એમ પોતાને (કર્તા) માને છે. પોતાની અંદર આવેલા પ્રકૃતિના ગુણો (આ) બધુંએ કાર્ય કરે છે. તે વિષયમાં કર્તા અહંકાર ગુણોથી ભરપૂર હોય છે, અને તે અહંકાર મોહરૂપ છે, જેને લીધે જીવ મૂઢ થઈ '(આ) હું (છું)' એમ પોતાને માને છે[4] 'અહંક્રિયા' એટલે અહંકાર. મોહ (કરવા)માં સ્ત્રી ઉપયોગી હોવાથી, ('અહંક્રિયા' એમ) નારીજાતિ યોજેલી છે. અહંકારથી ઘણું મૂઢ થએલ છે 'આત્મા' અંતઃકરણ અથવા સ્વરૂપ જેનું તે, 'હું' (એમ) કરે છે તે અહંકાર. તેથી કર્તાપણું અહંકારનું જ છે. તેથી તેની સાથે એકપણું પ્રાપ્ત કરવાને લીધે, (જીવ) પણ પોતાને 'હું કર્તા છું' એમ માને છે. ૨.

૧. 'આ' એટલે પોતાના પ્રતિબિંબથી રંગાએલા સૂર્યનાં કિરણોથી જલ સૂકાય છે તેવી રીતે જીવે પ્રકૃતિમાં પ્રવેશ કર્યા પછી તેનાથી થતો ઘણા પ્રકારનો ગુણોનો પ્રસવ. ( પ્ર ).

૨. 'તે' એટલે (પોતાના ગુણોનો પ્રવેશ કરવાથી) પોતાનું સ્વરૂપ ભૂલેલો (જીવ). ( પ્ર )

૩...૪. અહિં નીચે પ્રમાણે અનુક્રમ જાણવો. પહેલાં ભગવાનની ઈચ્છાથી પ્રકૃતિ અને પુરુષ ભેગાં થાય છે, પછી પ્રકૃતિના (ગુણો)થી ચૈતન્યરૂપ પુરુષ રંગાય છે. પછી ચૈતન્ય સ્વરૂપમાં અહંકાર મૂકાવાથી (પુરુષને) અહંકાર થાય છે. તેનાથી તેને 'મોહ' શબ્દથી ઓળખાતું સ્વરૂપનું વિસ્મરણ થાય છે, અને તેનાથી 'હું કર્તા છું' એવું 'સંસાર' શબ્દથી ઓળખાતું હુંપદ થાય છે. ( પ્ર ).

'તેથી શું (થાય) ?' એવો પ્રશ્ન થાય, તેથી નીચેના શ્લોક કહે છેઃ

**તેન સંસારપદવીમવશોऽભ્યેત્ય નિર્વૃતઃ ।।**
**પ્રાસંગિકૈઃ કર્મદોષૈઃ સદસન્મિશ્રયોનિષુ ।।૩।।**

તેનાથી પરાધીન થએલો સંસારની સ્થિતિ પ્રાપ્ત કરી, તેથી સંતોષ ન પામતાં પ્રસંગને લીધે થતા કર્મના દોષોથી સારી દુષ્ટ અને મિશ્ર યોનિઓમાં ભમે છે. ૩.

કર્તાપણાંનાં અભિમાનને લીધે, કર્તા ભોગ કરનાર થતો હોવાથી, સંસારના ભોગ ભોગવવા માટે (જીવ) 'પરાધીન' એટલે કર્મને અધીન થઈ સંસારની સ્થિતિ પ્રાપ્ત કરે છે, તેથી જ તે સંસારની 'અભ્યેતિ' તરફ જાય છે એવો (અર્થ છે). 'એમ હોય તો સંસાર સદાનો થાય' એવી શંકા થાય, તેથી 'સંતોષ ન પામતાં' એમ કહેલું છે. કર્મનાં ફલથી સંતોષ ન પામતાં (સંસાર તરફ જાય છે), પરંતુ સંતોષ પામે[1] તો તો સંસારથી મુક્ત થાય છે એવો (અર્થ) કહેલો છે. ''સંસારના માર્ગે માત્ર જવાથી શું થાય ?'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે; કારણ કે પ્રસંગને લીધે કર્મમાં દોષો ઉત્પન્ન થાય છે. જેમ અન્ન ખાવાની મના કરેલી નથી, પરંતુ દુષ્ટ અન્ન ખાવાની જ (મના કરેલી છે), તેમ કર્મો સ્વભાવથી દુષ્ટ નથી, પરંતુ પ્રસંગને લીધે જ દુષ્ટ થાય છે. કર્મમાર્ગ તો સારી દુષ્ટ અને મિશ્ર યોનિરૂપ છે. દેવો, હલકાં પ્રાણીઓ અને મનુષ્યોની યોનિ (અનુક્રમે) સારી વિગેરે છે. ૩.

૧. 'ઘણા ભોગ ભોગાવ્યા' અથવા 'ભોગ દુષ્ટ છે' એવી બુદ્ધિથી (ભોગથી) સંતોષ પામે (તો સંસારથી મુક્ત થાય છે). અહિં સંસારીની સ્થિતિ એટલે દરેક જન્મમાં ચાલી આવતી કર્તાપણાંનાં અભિમાનની પરંપરા. આવી પરંપરા ઉત્પન્ન કરવામાં તેને ઉત્પન્ન કરનાર મોહ સાહાય્ય કરે છે, અને કર્મના દોષનો દ્વારરૂપ છે એમ જાણવું. (પ્ર)

''આ સંસાર સત્ય છે કે મિથ્યા ? પહેલા પ્રકારનો હોય તો મોક્ષ થાય નહિ, બીજા પ્રકારનો હોય, તો (મોક્ષનાં) સાધન (કરવાં) નકામાં છે'' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોક કહે છે :

**અર્થે હ્યવિદ્યમાનેઽપિ સંસૃતિર્ન નિવર્તતે ।।**
**ધ્યાયતો વિષયાનસ્ય સ્વપ્નેઽનર્થાગમો યથા ।।૪।।**

જેમ આના વિષયોનું ધ્યાન ધરતાં સ્વપ્નમાં અનર્થ પ્રાપ્ત થાય છે, તેમ પદાર્થ ન હોવા છતાં સંસાર દૂર થતો નથી. ૪.

જો કે આ સંસારમાં સંસારની સ્થિતિરૂપ પદાર્થ નથી. દેવો, હલકાં પ્રાણીઓ મનુષ્યો વિગેરે યોનિઓમાં દેહ જ ઉત્પન્ન થાય છે, અને દેહમાં (દેહ સાથે) આત્માને કોઈ પણ (પ્રકારનો) સંબંધ નથી. આત્મા સંગરહિત હોવાથી (તેને દેહ સાથે) સંયોગ નથી, (તેથી) સમવાય તો જરાએ (નથી). મહારાજા અને સેવકની પેઠે બંનેને ગાઢ સંબંધવાળા જણાવેલ ન હોવાથી[1], સ્વરૂપસંબંધ પણ નથી; પરંતુ મિથ્યા જ્ઞાનવાળો[2] છે. તે તો મોહથી થએલ હોવાથી ખોટો છે. તેથી સંસાર મિથ્યા જ છે, છતાં પણ દૂર થતો નથી; કારણ કે જે મિથ્યા હોઈ પીડા કરે છે તે કેમ દૂર થાય ? નહિતો (દૂર થવાનો હોત તો) પીડા જ ન થાત.

‘‘આવો (સંસાર) પીડા કરે તેનું શું કારણ ?’’ એવી શંકા થાય, તેથી ‘આવા વિષયોનું ધ્યાન ધરતાં’ એમ કહેલું છે. આ સંસારના જે વિષયો છે, તેઓનું ભોગ કરવા યોગ્ય તરીકે ધ્યાન ધરતાં (પીડા કરે છે). વિષયોના ભોગની ઈચ્છા હોય, ત્યારે સંસાર હયાત ન હોવા છતાં પીડા કરે છે, એવો અર્થ છે. ‘જેમ સ્વપ્નમાં અનર્થ પ્રાપ્ત થાય છે’ શબ્દોથી હયાત ન હોય તે(વો પદાર્થ) પણ પીડા કરનાર હોવાનું દૃષ્ટાંત કહેલું છે. સ્વપ્ન તો માયિક (મિથ્યા) છે, એવો સિદ્ધાંત છે. જો કે તેમાં મારવાનું ખોટું હોય છે, છતાં પણ જાગીએ તે પહેલાં દૂર થતું નથી જ. તેથી એમ સિદ્ધ થાય છે કે સંસાર ફીટાડવા માટે પ્રયત્ન કરવો જોઈએ. ૪.

૧. આથી સ્વરૂપબંધનું લક્ષણ કર્યા જેવું જાણવું. જે બેનું સ્વરૂપ એવું હોય કે તેને લીધે બંનેનો ગાઢ સંબંધ જણાવવામાં આવે, તેમનામાં સ્વરૂપસંબંધ છે. (પ્ર)

૨. ‘મિથ્યાજ્ઞાનવાળો’ એટલે હું પદરૂપ. (પ્ર)

તે વિષયમાં સ્વપ્નના દૃષ્ટાંતથી જ બોધ[1] તેને દૂર કરનારો છે એવો નિશ્ચય થાય છે. તે બોધ કેમ થાય, એ જાણવાની ઈચ્છા થતાં, વેદથી એવો નિશ્ચય થાય છે કે જ્યારે ચિત્ત અંદર (આત્મા પ્રતિ) પ્રવેશ કરનારું થાય ત્યારે (બોધ) થાય છે. ‘કોઈક પાછાં વળેલાં નયનવાળા[2] અમૃતપણું ઈચ્છનાર ધીરે અંદરના આત્માને જાણ્યો’ એ શ્રુતિથી એવો નિશ્ચય થાય છે કે સંસારમાંથી પાછું ફરેલું ચિત્ત આત્મા પ્રતિ જાય છે. દુષ્ટ માર્ગમાં પ્રવૃત્તિ કરનારું તે (સંસારથી) પાછું ફરતું નથી જ, તેમજ તેને પાછું વાળી શકાતું નથી, કારણ કે દુષ્ટો બહુ છે અને સર્વથી બલવાન છે. તેમાં પણ (સંસારમાં) ઘણું જ આસક્ત થએલું (ચિત્ત નથી જ વાળી શકાતું). છતાં પણ આવાં (ચિત્ત)ને પણ વાળવું જોઈએ. તેથી આરંભમાં નીચેના શ્લોકમાં તેને વશ કરવાનું સાધન કહે છે :

**અત એવ શનૈશ્ચિત્તં પ્રસક્તમસતાં પથિ ।।**
**ભક્તિયોગેન તીવ્રેણ વિરક્ત્યા ચ નયેદ્વશમ્ ।।૫।।**

તેથી જ દુષ્ટોના માર્ગમાં ઘણાં આસક્ત થએલાં ચિત્તને તીવ્ર ભક્તિયોગથી અને વૈરાગ્યથી ધીરેધીરે વશ કરવું. ૫.

કારણ કે પાછું નહિ વળેલું (ચિત્ત) અનર્થ કરનારું છે, તેથી જ ઘણા સમય સુધી આસક્ત રહેલ હોવાથી તરત પાછું ન વળે; છતાં પણ–જેમ દુષ્ટો આડે ન આવે (તથા) જેમ ચિત્ત (સંસારમાંની) આસક્તિ તજે તેમ–ધીરેધીરે પાછું વાળવું જોઈએ. ૧. ભક્તિયોગ અને ૨. વૈરાગ્ય એ બે તેનાં સાધન છે. ૧. ભગવાનમાં સ્નેહ અને ૨.વિષયોમાં પ્રીતિ ન હોવી, પહેલાંથી ઉલટું[3] બંને (સાધનો)થી ચિત્ત વશ થાય. ૫.

૧. 'બોધ' એટલે (૧) જાગવું (સ્વપ્નને લાગુ પડે છે) (૨) જ્ઞાન.
૨. સામે રાખેલ દર્પણમાંથી જેમ નયન પાછું ફરે છે, તેમ સંસારમાંથી પાછાં વળેલ નયન છે જેનાં તેવો, એવો અર્થ છે. (પ્ર)
૩. સ્નેહથી ઉલટું, પ્રીતિ ન હોવી તે. ભગવાનમાં સ્નેહ અને વિષયોમાં તેથી ઉલટું.

નીચેના શ્લોકોમાં બંનેનાં સાધનો કહે છેઃ

**યમાદિભિર્યોગપથૈરભ્યસેત્ શ્રદ્ધયાન્વિતઃ ।।**
**મયિ ભાવેન સત્યેન મત્કથાશ્રવણેન ચ ।।૬।।**
**સર્વભૂતસમત્વેન નિર્વૈરેણાપ્રસંગતઃ ।।**
**બ્રહ્મચર્યેણ મૌનેન સ્વધર્મેણ મહીયસા ।।૭।।**
**યદૃચ્છયોપસ્થિતેન સંતુષ્ટો મિતભુઙ્મુનિઃ ।।**
**વિવિક્તશરણઃ શાન્તો મૈત્રઃ કરુણ આત્મવાન્ ।।૮।।**
**સાનુબન્ધે ચ દેહેઽસ્મિન્નકુર્વન્નસદાગ્રહમ્ ।।**
**જ્ઞાનેન દૃષ્ટતત્ત્વેન પ્રકૃતેઃ પુરુષસ્ય ચ ।।૯।।**
**નિવૃત્તબુદ્ધ્યવસ્થાનો દૂરીભૂતાન્યદર્શનઃ ।।**
**ઉપલભ્યાત્મનાઽઽત્માનં ચક્ષુષેવાર્કમાત્મદૃક્ ।।૧૦।।**

યમ વિગેરે યોગના માર્ગોથી શ્રદ્ધાવાળા થઈ અભ્યાસ કરવાથી, મારામાં સ્નેહ રાખવાથી, સત્યથી અને મારી કથાનાં શ્રવણથી, પ્રાણીમાત્ર પ્રતિ સમાન રહેવાથી, વૈર ન રાખવાથી, સંગ ન કરવાથી, બ્રહ્મચર્યથી, મૌનથી, દઢતાવાળા પોતાના ધર્મથી, પોતાની મેળે મળી આવે તેથી સંતોષ રાખનાર, થોડો આહાર રાખવાથી, મનન કરવાથી, એકાંત સેવવાથી, શાંત રહેવાથી, મિત્ર થવાથી, દયાળુ રહેવાથી, અંતઃકરણ વશ રાખવાથી અને સંતતિ સહિત આ દેહમાં દુષ્ટ આસક્તિ ન રાખવાથી, અને જેમાં તત્ત્વનું દર્શન થએલ છે તેવાં પ્રકૃતિ અને પુરુષનાં જ્ઞાનથી જેની બુદ્ધિની અવસ્થાઓ દૂર થએલી છે (અને) જેને બીજાનું દર્શન થતું અટકી ગયું છે તેવો (પુરુષ)-જેમ નયનથી સૂર્યને જોવાય તેમ આત્માથી આત્માને પ્રાપ્ત કરી આત્માનાં દર્શન કરનાર (થાય છે). ૬થી૧૦.

પહેલાં[1] સત્સંગ વિગેરે ભક્તિનાં સાધનો કહેલા છે. તે દુર્લભ હોવાથી (અહિં) જ્ઞાન જ ભક્તિનું સાધન છે એમ કહે છે. ૧.યમ વિગેરે સાધનોથી જો આત્માને જાણે, તો ભગવાનમાં સ્નેહ થાય. પછી ચિત્ત ભગવાનમાં સ્થિર થાય, ત્યારે વિષયોનું ધ્યાન થતું ન હોવાથી સંસાર ફીટે છે. તે પૈકી પહેલા અહિંસા વિગેરે યમો છે. પછી સ્નાન વિગેરે નિયમો છે. પછી આસન[2] વિગેરે યોગના માર્ગો છે. ૨.તેમના વડે ચિત્તને કેળવવું, ચિત્ત મારા વિષે પરોવવું અથવા (તેવો) સંયમ કરવાનો

અભ્યાસ કરવો, અને ૩.માર્ગમાં તથા સાધનોમાં શ્રદ્ધા રાખવી. ૪.હું ભગવાનમાં શ્રદ્ધા વિગેરેથી સ્નેહ રાખવો. ૫.'સત્યેન' સત્યના સ્વભાવથી, કાયા વાણી અને મનને તો સત્યમાં રાખવાં ૬.સદા ભગવાનની કથાનું શ્રવણ કરવું. 'ચ' અને શબ્દ હોવાથી (ભગવાનની કથાનું) કીર્તન કરવું. ૭. પ્રાણીમાત્ર પ્રતિ સમાન દૃષ્ટિ રાખવી. ૮.બધાં (કોઈપણ) પ્રાણી ઉપર વૈર ન રાખવું, અને ૯.સર્વ (કોઈપણ) પદાર્થો અને સર્વ (કોઈપણ) પ્રાણીઓનો સંગ ન રાખવો. ૧૦.આઠ અંગવાળું બ્રહ્મચર્ય રાખવું. ૧૧.મિથ્યા વાતચિતના ત્યાગરૂપ મૌન રાખવું. ૧૨.'મહીયસા' દૃઢતા પ્રાપ્ત કરેલ પોતાના ધર્મ એટલે વર્ણ તથા આશ્રમના ધર્મ પાળવા.

પોતાની મેળે મળી આવે તેવાં અન્ન વિગેરેથી સંતોષ રાખવો. આ સર્વ સાધનો પહેલાંના (સાધન)થી પછી પછીનાં પ્રાપ્ત થનારાં બાર છે. અથવા બીજાં (સાધનો) સાથે પોતાની મેળે મળી આવતાં અન્ન વિગેરેથી સંતોષ પ્રાપ્ત કરવો. પહેલાં કહેલાં (સાધનો) સ્વરૂપ ઉપર ઉપકાર કરનારાં સહકારી (સાધનો) છે, અથવા કોઈકના મત પ્રમાણે સંતોષ જ મુક્તિનું અંગ હોવાથી ફલ પ્રાપ્ત કરાવવામાં સહકારી (સાધનો) છે. તેથી સંતોષને કારણ (સાધન) કહેલ નથી, અને (સાધન તરીકે તેની) જૂદી સ્થિતિ નથી એમ જણાવવા, 'સન્તુષ્ટઃ' શબ્દથી કર્તાના વિશેષણ તરીકે કહેલ છે. તેમાં પણ (૧) થોડો આહાર, અને (૨) મનન, (૩) એકાંતમાં સ્થિતિ (૪) ઘણી જ શાંતિ (૫) સર્વની મિત્રતા (૬) દયા (૭) પોતાને વશ રાખેલું અંતઃકરણ અને (૮) પુત્ર વિગેરે સહિત દેહમાં દુષ્ટ આસક્તિનો અભાવ એ આઠ સાધનો અંદરનાં સાધનો છે. (૧) યમ વિગેરે બાર (૨) એક સંતોષ અને (૩) થોડો આહાર વિગેરે આઠ એ ત્રણ પ્રકારનાં સાધનોથી અને ત્રણ ઘણાં જ અંદરનાં સાધનોથી આત્માનું દર્શન કરનાર થાય છે.

તે ત્રણ (ઘણાં જ અંદરનાં સાધનો) નવમા શ્લોકના ઉત્તરાર્ધથી આરંભી કહે છે. (૧) એક સાંખ્ય (૨) ચોથી અવસ્થાનું અને (૩) ભેદનું જ્ઞાન ન હોવું. (૧) પ્રકૃતિ અને પુરુષનું જણાએલું છે તત્ત્વ જેનાથી તેવાં, સાંખ્યથી ઉત્પન્ન થએલાં જ્ઞાનથી (૨) બુદ્ધિનાં સ્થાનો જેનાં દૂર થએલાં છે અને (૩) બંધ થએલાં છે બીજાનાં દર્શન જેને (તે આત્માનું દર્શન કરનાર થાય છે). એ પ્રમાણે ધીરે ધીરે થાય ત્યારે આત્માથી જ આત્માને પ્રાપ્ત કરી, આત્માનું દર્શન કરનાર થાય છે.

''એક જ (આત્મા) સાધન અને કર્મ[૩] કેમ હોય ?'' એવી શંકા થાય, તેથી 'જેમ નયનથી સૂર્યને જોવાય' એવું દૃષ્ટાંત કહેલું છે. નયન પણ તેજનું બનેલું છે, સૂર્ય પણ (તેવો છે); પરંતુ આ (નયન) આધ્યાત્મિક છે અને સૂર્ય આધિદૈવિક છે.

તેમાં જેમ બીજા પદાર્થને જોવા માટે પદાર્થને પ્રકાશનાર તરીકે સૂર્યની જરુર રહે છે, તેમ સૂર્યને જોવા માટે સૂર્યની જરુર રહેતી નથી; તેમજ નયનમાં રહેલ અંધકારને દૂર કરવા માટે પણ તેની જરુર રહેતી નથી; પરંતુ તે (સૂર્ય)થી જ પ્રકાશ પામેલ નયન તે (સૂર્ય)ના અંશ બનેલ પોતાને ગ્રહણ કરે છે. એવી રીતે ભગવાનનો અંશ બનેલ જે જીવ, સર્વના આત્મા હોવારૂપ સ્વરૂપવાળા ભગવાનનાં ચિહ્નવાળા આત્માને[4] આત્માને જૂએ છે, તે આત્માનું દર્શન કરનાર છે, એવો અર્થ છે[5]. ૧૦.

૧. જુઓ ૩।૨૫।૨૫ વિગેરે.

૨. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ યોગનાં આઠ અંગો છે.

૩. 'આત્માથી' શબ્દથી સાધન કહ્યું અને 'આત્માને' શબ્દથી કર્મ કહ્યું. જીવનો આત્મા સાધન અને કર્મ બંને કેમ હોઈ શકે ? એવી શંકા છે.

૪. 'આત્માને' એટલે પોતાના મૂલરૂપ સૂર્યને ( પ્ર ). 'આત્માને' એટલે જીવાત્માને, પોતાને એવો અર્થ જણાય છે.

૫. એક જ પદાર્થ સાધન અને કર્મ હોય એમ 'નયનથી નયનને જૂએ છે' એ દૃષ્ટાંતથી પણ સિદ્ધ થાય છે. આમ હોવા છતાં 'નયનથી સૂર્યને જુએ છે' એમ જે કહ્યું, તેથી શાસ્ત્રકારના આશયમાં (ભગવાનનાં દર્શન કરે છે) એવો જ અર્થ છે, એવો અર્થ છે. ( પ્ર ) અહિં આત્મા પરમાત્માનો અંશ હોઈ, બંનેનું સ્વરૂપ એક હોવાથી જીવાત્મા સર્વના આત્માના સ્વરૂપવાળા ભગવાનનાં ચિહ્નવાળો પોતાને જૂએ છે, એમ કહેલું છે, તેથી અહિં આત્મા (જીવાત્મા)ના જ્ઞાનનું જ પ્રકરણ છે. આત્માનું સત્ય સ્વરૂપ જાણે છે એવો જ આશય જણાય છે.

'એવી રીતે આત્માનું દર્શન થાય ત્યારે શું થાય ?' એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**મુક્તલિઙ્ગં સદાભાસમસતિ પ્રતિપદ્યતે ।।**
**સતો બન્ધુમસચ્ચક્ષુઃ સર્વાનુસ્યૂતમદ્વયમ્ ।।૧૧।।**

(તે પોતાને) સંઘાતમાં લિંગરહિત, સત્‌ના આભાસરૂપ, સત્‌ના બંધુ, અસત્‌ના ચક્ષુરૂપ, સર્વમાં પરોવાએલો, એકલો જાણે છે. ૧૧.

એવી રીતે મનના વિચારથી થએલ જ્ઞાન વડે 'અસતિ' આ જ સંઘાત (દેહ)ની અંદર (પોતાને) લિંગરહિત, સત્‌ના આભાસરૂપ જાણે છે. 'મુક્તં' છૂટી ગએલું છે. 'લિનમ્' લિંગ જેનું તેવો જાણે છે. તેનું લિંગ પ્રકારનું અંદરનું ઢાંકણ દૂર થાય છે, ત્યારે તે 'સત્‌ના' એટલે મૂલભૂત જીવના[1] આભાસરૂપ શરીરમાં રહેલા આત્માને જાણે છે, 'આ હું છું' એમ સાક્ષાત્ જાણે છે. આટલા સમય સુધી બહારનાં ઢાંકણો દૂર થએલાં ન હોવાથી[2] આભાસનો પણ સાક્ષાત્કાર થયો ન હતો.

'આભાસ પ્રાપ્ત થાય[3] તેમાં શું પુરુષાર્થ ?' એવો પ્રશ્ન થાય, તે સંબંધમાં 'સત્‌ના બંધુ' એમ કહેલું છે. આ આભાસ 'સત્‌નો' એટલે મૂલભૂત આત્માનો બંધુ છે, અથવા પુત્ર અથવા ભાઈ જેવો છે. તેનાં પ્રતિબિંબરૂપ[4] હોવાથી સારી રીતે મૂલ (આત્મા)ને જણાવનારો છે, એવો ભાવ છે.

'આ સત્‌નો બંધુ હોવાનું પ્રમાણ શું ?' એવો પ્રશ્ન થાય, તે સંબંધમાં 'અસત્‌ના ચક્ષુરૂપ' એમ કહેલું છે. અસત્, દેહ વિગેરેનું (તે) ચક્ષુ છે. જેમ ચક્ષુ આભાસરૂપ હોવા છતાં પદાર્થનો પ્રકાશ કરનારું છે, તેથી જણાય છે કે આ[5] સૂર્યનો આભાસ છે.

''માત્ર અસત્‌નો પ્રકાશ કરનાર હોવાથી તે સૂર્યના પ્રકાશ વિગેરેની સમાન હોવાથી સત્‌ના આભાસરૂપ હોવાનું સિદ્ધ થતું નથી'' એવી શંકા થાય, તેથી 'સર્વમાં પરોવાએલો' એમ કહેલું છે. તે જગતમાં બધાએ સ્થલે પરોવાએલો, એટલે સંબંધ વાળો છે. સર્વત્ર પ્રસરેલાના આભાસરૂપ ન હોય, તો સર્વ સ્થલે પરોવાએલો ન હોય.

''જૂદા જૂદા આભાસ હોય[6], ત્યારે તે ઘટે છે.'' એવી શંકા થાય, તે વિષયમાં 'એકલો' એમ કહેલું છે. સંઘાતમાં સર્વ સ્થલે એક જ પ્રતિબિંબ છે. તેમ ન હોય, તે 'જે હું જોઉં છું તે જ હું શ્રવણ કરું છું' એવું અનુસંધાન ન થાય. એ પ્રમાણે[7] આ શરીરમાં રહેલો (જીવ) સત્‌નો આભાસ હોવાનું જણાવ્યું. ૧૧.

૧. 'મૂલભૂત જીવ' એટલે 'સર્વના આત્મા, સૃષ્ટિ રચવાની ઈચ્છાવાળા થએલ પ્રથમ પુરુષ હરિ'. (પ્ર)

૨. સુષુપ્તિમાં (ભગવાનનો) સાક્ષાત્કાર થાય છે, છતાં પણ 'આ હું છું' એવા પ્રકારનો થતો નથી. (પ્ર)

૩. 'આભાસ પ્રાપ્ત થાય' એટલે 'આ હું મૂલ (જીવ)નાં આભાસરૂપ છું' એમ જણાય, એવો અર્થ છે. (પ્ર).

૪. દર્પણ વિગેરેમાં પ્રવેશેલાં સૂર્યનાં કિરણ પેઠે, શુદ્ધ ચિત્તમાં પ્રવેશેલા અંશરૂપ હોવાની, એવો અર્થ છે. (પ્ર).

૫. 'આ' એટલે પ્રકાશ કરનાર (ચક્ષુ). (પ્ર).

૬. જેમ અરીસામાં સૂર્યનો એક જ આભાસ હોય છે, પરંતુ તે ભાંગે અને દશ કટકા થાય, ત્યારે તે આભાસ દશ પ્રકારનો દેખાય છે, એટલે સર્વમાં પરોવાએલો જણાય છે, તેમ આભાસ જૂદો જૂદો હોય ત્યારે પણ તે બધામાં પરોવાએલો હોવાનું ઘટે છે, એવો અર્થ છે. (પ્ર).

૭. 'એ પ્રમાણે' એટલે અનુમાનના પ્રકારથી, એવો અર્થ છે. (પ્ર).

તેનાથી આત્માનું જ્ઞાન (થાય છે એમ) જણાવવા માટે, નીચેના બે શ્લોકથી (અનુક્રમે) દષ્ટાંત અને યોગ્યતા જણાવે છેઃ

**યથા જલસ્થ આભાસઃ સ્થલસ્થેનાવદશ્યતે ।।**
**સ્વભાસેન તથા સૂર્યો જલસ્થેન દિવિ સ્થિતઃ ।।૧૨।।**
**એવં ત્રિવૃદહંકારો ભૂતેન્દ્રિયમનોમયૈઃ ।।**
**સ્વભાસૈર્લક્ષિતોઽનેન સદાભાસેન સત્યદક્ ।।૧૩।।**

જેમ જમીન ઉપર (સૂર્યના પ્રતિબિંબથી) જલમાં રહેલું (સૂર્યનું) પ્રતિબિંબ જણાય છે અને વળી જલમાં રહેલાં પોતાનાં (સૂર્યનાં) પ્રતિબિંબથી આકાશમાં રહેલો સૂર્ય જણાય છે, એવી રીતે મહાભૂતો, ઇન્દ્રિયો અને મનમાં પડેલા પોતાના આભાસોથી ત્રણ વિભાગવાળો અહંકાર જણાય છે, (અને) આ સત્‌ના આભાસથી સત્ય (આત્મા)નું જ્ઞાન થાય છે. ૧૨।૧૩.

પુરુષ ઘરની અંદર રહેલો હોય (અને) બહાર જલ વિગેરેમાં સૂર્યનું પ્રતિબિંબ પડતાં (તેની) સામે ઘરની અંદરની ભીંત ઉપર તે (પ્રતિબિંબ)નું પરાવર્તન થાય છે, (ત્યારે) ત્યાં સૂર્યના પ્રકાશ[1] જેવું થાય છે. તેનાથી તે (પુરુષ) જાણે છે કે અહિં બારોબાર સૂર્યનો સંબંધ હોવાનું સંભવતું નથી, પરંતુ બહાર દર્પણ વિગેરેમાં પ્રતિબિંબરૂપે પડેલાનું આ પરાવર્તન છે. એવી રીતે ચક્ષુ વિગેરેમાં ઉપર કહેલાં સાધનોથી જ (આત્માનું) પરાવર્તન થાય[2] છે, બીજા પ્રકારે[3] થતું નથી એમ જાણવું, કારણ કે (ઘરની) બહાર બાંકડા વિગેરે ઉપર સૂર્ય ગરમીના[1] સ્વરૂપથી સંબંધમાં આવેલ હોય, તો પણ દર્પણ વિગેરે ઉપર હોય તેની પેઠે (તેનું) પરાવર્તન થતું નથી. તેમ (પરાવર્તન થતું) હોય, તો બધોએ (પદાર્થોનો) સૂમહ (ઘરની) અંદર જોવામાં આવે. તેથી સાધનો કરવામાં આવે ત્યારે જ જે થવાનું, તે આરંભમાં અસંભવ દૂર કરવા માટે દષ્ટાંતથી જણાવવામાં આવે છે.

'જમીન ઉપર રહેલા' એટલે ઘરની અંદર ભીંત વિગેરે ઉપર પરાવર્તન પામેલાં પ્રતિબિંબથી બહાર રહેલું જલમાં પડેલું પ્રતિબિંબ 'અવદશ્યતે' જણાય છે, અને જલમાં પડેલો તે પણ પોતાના પ્રતિબિંબથી આકાશમાં રહેલો સૂર્ય જણાય છે. ૧૨.

એવી રીતે ત્રણ વિભાગવાળા અહંકારમાં રહેલો સત્‌નાં આભાસરૂપ આત્મા, મહાભૂતો ઇન્દ્રિયો અને મનમાં પરાવર્તન પામેલા આભાસના આભાસોથી જણાય છે, (અને) તે ત્રણ વિભાગવાળા અહંકારમાં રહેલા સતના આભાસરૂપ 'સત્યદક્ઃ' (થવાય છે), એટલે જીવ બનેલા આત્માનું જ્ઞાન થાય છે. ૧૩.

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'ધર્મઃ' પાઠ લીધેલો છે.
૨. ''ઉપરનાં દષ્ટાંત પ્રમાણે સાધન વિના પણ અનુમાન વિગેરેથી આત્માનું જ્ઞાન સહેલાઈથી

થાય, તેથી સાધન (કરવા)નો ઉપદેશ નકામો છે'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર)
૩. 'બીજા પ્રકારે' એટલે આધાર શુદ્ધ ન હોય તો. (પ્ર)

એવી રીતે દષ્ટાંતથી આત્માનું જ્ઞાન થઈ શકે તેમ નથી[1] એવા મતને દૂર કરી, ''દષ્ટાંત સત્ય જણાવનારું નહિ હોય'' એવી શંકા થાય, તેથી (ઉપર) કહેલા અર્થને નીચેના શ્લોકમાં અનુભવથી દઢ કરે છેઃ

**ભૂતસૂક્ષ્મેન્દ્રિયમનોબુદ્ધ્યાદિષ્વિહ નિદ્રયા ।।**
**લીનેષ્વસતિ યસ્તત્ર વિનિદ્રો નિરહઙ્‍ક્રિયઃ ।।૧૪।।**

જ્યારે મહાભૂતો તન્માત્રાઓ ઈન્દ્રિયો મન બુદ્ધિ વિગેરે અહિં નિદ્રાને લીધે લય પામે છે, ત્યારે ત્યાં અસતમાં જે નિદ્રારહિત (અને) અહંકારરહિત (પ્રકાશે છે તે આત્મા જાણવો.)૧૪.

જાગવાની અવસ્થામાં દેહની સાથે આત્માનું ભાન થતું હોવાથી, 'આ આત્મા કોણ ?' એવું જોકે (એનું) જૂદું જ્ઞાન થતું નથી, છતાં પણ સુષુપ્તિમાં દેહથી જૂદો એકલો આત્મા પ્રકાશતો હોવાથી તે (આ શ્લોકમાં) કહે છે. સ્થૂલ મહાભૂતો, અને સૂક્ષ્મ તન્માત્રાઓ, ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ. 'વિગેરે' શબ્દથી જણાવેલ અહંકાર. સ્વપ્ન વિનાની નિદ્રા આમની પ્રભાને દૂર કરે છે, ત્યારે આ પ્રકાશતા નથી. પ્રભાનો લય એ જ આમનો લય છે[2]. પછી આમની પ્રભાના પ્રકાશ વિનાના 'અસત્' એટલે મૂઢ દેહમાં જે ત્યાં પ્રકાશે છે તે આત્મા જાણવો એમ કબુલ કરવું જોઈએ.

'ત્યાં કોઈ પણ પ્રકાશતો નથી' એવી શંકા થાય, તેથી નિદ્રારહિત એમ કહેલું છે. તે આત્મા નિદ્રાથી ઘેરાતો નથી. '' 'આ હું' એવા નિશ્ચયથી આત્મા જણાય છે. તે જો નિદ્રારહિત હોય, તો 'હું' એવું જ્ઞાન હોય'' એવી શંકા થાય, તેથી 'અહંકાર રહિત' એમ કહેલું છે. અહંકારનો સંબંધ હોય, ત્યારે 'હું' એવો નિશ્ચય થાય છે, અને તે (અહંકાર)નો લય થએલો હોવાથી, નિદ્રા હોય ત્યારે 'હું' એમ (આત્મા) વિચારતો નથી. ૧૪.

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે.
૨. શ્લોકમાં જણાવેલ મહાભૂતો વિગેરેના લયનું સ્વરૂપ આ વાકયથી કહેલું છે. એટલે 'લય થએલો' શબ્દથી 'લય થયા જેવો' કહેલ છે એમ ગૌણી લક્ષણાથી જાણવું. (પ્ર)

'ત્યારે આત્મા પ્રકાશતો નથી'' એવી શંકા થાય તેથી [1]કહે છેઃ

**મન્યમાનસ્તદાઽઽત્માનમનષ્ટો નષ્ટવન્મૃષા ।।**
**નષ્ટેઽહંકરણે દ્રષ્ટા નષ્ટવિત્ત ઈવાતુરઃ ।।૧૫।।**

ત્યારે અહંકારનો નાશ થતાં-જેમ જેનું ધન ગૂમાએલ હોય તે દુઃખી થાય છે તેની પેઠે-દ્રષ્ટા નાશ પામેલો ન હોવા છતાં ખોટી રીતે પોતાનો નાશ પામેલ હોય

તેવો માને છે. ૧૫.

ત્યારે (દ્રષ્ટા=આત્મા) નાશ પામેલ ન હોવા છતાં પોતાને નાશ પામેલો માને છે. જે (તેમ) માને છે તે આત્મા છે. નાશ પામેલો માને છે, તેથી તે પ્રકટ પ્રકાશવાળો હોતો નથી. તેમ ન હોય (પ્રકટ પ્રકાશ હોય), તો કોણ (પોતાને) નાશ પામેલો માને ? સ્વપ્નમાં માથું કપાય છે, ત્યારે કોણ જ (પોતાનું) માથું કપાતું જૂએ ? તેથી કાઈક દ્રષ્ટા (જોનાર) છે, જે નાશ પામેલો ન હોવા છતાં 'હું નથી' એમ[2] પોતાને નાશ પામેલો માને છે. 'અહંકારનો નાશ થતા' શબ્દોથી, નાશ ન પામેલો (પોતાને) નાશ પામેલો જાણે એ વિષયનો તર્ક અને દષ્ટાંત કહેલાં છે. તે (આત્મા) તો અહંકારથી વીંટાએલો છે. જ્યારે અહંકારનો નાશ થાય છે, ત્યારે તેની સાથેનાં ઐકયનું જ્ઞાન દઢ હોવાથી તે (આત્મા) પોતાને જ નાશ પામેલો માને છે, કારણ કે અહંકારના અધ્યાસવાળો (આત્મા)જ દશ્ય (પ્રકાશવાળો) છે. કેવલ (અહંકારના અધ્યાસ વિનાનો) તો દ્રષ્ટા (જોનાર) છે. તેથી તે અહંકાર સાથેના પોતાના દશ્ય સ્વરૂપને નાશ પામેલ માને જ, તે યોગ્ય જ છે. 'જેમ જેનું ધન ગૂમાએલ હોય...' એ દષ્ટાંતથી એકનો નાશ થાય, ત્યારે બીજાનો નાશ થવાનું જ્ઞાન થાય છે એમ કહેલું છે. આ લૌકિક પુરુષ ધનરૂપ છે. જ્યારે ધનનો નાશ થાય, ત્યારે તેના વિના પોતાનું ગુજરાન ન થવાથી તે પોતાને જ નાશ પામેલ માને છે. 'આતુરઃ' એટલે રોગી, તે જેમ દેહનો નાશ થાય, ત્યારે પોતાનો જ નાશ થએલ માને છે, તેમ (અહંકારનો નાશ થતાં આત્મા પોતે નાશ થએલ હોવાનું માને છે.) અથવા (લૌકિક પુરુષ) ધનનો નાશ થતાં આતુર (દુઃખી) થાય છે. ૧૫.

૧. નિદ્રામાં જ (આત્માનું) જ્ઞાન થાય છે, એમ પ્રમાણથી કહે છે, એવો અર્થ છે. (પ્ર)

૨. નિદ્રામાં બીજાના સ્પર્શ વિગેરેનું જ્ઞાન થતું ન હોવાથી, દેહનો અધ્યાસ નથી. 'હું જોઉં છુ. વિચારું છું, જાણું છું, શ્વાસ લઉં છુ' વિગેરે પ્રકારનું ભાન રહેતું ન હોવાથી, ઈન્દ્રિયો વિગેરેનો પણ અધ્યાસ નથી. હવે અહંકારનો અધ્યાસ રહ્યો. 'હું નથી' એમ જણાતાં, તે પણ નથી રહેતો. ત્યારે એકલો દ્રષ્ટા બાકી રહે છે, તે જ આત્મા છે. ચિત્ત તો અધ્યાસ ઉત્પન્ન કરતું નથી. કારણ કે તે સ્વચ્છ, વિકારવિનાનું અને શાંત છે. (પ્ર)

એવી રીતે આત્માને દર્શાવી, નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છેઃ

**એવં પ્રત્યવમૃશ્યાઽસાવાત્માનં પ્રતિપદ્યતે ।।**
**સાહંકારસ્ય દ્રવ્યસ્ય યોઽવસ્થાનમનુગ્રહઃ ।।૧૬।।**

એ પ્રમાણે વિચાર કરીને આ આત્માને જાણે છે. અહંકાર સાથેના દ્રવ્યનો જે ઉપકાર તે પછીનું સ્મરણ છે. ૧૬.

ઉપર કહેલા પ્રકારથી આત્માનો વિચાર કરીને, આ જ આત્મા આત્માને

જાણે છે. ''અહંકારનો નાશ પણ (થએલો) જણાતો નથી, કારણ કે 'હું સુખથી સૂતો' એમ સ્મરણ થતાં અહંકાર સાથેના (આત્મા)નું જ સ્મરણ થાય છે, (તેથી) અહંકારનો નાશ થએલ નથી'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. અહંકાર સાથેના દ્રવ્ય આત્માનું 'અવસ્થાનં' પાછલથી સ્મરણ[1] (થાય છે, તે) ઉપકાર છે. અહંકાર પાછલથી સંબંધમાં આવે છે. જેમ 'આ તે જ દેવદત્ત કુંડલવાળો છે' વાક્યથી પહેલાં કુંડલ ન જણાએલ હોવા છતાં જાણવામાં આવે છે, (તેમ અહંકાર સાથેના આત્માનું પાછલથી સ્મરણ થતાં, સુષુપ્તિમાં અહંકારરહિત આત્મા હોવાનું જણાય છે). 'જે ઉપકાર તે પછીનું સ્મરણ છે' એવો (વાકયનો) સંબંધ છે. ઉપકારની પ્રસિદ્ધિ ચાલુ વિષયમાં ઉપયોગી છે. ૧૬.

૧. 'અવસ્થાનં' એટલે પાછલથી (થતો) સંબંધ, એવો અર્થ છે. (પ્ર)

''એવી રીતે મોક્ષ (પ્રાપ્ત કરવા) માટે આત્માનાં જ્ઞાનનો ઉપદેશ કર્યો, તે ચાલુ વિષયમાં ઉપયોગી થતો નથી, કારણ કે પ્રકૃતિનો સંબંધ સંસાર (થવા)નું કારણ છે. સાંખ્યમાં પ્રકૃતિ નિત્ય છે, પુરુષ પણ નિત્ય છે, અને (બેનો) સંબંધ (નિત્ય છે). તેવા સંજોગોમાં જ્ઞાન શું કરવાનું ? કારણ કે જ્ઞાન પ્રકૃતિનો અથવા સંબંધનો નાશ કરવા શક્તિવાળું નથી. તેથી કર્મની પેઠે જ્ઞાન સંપત્તિ (પ્રાપ્ત) કરાવનારું જ છે, મોક્ષ (પ્રાપ્ત) કરાવનારું નથી, એવી શંકા નીચેના શ્લોકથી આરંભી ચાર (શ્લોકો)થી (દેવહૂતિ) કરે છેઃ

।। દેવહૂતિરુવાચ ।।

**પુરુષં પ્રકૃતિર્બ્રહ્મન્ન વિમુઞ્ચતિ કર્હિચિત્ ।।**
**અન્યોન્યાપાશ્રયત્વાચ્ચ નિત્યત્વાદનયોઃ પ્રભો ।।૧૭।।**

હે બ્રહ્મન્ ! પ્રકૃતિ પુરુષને કોઈ પણ સમયે છોડતી નથી, કારણ કે હે પ્રભો ! આ બંને નિત્ય છે અને એક બીજાના આશ્રયવાળાં છે. ૧૭.

પ્રકૃતિ અને પુરુષનો સંબંધ નિત્ય છે, તેમજ પ્રકૃતિ અને પુરુષની વ્યક્તિ અનિત્ય નથી; તેમજ કોઈ પણ પ્રકૃતિનો સંબંધ પીડા ન કરનારો નથી. હવે જ્ઞાન પ્રકૃતિને પીડા કરતી મટાડે છે એવો મત છે; તે પણ જ્ઞાન ત્રણ ક્ષણ રહેનારું હોવાથી તે જતું રહે ત્યારે પ્રકૃતિ ફરીથી પીડા કરવાની (હોવાથી યોગ્ય નથી). તેથી મોક્ષનો માર્ગ અસંભવિત છે. પુરુષ અને પ્રકૃતિનો સંબંધ પોતાની ઈચ્છાથી થાય છે. તેમાં આરંભનો સંબંધ પ્રકૃતિને છોડતો નથી. ''કોઈ પ્રસંગે જો પ્રકૃતિ જ પુરુષને તજી જાય, તો મુક્તિ થાય'' એવી શંકા થતાં કહે છે, કે 'પ્રકૃતિ પુરુષને કોઈ પણ સમયે છોડતી નથી'. પ્રકૃતિ અને પુરુષ બંનેને બંનેની જરુર રહેતી હોવાથી, બંનેનાં

સ્વરૂપનું જ્ઞાન (કપિલ પોતાને) કરાવે તે માટે 'હે બ્રહ્મન્ !' એવું સંબોધન કરેલું છે. વળી બીજો પણ (તે) બંનેને છૂટાં પાડી શકતો નથી, કારણ કે તેઓ એક બીજાના આશ્રયવાળાં છે. જો બંને સ્વભાવથી જૂદાં હોઈ ભેગાં થએલાં હોત, તો તેમને છૂટાં પાડી પણ શકાય, પરંતુ તેઓ બે પરસ્પર ભેગાં થઈ સંબંધમાં આવેલાં છે. જેમ રેશમ અને કપાસનો એક તાંતણો ઉત્પન્ન કરવામાં આવે, તેનાથી વસ્ત્ર બનાવવામાં આવતાં, (તેના) બે તાંતણા છૂટા પાડવામાં આવે ત્યારે પણ રેશમ અને કપાસ છૂટાં પડતાં નથી, તેમ પ્રકૃતિમાં પ્રવેશ કરેલો પુરુષ પ્રકૃતિરૂપ થાય છે અને 'પ્રકૃતિ' કહેવાય છે. પ્રકૃતિ પણ પુરુષમાં પ્રવેશ કરેલી પુરુષરૂપ થાય છે, અને 'પુરુષ' કહેવાય છે, અને આવાં બેનો સંબંધ (થએલો છે), તે કેમ તજાવી શકાય ? એવો અર્થ છે. એકનો નાશ થાય ત્યારે પણ તેઓ છૂટાં પડવાનું સંભવતું નથી, કારણ કે બંને નિત્ય છે. 'હે પ્રભો !' એ સંબોધન એમ જણાવવા કરેલું છે કે આપ (કપિલ) ન થઈ શકે તેવી રચના કરવાની શક્તિવાળા છો. ૧૭.

વળી ''કોઈક પ્રકૃતિ કોઈક પુરુષનો ત્યાગ કરશે'' એવી શંકા ન કરવી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યથા ગન્ધસ્ય ભૂમેશ્ચ ન ભાવો વ્યતિરેકતઃ ॥**
**અપાં રસસ્ય ચ યથા તથા બુદ્ધેઃ પરસ્ય ચ ॥૧૮॥**

જેમ ગંધની અને ભૂમિની અને જેમ જલની અને રસની એક બીજાથી છૂટી સ્થિતિ નથી તેમ બુદ્ધિની અને પુરુષની (એક બીજાથી છૂટી સ્થિતિ નથી). ૧૮.

ગંધ ભૂમિનો સ્વાભાવિક ગુણ છે. તે કોઈ પણ સમયે ભૂમિને તજતો નથી, કારણ કે (પોતાના) આધારનો ત્યાગ કરે તો (પોતાનાં) સ્વરૂપનો નાશ થવાનો અવસર આવે. તે (અર્થ) 'એક બીજાથી છૂટી સ્થિતિ નથી' શબ્દોથી કહેલો છે; કારણકે ભૂમિ સિવાય ગંધ કોઈનો પણ ગુણ નથી, કે જે બીજામાં રહે. ચંદન વિગેરેમાં ગંધ કોઈ સમયે છૂપી હોવાથી, તે (ભૂમિથી) જૂદી રહેતી હશે એવી શંકા થાય, તેથી 'અને જેમ જલની અને રસની' શબ્દોથી બીજું દૃષ્ટાંત કહેલું છે. કોઈ પણ સમયે જલમાં રસ અપ્રકટ પણ રહેતો નથી (સદા પ્રકટ જ હોય છે), કારણ કે તાપથી ઉત્પન્ન થતો ન હોવાથી સદાના સંબંધવાળો છે. તેવીજ રીતે બુદ્ધિ અને પુરુષનો પણ (સંબંધ છે). પ્રકૃતિનો સંબંધ તો દૂર રહ્યો,જે પ્રકૃતિથી થએલી બુદ્ધિ તેનો પણ (પુરુષ સાથેનો)સંબંધ કુદરતી છે, એવો અર્થ છે.૧૮.

વળી સંબંધ હોવા છતાં પણ મોક્ષ (પ્રાપ્ત) થશે એમ ન માનવું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અકર્તુઃ કર્મબન્ધોઽયં પુરુષસ્ય યદાશ્રયઃ ।।**
**ગુણેષુ સત્સુ પ્રકૃતેઃ કૈવલ્યં તેષ્વતઃ કથમ્ ।।૧૯।।**

કર્તાપણાં વિનાના પુરુષનું કર્મથી થતું આ બંધન જેના આધારવાળું છે, તે પ્રકૃતિના તે ગુણો હયાત હોય ત્યારે (તેનો) મોક્ષ કેમ થાય ? ૧૯.

આ આત્મા સ્વભાવથી કર્તાપણાં વિનાનો છે, પ્રકૃતિના સંબંધથી જ કર્તાપણું થાય છે. કર્તાનાં કર્મો અનંત છે, અને ફલના ભોગથી તેઓનો વિનાશ થતાં, ફરીથી તે કારણથી (ભોગથી) બીજાં કર્મો થાય છે, તેથી કોઈપણ સમયે મોક્ષ થતો નથી. તે (અર્થ) કહે છે. કર્તાપણાં વિનાના આત્માનું આ સંસારરૂપ કર્મથી થતું બંધન પ્રકૃતિના આધારવાળું છે, અને તે પ્રકૃતિના ગુણો હયાત હોય ત્યાં સુધી મોક્ષ કેમ થાય ? વળી 'બંધન કરાવનારા ગુણો જૂદા છે, અને મોક્ષ કરાવનારા જૂદા છે, તેથી મોક્ષ કરાવનારા (ગુણો)નો સંબંધ થશે ત્યારે મુક્તિ થશે' એવી શંકા થાય, તે સંબંધમાં 'તે (ગુણો)' એમ કહેલું છે. જે બંધન કરાવનારા (ગુણો) છે, તેઓ જ હયાત હોય, ત્યારે મુક્તિ કેમ થાય ? એવો અર્થ છે. ૧૯.

વળી તત્ત્વનાં જ્ઞાનથી પ્રકૃતિનું નડતર દૂર કરાય છે એમ પણ ન માનવું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ક્વચિત્તત્ત્વાવમર્શેન નિવૃત્તં ભયમુલ્બણમ્ ।।**
**અનિવૃત્તનિમિત્તત્વાત્પુનઃ પ્રત્યવતિષ્ઠતે ।।૨૦।।**

કોઈક પ્રસંગે તત્ત્વજ્ઞાનથી અસહ્ય ભય દૂર થએલો હોય, તે કારણ દૂર થએલું ન હોવાથી પાછો આવી પડે છે.૨૦.

'કોઈ પ્રસંગે' એટલે અમુક પુરુષના સંબંધમાં અથવા અમુક અવસ્થામાં ઉત્પન્ન થએલું જ્ઞાન પ્રકૃતિના ભયને દૂર કરે છે. તે પણ નાશ પામતો નથી. ભયનું કારણ પ્રકૃતિનો સંબંધ દૂર થએલ ન હોવાથી, પાછો ભય આવી પડે છે જ. 'ઉલ્બણમ્' એટલે અસહ્ય. ૨૦.

જ્ઞાન ક્ષણિક હોવા છતાં પણ, (પ્રકૃતિનો) સંબંધ નિત્ય હોવા છતાં પણ પ્રકૃતિ પણ નિત્ય હોવા છતાં, કેટલાંક સાધનો તેવાં છે કે જેમને લીધે પ્રકૃતિનો નાશ થાય છે, અને સંબંધ ફરીથી ઉત્પન્ન થતો નથી. નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી તે સાધનો કહે છેઃ

।। શ્રીભગવાનુવાચ ।।

**અનિમિત્તનિમિત્તેન સ્વધર્મેણામલાત્મના ।।**
**તીવ્રયા મયિ ભક્ત્યા ચ શ્રુતસમ્ભૃતયા ચિરમ્ ।।૨૧।।**

ज्ञानेन दृष्टतत्त्वेन वैराग्येण बलीयसा ।।
તપોયુક્તેન યોગેન તીવ્રેણાત્મસમાધિના ।।૨૨।।
પ્રકૃતિઃ પુરુષસ્યેહ દહ્યમાના ત્વહર્નિશમ્ ।।
તિરોભવિત્રી શનૈકૈરગ્નેર્યોનિરિવારણિઃ ।।૨૩।।

નિષ્કામ કર્મથી, સ્વધર્મથી, નિર્મલ અંતઃકરણથી અને લાંબા સમય સુધીના શ્રવણથી પૂર્ણ થએલી મારા વિષેની ભક્તિથી, તત્ત્વોનો સાક્ષાત્કાર કરાવનાર જ્ઞાનથી, બલવાન વૈરાગ્યથી, તપ સાથેના યોગથી, (અને) આત્માની તીવ્ર સમાધિથી પુરુષની પ્રકૃતિ અહિં રાતદિવસ બળતી–જેમ અગ્નિને ઉત્પન્ન કરનારી અરણિ (અગ્નિથી બળે છે) તેમ–ધીરે ધીરે નાશ પામે છે. ૨૧-૨૩.

(૧) 'અનિમિત્તેન' નિષ્કામ 'નિમિત્તેન' કર્મથી. સર્વ સ્થલે કર્મ જ નિમિત્ત હોવાથી (કર્મ માટે) 'નિમિત્ત' શબ્દ યોજેલો છે. (૨) 'સ્વધર્મ' એટલે વર્ણાશ્રમ ધર્મથી, અને (૩) નિર્મલ અંતઃકરણ સાધન છે. અથવા (નિષ્કામ કર્મ અને વર્ણાશ્રમ ધર્મ) બંનેથી નિર્મલ અંતઃકરણ (પ્રાપ્ત) થાય છે. જ્ઞાન થયા પછી આ (સાધનો) ફરીથી કરવાનાં છે, અને અંતઃકરણનું નિર્મલપણું ક્રમથી થાય છે. (૪) વળી ભગવાનની ભક્તિ 'તીવ્ર', એટલે સદા સંપૂર્ણ રીતે પ્રવૃત્ત થએલી, સ્નેહ સાથેની સેવારૂપ, અથવા સ્નેહ સાથેનાં શ્રવણ વિગેરેરૂપ (હોવી જોઈએ). (૫) 'ચ' 'અને' શબ્દથી ગુરુની ભક્તિ (કહેલી છે). (૬) 'શ્રવણથી પૂર્ણ થએલી' વિશેષણથી એમ કહેલું છે કે તે ભક્તિ પણ ચાલુ સાધનથી વધતી જતી કરવી જોઈએ. લાંબા સમય સુધી ભગવાનના ગુણોનાં શ્રવણથી સારી રીતે 'ભૃતા' પૂર્ણ થએલી, અથવા હૃદયમાં ભરેલી (કરવી જોઈએ). ૨૧.

(૭) 'જ્ઞાન' એટલે સર્વ તત્ત્વોના સાક્ષાત્કારથી સાંખ્યના અનુભવથી ઉત્પન્ન થએલું જ્ઞાન, તેનો સાધનો ચાલુ રાખી ફરી ફરી અભ્યાસ કરવો. (૮) વિષયોથી કોઈ પણ સમયે જરાએ આસક્તિ ઉત્પન્ન ન થાય તેવો બલવાન વૈરાગ્ય, અને (૯) તપ સાથેનો આઠ અંગોવાળો યોગ (૧૦) આત્માનો પ્રકાશ કરવાનાં સામર્થ્યવાળી સમાધિ. એવાં દશ સાધનો એક પછી એક ઉત્પન્ન થઈ અથવા ભેગાં થઈ, પુરુષના સંબંધવાળી પ્રકૃતિને દરરોજ બાળતાં હોવાથી, દરરોજ બાળતી, અથવા રાતદિવસ બળતી (પ્રકૃતિ) ધીરે ધીરે નાશ પામે છે. ૨૨.

''આ સાધનો પ્રાકૃત જ છે, તેમનાથી પ્રકૃતિનો નાશ કેમ થાય ? ઉલટી (તે) બલવાન જ થાય'' એવી શંકા થાય, તેથી તેમ (પ્રકૃતિનો નાશ) થવામાં 'અગ્નિને ઉત્પન્ન કરનારી અરણિ (અગ્નિથી બળે છે)' શબ્દોથી દૃષ્ટાંત કહેલું છે. જો કે અગ્નિ

અરણિમાંથી જ ઉત્પન્ન થાય છે, છતાં પણ તે તેનો નાશ કરે છે જ, પરંતુ (તેની) વૃદ્ધિ કરતો નથી. તેવી રીતે આ સાધનો (પ્રકૃતિનો નાશ કરે છે); પણ લાકડું વિગેરેનું બનાવેલું બાંકડું વિગેરે જેમ લાકડાંને પોષણ કરનારું હોય છે તેવો અગ્નિ હોતો નથી. તેથી લૌકિક જ કર્મ વિગેરે પ્રકૃતિને બલવાન બનાવનારાં છે, પરંતુ આ (સાધનો તેવાં) નથી; એવો ભાવ છે. ૨૩.

નીચેના શ્લોકથી તે (પ્રકૃતિ)નો ફરી ઉદય થવાની શંકા દૂર કરે છેઃ

**ભુક્તભોગા પરિત્યક્તા દૃષ્ટદોષા ચ નિત્યશઃ ।।**
**નેશ્વરસ્યાશુભં ધત્તે સ્વે મહિમ્નિ સ્થિતસ્ય ચ ।।૨૪।।**

ભોગ ભોગવીને તજેલી અને સદા જેના દોષો જોવામાં આવેલા છે તેવી (પ્રકૃતિ), વશ રાખનાર અને પોતાના મહિમામાં રહેનારનું અશુભ કરતી નથી. ૨૪.

જો ભોગ ભોગવ્યા વિનાની હોય, તો વાસનાથી હૃદયમાં પેઠેલી કોઈક પ્રસંગે ન પણ નીકળે, પરંતુ ભોગ ભોગવેલી તો નીકળી જ જાય; તેમાં પણ બહુ ભોગવી એવા વિચારથી તજેલી, અને તે પણ જેના દોષો જોએલા છે તેવી, જેમ અપવિત્ર તરીકે તજી દીધેલું અન્ન વિગેરે પ્રીતિ ઉત્પન્ન કરતું નથી તેમ (પ્રીતિ ઉત્પન્ન ન કરતાં નીકળી જ જાય). કોઈક સમયે દોષ જાણવામાં આવે તો પણ જો પ્રીતિ અંદર રહેલી હોય તો દૂર ન થાય, (તેમજ) કોઈક સમયે દોષ જાણવામાં પણ ન આવે. તેવું થતું નથી એમ જણાવવા ‘સદા’ શબ્દ યોજેલો છે. સદા (તેના) દોષ જોવામાં આવે છે. તેમ થતાં, તેનામાં પ્રીતિ ન રહે એ પ્રયોજન છે.

વળી જેમ ગૃહસ્થની પત્ની ગૃહસ્થને દુઃખ દે છે, તેમ ઈશ્વર (વશ રાખનાર)ની સેંકડો પત્નીઓ પણ (તેને) દુઃખ દઈ શકતી નથી, તેમ આ પ્રકૃતિ પણ (પોતાના) દાસ બનેલા જીવને જ પીડે છે, પણ (પોતાને) વશ રાખનારને પીડતી નથી; અને ઐશ્વર્ય (વશ રાખવાની શક્તિ) ભગવાનની કૃપાથી તેમનો ગુણ પ્રાપ્ત થાય ત્યારે થાય છે. તે (અર્થ) ‘વશ રાખનારનું અશુભ કરતી નથી’ શબ્દોથી કહેલો છે. વળી પોતાના મહિમામાં રહેનારનું પણ અશુભ કરતી નથી. જે પોતાના આનંદમાં જ રમણ કરે છે, તેને પ્રકૃતિ પીડતી નથી, કારણ કે (તેને) પ્રકૃતિની દરકાર નથી. જેમ સંપૂર્ણ રીતે વૈરાગ્યવાળો હોય તેની પત્ની દુઃખ દઈ શકતી નથી, (અને) જે પોતામાં જ રમણ કરનાર હોય તેને પણ (પત્ની દુઃખ દઈ શકતી નથી) એવો ‘ચ’ ‘અને’ શબ્દનો અર્થ છે. ૨૪.

વળી,

**યથા હ્યપ્રતિબુદ્ધસ્ય પ્રસ્વાપો બહ્વનર્થકૃત્ ।।**

**સ એવ પ્રતિબુદ્ધસ્ય ન વૈ મોહાય કલ્પતે ।।૨૫।।**
**એવં વિદિતતત્ત્વસ્ય પ્રકૃતિર્મયિ માનસમ્ ।।**
**યુઞ્જતો નાપકુરુત આત્મારામસ્ય કર્હિચિત્ ।।૨૬।।**

જેમ ન જાગેલા (પુરુષ)ને નિદ્રા ઘણો અનર્થ કરનારી થાય છે, તે જ જાગેલાને નિશ્ચય મોહ કરી શકતી નથી, એવી રીતે તત્ત્વ જાણેલાને મારી અંદર મન યોજેલાને (અને) આત્મામાં રમણ કરનારને પ્રકૃતિ કોઈપણ સમયે પીડા કરતી નથી. ૨૫.૨૬.

આ પ્રકૃતિ નિદ્રામાં રહેલને પીડા કરનારી છે. તેમ (નિદ્રામાં) હોય, ત્યારે જેમ નિદ્રા સ્વપ્ન ઉત્પન્ન કરી પુરુષને દુઃખ દે છે, તેમ આ (પ્રકૃતિ) પણ સંસાર ઉત્પન્ન કરી પીડા કરે છે. તે સ્વપ્ન પણ ભગવાનની માયાએ ઉત્પન્ન કરેલ સર્વ પ્રપંચરૂપ છે. તે (સત્ય) ન હોવા છતાં પણ ભગવાનની ઈચ્છાથી ન જાગેલાને જ ઘણો અનર્થ કરનારું થાય છે, પરંતુ કોઈપણ જાગેલાને કોઈપણ સમયે કોઈપણ પ્રદેશમાં (અનર્થ કરનારું થતું) નથી, નિશ્ચય મોહ કરી શકતું નથી, પરંતુ માત્ર (સ્વપ્નનું) સ્મરણ જ કરાવે છે. ૨૫.

એવી જ રીતે તત્ત્વ જાણેલા પુરુષને પણ પ્રકૃતિ સંસાર ઉત્પન્ન કરીને પીડા કરી શકતી નથી એમ છવીસમા શ્લોકથી કહે છે. 'તત્ત્વ જાણેલાને' શબ્દથી સ્વભાવથી મોહ ન કરતી હોવાનું કારણ કહેલું છે. અદષ્ટ વિગેરે દ્વારા બલપૂર્વક પણ પીડા ન કરતી હોવાનું કારણ 'મારી' ભગવાનની 'અંદર મન યોજેલાને' શબ્દોથી (કહેલું છે). 'આત્મામાં રમણ કરનારને' શબ્દથી કામ વિગેરેની ઉત્પત્તિ દ્વારા પણ પીડા કરતી નથી, એમ કહેલું છે. આત્મામાં જ રમણ છે જેનું, (એવો તેનો અર્થ છે). તેથી જ ત્રણે પ્રકારે પીડા કરતી ન હોવાથી 'કોઈપણ સમયે' એમ કહેલું છે. ૨૬.

એ પ્રમાણે પ્રકૃતિ પીડા કરતી નથી એમ કહીને, તત્ત્વ જાણેલાને પ્રકૃતિની પીડા બંધ થયા પછી સાધન કરવાથી ભગવાનની પ્રાપ્તિરૂપ મોક્ષ (પ્રાપ્ત થાય છે), એમ નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી કહે છે.

**સાધનં ચ ફલં ચૈવ ફલત્વં ચાપિ તસ્ય ચ ।।**
**પ્રતિબન્ધનિવૃત્ત્યૈવ તત્પ્રાપ્તિર્બાધનાશતઃ ।।૩।।**

સાધન (૨૭), અને વળી ફલ (૨૮), અને તેનું પણ ફલ હોવાપણું (૨૯), પીડા દૂર થવાથી વિઘ્નો દૂર થવાથી જ તેની પ્રાપ્તિ (થવી) (૩૦). કા.૩.

**એતચ્ચતુષ્ટયં પ્રાહ ચતુર્ભિર્નાન્યથા ફલમ્ ।।**
**તાદશસ્યાપિ હિ ભવેદિતિ જ્ઞાનોત્તરક્રિયા ।।૪।।**

આ ચાર ચાર (શ્લોકો)થી કહેલ છે, બીજા પ્રકારે તેવાને પણ ફલની પ્રાપ્તિ થતી નથી. એવી જ્ઞાન (થયા) પછીની ક્રિયા (સાધન) (કહેલ) છે. કા.૪.

આરંભમાં સાધનો કહે છેઃ

**યદૈવમધ્યાત્મરતઃ કાલેન બહુજન્મના ।।**
**સર્વત્ર જાતવૈરાગ્ય આબ્રહ્મભુવનાન્મુનિઃ ।।૨૭।।**
**મદ્ભક્તઃ પ્રતિબુદ્ધાર્થો મત્પ્રસાદેન ભૂયસા ।।**
**નિઃશ્રેયસં સ્વસંસ્થાનં કૈવલ્યાખ્યં મદાશ્રયમ્ ।।૨૮।।**
**પ્રાપ્નોતીહાઞ્જસા ધીરઃ સ્વદૃશા છિન્નસંશયઃ ।।**
**યદ્ગત્વા ન નિવર્તેત યોગી લિંગાદ્વિનિર્ગમે ।।૨૯।।**

જ્યારે એ રીતે જેમાં ઘણા જન્મો થાય તેટલા સમય સુધી આત્મજ્ઞાનમાં પ્રીતિવાળો, બ્રહ્મલોક સુધીના સર્વ પદાર્થોમાં જેને વૈરાગ્ય ઉત્પન્ન થએલો છે તેવો મુનિ મારો ભક્ત થઈ પુરુષાર્થને જાણી મારી ઘણી કૃપાને લીધે સહેલાઈથી આ (દેહ)માં પરમ કલ્યાણરૂપ પોતાનું સ્થાન કૈવલ્ય નામનું મારું ધામ પ્રાપ્ત કરે છે. (ત્યાં) ધીર થઈ પોતાની દષ્ટિથી સર્વ સંશયોનો નાશ કરે છે. તે (જે) ધામમાં જઈને તે પાછો આવતો નથી, (અને) લિંગ (શરીર)નો નાશ થતાં યોગી પાછો આવતો નથી. ૨૭ થી ૨૯.

ઉપર જ્ઞાન પ્રાપ્ત કરવા માટે અને પ્રકૃતિ ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે જેટલાં સાધનો કહ્યાં તે બંને પ્રકારનાં (સાધનો) ઘણા જન્મો સુધી વારંવાર કરવાનાં છે[1]. ત્યારપછી 'અધ્યાત્મે' આત્મજ્ઞાનમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે. જ્ઞાન તો ઘણા પ્રકારે થાય છે, કારણ કે તે પ્રમાણ અને વસ્તુઓને અધીન છે, પરંતુ જ્ઞાનમાં પ્રીતિ કોઈક પ્રસંગે જ ઉત્પન્ન થાય છે. તેના (જ્ઞાનમાં પ્રીતિ ઉત્પન્ન થવાના) સમયનો નિયમ ન હોવાથી 'એ રીતે જ્યારે' એમ કહેલું છે. એવી રીતે (જ્ઞાનમાં પ્રીતિ થવાની) ઈચ્છાવાળો ઘણા જન્મો થાય તેટલા સમયે આત્મજ્ઞાનમાં પ્રીતિવાળો થાય છે. ત્યારે જ તે સર્વ પદાર્થોમાં વૈરાગ્યવાળો થાય છે, અથવા ત્યારપછી પણ ઘણા જન્મોએ સર્વ પદાર્થોમાં વૈરાગ્ય (ઉત્પન્ન થાય છે). 'બ્રહ્મલોક સુધીના (સર્વ પદાર્થોમાં)' શબ્દથી એમ કહેલું છે કે ક્રમથી થતી મુક્તિમાં પણ વૈરાગ્ય (જરુરી છે). તેમાં પણ સદાનું મનન સાધન છે, કારણ કે બહારના પદાર્થો દૂર થવાનું જરુરી છે. ૨૭.

એવી રીતે ઘણાં જન્મો થતાં, મારો ભક્ત થાય છે. પછી પુરુષાર્થ જાણે છે. જ્યાં સુધી ભગવાનમાં ભક્તિ થતી નથી, ત્યાં સુધી પુરુષાર્થ કયો તે જ જાણતો નથી. (ભક્તિ થયા) પછી ભગવાન જ ઉત્તમ પુરુષાર્થ છે એવું જ્ઞાન થતાં,

ભગવાનની ઘણી કૃપા થાય છે, ત્યારે વૈકુંઠ પ્રાપ્ત કરે છે, કારણ કે તે જ સંપૂર્ણ કલ્યાણરૂપ છે. 'પોતાનું' એટલે ભગવાનનું અને જીવનું પણ ઉત્તમ પ્રકારે સ્થાન થએલું છે, કેમકે (ત્યાં) સર્વ આત્મારૂપ હોવાથી અને (તેવું) જણાતું હોવાથી, ત્યાંજ પુરુષ 'કેવલ' થાય છે, કારણ કે તે જ મારું સ્થાન છે. જે મારાં સ્થાનને પ્રાપ્ત કરે છે, તે 'અઞ્જસા' એટલે સહેલાઈથી, 'અહિં' આ દેહમાં જ હું જ બને છે (બ્રહ્મરૂપ થાય છે), પરંતુ (તેને) બ્રહ્માંડનો ભેદ કરવો વિગેરેની જરુર (રહેતી) નથી.

વૈકુંઠ અથવા ભગવાન્ ઉત્તમ પુરુષાર્થ હોવાનું બીજાં શાસ્ત્રોથી અને તર્કથી વિરુદ્ધ જણાતું હોવાથી (એ વિષયમાં) ઘણાએ પ્રકારનો સંદેહ છે. (તે સંદેહ) જ્યારે તે પોતે (ત્યાં તે સ્થાનને) જુએ છે ત્યારે દૂર થતો હોવાથી 'પોતાની દષ્ટિથી સર્વ સંશયનો નાશ કરે છે.' તે શાસ્ત્રનો અર્થ છે એમ જણાવવા શ્રુતિ અને સૂત્રોએ જણાવેલ શાસ્ત્રનું પરિણામ 'જે ધામમાં જઈને તે પાછો આવતો નથી' શબ્દોથી કહેલું છે, અને 'શબ્દને લીધે પાછો ફરતો નથી' (બ્ર.સૂ. ૪।૪।૨૨) સૂત્ર પ્રમાણે તે પાછો ફરતો નથી. ત્યાં જ ત્રણ વેદો અને શાસ્ત્ર સમાપ્ત થાય છે, કારણ કે મારાં સ્થાનમાં જઈ મારો (ભક્ત) પાછો ફરતો નથી જ, અને યોગી 'લિંગાદ્વિનિર્ગમે' લિંગશરીર અદશ્ય થતાં, અથવા લિંગ શરીરનો નાશ થતાં પાછો ફરતો નથી. ૨૮.૨૯.

૧. અહિં 'ત્યારપછી' અધ્યાહાર્ય છે. (પ્ર)

'કલ્યાણ (પ્રાપ્ત) થવામાં ઘણાં વિઘ્નો હોય છે' એ સ્મૃતિ પ્રમાણે છેવટના જન્મમાં યોગીને ઘણાં વિઘ્નો થવાનું સંભવે છે. જો તે વિઘ્નોથી પરાભવ ન પામે, તો કાલનું ઉલ્લંઘન કરીને ત્યાં જાય છે એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યદા ન યોગોપચિતાસુ ચેતો માયાસુ સિદ્ધસ્ય વિષજ્જતેઽઙ્ગ ।।**
**અનન્યહેતુષ્વથ મે ગતિઃ સ્યાદાત્યન્તિકી યત્ર ન મૃત્યુહાસઃ ।।૩૦।।**

જ્યારે સિદ્ધનું ચિત્ત યોગે આણી આપેલી, બીજા કોઈ કારણ વિનાની માયાઓમાં ખરેખર આસક્ત થતું નથી, ત્યારપછી તે જ્યાં મૃત્યુનો ગર્વ રહેતો નથી તેવી મારી છેવટની ગતિ પ્રાપ્ત કરે છે. ૩૦.

યોગે 'ઉપનીતાસુ' સમીપ આણી આપેલી અણિમા વિગેરે માયાઓમાં જ્યારે સિદ્ધનું ચિત્ત આસક્ત થતું નથી, 'અનન્યહેતુષુ' એટલે યોગ[1] સિવાયનું બીજું કારણ જેમાં નથી (તેવી માયાઓમાં ચિત્ત આસક્ત થતું નથી.) આથી માયાઓ (સિદ્ધિઓ) વિના પ્રયાસે પ્રાપ્ત થવાનું કહેલું છે. ત્યારે જ મારી વૈકુંઠ નામની ગતિ પ્રાપ્ત કરે છે. સંબંધવાળા બ્રાહ્મણને જમાડેલ હોય તેની પેઠે[2] બીજાં ફલ સાથે મુખ્ય

ફલ પ્રાપ્ત થતું નથી. સિદ્ધિઓ આવેલી હોય છતાં પણ ચિત્ત (તેઓમાં) ન જાય, 'અથ' ત્યારપછી જ ભગવાનની પ્રાપ્તિ થાય છે. જો કે ભગવાનની ઘણા પ્રકારની-સગુણ પણ-ગતિ થાય છે, છતાં પણ આ છેવટની છે, કે જે ફલમાં મૃત્યુનો ગર્વ રહેતો નથી, કારણ કે મૃત્યુ સર્વ પ્રકારથી ફલ સાધન પ્રમેય અને પ્રમાણથી ભમાવીને (પુરુષને) પોતાને વશ કરે છે. તે (મૃત્યુ)નો જો બધોએ પ્રયાસ વ્યર્થ થાય, તો (તેનો) ગર્વ જતો રહે. પછી જ્યાં[1] મૃત્યુનો 'હાસઃ' ગર્વ રહેતો નથી (ત્યાં જાય છે) એવો (અર્થ છે). તેથી જ આ વિષયમાં ભૂલ ન કરવી. જે કોઈ શાસ્ત્રમાં મતમાં અથવા સાધનોમાં કોઈપણ સમયે પ્રાણીને મૃત્યુ થાય છે, તે જ ખોટું શાસ્ત્ર અને (ખોટું) સાધન છે. આ જ પ્રમાણ (પરીક્ષા) છે, એવો ભાવ છે. ૩૦.

૧...૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે.

૨. જેમ પહેલાં સંબંધમાં આવેલા બ્રાહ્મણને જમાડવાથી મુખ્ય ફલ થતું નથી, પરંતુ બીજું ફલ થાય તેમ, એવો અર્થ છે. (પ્ર)

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના સત્તાવીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય અઠ્ઠાવીસમો ।।

**ચિત્તં ચેદ્ભગવત્સ્પૃષ્ટં ભક્તિજ્ઞાનવિરક્તિભિઃ ।।**
**તદા શુદ્ધં સ્વસમ્બન્ધિપુરુષં ગમયેત્ફલમ્ ।।૧।।**

ભક્તિ જ્ઞાન અને વૈરાગ્યથી ચિત્ત જો ભગવાનના સંબંધમાં આવે, તો શુદ્ધ થઈ પોતાના સંબંધવાળા પુરુષને ફલ પ્રાપ્ત કરાવે છે.[૧] કા.૧.

**યોગેનાપિ ભવેચ્છુદ્ધમિતિ યોગો નિરૂપ્યતે ।।**
**અષ્ટાવિંશે ધ્યાનયુક્તઃ સર્વસાધનસંયુતઃ ।।૨।।**

યોગથી પણ (ચિત્ત) શુદ્ધ થાય છે[૨]. તેથી અઠ્ઠાવીસમા (અધ્યાય)માં ધ્યાન સાથેનો[૩] યોગ સર્વ સાધનો સહિત જણાવવામાં આવે છે. કા.૨.

**યત્રૈવ ભગવદ્વેશસ્તત્પ્રમાણાદિકં ભવેત્ ।।**
**સ્વતઃ શુદ્ધો હરેર્નાન્યઃ સ્વાધ્યાય ઈવ સર્વથા ।।૩।।**

જેમાં ભગવાનનો આવેશ થાય છે, તે પ્રમાણ વિગેરે[૪] થાય છે. હરિથી બીજો (કોઈ) સંપૂર્ણ રીતે પોતાથી શુદ્ધ નથી[૫]. વેદની પેઠે (યોગ પણ ભગવાનના સંબંધથી શુદ્ધ થાય છે). કા.૩.

૧. તલવકારશ્રુતિ – 'મન બે પ્રકારનું કહેલું છે, શુદ્ધ અને વળી અશુદ્ધ. અશુદ્ધ (મન)માં કામના અને સંકલ્પો હોય છે. શુદ્ધ કામરહિત છે.' – માં નિષ્કામ હોવું એ શુદ્ધ મનનું લક્ષણ કહેલું છે. ચિત્ત નિશ્ચયરૂપ છે. તેથી ભક્તિ વિગેરે ત્રણ સાધનોથી જો ભગવાન્ પ્રસન્ન થાય, તો ચિત્તને તેમનો સંબંધ થાય છે, અને તે કામરહિત થઈ શુદ્ધ થાય છે. તે શુદ્ધ ચિત્ત પોતાના સંબંધવાળા પુરુષને ફલ પ્રાપ્ત કરાવે છે. આ માટે ગયા ત્રણ (૨૫ થી ૨૭) અધ્યાયોમાં ભક્તિ વિગેરે સાધનો કહેલાં છે. (પ્ર)

૨. જેમ ભક્તિ વિગેરે સાધનોથી ચિત્ત શુદ્ધ થાય છે, તેમ યોગથી પણ શુદ્ધ થતું હોવાથી આ અધ્યાયમાં અંગસહિત યોગ જણાવેલો છે. (પ્ર)

૩. 'ભક્તિ વિગેરે ત્રણ સાધનોનું કાર્ય એકલા યોગથી કેમ થાય ?' એવો પ્રશ્ન થાય, તેથી 'ધ્યાન સાથેનો' વિશેષણ યોજેલ છે. ધ્યાનથી ભગવાનનો સંબંધ થાય છે, અને તે સંબંધ પણ શુદ્ધ કરે છે, એવો અર્થ છે. તેથી ચારે સાધનો એક કાર્ય કરનારાં છે, એવી અધ્યાયોની સંગતિ છે. (પ્ર)

૪. જે વસ્તુમાં ભગવાનનો આવેશ થાય છે, તે જ પ્રમાણ પ્રમેય સાધન અને ફલરૂપ થાય છે. (પ્ર)

૫. નોટ ૪ માં કહેલ સિદ્ધાંતનું કારણ અહિં કહેલું છે. 'આ આત્મા પાપરહિત છે' એ છાંદોગ્યની શ્રુતિ પ્રમાણે હરિથી બીજો કોઈ સંપૂર્ણ રીતે શુદ્ધ નથી. તેથી વેદ પણ ભગવાનના સંબંધને લીધે જે પ્રમાણ વિગેરે સર્વ પ્રકારે સંપૂર્ણ રીતે શુદ્ધ છે. જેમ વેદ ભગવાનના સંબંધને લીધે

શુદ્ધ છે, તેમ યોગમાં પણ ભગવાનનો આવેશ થતો હોવાથી તે ભગવાનની ભોગ કરવાની સૃષ્ટિમાં પ્રમાણ થઈ સર્વનો પ્રકાશ કરતો હોવાથી બુદ્ધિરૂપ છે, એવી શાસ્ત્રીય (સર્ગ વિષયની) સંગતિ છે. તે જ યોગ ઈન્દ્રિયોના સંયમરૂપ હોવાથી અને (આત્માની) સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર હોવાથી મોક્ષરૂપ છે, એથી મૈત્રેયની કથાની સંગતિ થાય છે, એવો અર્થ છે. (પ્ર)

ભક્તિ સાંખ્ય અને જ્ઞાનનું નિરૂપણ કરી, નીચેના શ્લોકથી આરંભી ફલ સુધી યોગનું નિરૂપણ કરે છે :

॥ શ્રીભગવાનુવાચ ॥

**યોગસ્ય લક્ષણં વક્ષ્યે સબીજસ્ય નૃપાત્મજે ॥**
**મનો યેનૈવ વિધિના પ્રસન્નં યાતિ સત્પથમ્ ॥૧॥**

હે રાજપુત્રિ ! બીજ સાથેના યોગનું લક્ષણ હું કહીશ, જેનાં આચરણથી જ મન પ્રસન્ન થઈ સન્માર્ગે જાય છે. ૧.

યોગો ઘણા પ્રકારના[1] છે. ધ્યાન સાથેનો (યોગ) પણ (૧) બીજ સાથેનો અને (૨) બીજ રહિત એવા બે પ્રકારનો છે. ધ્યાન સાથેનો પણ જાતજાતના પદાર્થોનાં ધ્યાનને લીધે અનેક પ્રકારનો છે. તે પૈકી ભગવાનનું ધ્યાન કરવામાં આવે, ત્યારે જ ચિત્ત સન્માર્ગમાં પ્રવેશ કરે છે, કારણ કે પોતાના દેવમાં જ (ચિત્ત પ્રવેશે ત્યારે તેમની) કૃપા થાય છે. તે (અર્થ) 'બીજ સાથેના યોગનું લક્ષણ હું કહીશ' શબ્દોથી કહેલો છે. બીજ રહિત યોગ તો ગીતામાં '(ચંચલ અને અસ્થિર મન) જ્યાં જ્યાં બહાર જાય છે' (ભ.ગી. ૬।૨૬) શ્લોકથી (આરંભી) કહેલો છે. બીજ સાથેનો તો જેમનું ધ્યાન ધરવાનું છે તે સાથેનો છે. વળી આ (યોગ) સહેલાઈથી જાણી શકાય તેવો છે, કારણ કે તું રાજપુત્રી છે. જે (તે) યોગનાં આચરણથી જ મન તરત જ પ્રસન્ન થઈ સન્માર્ગે જાય છે. તેવી પ્રસન્નતા પોતાના દેવમાં આસક્તિ થવાથી થાય છે, ત્યારે જ તે સન્માર્ગે જાય છે. (સન્માર્ગ એટલે) સત્પુરુષનો, આત્માનો અથવા ભગવાનનો માર્ગ, અથવા વેદમાં કહેલો (માર્ગ). ૧.

૧. સિદ્ધિ, ઉપસિદ્ધિ વિગેરે પ્રાપ્ત કરાવનારાં ફલથી, અને બીજ સાથેના તથા બીજરહિત એવાં સાધનથી અનેક પ્રકારના છે. (પ્ર)

નીચેના શ્લોકથી આરંભી તેના યમ નિયમ પ્રકારનાં પચીસ સાધનો ખીચડો કરીને (ભેળસેળ થયેલાં) કહે છે. બધાં તત્ત્વોને વશ કરવા માટે તેટલાં સાધનો છે, અને એક સાધનથી એક તત્ત્વ વશ થતું ન હોવાથી, બીજાં સાધનો પણ કહેલાં છે.[1] :

**સ્વધર્માચરણં શક્ત્યા વિધર્માચ્ચ નિવર્તનમ્ ॥**
**દૈવાલ્લબ્ધેન સન્તોષ આત્મવિચ્ચરણાર્ચનમ્ ॥૨॥**

શક્તિ પ્રમાણે સ્વધર્મનું આચરણ કરવું, અને વિધર્મથી દૂર રહેવું, દૈવથી પ્રાપ્ત થાય તેથી સંતોષ રાખવો, આત્મજ્ઞાનીઓનાં ચરણની પૂજા કરવી. ૨.

૧. 'સ્વધર્મો' એટલે વર્ણ અને આશ્રમના અધિકાર પ્રમાણે આચરણ કરવું, પરંતુ શક્તિ હોવા છતાં (તેમને) ઓછાં ન કરવા. શાસ્ત્ર પણ 'જે (કરવા)ની શક્તિ હોય તે કરવું' એમ કહે છે, અને ૨. વિધર્મથી દૂર રહેવું એ બીજું સાધન છે. જેથી ધર્મનો પ્રતિબંધ થાય, જે કરવામાં આવતાં પોતાના ધર્મનો પ્રતિબંધ થાય તે વિધર્મ. પોતપોતાના અધિકાર પ્રમાણે તેનો[૨] નિર્ણય કરવો. જેમકે : જ્યાંસુધી[૩] આ દેહ[૪] છે, ત્યાંસુધી વર્ણ અને આશ્રમના ધર્મો જ સ્વધર્મો છે. ભગવાન્ સંબંધી ધર્મો પણ વિધર્મ છે, અથવા બીજાના ધર્મો છે, પરંતુ જ્યારે પોતે દેહથી જુદો જીવ છે એમ જાણે, ત્યારે (ભગવાનનું) દાસ્ય સ્વધર્મ છે, બીજા વર્ણ અને આશ્રમના ધર્મો પણ પરધર્મો છે[૩]. વળી જ્યારે ભગવદ્ભાવ પ્રાપ્ત કરે, ત્યારે જેમ ઋષભ વિગેરે પેઠે ગાયો પેઠે ભમવું વિગેરે સ્વધર્મો છે, બીજા પરધર્મો છે. 'ચ' 'અને' શબ્દથી પરધર્મ વિગેરે[૫] ચારેનો સમાવેશ કરેલો છે[૬]. વળી આણે જ્ઞાન પ્રાપ્ત કરેલું હોવાથી, પોતાની શક્તિ પ્રમાણે ભગવાનની પ્રેરણાથી, અથવા પોતાનાં જ્ઞાનથી અથવા જ્ઞાનનો વિરોધ ન હોય ત્યારે શરીરની શક્તિથી[૬] બંને[૭] પ્રકારના સ્વધર્મો આચરવા, પરંતુ એકનો વિરોધ થાય તેવા (આચરવા) નહિ. ૩.'દૈવથી પ્રાપ્ત થાય તેથી સંતોષ રાખવો' એ ત્રીજું સાધન છે. 'દૈવથી' શબ્દથી અવશ્ય પ્રાપ્તિ થવાનું સૂચવેલું છે, અથવા (તે શબ્દથી) એમ જાણવું કે પ્રાપ્ત ન થાય ત્યારે મોટા સર્પની પેઠે (પ્રાપ્ત કરવાનો) પ્રયત્ન કર્યા વિના પણ સંતોષ રાખવો, કારણ કે 'બીજા માર્ગોથી[૮]' એમ કહેલું છે. ૪.આત્મ-જ્ઞાનીઓનાં 'ચરણાર્ચનં' ચરણોની સેવા, દાસ્ય એવો અર્થ છે અને તેવો આત્મજ્ઞાની છે એમ (તેઓને) ખળભળાટ વિગેરે થતાં નથી વિગેરે (સાધનો)થી જાણવું. ૨.

૧. એક એક તત્ત્વ ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે પણ કહેલાં છે. (પ્ર)

૨. 'તેનો' એટલે વિધર્મનો. (પ્ર)

૩...૩. આ ભાગથી જૂદા જૂદા અધિકારો સ્પષ્ટ કરેલા છે. (પ્ર)

૪. 'આ દેહ છે' એટલે 'મિથ્યાજ્ઞાનના' દઢ અભ્યાસને લીધે દેહ આત્મા જણાય છે. (પ્ર)

૫. સાતમા સ્કંધમાં કહેલા પરધર્મ આભાસધર્મ, ઉપધર્મ અને છલધર્મ એ ચાર. (પ્ર) ૭।૧૫।૧૨।૧૩

૬...૬. આ ભાગથી 'શક્તિપ્રમાણે' શબ્દનું તાત્પર્ય કહેલું છે. (પ્ર)

૭. 'બંને પ્રકારના' એટલે વર્ણાશ્રમધર્મના અને જ્ઞાનરૂપ ધર્મના.(પ્ર)

૮. આગળ શ્લોકમાં ૭માં કહેલું છે. (પ્ર)

**ગ્રામ્યધર્મનિવૃત્તિશ્ચ મોક્ષધર્મરતિસ્તથા ॥**

**મિતમેધ્યાશનં શશ્વદ્વિવિક્તક્ષેમસેવનમ્ ।।૩।।**

અને ગ્રામ્ય ધર્મોથી દૂર રહેવું, તેમજ મોક્ષધર્મોમાં પ્રીતિ રાખવી, સદા થોડું પવિત્ર ભોજન કરવું, એકાંત અને નિર્ભય સ્થાનમાં રહેવું. ૩.

(૫) 'ગ્રામ્ય ધર્મો' એટલે લૌકિક ધર્મો, અથવા ઇન્દ્રિયોના 'ગ્રામ' સમૂહવાળા (ધર્મો) ગ્રામ્યધર્મો છે. 'ચ' 'અને' શબ્દથી એમ (જણાવેલું છે કે) સ્વધર્મો પણ જો ગ્રામ્યધર્મો હોય તો તો (તેમને) તજવા. (૬) અહિંસા વિગેરે મોક્ષધર્મો છે, તેઓમાં પ્રીતિ રાખવી. 'તેમજ' શબ્દથી (એમ કહેલું છે કે) આ પણ ગ્રામ્ય ધર્મોથી દૂર રહેવાની પેઠે સાધન છે. (આ) પરધર્મ તરીકે અધર્મ હોવાની શંકા થાય, તેથી એમ કહેલું છે. (૭) 'મિતં' થોડું અને 'મેધ્યં' પવિત્ર 'અશનં' ભોજન કરવું. 'શશ્વત્' એટલે સદા. 'મિતમેધ્યસ્યાદનમ્' 'થોડું અને પવિત્ર હોય તે ખાવું' એવો પાઠ હોય ત્યારે ચાવવા યોગ્ય ફલ વિગેરે ખાવાં, એમ કહેલું થાય છે. (૮) 'વિવિક્તસ્ય' એકાંત 'ક્ષેમસ્ય' નિર્ભય સ્થાનમાં રહેવું. તેવા પ્રદેશમાં તે દેશને શુદ્ધ કરતાં રહ્યાં જ કરવું, એવો અર્થ છે. ૩.

**અહિંસા સત્યમસ્તેયં યાવદર્થપરિગ્રહઃ ।।**
**બ્રહ્મચર્યં તપઃ શૌચં સ્વાધ્યાયઃ પુરુષાર્ચનમ્ ।।૪।।**

અહિંસા પાળવી, સત્ય બોલવું, ચોરી ન કરવી, જરુર હોય તેટલું જ ગ્રહણ કરવું, બ્રહ્મચર્ય પાળવું, તપ કરવું, પવિત્રપણું સાચવવું, વેદનું અધ્યયન કરવું, ભગવાનની પૂજા કરવી. ૪.

(૯) 'અહિંસા' એટલે સર્વ (કોઈપણ) પ્રાણીનો કાયા વાણી અને મનથી દ્રોહ ન કરવો તે. (ભીખ) ન માગવાના (વ્રત)થી પણ થોડો દ્રોહ[1] થાય છે એમ કેટલાક કહે છે, તેથી જ્યાં ઓળખાયેલા[2] હોઈએ ત્યાં રહેવું નહિ એવો (અર્થ છે). (૧) 'સત્ય' એટલે જેવું હોય તેવું બોલવું. (૧૧) ચોરી ન કરવી, બીજાની મિલ્કત લેવી નહિ. (૧) જેટલા પદાર્થથી યોગ આચરી શકાય તેટલો જ લેવો. (૧) આઠ અંગોવાળું બ્રહ્મચર્ય (પાળવું). (૧) (દેહને) કષ્ટ આપવું વિગેરે તપ (કરવું). (૧૫) 'પવિત્રપણું સાચવવું' એટલે અંદરની અને બહારની શુદ્ધિનાં સાધનો કરવાં. (૧૬) 'સ્વાધ્યાયઃ' વેદનું અધ્યયન કરવું. (૧૭) 'પુરુષાર્ચનં' ભગવાનની સેવા કરવી. ૪.

૧. (ભીખ) માગતા નથી એવી (આપણી) પ્રસિદ્ધિ થાય, ત્યારે લોક બીજાને તજી (આપણને) દાન કરે, એટલે બીજાનો ધંધો પડી ભાંગવાથી થોડો દ્રોહ થાય, એવા અર્થ છે. (પ્ર)

૨. 'આ ભીખ માગતો નથી' એમ જ્યાં પ્રસિદ્ધ થયાં હોઈએ, એવો અર્થ જણાય છે. (પ્ર)

**મૌનં સદાસનજયઃ સ્થૈર્યં પ્રાણજયઃ શનૈઃ ।।**

**પ્રત્યાહારશ્ચેન્દ્રિયાણાં વિષયાન્મનસા હૃદિ ।।૫।।**

મૌન પાળવું, સદા આસનનો જય કરવો, સ્થિરતા રાખવી, ધીરેધીરે પ્રાણનો જય કરવો અને મન સાથે ઈન્દ્રિયોને વિષયમાંથી ખેંચી હૃદયમાં રાખવી.૫.

(૧૮) 'મૌન પાળવું' એટલે મનુષ્યો સાથે ભાષણ ન કરવું, અથવા નિરર્થક વાતચિતનો ત્યાગ કરવો. (૧૯) જેમ કોઈ પણ સમયે ચિત્ત પરાધીન ન થાય તેમ સદા આસનનો સર્વ તરફથી જય કરવો. (૨૦) 'સ્થિરપણું' એટલે એક (સ્થલ)માં સ્થિતિ કરવી. ચંચલપણું ન રાખવું. (૨૧) ધીરે ધીરે પ્રાણાયામ વિગેરેથી પ્રાણનો જય કરવો, અને (૨૨) ઈન્દ્રિયોને વિષયોમાંથી પાછી ખેંચવી, બલપૂર્વક પાછી વાળવી, અને 'ચ' 'અને' શબ્દ હોવાથી (તેમના ઉપર) જય (મેળવવો). મોહ કરનાર વિષયમાંથી (પાછી વાળવી). મન સાથે ઈન્દ્રિયોને (પાછી વાળવી), અથવા (ઈન્દ્રિયોને) પાછી વાળવામાં મન સાધન[1] છે. પાછી વાળેલી (ઈન્દ્રિયો)ને હૃદયમાં રાખવી. આ એક સાધન છે. ૫૦.

૧. 'મનસા' એટલે મનથી (પાછી વાળવી), એવો અર્થ લેતાં મન સાધન થાય છે.

**ધિષ્ણ્યાનામેકદેશેન મનસા પ્રાણધારણમ્ ।।**
**વૈકુણ્ઠલીલાભિધ્યાનં સમાધાનં તથાઽઽત્મનઃ ।।૬।।**

સ્થાનોમાંના એક પ્રદેશમાં મનથી પ્રાણોને ધારણ કરવા, ભગવાનની લીલાઓનું ધ્યાન કરવું, અને વળી અંતઃકરણનું સમાધાન કરવું. ૬.

(૨૩) 'ધિષ્ણ્યાનાં' નાભિ વિગેરે સ્થાનોમાંના એક પ્રદેશથી, (એટલે) સર્વ સ્થાનોમાંથી પ્રાણોને ખેંચી ક્યાંક હૃદય વિગેરે સ્થાનમાં એક પ્રદેશથી મન સાથે પ્રાણોને ધારણ કરવા. ઈન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરવો વિગેરેમાં પણ મનને કામે લગાડવું, પ્રાણાયામ વિગેરેમાં પણ મનને (કામે લગાડવું). અથવા ('એકદેશેન' શબ્દનો અર્થ) એક પ્રદેશમાં (કરવો), સાતમી વિભક્તિના અર્થમાં ત્રીજી મૂકેલી (ગણવી). (૨૪) 'વૈકુણ્ઠસ્ય' ભગવાનની લીલાઓનું ધ્યાન કરવું, (૨૫) સર્વ સ્થિતિઓમાં વ્યગ્રપણું ન હોય એ અંતઃકરણનું સમાધાન. આ પોતાના સિદ્ધાંતમાં કહેલાં સાધનો છે, બીજાં બીજાના મતોમાં પ્રસિદ્ધ (સાધનો) છે. ૬.

**એતૈરન્યૈશ્ચ પથિભિર્મનો દુષ્ટમસત્પથે ।।**
**બુદ્ધ્યા યુઞ્જીત શનકૈર્જિતપ્રાણો હ્યતન્દ્રિતઃ ।।૭।।**

પ્રાણનો જય કરી, આળસ ન રાખતાં લૌકિક માર્ગે (જતાં) દુષ્ટ મનને આ અને બીજા માર્ગોથી બુદ્ધિ સાથે ધીરેધીરે યોજવું. ૭.

બધાએ 'પથિભિઃ' માર્ગોથી 'અસત્પથે' લૌકિક માર્ગે (જતાં) દુષ્ટ મનને

બુદ્ધિ સાથે યોજવું, લૌકિક માર્ગનો ત્યાગ કરાવી, આત્માનો ભેદ જાણનારી બુદ્ધિ સાથે યોજવું. આ(મ કરવા)માં બલ ન કરવું, નહિતો મન મલિન થાય, તેથી 'ધીરે ધીરે' એમ કહેલું છે. વળી જેના ઉપર વિજય પ્રાપ્ત કરેલો છે તેવા પ્રાણો અને ઈન્દ્રિયો માટે સદા પ્રયાસ કરવાનો છે. ૭.

એવી રીતે ઘણા જન્મો સુધી થએલાં, કટકે કટકે કરેલાં સાધનોથી જ્યારે મન ઈન્દ્રિયો પ્રાણો અને દેહ (યોગ માટે) તૈયાર થાય, ત્યારે ફલ પ્રાપ્ત કરાવે તેવા યોગ માટે તેમનો ઉપયોગ કરવો એમ નીચેના શ્લોકથી (આરંભી) કહે છેઃ

**શુચૌ દેશે પ્રતિષ્ઠાપ્ય વિજિતાસન આસનમ્ ।।**
**તસ્મિન્સ્વસ્તિકમાસીન ઋજુકાયઃ સમભ્યસેત્ ।।૮।।**

આસનમાં કુશલતા પ્રાપ્ત કરેલાએ પવિત્ર દેશમાં આસન સ્થાપી, તેની ઉપર કાયા સીધી રાખી સ્વસ્તિક (આસનથી) બેસી (યોગનો) અભ્યાસ કરવો. ૮.

ઉપર કહેલા યમો અને નિયમો જ ઘણા પ્રકારે ફરી ફરી આચરવામાં આવ્યા. હવે આ શ્લોકમાં 'આસન' કહે છે. કેશ કીડા હાડકાં વિગેરે જ્યાં ન હોય તેવા ગંગાનું તીર વિગેરે પ્રદેશમાં, વસ્ત્ર મૃગચર્મ અથવા કુશરૂપ આસન સ્થાપી, અભ્યાસથી આસનમાં કુશલતા પ્રાપ્ત કરવી. બધાંએ આસનો ત્યાં શીખવાં. જ્યારે આસનમાં કુશલતા પ્રાપ્ત થાય, ત્યારે તે આસન ઉપર સ્વસ્તિક આસનથી બેસી, કાયા સીધી રાખી, યોગનો અભ્યાસ કરવો. જેટલા જીવો ઉત્પન્ન થએલા છે, તેટલાં આસનો છે, તે પૈકી સ્વસ્તિક અને પદ્માસન ઉત્તમ છે. તેમાંનું સ્વસ્તિક આસન કરીને, પ્રાણોની સીધી ગતિ થાય તે માટે કાયા સીધી રાખી પ્રાણાયામનો અભ્યાસ કરવો. ૮.

**પ્રાણસ્ય શોધયેન્માર્ગં પૂરકુમ્ભકરેચકૈઃ ।।**
**પ્રતિકૂલેન વા ચિત્તં યથા સ્થિરમચઞ્ચલમ્ ।।૯।।**

પૂર, કુંભક અને રેચકથી અથવા ઉલટા પ્રકારે, જેમ ચિત્ત સ્થિર અને ચંચલપણાંરહિત થાય, તેમ પ્રાણના માર્ગને શુદ્ધ કરવો. ૯.

તે અભ્યાસ (કરતાં) જ પ્રાણનો માર્ગ શુદ્ધ કરવો. ભૌતિક નાડીઓ મેલ વિગેરેથી ભરપૂર રહેલી હોય છે, તેમને પૂર કુંભક અને રેચકથી શુદ્ધ કરવી. તેઓમાં વાયુ ભરી, (તેને) રોકી રાખી કુંભકથી નાડીઓ શુદ્ધ કરી, (તેમને) ઉત્કૃષ્ટ બનાવી, તેમાંથી મલ અને વાયુ બહાર કાઢવો. એવી રીતે વારંવાર (વાયુ) ભરીને વિગેરે (સાધન)થી પ્રાણના માર્ગને શુદ્ધ કરવો. અથવા કુંભક વિગેરે જૂદા જૂદા પ્રકારના પ્રાણાયામોથી (તેમને) શુદ્ધ કરવી. અથવા ઉલટા પ્રકારે એટલે રેચક પૂર અને

કુંભકથી શુદ્ધ કરવી. બહુ (કહેવા)નું શું પ્રયોજન ? જે પ્રકારે ચિત્ત ચંચલપણાંનો ત્યાગ કરી સ્થિર થાય, તે પ્રકારે પ્રાણનાં માર્ગને શુદ્ધ કરવો. પ્રાણાયામ વિગેરેથી શુદ્ધ કરવો, બીજા પ્રકારે[1] શુદ્ધ ન કરવો, કારણ કે (તે પ્રકારો) શાસ્ત્રમાં કહેલા ન હોવાથી તેમનાથી ચિત્ત શુદ્ધ થતું નથી[2]. ૯.

૧. જમણાં નસ્કોરાંને બંધ કરી, ડાબાં નસ્કોરાંથી શ્વાસ લેવો તે 'પૂર' અથવા 'પૂરક'. મુખ અને બંને નસ્કોરાં બંધ રાખી શ્વાસને (દેહમાં) રોકી રાખવો તે 'કુંભક', અને શ્વાસ બહાર કાઢવો તે 'રેચક'. 'બીજા પ્રકારે' એટલે (ગો)મૂત્ર વિગેરેનું પાન કરી. (પ્ર).

૨. ગોમૂત્રના પાનથી નાડીઓ શુદ્ધ થાય, છતાં ચિત્ત શુદ્ધ થતું નથી, એવો અર્થ જણાય છે.

**મનોઽચિરાત્સ્યાદ્વિરજં જિતશ્વાસસ્ય યોગિનઃ ।।**
**વાય્વગ્નિભ્યાં યથા લોહં ધ્માતં ત્યજતિ વૈ મલમ્ ।।૧૦।।**

વાયુ અને અગ્નિથી ધમી તપાવેલી ધાતુ જેમ મેલ તજે છે તેમ જેણે પ્રાણવાયુ ઉપર વિજય પ્રાપ્ત કરેલો છે તેવા યોગીનું મન તરત શુદ્ધ થાય છે. ૧૦.

એમ કરવામાં આવે, ત્યારે જેણે પ્રાણવાયુ ઉપર વિજય પ્રાપ્ત કરેલો છે તેવા યોગીનું મન તરત શુદ્ધ થાય છે. 'પ્રાણાયામ (કરવા)થી મન શુદ્ધ કેવી રીતે થાય ?' એવો પ્રશ્ન થાય, તે સંબંધમાં ઉત્તરાર્ધથી દૃષ્ટાંતથી ઉત્તર આપે છે. જેમ સુવર્ણ વિગેરે ધાતુ વાયુ અને અગ્નિથી ધમી તપાવેલી હોય ત્યારે મેલ તજે છે, તેમ પ્રાણાયામથી અને તેનાથી થતા ગુણથી, જણાય અને ન જણાય તેવા ઉપાયોથી મન મેલ તજે છે. ૧૦.

નીચેના શ્લોકમાં સર્વ દોષો દૂર કરવાના પ્રકારો કહે છેઃ

**પ્રાણાયામૈર્દહેદ્દોષાન્ ધારણાભિશ્ચ કિલ્બિષાન્ ।।**
**પ્રત્યાહારેણ સંસર્ગાન્ ધ્યાનેનાનીશ્વરાન્ ગુણાન્ ।।૧૧।।**

પ્રાણાયામોથી દોષોને બાળવા, અને ધારણાઓથી પાપોને, પ્રત્યાહારથી સંસર્ગથી ઉત્પન્ન થએલા (દોષો)ને, (અને) ધ્યાનથી સંસારીપણું કરાવનાર ગુણોને બાળવા. ૧૧.

'દોષો' એટલે પાપો, અથવા વાત વિગેરેથી ઉત્પન્ન થએલા દોષોને પ્રાણાયામોથી[1] દૂર કરવા. 'ધારણાઓથી' ભગવાનની મૂર્તિનાં ચિંતનોથી 'પાપોને' એટલે વાસના સાથેનાં મોટાં પાપોને બાળવાં. પ્રત્યાહારથી સંસર્ગથી થએલા ઈન્દ્રિયોનાં દોષોને બાળવા, અને વળી ધ્યાનથી 'અનીશ્વરાન્' સંસારીપણું પ્રાપ્ત કરાવનારા અજ્ઞાન વિગેરે (દોષો)ને બાળવા. તે પૈકી બ્રાહ્મણપણું પ્રાપ્ત કરાવનારાં કર્મો જે સંસારની અવસ્થામાં ગુણો છે, તેમને પણ ભગવાનનું ધ્યાન બાળે છે. ૧૧.

૧. યોગનાં આઠ અંગો છે. (૧|૨) યમ અને નિયમ એ બે શ્લોક ૨|૭ થી કહ્યા. (૩) આસન શ્લો.૮ માં કહ્યું. (૪) પ્રાણાયામ શ્લો.૯|૧૦|૧૧ માં કહ્યું. (૫) ધારણાનો અર્થ સુબોધિનીમાં જ કહેલો છે. આ શ્લોકથી ૧૯મા શ્લોક સુધી તેનું નિરૂપણ કરેલું છે. (૬) પ્રત્યાહાર એટલે ઈન્દ્રિયોને વિષયોમાંથી પાછી વાળવી તે. (૭) 'ધ્યાન' એટલે ભગવાનની મૂર્તિમાં ચિત્ત સ્થિર કરવું તે. ધ્યાનનું નિરૂપણ શ્લો. ૨૦ થી ૩૩ સુધી છે. (૮) સમાધિ શ્લો. ૩૫|૩૬ માં કહેલી છે. પ્રત્યાહાર આ શ્લોકમાં કહેલો છે.

**યદા મનઃ સ્વં વિરજં યોગેન સુસમાહિતમ્ ।।**
**કાષ્ઠાં ભગવતો ધ્યાયેત્ સ્વનાસાગ્રાવલોકનઃ ।।૧૨।।**

જ્યારે પોતાનું મન શુદ્ધ અને યોગથી સારી રીતે સ્થિર થાય, ત્યારે પોતાનાં નાકનાં ટેરવાં ઉપર દૃષ્ટિ રાખી, ભગવાનના પ્રદેશનું ધ્યાન કરવું. ૧૨.

એમ કરતાં જ્યારે પોતાનું મન શુદ્ધ થાય, અને યોગથી સારી રીતે સ્થિર થાય, ત્યારે જ પોતાનાં નાકનાં ટેરવાં ઉપર દૃષ્ટિ છે જેની તેવા થઈ, ભગવાનના પ્રદેશ વૈકુંઠનું અથવા હૃદયનું અથવા હૃદયમાં વૈકુંઠનું ધ્યાન કરવું. તેમ કરવામાં (નાકનાં ટેરવાં ઉપર દૃષ્ટિ રાખવામાં) ન આવે, તો ચંચલ દૃષ્ટિ મનમાં વિક્ષેપ ઉત્પન્ન કરે, અને નયન બંધ થાય ત્યારે નિદ્રા ઉત્પન્ન કરે ). ૧૨.

તેમાં ભગવાનનું ધ્યાન ધરવું એમ કહેશે[1]. 'ભગવાન્ કોણ ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી પુરુષોત્તમનું આ સ્વરૂપ છે એમ જાણી, મનથી તે સ્વરૂપની કલ્પના કરી, સદા (તેનું) ચિંતન કરવાનું હોવાથી, નીચેના શ્લોકથી આરંભી, ભગવાન્ છ ગુણોવાળા હોવાથી છ (શ્લોકો)થી તે સ્વરૂપનું કલ્પના કરવા માટે વર્ણન કરે છેઃ

**પ્રસન્નવદનામ્ભોજં પદ્મગર્ભારુણેક્ષણમ્ ।।**
**નીલોત્પલદલશ્યામં શંખચક્રગદાધરમ્ ।।૧૩।।**

પ્રસન્ન મુખકમલવાળા, કમલના અંદરના ભાગ જેવાં લાલ લોચનવાળા, શ્યામ કમલના પત્ર જેવા શ્યામ, શંખ ચક્ર અને ગદા ધારણ કરનાર (દેવનું ધ્યાન કરવું શ્લો.૧૮). ૧૩.

૧.પ્રસન્ન છે મુખકમલ જેમનું તેવા. પ્રસન્નતા વર આપવા માટે (રહેલી) છે. દૃષ્ટિથી જ સંતોષ ઉત્પન્ન કરવા માટે, અને રસ (આપવા) માટે કમલરૂપ છે. ૨.કમલના અંદરના ભાગમાં રહેલ કળીના જેવા લાલરંગનાં છે લોચનો જેમનાં તેવા. તેમાં પણ પ્રસન્નતા, દોષ દૂર કરવાનું અને યોગની સિદ્ધિ સૂચવેલાં[2] છે. ૩.શ્યામ કમલનાં પત્ર જેવા શ્યામ. (આ વિશેષણથી) સૌંદર્ય, અને શુદ્ધિ, ઉગ્રપણું વિગેરે ન હોવાનું, અને શૃંગારરસનું સ્વરૂપ સૂચવેલ છે. ૪.'શંખ ચક્ર અને ગદા ધારણ કરનાર'

વિશેષણથી (અનુક્રમે) જલ તેજ અને વાયુની શુદ્ધિ અને નિર્દોષપણાં માટે શંખ ચક્ર અને ગદા ધારણ કરેલાં હોવાનું (કહેલું છે). ૧૩.

૧. આગળ શ્લો. ૧૮માં કહેશે.

૨. 'કમલના અંદરના ભાગ' શબ્દથી (આ ગુણો) સૂચવેલાં છે. (પ્ર)

**લસત્પંકજકિઞ્જલ્કપીતકૌશેયવાસસમ્ ।।**
**શ્રીવત્સવક્ષસં ભ્રાજત્કૌસ્તુભામુક્તકન્ધરમ્ ।।૧૪।।**

પ્રકાશતા કલમના તંતુઓ જેવાં પીળાં રેશમી વસ્ત્રોવાળા, છાતી ઉપર શ્રીવત્સવાળા, પ્રકાશતા કૌસ્તુભે જેમના કંઠને (કોઈ સમયે) તજેલ નથી તેવા (દેવનું ધ્યાન કરવું શ્લો. ૧૮). ૧૪.

પ્રકાશતા કમલના તંતુઓ હોય તેમ છેડા ઉપર મોતીથી ગૂંથાએલ, કોર ઉપર પહેરવા માટે યોગ્ય થાય તે માટે ઉત્તમ કેસરથી સહેજ લાલ કરેલું જે પીતાંબર, તે પણ 'કૌશેયં' રેશમનું બનેલું સર્વ દેવવાળું વસ્ત્ર છે જેમનું તેવા. ભગવાન્ ત્રણ ભુવનના સારરૂપ છે, તેમનાં વેદથી ભરપૂર, ગૂઢ રસને ઢાંકનારા, મુક્તોને[1], રજોગુણને અને જૂદા જૂદા પ્રકારના સત્ત્વ ગુણોને ગ્રહણ કરી રહેલ પીતાંબરવાળાં સ્વરૂપનું ધ્યાન કરવું. ૬. શ્રીવત્સ છે છાતી ઉપર જેમની તેવા. જે બ્રહ્માનંદ (શ્રીવત્સ) તે હૃદય ઉપર પ્રકાશે છે. ૭. પ્રકાશતા કૌસ્તુભે તજેલ નથી કંઠ જેમનો તેવા. મુક્તો અને ભક્ત જીવો ઘણા પ્રિય હોવાથી ભગવાન્ તેઓને કંઠ ઉપર રાખે છે. ૧૪.

૧. મુક્તો એટલે મોતીઓ, અને મુક્ત જીવો. પીતાંબરના છેડા ઉપર મોતી ગૂંથેલા છે તે મુક્તો, કોર ઉપર કેસરથી સહેજ લાલ રંગેલું છે, તે લાલાશ રજોગુણ છે, અને તે રેશમી હોઈ સર્વ દેવોના વાસરૂપ છે, તે દેવો સત્ત્વગુણના જૂદા જૂદા ભેદરૂપ છે. એ ત્રણેને ગ્રહણ કરી પીતાંબર રહેલું છે. પીતાંબર વેદરૂપ છે. તે ગુહ્ય પ્રદેશ (રસ)ને ઢાંકનારું છે; એવો ભાવ જણાય છે.

**મત્તદ્વિરેફકલયા પરીતં વનમાલયા ।।**
**પરાર્ધ્યહારવલયકિરીટાઙ્ગદનૂપુરમ્ ।।૧૫।।**

મદવાળા ભમરાઓની પંક્તિવાળી વનમાળાથી વીંટાએલા, ઘણા કિંમતી હાર કડાં મુકુટ બાજુબંધ અને નૂપુરવાળા (દેવનું ધ્યાન કરવું શ્લો. ૧૮). ૧૫.

૮. મદવાળા જે 'દ્વિરેફાઃ' ભમરાઓ, તેઓની 'કલા' પંક્તિ છે જેના ઉપર, તેવી વનમાળાથી 'પરીતં' વીંટાએલા. છ દર્શનોના[1] પાર પામેલાઓએ સદા પ્રશંસા કરેલી કીર્તિથી ઘેરાએલા. ૯. 'પરાર્ધ્યાનિ' ઘણા કિંમતી હાર, કડાં, મુકુટ, બાજુબંધ અને નુપૂર છે જેમનાં તેવા ભગવાનનું ધ્યાન કરવું, કારણ કે ભગવાનના ભક્તો, ભગવાન્ માટે કરેલો પ્રયાસ, ભગવાન્ સંબંધી જ્ઞાન, ભક્તિ અને ગતિ એ પાંચ

ભગવાનના સંબંધવાળા છે. ૧૫.

૧. ભમરાઓને છ પગો હોવાથી, તેઓને છ દર્શનના પાર પામેલા કહેલા જણાય છે.

**કાઞ્ચીગુણોલ્લસચ્છ્રોણિં હૃદયામ્ભોજવિષ્ટરમ્ ।।**

**દર્શનીયતમં શાન્તં મનોનયનવર્ધનમ્ ।।૧૬।।**

કાંચીના ગુણથી શોભતા નિતંબવાળા, હૃદયકમલરૂપ સ્થાનવાળા, ઘણાં સુંદર, શાંત, મન અને નયનની વૃદ્ધિ કરનારા (દેવનું ધ્યાન કરવું શ્લો. ૧૮). ૧૬.

૧૦.કાંચી (કંદોરા)ના ગુણથી શોભતા છે નિતંબો જેમના તેવા. પૃથ્વી ઉપર સ્ત્રી અને ધનથી[1] સત્ત્વ રજસ્ અને તમોગુણરૂપ સંસાર (થવાનું) ઘણું પ્રસિદ્ધ છે. ૧૧.પોતાનું ધ્યાન કરનારનું હૃદયકમલ જ છે. 'વિષ્ટરં' સ્થાન(આસન) જેમનું તેવા. આથી એમ જણાવ્યું છે કે સર્વ પ્રાણીઓમાં રહેલા ભગવાનનું ધ્યાન કરવું, પરંતુ (હરકોઈ) સ્થાનમાં રહેલા હદવાળા ભગવાનનું ધ્યાન કરવું નહિ. ૧૨.'દર્શનીયતમં' ઘણાં સુંદર, પ્રપંચના સર્વ રસોને ભૂલાવનારા. ૧૩.શાંત. કામ વિગેરે સર્વ દોષોનો નાશ કરનાર જ્ઞાનમય. ૧૪.મન અને નયનની વૃદ્ધિ છે જેમનાથી તેવા. જો મન એકવાર ચિંતન કરે, અથવા (નયન એકવાર) દર્શન કરે, તો ફરી મનમાં ચિંતન જ ઉત્પન્ન કરે અને નયનમાં દર્શન કરવાની ઈચ્છા ઉત્પન્ન કરે છે. આ વિશેષણથી વિષય(ભગવાનનાં સ્વરૂપ)નાં બલથી પણ ઈન્દ્રિયોને વિષયમાંથી પાછી વાળવાનું પ્રાપ્ત થવાનું અને યોગ અને જ્ઞાન ની વૃદ્ધિ કહેલાં છે. ૧૬.

૧. કાંચી સ્ત્રી અને તે સુવર્ણની હોવાથી ધનરૂપ છે. તે બેથી 'નિતંબ' શોભે છે આ બેથી સંસાર (પ્રાપ્ત) થવાનું પ્રસિદ્ધ છે, એવો અર્થ જણાય છે.

**અપીચ્યદર્શનં શશ્વત્સર્વલોકનમસ્કૃતમ્ ।।**

**સન્તં વયસિ કૈશોરે ભૃત્યાનુગ્રહકાતરમ્ ।।૧૭।।**

જેમનું દર્શન સદા સુંદર છે, જેમને સર્વ લોકે નમસ્કાર કરેલ છે, કિશોર વયમાં રહેલા, સેવકો ઉપર કૃપા કરવા ઉત્સુક (દેવનું ધ્યાન કરવું શ્લો. ૧૮). ૧૭.

૧૫.'અપીચ્યં' સુંદર છે દર્શન જેમનું તેવા. (આથી) એમ સૂચવેલું છે કે ભગવાન્ પોતાની અંદર આસક્તિ રાખવાથી સ્ત્રીઓને પણ મોક્ષ આપનારા છે, દર્શનથી જ પરમાનંદ ઉત્પન્ન કરનારા છે, અને તેમનો અનુભવ આનંદરહિત હોતો નથી. 'સદા' શબ્દથી (એમ જણાવેલું છે કે) વયમાં વૃદ્ધ થવું વિગેરેથી કોઈ પણ સમયે (તેમનું) દર્શન જૂદા પ્રકારનું (પરમાનંદરહિત) હોતું નથી. ૧૬.'જેમને સર્વ લોકે નમસ્કાર કરેલ છે' તેવા. (ભગવાન્) સર્વ પ્રમાણોમાં પ્રસિદ્ધ છે અને સર્વરૂપ છે. ૧૭.'કિશોર વયમાં રહેલા'. દશમા વર્ષના આરંભથી સોળમા વર્ષ સુધીની કિશોર

અવસ્થા છે. તેટલા સમયમાં રસનો પ્રાદુર્ભાવ થતો નથી. પછીથી લાવણ્ય ઘટે છે. આથી તે ઉત્તમ દેવ હોવાનું કહેલ છે. ૧૮.સેવકો ઉપર કૃપા કરવા 'કાતરમ્' ઉત્સુક. (આથી) ફલ અવશ્ય આપશે (એમ) સૂચવેલું છે. ૧૭.

**કીર્તન્યતીર્થયશસં પુણ્યશ્લોકયશસ્કરમ્ ।।**
**ધ્યાયેદ્દેવં સમગ્રાંગં યાવન્ન ચ્યવતે મનઃ ।।૧૮।।**

કીર્તન કરવા યોગ્ય અને તીર્થરૂપ કીર્તિવાળા, પવિત્ર કીર્તિવાળાઓને યશ પ્રાપ્ત કરાવનાર સર્વ અવયવોવાળા દેવનું–જ્યાંસુધી મન ચળે નહિ ત્યાંસુધી–ધ્યાન કરવું.૧૮.

૧૯.કીર્તન કરવા યોગ્ય અને તીર્થરૂપ છે કીર્તિ જેમની તેવા. ભગવાન્ ઘણા કૃપાળુ છે, કારણ કે તેમણે પોતાની કીર્તિ કીર્તન કરવા યોગ્ય અને તીર્થરૂપ કરેલી છે. લોકમાં પાપનો નાશ કરનારાં તીર્થો છે, પરંતુ તેઓનો સંબંધ આવશ્યક નથી. અમુક વચનવાળાં વાક્યો કીર્તન કરવા યોગ્ય હોય છે. રસના આવેશવાળા બધાએ (તેમનું) કીર્તન કરે છે. સર્વ પાપોનો નાશ કરનાર અને સર્વ ફલ આપનાર જો સદાના સંબંધવાળું થાય, તો બધાએ કૃતાર્થ થાય, અને (ભગવાનની) કીર્તિ તેવી છે. વળી ૨૦.(ભગવાન્) પોતાના (સેવકો)ને પણ તેવી કીર્તિ પ્રાપ્ત કરાવે છે, એમ 'પવિત્ર કીર્તિવાળાઓને યશ પ્રાપ્ત કરાવનાર' વિશેષણથી કહેલું છે. પવિત્ર 'શ્લોકાઃ' કીર્તિ છે જે ભક્તોની, તેઓને પણ (ભગવાન્) પોતાની સમાન કરતા હોવાથી યશ પ્રાપ્ત કરાવે છે. એ રીતે વીસ ગુણોવાળા હરિને અહિં ધ્યાન કરવા યોગ્ય કહેલા છે; કારણ કે આંગળીઓ વીસ છે, (અને) આત્મા એકવીસમો હોવાથી પુરુષ એકવીસમો છે. આ ધ્યાન કરવા યોગ્ય (ભગવાનના) ગુણો વીસ છે, અને ભગવાન્ પોતે એકવીસમા છે. એ પ્રમાણે આવા ભગવાનનું વર્ણન કરીને, ઉત્તરાર્ધથી તેમના પ્રત્યે કરવા યોગ્ય (કાર્ય) કહે છે. એવી રીતે 'સમગ્રાનમ્' સર્વ અવયવોથી પૂર્ણ (ભગવાન્)નું ધ્યાન કરવું. જ્યાંસુધી મન એક પણ અવયવને તજે નહિ, (અને) સંપૂર્ણ સ્વરૂપનું ભાન થાય ત્યાંસુધી જ ધ્યાન કરવું, એમ 'જ્યાંસુધી મન ચળે નહિ ત્યાંસુધી' શબ્દોથી કહેલું છે. જ્યાંસુધી સંપૂર્ણ અંગથી ચળે નહિ, ખસી ન જાય, (ત્યાં સુધી ધ્યાન કરવું). મન તો ચંચલ છે, (અને) એકમાં સ્થિર રહેતું નથી, તેથી તેમ કહેલું છે; નહિ તો મુખ્ય યોગમાં તે સદાએ સ્થિર થાય છે. ૧૮.

નીચેના શ્લોકમાં અવસ્થાઓના પ્રકાર કહે છેઃ

**સ્થિતં વ્રજન્તમાસીનં શયાનં વા ગુહાશયમ્ ।।**
**પ્રેક્ષણીયેહિતં ધ્યાયેચ્છુદ્ધભાવેન ચેતસા ।।૧૯।।**

દર્શન કરવા યોગ્ય લીલાવાળા, ઉભેલા, ફરતા, બેઠેલા અથવા પોઢેલા હૃદયમાં રહેલા (ભગવાન્)નું શુદ્ધ પ્રેમવાળા ચિત્તથી ધ્યાન કરવું. ૧૯.

'સ્થિતં' ઉભેલાનું, અથવા ફરતાનું, 'આસીનં' બેઠેલાનું અથવા સૂતેલાનું ધ્યાન કરવું. ચારે પ્રકારના હૃદયમાં રહેલાનું જ, પોતાના હૃદયમાં જ (ધ્યાન કરવું). સર્વ તરફ જોવા માટે ઉભેલા હોય છે, કાર્ય કરવા માટે ફરે છે, પૂજા ગ્રહણ કરતાં બેસે છે, અને કાર્ય કરીને પોઢે છે. વળી દર્શન કરવા યોગ્ય છે લીલા જેમની તેવા (ભગવાન્ છે). ભગવાનની પેઠે તેમની લીલા પણ દર્શન કરવા યોગ્ય છે. તેથી ભગવાનની ક્રીડા,-બાલકો, ગાયો, ગોપાલો, ગોપીઓ અને બીજાઓ સાથેની જાતજાતની ક્રીડાઓ-નું પણ ધ્યાન કરવું, એમ કહેલું છે. તે ક્રીડાઓમાં જૂદી જૂદીમાં પ્રેમ હોવાથી પોતાની કામનાઓ વિગેરેને લીધે પણ ધ્યાન (થવાનું) સંભવે, તેથી તેમ ન થવા દેવા માટે 'શુદ્ધ પ્રેમવાળા ચિત્તથી' એમ કહેલું છે. કામનાઓ વિગેરે સર્વ દોષો વિના શુદ્ધ પ્રેમ છે જે ચિત્તનો, તેવા (ચિત્તથી ધ્યાન કરવું), કારણ કે આ 'ધારણા' કહેલી છે. ૧૯.

દરેક અવયવના રસનું જ્ઞાન થાય તે માટે, નીચેના શ્લોકથી આરંભી ધ્યાનનું નિરૂપણ કરે છેઃ

**તસ્મિંલ્લબ્ધપદં ચિત્તં સર્વાવયવસંસ્થિતમ્ ।।**
**વિલક્ષ્યૈકત્ર સંયુજ્યાદંગે ભગવતો મુનિઃ ।।૨૦।।**

તે (સંપૂર્ણ સ્વરૂપ)માં સ્થિર થએલું ચિત્ત સર્વ અવયવોમાં સારી રીતે રહેલું જાણીને મુનિએ (તેને) ભગવાનના એક અંગમાં યોજવું. ૨૦.

'તસ્મિન્' તે સંપૂર્ણ (સ્વરૂપ)માં, 'લબ્ધપદં' ત્યાં સ્થિર ચિત્ત સર્વ અવયવોમાં સારી રીતે રહેલું 'વિલક્ષ્ય' જાણીને, અથવા (સ્વરૂપથી) છૂટું રાખવાથી જાણીને[1] કાંઈક ખામીવાળું જાણીને, ભગવાનનાં[2] એક જ અંગમાં (તેને) યોજવું; કારણ કે આ 'મુનિ' છે, યુક્તિથી જ પદાર્થો સ્થિર કરી (તેમનું) ધ્યાન કરે છે. તેથી આ વિષયમાં પણ એક એક અવયવનું માહાત્મ્ય જાણીને સર્વનું જ્ઞાન (પ્રાપ્ત) કરશે, એવો ભાવ છે. ૨૦.

૧. ચિત્ત સ્વરૂપથી જૂદું રાખવા પ્રયાસ કરવાથી, તે તેમાં સ્થિર થયું છે કે નહિ એ જાણીને, એવો ભાવ જણાય છે.
૨. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલો છે.

(આ) મતાંતર હોવાથી, (તેમાં) તે (ભગવાન્) સંવત્સર (કાલ)રૂપ હોવાથી તે એક એક અંગનું નિરૂપણ નીચેના શ્લોકથી આરંભી તેર (શ્લોકો)થી કરે છે, કારણ

કે (કાલનું) ઉલ્લંઘન (કરે છે એમ) કહેવાનું છે. તે પૈકી પ્રથમ બે (શ્લોકોથી) ચરણારવિંદના ગુણો પ્રકટ કરીને, પોતાથી અને કાર્યથી (તેનું) માહાત્મ્ય જણાવીને, તેનું વર્ણન કરે છે. તે પૈકી આરંભમાં નીચેના શ્લોકમાં તેનું પોતાથી (પોતાનું) માહાત્મ્ય કહે છેઃ

**સઞ્ચિન્તયેદ્ભગવતશ્ચરણારવિન્દં વજ્રાંકુશધ્વજસરોરુહલાઞ્છનાઢ્યમ્ ।।**
**ઉત્તુંગરક્તવિલસન્નખચક્રવાલજ્યોત્સ્નાભિરાહતમહદ્ધૃદયાન્ધકારમ્ ।।૨૧।।**

વજ્ર અંકુશ ધજા અને કમલનાં ચિહ્નોની સંપત્તિવાળું, ઘણા ઉંચા લાલ વિલાસ કરતા નખોના સમૂહની ચાંદનીઓથી જેણે મોટા પુરુષોનાં હૃદયના અંધકારનો નાશ કરેલ છે તેવાં ભગવાનનાં ચરણારવિંદનું સારી રીતે ધ્યાન કરવું. ૨૧.

ભગવાનના ચરણારવિંદનું સારી રીતે ધ્યાન કરવું. ‘સારી રીતે’ એટલે લાંબા સમય સુધીના ચાલુ આદરથી અને માહાત્મ્યનું જ્ઞાન પ્રાપ્ત કરીને. ચરણ ભક્તિ પ્રાપ્ત કરાવનારું છે. અરવિંદ (કમલ) સર્વ દુઃખ દૂર કરનારું છે. ‘વજ્ર અંકુશ ધજા અને કમલનાં ચિહ્નોની સંપત્તિવાળું’, (એ) ચાર ચિહ્નોની સંપત્તિવાળું છે. ભક્તોના પાપરૂપ પર્વતોની પાંખો કાપવા માટે (તેમાં) વજ્ર છે, ભક્તોના મનરૂપ હાથીને વશ કરવા અંકુશ છે, અહિં (ચરણારવિંદમાં) રહેલાઓના સર્વ ભયો દૂર થશે એમ જણાવવા ધજા છે, અને (તે) સુખથી સેવા થઈ શકે તેવું છે એમ જણાવવા કમલ છે. આ ‘લાઞ્છનાનિ’ ચિહ્નો ચાર પ્રકારના પુરુષાર્થ જણાવનારાં છે. આવાં અનંત ચિહ્નો છે, એમ જણાવવા ‘સંપત્તિ’ જણાવેલી છે. આ (વિશેષણ)થી ફલ આપનારા ભજન કરવા યોગ્ય ગુણો કહેલા છે. ઉત્તરાર્ધથી દોષ દૂર કરનારા (ગુણો) કહે છે. ઘણા ઉંચા લાલ જે વિલાસ કરતા નખો, તેઓનું ‘ચક્રવાલં’ મણ્ડલ, તેની ચાંદનીઓથી નાશ કરેલ છે મોટા પુરુષોના હૃદયના અંધકારનો જેણે તેવું (ચરણ) છે. બહાર રહેલા પ્રકાશથી (હૃદયની) અંદર રહેલો અંધકાર દૂર ન થાય અને મોટા પુરુષોને અહંકાર ઘણો હોય છે, અને ત્યાં (તેમના હૃદયમાં) રહેલ અંધકારનો અવશ્ય નાશ કરવો જોઈએ. વળી[1] તે એક ચંદ્રથી થઈ ન શકે, અને સૂર્યનો પ્રકાશ તાપ કરનારો છે. તેથી દશ નખરૂપ ચંદ્રો દશ[2] અવસ્થાઓમાં સર્વ દોષ દૂર કરનારા ચરણમાં રહેલા છે). (તેઓ) ‘ઉત્તુનાઃ’ ઘણા ઉંચા (હોઈ) ઘણા વધારે અહંકારમાં રહેલા અજ્ઞાનનો પણ નાશ કરે છે. ‘રક્તાઃ’ (લાલ) રાગવાળા હોઈ, તે માટે જ ઉદ્યમ કરનારા છે, અને ઉદ્યમ કરનારા સહેજ લાલ થાય છે. વિલાસવાળા હોવાથી-જેમ સ્ત્રીની લાજ રમણ કાઢી નાખે-તેમ સ્થિર આવરણ (અંધકાર અજ્ઞાન)ને પણ દૂર કરે છે. તે જ વિલાસ

છે. (આ દશ) ચંદ્રો છે, પરંતુ 'ન વિદ્યતે' નથી 'ખમ્' આકાશ જેમને, તેવા 'નખ' છે. આકાશમાં એક જ[3] ચંદ્ર પ્રકાશે છે, આ (દશ ચંદ્રો) તો આકાશના સંબંધવાળા નથી. આમનું 'ચક્ર' આયુધ 'વાલમ્' અમૃતનું પોષણ કરનારું છે, પરંતુ માત્ર અંધકારનો નાશ કરનારું નથી, અથવા 'વમ્' અમૃત છે. 'અલમ્' ભરપૂર જેમાં તેવું કલંકવિનાનું છે. 'ચાંદનીઓથી' એ બહુવચન જૂદી જૂદી જાતના અંધકાર દૂર થાય છે એમ જણાવવા (યોજેલું છે). આથી એમ જણાવેલું છે કે (ચરણમાંના નખચંદ્ર) પોતે આનંદરૂપ છે, અને અજ્ઞાન દૂર કરી આનંદ આપનારા છે. ૨૧.

૧. નાનો ચંદ્ર હોવાનું શ્લોકમાંના 'જ્યોત્સ્ના' 'ચાંદનીઓ', શબ્દથી સૂચવેલું છે. (પ્ર)

૨. દૃષ્ટિ, મન, સંગ, સંકલ્પ, જાગરણ, દુર્બળપણું, અરતિ (આનંદનો અભાવ), લજ્જાનો ત્યાગ, ઉન્માદ, અને મૂર્ચ્છા એ દશ કામની દશાઓ કહી હોય તેમ જણાય છે.

૩. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે.

એ રીતે સ્વરૂપથી ઉત્તમપણું કહી નીચેના શ્લોકમાં કાર્યથી (ચરણનું) ઉત્તમપણું કહે છેઃ

**યચ્છૌચનિઃસૃતસરિત્પ્રવરોદકેન તીર્થેન મૂર્ધ્ન્યધિકૃતેન શિવઃ શિવોઽભૂત્ ।।**
**ધ્યાતુઃ મનઃશમલશૈલનિસૃષ્ટવજ્રં ધ્યાયેચ્ચિરં ભગવતશ્ચરણારવિંદમ્ ।।૨૨।।**

મસ્તક ઉપર ધારણ કરેલાં, જેમને ધોવાથી નીકળેલી ઉત્તમ નદીના તીર્થરૂપ જલથી શિવ શિવ થયા, (અને) જેણે ધ્યાન કરનારનાં મનના મેલરૂપ પર્વત ઉપર વજ્ર નાખેલ છે તેવાં ભગવાનનાં ચરણારવિંદનું લાંબા સમય સુધી ધ્યાન કરવું. ૨૨.

ભગવાનનાં ચરણારવિંદમાં (૧) ગંગા અને (૨) ભક્તિરસ (એ) બે પદાર્થો ઘણું માહાત્મ્ય સૂચવનારા (રહેલા) છે. તે પૈકી ગંગાનું માહાત્મ્ય (એવું છે કે) પ્રાયશ્ચિત્તનો પણ જેમને અધિકાર નથી તેઓને સર્વેએ પૂજવા યોગ્ય કરે છે. તે (અર્થ પૂર્વાર્ધથી) કહે છે. જે બે[1] ચરણોને 'શૌચે' ધોવામાં આવ્યા ત્યારે નીકળેલું જે જલ, તે ઉત્તમ નદી થઈ. નદીઓમાં ગંગા સર્વથી ઉત્તમ છે, તેનો એક ભાગ જે જલ, અધિકાર તરીકે પ્રાપ્ત થએલાં તેને પણ મસ્તક ઉપર મૂકવાથી પરમ કલ્યાણરૂપ 'શિવ' પણ શિવ થયા. જે સાધનથી સિદ્ધ થએલાં પોતાનાં સ્વરૂપને પ્રાપ્ત કરે છે, તે આધિદૈવિક (સ્વરૂપ) પ્રાપ્ત કરે છે, એવો નિશ્ચય થાય છે. આ આધિદૈવિકપણું પ્રાપ્ત કરાવવાનું સામર્થ્ય જેમ[2] 'તેણે પહેલી વાણીને જ મુક્ત કરી. વાણી તે અગ્નિ થઈ' તેમ[2]–પાપરહિતનું જ છે. એવી રીતે શિવે પણ પોતાના દેવને (આદિદૈવિક રૂપને) પ્રાપ્ત કર્યા. તેમ ન હોત, તો પ્રમાણ વિગેરે ચારેથી પણ ભગવાનના જેવી (તેમની) સ્વતંત્રતા ન હોત. તેથી ગંગા પોતાનાં આધિદૈવિક સ્વરૂપને પ્રાપ્ત કરાવતી

હોવાથી[3] – જ્યારે ચરણના સંબંધવાળાઓનું પણ આવું માહાત્મ્ય છે ત્યારે સાક્ષાત્ ધ્યાન કરેલું ચરણ તેવું (આધિદૈવિકપણું) પ્રાપ્ત કરાવે તેમાં કહેવું જ શું ? એવો ભાવ છે. વળી આ ગંગાનું માહાત્મ્ય ગંગાના જલમાં રહેલું નથી, તેમજ તે (ગંગા)ના અભિમાનવાળી દેવતાનું પણ નથી, કારણ કે બીજા જડ (પદાર્થો)ના અધિષ્ઠાતા દેવો શિવ કરતાં હલકા છે; પરંતુ આ માહાત્મ્ય ભગવાનના ચરણમાં રહેલ મલ (રજ)નું છે. તે રજો ભક્તોના (દેહના) પવિત્ર અને સંસ્કારવાળા મહાભૂતરૂપ થાય છે એમ પહેલાં[4] કહેલું છે. તે (ભગવાનના) ચરણના મલરૂપ જ છે. તેવી ન હોય, તો સેવક પ્રકારના દેહની (તેમનાથી) ઉત્પત્તિ ન થાય. તેથી આ જલ 'શૌચે' (ભગવાનના) ચરણ ધોવામાં આવ્યા ત્યારે તેની રજ સાથે નીકળ્યું. (તે જલ) પ્રભાવવાળું હતું, અને (તેને) રજનો સંબંધ હોવાથી તે દેવતાનો દેહ બન્યું એમ 'ઉત્તમ નદી' શબ્દથી કહેલું છે. (ચરણમાંથી) નીકળેલી, સર્વ ભક્તોનો ઉદ્ધાર કરવાનો ઉપાય બનેલી નદી થઈ. જો રજવાળી તેને ધારણ કરવામાં આવે[5] તો ભક્તોને દેહની ઉત્પત્તિ જ ન થાય, તેથી 'જલ' મસ્તક ઉપર ધારણ કરેલું કહેલું છે.

''તે જલમાં રજનું સામર્થ્ય ન હોત, તો તે શિવપણું પ્રાપ્ત કરાવનારું ન થાત'' એવી શંકા થાય, તેથી 'તીર્થરૂપ' એમ કહેલું છે. તે સાધારણ (ચરણ ધોએલ જલ) જ આખાં જગતને (પોતાનું) આધિદૈવિકપણું પ્રાપ્ત કરાવનાર તીર્થ થયું. ''આ જલે આધિદૈવિકપણું જ કેમ પ્રાપ્ત કરાવ્યું ? વળી 'જ્યાં સુધી મનુષ્યોનું હાડકું હોય' વિગેરે વાક્યોમાં તે ફલ પ્રાપ્ત કરાવનાર હોવાનું કહેલું છે'' એવો પ્રશ્ન થાય, તે સંબંધમાં 'મસ્તક ઉપર ધારણ કરેલાં' એમ કહેલું છે. મસ્તક (દેહનું) ઉત્તમ અંગ છે. (શિવે) પોતાનાં મસ્તક ઉપર તે જલને અધિકારવાળું કર્યું. તેથી ઉત્તમ અંગ (મસ્તક) ઉપર પોતાનો બધો અધિકાર આપીને સ્થાપન કરનારને (તે) સાધારણ ફલ આપે છે. પોતાનું સર્વ નિવેદન કરનારને આધિદૈવિકપણું પ્રાપ્ત કરાવવું યોગ્ય જ છે. શિવ હોવાથી જ (તેમને) પાપ વિગેરેનો સંબંધ નહતો (તેમનું) અમંગલ[6] રૂપ જ ભજન કરવા યોગ્ય હોવાથી તે રૂપ પણ દૂર કર્યું નહિ. આ (શિવ) આધિદૈવિક જ થયા.

'જેણે ધ્યાન કરનારનાં મનના મેલરૂપ પર્વત ઉપર વજ્ર નાખેલ છે' વિશેષણથી (ચરણનું) બીજું માહાત્મ્ય કહેલું છે. જે ધ્યાન કરે છે, તેના મનમાં જે 'શમલશૈલાઃ' પાપના પર્વતો હોય, તેમને માટે નાખેલું છે વજ્ર જેણે, તેવું (ચરણ છે). ભગવાનનાં ચરણમાં જે વજ્ર વિગેરે નિર્માણ કરેલાં છે (તેમાંથી વજ્ર નાખી), ધ્યાનમાં ઘણી આસક્તિને લીધે સંબંધમાં આવેલ તે ચરણ, તે પ્રાણીઓને પાપથી ઘણા ઘોર જાણી, ઘણા જન્મો સુધી પ્રાપ્ત કરેલા પાપના પર્વતનો નાશ કરે છે.

આથી આ (ચરણ)ને ભક્તિના અધિષ્ઠાતા દેવ કહેલ છે. (ચરણનો ભક્તો પ્રતિ) પક્ષપાત પણ કહેલો છે. એવી રીતે (ચરણ) અંકુશ વિગેરેનું કાર્ય કરશે, એમ સૂચવેલું છે. ધ્યાનનો મન સાથે સંબંધ હોવાથી, સંબંધવાળાનાં જ પાપનો ચરણ નાશ કરતું હોવાથી, 'મન' શબ્દથી તેમ જણાવેલું છે, પરંતુ દેહના પાપનો નાશ કરે છે એમ કહેલું નથી. (કારણ કે ધ્યાનને દેહ સાથે સંબંધ નથી), અને દેહને આગળ જવાની જરુર પણ નથી[૭]. પાપોનો ઘણો દઢ સમૂહ થએલ હોવાથી, તેમને પર્વત કહેલા છે. એવું ભગવાનનાં ચરણનું માહાત્મ્ય જાણીને, ચરણનું ધ્યાન કરવું. લાંબા સમય સુધી ધ્યાન કરવાથી મન પણ આધિદૈવિક થાય છે. વચ્ચે બીજા પદાર્થનું ધ્યાન ન થાય તે માટે (શ્લોકના) અંતે પણ ભગવાનનું ચરણારવિંદ કહેલું છે. દરેક-(અવયવ)નાં ધ્યાનો અથવા મોટા (આખા દેહ)નું ધ્યાન કરવાની મના કરેલી છે. ૨૨.

૧. અહિં દ્વિવચન યોજ્યું છે, તેથી બલિએ (વામનનાં) ચરણ ધોએલ તે સૂચવેલું છે. તેનાથી (બલિના) યજ્ઞના સ્થાનનાં સંબંધવાળાં નર્મદાના જલનું પવિત્રપણું પણ સિદ્ધ થાય છે. તેથી નર્મદાનું જલ દર્શનથી જ શુદ્ધ કરે છે, વિગેરે વૃત્તાંત બંધ બેસે છે. (પ્ર) અહિં ગંગાનાં જલની વાત સ્પષ્ટ કરેલી હોવાથી, આ અર્થ ઘણો ક્લિષ્ટ જણાય છે.

૨..૨. પાપરહિતને જ આધિદૈવિકપણું પ્રાપ્ત થાય છે એમ જણાવનારો આ ભાગ છે. (પ્ર)

૩. શિવને પરમશિવરૂપ બનાવતી હોવાથી. (પ્ર)

૪. 'પહેલાં' એટલે ૧।૧૯।૬ માં. (પ્ર)

૫. જો શિવે ધારણ કરી હોત (પ્ર). શિવે રજવાળી ગંગાને ધારણ કરી હોત, તો તેમને માત્ર આધિદૈવિકપણું પ્રાપ્ત ન થાત. અહિં સામાન્ય જન સંબંધી કહેલ છે, માત્ર શિવ સંબંધી કહેલ જણાતું નથી.

૬. શિવનું અમંગલ (સર્પ વીંટાએલ, ભસ્મ ચોળેલ વિગેરે) રૂપ જ ભજન કરવા યોગ્ય હોવાથી તે રૂપ દૂર કરવાનું ન હતું. શિવ પોતે શિવ (કલ્યાણરૂપ) હોવાથી પાપરહિત હોઈ તેમનાં પાપ દૂર કરવાનાં ન હતાં. તેથી તેમને આધિદૈવિક સ્વરૂપ પ્રાપ્ત કરાવ્યું, એવો ભાવ જણાય છે.

૭. ભગવાનનાં ચરણારવિંદના ધ્યાનથી મનનાં પાપો દૂર થતાં, ભક્તિ પ્રાપ્ત થતાં, દેહની આવશ્યકતા રહેતી નથી, એવો ભાવ જણાય છે.

ચરણનાં ધ્યાન પછી બે ઢીંચણોનું ધ્યાન કરવું, એમ કહે છેઃ

**જાનુદ્વયં જલજલોચનયા જનન્યા લક્ષ્મ્યાખિલસ્ય સુરવન્દિતયા વિધાતુઃ ।।**
**ઊર્વોર્નિધાય કરપલ્લવરોચિષા યત્સંલાલિતં હૃદિ વિભોરભવસ્ય કુર્યાત્ ।।૨૩।।**

સમર્થ ભવરહિત વિધાતાના બે ઢીંચણો જેમનું કમલનાં જેવાં નયનવાળી, દેવોએ વંદન કરેલી, સર્વ (જગત્)ની માતા લક્ષ્મીએ (પોતાના) સાથળો ઉપર પધરાવી કરપલ્લવોની કાંતિથી લાલન કરેલું તેમનું હૃદયમાં ચિંતન કરવું. ૨૩.

સર્વ જગતની ફલરૂપ અને બ્રહ્માનંદરૂપ લક્ષ્મીને (ઢીંચણોની) સેવા કરનારી

તરીકે (જણાવી) બે ઢીંચણોનું માહાત્મ્ય (કહેલું છે); અથવા જેમ મરકતમણિ સુવર્ણમાં જડેલો હોય ત્યારે સ્વરૂપથી પણ સુંદર જણાય છે તેવું (ઢીંચણોનું માહાત્મ્ય કહે છે). (ભગવાનના) બે ઢીંચણો (લક્ષ્મીના) સાથળ ઉપર હોવાનું કહ્યું, તેથી ભગવાન્ પોઢેલા જણાય છે અને લક્ષ્મી શય્યા ઉપર રહેલાં (જણાય છે). આથી તે (લક્ષ્મી) ઉપર કૃપા પણ સૂચવેલો છે, તેથી તેને લીધે થએલો શ્રમ તેણે (લક્ષ્મીએ) જ દૂર કરવો જોઈએ. 'જલજલોચનયા' એટલે કમલનાં જેવાં નયનવાળી. તે (વિશેષણ) રસ અને સૌંદર્ય જણાવવા કહેલું છે. (લક્ષ્મીમાં) દોષ નથી, અને તેવી (શય્યામાં રહેલી) હોવાનું પ્રયોજન છે, એમ જણાવવા 'સર્વ (જગત્)ની માતા' એમ કહેલું છે. તેમ ન હોય, તો 'હે ભારત ! મહદ્બ્રહ્મ મારી યોનિ છે. તેમાં હું ગર્ભ મૂકું છું. તેમાંથી સર્વ ભૂતોની ઉત્પત્તિ થાય છે. (ભ.ગી. ૧૪।૩)' એ ભગવાનનાં વાક્ય પ્રમાણે જગતની સૃષ્ટિ ન થાય. 'લક્ષ્મીએ' શબ્દથી એમ પણ સૂચવેલું છે કે તે જ્ઞાનશક્તિ છે, કારણ કે (લક્ષ્મી શબ્દ) 'લક્ષ'[૧] ધાતુમાંથી થએલો છે. આથી માતા અને પિતાનું ધ્યાન કહેલું છે. તે (લક્ષ્મી)નું ધ્યાન યોગીએ કરવું ન જોઈએ એવી શંકા થાય, તેથી 'દેવોએ વંદન કરેલી' વિશેષણ કહેલું છે. બધા દેવોએ વંદન કરેલી તે ઉત્તમ દેવતા છે, તેથી (તે) દેવતાનું ધ્યાન કરવું જોઈએ, કારણ કે ધ્યાન (કર્યા) વિના ઈચ્છેલું (ફલ) પ્રાપ્ત થતું નથી.

લક્ષ્મીને પોતે કૃતકૃત્ય હોવાનું ભાન થાય તે માટે, તથા ભગવાન્ ઉપર ઘણો સ્નેહ હોવાથી અને એકપણાનું[૨] ભાન થાય તે માટે, (તે ભગવાનનાં ઢીંચણોને પોતાના) સાથળ ઉપર પધરાવે છે. 'પધરાવે છે' શબ્દથી ભગવાન્ પોઢેલા હોવાનું અથવા ભગવાનને તેની જરુર ન હોવાનું જણાય છે. 'કરપલ્લવો' એટલે આંગળીઓ, તેઓની 'રોચિઃ' કાંતિ, એટલે લીલાથી ધીરે ધીરે મૂકવું તે. તેમ ન કરે, તો ભગવાનના ઢીંચણો કરતાં (લક્ષ્મીના) સાથળો અને આંગળીઓ કઠણ હોવાથી ભગવાનને પીડા થાય. જેમ શીતલ સ્પર્શથી તાપ દૂર થાય, તેમ (લક્ષ્મીના) હસ્તના આનંદનો (ભગવાનની) અંદર પ્રવેશ થવાથી જ ભગવાનનો શ્રમ દૂર થાય છે, એવો અર્થ છે. 'જેમનું' એટલે જે બે પ્રસિદ્ધ ઢીંચણોનું. આ (બે ઢીંચણો)નું હૃદયમાં ચિંતન કરવાનું છે, પરંતુ બહાર રહેલા (ઢીંચણો)નું મનથી સ્મરણ કરવાનું નથી.

''નાના હૃદયમાં આ ચિંતન કેમ થશે ?'' એવી શંકા થાય, તેથી 'સમર્થ' એમ કહેલું છે, કારણ કે તે (ભગવાન્) સમર્થ છે, ધ્યાન કરવામાં આવે ત્યારે હૃદયને મોટું કરવાની શક્તિવાળા છે. ''(ભગવાન્) સંસારમાં જ (હોવાનું) કહેલ હોવાથી, આવાં ધ્યાનથી શું વળવાનું ?'' એવી શંકા થાય, તેથી 'ભવરહિત' એમ કહેલું છે. 'ન

વિદ્યતે' નથી રહેતો 'ભવઃ' સંસાર જેમને લીધે, તેવા (ભગવાન્ છે); કારણ કે પોતાના જેવો જે ભગવાનનો ગુણ હોય, તે તે (ગુણ)નો આધિદૈવિક હોઈ, તે (ગુણ)નો નાશ કરવાની શક્તિવાળો છે. જેમ અરણિમાં ઉત્પન્ન થએલો અગ્નિ તે અરણિને જ બાળનારો થાય છે (તેમ સંસારમાં રહેલા ભગવાન્ જીવના સંસારનો નાશ કરે છે) કારણ કે બીજો કોઈ (પોતાથી) જૂદી જાતનાને બાળતો નથી. તેથી જ થઈ ગએલો વૃત્તાંત જાણનારાઓએ કહેલું છે કે 'હરિની જે માખણની ચોરી તે ચોરીનો દોષ મટાડે છે'. ૨૩.

૧. 'લક્ષ્' એટલે જોવું, જાણવું. આ ધાતુમાંથી 'લક્ષ્મી' શબ્દ થએલો હોવાથી, લક્ષ્મી જ્ઞાનશક્તિ છે.

૨. ભગવાન્ અને પોતે એક છે એવું ભાન લક્ષ્મીને થાય તે માટે, એવો અર્થ જણાય છે.

પછી બે સાથળોનું ધ્યાન કરવું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઊરુ સુપર્ણભુજયોરધિશોભમાનાવોજોનિધી અતસિકાકુસુમાવભાસૌ ।।**
**વ્યાલમ્બિપીતવરવાસસિ વર્તમાનકાઞ્ચીકલાપપરિરમ્ભિ નિતમ્બબિમ્બમ્ ।।૨૪।।**

સુપર્ણની બે ભુજાઓ ઉપર શોભતા, પ્રકાશના નિધિરૂપ, અળસીના પુષ્પના જેવી પ્રભાવાળા બે સાથળોનું (અને) ઘણાં લટકતાં પીળાં ઉત્તમ વસ્ત્ર ઉપર રહેલા કાંચીકલાપના ગાઢ સંબંધવાળા નિતંબબિંબનું (ધ્યાન કરવું). ૨૪.

ગરુડ ઉપર બેસી પધારતા ભગવાનનું ધ્યાન કરવું. જે ભગવાન્ ગરુડની પીઠ ઉપર બેઠેલા છે, (તેના) ખભાઓ ઉપરથી જેમણે ચરણો લટકતા મૂકેલા છે (અને) ગરુડના હાથ ઉપર ચરણો રાખેલા છે, તેમના બે સાથળોનું ધ્યાન કરવું. (આ સાથળો) સુપર્ણ (ગરુડ)ની ભુજાઓ 'અધિ' ઉપર અધિક શોભે છે. જેમ દિવ્ય ઈંદ્રનીલમણિનો પ્રકાશ ઘણો હોય છે તેમ પ્રકાશના નિધિરૂપ છે, (અને) અળસીના પુષ્પના જેવી પ્રભા છે જેમની તેવા છે.

નિતંબબિંબ (ગોળ નિતંબ)નું પણ ધ્યાન કરવું, એમ ઉત્તરાર્ધથી કહે છે. ઘણું લટકતું જે ઉત્તમ વસ્ત્ર, તેના ઉપર રહેલી જે કાંચી (કંદોરો), તેનો સમૂહ-ઘણા તારનો બનેલો હોવાથી અથવા (તેના ઉપર) જાતજાતનાં ચિહ્નો હોવાથી, (સમૂહ કહેલ છે)-અથવા મોરનાં પીછાં (કલાપ)ના જેવાં પદક (ચકતાં) વાળી કાંચી-તેના ગાઢ સંબંધવાળા નિતંબબિંબનું[1] ધ્યાન કરવું.

કારણ કે ગરુડ કાલરૂપ છે, અને (ભગવાનના) બે સાથળો દૈત્યોની ઉત્પત્તિનાં સ્થાન છે. તેઓનું આધિદૈવિક (રૂપ) બે સાથળો છે. તે કાલને અધીન ગતિવાળા છે. કાલની કર્મ અને સ્વભાવ (એ) બે શાખાઓ છે. આ ગરુડ કાલનું પણ

આધિદૈવિક (સ્વરૂપ) છે, તેથી જ તે 'સુપર્ણ' કહેવાય છે. કાલ કર્મ અને સ્વભાવને દબાવી દેવાથી (સાથળો) અધિક શોભે છે. તેમનું ચિંતન થતાં પોતે પણ તેવા (કાલ કર્મ અને સ્વભાવ ઉપર જય પ્રાપ્ત કરનાર) થશે. જેમ પહેલાં સંસાર[2] દૂર થવા રૂપ ફલ થતું, તેમ અહિં સ્વભાવ વિગેરે ઉપર જય (પ્રાપ્ત) થાય છે.

નિતંબબિંબ ગરુડ ઉપર જ રહેલ હોવાથી, મુખ્ય પ્રકારે કાલનું ઉલ્લંઘન કરવાનું સાધન છે. આથી એમ કહેલું છે કે વિશ્વરૂપ ભગવાનનું ચિંતન કરવાથી વિશ્વનું પણ ઉલ્લંઘન થાય છે. વળી વેદોએ કાલનું ઉલ્લંઘન કરનાર સ્વરૂપને[3] ઢાંકેલું છે. વેદના સંબંધ વિનાનું જ યજ્ઞ વિગેરે (કર્મ) કાલના સંબંધવાળું હોય છે, તેથી કર્મો કાલની ઉપાધિ (હદ) વાળાં છે. જેમકે દિવસ અને રાત્રિનું ઉલ્લંઘન અગ્નિહોત્રથી થાય છે, માસનું ઉલ્લંઘન દર્શ અને પૂર્ણમાસ (યજ્ઞો)થી થાય છે. એવી રીતે ચાર ચાર માસે કરવાના યજ્ઞથી ઋતુનું ઉલ્લંઘન થાય છે, પશુ (ના યજ્ઞ)થી અયનનું[4] ઉલ્લંઘન થાય છે, સોમ (યજ્ઞ)થી વર્ષનું ઉલ્લંઘન થાય છે. વળી નિતંબ જગત્ ઉત્પન્ન કરવાના સાધનનું સ્થાન છે, અને તેનાં ધ્યાનથી જ જગતમાં જન્મ થવાનું બંધ થાય છે. તેજનું ઉલ્લંઘન થઈ શકે તે માટે તે 'પ્રકાશના નિધિરૂપ' છે. અળસી પૃથ્વી અને જલની બનેલી છે. તેમાં પુષ્પમાં જે શ્યામ પદાર્થ છે, તે પૃથ્વીનો ભાગ છે, અને જે શ્વેત (પદાર્થ) છે તે જલનો (ભાગ) છે. તેથી તે બંનેનું ઉલ્લંઘન થાય તે માટે (નિતંબની) તે પુષ્પના જેવી પ્રભા છે. ભગવાનની તો બધાની સાથે સરખામણી થાય, તેથી પ્રાકૃત (અળસીનાં પુષ્પ)ની સાથે સરખાવવામાં દોષ નથી. પીતાંબર (સાથળોને) ઘણું ઢાંકે છે એમ જણાવવા તેને 'ઘણું લટકતું' (કહેલું છે); કારણ કે વેદને ઘણા સાહાય્ય કરનારા છે; કારણ કે પીળો (પદાર્થ) ધર્મ સાથેનો હોય છે. તે (ધર્મ) વેદરૂપ હોવાથી અગ્નિ અને વેદથી કર્મ પૂર્ણ કરાય છે. ઘણો મોહ ઉત્પન્ન કરવા ઢાંકનાર (વસ્ત્ર)નાં સૌંદર્યને લીધે જ (તેને) ઉત્તમ (કહેલું છે), અને વસ્ત્ર ઢાંકનારું છે. તેમાં જ માયા ઘણો મોહ ઉત્પન્ન કરે છે. કાંચી માયા છે. કલાપ જગતનું વિચિત્રપણું છે, અને જગતનું વિચિત્રપણું ઉત્પન્ન કરવા (નિતંબને) તે (કાંચી કલાપ)નો ગાઢ સંબંધ છે. (નિતંબ) આધિદૈવિક હોવાનું જણાવવા (તેને) (બિંબ) કહેલું છે. ૨૪.

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલો છે.

૨. 'પહેલાં' એટલે ઉપર શ્લોક ૨૩, ઢીંચણનાં ચિંતનમાં.

૩. કાલનું ઉલ્લંઘન થાય છે જેનાથી તેવાં સ્વરૂપ (સાથળ). (પ્ર)

૪. અયન છ માસનું હોય છે. ઉત્તરાયણ અને દક્ષિણાયન એવાં વર્ષનાં બે અયનો છે.

પછી નાભિનું ધ્યાન કરવું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**નાભિહ્રદં ભુવનકોશગુહોદરસ્થં યત્રાત્મયોનિધિષણાખિલલોકપદ્મમ્ ।।**
**વ્યૂઢં હરિન્મણિવૃષસ્તનયોરમુષ્ય ધ્યાયેદ્ દ્વયં વિશદહારમયૂખગૌરમ્ ।।૨૫।।**

જીવનરૂપ કમલની કળીનાં છૂપાં સ્થાનરૂપ ઉદરમાં રહેલ નાભિરૂપ ધરો, જેમાં બ્રહ્મા, તેમની બુદ્ધિ અને સર્વ લોકરૂપ કમલ હતાં તેનું, અને આમનાં મરકતમણિ અને ચિંતામણિરૂપ બે સ્વચ્છ હારના કિરણોથી ગૌર સ્તનોનું ધ્યાન કરવું. ૨૫.

પોઢેલા જ ભગવાનનું ધ્યાન ધરવાનું (કહેલ છે), એમ જણાય છે, કારણ કે ભગવાનનું તેવું સ્વરૂપ હોય, ત્યારે જ (તેમની) નાભિમાંથી નીકળેલા કમલમાંથી બ્રહ્માની ઉત્પત્તિ થાય છે. (નાભિ) ધરારૂપ હોવાથી ઘણી ઉંડી અને સર્વ જીવોના આધારરૂપ છે, કારણ કે તેનું જ ધ્યાન ધરવામાં આવે, ત્યારે જીવની ભૌતિક સ્થિતિ મટી જાય છે. જીવનરૂપ જે કમલની કળી, તેનું 'ગુહા' છૂપું સ્થાન, તેવું ભગવાનનું ઉદર છે, કારણ કે ઉદરમાં જગત્ રહેલ છે, અને કળીમાં રહેલ હોય તેને જલ વિગેરે પીડા કરતું નથી. તેવી રીતે ભગવાનનાં ઉદરમાં રહેલા પ્રાણીઓ સંઘાતથી[1] દુઃખી થતાં નથી. આટલાથી એમ જણાવેલું છે કે ભગવાન્ ફાંદવાળા છે, કારણ કે તેવા (ફાંદવાળા)ને જ નાભિ ઉદરની અંદર હોય છે. 'જેમાં (બ્રહ્મા તેમની બુદ્ધિ અને સર્વ લોકરૂપ કમલ હતાં)' શબ્દોથી નાભિનું માહાત્મ્ય કહેલું છે. 'આત્મયોનિઃ' બ્રહ્મા, તેમની જે 'ધિષણા' આધ્યાત્મિકરૂપ બુદ્ધિ, તે જ સર્વ લોકરૂપ કમલ (બને છે). નાભિમાં બ્રહ્મા, બુદ્ધિ અને કમલ એમ આધિદૈવિક વિગેરે ત્રણે નાભિમાં (હોવાનું) કહેલ છે. અને વળી ભગવાનનાં બે સ્તનોનું ધ્યાન કરવું. લીલા રંગના મણિ (મરકતમણિ) રૂપ અને (કામનાઓની) વૃષ્ટિ કરનારરૂપ જે બે સ્તનો (તેમનું ધ્યાન કરવું). લીલો (મરકત)મણિ કામના પૂર્ણ કરનારો છે, અને ભગવાનના ગુણરૂપ ચિંતામણિ તે (કામના પૂર્ણ કરવા)માં શ્રેષ્ઠ છે. 'બે' (સ્તનો) શબ્દથી તે બંને પ્રકારનો કહેલો છે. તેનું દૃઢપણું એટલે ભગવાનના અવયવોમાં સ્વતંત્ર પ્રકારે પ્રકાશતા હોવાપણું. સ્વચ્છ જે મોતીનો હાર, અથવા 'વિશદાનાં' નિર્મલ (મોતીઓ)નો જે હાર, તેનાં કિરણોથી ગૌર (બે સ્તનો છે). શુક વિગેરેથી આદર કરાતા ભગવાનના ગુણો સર્વને પ્રીતિ ઉપજાવનારાં છે. સ્વચ્છપણું એટલે જાતજાતના યોગનું આચરણ ન હોવું અથવા[2] અલૌકિક સાધન ન હોવા[2] તે. ૨૫.

૧. 'સંઘાતથી દુઃખી થતાં નથી' એટલે દેહ પ્રાપ્ત કરવાથી દુઃખી થતાં નથી, જન્મ થતો નથી, એવો અર્થ જણાય છે.

૨....૨. સ્વચ્છપણાનો આ બંને ન હોવાનો અર્થ કર્યો, તેથી પોતે જે ધર્મનો આદર કરે છે તેનો ઉપદેશ સ્પષ્ટ થાય છે એમ સિદ્ધ થાય છે. (પ્ર) 'ન હોવું' એટલે કરવાની જરૂર રહેતી નથી, એવો અર્થ જણાય છે.

વક્ષઃસ્થલનું ધ્યાન કરવું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**વક્ષોઽધિવાસમૃષભસ્ય મહાવિભૂતેઃ પુંસાં મનોનયનનિર્વૃતિમાદધાનમ્ ।।**
**કણ્ઠં ચ કૌસ્તુભમણેરધિભૂષણાર્થં કુર્યાન્મનસ્યખિલલોકનમસ્કૃતસ્ય ।।૨૬।।**

ઉત્તમ (ભગવાન્)ના મહાવિભૂતિના રહેઠાણરૂપ અને પુરુષોનાં મન અને નયનોને આનંદ કરાવનારાં વક્ષઃસ્થલનું, અને સર્વ લોકોએ નમસ્કાર કરેલ (તથા) કૌસ્તુભમણિનું અધિક ભૂષણ એ જેનું પ્રયોજન છે તેવા કંઠનું મનમાં ધ્યાન કરવું. ૨૬.

ઉત્તમ (ભગવાન)નું વક્ષઃસ્થલ મહાવિભૂતિનું રહેઠાણ (છે, અને) પુરુષોનાં મન અને નયનોને આનંદ કરાવનાર છે, કારણ કે વક્ષઃસ્થલ સ્વરૂપથી અને કાર્યથી સર્વથી ઉત્તમ છે. તે પૈકી સ્વરૂપ (થી ઉત્તમપણું), ઉત્તમનું (વક્ષઃસ્થલ) હોવાથી છે, કારણ કે ઉત્તમપણું હૃદયના ગુણથી થાય છે. જેવું અંદર હૃદય હોય છે, તેવું જ ગોલક હોય છે. આનંદમય ભગવાન (ના સંબંધ)માં તો એવા પ્રકારનો[1] પણ ભેદ હોતો નથી. તેથી ભગવાનના જેટલા ગુણો (તેમનું) પુરુષોત્તમપણું જણાવનારા છે તે બધા વક્ષઃસ્થલ ઉપર હોવાથી, ઉત્તમ (ભગવાન)ના સંબંધથી જ (વક્ષઃસ્થલનાં) સ્વરૂપનું માહાત્મ્ય કહેલું છે. કાર્યથી માહાત્મ્ય બે પ્રકારનું છે ૧.સ્ત્રી ધન વિગેરેરૂપ આ લોકનું ૨.પરમાનંદ પ્રાપ્ત કરાવનારું પરલોકનું. તે અનુક્રમે કહે છે કે ૧.(વક્ષઃસ્થલ) 'વિભૂતિ' એટલે આ લોકના સર્વ પુરુષાર્થરૂપ લક્ષ્મીનું રહેઠાણ છે. ૨.આનંદ પણ ક. બહારનો અને ખ.અંદરનો એવા ભેદથી બે પ્રકારનો છે. તે બંને કહે છે કે (વક્ષઃસ્થલ) ખ.મનને અને ક. બે નયનોને આનંદ 'આ' સર્વ તરફથી કરાવનાર છે. કામ વિગેરેથી થતા દોષને લીધે તેવું (આનંદ કરાવનારું) નથી એમ 'પુરુષોના' શબ્દથી કહેલું છે. બધાએ પુરુષોનાં (મન અને અવયવોને આનંદ કરાવનારું છે) એવું બહુવચન અકસ્માતથી (આનંદ કરાવનારું) નથી એમ જણાવે છે.

વળી કંઠનું ધ્યાન કરવું એમ ઉત્તરાર્ધથી કહે છે. કંઠ બે પ્રકારનો છે (૧) આભરણોનો આધાર થતો બહારનો અને (૨) સર્વ વેદોને બહાર નીકળવાનું સાધન જગદ્‌ગુરુરૂપ અંદરનો. વળી (૧) ઘણાં પ્રિય આભરણો કંઠ ઉપર ધારણ કરવામાં આવે છે. ભગવાનને તો મુક્ત અને ભક્ત કરતાં બીજો કોઈ પ્રિય ન હોવાથી, તેઓનાં તત્ત્વરૂપ કૌસ્તુભમણિનું અધિક ભૂષણ થવું એ પ્રયોજન છે જેનું તેવો (કંઠ

છે); કારણ કે (કૌસ્તુભ)મણિથી કંઠ શોભતો નથી, પણ કંઠથી મણિ શોભે છે. સુવર્ણ વિગેરે પણ તે (મણિ)નાં ભૂષણ થાય છે, તેમનો ભેદ જણાવવા 'અધિક ભૂષણ' એમ કહેલું છે. 'ચ' 'અને' શબ્દથી બંને ખભાઓ(નું) પણ (ધ્યાન કરવાનું) કહેલ છે. 'સર્વ લોકોએ નમસ્કાર કરેલ' વિશેષણથી ભગવાનને વેદોને બહાર નીકળવાના સાધન સર્વના ગુરુરૂપ જણાવેલા છે. ૨૬.

૧. 'એવા પ્રકારનો' એટલે સમાન હોવાપણા રૂપ. (પ્ર)

**બાહૂંશ્ચ મન્દરગિરેઃ પરિવર્તનેન નિર્ણિક્તબાહુવલયાનધિલોકપાલાન્ ।।**
**સઞ્ચિન્તયેદ્દશશતારમસહ્યતેજઃ શંખં ચ તત્કરસરોરુહરાજહંસમ્ ।।૨૭।।**

અને મંદરપર્વતના ફરવાથી જે બાહુ ઉપરનાં કડાંઓ ઉજળાં થએલાં અને જેમના ઉપર લોકપાલોને સ્થાપેલા છે તે બાહુઓનું; અને એક હજાર આરાવાળા, ન સહન થઈ શકે તેવા તેજવાળા (સુદર્શન)નું, અને તેમના કરકમલમાં રહેલા રાજહંસરૂપ શંખનું ધ્યાન કરવું. ૨૭.

'અને બાહુઓનું ધ્યાન કરવું'. 'ચ' 'અને' શબ્દ હોવાથી બાહુ ઉપર રહેલ દેવોનું (ધ્યાન કરવું), કારણ કે અમૃતનું મથન કરવામાં રોકાએલા બાહુઓએ દેવોને અમૃતનું પાન કરાવેલું. તેમના ઉપર વીંટાએલ કડાંઓ પુરુષાર્થરૂપ છે. મંદર પર્વતના 'પરિવર્તનેન' સર્વ તરફ ફરવાથી 'નિર્ણિક્તાનિ' પરસ્પર ભેગાં થએલાં અથવા ઘસાવાથી ઉજળાં થએલાં હતાં બાહુનાં કડાંઓ જેમનાં, અને સ્થાપેલા છે લોકપાલો ઉપર જેમની, તેવા (બાહુઓનું ધ્યાન કરવું). તે હસ્તોમાં (રહેલાં) ચક્ર વિગેરે આયુધોનું ધ્યાન કરવું. તે પૈકી પ્રથમ સુદર્શનનું ધ્યાન કરવું, એમ ઉત્તરાર્ધમાં કહે છે. એક હજાર આરાવાળું ચક્ર, દશ સેંકડા છે આરા જેના, (એમ) કાલચક્ર કહેલું છે.

'સેંકડો' એ હદ વિનાના માટે યોજેલ શબ્દ છે. દશ[1] પ્રાણો છે, (તે) દશના દરેકના સેંકડો 'આરા' એટલે કાલના અવયવો છે. તેથી કાલરૂપ સુદર્શન ચક્ર સર્વના પ્રાણ હરનારું છે. 'ન સહન થઈ શકે તેવાં તેજવાળા' વિશેષણથી (એમ) કહેલું છે કે-તેનો[2] ઉપાય થઈ શકે તેમ નથી. તેનું તેજ એટલે છ ઊર્મિઓ[3] અને કાલના ગુણોને સહન કરી, (તેનો) ઉપાય કરવો જોઈએ, પરંતુ તે (તેજને સહન કરવાનું) જ અશક્ય છે. વળી શંખનું ધ્યાન કરવું. 'ચ' 'અને' શબ્દ હોવાથી તેમાં રહેલા સર્વ વેદોનું (ધ્યાન કરવું). તે ભગવાનના 'કરકમલે' કરકમલમાં રાજહંસરૂપ (શંખનું ધ્યાન કરવું). શંખના આરંભમાં અને અંતમાં ભગવાનના ઓષ્ઠની કાંતિથી સહેજ લાલાશ (રહે છે), અને તે શબ્દ કરનારો છે, તેથી કમલની મધ્યમાં રહેલા લાલ મુખ અને ચરણવાળો કૂજન કરતો હંસ જણાવેલો છે, કારણ કે તે (હંસ) દૂધ અને

પાણીને જૂદાં પાડનારો અને ભગવાનનો પ્રેમ દર્શાવનારો છે. ૨૭.

૧. (અંબરીષે કરેલ સ્તુતિમાં) ૯।૫।૪ માં કહેલ વચન પ્રમાણે જૂદા પ્રકારે વ્યાખ્યાન કરેલું છે. (પ્ર)

૨. તેનો એટલે તેનાથી બચવાનો, એમ જણાય છે.

૩. શોક, મોહ, જરા, મૃત્યુ, ભૂખ અને તરસ એ છ ઊર્મિઓ છે.

**કૌમોદકીં ભગવતો દયિતાં સ્મરેત દિગ્ધામરાતિભટશોણિતકર્દમેન ।।**
**માલાં મધુવ્રતસમૂહગિરોપઘુષ્ટાં ચૈત્યસ્ય તત્ત્વમમલં મણિમસ્ય કણ્ઠે ।।૨૮।।**

ભગવાનને પ્રિય, શત્રુઓના સૈનિકોના લોહીરૂપ કાદવથી ખરડાએલી કૌમોદકીનું, અને આમના ૮કંઠમાં (રહેલ) વેદોના સમૂહની વાણીએ પ્રકટ કરેલી માલાનું અને જીવના તત્ત્વરૂપ નિર્મલ મણિનું સ્મરણ કરવું. ૨૮.

કૌમોદકીનું પણ સ્મરણ કરવું, કારણ કે તે (ગદા) આસન્યરૂપ (હોઈ) ભગવાનને પ્રિય છે, અને (ભગવાન્) પાપરહિત હોવાથી સર્વ દૈત્યોને હણવાનું (તે) સાધન કહેલું છે. તે (અર્થ) કહે છે કે: 'અરાતીનાં' શત્રુઓના જે સૈનિકો, તેઓના લોહીરૂપ કાદવથી 'દિગ્ધામ્' ખરડાએલી (ગદાનું સ્મરણ કરવું). જેમ પાપરહિત ઉદાર પુરુષ ભગવાનને પ્રિય છે, એવી રીતે દૈત્યોને હણનાર પણ ભગવાનને પ્રિય છે. 'વેદોના સમૂહની વાણીએ પ્રકટ કરેલી' માલાનું પણ ધ્યાન કરવું. 'મધુવ્રતાઃ' મનોહર નિયમવાળા, મધુ (મનોહર) જ છે વ્રત જેનું તેવા (વેદો છે), કારણ કે વેદો પણ ભગવાનનું જ જ્ઞાન કરાવે છે. તેઓનો સમૂહ તે જ વેદ છે. તેઓની વાણી ધર્મનાં જ્ઞાનરૂપ છે. તે ભગવાનની કીર્તિ પ્રકટ કરે છે, કારણ કે જે ધર્મ વિગેરેથી થતું નથી, તે કીર્તિથી થાય છે. માલાનું કંઠમાં જ સ્થાન હોવાથી ઉપર કહેલો જ કંઠ-કૌસ્તુભનાં ભૂષણ તરીકે કહેલો-તેનું ફરી સ્મરણ કરાવે છે. 'ચૈત્યસ્ય' ચિત્તમાં રહેનારા જીવનું જે તત્ત્વ-દેહમાં ન પ્રવેશેલું (આત્માનું) પોતાનું સ્વરૂપ-તે જ કૌસ્તુભમણિ છે, તે 'આમના' એટલે ભગવાનના કંઠમાં છે. માલાનું અને મણિનું કંઠમાં ધ્યાન કરવું એવો (વાક્યનો) સંબંધ છે. એવો અર્થ થાય છે કે ભક્તો સાથે ભગવાનની કીર્તિનું ધ્યાન કરવું. ૨૮.

હવે પછી મુખકમલનું ધ્યાન કરવું, એમ નીચેના શ્લોકોથી કહે છેઃ

**ભૃત્યાનુકમ્પિતધિયેહ ગૃહીતમૂર્તેઃ સઞ્ચિન્તયેદ્ભગવતો વદનારવિન્દમ્ ।।**
**યદ્વિસ્ફુરન્મકરકુણ્ડલમણ્ડિતેન વિદ્યોતિતામલકપોલમુદારનાસમ્ ।।૨૯।।**
**યચ્છ્રીનિકેતમલિભિઃ પરિષેવ્યમાણં ભૂત્યા સ્વયા કુટિલકુન્તલવૃન્દજુષ્ટમ્ ।।**
**મીનદ્વયશ્રિયમધિક્ષિપદબ્જનેત્રં ધ્યાયેન્મનોમયમતન્દ્રિતમુલ્લસદ્ભ્રુ ।।૩૦।।**

સેવકો ઉપર અનુકંપા (કરવા)ના વિચારથી જેમણે અહિં અવતાર ધારણ

કરેલ છે તેવા ભગવાનનાં મુખકમલનું ચિંતન કરવું, જે ઘણા શોભતા મકર જેવાં બનાવેલાં કુંડલોના હાલવાથી થએલાં તેજથી પ્રકાશતા સ્વચ્છ ગાલવાળું, ઉદાર નાસિકાવાળું, લક્ષ્મીના ધામરૂપ, ભ્રમરોથી સેવાતું, પોતાની વિભૂતિથી સેવાતું, વાંકા કેશના સમૂહવાળું, બે માછલાંની કાંતિનો તિરસ્કાર કરતાં કમલ જેવાં નેત્રવાળું, મનથી ભરપૂર (અને) સાવધાનતાથી વિલાસ કરતી ભ્રમરોવાળું છે, તેનું ધ્યાન કરવું. ૨૯।૩૦.

જે સર્વમાં પ્રસિદ્ધ હોય તે જ મુખકમલનું ધ્યાન કરવું જોઈએ, અને જો (ભગવાન્) ભૂમિ ઉપર અવતાર લે, તો જ તે (મુખકમલ) સર્વમાં પ્રસિદ્ધ થાય, અને જો સેવકોને દુઃખ થાય, તો જ (ભગવાન્) અવતાર લે. તે (અર્થ) કહે છે કે : સેવકો ઉપર અનુકંપા (કરવા)ના વિચારથી ધારણ કરેલ છે અવતાર જેમણે તેવા (ભગવાનનાં મુખકમલનું ધ્યાન કરવું). 'અવતાર ધારણ કરેલા (ભગવાન્) જૂદા પ્રકારના (હલકા) હશે' એવી શંકા ન રહે તે માટે 'ભગવાનનાં' એમ કહેલું છે. (મુખ) માત્ર દષ્ટિથી જ દુઃખ દૂર કરતું હોવાથી (તે) 'કમલ' છે. તે મુખકમલનું ઓગણત્રીસમા શ્લોકના ઉત્તરાર્ધથી આરંભી દોઢ શ્લોકથી વર્ણન કરે છે. (૧) જે મુખારવિંદ ઘણાં શોભતાં મકર જેવાં બનાવેલાં[1] બે કુંડલો, તેમનાથી શોભતા બે ગાલવાળું છે, અથવા 'વલ્ગિતેન' એવો પાઠ લેતાં મકરના જેવાં બનાવેલાં બે કુંડલોનાં 'વલ્ગિતેન' હાલવાથી ઉત્પન્ન થએલું તેજ, તેનાથી પ્રકાશતા બે ગાલ છે જેમાં તેવું, (૨) ઉદાર નાસિકા છે જેમાં તેવું, (૩) જે મુખકમલ ભ્રમરોથી સેવાતું, અને (૪) પોતાની જ સેવક અને (૫) અસાધારણ કાંતિવાળી (લક્ષ્મી)થી સેવાતું, (૬) વાંકા કેશોના સમૂહોવાળું, (૭) બે માછલાંની કાંતિનો 'અધિક્ષિપત્' તિરસ્કાર કરતાં કમલ જેવાં બે નેત્રો છે જેમાં તેવું (૮) 'મનોમયમ્' બધાઓનાં મનો સદા તેમાં રહેતાં હોવાથી[2] મનથી ભરપૂર (અને ૯) 'અતન્દ્રિતમ્' સાવધાનતાથી[3] વિલાસ કરતી બે ભ્રમરો છે જેમાં તેવું છે. એ પ્રમાણે નવ રસો ઉત્પન્ન કરવા માટે, અને સર્વને વશ કરવા માટે મુખનાં નવ વિશેષણો કહ્યાં. વળી (તે વિશેષણોથી) નવ પ્રકારની ભક્તિ જણાવી. (૧) મુખ આનંદરૂપ ભગવાનનું ભક્તિરસથી ભરપૂર ફલ છે, વિષય (લક્ષ્ય) બે ચરણો છે, જીવ પ્રાપ્ત કરનારો છે. નવે રસો મુખમાં પ્રકટ છે, અને ભક્તિના રસનો અનુભવ કરવામાં બે ગાલ ભક્તોના સમાજનું સ્થાન છે. તેમના ઉપર ક્રિયામાં તત્પર રહેનારા અને જ્ઞાનમાં આસક્તિવાળા ભક્તો વિલાસ કરે છે. સાંખ્ય અને યોગ મકર જેવાં બનાવેલાં કુંડલો છે. કર્ણ શબ્દથી થતું જ્ઞાન કરાવનાર છે, ચક્ષુ અનુભવરૂપ (પ્રત્યક્ષ) જ્ઞાન કરાવનાર છે. શબ્દથી થતું જ્ઞાન પ્રાપ્ત કરવામાં

સાંખ્યનો અને યોગનો આ જે પ્રભાવ તે તે જ છે. તેનાથી પ્રકાશતાં થવું એટલે ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિનું પ્રાકટ્ય. પરસ્પર શ્રવણ કરનારા ઉત્તમ ભક્તો સમાજરૂપ હોવાથી સ્વચ્છ છે. આથી શ્રવણનો પરિવાર ઘણો કહ્યો. (૨) ઉદાર નાસિકા કીર્તન (ભક્તિ) છે. કીર્તન સર્વ પુરુષાર્થો આપનારું હોવાથી ઉદાર છે. મુખમાં નાસિકા જ મુખ્ય છે. ભગવાનની નાસિકા જગતને સૌંદર્ય આપતી હોવાથી ઉદાર છે. ભગવાનમાં સ્થિતિ કરવાથી જ સર્વને સર્વ પુરુષાર્થો પ્રાપ્ત થાય છે. સ્થિતિ કરાવનારી નાસિકા ઉદાર છે. (૩) (મુખ) લક્ષ્મીના ધામરૂપ છે, લક્ષ્મીની સ્થિતિ સ્મૃતિરૂપ છે. ભક્તિમાં લક્ષ્મી સ્મૃતિરૂપ જ છે. (૪) ભ્રમરોનું સર્વ તરફનું સેવન પ્રકટ ભક્તોનું પાદસેવન છે, અને (૫) પોતાની વિભૂતિ સેવન કરે તે અર્ચન હોવાનું સ્પષ્ટ જ છે. (૬) 'કુટિલાઃ' વાંકા કેશો વંદનરૂપ છે, કારણ કે વંદન કરતાં પુરુષ વાંકા દેહવાળો થાય છે. તેમ ન હોય તો ભગવાન્ વિષે કુટિલો (વાંકા)ની સ્થિતિ હોતી નથી. 'કું' પૃથ્વીને 'તરન્તિ' તરે તે (કુટિલ)[૪]. જેમ જલમાં તરનારાઓ જેવી આકૃતિવાળા થાય છે, તેવા જ ભૂમિ ઉપર નમન કરનારાઓ થાય છે. 'સમૂહ' એટલે સેંકડોની સંખ્યામાં વારંવાર થવું તે. તે (સમૂહ)વાળું પણ (મુખ) છે, એમ રસવાળું નમન જણાવેલું છે. (૭) દાસ્ય પ્રત્યક્ષ અને પરોક્ષ અંદરનું અને બહારનું હોય છે. મલ દૂર કરવારૂપ અંદરનું, અને સૌંદર્યરૂપ બહારનું (દાસ્ય) છે. માછલાં જલની અંદર રહેલા મલનો નાશ કરનારાં છે, અને તે મલ બહારનો અને અંદરનો એવા પ્રકારનો હોવાથી બે માછલાં, પાપ અને અવિદ્યાનો નાશ કરનારાં બે શુદ્ધ કરનારાં કહેલાં છે. દાસ્ય તો (તે) બંને શક્તિઓનો તિરસ્કાર કરનારું છે. દેહના સંબંધમાં તો વર્ણન સ્પષ્ટ જ છે, (કારણ કે) રસ માટે (પડખું) ફેરવતાં તેવું જ જ્ઞાન થાય છે. બહારની શોભા માટે 'કમલ' એમ કહેલું છે. બે નેત્રો સર્વનો અનુભવ કરાવનારાં છે તેવું જ દાસ્ય પણ છે.

(શ્લોકમાં અહિં) વચ્ચે ફરીથી ધ્યાન કરવાનું કહેલ છે તે પોતાને અધીન સાત (ભક્તિઓ) જૂદા પ્રકારની હોવાનું જણાવવા (કહેલું છે). (૮) 'મનથી ભરપૂર' સખ્ય છે, કારણ કે ઈશ્વર સાથે વાસ્તવિક સખ્ય હોતું નથી. (૯) બે ભ્રમરોનો વિલાસ આત્મસમર્પણ છે, અને 'બ્રહ્માનું સ્થાન એ તેમની ભ્રમરોનો વિલાસ છે' એ વાક્ય પ્રમાણે આ ફલ આપવા તત્પર થએલનું લક્ષણ છે, કારણ કે બ્રહ્માને પોતાને સ્થાનમાં મૂકેલા છે. 'જેઓ મને જે પ્રકારે ભજે છે..' (ભ.ગી. ૪।૧૧) એ વાક્ય પ્રમાણે આત્મસમર્પણ તેવાં ફલને જણાવી કહેલ છે. ૨૯।૩૦.

૧. 'મકરાકૃતે' એટલે મકર જેવાં 'આ' સર્વ તરફથી બનાવેલાં. (પ્ર).

૨. મનમાં (ભગવાનની) મૂર્તિની કલ્પના કરીને જ ધ્યાન થાય તેમ હોવાથી તે મનોમય જ છે, છતાં વચ્ચે 'મનોમય' શબ્દ કહેવાનું પ્રયોજન જણાવવા તેવો અર્થ કરેલ છે. (પ્ર)
૩. આથી 'અતન્દ્રિતમ્' ક્રિયાવિશેષણ હોવાનું સૂચવેલું છે. (પ્ર)
૪. 'ર' અને 'ત' નો અભેદ લઈ, 'કુંતલ' નો અર્થ ('કુંતર' શબ્દ ગણી) કરેલ છે. (પ્ર)

એ પ્રમાણે નવ પ્રકારની ભક્તિ પછી, નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોકો)થી (અનુક્રમે) ભગવાનની જ્ઞાનશક્તિ અને માયાશક્તિનું નિરૂપણ કરે છેઃ

**તસ્યાવલોકમધિકં કૃપયાऽતિઘોરતાપત્રયોપશમનાય નિસૃષ્ટમક્ષ્ણોઃ ।।**
**સ્નિગ્ધસ્મિતાનુગુણિતં વિપુલપ્રસાદં ધ્યાયેચ્ચિરં વિતતભાવનયા ગુહાયામ્ ।।૩૧।।**

કૃપાને લીધે ઘણા ઘોર ત્રણ તાપોને શાંત કરવા નયનોમાંથી છૂટેલી, સ્નેહવાળાં સહેજ હાસ્યને અનુકૂલ, ઘણો ઉપકાર કરનારી તેમની દૃષ્ટિનું હૃદયમાં વિસ્તારપૂર્વક વિચારથી લાંબા સમય સુધી અધિક ધ્યાન કરવું. ૩૧.

ભગવાનની દૃષ્ટિનું અધિક ધ્યાન કરવું. તે દુઃખ દૂર કરનારી અને ઈચ્છેલું પ્રાપ્ત કરાવનારી છે એમ કહે છે. બે નયનોની દૃષ્ટિ લૌકિક અને અલૌકિક અમૃતરૂપ હોઈ બંને પ્રકારના[1], આધ્યાત્મિક વિગેરે ત્રણે જાતના તાપોનો નાશ કરે છે, કારણ કે કૃપાને લીધે ત્રણ તાપોને શાંત કરવા (તેને) નાખેલી છે. કૃપાનાં કારણરૂપ ભક્તિ કહી. ફલ પ્રાપ્ત કરાવનારી છે એમ જણાવવા કહે છે કે સ્નેહવાળું જે સહેજ હાસ્ય,- ભક્તિ પ્રાપ્ત થાય તે માટે (કરેલો) જે મોહ-તેને (તે દૃષ્ટિ) અનુકૂલ છે. ભક્તિ સાથેની જ્ઞાનશક્તિ ભક્તિ પ્રાપ્ત કરાવવા કરાવેલ મિથ્યાજ્ઞાન (મોહ)થી વિરુદ્ધ નથી. સ્વતંત્ર[2] ભક્તિ (પ્રાપ્ત થાય ત્યાં સુધીનો) ઘણો ઉપકાર (કરનારી છે). (તેવો ઉપકાર કરે) ત્યારે જ્ઞાન પ્રાપ્ત થાય છે. તે ઘણાં જન્મોએ થાય છે, તેથી તેનું સ્વરૂપ જાણવા 'લાંબા સમય સુધી ધ્યાન કરવું' એમ કહેલું છે. તેમાં ઉપયોગી (હોય તેવા) પદાર્થોનો વિચાર કરવા માટે 'વિસ્તારપૂર્વક વિચાર' (કરવો). બીજાઓનો વિચાર ન આવે તે માટે 'હૃદયમાં' (વિસ્તારપૂર્વક વિચાર કરવો). ૩૧.

૧. 'બંને પ્રકારના' એટલે લૌકિક અને અલૌકિક.
૨. '' 'પરંતુ જેઓનું તે અજ્ઞાન જ્ઞાનથી નાશ પામેલું છે' (ભ.ગી. ૫।૧૬) વિગેરે વાક્ય પ્રમાણે જ્ઞાન અને અજ્ઞાન પરસ્પર એકબીજાનો નાશ કરનારાં હોવાથી અજ્ઞાનથી થતો મોહ જ્ઞાન (ભગવાનની દૃષ્ટિ)ને અનુકૂલ કેમ હોય ?'' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. ભગવદ્ગીતા ૧૮।૫૪ માં કહેલું છે કે: 'બ્રહ્મભાવ પામેલો, પ્રસન્ન આત્માવાળો શોક કરતો નથી... મારી ભક્તિ પ્રાપ્ત કરે છે'. અહિં બ્રહ્મભાવનું ફલ ભક્તિ હોવાનું કહેલું છે. જો કે આ ભક્તિ આત્માના ધર્મરૂપ છે. છતાં તે પહેલાં અર્જુન વિગેરેએ સંબંધને લીધે જે પ્રાપ્ત કરેલી તે મોહનાં કાર્યરૂપ હતી, અને ભગવાનના ઉપદેશ પછી પણ ચાલુ હતી. તેથી જણાય છે કે સંસાર માટેનો મોહ અને ભગવાનનું જ્ઞાન એ પરસ્પર નાશ કરનારાં છે, પરંતુ સામાન્ય પ્રકારનો મોહ

ભગવાનનાં જ્ઞાનથી વિરુદ્ધ નથી. તેથી વિરોધ નથી. (પ્ર) ભક્તિનો અને જ્ઞાનનો વિરોધ નથી. તેથી ભક્તિ પ્રાપ્ત કરાવવા ભગવાન્ મોહ કરે તે ભગવાનનાં જ્ઞાનથી વિરુદ્ધ નથી, એવો અર્થ જણાય છે.

જ્ઞાન પણ (પ્રાપ્ત) થાય છતાં ત્યારપછીની ભક્તિ જો (પ્રાપ્ત) ન થાય તો ફલ ન મળે તેથી, (અને) મોહ સંપૂર્ણ પ્રકારે (જરાએ) ન હોય તો ભક્તિ ન થાય તેથી, નીચેના શ્લોકમાં હાસ્ય ધ્યાન કરવા યોગ્ય હોવાનું કહે છેઃ

**હાસં હરેરવનતાખિલલોકતીવ્રશોકાશ્રુસાગરવિશોષણમત્યુદારમ્ ।।**
**સંમોહનાય રચિતં નિજમાયયાऽસ્ય ભ્રૂમણ્ડલં મુનિકૃતે મકરધ્વજસ્ય ।।૩૨।।**

નમન કરેલા સર્વ લોકના તીવ્ર શોકનાં આંસુઓના સાગરને સૂકવનારાં, ઘણાં ઉદાર, મુનિઓને માટે કામદેવને મોહ કરવા પોતાની માયાથી રચેલાં હરિનાં હાસ્યનું (અને) આમના ભ્રમરમંડલનું (ધ્યાન કરવું). ૩૨.

ભગવાનનાં હાસ્યનું ધ્યાન કરવું. ઘણાં દુઃખીઆરાઓનાં દુઃખનો (તે) નાશ કરનારું હોવાથી 'હરિનાં' એમ કહેલું છે. તે (અર્થ) કહે છે કેઃ નમન કરેલા જે સર્વ લોકો, તેઓનો ભગવાનના વિરહથી ઉત્પન્ન થએલો, સર્વ ભક્તોનો અનુભવ જેનો સાક્ષી છે તેવો તીવ્ર જે શોક, તેનાથી ઉત્પન્ન થએલાં આંસુઓના સાગરને સૂકવવાનું થાય છે જેનાથી તેવું (હાસ્ય છે). માયાએ કરેલા મોહથી જ એ પ્રમાણે થાય છે[1]. તેમ ન હોય, તો (શોક) સદા ચાલુ જ રહે. વળી (આ મોહથી) પરમ પુરુષાર્થની હાનિ થતી નથી, એમ 'ઘણાં ઉદાર' વિશેષણથી કહેલું છે. વિરહ ચાલુ રહે તે તરત જ પરમ પુરુષાર્થ આપનાર છે, છતાં પણ માન્યતા પ્રમાણે (તે) દુઃખરૂપ હોવાથી, હાસ્ય તેને અટકાવી અધિકાર પ્રાપ્ત કરાવીને પણ, પોતે જ તે પુરુષાર્થ આપતું હોવાથી 'ઘણું ઉદાર' છે.

''ગરીબડા ભક્તો પ્રતિ (ભગવાનને) હાસ્ય કેમ ઉત્પન્ન થયું ?'' એવી શંકા થાય, તેથી '(કામદેવને) મોહ કરવા' એમ કહેલું છે. કામદેવને મોહ કરવા (ભગવાનને હાસ્ય ઉત્પન્ન થયું), કારણ કે મુનિઓ ભગવાનનું ધ્યાન કરતા હતા, ત્યારે પહેલાં તેમણે જીતેલો કામ 'ભગવાનનું ઐશ્વર્ય જોઈને મુનિઓને (તેમની સાથે રમણ કરવાની) ઈચ્છા થાઓ' એવા વિચારથી (મુનિઓનાં ધ્યાનમાં) વિઘ્નરૂપ તરીકે ભગવાનની સમીપ આવ્યો. ત્યારે તેને જો મોહ ઉત્પન્ન કરવામાં ન આવે, તો મુનિઓનાં બધાંએ કાર્યનો નાશ થાય, તેથી કામદેવને મોહ ઉત્પન્ન કરવા (ભગવાનનું) હાસ્ય ઉત્પન્ન થયું. તેણે પણ ભગવાનનાં મુખનું સૌંદર્ય જોઈ વિસ્મય પામી મુનિઓને મોહ ઉત્પન્ન ન કર્યો. 'પોતાની માયાથી (રચેલાં)' શબ્દથી

આધિદૈવિક કામને પણ મોહ ઉત્પન્ન કરવાનું હાસ્યનું બલ જણાવેલું છે. આમનાં ભ્રમરમંડલનું પણ ધ્યાન કરવું. તે પણ હાસ્યની પેઠે કાર્ય સફલ કરનારું છે. મૃત્યુરૂપ હોઈ દુષ્ટોનો સંપૂર્ણ નાશ કરનારું છે. મોહ થતાં, જીવોને પોતાથી જ દુઃખ દૂર થાય છે, પરંતુ ભ્રમરમંડલનું ધ્યાન થતાં ભગવાન્ દુઃખ દૂર કરે છે, તેથી બંને કહેલાં છે. મકર (મઘર) ક્રૂર સ્વભાવવાળો છે, તેથી તેની (મકર જેની ધજામાં છે તેવા કામદેવની) ક્રૂરતા કહી. (તેનો નાશ કરવા ભ્રમરમંડલ) ચઢાવેલું બાણ છે એમ જણાવવા 'મંડલ' (કહેલ છે). ૩૨.

૧. 'એ પ્રમાણે થાય છે' એટલે શોક સૂકાય છે. (પ્ર)

ઉપર કહેલાં ધ્યાનમાં સર્વ વિઘ્ન કરનારાંને મોહ કરે તે માટે ભગવાનનાં ઉંચેથી કરેલાં હાસ્યનું ધ્યાન કરવું, એમ નીચેના શ્લોકથી કહે છેઃ

**ધ્યાનાયનં પ્રહસિતં બહુલાધરોષ્ઠભાસાઽરુણાયિતતનુ દ્વિજકુન્દપંક્તિ ।।**
**ધ્યાયેત્સ્વદેહકુહરેઽવસિતસ્ય વિષ્ણોર્ભક્ત્યાર્દ્રયાર્પિતમના ન પૃથગ્દિદક્ષેત્ ।।૩૩।।**

સ્નેહવાળી ભક્તિથી અર્પણ કરેલ મનવાળાએ ધ્યાનોનાં સ્થાનરૂપ, અધર અને ઓષ્ઠની ઘણી કાંતિથી લાલ બનેલી આકૃતિવાળા, દાંતરૂપ કુંદ પુષ્પોની હારવાળા, પોતાના દેહની પોલાણમાં રહેલ વિષ્ણુનાં ઉંચેથી કરેલાં હાસ્યનું ધ્યાન કરવું, (અને) બીજું કાંઈ જોવાની ઈચ્છા ન કરવી. ૩૩.

તે (ભગવાને ઉંચેથી કરેલું હાસ્ય) બધાંએ ધ્યાનોનાં સ્થાનરૂપ છે, કારણ કે બધા તે (ધ્યાન)માં થતાં વિઘ્નો દૂર થાય તે માટે ભગવાનનાં ઉંચેથી કરેલાં હાસ્યનું ધ્યાન કરે છે, કારણ કે ઘણો આનંદ હોય, ત્યારે ભગવાન્ ઉંચેથી હાસ્ય કરે છે. સર્વને ભુલાવનારું તે કાલ વિગેરેને પણ મોહ કેમ ન કરે ? અધર અને ઓષ્ઠથી જે ઘણી 'ભાઃ' કાંતિ–કારણ કે લજ્જા અને લોભનાં સ્વરૂપ અને ધનનો ક્ષય કરવો જોઈએ– તે (કાંતિ)ને લીધે લાલ બનેલી છે આકૃતિ જેની તેવું, (અને) દાંતો જ કુંદ પુષ્પો છે, તેઓની હાર છે જેમાં તેવું (ભગવાને ઉંચેથી કરેલું હાસ્ય છે), કારણ કે ઉંચેથી કરેલાં હાસ્યમાં દાંતો પણ પ્રકટ થાય છે, અને તે કુંદ પુષ્પો જેવા (શ્વેત) છે. પૃથ્વી ઉપર સ્નેહનાં કારણરૂપ દાંતો પુત્ર વિગેરે ઉપરના સ્નેહરૂપ છે; અને ત્રણથી સર્વનો[૧] ક્ષય થાય છે.

''આવું ઉંચેથી કરેલું હાસ્ય (ધ્યાન કરનારને) પોતાને પણ મોહ કરે તેથી તેનું ધ્યાન કેમ થાય ?'' એવી શંકા થાય, તેથી 'પોતાના દેહની પોલાણમાં રહેલ (વિષ્ણુ)નાં' એમ કહેલું છે. જો ભગવાન્ પોતાના હૃદયમાં પ્રકટ જ હોય, તો પોતાને મોહ થતો નથી એ પ્રસિદ્ધ છે. ભગવાન્ પ્રાપ્ત થાય, ત્યારે સખ્ય અને આત્મનિવેદન

(ભક્તિ કરવી એમ) કહે છે. સ્નેહવાળી ભક્તિથી અર્પણ કરેલું છે મન જેનું[2] તેવો (થાય છે), અને બીજું કાંઈ ન જોવું એ આત્મનિવેદન છે. ૩૩.

૧. 'કુ' પૃથ્વીનો 'દ્યતિ' નાશ કરે તે કુંદ, એ વ્યુત્પત્તિ પ્રમાણે પૃથ્વીનો ક્ષય થાય છે. અને લજ્જા તથા લોભમાં (અનુક્રમે) સ્વરૂપ અને ધનનો સંકોચ થાય છે. તેથી આ ત્રણ અધર, ઓષ્ઠ અને કુંદ (દાંત)નાં ધ્યાનથી સ્વરૂપ (દેહ), ધન અને પુત્ર વિગેરે ઉપરના સ્નેહનો ક્ષય થાય છે, એવો અર્થ છે. (પ્ર)

૨. આ સખ્યભક્તિ કહી.

એ રીતે ધ્યાનથી ભગવાનમાં નવ પ્રકારની ભક્તિ પૂરેપૂરી પ્રાપ્ત થાય છે[1]. તે પ્રાપ્ત થતાં મોક્ષ જરુરી ફલ હોવાથી, તે પ્રાપ્ત કરાવનાર જેમનાં સ્વરૂપનું ધ્યાન કરવામાં આવે છે તે ભગવાનનું સ્વરૂપ અદશ્ય થાય છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં હરૌ ભગવતિ પ્રતિલબ્ધભાવો ભક્ત્યા દ્રવદ્ધૃદય ઉત્પુલકઃ પ્રમોદાત્ ।।**
**ઔત્કણ્ઠ્યબાષ્પકલયા મુહુરર્દ્યમાનસ્તચ્ચાપિ ચિત્તબડિશં શનકૈર્વિયુઙ્ક્તે ।।૩૪।।**

એવી રીતે જેણે ભગવાન્ હરિમાં પ્રેમ પ્રાપ્ત કરેલો છે, જેનું હૃદય ભક્તિથી પીગળ્યા કરે છે, જેને આનંદથી રોમાંચ થાય છે, (અને) જે ઉત્કંઠાથી થતાં થોડાં થોડાં આંસુઓથી વારંવાર પીડાય છે તે તે ચિત્તને પકડવાના આંકડાનો પણ ધીરે ધીરે ત્યાગ કરાવે છે. ૩૪.

સર્વ દુઃખો દૂર કરનાર, સર્વ પુરુષાર્થો આપનાર ભગવાનમાં એવી રીતે પ્રાપ્ત કરેલો છે ઉપર જણાવેલ પ્રેમ જેણે, (તે...ત્યાગ કરાવે છે). 'જેનું હૃદય પીગળ્યા કરે છે' વિશેષણથી ભક્તિનું વચલું કાર્ય કહેલું છે. જેમ તાપથી બરફ ઘી વિગેરે પીગળે છે, તેમ ભક્તિથી હૃદય પીગળે છે. તે પીગળે ત્યારે દેહમાં આકુલતા થાય છે. આનંદને અટકાવનારું હૃદય પીગળવાથી આનંદ થતાં રોમાંચ થાય છે, તે સમયે ભગવાનમાં અધિક પ્રેમ હોવાને લીધે કંઠ પણ રૂંધાય છે. પછી ઉત્કંઠા થતાં જે થોડાં થોડાં આંસુ નીકળે, તેનાથી વારંવાર પીડાય છે. સંપૂર્ણ ભક્તિ પ્રાપ્ત થતાં, ચિત્તનો આંકડો એટલે ચિત્તને વશ કરવાનું સાધન ભગવાનનું સ્વરૂપ-તે પણ મનથી કલ્પેલું હોવાથી-તેનો પણ (ચિત્તને) ધીરે ધીરે 'વિયુઙ્ક્તે' ત્યાગ કરાવે છે. ૩૪.

૧. આથી (૨૦ થી ૩૩ સુધીના) તેર (શ્લોકો)નું તાત્પર્ય કહેલું છે. (પ્ર)

**મુક્તાશ્રયં યર્હિ નિર્વિષયં વિરક્તં નિર્વાણમૃચ્છતિ મનઃ સહસા યથાઽર્ચિઃ ।।**
**આત્માનમત્ર પુરુષોઽવ્યવધાનમેકમન્વીક્ષતે પ્રતિનિવૃત્તગુણપ્રવાહઃ ।।૩૫।।**

આધાર તજેલું મન જ્યારે વિરક્ત થઈ વિષયરહિત થાય છે ત્યારે જેમ જ્વાલા શાંત થાય છે તેમ એકાએક (તે) લય પામે છે. જેના ગુણનો પ્રવાહ અટકી ગએલો છે તેવો પુરુષ અહિં આત્માને આવરણરહિત એકલાને જૂએ છે. ૩૫.

બીજા (પદાર્થો)થી પાછું ફરેલું મન ભગવાનની મૂર્તિની કલ્પના કરીને, તેમાં સુખી રહેલું; પરંતુ તે (મૂર્તિ) જતી રહેતાં, આધાર તજેલું અને વિષયરહિત થયું. આટલા સમય સુધી આધારપણું અને વિષયપણું આ (મૂર્તિ)માં જ રહેલાં. પહેલાંના વિષયોનો તો પહેલાં જ ત્યાગ કરેલો, અને ભગવદ્રસનો સ્વાદ લીધેલ હોવાથી હવે તેમાં[1] વિરક્ત થયું. એ પ્રમાણે સંપૂર્ણ રીતે વિષય ન રહેતાં, તે પોતે જ 'નિર્વાણં' (પોતાનાં) કારણમાં લય 'ઋચ્છતિ' પામે છે. ''દેહ હોય ત્યાં સુધી લય ન પામે'' એવી શંકા થાય, તેથી 'જેમ જ્વાલા શાંત થાય છે' એ દૃષ્ટાંત કહેલું છે. દીપકની જ્વાલા અથવા કાષ્ઠની જ્વાલા સામગ્રી ન રહેતાં જ શાંત થાય છે, તેમ મન પણ (વિષયરહિત થતાં લય પામે છે), એવો અર્થ છે.

'તેથી શું (થાય) ?' એવો પ્રશ્ન થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. ઉપાધિરૂપ અંતઃકરણ જતાં (અહિં) આ શરીરમાં જ 'પુરુષ' જીવ 'આત્મા' ભગવાનને 'અવ્યવધાનં' આવરણના ગુણ વિનાના એક જૂએ છે, પરંતુ પોતાની જાતના જોતો નથી. ''આધ્યાત્મિક સત્ત્વ વિગેરે ગુણોથી પ્રીતિ વિગેરેના પ્રવાહો સદા ઉત્પન્ન થાય છે, અને ભગવદીય[2] (ગુણો)થી વિષયો (ઉત્પન્ન થાય છે). બંને (પ્રવાહો ભગવાનને જોવામાં) આવરણ કરનારા હોવાથી (ભગવાનને તે) એક કેમ જૂએ ? તેથી જ શ્રુતિ પણ કહે છે કે 'તમે તેમને જાણતા નથી' ''. એવી શંકા થાય, તે સંબંધમાં 'જેના ગુણનો પ્રવાહ અટકી ગએલો છે' એમ કહેલું છે. બંને પ્રકારનો (પ્રવાહ અટકી ગયો છે), એમ કેટલાક કહે છે. બીજાઓ એમ કહે છે કે બેમાંથી એક (પ્રવાહ અટકી ગયો છે). આત્માનું જ્ઞાન થાય તે માટે એવી મનની છેવટની સ્થિતિની જરુર છે. તે ન હોય, તો આત્મા બ્રહ્મ હોવાનો અનુભવ થતો નથી. ૩૫.

૧. 'તેમાં' એટલે મનથી કલ્પેલી ( ભગવાનની ) મૂર્તિમાં. ( પ્ર ).
૨. 'ભગવદીયોથી' એટલે ભગવદીય ગુણોથી, એવો અર્થ છે. ( પ્ર ).

''જ્ઞાન પ્રાપ્ત થતાં, તે (સ્થિતિ) જતી રહેશે'' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોક કહે છેઃ

**સોઽપ્યેતયા ચરમયા મનસો નિવૃત્ત્યા સ્વસ્મિન્ મહિમ્ન્યવસિતઃ સુખદુઃખબાહ્યે ।।**
**હેતુત્વમપ્યસતિ કર્તરિ દુઃખયોર્યત્સ્વાત્મન્યધત્ત ઉપલબ્ધપરાત્મકાષ્ઠઃ ।।૩૬।।**

તે પણ આ મનની છેવટની શાંતિ વડે, જેમાં સુખ તથા દુઃખ હોતાં નથી તેવા મોક્ષરૂપ આત્મામાં દૃઢ થાય છે, (અને) સુખ તથા દુઃખનાં જે કારણને આત્મામાં પહેલાં રાખતો, તે મિથ્યા કર્તાપણામાં (હોવાનું જાણી), આત્માની ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરનાર થાય છે. ૩૬.

એવી રીતે આત્માનો અનુભવ કરવા જેણે મનની છેવટની જ સ્થિતિ કરેલી છે[1], તે પણ આ જ છેવટની મનની સ્થિતિથી 'મહિમ્નિ' મોક્ષરૂપ આત્મામાં જ પોતે દૃઢ થાય છે, તેમાં જ સ્થિર થાય છે, ફરીથી પહેલાંની પેઠે પહેલાંની સ્થિતિ પ્રાપ્ત કરતો નથી, એવો અર્થ છે. 'જેમાં સુખ તથા દુઃખ હોતાં નથી'. વિશેષણથી પહેલાં (ની સ્થિતિ)થી તે સ્થિતિનો ભેદ કહેલો છે. તે સ્થિતિમાં વિષયના સંબંધવાળાં સુખ તથા દુઃખ હોતાં નથી. ''ચિત્તમાં રહેલાં કર્તાપણું વિગેરે ચિત્તનો લય થતાં જો આત્મામાં આવે તો વળી સુખ તથા દુઃખ જરુર થાય'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. જેમ તે (સ્થિતિ)માં સુખ તથા દુઃખ હોતાં નથી, તેમ તેમાં સુખ તથા દુઃખનું[2] કારણ પણ રહેતું નથી, કારણ કે સુખ દુઃખનું કારણ 'અસતિ' મિથ્યા અથવા દુષ્ટ કર્તા અંતઃકરણમાં જ રહેલું છે, (એમ) તેનું કારણ (કહેલું છે). ''આત્મામાં પણ સુખ તથા દુઃખનું કારણ હોવાનું જોવામાં આવે છે જ'' એવી શંકા થાય, તેથી જે 'આત્મામાં પહેલાં રાખતો' એમ કહેલું છે. ચિત્તમાં રહેલાં કર્તાપણાંને જ પહેલાં આત્મામાં હોવાનું ખોટી રીતે માનેલું. હવે તો પ્રાપ્ત કરેલી છે આત્માની ઉત્તમ સ્થિતિ જેણે, તેવો થવાથી, બીજામાં રહેલાં કર્તાપણાંને (પોતામાં) ખોટી રીતે માનવાનું કારણ રહેલું નથી. એવી રીતે બધી અંદરની સ્થિતિ જણાવી. ૩૬.

૧. જે જીવે એમ (એવી સ્થિતિ) કહેલી છે. (પ્ર).

૨. શ્લોકમાં 'દુઃખયોઃ' શબ્દમાંનું દ્વિવચન લૌકિક સુખનો પણ દુઃખ તરીકે સમાવેશ કરાવનારું છે. એવી રીતે આ સ્થિતિમાં પરમાનંદ પ્રાપ્ત કરી, સંગ વિનાનો ઉદાસીન થતાં (બ્રહ્મ સાથે) એકપણું પ્રાપ્ત કરે છે (ભળી જાય છે). (પ્ર)

(દેહનો) પોતાને ઉપયોગ નથી, અને દેહની સ્થિતિ (તેનાથી) જૂદી રહે છે, એમ નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોકો)થી બહારની સ્થિતિ[1] જણાવે છે. તે પૈકી આરંભમાં પોતાને તેનો ઉપયોગ નથી એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દેહં તુ તં ન ચરમઃ સ્થિતમુત્થિતં વા સિદ્ધો વિપશ્યતિ યતોઽધ્યગમત્સ્વરૂપમ્ ।।**
**દૈવાદુપેતમથ દૈવવશાદપેતં વાસો યથા પરિકૃતં મદિરામદાન્ધઃ ।।૩૭।।**

જેમ મદિરાના મદથી અંધ થએલો (પુરુષ) આસપાસ વીંટેલાં વસ્ત્રને જાણતો નથી, તેમ છેવટનો આત્મજ્ઞાની તે દેહને તો દૈવને લીધે (અમુક પ્રદેશમાં) રહેલો અથવા (ત્યાંથી) નીકળી ગએલો (આસન ઉપર) રહેલો અથવા ઉભો થઈ ગએલો જોતો નથી, કારણ કે (તેણે) સ્વરૂપ પ્રાપ્ત કરેલું છે. ૩૭.

દેહને તો જોતો નથી, તેમાં અભિમાન હોવાનું તો બને જ ક્યાંથી ? 'તે' એટલે પહેલાં લાલન કરેલા (દેહ)ને પણ (જોતો નથી), કારણ કે આ 'છેવટનો' દેહ

ઉપરના ઉપકારની દરકાર વિનાનો (આત્મજ્ઞાની છે). ઘડો વસ્ત્ર વિગેરેની પેઠે પણ તે (દેહ)ની સ્થિતિ પણ જાણતો નથી, એમ 'રહેલો અથવા ઉભો થઈ ગએલો' શબ્દોથી કહે છે. પહેલાં જે આસન ઉપર બેઠેલો ત્યાં જ રહેલો છે કે તેના ઉપરથી ઉભો થઈ ગએલો છે, એ જાણતો નથી, કારણ કે આ જીવે 'સ્વરૂપ' એટલે બ્રહ્મની સ્થિતિ પ્રાપ્ત કરેલ છે. જેમ ગૃહસ્થની સ્થિતિમાં રહેલાં ઘર વિગેરેનું મહારાજા થાય ત્યારે અનુસંધાન રહેતું નથી, (તેમ બ્રહ્મની સ્થિતિ પ્રાપ્ત થતાં દેહનું ભાન રહેતું નથી). ''ત્યારે અધિપતિ વિના દેહ કેમ ઉભો રહે અથવા ફરે ?'' એવી શંકા થાય, તેથી 'દૈવને લીધે રહેલો અથવા નીકળી ગએલો' એમ કહેલું છે. કાલ વિગેરેની પ્રેરણાથી જ વાસનાને લીધે કોઈક વાર બીજા પ્રદેશમાં રહેલો હોય છે અને ત્યાંથી નીકળી ગએલો હોય છે. (આ) સંભવરહિત હોવાનું માની દૃષ્ટાંત કહે છે, (કે) મદિરાથી થએલો જે ઘણો મદ, તેનાથી 'અંધ' ઘણો ગાંડો થએલો જેમ પોતે જ (પોતાની) આસપાસ વીંટેલાં વસ્ત્રને હું ચાલું છું ત્યારે (આ) (સાથે) આવે છે અથવા પડી જાય છે એમ જાણતો નથી. 'દેહં તુ નશ્વરં' 'નાશવન્ત દેહને તો' એવો પાઠ[2] હોય, ત્યારે દેહ ઉપયોગી ન હોવાનું કારણ (કહેલું જાણવું). ૩૭.

૧. ઉપર કહેલી અવસ્થા જણાવનારી બહારની સ્થિતિ કહે છે, એવો અર્થ છે. (પ્ર).

૨. આવો પાઠ હોય ત્યારે દેહને તો નાશવંત 'જૂએ છે' એમ વાંચવું. (પ્ર) નાશવંત દેહને તો જોતો (જાણતો) પણ નથી, એમ વાંચવામાં પણ કાંઈ હાનિ જણાતી નથી.

નીચેના શ્લોકમાં દેહનું સ્વરૂપ કહે છેઃ

**દેહોऽપિ દૈવવશગઃ ખલુ કર્મ યાવત્સ્વારમ્ભકં પ્રતિસમીક્ષત એવ સાસુઃ ।।**
**તં સપ્રપઞ્ચમધિરૂઢસમાધિયોગઃ સ્વાપ્નં પુનર્ન ભજતે પ્રતિબુદ્ધવસ્તુઃ ।।૩૮।।**

ખરેખર ! દૈવને વશ દેહ પણ જ્યાંસુધી પોતાનો આરંભ કરનારું કર્મ હોય ત્યાંસુધી પ્રાણવાળો રહી, તેની રાહ જૂએ છે. જેણે સમાધિ સુધીનો યોગ આચરેલો છે (અને) આત્માના સ્વરૂપનું જેને જ્ઞાન થએલું છે તે તો પ્રપંચસહિત તે સ્વપ્ન જેવા ભાસતા (દેહ)નો આદર કરતો નથી. ૩૮.

આ દેહ દૈવને વશ રહેલો હોઈ કાલ કર્મ અને સ્વભાવને અધીન છે. 'ખરેખર' શબ્દ નિશ્ચય દર્શાવે છે. જ્યાંસુધી પોતાનો આરંભ કરનારું કર્મ હોય, ત્યાંસુધી (દેહ) 'સાસુઃ' પ્રાણવાળો રહે છે. ઘણા સમય સુધી પણ રહે, છતાં પણ (જીવ) તેનો આદર કરતો નથી એમ ઉત્તરાર્ધથી કહે છે. સમાધિ સુધીનો યોગ આચરેલો છે જેણે, તે પ્રપંચ સહિત તે દેહનો (આદર કરતો નથી). આથી સદા સમાધિ આચરનાર કહેલો છે. તેવાને બહારનું ભાન રહેતું ન હોવાથી, તે (દેહને) ન

જૂએ તે યોગ્ય જ છે. વળી (દેહ) 'સ્વાપ્નં' સ્વપ્ન જેવો ભાસતો છે. આ (જીવ) 'પ્રતિબુદ્ધવસ્તુઃ' આત્માના સ્વરૂપનું જેને જ્ઞાન થએલું છે તેવો છે, અને તે (દેહ) 'સ્વાપ્નં' સ્વપ્નના જેવો ભાસતો તુચ્છ છે. તેથી (તેને દેહ ઉપર) પ્રેમ ન હોવાથી, લૌકિકના જેવો પણ તેનો આદર કરતો નથી. ૩૮.

હવે નીચેના શ્લોકથી આત્મા દેહ વિગેરેથી જૂદો હોવાનું સિદ્ધ કરે છે, (કારણ કે) તેમ ન હોય તો ઉપર કહેલું સિદ્ધ ન જ થાયઃ

**યથા પુત્રાચ્ચ વિત્તાચ્ચ પૃથઙ્ મર્ત્યઃ પ્રતીયતે ।।**
**અપ્યાત્મત્વેનાભિમતાદ્દેહાદેઃ પુરુષસ્તથા ।।૩૯।।**

જેમ પુત્ર અને ધન આત્મા તરીકે મનાએલા હોવા છતાં, તેમનાથી મનુષ્ય જૂદો જણાય છે, તેમ પુરુષ દેહ વિગેરેથી (જૂદો છે). ૩૯.

લોકોમાં પુત્ર અને ધન આત્મા છે એવી માન્યતા હોય છે, અને શાસ્ત્રથી પણ (એવી માન્યતા હોય છે). પુત્ર અંદરનો દેહ છે, પ્રાણ અને ધન બહારનો (દેહ છે). તેવા સંજોગોમાં જેમ મનુષ્ય-મરણ જેનો ગુણ છે તેવો-પુત્ર અને ધન હયાત હોવા છતાં પોતે મરણ પામે છે તેથી તેમનાથી એટલે પુત્રથી અને ધનથી જૂદો છે.

''આમનું જૂદાપણું પોતાની મેળે સાબિત થએલું છે. અહિં તમે શું સિદ્ધ કરો છો ?'' એવી શંકા થાય, તેથી 'આત્મા તરીકે મનાએલા હોવા છતાં' એમ કહેલું છે. જેઓ તેમને આત્મા તરીકે માનતા નથી, તેમના સંબંધમાં (આ) સિદ્ધ કરતા નથી; પરંતુ જેઓ (તેમને) આત્મા તરીકે જ માને છે, તેમના દેહથી પણ તે (પુત્ર અને ધન) જૂદાં છે, એવો અર્થ છે. એવી જ રીતે 'દેહ વિગેરેથી' એટલે દેહ ઈન્દ્રિય પ્રાણ તથા અંતઃકરણથી પુરુષ જૂદો છે. ૩૯.

આ વિષયમાં આત્મા લોકમાં (દેહથી) જૂદો જણાતો ન હોવાથી, તર્કથી કહેલ હોવા છતાં બરાબર જાણવામાં ન આવે, તેથી નીચેના શ્લોકમાં દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છેઃ

**યથોલ્મુકાદ્વિસ્ફુલિંગાદ્ધૂમાદ્વાપિ સ્વસમ્ભવાત્ ।।**
**અપ્યાત્મત્વેનાભિમતાત્તથાપિ પૃથગુલ્મુકાત્ ।।૪૦।।**
**ભૂતેન્દ્રિયાન્તઃકરણાત્પ્રધાનાજ્જીવસંજ્ઞિતાત્ ।।**
**આત્મા તથા પૃથગ્દ્રષ્ટા ભગવાન્ બ્રહ્મસંજ્ઞિતઃ ।।૪૧।।**

જેમ પોતામાંથી ઉત્પન્ન થએલાં બળતું કાષ્ઠ તણખા અને ધૂમાડો-જો કે પોતા અગ્નિ તરીકે મનાએલાં હોવા છતાં-તે તેમજ બળતાં કાષ્ઠથી અગ્નિ જૂદો છે તેમ દ્રષ્ટા આત્મા મહાભૂતોથી ઈન્દ્રિયોથી અંતઃકરણથી અને લિંગ શરીર તરીકે

ઓળખાતાં પ્રધાનથી જૂદો છે. તે 'બ્રહ્મ' કહેવાતો ભગવાનની પ્રકૃતિવાળો છે. ૪૦।૪૧.

અગ્નિના બીજા ત્રણ સંબંધીઓ છેઃ (૧) (તેનો) આધાર બનેલું કાષ્ઠ (૨) (તેનું) કાર્ય ધૂમાડો (અને ૩) પોતાના અંશરૂપ તણખાઓ. ત્રણ પણ-જો કે અગ્નિ તરીકે મનાએલાં છે-છતાં અગ્નિથી જૂદાં છે. 'ઉલ્મુકં' એટલે બળતું કાષ્ઠ. ધૂમાડો અગ્નિનું જ રાજસ સ્વરૂપ છે, બળતું કાષ્ઠ તામસ (સ્વરૂપ અને) તણખાઓ સાત્ત્વિક છે. 'પોતામાંથી ઉત્પન્ન થએલાં' એ ત્રણેનું વિશેષણ છે. અગ્નિનો સંબંધ થવાથી જ બળતું કાષ્ઠ થાય છે, તેમ (સંબંધ) ન હોય, તો કાષ્ઠ (રહે). ('અપ્યાત્મત્વેનાભિમતાત્' ને બદલે) 'અગ્ન્યાત્મત્વેનાભિમતાત્' 'અગ્નિ તરીકે મનાએલાં' એવો પણ પાઠ છે 'તેમજ બળતાં કાષ્ઠથી' એમ તે (બળતું કાષ્ઠ) જ કહેલું છે, કારણ કે ધૂમાડો વિગેરે (અગ્નિથી) જૂદા હોવાનું પ્રત્યક્ષથી સિદ્ધ થાય છે, (અને) બળતાં કાષ્ઠથી (જૂદો હોવાનું) શંકાવાળું છે. ૪૦.

એકતાલીસમા શ્લોકમાં જેના સંબંધમાં દૃષ્ટાંત કહેલું છે તે કહે છેઃ (૧) 'મહાભૂતો' એટલે દેહ, (૨) ઈન્દ્રિયો અને (૩) અંતઃકરણ, (૪) સ્વભાવરૂપ પ્રધાન, (જે) 'જીવસંજ્ઞિતમ્' લિંગ શરીર તરીકે ઓળખાય છે. આ ચારેથી આત્મા અગ્નિની પેઠે જૂદો છે, કારણ કે (તે) 'દ્રષ્ટા' (જોનાર) છે અને આ દૃશ્ય (જોવાના પદાર્થ) છે. વળી તે આત્મા 'ભગવાન્' ભગવાનની પ્રકૃતિવાળો છે, પરંતુ તત્ત્વોની પ્રકૃતિવાળો નથી. વિકાર વિનાનું કાર્ય[1] હોવાથી અથવા (ભગવાનનો) અંશ હોવાથી, ભગવાનના સંબંધથી (સંબંધવાળો) જણાવેલો છે. કેટલાક એમ કહે છે કે (તે) 'ભગવાન્' એમ જ જણાવાય છે. 'ભગવાન્' શબ્દ કાર્યના[2] સંબંધમાં પણ વપરાતો હોવાથી, તેવો આ નથી એમ જણાવવા 'બ્રહ્મ કહેવાતો' એમ કહેલું છે. તેથી ભેદ સ્પષ્ટ હોવાથી આત્મા દેહ (વિગેરે)થી જૂદો છે. ૪૧.

૧. બ્રહ્મમાંથી જીવ નીકળેલ હોવાથી 'કાર્ય' કહેલ હોવાનું જણાય છે. કાર્ય બધાં વિકારવાળાં હોય છે, આ વિકારરહિત નિત્ય છે.

૨. 'કાર્યના સંબંધમાં' એટલે ઋષિઓ, મહારાજા વિગેરે પ્રભાવશાળી પુરુષોના સંબંધમાં, એવો અર્થ જણાય છે. આ નિત્ય નથી, આત્મા નિત્ય છે. તેથી તેમના સંબંધમાં 'ભગવાન્' શબ્દ યોજાય છે, તેમ આત્માના સંબંધમાં યોજાએલો નથી એમ જણાવવા આ વિશેષણ યોજેલ છે, એવો અર્થ જણાય છે.

એવી રીતે આત્મા જૂદો હોવાનું જ્ઞાન (થયા) પછી, જે કરવાનું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**સર્વભૂતેષુ ચાત્માનં સર્વભૂતાનિ ચાત્મનિ ।।**

ઈક્ષેતાનન્યભાવેન ભૂતેષ્વપિ તદાત્મતામ્ ।।૪૨।।

સર્વ પ્રાણીઓમાં આત્માને અને આત્મામાં સર્વ પ્રાણીઓને અનન્યપણાંથી જોવાં, (અને) મહાભૂતોમાં પણ તે આત્માપણું જોવું. ૪૨.

જો કે આત્મા દેહથી જૂદો જણાય છે, છતાં પણ હદવાળો જણાતો હોવાથી કાર્ય પતતું નથી, કારણ કે હદવાળાનાં જ્ઞાનથી હદવિનાનું ફલ (પ્રાપ્ત) થતું નથી. તેથી બ્રહ્મથી આરંભી ઘાસનાં તરખલાં સુધીનાં બધા પ્રાણીઓમાં પોતાના આત્માને જોવો, કે પોતે જ બધામાં (રહેલો) છે. જેમ આ દેહ વિગેરેનો સમૂહ કોઈક પ્રકારના સંબંધથી આત્માની પોતાની અંદર રહેલો છે, એવી જ રીતે બધાએ (ના દેહ વિગેરે)ના સમૂહો પોતામાં જ રહેલા છે, બીજામાં (રહેલા) નથી, એમ પણ જોવું. 'અનન્યપણાંથી' શબ્દથી એમ કહેલું છે કે સભ્યતાને લીધે અથવા સ્નેહને લીધે એમ જોવું ન જોઈએ. 'ન વિદ્યતે અન્યઃ' જૂદો 'ભાવઃ' વિચાર જેનો તેવા (થવું). જે મનમાં જૂદાં હોવાની બુદ્ધિ ઉત્પન્ન થતી નથી તેવાં મનથી (એ પ્રમાણે જોવું). 'મહાભૂતોમાં પણ તે આત્માપણું જોવું' શબ્દોથી એમ કહેલું છે કે જેવું (દેહ વિગેરેના) સમૂહનું કહ્યું, તેવું મહાભૂતોનાં વિષે પણ જાણવું. મહાભૂતોમાં પોતાના આત્માને જોવો અને મહાભૂતો પોતાની અંદર જોવાં, એવો (અર્થ છે). 'તે આત્માપણું' એટલે મહાભૂતોના આત્માપણું. 'ભૂતેષ્વિવ' 'જેમ મહાભૂતોની અંદર' એવો પાઠ હોય, ત્યારે મહાભૂતોની અંદર તત્ત્વો જોવામાં આવતાં હોવાથી તેઓ તે (તત્ત્વ)ના પ્રકારવાળાં છે, એવું જ્ઞાનવાળા માટેનું દૃષ્ટાંત (કહેલું જાણવું). ૪૨.

''એક આત્મા જૂદો જૂદો કેમ દેખાય ? અને (તેને) સુખ તથા દુઃખ[1] વિગેરેની ઉત્પત્તિ કેમ થાય ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

સ્વયોનિષુ યથા જ્યોતિરેકં નાના પ્રતીયતે ।।
યોનીનાં ગુણવૈષમ્યાત્તથાऽऽત્મા પ્રકૃતૌ સ્થિતઃ ।।૪૩।।

જેમ એક અગ્નિ પોતાની ઉત્પત્તિનાં સ્થાનોમાં તે સ્થાનોના ગુણના ભેદને લીધે જૂદો જૂદો દેખાય છે, તેમ પ્રકૃતિમાં રહેલો આત્મા (જૂદો દેખાય છે). ૪૩.

જેમ એક જ અગ્નિ પોતાની ઉત્પત્તિનાં સ્થાનો કાષ્ઠોમાં વાંકો સીધો વિગેરે પ્રકારથી અને શ્વેત લાલ વિગેરે પ્રકારથી જૂદો જૂદો દેખાય છે, તેનું કારણ 'તે સ્થાનોના ગુણના ભેદ' એટલે (કાષ્ઠોનાં) આકાર જાત વિગેરે છે, તેમ પ્રકૃતિમાં રહેલો આત્મા પણ (જૂદો જૂદો દેખાય છે). જો કે આત્મામાંથી તત્ત્વો ઉત્પન્ન થાય છે, અને તેથી દૃષ્ટાંત (એ વિષયમાં) સમાન નથી[2], છતાં પણ જ્યારે (આત્મા) તે (તત્ત્વો)માં પ્રવેશ કરી પ્રકટ થાય છે, ત્યારે દૃષ્ટાંત (લાગુ પડે) છે એમ જણાવવા,

'તેમ પ્રકૃતિમાં રહેલો આત્મા (જૂદો જૂદો દેખાય છે)' એમ કહેલું છે. ૪૩.

૧. ''સર્વ પ્રાણીઓમાં આત્મા એક હોવા છતાં કેટલાકને સુખ અને કેટલાકને દુઃખ કેમ થાય ?'' એવી શંકા જણાય છે.

૨. આત્મામાંથી તત્ત્વો ઉત્પન્ન થાય છે, જ્યારે અગ્નિ તો કાષ્ઠમાંથી ઉત્પન્ન થાય છે, અગ્નિમાંથી કાષ્ઠ ઉત્પન્ન થતાં નથી. તેથી એ વિષયમાં દષ્ટાંત લાગુ પડતું નથી, એવો અર્થ જણાય છે.

**નીચેના શ્લોકથી શાસ્ત્રાર્થનો ઉપસંહાર કરે છેઃ**

**તસ્માદિમાં સ્વાં પ્રકૃતિં દૈવીં સદસદાત્મિકામ્ ।।**
**દુર્વિભાવ્યાં પરાભાવ્ય સ્વરૂપેણાવતિષ્ઠતે ।।૪૪।।**

તેથી આ સત્ અને અસત્ રૂપ, ચિંતન ન કરી શકાય તેવી પોતાની દૈવી પ્રકૃતિનો પરાભવ કરીને, (જીવ પોતાનાં) સ્વરૂપમાં રહે છે. ૪૪.

કારણ કે આ સાંખ્ય શાસ્ત્ર છે. ભક્તિની પેઠે યોગ તો અંગ તરીકે કહેલો છે. તેથી પ્રકૃતિને ફગાવી દેવાનો જ ઉપસંહાર કરે છે. 'આ' સ્વભાવ તરીકે જેનો અનુભવ થાય છે તે, 'પોતાની' પત્નીની પેઠે પોતાના સંસારને ઉત્પન્ન કરનારી, 'દૈવી' ભગવાનના સંબંધવાળી ભગવાનની કૃપા વિના અથવા ભગવદ્ભાવ થયા વિના દૂર ન થાય તેવી પ્રકૃતિનો (પરાભવ કરી સ્વરૂપમાં રહે છે). (પ્રકૃતિ) 'સત્ અને અસત્રૂપ' એટલે કાર્ય અને કારણના આકારવાળી અથવા અનેક પ્રકારની છે, એમ (તેને) ન રાખવાનું કારણ (કહેલું છે). 'ચિંતન ન કરી શકાય તેવી' વિશેષણથી (તેનો જીવ સાથેનો) સંબંધ ન જણાવવાનું કારણ (કહેલું છે). તેથી તે પોતાની મેળે દૂર થતી નથી. આવી (પ્રકૃતિ)નો પરાભવ કરી, (જીવ) સ્વરૂપમાં રહે છે, એવું (સાંખ્ય) શાસ્ત્ર છે. પ્રકૃતિ અને તેના વિકારોના ખાસ ગુણોનો લય થાય, ત્યારે પુરુષ પોતાનાં સ્વરૂપમાં રહે તે મોક્ષ છે એમ પ્રસિદ્ધ છે. ૪૪.

**ઇતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના અઠાવીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય ઓગણત્રીસમો ।।

**એવં જ્ઞાનપ્રકરણં સાઙ્ગં વૈ સુનિરૂપિતમ્ ।।**
**અતઃ પરં તુ વૈરાગ્યં ચતુર્ભિર્વિનિરૂપ્યતે ।।૧।।**

એવી રીતે અંગ સાથે જ્ઞાન પ્રકરણ ખરેખર સારી રીતે કહ્યું, અહીંથી તો ચાર (અધ્યાયો)થી વૈરાગ્યનું નિરૂપણ કરવામાં આવે છે[૧]. કા. ૧.

**વૈરાગ્યે કારણં કાલઃ પરિચ્છેદક ઈરિતઃ ।।**
**કાલસ્ય ભક્તિહેતુત્વં માહાત્મ્યાર્થં સ્વતોઽપિ તત્ ।।૨।।**

હદ બાંધનાર કાલ વૈરાગ્ય (થવા)નું કારણ કહેલો છે[૨]. કાલનું તે (કથન) ભક્તિ કરાવનાર તરીકે તેમજ (તેનું) પોતાનું માહાત્મ્ય જણાવવા (કહેલું છે). કા. ૨.

**તતો જીવસ્ય ગતયો લોકશાસ્ત્રવિભેદતઃ ।।**
**લોકો હિ દ્વિવિધઃ પ્રોક્તઃ પરલોકસ્તથૈહિકઃ ।।૩।।**

પછી લોક અને શાસ્ત્રના પ્રકારથી જીવની ગતિઓ (કહેલી છે). (૧) પરલોક તેમજ (૨) આ લોક એમ લોક બે પ્રકારનો કહેલો છે. કા.૩.

**વૈદિકો બ્રહ્મપર્યન્તઃ કાલશ્ચૈવં ચતુર્ગતિઃ ।।**

વૈદિક[૩] (લોક) બ્રહ્મ (લોક) સુધીનો છે, અને એવી રીતે કાલ ચાર ગતિ કરાવનારો છે. કા.૩ ૧/૨.

**યાવન્નિરૂપિતં પૂર્વં તત્કાલાસ્પૃષ્ટમેવ હિ ।।૪।।**
**અગ્રે સર્વં કાલસાધ્યમતો વૈરાગ્યહેતુકમ્ ।।**

જેટલું પહેલાં કહેલું છે તે કાલના સંબંધ વિનાનું જ છે. પછીનું સર્વ કાલથી પ્રાપ્ત થનારું છે, તેથી વૈરાગ્ય ઉત્પન્ન કરાવનારું છે[૪]. કા. ૪ ૧/૨.

**કાલસ્તુ સર્વત્ર સમઃ સ્વતન્ત્રૈઃ સ વિરુધ્યતે ।।૫।।**
**દણ્ડનેતુર્યથા સર્વે હરિણૈવ તથા યતઃ ।।**
**અતઃ કાલવશાનાં હિ વાર્તા પ્રકરણે તથા ।।૬।।**

કાલ તો સર્વ સ્થલે સમાન છે. તે સ્વતંત્ર (પુરુષો)નો વિરોધ કરે છે, કારણ કે હરિએ જ જેમ બધા યમને (વશ કરેલા છે), તેમ (કાલને વશ કરેલા છે). તેથી (આ) પ્રકરણમાં કાલને વશ રહેનારાઓની તેવી વાર્તા છે[૫]. કા.૬.

**એકોનત્રિંશદધ્યાયે કાલભક્તિઃ સસાધના ।।**
**માહાત્મ્યં ચાપિ કાલસ્ય વિસ્તરેણ નિરૂપ્યતે ।।૭।।**

ઓગણત્રીસમા અધ્યાયમાં સાધન સાથે કાલથી થતી ભક્તિ અને વળી કાલનું માહાત્મ્ય વિસ્તારથી કહેલાં છે. કા.૭.

**સર્ગે યદ્યસ્ય નોત્પત્તિર્વૈરાગ્યં ન ભવેત્તતઃ ।।**
**આધિભૌતિકભૂતાદીન્યેતાન્યપિ ચ બોધ્યતામ્ ।।૮।।**

જો સૃષ્ટિમાં આની[૬] ઉત્પત્તિ ન હોત, તો તેનાથી વૈરાગ્ય ન થાત[૭]. આ આધિભૌતિક મહાભૂતો વિગેરે પણ છે એમ જણાવવું[૮]. કા.૮.

૧. ઓગણત્રીસમા અધ્યાયનું વિવરણ કરતાં, પ્રકરણ જૂદું પડતું હોવાથી, આથી (ગયા) પ્રકરણનો અને (આ) પ્રકરણનો અર્થ સંગતિ જણાવવા કહે છે. (પ્ર).
૨. હદ બાંધનાર કાલ વૈરાગ્ય થવાનું કારણ કહેલો છે. અને તે કાલ પહેલા (આ ઓગણત્રીસમા) અધ્યાયમાં વૈરાગ્ય કરાવનારી સગુણ ભક્તિનું કારણ હોવાનું અને પોતાથી જ માહાત્મ્યવાળો હોવાનું (કહે છે), બીજા (ત્રીસમા) અધ્યાયમાં વૈરાગ્ય કરાવનારી બે પ્રકારની જીવની ગતિનું કારણ હોવાનું (કહે છે), અને ત્રીજા તથા ચોથા (એકત્રીસ તથા બત્રીસમા) અધ્યાયમાં તેવી ગતિ કરાવનાર બે પ્રકારના લોક પ્રાપ્ત કરાવનાર હોવાનું કહે છે, એવી રીતે તે ચાર ગતિ કરાવનારો હોવાથી, (આ) વૈરાગ્ય પ્રકરણના ચાર અધ્યાયો છે. એવો અર્થ છે. (પ્ર).
૩. 'વૈદિક' એ ચરણ પરલોકનું વિશેષણ છે. (પ્ર)
૪. ''ભક્તિ વિગેરે પહેલાં પણ કહેલાં છે, અહિં ફરી શા માટે કહે છે ?'' એવી શંકા થાય, તેથી આ કારિકા કહેલી છે. અહિં તેઓ વૈરાગ્ય કરાવનારાં હોવાથી વૈરાગ્યનાં કારણ તરીકે કહેલાં છે. વૈરાગ્ય દુઃખથી થએલા અણગમાથી થાય છે, અને આ દુઃખ કાલને લીધે થાય છે. પહેલાં ભક્તિ વિગેરે કહ્યાં તે કાલના સંબંધ વિનાનાં હોવાથી દુઃખ વિગેરે ઉત્પન્ન કરનારાં નહતાં અને તેથી વૈરાગ્ય કરાવનારાં નહતાં. અહિં તે કાલથી થએલાં કહેશે તેથી (વૈરાગ્ય ઉત્પન્ન કરાવવાના) પ્રયોજનથી કહેલાં છે. (પ્ર).
૫. ''મૈત્રેયે તો ૩।૫।૨૨થી ભગવાનની લીલાઓ કહેવાની પ્રવૃત્તિ કરેલી. તેથી કાલને અધીન પદાર્થોની વાત શા માટે કહે છે ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ભગવાને જ જેમ બધાને દંડ કરનાર યમને વશ કરેલા, તેમ કાલને પણ વશ કરેલા છે. કાલ તો સર્વને સમાન છે, અને સ્વતંત્ર (રહેનાર)થી વિરુદ્ધ છે. તેથી જીવો સ્વતંત્રતા ન રાખે તે માટે, ભગવાનની ઉપર જણાવેલા પ્રકારની લીલા તરીકે જ કાલને વશ પદાર્થોની વાર્તા મૈત્રેય એવા પ્રયોજનથી કહે છે કે ભગવાનની ચેષ્ટારૂપ કાલનો સ્વભાવ અને ભગવાને (તેને) આપેલ અધિકાર જાણવામાં આવે. (પ્ર).
૬. 'આની' એટલે કાલનાં માહાત્મ્યની. (પ્ર).
૭. અહિં સુધી મૈત્રેયે કહેલી કથાની સંગતિ જણાવી. (પ્ર).
૮. આ વાક્યથી શુકે કહેલી કથાની સંગતિ જણાવે છે. (પ્ર).

ગયા અધ્યાયમાં અંગોસહિત જ્ઞાનનું સારી રીતે નિરૂપણ કર્યું. વૈરાગ્ય વિના તે (જ્ઞાન) થાય નહિ, તેથી (દેવહૂતિ) પહેલાં કહેલું જણાવીને વૈરાગ્યનાં કારણ

સંબંધી પ્રશ્ન કરે છે. જો કે ભક્તિથી વૈરાગ્ય થાય છે એમ પહેલાં સૂચવેલું છે, છતાં પણ કેવી ભક્તિ વૈરાગ્ય ઉત્પન્ન કરે છે, એવા ભક્તિના પ્રકારો પણ પૂછે છે. તે પૈકી આરંભમાં નીચેના દોઢ શ્લોકથી પહેલાં કહેલું જણાવે છેઃ

|| દેવહૂતિરુવાચ ||

**લક્ષણં મહદાદીનાં પ્રકૃતેઃ પુરુષસ્ય ચ ||**
**સ્વરૂપં લક્ષ્યતેઽમીષાં યેન તત્પારમાર્થિકમ્ ||૧||**
**યથા સાઙ્ખ્યેષુ કથિતં યન્મૂલં તત્પ્રતીક્ષતે ||**

જેનાથી વાસ્તવિક સ્વરૂપ અને મહત્તત્ત્વ વિગેરેનું તથા પ્રકૃતિનું અને પુરુષનું (સ્વરૂપ) જણાય છે અને જેના મૂલને સાંખ્ય કહે છે તે તેઓનું લક્ષણ જેવું સાંખ્યમાં કહેલું છે તે પ્રમાણે (આપે મને) કહ્યું છે. ૧ ૧/૨.

આપે મહત્તત્ત્વ વિગેરેનું તથા પ્રકૃતિનું અને પુરુષનું લક્ષણ (મને) કહ્યું, કે જે લક્ષણથી 'સ્વરૂપ' એટલે આત્માનું સ્વરૂપ 'લક્ષ્યતે' જણાય છે, અને તેઓનું સ્વરૂપ (જણાય છે). આથી એમ કહેલું છે કે (આપે) બધોએ જ્ઞાન (પ્રાપ્ત કરવા)નો ઉપાય કહ્યો. તેનું પ્રમાણ પણ કહ્યું એમ 'જેવું સાંખ્યમાં કહેલું છે તે પ્રમાણે' શબ્દોથી કહે છે. 'જેના મૂલને તે (સાંખ્ય) કહે છે' શબ્દોથી સાંખ્યનું માહાત્મ્ય કહેલું છે. 'તે' ઉપર કહેલાં લક્ષણ વિગેરે, જેઓનું સાંખ્ય મૂલ છે તેવાં છે એમ કહે છે, અથવા જે ભગવાન્ 'તે' સાંખ્યનું મૂલ છે એમ કહે છે. ૧ ૧/૨.

એ પ્રમાણે (મૈત્રેય કહેલી કથા) ફરી કહીને નીચેના શ્લોકથી આરંભી વૈરાગ્ય ઉત્પન્ન કરાવનારી ભક્તિ સંબંધી પ્રશ્ન કરે છેઃ

**ભક્તિયોગસ્ય મે માર્ગં બ્રૂહિ વિસ્તરતઃ પ્રભો ||૨||**
**વિરાગો યેન પુરુષો ભગવન્ સર્વતો ભવેત્ ||**
**આચક્ષ્વ જીવલોકસ્ય વિવિધા મમ સંસૃતીઃ ||૩||**

હે પ્રભો ! મને ભક્તિયોગનો માર્ગ વિસ્તારથી કહો, કે જેનાથી હે ભગવાન્ ! પુરુષ સર્વ તરફથી રાગરહિત થાય છે. જીવલોક (ના પ્રાણી)ના જાત જાતનાં સંસારના માર્ગો મને કહો. ૩.

'મે' એટલે મને (ભક્તિયોગનો) જાતજાતનો માર્ગ 'વિસ્તારથી' એટલે ઘણાં સાધનોના વિભાગપૂર્વક કહો. 'હે પ્રભો !' સંબોધન તેવી રીતે કહેવાનું (કપિલનું) સામર્થ્ય (જણાવવા કરેલું છે). ૨.

'તેથી શું થાય ?' એવો પ્રશ્ન થાય, તેથી ત્રીજો શ્લોક કહેલો છે. 'હે ભગવાન્ !' એ સંબોધન એમ જણાવવાં (કરેલું છે કે) વૈરાગ્ય પણ ભગવાનનો ગુણ

હોવાથી (તે) ભક્તિથી પ્રાપ્ત થાય તેવો હોવામાં પણ દોષ નથી. 'જે' ભક્તિમાર્ગને લીધે 'પુરુષ સર્વ તરફથી રાગરહિત થાય છે'. આ વાક્યનો પહેલાના (બીજા શ્લોકના ઉત્તરાર્ધ) સાથે પણ સંબંધ છે, કારણ કે ભક્તિ અલૌકિક પ્રકારથી વૈરાગ્ય ઉત્પન્ન કરાવનારી છે. ત્રીજા શ્લોકના ઉત્તરાર્ધથી લૌકિક પ્રકારથી (થતું) વૈરાગ્યનું સાધન પૂછે છે. 'જીવલોકસ્ય' જીવલોકના પ્રાણીના હલકાં જંતુઓ મનુષ્ય વિગેરેમાં જન્મ પ્રાપ્ત કરવાના ઉપાયરૂપ જાતજાતના સંસારના માર્ગો 'મમ' મને કહો. ૩.

અને કાલ વૈરાગ્ય કરાવનારો હોવાથી તેનું સ્વરૂપ કહો એમ નીચેના શ્લોકમાં કહે છે:

**કાલસ્યેશ્વરરૂપસ્ય પરેષાં ચ પરસ્ય તે ||**
**સ્વરૂપં બત કુર્વન્તિ યદ્ધેતોઃ કુશલં જનાઃ ||૪||**

મોટાઓને વશ રાખનાર, ઈશ્વરના જેવાં સ્વરૂપવાળા આપરૂપ કાલનું સ્વરૂપ કહો કે જેને લીધે મનુષ્યો કુશલ આચરે છે. ૪.

ઈશ્વરનાં સ્વરૂપ જેવું છે સ્વરૂપ જેનું તેવો (કાલ છે). ભગવાને (પોતાનાં) ઐશ્વર્યનો ભાગ કાલમાં રાખેલો છે. તેથી કાલનું સ્વરૂપ જાણવું જોઈએ. વળી બ્રહ્મા વિગેરે મોટાઓને પણ (તે) 'પરઃ' વશ રાખનારો છે. વળી, 'અહો !' શબ્દથી હર્ષ દર્શાવે છે કે બધા મનુષ્યો કાલને લીધે કુશલ આચરે છે. કાલથી ભય (થતો) ન હોત તો કોઈ પણ કુશલ (આચરણ) ન કરત. ૪.

'બધું મારે કહેવું એવો આ કેવો આગ્રહ ?' એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:

**લોકસ્ય મિથ્યાભિમતેરચક્ષુષશ્ચિરં પ્રસુપ્તસ્ય તમસ્યનાશ્રયે ||**
**શ્રાન્તસ્ય કર્મસ્વનુવિદ્ધયા ધિયા ત્વમાવિરાસીઃ કિલ યોગભાસ્કરઃ ||૫||**

મિથ્યા અભિમાનવાળા, ચક્ષુરહિત, જેમાં કોઈ રક્ષણ કરનાર નથી તેવા અંધકારમાં ઘણા સમય સુધી સૂઈ રહેલા, કર્મથી ભરપૂર બુદ્ધિને લીધે થાકી ગએલા લોકોના આપ ખરેખર યોગનો પ્રકાશ કરનાર સૂર્ય પ્રકટ થયા છો. ૫.

લોકને મોક્ષ પ્રાપ્ત થાય તે માટે આપ ખરેખર યોગનો પ્રકાશ કરનાર સૂર્ય પ્રકટ થયા છો, તેથી અજ્ઞાન દૂર કરનારું સર્વ (જ્ઞાન) આપે જ કહેવું જોઈએ, કારણ કે સૂર્ય જ બધો અંધકાર દૂર કરે છે. 'લોકો પોતે જ પોતાનાં અજ્ઞાનને કેમ દૂર કરતા નથી ?' એવો પ્રશ્ન થાય, તેથી 'મિથ્યા અભિમાનવાળા' એમ કહેલું છે. 'અભિમતિઃ' અભિમાન છે જેને તેવો લોક છે. અભિમાનથી આકુલ થએલા (લોકો) સત્પુરુષોના માર્ગને જાણતા નથી, એવો અર્થ છે. વળી માર્ગનું જ્ઞાન ચક્ષુથી થાય,

(અને) લોકો તો 'ચક્ષુરહિત' છે. અહિં ચક્ષુ એટલે ઉત્તમ શાસ્ત્ર. તે ન હોય, તો સૂર્યથી પણ કાંઈ ફલ થવાનું નહિ. (તેઓમાં) ઘણો જ અવિવેક છે એમ જણાવવા કહે છે કેઃ તેઓ 'અનાશ્રયે' જેમાં કોઈ રક્ષણ કરનાર નથી તેવા 'અંધકાર' એટલે અજ્ઞાનમાં, 'ઘણા સમય સુધી સૂઈ રહેલા' એટલે આગળ પાછળના ભાન વિના સંસારમાં જ રમણ કરનારા છે, અને તેમાં પણ 'કર્મથી ભરપૂર બુદ્ધિને લીધે થાકી ગએલા' છે.

**કર્મશ્રાન્તઃ શયાનોઽજ્ઞઃ અન્યઃ સુપ્તસ્તમસ્યધઃ ।।**
**દીનો ભવતિ સર્વેષાં યે સમર્થા દયાલવઃ ।।૯।।**

કર્મથી થાકી ગએલો, સૂતેલો, અજ્ઞાની, (અને) બીજો નીચે અંધકારમાં સૂતેલો હોય તે જેઓ શક્તિવાળા દયાળુ હોય તે બધાની દયાને પાત્ર છે. કા.૯.

(આપ) તેઓના યોગનો પ્રકાશ કરનાર સૂર્ય છો. તેથી આ સૂર્ય (૧) ચક્ષુ પણ આપે છે, (૨) અંધકાર (અજ્ઞાન) પણ દૂર કરે છે, (૩) સૂતેલાને પણ જગાડે છે, (૪) અને થાક ઉતારે છે, અને (૫) કર્મમાંની આસક્તિ તજાવે છે અને (૬) ખોટાં અભિમાનને દૂર કરે છે, અને (૭) આધાર (રક્ષણ કરનાર) થાય છે અને (૮) તરત જ કૃતાર્થ કરે છે, એમ આઠ અંગવાળો[1] ઉદ્ધાર કરનારો છે. ૫.

૧. યોગનાં યમ, નિયમ વિગેરે આઠ અંગો હોવાથી, આ યોગનો પ્રકાશ કરનાર સૂર્ય આઠ અંગવાળો ઉદ્ધાર કરનારો છે એમ દર્શાવેલ હોવાનું જણાય છે.

દેવહૂતિ સત્પુરુષનો માર્ગ પૂછતી હોવાથી પ્રસન્ન થએલા, વૈરાગ્યનું કારણ કહેલું નથી એમ તે શ્રવણ કરે છે એમ જાણીને પણ પ્રસન્ન થએલા, તે માતા હોવાથી (તેના ઉપર) પ્રીતિ રાખનારા, તેની નમ્રતા જોઈને દયાને લીધે દુઃખી થએલા (કપિલે પોતે) મોટા મુનિ હોવાથી ભવિષ્યમાં આ કૃતાર્થ થશે એમ જાણીને, અભિનંદનથી (તેને) સાવધાન કરી ઉત્તર આપ્યો એમ (મૈત્રેય) નીચેના શ્લોકથી કહે છેઃ

।। મૈત્રેય ઉવાચ ।।

**ઈતિ માતુર્વચઃ શ્લક્ષ્ણં પ્રતિનન્દ્ય મહામુનિઃ ।।**
**આબભાષે કુરુશ્રેષ્ઠ પ્રીતસ્તાં કરુણાર્દિતઃ ।।૬।।**

હે ઉત્તમ કૌરવ ! માતાનાં એવાં મનોહર વચનનું અભિનંદન કરી, પ્રસન્ન થએલા, અને દયાથી પીડાએલા મોટા મુનિએ તેને (નીચે પ્રમાણે) ઉત્તર આપ્યો. ૬.

માતાનાં 'શ્લક્ષ્ણં' મનોહર વચનનું તેવાં (મનોહર) તરીકે અભિનંદન કરી, (કપિલે) પુરુષાર્થ (પ્રાપ્ત કરવા)માં ઉપયોગી થનારો તેને 'આબભાષે' પ્રત્યુત્તર આપ્યો. ૬.

મુખ્ય ભક્તિ કહેવા માટે આરંભમાં નીચેના શ્લોકથી આરંભી ગુણોને લીધે જૂદા જૂદા પ્રકારની ભક્તિ કહે છેઃ

**ભક્તિયોગો બહુવિધો માર્ગૈર્ભામિનિ ભાવ્યતે ।।**
**સ્વભાવગુણમાર્ગેણ પુંસાં ભાવો વિભિદ્યતે ।।૭।।**

હે ભામિની ! માર્ગોને લીધે ભક્તિયોગ ઘણા પ્રકારનો થાય છે. સ્વભાવ અને ગુણોના માર્ગથી પુરુષોની મતિ જૂદા પ્રકારની થાય છે. ૭.

(ભક્તિયોગ) 'માર્ગોને લીધે' એટલે જૂદા જૂદા મત હોવાને લીધે અને પુરુષના જૂદા જૂદા સ્વભાવો હોવાને લીધે ઘણા પ્રકારનો થાય છે, કારણ કે 'સ્વભાવ અને ગુણોના માર્ગથી પુરુષોના સ્વભાવ જૂદા જૂદા હોય છે. જીવો જૂદા જૂદા હોવાના કારણથી સ્વભાવ (જૂદો) છે, કારણ કે જૂદા જૂદા સ્વભાવવાળા જીવો અનેક પ્રકારના છે[૧]. અંતઃકરણ અને સ્વભાવના કારણરૂપ ગુણો પણ જૂદાઈ કરાવનારા છે[૨]. માર્ગો[૩] કાલ[૪] અને દેશની[૫] મર્યાદાથી[૬] દેહને ઉપદેશ કરનારા છે[૨]. માર્ગો[૩] વર્ણ અને આશ્રમના ધર્મો, પાખંડ વિગેરે જણાવનારાં શાસ્ત્રરૂપ છે. તેઓનો વારંવાર અભ્યાસ કરવાથી પ્રાણીઓની મતિ ફરે છે. જૂદા પ્રકારનું શ્રવણ કરીને પણ સ્વભાવને લીધે જૂદા પ્રકારનો અર્થ હોવાનુ માને છે, અને તેમના સેવકો તેવા જ પ્રકારની પ્રવૃત્તિ કરે છે, તેથી ભક્તિમાં ઘણા પ્રકારના માર્ગો છે. ૭.

૧. ''બધા જીવો ચિત્‌ના અંશરૂપ એક પ્રકારના હોવાથી, તેમના સ્વભાવ જૂદા જૂદા કેમ હોય ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ભગવાનથી વિખૂટા થએલા આત્માઓ વાસનાવાળા જૂદા જૂદા પ્રકારના લિંગદેહોમાં પ્રવેશ કરે ત્યારે 'જીવ' કહેવાય છે, તેથી તેઓના સ્વભાવ જૂદા જૂદા હોય છે, એવો અર્થ છે. (પ્ર)

૨...૨. આ બે વાક્યોમાં જૂદાઈ કરાવનારા બીજા બે (ગુણ અને માર્ગ) કહેલા છે. (પ્ર)

૩...૩. 'માર્ગો' એટલે કર્મમાર્ગ વિગેરે માર્ગો (પ્ર)

૪. કૃત, કલિ મુહૂર્ત, નક્ષત્ર વિગેરેરૂપ કાલ. (પ્ર)

૫. મગધ, કુરુક્ષેત્ર વિગેરેરૂપ દેશ. (પ્ર)

૬. 'કાલ અને દેશની મર્યાદા' એટલે તેવા અમુક પ્રકારના કાલ અને દેશમાં ઉત્પન્ન થવાને લીધે, (ત્યાંના) આચાર સંબંધ વિગેરેના નિયમો. (પ્ર).

તે પૈકી આરંભમાં નીચેના શ્લોકથી ભક્તિના તામસ પ્રકારો કહે છેઃ

**અભિસન્ધાય યો હિંસાં દમ્ભં માત્સર્યમેવ વા ।।**
**સંરમ્ભી ભિન્નદગ્ભાવં મયિ કુર્યાત્સ તામસઃ ।।૮।।**

હિંસા દંભ અથવા ઈર્ષ્યાને જ લક્ષમાં રાખીને જે ક્રોધી ભેદ જોનાર મારા વિષે ભક્તિ કરે તે તામસ છે. ૮.

શત્રુઓની હિંસાને લક્ષમાં રાખીને જે મારા વિષે 'ભાવં' ભક્તિ કરે, તે તામસ તામસ છે. તેથી બીજાને ઠગવા માટે જે ભક્તિ કરે છે, તે રાજસતામસ છે. પારકાની બુદ્ધિ તથા ધન (તેમાં) હરી લેવાય છે એ તામસપણું છે. ઈર્ષ્યાથી સરસાઈ સહન ન થવાથી લોકોની અસાધારણ બુદ્ધિનો નાશ કરવા જે મારા વિષે ભક્તિ કરે છે તે સાત્ત્વિકતામસ છે. આ ભક્તિ અંદરની બુદ્ધિરૂપ અથવા ધ્યાનરૂપ અથવા તપરૂપ છે[૧]. પરંતુ શ્રવણ વિગેરેરૂપ નથી, કારણ કે તે (શ્રવણ વિગેરે ભક્તિ)નો તેને અધિકાર નથી.[૨] 'જે સત્ અને અસત્ છે તે વાસ્તવિક રીતે જેમ ભગવાનજ છે. આ સત્યથી અમારા સર્વ ઉપદ્રવોનો નાશ થાઓ' એ વાક્ય[૩] પ્રમાણે ભેદ ન જોનારી દષ્ટિથી પણ આ ભાવો[૪] થાય છે, તેથી તેઓનો સમાવેશ ન થાય તે માટે 'ભેદ જોનાર' એમ કહેલું છે. 'ક્રોધી' શબ્દથી તમોગુણનું મૂલ જણાવેલું છે. ભગવાનની સ્તુતિઓમાં સર્વ સ્તુતિ કરનારાનો સમાવેશ થાય તે માટે ઘણાં ફલ કહેલાં છે, તેથી અમુક ફલની ઈચ્છાથી જ સ્તુતિઓ વિગેરેનું શ્રવણ કરવાનું સંભવતું હોવાથી તામસી ભક્તિ કહેલી છે. ૮.

૧. શ્લોકમાંના 'ભાવઃ' શબ્દનો અર્થ આ કહેલો છે. (પ્ર)

૨. આ ભક્તિ શ્રવણ વિગેરે રૂપ ન હોવાનું આથી સિદ્ધ કરેલું છે. શ્રવણ વિગેરેરૂપ ભક્તિ કરવાનો તેવા (પુરુષ)નો અધિકાર કહેલો નથી, એવો અર્થ છે. (પ્ર)

૩. ભેદ ન જોનારી દષ્ટિથી આવા ભાવો થતા હોવાનું ઉદાહરણ આ વાક્યથી કહેલું છે. (પ્ર)

૪. 'આ ભાવો' એટલે ધ્યાનરૂપ ભાવો. (પ્ર).

એવી રીતે નીચેના શ્લોકમાં ત્રણ પ્રકારની રાજસી (ભક્તિ) કહે છેઃ

**વિષયાનભિસન્ધાય યશ ઐશ્વર્યમેવ વા ।।**
**અર્ચાદાવર્ચયેદ્યો માં પૃથગ્ભાવઃ સ રાજસઃ ।।૯।।**

વિષયોને યશને અથવા ઐશ્વર્યને જ લક્ષમાં રાખીને જે ભેદ જોનારો પ્રતિમા વિગેરેમાં મારું પૂજન કરે છે, તે રાજસ છે. ૯.

માલા ચંદન વિગેરે 'વિષયો', 'યશ' એટલે કીર્તિ, અથવા ઐશ્વર્યને અનુક્રમે લક્ષમાં રાખીને, જે ગુણોથી જૂદા પ્રકારનો એટલે રાજસ થઈ પ્રતિમા વિગેરેમાં મારું પૂજન કરે છે, તે રાજસ છે. 'ભેદ જોનારો' નો અર્થ ઉપર[૧] પ્રમાણે (કરવો) 'એવ' 'જ' શબ્દ સમૂહનો સમાવેશ ન થાય તે માટે (યોજેલો છે). 'વા' 'અથવા' શબ્દ વિકલ્પ[૨] દર્શાવવા (યોજેલો છે), તેમ ન હોય તો ચાર પ્રકારો થાય. 'વિગેરે' શબ્દથી સૂર્ય વિગેરે (કહેલા છે). ૯.

૧. 'ઉપર પ્રમાણે' એટલે શ્લોક ૮ માં કર્યો તેવો.

૨. ત્રણમાંથી હરકોઈ એકને લક્ષમાં રાખવાનું જણાવવા.

નીચેના શ્લોકમાં સાત્ત્વિક (ભક્તિ)ના પ્રકારો કહે છેઃ

**કર્મનિર્હારમુદ્દિશ્ય પરસ્મિન્વા તદર્પણમ્ ।।**
**યજેદ્યષ્ટવ્યમિતિ વા પૃથગ્ભાવઃ સ સાત્ત્વિકઃ ।।૧૦।।**

કર્મનો નાશ અથવા ભગવાનને તેનું અર્પણ લક્ષમાં રાખીને, અથવા પૂજન કરવું જોઈએ તેવા વિચારથી જે ભેદ જોનારો પૂજન કરે છે, તે સાત્ત્વિક છે. ૧૦.

'કર્મ' એટલે પાપનો 'નિર્હારઃ' નાશ, એટલે પ્રાયશ્ચિત્ત એવો અર્થ છે. રોગ વિગેરેથી પહેલાં કરેલાં પાપનું જ્ઞાન થતાં, તે દૂર કરવા માટે જે ભગવાનનું પૂજન કરે, વૈદિક અથવા તાંત્રિકમાર્ગથી પૂજન કરે, તે તામસસાત્ત્વિક છે. કરેલાં સર્વ કર્મોનું 'પરસ્મિન્' ભગવાનને 'અર્પણં' સમર્પણ કરવાનું લક્ષમાં રાખીને, જે હરિનું પૂજન કરે તે રાજસસાત્ત્વિક છે. શાસ્ત્રની એવી આજ્ઞા હોવાથી ભગવાનનું પૂજન કરી તેમને સર્વ કર્મો સમર્પણ કરવાં જોઈએ, એવા વિચારથી જે પૂજન કરે, તેને તેવો (રાજસસાત્ત્વિક) કહેલો છે; પરંતુ જે નિત્ય (કરવાનાં) કર્મની પેઠે ભગવાનનું પૂજન કરવું જ જોઈએ એવા વિચારથી પૂજન કરે છે, તે સાત્ત્વિક છે. 'ભેદ જોનારો' નો અર્થ ઉપર પ્રમાણે (કરવો). ૧૦.

નીચેના શ્લોકથી આરંભી બે (શ્લાકો)થી નિર્ગુણ ભક્તિ કહે છેઃ

**મદ્ગુણશ્રુતિમાત્રેણ મયિ સર્વગુહાશયે ।।**
**મનોગતિરવિચ્છિન્ના યથા ગંગામ્ભસોઽમ્બુધૌ ।।૧૧।।**
**લક્ષણં ભક્તિયોગસ્ય નિર્ગુણસ્ય હ્યુદાહૃતમ્ ।।**

મારા ગુણના માત્ર શ્રવણથી સર્વના હૃદયમાં રહેનાર મારા વિષે–જેવી ગંગાનાં જલની સમુદ્રમાં નિરંતર ગતિ છે તેવી–મનની નિરંતર ગતિ–એ નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ કહેલું છે. ૧૧ ૧/૨.

સત્ત્વ વિગેરે ગુણો હદ બાંધનારા છે. સર્વથી ઉત્તમ (ગતિ)ના સાધન તરીકે શ્રવણ કરેલા ભગવાનના ગુણો તો પોતાના આધાર ભગવાનનો નિરંતર બોધ કરે છે. તેમ ન હોય, તો પોતાની સરસાઈ કરાવનારા ન થાય. તેથી સર્વના હૃદયમાં રહેનાર મારા ભગવાનના વિષે અટકાવ વિનાની નિરંતર મનની જે ગતિ–જેમ ગંગાનું જલ પર્વત વિગેરેને તોડીને પણ સમુદ્રમાં જાય છે તેમ લૌકિક અને વૈદિક વિઘ્નોને દૂર કરીને મનની જે ભગવાન્ વિષે ગતિ, (એ નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ કહેલું છે). 'મનની' એ ઉપલક્ષણ[૧] છે, અથવા જેવી ગોપીઓની કાયાની ગતિ (થએલી તેવી મનની ગતિ) દુર્લભ હોવાનું જણાવવા (યોજેલ છે). તે ગતિ 'નિર્ગુણ ભક્તિયોગનું'

એટલે પ્રેમના ભગવાન્ વિષે પ્રયાણને 'લક્ષણં' જણાવનારું (ચિહ્ન) છે એમ આગળના (બારમા શ્લોક) સાથે સંબંધ છે. (નિર્ગુણ ભક્તિનું એવી રીતે) સ્વરૂપ કહીને લક્ષ્ય[૨] અને લક્ષણનો સંબંધ બારમા શ્લોકના પૂર્વાર્ધથી કહે છે. તે 'નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ કહેલું છે'. એમ પ્રમાણ કહે છે. ૧૧[૧]/૨.

૧. 'ઉપલક્ષણ' એટલે ચિહ્ન. જે કહેલું છે (મન), તે માત્ર ચિહ્ન તરીકે કહેલું છે, એટલે તેના જેવા બીજાનો પણ તેમાં સમાવેશ કરવાનો છે. ગોપીઓના દષ્ટાંતથી દેહનો પણ તેમાં સમાવેશ કર્યો.

૨. 'લક્ષ્ય' એટલે જેનું લક્ષણ અથવા વ્યાખ્યા કહેવાની છે તે. અહિં નિર્ગુણ ભક્તિયોગ.

નીચેના અઢી (શ્લોકો)થી નિરંતર (ચાલુ) ભક્તિનું લક્ષણ કહે છેઃ

**અહૈતુક્યવ્યવહિતા યા ભક્તિઃ પુરુષોત્તમે ।।૧૨।।**
**સાલોક્યસાર્ષ્ટિસામીપ્યસારુપ્યૈકત્વમપ્યુત ।।**
**દીયમાનં ન ગૃહ્ણન્તિ વિના મત્સેવનં જનાઃ ।।૧૩।।**
**સ એવ ભક્તિયોગાખ્ય આત્યન્તિક ઉદાહૃતઃ ।।**
**યેનાતિવ્રજ્ય ત્રિગુણં મદ્ભાવાયોપપદ્યતે ।।૧૪।।**

મારા સેવકો મારી સેવા વિના આપવામાં આવતાં સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય અને એકપણાંને પણ ગ્રહણ કરતાં નથી. પુરુષોત્તમ વિષે જે હેતુ વિનાની અને વિરામ વિનાની જે ભક્તિ તે જ નિરંતર ભક્તિયોગ નામની કહેલી છે, જેનાથી ત્રણ ગુણવાળાનું ઉલ્લંઘન કરીને મારી સ્થિતિ પ્રાપ્ત કરવા યોગ્ય થાય છે. ૧૪.

પુરુષોત્તમમાં હેતુવિનાની જે ભક્તિ તે જ નિરંતર ભક્તિયોગ કહેલ છે, એવો (વાક્યનો) સંબંધ છે. પુરુષોત્તમ વિષે જ ભક્તિ (જોઈએ), પુરુષો વિષે અથવા અવતારો વિષે નહિ. અને ભક્તિ એટલે પ્રેમપૂર્વક સેવા. 'હેતુ' એટલે ફલ લક્ષમાં રાખવું તે, તે વિનાની (ભક્તિ) હેતુવિનાની, અથવા નિમિત્ત વિનાની છે. આથી સગુણ (ભક્તિ)ને બાતલ કરી. વિરામ વિનાની એટલે કાલથી અથવા કર્મથી જે સેવા અટકતી નથી તેવી, પરંતુ નિદ્રા ભોજન વિગેરેથી અટકે નહિ તેવી નહિ, કારણ કે (નિદ્રા અને ભોજન) સેવા કરાવનાર[૧] છે. 'જે ભક્તિ' એટલે લોક વેદમાં પ્રસિદ્ધ ભક્તિ, પરંતુ ચોરી વિગેરેથી પદાર્થો પ્રાપ્ત કરીને ભગવાનની સેવા કરી હોય તે નહિ. તે (ભક્તિ)નું દૃષ્ટાંત તેરમા શ્લોકમાં કહેલું છે. તે જ (ભક્તિ) નિરંતર છે કે જે પોતે જ રસરૂપ થાય છે. તે જ બીજાં ફલનો અંગીકાર કરવા દેતી નથી. (ભગવાનમાં) ઘણો જ પ્રેમ થાય ત્યારે એ પ્રમાણે થાય છે. 'સાલોક્ય' વૈકુંઠમાં

રહેઠાણ, 'સાર્ષ્ટિ' (ભગવાનની) સમાન સત્તા, 'સામીપ્ય' ભગવાનની સમીપમાં સ્થિતિ; સાલોક્યથી પણ આટલું અધિક છે; 'સારૂપ્ય' પોતાનું પણ ચાર ભુજાઓવાળું રૂપ, 'એકપણું' એટલે સાયુજ્ય. 'ઉત' 'પણ' શબ્દ તેને મુખ્ય ફલ જણાવે છે, તે પણ આપવામાં આવતા ગ્રહણ કરતાં નથી, એમ તેનો ઘણો જ અનાદર દર્શાવવા (કહેલું છે). આપવામાં આવતું હોય સ્નેહને લીધે. 'મત્સેવનં' એ સમાસથી એમ જણાવેલું છે કે સેવા જ આનંદરૂપ થએલી છે, કારણ કે તેઓ 'જનાઃ' સેવકો છે. 'ભક્તિયોગ' એ તે(વી સેવા)નું જ નામ છે. તે જ ભક્તિયોગને 'નિરંતર' કહેલો છે. તે સ્વતંત્ર છે એમ જણાય તે માટે ભગવાનની પેઠે તે ફલ પ્રાપ્ત કરાવનારો છે એમ ચૌદમા શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે. જે ભક્તિયોગથી ત્રણ ગુણવાળા (સંસાર)નું ઉલ્લંઘન કરીને 'મારી સ્થિતિ' એટલે ભગવાનની સ્થિતિ પ્રાપ્ત કરવા 'ઉપપદ્યતે' યોગ્ય થાય છે. ૧૪.

૧. નિદ્રા આરામ આપી, અને ભોજન બલ પ્રાપ્ત કરાવી શરીરને સેવા કરવા યોગ્ય રાખે છે, તેથી તે સેવા કરાવનારાં હોવાનું કહેલ જણાય છે.

નીચેના શ્લોકથી આરંભી ચાર (શ્લોકો )થી આ ભક્તિનાં સાધનો કહે છે કે :

**નિષેવિતાનિમિત્તેન સ્વધર્મેણ મહીયસા ।।**
**ક્રિયાયોગેન શસ્તેન નાતિહિંસ્રેણ નિત્યશઃ ।।૧૫।।**

(૧) સારી રીતે આચરેલા નિમિત્તવિનાના શ્રેષ્ઠ સ્વધર્મથી (૨) પ્રશંસા કરેલા, જેમાં ઘણી હિંસા નથી તેવા સદા આચરાતા ક્રિયાયોગથી... (શુદ્ધ અંતઃકરણવાળો થઈ પુરુષ મને પ્રાપ્ત કરે છે. શ્લો. ૧૯ ) ૧૫.

અંતઃકરણની શુદ્ધિ મુખ્ય સાધન છે. તે અંતઃકરણ સોળ કલાવાળું હોવાથી તેવી શુદ્ધિ થાય તે માટે સોળ સાધનો કહેવામાં આવે છે. તે પણ ત્રણ પ્રકારનાં છે. કરવામાં આવેલાં આધિભૌતિક જ તે (સાધનો) ધર્મ કરી (શકાય તે) માટે અંતઃકરણની ઉત્તમ શુદ્ધિ પ્રાપ્ત કરાવે છે. આધ્યાત્મિક તેઓ જ જ્ઞાન (પ્રાપ્ત થાય તે) માટે ઉત્તમ શુદ્ધિ પ્રાપ્ત કારાવે છે, અને વળી આધિદૈવિક જ તેઓ ભક્તિ (થઈ શકે તે) માટે ઉત્તમ શુદ્ધિ પ્રાપ્ત કરાવે છે. અને તે ભક્તિ નિરંતર છે. આ ભેદ 'આ મારા સંબંધવાળા ધર્મો આચરવાથી' (શ્લો. ૧૯) એમ કહેશે. તેમ ન હોય, તો અહિં (સાધનો)ને ભગવાનના સંબંધવાળા ધર્મો કહ્યા ન હોત.

તેથી જ આરંભમાં દોઢ (શ્લોક)થી સ્માર્ત શ્રૌત અને તાંત્રિક એ ત્રણ ધર્મો કહે છે. આરંભમાં શ્રૌત (ધર્મ)માં રુચિ થતી ન હોવાથી સ્માર્ત કહે છે. 'સ્વધર્મથી સારી રીતે શુદ્ધ થએલ અંતઃકરણવાળો પુરુષ મારી સમીપ આવે છે'. એવો (વાક્યનો) સંબંધ છે. બીજાં સાધનોના સંબંધમાં પણ એમ જ છે.

(૧) 'સ્વધર્મ' એટલે દેહનાં કાર્યથી પ્રાપ્ત થએલો વર્ણાશ્રમધર્મ. (અ) તે પણ જો 'નિતરાં' સારી રીતે આચરેલો હોય તો (સાધન થાય છે), પરંતુ (પોતાના) નિર્ણય પ્રમાણે (આચરેલો સાધન થતો) નથી. (આ) તે પણ કામના વિનાનો, અને તે પણ (ઇ) 'શ્રેષ્ઠ' એટલે પોતાની જાતનાઓના સમૂહ સાથેનો (એવા) ત્રણ પ્રકારના ગુણવાળો જો હોય, તો સ્નાન વિગેરેરૂપ સ્વધર્મ સ્માર્ત છે. તે તો પૃથ્વીના અંશના દોષનો નાશ કરનારો હોવાથી સોળમા ભાગનો લાભ કરે છે.

(૨) એવી રીતે યજ્ઞરૂપ વૈદિક ક્રિયાયોગ (બીજા સાધન છે). (અ) જે (યજ્ઞો)માં બ્રાહ્મણનાં વાક્યો ઘણી પ્રશંસા કરનારાં હોય છે, પરંતુ બાર દિવસ સુધી ચાલતા (યજ્ઞ)ની પેઠે નિંદાએલાં હોતાં નથી તે (બીજું સાધન છે). (આ) તેમાં પણ ઘણી હિંસા જેમાં થતી હોય તેવો (યજ્ઞ) ન કરવો. બળતણ અને અગ્નિ (પ્રકટ કરવા) માટે થોડી હિંસા થાય. વધ કરવાનો હોય ત્યારે પણ 'આને મૃત્યુ પાસે લઈ જવામાં આવે છે' એવી શ્રુતિ હોવાથી, તેવું પશુ[૧] હોય ત્યારે થોડી હિંસા થાય છે. તેથી 'જેમાં ઘણી હિંસા નથી' એવું વિશેષણ કહેલું છે. (ઇ) તે (ક્રિયાયોગ) પણ સદા કરવો જોઈએ. એવી રીતે ક્રિયાયોગ પણ ત્રણ ગુણોવાળો (કરવો). આ આધ્યાત્મિક દોષનો નાશ કરે છે, અને જલ આધ્યાત્મિક હોવાથી તેને શુદ્ધ કરનારો છે. ૧૫.

૧. 'તેવું' એટલે બળતણ વિગેરે સમાન મારેલું પશુ હોય ત્યારે. (પ્ર) 'તેવું' એટલે નજીવું, મરવા પડેલું, એવો અર્થ જણાય છે.

એ રીતે સ્માર્ત અને શ્રૌત (સાધનો)થી શુદ્ધ થઈ, તાંત્રિક (સાધન)માં આસક્ત થઈ પાંચ અંગવાળું ભગવાનનું ભજન કરે છે, એમ નીચેના શ્લોકમાં કહે છે:

**મદ્ધિષ્ણ્યદર્શનસ્પર્શપૂજાસ્તુત્યભિવન્દનૈઃ ।।**
**ભૂતેષુ મદ્ભાવનયા સત્ત્વેનાસઙ્ગમેન ચ ।।૧૬।।**

મારાં સ્થાનનાં દર્શન, ચરણસ્પર્શ, પૂજા, સ્તુતિ અને વંદનોથી, પ્રાણીઓમાં મારી ભાવના (કરવા)થી, સત્ત્વથી અને સંગરહિત રહેવાથી...૧૬.

(૩) ભગવાનનાં 'ધિષ્ણ્યાનિ' સ્થાનો. 'ધિષ્ણ્ય' શબ્દથી પ્રમાણનાં આધારવાળાં શ્રીરંગ વિગેરે (સ્થાનો કહેલાં છે). તેમનાં પ્રથમ (અ) દર્શન, પછી (આ) ચરણસ્પર્શ, પછી (ઇ) પૂજા (ઈ) સ્તુતિ અને (ઉ) નમન એ પાંચ (કરવાં). પાંચનું દરેકનું સામર્થ્ય (હોવાનું) જણાવવા બહુવચન (યોજેલું છે). આથી આ 'પાંચ અગ્નિમાં ઉત્પન્ન થયો' એમ સર્વ તેજના (પદાર્થો)ની શુદ્ધિ કહી. (૪) 'પ્રાણીઓમાં મારી ભાવના (કરવા)થી' શબ્દોથી ચોથું સાધન કહેલું છે. 'આ ભગવાન જ આવા પ્રકારે પ્રકટ થયા છે, અથવા વાયુની[૧] પેઠે (આ ભગવાન જ) આવી અવસ્થાવાળા

છે' એમ સર્વે દેહોમાં ભગવાનની ભાવના કરવી. (૫) 'સત્ત્વથી' શબ્દથી જૂદું સાધન (કહેલું છે). સત્ત્વગુણ સાધન છે. (અ) સાત્ત્વિક કર્મરૂપ (આ) સત્પુરુષોનું સ્વરૂપ પ્રાપ્ત કરાવનારો અને (ઈ) વસુદેવ (શુદ્ધ સત્વ)રૂપ અંતઃકરણ કરાવનારો, એવો તે ત્રણ પ્રકારનો છે. ભગવાન્ આકાશરૂપ શરીરવાળા હોવાથી, આ (સાધન)થી તે (આકાશ)ની શુદ્ધિ કહી. (૬) 'સંગરહિત રહેવાથી' સાધનથી ઈન્દ્રિયોની શુદ્ધિ કહેલી છે. સર્વનો સંગ કાઢી નાખવો. 'ચ' 'અને' શબ્દ હોવાથી, તે (સંગ)ની ઈચ્છાનો ત્યાગ (કરવાનું કહેલ છે). ૧૬.

૧. જે પ્રકાર કરવાથી વાયુની શુદ્ધિ થાય છે, એવો અર્થ છે. (પ્ર)

**મહતાં બહુમાનેન દીનાનામનુકમ્પયા ।।**
**મૈત્ર્યા ચૈવાત્મતુલ્યેષુ યમેન નિયમેન ચ ।।૧૭।।**

મોટાઓનું ઘણું સન્માન કરવાથી, ગરીબડાંઓ ઉપર ધ્યાન રાખવાથી, અને પોતાની સમાન હોય તેમની સાથે મૈત્રી રાખવાથી, યમથી અને નિયમથી...૧૭.

(૭) પોતાથી મોટાઓનું ઘણું સન્માન કરવું. (૮) દુઃખી ગરીબડાં પોતાથી હલકાંઓ ઉપર દયા રાખવી (૯) અને (પોતાની) સમાન હોય તેમની સાથે મૈત્રી રાખવી, પરંતુ (તેમની) ઈર્ષ્યા ન કરવી. (તેમનાં) તિરસ્કાર તથા હરીફાઈ ન કરવાં એવો 'અને' શબ્દનો અર્થ છે. (આ ત્રણ સાધનોથી) ચક્ષુના દર્શનના અને સ્પર્શના દોષો દૂર કરેલા છે. (૧૦) યમથી[1] અને (૧૧) નિયમથી એ દરેક બાર પ્રકારનાથી પણ હાથ અને પગ શુદ્ધ કરેલા છે. અહિંસા વિગેરે યમો છે. સ્નાન વિગેરે નિયમો છે. 'ચ' 'અને' શબ્દથી (તેમના) પેટાવિભાગોનો સમાવેશ કરેલો છે. ૧૭.

૧. યમ અને નિયમ ૧૧।૧૯।૩૩ તથા ૩૪માં કહેલા છે.

**આધ્યાત્મિકાનુંશ્રવણાન્નામસંકીર્તનાચ્ચ મે ।।**
**આર્જવેનાર્યસઙ્ગેન નિરહંક્રિયયા તથા ।।૧૮।।**

શાસ્ત્રોનું શ્રવણ (કરવા)થી, અને મારા નામનું કીર્તન કરવાથી, સરલતાથી, આર્યોના સંગથી, તેમજ અહંકારરહિત રહેવાથી...૧૮.

(૧૨) 'આધ્યાત્મિકાનાં' સાંખ્ય યોગ વિગેરે શાસ્ત્રોનું 'અનુશ્રવણં' ગુરુના મુખથી શ્રવણ કરવું. (આ) કાનને શુદ્ધ કરનારું છે. અને (૧૩) ભગવાનનાં નામનું સદા કીર્તન કરવું, (એ) વાણીને શુદ્ધ કરનારું છે. 'ચ' 'અને' શબ્દો હોવાથી (ભગવાનનાં) ગુણો અને કર્મોનું પણ (કીર્તન કરવું). 'મેં' 'મારા' શબ્દથી વિષયને બાતલ કરેલ છે. (૧૪) સર્વસ્થલે 'આર્જવમ્' સરલતા (રાખવી). (આ) નાકની

શુદ્ધિ કહી. (૧૫) 'આર્યોનો' એટલે ઉત્તમ પુરુષોનો સંગ જીભની શુદ્ધિ કરાવનારો છે. તેઓ (આર્યો) જ (ભગવાન્ સિવાયના) બીજા રસને અટકાવનારા છે. (૧૬) અહંકાર ન રાખવાથી મનની શુદ્ધિ થવાનું તો ઘણું પ્રસિદ્ધ છે. ૧૮.

**મદ્ધર્માચરણૈરેતૈઃ પરિશુદ્ધાશ્રયઃ સ્ફુટમ્ ।।**
**અઞ્જસા પુરુષોઽભ્યેતિ શ્રુતમાત્રગુણં હિ મામ્ ।।૧૯।।**

મારા સંબંધવાળા આ ગુણોના આચરણોથી સ્પષ્ટ પ્રકારે શુદ્ધ અંતઃકરણવાળો થએલો પુરુષ ખરેખર! (મારા) ગુણો માત્ર સાંભળતાં જ મને સંપૂર્ણ રીતે પ્રાપ્ત થાય છે. ૧૯.

આ બધા જે ભક્તિ ઉત્પન્ન કરનારા છે, તે મારા સંબંધવાળા ગુણો છે. તેમનાથી અંતઃકરણ સર્વ તરફથી શુદ્ધ થાય છે. ત્યારે જ પુરુષ 'અઞ્જસા' સંપૂર્ણ રીતે[1] (મારા) ગુણો માત્ર સાંભળતાં જ મને પ્રાપ્ત થાય છે. જેમ લાંબા સમય સુધી (જેના આવવાની) રાહ જોવામાં આવેલી છે, તેવા પરદેશ ગએલ પુત્રના ગુણ, અથવા (તેવા) પતિના ગુણ સાંભળવામાં આવતાં (બીજાં) સર્વ સ્થલેથી પાછું ફરેલું મન તેમાં જ પ્રવેશ કરે છે, (તેમ શુદ્ધ અંતઃકરણવાળો પુરુષ મને પ્રાપ્ત થાય છે), અને પોતે (ભગવાનની) સમીપ આવતો હોવાથી (આ) યોગ્ય કહેલું છે, એવો 'હિ' 'ખરેખર' શબ્દનો અર્થ છે. 'પુરુષસ્યાઞ્જસા' એવો પાઠ હોય ત્યારે 'આશયઃ' (પરિશુદ્ધાશયઃ) 'એ શુદ્ધ અંતઃકરણવાળો' જ કર્તા છે. ૧૯.

૧. ઉપર શ્લોકમાં મૂકેલ પાઠ પ્રમાણે આવો અર્થ થાય છે. (પ્ર)

વળી નીચેના શ્લોકમાં મુખ્ય સાધન[1] કહે છેઃ

**યથા વાતરથો ઘ્રાણમાવૃઙ્ક્તે ગન્ધ આશયાત્ ।।**
**એવં યોગરતં ચેત આત્માનમવિકારિ યત્ ।।૨૦।।**

જેમ વાયુરૂપ રથવાળી ગંધ (પોતાનાં) સ્થાનમાંથી નાક તરફ જાય છે, એવી રીતે જે વિકાર વિનાનું છે તે યોગમાં રમી રહેલું ચિત્ત આત્મા તરફ જાય છે. ૨૦.

સદા આચરવામાં આવતો યોગ એકલો જ સર્વ (સાધનો) પ્રાપ્ત કરાવનારો છે, તેને શુદ્ધિની પણ જરુર નથી એમ દૃષ્ટાંતથી (તે) તેવો (સાધનો પ્રાપ્ત કરાવનાર) હોવાનું કહે છે. જેમ વાયુ ઉપર ચઢી ગએલી, અથવા સ્વભાવથી જ વાયુ છે રથ જેનો તેવી ગંધ છે, તે તો નાક તરફ જ જાય છે, કારણ કે નાક જ તેને ગ્રહણ કરનારું છે; એવી રીતે યોગમાં રમી રહેલું ચિત્ત પણ આત્માને જ ગ્રહણ કરતું હોવાથી આત્મા તરફ જ જનારું થાય છે. આને ઉપર કહેલાં સાધનોની પણ જરૂર છે એવા અભિપ્રાયથી 'જે વિકારવિનાનું છે' એમ કહેલું છે. જે ચિત્તે બધોએ વિકાર

તજી દીધેલો છે તે (આત્મા તરફ જાય છે). ૨૦.

૧. ભગવાનને પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન કહે છે, એવો અર્થ છે. (પ્ર)

એ રીતે સાધનો સાથે ઉત્તમ ભક્તિ પૂર્ણ કરી, નીચેના શ્લોકથી આરંભી ચાર (શ્લોકો)થી ઉપર કહેલી ત્રણ પ્રકારની સગુણ ભક્તિની નિંદા કરે છેઃ

**અહં સર્વેષુ ભૂતેષુ ભૂતાત્માઽવસ્થિતઃ સદા ।।**
**તમવજ્ઞાય માં મર્ત્યઃ કુરુતેઽર્ચાવિડમ્બનમ્ ।।૨૧।।**

સર્વ પ્રાણીઓમાં પ્રાણીઓનો આત્મા હું સદા રહેલો છું, તેની મારી અવગણના કરીને મરણશીલ (મનુષ્ય) (પ્રતિમાનું) પૂજન કરે છે.૨૧.

**કરોતિ યત્તન્નટવન્મુખ્યસ્યાતિક્રમસ્તથા ।।**
**દોષોત્પત્તિશ્ચ પ્રચુરા મત્પ્રીતેશ્ચ ન સાધકમ્ ।।૧૦।।**

(૨૧) જે કરે છે તે નટની પેઠે કરે છે, (૨૨) તેમજ મુખ્યનું ઉલ્લંઘન થાય છે, (૨૩) વળી દોષોની ઘણી ઉત્પત્તિ થાય છે, (૨૪) અને મારી પ્રસન્નતા કરાવતું નથી. કા.૧૦.

તે પૈકી આરંભમાં એમ કહે છે કે પહેલાં કહેલી ભક્તિ માત્ર (ભક્તિનું) અનુકરણ છે, પણ ભક્તિ નથી. સર્વ પ્રાણીઓમાં હું આત્મા છું. 'સ્થિતિ હોવાથી એમ કાશકૃત્સ્ન (કહે છે)' (બ્ર.સૂ. ૧|૪|૨૨)માં એમ સિદ્ધ કરેલું છે કે ભગવાનની જ અમુક અવસ્થા જીવ છે. 'સદા રહેલો છું' શબ્દોથી તે (અર્થ) કહેલો છે. અથવા હું જ 'ભૂતાત્મા' સર્વ ભૂતરૂપ તત્ત્વરૂપ જીવરૂપ અને દેહરૂપ છું એવો (અર્થ કરવો). 'સદા રહેલો છું' શબ્દોથી અંતર્યામી (હોવાનું કહેલ છે). તેથી સર્વ પ્રકારે સર્વ ભૂતોમાં રહેલાની મારી અવગણના કરી તેઓને વિષે જૂદા હોવાની બુદ્ધિ અને હિંસા વિગેરે કરી, પોતાના આત્માને પણ માત્ર મર્ત્ય (મરણ પામે તેવું) શરીર જાણી, જે (પૂજા) કરે છે, તે પૂજાનું અનુકરણ જ છે. ૨૧.

હવે ભગવાનને આકાર ન હોવાથી, શાસ્ત્રનું ઉલ્લંઘન કરી પોતાની બુદ્ધિ પ્રમાણે (આકારની કલ્પના કરી) જો ભજન કરે, તો તેને જે ફલ થાય તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**યો માં સર્વેષુ ભૂતેષુ સન્તમાત્માનમીશ્વરમ્ ।।**
**હિત્વાઽર્ચાં ભજતે મૌઢ્યાદ્ભસ્મન્યેવ જુહોતિ સઃ ।।૨૨।।**

જે સર્વ પ્રાણીઓમાં રહેલા આત્મા અને ઈશ્વરને મને તજી, મૂર્ખાઈથી પ્રતિમાનું પૂજન કરે છે, તે રાખમાં જ હોમ કરે છે. ૨૨.

(સર્વના) દેહમાં હું ત્રણ સ્વરૂપથી રહેલો છું. (૧) પહેલાં પ્રાણી માત્રમાં

તેમના રૂપથી, (૨) પછી આત્માના રૂપથી (અને) (૩) પછી 'ઈશ્વરઃ' અંતર્યામીના રૂપથી. એવી રીતે પુરુષમાં સર્વ પ્રકારે રહેલા ભગવાનને તજી જે 'અર્ચા' પ્રતિમાનું પૂજન કરે છે (તે રાખમાં હોમ કરે છે). (તેવું) પૂજન કરવામાં પ્રમાણ નથી એમ 'મૂર્ખાઈથી' શબ્દથી કહેલું છે, પરંતુ સ્વતંત્ર ભગવન્માર્ગનું નિવારણ કરેલું નથી[1]. તે ગુણોથી પર છે એમ 'મારું સ્થાન તો નિર્ગુણ છે' વિગેરે (વાક્યો)થી અગીયારમા (સ્કંધ)માં કહેશે. વળી વાક્યોને પ્રકરણ સાથે સંબંધ હોય છે, અને તેઓ તે પ્રકરણમાં રહેલા જ ગુણ તથા દોષ કહે છે. ત્યાં (સ્વતંત્ર ભગવન્માર્ગમાં) જૂદા હોવાની સ્થિતિ તો કહેલી નથી. અથવા બારને અનુસરીને[2] પુરુષ નારાયણનું પૂજન કરવું. (આ) બંનેમાં ભેદ અને ગુણો ન હોવાથી, આ દૂષણો થતાં નથી, પરંતુ અહિં જ તેઓ ઉપર જણાવેલી સગુણ ભક્તિને દોષવાળી કરે છે. પ્રતિમામાં જ્ઞાન[3] ક્રિયા ચૈતન્ય અને આનંદ ન હોવાથી, (તેઓને) ઉત્પન્ન કરવા યોજેલાં આ[4] પાછળથી (તેને) તજીને જતાં રહેલાં હોય છે, તેથી (પૂજન) રાખમાં કરેલા હોમ જેવું થાય છે. 'તે' એટલે ઉપર કહેલો (સગુણ ભક્તિ કરનાર) જ. પહેલાં અગ્નિ ત્યાં જોએલો હોવાથી, અગ્નિ શાંત થયા પછી પણ (તેમાં તે) તે ભ્રમથી હોમ (કરે છે), તેથી તેનું અહિં દૃષ્ટાંત આપેલું છે. ૨૨.

૧. 'ભગવાને અગીઆરમા સ્કંધમાં 'મારી પ્રતિમાનું સ્થાપન કરી...' વિગેરેથી લંબાણથી પ્રતિમાપૂજનને મુખ્ય કહેલું છે, અને અહિં નિંદા કરવામાં આવે છે તે બેમાં વિરોધ નથી ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલું છે. પૂજાના વિષય, અધિકારી અને પ્રમાણ જૂદાં જૂદાં હોવાથી વિરોધ નથી, એવો અર્થ છે. (પ્ર)
૨. 'સેવામાં તાંત્રિકો...' વિગેરેથી કહેલા. (પ્ર).
૩. અહિં 'જ્ઞાન' (ભગવાનના) ગુણરૂપ જાણવું. (પ્ર).
૪. 'આ' એટલે પૂજા કરનારનાં જ્ઞાન વિગેરે, પ્રતિમામાં ભગવાનપણું ઉત્પન્ન કરવા યોજેલાં હોય, તે પ્રાણીઓમાં રહેલા ભગવાનની અવગણનાને લીધે (પ્રતિમા) તજી જતાં રહે છે, એવો અર્થ છે.

પ્રતિમામાં ભગવાનનું ભજન કરવામાં આવે ત્યારે બીજાનો દ્વેષ વિગેરે (કરવા)થી કામ વિગેરે ઉત્પન્ન થવાથી, કોઈ પણ સમયે મનની શાંતિ થશે નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દ્વિષતઃ પરકાયે માં માનિનો ભિન્નદર્શિનઃ ।।**
**ભૂતેષુ બદ્ધવૈરસ્ય ન મનઃ શાન્તિમૃચ્છતિ ।।૨૩।।**

બીજાના દેહમાં (રહેલાનો) મારો દ્વેષ કરનારા અભિમાની, ભેદ જોનાર, (અને) પ્રાણીઓ ઉપર વૈર રાખનારનું મન શાંતિ પ્રાપ્ત કરતું નથી. ૨૩.

તે મારો જ દ્વેષ કરે છે, કારણ કે પ્રાણીઓમાં હું જ રહેલો છું. તેથી બીજાના દેહમાં (રહેલાનો) મારો દ્વેષ કરનારનું મન કોઈ પણ સમયે શાંતિ પ્રાપ્ત કરતું નથી, એવો (વાક્યનો) સંબંધ છે. 'જેનો દ્વેષ કરે છે તે જીવ જ છે'[1] અથવા દેહ છે, તેમ ન હોય[2] તો વ્યવહાર થાય નહિ. તેથી વ્યવહાર માટે, અને 'જેનો દ્વેષ કરે તેનું ધ્યાન કરવું જોઈએ' એવી શ્રુતિ હોવાથી, ભેદની આકાંક્ષા રહે છે જ. ''તે વિષયમાં 'મારો દ્વેષ કરનાર (નું મન શાંતિ પ્રાપ્ત કરતું નથી)' એમ ભગવાન્ કેમ કહે છે ?'' એવી શંકા થાય, તો ખરેખર, તેણે કરેલાં નુકશાનની ક્રિયાને લીધે તેના ઉપર દ્વેષ થાય છે. તે ક્રિયા મેં કરેલી અથવા મારી પ્રેરણાથી થએલી હોવાથી, જો તે[3] કારણથી બીજાનો દ્વેષ કરે તો તે મારો જ દ્વેષ કરે છે. ભેદ (ના વિષય)માં તો[4] યજ્ઞના વિરોધી દૈત્યો, તેઓમાં હું રહેલો હોવા છતાં–ચોખા વિગેરે ઉપરથી ફોતરાં કાઢી નાખે તેમ–રોગોની પેઠે નાશ કરવા યોગ્ય છે. તેથી યજ્ઞ (થાય તે) માટે દ્વેષ (કરવો યોગ્ય છે), પણ દ્વેષ (કરવા) માટે યજ્ઞ (કરવો) યોગ્ય નથી. શ્યેન[5] (યજ્ઞ) વિગેરેમાં પણ એમ જ છે, કારણ કે યજ્ઞનો શત્રુ જ પોતાનો શત્રુ છે. તેમાં[6] તો યજ્ઞ અભિમાનરહિત હોવાથી તેટલું પણ કરવું જોઈએ, અહિં તો ભગવાન્ અભિમાન સહિત હોવાથી દ્વેષ કરનારનો પણ દ્વેષ ન કરવો. કાર્ય તો પ્રહ્લાદની પેઠે સિદ્ધ[7] થશે. તેથી આ માર્ગમાં દ્વેષ સર્વે પ્રકારથી અયોગ્ય છે. વળી સૃષ્ટિ ભગવાન્ માટેની છે[8], તેથી આમાં ભગવાનનો જ દ્વેષ થાય છે. વળી[9] 'અભિમાની, ભેદ જોનાર, (અને) પ્રાણીઓ ઉપર વૈર રાખનાર' એવા ત્રણ દોષો છે. (આ) સાત્ત્વિક, રાજસ અને તામસ દોષો કહેલા છે, કારણ કે ત્રિદોષથી ઘેરાએલાને શાંતિ થતી નથી. અભિમાન તો સાત્ત્વિક દોષ જ છે, કારણ કે ઉત્તમ કર્મ (કરેલ હોય તે)થી જ અભિમાન થાય છે. ક્રિયાને લીધે ભેદ (જૂદાઈ) થતો હોવાથી, જૂદા હોવાનું જ્ઞાન રાજસ છે. વૈર તો તામસ છે એમ (જાણવું). ૨૩.

૧. ''(કોઈ બીજાનો દ્વેષ કરવાથી) બીજાની કાયામાં રહેલા ભગવાનનો દ્વેષ થાય એ લોક અને વેદથી વિરુદ્ધ છે'' એવી શંકા અહિંથી કરે છે. (પ્ર)

૨. 'તેમ ન હોય' એટલે જીવ તથા દેહ ભગવાનથી જૂદા ન હોય. (પ્ર).

૩. 'તે કારણથી' એટલે (તેણે કરેલ) નુકશાનનાં કારણથી. (પ્ર)

૪. ''વ્યવહાર થાય તે માટે ભગવાનને જ ભેદ પ્રકટ કરેલ હોવાથી તે તેમણે જ યોજેલો છે'' એવી શંકા થાય, તેથી આ કહેલા છે. (પ્ર).

૫. ''એમ હોય તો શ્યેન વિગેરે યજ્ઞોની શી ગતિ ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. શ્યેન યજ્ઞ દ્વેષના પ્રયોજનવાળો છે, છતાં પ્રાણીઓનો દ્વેષ કરવાનું તેનું તાત્પર્ય નથી. (પ્ર).

૬. ''શ્યેનના દષ્ટાંતથી અહિં દ્વેષનું સમાધાન કરવું'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર)

૭. ''એ રીતે સર્વ (કોઈ) દ્વેષ ન કરીએ તો કાર્ય કેમ સિદ્ધ થાય ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ભગવાનથી જ કાર્ય સિદ્ધ થશે એમ (પ્રહ્લાદના) દષ્ટાંતથી કહે છે. (પ્ર)

૮. ''એ પ્રમાણે દ્વેષનો સંપૂર્ણ ત્યાગ કરવાનો હોય તો, 'વિશ્વામિત્ર અને જમદગ્નિએ વસિષ્ઠની હરીફાઈ કરી' વિગેરે વાક્યમાં કહેલ આચારનો વિરોધ થાય'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. બીજી સૃષ્ટિમાં ગમે તેમ થાઓ, પણ જે આ સૃષ્ટિમાં ઉત્પન્ન થએલ હોય, તેણે આ જ ધ્યાનમાં રાખવી જોઈએ. એવો અર્થ છે. (પ્ર).

૯. અહિંથી ફલ દર્શાવી દ્વેષ ન કરવાનું આવશ્યક હોવાનું જણાવે છે. દ્વેષ રાખવાથી અશાંતિરૂપ દોષ પ્રત્યક્ષ થાય છે અને 'શાંતિ ન હોય તેને સુખ ક્યાંથી ?' એ વાક્ય પ્રમાણે તેને સુખ થતું નથી. તેથી દ્વેષ અભિમાન વિગેરેનો ત્યાગ કરવો. (પ્ર).

(દ્વેષ રાખવાથી) હું તો પ્રસન્ન થતો નથી, એવો મુખ્ય દોષ નીચેના શ્લોકમાં કહે છે[1]:

**અહમુચ્ચાવચૈર્દ્રવ્યૈઃ ક્રિયયોત્પન્નયાઽનઘે ।।**
**નૈવ તુષ્યેઽર્ચિતોઽર્ચાયાં ભૂતગ્રામાવમાનિનઃ ।।૨૪।।**

હે પાપરહિત (માતા) ! પ્રાણીઓના સમૂહનો તિરસ્કાર કરનારે ભારે અથવા હલકાં દ્રવ્યોથી કરેલી ક્રિયાથી પ્રતિમામાં પૂજેલો હું પ્રસન્ન થતો નથી જ. ૨૪.

જો કે ઘણું સુવર્ણ પુષ્પ વિગેરે આપે તો પણ 'ભારે અથવા હલકાં' અનેક પ્રકારનાં દ્રવ્યોથી કરેલી ક્રિયાથી હું પ્રસન્ન થતો નથી જ. તેનું કારણ 'પ્રાણીઓના સમૂહનો તિરસ્કાર કરનારે' શબ્દથી કહેલું છે. 'પ્રતિમામાં' એ ઉપલક્ષણ છે. અમુક પુરુષમાં[2] (ભગવાનનું) ભજન કરવામાં આવે ત્યારે પણ પ્રાણીઓના સમૂહનો તિરસ્કાર કરનારથી પ્રસન્નતા થતી નથી જ, પરંતુ તેવો (પુરુષ) તે (પ્રતિમા)માં જ ભજન કરે છે, તેથી 'પ્રતિમામાં' એમ કહેલું છે. ૨૪.

૧. આ શ્લોકમાં દ્વેષ વિગેરે (કરવા)નો મોટો દોષ કહેલો છે. (પ્ર)

૨. 'અમુક પુરુષમાં' એટલે 'ગુરુ વિગેરેમાં'. (પ્ર)

''ત્યારે પ્રતિમાનું (પૂજન[1] કરવાની) આજ્ઞા કરનારાં વાક્યો વ્યર્થ થશે'' એવી શંકા થાય તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**અર્ચાદાવર્ચયેત્તાવદીશ્વરં માં સ્વકર્મકૃત્ ।।**
**યાવન્ન વેદ સ્વહૃદિ સર્વભૂતેષ્વવસ્થિતમ્ ।।૨૫।।**

જ્યાં સુધી પોતાનાં કર્મ કરનાર (પુરુષ) સર્વ પ્રાણીઓમાં રહેલા મને ઈશ્વરને પોતાના હૃદયમાં રહેલો ન જાણે ત્યાં સુધી પ્રતિમા વિગેરેમાં મારું પૂજન કરવું જોઈએ. ૨૫

જ્યાં સુધી ભગવાન્ સર્વરૂપ છે એમ ન જાણે[2], ત્યાંસુધી પ્રતિમામાં પૂજન

કરવું જોઈએ, કારણ કે તેમ ન કરે તો આ ઈશ્વર (તેને) હણે[3]. 'પોતાનાં કર્મ કરનાર' શબ્દથી એમ કહેલું છે કે તે પૂજન ધર્મરૂપ છે[4]. બ્રાહ્મણ વિગેરેનું, સંધ્યાવંદનની પેઠે ભગવાનનું પૂજન પણ નિત્ય (કર્મ) છે. તેથી પોતાનું કર્મ કરનાર (પુરુષ) જ્યાંસુધી સર્વ પ્રાણીઓમાં રહેલાને મને પોતાનાં હૃદયમાં (રહેલો) ન જાણે-(જ્યાંસુધી તેને મારો પોતાનાં હૃદયમાં) અનુભવ ન થાય એવો અર્થ છે, પરંતુ શબ્દથી થએલ જ્ઞાન (પ્રતિમામાં પૂજન બંધ) કરાવનારું[5] નથી-ત્યાં સુધી શાલિગ્રામ વિગેરેમાં તેણે મારું પૂજન કરવું જોઈએ. સાક્ષાત્ ભગવાન્ પધારે ત્યારે (તેમના વિષે) જેવી બુદ્ધિ થાય, તેવી જીવડાં તથા કીડાઓ વિષે પણ જો થાય, તો કર્મ કરતાં અટકવું અને પ્રતિમામાં પૂજન કરતાં અટકવું, એવું આ સામાન્ય[6] વચન (કહેલું છે), કારણ કે (ત્યાર પછી) ગુણોનું પ્રધાનપણું રહેતું નથી. ૨૫.

૧. 'પૂજનની' એટલે સગુણ પૂજનની. (પ્ર).
૨. એટલે મુખ્ય અધિકાર ન હોય, ત્યારે શું કરવું એ જાણાવતાં હોવાથી એ વાક્યો ઉપયોગી છે, તેથી નકામાં નથી એવો અર્થ છે. (પ્ર).
૩. ''વાક્યો નકામાં ન હોય છતાં પૂજાનું કાંઈ ફલ ન હોવાથી, ફલથી તે નકામાં છે'' એવી શંકા થાય તેથી આ વાક્ય કહેલું છે, પ્રતિમાનું પૂજન ન કરવાથી આવું ફલ થતું હોવાથી, ફલથી પણ તે વાક્યો નકામાં નથી, એવો અર્થ છે. (પ્ર)
૪. આ વાક્યથી તે પૂજનનું સ્વરૂપ કહેલું છે. (પ્ર).
૫. 'કરાવનારું' એટલે પૂજન વિગેરે કર્મ બંધ કરાવનારું. (પ્ર).
૬. 'સામાન્ય' એટલે સર્વ પૂજાઓને લાગુ પડતું. (પ્ર).

જ્ઞાન થયા પછી તો (પ્રતિમામાં પૂજન) કરવાનું નથી, તે વિષયનું કારણ નીચેના[1] શ્લોકમાં કહે છેઃ

**આત્મનશ્ચ પરસ્યાપિ યઃ કરોત્યન્તરોદરમ્ ।।**
**તસ્ય ભિન્નદશો મૃત્યુર્વિદધે ભયમુલ્બણમ્ ।।૨૬।।**

પોતાની અને બીજાની વચ્ચે જે જરા પણ ભેદ કરે છે તે ભેદ દષ્ટિવાળાને મૃત્યુરૂપ હું તીવ્ર ભય ઉત્પન્ન કરું છું. ૨૬.

જો જ્ઞાન (થયા) પછી પણ ભેદબુદ્ધિથી પૂજન કરે[2], તો (હું તીવ્ર ભય ઉત્પન્ન કરું છું). પોતાની સેવા કરતો હોય તેની પેઠે (પૂજન) કરતાં દૂષિત થતો નથી, અને પોતાની સેવા (કરવા)થી, પોતે સંતોષ પામે છે. 'તે જૂદો છે હું જૂદો છું એમ જાણી જો પશુની પેઠે બીજા દેવની પૂજા કરે, તો એ રીતે તે દેવોનો પશુ થાય છે' એવી શ્રુતિ હોવાથી, '(હું) પોતે છું' એમ જાણી પૂજા કરવી જોઈએ; છતાં જે પોતાની અને બીજાની વચ્ચે 'ઉત્ અરમ્' જરા પણ 'અરમ્' ભેદ-કારણ કે આરાઓ

ચક્ર(ના અવયવો)નો ભેદ જણાવનારા છે-કરે છે, તેને 'જ્યારે આ આમાં જરા પણ ભેદ કરે છે, ત્યારે તરત જ તેને ભય થાય છે' એ શ્રુતિ પ્રમાણે (ભય થાય છે). તે ભય હું જ કરાવું છું. એમ ઉત્તરાર્ધથી કહે છે. તીવ્ર ભય 'વિદધે' સારી રીતે તેની અંદર સ્થાપન કરું છું. તે ભય મૃત્યુ જ છે, કારણ કે બીજા ભયથી તે પ્રાણનો ત્યાગ કરતો નથી. પ્રાણ નભાવવાનો પ્રયત્ન કુદરતી છે. તેથી (ભેદ જોનારને) ભક્તિનું ફલ (મળવું) દૂર રહ્યું, પરંતુ મૃત્યુ પ્રાપ્ત થાય છે, તેથી જ્ઞાન (પ્રાપ્ત થયા) પછી મૃત્યુ થતું ન હોવાથી આ કરવાનું નથી એમ સિદ્ધ થાય છે. ૨૬.

૧. ભેદની નિંદા કરી, અભેદદષ્ટિ રાખવાનું કારણ કહે છે, એવો અર્થ છે. (પ્ર)

૨. 'પૂજન કરે' એટલે ભેદ જોનારી દષ્ટિથી પૂજન કરે, તેને હું જ ભય ઉત્પન્ન કરું છું, એ વાક્ય સાથે સંબંધ છે. (પ્ર)

જ્ઞાન (પ્રાપ્ત કરવા) ઈચ્છનાર માટે (તેની) અજ્ઞાનવાળી સ્થિતિમાં પણ પ્રતિમાપૂજન કરતાં સર્વ પ્રાણીઓમાં જ (ભગવાનનું) ભજન (કરવું) ઉત્તમ છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અથ માં સર્વભૂતેષુ ભૂતાત્માનં કૃતાલયમ્ ।।**
**અર્હયેદ્દાનમાનાભ્યાં મૈત્ર્યાઽભિન્નેન ચક્ષુષા ।।૨૭।।**

વળી સર્વ પ્રાણીઓમાં રહેઠાણ કરી રહેલાનો પ્રાણીઓના આત્માનો મારો ભેદરહિત દષ્ટિથી દાન માન અને મૈત્રીથી સત્કાર કરવો. ૨૭.

'અથ' 'વળી' શબ્દ જૂદો આરંભ દર્શાવે છે, કારણ કે ઉપર જ્ઞાનીનું નિરૂપણ કરેલું હતું. સર્વ પ્રાણીઓમાં (રહેલા ભગવાનનું) ભજન કરવાનું ભક્તિમાર્ગમાં પણ છે, તેથી તેનો સમાવેશ ન થાય તે માટે 'પ્રાણીઓના આત્માનો' એમ કહેલું છે. 'પ્રાણીઓનો આત્મા' એટલે જીવ. 'તે સર્વ સ્થલે હોય છે. તેથી પ્રાણીઓમાં (સત્કાર કરવાનો) આ ભેદ શા માટે ?' એવો પ્રશ્ન થાય, તે સંબંધમાં 'રહેઠાણ કરી રહેલાનો' એમ કહેલું છે. જેમ કોઈક કોઈક સ્થલે ઘર કરી રહે છે, તે ત્યાં સહેલાઈથી પ્રાપ્ત થાય છે; તેથી (તેમ) દેહરૂપ ઘર કરી (તેમાં) રહેલા આત્માની પણ પ્રાપ્તિ તેમાં સહેલાઈથી થાય છે. લોકમાં પણ ઘરમાં પદાર્થ સમર્પણ કરવાથી ગૃહસ્થ પ્રસન્ન થાય છે, તેથી પ્રાણીઓમાં જ મારો સત્કાર કરવો. વળી જેનાથી જે પ્રસન્ન થાય તેની જ યોગ્યતા પ્રમાણે પૂજા કરવી. તેમાં મુખ્ય દાન અને માન તથા મૈત્રી છે. હલકાને દાન, ઉત્તમને માન અને સરખા સાથે મૈત્રી (કરવાં). આ પણ 'ભેદ રહિત દષ્ટિથી', સર્વ '(હું) પોતે છું' એવી બુદ્ધિથી કરવું, પરંતુ લોકની દષ્ટિથી ન કરવું, એમ 'ભેદરહિત (દષ્ટિ)થી' શબ્દથી કહેલું છે. ૨૭.

અમુક (પ્રાણી)ની પૂજા (કરવા)માં ઉત્તમ બ્રાહ્મણરૂપ (પૂજાનું) સ્થાન

કહેવા માટે, નીચેના શ્લોકથી આરંભી સાડા છ (શ્લોકો)થી સર્વ જીવોથી તેની શ્રેષ્ઠતા કહે છેઃ

**જીવાઃ શ્રેષ્ઠા હ્યજીવાનાં તતઃ પ્રાણભૃતઃ શુભે ।।**
**તતઃ સચિત્તાઃ પ્રવરાસ્તતશ્ચેન્દ્રિયવૃત્તયઃ ।।૨૮।।**

હે ભલી માતા! નિર્જીવ કરતાં જીવો શ્રેષ્ઠ છે. તેમનાથી પ્રાણ ધારણ કરનારા, તેમનાથી ચિત્તવાળા શ્રેષ્ઠ, અને તેમનાથી ઈન્દ્રિયોની ક્રિયાવાળા શ્રેષ્ઠ છે. ૨૮.

નિર્જીવ પથ્થર વિગેરેની મધ્યે (કરતાં) પ્રાણવાળા વૃક્ષ વિગેરે જીવો શ્રેષ્ઠ છે. તેમનાથી પ્રાણ ધારણ કરનારા એટલે શ્વાસોચ્છ્વાસવાળા જંગમ (જીવો) શ્રેષ્ઠ છે. 'હે ભલી (માતા !)' એવું સંબોધન કહેલા (વિષય)માં વિશ્વાસ રહે તે માટે (કરેલું છે). દેહ કરતાં સ્થૂલ પ્રાણ ઉત્તમ છે, (અને) તેનાથી પણ આસન્ય (ઉત્તમ છે). એમ આ ત્રણ જેમનામાં ક્રિયાશક્તિ મુખ્ય છે તેવા કહ્યા. 'તેમનાથી ચિત્તવાળા (શ્રેષ્ઠ)' શબ્દોથી જેમનામાં જ્ઞાનશક્તિ મુખ્ય છે તેઓ તેમનાથી ઉત્તમ (હોવાનું) કહ્યું. ચેતનાનો આધાર બનેલું અંતઃકરણ ચિત્ત છે. (ચિત્તવાળા એટલે) જ્ઞાનવાળા એવો અર્થ છે. 'તેમનાથી, ઈન્દ્રિયોની ક્રિયાવાળા', એટલે વિષય સાથેનું જ્ઞાન જેઓને છે તેવા (ઉત્તમ છે). આ ઈન્દ્રિયો ક્રિયામય (કહેલી છે). ૨૮.

નીચેના શ્લોકોમાં તેમનાથી પણ જ્ઞાનવાળાઓનું ઉત્તમપણું કહે છેઃ

**તત્રાપિ સ્પર્શવેદિભ્યઃ પ્રવરા રસવેદિનઃ ।।**
**તેભ્યો ગન્ધવિદઃ શ્રેષ્ઠાસ્તતઃ શબ્દવિદો વરાઃ ।।૨૯।।**
**રૂપભેદવિદસ્તત્ર તતશ્ચોભયતો દતઃ ।।**
**તેષાં બહુપદાઃ શ્રેષ્ઠાશ્ચતુષ્પાદસ્તતો દ્વિપાત્ ।।૩૦।।**
**તતો વર્ણાશ્ચ ચત્વારસ્તેષાં બ્રાહ્મણ ઉત્તમઃ ।।**
**બ્રાહ્મણેષ્વપિ વેદજ્ઞો હ્યર્થજ્ઞોઽભ્યધિકસ્તતઃ ।।૩૧।।**
**અર્થજ્ઞાત્સંશયચ્છેત્તા તતઃ શ્રેયાન્ સ્વકર્મકૃત્ ।।**
**મુક્તલિઙ્ગસ્તતો ભૂયાનદોગ્ધા ધર્મમાત્મનઃ ।।૩૨।।**

તેઓમાં પણ સ્પર્શનાં જ્ઞાનવાળાઓથી રસનાં જ્ઞાનવાળા ઉત્તમ છે, તેમનાથી ગંધનાં જ્ઞાનવાળા શ્રેષ્ઠ છે, તેમનાથી શબ્દનાં જ્ઞાનવાળા ઉત્તમ છે, તેમનાથી રૂપના ભેદ જાણનારાઓ અને તેમનાથી બેવડી દાંતની પંકિતવાળાઓ (શ્રેષ્ઠ છે). તેઓમાં ઘણા પગવાળાઓ શ્રેષ્ઠ છે, તેમનાથી ચાર પગવાળાઓ (અને) તેમનાથી બે પગવાળા (શ્રેષ્ઠ છે). તેમનાથી ચાર વર્ણો, (અને) તેઓમાં બ્રાહ્મણ

ઉત્તમ છે. બ્રાહ્મણોમાં પણ વેદ ભણનાર, અને તેથી અર્થ જાણનાર અધિક છે. અર્થ જાણનારથી સંશયનો નાશ કરનાર, અને તેનાથી પોતાનું કર્મ કરનાર શ્રેષ્ઠ છે. તેનાથી દેહાભિમાન રહિત ઉત્તમ છે, (અને તેમાં પણ) પોતાના ધર્મનું દોહન ન કરનાર (શ્રેષ્ઠ છે). ૨૯થી૩૨.

જ્ઞાન કરાવનારી ઈન્દ્રિયોમાં સ્પર્શ સર્વથી હલકી છે. તેનાથી જીભ ઉત્તમ છે, કારણ કે મધુર વિગેરે રસો સ્પર્શ કરતાં પણ (વધારે) મોહ કરનારા છે. તે (રસનાં જ્ઞાનવાળા)ઓ કરતાં પણ ગંધનાં જ્ઞાનવાળા (ઉત્તમ છે), કારણ કે (ગંધ) પૃથ્વીનો ગુણ છે અને દૂરથી પણ જ્ઞાન કરાવનારો છે. ઘણા ભાગે જીવડાં સર્વે સ્પર્શનાં જ્ઞાનવાળાં છે, તેમનાથી (ઉત્તમ) માછલાંઓ રસનાં જ્ઞાનવાળાં છે, ભમરાઓ વિગેરે ગંધનાં જ્ઞાનવાળા છે. હરણો શબ્દનાં જ્ઞાનવાળા તેમનાથી પણ (ઉત્તમ છે), કારણ કે શબ્દ ગંધ કરતાં પણ (અધિક) દૂરથી જ અર્થ જણાવનારો છે. ૨૯.

ચક્ષુ તેનાથી પણ ઘણે દૂરથી અર્થ જણાવનારું હોવાથી, 'રૂપના ભેદ જાણનારા' કાગડાઓ વિગેરે ઉત્તમ છે. તેમનાથી પણ અધિક સાધનવાળા એટલે બેવડી દાંતની પંક્તિઓવાળા માંકડાઓ વિગેરે અથવા ઉંદર વિગેરે શ્રેષ્ઠ છે, અને તે સાધન (ખોરાક વિગેરેને દેહની) અંદર લઈ જવા માટેનું જ હોવાથી, બહારનાં સાધનવાળાઓ તેમનાથી પણ શ્રેષ્ઠ છે, એમ 'તેઓમાં ઘણા પગવાળાઓ શ્રેષ્ઠ છે' શબ્દોથી કહેલું છે. ગોજર વિગેરે ઘણા પગવાળાં છે. તેમનાથી પણ ચારપગવાળાં ઉંદર, બીલાડાં, કૂતરાં વિગેરે સર્વ (શ્રેષ્ઠ છે). તેમનાથી બે પગવાળાં બધાં પક્ષીઓ અને મનુષ્ય શ્રેષ્ઠ છે. ૩૦.

તેમનાથી બ્રાહ્મણ વિગેરે વર્ણો ધર્મવાળા હોવાથી ઉત્તમ છે. તેઓમાં પ્રથમ (વર્ણ બ્રાહ્મણ) મુખ્ય ધર્મવાળા હોવાથી (ઉત્તમ છે) જાતથી બ્રાહ્મણ હોય તેના કરતાં પણ વેદનો અભ્યાસ કરનાર (બ્રાહ્મણ) ; (અને) તેનાથી પણ વેદનો અર્થ જાણનાર (બ્રાહ્મણ ઉત્તમ છે). ૩૧.

તેનાથી પણ વેદના અર્થમાં સંદેહ હોય તે સર્વ દૂર કરનાર, (અને) તેનાથી પણ યજ્ઞ વિગેરે કરનાર શ્રેષ્ઠ છે, તેનાથી પણ 'મુક્તલિનઃ' જેને દેહનું અભિમાન જતું રહેલું છે તે શ્રેષ્ઠ છે. તેનાથી પણ જે અભિમાનરહિત થઈ આ લોક અથવા પરલોકની પ્રાપ્તિ માટે કાંઈપણ કરતો નથી તેમજ ઈચ્છા રાખતો નથી તે ઉત્તમ છે. ૩૨.

તેથી તેવો થઈ, જે ભગવાનનો ભક્ત થાય, તે ઉત્તમ છે એમ કહે છે :

**તસ્માન્મય્યર્પિતાશેષક્રિયાર્થાત્મા નિરન્તરઃ ।।**

**મય્યર્પિતાત્મનઃ પુંસો મયિ સંન્યસ્તકર્મણામ્ ।।**
**ન પશ્યામિ પરં ભૂતમકર્તુઃ સમદર્શનાત્ ।।૩૩।।**

તેનાથી મારા વિષે જેણે સર્વ કર્મનાં ફલ અને આત્મા અર્પણ કરેલાં છે તે ભેદ ન જોનાર (ઉત્તમ છે) મારા માટે જેમણે કર્મનો ત્યાગ કરેલો છે તેઓ પૈકી મારા વિષે જેણે આત્માને અર્પણ કરેલો છે, જેને કર્તા હોવાનું અભિમાન નથી અને જે સમાન દૃષ્ટિવાળો છે, તેવા પુરુષથી ઉત્તમ પ્રાણીને હું જોતો નથી. ૩૩.

નિરર્થક ત્યાગ કરતાં ભગવાનને સમર્પણ કરવું (એ) ઉત્તમ હોવાથી, મારા વિષે જેણે સર્વ કર્મનાં ફલ અને આત્મા અર્પણ કરેલાં છે, (એટલે) જેણે આત્મનિવેદન કરેલું છે, (અને) તેવો થઈને પણ ભગવાનને આત્મા તરીકે જ જાણે છે તે ઉત્તમ છે. ‘‘આનાથી પણ કોઈક ઉત્તમ હશે’’ એવી શંકા થાય, તેથી તે ‘(મારા માટે જેમણે કર્મનો ત્યાગ કરેલો છે તેઓ પૈકી) મારા વિષે જેણે આત્માને અર્પણ કરેલો છે…’ થી દૂર કરે છે. મારા માટે જેમણે કર્મનો ત્યાગ કરેલો છે તેવા પુરુષ પૈકી, મારા વિષે જેણે આત્માને અર્પણ કરેલો છે, જેને કર્તા હોવાનું અભિમાન નથી અને જે સમાન દૃષ્ટિવાળો છે, તેનાથી બીજો ‘પરમ્’ ઉત્તમ હું (કોઈ) જોતો નથી. જો કે જૂદાં જૂદાં શાસ્ત્રમાં જૂદા જૂદાં (પુરુષો) ઉત્તમ (હોવાનું) કહેલું છે, છતાં પણ વિચાર કરનારાઓના હૃદયમાં તેઓ (ઉત્તમ) જણાતા નથી, તેથી ‘હું જોતો નથી’ એમ કહેલું છે. સર્વ કરતાં ભક્તિ અને જ્ઞાન ઉત્તમ છે. ભક્તિમાં પણ આત્મસમર્પણ (ઉત્તમ) છે. જ્ઞાન તો (૧) સાંખ્ય અને (૨) બ્રહ્મજ્ઞાન (એવા બે પ્રકારનું છે). જો કે આ ત્રણ અને માત્ર (કર્મનો) ત્યાગ કરનારા સર્વે ત્યાગ કરનારા છે, છતાં પણ જેણે આત્મનિવેદન કરેલું છે અને જેને બે (પ્રકારનાં) જ્ઞાન છે, તેનાથી અધિક શું હોય ? તે (અર્થ) (૧) મારા વિષે જેણે આત્માને અર્પણ કરેલો છે (૨) જેને કર્તા હોવાનું અભિમાન નથી ( અને ૩) જે સમાન દૃષ્ટિવાળો છે એ ત્રણ શબ્દોથી કહેલ છે. ૩૩.

‘‘એમ હોય તો તે જ ભજન કરવા યોગ્ય થાય, અને બધાએ પોતે જ તેની સેવા કરતા હોવાથી શાસ્ત્ર ફલરહિત થાય અને ઉપર કહેલા દોષ દૂર ન થાય’’ એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**મનસૈતાનિ ભૂતાનિ પ્રણમેદ્ બહુ માનયેત્ ।।**
**ઈશ્વરો જીવકલયા પ્રવિષ્ટો ભગવાનિતિ ।।૩૪।।**

ભગવાને ઈશ્વરે (પોતાના) જીવરૂપ અંશથી (આ પ્રાણીઓમાં) પ્રવેશ કરેલો હોવાથી, મનથી આ પ્રાણીઓને તેણે પ્રણામ કરવા જોઈએ (અને) ઘણું માન આપવું જોઈએ. ૩૪.

આ જ્ઞાન (આવા ભક્તને) પોતાને માટે જ કહેલું, પરંતુ (આ) અધિકારવાળાની બીજાઓ પૂજા કરે તે માટે (કહેલું) નથી. તેથી એ પ્રમાણે જાણનારે પણ 'આ' એટલે જોવામાં આવે છે તે પ્રાણીઓને પ્રણામ કરવા જોઈએ, (અને) પોતાના કરતાં પણ (તેઓને) ઘણું માન આપવું જોઈએ. તેનું કારણ એવું છે કે ભગવાન્ ઈશ્વરે 'જીવકલયા' જીવરૂપ અંશના સ્વભાવથી અથવા તે (જીવરૂપ અંશ) સાથે (પોતાના) છ ગુણો સાથે (તેઓમાં) પ્રવેશ કરેલો છે. 'ઈતિ' શબ્દ પ્રયોજન દર્શાવવા (યોજેલો) છે, કારણ કે (તે) ઈશ્વર છે. તેમ ન કરે, તો પોતાનાં સ્થાનમાંથી ભ્રષ્ટ કરાવે. જીવમાં (તે) હલકો હોવાની બુદ્ધિ ન કરવી, કારણ કે તે (ભગવાનનો) અંશ છે. લીલા (સિદ્ધ થાય તે) માટે તે કલા છે, એવો અર્થ છે. ૩૪.

એવી રીતે ભક્તિ અને જ્ઞાનનું નિરૂપણ કરી, (સર્વને) નમસ્કાર કરવા અને (સર્વમાં) ભગવાનનાં દર્શન (કરવાં) એ બેથી તે બંનો વ્યવહારમાં ઉપયોગ જણાવી, ''ભક્તિ અને જ્ઞાન બંને સાથે હોય તે, અથવા બેમાંથી એક હોય તે ફલ (પ્રાપ્ત) કરાવે ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ભક્તિયોગશ્ચ યોગશ્ચ મયા માનવ્યુદીરિતઃ ।।**
**યયોરેકતરેણૈવ પુરુષઃ પુરુષં વ્રજેત્ ।।૩૫।।**

હે મુનની પુત્રિ ! મેં ભક્તિયોગ અને યોગ કહ્યા, જે બે પૈકી એક (આચરવા) થી જ પુરુષ ભગવાનને પ્રાપ્ત કરે છે. ૩૫.

હે મુનની પુત્રિ ! મેં ભક્તિયોગ અને આઠ અંગવાળો યોગ (એ) બે કહ્યા. 'હે મનુની પુત્રિ !' એ સંબોધન (દેવહૂતિને) જ્ઞાન થાય તે માટે (કહેલું છે). જે બે પૈકી એક (આચરવા)થી પુરુષ 'પુરુષં' આત્માને એટલે ભગવાનને પ્રાપ્ત કરે છે. જ્ઞાનના સંબંધમાં (આઠ અંગવાળો) યોગ કહ્યો. (તેનું) પછીનું અંગ (જ્ઞાન) (ભગવાનનો) વારંવાર સાક્ષાત્કાર (થાય) અને (તેમનામાં) પ્રવેશ થાય તે માટે (ઉપયોગી) છે. ભક્તિ તો સ્વતંત્ર[૧] છે. એકને મુખ્ય ગણતાં, બીજું ગૌણ સ્થિતિ પ્રાપ્ત કરે, તેથી (બે) સાથે કરવાં એવો શાસ્ત્રનો અર્થ નથી[૨]. ૩૫.

૧. 'સ્વતંત્ર' એટલે સ્વતંત્ર સાધનરૂપ છે. પરંતુ (આઠ અંગવાળા) યોગની પેઠે જ્ઞાનમાં ઉપયોગી હોઈ તેના અંગરૂપ નથી. (પ્ર)

૨. ''બંનેને એક બીજાના અંગ તરીકે ગણતાં, બંનેનો સ્વીકાર થાય, તેથી બંને સાથે કરવાનું કેમ કહેતા નથી ?'' એવી શંકા થાય, તે આ વાક્યથી દૂર કરે છે. (પ્ર)

એ પ્રમાણે પૂછેલી ભક્તિનું નિરૂપણ કરી, વૈરાગ્ય થાય તે માટે કાલનું પરાક્રમ કહેતાં, આરંભમાં નીચેના બે (શ્લોકો)થી કાલનું સ્વરૂપ કહે છે :

**એતદ્ભગવતો રૂપં બ્રહ્મણઃ પરમાત્મનઃ ।।**
**પરં પ્રધાનં પુરુષો દૈવં કર્મ વિચેષ્ટિતમ્ ।।૩૬।।**
**રૂપભેદાસ્પદં દિવ્યં કાલ ઈત્યભિધીયતે ।।**
**ભૂતાનાં મહદાદીનાં યતો ભિન્નદશાં ભયમ્ ।।૩૭।।**

વશ રાખનાર, પ્રકૃતિ (અને) પુરુષ, દૈવ, કર્મ (અને) સ્વભાવ (એવું) આ (જગત્) બ્રહ્મ ભગવાન્ પરમાત્માનું રૂપ છે. જૂદા જૂદા આકારોવાળું (અને) ન જોવામાં આવતું (જગત્) 'કાલ' એમ કહેવાય છે, કે જેનાથી મહત્તત્વ વિગેરે ભેદ જોનાર ભૂતોને ભય (પ્રાપ્ત) થાય છે. ૩૬।૩૭.

(કાલના) કાર્યમાં પ્રવેશ કરેલો (જીવ કાલનું) સ્વરૂપ પ્રાપ્ત કરે છે એમ જણાવવા કાલનું કાર્ય અને સ્વરૂપ કહેવામાં આવે[૧] છે. આ સર્વ જગત્ ભગવાનનું રૂપ છે. તેમ ન હોય[૨], તો કાલ ભગવાન્ હોવાથી (જગત્) કાલરૂપ હોવાનું સિદ્ધ કરી શકાય નહિ. તેથી આ જગત્ ભગવદ્રૂપ છે એમ કહેલું છે. 'આ સર્વ આત્મા જ છે', 'આ સર્વ બ્રહ્મ જ છે' એમ શ્રુતિમાં આત્મા તરીકે અને બ્રહ્મ તરીકે (એમ) બે પ્રકારે (જગતનું) નિરૂપણ કરેલું છે. પોષકપણું અને સર્વત્ર હોવાપણું ધ્યાન રાખીને (આત્મા અને બ્રહ્મ) બે શબ્દો યોજેલા છે. બંનેનું સ્વરૂપ આનંદ છે, છતાં પણ આત્મા પ્રકારવાળો[૩] (અને) બ્રહ્મ પ્રકારરહિત[૪] છે, કારણ કે 'આ વિજ્ઞાનથી ભરપૂર આત્મા બ્રહ્મ છે' શ્રુતિમાં આત્મા પણ બ્રહ્મ હોવાનું કહેલું છે. વિચાર (મીમાંસા)માં 'હવે અહિંથી બ્રહ્મનો વિચાર કરવામાં આવે છે' (બ્રહ્મસૂત્ર ૧.૧.૧) એમ બ્રહ્મ (ના વિચાર)ની જ પ્રતિજ્ઞા કરેલી છે.

'બ્રહ્મ પરમાત્માનું' શબ્દોથી જગત્ બંને પ્રકારનું હોવાનું[૫] કહેલ છે. અથવા[૬] '' 'બ્રહ્મ' 'પરમાત્મા' 'ભગવાન્' એમ કહે છે'' એ વાકય પ્રમાણે ત્રણ માન્યતાઓનો સમાવેશ કરેલો છે. લોકમાં ઐશ્વર્ય વિગેરે ગુણોનો આદર કરી ભગવાન્ (હોવાનું) કહે છે, (જગતના) ભેદનો આદર કરી આત્મા (હોવાનું) અને સત્ સ્વરૂપનો આદર કરી બ્રહ્મ (હોવાનું કહે છે). તે સ્વરૂપ કેવા ગુણવાળું, એ જાણવાની ઈચ્છા થાય, તેથી ગણાવે છે કે (૧) 'વશ રાખનાર' પ્રકૃતિ અને પુરુષને વશ રાખનાર (૨) 'પ્રધાનં' એટલે અદૃષ્ટ અને (૩) 'વિચેષ્ટિતં' જાત જાતની ક્રિયાવાળો સ્વભાવ. જૂદા જૂદા આકારવાળું સર્વ તરફ જોવામાં આવે છે તે, અને 'દિવ્યં' ન જોવામાં આવતું (એવું) બધુંએ જગત્ છે. (આ સર્વનો) આધાર કાલ હોવાથી અને (આ સર્વ) કાલને અધીન હોવાથી, આ સર્વ 'કાલ'[૭] એમ કહેવાય છે. '(જેનાથી મહત્તત્ત્વ વિગેરે ભેદ જોનાર) ભૂતોને (ભય થાય છે)' શબ્દોથી કાલનું

કાલપણું સિદ્ધ કરે છે. જે કાલથી મહત્તત્ત્વ વિગેરેને પણ ભય થાય છે, તે કાલ છે. ભેદ જોનાર હોવાપણું ભય (થવા)નું કારણ છે, કારણ કે કાલ બહિર્મુખોને ગળી જાય છે. ૩૬।૩૭.

૧. (સ્વરૂપથી અને કાર્યથી) બંને પ્રકારે કાલનું નિરૂપણ કરવાનું પ્રયોજન આ વાકયથી કહે છે. કાલનું કાર્ય ઉત્પત્તિ અને પ્રલય છે એમ કહેશે, તેમાં રહેલ જીવ પોતાના અધિકાર પ્રમાણે પરથી આરંભી દિવ્ય સુધીનું કાલનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. તેમાં લય પામેલો તે (કાલ)રૂપ થાય છે. આ જણાવવા બંને પ્રકારે કાલનું નિરૂપણ કરેલું છે. (પ્ર)
૨. ''સર્વ કાલરૂપ હોવાનું સિદ્ધ કરવાનું છે. ત્યારે વચ્ચે ભગવદ્રુપ હોવાનું કેમ કહો છો ?'' એવી શંકા થાય તેથી આ કહેલ છે. પહેલા ૩।૨૬।૧૭માં કાલનું લક્ષણ એવું કહેલું છે કે પ્રકૃતિની ક્રિયા ઉત્પન્ન કરનારો કાલ ભગવાન જ છે. હવે જો જગત્ ભગવદ્રુપ હોવાનું કહેવામાં ન આવે, તો જગત્ ભગવદ્રુપ ન હોવાથી કાલરૂપ હોવાનું સિદ્ધ કરી શકાય નહિ તેથી ભગવદ્રુપ કહેલું છે. (પ્ર)
૩. અંતર્યામી બ્રાહ્મણમાં 'પૃથ્વી જેનું શરીર છે' થી આરંભી 'આત્મા જેનું શરીર છે' સુધીના ભાગથી શરીરોના પ્રકાર તરીકે (આત્મા) કહેલો હોવાથી તે પ્રકારવાળો છે. (પ્ર)
૪. '(બ્રહ્મ) એક જ બીજારહિત છે'. શ્રુતિ પ્રમાણે બ્રહ્મ પ્રકારરહિત છે. (પ્ર)
૫. 'બંને પ્રકારનું' એટલે પ્રકારવાળું (આકારવાળું), અને પ્રકારરહિત. (પ્ર)
૬. 'ભગવાન્' શબ્દથી જ પ્રકાર પ્રાપ્ત થતો હોવાથી, 'પરમાત્મા' શબ્દ નકામો થાય, તેથી ઉપરનો અર્થ ન ગોઠતાં, બીજા પ્રકારે અર્થ કરે છે. (પ્ર)
૭. 'લાંબા સમયે' 'તરત જ' વિગેરે પ્રકારનો વ્યવહાર કરાવનાર તરીકે લોકમાં પ્રસિદ્ધ છે તે કાલ. (પ્ર)

કાલ ઉપાસના કરવા યોગ્ય હોવાનાં કારણરૂપ કાલનું આધિદૈવિક સ્વરૂપ નીચેના શ્લોકમાં કહે છે :

**યોઽન્તઃપ્રવિશ્ય ભૂતાનિ ભૂતરત્ત્યખિલાશ્રયઃ ।।**
**સ વિષ્ણ્વાખ્યોઽધિયજ્ઞોઽસૌ કાલઃ કલયતાં પ્રભુઃ ।।૩૮।।**

જે મહાભૂતો સાથે અંદર પ્રવેશ કરી સર્વનો આધાર થઈ પ્રાણીઓનું ભક્ષણ કરે છે, તે વિષ્ણુનામનો યજ્ઞનો અધિપતિ કાલ પ્રેરણા કરનારાઓનો પ્રભુ છે. ૩૮.

જે ભગવાન્, તે કાલ છે. 'તે ભગવાન્ કયા ?' એ જાણવાની ઈચ્છા થાય છે, તેથી જે 'યજ્ઞનો અધિપતિ' (એમ કહેલું છે). 'યજ્ઞ ખરેખર વિષ્ણુ છે'. એ શ્રુતિ પ્રમાણે યજ્ઞના અધિષ્ઠાતા દેવ વિષ્ણુ છે. એક (દેવ)નું જ નામ 'કાલ' અને 'વિષ્ણુ' છે. તે પૈકી 'વિષ્ણુ' નામ કેવી રીતે થાય છે એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'જે મહાભૂતો સાથે અંદર પ્રવેશ કરી સર્વનો આધાર થઈ' એ શબ્દોથી વ્યાપ્તિ[1] જણાવતાં, (સર્વની) અંદર પ્રવેશ કહેલો છે. પ્રવેશ હોવાથી[2] અંદર સર્વ સ્થલે રહેલ છે

(અને) આધાર હોવાથી બહાર સર્વ સ્થલે રહેલ છે. 'પ્રેરણા કરનારાઓનો પ્રભુ' શબ્દોથી કાલ હોવાનું કહેલું છે. જે 'કલયતિ' એટલે ગણે છે જાણે છે અથવા ભક્ષણ[3] કરે છે, અથવા જે ક્રિયાથી અથવા જ્ઞાનથી સર્વમાં રહેલ છે તે કાલ. 'કલયન્તિ' જેઓ પ્રેરણા કરે છે તે 'કલયન્તઃ' પ્રેરણા કરનારાઓ છે. તેવા પ્રેરણા કરનાર બ્રહ્મા વિગેરેને પણ વશ રાખનાર છે. તેથી (તે) કાલ છે, એવો અર્થ છે. ૩૮.

૧. 'વ્યાપ્તિ એટલે સર્વ સ્થલે હોવાપણું. સર્વત્ર સ્થિતિ.

૨. અહિં હણનાર સ્વરૂપથી પ્રવેશ જાણવો. તેથી જ અગ્નિ વિગેરે પોતાની જ મેળે જ નાશ પામે છે, એમ પ્રસિદ્ધ છે. (પ્ર)

૩. આ 'અત્તિ' શબ્દનું વ્યાખ્યાન છે. (પ્ર)

આ ભગવાનના માત્ર હણવાના સ્વભાવવાળું જ રૂપ છે એમ કહેવા, નીચેના શ્લોકમાં તે સર્વને સામાન્ય હોવાનું કહે છે :

**ન ચાસ્ય કશ્ચિદ્દયિતો ન દ્વેષ્યો ન ચ બાન્ધવઃ ।।**
**આવિશત્યપ્રમત્તોऽસૌ પ્રમત્તં જનમન્તકૃત્ ।।૩૯।।**

આને કોઈ વહાલો નથી, અને કોઈ શત્રુ નથી તેમજ બાંધવ નથી. આ નાશ કરનાર સાવધાન રહી પ્રમાદવાળા મનુષ્યમાં પ્રવેશ કરે છે. ૩૯.

આ કાલને કોઈપણ (પોતાની) ઉપાસના કરનાર પણ વહાલો નથી, અને જે (આનો) દ્વેષ કરે છે તે પણ શત્રુ નથી. બધાએ કાલમાં ઉત્પન્ન થએલ હોવાથી (કોઈની સાથે) ખાસ સંબંધ ન હોવાથી, કોઈ બાંધવ પણ નથી. છતાં સર્વનું મૂલકારણ[1] હોઈ, જે (આને) જૂએ છે તેને ગ્રહણ કરતો નથી, પરંતુ પ્રમાદી મનુષ્યને જ આ સાવધાન રહી નાશ કરનારો 'આવિશતિ' વાઘની પેઠે ભક્ષણ કરવા માટે તે (પ્રમાદી મનુષ્ય)માં પ્રવેશ કરે છે. ૩૯.

૧. 'સર્વપ્રકૃતિઃ' એટલે સર્વનું મૂલકારણ, પરંતુ કોઈનું વિકારવાળું સ્વરૂપ નહિ. (પ્ર)

આ કાલ હોવાનું બધા જાણે છે, તેથી નીચેના શ્લોકથી આરંભી પાંચ (શ્લોકો)માં તેના જ્ઞાનમાં ફલરૂપ તેઓનો (બધાએનો) ભય કહે છે :

**યદ્ભયાદ્વાતિ વાતોऽયં સૂર્યસ્તપતિ યદ્ભયાત્ ।।**
**યદ્ભયાદ્વર્ષતે દેવો ભગણો ભાતિ યદ્ભયાત્ ।।૪૦।।**
**યદ્વનસ્પતયો ભીતા લતાશ્ચોષધિભિઃ સહ ।।**
**સ્વે સ્વે કાલેऽભિગૃહ્ણન્તિ પુષ્પાણિ ચ ફલાનિ ચ ।।૪૧।।**

જેના ભયથી આ વાયુ વાય છે, જેના ભયથી સૂર્ય તપે છે, જેના ભયથી દેવ વૃષ્ટિ કરે છે, જેના ભયથી નક્ષત્રોનો સમૂહ પ્રકાશે છે, જેના ભયથી ભયભીત થએલી વનસ્પતિઓ અને લતાઓ ઓષધિઓ સાથે પોતપોતાના સમયે પુષ્પો અને ફૂલો

ધારણ કરે છે....૪૦।૪૧.

વાયુ વિગેરે પોતપોતાનાં કાર્ય કાલના ભયથી જ કરે છે, તો પછી પ્રાણી પોતાનો ધર્મ આચરે તેમાં કહેવું જ શું ?

**અધિકારિણો મહાન્તો યે યે વા મૂઢા અચેતનાઃ ।।**
**તત્ત્વાનિ દેવાઃ સર્વે ચ કાલાદ્ભીતા ઈતીર્યતે ।।૧૧।।**

(૪૦) જે મોટા અધિકારીઓ છે (૪૧) જેઓ મૂઢ છે (૪૨) જડ (પદાર્થો) (૪૩) તત્ત્વો (૪૪) અને દેવો બધા કાલથી ભય પામેલા છે એમ કહેલું છે. કા.૧૧.

કારણ કે આ વાયુ યોગ્ય સમયે વાય છે, સૂર્ય પણ જે નક્ષત્રમાં જેવા પ્રકારનો તાપ યોગ્ય હોય તે પ્રમાણે તપે છે, દેવ પર્જન્ય પોતાના સમયે વૃષ્ટિ કરે છે. નક્ષત્રોનો સમૂહ એટલે જ્યોતિશ્ચક્ર પણ પોતાના સમયે પ્રકાશે છે, એટલે શુક્ર વિગેરે પોતપોતાના અધિકાર પ્રમાણે પ્રકાશે છે, એવો અર્થ છે. ૪૦.

ઘણા મૂઢ પીપળો વિગેરે વનસ્પતિઓ, કોળું વિગેરે ફલ જેઓમાં મુખ્ય છે તેવી લતાઓ, અને ફૂલ જેઓમાં મુખ્ય છે તેવી, અને 'ચ' 'અને' શબ્દ હોવાથી પાંદડાં જેઓમાં મુખ્ય છે તેવી લતાઓ પણ, ચોખા વિગેરે ઓષધિઓ સાથે પોતપોતાના સમયે મુકરર કરેલાં નક્ષત્ર તથા પ્રદેશનું ઉલ્લંઘન કર્યા વિના પુષ્પો અને ફૂલો ધારણ કરે છે.૪૧.

જડ (પદાર્થો) પણ ભય પામેલા હોય છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**સ્રવન્તિ સરિતો ભીતા નોત્સર્પત્યુદધિર્યતઃ ।।**
**અગ્નિરિન્ધે સગિરિભિર્ભૂર્ન મજ્જતિ યદ્ભયાત્ ।।૪૨।।**

જેનાથી ભય પામેલી નદીઓ વહે છે, સમુદ્ર મર્યાદા તજતો નથી, જેના ભયને લીધે અગ્નિ જલે છે અને પર્વતો સાથે પૃથ્વી ડૂબતી નથી. ૪૨.

'સરિતઃ' નદીઓ પણ ભય પામી વહે છે. સમુદ્ર તોફાની હોવા છતાં ભૂમિની મર્યાદા (હદ)થી આગળ આવતો નથી. અગ્નિ પણ 'ઈન્ધે' કાષ્ઠ વિગેરેથી જલે છે. તેમ (ભય પામતો) ન હોય, તો પોતાની જેમાંથી ઉત્પત્તિ થાય છે તે (કાષ્ઠ)ને ન બાળે. જેના ભયને લીધે ભૂમિ પણ પર્વતો સાથે ડૂબતી નથી. અથવા 'અગ્નિર્જ્વલતિ યદ્ભીત્યા' જેના ભયથી અગ્નિ જલે છે, એવો પાઠ (લેવો). ૪૨.

તત્ત્વો પણ ભય પામેલાં છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**નભો દધાતિ શ્વસતાં પદં યન્નિયમાદદઃ ।।**
**લોકં સ્વદેહં તનુતે મહાન્ સપ્તભિરાવૃતઃ ।।૪૩।।**

જેને વશ હોવાને લીધે આકાશ પ્રાણીઓના પ્રસિદ્ધ સ્થાનને ધારણ કરે છે,

(અને) સાતથી વીંટાએલ મહત્તત્ત્વ પોતાના લોકરૂપ દેહને વિસ્તારે છે. ૪૩.

જે કાલને વશ હોવાને લીધે 'નભઃ' આકાશ 'અદઃપદં' સ્વર્ગ વિગેરે લોકોનાં તે પ્રસિદ્ધ સ્થાનને ધારણ કરે છે, આકાશ પણ ધારણ કરનાર થએલ છે, એવો અર્થ છે. વેદ વિગેરેમાં આકાશ વિગેરે વાળી સૃષ્ટિ (કહેલી) હોવાથી આકાશનું નિરૂપણ કર્યું. પુરાણ વિગેરેમાં મહત્તત્ત્વ વિગેરેવાળી (સૃષ્ટિ કહેલી) હોવાથી તે પણ કહે છે. પ્રકૃતિ અહંકાર અને પાંચ મહાભૂતો (એ) સાતથી વીંટાએલ મહત્તત્ત્વ લોકરૂપ પોતાના દેહને જ વિસ્તારે છે. ૪૩.

બ્રહ્મા વિગેરે પણ ભય પામેલા છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ગુણાભિમાનિનો દેવાઃ સર્ગાદિષ્વસ્ય યદ્ભયાત્ ।।**
**વર્તન્તેઽનુયુગં યેષાં વશ એતચ્ચરાચરમ્ ।।૪૪।।**

ગુણના અભિમાનવાળા દેવો, જેમને આ સ્થાવર જંગમ (જગત્) વશ છે તેઓ જેના ભયથી આની સૃષ્ટિ વિગેરે (ના વિષય)માં દરેક યુગમાં વશ રહે છે. ૪૪.

બ્રહ્મા વિગેરે ગુણના અભિમાનવાળા દેવો છે. રજઃ વિગેરે ગુણો છે. બ્રહ્મા રજોગુણના અભિમાનવાળા છે, આધિભૌતિક વિષ્ણુ સત્ત્વના અભિમાનવાળા છે (અને) શિવ તમોગુણના અભિમાનવાળા છે એવો (અર્થ છે) તેઓ પણ સર્વનાં ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય કાલને અનુસરીને કરે છે, અને આ દેવો દરેક યુગમાં કાલને વશ રહે છે. અનેક પ્રકારે અવતાર લઈને પણ (પોતાનું) કાર્ય કરે છે. જે બ્રહ્મા વિગેરેને આ સ્થાવર જંગમ જગત્ વશ છે, એવું (તેઓનું) માહાત્મ્ય કહેલું છે. ૪૪.

એ પ્રમાણે કાલનું માહાત્મ્ય કહીને, નીચેના શ્લોકમાં તેનું કાર્ય કહેતાં ઉપસંહાર કરે છે :

**સોઽનન્તોઽન્તકરઃ કાલોઽનાદિરાદિકૃદવ્યયઃ ।।**
**જનં જનેન જનયન્મારયન્મૃત્યુનાઽન્તકમ્ ।।૪૫।।**

તે કાલ અંત કરનારો હોઈ અનંત છે, આરંભ કરનારો હોઈ આરંભ રહિત છે, અવ્યય છે, જનથી જનને ઉત્પન્ન કરતાં, હણનારને મૃત્યુથી હણે છે. ૪૫.

(કાલ) પોતે અનંત છે, (અને) સર્વનો અંત કરનારો છે, પોતે આરંભરહિત છે, (અને) સર્વનો આરંભ કરનારો છે. કાર્ય ઉત્પન્ન કરતો હોવા છતાં અવ્યય રહે છે. એટલે બીજાં બીજો વિગેરે પેઠે નાશરહિત છે. તેની (તેણે કરેલી) ઉત્પત્તિ એટલે પિતા વિગેરે ઉત્પન્ન થએલાથી જ 'જનને' પુત્ર વિગેરેને ઉત્પન્ન કરતાં 'અન્તકમ્' હણનારને પણ 'મૃત્યુના' મરણરૂપથી હણતો હોય તેવો છે. એવું તેનું માહાત્મ્ય છે. તેથી જ એમ કહેલું છે કે આનાં જ્ઞાનથી જ વૈરાગ્ય થાય છે. પરંતુ જે આનાથી[1] ભય

પામતો નથી અને આની અંદર જ રહે છે તેની ગતિ આગળ કહેવામાં આવશે. ૪૫.

૧. 'યસ્ત્વસ્માન્' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલો છે.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના ઓગણત્રીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય ત્રીસમો ।।

**અભીતઃ કાલકાર્યેષુ યો મૂઢો વર્તતે ગૃહે ।।**
**નદીપ્રવાહે ગૃહવત્ સ દુઃખીતિ નિગદ્યતે ।।૧।।**

જે મૂઢ કાલનાં કાર્યો મધ્યે ભય પામ્યા વિના–નદીના પ્રવાહમાં ઘર (હોય તે)ની પેઠે–ઘરમાં રહે છે, તે 'દુઃખી' કહેવાય છે[૧]. કા.૧.

**બહિર્મુખો હિ કાલસ્ય વિષયો નાત્મદર્શનઃ ।।**
**અતો બહિર્મુખં કાલઃ લોકયોર્દુઃખદઃ સ્મૃતઃ ।।૨।।**

કારણ કે કાલનો વિષય બહિર્મુખ છે, આત્માના જ્ઞાનવાળો નથી. તેથી બહિર્મુખને બંને લોકમાં કાલ દુઃખ આપનારો ગણાએલ છે. કા.૨.

**ત્રિંશત્તમે તથાઽધ્યાયે ગૃહસ્થસ્યોભયોર્મહત્ ।।**
**લોકયોરુચ્યતે દુઃખં પુનર્જન્માવધિ સ્ફુટમ્ ।।૩।।**

તે પ્રમાણે ત્રીસમા અધ્યાયમાં ગૃહસ્થને પુનર્જન્મ થતાં સુધી બંને લોકમાં ઘણું દુઃખ થાય છે એમ સ્પષ્ટ રીતે કહેલું છે[૨]. કા.૩.

**અષ્ટાદશભિરાદ્યન્તમરણાવધિ વર્ણ્યતે ।।**
**પુનર્જન્માવધિ પરં શ્લોકૈઃ ષોડશભિઃ પુનઃ ।।૪।।**

આરંભથી અંત સુધીનું મરણ સુધી (નું દુઃખ) અઢાર શ્લોકોથી વર્ણવેલું છે. પછી વળી પુનર્જન્મ (થતાં) સુધીનું (દુઃખ) સોળ શ્લોકોથી વર્ણવેલું છે. કા.૪.

૧. ત્રીસમા અધ્યાયનું વિવરણ કરતાં (શુક–પરીક્ષિત અને મૈત્રેય–ઉદ્ધવના) બે સંવાદોની સંગતિ પહેલાં કહેલી હોવાથી, તેનું ભાન થાય તે માટે આ કહે છે. (શુક–પરીક્ષિતના સંવાદમાં) દુઃખ જ તન્માત્રા તરીકે કહેલ છે, (મૈત્રેય–ઉદ્ધવના સંવાદમાં) બે લોકનું અર્થ (પુરુષાર્થ) તરીકે નિરૂપણ કરેલું છે. એ જ પ્રમાણે ગયા અધ્યાયમાં ભેદ જોનારી દૃષ્ટિ જ મહાભૂતો તરીકે જણાવેલી, અને તેનાથી થતાં ભક્તિ વગેરે જ ધર્મ (પુરુષાર્થ) તરીકે જણાવેલાં. (પ્ર)

૨. કપિલનાં વચનોની સંગતિ જણાવવા આ કહેલ છે. એટલે 'કાલનું પરાક્રમ' એ અધ્યાયનો અર્થ છે, અને તે વૈરાગ્ય ઉત્પન્ન કરનાર હોવાથી એક જ કાર્ય કરનાર છે એવી અધ્યાયની સંગતિ છે. (પ્ર)

ભગવાન્ વિષ્ણુ કાલ બહિર્મુખ રહેતાં દુઃખ આપે છે એ ન જાણવાથી (મનુષ્ય) દુઃખ પામે છે એમ કહેવા, આરંભમાં નીચેના શ્લોકથી તેનું અજ્ઞાન કહે છેઃ

।। શ્રી ભગવાનુવાચ ।।

**તસ્યૈતસ્ય જનો નૂનં નાયં વેદોરુવિક્રમમ્ ।।**
**કાલ્યમાનોઽપિ બલિનો વાયોરિવ ઘનાવલિઃ ।।૧।।**

જેમ વાદળાંઓની હાર વાયુને વશ છે તેમ તે આ બલવાન કાલને વશ પ્રાણી (તેનાથી) પ્રેરાતો હોવા છતાં ખરેખર (તેનાં) ઘણાં પરાક્રમને જાણતો નથી. ૧.

પહેલાં જે સર્વને ભય ઉત્પન્ન કરનારો કહ્યો, તે જ આ[1] કાલ છે. એમ હોવા છતાં, 'જનઃ' તેમાં જ ઉત્પન્ન થએલો પ્રાણી ખરેખર, (તેનાં) પરાક્રમને જાણતો નથી. ''જ્યાંસુધી (કાલ) પીડા ન કરે, ત્યાં સુધી કેમ જાણે ?'' એવી શંકા થાય; તેથી '(તેનાથી) પ્રેરાતો છતાં' એમ કહેલું છે. (તેનાથી) પ્રેરાતો અથવા પીડાતો (હોઈ), તેને વશ રહેતો હોવા છતાં (તેનાં પરાક્રમને) જાણતો નથી. સંબંધરહિત હોય તેની (તેણે કરેલી) કોઈવાર થતી પીડા સહન કરી શકાય, આ (પ્રાણી) તો જેમ વાદળાંઓની હાર વાયુને વશ છે તેમ-તેને વશ રહેલો છે. ૧.

૧. 'આ' એટલે (પ્રાણીની) ઉત્પત્તિનો આધાર બનેલ. (પ્ર)

નીચેના શ્લોકમાં સર્વ કાર્યોમાં તેનું (તેણે કરેલું) દુઃખ કહે છેઃ

**યં યમર્થમુપાદત્તે દુઃખેન સુખહેતવે ।।**
**તં તં ધુનોતિ ભગવાન્ પુમાન્ શોચતિ યત્કૃતે ।।૨।।**

સુખ પ્રાપ્ત કરવા પુરુષ દુઃખથી જે જે પદાર્થ પ્રાપ્ત કરે છે, તે તેનો ભગવાન્ નાશ કરે છે, જેમનાં કરેલાંનો (પુરુષ) શોક કરે છે. ૨.

સુખ પ્રાપ્ત કરવા ઘણાં દુઃખથી પણ સ્ત્રી ઘર વિગેરે જે જે પદાર્થ (પુરુષ) પ્રાપ્ત કરે છે, તે તે પદાર્થનો કાલ નાશ કરે છે. (તે) ભગવાન્ હોવાથી (નાશ કરવાની) શક્તિવાળો છે અને (પ્રાપ્ત કરેલ પદાર્થ) જાણે છે. ''આ ભગવાનની કેવી લીલા કે સર્વને દુઃખ આપે છે ?'' એવી શંકા થાય, તેથી 'જેમનાં કરેલાંનો પુરુષ શોક કરે છે' એમ કહેલું છે. જે ભગવાને કરેલા વિષયમાં, સર્વ તેમને અધીન હોવાથી શાંત રહેવું જોઈએ. (તેમ શાંત રહીએ) તો પછી તે ઈશ્વર (તેમ) ન કરે. આ (પુરુષ) શોક કરે છે, તેથી ભગવાન્ નાશ કરે છે, એવો ભાવ છે આથી ભગવાનનો દોષ ન હોવાનું જણાવ્યું. ૨.

'છતાં પણ ઉદાર (ભગવાન)નું આ કૃત્ય કેવા પ્રકારનું ?' એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**યદધ્રુવસ્ય દેહસ્ય સાનુબન્ધસ્ય દુર્મતિઃ ।।**
**ધ્રુવાણિ મન્યતે મોહાદ્ ગૃહક્ષેત્રવસૂનિ ચ ।।૩।।**

કારણ કે દુષ્ટ બુદ્ધિવાળો સંતતિ સહિત નાશવંત દેહના સંબંધવાળાં ઘર, ક્ષેત્ર અને ધનને મોહને લીધે નિત્ય માને છે. ૩.

(કાલ) તેને વૈરાગ્ય (થાય તે) માટે એ પ્રમાણે કરે છે, કારણ કે આ

'અનુબન્ધ' એટલે પુત્ર વિગેરે સહિત 'અધ્રુવસ્ય' નાશવંત દેહના સંબંધવાળા ઘર, ચોખા વિગેરેનાં ક્ષેત્ર અને ધનને નિત્ય માને છે, અને તેમને માટે આયુષ્યનો ફોકટ વ્યય કરે છે, કેમકે આ દુષ્ટબુદ્ધિવાળો છે. તે પણ પ્રમાણ હોવાથી (કરતો) નથી, પરંતુ મોહને લીધે જ (કરે છે), તેથી (તે પદાર્થોનો) નાશ કરવા (કાલ) તે પ્રમાણે કરે છે, એવો ભાવ છે. ૩.

''ધન વિગેરેનો નાશ કરવાથી શું લાભ ? હલકી યોનિમાં જન્મેલો તે પોતે જ વૈરાગ્યવાળો થશે'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**જન્તુર્વૈ ભવ એતસ્મિન્ યાં યાં યોનિમનુવ્રજેત્ ।।**
**તસ્યાં તસ્યાં સ લભતે નિર્વૃતિં ન વિરજ્યતે ।।૪।।**

આ સંસારમાં પ્રાણી ખરેખર જે જે યોનિમાં જાય, તે તે (યોનિ)માં તે સુખ પ્રાપ્ત કરે છે, વૈરાગ્યવાળો થતો નથી. ૪.

સ્વભાવથી ઉત્તમપણાં તથા હલકાઈ વિનાના આ સંસારમાં, 'જન્તુઃ' પ્રાણી પોતે કૂતરાંની યોનિ અથવા ભૂંડની યોનિ જે જે યોનિમાં 'અનુવ્રજેત્' કર્મને વશ હોવાથી જાય, તે તે (યોનિ)માં જ તે 'નિર્વૃતિં' સુખ પ્રાપ્ત કરે છે. જેમ રાજાના દેહમાં અથવા ઇંદ્રના દેહમાં રહેલો (પ્રાપ્ત કરે), તેમ સ્ત્રી, અન્ન અને નિદ્રા પ્રાપ્ત કરે છે, તેથી વૈરાગ્યવાળો થતો નથી. તેથી હલકી યોનિનોં સંબંધ થાય, ત્યારે વૈરાગ્ય (પ્રાપ્ત) થતો નથી. ૪.

''કર્મથી નરક (પ્રાપ્ત) થતાં, દારુણ દુઃખ જોઈ વૈરાગ્ય (ઉત્પન્ન) થશે'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**નરકસ્થોઽપિ દેહં વૈ ન પુમાંસ્ત્યક્તુમિચ્છતિ ।।**
**નારક્યાં નિર્વૃતૌ સત્યાં દેવમાયાવિમોહિતઃ ।।૫।।**

પુરુષ નરકમાં રહેલો હોવા છતાં દેવની માયાથી મોહ પામેલો (ત્યાં) નરકનું સુખ હોવાથી ખરેખર દેહ તજવા ઇચ્છતો નથી. ૫.

કુંભીપાક વિગેરે નરકો કહેલાં છે, અને તેમાં નરક (માં રહેલા) દેહો પણ જણાવેલા છે, તેવા દેહોને પણ તેઓ તજવા ઇચ્છતા નથી. નરકના સંબંધવાળું જે સુખ, જેવું અહિં અપવિત્ર ખાબોચીઆમાં કીડાઓને (સુખ થાય છે) તેવું નરકમાં રહેલી મજ્જા વિગેરે ખાવાનું (સુખ) ત્યાં હોવાથી, તે દેહ જતાં તે (સુખ) જતું રહેશે, એવા ભયથી (દેહને) તજવા ઇચ્છતો નથી.

''આ દુઃખરૂપ હોવાનું પ્રત્યક્ષ સાબિત છે. (તે) સુખ કેમ (ગણાય) ?'' એવી શંકા થાય, તેથી 'દેવની માયાથી મોહ પામેલો' એમ કહેલું છે. માયાથી મોહ

પામેલો ઉલટું જ માને, કારણ કે તીવ્ર દુઃખને પણ સુખ તરીકે જાણે છે. માયાનું માહાત્મ્ય જણાવવા 'દેવની' શબ્દ યોજેલો છે. ૫.

''આ મનુષ્યના જન્મમાં અવશ્ય જેમનું પોષણ કરવાનું છે તેવા પુત્ર સ્ત્રી વિગેરે દુઃખ દેશે, ત્યારે વૈરાગ્ય થશે'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહેલો છેઃ

**આત્મજાયાસુતાગારપશુદ્રવિણબન્ધુષુ ।।**
**નિરૂઢમૂલહૃદય આત્માનં બહુ મન્યતે ।।૬।।**

દેહ, સ્ત્રી, પુત્રો, ઘર, પશુ, ધન અને બંધુઓમાં જેનું મૂલ દઢ થએલું છે તેવા અંતઃકરણવાળો પોતાને કૃતાર્થ માને છે. ૬.

'આત્મા' દેહ, 'જાયા' સ્ત્રી, 'સુતાઃ' પુત્રો, 'અગારં' ઘર, પશુઓ, ધન અને બંધુઓ (એમ) આ પ્રાકૃત દેહ છ અંગોવાળો છે. અંગો સાથેના તે (દેહ)માં દઢ થએલું છે મૂલ જેનું, તેવાં અંતઃકરણવાળો હોઈ, ભારથી પીડાએલો હોવા છતાં, દુઃખ પ્રાપ્ત કરતો હોવા છતાં, પોતાને 'બહુ' કૃતાર્થ માને છે. તેથી તે (દેહ વિગેરે)થી ઉલટી તેને આસક્તિ જ થાય છે, પરંતુ વૈરાગ્ય (થતો) નથી, એવો ભાવ છે. ૬.

તેઓ સુખ આપનારાં જ છે એમ પણ ન માનવું, એમ કહે છેઃ

**સન્દહ્યમાનસર્વાંગ એષામુદ્વહનાધિના ।।**
**કરોત્યવિરતં મૂઢો દુરિતાનિ દુરાશયઃ ।।૭।।**

આમનાં પોષણ (કરવા)ની ચિંતાથી સર્વ અંગોમાં ઘણી પીડા પામતો, દુષ્ટ અંતઃકરણવાળો મૂઢ સદા પાપો કર્યા કરે છે .૭.

આ સ્ત્રી વિગેરેનું 'ઉદ્વહનં' પોષણ, તેના કારણથી (થતી) જે ચિંતા, તેનાથી ઘણાં પીડાતાં છે સર્વ અંગો જેનાં, તેવો (તે હોય છે). માત્ર આ લોકમાં તેઓને લીધે દુઃખ પામે છે એટલું જ નહિ પરંતુ પરલોકમાં પણ (દુઃખ પામે છે), એમ ઉત્તરાર્ધથી કહે છે. સદા મૂઢ રહી, (પાપ કરવામાં) વિરોધ કરનારાં વાકયોનો વિચાર કર્યા વિના, પોતે પણ અંતઃકરણની શુદ્ધિરહિત રહી 'દુરિતાતિ' દુષ્ટ પ્રકારે ધન પ્રાપ્ત કરવાનાં વિગેરે અથવા ઈન્દ્રિયોથી થતાં પાપો કરે છે, એવો અર્થ છે. ૭.

આટલું કરવા છતાં આ લોકનું સુખ પ્રાપ્ત કરતો નથી, એમ આઠમા શ્લોકમાં કહે છેઃ

**આક્ષિપ્તાત્મેન્દ્રિયઃ સ્ત્રીણામસતીનાં ચ માયયા ।।**
**રહોરચિતયાડડલાપૈઃ શિશૂનાં કલભાષિણામ્ ।।૮।।**
**ગૃહેષુ કૂટધર્મેષુ દુઃખતન્ત્રેષ્વતન્દ્રિતઃ ।।**
**કુર્વન્ દુઃખપ્રતીકારં સુખવન્મન્યતે ગૃહી ।।૯।।**

વ્યભિચારિણી સ્ત્રીઓની એકાંતમાં રચેલી માયાથી (અને) તોતડું બોલતાં બાળકોની વાતોથી હરાએલાં અંતઃકરણ અને ઈન્દ્રિયોવાળો ગૃહસ્થ જેમાં કપટરૂપ ધર્મ છે અને દુઃખોની પરંપરા છે તેવાં ઘરોમાં સાવધાન રહી દુઃખનો ઉપાય કરતાં (તેને) સુખ જેવું માને છે. ૮।૯.

'અસતીનાં' બંને લોકનો નાશ કરનારી વ્યભિચારિણી સ્ત્રીઓની 'માયાથી' એટલે કપટથી ઠગવા માટે જ કરેલાં કાર્યથી 'આક્ષિપ્તાનિ' સ્ત્રીને વશ થએલાં છે અંતઃકરણ અને ઈન્દ્રિયો જેની તેવો (ગૃહસ્થ હોય છે). પરવશ ઈન્દ્રિયોથી સુખ થતું નથી. સ્ત્રીનું સુખ જ મુખ્ય હોવાથી (આ કહેલું છે). 'એકાંતમાં રચેલી' વિશેષણથી એમ જણાવે છે કે તે માયા ભગવાનનું ભજન વિગેરેથી પણ દૂર થતી નથી. તે માયા એકાંતમાં (હોવાથી), એકાંતમાં કરેલી ભક્તિથી જ દૂર થાય, તે તો ગૃહસ્થથી (થવાનું) સંભવતું ન હોવાથી, (તે માયા) ઉલ્લંઘન થઈ ન શકે તેવી છે. 'કલભાષિણાં' તોતડાં મધુર વચનો બોલનારાં નાનાં બાળકોની વાતોથી 'આક્ષિપ્તાત્મેન્દ્રિયઃ' હરાએલાં છે અંતઃકરણ અને ઈન્દ્રિયો જેની તેવો (ગૃહસ્થ છે). આથી (તેને) આ લોકનું સુખ ન હોવાનું જણાવેલું છે. ૮.

નવમા શ્લોકમાં (તેને) પરલોક ન હોવાનું સ્પષ્ટ કહેલું છે. ઘરોમાં ધર્મ મુખ્ય છે એમ લોકમાં પ્રસિદ્ધ છે, પરંતુ તેમાં કપટરૂપ જ ધર્મ અથવા ધર્મનો છલ, અથવા ધર્મનો ડોળ હોય છે. જેમ કીર્તિ માટે માણસો સમક્ષ જ ઉદારતા જણાવે અને બીજા સમયે આવેલાઓને જલ પણ ન આપે, તે તેવો કહેવાય છે. દુઃખની જ પરંપરા હોય છે જેમાં તેવાં (ઘરો છે). આ લોકમાં દુઃખ હોય છે, કપટવાળો ધર્મ હોવાને લીધે પરલોકમાં પણ દુઃખ (થાય છે). તે (વા ઘર)માં જ 'અતન્દ્રિતઃ' સાવધાન રહે છે. સ્ત્રીઓને માટે ધર્મ (ના વિષય)માં મોટું કાર્ય કરી, તેઓના આશ્રમમાં આવી તરસથી મરતો જેમ તેમ કરી જલનું પાન કરીને પોતાને સુખી અને કૃતાર્થ માને, (તેવું તેનું સુખ છે.) તે (અર્થ) 'દુઃખનો ઉપાય કરતાં (તેને) સુખ જેવું માને છે' શબ્દોથી કહેલો છે. અહિં સાંભળેલાં અથવા બીજામાં રહેલાં (સુખ) ને સુખ (કહેલું છે). 'ગૃહસ્થ' એટલે સદા ઘરના ભારથી કચરાએલો. જેનાં માથાં ઉપર ભાર હોય, તેણે કરેલાં જલપાનનાં જેવું તેનું સુખ (હોવાનું) કહેલું છે. ૯.

''બંને લોકમાં સુખ ન મળે તો પણ દુઃખ પણ નહિ થાય, તેથી ઘર અત્યંત નિંદાએલ (નિંદા કરવા યોગ્ય) નથી'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**અર્થૈરાપાદિતૈર્ગુર્વ્યા હિંસયેતસ્તતશ્ચ તાન્ ।।**
**પુષ્ણાતિ યેષાં પોષેણ શેષભુગ્યાત્યધઃ પુમાન્ ।।૧૦।।**

જ્યાં ત્યાં કરેલી ઘણી હિંસાથી પ્રાપ્ત કરેલાં ધનથી પુરુષ તેઓનું પોષણ કરે છે, જેમનાં પોષણ (કરવાથી) વધેલાનો ભોગ કરતાં નરકમાં જાય છે. ૧૦.

જ્યાં ત્યાં કરેલી પોતાની અને બીજાની જે ઘણી 'હિંસા' પીડા, તેનાથી પ્રાપ્ત કરેલાં ધનથી તે પુત્રો વિગેરેનું પોષણ કરે છે, જેમનાં પોષણથી 'અધઃ' નરકમાં જાય છે. સામાન્ય રીતે કુટુંબનું પોષણ કરનારો અમુક નરકો પૈકી રૌરવ નરકમાં પડે છે, એમ કહેલું છે. 'જે લોભી શાસ્ત્રવિરુદ્ધ વર્તન કરનાર રાજાનું (ધન) ગ્રહણ કરે છે, તે તામિસ્ર અંધતામિસ્ર (વિગેરે) આ એકવીસ નરકોમાં વારાફરતી જાય છે' (મનુસ્મૃતિ ૪।૮૭।૮૮) વિગેરે મનુનાં વાકયો છે. 'ઘણાં ભયાનક, જેમાંથી પાછાં ન અવાય તેવાં કુંભીપાક (નરક)માં તુલાપુરુષનું ગ્રહણ કરનાર ઋત્વિજો સાથે જાય છે' એ વિગેરે ઘણાં વાકયો હિંસા વિના પણ પ્રાપ્ત કરેલાં ધનના સંબંધમાં શાસ્ત્રમાં કહેલાં છે, તો પછી જેઓ હત્યારા છે તેમનું તો કહેવું જ શું ? તેથી ધનથી અને તેનાથી કરેલાં પોષણથી સંપૂર્ણ રીતે નરકમાં જાય છે. વળી અહિં ભોગ (પ્રાપ્ત કરતો) નથી, કારણ કે 'શેષભુક્' ઉચ્છિષ્ટનો ભોગ કરનારો છે. લોકમાં બ્રાહ્મણ વિગેરેને હણીને સ્ત્રીઓનાં મલને કાઢવાના સ્થાન બનાવનારા પણ જોવામાં આવે છે. તેઓને આ લોક અથવા પરલોક કેવો પ્રાપ્ત થવાનો ? 'પુરુષ' શબ્દથી એમ જણાવેલું છે કે શક્તિવાળો હોવા છતાં એવી રીતે નાશ પામે છે. 'સ્વયમ્' 'પોતે' એવો પાઠ હોય, ત્યારે એવો અર્થ થાય છે કે પુત્રો વિગેરે નરકમાં જતા નથી, પરંતુ પોતે જ (જાય છે). ૧૦.

એવી રીતે શક્તિવાળી અવસ્થામાં કાંઈ પણ ધર્મ અથવા ભોગ પ્રાપ્ત થયો નહિ એમ કહ્યું. નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોકો)થી એમ કહે છે કે શક્તિ ન હોય ત્યારે તો સારી રીતે નરક પ્રાપ્ત થાય છે, અને ભોગ પ્રાપ્ત થતો નથીઃ

**વાર્તાયાં લુપ્યમાનાયામારબ્ધાયાં પુનઃ પુનઃ ।।**
**લોભાભિભૂતો નિઃસત્ત્વઃ પરાર્થે કુરુતે સ્પૃહામ્ ।।૧૧।।**

વારંવાર આરંભેલો ધંધો તૂટી પડતાં, લોભને વશ થએલો સત્ત્વહીન થઈ, પરને માટે (ધન પ્રાપ્ત કરવા)ની ઈચ્છા કરે છે.૧૧.

ઘણા ભાગે આ ગૃહસ્થ ધંધા ઉપર આજીવિકા કરનારો હોય છે. તે ધંધો કાલને લીધે વારંવાર આરંભેલો હોવા છતાં તૂટી પડે છે, અને ધન વિના પોષણ થતું નથી, તેથી લોભને વશ થએલો અને વિવેક તથા ધૈર્ય વગરનો થઈ 'પરસ્ય' 'પરને' એટલે શ્રેષ્ઠને માટે ગુરુને માટે અથવા દેવને માટે (ધન પ્રાપ્ત કરવાની) ઈચ્છા કરે છે, ચોરી કરવાનો વિચાર કરે છે. (ધન) પ્રાપ્ત થવું તો દુર્લભ હોવાથી, (તેની) ઈચ્છા જ

કહેલી છે. આથી પરલોકનું ઘણું દુઃખ (થવાનું) કહેલું છે. ૧૧.

નીચેના શ્લોકમાં આ લોકનું સુખ (થતું) ન હોવાનું કહે છેઃ

**કુટુમ્બભરણાકલ્પો મન્દભાગ્યો વૃથોદ્યમઃ ।।**
**શ્રિયા વિહીનઃ કૃપણો ધ્યાયન્ શ્વસિતિ મૂઢધીઃ ।।૧૨।।**

કુટુંબનું પોષણ કરવાની શક્તિ વિનાનો, મંદ ભાગ્યવાળો, વૃથા ઉદ્યમવાળો, ધન વિનાનો, મૂઢ બુદ્ધિવાળો લાચાર થઈ (ધનનું) ધ્યાન કરતો નિસાસા નાખે છે. ૧૨.

ઉપર કહેલા ધોરણે કુટુંબનું પોષણ કરવાની શક્તિ વિનાનો થાય છે. 'મંદ ભાગ્યવાળો' વિશેષણથી એમ કહેલું છે કે દૈવથી પણ તેને ધન પ્રાપ્ત થતું નથી; તેથી થોડું (ધન) પ્રાપ્ત કરવાનો પણ વૃથા ઉદ્યમ છે જેનો, તેવો તે સંપૂર્ણ રીતે ધન અને કાંતિરહિત થાય છે. પછી વિચાર કર્યા વિનાનું માગનારો લાચાર થાય છે. પછી પહેલાં પ્રાપ્ત થએલા વિષયોનું માત્ર ધ્યાન કરતો માત્ર નિસાસા મૂકે છે, કારણ કે આ મૂઢ (બહેર મારી ગએલી) બુદ્ધિવાળો છે. તેવા સંજોગોમાં પણ પરલોક (પ્રાપ્ત કરવા) માટે પ્રયત્ન કરતો નથી. ૧૨.

એ પ્રમાણે પોતાથી સુખ પ્રાપ્ત થતું નથી અને દુઃખ થાય છે એમ કહીને, નીચેના શ્લોકમાં બીજાથી થતાં કહે છેઃ

**એવં સ્વભરણાકલ્પં તત્કલત્રાદયસ્તથા ।।**
**નાદ્રિયન્તે યથાપૂર્વં કીનાશા ઈવ ગોજરમ્ ।।૧૩।।**

એ પ્રમાણે પોતાનું પોષણ કરવાની શક્તિ વિનાના થએલાનો તેની સ્ત્રી વિગેરે જેમ–દુષ્ટ ખેડુતો ઘરડા બળદનો આદર કરતા નથી તેમ–પહેલાં જેવો આદર કરતાં નથી. ૧૩.

પોતાનું પોષણ કરવાની શક્તિ વિનાના થએલાનો તેની સ્ત્રી વિગેરે પહેલાં જેવો આદર પણ કરતાં નથી, ખાવાનું વિગેરે પણ આપતાં નથી, એવો અર્થ છે. આ વિષયમાં દૃષ્ટાંત કહે છે (કે) 'કીનાશાઃ' દુષ્ટ ખેડુતો 'ગોજરં' ઘરડા બળદનો આદર કરતા નથી. એટલે જેમ તેને અન્ન અથવા છાંયડો પણ (કરી) આપતા નથી, એવો અનુભવ જણાવવા દૃષ્ટાંત (કહેલું છે) ૧૩.

એ પ્રમાણે અપમાન કરાએલો હોવા છતાં વૈરાગ્યવાળો થતો નથી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તત્રાપ્યજાતનિર્વેદો ભ્રિયમાણઃ સ્વયંભૃતૈઃ ।।**
**જરયોપાત્તવૈરૂપ્યો મરણાભિમુખો ગૃહે ।।૧૪।।**

**આસ્તેઽવમત્યોપન્યસ્તં ગૃહપાલ ઈવાહરન્ ।।**
**આમયાવ્યપ્રદીપ્તાગ્નિરલ્પાહારોઽલ્પચેષ્ટિતઃ ।।૧૫।।**

તેવી સ્થિતિમાં પણ જેને વૈરાગ્ય થએલો નથી તેવો, પોતે જેમનું પોષણ કરેલું તેમનાથી પોષણ કરાતો, ઘડપણથી કદ્રૂપો થએલો, કૂતરાની પેઠે અપમાનથી નાખેલું ઝડપી લેતો, રોગી, મંદ જઠરાગ્નિવાળો, થોડા આહારવાળો અને થોડી ક્રિયાવાળો, જેનું મરણ નજીકમાં છે તેવો ઘરમાં રહે છે. ૧૪.

પહેલાં પોતે જેમનું પોષણ કરેલું, તેમનાથી હવે પોતે પોષણ પામે છે, એવું વૈરાગ્ય થવાનું કારણ ( કહેલું છે). આથી સ્વમાન વિના રહે છે એવો દોષ જણાવવા તેનાં માનનો નાશ કહેલો છે, અને 'ઘડપણથી કદ્રૂપો થએલો' વિશેષણથી એમ કહેલું છે કે તેનું અવશ્ય મરણ થવાનાં ચિહ્નો ઉત્પન્ન થએલાં છે. કરચલીઓ, ધોળા વાળ વિગેરે કદ્રૂપ છે. તે થાય ત્યારે આનું મરણ નજીકમાં છે. એવો નિશ્ચય થાય છે. ૧૪.

છતાં પણ તે ઘરમાં જ રહે છે. 'અવમત્યા' અપમાનથી નાખેલા ચોખા વિગેરે 'ગૃહપાલ ઈવ' કૂતરાંની પેઠે 'આહરન્' પોતે જ ઝડપથી લઈ (તે) ખાઈને પણ ઘરમાં કહે છે. એ પ્રમાણે બહારનું દુઃખ કહીને પંદરમા શ્લોકના ઉત્તરાર્ધથી અંદરનું દુઃખ કહે છે. 'આમયાવી' રોગી, અથવા જેનું અન્ન પચેલું નથી તેવો (હોય છે). તેનું કારણ મંદ છે અગ્નિ જેનો, એમ (કહેલું છે). તેવા સંજોગોમાં થોડા આહારવાળો થાય છે. ભોગ (થતો) નથી, અને પુરુષાર્થ (પ્રાપ્ત થતો) નથી, એમ કહેલું છે. ક્રિયા પણ થોડી જ થાય છે. આથી એમ કહેલું છે કે પોતાને પ્રાપ્ત થએલાં સાધનો (ઈન્દ્રિયો) પણ સુખ આપનારાં હોતાં નથી. ૧૫.

નીચેના શ્લોકમાં (તેને થતું) ઘણું દુઃખ કહે છેઃ

**વાયુનોત્ક્રમતોત્તારઃ કફસંરુદ્ધનાડિના ।।**
**કાસશ્વાસકૃતાયાસઃ કણ્ઠે ઘુરઘુરાયતે ।।૧૬।।**

કફથી જેનો નાડી (નો માર્ગ) રોકાએલો છે તેવો, ઉંચે જતા વાયુને લીધે જેના ડોળા ફાટેલા છે, ઉધરસ અને શ્વાસથી જેને દુઃખ થાય છે તેવો, કંઠમાં ઘરેડાનો અવાજ કરે છે. ૧૬.

'ઉત્ક્રમતા' દેહનો ત્યાગ કરીને નીકળતા, ઉંચે જતા પ્રાણ (વાયુ)ને લીધે ફાટેલા છે આંખોના ડોળા જેના તેવો (થાય છે). તેનું કારણ કે 'કફથી રોકાએલો છે નાડીઓ (નો માર્ગ) જેનો', તેવા વાયુને લીધે (જેના ડોળા ફાટેલા છે). મુખમાંનો અથવા નાકમાંનો વાયુનો માર્ગ કફથી રોકાએલો હોય છે, તેથી 'હું કફ વિનાના માર્ગથી જઈશ' એવો વિચાર કરી વાયુ આંખોમાં અથડાય છે ત્યારે પુરુષના ડોળા ફાટે છે.

લોકની દષ્ટિથી તેનું દુઃખ કહ્યું. ઉત્તરાર્ધથી તેને પણ દુઃખનો અનુભવ (થતો હોવાનું) કહે છે. ઉધરસ અને શ્વાસ અમુક રોગો છે તેઓથી થાય છે દુઃખ જેને, તેવો હોવા છતાં પણ વૈરાગ્યવાળો થતો નથી, એમ કહેલું છે. વળી કંઠમાં ઘરેડાનો અવાજ કરે છે. વાયુનું અનુકરણ કરનારો આ શબ્દ છે. 'ઘુર ઘુર' એમ કરે છે. વિષ્ઠાનું ભોજન કરનારા ભૂંડના અવાજ જેવો આ શબ્દ છે. તેથી આની દુર્ગતિ સૂચવેલી છે. ૧૬.

**શયાનઃ પરિશોચદ્ભિઃ પરિવીતઃ સ્વબન્ધુભિઃ ।।**
**વાચ્યમાનોઽપિ ન બ્રૂતે કાલપાશવશં ગતઃ ।।૧૭।।**

સૂતેલો, શોક કરતા પોતાના બંધુઓથી વીંટાએલો, કાલના પાશને વશ થએલો, બોલાવવા છતાં બોલતો નથી.૭.

છતાં પણ ઘરમાં જ સૂતેલો રહે છે, અને શોક કરતા બંધુઓથી સર્વ તરફથી વીંટાએલો હોય છે, એવો લૌકિક વ્યવહાર પણ (થયા કરે છે). 'આ પ્રાણીએ પોતાના દેહનો વ્યર્થ નાશ કર્યો' એવી પાછલની કૃતિના જેવું વર્ણન છે, કારણ કે જેણે (પોતાનું) કાર્ય કરેલું છે, તેવાનો કોઈપણ શોક કરતું નથી. તે સમયે કાલના પાશમાં સપડાએલો તે 'હે તાત !' એમ બોલાવવા છતાં પણ બોલતો નથી. ૧૭.

એ રીતે સર્વ અવસ્થાઓ કહીને, નીચેના શ્લોકમાં તેનું મુખ્ય મરણ કહે છેઃ

**એવં કુટુમ્બભરણે વ્યાપૃતાત્માઽજિતેન્દ્રિયઃ ।।**
**મ્રિયતે રુદતાં સ્વાનામુરુવેદનયાઽસ્તધીઃ ।।૧૮।।**

એ પ્રમાણે કુટુંબનું પોષણ (કરવા)માં જેણે ચિત્ત લગાડેલું, જેણે ઈન્દ્રિયો ઉપર વિજય મેળવ્યો નહિ, (અને) ઘણાં દુઃખને લીધે જેની બુદ્ધિ નાશ પામેલી તેવો, સગાંઓ રડતાં હોય ત્યારે મરણ પામે છે.૧૮.

કુટુંબનું પોષણ (કરવા)માં 'વ્યાપૃતાત્મા' જેણે ચિત્ત લગાડેલું, અને ભવિષ્યમાં પણ દુઃખ પ્રાપ્ત થાય તે માટે જેણે ઈન્દ્રિયો ઉપર વિજય મેળવેલો નહિ તેવો, ભગવાનનાં નામનું (તેને) શ્રવણ ન થાય તે માટે સગાંઓ રડતાં હોય ત્યારે, પોતે પણ (ભગવાનનાં નામનું) સ્મરણ કર્યા વિના, ઘણાં દુઃખને લીધે જેની બુદ્ધિ નાશ પામેલી છે તેવો થઈ 'મરણ પામે છે' એટલે પ્રાણ તજે છે. આથી અઢાર વિદ્યાઓ વ્યર્થ થયાનું કહ્યું. ૧૮.

નીચેનો શ્લોકથી આરંભી સોળ શ્લોકોથી તેને પરલોકમાં થતું દુઃખ કહે છેઃ

**યમદૂતૌ તદા પ્રાપ્તૌ ભીમૌ સરભસેક્ષણૌ ।।**
**સ દૃષ્ટ્વા ત્રસ્તહૃદયઃ શકૃન્મૂત્રં વિમુઞ્ચતિ ।।૧૯।।**

તે સમયે આવેલા બે ભયંકર ક્રોધવાળી દષ્ટિવાળા યમદૂતોને જોઈને

હૃદયમાં ભય પામેલો તે મલ મૂત્ર કરે છે. ૧૯.

પ્રાણત્યાગ કરતી વખતે જો શુદ્ધ હોય, તો પુત્રો વિગેરેએ કરેલા સંસ્કારને લીધે પણ તે કલ્યાણ પ્રાપ્ત કરે, તેવું થતું નથી એમ જણાવવા (કહે છે કે) બે યમદૂતો આવે ત્યારે ભય પામેલો તે તેમને જોઈને હૃદયમાં ભય પામીને 'શકૃત્' મલ અને મૂત્ર કરે છે. પ્રાણ બહાર નીકળવા સમયે જ આ થવાથી શુદ્ધિ વિગેરે (કરવા) માટે રોકાઈ શકાતું નથી. ૧૯.

તેથી પુણ્ય ન હોવાથી અને ખડમાંકડીની પેઠે દેહનો સંબંધ હોવાથી, તેમણે (બે યમદૂતોએ) આણેલો યમે બનાવેલો દુઃખ ભોગવવાનો દેહ, પોતાના દેહનો ત્યાગ કર્યા પછી તરત જ તેને ગ્રહણ કરે છે એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યાતનાદેહ આવૃત્ય પાશૈર્બદ્ધ્વા ગલે બલાત્ ।।**
**નયતો દીર્ઘમધ્વાનં દણ્ડ્યં રાજભટા યથા ।।૨૦।।**

યમદૂતો દુઃખ ભોગવવાના દેહમાં ગોંધીને, જેમ રાજાના સીપાઈઓ ગુન્હેગાર ને લઈ જાય છે તેમ બલથી ગળામાં બંધનોથી બાંધીને માર્ગે દૂર લઈ જાય છે.૨૦

ત્યારે યમના દૂતો ગુદાથી નીકળી ગએલ પ્રાણવાળાને દુઃખ ભોગવવાના દેહમાં ગોંધીને, આજ્ઞા પ્રમાણે વર્તતો હોવા છતાં બલથી ગળામાં બંધનોથી બાંધીને માર્ગે દૂર લઈ જાય છે. 'દુઃખ ભોગવવાના' શબ્દથી દેહના સંબંધમાં જ દુઃખ હોવાનું કહેલું છે. ''બાંધીને શા માટે લઈ જાય છે ? નરક તો પછી કહેવાનું છે.'' એવી શંકા થાય, તેથી 'જેમ રાજાના સીપાઈઓ ગુન્હેગારને લઈ જાય છે તેમ' એમ કહેલું છે. પ્રવૃત્તિમાર્ગમાં રહેલા બધાએને યમના દૂતો લઈ જાય છે. તેઓમાં જે શિક્ષા કરવા પાત્ર હોય છે તેને બાંધીને લઈ જાય છે. બંધન શિક્ષા (થવાની છે એમ) જણાવનારું છે. જેમ રાજાના સીપાઈઓ અધિકાર પ્રમાણે (પુરુષને) લઈ જ જાય છે, પણ ગુન્હેગારને બાંધીને લઈ જાય છે તેમ (યમના દૂતો બાંધીને લઈ જાય છે). ૨૦.

નીચેના શ્લોકથી આરંભી ચાર (શ્લોકો)થી માર્ગમાં તેઓએ કરેલું (દીધેલું) દુઃખ કહે છે. (તે દુઃખ) ચાર પુરુષાર્થોનો નાશ કરનારું હોવાથી, માર્ગમાં થતું દુઃખ ચાર (શ્લોકો)થી કહે છેઃ

**તયોર્નિર્ભિન્નહૃદયસ્તર્જનૈર્જાતવેપથુઃ ।।**
**પથિ શ્વભિર્ભક્ષ્યમાણ આર્તોઽઘં સ્વમનુસ્મરન્ ।।૨૧।।**

તે બેથી જેનું હૃદય ભેદાએલું છે, (અને) ધમકી સાથેના પ્રહારોથી જેને ધ્રુજારો થએલો છે તેવો, માર્ગમાં કૂતરાઓથી કરડાતો, દુઃખી થઈ પોતાનાં પાપનું સ્મરણ કરતો....૨૧.

(યમના) બે દૂતો પુણ્ય અને પાપના અધિષ્ઠતા જેવા છે, પુણ્ય પણ કરેલ ન હોવાથી તે (પુણ્યનો અધિષ્ઠાતા) કોપેલો હોય છે, (અને) પાપ કરેલું હોવાથી બીજો (કોપેલો હોય છે). બંનેથી ભેદાએલું છે હૃદય જેનું તેવો (થાય છે). તેઓ સ્વરૂપથી જ ભય ઉત્પન્ન કરનારા હોવાથી 'તયોઃ' એમ છઠ્ઠી (વિભક્તિ) કહેલી છે. ઘણા ભયને લીધે અથવા ધમકી સાથેના પ્રહારોથી હૃદય ભેદાય છે. 'તર્જન' એટલે વાણીથી કરેલી શિક્ષા (ધમકી) સાથેનો પ્રહાર. થએલો છે ધ્રુજારો જેને તેવો (થાય છે). કૂતરાંઓ રાત અને દિવસના અભિમાનવાળા પાપના સાક્ષી દેવો છે, અને તેઓ માર્ગમાં (તેને) કરડે છે. વળી રોગ વિગેરેથી ઘેરાએલાની પેઠે તે દુઃખી થાય છે. 'પોતાનાં પાપનું સ્મરણ કરતાં' શબ્દોથી એમ જણાવેલું છે કે દેવતા સમીપ હોવાને લીધે તેને પહેલાંનું જ્ઞાન ઉત્પન્ન થાય છે. પ્રાણ બહાર નીકળવાની ક્ષણથી દુઃખ (પડવાનું) જરુરી હોવાથી માર્ગમાં કૂતરાં કરડવાનું કહેલું છે. ૨૧.

નીચેના શ્લોકમાં માર્ગમાં (પડતાં) બીજાં દુઃખો પણ કહે છેઃ

**ક્ષુત્તૃટપરીતોઽર્કદવાનલાનિલૈઃ સન્તપ્યમાનઃ પથિ તપ્તવાલુકે ।।**
**કૃચ્છ્રેણ પૃષ્ઠે કશયા ચ તાડિતશ્ચલત્યશક્તોઽપિ નિરાશ્રમોદકે ।।૨૨।।**

ભૂખ અને તરસથી ઘેરાએલો, તપેલી રેતીવાળા માર્ગ ઉપર સૂર્ય દાવાનલ અને વાયુથી ઘણો પીડાતો અને પીઠ ઉપર ચાબુકથી પ્રહાર કરાતો તે અશકત હોવા છતાં આશ્રમ અને જલ વિનાના માર્ગે કષ્ટથી ચાલે છે. ૨૨.

ભૂખ અને તરસ પણ ભોગવવાનાં દુઃખના સંબંધવાળાં છે, તેથી તેઓથી ઘેરાએલો હોય છે. સૂર્ય અને દાવાનલ તેમજ વાયુ પણ તેવા છે. સર્વ તરફથી (થતું) દુઃખ જણાવવાનું હોવાથી અંદર રહેલા (ભૂખ અને તરસ)થી થતું દુઃખ અને બહાર રહેલા (સૂર્ય વિગેરે)થી થતું દુઃખ વર્ણવ્યું. 'તપેલી રેતીવાળા માર્ગ ઉપર' શબ્દોથી માર્ગથી થતું (દુઃખ) પણ કહેલું છે. માર્ગ ઉપર સર્વ સ્થલે રેતી જ હોય છે, (અને) તે પણ તપેલી. 'કષ્ટથી ચાલે છે' શબ્દોથી તે (તપેલી રેતી)થી થતાં દુઃખનો અનુભવ જણાવેલો છે. ઘણું દુઃખ (થતું) નહિ હોય એવી શંકા થાય તેથી પ્રહારથી જ તેવું (દુઃખ) થાય છે એમ કહેવા 'અને પીઠ ઉપર ચાબુકથી પ્રહાર કરાતો' એમ કહેલું છે. લાકડીનો પ્રહાર મુખ્ય છે અને તે બે (દૂતો)નો કુદરતી છે. ચાબુક ઘોડાઓને મારવાની હોય છે, તેનાથી પ્રહાર કરવામાં આવે છે. 'આશ્રમ અને જલ વિનાના માર્ગે' શબ્દોથી (એમ કહેલું છે કે) યમના દૂતો જે માર્ગે લઈ જાય છે, ત્યાં ઘર વૃક્ષ વિગેરેની છાયા હોતી નથી, જલ પણ હોતું નથી. ૨૨.

ગતિનાં સાધનો દુઃખરૂપ હોવાનું કહીને, તેની દુઃખવાળી ગતિ કહે છેઃ

**તત્ર તત્ર પતન્ શ્રાન્તો મૂર્ચ્છિતઃ પુનરુત્થિતઃ ।।**
**યથા પાપીયસા નીતસ્તરસા યમસાદનમ્ ।।૨૩।।**

જ્યાં ત્યાં પડતો, થાકેલો, મૂર્ચ્છા પામતો (અને) પાછો ઉભો થતો તે-જેમ પાપીથી લઈ જવાતો હોય તેમ-ઝડપથી યમના ઘેર લઈ જવામાં આવે છે. ૨૩.

પગલે પગલે પડતો તે થાકી જાય છે, અને ઘણાં દુઃખને લીધે મૂર્ચ્છા પામે છે, (અને) દુઃખ ભોગવવાનો દેહ હોવાથી, તે (મૂર્ચ્છા)થી પણ પાછો ઉભો થાય છે. 'જેમ પાપીથી લઈ જવાતો હોય તેમ' શબ્દોથી તેવી રીતે લઈ જવાનો પ્રકાર જણાવતાં પ્રયોજન કહેલું છે. પાપી હણનારથી અથવા વાઘ વિગેરેથી વનમાં મારી નાંખવા લઈ જવાતો હોય તેમ, અથવા પાપવાળો, પોતે પાપ કરેલાં હોય તે પાપી, પોતે કરેલાં પાપને અનુસરીને જેમ જે દેહ ઉત્પન્ન થએલો હોય તે પાપી (દેહ), તેનાથી 'તરસા' ઝડપથી જ યમના ઘેર લઈ જવામાં આવે છે, એમ પાપના ભેદથી દુઃખનો ભેદ જણાવેલો છે. ૨૩.

ઝડપથી ઘણે દૂર લઈ જવામાં આવતાં દુઃખી થાય છે, એમ (લઈ જવાના) પ્રકારથી થતું દુઃખ પણ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યોજનાનાં સહસ્રાણિ નવતિં નવ ચાધ્વનઃ ।।**
**ત્રિભિર્મુહૂર્તૈર્દ્વાભ્યાં વા નીતઃ પ્રાપ્નોતિ યાતનાઃ ।।૨૪।।**

નવાણું હજાર યોજન માર્ગ ઉપર ત્રણ મુહૂર્તમાં અથવા બે મુહૂર્તમાં લઈ જવામાં આવતો તે દુઃખ પામે છે. ૨૪.

કર્મ (કરવા)ની ભૂમિથી દુઃખ ભોગવવાનું સ્થાન એક લાખ યોજનથી એક હજાર યોજન ઓછું દૂર છે. તે (અર્થ) 'નવાણું હજાર યોજન' શબ્દોથી કહેલો છે. 'ભૂમિની નીચે (નરકો છે).' (૫।૨૬।૫) એવું વચન હોવાથી ભૂમિનો ભાગ (ઉંડાણ) તેટલો જ છે, અથવા એક હજાર યોજન તેનો નીચેનો ભાગ (ઉંડાણ) દુઃખ ભોગવવાની ભૂમિ (નરકો)ની નીચે છે, અને આ વરાહકલ્પ પ્રમાણે કહેલું છે, બ્રહ્મકલ્પથી પણ વિરુદ્ધ નથી. પાપ ઓછું હોય ત્યારે 'ત્રણ મુહૂર્તમાં' (અને) પાપ વધારે હોય ત્યારે 'બે મુહૂર્તમાં' (લઈ જવામાં આવે છે). આટલે દૂર આટલા સમયમાં લઈ જવામાં આવતો દુઃખ પામે છે, તેટલું દુઃખ પામે છે. એવો અર્થ છે. ૨૪.

તે પૈકી પરચુરણ પાપ કરનારાઓને પાપના પ્રમાણમાં ત્રણ પ્રકારનાં નરકો (પ્રાપ્ત થાય છે) એમ નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી કહે છે. સાત્ત્વિક પાપ (કર્યું) હોય, ત્યારે (પ્રાપ્ત થતું નરક) નીચેના શ્લોકમાં, રાજસ પાપ (કર્યું) હોય, ત્યારે (પ્રાપ્ત થતું) છવીસમા શ્લોકમાં, અને તામસ પાપ (કર્યું) હોય, ત્યારે (પ્રાપ્ત

થતું) સત્તાવીસમા શ્લોકમાં કહેલ છેઃ

**આદીપનં સ્વગાત્રાણાં વેષ્ટયિત્વોલ્મુકાદિભિઃ ।।**
**આત્મમાંસાદનં ક્વાપિ સ્વકૃત્તં પરતોઽપિ વા ।।૨૫।।**

સળગતાં ઉંબાડીઆં વિગેરેથી વીંટી પોતાના અવયવોને સળગાવવું, કોઈક સ્થલે પોતે કાપેલું અથવા બીજાએ પણ કાપેલું પોતાનું માંસ ખાવું. ૨૫.

સળગતાં ઉંબાડીઆં (દેહના) અવયવો ઉપર વીંટી 'આદીપનં' સળગાવવાં. 'આદિ' 'વિગેરે' શબ્દો હોવાથી ઘાસ વસ્ત્ર વિગેરે પણ વીંટી સળગાવવું (કહેલું છે). ઘણાં પાપવાળાઓને આ (થાય છે), બીજાઓને તો કોઈક પ્રદેશમાં પોતાનું માંસ ખાવાનું (હોય છે). (તે) પોતે જ 'કૃતં' કાપેલું, પોતાના દેહમાંથી કાઢેલું, અથવા 'બીજાએ પણ' (કાપેલું), એટલે બીજાએ કાઢેલું (હોય). પોતે જ પાપ કરેલું હોય (ત્યારે પોતે કાપેલું) (અને) બીજાની પ્રેરણાથી કરેલું હોય, ત્યારે (બીજાએ કાપેલું ખાવાનું હોય છે). ૨૫.

**જીવતઃ સ્વાઙ્ગાભ્યુદ્ધારઃ શ્વગૃધ્રૈર્યમસાદને ।।**
**સર્પવૃશ્ચિકદંશાદ્યૈઃ સ્મરદ્ભિશ્ચાત્મવૈશસમ્ ।।૨૬।।**

યમના ઘરમાં કૂતરાં અને ગીધોએ, (અને) પોતાની (કરેલી) હત્યાનું સ્મરણ કરતા સર્પો, વીંછીઓ અને મોટા મચ્છરો વિગેરેએ જીવતાં પોતાનાં અંગોને બહાર ખેંચી કાઢવાં. ૨૬.

કૂતરાં, ગીધ વિગેરેએ પોતાનાં અંગો એટલે શરીરના અવયવોને જીવતાં બહાર ખેંચી કાઢવાં. તેઓ જ (તે અંગો) ખાય છે, એવો ભેદ છે. 'યમના ઘરમાં' શબ્દો સર્વ તરફથી ભયાનકપણું સૂચવે છે. કૂતરાં પહેલાં કહેલાં છે. ગીધો પાખંડનાં અભિમાનવાળાં (હોય છે). 'સર્પો વીછીઓ અને મોટા મચ્છરો વિગેરેએ'માં 'વિગેરે' શબ્દથી માંકડ વિગેરે (કહેલા છે). 'દંશાઃ' એટલે મોટા મચ્છરો. 'આત્મવૈશસમ્' એટલે પહેલાં પોતાની (કરેલી) હત્યા. તેઓ પણ અંગોને બહાર ખેંચી કાઢે છે, એવી (વાક્યની) યોજના છે. ૨૬.

**કૃન્તનં વાઽવયવશો ગજાદિભ્યો નિપાતનમ્ ।।**
**પાતનં ગિરિશૃઙ્ગેભ્યો રોધનં ચામ્બુગર્તયોઃ ।।૨૭।।**

અવયવે અવયવોનું કપાવું, હાથી વિગેરે પાસે નખાવું, પર્વતના શિખરો ઉપરથી પછડાવું અને જલમાં તથા ખાડામાં ગોંધાવું. ૨૭.

શેરડીના સાંઠા પેઠે અવયવે અવયવનું કપાવું. હાથી વાઘ વિગેરે પાસે 'નિપાતનં' (તેઓ) ખાઈ જાય તે માટે નખાવું; અને પર્વતનાં શિખરો ઉપરથી નીચે

પછડાવું, અને જલમાં તથા ખાડામાં ગોધાવું. યોગ્યતા પ્રમાણે આ પાપનાં ફલો (ભોગવવાં પડે છે). ૨૭.

પરચુરણ કહીને નીચેના શ્લોકમાં મુખ્ય (નરકો) કહે છે :

**યાસ્તામિસ્રાન્ધતામિસ્રરૌરવાદ્યાશ્ચ યાતનાઃ ।।**
**ભુઙ્ક્તે નરો વા નારી વા મિથઃ સઙ્ગેન નિર્મિતાઃ ।।૨૮।।**

પુરુષ અથવા સ્ત્રીએ પરસ્પરના સંબંધથી તામિસ્ર અંધતામિસ્ર અને રૌરવ વિગેરે જે નરકનાં દુઃખ ઉત્પન્ન કરેલાં હોય તે તે ભોગવે છે. ૨૮.

અઠ્ઠાવીસ નરકનાં દુઃખો જે કહેલાં છે તે તે ભોગવે છે. તે (નરકનાં દુઃખો)નાં લક્ષણ આગળ (પાંચમા સ્કંધમાં) કહેવામાં આવશે. ''સ્ત્રી ભોગ કરવા યોગ્ય હોવાથી, (તેને) નરકનો અનુભવ થતો નહિ હોય'', એવી શંકા થાય, તેથી 'અથવા સ્ત્રીએ' એમ કહેલું છે. ભોગ કરવા યોગ્ય અંશ હોય તેને પણ નરકનો સંબંધ થાય છે એમ જણાવવા 'પરસ્પરનાં સંબંધથી (ઉત્પન્ન કરેલા)' એમ કહેલું છે. પરસ્પરનાં સંબંધથી ઉત્પન્ન થએલું પાપ નરકનાં દુઃખો ઉત્પન્ન કરનારું છે. ૨૮.

''આ માત્ર ભય (દેખાડવા કહેલું હશે)'' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકમાં દૃષ્ટાંતથી તે સત્ય હોવાનું સિદ્ધ કરે છે :

**અત્રૈવ નરકઃ સ્વર્ગ ઈતિ માતઃ પ્રચક્ષતે ।।**
**યા યાતના વૈ નારક્યસ્તા ઈહાપ્યુપલક્ષિતાઃ[૧] ।।૨૯।।**

હે માતા ! સ્વર્ગ અને નરક અહિં જ છે એમ કહે છે. જે નરકનાં દુઃખો છે તે ખરેખર અહિં પણ જોવામાં આવે છે.

ભલા અધિકારીઓને રાજ્ય વિગેરે (પ્રાપ્ત થતાં), અને દુષ્ટ (કાર્ય) કરનારાઓને રાજાથી શિક્ષા વિગેરે (થતાં) પ્રત્યક્ષ જોવામાં આવે છે. આ સર્વ આ લોકમાં જ જોવામાં આવે છે, તેથી અહિં (અનુભવાતાં) દુઃખો તે (નરકનાં દુઃખો)ને દર્શાવનારાં છે. ૨૯.

૧. શ્રીભાગવતમાં 'લક્ષિતાઃ' પાઠ છે, અને તે જ યોગ્ય લાગવાથી તે જ રાખેલો છે.

આ સર્વ કુટુંબનાં પોષણનાં કારણથી જ થાય છે, એમ નીચે કહે છે :

**એવં કુટુમ્બં બિભ્રાણ ઉદરંભરિરેવ ચ ।।**
**વિસૃજ્યેહોભયં પ્રેત્ય ભુઙ્ક્તે તત્ફલમીદશમ્ ।।૩૦।।**

એ પ્રમાણે કુટુંબનું પોષણ કરનારો અને વળી (પોતાનું) પેટ ભરનારો, બંનેને અહિં તજી મરણ પામી, તે (કાર્ય)નું આવું ફલ ભોગવે છે.૩૦.

અને જેને કુટુંબ ન હોય, તે પણ એવા પ્રકારના દુઃખનો અનુભવ કરે છે

એમ 'અને વળી પોતાનું પેટ ભરનારો' શબ્દોથી કહેલું છે. કુટુંબને અને પેટને અહિં જ તજી, પછી મરણ પામી, તે બંનેનાં પોષણથી થતાં આવાં ફલનો અનુભવ કરે છે. ૩૦.

નીચેના શ્લોકમાં એમ કહે છે કે પાપથી ઉત્પન્ન થએલાં દ્રવ્યનો અનુભવ બધાં કરતા હોવા છતાં એક જ તેનું ફળ ભોગવે છેઃ

**એકઃ પ્રપદ્યતેઽધ્વાનં હિત્વેદં સકલેવરમ્ ।।**
**કુશલેતરપાથેયો ભૂતદ્રોહેણ યદ્ ભૃતમ્ ।।૩૧।।**

પ્રાણીઓના દ્રોહથી જે પ્રાપ્ત કરેલું તે આ દેહ સાથે તજીને, કલ્યાણ અથવા દુઃખનાં ભાતાંવાળો એકલો જ માર્ગે જાય છે. ૩૧.

દેહ સાથે આ સર્વને તજીને, કલ્યાણના ભાતાવાળો અથવા દુઃખના ભાતાવાળો એકલો જ યમલોકના માર્ગે જાય છે. બંને પ્રકારના પ્રવૃત્તિમાં મચ્યા રહેનારાઓ યમલોકમાં જ જાય છે એમ જણાવવા 'કલ્યાણ અથવા દુઃખનાં (ભાતાંવાળો)' શબ્દ (યોજેલ છે). 'પાથેયં' એટલે માર્ગનું ભાતું. 'ભૂતાનાં' પ્રાણીઓના દ્રોહથી જે પ્રાપ્ત કરેલું તેનો અવશ્ય ભોગ કરવો જોઈએ, એમ જણાવવા ('યદ્ ભૃતમ્' એમ) ફરીથી કહેલું છે.૩૧.

''યમલોકમાં પ્રાયશ્ચિત કરે, અથવા 'મેં જ ભોગ કરેલો નથી' એવી તકરાર કરે. તેમ થાય ત્યારે નરક માં જવાનું નહિ થાય'' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકમાં કહે છે :

**દૈવેનાસાદિતં તસ્ય શમલં નિરયે પુમાન્ ।।**
**ભુઙ્ક્તે કુટુમ્બપોષસ્ય હૃતવિત્ત ઈવાતુરઃ ।।૩૨।।**

કુટુંબનું પોષણ કરનાર પુરુષ ભગવાનની ઈચ્છાથી પ્રાપ્ત થએલું તેનાં પાપનું ફલ-ધન હરાએલા રોગીની પેઠે-નરકમાં ભોગવે છે. ૩૨.

ત્યાં ભગવાનની ઈચ્છાથી જ (તેને) તેનાં પાપનું ફલ પ્રાપ્ત થાય છે, અને તે ભોગવે છે, પરંતુ તેમાંથી છટકી શકાતું નથી. 'શમલં' એટલે પાપનું ફલ, 'નિરયે' નરકની ભૂમિમાં (ભોગવે છે). 'પુરુષ' હોવાથી સ્વતંત્ર (હતો).

''જો ભગવાનની ઈચ્છાથી (પાપનું ફલ પ્રાપ્ત થતું હોય) તો (તેમાં) કોનો દોષ ?'' એવી શંકા થાય, તેથી 'કુટુંબનું પોષણ કરનાર' એમ કહેલું છે. 'ધન હરાએલા (રોગીની પેઠે)' શબ્દથી તેને અંદરથી પણ દુઃખ (થવાનું) કહેલું છે. જેમ રોગથી ગળાતા દેહવાળો ધન જતાં દુઃખ અનુભવે છે, એવી રીતે કુટુંબનું અને દેહ પણ જતાં તેમની વાસના રહેવાથી પાપનું ફલ ભોગવે છે. ધર્મથી અથવા અધર્મથી

કુટુંબનું પોષણ કરનારના સંબંધમાં આ કહેલું છે. ૩૨

નીચેના શ્લોકમાં માત્ર અધર્મથી કુટુંબનું પોષણ કરનારને (પ્રાપ્ત થતું) ફલ કહે છે :

**કેવલેન હ્યધર્મેણ કુટુમ્બભરણોત્સુકઃ ।।**
**યાતિ જીવોऽન્ધતામિસ્રં ચરમં તમસઃ પદમ્ ।।૩૩।।**

કેવલ અધર્મથી કુટુંબનું પોષણ કરવા તત્પર રહેતો જીવ અંધકારનાં છેવટનાં સ્થાન અંધતામિસ્રમાં જાય છે. ૩૩.

શિકારીની પેઠે અથવા હત્યારાની પેઠે જે પાપથી પ્રાપ્ત કરેલાં દ્રવ્યથી જ કુટુંબનું પોષણ કરે છે અથવા (તેમ કરવા) તત્પર રહે છે, તે અંધતામિસ્રમાં જાય છે. તે આ અંધતામિસ્રથી જૂદું, દૈત્યોને છેવટે (પ્રાપ્ત થતાં) ફલરૂપ છે. તે (અર્થ) 'છેવટનાં (સ્થાન)' શબ્દથી કહેલો છે. ત્યાં ગએલો પાછો ફરતો નથી, અને ત્યાં સુખ હોતું નથી એમ જણાવવા, 'અંધકારનું સ્થાન' એમ કહેલું છે. ૩૩.

ત્યાં કલ્પના અંત સુધી રહી પાછો આવે છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અધસ્તાન્નરલોકસ્ય યાવતીર્યાતનાદયઃ ।।**
**ક્રમશઃ સમનુક્રમ્ય પુનરત્રાવ્રજેચ્છુચિઃ ।।૩૪।।**

નરલોકની નીચે જેટલાં નરકો વિગેરે છે, તેમાં અનુક્રમે જઈ આવીને પાછો પવિત્ર થઈ અહિં આવે છે. ૩૪.

નરલોકની નીચે જેટલાં નરકો છે, તે બધાંએનો ઉંચું મુખ રાખીને અનુક્રમે અનુભવ કરીને (અહિં આવે છે), પરંતુ બધાંનો એક સાથે (અનુભવ કરતો) નથી; પણ 'સમનુક્રમ્ય' એક નરક (ના અનુભવ)નો આરંભ કરી, તે સંપૂર્ણ રીતે ભોગવી, પછી બીજાં નરકનો ભોગ કરવાનો આરંભ કરે છે, એવો અર્થ છે. (પછી) પાછો આ લોકમાં જ શુધ્ધ થઈ આવે છે, એવો અર્થ છે. ૩૪.

**ઈતિ શ્રી લક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના ત્રીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ||અધ્યાય એકત્રીસમો ||

**એકત્રિંશે પુનસ્તસ્ય ગર્ભાદિકૃતયાતનાઃ ||**
**જાનતોઽપિ પુનર્મોહો દુઃખં ચાપિ તથોચ્યતે ||૧||**

એકત્રીસમા અધ્યાયમાં તે જ્ઞાનવાળો હોવા છતાં ફરી તેનાં ગર્ભ વિગેરેથી થતાં દુઃખો, ફરીથી મોહ તેમજ દુઃખ તેવા પ્રકારથી[૧] કહેવામાં આવે છે. કા.૧.

**કૃતિઃ પ્રધાનં ન જ્ઞાનં યાવદ્દેહસ્મૃતિર્ભવેત્ ||**
**અતસ્ત્યાગો વિધાતવ્યો જ્ઞાનં તસ્માતુ દુર્બલમ્ ||૨||**

જ્યાંસુધી દેહનું સ્મરણ રહે, ત્યાંસુધી ક્રિયા મુખ્ય છે, જ્ઞાન (મુખ્ય) નથી[૨]. તેથી ત્યાગ કરવો જોઈએ. જ્ઞાન તો તેનાથી[૩] દુર્બલ છે. કા.૨.

**ક્રિયા ચેદ્વિષમા જાતા જ્ઞાનં તસ્ય ન સાધકમ્ ||**
**ક્રિયાં ચેજ્જનયેત્તદ્ધિ તદુત્તમમિહોચ્યતે ||૩||**

જો ક્રિયા વિરુદ્ધ થઈ, તો જ્ઞાન તેને[૪] સાહાય્ય કરનારું થતું નથી. જો તે (જ્ઞાન) ક્રિયા ઉત્પન્ન કરે, તો તે ઉત્તમ હોવાનું અહિં કહેવામાં આવે છે. કા.૩.

**અધર્માધિક્યતો ધર્મં યઃ કરોતિ ગૃહી સદા ||**
**બહુજન્મવિપાકેન ગર્ભે તસ્ય ભવેન્મતિઃ ||૪||**

જે ગૃહસ્થ સદા અધર્મથી અધિક ધર્મ કરે છે, તેને ઘણા જન્મના વિપાકથી ગર્ભમાં (સારી) મતિ થાય છે. કા.૪.

**તામસત્વાત્તુ ધર્મસ્ય ન ભૂમૌ નોત્તરે ફલમ્ ||**
**અતો ગર્ભે જ્ઞાનસિદ્ધિસ્તાદશસ્યોચ્યતે હિતમ્ ||૫||**

ધર્મ તામસ હોવાથી ભૂમિ ઉપર અથવા પાછલના (લોક)માં (તેનું) ફલ મળતું નથી. તેથી તેવાને ગર્ભમાં હિતકારી[૫] જ્ઞાનની પ્રાપ્તિ (થવાનું) કહેવામાં આવે છે. કા.૫.

૧. 'તેવા પ્રકારથી' એટલે વૈરાગ્ય ઉત્પન્ન કરે તેવા પ્રકારથી, (પ્ર)
૨. ''આ અધ્યાયમાં ગર્ભમાં (જીવને)થતું જ્ઞાન જણાવવાનું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી આ વાકય કહેલું છે. (પ્ર)
૩. 'તેનાથી' એટલે ત્યાગથી. (પ્ર)
૪. 'તેને' એટલે જીવને, એવો અર્થ જણાય છે.
૫. 'હિતકારી' એટલે ત્યાગરૂપ હિત કરનારું. હલકો અધિકાર હોય ત્યારે જ્ઞાન લાભકારક હોવા છતાં નમાલું હોવાથી, ત્યાગ જરુરી છે એમ જણાવવા તેનો બોધ કરેલો છે, એવો અર્થ છે. (પ્ર)

ગયા અધ્યાયના અંતે નરકમાંથી ફરી આ લોકમાં આવવાનું કહ્યું, અને ''પછી તેને દેહનો સંબંધ કેવી રીતે થાય છે ?'' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકમાં એમ કહે છે કે જ્યારે યોનિમાં વીર્ય જીવ વિનાનું જ રહેલું હોય છે, ત્યારે કર્મને લીધે તે (જીવ) આવી, તેમાં પ્રવેશ કરે છેઃ

॥ શ્રીભગવાનુવાચ ॥

**કર્મણા દૈવતન્ત્રેણ જન્તુર્દેહોપપત્તયે ॥**

**સ્ત્રિયાઃ પ્રવિષ્ટ ઉદરં પુંસો રેતઃકણાશ્રયઃ ॥૧॥**

ભગવાનની ઈચ્છાને અધીન કર્મને લીધે દેહ પ્રાપ્ત થાય તે માટે જીવ પુરુષનાં વીર્યનાં બિંદુનો આશ્રય કરી સ્ત્રીના ઉદરમાં પ્રવેશ કરે છે. ૧.

ભગવાનની ઈચ્છાને અધીન કર્મને લીધે આ 'જન્તુઃ' જન્મ લેતો (જીવ) દેહ પ્રાપ્ત થાય તે માટે પુરુષનાં વીર્યનાં બિંદુનો આશ્રય કરી, સ્ત્રીના ઉદરમાં પ્રવેશ કરે છે. આરંભમાં (જીવ) ઉદરમાં પ્રવેશ કરે છે, અને પછી વીર્યનાં બિંદુનો આશ્રય કરે છે, અને પ્રવેશ મુખ અથવા નાક દ્વારા કરે છે. તે પ્રવેશ કરે કે તરત જ તેના પ્રયત્નથી રોકાએલું (વીર્ય) રહે છે, દૈવને લીધે (જીવનો) પ્રવેશ અને વીર્ય સાથે ભળવાનું સાથે જ થાય છે. ૧.

**કલલં ત્વેકરાત્રેણ પઞ્ચરાત્રેણ બુદ્‌બુદમ્ ॥**

**દશાહેન તુ કર્કન્ધૂઃ પેશ્યણ્ડં વા તતઃ પરમ્ ॥૨॥**

એક રાતમાં તો કલલ થાય છે, પાંચ રાતમાં પરપોટો થાય છે; દશ દિવસમાં તો બોર જેવું થાય છે અને ત્યાર પછી માંસની પેશી અથવા વૃષણ થાય છે. ૨.

ત્યાં માત્ર (એક) દિવસ રહે ત્યારે તે વીર્યનું 'કલલ' થાય છે. વીર્ય અને રજ ભેગાં મળી જાય છે. પાંચ રાતમાં તે પરપોટાના આકારવાળું ઉપસેલું થાય છે. દસ દિવસમાં તો 'કર્કન્ધૂઃ' થાય છે, એટલે બોરના બીજ જેવું થાય છે. ત્યાર પછી (માંસની) પેશી અથવા વૃષણ થાય છે. અથવા વૃષણના આકારવાળું થએલું વડાના આકારવાળું થાય છે જો પુરુષ હોય તો વૃષણ થાય છે. જો બીજાં[1] બે હોય તો પેશી થાય છે. અથવા જેની ઉંચી ગતિ થવાની હોય તે વૃષણના આકારવાળો થાય છે, પરંતુ જેની નીચી ગતિ થવાની હોય અથવા (હોય ત્યાં ને) ત્યાં રહેવાનો હોય તે પેશી થાય છે. 'ત્યાર પછી' એટલે દશ દિવસ પછી. ૨.

૧. 'બીજાં બે' એટલે સ્ત્રી અથવા નપુંસક, એવો અર્થ જણાય છે.

**માસેન તુ શિરો દ્વાભ્યાં બાહ્વઙ્ઘ્ર્યાદ્યઙ્ગવિગ્રહઃ ॥**

**નખલોમાસ્થિચર્માણિ લિઙ્ગચ્છિદ્રોદ્ભવસ્ત્રિભિઃ ॥૩॥**

એક મહિનામાં તો માથું, બે (મહિના)માં બાહુ પગ વિગેરે અંગોવાળો દેહ, ત્રણ (મહિના)માં નખ, કેશ, હાડકા, ત્વચા, લિંગ અને છિદ્રોની ઉત્પત્તિ થાય છે. ૩.

(એક) મહિનામાં તો એક ભાગમાં માથું થાય છે. બે માસમાં બાહુ પગ વિગેરે સાથે 'અન' દેહનું સારી રીતે ગ્રહણ છે જેમાં તેવો (થાય છે). દેહની આકૃતિ પ્રાપ્ત થતાં તેમાં સારી રીતે અભિમાન પણ થાય છે એવો અર્થ છે. અથવા બાહુ અને પગો અંગો છે જે દેહમાં તેવો થાય છે, એવો અર્થ છે. નખો, કેશો, હાડકાં અને ત્વચા ત્રણ માસમાં થાય છે. લિંગ અને નવ છિદ્રોની ઉત્પત્તિ ત્રણ માસોમાં જ થાય છે. ૩.

**ચતુર્ભિર્ધાતવઃ સપ્ત પઞ્ચભિઃ ક્ષુત્તૃડુદ્ભવઃ ।।**
**ષડ્ભિર્જરાયુણા વીતઃ કુક્ષૌ ભ્રામ્યતિ દક્ષિણે ।।૪।।**

ચાર (માસ)માં સાત ધાતુઓ (થાય છે) પાંચ (માસ)માં ભૂખ અને તરસ ઉત્પન્ન થાય છે. છ (માસ)માં ઑરથી વીંટાઈ જમણી કુખમાં ભમીને આવે છે. ૪.

ત્વચા વિગેરે ધાતુઓ છે. જો કે હાડકું પહેલાં ઉત્પન્ન થએલું, છતાં વધતા જતા પ્રકારથી (હવે) ઉત્પન્ન થાય છે, તેથી ચાર (માસ)માં તેવી ઉત્પત્તિ કહેલી છે. છ માસમાં ઑરથી વીંટાય છે. પુરુષ હોવાથી જમણી કુખમાં ભમીને આવે છે. ૪.

નીચેના શ્લોકમાં તેની આજીવિકા કહે છેઃ

**માતુર્જગ્ધાન્નપાનાદ્યૈરેધદ્ધાતુરસત્તમે ।।**
**શેતે વિણ્મૂત્રયોર્ગર્તે સજન્તુર્જન્તુસંભવે ।।૫।।**

માતાએ ખાધેલાં અન્ન પાન વિગેરેથી જેની ધાતુઓ વધતી જાય છે તેવો તે જેમાં જંતુઓ ઉત્પન્ન થાય છે તેવા ઘણા ખરાબ વિષ્ઠા અને મૂત્રના ખાડામાં તે જંતુઓ સાથે શયન કરે છે. ૫.

(માતાએ) ખાધેલાં અન્નપાન વિગેરેથી જ જેની ધાતુઓ વધતી જાય છે તેવો (તે હોય છે). 'ઘણા જ ખરાબ' પોતાને માટે અત્યંત અયોગ્ય 'વિષ્ઠા અને મૂત્રના ખાડામાં શયન કરે છે', (એમ) તેની અવસ્થા કહેલી છે. બીજાં પણ જંતુઓ ત્યાં સૂએ છે. તે 'સજન્તુઃ' જંતુઓ સાથે શયન કરે છે. ''ત્યાં જંતુઓ કયાંથી ?'' એવી શંકા થાય, તેથી 'જેમાં જંતુઓ ઉત્પન્ન થાય છે તેવા' વિશેષણ કહેલું છે. જંતુઓની ઉત્પત્તિ જે ખાડામાં થાય છે, (તેમાં શયન કરે છે). ૫.

તેમાં (તેને થતું) દુઃખ નીચેના શ્લોકમાં કહે છેઃ

**કૃમિભિઃ ક્ષતસર્વાઙ્ગઃ સૌકુમાર્યાત્પ્રતિક્ષણમ્ ।।**
**મૂર્ચ્છામાપ્નોત્યુરુક્લેશસ્તત્રત્યૈઃ ક્ષુધિતૈર્મુહુઃ ।।૬।।**

ત્યાં રહેતાં ભૂખ્યાં થએલાં (જીવડાં)થી વારંવાર જેનાં સર્વ અંગોમાં વ્રણ

કરવામાં આવે છે તેવો, સુકુમાર હોવાને લીધે ક્ષણે ક્ષણે મૂર્ચ્છા પામતો ઘણો દુઃખી થાય છે. ૬.

શરીર અત્યંત સુકુમાર હોવાને લીધે જીવડાંઓ જેનાં સર્વ અંગોમાં વ્રણ કરે છે તેવો ક્ષણે ક્ષણે મૂર્ચ્છા પામે છે. મૂર્ચ્છા થાય તે સ્થિતિમાં ઘણો દુઃખી થાય છે. 'ભૂખ્યાં થએલાં' વિશેષણથી જીવડાંઓએ વારંવાર વ્રણ (કરવા)નું કારણ કહેલું છે. વારંવાર (જીવડાંઓ) દંશ (કરવા)થી ઘણું દુઃખ થાય છે. ૬.

નીચેના શ્લોકમાં આધ્યાત્મિક દુઃખ કહે છેઃ

**કટુતીક્ષ્ણોષ્ણલવણરુક્ષામ્લાદિભિરુલ્બણૈઃ ।।**
**માતૃભુક્તૈરુપસ્પૃષ્ટઃ સર્વાઙ્ગોત્થિતવેદનઃ ।।૭।।**

માતાએ ખાધેલા તીખા, કઠોર, ગરમ, ખારા, લૂખા, ખાટા વિગેરે તીવ્ર (પદાર્થો)નો સ્પર્શ થવાથી (તેનાં) સર્વ અંગોમાં પીડા ઉત્પન્ન થતી હોય છે. ૭.

મીઠો રસ જ પીડા કરનારો નથી, બીજા તીખા વિગેરે પદાર્થો પીડા કરનારા જ હોય છે. 'આદિ' 'વિગેરે' શબ્દથી (એમ કહેલું છે કે) દ્રવ્યો ન પચવાથી પીડા કરે છે. તેઓનો (તેને) સંબંધ (થાય છે). એમ જણાવવા 'માતાએ ખાધેલાનો સ્પર્શ થવાથી' એમ કહેલું છે. જીવન કરાવનારી નાડી દ્વારા મુખમાં રસ આવે છે. બહારથી પણ સ્પર્શ થતો હોવાથી (તેનાં) સર્વ અંગોમાં પીડા ઉત્પન્ન થતી હોય છે. ૭.

નીચેના શ્લોકમાં આધિદૈવિક પીડા કહે છેઃ

**ઉલ્બેન સંવૃતસ્તસ્મિન્નન્ત્રૈશ્ચ બહિરાવૃતઃ ।।**
**આસ્તે કૃત્વા શિરઃ કુક્ષૌ ભુગ્નપૃષ્ઠશિરોધરઃ ।।૮।।**

તેમાં ઑરથી વીંટાએલો, અને બહાર આંતરડાંઓથી ઘેરાએલો પેટ ઉપર માથું રાખી વળેલી પીઠ અને ડોકવાળો રહે છે. ૮.

બંધન કરનારાં દોરડાંની પેઠે ગર્ભને વીંટી રહેતી ઑરથી તે જ ખાડામાં સારી રીતે (ઑરથી) વીંટાએલો, અને ઑરની બહાર પણ આંતરડાંઓથી ઘેરાએલો હોય છે. એ પ્રમાણે દુઃખી હોવા છતાં માથું પોતાના પેટ ઉપર રાખી વળેલી પીઠ અને ડોકવાળો રહે છે. આ દુઃખ દૈવે કરેલું છે. ૮.

નીચેના શ્લોકમાં પીડાઓનું ફલ કહે છેઃ

**અકલ્પઃ સ્વાઙ્ગચેષ્ટાયાં શકુન્ત ઈવ પઞ્જરે ।।**
**તત્ર લબ્ધસ્મૃતિર્દૈવાત્કર્મ જન્મશતાદ્ભવમ્ ।।**
**સ્મરન્ દીર્ઘમનુચ્છ્વાસં શર્મ કિં નામ વિન્દતે ।।૯।।**

પાંજરાંમાં (રહેલાં) પક્ષીની પેઠે પોતાનાં અંગો હલાવવા અશક્ત થએલો,

સેંકડો જન્મોમાં કરેલાં કર્મનું સ્મરણ કરતાં ભગવાનની ઈચ્છાથી તેને જ્ઞાન પ્રાપ્ત થતાં ઉંડા નિસાસા નાખતો તે શું સુખ પ્રાપ્ત કરે છે ? ૯.

તે પોતાનાં અંગો હલાવવા પણ અશક્ત થએલો હોય છે. તેનાથી પોતાથી (તેની) શક્તિનો નાશ થએલ હોતો નથી એમ '(પાંજરામાં રહેલાં) પક્ષીની પેઠે' શબ્દોથી કહેલું છે. અડચણ કરનારાંથી જ અશક્તિ થએલી હોય છે, પરંતુ પોતાથી થએલી હોતી નથી, એવો અર્થ છે. ઉપર કહેલા પ્રકારે પહેલાં પ્રાપ્ત કરેલ ધર્મને લીધે ભગવાનની ઈચ્છાથી જેની ઉપર ગતિ થવાની[1] છે તેને ગર્ભમાં સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે એમ '(ભગવાનની ઈચ્છાથી તેને) ત્યાં જ્ઞાન પ્રાપ્ત થતાં' શબ્દથી કહેલું છે. પોતાનાં જ સેંકડો જન્મોમાં કરેલાં કર્મનું સ્મરણ કરતાં ઉત્પન્ન થએલા શોકને લીધે ઉંડા નિસાસા નાખતો તે શું સુખ પ્રાપ્ત કરે છે ? નથી જ પ્રાપ્ત કરતો, એવો અર્થ છે. કર્મો તો ઉપર વર્ણવેલાં છે, જેમનાં સ્મરણથી સુખ (થવા)નો સંભવ જ હોતો નથી. 'ભગવાનની ઈચ્છાથી જ્ઞાન પ્રાપ્ત થતાં' શબ્દોથી આવું સ્મરણ (થવાનું) કારણ કહેલું છે. ૯.

૧. 'પાછો પવિત્ર થઈ અહિં આવે છે' એમ ૩।૩૦।૩૪માં કહેલ છે, ત્યાર પછી આ કહેલ હોવાથી આવો નિશ્ચય થાય છે. ભાવાર્થ એવો છે કે ગર્ભમાં સર્વને સર્વજ્ઞપણું પ્રાપ્ત થતું નથી. (પ્ર)

પહેલાનાં જન્મનાં સ્મરણથી વૈરાગ્ય ઉત્પન્ન થવા છતાં 'આત્માને જાણનાર શોક તરી જાય છે' શ્રુતિ પ્રમાણે જ્ઞાનની અવશ્ય જરુર હોવાથી, જેમ ભગવાનની ઈચ્છાથી પહેલાં (કરેલાં) કર્મોનું સ્મરણ થયું, તેમ તેને જીવ અને બ્રહ્મનાં સ્વરૂપનું જ્ઞાન પણ થાય છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**આરભ્ય સપ્તમાન્માસાલ્લબ્ધબોધોઽતિવેપિતઃ ।।**
**નૈકત્રાસ્તે સૂતિવાતૈર્વિષ્ઠાભૂરિવ સોદરઃ ।।૧૦।।**

સાતમા માસથી આરંભી જ્ઞાન પ્રાપ્ત કરેલો પ્રસૂતિના વાયુથી ઘણો કાંપતો– વિષ્ઠામાં ઉત્પન્ન થએલા કીડા પેઠે–(તેની સાથે) એક ઉદરમાં ઉત્પન્ન થએલો તે એક સ્થલે રહી શકતો નથી. ૧૦.

સાતમા માસથી આરંભી એટલે સાતમા માસ પછી જન્મ (થાય ત્યાં) સુધી તેને જ્ઞાન રહે છે, અને કાલ વિગેરેના પરાક્રમનું સ્મરણ કરી તે ઘણો કાંપે છે. વળી ઉત્તરાર્ધથી એમ કહે છે કે તે પદાર્થના સ્વભાવોને લીધે પણ કાંપે છે. પ્રસૂતિના વાયુઓથી કંપાવેલો હોઈ તે એક સ્થલે રહેતો નથી. જ્ઞાન પ્રાપ્ત થએલ હોવા છતાં, ક્રિયા જ સર્વથી બલવાળી છે એમ જણાવવા 'વિષ્ઠામાં ઉત્પન્ન થએલા કીડા પેઠે' શબ્દોથી (તે) દુષ્ટની સમાન હોવાનું કહેલું છે. વિષ્ઠામાં જન્મેલો કીડો હોય તેના

જેવો છે. ''આ પ્રૌઢ (પુરુષ)ના સંબંધમાં એવું નિંદાનું વચન કેમ કહો છો?'' એવી શંકા થાય, તે વિષયમાં કહે છે કે, કારણ કે આ 'સોદરઃ' સમાન (એક) ઉદર છે જેનું તેવો છે. જો આ પ્રૌઢ હોય તો (જંતુઓ સાથે) એક ઉદરમાં ઉત્પન્ન થએલો ન હોય. ભગવાને પ્રેરણા કરેલી વસ્તુના સ્વભાવો સર્વથી બલવાન હોવાનું દર્શાવવા, (અને) જ્ઞાન નમાલું હોવાનું જાણી (તે) ભગવાનનું ભજન કરે તે માટે (એવાં વચનો કહેલાં છે). ૧૦.

તેથી તેવું જ્ઞાન પ્રાપ્ત કરી તેણે ભગવાનની સ્તુતિ કરી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**નાથમાન ઋષિર્ભીતઃ સપ્તવધ્રિઃ કૃતાઞ્જલિઃ ।।**
**સ્તુવીત તં વિક્લવયા વાચા યેનોદરેડર્પિતઃ ।।૧૧।।**

સાત બંધનોવાળો પીડાતો ભય પામેલો ઋષિ બે હાથ જોડી જેમણે ઉદરમાં મૂકેલો છે તેમની વિહ્વલ વાણીથી સ્તુતિ કરે છે. ૧૧.

'નાથમાનઃ' એટલે પીડાતો, કારણ કે 'નાથ્' અને 'નાધ્' ધાતુઓ વિનતિ, દુઃખ, સત્તા અને આશીર્વાદના અર્થવાળા છે એવો ધાતુઓનો પાઠ છે. અથવા ભગવાનને વિનતિ કરતો સ્તુતિ કરે છે, સંજોગ પ્રમાણે પોતાના મોક્ષ માટે (વિનતિ કરે છે), એવો પણ અર્થ (થાય છે). 'ઋષિ' શબ્દથી (એમ કહેલું છે કે તેને) અલૌકિક જ્ઞાન થએલ હોવાથી તેને મંત્રનું દર્શન થાય છે, કારણ કે મંત્રથી સ્તુતિ કરાએલ અલૌકિક આત્મા પ્રસન્ન થાય છે. ''પ્રસન્ન થએલા ભગવાન્ પ્રકટ થાય, ત્યારે સ્તુતિ કરવી જોઈએ. અંતર્યામી ભગવાન્ પ્રકટ થયા નથી (તેમજ) પ્રસન્ન થયા નથી'' એવી શંકા થાય, તેથી 'ભય પામેલો' વિશેષણ યોજેલું છે. સ્તુતિ બંને પ્રકારે થાય, ભય પામેલાથી અને જેના ઉપર (ભગવાન્) પ્રસન્ન થયા હોય તેનાથી. જોકે આના ઉપર ભગવાન્ પ્રસન્ન થયા નથી, છતાં પણ ભય પામેલો હોવાથી (ભગવાન્) પ્રસન્ન થાય તે માટે સ્તુતિ કરે છે. ''ગર્ભમાંથી બહાર નીકળ્યા પછી સ્તુતિ કરવી જોઈએ, અત્યારે સ્તુતિ કરવાનું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી 'સાત બંધનોવાળો' વિશેષણ યોજેલું છે. 'વધ્રિઃ' એટલે બંધન કરનારી ચામડાની દોરી, તેવી ત્વચા વિગેરે સાત હોય છે. તેથી સંપૂર્ણ પ્રકારે બંધાએલો (જીવ) વિલંબ સહન કરતો નથી. 'બે હાથ જોડી' શબ્દથી એમ જણાવે છે કે આ સ્તુતિ પ્રાર્થના છે. પ્રેમ ઉત્પન્ન થએલો હોવાથી આ સ્તુતિ સફલ છે એમ જણાવવા 'વિહ્વલ વાણીથી' એમ કહેલું છે. 'જેમણે ઉદરમાં મુકેલો છે (તેમની)' શબ્દોથી એમ કહેલું છે કે (આ સ્તુતિનું) ફલ હમણાં દુઃખ દૂર થાય તે જ છે. ૧૧.

**પ્રાણરક્ષાં પુરસ્કૃત્ય દશભિઃ સ્તોત્રમૂચિવાન્ ।।**
**ભક્તિપ્રપત્તી કર્તવ્યે ઈતિ શાસ્ત્રાર્થબોધનાત્ ।।૬।।**
**શરણાગમનં પૂર્વં જીવબ્રહ્મવિભાજનમ્ ।।**
**જીવહીનત્વતશ્ચાપિ સત્સંગાદેવ તદ્ભવેત્ ।।૭।।**

પ્રાણના રક્ષણનો આદર કરીને દશ શ્લોકથી સ્તુતિ કરે છે, કારણ કે ભક્તિ અને શરણ જવાનું કરવાં જોઈએ, એવો શાસ્ત્રનો અર્થ (તેણે) જાણેલો છે. કા. ૬.

(૧૨) પહેલાં શરણ આવવાનું (૧૩) જીવ અને બ્રહ્મનો ભેદ (૧૪) અને જીવ[૧] હલકો હોવાથી[૧] નમન કરે છે (૧૫) સત્સંગથી[૨] જ નમન થાય છે. કા. ૭.

**એવં હરિસ્તુ હિતકૃત્ કૃપાપ્રાર્થનમેવ ચ ।।**
**પ્રત્યુપકારાસામર્થ્યં જ્ઞાનદાતૃત્વમેવ ચ ।।૮।।**
**સંસારસ્યાતિદુષ્ટત્વં તદભાવસ્તુ યાચ્યતે ।।**

(૧૬) એવી રીતે હરિ તો હિત કરનારા છે (૧૭) અને વળી (જીવ) કૃપા માટે પ્રાર્થના કરે છે. (૧૮) બદલો વાળવાની શક્તિ વિનાનો છે (૧૯) અને વળી (ભગવાન્) જ્ઞાન આપનારા છે (૨૦) સંસાર ઘણો દુષ્ટ છે. (૨૧) તે ન રહે તેવું તો માગે છે. કા. ૮ ૧/૨.

આરંભમાં નીચેના શ્લોકમાં (જીવ ભગવાનને) શરણ જાઉં છું એમ કહે છેઃ

**તસ્યોપપન્નમવિતું જગદિચ્છયાત્તનાનાતનોર્ભુવિલસચ્ચરણારવિન્દમ્ ।।**
**સોઽહં વ્રજામિ શરણં હ્યકુતોભયં મે યેનેદશી ગતિરદર્શ્યસતોઽનુરૂપા ।।૧૨।।**

જેમણે મને દુષ્ટને યોગ્ય આવી ગતિ જણાવી, તેમણે ઉત્પન્ન કરેલાં જગતનું રક્ષણ કરવાની ઈચ્છાથી ભૂમિ ઉપર જાતજાતના દેહો ગ્રહણ કરનાર ભગવાનનાં સર્વ તરફથી ભયરહિત પ્રકાશતાં ચરણારવિંદને તે હું શરણ જાઉં છું. ૧૨.

પહેલાં કરેલા ધર્મને લીધે, (આ જીવ) અવતાર ધારણ કરેલા હરિનું પહેલાં ચિંતન કરનારો હોવાથી, તેમને જ શરણ જાય છે. હજી સુધી ભક્તિમાર્ગમાં તેણે પ્રવેશ કરેલો ન હોવાથી ભગવાનનો અવતાર જગતનું રક્ષણ કરવા (થાય છે એમ) તે કહે છે. 'ઉપપન્નં' પોતે જ ઉત્પન્ન કરેલાં જગતનું રક્ષણ કરવાની ઈચ્છાથી, પોતાની ઈચ્છાથી 'આત્તાઃ' ગ્રહણ કરેલા છે જાતજાતનાં દેહો જેમણે તેવા (ભગવાન્ છે). તેથી જ તેવા (ભગવાન)નાં પ્રકાશતાં ચરણારવિંદને હું શરણ જાઉં છું. ચરણ કહેલું હોવાથી, આ શરણ જવાનું ભક્તિ માટે જ છે, કારણ કે તે યોગ્ય જ છે કે ભય પામેલાઓ રક્ષણ કરનારનાં ચરણને શરણ જાય. ''ત્યાં પણ જો પહેલાંની પેઠે દુઃખ જ (થવાનું) હોય, તો શરણ જવું નકામું છે'' એવી શંકા થાય, તેથી 'સર્વ તરફથી

ભયરહિત' વિશેષણ કહેલું છે.

''આ (ભગવાન)જ 'સુખ દુઃખ' વિગેરે વાક્ય પ્રમાણે દુઃખ આપનારા છે, અને તેથી મારનારને શરણ જવું અયોગ્ય છે.'' એવી શંકા થાય, તેથી 'જેમણે આવી ગતિ જણાવી' એમ કહેલું છે. જો (ભગવાન્) માત્ર આવી ગતિ આપે (કરાવે), પરંતુ જણાવે નહિ, તો (જીવ તેમને) શરણ ન જાય. પરંતુ 'દુષ્ટની આવી ગતિ થાય છે' એમ જે જણાવે છે તેથી એમ જણાય છે કે ભલા થવાથી આવી ગતિ નહિ થાય એવું જણાવે છે. તે વિષયમાં ઉત્તમ ભગવાનમાં પ્રવેશ (કરવા)થી જ ભલમનસાઈ થાય છે. ભલાં અને દુષ્ટનો ભેદ ગ્રહણ કરવા યોગ્ય તરીકે અને તજવા યોગ્ય તરીકે જ નક્કી કરેલો છે, કે પ્રકૃતિથી ઉત્પન્ન થએલું દુષ્ટ છે અને ભગવાન્ ભલા (ઉત્તમ) છે. જેમ જીવ સ્વરૂપથી ભલો હોવા છતાં દુષ્ટમાં પ્રવેશ કરવાથી દુષ્ટ થાય છે, તેમ ભલામાં પ્રવેશ કરવાથી[3] ભલો થાય છે. તેથી ભલામાં પ્રવેશ થાય તે માટે ભગવાનને શરણ જવું યોગ્ય જ છે, એવો અર્થ છે. ૧૨.

૧...૧. જીવ હલકો હોવાથી (ભગવાનને) નમન કરે છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી પહેલાના (તેરમા) શ્લોકમાં ભેદ કહ્યો તેથી પણ નમન કરે છે, એવો અર્થ છે. (પ્ર)

૨. તેથી મોટા ભક્તોની કૃપા તો ભક્તિ (પ્રાપ્ત થાય તે) માટે છે, એવો અર્થ છે. (પ્ર)

૩. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'સતિ પ્રવેશે સત્ત્વમિતિ' પાઠ લીધેલો છે.

ઉપર કહ્યું તે થઈ શકે તે માટે નીચેના શ્લોકમાં જીવ અને બ્રહ્મનાં સ્વરૂપનો ભેદ કહે છેઃ

**યસ્ત્વત્ર[1] બદ્ધ ઈવ કર્મભિરાવૃતાત્મા ભૂતેન્દ્રિયાશયમયીમવલમ્બ્ય માયામ્ ।।**
**આસ્તે વિશુદ્ધમવિકારમખણ્ડબોધમાતપ્યમાનહૃદયેઽવસિતં નમામિ ।।૧૩।।**

કર્મોથી છૂપાએલ સ્વરૂપવાળો, દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણરૂપ માયાનો આશ્રય અહિં કરી પૂરાએલા જેવો જે રહેલો છું તે હું સર્વ તરફથી તપતાં હૃદયમાં રહેલ જણાએલાં ઘણાં શુદ્ધ વિકારરહિત સંપૂર્ણ જ્ઞાનવાળાને નમન કરું છું. ૧૩.

(અહિં) આ શરીરમાં જ જે પક્ષીની પેઠે પૂરાએલો જણાય છે તે જીવ છે. 'કર્મોથી છૂપાએલ સ્વરૂપવાળો' વિશેષણથી તેનો બંધ (થવા)નું કારણ (કહેલું છે) 'દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણરૂપ માયાનો આશ્રય કરી' શબ્દોથી કર્મો સાથેના સંબંધનું પણ કારણ (કહેલું છે). 'ભૂતાનિ' દેહ ઈન્દ્રિયો અને અંતઃકરણ-આત્માને મોહ ઉત્પન્ન કરવા આ પ્રકારની માયા ઉત્પન્ન થએલી. તેથી તેનો આશ્રય કરી, આત્મા તરીકે અથવા આધાર તરીકે જે રહેલો છે, તે પૂરાએલા જેવો જીવ છે; પરંતુ જે તેવા પ્રકારની માયાનો આશ્રય કર્યા વિના રહે છે, તે 'ઘણા શુદ્ધ' છે. આથી તે

દેહરહિત હોવાનું કહ્યું. ઈન્દ્રિયવાળા નથી એમ જણાવવા 'વિકારરહિત' વિશેષણ (યોજેલું છે). બધા વિકારો ઈન્દ્રિયોથી ઉત્પન્ન થાય તેવા હોય છે. અંતઃકરણવાળા નથી એમ જણાવવા 'સંપૂર્ણ જ્ઞાનવાળા' વિશેષણ (યોજેલું છે). એવા પ્રકારના હોવા છતાં પણ અમારા ઉપરની કૃપાને લીધે પોતાની મૈત્રી સિદ્ધ કરવા માટે 'આ' સર્વ તરફથી તપતાં હૃદયમાં 'અવસિતં' જણાએલા છે. તેથી જ હું (તેમને) નમન કરું છું. તેથી ભગવાનમાં દોષ ન હોવાનું અને (તેમના) ગુણો કહ્યા; અને જીવના દોષો કહ્યા, અને તે (દોષો) દૂર થાય તે માટે (જીવ) નમન (કરે છે) એમ કહ્યું. ૧૩.

૧. શ્લોકમાં 'યઃ' અને 'નમામિ' શબ્દો છે, તેથી 'સોઽહં' 'તે હું' એ બે શબ્દોની જરૂર રહેતી હોવાથી, 'જે પૂરાએલા જેવો રહેલો તે હું નમન કરું છું'. એવો વાક્યનો સંબંધ જણાવો. (પ્ર)

''આથી (નમનથી) શું (લાભ) ? કારણ કે માયા જ્ઞાનથી દૂર થશે, પછી કર્મનો સંબંધ ન રહેવાથી દેહનો સંબંધ નહિ રહે પછી મુક્ત થશે. તેથી મુક્તિ થાય તે માટે ભગવાનને નમન કરવું જોઈએ નહિ (જરુરી નથી)'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**યઃ પઞ્ચભૂતરચિતે રહિતઃ શરીરે છન્નો યથેન્દ્રિયગુણાર્થચિદાત્મકોઽહમ્ ।।**
**તેનાવિકુણ્ઠમહિમાનમૃષિં તમેનં વન્દે પરં પ્રકૃતિપૂરુષયોઃ પુમાંસમ્ ।।૧૪।।**

પાંચ મહાભૂતોનાં બનેલાં શરીરમાં જે ઈન્દ્રિયો ગુણ ભૂતો તથા ચેતનરૂપ ખરેખર ઢંકાએલો છે તે હું, જે તેથી છૂટા છે તે પ્રબલ મહિમાવાળા, પ્રકૃતિ અને પુરુષને વશ રાખનારા, પુરુષરૂપ આ ઋષિને નમન કરું છું. ૧૪.

આ દેહ પંચ મહાભૂતોથી બનાવેલો છે અને તે મહાભૂતો- 'જે જેનામય ઉત્પન્ન થયું તેને તજ્યા વિના વશ રાખનાર થાય ?' (૧૦।૮૪।૧૮) એ વાક્ય પ્રમાણે ભગવાને વશ કરેલાં ભગવાનને અધીન જ છે. તેવા બીજાને અધીન રહેલા શરીરથી જે છૂટા છે[૧] તેમને, જે ઈન્દ્રિયો ગુણ ભૂતો તથા ચેતનરૂપ તેવા જ શરીરમાં ઢંકાએલો હું નમન કરું છું, એવો (વાક્યનો) સંબંધ છે. જેમ દર્પણમાં આવેલા સૂર્યને સ્નાન[૨] કરાવવામાં આવે છે, અથવા પ્રતિમામાં આવેલા વિષ્ણુની સુગંધી દ્રવ્યો વિગેરેથી પૂજા કરવામાં આવે છે તેમ જો પહેલાં ચેતનરૂપ હોવા છતાં પણ બીજાની સાથે સંબંધમાં આવે તો જ શરીર (ચેતનરૂપને) ઢાંકનારું થાય છે[૩] તે (જણાવવા) માટે આરંભમાં દેહનો સંબંધ (થયાં) પહેલાં ઈન્દ્રિયોનો સંબંધ કહેલો છે.

અથવા[૪] 'યથા' 'જેમ' એ દૃષ્ટાંતથી શરીરથી ઢંકાએલ હોવાનું દઢ કરે છે[૫]. જેમ ઈન્દ્રિયો, અંતઃકરણરૂપ ગુણો (અને) આધિભૌતિક અર્થ (એ) ત્રણના સમૂહમાં આ જેણે ચેતનરૂપે પ્રવેશ કરેલો છે, તે ત્રણના સમૂહમાં આધ્યાત્મિક (અર્થ) વિગેરે

ત્રણ રૂપવાળો અને ચેતનરૂપ (એમ) ચાર રૂપવાળો થાય છે, જેમ હું ઈન્દ્રિયો વિગેરેના સંબંધવાળો છું તેમ આત્માના સંબંધવાળો પણ છું, એવો અર્થ છે[૫]. તેથી એક જ શરીરમાં રહેનારા બે પૈકી એક (તેનાથી) છૂટો રહે છે, અને એક (તેનાથી) ઢંકાએલો હોય છે. તે કારણથી 'પ્રબલ મહિમાવાળા' એટલે જીવ ઉપર અલૌકિક ઉપકાર કરવાની શક્તિવાળા, પહેલાં રહેલાં વિઘ્નોનો નાશ કરવા પ્રકૃતિ અને પુરુષને 'પરં' વશ રાખનારા, (ભગવાન્) આકારરહિત છે એવો મત ખોટો ઠરાવવા 'પુરુષરૂપ', પહેલાં જેમણે ઉપકાર કરેલો છે તેવા આપ ઋષિને નમન કરું છું–એમ પોતાની હલકાઈ જણાવી પહેલાં કહેલું[૬] તે જ ફરીથી બીજીવાર કહેલું છે. ૧૪.

૧. તો શરીરમાં રહેવા છતાં, (તેના) અભિમાન વિનાના હોવાથી તેના સંબંધ વિનાના છે. (પ્ર).

૨. 'સ્નાપ્યતે' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે. નાથદ્વારવાળી પ્રતમાં 'સ્થાપ્યત્તે' 'સ્થાપન કરવામાં આવે છે' એવો પાઠ છે.

૩. ''એક જ શરીરમાં બંને હોવા છતાં, શરીર એકને જ ઢાંકનારું કેમ હોય ?'' એવી શંકાનું આ વાક્યથી સમાધાન કરે છે. (પ્ર)

૪. 'યથા' નો અર્થ 'ખરેખર' ખેંચી કાઢેલો જણાતાં અહિંથી બીજી રીતે અર્થ કરે છે. (પ્ર)

૫...૫. ઢંકાએલ રહેવાનો પ્રકાર આ ભાગથી જણાવેલો છે. આમાં ગુણોને આધિદૈવિક અને ઈન્દ્રિયોને આધ્યાત્મિક જાણવી. આ ચાર રૂપથી સંસારી તરીકે (જીવ) ઢંકાએલો રહે છે, એવો અર્થ છે. (પ્ર)

૬. 'પહેલાં કહેલું તે' એટલે (શ્લોક ૧૩ માં કહેલું) નમન. (પ્ર).

'એ રીતે શરણ આવવાનું અને નમન વિગેરે ભગવાનના ભક્તની કૃપાથી જ થાય છે' એવું ઋષિ (તરીકે થએલાં) જ્ઞાનથી સ્મરણ કરીને, ભક્તના સંગની જાણે કે પ્રાર્થના કરવા માટે નીચેના શ્લોકમાં તેમની[૧] કૃપાની સ્તુતિ કરે છેઃ

**યન્માયયોરુગુણકર્મનિબન્ધનેઽસ્મિન્ સાંસારિકે પથિ ચરંસ્તદભિશ્રમેણ ।।**
**નષ્ટસ્મૃતિઃ પુનરયં પ્રવૃણીત લોકં યુક્ત્યા કયા મહદનુગ્રહમન્તરેણ ।।૧૫।।**

જેમની માયાથી ઘણા ગુણ અને કર્મનાં બંધનવાળા આ સંસારનાં માર્ગમાં ફરતાં, તેના શ્રમને લીધે જેનાં જ્ઞાનનો નાશ થએલો છે તેવો આ (જીવ) ભકતની કૃપા વિના વળી કઈ યુક્તિથી લોકનો નાશ કરે ? ૧૫.

જ્યારે (જીવનું) પોતાનું સામર્થ્ય ન રહે, શાસ્ત્રથી પણ જ્યારે ઉપાય ન થઈ શકે, ત્યારે ભગવાનના ભક્તો જ અલૌકિક (ઉપાય) દ્વારા તે (જીવ)ને ભગવાનમાં આસક્તિવાળો કરી શકે એ યોગ્ય છે. નહિ તો પોતાની શક્તિ હોય તો એવી દુર્દશા ન થાય; કારણ કે જ્ઞાન અને ક્રિયા હોય ત્યારે ઉપાય થાય (થઈ શકે). તે પૈકી 'જેનાં જ્ઞાનનો નાશ થએલો છે' વિશેષણથી જ્ઞાન ન હોવાનું (કહ્યું), અને શ્રમ દર્શાવવાથી

ક્રિયાશક્તિ ન હોવાનું (કહ્યું). શ્રમ નિત્ય ઉત્પન્ન થાય છે એમ જણાવવા એમ (કહેલું છે કે) જે ભગવાનની, મોહ કરવામાં સાધન બનેલી માયાથી, ઘણાં જે ગુણો અને કર્મો તેમનાથી સંપૂર્ણ બંધન થાય છે જેમાં, આવા આ સંસારના માર્ગમાં સદા ફર્યા કરે છે. મુક્ત (બંધન વિનાનો) પણ સદા ફરતાં શ્રમવાળો થાય છે, તો પછી બંધનવાળાનું તો કહેવું જ શું ? તે બંધન પણ કર્મોએ કરેલું, પોતાથી પણ છૂટું કરી ન શકાય તેવું (હોય છે) કર્મો પણ પ્રાયશ્ચિત્ત વિગેરેથી અટકાવી ન શકાય તેવાં (હોય છે), કારણ કે ભગવાનની માયાથી જ ઉત્પન્ન થએલાં છે, અને સ્વભાવ બનેલા ગુણો ચિત્તને તે (કર્મ)માં જ આસક્તિવાળું કરે છે. 'આ' શબ્દથી સદા સંસાર દેખાતો હોવાથી તેને દૂર કરવાનું ઘણું કઠણ (હોવાનું) સૂચવેલું છે. 'માર્ગ' શબ્દથી (તે) પૂરો ન થવાનું સૂચવેલું છે. 'કઈ યુક્તિથી' શબ્દોથી એમ કહેલું છે કે લૌકિક ઉપાય બંધ બેસતો નથી. ૧૫.

૧. 'તેમની કૃપાની' એટલે ભક્તની કૃપાની. (પ્ર)

''ભક્તની કૃપાથી જ એ રીતે (સંસારનું અટકવું) કેમ થાય છે ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**જ્ઞાનં યદેતદદદાત્કતમઃ સ દેવસ્ત્રૈકાલિકં સ્થિરચરેષ્વનુવર્તિતાંશઃ ।।**
**તં જીવકર્મપદવીમનુવર્તમાનાસ્તાપત્રયોપશમનાય વયં ભજેમ ।।૧૬।।**

આ જે ત્રણ કાલનું જ્ઞાન આપ્યું, તે સ્થાવર જંગમ (પદાર્થો)માં પોતાના અંશને સ્થાપન કરનાર દેવ પરબ્રહ્મ છે. જીવોના કર્મના માર્ગને અનુસરનારા અમે ત્રણ દુઃખો શાંત થાય તે માટે તેમને ભજીએ છીએ. ૧૬.

આ જે ત્રણ કાલમાં રહેલી વસ્તુઓના વિષયનું જ્ઞાન અમને થયું તે ભગવાને જ આપેલું છે. તેમ ન હોય, તો જે (અમારાં) હૃદયમાં રહેલું ન હોય તે હૃદયમાં જ્ઞાન કેવી રીતે આપે ? વળી સ્થાવર જંગમ (પદાર્થો)માં સ્થાપન કરેલો છે પોતાનો અંશ જેમનો અથવા જેમણે તેવા (આ છે)[૧], કારણ કે આ પોતાના અંશ જીવ ઉપર ઉપકાર કરનારા છે. અથવા અંતર્યામિરૂપ અંશ સર્વમાં રહેતો હોવાથી[૨] આમણે જ (મને) જ્ઞાન આપેલું.

'સર્વ ઇન્દ્રિયો વિગેરેમાં (તેમના) અધિષ્ઠાતા દેવો હોય છે, તેઓ જ્ઞાન આપતા નથી, અને આ સર્વમાં રહે છે (તેથી આ જ્ઞાન કેમ આપે ?)' એવો (પ્રશ્ન થાય), છતાં પણ (આમણે જ્ઞાન) મને જ આપ્યું[૩]. તેથી આ 'કતમઃ' અત્યંત 'કઃ', પરબ્રહ્મરૂપ દેવ છે. (આ) બીજા દેવોનું કૃત્ય નથી. 'કતમઃ' એ શબ્દથી એમ કહેલું છે કે આમના વિષે વધારે કહી શકાય તેમ પણ નથી.[૪] તેથી જ ત્રણ દુઃખો શાંત થાય તે માટે જીવોના 'કર્મપદવીં' સંસાર (કર્મ)ના માર્ગને અનુસરનારા અમે બધા ભજીએ

છીએ. જે કોઈએ જીવની સ્થિતિ પ્રાપ્ત કરેલી છે, તેઓનો ઉત્તમ ધર્મ દાસ્ય છે[૫]. દેહની સ્થિતિનો ત્યાગ કરીને (કર્યા પછી) બ્રહ્મની સ્થિતિ પ્રાપ્ત થાય તે પહેલાં (ત્યાં સુધી) જીવની સ્થિતિ જ છે. પ્રથમ પ્રવૃત્તિ થતી હોવાથી[૬] 'ત્રણ દુઃખો શાંત થાય તે માટે' એમ કહેલું છે. 'અમે' એ બહુવચન પોતાની સમાન સ્વભાવવાળા બધાની વિજ્ઞપ્તિ (હોવાનું) જણાવવા (યોજેલું છે), કારણ કે ભજનને લીધે જ ભગવાન્ કૃપા કરે છે. ૧૬.

૧. આ વાક્યથી ભગવાન્ હૃદયમાં રહેલા હોવાનું સિદ્ધ કરે છે. (પ્ર).

૨. 'જે આત્મામાં રહેતાં...' એ શ્રુતિ પ્રમાણે તેમ છે. (પ્ર)

૩. આ વાક્યથી અયોગ્યતાનું સમાધાન કરે છે. આનો નિર્ણય 'કતમઃ' શબ્દથી થાય છે, એવો અર્થ છે. (પ્ર).

૪. ('કતમઃ' એ) શબ્દના પ્રભાવથી પ્રશ્ન પણ થાય છે, એમ આ વાક્યથી કહેલું છે. (પ્ર)

૫. '(ભગવાન્) ભલે ઉપકાર કરનારા હોય. ભજન કરવાનું શું પ્રયોજન ?' એવો પ્રશ્ન થાય, તેથી આ વાક્ય કહેલું છે. પહેલાં નમન કરવાનું કહેલું તેથી દાસ્ય ઉત્તમ છે. સખ્ય વિગેરે સ્વાધીન (ભગવાનને અધીન) હોવાથી દાસ્ય જ જીવનો ધર્મ છે. તેથી જ ભજન જ જરુરી છે, એવો અર્થ છે. (પ્ર)

૬. 'પ્રથમ પ્રવૃત્તિ થતી હોવાથી' એટલે મુખ્ય અધિકાર હજી પ્રાપ્ત થએલ ન હોવાથી. (પ્ર)

એ પ્રમાણે ભજન (કરવાનું કહીને), નીચેના શ્લોકમાં વિજ્ઞપ્તિ કરે છેઃ

**દેહ્યન્યદેહવિવરે જઠરાગ્નિનાસૃગ્વિણ્મૂત્રકૂપપતિતો ભૃશતપ્તદેહઃ ।।**
**ઇચ્છન્નિતો વિવસિતું ગણયન્ સ્વમાસાન્નિર્વાસ્યતે કૃપણધીર્ભગવન્ કદા નુ ।।૭।।**

બીજાના પોલાણમાં જઠરાગ્નિથી ઘણાં દુઃખી થએલા દેહવાળો લોહી વિષ્ઠા અને મૂત્રના ખાડામાં પડેલો દેહી અહિંથી બહાર નીકળવા ઇચ્છતો પોતાના મહિના ગણતો (રહેલ) છે. હે ભગવન્ ! (આપ તે) દીન બુદ્ધિવાળાને ક્યારે બહાર કાઢશો ? ૧૭.

આ દેહી પોતે જીવરૂપ છે. બીજાના એટલે માતારૂપના, દેહના પોલાણમાં એટલે ઉદરમાં જઠરાગ્નિથી ઘણાં દુઃખી થએલા દેહવાળો, લોહી વિષ્ઠા અને મૂત્રના ખાડામાં પડેલો ત્રણ પ્રકારનાં દુઃખ ભોગવનારો છે. માતા ભૂતના ઠેકાણે (આધિભૌતિક) છે, અગ્નિ દેવના ઠેકાણે (આધિદૈવિક) છે[૧]. તેથી ત્રણ પ્રકારનાં દુઃખોથી દુઃખી થએલો અહિંથી 'વિવસિતું' બહાર નીકળવા ઇચ્છતો પોતાના પહેલાં થઈ ગએલા મહિના ગણતો રહેલ છે, કારણ કે ભવિષ્યમાં રહેવાના મહિનાનો નિયમ નથી. હે ભગવન્ ! (તેને આપ) ક્યારે બહાર કાઢશો ? 'હે ભગવન્' સંબોધનથી (એમ કહેલું છે) કે આ (કાર્ય)માં આપ જ શક્તિવાળા છો. 'દીનબુદ્ધિવાળાને'

શબ્દથી (પોતાને) ધૈર્ય ન હોવાનું કહેલું છે. અનંત દુઃખનું સ્મરણ થવાથી (માસો) ગણવાના સમયે પણ દુઃખ દૂર થવાનું માની, (આપ ક્યારે બહાર કાઢશો ? એમ કહે છે). 'આપ' શબ્દ અર્થથી પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે ત્યાં (ગર્ભમાં) દુઃખનો અનુભવ થવાથી બીજે જવાની પ્રાર્થના કરે છે. ૧૭.

૧. 'દીનબુદ્ધિવાળો' શબ્દથી આધ્યાત્મિક દુઃખ જણાવેલ હોવાનું જણાય છે.

''(ભગવાને) જ્ઞાન આપવારૂપ ઉપકાર કરેલો તેનો બદલો જો આપે, તો ભવિષ્યમાં (ભગવાન્) બહાર પણ કાઢે. બદલો આપ્યા વિના કેમ કરે (બહાર કાઢે) ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**યેનેદશીં ગતિમસૌ દશમાસ્ય ઈશ સઙ્ગ્રાહિતઃ પુરુદયેન ભવાદશેન ।।**
**સ્વેનૈવ તુષ્યતુ કૃતેન સ દીનનાથઃ કો નામ તત્પ્રતિ વિનાઞ્જલિમસ્ય કુર્યાત્ ।।૧૮।।**

હે ઈશ ! આપ જેવા જે ઘણી દયાવાળાએ આ દશ માસનાને આવું જ્ઞાન આપ્યું તે ગરીબોના નાથ પોતાનાં કૃત્યથી જ પ્રસન્ન થાઓ, તે આમનો બદલો બે હાથ જોડવા સિવાય કોણ જ કરી શકે ? ૧૮.

આપ જેવા જેમણે 'દશમાસ્યઃ' દશ માસની (વયની) હદવાળા આ મારારૂપ (જીવ)ને આવું 'ગતિં' જ્ઞાન સારી રીતે આપ્યું (તે આમનો બદલો કોણ જ કરી શકે ?). ''(જ્ઞાન) આપનાર બીજો કોઈક ધર્મનો અધિષ્ઠાતા દેવ છે, હું તો (તેથી) જૂદો છું. તેથી મને કેમ એમ કહે છે ?'' એવી શંકા થાય, તેથી 'આપ જેવા' એમ કહેલું છે. તે (જ્ઞાન આપનાર) આપ જ છો, અથવા આપના જેવો છે. આ વિચાર કરવાથી શું ફલ ? પરંતુ તે પોતાનાં કૃત્યથી જ પ્રસન્ન થાઓ. જેમ કાદવમાં ખૂંચેલી ગાયને બહાર કાઢીને (કાઢનાર) પોતે જ પ્રસન્ન થાય છે, તેમ ભગવાન્ પોતે જ પ્રસન્ન થાઓ. તેમનો બદલો એટલે સાચો ઉપકાર કોણ જ કરી શકે ? પોતે બદલો આપવા જો કાંઈ કરે, તો બે હાથ જોડી શકે, પરંતુ બીજું (કાંઈ) કરી શકતો નથી, એવો અર્થ છે. ૧૮.

''કોને આમ કહે છે ? કારણ કે કોઈ દેખાતો નથી'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**પશ્યત્યયં ધિષણયા નનુ સપ્તવધ્રિઃ શારીરકે દમશરીર્યપરઃ સ્વદેહે ।।**
**યત્સૃષ્ટ્યા સ તમહં પુરુષં પુરાણં પશ્યે બહિર્હૃદિ ચ ચૈત્યમિવ પ્રતીતમ્ ।।૧૯।।**

જેમણે ઉત્પન્ન કરેલી બુદ્ધિથી આ સંયમ (પ્રાપ્ત કરાવનાર) દેહવાળો, ખરેખર સાત બંધનોવાળો હોવા છતાં જાણે છે (કે) શરીરના સંબંધવાળા પોતાના દેહમાં બીજો રહેલો છે, તે જીવની પેઠે જણાતા પુરાણ પુરુષને હું હૃદયમાં અને

બહાર જોઉં છું. ૧૯.

જો કે ભગવાન્ પ્રકટ થયા નથી, છતાં પણ આ દમ (પ્રાપ્ત કરાવનાર) દેહવાળો એટલે શાંતિ, સંયમ વિગેરે પ્રાપ્ત કરાવનાર દેહવાળો, પોતે સાત બંધનોવાળો હોવા છતાં, જે ભગવાને ઉત્પન્ન કરેલી 'ધિષણયા' બુદ્ધિથી પોતાના દેહમાં જ પોતે 'અપરઃ[1]' વશ રાખનાર તરીકે જૂદો રહેલો છે (અને) પોતે તો (તેને) વશ રહેનારો છે. તેથી તેમણે આપેલાં જ્ઞાનને લીધે જ તેમને જોઉં છું. જેના ઉપર (ભગવાને) ઉપકાર કરેલો છે તેવો તે હું-શરીરમાં રહેલો હું તે ઉપકાર કરનાર ભગવાન્, જે આજ (પુરે) શરીરમાં શયન કરે છે તેમને (જોઉં છું). એમ જ્ઞાન (હોવાનું) કહ્યું. (તે) 'પુરાણ' (જૂના) હોવાથી આવી ચડેલા નથી, તેથી પરિચય પણ કહ્યો. દેહની બહાર અને હૃદયમાં પણ (તે) જણાએલા છે, જેમ 'ચૈત્યઃ' જીવ (જણાય છે) તેની પેઠે જણાએલા છે, સંપૂર્ણ રીતે સર્વ સ્થલે જણાએલા છે. જેમ જીવનું જ્ઞાન થવામાં સાધન વિગેરેની જરૂર નથી, તેમ ભગવાન્ પણ પોતે જ જણાતા હોવાથી તેનો[2] સંસ્કાર કરનાર તરીકે બીજાં (સાધન)ની જરુર નથી. જ્ઞાન સાધન (હોવાનું) તો કહેલું જ છે. તેથી (ભગવાનને) જોઈને જ પ્રાર્થના વિગેરે (કરે છે), તેથી કાંઈ પણ દોષ નથી. ૧૯.

૧. 'જાણે છે' એમ કહ્યું, તે જાણવાનો પ્રકાર આથી કહેલો છે. (પ્ર).

૨. 'તેનો' એટલે બુદ્ધિનો. (પ્ર) ભગવાને ઉત્પન્ન કરેલી બુદ્ધિ (જ્ઞાન)નો.

એ પ્રમાણે સર્વ સ્થલે ભગવાનનાં દર્શન થતાં, 'જેમને આત્માનું જ્ઞાન થએલું છે તેમને બ્રહ્મ સમીપ આનંદ હોય છે' એ ભગવાનનાં વાક્ય પ્રમાણે કાંઈક સુખ પ્રાપ્ત કરી ગર્ભમાં જ દુઃખરહિત થતાં, બહાર પીડા કરનારનું સ્મરણ કરી, નીચેના શ્લોકથી (ગર્ભની) અંદર જ રહેવા માટે પ્રાર્થના કરે છેઃ

**સોઽહં વસન્નપિ વિભો બહુદુઃખવાસં ગર્ભાન્ન નિર્જિગમિષે બહિરન્ધકૂપમ્ ।।**
**યત્રોપયાતમુપસર્પતિ દેવમાયા મિથ્યામતિર્યદનુ સંસૃતિચક્રમેતત્ ।।૨૦।।**

હે શક્તિમાન ! ઘણાં દુઃખથી રહેવાય તેવી રીતે તે હું અહિં રહેતો હોવા છતાં, ગર્ભમાંથી બહાર અંધારીઆ કૂવામાં નીકળવા ઈચ્છતો નથી, કે જ્યાં ગએલાની પાસે દેવની માયા આવે છે. (તેનાથી તે) મિથ્યા બુદ્ધિવાળો (થાય છે), જેની પછી આ સંસારનું ચક્ર (પ્રાપ્ત કરે છે). ૨૦.

આ ગર્ભમાં ઘણાં દુઃખથી રહેવાય તેવી રીતે હું રહેતો હોવા છતાં પણ, અહિંથી બહાર નીકળવા ઈચ્છતો નથી, કારણ કે બહાર અંધારીઆ કૂવામાં (જવાનું છે). જો કે આ (ગર્ભવાસ) પણ ચારે તરફથી પૂરી રાખનાર કૂવા જેવો છે, છતાં પણ

અહિં જ્ઞાન છે, બહાર નથી, તેથી બહાર અંધારીઆ કૂવા જેવું છે. ''આ જ્ઞાન ત્યાં પણ સાથે આવશે'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. ગર્ભમાંથી બહાર નીકળેલા જીવ પાસે, જેનું ઉલ્લંઘન થઈ ન શકે તેવી ભગવાનની માયા આવે છે. પછી માયાથી મોહ પામેલાને દેહ વિગેરેમાં આ હું છું એવી મિથ્યાબુદ્ધિ થાય છે અને ત્યાર પછી સંસારનું ચક્ર એટલે જન્મ મરણ વિગેરેના ફેરા થાય છે. તેથી ફરી અહિં આવવું પડે. તેથી બહાર નીકળેલાને કોઈ પણ પુરુષાર્થ (પ્રાપ્ત થતો) નથી. 'આ' શબ્દનો એવો અર્થ છે કે સર્વ તરફ દેખાય છે તે જરૂરી (સંસાર પ્રાપ્ત થાય છે). ૨૦.

અહિં રહીને શું કરીશ? એવો પ્રશ્ન થાય તે સંબંધમાં નીચેનો શ્લોક કહે છે :

**તસ્માદહં વિગતવિક્લવ ઉદ્ધરિષ્ય આત્માનમાશુ તમસઃ સુહૃદાऽऽત્મનૈવ ।।**
**ભૂયો યથા વ્યસનમેતદનેકરન્ધ્રં મા મે ભવિષ્યદુપસાદિતવિષ્ણુપાદઃ ।।૨૧।।**

તેથી જે પ્રકારે વિષ્ણુના ચરણ પ્રાપ્ત કરેલાને મને અનેક દોષવાળું આ દુઃખ ફરીથી ન થાય તેવી રીતે વ્યાકુલ ન થએલો હું (મારા) પોતાનો તરત જ મિત્ર આત્મા વડે જ તમઃમાંથી ઉદ્ધાર કરીશ. ૨૧.

અહિં જ રહીને વ્યાકુલપણાનો ત્યાગ કરી (મારા) પોતાના મિત્ર 'આત્મા' વડે જ એટલે ભગવાન્ વડે તમઃમાંથી ઉદ્ધાર કરીશ, દેહમાં પડેલા આત્માનું (તેનાં) સ્વરૂપમાં સ્થાપન કરીશ, તેમાં સત્સંગ વિગેરેની જરુર નથી, કારણ કે મોટામાં મોટા ઉપકાર કરનાર ભગવાન જ સર્વ પ્રાપ્ત કરાવે છે. ''ઉદ્ધાર (કરવા)થી શું (લાભ) ? અહિં જ રહીને ભગવાનની પેઠે સ્વતંત્ર કેમ ન થાય?'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. જે પ્રકારે અનેક દોષવાળું દુઃખ 'મે' મને થાય નહિ, અહિં રહીને જ ભગવાનનાં ધ્યાનરૂપ ઉપાય તેવા પ્રકારે કરીશ કે જેથી દુઃખ થાય નહિ. દુઃખ થાય ત્યારે તો ઉપાય (કરવો) કઠણ છે. ''અહિં પણ દુઃખ થશે ?'' એવી શંકા થાય, તેથી 'વિષ્ણુના ચરણ પ્રાપ્ત કરેલાને મને' એમ કહેલું છે. પ્રાપ્ત કરેલા છે વિષ્ણુના ચરણો જેણે તે 'ઉપસાદિતવિષ્ણુપાત્' તેવાને મને (દુઃખ નહિ થાય). ત્યાં (ગર્ભની બહાર) તો માયાથી થતા મોહને લીધે (વિષ્ણુના ચરણની) પ્રાપ્તિ થશે કે નહિ એવો સંદેહ રહે છે. એવા નિશ્ચય સુધીની સ્તુતિ કહી, અને ભગવાનની સ્તુતિનું ફલ કહ્યું કે હરકોઈ સ્થલે રહી ભગવાનના ચરણની પ્રાપ્તિ કરવી. ૨૧.

એ પ્રમાણે જીવની ઉંચી ગતિ થાય તે માટે બીજમાં (થતો) સંસ્કાર કહી, તેવાની ઉંચી ગતિ (થાય છે એમ) કહેવા નીચેના શ્લોકથી આરંભી (તેનો) જન્મ (થયાનું) કહે છેઃ

**એવં કૃતમતિર્ગર્ભો દશમાસ્યઃ સ્તુવન્નૃષિઃ ।।**

**સદ્યઃ ક્ષિપત્યવાચીનં પ્રસૂત્યૈ સૂતિમારુતઃ ॥૨૨॥**

એવી બુદ્ધિવાળો દશ માસનો ગર્ભ સ્તુતિ કરતાં ઋષિ (થાય છે). પ્રસવ કરાવનાર વાયુ પ્રસવ થાય તે માટે તરત (તેને) નીચો ધકેલે છે. ૨૨.

દશ માસનો ગર્ભ સ્તુતિ કરતાં ઋષિ[1] થઈ નિશ્ચયવાળી બુદ્ધિવાળો થાય છે, કારણ કે મંત્ર જાણવામાં ન આવે તો ભજન ન થાય. 'કૃતિ સર્વથી બલવાન છે' એમ ઉપર કહેલું હોવાથી પ્રસવ કરાવનાર વાયુ તેવાને પણ 'પ્રસૂત્યૈ' પ્રસવ થાય તે માટે નીચો ધકેલે છે, (તે) નીચાં મુખવાળો થાય છે, એવો અર્થ છે. ૨૨.

૧. 'ઋષિ' એટલે મંત્ર જોનાર. આ અર્થ નીચે દર્શાવેલ છે.

'પછી શું (થાય છે) ?' એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**તેનાવસૃષ્ટઃ સહસા કૃત્વાડવાક્શિર આતુરઃ ॥**
**વિનિષ્ક્રામતિ કૃચ્છ્રેણ નિરુચ્છ્વાસો હતસ્મૃતિઃ ॥૨૩॥**

તેનાથી એકાએક ધકાએલો નીચાં માથાવાળો થઈ, દુઃખી થઈ, શ્વાસ કાઢી ન શકતાં સ્મરણરહિત થઈ કષ્ટથી બહાર નીકળે છે. ૨૩.

તે વાયુથી 'અવસૃષ્ટઃ' ત્યાંથી ધકાએલો કષ્ટથી બહાર નીકળે છે. એવો (વાક્યનો) સંબંધ છે. સાવધાન થઈ શકતો નથી એમ 'એકાએક' શબ્દથી (જણાવેલું છે) નીચા માથાંવાળો થઈ, માથું 'અવાક્' નીચે મુખવાળું કરી આરંભમાં દુઃખી થાય છે, કારણ કે પીડા પ્રાપ્ત થઈ હોય છે. પછી ઘણાં કષ્ટથી બહાર નીકળે છે. બહાર નીકળવાનું કારણ 'શ્વાસ કાઢી ન શકતાં' શબ્દથી કહેલું છે. અંદર શ્વાસ કાઢવાનું સ્થાન ન હોવાથી સ્મરણરહિત પણ થાય છે. તેમ ન થાય, તો ક્રિયા ઘણી બલવાળી ન થાય (ગણાય), અને સાધન (જણાવનારાં) શાસ્ત્રો નકામાં થાય. ૨૩.

નીચેના શ્લોકમાં બહાર નીકળ્યા પછીનું (તેનું) કૃત્ય કહે છેઃ

**પતિતો ભુવિ વિણ્મૂત્રે વિષ્ઠાભૂરિવ ચેષ્ટતે ॥**
**રોરૂયતિ ગતે જ્ઞાને વિપરીતાં ગતિં ગતઃ ॥૨૪॥**

વિષ્ઠા અને મૂત્રમાં ભૂમિ ઉપર પડેલો વિષ્ઠામાં ઉત્પન્ન થએલા કીડાની પેઠે આળોટે છે. જ્ઞાન જતાં, ઉલટી સ્થિતિ પ્રાપ્ત કરેલો રડવાનો અવાજ કરે છે. ૨૪.

પોતાની જ વિષ્ઠા અને ગર્ભમાંનાં જલરૂપ મૂત્ર (માં પડેલો હોય છે). પછી ભૂમિ ઉપર પડેલો આરંભમાં વિષ્ઠામાં ઉત્પન્ન થએલા (કીડા)ની પેઠે આળોટે છે. ક્રિયા વિના જ્ઞાન ઉપયોગી નથી એમ જણાવવા નિંદાનું વચન (કહેલું છે). વળી તે જ્ઞાન જણાવનારું જ હોવાથી પ્રસવ કરનારા વાયુથી તેનો નાશ (થયાનું) 'રડવાનો અવાજ કરે છે' શબ્દથી કહેલું છે. જ્ઞાન જતાં ઉલટી સ્થિતિ પ્રાપ્ત કરેલો તે 'હું દેહ છું'

એવી બુદ્ધિથી 'રોરૂયતિ' રડે છે. જેમ (પોતાનું) સર્વ ધન જાય ત્યારે પ્રાણી અવાજ કરે છે તેમ (રડવાનો) માત્ર અવાજ કરતો હોવાથી 'રોરૂયતિ' એમ કહેલું છે. ૨૪.

નીચેના શ્લોકમાં જન્મેલાનું બાલપણનું દુઃખ કહે છેઃ

**પરચ્છન્દં ન વિદુષા પુષ્યમાણો જનેન સઃ ।।**
**અનભિપ્રેતમાપન્નઃ પ્રત્યાખ્યાતુમનીશ્વરઃ ।।૨૫।।**

બીજાની ઈચ્છા ન જાણનાર માણસથી પોષણ કરાતો તે ન ઈચ્છેલું પ્રાપ્ત કરે છે (અને) ના પાડવાની શક્તિ વિનાનો હોય છે. ૨૫.

બાલકની ઈચ્છા ન જાણનાર માણસથી (તે) પોષણ કરાતો હોય છે, તેથી-ભૂખને લીધે રડતો હોય ત્યારે ઓષધ, (અને) પીડા થતી હોય ત્યારે તો અન્ન-એમ ન ઈચ્છેલું પ્રાપ્ત કરે છે. 'પ્રત્યાખ્યાતું' ના પાડવાની 'અનીશ્વરઃ' શક્તિવિનાનો હોય છે. તેથી ઘણું દુઃખ (હોવાનું) કહેલું છે. ૨૫.

પીડા અને ભૂખ ન હોય ત્યારે પણ (તેને) દુઃખ હોય છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**શાયિતોऽશુચિપર્યંકે જન્તુસ્વેદજદૂષિતે ।।**
**નેશઃ કણ્ડૂયનેऽઙ્ગાનામાસનોત્થાનચેષ્ટને ।।૨૬।।**

જંતુઓ, અને પરસેવાથી ઉત્પન્ન થએલ જીવડાંથી દૂષિત અપવિત્ર ખાટલામાં સૂવાડેલો (તે પોતાનાં) અંગો ખણવાની, બેસવાની, ઉભા થવાની કે ફરવાની શક્તિવિનાનો હોય છે. ૨૬.

તે અપવિત્ર ખાટલામાં સૂવાડેલો હોય છે. દશ દિવસ સુધી સુવાવડીના ઓરડામાં રહેલા પદાર્થો શુધ્ધ હોતા નથી. આવી તેને જ્ઞાન ઉત્પન્ન થવામાં વિઘ્ન (હોવાનું) કહેવાયું, માકડ વિગેરે જંતુઓ (અને) પરસેવાથી ઉત્પન્ન થએલ મચ્છરો, તેમનાથી (ખાટલો) દૂષિત હોવાથી ઘણી જ પીડા કરનારો (હોવાનું) કહેલું છે. અધર્મને[1] લીધે અને દુઃખને લીધે જ્ઞાન ઉત્પન્ન થયું (થતું) નથી, એમ કહ્યું. ઉત્તરાર્ધથી દુઃખ દૂર કરવાની અશક્તિ કહેલી છે. (તે) અંગો ખણવાની, બેસવાની, ઉભા થવાની કે ફરવાની શક્તિવિનાનો હોય છે, પરંતુ સદા પડ્યો રહે છે, એમ સુખ ન થવાનું કારણ (કહેલું છે). આથી આધ્યાત્મિક દુઃખ કહ્યું. ૨૬.

૧. 'અપવિત્ર ખાટલો' શબ્દથી અધર્મ સૂચવેલો હોવાનું જણાય છે.

નીચેના શ્લોકમાં આધિભૌતિક દુઃખ કહે છેઃ

**તુદન્ત્યામત્વચં દંશા મશકા મત્કુણાદયઃ ।।**
**રુદન્તં વિગતજ્ઞાનં કૃમયઃ કૃમિકં યથા ।।૨૭।।**

જેમ જંતુઓ મોટાં જીવડાંને કરડે તેમ ડાંસલાંઓ, મચ્છરો માકડો વિગેરે કાચી ત્વચાવાળા રડતા (અને) જ્ઞાનરહિત થએલાને (તેને) કરડે છે. ૨૭.

'આમા' કાચી છે ત્વચા જેની તેવા (તેને) 'દંશાઃ' ડાંસલાંઓ, મચ્છરો લાલ રંગના ખાટલામાં પડતા કીડા માકડો, (અને) 'વિગેરે' શબ્દથી (જણાવેલા) બીજા વસ્ત્ર વિગેરેમાં રહેલા કીડાઓ પણ (કરડે છે). ઉત્તરાર્ધથી બંને[1] જ્ઞાન વિનાના હોવાનું કહે છે. જતું રહેલું છે જ્ઞાન જેનું, તેવો (તે જીવ છે); તેથી રડે છે. તેમ (જ્ઞાન જતું રહ્યું) ન હોય, તો સહન કરે, તેથી પણ (અધિક તેને) પોતાની જાતનો બીજો માનીને કરડે છે, એમ 'જેમ જંતુઓ મોટાં જીવડાંને કરડે' એ દષ્ટાંતથી કહેલું છે. 'કૃમિકઃ' એટલે મોટો જીવડો. ૨૭.

૧. 'બંને' એટલે તે જીવ અને ડાંસલાં વિગેરે જીવડાંઓ.

**ઈત્યેવં શૈશવં ભુક્ત્વા દુઃખં પૌગણ્ડમેવ ચ ।।**
**અલબ્ધાભીપ્સિતોડજ્ઞાનાદિદ્ધમન્યુઃ શુચાર્પિતઃ ।।૨૮।।**

એવી રીતે બાલપણનું અને વળી પૌગંડ અવસ્થાનું દુઃખ ભોગવીને, અજ્ઞાનને લીધે ઈચ્છેલું ન પ્રાપ્ત કરેલો અને વધી ગએલા ક્રોધવાળો શોક પ્રાપ્ત કરે છે. ૨૮.

એવું દુઃખ ઘણાં બાલપણમાં હોય છે. આવા પ્રકારનું જ પાંચ વર્ષ સુધીનું બાલપણ હોય છે. નરકમાંથી આવેલો (તે) વિદ્યા અને ધનવાળાઓના કુલમાં (જન્મેલ) ન હોવાથી, ઘણા ગરીબોના ઘરમાં આવું જ દુઃખ પામે છે. પૌગણ્ડમાં પણ ત્યાં દુઃખ હોય છે. પાંચમાં વર્ષ પછીથી નવમાં વર્ષ સુધી પૌગણ્ડ (અવસ્થા) હોય છે. તેમાં પણ આવી જ જાતનું દુઃખ હોય છે, તેથી દુઃખથી પીડાએલાને જ્ઞાન (થતું) નથી, એવો ભાવ છે. 'ભવિષ્યમાં જ્ઞાન થશે' એવી શંકા થાય, તેથી તે સમયે કામ વિગેરે (જ્ઞાન થવામાં) વિઘ્ન કરનારા થાય છે, એમ 'ઈચ્છેલું ન પ્રાપ્ત કરેલો' વિશેષણથી કહેલું છે. નથી પ્રાપ્ત કરેલું ઈચ્છેલું જેણે તેવો (તે હોય છે). અજ્ઞાનને લીધે જ ઈચ્છેલું પણ હોય છે. અજ્ઞાનથી જ વધી ગએલો છે ક્રોધ જેનો તેવો (હોય છે), અથવા વધી ગએલા ક્રોધથી (તે) શોક પ્રાપ્ત કરે છે. ઉત્પન્ન થએલા કામ, ક્રોધ અને શોક (તેને) જ્ઞાન ઉત્પન્ન થવા દેતા નથી, એવો અર્થ છે. ૨૮.

પછી મોટા થએલાનાં જ્ઞાનનો નાશ થવાનાં ઘણાં કારણો નીચે કહે છેઃ

**સહ દેહેન માનેન વર્ધમાનેન મન્યુના ।।**
**કરોતિ વિગ્રહં કામી કામિષ્વન્તાય ચાત્મનઃ ।।૨૯।।**

દેહની સાથે વધતા અભિમાન અને ક્રોધ ને લીધે, કામી પોતાના નાશ માટે

કામીઓ સાથે વિગ્રહ કરે છે. ૨૯.

જેમ દેહ વધે છે, તેમ અભિમાન અને ક્રોધ વધે છે. ક્રોધને તો દેહના વધવાની પણ જરૂર હોતી નથી. અભિમાનને જ તેની જરૂર હોવાથી (તેને શ્લોકમાં) જૂદું કહેલ છે. પોતાના 'અન્તાય' નાશ માટે કામીઓ સાથે વિગ્રહ કરે છે. જો એક પદાર્થના સંબંધમાં ઘણાને કામના (થાય), ત્યારે ઘણા બલવાનો બીજાને મારી નાખે છે. તેવા સંજોગોમાં પહેલાંની પેઠે સ્વતંત્ર સત્કર્મ (કરેલાં) ન હોવાથી, ઈચ્છેલું પ્રાપ્ત થતું નથી. ૨૯.

વાક્યથી જ્ઞાન થવાનો સંભવ જ નથી એમ કહેવા, નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોકો)થી એમ કહે છે કે જ્યારે નજરોનજર જોવા છતાં પણ જ્ઞાન થતું નથી તો પછી બીજાથી થવાની તો વાત જ શી ? :

**ભૂતૈઃ પઞ્ચભિરારબ્ધે દેહે દેહ્યબુધોઽસકૃત્ ।।**
**અહં મમેત્યસદ્ગ્રાહઃ કરોતિ કુમતિર્મતિમ્ ।।૩૦।।**

પાંચ મહાભૂતોથી બનેલા દેહમાં દુષ્ટ બુદ્ધિવાળો ખોટો આગ્રહ રાખનાર અજ્ઞાની દેહી 'હું, મારું' એવી બુદ્ધિ વારંવાર કરે છે. (રાખે છે). ૩૦.

આકાશ વિગેરે પાંચ મહાભૂતોથી બનેલા દેહમાં 'દેહી' દેહનું અભિમાન રાખનારો, પહેલાંનું જ્ઞાન ગૂમાવેલો 'હું મારું' એવી બુદ્ધિ કરે છે, કારણ કે આ દુષ્ટ બુદ્ધિવાળો છે. દેહ મહાભૂતો વિગેરેનો બનેલો હોવાનું દેખાય છે જ. એ પ્રમાણે નજરોનજર જોવા છતાં જ્યારે અજ્ઞાની (રહે છે તો પછી તેને જ્ઞાન ક્યાંથી થાય ?) અજ્ઞાની રહેવાનું કારણ (દેહી) દેહના અભિમાનવાળો છે. મહાભૂતોનો (દેહ) બનેલો હોવાનું સદા જાણતો હોવા છતાં પણ વાસનાને લીધે 'હું મારું' એવું (તેને) અભિમાન રહે છે. આ અભિમાન પોતાની મેળે જતું નથી એમ 'વારંવાર' શબ્દોથી કહેલું છે. 'ખોટો આગ્રહ રાખનાર' હોવાથી બીજાનો બોધ નકામો છે. પોતાની મેળે (તેને) તર્કનું ભાન રહેતું નથી એમ જણાવવા 'દુષ્ટ બુદ્ધિવાળો' કહેલ છે. ૩૦.

એ રીતે દેહમાં 'હું મારું' એવી બુદ્ધિ દઢ થાય, ત્યારે જે થાય છે તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**તદર્થં કુરુતે કર્મ યદ્બદ્ધો યાતિ સંસૃતિમ્ ।।**
**યોઽનુયાતિ દદત્ ક્લેશમવિદ્યાકર્મબન્ધનઃ ।।૩૧।।**

જેનાથી બંધાઈ સંસાર પ્રાપ્ત કરે છે, જે દુઃખ દેતો પાછલ આવ્યા કરે છે (અને) જેનો અવિદ્યા અને કર્મને લીધે સંબંધ થાય છે, તેને માટે કર્મ કરે છે. ૩૧.

દેહ માટે કર્મ કરે છે, અને કર્મથી બંધાઈ જન્મમરણરૂપ સંસાર પ્રાપ્ત કરે છે.

'જે પાછલ આવ્યા કરે છે', શબ્દોથી એમ કહેલું છે કે દેહ પણ તેને તજતો નથી. જે દેહ સદા દુઃખ દેતો 'અનુ' પાછલ આવ્યા કરે છે, કારણ કે પોતાથી તે બંધાએલો છે, (તેને માટે કર્મ કરે છે). આરંભમાં અવિદ્યા, પછી કામ, પછી કર્મો (થાય છે અને) તેમનાથી સંબંધ થાય છે જેનો તેવા (દેહ માટે કર્મ કરે છે) એ પ્રમાણે દેહનું અભિમાન (રાખવા)થી નાશ પામે છે, એમ કહેલું છે. ૩૧.

આ ઉપરાંત જો દુષ્ટોનો સંગ (થાય) તો નાશ પામેલો જ હોય છે એમ નીચેના શ્લોકથી કહે છેઃ

**યદ્યસદ્ભિઃ પથિ પુનઃ શિશ્નોદરકૃતોદ્યમૈઃ ।।**
**આસ્થિતો રમતે જન્તુસ્તમો વિશતિ પૂર્વવત્ ।।૩૨।।**
**સત્યં શૌચં દયા મૌનં બુદ્ધિઃ શ્રીર્હ્રીર્યશઃ ક્ષમા ।।**
**શમો દમો ભગશ્ચેતિ યત્સંગાદ્યાતિ સંક્ષયમ્ ।।૩૩।।**

જેઓના સંગથી સત્ય શૌચ દયા મૌન બુદ્ધિ શ્રી હ્રી યશ ક્ષમા શમ દમ અને ભગ એમનો નાશ થાય છે તેવા શિશ્ન અને ઉદર માટે ઉદ્યમ કરનારા દુષ્ટોની સાથે રહી ફરી જંતુ સંસારના માર્ગમાં રમણ કરે તો પહેલાંની પેઠે નરકમાં પડે છે. ૩૨।૩૩.

ફરી 'પથિ' ઉપર કહેલા સંસારના માર્ગમાં જ દુષ્ટોની સાથે રહી રમણ કરે તો પહેલાંની પેઠે નરકમાં પડે છે, તેથી તેના સંબંધમાં (ઉપર) કહેલું હોવાથી કાંઈ પણ કહેવાનું નથી. અથવા 'અસદ્ભિઃ' 'દુષ્ટોના' એમ છઠ્ઠી (વિભક્તિ)ના અર્થમાં ત્રીજી યોજેલી (જાણવી). શિશ્ન અને ઉદર માટે કરેલો છે ઉદ્યમ જેમણે, ભગવાન્ માટે (કરેલો) નથી, એ દુષ્ટોનું લક્ષણ છે. આથી એમ કહેલું છે કે ગૃહસ્થો સર્વ દુષ્ટ છે. જો બીજાઓ પણ આવા હોય, તો (તેઓ) ઘણા જ દુષ્ટ છે. (આથી) એમ કહેલું છે કે જે ન છૂટકે (સંસારના માર્ગમાં) રહેતો હોય, અને તેમાં રમણ કરતો ન હોય, તે બેનો નાશ થતો નથી. 'જંતુ' હોવાથી ઓછી બુદ્ધિવાળો હોય છે, તેથી (સંસારના માર્ગમાં) રમણ કરે છે. ૩૨.

દુષ્ટોના સંગનો દોષ તેત્રીસમા શ્લોકમાં કહે છે. પુરુષમાં બાર ગુણો મોક્ષ માટે જરુરી છે, કે જેમનાથી મોક્ષ (પ્રાપ્ત) થાય જ. તેઓનો (દુષ્ટોના સંગથી) નાશ થતો હોવાથી તેમને ગણાવે છે. (૧) સત્ય, કાયા વાણી અને મનનાં પરમાર્થપણાંનો નાશ થાય છે. (૨) શૌચ, પવિત્રપણાનું પણ તેમજ (થાય છે). (૩) દયા, બીજાનાં દુઃખનો નાશ કરવાની ઈચ્છા. (૪) મૌન, નકામી વાતચિત ન કરવી તે. (૫) ભગવાનના સંબંધવાળી અથવા સત્પુરુષોના સંબંધવાળી બુદ્ધિ. (૬) શ્રી, ધન અને શોભા. (૭) હ્રી, લજ્જા. (૮) યશ એટલે કીર્તિ. (૯) ક્ષમા એટલે શાંતિ.

(૧૦) શમ, મનને વશ રાખવું તે. (૧૧) દમ, ઈન્દ્રિયોને (વશ રાખવી તે). (૧૨) ભગ, એટલે ભાગ્ય, ઐશ્વર્ય વિગેરે ભગવાનના ગુણો. દુષ્ટોના માત્ર સંગથી જ આ (ગુણો) જતા રહે છે. ૩૩.

મોક્ષ ઈચ્છનારે દુષ્ટોનો સંગ ન કરવો એમ નીચેના શ્લોકથી કહેતાં તેઓનો (સત્પુરુષોથી) ભેદ કહે છેઃ

**તેષ્વશાન્તેષુ મૂઢેષુ ખણ્ડિતાત્મસ્વસાધુષુ ।।**
**સઙ્ગં ન કુર્યાચ્છોચ્યેષુ યોષિત્ક્રીડામૃગેષુ ચ ।।૩૪।।**

શાંતિ વિનાના, મૂઢ, અંતઃકરણનો નાશ કરેલા અથવા અનાચારી તે સ્ત્રીઓનાં રમકડાંરૂપ અને શોક કરવા પાત્રનો સંગ ન કરવો. ૩૪.

જેમ ભગવાનના સંબંધવાળા ઉત્તમ ભક્તો છ ગુણવાળા હોય છે, એવી રીતે દુષ્ટો પણ છ દોષવાળાં દુષ્ટતાનાં કારણરૂપ અધમપણાને પ્રાપ્ત થએલાં હોવાથી (તેમના) છ દોષો કહે છે. (૧) તેઓનાં અંતઃકરણમાં કોઈ પણ સમયે શાંતિ હોતી નથી. આથી (તેઓમાં) સત્ત્વ ગુણ ન હોવાનું કહ્યું. (૨) ઘણું ખરૂં રજોગુણ પણ હોતો નથી એમ 'મૂઢ' વિશેષણથી કહેલું છે. 'મૂઢ' એટલે શાસ્ત્રાર્થના જ્ઞાન વિનાના. (૩) વિષયોથી નાશ થએલો છે અંતઃકરણનો જેમનાં તેવા (તેઓ હોય છે). આગળ પાછલનું ભાન રહે તે માટે (અંતઃકરણનો) નાશ (થાય છે). (૪) 'અસાધુષુ' અનાચારી (હોય છે). એ પ્રમાણે ચાર (દોષો) કહી, (તે) ચાર પુરુષાર્થનો નાશ કરનારા હોવાથી (સંગ) ન કરવાનું[1] કહે છે. (૫) સત્પુરુષોથી તેઓ શોક કરવા પાત્ર છે, કારણ કે બુદ્ધિ હોવા છતાં, તેઓ ભગવાનનો સ્વીકાર કરતા નથી. વળી (૬) તેઓ સ્ત્રીઓનાં રમકડાંરૂપ છે. આ છ ગુણો દરેક દુષ્ટપણું કરાવનારા છે એમ 'ચ' 'અને' શબ્દથી જણાવેલું છે. ૩૪.

૧. શ્લોકમાં એ ચાર દોષો જણાવી પછી સંગ ન કરવાનું કહેલું છે. બીજા બે દોષો પછી કહેલા છે.

તેમાં પણ જેઓ સ્ત્રીના સંગવાળા છે તેમનો, અને 'દુષ્ટ' શબ્દથી મુખ્ય રીતે સ્ત્રીઓ કહેલી હોવાથી તેઓનો સંગ ન (કરવા) માટે નીચેના શ્લોક કહે છેઃ

**ન તથાઽસ્ય ભવેન્મોહો બન્ધશ્ચાન્યપ્રસંગતઃ ।।**
**યોષિત્સંગાદ્યથા પુંસો યથા તત્સંગિસંગતઃ ।।૩૫।।**

આ પુરુષને જેવાં સ્ત્રીના સંગથી (અને) જેવાં સ્ત્રીના સંગવાળાના સંગથી મોહ અને બંધન થાય છે, તેવાં બીજાના સંગથી થતાં નથી. ૩૫.

મોક્ષ ઈચ્છનાર આ પુરુષને જેવો સ્ત્રીના સંગથી મોહ થાય છે, તેવો ધન, અશ્વો, વસ્ત્રો વિગેરેથી થતો નથી. 'પુરુષ' શબ્દથી (સ્ત્રીનો) સહભાગી (કહેલ છે).

અથવા જેવો તે (સ્ત્રી)ના સંગવાળાના સંગથી (મોહ થાય છે તેવો બીજાના સંગથી થતો નથી.) સ્ત્રીના સંગ કરતાં પણ (સ્ત્રીના સંગવાળા)નો સંગ વધારે નાશ કરનારો છે, કારણ કે તે ઉપાય કરી નાશ કરે છે. ૩૫.

તેમાં સ્ત્રી જાતિ તરીકે જ નાશ કરનારી છે, પરંતુ વ્યભિચાર વિગેરે દોષને લીધે (નાશ કરનારી) નથી, એમ જણાવવા નીચેનો શ્લોક કહે છેઃ

**પ્રજાપતિઃ સ્વાં દુહિતરં દૃષ્ટ્વા તદ્રૂપધર્ષિતઃ ।।**
**રોહિદ્ભૂતાં સોઽન્વધાવદૃક્ષરૂપી ગતત્રપઃ ।।૩૬।।**

પ્રજાપતિ પોતાની પુત્રીને જોઈ, તેનાં રૂપથી વિવેકહીન થયા. રોહિત બનેલી તેની પાછલ લજ્જારહિત થઈ તે ઋક્ષનું સ્વરૂપ લઈ દોડ્યા. ૩૬.

કથા[1] પહેલાં કહેલી છે. પોતાની પુત્રી વાણી (સરસ્વતી)ને જોઈ, તેનાં રૂપથી 'ધર્ષિતઃ' વિવેકહીન થઈ, તે રૂપનો (પુત્રીએ) ત્યાગ કરવા છતાં, (પ્રજાપતિએ તેને) જવા ન દીધી. તેના માટે પોતા (નાં સ્વરૂપ)નો નાશ કર્યો, એમ 'ઋક્ષનું સ્વરૂપ લઈ' શબ્દથી કહેલું છે. રોહિત અને ઋક્ષ એક જાતના સ્ત્રી અને પુરુષના અર્થવાળા (શબ્દો) છે. 'લજ્જારહિત થઈ' શબ્દથી (એમ જણાવ્યું છે કે) મરીચિ વિગેરે જોતા હોવા છતાં પણ નાગા અને સ્પષ્ટ અવયવો દેખાય તેવા પુત્રી પાછળ દોડ્યા. ૩૬.

૧. જુઓ ૩।૧૨।૨૮ થી ૩૩.

તેથી ''(સ્ત્રીનો) સંગ થવા છતાં પણ કોઈક સ્વરૂપથી દોષરહિત રહેશે''. એવી શંકા ન કરવી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તત્સૃષ્ટસૃષ્ટસૃષ્ટેષુ કો ન્વખણ્ડિતધીઃ પુમાન્ ।**
**ઋષિં નારાયણમૃતે યોષિન્મય્યેહ માયયા ।।૩૭।।**

તેમણે ઉત્પન્ન કરેલાએ સર્જેલાએ ઉત્પન્ન કરેલાઓમાં નારાયણ ઋષિ સિવાય સ્ત્રીરૂપ માયાથી જેની બુદ્ધિ નાશ પામેલી નથી તેવો અહિં કોણ જ હોય? ૩૭.

તે બ્રહ્માએ મરીચિ વિગેરેને ઉત્પન્ન કરેલા. તેમણે કશ્યપ વિગેરેને સર્જેલા, અને તેઓએ આખું જગત્ ઉત્પન્ન કરેલું છે. 'કો નુ' 'કોણ જ હોય' શબ્દો અનુમાન (કરવા)ના અર્થમાં (યોજેલા છે). નથી નાશ પામેલી બુદ્ધિ જેની, તેવો કોઈ પણ નથી, એવો અર્થ છે. નારાયણ એકલા છે. તે તેવા (નાશ પામ્યા વિનાની બુદ્ધિવાળા) છે એમ અગીઆરમા (સ્કંધ)માં કહેશે. તે (સ્ત્રી) (બુદ્ધિનો) નાશ કરે છે એટલું જ નહિ, પરંતુ તેનામાં આધિદૈવિક ભગવાનની માયાએ પ્રવેશ કરેલો છે. તે (માયા) સ્ત્રીરૂપ છે. ધન વિગેરે સર્વ સ્વરૂપવાળી હોવા છતાં, સ્ત્રીનાં પ્રધાનપણાંવાળી છે. જો કે માર્કંડેય પણ તેવા (હોવાનું) કહેલું છે, છતાં પણ બીજા કલ્પમાં તે જૂદા પ્રકારના

(નાશ પામેલ બુદ્ધિવાળા) થશે, તેથી એકલા નારાયણ જ કહેલા છે. ૩૭.

નીચેના શ્લોકથી સ્ત્રીઓ માયા હોવાનું સિદ્ધ કરે છેઃ

**બલં મે પશ્ય માયાયાઃ સ્ત્રીમય્યા જયિનો દિશામ્ ।।**
**યા કરોતિ પદાક્રાન્તાન્ ભ્રૂવિજૃમ્ભેણ કેવલમ્ ।।૩૮।।**

મારી સ્ત્રીરૂપ માયા જે દિશાઓમાં વિજય પ્રાપ્ત કરનારાને માત્ર ભ્રમરના વિલાસથી પગ નીચે કચડે છે, તેનું બલ તુ જો. ૩૮.

મારી માયાનું બલ તુ જો. જો કે સર્વ પ્રકારની માયા ઘણી બલવાળી છે, છતાં પણ સ્ત્રીરૂપ (માયા) અત્યંત બલવાળી છે. 'જે (દિશાઓમાં વિજય પ્રાપ્ત કરનારાને પગ નીચે) કચડે છે' શબ્દોથી તેનું બલ કહે છે કે દિશાઓમાં વિજય પ્રાપ્ત કરનારાઓ પણ સ્ત્રીઓથી જીતાએલા છે. ૩૮.

સામાન્ય રીતે તે (સ્ત્રી)ના સંગના દોષ કહી, નીચેના શ્લોકથી યોગમાં તે ઘણી વધારે વિઘ્નરૂપ હોવાનું કહે છેઃ

**સઙ્ગં ન કુર્યાત્પ્રમદાસુ જાતુ યોગસ્ય પારં પરમારુરુક્ષુઃ ।।**
**મત્સેવયા પ્રતિલબ્ધાત્મભાવો વદન્તિ યા નિરયદ્વારમસ્ય ।।૩૯।।**

યોગનો છેવટનો પાર પામવા ઈચ્છનાર, જેણે મારી સેવાથી ભગવદ્ભાવ પ્રાપ્ત કરેલો છે તેણે, જેમને નરકનું દ્વાર કહે છે તેવી પ્રમદાઓ સાથે કોઈ પણ સમયે સંગ ન કરવો. ૩૯.

'પ્રમદાઓ' શબ્દથી યોગ (આચરવા)માં અયોગ્ય[1] સ્ત્રીઓ (ના સંગ)ની મના કરેલી છે. 'જાતુ' એટલે કોઈ પણ સમયે, યોગનો છેવટનો પાર પામવા ઈચ્છનારે (સંગ ન કરવો). 'મારી સેવાથી (જેણે ભગવદ્ભાવ પ્રાપ્ત કરેલો છે)' શબ્દથી સંગ તજવાની શક્તિ કહેલી છે. પ્રાપ્ત કરેલો છે 'આત્મભાવઃ' ભગવદ્ભાવ જેણે તેવો (સંગ તજી શકે છે). તેવો ન હોય તો, તે (સ્ત્રી) મોહ ઉત્પન્ન કરે જ. યોગ પોતાનો ભગવાન્ સાથે સંબંધ કરાવનારો છે. (તે) આ આત્મા (જીવ)ને જ અમુક સંસ્કારોથી ભગવદ્ભાવ સુધી (ની સ્થિતિ) પ્રાપ્ત કરાવે છે. તેનું સ્થાન વીર્ય જ[2] છે. દુષ્ટમાં પ્રવેશ કરેલું તે (વીર્ય) નરક પ્રાપ્ત કરાવતું હોવાથી, આ યોગનું નરકનું દ્વાર જે સ્ત્રીને કહે છે (તેનો સંગ ન કરવો). આથી એમ જણાય[3] છે કે પોતે (સ્ત્રીના સંગ માટે) ઉદ્યમ કરવાથી દૂર રહેવું. ૩૯.

૧. 'અનનુરૂપાઃ' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે.
૨. વીર્ય મનરૂપ હોઈ ચિત્તથી જૂદું નથી, અને ચિત્તની વૃત્તિને વશ રાખવી તે યોગ. તેથી યોગનું સ્થાન વીર્ય છે.

૩. 'જણાય છે' એટલે શાસ્ત્રથી જણાય છે. (પ્ર)

''(સ્ત્રી) પોતાની મેળે આવેલી હોય, ત્યારે બીજા શાસ્ત્ર પ્રમાણે (તેનો સંગ કરવામાં) અડચણ નથી'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહેલો છેઃ

**યોપયાતિ શનૈર્માયા યોષિદ્દેવવિનિર્મિતા ।।**
**તામીક્ષેતાત્મનો મૃત્યું તૃણૈઃ કૂપમિવાવૃતમ્ ।।૪૦।।**

દેવે રચેલી માયારૂપ સ્ત્રી જે ધીરે ધીરે (સમીપ) આવે છે, તેને ઘાસથી ઢંકાએલા કૂવાની પેઠે પોતાનાં મૃત્યુરૂપ જાણવી. ૪૦.

ધીરેધીરે એ પ્રમાણે હૃદયમાં પ્રવેશ કરતી તે સ્ત્રી માયા જ છે, આ (જીવ)ને મોહ ઉત્પન્ન કરવા જ દેવે રચેલી છે. તે મોહ કરનારી થાય, ત્યારે પોતાનું આસુરપણું પણ થઈ જ ચૂક્યું. તેથી સંસાર અને ઘોર નરક (પ્રાપ્ત) થાય છે. તેથી તેને પોતાનાં મૃત્યુરૂપ જાણવી. ઉપર ઉપરથી તેવું જ્ઞાન ન થવાનું કારણ 'ઘાસથી ઢંકાએલા કૂવાની પેઠે' શબ્દોથી કહેલું છે. હાથીને પકડવા માટે તેમ કરવામાં આવે છે. ૪૦.

અને આ બીજાની સ્ત્રીના સંબંધમાં (કહેલું) છે એમ ન માનવું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યાં મન્યતે પતિર્મોહાન્મન્માયામૃષભાયતીમ્ ।।**
**સ્ત્રીત્વં સ્ત્રીસઙ્ગતઃ પ્રાપ્તો વિત્તાપત્યગૃહપ્રદમ્ ।।૪૧।।**
**તમાત્મનો વિજાનીયાત્પત્યપત્યગૃહાત્મકમ્ ।।**
**દૈવોપસાદિતં મૃત્યું મૃગયોર્ગાયનં યથા ।।૪૨।।**

જે મારી માયાને પતિ મોહને લીધે પત્ની જાણે છે, (અને) સ્ત્રીના સંગથી સ્ત્રીપણું પ્રાપ્ત કરેલો (જીવ) જે પતિ તરીકે આચરણ કરતી મારી માયાને મોહને લીધે સંતાન અને ઘર આપનાર (પતિ) જાણે છે તેને–જેમ શીકારીનું ગાયન મૃત્યુરૂપ છે તેમ–પતિ સંતાન અને ઘરરૂપ દૈવે પ્રાપ્ત કરાવેલું પોતાનું મૃત્યુ જાણવું. ૪૧।૪૨.

જે મારી માયાને પતિ પત્ની તરીકે જાણે છે, (અને) વળી પત્ની 'ઋષભાયતીં' પતિ તરીકે આચરણ કરતીને (પતિ જાણે છે). એ પ્રમાણે બંનેને પરસ્પર માયા હોય છે. 'પતિમ્' 'પતિને' એવો પાઠ હોય, ત્યારે આ સ્ત્રીને કરેલો ઉપદેશ (જાણવો). ''સ્ત્રીને મુક્તિ થતી નથી, તેથી (તેને) ઉપદેશ કરવાથી શું (લાભ) ?'' એવી શંકા થાય, તેથી 'સ્ત્રીના સંગથી સ્ત્રીપણું પ્રાપ્ત કરેલો (જીવ)' એમ કહેલું છે; કારણ કે સ્વભાવથી તે (જીવ) સ્ત્રીરૂપ નથી, પરંતુ સ્ત્રીના સંગથી તેણે સ્ત્રીપણું પ્રાપ્ત કરેલું છે. તેની માયા પતિ છે. 'ધન સંતાન અને ઘર આપનાર' એ પતિનું વિશેષણ સંસારની ઉત્પત્તિ થાય તે માટે (કહેલું છે). ૪૧.

પહેલાંના સંસ્કારને લીધે આત્માનું જ્ઞાન થતાં, ''પતિવ્રતાપણું પોતાનો ધર્મ હોવાથી તેનો ત્યાગ કરવાથી દોષ થશે કે નહિ'' એવી શંકા ન કરવી, પરંતુ તે પતિને પોતાનાં મૃત્યુરૂપ જ જાણવો, એમ બેતાલીસમા શ્લોકમાં કહે છે. પતિ સંતાન અને ઘર. તેને (પતિને) આ ત્રણરૂપ પ્રસિદ્ધ મૃત્યુ જાણવો. પહેલાં પણ પ્રારબ્ધને લીધે એમ થએલું. હવે પણ એમ થતાં સંપૂર્ણ નાશ થાય છે. તેથી વારંવાર (એવી) પ્રવૃત્તિ થતી હોવાથી (પતિને) દૈવે પ્રાપ્ત કરાવેલું મૃત્યુ જાણવો.

''અનુભવથી અને તેને અનુસરનારાં વચનોથી તે આનંદ ઉત્પન્ન કરાવનાર હોવાનો અનુભવ થાય છે. તેમ હોવાથી (તેને) મૃત્યુરૂપ કેમ જાણવો ?'' એવી શંકા થાય, તેથી 'જેમ શીકારીનું ગાયન મૃત્યુરૂપ છે તેમ' એમ કહેલું છે. 'મૃગાન્' હરણોને 'પુનક્તિ' બાંધે છે તે 'મૃગયુઃ' શીકારી, જો કે હરણોને પકડી રમત કરે છે, (તેમને) જંગલના કરતાં ઉત્તમ ગામના ખાવાના પદાર્થો આપે છે અને સાંભળતાં સુખ થાય તેવું ગાયન કરે છે, છતાં પણ બંધન કરનારો છે, અને પરતંત્રપણું મોટું દુઃખ છે. તેથી તે (પતિ)નાં સંગથી ઉત્પન્ન થતું આ લોકનું સુખ અને પરલોકનું સુખ બંધન કરાવનારું હોવાથી જતું જ કરવું જોઈએ, એવો અર્થ છે. ૪૨.

એવી રીતે સંગના સર્વ દોષ કહી, નીચેના શ્લોકથી આરંભી ચાર (શ્લોકો)થી દેહનો દોષ કહે છેઃ

**દેહેન જીવભૂતેન લોકાલ્લોકમનુવ્રજન્ ।।**

**ભુઞ્જાન એવ કર્માણિ કરોત્યવિરતં પુમાન્ ।।૪૩।।**

જીવનું સ્થાન પ્રાપ્ત કરેલા દેહથી પુરુષ એક લોકમાંથી બીજા લોકમાં જતાં કર્મોનો ભોગ કરતાં જ સદા કર્મો કર્યા કરે છે. ૪૩.

**નિત્યાત્માત્સંસૃતિઃ પુંસસ્તથાપિ વશગો હ્યયમ્ ।।૯।।**

**દોષાર્થમેવ તચ્ચાપિ ન દ્વાભ્યાં સાધનં ક્વચિત્ ।।**

(૪૩) પુરુષને આ (દેહ)થી સદાનો સંસાર પ્રાપ્ત થાય છે (૪૪) છતાં પણ આ (જીવ) (દેહને) વશ રહેલો છે. (૪૫) અને તે પણ દોષ કરાવનાર જ થાય છે. (૪૬) બેથી કોઈ સમયે સાધન થતું નથી. કા.૯ $^{૧}/_{૨}$.

આરંભમાં (આ શ્લોકમાં) એમ કહે છે કે દેહને લીધે જ આ (જીવ)ને સંસાર (પ્રાપ્ત થાય છે). જીવનું સ્થાન પ્રાપ્ત કરેલા દેહથી એક લોકમાંથી બીજા લોકમાં જતાં કર્મનાં ફલનો ભોગ કરતાં જ (પુરુષ) સદા કર્મો કર્યા કરે છે. (૧) સદા ભમ્યા કરવાને લીધે એક સ્થલે સ્થિતિ ન હોવી (૨) કર્મનાં ફલનો ભોગ અને (૩) કર્મો કરવાં એવા ત્રણ દેહના દોષ કહ્યા. છેવટે કર્મ (કરવાનું) કહ્યું, તેથી (સંસારમાં) ફરી

આવવાનું પણ કહ્યું. ૪૩.

અને દોષ (પ્રાપ્ત) થાય તે માટે (જીવ) આ (દેહ)ને વશ થએલો છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**જીવસ્ય હ્યનુગો દેહો ભૂતેન્દ્રિયમનોમયઃ ।।**
**તન્નિરોધોઽસ્ય મરણમાવિર્ભાવસ્તુ સંભવઃ ।।૪૪।।**

મહાભૂતો, ઇન્દ્રિયો અને મનરૂપ દેહ જીવની પાછલ જનારો છે. તેનો નિરોધ આનું મરણ છે (અને) પ્રાકટ્ય જન્મ છે. ૪૪.

મહાભૂતો ઇન્દ્રિયો અને મનરૂપ આધિભૌતિક વિગેરે પ્રકારનો (દેહ) ચૈતન્ય વિના શક્તિવાળો હોતો નથી, તેથી તે ચૈતન્યરૂપ જીવની પાછલ જાય છે, અને આ વિષય યોગ્ય જ છે કે જડ (દેહ)ને ચેતન (જીવ)ની જરુર રહે છે. ઉત્તરાર્ધથી તેમ હોવામાં (રહેલ) દોષ કહેલ છે. જન્મ અને મરણ દોષ છે. તે પૈકી 'તેનો નિરોધ આનું મરણ છે' શબ્દોથી મરણનું સ્વરૂપ કહેલું છે. 'તેનો નિરોધ' એટલે દેહનો નિરોધ 'આનું' એટલે જીવનું મરણ છે. 'નિતરાં' સંપૂર્ણ 'રોધઃ' એટલે પોતાની જાતના પ્રવાહને ઉત્પન્ન ન કરવો તે[૧].

બીજા ગુણોની સાહાય્યવાળા[૨] તેના ઝીણા[૨] અવયવોથી[૨] (જન્મ) પછી બીજી પરંપરા ઉત્પન્ન થાય છે[૨]. ઇન્દ્રિયો અને મન પણ (દરેક દેહના મહાભૂતોનાં) જૂદાં હોવાથી જૂદાં જ (થાય છે)[૩] તે[૪] રોકાઈ જાય ત્યારે, જે પ્રયત્નથી પ્રાણ ધારણ કરાતો હતો તે શરીર વિગેરેથી થઈ શકે તેવો હોવાથી, 'મૃ' 'મરણ પામવું' ધાતુનો અર્થ 'પ્રાણનો ત્યાગ કરવો' હોવાથી, તેઓ અટકી પડતાં પ્રયત્ન પણ જતો રહેતો (બંધ પડતો) હોવાથી, વ્યુત્પત્તિ તે પ્રમાણે જણાવેલી છે[૫]. જૂદા જૂદા દેવોનાં અધિષ્ઠાનવાળાં કાલ કર્મ અને સ્વભાવ નિયંત્રણ કરનારાં હોવાથી અપમૃત્યુ[૬] વિગેરેની વ્યવસ્થા થાય છે.

'પ્રાકટ્ય જન્મ છે' શબ્દોથી ઉત્પત્તિનું સ્વરૂપ કહેલું છે. જે દેહનું પ્રાકટ્ય (પ્રકટ થવું) તે જ જીવનો જન્મ એટલે ઉત્પત્તિ છે, એવો અર્થ છે, કારણ કે પહેલાં કહેલું છે કે[૭] સર્વ સ્થલે ભગવાનનાં સ્વરૂપમાં સર્વ પદાર્થો રહેલા છે. જ્યાં જેટલા લાંબા સમય સુધી (ભગવાન્) પદાર્થોને પ્રકટ કરે છે, તેટલા સમય સુધી તેઓ દેખાય છે[૮] વળી જ્યારે કારણોમાં પ્રવેશ કરી દેહને પ્રકટ કરે છે ત્યારે ત્યારે તે પ્રકટ થતો હોવાથી તેમ કહેલું છે. ૪૪.

૧. 'પ્રવાહને ઉત્પન્ન ન કરવો તે'. એટલે પ્રવાહની ઉત્પત્તિ ન થવી. (પ્ર)

૨. (દેહ) ક્ષીણ થાય ત્યારે પણ તેના પ્રવાહની ઉત્પત્તિ થવી બંધ થાય છે. તેથી પ્રવાહની ઉત્પત્તિનાં સ્વરૂપનું લક્ષણ કહે છે. છ ભાવવિકારો (પદાર્થમાં થતા ફેરફારો)માં (૧) હોવું અને (૨) ફેરફાર થવો એ બે વિકારો (પ્રવાહની ઉત્પત્તિના) વિરોધી નથી, કારણ કે તેમાં પદાર્થ તરીકે વ્યવહાર થતો ન હોવા છતાં, બીજા રૂપથી તે (પદાર્થ) જ હોય છે. (૩) વધવું અને (૪) ક્ષીણ થવું (એ બે વિકારો પ્રવાહના) વિરોધી અને (પ્રવાહને) અનુકૂલ હોવાથી (ઉત્પત્તિથી) વિરુદ્ધ છે. તે જ પ્રમાણે (૫) જન્મ અને મરણ (ઉત્પત્તિથી) વિરુદ્ધ છે. 'અવયવોની સદા (વૃદ્ધિ થાય છે)' એ વાક્ય પ્રમાણે કાલથી થતી પદાર્થની પ્રવાહની પરંપરારૂપ ઉત્પત્તિ સદા થાય છે. તેને અહિં 'પછી બીજી પરંપરા થાય છે' એમ કહેલ છે. તે પ્રત્યક્ષ દેખાતી નથી એ વિરોધ દૂર કરવા 'ઝીણા (અવયવોથી)' એમ કહેલું છે. દેહને લગાડેલ સુગંધી પદાર્થો, પુત્ર વિગેરેને બાતલ કરવા 'તેના અવયવોથી' એમ કહેલું છે. 'વિદ્યા અને કર્મ અને પહેલાંની બુદ્ધિ તેની સાથે રહે છે' એ વાક્ય પ્રમાણે બીજાં સાહાય્ય કરનારાં જણાવવા માટે 'બીજા ગુણોની સાહાય્યવાળા' એમ કહેલું છે. તેથી આવી ઉત્પત્તિ થવી અટકી જાય તે મરણ એવો અર્થ છે. (પ્ર).

૩. ''આ ઉત્પત્તિ ચાલુ પ્રસંગમાં ઉપયોગી નથી, કારણ કે અહિં દેહને મહાભૂતો ઈન્દ્રિયો અને મનરૂપ કહેલો છે, અને ઉત્પત્તિ જણાવી તેવી માત્ર મહાભૂતોની થાય છે. ઈન્દ્રિયો અને મનની થતી નથી. વળી નૈયાયિક પેઠે ઈન્દ્રિયો તરત નાશ પામે તેવી છે એમ પણ કહી ન શકાય, કારણ કે તે સિદ્ધાંતથી વિરુદ્ધ છે. તેમના મત પ્રમાણે મન નિત્ય હોવા છતાં ચાલુ પ્રસંગમાં તે ઉપયોગી નથી (તેની ઉપર જણાવી તેવી ઉત્પત્તિ થતી નથી)''. એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. 'હે ભલા પુરુષ ! મન અન્નમય છે, પ્રાણ જલમય છે, વાણી તેજમય છે' એ શ્રુતિપ્રમાણે વિકાર દર્શાવનાર 'મય' પ્રત્યયથી મન વિગેરેનું અન્ન વિગેરેથી પોષણ થતું હોવાનું કહેલું છે. તેથી મન અને વાણીથી પણ ઉત્પત્તિ સંભવતી હોવાથી તે મહાભૂત જેવાં જ છે. બીજી ઈન્દ્રિયો પણ તેવી જ હોવી જોઈએ, એ નિયમ પ્રમાણે ઈન્દ્રિયોની પણ વૃદ્ધિ થતી હોવાનું સંભવે છે. તેમનું પોષણ કરનારા મહાભૂતોના અંશો માત્ર તેમનાથી જૂદા હોવાથી જૂદા કહેલ છે. અહિં તે જૂદા એટલે આધિભૌતિક છે. ઈન્દ્રિયો આધ્યાત્મિક છે. તેથી જ 'મનુષ્ય સુધી અસત્ ત્રણ ગુણવાળું મન સત્ હોય તેવું આપમાં ભાસે છે'(૧૦।૮૪।૨૭) એ વાક્ય ઘટે છે. તેમ ન હોય તો ઘટે નહીં, કારણ કે એક પદાર્થ પોતે જ બે પ્રકારનો હોવાનું સંભવતું નથી.(પ્ર).

૪. 'તે' એટલે દેહ. (પ્ર).

૫. 'મૃ' ધાતુના અર્થના વિવરણરૂપ પ્રાણત્યાગ શબ્દમાં રહેલ જીવનો સંબંધ એ પ્રમાણે શ્લોકના પહેલા ત્રણ પાદોથી જણાવેલો છે. તેથી બીજા શાસ્ત્રમાં 'મરણ'નો અર્થ દેહ અને પ્રાણનું છૂટા પડવું કહેલ છે, છતાં ઝીણી દષ્ટિએ જોતાં તેનો અર્થ 'પ્રાણ ધારણ કરવાનો પ્રયત્ન ન હોવો' એવો જ છે. તેથી જ મૃત્યુ એટલે 'અત્યંત વિસ્મરણ' એમ કહેલું છે. તેથી આ લિંગ (દેહ)નો ગુણ છે. સ્થૂલ વિચાર પ્રમાણે દેહનો ગુણ છે. (પ્ર).

૬. ''અપમૃત્યુ વિગેરેમાં પોતાની જાતનાનો પ્રવાહ બંધ થતો નથી, તેથી આ મરણની વ્યાખ્યા તેને લાગુ પડતી નથી'' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલ છે. કાલ સર્વથી બલવાન હોય તો તેનો અધિષ્ઠાતા દેવ સ્વભાવ અને કર્મનું નિયંત્રણ કરે છે. સ્વભાવ સર્વથી બલવાન હોય તો તેનો

અધિષ્ઠાતા દેવ કાલ અને કર્મનું નિયંત્રણ કરે છે, અને કર્મ સર્વથી બલવાળું હોય તો તેનો અધિષ્ઠાતા દેવ સ્વભાવ અને કાલનું નિયંત્રણ કરે છે, એટલે તે (પ્રવાહની) ઉત્પત્તિ થાય છે, તેથી કાંઈ દોષ નથી. તેથી વૈદકમાં કહ્યા પ્રમાણે સર્વનું મરણ ત્રિદોષથી જ થાય છે, કારણ કે નિયંત્રણ કરનાર ન હોય તો દોષોનો અકસ્માત્ કોપ ન થાય. (પ્ર) 'અપમૃત્યુ' એટલે અકસ્માતથી થએલ મરણ; અથવા મરણ તુલ્ય માંદગી જેમાંથી મનુષ્ય અણધારેલ પ્રકારે બચી જાય છે. આ બીજા પેરામાં દેહની પરંપરા, જન્મ અને મરણ કેવી રીતે થાય છે તે કહેલું છે. જીવનાં જન્મ તથા મરણ થવાનું કહેવાય છે, પરંતુ વસ્તુતઃ દેહની ઉત્પત્તિને જીવનો જન્મ અને દેહના મૃત્યુને જીવનું મરણ કહે છે. જન્મ અને મરણ કોને કહેવાં તે પણ આ પેરામાં જણાવેલ છે. દેહ દરરોજ વધતો જતો હોવાનું કેમ જાણવામાં આવતું નથી તે પણ આ પેરામાં જણાવેલું છે.

૭. ''ગયા અધ્યાયમાં જણાવેલી વ્યવસ્થા પ્રમાણે પહેલા નહતો તેવો દેહ ઉત્પન્ન થતો હોવાનું જણાય છે, છતાં અહિં દેહનું પ્રાકટ્ય થવાનું કેમ કહેલ છે''. એવી શંકા આ ભાગથી દૂર કરે છે. નહતો તેવા દેહની ઉત્પત્તિ થતી નથી, એવો અર્થ છે. (પ્ર).

૮. જૂઓ નોટ ૭, એ આના ઉપર ચાલુ ગણવી.

''દેહની ઉત્પત્તિ અને નાશથી જીવનાં તે થતાં હોવાનું કેમ જણાય ?'' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોક કહે છેઃ

**દ્રવ્યોપલબ્ધિસ્થાનસ્ય દ્રવ્યેક્ષાऽયોગ્યતા યદા ।।**
**તત્પઞ્ચત્વમહંમાનાદુત્પત્તિર્દ્રવ્યદર્શનમ્ ।।૪૫।।**
**યથાऽક્ષ્ણોર્દ્રવ્યાવયવદર્શનાયોગ્યતા યદા ।।**
**તદૈવ ચક્ષુષો દ્રષ્ટુર્દ્રષ્ટૃત્વાયોગ્યતાનયોઃ ।।૪૬।।**

જેમ ચક્ષુસ્થાનની જ્યારે દ્રવ્યના અવયવો જોવાની અયોગ્યતા થાય છે, ત્યારે જ ચક્ષુ અને જોનાર આ બેની જોવાની અયોગ્યતા થાય છે, તેવી રીતે જ્યારે દ્રવ્યનાં સ્થાનની દ્રવ્ય જાણવાની અયોગ્યતા થાય છે, ત્યારે તે જ જોવાનાં સાધન અને જોનારની અયોગ્યતા છે. અભિમાનને લીધે તે મરણ છે. દ્રવ્યોનું દેખાવું ઉત્પત્તિ છે. ૪૫।૪૬.

રૂપ વિગેરે દ્રવ્યોનાં 'ઉપલબ્ધેઃ' જ્ઞાનનું ઈન્દ્રિયને રહેવાનાં ઠેકાણાંરૂપ જે સ્થાન, તે જ્યારે દ્રવ્ય જોવા અયોગ્ય થાય છે, (આંખની) ઝાંખ કમળો વિગેરેને લીધે દ્રવ્ય જોવા અયોગ્ય થાય છે, ત્યારે જ ચક્ષુ પણ (દ્રવ્ય જોવા) અયોગ્ય થાય છે અને જોનાર (પુરુષ) પણ (દ્રવ્ય જોવા અયોગ્ય થાય છે). ઈન્દ્રિયને રહેવાનું ઠેકાણું (ચક્ષુસ્થાન) ઢંકાઈ જતાં (જોવાનું) સાધન અને જોનાર પણ (જોવા) અયોગ્ય થાય છે. તે (અર્થ) 'આ બેની જોવાની અયોગ્યતા થાય છે' શબ્દોથી કહેલો છે. જોવાનું સાધન અને (જોવાનું કાર્ય) કરનાર[૧], આ બે સાધન અને કર્તા અયોગ્ય થાય છે, એવો અર્થ એક શ્લોક (હોવા)નો પાઠ લેતાં થાય છે.

બે શ્લોક (હોવા)નો પાઠ લઈએ ત્યારે તો 'દ્રવ્યોપલબ્ધિસ્થાનસ્ય' સર્વ દ્રવ્યના વ્યવહાર કરાવનાર દેહ જ્યારે 'દ્રવ્યેક્ષાયાં' સર્વદ્રવ્યનો વ્યવહાર કરવા અયોગ્ય થાય છે, તે 'પઞ્ચત્વમ્' મરણ છે, એવો અર્થ છે. જેનો જે સ્વભાવ હોય તે સંપૂર્ણ રીતે જો દૂર થાય તો તેનો (પોતાનાં) કારણમાં લય થયો છે એમ જાણવું. તે પ્રમાણે પાંચ મહાભૂતોમાંથી ઉત્પન્ન થએલો દેહ જો પોતાનું કાર્ય ન કરે, તો તે કારણરૂપ થએલ હોવાથી મૃત્યુ (પામેલો) જ છે. જીવ તો (દેહના) અભિમાનને લીધે તેવો (મરણ પામેલો) (જણાય છે). 'દ્રવ્યદર્શનમ્' દ્રવ્યોનું દેખાવું એટલે શ્વાસ (લેવો) વિગેરે કાર્ય કરવાની શક્તિ તે જ દેહની ઉત્પત્તિ છે. (જીવ તેની) અંદર પ્રવેશ કરી અભિમાન રાખતો હોવાથી (તે) જીવની (ઉત્પત્તિ છે). ૪૫.

તે વિષયનું દૃષ્ટાંત છેતાલીસમા શ્લોકથી કહેલું છે. બે ચક્ષુ ઈન્દ્રિયને રહેવાનાં સ્થાનની જ્યારે રૂપ વિગેરે દ્રવ્યના અવયવો જોવાની (આંખની) ઝાંખ કમળો વિગેરેને લીધે અયોગ્યતા થાય છે, ત્યારે જ ચક્ષુની (અને જોનારની અયોગ્યતા થાય છે) એમ ઉપર પ્રમાણે (અર્થ છે). ૪૬.

૧. 'જોવાનું સાધન અને (જોવાનું કાર્ય) કરનાર' શબ્દથી જોવાની યોગ્યતારૂપ ઉત્પત્તિનો બાકી રહેલો ભાગ (કહેલો છે). દેહની ઉત્પત્તિ અને લયથી જીવની ઉત્પત્તિ અને મરણ થાય છે એવો એક શ્લોક લેતાં અર્થ છે, એવો અર્થ છે. બે શ્લોક હોવાનું લેતાં સાધન અને કર્તાની યોગ્યતા અને અયોગ્યતા પહેલા શ્લોકમાં જણાવી છે, અને બીજા શ્લોકનો તો એવો અર્થ છે કે બંનેના રહેઠાણરૂપ દેહના સ્વભાવનો નાશ થતાં મરણ થાય છે, અને સ્વાભાવિક કાર્ય કરે તેથી ઉત્પત્તિ થાય છે. જીવને તો તે (દેહ)નું અભિમાન હોવાથી બંને (ઉત્પત્તિ અને મરણ) થાય છે. (પ્ર) જોવાનું સાધન અને (જોવાનું કાર્ય) કરનાર, શબ્દો પાસે વાક્ય પૂરું કરી 'પ્રકાશ'માં આ અર્થ કરેલ છે, પરંતુ ત્યાં વાક્ય પૂરું થતું નથી પણ 'અનયોઃ' આ બે...એમ આગળ ચાલુ હોય તેમ જણાય છે. તેથી 'પ્રકાશ'નો અર્થ બરાબર હોવાનું જણાતું ન હોવાથી જૂદી રીતે અર્થ કરેલો છે, બે શ્લોક ગણતાં 'પ્રકાશ' કરનારે બંનેના અર્થ કહ્યા, તે પણ ઉલટા કહેલા જણાય છે. પહેલા શ્લોકનો અર્થ કહ્યો તે બીજાનો, અને બીજાનો કહ્યો તે પહેલાનો અર્થ હોવાનું જણાય છે.

એવી રીતે બધા નડતરરૂપ હોવાથી શું કરવું ? એવી ચિંતા-તજવા યોગ્ય અને કરવા યોગ્ય એવા ભેદથી નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોકો)થી દૂર કરતાં શાસ્ત્રના અર્થનો ઉપસંહાર કરે છે : તે પૈકી આરંભમાં નીચેના શ્લોકમાં તજવા યોગ્ય (છે તે) કહે છેઃ

**તસ્માન્ન કાર્યઃ સંત્રાસો ન કાર્પણ્યં ન સંભ્રમઃ ।।**
**બુદ્ધ્વા જીવગતિં ધીરો મુક્તસઙ્ગશ્ચરેદિહ ।।૪૭।।**

તેથી ભય ન રાખવો, લાચારી ન કરવી, વ્યાકુલતા ન રાખવી. ધીર (પુરુષે) જીવની ગતિ જાણી, સંગરહિત થઈ અહિં ફરવું. ૪૭.

ભય, લાચારી અને વ્યાકુલતા એ ત્રણનો ત્યાગ કરવો. 'સંભ્રમઃ' એટલે વ્યાકુલતા. દેહ વિગેરે પહેલાંથી જ પ્રાપ્ત થએલા હોવાથી, તેનાથી થતું વિઘ્ન[1] પણ પહેલાંથી જ ચાલ્યું આવતું હોવાથી, 'સ્વીકારેલી ગ્લાનિ દોષરૂપ નથી' એ નિયમ પ્રમાણે ભયનો ત્યાગ કરવો. આમાં વિઘ્ન કરનારા આપણા મિત્ર ન હોવાથી તેમના માટે આપણે કાંઈ કરવાનું નહિ હોવાથી વ્યાકુલતા કેવી ? જીવની ગતિ કહેલી જ[2] છે. તેથી જીવની ગતિ જાણી, દેહની ગતિથી થતા દોષનું દુઃખ સહન કરીને, ધીર થઈ, નડતરરૂપ સંગનો ત્યાગ કરી ફરવું, એટલે એક સ્થલમાં ન રહેવું, એવું અર્થ છે. ૪૭.

૧. 'વિઘ્ન' એટલે જીવનાં કલ્યાણમાં થતું વિઘ્ન. (પ્ર).

૨. ત્રણ પ્રકારના અભિમાનને તજી સ્વરૂપમાં રહેવારૂપ સ્થિતિ પહેલાં કહી છે, એવો અર્થ છે. (પ્ર).

એ રીતે બહારની સ્થિતિ કહી. નીચેના શ્લોકમાં અંદરની સ્થિતિ કહે છેઃ

**સમ્યગ્દર્શનયા બુદ્ધ્યા યોગવૈરાગ્યયુક્તયા ।।**
**માયાવિરચિતે લોકે ચરેન્ન્યસ્ય કલેવરમ્ ।।૪૮।।**

સારી રીતે દર્શન થાય તેવી યોગ અને વૈરાગ્યવાળી બુદ્ધિથી માયાથી રચાએલા લોકમાં દેહને રાખી ફરવું. ૪૮.

સારી રીતે આત્માનું દર્શન (જ્ઞાન) છે જેમાં તેવી બુદ્ધિ (રાખી ફરવું). યોગ અને વૈરાગ્ય તે બુદ્ધિના અંગ છે. તે (બુદ્ધિ)થી પોતાના આત્માને સ્થિર કરી માયાથી સારી રીતે રચાએલા લોકમાં દેહ રાખી એટલે (દેહને) લોકને અનુસરનારો કરી, પોતે ફરવું એટલે ઉદાસીન રહેવું, એવો અર્થ છે[1]. ૪૮.

૧. આ અધ્યાયમાં બાલપણથી આરંભી તરુણ અવસ્થા સુધીમાં કાલથી થતા કામ, અને ગર્ભથી આરંભી આધિભૌતિક ઈન્દ્રિયોની ઉત્પત્તિ કહેલાં છે. એવો બે સંવાદના સંબંધવાળો અર્થ જાણવો. (પ્ર).

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના એકત્રીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય બત્રીસમો ।।

**કાલસ્ય બાધકત્વે હિ નિષિદ્ધાત્ ફલમીરિતમ્ ।।**
**નિષિદ્ધરૂપતા ચોક્તા પુણ્યસ્ય ફલમીર્યતે ।।૧।।**

કાલ પીડા કરનારો હોતાં, (શાસ્ત્રમાં) કરવાની મના કરેલ કર્મોથી થતું ફલ કહ્યું અને કરવાની મના કરેલ (કર્મો)નું સ્વરૂપ કહ્યું. (હવે) પુણ્યનું ફલ કહે છે. કા.૧.

**ત્રિવિધસ્યાપિ ધર્મસ્ય દ્વાત્રિંશે ફલમુચ્યતે ।।**
**જ્ઞાનં મુખ્યં ફલં તસ્ય સસાધનમિહોચ્યતે ।।૨।।**

બત્રીસમા (અધ્યાય)માં ત્રણે પ્રકારના[1] ધર્મનું ફલ કહેવામાં આવે છે. તેનું મુખ્ય ફલ જ્ઞાન, સાધન સાથે અહિં કહેવામાં આવે છે. કા.૨.

**અધોગતિર્મધ્યગતિઃ પૂર્વમત્ર નિરૂપિતા ।।**
**ઉત્તમા મોક્ષપર્યન્તં યથા સ્યાત્તદિહોચ્યતે ।।૩।।**

ઉપર અધમ ગતિ અને મધ્યમ ગતિ અહિં જણાવેલી છે. જે પ્રકારે મોક્ષ સુધીની ઉત્તમ (ગતિ) થાય, તે અહિં કહેવામાં આવે છે. કા. ૩.

૧. હલકો અને મધ્યમ ધર્મ વૈરાગ્ય કરાવનાર તરીકે જ ઉપયોગી છે. ત્રીજો (ઉત્તમ ગતિ કરાવનાર) તો મુખ્ય ભક્તિ પેઠે ઉપયોગી હોવાનું જાણવું. જ્ઞાન વગેરે (પ્રાપ્ત કરાવી તેમના)થી બુદ્ધિનો સંસ્કાર કરે છે એવી શુક અને પરીક્ષિતના સંવાદની સંગતિ છે અને (ચોથો પુરુષાર્થ) મોક્ષ પ્રાપ્ત કરાવે છે એવી મૈત્રેય અને વિદુરના સંવાદની સંગતિ છે.( પ્ર )

તે પૈકી આરંભમાં નીચેના શ્લોકથી આરંભી ચાર ( શ્લોકો )થી ફલ સાથે તામસ ધર્મ કહે છેઃ

।। કપિલ ઉવાચ ।।

**અથ યો ગૃહમેધીયાન્ધર્માનેવાવસન્ગૃહે ।।**
**કામમર્થં ચ ધર્માન્સ્વાન્દોગ્ધિ ભૂયઃ પિપર્તિ તાન્ ।।૧।।**
**સ ચાપિ ભગવદ્ધર્માત્ કામમૂઢઃ પરાઙ્મુખઃ ।।**
**યજતે ક્રતુભિર્દેવાન્ પિતૄંશ્ચ શ્રદ્ધયાન્વિતઃ ।।૨।।**

હવે જે ઘરમાં રહેતાં જ ગૃહસ્થના ધર્મો જ આચરે છે, કામ ધન અને પોતાના ધર્મો પ્રાપ્ત કરી ફરી તેમની વૃદ્ધિ કરે છે, તે કામને લીધે મૂઢ થએલો (પુરુષ) પણ ભગવાનના ધર્મથી વિમુખ રહી યજ્ઞોથી દેવોનું અને પિતૃઓનું શ્રદ્ધાસહિત પૂજન કરે છે. ૧।૨.

**પુરુષાર્થત્રયં યસ્ય તદર્થં સાધનં પરમ્ ।।**
**ફલં ચ તાદૃશં તસ્ય તસ્ય નાશશ્ચ વર્ણ્યતે ।।૪।।**

તેના ત્રણ પુરુષાર્થો ૧. તે પ્રાપ્ત કરવા માટેનું ઉત્તમ સાધન ૨. તેને મળતું તેવું ફલ ૩. અને તે ફલનો નાશ ૪. (ચાર શ્લોકમાં) કહેવામાં આવે છે. કા.૪.

આરંભમાં (આ શ્લોકમાં તેના ધર્મનું) સ્વરૂપ કહે છે. ઉંચી ગતિ (થતી) હોવાથી ('અથ' 'હવે' શબ્દથી) જૂદો આરંભ કરેલો છે. જે ગૃહસ્થના ધર્મો જ આચરે છે–આશ્રમના ધર્મો પણ ગૃહસ્થના (ધર્મના) પ્રકારના જ હોવાથી 'ગૃહસ્થના (ધર્મો)' એમ કહેલું છે. 'ધર્મો જ (આચરે છે)' શબ્દોથી મના કરેલાં (કર્મો) બાતલ કરેલા છે. 'આવસન્' શબ્દનો બંને સાથે સંબંધ છે. ઘરમાં રહેતાં જ ધર્મો આચર્યા કરે છે[1], એવો (અર્થ છે). 'કામ ધન અને ધર્મ' શબ્દોથી (તે) સારી રીતે કામ્ય કર્મોમાં જ રચ્યો પચ્યો રહેતો હોવાનું (કહેલું છે). ધર્મ (શબ્દ) બહુવચનમાં (યોજેલો) છે, અને પાછલથી કહેલો છે, તે (તે) મોક્ષ (પ્રાપ્ત કરવા) માટે પણ ઉપયોગી હોવાનું જણાવવા. જેમ અન્ન ખાઈને ખેતી વગેરેથી અન્ન ઉત્પન્ન કરે છે, તેમ ધનથી ધન વધારે છે, (અને) ધર્મથી મરણ સમાન મંદવાડ દૂર કરી પાછો ધર્મની વૃદ્ધિ કરે છે, એટલે તેવી રીતે તે (ધર્મ)ની 'પિપર્તિ' વૃદ્ધિ કરે છે. ૧.

એવી રીતે ધર્મ અર્થ (ધન) અને કામમાં રચ્યો પચ્યો રહેતો હોવા છતાં પણ જો તેનાં લક્ષ્ય તરીકે ભગવાનમાં આસક્તિ રાખે, તોપણ કાંઈ પણ ચિંતા ન રહે, કારણ કે અંતે મોક્ષ પ્રાપ્ત કરાવનાર ભગવાનજ છે. તેથી બીજા શ્લોકમાં એમ કહે છે કે તેવો હોવા છતાં ભગવાનથી વિમુખ રહીને જ સર્વ કરે છે. ભગવાન્ કામનો નાશ કરતા હોવાથી કામનું રક્ષણ કરવા ભગવાનનો ત્યાગ કરે છે, અથવા કામને લીધે (તેને) વિવેક રહેતો નથી[2]. ભગવાનના ધર્મો પ્રમાણે ભગવાનનીજ સેવા કરવી જોઈએ, પણ બીજાની (સેવા કરવી) ન જોઈએ. તેમનાથી વિમુખ (રહેતો) હોવાથી જાતજાતનાં યજ્ઞોથી દેવોનું અને પિતૃઓનું પૂજન કરે છે. અગ્નિહોત્ર વિગેરે કર્મોમાં સર્વ સ્થલે દેવોને અને પિતૃઓને તૃપ્તિ થતી હોવાથી, તેઓને માટે જે કર્મો કરે છે તે રાજસ છે એવો (અર્થ છે). ૨.

૧. 'આવસન્' એટલે રહેતાં અને આચરતાં. ઘરમાં રહેતાં જ, ધર્મો આચર્યા જ કરે છે એમ 'ઘરમાં' અને 'ધર્મો' બંને શબ્દો સાથે આ શબ્દનો સંબંધ હોવાનું કહેલ છે.

૨. કામને લીધે તેને ભાન નથી રહેતું કે કામ ત્યાગ કરવા યોગ્ય છે કે ભગવાન્, અને તેથી તે કામનું રક્ષણ કરી ભગવાનનો ત્યાગ કરે છે.

**તચ્છ્રદ્ધયા ક્રાન્તમતિઃ પિતૃદેવવ્રતઃ પુમાન્ ।।**
**ગત્વા ચાન્દ્રમસં લોકં સોમપાઃ પુનરેષ્યતિ ।।૩।।**

તેમના ઉપરની શ્રદ્ધાને લીધે નાશ પામેલ બુદ્ધિવાળો પિતૃઓ અને દેવોનાં વ્રત કરનાર સોમપાન કરનાર પુરુષ ચંદ્રના લોકમાં જઈ, પાછો આવે છે. ૩.

વાસ્તવિક રીતે દેવો વિગેરે ઉપરની શ્રદ્ધાને લીધે નાશ પામેલ બુદ્ધિવાળો પિતૃઓ અને દેવોને પ્રસન્ન કરવા એ જ વ્રત છે જેનું તેવો (પુરુષ) તે (કર્મો)થી થતું ફલ પ્રાપ્ત કરે છે, એમ ઉત્તરાર્ધથી કહેલું છે. પાંચ અગ્નિ (સાચવવાની) વિદ્યાથી ચંદ્રલોકમાં જઈ, તે પાછો અહિં જ આવે છે. 'સોમપાન કરનાર' શબ્દથી એમ કહેલું છે કે સોમ (યજ્ઞ) સિવાયના યજ્ઞોથી આ ફલ પ્રાપ્ત થતું નથી. ૩.

નીચેના શ્લોકમાં તે ફલ અમુક સમય સુધીનું હોવાનું કહે છે:

**યદૈવાહીન્દ્રશય્યાયાં શેતેઽનન્તાસનો હરિઃ ।।**
**તદા લોકાઃ ક્ષયં યાન્તિ ત એતે ગૃહમેધિનામ્ ।।૪।।**

જ્યારે અનંત આસન છે જેમનું તેવા હરિ ઉત્તમ સર્પરૂપ શય્યામાં પોઢે છે ત્યારે તરત જ ગૃહસ્થોના આ તે લોકોનો ક્ષય થાય છે. ૪.

જ્યારે ભગવાન્ પોઢે છે ત્યારે તરત જ તેમના (તેમણે પ્રાપ્ત કરેલા) લોકોનો ક્ષય થાય છે. તે વર્ષામાં પણ પોઢે છે, તેથી તે (નિદ્રા)નો સમાવેશ ન થાય તે માટે 'ઉત્તમ સર્પરૂપ શય્યામાં' એમ કહેલું છે. શેષ ઉપર શયન કરનાર ત્યારે જ પોઢે છે. વર્ષના અંતે પણ તેવો પ્રલય થાય છે, તેથી તેનો સમાવેશ ન થાય તે માટે 'અનંત છે આસન જેમનું' એ વિશેષણ કહેલું છે. 'હરિ' શબ્દથી (એમ જણાવેલું છે કે) ભગવાનનું શયન સર્વને સુખ કરવા (થાય છે). તે સમયે ગૃહસ્થના લોકો નાશ થાય છે. તેમના લોકોનો જ નાશ થાય છે, પરંતુ ત્રિલોકનો નાશ થતો નથી.૪.

હવે નીચેના શ્લોકથી આરંભી કામના વિનાના સાત્ત્વિકોનો ધર્મ ફલ સાથે કહે છે:

**યે સ્વધર્મં ન દુહ્યન્તિ ધીરાઃ કામાર્થહેતવે ।।**
**નિઃસઙ્ગા ન્યસ્તકર્માણઃ પ્રશાન્તાઃ શુદ્ધમેધસઃ ।।૫।।**
**નિવૃત્તિધર્મનિરતા નિર્મમા નિરહંકૃતાઃ ।।**
**સ્વધર્માખ્યેન સત્ત્વેન પરિશુદ્ધેન ચેતસા ।।**
**સૂર્યદ્વારેણ તે યાન્તિ પુરુષં વિશ્વતોમુખમ્ ।।**
**પરાવરેશં પ્રકૃતિમસ્યોત્પત્ત્યન્તભાવનમ્ ।।૭।।**

જે ધીર (પુરુષો) કામ અને અર્થને માટે પોતાના ધર્મનું દોહન કરતા નથી, સંગરહિત, કર્મનો ત્યાગ કરેલા, ઘણા શાંત, શુદ્ધબુદ્ધિવાળા, નિવૃત્તિના ધર્મોમાં આનંદ માનનાર, મમતારહિત (અને) અહંકારરહિત છે, તેઓ પોતાના ધર્મરૂપ સત્ત્વથી ઘણાં શુદ્ધ થએલા અંતઃકરણથી સૂર્યના દ્વારથી સર્વ તરફ મુખવાળા પુરુષને આ (જગત્)ના સમવાયિ કારણ અને આની ઉત્પત્તિ તથા નાશના નિમિત્ત કારણ

મોટા તથા નાનાના ઈશ્વરને પ્રાપ્ત કરે છે. ૫।૬।૭.

ફલ (પ્રાપ્ત કરવા) માટે ધર્મ કરી દેહ વિગેરેને પ્રસન્ન રાખી, ફરીથી તેનાથી ધર્મ ન કરે, તે દોહન ન કરવું. જોઈતું ન કરવાનું કારણ 'ધીર' શબ્દથી (કહેલું છે). ધર્મ (પ્રાપ્ત કરવા) માટે તો ધર્મનું દોહન કરે છે જ, તેથી તેનો સમાવેશ ન થાય તે માટે 'કામ અને અર્થને માટે' એમ કહેલું છે. ધર્મનું (જે) દોહન કરવાનાં પ્રયોજન કામ અને અર્થ હોય, તેવું ધર્મનું દોહન કરતા નથી. 'સંગરહિત' વિશેષણથી તેઓને નિવૃત્તિના ધર્મો (આચરવા)નો અધિકાર હોવાનું કહેલ છે. બહારના સંગનો ત્યાગ (કરે છે) અને તે સંગથી જે કર્મો કરવામાં આવે છે તેમનો પણ ત્યાગ કરે છે. તેમ ન કરે તો, (સંગ અને તેનાથી કરવામાં આવતાં કર્મો) એકબીજા ઉપર આધાર રાખતાં હોવાથી, (તેમાંના) એકનો ત્યાગ (કરવાનું) સંભવતું નથી. 'ઘણા શાંત' એટલે ઈન્દ્રિયોની વ્યાકુલતારહિત. (આ વિશેષણથી) રજોગુણ ન હોવાનું કહેલ છે. વિવેકવાળી શુદ્ધ બુદ્ધિ છે જેમની તેવા (હોય છે). એ પ્રમાણે વૈરાગ્ય, સંન્યાસ, યોગ અને સાંખ્ય એ ચાર સાધનો કહ્યાં. ૫.

તે ચાલુ ધર્મ વિના પતિત થવાય, તેથી છઠ્ઠા શ્લોકમાં તે ધર્મ (કરતા હોવાનું) જણાવી ત્રણ દોષો ન હોવાનું કહે છે. વૈરાગ્યનાં ચિહ્નો, ભગવાનના ધર્મો અને ચોથા આશ્રમ (સંન્યાસ)ના ધર્મો નિવૃત્તિના ધર્મો છે. તેઓમાં 'આનંદ માનનારા' હોવાથી તે ધર્મોથી જ સદાનું કલ્યાણ (પ્રાપ્ત કરે છે). 'મમતારહિત' અને 'અહંકારરહિત' વિશેષણોથી અહંતા અને મમતા એ બે દોષ ન હોવાનું કહેલું છે. વળી અંતઃકરણની અશુદ્ધિ મોટો દોષ હોવાથી (છઠ્ઠા શ્લોકનાં) ઉત્તરાર્ધથી તે ન હોવાનું કહેલું છે. 'પોતાના ધર્મો' એટલે દાસ હોવારૂપ, ગુણો, (કારણ કે) નિવૃત્તિના ધર્મો તો (ઉપર) કહેલા જ છે. તેથી જ 'પોતાનો ધર્મ' એવું નામ છે જેનું, તેવાં સત્ત્વગુણથી સર્વ તરફથી શુદ્ધ થએલ અંતઃકરણથી (પુરુષને પ્રાપ્ત કરે છે). ૬.

એવી રીતે (પ્રાપ્ત કરેલ) જ્ઞાન અને કર્મનું ફલ સાતમા શ્લોકમાં (કહેલું છે). 'પુરુષને' એટલે પ્રકૃતિને વશ રાખનારને (પ્રાપ્ત કરે છે). 'સર્વ તરફ મુખવાળા' વિશેષણથી બ્રહ્માંડરૂપ (પુરુષ)ને બાતલ કરે છે. 'સર્વ તરફ મુખવાળા' એટલે સાકારરૂપ. ત્યાંથી પણ પુરુષોત્તમને પ્રાપ્ત કરતા હોવાથી તે જ[૧] પુરુષના વિશેષ ગુણ કહે છે (કે) કાલ વિગેરે મોટા (અને) બ્રહ્મા વિગેરે નાના, તેઓના ઈશ્વર, એટલે બધાની સાથે ગાઢ સંબંધવાળા, અને આ (જગત્)ની ઉત્પત્તિ વિગેરે કરનાર. (તે) સાકાર, (સર્વને) વશ રાખનાર અને (સર્વનાં) સમવાયિ[૨] અને નિમિત્ત[૨] કારણ છે. ૭.

૧. 'તે' એટલે સર્વ તરફ મુખવાળા અક્ષરરૂપ. (પ્ર).

૨. જે પદાર્થનું કાર્ય બને તે તેનું સમવાયિ કારણ કહેવાય છે, જેમકે માટી ઘડાનું સમવાયિ કારણ છે. જેનાથી કાર્ય બને તે તેનું નિમિત્ત કારણ છે, જેમકે કુંભારનો ચાકડો, વિગેરે.

નીચેના શ્લોકોમાં તેઓ (ને ત્યાં રહેવા)ના સમયની હદ કહે છેઃ

**દ્વિપરાર્ધાવસાને યઃ પ્રલયો બ્રહ્મણસ્તુ તે ।।**
**તાવદધ્યાસતે લોકં પરસ્ય પરચિન્તકાઃ ।।૮।।**

બ્રહ્માના (આયુષ્યના)ને પરાર્ધના અંતે જે પ્રલય થાય છે, ત્યાં સુધી પરનું ચિંતન કરનારા તેઓ પરના લોકમાં રહે છે. ૮.

'તુ' શબ્દ બીજા કલ્પને બાતલ કરવાના પ્રયોજનથી (યોજેલ છે). તેઓ ત્યાં સુધી 'પરના' એટલે બ્રહ્માના લોકમાં રહે છે, કારણ કે તેઓ 'પરનું' ચિંતન કરનારા છે, એટલે (પુરુષનું) પુરુષોત્તમ તરીકે ચિંતન કરે છે, અથવા 'પર' એટલે ભગવાનનું (ચિંતન કરે છે). ૮.

તેવા ગુણોવાળા ભગવાનના ભક્તોને જ પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે, બીજાઓને થતી નથી એમ કહેવા, નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોકો)થી બીજાઓનો પ્રકૃતિમાં લય (થવાનું) કહે છેઃ

**ક્ષ્મામ્ભોઽનલાનિલવિયન્મનઈન્દ્રિયાર્થભૂતાદિભિઃ પરિવૃતં પ્રતિસઞ્જિહીર્ષુઃ ।।**
**અવ્યાકૃતં વિશતિ યર્હિ ગુણત્રયાત્મા કાલં પરાખ્યમનુભૂય પુનઃ સ્વયંભૂઃ ।।૯।।**

જ્યારે ભગવાન્ ભૂમિ જલ અગ્નિ વાયુ આકાશ મન ઈન્દ્રિયો વિષયો અહંકાર વિગેરેથી સંપૂર્ણ રીતે રચેલા જગત્‌નો લય કરવા ઈચ્છે છે ત્યારે ત્રણ ગુણોથી ભરપૂર બ્રહ્મા 'પર' નામના કાલનો અનુભવ કરી પાછા પ્રકૃતિમાં પ્રવેશ કરે છે. ૯.

કેટલાક તો એમ કહે છે કે વશ રાખનાર બ્રહ્માનું 'પરત્વેન' ભગવાન્ તરીકે ચિંતન કરનારા હોવાથી ઉપર કહેલું ફલ પણ બ્રહ્માની ઉપાસના કરનારાઓને (પ્રાપ્ત થાય છે). જૂદો આરંભ[1] કરવાનું કારણ ન હોવાથી, અને ત્રણ પ્રકારના (ઉંચી ગતિ પ્રાપ્ત કરનારા) કહેવાના હોવાથી તે શંકાવાળું છે.

ભૂમિ જલ અગ્નિ વાયુ અને આકાશ (એ) પાંચ મહાભૂતો અને મન, ઈન્દ્રિયો, 'અર્થાઃ' વિષયો, 'ભૂતાદિઃ' અહંકાર–તેમનાથી સંપૂર્ણ રીતે રચેલું અથવા 'વૃત' વીંટાએલાં બધાંએ બ્રહ્માંડનો 'પ્રતિસઞ્જિહીર્ષુઃ' પ્રતિકૂલ થઈ લય કરવા ઈચ્છનારા–જ્યારે ભગવાન્ એવા થાય છે, ત્યારે 'સ્વયંભૂઃ' બ્રહ્મા પ્રકૃતિમાં પ્રવેશ કરે છે, કારણ કે તે ત્રણ ગુણોથી ભરપૂર છે, પરંતુ ભગવાનના ભક્ત નથી. '' 'પર' નામના કાલનો અનુભવ કરી'' શબ્દોથી તેમનું બ્રહ્મા હોવાનું ફલ કહેલું છે. 'પર' શબ્દથી બ્રહ્માનાં એકસો વર્ષનું (તેમનું) આયુષ્ય કહેલું છે, પરંતુ મુક્તિ (પ્રાપ્ત) થાય

તે માટે (તે) બ્રહ્મા હોવાનું (કહેલું) નથી. 'પાછા' શબ્દથી એમ (જણાવેલું છે કે) પહેલાં પણ તેવા જ પ્રકારના હતા. ૯.

* (શ્લોક ૮માં કહેલા 'તુ' શબ્દથી જૂદો આરંભ કહેલો છે. (પ્ર) અહિં જૂદો આરંભ છે જ નહિ. બ્રહ્માની ઉપાસના કરનારાઓનું ફલ આઠમા શ્લોકમાં કહેલ હોય, તો ત્રણને બદલે ચાર (ઉંચી ગતિ પ્રાપ્ત કરનારા) થાય. (૧) ધર્મ અર્થ અને કામ માટે ધર્મ કરનાર (શ્લો.૧ થી ૪), (૨) સાત્વિક નિષ્કામ કર્મ કરનારા (શ્લો.૫ થી ૭), (૩) બ્રહ્માની ઉપાસના કરનારા (શ્લો. ૮ થી ૧૦), (૪) ભગવાનના ભક્તો. આવા ત્રણ જ કહેવાના હોવાથી, અને જૂદો આરંભ કરેલ હોવાનું માનવા કાંઈ કારણ ન હોવાથી, એ મત ખોટો છે, એવો જ અર્થ જણાય છે.)

તેમની સાથે ફરનારા પણ પ્રકૃતિમાં જ લય પામે છે એમ નીચે કહે છે :

**એવં પરેત્ય ભગવન્તમનુપ્રવિષ્ટા યે યોગિનો જિતમરુન્મનસો વિરાગાઃ ।।**
**તેનૈવ સાકમમૃતં પુરુષં પુરાણં બ્રહ્મ પ્રધાનમુપયાન્ત્યગતાભિમાનાઃ ।।૧૦।।**

એ પ્રમાણે મરણ પામીને જેમણે ભગવાનમાં પ્રવેશ કરેલો છે. (અને) જે યોગીઓએ વાયુ અને મન ઉપર વિજય પ્રાપ્ત કરેલો છે તે વૈરાગ્યવાળા (પુરુષો) અભિમાનરહિત થએલા ન હોવાથી તેમની જ સાથે અમૃતરૂપ પ્રધાન પુરાણ પુરુષ બ્રહ્મને પ્રાપ્ત કરે છે.૧૦.

જે 'પરેત્ય' મરણ પામીને અથવા બીજા લોકમાં જઈને નારદ વિગેરે અધિકારીઓએ ભગવાનમાં પ્રવેશ કરેલો છે, અને જે 'યોગીઓ' એટલે યોગના અધિકારવાળા છે (તેઓ બ્રહ્મને પ્રાપ્ત કરે છે). 'વૈરાગ્યવાળા' વિશેષણથી યોગનાં ફલ અને તેનાં[1] ફલ જણાવેલાં છે, તે જેઓને (પ્રાપ્ત) થએલાં છે, તેઓ તો બ્રહ્માની સમાન છે. તેથી 'તેમની જ સાથે' બ્રહ્માની સાથે તેઓ 'અમૃતરૂપ' એટલે અક્ષરરૂપ, (જગતનું) મૂળ બનેલ પ્રકૃતિ અને પુરુષને ઉત્પન્ન કરનાર 'પ્રધાન', ત્રણ પુરુષોથી જૂદા 'બ્રહ્મ' શબ્દથી ઓળખાતા પુરાણ પુરુષને પ્રાપ્ત કરે છે, પરંતુ પુરુષોત્તમ પ્રાપ્ત કરતા નથી. 'અભિમાનરહિત થએલા ન હોવાથી' શબ્દથી તેનું કારણ કહેલું છે. નથી ગએલું અભિમાન જેમનું તેવા (તેઓ હોય છે). વાસ્તવિક રીતે તો કર્તા ભગવાન્ છે. નારદ વિગેરે તો પોતાને (કર્તા) માને છે. તેથી (તેમનો) અક્ષરમાં જ લય થાય છે. વળી (તેઓ) ફરી પાછા આવવાનું કહેશે. જો કે અક્ષર પણ ભગવાનજ છે, છતાં પણ તે સૃષ્ટિ (રચવા)ની ઈચ્છાને વશ હોય છે એમ પહેલાં કહેલું છે[2]. તે સ્થાનનો નાશ થતો નથી એમ જણાવવા 'અમૃતમય' શબ્દ (યોજેલ છે). બીજા મતો[3] ખોટા છે એમ જણાવવા 'પુરુષ' શબ્દ (યોજેલ છે). બીજા પુરુષો બાતલ[4] થાય તે માટે 'પુરાણ' વિશેષણ (યોજેલું છે). (તે) અક્ષર છે એમ જણાવવા 'બ્રહ્મા' શબ્દ (યોજેલ છે). 'પ્રધાન' (એટલે પ્રકૃતિ અને પુરુષનું કારણ. તે) પ્રકૃતિ અને પુરુષનું

કારણ હોવાનું અગીઆરમા (સ્કંધ)માં 'જ્ઞાનમય પદાર્થ હતો' એ સ્થલે કહેશે[5]. તેથી[6] જ અક્ષરની ઉપાસના કરનારાઓને પણ પોતાનું જ સાયુજ્ય થાય છે એમ ભગવાન્ કહે છે. 'તેઓ મને જ પ્રાપ્ત કરે છે' (ભ.ગી. ૧૨।૪)માં 'જ' શબ્દથી (તેમનો) અક્ષરમાં પ્રવેશ થતો ન હોવાનું કહેલું[7] છે. બ્રહ્માનંદ લક્ષ્મીરૂપ હોવાથી, (અને) આનંદ ન હોય તો કાંઈપણ ફલ થતું નથી, તેથી આમનો પણ (ભગવાનમાં) માત્ર નિરોધ થાય છે, પરંતુ તેમના સંબંધવાળું ફલ પ્રાપ્ત થતું નથી. 'કામથી જેને અંતરાય થયો નથી તેવા વિદ્વાન બ્રાહ્મણને' એમ તેને પણ તેટલો સ્વરૂપાનંદજ પ્રાપ્ત થાય છે. ૧૦

૧. 'તેનાં ફલ' એટલે બ્રહ્મ સાથે ફરવાનાં ફલ અથવા બીજા લોકમાં જવાનાં ફલ. (પ્ર)

૨. તેથી (અક્ષર અને ભગવાનમાં) ભેદ ન હોવા છતાં પણ, અહિં કહ્યો તેટલો ભેદ હોવાથી, (અક્ષર પ્રાપ્ત કરેલા) ફરી (સંસારમાં) આવે તેમાં દોષ નથી, એવો અર્થ છે. (પ્ર)

૩. 'બીજા મતો' એટલે (બ્રહ્મ) નિરાકાર છે એવા મતો. (પ્ર)

૪. 'બીજા પુરુષો' એટલે ક્ષર (નાશવંત) પુરુષો. (પ્ર)

૫. 'પ્રધાન શબ્દનો અર્થ પ્રકૃતિ પ્રસિદ્ધ છે, છતાં અહિં અક્ષર બ્રહ્મને કેમ પ્રધાન કહેલ છે ? એ જાણવાની ઈચ્છા થાય, તેથી આ વાક્યથી તેનું તાત્પર્ય કહેલું છે. ભ. ગી ૧૪।૩ વાક્ય પ્રમાણે 'પ્રકર્ષેણ' સારી રીતે 'ધીયતે' મૂકવામાં આવે છે પ્રકૃતિ અને પુરુષરૂપ ગર્ભ જેમાં તે 'પ્રધાન', એ વ્યુત્પતિ પ્રમાણે અક્ષરને પ્રધાન કહેલ છે. તેથી તે બ્રહ્મ હોવામાં કાંઈ પણ હાનિ નથી. (પ્ર)

૬. 'તેથી જ' એટલે બ્રહ્મ હોવાથી જ. (પ્ર)

૭. ''અક્ષર બ્રહ્મ જ હોય તો અક્ષર સાથે સાયુજ્ય થતું નથી એમ કેમ કહેલ છે ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. અક્ષરમાં થતો આનંદ ભગવાન્ સાથેનું ઐક્ય છે. (પ્ર) અક્ષર ભગવાનજ છે એમ સિદ્ધ કરવા જ આ વાક્ય યોજેલ હોવાનું જણાય છે. અક્ષરની ઉપાસના કરનારાઓ પણ ભગવાનને જ પ્રાપ્ત કરે છે, તેથી અક્ષર ભગવાનજ છે એમ સિદ્ધ થાય છે.

તેથી[1] ભગવદાનંદ પ્રાપ્ત થાય તે માટે ભગવાનનું ભજન અવશ્ય કરવું જોઈએ, એમ નીચેના શ્લોકમાં કહે છે:

**અથ તં સર્વભૂતાનાં હૃત્પદ્મેષુ કૃતાલયમ્ ।।**
**શ્રુતાનુભવં શરણં વ્રજ ભાવેન ભામિનિ ।।૧૧।।**

હે ભામિનિ ! હવે સર્વ પ્રાણીઓનાં હૃદયકમલમાં જેમણે નિવાસ કરેલો છે (અને) જેમનો પ્રભાવ સાંભળેલો છે તેવા તેમને પ્રેમથી શરણ જાઓ. ૧૧.

કારણ કે ઉત્તમ જ્ઞાન અથવા યોગ હોય છતાં પણ અભિમાન હોય ત્યારે કાર્ય સારી રીતે સિદ્ધ થતું નથી, તેથી ભગવાનનું ભજન જ કરવું જોઈએ, પરંતુ બ્રહ્મા વિગેરે પેઠે (પ્રયાસનું) નિષ્ફલપણું થાય તે યોગ્ય નથી, એવો જૂદો અર્થ[2] ('અથ' હવે શબ્દથી જણાવેલ છે). 'તેમને' એટલે પુરુષોત્તમને. તે પ્રાપ્ત થાય તે માટે 'સર્વ

પ્રાણીઓનાં હૃદયકમલમાં જેમણે નિવાસ કરેલો છે' એમ કહેલું છે, કારણ કે અહિં (પોતાના દેહમાં) જ અંતર્યામીનું ભજન કરવાથી તેમની પ્રાપ્તિ થશે, એવો ભાવ છે. 'જેમનો પ્રભાવ સાંભળેલો છે' એ વિશેષણથી મંત્રના પ્રકારથી ભજન ન કરવાનું કહેલું છે. સાંભળેલો છે પ્રભાવ જેમનો, તેવા (પુરુષોત્તમને શરણ જાઓ). ભગવાનનાં માહાત્મ્યનું શ્રવણ કરી, ભગવન્માર્ગ પ્રમાણે શરણ જાઓ. 'ભાવથી' એટલે પ્રેમથી અથવા ભક્તિ સાથે શરણ જાઓ. ઉત્તમ (સ્ત્રી)ને જ (આ વિષયમાં) વિશ્વાસ રહે તેથી તે (વિશ્વાસ રહે તે) માટે 'હે ભામિનિ !' એવું સંબોધન કરેલું છે. ભામિની એટલે ઉત્તમ સ્ત્રી. ૧૧.

૧. એ પ્રમાણે બ્રહ્માનંદ અધિક હોવાનું સિદ્ધ થતાં, તે પ્રાપ્ત કરવાનું સાધન કહે છે એમ આ વાક્યથી કહે છે. (પ્ર) ભગવદાનંદ સર્વથી અધિક હોવાથી તે પ્રાપ્ત કરવાનું સાધન ભજન કરવાનું કહે છે, એવો અર્થ જણાય છે.

૨. આ શ્લોકમાં કહેલ ફલરૂપ સ્વરૂપ દશમા શ્લોકમાં કહેલ તેથી જૂદું છે, એવો અર્થ છે. (પ્ર)

કારણ કે બીજા પ્રકારથી ફરી (સંસારમાં) આવવાનું ન થાય તેવું ફલ મળતું નથી, તેથી ભગવાનજ સેવા કરવા યોગ્ય છે એમ કહેવા, 'સર્વ સાધનોની પ્રાપ્તિ જેવી બ્રહ્મા વિગેરેને થએલી તેવી બીજાને થવાની નથી (અને) જ્યારે તે (બ્રહ્મા વિગેરે) પણ મુક્ત થયા નથી તો જ્ઞાન વિગેરે સાધનોથી શું થવાનું ?' એવા વિચારથી ઉપર કહેલું ભગવાનનું ભજન દઢ કરવા નીચેના શ્લોકથી આરંભી ચાર (શ્લોકો)થી બ્રહ્મા વિગેરેનો વૃત્તાંત કહે છેઃ

**આદ્યઃ સ્થિરચરાણાં યો વેદગર્ભઃ સહર્ષિભિઃ ।।**
**યોગેશ્વરૈઃ કુમારાદ્યૈઃ સિદ્ધૈર્યોગપ્રવર્તકૈઃ ।।૧૨।।**
**ભેદદૃષ્ટ્યાભિમાનેન નિઃસઙ્ગેનાપિ કર્મણા ।।**
**કર્તૃત્વાત્સગુણં બ્રહ્મ પુરુષં પુરુષર્ષભમ્ ।।૧૩।।**
**સ સંસૃત્ય પુનઃ કાલે કાલેનેશ્વરમૂર્તિના ।।**
**જાતે ગુણવ્યતિકરે યથાપૂર્વં પ્રજાયતે ।।૧૪।।**

સ્થાવર જંગમને ઉત્પન્ન કરનાર જે બ્રહ્મા ઋષિઓ કુમાર વિગેરે યોગેશ્વરો સિદ્ધો અને યોગની પ્રવૃત્તિ કરાવનારાઓ સાથે ભેદવાળી દષ્ટિ હોવાને લીધે (અને) (પોતે) કર્તા હોવાના અભિમાનને લીધે આસક્તિરહિત કર્મ (કરતા) હોવા છતાં પુરુષ (અને) ઉત્તમ પુરુષરૂપ સગુણ બ્રહ્મ પ્રાપ્ત કરે છે, તે સારી રીતે પરિભ્રમણ કરી જ્યારે ઈશ્વરની મૂર્તિરૂપ કાલથી ગુણોમાં ખળભળાટ થાય છે, તે સમયે પહેલાંની પેઠે ઉત્પન્ન થાય છે. ૧૨-૧૪.

**સ્વતો મહત્ત્વં ચ દોષસ્તત્ફલમેવ ચ ।।**

**પુનરપ્યધિકારિત્વમન્યેષાં ચ નિરૂપ્યતે ।।૫।।**

પોતાથી જ ઉત્તમપણું (૧૨) દોષ અને વળી તેનું ફલ (૧૩) ફરીથી પણ અધિકારી હોવાપણું (૧૪) અને બીજાઓનું (તેવું ફલ) કહેવામાં આવે છે. કા.૫.

આરંભમાં સર્વ સાધનો સાથેનું તેઓનું સ્વરૂપ કહે છે. સ્થાવર જંગમને 'આદ્યઃ' ઉત્પન્ન કરનાર, (એમ) ઉત્તમપણું કહ્યું. 'વેદગર્ભઃ' 'બ્રહ્મા' શબ્દથી જ્ઞાન વિગેરેનાં સર્વ સાધનો કહ્યાં. 'ઋષિઓ સાથે' શબ્દોથી સત્સંગ કહ્યો. સનત્કુમાર વિગેરે યોગેશ્વરો જેઓ યોગનું ફલ આપવાની પણ શક્તિવાળા છે, તો પછી પ્રાપ્ત કરવાની શક્તિનું તો કહેવું જ શું ? 'કુમાર' શબ્દથી તેઓએ કાલ ઉપર વિજય (પ્રાપ્ત કર્યાનું) પણ સૂચવેલ છે. અધિષ્ઠાતા દેવની પેઠે માત્ર યોગ (નું ફલ) આપનાર જ નથી, પરંતુ તેમણે યોગની સિદ્ધિ પણ (પ્રાપ્ત કરેલી છે) એમ 'સિદ્ધો' શબ્દથી કહેલું છે. 'યોગની પ્રવૃત્તિ કરનારાઓ' શબ્દથી બીજાઓને પણ પોતાના જેટલું ફલ આપવાની શક્તિ સૂચવેલી છે. ૧૨.

તેરમા શ્લોકમાં તેઓનો દોષ કહે છે. છેવટ સુધી જઈ 'અમે મુક્ત છીએ, બીજો મુક્ત નથી' એવી ભેદદષ્ટિ (અને) 'અમે પણ કર્તા છીએ' એવું અભિમાન- એવા બે દોષને લીધે જો કે તેઓ આસક્તિ રહિત કર્મ કરે છે, છતાંપણ કર્તાપણાંના અભિમાનને લીધે ઉપર[1] જણાવેલ સગુણ બ્રહ્મને જ પ્રાપ્ત કરે છે. પોતાનાં કરતાં તેની હલકી સ્થિતિ નથી એમ જણાવવા 'પુરુષ' (અને) 'ઉત્તમ પુરુષ' એમ કહેલું છે. 'પુરુષ' એટલે વિરાટ્-તે (તે) પોતે જ[2] છે. ઉત્તમ (પુરુષ) તો પ્રકૃતિપુરુષ[3] છે, તેથી અક્ષરરૂપ 'ઉત્તમ પુરુષ' (કહેલ છે). ૧૩.

ત્યાં ગએલ ફરી (સંસારમાં) આવે છે, એમ ચૌદમા શ્લોકમાં કહે છે. 'તે' બ્રહ્મા અક્ષરને પ્રાપ્ત કરીને પણ 'સંસૃત્ય' સારી રીતે તેમાં પરિભ્રમણ કરી, ફરી પાછા (સંસારમાં) આવવાના સમયે 'ઈશ્વરની મૂર્તિરૂપ કાલથી ગુણોમાં ખળભળાટ થાય ત્યારે, એટલે પ્રકૃતિ અને પુરુષ (અક્ષરમાંથી) બહાર નીકળે ત્યારે અથવા બહાર નીકળતાં ન હોય ત્યારે માત્ર ખળભળાટ થાય ત્યારે, 'પહેલાંની પેઠે' એટલે મહત્તત્ત્વ વિગેરે દ્વારા બ્રહ્માંડ ઉત્પન્ન થાય તેમાં નારાયણની નાભિમાંથી નીકળેલાં કમલમાંથી જેમ પહેલાં (ઉત્પન્ન થએલ) તેમ ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે અક્ષરમાં પ્રવેશ કરેલા પણ ફરી (સંસારમાં) આવે છે એમ કહ્યું. ૧૪.

૧. 'ઉપર જણાવેલ' એટલે મુખ્ય જીવનામના અક્ષરરૂપ. (પ્ર) પાછલ શ્લોક ૭ માં જણાવેલ (અક્ષર બ્રહ્મ), એવો અર્થ જણાય છે.

૨. 'પોતે' એટલે બ્રહ્મા. (પ્ર)

૩. 'પ્રકૃતિ પુરુષ' એટલે પ્રકૃતિનો પતિ પુરુષ. (પ્ર) પ્રકૃતિ જેમાંથી નીકળી તે અક્ષરરૂપ પુરુષ શ્લોક ૭માં કહેલ છે તે, એવો અર્થ જણાય છે.

બીજાઓનું (ફલ) પણ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઐશ્વર્યં પારમેષ્ઠ્યં તત્તેષાં ધર્મેણ નિર્મિતમ્ ।।**
**નિષેવ્ય પુનરાયાન્તિ ગુણવ્યતિકરે સતિ ।।૧૫।।**

તેઓના ધર્મથી પ્રાપ્ત થએલાં તે બ્રહ્માનાં ઐશ્વર્યને ભોગવી, જ્યારે ગુણોનો ખળભળાટ થાય છે, ત્યારે તેઓ પાછા (સંસારમાં) આવે છે. ૧૫.

બ્રહ્માની સભામાં જે ઐશ્વર્ય પ્રસિદ્ધ છે તે તેઓના નિવૃત્તિધર્મથી પ્રાપ્ત થએલું, આધિદૈવિક મહત્તત્ત્વમાં અથવા અક્ષર (બ્રહ્મ)માં ભોગવીને જ્યારે ગુણોનો ખળભળાટ થાય, ત્યારે તેઓ પાછા (સંસારમાં) આવે છે. અથવા 'સતિ' 'હે સતિ' એવું (દેવહૂતિનું) સંબોધન (કરેલું છે) અથવા ઐશ્વર્ય અથવા બ્રહ્માનું સ્થાન પ્રાપ્ત કરે છે, એવો (અર્થ છે). ૧૬.

એ પ્રમાણે ભગવન્માર્ગ પ્રમાણે ભગવાનનું ભજન ન (કરતા) હોવાથી, બ્રહ્મા વિગેરેને પણ આ ફલ (પ્રાપ્ત) થાય છે એમ જણાવી, જેઓ (આથી) વિરુદ્ધ આ લોકના તામસ (જીવો) છે તેઓ ભજન ન કરવાથી સંપૂર્ણ પ્રકારે નાશ પામે એમાં કહેવું જ શું ? એમ કહેવા, નીચેના શ્લોકથી આરંભી છ (શ્લોકો)થી તામસ ધર્મની પ્રવૃત્તિ કરાવનારાનાં અથવા રાજસ (જીવો)નાં સ્વરૂપ સાધન અને ફલ કહે છેઃ

**યે ત્વિહાસક્તમનસઃ કર્મસુ શ્રદ્ધયાન્વિતાઃ ।।**
**કુર્વન્ત્યપ્રતિષિદ્ધાનિ નિત્યાન્યપિ ચ કૃત્સ્નશઃ ।।૧૬।।**
**રજસા કુણ્ઠમનસઃ કામાત્માનોઽજિતેન્દ્રિયાઃ ।।**
**પિતૃન્યજન્ત્યનુદિનં ગૃહેષ્વભિરતાશયાઃ ।।૧૭।।**
**ત્રૈવર્ગિકાસ્તે પુરુષા વિમુખા હરિમેધસઃ ।।**
**કથાયાઃ કથનીયોરુવિક્રમસ્ય મધુદ્વિષઃ ।।૧૮।।**

પરંતુ જેઓનું મન સંસારમાં આસક્ત છે, જેઓને કર્મમાં શ્રદ્ધા છે, જેઓ (શાસ્ત્રમાં) મના ન કરેલાં અને નિત્ય (કરવાનાં કહેલાં) કર્મો પણ સંપૂર્ણ રીતે કરે છે, રજોગુણથી જેઓનાં મન રૂંધાએલાં છે, જેઓનાં અંતઃકરણ કામમાં હોઈ જેમણે ઈન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરેલો નથી, (અને) જેમનાં અંતઃકરણ ઘરોમાં જ આનંદ માને તે ત્રણ વર્ગને માનનાર પુરુષો દરરોજ પિતૃઓનું પૂજન કરે છે (અને સર્વનાં દુઃખ) હરનારી બુદ્ધિવાળા, જેમનાં ઘણાં પરાક્રમો વર્ણન કરવા યોગ્ય છે તેવા, મધુને હણનારની કથાથી વિમુખ રહે છે. ૧૬।૧૭।૧૮.

**તેષાં સ્વધર્મકરણં દોષાશ્ચાપિ ચતુર્વિધાઃ ।।**

ભગવદ્વિમુખાશ્ચૈતે લૌકિકાશ્ચાપિ તે સદા ॥૬॥

તેઓ પોતાના ધર્મ આચરે છે (૧૬) અને તેમનામાં ચાર પ્રકારના દોષો પણ છે (૧૭) વળી આ ભગવાનથી વિમુખ રહે છે (૧૮) અને તેઓ સદા લૌકિક રહે છે.(૧૯) કા.૬.

મામપ્રાપ્ય નિવર્તન્તે ઈતિ તેષાં નિરૂપ્યતે ॥

મને પ્રાપ્ત કર્યા વિના (સંસારમાં) પાછા આવે છે, એવું તેમનું (ફલ) કહે છે(૨૦-૨૧). કા. ૬ ૧/૨.

આરંભમાં તેઓનો પોતાનો ધર્મ કહે છે. 'ઈહ' સંસારમાં આસક્ત થએલું છે મન જેમનું તેવા બહિર્મુખો, કર્મમાર્ગમાં જ શ્રદ્ધાવાળા હોય છે, કારણ કે કર્મો સંસારમાં (ફલ) પ્રાપ્ત કરાવનારાં છે. (શાસ્ત્રમાં) મના ન કરેલ હોય તેવાં લૌકિક (કર્મો) કરે છે. અગ્નિહોત્ર વિગેરે નિત્ય (કરવાનાં કહેલાં કર્મો) બધાંએ કરે છે. સંસારમાં આસક્તિ હોવાથી, તેઓ ફરી (સંસારમાં) આવે છે, કર્મને લીધે (તેમનો) ફરી જન્મ થાય છે. (શાસ્ત્રમાં કરવાની) મના કરેલ ન હોય તેવાં (કર્મો) કરતા હોવાથી તેઓની અધોગતિ થતી નથી. નિત્ય (કર્મો) કરતા હોવાથી, 'પોતાનાં કર્મથી પિતૃલોક (પ્રાપ્ત થાય છે)' એ શ્રુતિ પ્રમાણે પિતૃલોક (પ્રાપ્ત કરે છે). રજોગુણથી રૂંધાએલું છે મન જેમનું તેવા છે. આ વ્યગ્રપણાંરૂપ કુદરતી દોષ છે. કામમાં અંતઃકરણવાળા છે. પ્રાસંગિક દોષ કામ જ છે, તેથી જ તેઓએ ઈન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરેલો હોતો નથી, એટલે મૈથુનરૂપ દોષવાળા હોય છે. 'પિતૃઓનું પૂજન કરે છે' શબ્દોથી એમ જણાવેલું છે કે પોતાના પિતા દાદા વિગેરેના યજ્ઞો કરે છે, તેથી અલૌકિક ભજન કરતા નથી. આ[૧] (યજ્ઞ) લોકમાં જ (થતો) હોવાથી (આમાં) ગુણ નથી એમ જણાવવા કહેલ છે. (તેઓને) કોઈપણ સમયે મોક્ષ (પ્રાપ્ત) થતો નથી એમ જણાવવા 'જેમનાં અંતઃકરણ ઘરોમાં જ આનંદ માને છે' એમ કહેલું છે. ૧૬।૧૭.

તેઓ ભગવાનથી વિમુખ હોવાનું કારણ અઢારમા શ્લોકમાં કહેલું છે. 'ત્રણ વર્ગને માનનારા' હોઈ, ધર્મ અર્થ અને કામ વિષે જ તેઓનું આચરણ સુંદર હોય છે, તેથી જ તેઓ 'હરિમેધસઃ' વાસુદેવથી વિમુખ હોય છે 'હરિઃ' સર્વનાં દુઃખ હરનારી છે 'મેધાઃ' બુદ્ધિ જેમની તેવા (વાસુદેવ) માત્ર બુદ્ધિથી જ સંસારનો નાશ કરશે એવા ભયથી (તેમનાથી) વિમુખ રહે છે. (તેમની) કથાથી પણ વિમુખ રહે છે, તેમની વાત પણ કરતા નથી. વર્ણન કરવા યોગ્ય છે ઘણાં પરાક્રમો જેમનાં તેવા (વાસુદેવ છે). પરાક્રમનું શ્રવણ કરવાનું સર્વને ગમે છે, (છતાં) લોકોના જેવી રુચિથી પણ

(વાસુદેવનાં પરાક્રમોનું) શ્રવણ કરતા નથી. (તે) પોતાના પુરુષાર્થનો નાશ કરશે એમ જાણી, (શાસ્ત્રમાં) મના કરેલાં (કર્મ)ની પેઠે (કથાનાં શ્રવણનો) ત્યાગ કરે છે, એવો ભાવ છે. 'મધુને હણનારની' શબ્દથી જગત્ રચનાર બ્રહ્માનું ભક્ષણ કરનારનો નાશ કરનાર તરીકે ભગવાનને જણાવેલા હોવાથી, તેમનું ભજન ન કરવાથી કૃતઘ્નપણું (થાય છે એમ) પણ સૂચવેલું છે. પાપનો નાશ કરવા પણ (ભગવાનનું) ભજન કરતા નથી, એમ કહેલું છે. ૧૮.

૧. 'આ' એટલે પિતૃઓનો યજ્ઞ. (પ્ર)

''તેઓ પોતાના ધર્મમાં શ્રદ્ધાવાળા હોવાથી, (ભજન) પરધર્મ હોવાનું જાણી, ભજન કરતા નથી'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**નૂનં દૈવેન નિહતા યે ચાચ્યુતકથાસુધામ્ ।।**
**હિત્વા શૃણ્વન્ત્યસદ્ગાથાઃ પુરીષમિવ વિડ્ભુજઃ ।।૧૯।।**

જેઓ અચ્યુતની કથારૂપ અમૃતને તજી–જેમ વિષ્ઠા ખાનારાઓ વિષ્ઠા ગ્રહણ કરે છે તેમ–દુષ્ટોની કથાઓનું શ્રવણ કરે છે તેઓને ખરેખર દૈવે જ હણેલા છે. ૧૯.

કારણ કે તેઓ લોકની વાર્તાનું શ્રવણ કરે છે, પરંતુ ભગવાનની કથાનું શ્રવણ કરતા નથી. તેથી ધર્મ (કરવા)માં રોકાએલા હોવાથી અવકાશ ન હોવાને લીધે ભગવાનની કથાથી દૂર રહે છે, એવી શંકા ન કરવી, પરંતુ વિરુદ્ધ ઈન્દ્રિયો આપી તેઓને દૈવે જ હણેલા છે. જો ભગવાને તેઓને બહેરા કર્યા હોત, તો તેઓ યોગ્ય સ્થાને જ રહેત, તેવું પણ ન હોવાથી ખરેખર દૈવે જ હણેલા છે, કારણ કે તે (ભગવાનની) કથા–અને તે પણ અમૃતરૂપ– પ્રાપ્ત થતી હોવા છતાં (તેને) તજી 'જેઓને સાંભળતા તો...' એ વાક્યમાં જણાવેલ ગુણવાળી દુષ્ટોની કથાઓનું શ્રવણ કરે છે. ''શાસ્ત્રને લીધે (દુષ્ટોની કથાથી) કેમ દૂર રહેતા નથી ?'' એવી શંકા થાય, તે સંબંધમાં 'જેમ વિષ્ઠા ખાનારાઓ વિષ્ઠા (ગ્રહણ કરે છે)' એવું દૃષ્ટાંત કહેલું છે. ભગવાને તેવા જ પ્રકારના તેઓને ઉત્પન્ન કરેલા છે. સારું અન્ન (પ્રાપ્ત થતું) હોય, તો પણ ભૂંડો વિગેરે પોતાનું ભક્ષ્ય જ ખાય છે. તેમની જીભ બીજો રસ ગ્રહણ કરતી નથી. ૧૯.

એ રીતે તેઓનાં સ્વરૂપ અને સાધન (કરવા)ની પ્રવૃત્તિના દોષ કહી, નીચેના શ્લોકથી આરંભી તેઓનું ફલ કહે છેઃ

**દક્ષિણેન પથાઽર્યમ્ણઃ પિતૃલોકં વ્રજન્તિ તે ।।**
**પ્રજામનુ પ્રજાયન્તે શ્મશાનાન્તક્રિયાકૃતઃ ।।૨૦।।**

જેમની શ્મશાન સુધીની ક્રિયાઓ કરેલી છે તેઓ અર્યમાના દક્ષિણ માર્ગથી પિતૃલોકમાં જાય છે અને પ્રજા પછી (તેની) પ્રજા થાય છે. ૨૦.

દક્ષિણ માર્ગો ઘણા છે, તેઓનો સમાવેશ ન થાય તે માટે 'અર્યમાના' એમ કહેલું છે. અહિં 'અર્યમા' નો અર્થ યમ થાય છે, 'અર્યમાએ દંડ ધારણ કર્યો' એ વાક્ય પ્રમાણે મુખ્ય યમ પોતાના અધિકારથી ભ્રષ્ટ થાય, ત્યારે તે યમ થાય છે એમ પહેલાં કહેલું છે. આથી એમ સૂચવેલું છે કે જો મુખ્ય યમ (અધિકાર ઉપર) રહ્યો હોય, તો તેઓને તે ફલ પણ (પ્રાપ્ત) ન થાય, કારણ કે તે વૈષ્ણવ છે એ છઠ્ઠા (સ્કંધ)માં કહેશે.

જે માર્ગે ક્રૂર અંતઃકરણવાળો યમ જાય છે તે માર્ગ ભયાનક છે પરંતુ અધોગતિરૂપ નથી; પણ તે (યમ)ના લોકરૂપ છે. જ્યાં અગ્નિષ્વાત્ત[1] વિગેરે પિતૃઓ રહે છે, તે માર્ગે તેઓ પિતૃલોકમાં જાય છે. આથી (એમ) સૂચવેલ છે કે માર્ગમાં (તેઓને) દુઃખ થાય છે, અને માર્ગ દેખાડનાર હોતું નથી. 'પ્રજા પછી (તેની) પ્રજા થાય છે' શબ્દોથી (તેઓ) ફરી સંસારમાં આવવાનું કહેલ છે. 'પ્રજા' એટલે પોતાનો અંદરનો કોશ, તેના પોતે અંદરના કોશ થાય છે. પુત્રના ઘેર (પોતે) પુત્રો થાય છે, એવો અર્થ છે.

''શ્રાદ્ધ વિગેરેથી મોક્ષ (પ્રાપ્ત) થાય છે, એવો સુદરિદ્રના[2] ઉપાખ્યાનમાં બોધ કરેલો છે. તેથી પિતૃલોકમાંથી આવેલાનો (ફરી) જન્મ થાય છે એમ કેમ કહો છો ? એવી શંકા થાય, તેથી પુત્રનાં ઘરમાં જન્મ (થવો) એ જ તેઓનો મોક્ષ છે એવો શ્રુતિનો અર્થ જણાવવા 'પ્રજા પછી (તેની) પ્રજા થાય છે' એ વેદનું વચન કહેલું છે, કારણ કે 'હે મરણપાત્ર ! પ્રજાની પછી (તેની) પ્રજા થાય છે, તે તારું અમૃત છે' એવી શ્રુતિ છે. તે (ફલ) પણ નજીવાને (પ્રાપ્ત થતું) નથી, પરંતુ ગર્ભાધાનથી આરંભી શ્મશાન સુધીની વૈદિક ક્રિયાઓ કરેલી છે જેઓના વિષે તેવા, 'જેમની શ્મશાન સુધીની ક્રિયાઓ કરેલી છે' (તેમને પ્રાપ્ત થાય છે). ૨૦.

૧. જેમણે જીવતા હતા ત્યારે અગ્નિ સાચવેલ, પરંતુ અગ્નિષ્ટોમ વિગેરે યજ્ઞ કરેલ નહિ તેવા પિતૃઓ 'અગ્નિષ્વાત્ત' કહેવાય છે.

૨. જૂઓ પૌરાણિક કથાકોષ પાનું ૩૧૩, પિતૃવર્તીનો વૃત્તાંત.

એ પ્રમાણે ઘણીવાર આવજા કરવાથી, આ લોકમાં જ 'જન્મ લે, મરણ પામ' એ માર્ગ પ્રાપ્ત કરી, તેનાથી જેમનાં પુણ્યનો સંપૂર્ણ રીતે ક્ષય થએલો છે તેવા થઈ, દેવોની દૃષ્ટિમાં અપરાધ ઉત્પન્ન કરી, તેઓએ વૈભવથી ભ્રષ્ટ કરેલા, તેમના અનાદરથી પાપી થએલા પહેલાંની પેઠે નીચેના લોકમાં જાય છે એમ નીચે કહે છેઃ

**તતસ્તે ક્ષીણસુકૃતાઃ પુનર્લોકમિમં સતિ ।।**

**પતન્તિ વિવશા દેવૈઃ સદ્યો વિભ્રંશિતોદયાઃ ।।૨૧।।**

હે સતિ ! પછી જેમનાં પુણ્યનો ક્ષય થએલો છે તેવા, દેવોએ તરત લાચાર કરેલા (અને) વૈભવથી ભ્રષ્ટ કરેલા તેઓ ત્યાંથી પાછા આ લોકમાં પડે છે. ૨૧.

'પાછા આ લોકમાં (પડે છે)' શબ્દોથી ત્યાંથી ઉંચે ગતિ થતી ન હોવાનું સૂચવેલું છે. તેઓ ઉપર પ્રીતિ રાખવી નહિ એમ જણાવવા 'હે સતિ !' એ સંબોધન (કરેલું છે). દેવોએ જ (તેમને) લાચાર કરેલા હોય છે. (લાચાર કરવામાં) વિલંબ (કરતા) નથી, એમ જણાવવા 'તરત' શબ્દ (યોજેલો છે). વિલંબ કરવામાં આવે તો (અમારો) નાશ (થવાનો છે એમ) જાણી[૧], તેઓ ઉપાય કરે, તેથી એમ કહેલું છે. અંતકાલે પણ ઉપાય કરવાથી દૂર રહે તે માટે ભ્રષ્ટ કરેલો છે વૈભવ જેમનો તેવા (હોવાનું) કહેલ છે. એક જ સમયે (તેમના) સર્વ ધનનો નાશ અને (તેમનું) મરણ થાય તેના જેવું (કરે છે). 'વૈભવ' એટલે ધન વિગેરે પ્રભુતાઓ. ૨૧.

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'જ્ઞાતે' પાઠ લીધેલો છે.

એ રીતે ભગવાનનું ભજન (કરવામાં આવે) તે માટેજ તેઓની નિંદા કરી, નીચેના શ્લોકથી ચાલુ પ્રસંગ કહે છેઃ

**તસ્માત્ત્વં સર્વભાવેન ભજસ્વ પરમેષ્ઠિનમ્ ।।**

**તદ્ગુણાશ્રયયા ભક્ત્યા ભજનીયપદામ્બુજમ્ ।।૨૨।।**

તેથી જેમનાં ચરણકમલ ભજન કરવા યોગ્ય છે તેવા પરમેષ્ઠીનું તેમના ગુણના આધારવાળી ભક્તિથી તું સર્વભાવથી ભજન કર. ૨૨.

(બીજા) હરકોઈ ગમે તે પ્રકારના હો, તું સર્વભાવથી ભગવાનનું ભજન કર. આ લોકના અને પરલોકના સાધનરૂપ, દેહથી આરંભી ઈશ્વર સુધીનાં જેટલાં ભજન કરવા યોગ્ય સ્વરૂપો છે અને જે જે ભાવોથી (તેઓ ભજન કરવા યોગ્ય છે), તે સર્વ ભાવો ભગવાનમાં જ કરવા તે સર્વભાવ. 'પરમેષ્ઠીનું' એટલે સર્વથી સરસાઈવાળા સ્થાનમાં રહેલાનું, પુરુષોત્તમનું, એવો અર્થ છે. વળી ભક્તિથી જ ભજન કરવું, બીજા માર્ગથી ન (કરવું), કારણ કે બીજો માર્ગ તેવો સફલ (થતો) નથી. તે ભક્તિ પણ તેમના ગુણના આધારવાળી જ હોવી (જોઈએ), તેવી ન હોય તો કાલ વિગેરેથી દોષવાળી થાય.

''લોકો વિગેરેથી વિઘ્ન થવાને લીધે કોઈક પણ સમયે ભજન થઈ શકશે નહિ'' એવી શંકા થાય, તેથી 'જેમનાં ચરણકમલ ભજન કરવા યોગ્ય છે' એમ કહેલું છે. બધાએ જ ભજન કરવા યોગ્ય છે ચરણકમલ જેમનું તેવા (નું ભજન કર). જેમાં અભિમાન રહે તેવા બધા માર્ગો (સંસારમાં) ફરી આવવાના કારણરૂપ હોવાથી, જેમાં

અભિમાન ન રહે તેવા માર્ગનો આશ્રય કરવો જોઈએ. તે (તેવો) તો ભગવાનનો જ માર્ગ છે એવો નિશ્ચય થાય છે. તેમ ન કરીએ[1], તો સર્વથી બલવાન પોતાના પહેલાના સંસ્કારો હોય ત્યારે પ્રકૃતિનો ભેદ ન જાણવાને લીધે શાસ્ત્રથી થતાં જ્ઞાનને કર્તાપણું વિગેરેથી[2] દુર્બલ જ માનીને (માનવાને લીધે) અહંકાર કોઈપણ સમયે દૂર થાય નહિ. ભગવાન જ સર્વ કરે છે એમ કહેવા છતાં પણ ભજન (કરવામાં) ન આવે ત્યાંસુધી (તે જ્ઞાન) ફલતું નથી, તેથી ભજન અવશ્ય કરવું એમ કહેલું છે. ૨૨.

૧. 'અન્યથા' એટલે જેમાં અભિમાન રહે તેવો માર્ગ પણ સંસારમાં ફરી ન આવવાના કારણરૂપ થતો હોય તો. (પ્ર). 'ભગવાનના માર્ગનો આશ્રય ન કરીએ તો' એવો અર્થ જણાય છે.

૨. પ્રકૃતિથી પોતાનો (આત્મા)નો ભેદ ન જાણવાને લીધે, 'હું કર્તા છું' વિગેરે પ્રકારનાં ( જ્ઞાનથી શાસ્ત્રથી થતું જ્ઞાન દુર્બલ જ માનવાને લીધે ). ( પ્ર )

તે (ભજન) પોતાના માર્ગ પ્રમાણે મોક્ષમાં પરિણમે છે, એમ નીચેના શ્લોકથી આરંભી આઠ શ્લોકથી કહે છે :

**વાસુદેવે ભગવતિ ભક્તિયોગઃ પ્રયોજિતઃ ।।**
**જનયત્યાશુ વૈરાગ્યં જ્ઞાનં યદ્બ્રહ્મદર્શનમ્ ।।૨૩।।**

ભગવાન્ વાસુદેવ વિષે કરેલો ભક્તિયોગ ઝડપથી વૈરાગ્ય અને બ્રહ્મનું જેમાં દર્શન થાય તેવું જ્ઞાન ઉત્પન્ન કરે છે. ૨૩.

**જ્ઞાનવૈરાગ્યજનનં પરીક્ષા જ્ઞાનસમ્ભવે ।।૭।।**
**તતશ્ચ નિરહંકારો જ્ઞાનમેવ હરિઃ પરઃ ।।**

જ્ઞાન અને વૈરાગ્યની ઉત્પત્તિ (૨૩) જ્ઞાન થયાની પરીક્ષા (૨૪) અને પછી અહંકારરહિત થવાનું (૨૫) જ્ઞાન જ ઉત્તમ હરિરૂપ હોવાનું (૨૬). કા.૭ ૧/૨.

**વૈરાગ્યસ્યાપિ માહાત્મ્યં યુક્તિસ્તજ્જનનેઽપિ ચ ।।૮।।**
**તદર્થં ચ જગજ્જાતં વૈરાગ્યે સર્વનિશ્ચયઃ ।।**

વળી વૈરાગ્યનું માહાત્મ્ય (૨૭।૨૮) અને તે ઉત્પન્ન થવા સંબંધી તર્ક (૨૯) અને તે માટે જગત્ ઉત્પન્ન થએલ હોવાનું (૩૦) વૈરાગ્ય થતાં સર્વનો નિશ્ચય થાય છે. કા. ૮ ૧/૨.

તે પૈકી આરંભમાં આ શ્લોકમાં ભક્તિથી જ્ઞાન અને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે એમ કહે છે, કારણ કે ભક્તિ જ્ઞાન અને વૈરાગ્ય ઉત્પન્ન કરાવી તેમનાથી મોક્ષ પ્રાપ્ત કરાવે છે. 'વાસુદેવ ભગવાન્ વિષે' શબ્દોથી એમ કહેલું છે. કે હૃદયમાં પ્રકટ થએલ ભગવાન્ વિષે કરેલો ભક્તિયોગ પ્રત્યક્ષ પ્રકારે મોક્ષ પ્રાપ્ત કરાવે છે. (તે) આરંભમાં પોતાની શક્તિથી જ ઝડપથી વૈરાગ્ય અને જ્ઞાન ઉત્પન્ન કરે છે. જ્ઞાન મૂર્તિના

સંબંધવાળું પણ હોય, તેથી તેનો ગુણ જણાવે છે કે જે જ્ઞાન બ્રહ્મનું દર્શન કરાવે છે, અથવા જે (જ્ઞાન) બ્રહ્મનાં દર્શનરૂપ છે[1], જે (જ્ઞાન) થતાં બ્રહ્મ પ્રકટ થાય છે તે દેવતારૂપ[2] જ્ઞાન, અથવા મનન વિગેરેથી સાધન થાય ત્યારે, થતો સાક્ષાત્કાર. ૨૩.

૧. આ બે પક્ષ કહ્યા, તે આ પછીના વાક્યમાં સ્પષ્ટ કરેલા છે. (પ્ર)

૨. બ્રહ્માને ભગવાને કહેલ, ૨।૯।૩૦ થી ૩૬ સુધીના શ્લોકમાં જણાવેલું છે તેવું જાણવું. (પ્ર)

નીચેના શ્લોકમાં જ્ઞાન (થયા)ની પરીક્ષા કહેલી છે :

**યદાડસ્ય ચિત્તમર્થેષુ સમેષ્વિન્દ્રિયવૃત્તિભિઃ ।।**
**ન વિગૃહ્ણાતિ વૈષમ્યં વિપ્રિયં પ્રિયમપ્યુત ।।૨૪।।**
**સ તદૈવાત્મનાત્માનં નિઃસઙ્ગં સમદર્શનમ્ ।।**
**હેયોપાદેયરહિતમારૂઢં પદમીક્ષતે ।।૨૫।।**

જ્યારે આનું ચિત્ત ઈન્દ્રિયોની ક્રિયાથી સમાન પદાર્થોમાં ભેદ તેમજ અપ્રિય અથવા પ્રિય (હોવાનું) પણ જાણતું નથી, ત્યારે જ તે આત્માથી આત્માને સંગરહિત, (સર્વનું) સમાન દર્શન કરનાર (અને) તજવા અથવા પ્રાપ્ત કરવા યોગ્ય (કાંઈ) ન હોય તેવું સ્થાન પ્રાપ્ત કરેલો જૂએ છે. ૨૪।૨૫.

જ્યારે 'આ' જ્ઞાનના અધિકારવાળા પુરુષનું ચિત્ત, પાંચ મહાભૂતોના બનેલા, ભગવાન્ જેમનો આધાર છે તેવા, અથવા ભગવદ્રૂપ (હોઈ) વાસ્તવિક રીતે સમાન જ પદાર્થોમાં પોતાની આસક્તિથી ઉત્પન્ન થએલી, ઈન્દ્રિયોની ક્રિયાઓને લીધે ભેદ જાણતું નથી, ત્યારે (આત્માને સંગરહિત જૂએ છે) 'અપ્રિય અથવા પ્રિય (હોવાનું)' શબ્દોથી તે ભેદનું સ્વરૂપ કહેલું છે. 'ઉત' 'તેમજ' શબ્દથી (પ્રિય અથવા અપ્રિય હોવાનું) આસક્તિથી જ (થએલ હોવાનું) કહેલું છે. 'અપિ' 'પણ' શબ્દથી સારું અથવા ખરાબ એવો જૂદો પ્રકાર કહેલો છે.[1] ૨૪.

'એવી રીતનાં દર્શનવાળું જ્ઞાન થાય, ત્યારે શું થાય ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી પચીસમો શ્લોક કહેલો છે. જ્ઞાનનું સ્વરૂપ પ્રાપ્ત કરેલ આત્મા જ 'આત્માને' એટલે પોતાનાં સ્વરૂપને પ્રકૃતિના સંગવગરનું, સર્વનું 'સમાન દર્શન કરનારું' એટલે પ્રકૃતિ અને તેના વિકારોના ગુણ વિનાનું (જૂએ છે), એવો અર્થ છે. 'તજવા અને પ્રાપ્ત કરવા યોગ્ય (કાંઈ) ન હોય તેવું' એટલે પ્રવૃત્તિ કરાવનારાં અને નિવૃત્તિ કરાવનારાં સર્વ શાસ્ત્રોનો જેમાં નિર્ણય થએલો છે તેવું સ્થાન પ્રાપ્ત કરેલું એટલે પ્રાપ્ત કરવાનો (કાંઈ) અંશ જેને રહેલ ન હોય તેવું જૂએ છે, અથવા આત્માને મોક્ષ પામેલા સ્વરૂપવાળો જ જૂએ છે[2], એવો અર્થ છે. ૨૫.

૧. 'ઈન્દ્ર માયાઓ વડે ઘણા રૂપવાળો દેખાય છે'. વાક્યમાં 'માયા' શબ્દનો અર્થ ઈન્દ્રિયોની

ક્રિયાઓ શાસ્ત્રાર્થ પ્રકરણમાં કરેલો છે, તેનું મૂલ આ શ્લોક છે એમ જાણવું. (પ્ર)
૨. ઉપર કહેલા પ્રકારે પોતાના આત્માને જૂએ ત્યારે અહંકાર રહિત થાય છે, એવો અર્થ છે. (પ્ર)

'' જ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે જ કેમ એમ થાય છે, કારણ કે જ્ઞાન વસ્તુને ઉત્પન્ન કરતું નથી. તેથી સ્વભાવથી જ આત્મા તેવો છે એમ માનવું જોઈએ, અને તેથી સાંખ્ય (મત) સિદ્ધ થતો નથી[1], પરંતુ માયાવાદીના જેવો મત સિદ્ધ થશે'' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકથી જ્ઞાન જ આ[2] (આવી સ્થિતિ) પ્રાપ્ત કરાવે છે. એમ સિદ્ધ કરે છે :

**જ્ઞાનમાત્રં પરં બ્રહ્મ પરમાત્મેશ્વરઃ પુમાન્ ।।**
**દશ્યાદિભિઃ પૃથગ્ભાવૈર્ભગવાનેક ઈયતે ।।૨૬।।**

જ્ઞાન જ પરબ્રહ્મ પરમાત્મા ઈશ્વર (અને) પુરુષ છે. એક ભગવાન્ જોવાના પદાર્થ વિગેરે જૂદા જૂદા વિચારોથી જૂદા જૂદા ભાસે છે. ૨૬.

જ્ઞાન ખરેખર માત્ર ઉપનિષદોથી જાણી શકાય તેવું, પ્રકટ થએલું સદાનું ચૈતન્ય છે. તેને જ બ્રહ્મપ્રકરણમાં 'બ્રહ્મ' શબ્દથી જણાવેલું છે. વળી પોતાની ઈચ્છાથી પ્રકટ કરેલ ઐશ્વર્યવાળું તે (જ્ઞાન) જ 'ઈશ્વર' શબ્દથી જણાવેલું છે, જેમનો (પોતાની અંદર) આવેશ થતાં પ્રાકૃત પુરુષ પણ 'મારામાં જ સર્વ ઉત્પન્ન થએલું છે, મારામાં સર્વ રહેલું છે' એમ માને છે. તેથી તે (જ્ઞાન) જ ઈશ્વરરૂપ અને બ્રહ્મરૂપ છે. બીજા ઉપાખ્યાનોમાં[3] પણ અંદરની (અંદર વળેલી) દષ્ટિથી જૂદો બોધ કરવાના પ્રકારથી[4] તેને 'આત્મા' કહેલું છે. અંદરની દષ્ટિથી આત્મા તરીકે નિશ્ચિત કરેલું તે જ જ્ઞાન 'પરમાત્મા' શબ્દથી જણાવેલું છે. વળી બહારની દષ્ટિથી અનુભવેલું તે (જ્ઞાન) જ 'ઈશ્વર' શબ્દથી (અને) 'કાલ' શબ્દથી જણાવેલું છે. વળી ઉપાસના કરવા યોગ્ય સ્વરૂપથી અને વ્યવહાર કરવા યોગ્ય સ્વરૂપથી વિચારેલા તે જ પુરુષ ત્રણ પ્રકારના પુરુષના[5] સ્વરૂપથી જણાય છે. તેથી (સર્વનું) મૂલ બનેલ તે (જ્ઞાન) પ્રકટ થાય ત્યારે બધુંએ ઘટતું હોવાથી કાંઈપણ અયોગ્યતા નથી[6].

'એક જ વસ્તુ અનેક પ્રકારની કેમ હોય ?' એ જાણવાની ઈચ્છા થાય, જેથી ઉત્તરાર્ધ કહેલ છે. જોનારના જૂદા જૂદા વિચારોને લીધે જ એક જ ભગવાન્ ઘણા પ્રકારે ભાસે છે. તેમ એક જ દેવદત્તનો અનેક વિચારોને લીધે 'પિતા' વિગેરે શબ્દોથી વ્યવહાર થાય છે, અને (તે) તેવો હોય છે, તેમ વિચારો તો જૂદા જૂદા હોય છે. છતાં પણ જેને જેવો વિચાર ઉત્પન્ન થાય, તેના પ્રતિ (તે) તેવાજ થતા હોવાથી[7] તેવી જ રીતે કાર્ય સિદ્ધ થાય છે. તેથી[8] મૂલ સ્વરૂપ પ્રકટ થાય તે માટે પ્રયત્ન કરવો

જોઈએ, એમ સિદ્ધ થાય છે. ૨૬

૧. સાંખ્ય મત પ્રમાણે મેલાં વસ્ત્રની પેઠે આત્માને પ્રકૃતિ અને તેના વિકારોનો સંબંધ થવાથી તેવો પ્રાસંગિક બંધ થાય છે. તેથી સાબુથી કપડું ધૂએ તેમ ઉપર કહ્યું તેમ નિત્ય અને નાશવંત વસ્તુઓના ભેદના જ્ઞાનથી આત્માનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે, પરંતુ પોતાથી જ પ્રાપ્ત થતું નથી. કંઠમાં રહેલ અને ભૂલી જવાએલ મણિનું પાછલથી સ્મરણ થાય તે પ્રમાણે આવા આત્માને અવિદ્યા દૂર થતાં તેવું જ્ઞાન થાય છે. તેથી એ પ્રમાણે જ્ઞાનથી અહંકારનો અધ્યાસ દૂર થવાનું સ્વીકારવામાં આવે, તેથી સાંખ્ય મત સિદ્ધ થતો નથી. (પ્ર)

૨. 'આ' એટલે મોક્ષ. આત્માની સ્વરૂપમાં સ્થિતિ તે મોક્ષ. આમ હોવાથી જેમ વસ્ત્રને ક્રિયાથી (ધોવાથી) શુદ્ધ કરવામાં આવે, તેમ આત્માને જ્ઞાનથી શુદ્ધ કરી, (તેનું) સ્વરૂપ પ્રકટ કરવામાં આવે છે. તેથી તે પ્રકારનો (આત્મા) હોવાનું સિદ્ધ કરે છે. (પ્ર)

૩. શારીર બ્રાહ્મણનાં અને મૈત્રેયી બ્રાહ્મણ વિગેરેનાં ઉપાખ્યાનોમાં. (પ્ર)

૪. 'જૂદો બોધ કરવાના' એટલે જોનાર અને જોવાનું વિગેરે પ્રકારનો બોધ કરવાના. (પ્ર)

૫. 'ત્રણ પ્રકારનાં પુરુષ' એટલે ક્ષર, અક્ષર અને પુરુષોત્તમ. (પ્ર)

૬. જ્ઞાન આત્માની સ્વરૂપમાં સ્થિતિરૂપ મોક્ષ પ્રાપ્ત કરાવનારું છે. એ સર્વ મત પ્રમાણે ઘટતું હોવાથી તેમાં કાંઈ દોષ નથી, એવો ભાવ છે. (પ્ર)

૭. 'જે પ્રકારે તેમની ઉપાસના કરે છે તેવા જ તે થાય છે'. એ શ્રુતિ પ્રમાણે, અને કામ, કોધ....' (૧૦।૨૬।૧૫)માં કહેલાં દ્દષ્ટાંત પ્રમાણે, તેવા થાય છે, એવો અર્થ છે. (પ્ર)

૮. 'તેથી' એટલે 'મૂલ જ્ઞાન ભગવદ્રૂપ હોવાથી' (પ્ર)

જ્ઞાનની પ્રશંસા અને સ્વરૂપ કહીને, નીચેના શ્લોકથી આરંભી ચાર (શ્લોકો)થી વૈરાગ્યની પ્રશંસા અને સ્વરૂપો કહે છેઃ

**એતાવાનેવ યોગેન સમગ્રેણેહ યોગિનઃ ।।**
**યુજ્યતેઽભિમતો હ્યર્થો યદસઙ્ગસ્તુ સર્વતઃ ।।૨૭।।**

આ લોકમાં સંપૂર્ણ યોગથી યોગીનું ઈચ્છેલું તો આટલું જ ફલ પ્રાપ્ત થાય છે કે (તે) સર્વ તરફથી સંગરહિત થાય છે. ૨૭.

સર્વ શાસ્ત્રોનું ફલ વૈરાગ્ય જ છે એવો પ્રમાણથી થએલ નિર્ણય કહે છે. યોગશાસ્ત્રમાં જ્ઞાન ભક્તિ કર્મ વિગેરે બધાએ 'યોગ' શબ્દથી જ ઓળખાય છે.[૧] તેથી યોગીને સંપૂર્ણ યોગથી પણ, બધાએ ઉપાયોથી આ જ ફલ પ્રાપ્ત થાય છે કે તે જ્યારે સર્વ તરફથી સંગરહિત થાય છે. 'તુ' 'તો' શબ્દ જૂદો મત ખોટો (હોવાનું) જણાવે છે. જેઓ વૈરાગ્યનો આદર કરતા નથી, (તેઓને)[૨] વૈરાગ્ય ન થતાં જ્ઞાન જ (પ્રાપ્ત) થતું નથી, અને થાય તો દોષ દૂર થએલ ન હોવાથી કાંઈપણ કાર્ય કરતું નથી. દોષ સંપૂર્ણ રીતે દૂર થાય, ત્યારે પોતાના પ્રકાશરૂપ (પોતાની મેળે પ્રકાશતો) આત્મા પ્રકટ થતો હોવાથી, તે વિષયમાં કાંઈ પણ પ્રયાસ કરવા યોગ્ય (રહેતો) નથી, તેથી સર્વ

શાસ્ત્રોનું ફલ વૈરાગ્ય છે. ૨૭.

૧. 'યોગનું ફલ કહેવાથી સર્વ પ્રમાણોનો નિર્ણય કેવી રીતે થાય ?' એ જાણવાની ઇચ્છા થાય, તેથી આ વાક્ય કહેલું છે. તેથી 'યોગ' શબ્દમાં સર્વ સાધનનો સમાવેશ થતો હોવાથી, તેનું ફલ કહેવાથી જ તે જણાવનાર પ્રમાણોનો નિર્ણય કહેવાયો. તેથી અહિં વૈરાગ્યનું માહાત્મ્ય જણાવેલું છે એવો અર્થ છે. (પ્ર)

૨. આ શબ્દ અહિં અધ્યાહાર છે. (પ્ર)

એ પ્રમાણે પ્રમાણના વિચારથી વૈરાગ્યનું ઉત્તમપણું જણાવી, નીચેના શ્લોકમાં પ્રમેયના વિચારથી[૧] પણ (તેનું ઉત્તમપણું) કહે છે :

**જ્ઞાનમેકં પરાચીનૈરિન્દ્રિયૈર્બ્રહ્મ નિર્ગુણમ્ ।।**
**અવભાત્યર્થરૂપેણ ભ્રાન્ત્યા શબ્દાદિધર્મિણા ।।૨૮।।**

નિગુર્ણ બ્રહ્મરૂપ એક જ્ઞાન પ્રાકૃત ઈન્દ્રિયોને લીધે ભ્રાંતિથી શબ્દ વિગેરે ગુણોવાળા પદાર્થોના સ્વરૂપથી ભાસે છે. ૨૮.

વાસ્તવિક રીતે બધું જગત્ જ્ઞાનના અન્વય તથા વ્યતિરેકને[૨] અનુસરતું હોવાથી માત્ર જ્ઞાનરૂપ છે એવો નિશ્ચય થાય છે, કારણ કે જેમ બધા તરંગો સમુદ્રમાં સમાઈ જાય છે, તેમ હરકોઈ લૌકિક અથવા વૈદિક બધોએ વ્યવહાર જ્ઞાનમાં જ સમાઈ જાય છે[૩]. તેથી એક જ જ્ઞાન–પ્રાકૃત ઈન્દ્રિયોને લીધે સર્વત્ર રહેલું અને વૃદ્ધિ પામતું હોવાથી–નિર્ગુણ જ છે, (અને) તે (જ્ઞાન)થી જૂદા[૪] ગુણો ન હોવાથી ભ્રાંતિથી ઘડો વસ્ત્ર વિગેરે પદાર્થના સ્વરૂપથી ભાસે છે. તેથી (પદાર્થ) છીપમાં જણાતાં રૂપાંની પેઠે ભાસતો હોવાથી, વસ્તુનો વિચાર કરતાં પણ તેમાં આસક્તિ (કરવી) યોગ્ય નથી;[૫] કારણ કે તે પ્રાકૃત (પુરષો) પોતાની બુદ્ધિ પ્રમાણે જ તે (વસ્તુ)ને ગ્રહણ કરે છે[૬]. એક ભાગથી ગ્રહણ થવાને લીધે અને પોતાના સ્વભાવ પ્રમાણે ગ્રહણ કરવાને લીધે તે (વસ્તુ) ખોટી રીતે ગ્રહણ થાય છે[૭]. તેથી પોતાની ઈન્દ્રિયો વિગેરેના ગુણો જ તેમાં મૂકીને (તેનું) ગ્રહણ કરવામાં આવતું હોવાથી ઘણા પ્રકારના ખ્યાતિવાદો ઉત્પન્ન થએલા છે.

વાસ્તવિક રીતે ગુણનું જ ભાન થાય છે, એવી અન્ય ખ્યાતિ છે.[૮] આધારનો પણ આદર કરી, તેની અંદર કોઈક પદાર્થની કલ્પના કરી, ગ્રહણ કરનારના ગુણના સંબંધને લીધે ખોટું (ભાન થાય છે)[૯], એમ પણ કહે છે. જેમ ભાન ખોટું થાય છે, તેમ કલ્પના પણ (ખોટી કરેલી) હોવાથી[૧૦] બહુ આગ્રહ કરવો (રાખવો) ન જોઈએ. વળી આ[૧૧] 'શબ્દ વિગેરે ગુણવાળો' હોય છે. 'વિગેરે' શબ્દથી અર્થ કહેલ છે. તે (અર્થ)વાળા શબ્દથી ગુણો વિગેરેનું ગ્રહણ થએલ હોય છે[૧૨] અને તે ગુણો

અનાદિ વાસનાથી સ્ફુરતા હોવાથી, મિથ્યાવાદીઓનો પણ એક વિભાગવાળાના વૈરાગ્યમાં પ્રવેશ થતો હોવાથી[૧૩] તેઓનો પણ સમાવેશ થાય છે[૧૪].

૧. 'પ્રમેયના વિચારથી' એટલે સ્વરૂપનાં વિચારથી. (પ્ર)

૨. અન્વય એટલે હોવું, વ્યતિરેક એટલે ન હોવું. જ્યાં (પદાર્થનું) જ્ઞાન હોય (થાય), ત્યાં તે જણાય છે, જ્યાં જ્ઞાન હોતું નથી ત્યાં તે જણાતો નથી. તેથી તે જ્ઞાનના અન્વય તથા વ્યતિરેકને અનુસરે છે, એવો અર્થ જણાય છે.

૩. 'સર્વ જ્ઞાનના અન્વય તથા વ્યતિરેકને કેવી રીતે અનુસરે છે ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી આ વાક્ય કહેલું છે. જેમ બધા પદાર્થો 'સત્'ના અન્વય તથા વ્યતિરેકને અનુસરતા હોવાથી 'સદ્રૂપ' છે, તેમ સર્વ વ્યવહાર જ્ઞાનના અન્વય તથા વ્યતિરેકને અનુસરતો હોવાથી, તેનો જ્ઞાનમાં સમાવેશ થતો હોવાથી તે માત્ર જ્ઞાનરૂપ છે, એવો અર્થ છે. ''જ્ઞાનથી વ્યવહાર થાય છે પણ તે ભાસતો નથી, તેથી તેનો પણ સત્‌માં જ સમાવેશ થાય છે, જ્ઞાનમાં થતો નથી'' એવી શંકા થાય, તેથી તરંગોનું દૃષ્ટાંત કહેલું છે. જેમ જલમાંથી ઉત્પન્ન થએલા તરંગોનો સમાવેશ સમુદ્રમાં થાય છે અને તેથી તરંગોમાં ઉત્પન્ન થએલ ફીણ પણ સમુદ્રફીણ જ કહેવાય છે, પરંતુ જલફીણ અથવા તરંગફીણ કહેવાતું નથી, તેવી રીતે બધા વ્યવહારો સત્‌માંથી ઉત્પન્ન થાય છે અને તેમા સમાઈ જાય છે, છતાં પણ જ્ઞાન વિના સત્‌નો પણ વ્યવહાર થવાનું સંભવતુ ન હોવાથી, બધાનો જ્ઞાનમાં જ સમાવેશ થાય છે. તેથી મૂલનું જ્ઞાન અને સત્ બે એક જ છે એવો નિશ્ચય થાય છે, એવો અર્થ છે (પ્ર)

૪. તેનાથી જ ઉત્પન્ન થએલા હોવાથી તેનાથી જૂદા નથી. (પ્ર)

૫. છીપમાં જણાતું રૂપું જ્ઞાનરૂપ હોવા છતાં પણ તેનાથી જૂદું ભાસે છે, તેમ સર્વ બ્રહ્માત્મક જ્ઞાનરૂપ હોવા છતાં, તેથી જૂદું ભાસે છે. તેથી નજર આગળ ભાસતા (છીપમાં જણાતાં) રૂપોમાં આસક્તિ ન કરવી, એવો પ્રમેયના સ્વરૂપનો વિચાર જ વૈરાગ્ય કરાવનાર તર્કરૂપ છે, એવો અર્થ છે (પ્ર)

૬. 'સર્વ જ્ઞાનરૂપ હોય તો પદાર્થરૂપે કેમ ભાસે છે?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી તેનાં કારણરૂપ ઈન્દ્રિયોના દોષ હોવાનું સ્પષ્ટ કરે છે. તેથી બુદ્ધિના દોષથી (સર્વ જ્ઞાનરૂપ હોવા છતાં) પદાર્થરૂપે ભાસે છે એવો અર્થ છે. (પ્ર)

૭. 'પદાર્થ સર્વને પ્રસિદ્ધ રીતે જણાય છે તે ભ્રાંતિથી કેમ થાય ?' એવો પ્રશ્ન થાય, તેથી આ વાક્ય કહેલું છે. સર્વત્ર રહેલા સર્વ આકારવાળા જ્ઞાનનો જે એક ભાગ એટલે કોઈ એક આકાર અને હદ, તેનું ગ્રહણ થતું હોવાથી, અને પોતાનો જે વિરોધી સ્વભાવ તેનાથી ગ્રહણ થતું હોવાથી, તે બ્રહ્મરૂપ નિર્ગુણ જ્ઞાન જૂદા પ્રકારે એટલે પદાર્થરૂપે ગ્રહણ થાય છે. તેથી ગુણો અને વિરોધ ઘણા પ્રકારના હોવાથી, ખ્યાતિ (જ્ઞાન) પણ ઘણા પ્રકારની હોવાથી, તે જ્ઞાનોનાં સ્વરૂપનો વિચાર કરતાં પણ તે સર્વને (એક પ્રકારનું) થતું ન હોવાથી ભ્રાંત છે, એવો અર્થ છે. (પ્ર)

૮. ખ્યાતિવાદો ટૂંકાણમાં જણાવવા ખ્યાતિનું સ્વરૂપ અહિંથી કહે છે. વસ્તુનો વિચાર કર્યા વિના છીપમાં રૂપું જણાય તેમાં માત્ર રૂપ, ગોળ વિગેરેમાં માત્ર રસ, દિશાઓનો મોહ વિગેરેમાં માત્ર પૂર્વપણું વિગેરે, એમ વસ્તુ વિના ગુણો જ બુદ્ધિમાં આવે, અને ભ્રાંતિથી જણાય તે

અન્યથાખ્યાતિ. એવી રીતે ચાલુ વિષયમાં જ્ઞાનરૂપ ધર્મી વિના તેના આકારનું ભાન થાય છે એમ જણવું. (પ્ર)

૯. આ વાક્યથી અન્યથાખ્યાતિનું સ્વરૂપ કહેલું છે. (છીપમાં 'આ રૂપું છે' એનું ભાન થાય તેમાં) આધાર 'આ'નો આદર કરી, તેની અંદર પહેલાં જોએલો કોઈક વસ્તુનો ગુણ રૂપું વિગેરેની કલ્પના કરી, ગ્રહણ કરનારના મન અને ઈન્દ્રિયોના ગુણરૂપ જે દોષ, તેના સંબંધને લીધે સમીપ રહેલ છીપ વિગેરે જ રૂપાં વિગેરે રૂપે ભાસે છે એ અન્યથાખ્યાતિનું સ્વરૂપ છે, એવા અર્થ છે. (પ્ર)

૧૦. એ બધાં ભાન સર્વને એકસરખાં થતાં નથી, એમ સિદ્ધ કરી, આ વાદો આદર કરવા યોગ્ય નથી એમ આ વાક્યથી જણાવે છે. 'સર્વ સ્થલે સર્વ અને સર્વ સામર્થ્ય તેમનું જ છે' વિવેકધૈર્યાશ્રય ૨માં કહેલા ધોરણ પ્રમાણે અને 'સર્વ સર્વમય છે' એ તાપનીય શ્રુતિ પ્રમાણે અખ્યાતિવાદ જ બ્રહ્મવાદીઓનો સિદ્ધાંત છે એમ પણ જણાવેલું છે. (પ્ર)

૧૧. 'આ' એટલે જ્ઞાનનો અર્થરૂપ (પદાર્થરૂપ) ધર્મ. (પ્ર)

૧૨. એટલે જ્ઞાનરૂપ બ્રહ્મમાં જ તે (બ્રહ્મ)ને ન જાણનારાઓને પદાર્થ, શબ્દ અને તેમના ગુણોના જ્ઞાનરૂપ ભ્રમ થાય છે, એવો અર્થ છે. (પ્ર)

૧૩. એક વિભાગવાળાને જે વૈરાગ્ય ઈષ્ટ છે તેમાં મિથ્યાવાદીઓનો પ્રવેશ થતો હોવાથી. (પ્ર)

૧૪. મિથ્યાવાદ આ સાંખ્યનો જ એક વિભાગ થાય છે, એવા અર્થ છે (પ્ર)

યુક્તિથી વિચાર કરતા હોય તેમ, નીચેના શ્લોકમાં તે જ ભેદો ગણાવે છેઃ

**યથા મહાનહંરૂપસ્ત્રિવૃત્ પઞ્ચવિધઃ સ્વરાૢ ।।**
**એકાદશવિધસ્તસ્ય વપુરણ્ડં જગદ્યતઃ ।।૨૯।।**

જે મહત્તત્ત્વ, ત્રણ પ્રકારનો અહંકાર, પાંચ પ્રકારના સ્વરાટ્, અગીઆર પ્રકારનાં, તેમનો દેહ, બ્રહ્માંડ (અને) જગત્ જેના લીધે (પ્રકાશે છે) તેમ (જ્ઞાન ભાસે છે. શ્લોક. ૨૮) ૨૯.

તત્ત્વો તેમની સ્થિતિ[1] પ્રાપ્ત કરતાં હોવાથી 'તત્ત્વ' શબ્દથી ઓળખાય તે યોગ્ય છે; જેમકે મહત્ તત્ત્વ વિગેરે પ્રાકૃત ગુણોને લીધે 'તત્ત્વ' શબ્દથી ઓળખાય તેવાં થાય છે. વાસ્તવિક રીતે જ્ઞાન જ બીજાના ગુણવાળું થતાં[2] તે તે શબ્દથી ઓળખાય છે, એવી રીતે[3] હાલ પણ તે જણાય છે, એવો અર્થ છે. અહંકાર અનેક પ્રકારનો હોવાથી અને 'અહં' 'હું' પદ 'આત્મા' શબ્દથી પણ જણાતું હોવાથી તે સંદેહ દૂર થાય તે માટે 'રૂપ' (અહંકારને બદલે અહંરૂપ) શબ્દ યોજેલો છે. 'ત્રિવૃત્' એટલે ત્રણ પ્રકારનો. તેમાંથી તનમાત્રા, મહાભૂતો પ્રાણ વિગેરે જાતનાં સર્વ પાંચ પ્રકારનાં (પદાર્થો અને) ઈન્દ્રિયરૂપ અગીઆર પ્રકારનો (પદાર્થ જણાય છે). (પાંચ જાતના અને અગીઆર જાતનાની) મધ્યે 'સ્વરાટ્' એટલે પુરુષ નારાયણ (જણાય છે. તેમને) ઈન્દ્રિયો વિગેરેની જરુર નહિ હોવાથી તેમની પહેલાં કહેલા છે. તેમનો દેહ

વિરાટ્, તેને ઢાંકનારું બ્રહ્માંડ (અને) તેની જ વચ્ચેનું કાર્ય જગત્ જેના લીધે એટલે ગુણો સાથે જ જ્ઞાનનું ભાન થવાથી જ[4] આખું ભાસે છે. ૨૯.

૧. 'તસ્ય' તેની 'ભાવઃ' સ્થિતિ તે 'તત્ત્વ'. તે પ્રાપ્ત કરતા હોવાથી, (પ્ર)

૨. (બીજાના ગુણનો સંબંધ થવાના) કારણથી, એમ અર્થથી જણાય છે. (પ્ર)

૩. તે જેમ ભ્રાંતિથી જણાય છે, તેમ હમણાં પણ (જણાય છે), એવો અર્થ છે. (પ્ર)

૪. 'જેના લીધે' શબ્દનું વ્યાખ્યાન 'ગુણો સાથે જ જ્ઞાનનું ભાન થવાથી જ' શબ્દોથી કરેલું છે. આથી એમ કહેલું છે કે વૈરાગ્ય ન હોવાથી જગત્ ભ્રાંત છે. પછીના (ત્રીસમા) શ્લોકમાં વૈરાગ્યથી સર્વનો નિર્ણય (થવાનું) સ્પષ્ટ જ (કહેલું છે). (પ્ર)

તર્કથી સિદ્ધ કરેલું, નીચેના શ્લોકમાં ફલના વિચારથી સિદ્ધ કરે છે :

**એતદ્વૈ શ્રદ્ધયા ભક્ત્યા યોગાભ્યાસેન નિત્યશઃ ।।**
**સમાહિતાત્મા નિઃસઙ્ગો વિરક્તઃ પરિપશ્યતિ ।।૩૦।।**

વિરક્ત આ ખરેખર શ્રદ્ધાથી, ભક્તિથી, સદા યોગનો અભ્યાસ (કરવા)થી, શાંત અંતઃકરણવાળો સંગરહિત થઈ જૂએ છે. ૩૦.

આ ઉપર કહેલું વિરક્ત જૂએ છે, વૈરાગ્ય વિનાનો જોતો નથી; અને આ વૈરાગ્ય ભગવાનનો છઠ્ઠો ગુણ હોવાથી, તેની પહેલાનાં પદાર્થ પ્રાપ્ત કરાવનારાં પાંચ (સાધનો)થી પ્રાપ્ત થતું હોવાથી, તેને પ્રાપ્ત કરાવનારાં તરીકે પાંચ સાધનો કહે છે. (૧) આ વિષયમાં આસ્તિકની બુદ્ધિ (શ્રદ્ધા), (૨) ભગવાનમાં બુદ્ધિ (ભક્તિ) અને (૩) આઠ અંગવાળો યોગ એ ત્રણ ગુણો, (૪) શાંત અંતઃકરણવાળા (અને ૫) સંગરહિત હોવું એમ અંદરના અને બહારના સંગ ન હોવાનું કહેલું છે. એ પ્રમાણે ભગવાનને પ્રાપ્ત કરાવનાર તરીકે અને ગુણોના દરેક પ્રકાર ઉત્પન્ન કરનાર તરીકે સાત પ્રકારનો[1] શાસ્ત્રાર્થ કહ્યો. તેથી શાસ્ત્રો જૂદા જૂદા પ્રકારે કહે તેમાં પરસ્પર વિરોધ હોવાની શંકા કરવી નહિ. ૩૦.

૧. પાંચ વૈરાગ્ય કરાવનારાં સાધન,છઠ્ઠું વૈરાગ્ય અને સાતમું સર્વત્ર જ્ઞાન જોવું તે, એ સાત પ્રકાર હોવાનું જણાય છે.

નીચેના શ્લોકમાં ઉપસંહાર કરે છે :

**ઈત્યેતત્કથિતં ગુર્વિ જ્ઞાનં યદ્બ્રહ્મદર્શનમ્ ।।**
**યેનાવબુધ્યતે તત્ત્વં પ્રકૃતેઃ પુરુષસ્ય ચ ।।૩૧।।**

હે ગુર્વિ ! જેનાથી બ્રહ્મનું દર્શન થાય છે (અને) જેનાથી પ્રકૃતિ અને પુરુષનું તત્ત્વ જણાય છે એવું આ જ્ઞાન (મેં તને) કહ્યું. ૩૧.

હે ગુર્વિ ! એ સંબોધનનો એવો (અર્થ છે કે) આટલો ઉપદેશ કરવા છતાં પણ હું ગુરુ નથી, પરંતુ તું જ ગુરુ (માતા) છે. 'ઈતિ' 'એવું' શબ્દ સમાપ્તિના

અર્થમાં (યોજેલ છે). આ સર્વ જ્ઞાન જ કહેલું છે. સાતે પ્રકારનો સિદ્ધાંત જ્ઞાન જાણનારનો જ હોવાથી, તે (જ્ઞાન)થી ઉપસંહાર (કરેલો છે). આનાથી બ્રહ્મ પ્રકટ થતું હોવાથી 'બ્રહ્મનું દર્શન' ફલ કહેલું છે. દેવહૂતિએ 'હું પ્રકૃતિ અને પુરુષનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છાથી....' એવો જે પ્રશ્ન કરેલો તે પણ આનાથી થાય છે (સમજાય છે), એમ ઉત્તરાર્ધથી કહેલું છે. ૩૧.

એ પ્રમાણે સાત પ્રકારનું જ્ઞાનશાસ્ત્ર (કહ્યું). ભક્તિશાસ્ત્ર જૂદું છે, અને તેના[૧] ઘણા પ્રકારો કહેલા છે, કારણ કે તેમનામાં[૨] ક્રિયા મુખ્ય હોય છે. દૃષ્ટાંત તરીકે પુરુષનાં સ્વરૂપ ગુણો અને કર્મો હોય છે. તે પૈકી સ્વરૂપ જણાવનારું વૈદિક શાસ્ત્ર છે, ગુણો જણાવનારાં છ બીજાં[૩] (શાસ્ત્રો) છે, અને ક્રિયા (કર્મો) જણાવનારું ભક્તિશાસ્ત્ર છે. તે બધાનાં ફલો જૂદાં જ છે. તે પૈકી સ્વરૂપ અને મુખ્ય ભક્તિ (જણાવનારાં) શાસ્ત્રોનું ફલ એક છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**જ્ઞાનયોગશ્ચ મન્નિષ્ઠો નૈર્ગુણ્યો ભક્તિલક્ષણઃ ||**
**દ્વયોરપ્યેક એવાર્થો ભગવચ્છબ્દલક્ષણઃ ||૩૨||**

મારા આધારવાળો જ્ઞાનયોગ અને નિર્ગુણ ભક્તિ નામનો (યોગ) બંનેનું ભગવાન્ શબ્દથી ઓળખાતું એક જ ફલ છે. ૩૨.

'મારા આધારવાળો' વિશેષણથી છને[૪] બાતલ કરેલ છે. 'નિગુર્ણ ભક્તિ નામનો' શબ્દોથી દોષરહિત ભક્તિમાર્ગ કહેલો છે. બંનેનું એક જ ફલ છે. ભક્તિથી પણ (છ) ગુણવાળા ભગવાન્ પ્રાપ્ત થાય છે, મુખ્ય જ્ઞાનથી પણ (ભગવાન્ પ્રાપ્ત થાય છે). તેથી જ (તે ફલ) 'ભગવાન્' શબ્દથી ઓળખાય છે, અથવા 'ભગવાન્' શબ્દ છે નામ જેનું તેવું (તે છે). તેથી (આ બે) શાસ્ત્ર મુખ્ય છે, બીજાં છ ગૌણ શાસ્ત્રો છે એમ સિદ્ધ થાય છે. ૩૨.

૧. 'તેના' એટલે જ્ઞાનરૂપ હરિના. ( પ્ર ) 'તેના' એટલે ભક્તિશાસ્ત્રના, એવો અર્થ જણાય છે.
૨. 'તેમનામાં' એટલે ભક્તિશાસ્ત્રમાં વર્ણવેલ ભગવાનમાં, એવો અર્થ જણાય છે.
૩. 'છ બીજાં શાસ્ત્રો' એટલે છ દર્શનો. ( પ્ર )
૪. જ્ઞાનનાં પહેલાં છ સાધનો કહ્યા તેમને, એવો અર્થ જણાય છે.

"ભગવાન્ એક છે, તેમને જણાવનારાં શાસ્ત્રો અનેક પ્રકારનાં કેમ ?" એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકમાં (તે) સ્પષ્ટ કરે છે :

**યથેન્દ્રિયૈઃ પૃથગ્દ્વારૈરર્થો બહુગુણાશ્રયઃ ||**
**એકો નાનેયતે તદ્વદ્ભગવાન્ શાસ્ત્રવર્ત્મભિઃ ||૩૩||**

જેમ જૂદા જૂદા માર્ગવાળી ઈન્દ્રિયોથી ઘણા ગુણો જેમાં રહેલા છે તેવો

એક પદાર્થ જૂદા જૂદા પ્રકારનો ભાસે છે, તેવી રીતે શાસ્ત્રના માર્ગોથી ભગવાન્ જૂદા જૂદા પ્રકારના ભાસે છે. ૩૩.

જેમ રૂપ રસ ગંધ અને સ્પર્શવાળો પદાર્થ બધીએ ઈન્દ્રિયોથી જૂદો જૂદો ભાસે છે, (કારણ કે) ચક્ષુ રૂપનો આદર કરી પદાર્થને ગ્રહણ કરે છે, જીભ રસનો આદર કરી, નાક ગંધનો આદર કરી વિગેરે પ્રકારે (ગ્રહણ કરે છે), એવી રીતે અનેક ગુણવાળા ભગવાન્ જૂદા (જૂદા) ગુણનો આદર કરી જણાવવામાં આવતા હોવાથી, બધાંએ શાસ્ત્રોમાં એક જ ભગવાન્ જૂદા જૂદા ગુણોનાં મુખ્યપણાંને લીધે જૂદા જૂદા પ્રકારે ભાસે છે. ૩૩.

વળી બધાંએ સાધનોથી એક જ (ભગવાન્) પ્રાપ્ત થાય છે, એમ નીચેના ત્રણ શ્લોકથી કહે છેઃ

**ક્રિયયા ક્રતુભિર્દાનૈસ્તપઃસ્વાધ્યાયમર્શનૈઃ ।।**
**આત્મેન્દ્રિયજયેનાપિ સંન્યાસેન ચ કર્મણામ્ ।।૩૪।।**
**યોગેન વિવિધાંગેન ભક્તિયોગેન ચૈવ હિ ।।**
**ધર્મેણોભયચિહ્નેન યઃ પ્રવૃત્તિનિવૃત્તિમાન્ ।।૩૫।।**
**આત્મતત્ત્વાવબોધેન વૈરાગ્યેણ દૃઢેન ચ ।।**
**ઈયતે ભગવાનેભિઃ સગુણો નિર્ગુણઃ સ્વદૃક્ ।।૩૬।।**

ક્રિયાથી, યજ્ઞોથી, દાનોથી તપ વેદ ભણવા અને મીમાંસાથી, વળી અંતઃકરણ અને ઈન્દ્રિયોના જયથી, અને કર્મોના સંન્યાસથી, જાતજાતના અંગવાળા યોગથી, અને વળી ભક્તિયોગથી, પ્રવૃત્તિ અને નિવૃત્તિવાળો જે (ધર્મ છે તે) બંને સ્વરૂપવાળા ધર્મથી, આત્મા અને તત્ત્વોનાં જ્ઞાનથી અને દૃઢ વૈરાગ્યથી– આથી સગુણ નિર્ગુણ (અથવા) સ્વદૃક્ ભગવાન્ પ્રાપ્ત થાય છે. ૩૪–૩૬.

સ્નાન વિગેરે સ્મૃતિમાં કહેલી ક્રિયાથી, 'ક્રતુભિઃ' યજ્ઞોથી, તુલાપુરુષ વિગેરે દાનોથી, તપ 'સ્વાધ્યાયઃ' વેદનું અધ્યયન, વેદનો 'અવમર્શઃ' વિચાર એટલે મીમાંસા, 'આત્મા' એટલે અંતઃકરણ અને ઈન્દ્રિયો–તેઓ (ઉપર)નો જય, સંન્યાસ એટલે હું મારું વિગેરે સર્વનો ત્યાગ,–'કર્મોના' શબ્દ (જેનો ત્યાગ કરે તે કર્મો કરવાનું) જરૂરી હોવાનું જણાવનારો છે–છ અંગોવાળો આઠ અંગોવાળો વિગેરે જાતજાતના અંગોવાળો યોગ, વળી અનેક પ્રકારનો ભક્તિયોગ, વૈરાગ્ય અને આસક્તિ એ ઉપાધિના ભેદથી જે બે પ્રકારનો ધર્મ આચરવામાં આવે છે, તેથી 'જે પ્રવૃત્તિ અને નિવૃત્તિવાળો છે' શબ્દોથી તે બે (પ્રકારના ધર્મો)નો ભેદ કહેલો છે. 'આત્મા અને તત્ત્વોનું જ્ઞાન' એટલે સાંખ્ય, 'દૃઢ વૈરાગ્ય' એટલે વૈરાગ્ય (જણાવનારું) શાસ્ત્ર–

એવી રીતનાં બધાંએ સાધનોથી એક જ ભગવાન્ જુદી જુદી રીતે પ્રાપ્ત થાય છે.

''ઉપાધિવાળાં (સાધનો)થી ગુણોની પ્રાપ્તિ (થાય, અને) ઉપાધિવિનાનાં (સાધનો)થી આત્માની પ્રાપ્તિ થાય છે. તેથી (બંનેને) ફલ એક કેમ હોય ?'' એવી શંકા થાય, તેથી કહે છે કે તે (ભગવાન) જ સગુણ નિર્ગુણ અને સ્વદૃક્ એટલે આત્મા છે, એવો અર્થ નીકળે છે. ૩૪-૩૬.

એ પ્રમાણે એક ફલ હોવાનું સિદ્ધ કરી, કહેલી જૂદા જૂદા પ્રકારની ભક્તિ સગુણ અને નિર્ગુણ (એવા) ભેદવાળી હોવાનું જણાવવા, નીચેના શ્લોકમાં (તે) ચાર પ્રકારની હોવાનું કહે છેઃ

**પ્રાવોચં ભક્તિયોગસ્ય સ્વરૂપં તે ચતુર્વિધમ્ ।।**
**કાલસ્ય ચાવ્યક્તગતેર્યોઽન્તર્ધાવતિ જન્તુષુ ।।૩૭।।**

ભક્તિયોગનું ચાર પ્રકારનું સ્વરૂપ, અને ન જાણી શકાય તેવી ગતિવાળો કાલ, જે પ્રાણીઓની અંદર ઘૂમે છે તેનું સ્વરૂપ મેં તને કહ્યું. ૩૭.

ભેદ વાસ્તવિક હોવાથી, શાસ્ત્રનો આદર કરી ત્રણ પ્રકારનો ભક્તિયોગ કહ્યો, અને ચાલુ સમયમાં તે (ભક્તિ કરનારા)ઓ (અનુક્રમે) તમોગુણ રજોગુણ અને સત્ત્વગુણના ભેદવાળા વિષ્ણુસ્વામીના સેવકો, તત્ત્વાદીઓ અને રામાનુજના સેવકો છે; અને અમે દર્શાવેલ (ભક્તિયોગ) નિર્ગુણ છે. એવી રીતે ચારે પ્રકારનો (ભક્તિયોગ), 'જે હિંસાને લક્ષમાં રાખી.' (૩।૨૯।૮) વિગેરેથી ભગવાને જણાવેલો છે. વૈરાગ્ય થાય તે માટે ન જાણી શકાય તેવી ગતિવાળા કાલનું પણ સ્વરૂપ કહેલું છે. (ગતિ) ન જાણી શકાય તેવી હોવાનું કારણ 'જે પ્રાણીઓની અંદર ઘૂમે છે' શબ્દોથી કહેલું છે. ૩૭.

તે વૈરાગ્યનાં અંગ છે એમ જણાવવા નીચેનો શ્લોક કહે છેઃ

**જીવસ્ય સંસૃતીર્બહ્વીરવિદ્યાકર્મનિર્મિતાઃ ।।**
**યાસ્વનુપ્રવિશન્નાત્મા ન વેદ ગતિમાત્મનઃ ।।૩૮।।**

અવિદ્યા અને કર્મથી થતા જીવના ઘણા જન્મો, જેમાં પ્રવેશ કરતાં આત્મા પોતાની ગતિ જાણતો નથી (તે મેં તને કહ્યા શ્લો. ૩૭). ૩૮.

ત્રણ પ્રકારના જીવોના જન્મો કહ્યા, તે દરેક ઘણા પ્રકારના હોય છે. 'અવિદ્યા અને કર્મથી થતા' એટલે અજ્ઞાન જેનો ગુણ છે તેવા કર્મથી થતા મેં (તને) કહ્યા, એવો (વાક્યનો) સંબંધ છે. તે કહેવાનું પ્રયોજન ઉત્તરાર્ધથી કહેલું છે. જે જન્મોમાં કર્મને લીધે (આત્મા) પોતે પ્રવેશ કરતાં, પોતાની ગતિ જાણતો નથી. તેથી જ તેમાં પ્રવેશ ન કરે ત્યારે જ આત્માની પ્રાપ્તિ થાય છે, એમ (તેમાં પ્રવેશ) ન કરવા

માટે કહેલું છે એવો અર્થ છે. ૩૮.

એ પ્રમાણે બધોએ સિદ્ધાંત કહીને, આ (ભગવાનની) સર્ગલીલા હોવાથી આનો ઉપદેશ કરનારા થશે, તેથી નીચેના શ્લોકથી આરંભી ચાર (શ્લોકો)થી જેઓને આ કહેવા યોગ્ય છે અને જેઓને કહેવા યોગ્ય નથી તે બંનેને જૂદા જણાવે છે. (પહેલા) બે (શ્લોકો)થી (કોને) ન કહેવી તે કહે છેઃ

**નૈતત્ ખલાયોપદિશેન્નાવિનીતાય કર્હિચિત્ ।।**
**ન સ્તબ્ધાય ન ભિન્નાય નૈવઃ ધર્મધ્વજાય ચ ।।૩૯।।**
**ન લોલુપાયોપદિશેન્ન ગૃહારૂઢચેતસે ।।**
**નાભક્તાય ચ મે જાતુ ન મદ્ભક્તદ્વિષામપિ ।।૪૦।।**

આનો ઉપદેશ દુર્જનને ન કરવો, ઉદ્ધતને કોઈ સમયે ન (કરવો), મૂઢને ન (કરવો), જૂદા મતવાળાને ન (કરવો), તેમજ પાખંડીને ન (કરવો), લોભીને ઉપદેશ ન કરવો, ઘરમાં દઢ ચિત્તવાળાને ન (કરવો), ભક્ત ન હોય તેને ન (કરવો), તેમજ મારા ભક્તોનો દ્વેષ કરનારાઓને પણ ન (કરવો). ૩૯।૪૦.

(૧) 'દુર્જન' એટલે બીજાનાં મર્મસ્થાનને વીંધનારો ગુપ્તચર[1] રાજસભાઓમાં પ્રસિદ્ધ હોય છે. તે અનુકૂલ થઈ ઉપદેશ પ્રાપ્ત કરે છે. (૨) ઉદ્ધત અને (૩) મૂઢ શ્રદ્ધારહિત હોવાનું સ્પષ્ટ છે. (૪) જૂદા જૂદા મતોને લીધે જૂદા મતવાળો (હોય છે) (૫) 'ધર્મધ્વજઃ' એટલે પાખંડી (૬) 'લોભી' એટલે ઈન્દ્રિયોના વિષયોમાં ઘણો અસ્થિર, (૭) ઘરમાં દઢ છે ચિત્ત જેનું તેવો સર્વ પ્રકારે ઘરમાં રહેનારો. (૮) અને મારો ભક્ત ન હોય તેવો (૯) અને મારા બધાએ ભક્તોનો દ્વેષ કરનારો. એવા નવ પ્રકારના ઉપદેશ ન કરવા યોગ્ય કહ્યા. ૩૯।૪૦.

૧. છૂપી બાતમી મેળવનાર.

**શ્રદ્ધાનાય ભક્તાય વિનીતાયાનસૂયવે ।।**
**ભૂતેષુ કૃતમૈત્રાય શુશ્રૂષાભિરતાય ચ ।।૪૧।।**
**બહિર્જાતવિરાગાય શાન્તચિત્તાય દીયતામ્ ।।**
**નિર્મત્સરાય શુચયે યસ્યાહં પ્રેયસાં પ્રિયઃ ।।૪૨।।**

શ્રદ્ધાવાળાને, ભક્તને, વિનયવાળાને, ઈર્ષ્યા ન કરનારને, પ્રાણીઓનો મિત્ર બનેલ હોય તેને, અને સેવા (કરવા)માં પ્રીતિવાળાને, બહાર (ના પદાર્થો ઉપર) વૈરાગ્યવાળાને, શાંત ચિત્તવાળાને, દ્રોહ ન કરનારને પવિત્રને (અને) જેને હું સર્વથી પ્રિય કરતાં પણ પ્રિય હોઉં તેમને (આ ઉપદેશ) આપવો. ૪૧।૪૨.

અને અગીઆર પ્રકારનાને (આ ઉપદેશ) કરવો. બીજાઓ મધ્યમ છે.

(૧) શ્રવણમાં ઘણી શ્રદ્ધાવાળો (૨) ભગવાનનો ભક્ત (૩) (ઉપદેશ) કરનાર પ્રતિ વિનયવાળો, અને (૪) સર્વ પ્રતિ ઈર્ષ્યા ન કરનાર, (૫) તેમજ સર્વ પ્રાણીઓ વિષે કરેલી છે મિત્રતા જેણે, (૬) સેવા (કરવા)માં સર્વ તરફથી છે પ્રીતિ જેની, (૭) બહારના પદાર્થો ઉપર થએલો છે વૈરાગ્ય જેનો, (૮) શાંત છે ચિત્ત જેનું (૯) 'નિર્મત્સરઃ' દ્રોહરહિત. (૧૦) પવિત્ર, જેનો પાપ વિગેરેથી પરાભવ થતો નથી. અથવા 'પવિત્ર' એ સર્વનું વિશેષણ (લેવું) (૧૧) પહેલાં (શ્લો. ૩૯।૪૦ માં) કહ્યા તે નવ પ્રકારના પણ જેઓને હું સર્વથી પ્રિય કરતાં પણ પ્રિય હોઉં તેને, સદા (આ ઉપદેશ) કરવો. (તેના) સર્વ ગુણ તથા દોષોનો વિચાર કર્યા વિના (ઉપદેશ કરવો) એવા અભિપ્રયાથી જૂદી રીતે કહેલ છે. ૪૧।૪૨.

એ પ્રમાણે (ઉપદેશ) કરવાના સંબંધમાં, શ્રવણ કરનારના ગુણો તથા દોષો કહીને નીચેના શ્લોકમાં શ્રવણ કરનારને અને કહેનારને થતું ફલ કહે છેઃ

**ય ઈદં શૃણુયાદમ્બ શ્રદ્ધયા પુરુષઃ સ્વદક્ ।।**
**યો વાડભિધત્તે મચ્ચિત્તઃ સ હ્યેતિ પદવીં ચ મે ।।૪૩।।**

હે માતા ! જે આત્માનું દર્શન કરનાર પુરુષ શ્રદ્ધાથી આનું શ્રવણ કરે અને જે મારામાં ચિત્તવાળો આ કહે તે વળી મારાં સ્થાનને પ્રાપ્ત કરે છે. ૪૩.

'હે માતા !' એ સંબોધન સ્નેહ સૂચવનારું છે. શ્રદ્ધા શ્રવણનું મુખ્ય અંગ છે. 'પુરુષ' શબ્દથી (એમ જણાવ્યું છે કે) જે પુરુષ જ છે, પણ સ્ત્રીને ઠગવા માટે બનાવટી પુરુષ (થએલો) નથી, 'સ્વદક્' એટલે આત્માનુ દર્શન કરનાર બહિર્મુખ ન હોય તેવો જણાવેલો છે, કારણ કે કહેવામાં આવે છે તે ફલ બહિર્મુખને (પ્રાપ્ત) થતું નથી. કહેનાર પણ જો મારામાં ચિત્તવાળો હોય, ભગવાન્ ઉપર પ્રીતિ થાય તે માટે જ કહેતો હોય, ધન વિગેરે માટે કહેતો ન હોય (તો તેને આ ફલ પ્રાપ્ત થાય છે). બંનેને મારું સ્થાન પ્રાપ્ત થાય તે યોગ્ય છે. 'ચ' 'વળી' શબ્દથી (એમ જણાવ્યું છે) કે ઈચ્છેલું (ફલ) પણ પ્રાપ્ત કરે છે. ૪૩.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધમાં બત્રીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય તેત્રીસમો ।।

**એવમષ્ટભિરધ્યાયૈર્મતાષ્ટકમુદીરિતમ્ ।।**
**સર્વેષાં તુ ફલં મુક્તિરતઃ સાऽત્ર નિરૂપ્યતે ।।૧।।**

એવી રીતે આઠ અધ્યાયોથી આઠ મતો[૧] કહ્યા. બધાનું ફલ તો મુક્તિ છે, તેથી અહિં (આ અધ્યાયમાં) તેનું નિરૂપણ કરવામાં આવે છે. કા.૧.

**ત્રયસ્ત્રિંશે તથાऽધ્યાયે સ્ત્રિયા મુક્તિરુદીર્યતે ।।**
**સર્ગસ્તદવધિર્યસ્માદ્દેવાસ્તે લીલયોદ્ગતાઃ ।।૨।।**
**ત્રયસ્ત્રિંશધા લીલા સર્ગાખ્યા દેવબાન્ધવી ।।**
**વસવશ્ચ તથા રુદ્રા એક ઈન્દ્રપ્રજાપતી ।।૩।।**
**આદિત્યાશ્ચ યતઃ સત્ત્વાત્તે ચતુર્દશધા મતાઃ ।।**

અને તેત્રીસમા અધ્યાયમાં સ્ત્રીની મુક્તિ કહેવામાં આવે છે, કારણ કે ઉત્પત્તિ ત્યાંસુધીની[૨] હોય છે, કેમકે તે તેત્રીસ દેવોનો[૩] લીલાથી જન્મ થએલો. દેવોનું હિત કરનારી 'સર્ગ' નામની લીલા બે પ્રકારની છે. એક (પક્ષ)માં વસુઓ અને રુદ્રો છે, (બીજામાં) ઈન્દ્ર, પ્રજાપતિ અને આદિત્યો છે, કારણ કે સત્ત્વવાળા તેઓ ચૌદ પ્રકારના મનાએલા છે. કા. ૩ ૧/૨.

**મુક્તિઃ પ્રસાદાદ્ધિ ભવેન્ન શાસ્ત્રૈઃ સાધનૈરપિ ।।૪।।**
**પ્રસાદશ્ચ સ્વતઃ પ્રીતે ન સમ્બન્ધાદિભિઃ ક્વચિત્ ।।**
**અતઃ સ્તોત્રં પ્રસાદશ્ચ મુક્તિશ્ચાપિ ફલં તતઃ ।।૫।।**

મુક્તિ (ભગવાનની) કૃપાથી થાય છે, શાસ્ત્રોથી તેમજ સાધનોથી થતી નથી, અને કૃપા (ભગવાન્) પોતે પ્રસન્ન થાય ત્યારે થાય છે, કોઈ પ્રસંગે સંબંધ વિગેરેથી થતી નથી. તેથી સ્તુતિ અને કૃપા (કહેલાં છે), અને પછી મુક્તિરૂપ ફલ (કહેલું છે)[૪]. કા. ૫.

**સર્ગત્વખ્યાપનાર્થાય વક્તુઃ સ્થિતિરુદીર્યતે ।।**
**ભગવત્ત્વાત્સ્થિતૌ તસ્ય સર્વઃ સર્ગઃ પ્રતિષ્ઠિતઃ ।।૬।।**

(આ) સર્ગ છે એમ જણાવવા વક્તા (કપિલ)ની સ્થિતિ કહેલી[૫] છે. (તે) ભગવાન્ હોવાથી, તેમની સ્થિતિમાં બધા સર્ગનો સમાવેશ થાય છે. કા. ૬.

**શાસ્ત્રાર્થેऽવગતે સમ્યક્ પ્રસાદે યત્નવાન્ ભવેત્ ।।**
**અતઃ પ્રસાદનાર્થાય તસ્યા યત્ન ઉદીર્યતે ।।૭।।**

શાસ્ત્રાર્થ સારી રીતે જાણવામાં આવે, ત્યારે ભગવાનની કૃપા પ્રાપ્ત કરવા

માટે પ્રયત્ન કરવો જોઈએ. તેથી કૃપા પ્રાપ્ત કરવા માટે તેનો પ્રયત્ન કહેલો છે. કા.૭.

૧. મુખ્યભક્તિ, સાંખ્ય, જ્ઞાન, યોગ અને વૈરાગ્યના અંગભૂત ચાર, એવા આઠ મત કહ્યા. (પ્ર)

૨. 'ત્યાં સુધીની' એટલે મૂલ પ્રકૃતિ જેનો છેડો છે તેવી. તેથી મૂલ પ્રકૃતિથી મુક્ત થાય ત્યારપછી સૃષ્ટિ અને બંધન થતાં નથી એ બીજો છેડો છે. એમ જણાવવા (આ) શાસ્ત્રમાં સ્ત્રીની મુક્તિથી શાસ્ત્રની સમાપ્તિ કરેલી છે. એવો અર્થ છે. (પ્ર).

૩. ''એમ હોય, તો તત્ત્વોમાંથી મુક્ત થતાં સૃષ્ટિની સમાપ્તિ થાય, તે સંખ્યાથી વિરુદ્ધ છે, કારણ કે તત્ત્વો અઠ્ઠાવીસ છે'' એવી શંકા થાય, તેથી નિબંધમાં જણાવેલ તાત્પર્ય આ વાક્યથી સ્પષ્ટ કરે છે. દેવો જ મુક્ત થવા યોગ્ય છે, અને ભગવાનની લીલાથી વસુ વિગેરે તેત્રીસ દેવો ઉત્પન્ન થએલા છે. સૃષ્ટિલીલાનાં બંધ અને મોક્ષ એવા બે વિભાગ છે. તેથી વસુ (૮) અને રુદ્ર (૧૧) એ ઓગણીસ દેવો એક પ્રકારની (બંધ) લીલાના છે, અને ઈન્દ્ર (૧), પ્રજાપતિ (૧) અને આદિત્યો (૧૨) સત્ત્વ પ્રાપ્ત કરી રહેલા મોક્ષલીલાના ચૌદ દેવો છે. તેથી વૈદિક રીતે આ લીલા મોક્ષ કરાવનારી છે એમ જણાવવા તેના તેત્રીસ અધ્યાયો છે, તેથી શંકામાં કહેલ વિરોધ દોષરૂપ નથી, એવો અર્થ છે. (પ્ર)

૪. અહિંથી આ અધ્યાયનો અર્થ જણાવતાં. મૈત્રેયના વચનની સંગતિ દર્શાવે છે. તેથી મૈત્રેયના વચન પ્રમાણે ધર્મ વિગેરેનું પરિણામ મોક્ષ હોવાનું ઈષ્ટ છે, તે જણાવવા અહિં મોક્ષની કથા કહે છે, એવો ભાવ છે. (પ્ર) અહિં કહેલ દેવહૂતિએ કરેલી કપિલની સ્તુતિ શ્લો. ૨ થી ૮ સુધીની છે. કપિલની કૃપા શ્લો. ૧૦।૧૧માં જણાવેલી છે.

૫. જૂઓ શ્લો. ૩૩ થી ૩૫.

૬. જૂઓ શ્લો. ૧૩ થી ૩૦ અથવા ૧ થી ૮ અને ૧૩ થી ૩૦.

।। મૈત્રેય ઉવાચ ।।

**એવં નિશમ્ય કપિલસ્ય વચો જનિત્રી સા કર્દમસ્ય દયિતા કિલ દેવહૂતિઃ ।।**
**વિસ્રસ્તમોહપટલા તમભિપ્રણમ્ય તુષ્ટાવ તત્ત્વવિષયાંકિતસિદ્ધિભૂમિમ્ ।।૧।।**

એ પ્રમાણે કપિલનું વચન સાંભળી, તે (તેમની) માતા, કર્દમની પત્ની, ખરેખર જેનો મોહનો પડદો ખરી પડ્યો હતો તેવી દેવહૂતિએ તે તત્ત્વના વિષયના ચિહ્નવાળી ભૂમિના આધારને પ્રણામ કરી, તેમની (નીચે પ્રમાણે) સ્તુતિ કરી. ૧.

એ પ્રમાણે ઉપર કહેલા પ્રકારવાળું સર્વ સિદ્ધાંતના રહસ્યવાળું વચન સાંભળી સ્તુતિ કરી, એવો (વાક્યનો) સંબંધ છે. એ પ્રમાણે શાસ્ત્રના અર્થનું જ્ઞાન થયું ત્યારે, તેમની (જ્ઞાન કરાવનારની) કૃપા વિના શાસ્ત્રનાં જ્ઞાનનાં સાધન અને ફલ પ્રાપ્ત થતાં ન હોવાથી, તેમની કૃપા પ્રાપ્ત કરવી જોઈએ એવી બુદ્ધિ તે (દેવહૂતિ)ની ક્યા ગુણને લીધે થઈ, એ જાણવાની ઈચ્છા થાય, તેથી (૧) 'માતા' એમ કહેલ છે. જે ગુણને લીધે તેવો પુત્ર ઉત્પન્ન કર્યો (તે ગુણથી તેવી બુદ્ધિ થઈ). (૨) 'તે' એટલે પોતાના ગુણોથી અને તપથી પ્રસિદ્ધ થએલી. (૩) પતિની મુક્તિ થવાથી પણ પોતાનું કાર્ય પાર પડશે એમ જણાવવા 'કર્દમની પત્ની' એમ કહેલું છે.

(૪) 'ખરેખર' શબ્દથી (એમ કહેલું છે કે) તેનો ધર્મ પ્રસિદ્ધ હતો. (૫) 'દેવાનાં' દેવોને 'હૂતિઃ' બોલાવવાનું થાય છે જેનાથી તે (દેવહૂતિ). યોગથી પણ (તે) દેવોની સમીપ (રહેતી). એ પ્રમાણે પાંચ પ્રકારે તેનું માહાત્મ્ય કહ્યું. વળી 'જેનો મોહનો પડદો ખરી પડ્યો હતો' વિશેષણથી એમ કહેલું છે કે શાસ્ત્રનું ફલ પણ તેને (પ્રાપ્ત) થયું હતું. પુત્ર વિગેરે ઉપર જે મોહ, તે જ જ્ઞાનને ઢાંકી દેનારો પડદો, તે ખરી પડ્યો હતો નીચે જેનો તેવી (તે થઈ). તેથી જ તે પુત્રને તેણે પ્રણામ કર્યા. પ્રણામ કરવાનું કારણ મોહનું દૂર થવું, કારણ કે (પુત્ર) ગુરુ હતો. (તે) ભગવાન જ (હતો) એ સ્તુતિ કરવાનું કારણ હતું. તેથી સ્તુતિ (કરવી) અયોગ્ય હતી એવી શંકા થાય, તેથી 'તત્ત્વના વિષયના ચિહ્નવાળી ભૂમિના આધારને' શબ્દથી તે સાંખ્યની પ્રવૃત્તિ કરાવનાર હોવાથી ભગવાનની જ્ઞાનકલાનો અવતાર હતા એમ જણાવે છે. (૧) તત્ત્વરૂપ જે વિષય એટલે કહેવાનો પદાર્થ, તેના 'અપિતા' ચિહ્નવાળી જે સિદ્ધિ એટલે સાંખ્યશાસ્ત્ર અથવા, (૨) તત્ત્વના વિષયના ચિહ્નવાળું જે શાસ્ત્ર, તેનાથી પ્રાપ્ત થતું જે જ્ઞાન, તેના 'ભૂમિઃ' આધાર; પહેલા વ્યાખ્યાનમાં ('ભૂમિઃ' એટલે) પ્રવૃત્તિ કરાવનાર. અથવા (૩) તત્ત્વના વિષયનું જે જ્ઞાન (તે) તત્ત્વજ્ઞાન, તેનાં ચિહ્નવાળી 'સિદ્ધિઃ' એટલે ભગવાનની જ્ઞાનકલા, તેની 'ભૂમિઃ' એટલે જ્ઞાનકલાનો અવતાર, એવો અર્થ છે. તેથી[1] સ્તુતિ કરવા યોગ્ય હતા. ૧.

૧. 'તેથી' એટલે જ્ઞાન ભગવદીય હોવાથી. (પ્ર) જ્ઞાન ભગવદ્રૂપ હોવાથી, એવો અર્થ જણાય છે.

॥ દેવહૂતિરુવાચ ॥

**અથાપ્યજોઽન્તઃસલિલે શયાનં ભૂતેન્દ્રિયાર્થાત્મમયં વપુસ્તે ॥**
**ગુણપ્રવાહં સદશેષબીજં દધ્યૌ સ્વયં યજ્જઠરાબ્જજાતઃ ॥૨॥**

જન્મરહિત હોવા છતાં પોતે જેમના જઠરમાંથી નીકળેલાં કમલમાંથી ઉત્પન્ન થએલા તેવા (બ્રહ્મા)એ જલની અંદર પોઢેલા, મહાભૂત ઈન્દ્રિયો તન્માત્રા અને આત્માના બનેલા ગુણોના પ્રવાહવાળા, પ્રકટ થએલા, સર્વ (જગત્)ના બીજરૂપ આપના દેહનું ધ્યાન કરેલું. ૨.

**સર્વસિદ્ધાન્તવક્તારં ભક્તેર્વિષયમેવ ચ ॥**
**પ્રસાદે હ્યાત્મદં દેવં સપ્તભિઃ સ્તૌતિ ભાસ્કરૈઃ ॥૮॥**

સર્વ સિદ્ધાંત કહેનારા, અને જેમની ભક્તિ થાય છે તેવા, પ્રસન્ન થતાં આત્માનું દાન કરનાર દેવની સાત પ્રકાશ કરનારા (શ્લોકો)થી (દેવહૂતિ) સ્તુતિ કરે છે. કા.૮.

**પ્રત્યક્ષાશ્ચર્યહેતૂક્તિઃ જન્માદેઃ કરણાદ્ બૃહત્ ॥**

**અવતારાર્ભતાલીલા મત્તો દારોરિવોદ્ગતિઃ ॥૯॥**

(૨) પ્રત્યક્ષનું મૂળ હોવાનું (૩) અને આશ્ચર્યનું મૂળ હોવાનું કહેવું (૪) (જગતના) જન્મ વિગેરે કરતા હોવાથી ઘણું મોટું (બ્રહ્મરૂપ), (૫) અવતાર (લેવો) અને બાલકપણાની લીલા (કરવી) જેમ કાષ્ઠમાંથી (અગ્નિ ઉત્પન્ન થાય તેમ) મારાથી ઉત્પન્ન થવું. કા.૯.

**નામ્નઃ સ્તુત્યાદિ માહાત્મ્યં નામ્નશ્ચ હિ હરેર્મહત્ ॥**
**એવં તં ભગવત્ત્વેન સ્તુત્વાઽન્તે નમનક્રિયા ॥૧૦॥**

(૬) નામની સ્તુતિ વિગેરે (૭) (અને) માહાત્મ્ય (કહેલાં છે) કારણ કે હરિનું નામ ઘણા પ્રભાવવાળું છે. (૮) એ પ્રમાણે ભગવાન તરીકે તે (કપિલ)ની સ્તુતિ કરી, છેવટે નમન કરે છે. કા.૧૦.

**હરૌ કૃત્યમિહૈતાવદતસ્તુષ્ટ ઈતીર્યતે ॥**

આ લોકમાં હરિ વિષે કરવા યોગ્ય આટલું છે. તેથી તે પ્રસન્ન થયા એમ કહેલું છે. કા. ૧૦ $^{1}/_{2}$.

જો કે (બ્રહ્મા) જન્મરહિત હોઈ પ્રભાવવાળા છે, છતાં પણ જેમના દેહનું તેમણે ધ્યાન કર્યું, પરંતુ પ્રત્યક્ષ પ્રકારે (તેનાં તેમને) દર્શન ન થયાં. ઉત્પન્ન થએલા હોવા છતાં પણ જન્મરહિતપણું પ્રાપ્ત કર્યું (એવો) બ્રહ્માનો પ્રભાવ કહેલો છે. 'યજ્જઠરાબ્જજાતઃ' જે નારાયણના જઠરમાંથી નીકળેલાં કમળમાંથી ઉત્પન્ન થએલા (તેમનાં દેહનું ધ્યાન કરેલ). માતા તો ચામડાની કોથળી જેવી છે, પુત્ર તો (પિતા) પોતે જ છે. જો (પિતાનાં) પુત્રને દર્શન ન થયાં તો જેની અંદર પ્રકટ થયો તે (માતા)ને તો કેમ જ થાય ? કારણ કે તે (માતા)ની બધી શક્તિ કાર્ય (પુત્ર) સાથે નીકળી જાય છે.

વળી[1] પોઢેલા ભગવાનનાં બધાએ દર્શન કરી શકે છે, પરંતુ જે (ભગવાન્) જાગતા હોય તેમનાં (બધાએ દર્શન) કરી શકતા નથી. તેમાં પણ 'જલની અંદર પોઢેલા' બીજું (કોઈ) નથી એમ સ્પષ્ટ પ્રકારે ઓળખાય છે. વળી મહાભૂતો ઈન્દ્રિયો વિગેરેથી ભરેલો સ્પષ્ટ ઓળખાય, પરંતુ તેમના વિનાનો ન (ઓળખાય). વળી જગતનો આધાર બનેલ હોય તે પ્રત્યક્ષ દેખાવા યોગ્ય છે, અને પોતે જ (જગતનું) કારણ છે. તેમ (આધાર અથવા કારણ પ્રત્યક્ષ) ન હોય, તો કાર્ય (જગત્) પ્રત્યક્ષ ન દેખાય. 'અન્તઃસલિલે' એટલે જલની અંદર. મહાભૂતો, ઈન્દ્રિયો, 'અર્થાઃ' તન્માત્રાઓ, 'આત્મા' અંતઃકરણ એટલે મન બુદ્ધિ અહંકાર (અને) ચિત્ત, આમનાથી ભરપૂર. 'જ્યારે પોતે રચેલાં પાંચ મહાભૂતોથી' એ વાક્ય પ્રમાણે પુરુષનો

દેહ મહાભૂતોનો છે, તેઓથી ભરપૂર એટલે તેઓનો બનેલો છે. (તે) ગુણોનો પ્રવાહ છે જેમાં તેવો, 'સત્' પ્રકટ, બધાએ જગતનાં બીજરૂપ છે. (બ્રહ્મા) પોતે તો જન્મરહિત હોઈ ભગવાન જ છે. એમ હોવા છતાં[2] પણ તેમને (તે પુરુષના દેહના) દર્શન ન થયાં, પરંતુ મને થયાં, એ આશ્ચર્યકારક છે. ૨.

૧. ઉપર પોતાના વિચાર પ્રમાણે (પોતાને ભગવાનનાં) દર્શન દુર્લભ હોવાનું જણાવી, અહિંથી પ્રમેયનો વિચાર કરતાં પણ તે દુર્લભ હોવાનું જણાવે છે. (પ્ર)

૨. 'એમ હોવા છતાં પણ' એટલે દર્શન થઈ શકે તેવા ગુણો હોવા છતાં પણ. (પ્ર)

''આ (કપિલ) જૂદું જ સ્વરૂપ છે, પરંતુ બ્રહ્મરૂપ નથી'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**સ એવ વિશ્વસ્ય ભવાન્વિધત્તે ગુણપ્રવાહેણ વિભક્તવીર્યઃ ।।**
**સર્ગાદ્યનીહોડવિતથાભિસન્ધિરાત્મેશ્વરોડતર્ક્યસહસ્રશક્તિઃ ।।૩।।**

તે જ આપ ચેષ્ટા વિનાના સત્ય ઈચ્છાવાળા, ન ચિંતન થઈ શકે તેવી હજારો શક્તિવાળા આત્મા (અને) ઈશ્વર, ગુણોના પ્રવાહથી જેમનાં વીર્યના વિભાગ થએલ છે તેવા (થઈ) વિશ્વની ઉત્પત્તિ વિગેરે કરો છો. ૩.

બ્રહ્માએ જેમનું ધ્યાન કરેલું તે જ આપ છો, કારણ કે (આપ) વિશ્વની ઉત્પત્તિ વિગેરે કરો છો. આ (કપિલ)નું જગતના કર્તા હોવાપણું જેમ (ભગવાનના) વિશ્વરૂપમાં દેખાતું તેમ તેમનામાં[1] દેખાતું હોવાથી તે પ્રમાણે કહેલું છે. 'ગુણોના પ્રવાહથી' એટલે જગતની ઉત્પત્તિ વિગેરેના સાધનરૂપ (ગુણોના) પરસ્પર ભળી જવાની પરંપરાથી વિભાગ થએલા છે વીર્યના જેમનાં તેવા (આપ છો), ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય જેનાથી થાય છે તેવું (આપનું) વીર્ય બ્રહ્મા વિગેરેના સ્વરૂપોમાં વહેંચાએલું છે, એવો અર્થ છે. 'ચેષ્ટા વિનાના' વિશેષણથી એમ કહેલું છે કે કર્તા હોવા છતાં લૌકિક (પુરુષ)ના જેવા (આપ) કર્તા નથી, પરંતુ ચિંતામણિ વિગેરેના જેવા (કર્તા) છો. નથી હોતી 'ઈહા' ચેષ્ટા જેમની તેવા (આપ છો).

''ચિંતામણિ વિગેરેમાં બીજાની ઈચ્છા[2] નિયંત્રણ કરનારી હોય છે, તેવી રીતે ભગવાન્ પણ બીજાની ઈચ્છાથી સૃષ્ટિ રચતા હોય તો (તે) જડ થાય (ગણાય)'' એવી શંકા થાય, તેથી 'સત્ય ઈચ્છાવાળા' એમ કહેલું છે. 'અભિસન્ધિઃ' એટલે અભિસંધાન. ઈચ્છા એવો અર્થ છે. પોતાની ઈચ્છાથી જ (ભગવાન્ સૃષ્ટિ) કરે છે, એવો અર્થ છે. ''ત્યારે (ભગવાન્) નિમિત્ત (કારણ) હશે'' એવી શંકા થાય, તેથી 'આત્મા' એમ કહેલું છે. (ભગવાન્) સર્વ જગતના આત્મા એટલે સ્વરૂપ, સમવાયિકારણ છે, એવો અર્થ છે. ''એક (ભગવાન્) સમવાયિકારણ અને નિમિત્ત

કારણ (એવા) બે પ્રકારના કેમ હોઈ શકે ?'' એવી શંકા થાય, તેથી 'ઈશ્વર' એમ કહેલું છે; કારણ કે ઈશ્વર સર્વ કરવાની શક્તિવાળા છે. ''ઈશ્વર પણ લોકમાં યુક્તિથી થતું હોય તેવું જ કરે છે, પરંતુ યુક્તિથી વિરુદ્ધ કરતા નથી'' એવી શંકા થાય, તેથી 'ન ચિંતન થઈ શકે તેવી હજારો શક્તિવાળા' વિશેષણથી યુક્તિ કહેલી છે. ન ચિંતન થઈ શકે તેવી હજારો શક્તિઓ છે જેમની તેવા (તે છે), તેથી[3] એક આશ્ચર્ય દૃઢ કર્યું. ૩.

૧. 'તેમનામાં' એટલે કપિલના દેહમાં જગત્ દેખાતું હોવાથી. (પ્ર)

૨. ચિંતામણિ ઈચ્છેલા પદાર્થ આપનારો મણિ છે. જેના હાથમાં તે હોય તે જે પદાર્થનું ચિંતન કરે તે પદાર્થ ચિંતામણિ ઉત્પન્ન કરી તેને આપે છે. તેથી તે ઉત્પત્તિ કરે તેમાં બીજાની ઈચ્છા નિયંત્રણ કરનારી હોય છે. (પ્ર)

૩. કપિલનો દેહ બ્રહ્મ છે એમ સિદ્ધ કર્યું તેથી, તેનાં દર્શન દુર્લભ હોવા છતાં દેવહૂતિને તે થયાં એ આશ્ચર્ય દૃઢ કર્યું, એવો અર્થ છે. (પ્ર)

નીચેના શ્લોકમાં બીજું આશ્ચર્ય કહે છે :

**સ ત્વં ભૃતો મે જઠરેણ નાથ કથં નુ યસ્યોદર એતદાસીત્ ।।**
**વિશ્વં યુગાન્તે વટપત્ર એકઃ શેતે સ્મ માયાશિશુરાંઘ્રિપાનઃ ।।૪।।**

જેમના ઉદરમાં ખરેખર આ વિશ્વ હતું, તે આપને હે નાથ ! મારી જઠરે કેવી રીતે ધારણ કર્યા ? યુગના અંતે માયાથી બાલક બનેલા (આપ) એકલા પગના અંગુઠાને ચૂસતા વડના પાંદડા ઉપર શયન કરો છો. ૪.

ચૌદ લોકરૂપ તે જ આપને 'મે' મારી જઠરે કેવી રીતે 'ભૃત' ધારણ કર્યા ? ''આ કારણથી જ હું તે નથી'' એવી શંકા થાય, તેથી 'હે નાથ !' એવું સંબોધન કરેલું છે. હે નાથ એટલે સ્વામી ! કારણ કે બીજો (કોઈ) સ્વામી[1] થવા યોગ્ય નથી, ''હું તે સમયે તારા ઉદરમાં સૂક્ષ્મ જ હતો'' એવી શંકા થાય, તેથી 'જેમના ઉદરમાં આ વિશ્વ હતું (તે આપને) કેવી રીતે ?' એમ કહેલું છે. જે વિશ્વનો આધાર થાય છે, તે જ ભગવાનનું સ્વરૂપ છે. જો ગર્ભમાં રહેવાના સમયે વિશ્વનો આધાર (થએલું) ન હોય, તો તે બ્રહ્મ પણ ન હોય; તેથી તે સમયે પણ વિશ્વનો આધાર હોવાનું કહેવું જોઈએ. તે કેવી રીતે થયું એ આશ્ચર્યકારક છે. 'આ' શબ્દથી બ્રહ્માંડનો મોટો આકાર દર્શાવેલો છે.

'' 'એક બીજામાં વિરોધ હોય, ત્યારે એકનો ત્યાગ કરવો જોઈએ' એ નિયમ પ્રમાણે (હું) ગર્ભમાં રહેલ તે અનુભવેલું હોવાથી (હું) જગતનો આધાર નથી એમ માનવું જોઈએ'' એવી શંકા થાય, તેથી એમ (કહે છે કે) યુગના અંતે જે એકલા જ માયાથી બાલક બનીને વડના પાંદડા ઉપર 'આङ્घ્રિપાનઃ' (પગના) અંગુઠાને ચૂસતા શયન કરે છે, તે આપ છો. જેમ તે સમયે બાલકપણું અને જગતના આધાર

હોવાપણું (એ) બંનેમાં વિરોધ નહતો, તેમ (મારા) ઉદરમાં પણ (તે બંને હોવામાં વિરોધ નથી), એવો ભાવ છે. ૪.

૧. 'સ્વામી' એટલે જગતના સ્વામી (પ્ર)

''આ બધું સચ્ચિદાનંદરૂપ બ્રહ્મમાં (ઘટે છે), પરંતુ દેહવાળામાં મારામાં (ઘટતું) નથી'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ત્વં દેહતન્ત્રઃ પ્રશમાય પાપ્મનાં નિદેશભાજાં ચ વિભો વિભૂતયે ।।**
**યથાવતારાસ્તવ સૂકરાદયસ્તથાઽયમપ્યાત્મપથોપલબ્ધયે ।।૫।।**

હે શક્તિમાન ! પાપીઓનો નાશ કરવા અને આજ્ઞા પ્રમાણે વર્તનારાઓનાં કલ્યાણ માટે આપ દેહને અધીન થયા છો. જેવા આપના સૂકર વિગેરે અવતારો છે તેવો આ પણ આત્માના માર્ગનું જ્ઞાન થાય તે માટે (આપનો અવતાર) છે. ૫.

(ભગવાન્) લીલા માટે દેહ ધારણ કરતા હોવાથી, આ[1] પણ મુખ્ય સિદ્ધાંતનું જ્ઞાન ન હોવાથી લોકની દૃષ્ટિ (જણાવેલી છે). તેમજ પાપીઓનો નાશ કરવા અને આજ્ઞા પ્રમાણે વર્તનારાઓનાં કલ્યાણ માટે (ભગવાન્ દેહ ધારણ કરે છે) એવાં પુરાણનાં વચનો છે. આપ 'દેહતન્ત્રઃ' દેહરૂપ સાહાય્ય કરવાવાળા, દેહ સ્વીકારેલા, અથવા પ્રસિદ્ધિ પ્રમાણે દેહને આધીન છો. 'હે શક્તિમાન !' એ સંબોધન ચાલુ પ્રસંગમાં ઉપયોગી શક્તિ (હોવાનું) જણાવવા (કરેલું છે). આથી એમ કહેલું છે કે (આપ) પોતાની ઈચ્છાથી દેહને અધીન થએલા છો.

''અને સ્વતંત્ર માટે તે પરતંત્રપણું યોગ્ય નથી'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. જેમ સૂકર વિગેરે ક્રિયા (કરનારા) અવતારો (થએલા છે), કારણ કે તેમના વિના ક્રિયા થઈ શકે નહિ, તેમજ અવતાર વિના જ્ઞાન પણ (થવાનું) સંભવતુ ન હોવાથી 'આત્મપથોપલબ્ધયે' આત્માના માર્ગનું જ્ઞાન થાય તે માટે જ્ઞાન કરાવવા આ અવતાર (થએલો) છે, એમ 'તેવો આ (પણ) છે.' શબ્દોથી કહેલું છે. આથી આ અવતારનાં બે પ્રયોજનો (હોવાનું) કહેલ છે. (૧) સત્પુરુષોનું રક્ષણ અને અધર્મનો નાશ એ સામાન્ય (પ્રયોજન, અને) (૨) આત્માના માર્ગ રૂપ જ્ઞાન કરાવવું (એ) ખાસ પ્રયોજન. ૫.

૧. 'આ' એટલે દેહને અધીન હોવાનું કહ્યું તે. (પ્ર)

એ રીતે બે શ્લોકોથી બીજું આશ્ચર્ય[1] પણ સિદ્ધ કરી (ભગવાનના) સ્વરૂપમાં (રહેલાં) બે આશ્ચર્યો કહી, નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોકો)થી નામમાં (રહેલાં) બે આશ્ચર્યો કહે છે :

**યન્નામધેયશ્રવણાનુકીર્તનાદ્યત્પ્રહ્વણાદ્યત્સ્મરણાદપિ ક્વચિત્ ।।**

**શ્વાદોઽપિ સદ્યઃ સવનાય કલ્પતે કુતઃ પુનસ્તે ભગવન્નુ દર્શનાત્ ॥૬॥**

જેમના નામનું શ્રવણ કર્યા પછી કીર્તન કરવાથી, જે (જેમનાં નામ)ને નમન કરવાથી અને જે (જેમનાં નામ)નું સ્મરણ કરવાથી પણ કોઈવાર શ્વાદ પણ તરત યજ્ઞ કરવા યોગ્ય થાય છે, તો પછી હે ભગવાન્! આપનાં દર્શનથી (તેવો થાય) તેમાં કહેવું જ શું ? ૬.

નામનું શ્રવણ કરવું વિગેરે ગુણના ગુણો દ્વારા નામનું માહાત્મ્ય, અને સાક્ષાત્ નામનું માહાત્મ્ય (આ તથા સાતમા શ્લોકમાં અનુક્રમે કહે છે). તે પૈકી પહેલું કહે છે (કે) જે ભગવાનનાં નામનું ગુરુ પાસેથી શ્રવણ કર્યા પછી જે કીર્તન (કરવું), તેનાથી 'શ્વાદોઽપિ' ચાંડાલ પણ તરત 'સવનાય' સોમયજ્ઞ (કરવા)ની લાયકાત માટે 'તરત' તે જ જન્મમાં યોગ્ય થાય છે, તો પછી આપનાં દર્શનથી સોમયજ્ઞ કરવા યોગ્ય થાય તેમાં કહેવું જ શું ? એવો અર્થ છે. શ્રવણ પછી કીર્તન કહ્યું, તેથી વૈષ્ણવોની દીક્ષાથી મંત્રના ઉપદેશ જેણે પાછલથી લીધેલ છે તેવો[૨] (ચાંડાલ યજ્ઞ કરવા યોગ્ય થાય છે). એમ કેટલાક કહે છે. બીજાઓ એમ કહે છે કે 'તરત યજ્ઞ કરવા (યોગ્ય)' કહેલ હોવાથી, 'સર્વને પવિત્ર કરનારને ચાંડાલ[૩]...' એ વાક્ય પ્રમાણે સર્વ તરફ અગ્નિ રાખીને (યજ્ઞ) કરવાની તેની યોગ્યતા (કહેલી છે)[૪]. વાસ્તવિક રીતે તો આશ્ચર્યરૂપ (નામનું) માહાત્મ્ય જો લૌકિક તર્કથી સિદ્ધ થતું હોય, તો (તે) આશ્ચર્ય જ ન રહે[૫]; કારણ કે ચાંડાલનો દેહ અધર્મના સંસ્કારવાળાં અમુક મહાભૂતોનો બનેલો હોય છે, (અને) બ્રાહ્મણનો દેહ તો સર્વથી ઉત્તમ ધર્મના સંસ્કારવાળાં મહાભૂતોનો (બનેલો હોય છે). ભગવાનનું (લીધેલું), અથવા દીક્ષાથી પ્રાપ્ત થએલું નામ સર્વ કુદરતી દોષોને દૂર કરી, તે જ મહાભૂતોને ઉત્તમ સંસ્કારથી પવિત્ર કરતું હોવાથી, નામનું યોગ્ય જ માહાત્મ્ય થાય છે. અથવા શ્રવણ કરવા યોગ્ય કીર્તન (કરવા)થી, અથવા શ્રવણથી દોષ દૂર થાય છે અને કીર્તનથી ગુણો આવે છે.

''આ ઘણું આશ્ચર્યકારક કહો છો'' એવી શંકા થાય, તેથી 'જે (જેમનાં નામ)ને નમન કરવાથી અને જે (જેમનાં નામ)નું સ્મરણ કરવાથી' તે કૈમુતિક ન્યાયથી[૬] સિદ્ધ કરે છે. 'પ્રહ્વઃ' એટલે નમ્રપણું, નમન, એવો અર્થ છે. નમ્રપણાંનું આખ્યાન પ્રસિદ્ધ નથી. સ્મરણનું તો વાલ્મીકિનું (આખ્યાન) છે, કારણ કે તે ઋષિના ઉપદેશ પહેલાં માર્ગ ઉપર હત્યા કરનારો ચાંડાલ જ હતો. પછી મોટા ઋષિ (થવા)નો વિચાર કરી, રામનાં સ્મરણથી તે જ જન્મમાં વાલ્મીકિ થયો. તેથી (નામનાં માહાત્મ્યમાં) કાંઈ પણ અયોગ્યતા નથી, તેથી જ 'કોઈવાર' એમ કહેલું છે.

જ્યાં (ભગવાનનું) નામ અથવા સ્વરૂપ પોતાની શક્તિ પ્રકટ કરે છે, ત્યાં જ એમ થાય છે, એમ અતિપ્રસક્તિ[7] પણ દૂર કરેલી છે. 'શ્વાદ' ચાંડાલોમાં સર્વથી હલકો છે. 'અપિ' 'પણ' શબ્દનો એવા અર્થ છે કે ઉંચી જાતનો હોય તે ઉત્તમ થાય તેમાં શું સંદેહ ? આપના દર્શનથી ફરી યજ્ઞ કરવા યોગ્ય કેમ થાય ? કારણ કે પહેલાં જ (નામ લેવાથી જ યજ્ઞ કરવા યોગ્ય) થઈ ગએલો છે, એવો અર્થ 'ન' શબ્દ અધ્યાહાર ન લઈએ[8] ત્યારે થાય છે. અથવા 'કુતઃ' શબ્દ 'શું' ના અર્થવાળો અવ્યય છે. 'તો પછી ભગવાનનાં દર્શનથી યજ્ઞ કરવા યોગ્ય થાય છે.' 'એમાં કહેવું જ શું ?' શબ્દો અર્થથી પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે (શબ્દની) અર્થનો નિર્ણય કરાવનારી શક્તિ વડે (ભગવાનનાં) નામનાં શ્રવણનું માહાત્મ્ય કહ્યું. ૬.

૧. 'બીજું આશ્ચર્ય' એટલે વિશ્વના આધાર (રૂપ ભગવાન)ને પોતાના ઉદરમાં રાખવા રૂપ આશ્ચર્ય. (પ્ર)
૨. 'અનુકીર્તન' શબ્દનો 'વૈષ્ણવ દીક્ષા પ્રમાણે લીધેલ મંત્રનો ઉપદેશ' અર્થ છે. તેથી વૈષ્ણવ દીક્ષા પ્રમાણે ઉપદેશ લીધેલ ચાંડાલ પણ તે જ જન્મમાં સોમયજ્ઞ કરવા યોગ્ય થાય છે એવો કોઈક ટીકાકારનો મત છે. આ મત તંત્રના ઉપર આધાર રાખનાર છે. (પ્ર)
૩. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે.
૪. શ્રુતિ ઉપર આધાર રાખનારનો આ બીજો મત કહેલ છે. (પ્ર)
૫. આ વાક્યથી નોટ ૪માં જણાવેલ મત પોતાને ઈષ્ટ ન હોવાનું જણાવે છે. (પ્ર)
૬. અધમ યોગ્યતા પ્રાપ્ત કરે તો ઉત્તમ પ્રાપ્ત કરે તેમાં કહેવું જ શું ? ઉત્તમ તો ઘણી વધારે યોગ્યતા જ પ્રાપ્ત કરે, એવા તર્કને કૈમુતિક ન્યાય કહે છે. 'કિમુત' 'કેટલું વધારે !' શબ્દ ઉપરથી આ ન્યાયનું નામ પડેલ છે.
૭. કોઈ પણ નિયમને હદ બહાર ખેંચી લઈ જવો એ 'અતિપ્રસક્તિ' કહેવાય. ભગવાનનું નામ પોતાની શક્તિ પ્રકટ કરે ત્યાં જ આટલી ઉત્તમતા પ્રાપ્ત કરાવે છે, સર્વ સ્થલે તેમ હોતું નથી એમ 'કોઈવાર' શબ્દથી જણાવી, નિયમને હદ બહાર ખેંચેલો નથી, એવો અર્થ છે.
૮. 'ભગવાનનાં દર્શનથી તેવી યોગ્યતા કેમ ન થાય ?' એવો અર્થ છે. 'ન' શબ્દ શ્લોકમાં નથી, તેથી તે અધ્યાહાર લઈએ તો એવો અર્થ થાય. અધ્યાહાર ન લઈએ તો અર્થ કેવી રીતે કરવો એ આ વાક્યમાં જણાવેલું છે.

નીચેના શ્લોકમાં (ભગવાનનાં) નામનું સાક્ષાત્ માહાત્મ્ય જણાવતી, ભગવાનની સૃષ્ટિ અંદરનો હોવાથી ચાંડાલ બ્રાહ્મણ કરતાં પણ પ્રહ્લાદની પેઠે ઉંચો છે એમ જણાવતી, તે વિષયની યુક્તિ કહે છે :

**અહો બત શ્વપચોઽતો ગરીયાન્ યજ્જિહ્વાગ્રે વર્તતે નામ તુભ્યમ્ ।।**
**તે પુસ્તપસ્તે જુહુવુઃ સસ્નુરાર્યા બ્રહ્માનૂચુર્નામ ગૃણન્તિ યે તે ।।૭।।**

અહો ! ચાંડાલ જેની જીભ ઉપર (આપનું) નામ આપના માટે રહે છે તે

પણ આ કારણથી ઉંચો છે. જેઓએ તપ કરેલ, યજ્ઞો કરેલ, (તીર્થ) સ્નાન કરેલ (અને) આર્યો થઈ બ્રહ્મનો ઉપદેશ કરેલ તેઓ આપનું નામ લે છે. ૭.

વળી બ્રાહ્મણથી ચાંડાલ કેમ ઉંચો ? એમ ન પૂછવું. અમે એમ નથી કહેતા કે ચાંડાલ જાતિથી પોતાનાં આચરણથી અથવા કર્મથી ઉંચો છે, પરંતુ બીજા કારણથી જ તે ઉંચો છે. તે (અર્થ) 'ચાંડાલ (તે) આ કારણથી ઉંચો છે' શબ્દોથી કહેલ છે. પહેલી વાર (ભગવાનનાં) નામનાં માહાત્મ્યનો હૃદયમાં પ્રવેશ થતાં, પહેલાં બ્રાહ્મણનું માહાત્મ્ય જાણનારી (દેવહૂતિ) હવે (બ્રાહ્મણનું) હલકાપણું (જાણતાં), 'અહો !' શબ્દથી આશ્ચર્ય દર્શાવે છે. બ્રાહ્મણપણાંની દૃષ્ટિથી ભેદ દર્શાવવા 'બત !' એમ ( કહે છે ), અથવા પોતાની અંદર બ્રાહ્મણપણું ન હોવાથી આટલા સમય સુધી ચિંતાતુર રહેલી, (હવે) નામનું માહાત્મ્ય જણાતાં 'બત' શબ્દથી હર્ષ દર્શાવે છે. આ કારણથી ચાંડાલ ઉંચો છે. બ્રાહ્મણ સંતોષી હોવા છતાં પોતાના કર્મોનું ઉત્તમપણું જાણી કોઈક સમયે (ભગવાનના નામ સિવાયનું) બીજું બોલે, અથવા અભિમાન વિગેરે દોષવાળો થાય, તેથી તેનામાં (તેથી જીભ ઉપર ભગવાનનું) નામ ન રહે. તેથી નામનું કાયમનું સ્થાન ચાંડાલની જીભ જ છે, કારણ કે તે જ તેવો દેખાય છે. તે વાલ્મીકિ જણાવેલો છે. વળી જેની જીભ ઉપર રહેલું નામ પણ જેમ તેણે રામની કથા લોકમાં પ્રકટ કરી તેમ 'તુભ્યમ્' આપ (ભગવાન્) માટે જ હોય છે, પરંતુ તેનાથી પણ શુદ્ધિ થતાં બીજું (કાંઈ) કામ કરતો નથી.

આ (આવું) નામનું માહાત્મ્ય અસંભવિત છે એમ વિચારી, ઉત્તરાર્ધથી તે યુક્તિ (તર્ક)થી સાબિત કરે છે. જેઓએ પહેલાના જન્મમાં પ્રથમ તપ કરેલું, પછી શુદ્ધ બ્રાહ્મણનો જન્મ થતાં 'જુહુવુઃ' યજ્ઞ વિગેરે કર્યા, તેનાથી પણ ઉત્તમ જન્મ થતાં 'સસ્નુઃ' સર્વ તીર્થોમાં જઈ (સ્નાન કરેલ), ત્યારપછીના જન્મમાં આર્યો થઈ વેદ અને વેદના અર્થમાં ઘણા પ્રવીણ થએલ, ત્યારપછીના જન્મમાં પણ ઘણો જ ઉત્તમ દેહ પ્રાપ્ત કરી વ્યાસ વાલ્મીકિ શુક પરાશર વિગેરે જેવા થઈ 'બ્રહ્માનૂચુઃ' બ્રહ્મનો ઉપદેશ કરનારા થએલા હોય, તેઓ જ (ભગવાનનું) નામ લે છે. તેથી ચાંડાલ પણ તેવી રીતે (ભગવાનનું) નામ લેતો હોવાથી, તે સદા નામનો ઉચ્ચાર કરતો હોવાથી એવો નિશ્ચય થાય છે કે માત્ર થોડા પાપને લીધે ભગવાનની ઈચ્છાથી નામનું માહાત્મ્ય પ્રસિદ્ધ કરવા માટે તે ચાંડાલ જન્મેલો છે, (અને) તેવી રીતે જન્મેલો આ મહાપુરુષ જ છે. તેથી (પૂર્વાર્ધમાં) કહ્યું તે યોગ્ય છે, એવો અર્થ છે. ૭.

એવી રીતે સાક્ષાત્ અને પરંપરાથી ભગવાનનું માહાત્મ્ય કહીને, ઈચ્છેલો પદાર્થ પ્રાપ્ત થાય તે માટે નીચેના શ્લોકમાં તેમને નમન કરે છેઃ

**તં ત્વામહં બ્રહ્મ પરં પુમાંસં પ્રત્યક્સ્રોતસ્યાત્મનિ સંવિભાવ્યમ્ ।।**
**સ્વતેજસા ધ્વસ્તગુણપ્રવાહં વન્દે વિષ્ણું કપિલં વેદગર્ભમ્ ।।૮।।**

તે આપ પરબ્રહ્મ પુરુષ અંદર વાળેલા ચિત્તથી ચિંતન કરવા યોગ્ય, પોતાના તેજથી ગુણોના પ્રવાહનો નાશ કરનાર, વેદ જેમની અંદર રહેલ છે તેવા વિષ્ણુ કપિલને હું નમન કરું છું. ૮.

'તે' ઉપર જણાવેલી પ્રસિદ્ધિવાળા, તેવા જ સર્વ તરફ જણાતા આપને (હું નમન કરું છું). ''વ્યવહારમાં (કપિલ) પુત્ર હોવાથી નમસ્કાર કરવો અયોગ્ય છે'' એવી શંકા થાય, તેથી 'પરબ્રહ્મ' એમ કહેલું છે. આ વ્યવહાર જીવો વચ્ચે હોય છે, પણ પરબ્રહ્મમાં હોતો નથી. તેમનામાં લૌકિક સંબંધથી થતા ગુણો તથા દોષો હોતા નથી. તે જ સર્વત્ર દેહમાં રહેલા હોવાથી 'પુરુષ' (કહેલ છે). વળી આપ જ ઉપાસના કરવા યોગ્ય છો, કારણ કે 'કોઈક ધીરે અંદર આત્માને જોયા' એ શ્રુતિ પ્રમાણે 'પ્રત્યક્સ્રોતસિ' અંદર વાળેલા ચિત્તથી સારી રીતે ચિંતન કરવા યોગ્ય આપ છો. આપ તે છો, તેથી આપ ફલરૂપ છો અને સાધનરૂપ છો.

એ પ્રમાણે (કપિલ) ભગવાનનો અવતાર હોવાનું કહી, 'પોતાના તેજથી ગુણોના પ્રવાહનો નાશ કરનાર' વિશેષણથી તે (અવતાર)નો પણ ખાસ ગુણ કહેલો છે. પોતાનાં જ 'તેજથી' એટલે ચિત્ શક્તિથી પોતે પ્રકટ કરેલ જ્ઞાનથી નાશ કરેલ છે ગુણોના પ્રવાહનો એટલે દેહ વિગેરેના અધ્યાસનો જેમણે તેવા છે. તેથી એમ કહેલું છે કે જ્ઞાનની કલાથી અવતાર ધારણ કરેલા જ સેવા કરવા યોગ્ય છે. તેથી તેમને જ નમન કરું છું. 'વિષ્ણુ' શબ્દથી તેમનું મૂલ સ્વરૂપ અથવા વેદના અર્થનું સ્વરૂપ (કહેલું છે). 'વેદ જેમની અંદર રહેલ છે' શબ્દથી પ્રમાણ (કહેલું છે). વેદો આપના જ નિઃશ્વાસ છે એવો અર્થ છે. ૮.

એ રીતે (દેવહૂતિએ) સ્તુતિ કરી, ત્યારે માતાનો અભિપ્રાય જાણી (કપિલ) પ્રસન્ન થયા, એમ (મૈત્રેય) નીચેના શ્લોકમાં કહે છેઃ

।। મૈત્રેય ઉવાચ ।।

**ઈડિતો ભગવાનેવં કપિલાખ્યઃ પરઃ પુમાન્ ।।**
**વાચા વિક્લવયેત્યાહ માતરં માતૃવત્સલઃ ।।૯।।**

એ પ્રમાણે સ્તુતિ કરાએલા માતા ઉપર પ્રેમ રાખનાર કપિલ નામના પરપુરુષ ભગવાને ગદ્ગદ્ વાણીથી માતાને નીચે પ્રમાણે કહ્યું. ૯.

આમની સ્તુતિ કરવી યોગ્ય છે એમ જણાવવા 'ભગવાન્' કહેલ છે, એ પ્રમાણે સ્તુતિ કરાએલા 'કપિલ' એવું માત્ર (જેમનું) નામ છે (પણ) વાસ્તવિક રીતે

(જે) પર (ઉત્તમ) જ પુરુષ છે, (એમ અમુક) કાર્ય માટે જ ભગવાનપણું નથી એમ જણાવવા કહેલું છે. 'ગદ્‌ગદ્ વાણીથી' શબ્દોથી તે (દેવહૂતિ)ના ઉપર દયા ઉત્પન્ન થએલી હોવાનું સૂચવેલ છે. માતાની બધીએ સ્તુતિ ઉત્તમ છે એમ જણાવવા 'માતાને' એમ કહેલું છે. વળી આ પ્રસન્નતા સંપૂર્ણરીતે મર્યાદાથી કરેલી નથી, પરંતુ કૃપાથી કરેલી છે એમ 'માતા ઉપર પ્રેમ રાખનાર' વિશેષણથી કહેલું છે. 'માતૃવત્સલઃ' એટલે માતા ઉપર પ્રેમ રાખનાર. ૯.

નીચેના શ્લોકથી આરંભી કપિલ (પોતાની) કૃપા અને માર્ગનું માહાત્મ્ય અનુક્રમે કહે છે:

।। કપિલ ઉવાચ ।।

**માર્ગેણાનેન માતસ્તે સુસેવ્યેનોદિતેન મે ।।**

**આસ્થિતેન પરાં કાષ્ઠામચિરાદવરોત્સ્યસિ ।।૧૦।।**

હે માતા ! તારાથી સહેલાઈથી આચરી શકાય તેવો મેં કહેલો આ માર્ગ આચરવાથી તું થોડા સમયમાં ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરીશ. ૧૦.

હે માતા ! મેં કહેલા, સહેલાઈથી આચરી શકાય તેવા ભગવાનનાં ધ્યાન સાથેના યોગરૂપ આ માર્ગથી (તું ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરીશ). 'મેં કહેલા' વિશેષણથી (એમ જણાવેલું છે કે મેં) બીજાએ કહેલો કહેલ હોય તો તેમાં રહેલાં બીજાં અંગોની જરુર છે કે નહિ એવો સંદેહ પણ રહે, (પણ) મેં જ કહેલો હોવાથી આમાં બીજાની જરુર રહેતી નથી. તેથી જે (આ માર્ગ) સારી રીતે આચરવાથી થોડા જ સમયમાં તું 'ઉત્તમ સ્થિતિ' એટલે જેમાં (આત્મા સિવાય કોઈનું) ભાન રહેતું નથી તેવી સમાધિ અને ત્યાર પછી ભગવાન્ સાથેનું સાયુજ્ય 'અવરોત્સ્યતિ' પ્રાપ્ત કરીશ, એવું (મારું) વરદાન છે. ૧૦.

નીચેના શ્લોકમાં પોતે કહેલા માર્ગનું ઉત્તમપણું કહે છે:

**શ્રદ્ધત્સ્વૈતન્મતં મહ્યં જુષ્ટં યદ્ બ્રહ્મવાદિભિઃ ।।**

**યેન મામભયં યાયાન્મૃત્યુમૃચ્છન્ત્યતદ્વિદઃ ।।૧૧।।**

આ મારો મત જે બ્રહ્મવાદીઓએ સ્વીકારેલો છે, અને જેથી ભયરહિત મને પ્રાપ્ત કરે છે તેના ઉપર તું શ્રદ્ધા રાખ. તેને ન જાણનારાઓ મૃત્યુ પ્રાપ્ત કરે છે. ૧૧.

ફલ પણ હું જ છું, એમ (આ શ્લોકથી) કહે છે. 'મારો' એટલે મારા સંબંધવાળો આ મત પ્રામાણિક છે, કારણ કે બ્રહ્મવાદીઓએ સ્વીકારેલો છે. 'જેથી ભયરહિત મને પ્રાપ્ત કરે છે' શબ્દોથી એમ કહેલું છે કે તે અવશ્ય ફલ પ્રાપ્ત કરાવનારો છે. જે મતથી 'ભયરહિત' શબ્દથી પોતે જ (પ્રાપ્ત થતાં) ફલરૂપ (હોવાનું કહેલ છે).

'આ મત ન જાણનારાઓ તો મૃત્યુ જ પ્રાપ્ત કરે છે' એમ બીજાની નિંદા કરીને પણ આ મત દઢ કરેલો છે. બીજાઓને મૃત્યુની પ્રાપ્તિ તો પોતાનાં કારણથી જ થાય છે, તેથી આ ધર્મમાં સંપૂર્ણ શ્રદ્ધા રહે તે માટે તેની પ્રશંસા કરવા માટે જ આ કહેલું છે. ૧૧.

આટલું કહીને, તે (દેવહૂતિ)ને કૃતકૃત્ય જાણીને (કપિલ) પોતે ત્યાંથી નીકળી ગયા, એમ (મૈત્રેય) નીચેના શ્લોકમાં કહે છેઃ

॥ મૈત્રેય ઉવાચ ॥

**ઇતિ પ્રદર્શ્ય ભગવાનુશતીમાત્મનો ગતિમ્ ॥**
**સ્વમાત્રા બ્રહ્મવાદિન્યા કપિલોऽનુમતો યયૌ ॥૧૨॥**

એ પ્રમાણે આત્માની સુંદર ગતિનું જ્ઞાન કરાવી, પોતાની બ્રહ્મવાદિની માતાએ રજા આપેલ ભગવાન્ કપિલ (ત્યાંથી) ગયા. ૧૨.

ઉપદેશ આપનારનાં માહાત્મ્યને લીધે માત્ર (ઉપદેશ) કહેવાથી જ તે (દેવહૂતિ)ને શાસ્ત્રાર્થનું જ્ઞાન થશે એવા અભિપ્રાયથી 'ભગવાન્' એમ કહેલું છે, અને (આત્માની) ગતિ 'ઉશતી' સુંદર (જણાવી). (કપિલ) પોતે જ ફલ હોવાથી પોતાને જ તેનું જ્ઞાન છે, બીજાને નથી એમ જણાવેલું છે. તેણે કહેલ અર્થનો તેણે (દેવહૂતિએ) પણ હૃદયમાં નિશ્ચય કર્યો એમ જણાવવા 'પોતાની માતાએ' એમ કહેલું છે. પહેલાનું લક્ષણ તજી, શાસ્ત્રાર્થ દઢ થવાને લીધે તે પણ બ્રહ્મવાદિની થઈ. જેની જે મતમાં ઘણી જ આસક્તિ હોય, તે વ્યવહારમાં પણ તે (મત)નો જ વાદ કરે છે, અને તે (બ્રહ્મવાદ)નું ફલ મોહ જતો રહેવાનું છે. તેથી જ તેણે (કપિલને જવાની) રજા આપેલ. (કપિલ) પોતે તો મોહ વિનાના જ હતા, તેથી ગયા. જે દેશમાં તે જવાના હતા, તે તે (દેવહૂતિ)ને મોક્ષ થયા(નું કહ્યા) પછી કહેશે. તેમ ન કરે, તો ફલમાં વિરોધ થતાં, કહેલું બધુંએ નકામું થાય. ૧૨.

નીચેના શ્લોકથી આરંભી વીસ (શ્લોકો)થી તેને તે માર્ગ ફળ્યો, એમ કહે છેઃ

**સા ચાપિ તનયોક્તેન યોગાદેશેન યોગયુક્ ॥**
**તસ્મિન્નાશ્રમ આપીડે સરસ્વત્યાઃ સમાહિતા ॥૧૩॥**

અને તે (દેવહૂતિ) પણ પુત્રે કહેલા યોગના ઉપદેશ પ્રમાણે સરસ્વતીના મુકુટરૂપ તે આશ્રમમાં યોગ આચરનારી થઈ સાવધાન અંતઃકરણવાળી થઈ. ૧૩.

ત્યાગ યોગનો જરુરી ભાગ ન હોવાથી (અને દેવહૂતિને) પોતાને ત્યાગનો અધિકાર ન હોવાથી તે તેજ આશ્રમમાં રહી, એમ આ શ્લોકમાં કહેલ છે. ઉપર વર્ણન[1] કર્યું તેવી હોવા છતાં પોતાના આશ્રમમાં રહી (અને) પુત્રે કહેલા યોગના

ઉપદેશ પ્રમાણે યોગ આચરનારી થઈ. પોતાનાં ઘરમાં યોગ થઈ શકે નહિ, એવો દોષ તેમાં નહતો, કારણ કે તે આશ્રમ સરસ્વતીના 'આપીડં' મુકુટ સમાન હતો. ઘર (હોવું) અથવા ઘર ન હોવું જરુરી નથી, પરંતુ ઉત્તમ પ્રદેશ (હોવો)જ (જરુરી છે). 'સમાહિતા' એટલે સાવધાન અંતઃકરણવાળી. આથી યમો[2] કહ્યા. ૧૩.

૧. ઉપર 'બ્રહ્મવાદિની' કહેલી છે તે.

૨. યોગનાં આઠ અંગો પૈકી પહેલું અંગ 'યમ' એટલે સંયમ.

**અભીક્ષ્ણાવગાહકપિશાન્ જટિલાન્ કુટિલાલકાન્ ।।**
**આત્માનં ચોગ્રતપસા બિભ્રતી ચીરિણં કૃશમ્ ।।૧૪।।**

વારંવાર સ્નાન કરવાથી વાંકડીઆ હતા તે પિંગળા અને ગુંચોવાળા થએલ કેશને, અને તીવ્ર તપથી દુબળા થએલા, ચીંથરૂં પહેરેલા દેહને ધારણ કરતી હતી. ૧૪.

તેલવાળા અને વાંકડીઆ કેશ પણ સંસ્કાર વિના વારંવાર સ્નાન કરવાથી પીંગળા રંગના થયા, અને ગુંચોવાળા એટલે એકબીજામાં ભળી ગએલા (થયા). પહેલાં (તે) વાંકડીઆ કેશ હતા. આવા (કેશ) ધારણ કરતી હતી, એમ દેશના અને સાહાય્ય કરનારના સંસ્કાર ન થવાનું કહેલું છે. ઉત્તરાર્ધથી શરીરને પણ સંસ્કાર ન થવાનું કહે છે. 'ચ' 'અને' શબ્દથી દાંત નખ વિગેરેના પણ સંસ્કારો થતા ન હોવાનું કહેલું છે. (દેહ) તીવ્ર તપવાળો દુબળો (થએલો). તપથી જ જ્ઞાન થતું હોવાથી નિયમો[1] પછી તપ કહેલું છે, અને તપ અંગો સાથે (કરેલું) એમ 'ચીંથરૂં પહેરેલા' શબ્દથી કહેલું છે, કારણ કે ચીંથરીઆં વસ્ત્રથી જ તપ કરવું જોઈએ. વળી દુબળાપણું તે (તપ)ને જણાવનારું છે. ૧૪.

૧. યોગનાં આઠ અંગો પૈકી બીજું અંગ નિયમ છે. સ્નાન, તપ વિગેરે નિયમો છે.

તેને (થએલ) વૈરાગ્યનું નિરૂપણ કરવા, નીચેના શ્લોકથી આરંભી પાંચ (શ્લોકો)થી (તેના) ઉત્તમ પદાર્થોનું વર્ણન કરે છેઃ

**પ્રજાપતેઃ કર્દમસ્ય તપોયોગવિજૃમ્ભિતમ્ ।।**
**સ્વગાર્હસ્થ્યમનૌપમ્યં પ્રાર્થ્યં વૈમાનિકૈરપિ ।।૧૫।।**

પ્રજાપતિ કર્દમનાં તપ અને યોગનાં ફલરૂપ, જેની સરખામણી થઈ શકે નહિ તેવો, વિમાનમાં ફરનારાઓએ પણ માંગવા યોગ્ય પોતાનો ગૃહસ્થાશ્રમ... ( તજી, એમ શ્લો. ૨૦ સાથે સંબંધ છે ). ૧૫.

**અલૌકિકં તદુત્કૃષ્ટં સર્વોપકરણોત્તમમ્ ।।૧૧।।**
**ગૃહં ચ સર્વશોભાઢ્યમુદ્યાનાતિમનોહરમ્ ।।**

**મનઃસૌખ્યપ્રદં સ્વસ્ય તાદૃશે મમતાં ત્યજેત્ ।।૧૨।।**

તે અલૌકિક ઉત્તમ (૧૫) સર્વ ઉત્તમ સામગ્રીવાળું (૧૬) સર્વ પ્રકારની શોભાથી ભરપૂર (૧૭) બગીચાને લીધે ઘણું મનોહર (૧૮) મનને સુખ આપનારું ઘર (૧૯) (હતું). તેવા (ઘર)માંની પોતાની મમતાનો ત્યાગ કરવો જોઈએ. કા. ૧૨.

**અવિદ્યમાનસંત્યાગે લોકયોર્ભ્રષ્ટ એવ હિ ।।**
**ઐહિકં સુગમં નો ચેદ્દૂરે હ્યન્યસ્ય સાધનમ્ ।।૧૩।।**

ન હોય તેનો ત્યાગ કરવાથી બંને લોકથી ભ્રષ્ટ જ થવાય, કારણ કે જો આ લોકનું સુખ સહેલાઈથી પ્રાપ્ત થતું ન હોય, તો બીજા (લોકનાં સુખ)ની પ્રાપ્તિ દૂર જ રહી. કા. ૧૩.

આરંભમાં તેનો ગૃહસ્થાશ્રમ અલૌકિક હતો એમ કહે છે, બ્રહ્માની સમાન પ્રજાપતિ, નામથી પણ[1] બ્રહ્માની સમાન પ્રજાપતિનાં તપ અને યોગનાં ફલરૂપ વિવાહથી આરંભી વિમાનમાંના ભોગ વિગેરે, તપ અને યોગથી જ ઉત્પન્ન થએલા. જો કે (તે) ભગવાને પ્રાપ્ત કરાવેલા, છતાં પણ તે (ભગવાને પ્રાપ્ત કરાવેલ હોવા)પણું ત્યાગ કરવાના કારણરૂપ નથી, તેથી 'તપ અને યોગનાં ફલરૂપ' એમ જ કહેલું છે. 'ગાર્હસ્થ્યમ્' એટલે સામગ્રી સાથેનો ગૃહસ્થાશ્રમ. (તે) ઉત્તમ લોકોનાં ફલરૂપ હોવાથી, અને કિન્નર વિગેરેનાં ફલરૂપ હોવાથી, અને મર્યાદાથી તેવું ઉત્તમપણું થતું ન હોવાથી, જેની સમખામણી થઈ શકે નહિ તેવો હતો. બ્રહ્મા વિગેરેને ગૃહસ્થાશ્રમ ન હોવાથી, કર્દમનો ગૃહસ્થાશ્રમ સરખામણી (કોઈથી) થઈ શકે નહિ તેવો જ હતો. ''વિમાનમાં ફરનારા કિન્નરો વિગેરેનો તેવો (ગૃહસ્થાશ્રમ) હોવાનું સંભવતું હશે'' એવી શંકા થાય તેથી '(વિમાનમાં ફરનારાઓએ પણ) માગવા યોગ્ય' શબ્દથી તે દૂર કરે છે. ચોક્કસ ભોગવાળાઓમાં વિમાનમાં ફરનારાઓ ઉત્તમ છે. ૧૫.

૧. 'કર્ચ' અને 'દમ' એવા અર્થ પ્રમાણે નામ હોવાથી તે પ્રજાપતિની સમાન હતો. (પ્ર). 'પ્રજાપતિ' હોવાથી બ્રહ્માની તુલ્ય છે, કારણ કે બ્રહ્મા પણ પ્રજાપતિ છે.

નીચેના શ્લોકમાં સામગ્રી (ઘરવખરી) ઉત્તમ હોવાનું કહે છેઃ

**પયઃફેનનિભાઃ શય્યા દાન્તા રુક્મપરિચ્છદાઃ ।।**
**આસનાનિ ચ હૈમાનિ સુસ્પર્શાસ્તરણાનિ ચ ।।૧૬।।**

દૂધના ફીણ જેવી શય્યાઓ, ઉપરના ભાગમાં સુવર્ણથી જડેલ હાથીદાંતના પલંગો અને સુવર્ણનાં આસનો અને ઘણી કોમલ ચાદરો ( તજી...શ્લોક ૨૦ ). ૧૬.

દૂધના ફીણ જેવી કોમલ ઉજ્જળી ઉંચી શય્યાઓ. હાથીદાંતનાં બનાવેલા

ઉપરના ભાગમાં સુવર્ણથી જડેલ પલંગો, જે હાથીદાંતના કાષ્ઠના અંશવાળા છેડાઓ સુવર્ણથી ચિતરેલા હતા. આસનો અને 'ચ' 'અને' શબ્દથી જણાવેલ વાસણો પણ સુવર્ણનાં બનાવેલાં હતાં. 'સુસ્પર્શાનિ' જાતજાતનાં ઘણાં કોમલ વસ્ત્રોની ચાદરો હતી. વાસણ અને વસ્ત્ર રૂપ એવી બે પ્રકારની ઘરવખરી હોવાથી બે કહેલાં છે. ૧૬.

**સ્વચ્છસ્ફટિકકુડ્યેષુ મહામારકતેષુ ચ ।।**
**રત્નપ્રદીપા આભાન્તિ લલના રત્નસંયુતાઃ ।।૧૭।।**

મોટા મરકત (મણિ)ની બનાવેલી અને નિર્મળ સ્ફટિક (મણિ)ની બનાવેલી ભીંતોમાં રત્નના બનાવેલ (કોડીઆવાળા) દીવાઓ શોભતા હતા (અને) રત્ન (ના અલંકારો)વાળી સ્ત્રીઓ શોભતી હતી. ૧૭.

'સ્વચ્છાનિ' નિર્મળ સ્ફટિક (મણિ)ની બનાવેલી હતી ભીંતો જે ઘરોમાં, અથવા (તેવી) ભીંતો જ (હતી). (તેમાં) અને મોટા મરકત (મણિ)ની બનાવેલી (ભીંતો)માં જડેલાં રત્નના બનાવેલ (કોડીઆવાળા) દીવાઓ શોભતા હતા. સ્ત્રીઓ વિનાનાં ઘરો પણ શોભતાં ન હોવાથી રત્નના અલંકારો પહેરેલી 'લલનાઃ' સ્ત્રીઓ પણ તે ઘરોમાં શોભતી હતી. ૧૭.

**ગૃહોદ્યાનં કુસુમિતૈ રમ્યૈ બહ્વમરદ્રુમૈઃ ।।**
**કૂજદ્વિહગમિથુનં ગાયન્મત્તમધુવ્રતમ્ ।।૧૮।।**

ઘરનો બગીચો ઘણાં પુષ્પોવાળાં દેવતાઈ વૃક્ષોથી રમણીય હતો. તેમાં પક્ષીઓનાં જોડાંઓ કૂજન કરતાં હતાં અને મત્ત ભમરાઓ ગુંજાર કરતા હતા. ૧૮.

ઘરનો 'બગીચો' એટલે પુષ્પોવાળી વાડી, દેવતાઈ વૃક્ષો એટલે કલ્પવૃક્ષોથી રમણીય હતી, જેની અંદર કૂજન કરતાં પક્ષીઓનાં જોડાંઓ હતાં (અને) ગુંજાર કરતા મત્ત ભમરાઓ હતા. બગીચો સર્વ ઈન્દ્રિયોને આનંદ કરાવનારો અને (રસની) વૃદ્ધિ અને ઉત્પત્તિ કરાવનારો હોવાનું જણાવવા કબૂતરોનું કૂજન અને ભમરાઓનો ગુંજાર કહેલાં છે. ૧૮.

**યત્ર પ્રવિષ્ટમાત્માનં વિબુધાનુચરા જગુઃ ।।**
**વાપ્યામુત્પલગન્ધિન્યાં કર્દમેનોપલાલિતમ્ ।।૧૯।।**

જેમાં પ્રવેશ કરેલીનું પોતાનું દેવોના સેવકો ગાન કરતા, (અને) કમલની સુગંધવાળી વાવમાં પ્રવેશ કરેલીનું કર્દમે લાડ લડાવેલીનું (પોતાનું દેવોના સેવકો) ગાન કરતા હતા. ૧૯.

જે વિમાન બગીચો અથવા ઘરમાં પ્રવેશ કરેલીનું પોતાનું એટલે દેવહૂતિનું ગંધર્વો વિગેરે દેવોના સેવકો ગાન કરતા હતા, અને કમલની સુગંધવાળી વાવમાં પ્રવેશ

કરેલીનું કર્દમે લાડ લડાવેલીનું (દેવહૂતિનું દેવોના સેવકો) ગાન કરતા હતા, અથવા (વાવમાં) કર્દમ સાથે રહેલીનું પોતાનું (દેવહૂતિનું) ગાન કરતા હતા. ૧૯.

એ પ્રમાણે ગૃહસ્થાશ્રમનું વર્ણન કરીને, ભગવાનનું ધ્યાન કરવા માટે જ તેનો ત્યાગ (કરવો) યોગ્ય છે એમ કહેવા, મોક્ષ (પ્રાપ્તિ)નાં શાસ્ત્ર પ્રમાણે ભગવાનનું સ્મરણ દઢ થતું ન હોવાથી, (દેવહૂતિને) સદા ભગવાનનું સ્મરણ થાય તે માટે ભગવાનની ઈચ્છાથી (તેને) ભગવાન્ તરીકે અને પુત્ર તરીકે પુત્ર ઉપર સ્નેહ રહ્યો, એમ નીચેના શ્લોકથી આરંભી કહે છેઃ

**હિત્વા તદીપ્સિતતમમપ્યાખણ્ડલયોષિતામ્ ।।**
**કિઞ્ચિચ્ચકાર વદનં પુત્રવિશ્લેષકાતરમ્ ।।૨૦।।**

ઈંદ્રની સ્ત્રીઓએ પણ સર્વથી વધારે ઈચ્છવા યોગ્ય તેનો ત્યાગ કરીને તેણે પુત્રના વિયોગને લીધે મુખ કાંઈક વ્યાકુલ કર્યું. ૨૦.

'આખણ્ડલયોષિતામ્' ઈંદ્રની સ્ત્રીઓએ પણ સર્વથી વધારે ઈચ્છવા યોગ્ય તે ઘરનો ત્યાગ કરીને, પુત્ર ગયો ત્યારે પુત્રના વિયોગને લીધે તેણે મુખ કાંઈક વ્યાકુલ કર્યું, શાસ્ત્ર અને પુત્રપણું બંને સચવાઈ રહે તે માટે 'કાંઈક' (વ્યાકુલ કર્યું) 'કિઞ્ચિત્', 'કાંઈક' અવ્યય અથવા ક્રિયાવિશેષણ છે. ૨૦.

માત્ર મુખમાં જ ફેરફાર થયો એમ નહિ, પરંતુ હૃદયમાં પણ થયો, એમ નીચેના શ્લોકમાં કહે છે.ઃ

**વનં પ્રવ્રજિતે પત્યાવપત્યવિરહાતુરા ।।**
**જ્ઞાતતત્ત્વાડપ્યભૂન્નષ્ટે વત્સે ગૌરિવ વત્સલા ।।૨૧।।**

પતિ સંન્યાસ લઈ વનમાં ગએલા (અને) પુત્રના વિરહથી દુઃખી થએલી (પુત્ર ઉપર) પ્રેમવાળી તે તત્ત્વ જાણેલી હોવા છતાં પણ વાછડો ગૂમ થતાં જેમ ગાય દુઃખી થાય તેમ દુઃખી થઈ. ૨૧.

પતિએ સંન્યાસ લીધો અને વનમાં પ્રવેશ કર્યો, (કારણ કે) સંન્યાસ એટલે તો લોકનો સંપૂર્ણ ત્યાગ હોવાથી, લોકમાં રહેલો ત્યાગી હોતો નથી. ભિક્ષા વિગેરે (સંન્યાસીએ કરવાના ) જે નિયમો કહેલા છે, તે (સંન્યાસ) આશ્રમમાં રહેનારાઓ માટે (કહેલા છે, અને) તેમાં પહેલાં પ્રાપ્ત કરેલા પદાર્થોનો જ ત્યાગ કરવાનો હોય છે. સ્વતંત્ર રીતે ત્યાગ કરવામાં આવે, ત્યારે વનમાં જ પ્રવેશ (કરવો જોઈએ). તે (અર્થ) 'વનમાં ગએલા' શબ્દોથી કહેલો છે. વળી પુત્રના વિરહથી (તે) દુઃખી થઈ. વિરહ સદાનો (હોવાનું) કહેલ છે, કારણ કે તે વનમાં ગએલા છે. તે પતિના વિરહની સાથે પુત્રનો વિરહ (થયાનું) કહ્યું, તેથી તે પણ સદાનો (થયો) તેથી દુઃખી થઈ.

''શાસ્ત્ર પ્રમાણે જ્ઞાનથી દેહનો અધ્યાસ દૂર થશે, ત્યારે બંને વિરહ દુઃખ નહિ કરે'' એવી શંકા થાય, તેથી 'તત્ત્વ જાણેલી' એમ કહેલું છે. જાણેલું હતું તત્ત્વ આત્માનું જેણે, આવી છતાં પણ પુત્ર દૂર ગયા ત્યારે વાછડો ગૂમ થાય ત્યારે જેમ ગાય દુઃખી થાય, તેમ દુઃખી થઈ, કારણ કે (તે) 'વત્સલા' પુત્ર ઉપર ઘણા પ્રેમવાળી હતી. ૨૧.

આ પ્રેમ તેને લાભકારી થયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તમેવ ધ્યાયતી દેવમપત્યં કપિલં હરિમ્ ।।**
**બભૂવાચિરતો વત્સ નિઃસ્પૃહા તાદૃશે ગૃહે ।।૨૨।।**

તે જ દેવ પુત્ર હરિ કપિલનું ધ્યાન ધરતી, હે વહાલા ! તે થોડા સમયમાં તેવા ઘરની ઈચ્છા વિનાની થઈ. ૨૨.

યોગમાં તે જ પુત્ર ભગવાનનું ધ્યાન ધરતી 'અચિરતઃ' થોડા જ સમયમાં તેવા ઘરની ઈચ્છા વિનાની તે થઈ, કારણ કે તે હરિ (દુઃખ હરનારા) છે અને ઈચ્છા દુઃખરૂપ છે. 'હે વહાલા !' એ વિદુરનું સંબોધન એમ જણાવવા (કરેલું છે) કે તારે (વિદુરે) પણ આ કરવું જોઈએ. ચાલુ પ્રસંગમાં ત્યાગ (કરવા) રૂપ વૈરાગ્ય (જરુરી) ન હોવાથી, ઈચ્છા ન હોવાનું જ કહેલું છે. ૨૨.

ભગવાનનાં ધ્યાનથી માત્ર ઘરમાંની આસક્તિ ગઈ એટલું જ નહિ, પરંતુ યોગ પણ ફળ્યો, એમ નીચેના શ્લોકથી આરંભી કહે છેઃ

**ધ્યાયતી ભગવદ્રૂપં યદાહ ધ્યાનગોચરમ્ ।।**
**સુતં પ્રસન્નવદનં સમસ્તવ્યસ્તચિન્તયા ।।૨૩।।**

પુત્રે ધ્યાનમાં પ્રકટ થતું જે ભગવાનનું સ્વરૂપ કહેલું તેનું પ્રસન્ન મુખવાળા પુત્રનું (સર્વ અંગોનાં) એકત્ર અને છૂટાં છૂટાં ચિંતનથી ધ્યાન ધરવા લાગી. ૨૩.

સર્વ યોગીઓને ધ્યાનમાં પ્રકટ થતું જે ભગવાનનું સ્વરૂપ પુત્રે કહેલું તેનું- પુત્ર જ ભગવાન્ હોવાથી પુત્રનું-ધ્યાન ધરવા લાગી. અથવા 'સુતઃ' 'પુત્રે' (કહેલું) એવો પાઠ (લેવો). તેને ધ્યાનમાં પ્રસન્ન થએલા જ ભગવાન્ પ્રકટ થયા, એમ (તેનું) કાર્ય ફળ્યું એમ સૂચવવા 'પ્રસન્ન મુખવાળા' વિશેષણથી (ભગવાનની) કૃપા કહેલી છે. ધ્યાન (સર્વ અંગોનું) એકત્ર અને છૂટા છૂટા પ્રકારથી (કરવાનું) કહેલું હોવાથી, તેવી જ રીતે (કર્યું), એમ 'એકત્ર અને છૂટાં છૂટાં ચિંતનથી' શબ્દથી કહેલું છે. એકત્ર ચિંતન (કરવાનું) ૩।૨૮।૧૩ (થી ૨૦ સુધીના શ્લોકો)થી (અને) છૂટું છૂટું ચિંતન ૩।૨૮।૨૧ (થી ૩૩ સુધીના શ્લોકો)થી (કહેલું છે). ૨૩.

ચાર (શ્લોકો)થી તેવાં ધ્યાનથી જે (ફલ) થયું તે કહે છેઃ

**ભક્તિપ્રવાહયોગેન વૈરાગ્યેણ બલીયસા ।।**
**યુક્તાનુષ્ઠાનજાતેન જ્ઞાનેન બ્રહ્મહેતુના ।।૨૪।।**
**વિશુદ્ધેન તદાત્માનમાત્મના વિશ્વતોમુખમ્ ।।**
**સ્વાનુભૂત્યા તિરોભૂતમાયાગુણવિશેષણમ્ ।।૨૫।।**

ભક્તિના પ્રવાહરૂપ યોગથી, દઢ વૈરાગ્યથી, યોગ્ય ચરિતના સમૂહથી (અને) બ્રહ્મ પ્રાપ્ત કરાવનાર જ્ઞાનથી તરત ઘણાં શુદ્ધ થએલાં ચિત્તથી સર્વત્ર રહેલા અને પોતાના અનુભવ પ્રમાણે જેમાંથી માયા (તેના) ગુણો અને કર્મો તિરોહિત થએલાં છે તેવા આત્માનું ધ્યાન ધરતી હતી. (શ્લો. ૨૩). ૨૪।૨૫.

**ચિત્તશુદ્ધેઃ સાધનાનિ કાર્યં શુદ્ધસ્ય ચેતસઃ ।।**
**જ્ઞાનસ્યાપ્યુત્તમાવસ્થા દોષાભાવશ્ચ સર્વતઃ ।।૧૪।।**

ચિત્તશુદ્ધિનાં સાધનો (૨૪) શુદ્ધ ચિત્તનું કાર્ય (૨૫) અને જ્ઞાનની થતી ઉત્તમ સ્થિતિ (૨૬) અને સંપૂર્ણ રીતે દોષ વિનાના હોવાનું (૨૭) કહેલ છે.કા.૧૪.

ભગવાનના ચિંતનથી ધીરે ધીરે તેણે ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરી એમ કહેવા, (તે) ચિંતનથી થએલો ક્રમ કહે છે. આરંભમાં ભક્તિનો પ્રવાહ થયો, અને તે ઉપાય બનેલ હોવાથી યોગ છે. ધ્યાનથી આરંભમાં ભક્તિયોગ થયો, એવો અર્થ છે. ભક્તિનો પ્રવાહ સદાનો જ થએલ હોવાથી 'પ્રવાહ' શબ્દ યોજેલ છે. પછી દઢ વૈરાગ્ય થયો. પછી ભગવાનના ગુણોમાં ઘણી શ્રદ્ધા હોવાથી પરલોક માટે યોગ્ય, ક્રિયા કરતાં બંધ થવાના ગુણરૂપ જે ચરિતનો સમૂહ (તે થયો). ત્યાર પછી બ્રહ્મ પ્રાપ્ત કરાવનારું જ્ઞાન થયું. ત્રણ સાધનો સાથેનાં આટલાં જ્ઞાનથી ચિત્ત ઘણું શુદ્ધ થાય છે. ૨૪.

પછી શુદ્ધ ચિત્તનું કાર્ય પચીસમા શ્લોકમાં કહે છે. 'તદા' તરત જ (ચિત્તની) શુદ્ધિ થાય છે. જ્ઞાન (થયાં) પહેલાં ચિત્ત શુદ્ધ થતું નથી એમ કહેલું છે. તેથી ઘણાં શુદ્ધ (થએલ) ચિત્તથી આત્માનું ધ્યાન ધરતી હતી, એવો ઉપરના (તેવીસમા શ્લોક) સાથે જ સંબંધ છે. તે સમયનો આત્મા સંસારની અવસ્થા (માં હતો. તે)થી ઉત્તમ હોવાનું 'સર્વત્ર રહેલા' વિશેષણથી કહે છે. પહેલાં આત્મા હૃદય તરફ વળેલો, શરીર ઉપર આસક્તિવાળો હતો, પરંતુ ચિત્ત શુદ્ધ થતાં તે આત્માને સર્વત્ર રહેલો જાણવા લાગી. 'સર્વતોમુખઃ' એટલે સર્વ સ્થલે રહેલો. વળી પહેલાં અવિદ્યાથી ઘેરાએલો દેહના અભિમાનવાળો હતો, અને હવે તે (અભિમાન) જતું રહ્યું એમ કહે છે (કે) પોતાના જ અનુભવ પ્રમાણે તિરોહિત થએલાં છે 'માયા' એટલે પ્રકૃતિ, સત્ત્વ વિગેરે તેના ગુણો (અને) 'તદ્વિશેષાઃ' હદ વિગેરે તેનાં કાર્યો

જેનાં (જેમાંથી), તેવો (થએલ છે). ૨૫.

આત્માનું જ્ઞાન પ્રકટ થતાં, માયા (તેનાં) ગુણો અને કાર્યોનો લય થતો હોવાથી અવિદ્યા અને તેનાં કાર્યોનો લય થતાં (દેવહૂતિના આત્માની) બ્રહ્મમાં જ સ્થિતિ થઈ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**બ્રહ્મણ્યવસ્થિતમતિર્ભગવત્યાત્મસંશ્રયે ।।**
**નિવૃત્તજીવભાવત્વાત્ક્ષીણક્લેશાપ્તનિર્વૃતિઃ ।।૨૬।।**
**નિત્યારૂઢસમાધિત્વાત્ પરાવૃતગુણભ્રમા ।।**
**ન સસ્માર તદાત્માનં સ્વપ્નદૃષ્ટમિવોત્થિતઃ ।।૨૭।।**

આત્મામાં જે સારી રીતે રહેલ છે તેવા ભગવાન્ બ્રહ્મમાં દઢ બુદ્ધિવાળી, જીવની સ્થિતિ દૂર થવાથી જેમાં દુઃખોનો નાશ થએલો અને જેને સુખ પ્રાપ્ત થએલું તેવી, સદા સમાધિ ચઢાવેલી હોવાથી જેને ગુણોના ભ્રમો રહ્યા ન હતા તેવી તેને–જેમ જાગી ઉઠેલાને સ્વપ્નમાં અનુભવેલા દેહનું સ્મરણ રહેતું નથી તેમ–ત્યારે દેહનું સ્મરણ રહ્યું નહિ. ૨૬।૨૭.

પછી તેણે જાણ્યું કે તે બ્રહ્મ પહેલાં (જેમનું) ધ્યાન ધરેલ (તે) ભગવાનજ છે પછી એમ પણ જાણ્યું કે તે ભગવાનને ધ્યાનની દરકાર નથી પરંતુ 'આત્મામાં' એટલે પોતાની અંદર જ સારી રીતે આશ્રય છે જેમનો તેવા છે. એ પ્રમાણે પોતાની અંદર ભગવાનનું ભાન થતાં, (તેની) જીવની સ્થિતિ દૂર થઈ એમ 'જીવની સ્થિતિ દૂર થવાથી' શબ્દથી કહેલું છે. આધાર અને આધેયની[1] સ્થિતિ પણ જતી રહી. (આત્મા) પોતે હદવાળો હોવા છતાં પણ તિરોહિત આનંદવાળા હોવું (એ) જીવની સ્થિતિ (અને) પ્રકટ આનંદવાળો થતાં પોતે જ ભગવાન્ થયો એવો અર્થ છે. આમ થતાં, અવિદ્યા વિગેરે બધાં દુઃખોનો નાશ થાય છે. દુઃખોનો નાશ થતાં ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે. પ્રાપ્ત કરવાનું સ્વરૂપ અધિકારથી પર છે એમ જણાવવા, ભગવાનનું રૂપ પ્રાપ્ત થવા છતાં, પાછાં ફરવાનું કહેલું છે, અથવા બ્રહ્મની સ્થિતિમાં પણ આધાર અને આધેયની સ્થિતિ રહેલી જ હોવાનું (જણાવેલું છે). અથવા આ મધ્યમ સ્થિતિ છે. ૨૬.

પાછા ફરવાનું થયું ત્યારે (ભગવાનનાં સ્વરૂપને ધ્યાનમાં) ફરી લાવવાની જરુર ન હોવાથી સદા જેણે સમાધિ ચઢાવેલી છે તેવી થઈ. સદા ચઢાવેલી છે સમાધિ જેણે તેવી દેવહૂતિ 'નિત્યારૂઢસમાધિઃ' થઈ. તેવી સ્થિતિ તે દઢ થએલી છે એમ જણાવવા કહેલી છે. એ પ્રમાણે સમાધિ દઢ થતાં રહેલા નથી ગુણોએ કરેલા ભ્રમો જેના તેવી થઈ. તમોગુણથી આનંદનો તિરોભાવ થએલો, રજોગુણથી હદ

બંધાએલી, સત્ત્વગુણથી ભેદ થએલ, એ ત્રણે જતા રહ્યા. આમ થતાં સર્વ દોષોનાં કારણરૂપ અધ્યાસના આધાર બનેલ દેહનું પણ ભાન તેને રહ્યું નહિ એમ (સત્તાવીસમા શ્લોકના) ઉત્તરાર્ધથી કહે છે. જેમ જાગી ઉઠેલો સ્વપ્નમાં અનુભવેલા દેહને '(એ) હું (હતો)' એમ માનતો નથી, તેથી પણ (વિશેષ), 'આત્માનં' આ દેહનું (તેને) 'ન સસ્માર' સ્મરણ પણ રહ્યું નહિ. ૨૭.

૧. જે બીજાનાં આધારે રહેલ હોય તે 'આધેય'. જેના આધારે તે રહેલ હોય તે 'આધાર'.

નીચેના શ્લોકથી 'દેહનું સ્મરણ ન રહે તો દેહ નભે કેમ ?' એ શંકા દૂર કરતાં અંદરના જ્ઞાનના પ્રકાશને લીધે તે દેહ પ્રકાશતો હોવાનું કહે છે:

**તદ્દેહઃ પરતઃ પોષ્યોઽપ્યકૃશશ્ચાધ્યસમ્ભવાત્ ।।**
**બભૌ મલૈરવચ્છન્નઃ સધૂમ ઈવ પાવકઃ ।।૨૮।।**

તે દેહ બીજાથી પોષાતો હોવા છતાં મનની પીડા ન હોવાથી દુર્બલ થતો ન હતો, મેલથી ઢંકાએલો (તે) ધૂમાડા સાથેના અગ્નિ જેવો હતો. ૨૮.

'બીજાથી' એટલે યોગથી ઉત્પન્ન કરેલી સ્ત્રીઓથી પોષાતો હોવા છતાં દુર્બલ નહતો. પોષણ બહારનું વસ્ત્રો વિગેરેથી જ થતું, પરંતુ ભોજનથી થતું નહિ, છતાં પણ દુર્બલ થતો નહતો, તેનું કારણ 'મનની પીડા ન હોવાથી' શબ્દથી કહેલું છે. 'આધિઃ' એટલે મનની પીડા. મૃત્યુ ઉપર પહેલાં જ વિજય કરેલો હોવાથી, અને દેહની વૃદ્ધિની જરુર ન હોવાથી, માત્ર મનની પીડાથી જ દેહ દુર્બલ થાય. તે ન હોવાથી દુર્બલ થતો ન હતો. 'ચ' 'અને' શબ્દથી (એમ જણાવ્યું છે કે તેની) કાંતિનો પણ નાશ થયો નહતો. અંદર રહેલાં જ્ઞાનને લીધે, અને બહાર રહેલા મેલને લીધે, મેલથી ઢંકાએલો રહેતો. 'ધૂમાડા સાથેના અગ્નિ જેવો' શબ્દોથી બંને એકમાં સિદ્ધ કરનારું દષ્ટાંત (કહેલું છે).

**અન્તઃ પ્રજ્વલિતો વહ્નિર્બહિર્નિઃસૃતધૂમકઃ ।।**
**તાદશો જ્ઞાનસંપન્નસ્તપસા મલિનો બભૌ ।।૧૫।।**

અંદર સળગતો અગ્નિ, જેનો બહારથી ધૂમાડો નીકળતો હોય, તેવો જ્ઞાન પ્રાપ્ત કરેલો તપથી મલિન થએલો (દેવહૂતિનો દેહ) થયો. કા. ૧૫।૨૮.

'કોઈ સમયે (સમાધિમાંથી) જાગી ઉઠવાની દશામાં દેહનું સ્મરણ કરશે' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોક કહે છે:

**સ્વાઙ્ગં તપોયોગમયં મુક્તકેશં ગતામ્બરમ્ ।।**
**દૈવગુપ્તં ન બુબુધે વાસુદેવપ્રવિષ્ટધીઃ ।।૨૯।।**

વાસુદેવમાં જેની બુદ્ધિ પ્રવેશેલી હતી તેવી તે તપ અને યોગથી ભરપૂર,

દૈવથી રક્ષણ થતો પોતાનો દેહ છૂટા કેશવાળો અથવા વસ્ત્રરહિત (હોવાનું) જાણતી ન હતી. ૨૯.

(તેનો દેહ) તપ અને યોગથી ભરપૂર હતો. 'છૂટા કેશવાળો' (વિગેરે)થી (એમ કહેલું છે કે) દૈવગતિથી કેશ વીખરાઈ જાય છતાં, વસ્ત્ર છૂટી પડે છતાં પણ, સ્ત્રીઓને લજ્જાને લીધે (દેહનું ભાન થવાનું) ઘણું જરુરી કારણ હોય ત્યારે પણ તેને દેહનું ભાન રહેતું નહિ. 'દૈવથી રક્ષણ થતો' વિશેષણથી એમ (કહેલું છે કે દેહનું) નભવું તો દૈવને અધીન હતું, ભાન ન રહેવાનું કારણ 'વાસુદેવમાં પ્રવેશેલી હતી બુદ્ધિ જેની' એ શબ્દથી (કહેલું છે). ૨૯.

એ પ્રમાણે તેની બહારની અને અંદરની વ્યવસ્થા કહીને, નીચેના શ્લોકમાં (તેને પ્રાપ્ત) થએલ અંદરનું ફલ કહે છેઃ

**એવં સા કપિલોક્તેન માર્ગેણાચિરતઃ પરમ્ ।।**
**આત્માનં બ્રહ્મનિર્વાણં ભગવન્તમવાપ હ ।।૩૦।।**

અહો ! એ પ્રમાણે કપિલે કહેલા માર્ગથી તેણે થોડા જ સમયમાં પરમાત્મા બ્રહ્માનંદ ભગવાન્ પ્રાપ્ત કર્યા. ૩૦.

તે દેવહૂતિએ કપિલે કહેલા ભક્તિ જ્ઞાન અને યોગરૂપ માર્ગથી 'અચિરતઃ' થોડા જ સમયમાં સર્વશાસ્ત્રોમાં જણાવેલા પરમાત્મા બ્રહ્માનંદ ભગવાન્ પ્રાપ્ત કર્યા. 'હ' 'અહો' શબ્દ આશ્ચર્ય દર્શાવવા (યોજેલ છે), કારણ કે સ્ત્રીઓની મુક્તિ (થવી) દુર્લભ છે. ૩૦.

નીચેના શ્લોકથી તેની મુક્તિ પ્રસિદ્ધ થઈ એમ સ્થાનની પ્રસિદ્ધિથી કહે છેઃ

**તદ્વીરાસીત્પુણ્યતમં ક્ષેત્રં ત્રૈલોક્યવિશ્રુતમ્ ।।**
**નામ્ના સિદ્ધપદં યત્ર સા સંસિદ્ધિમુપેયુષી ।।૩૧।।**

હે વીર ! જ્યાં તેણે મુક્તિ પ્રાપ્ત કરી તે સિદ્ધ નામનું સ્થલ સર્વથી પવિત્ર ત્રણ લોકમાં પ્રસિદ્ધ સ્થલ થયું. ૩૧.

પોતાનો ધર્મ આચરીને તેવું શૌર્ય કરે તે માટે, અથવા (તેને આ કથામાં) વિશ્વાસ રહે તે માટે 'હે વીર !' એવું સંબોધન કરેલું છે. તે સ્થલ નામથી 'સિદ્ધ' શબ્દથી ઓળખાતું સિદ્ધ સ્થલ ઘણું પવિત્ર થયું. તેની મુક્તિને લીધે જ 'ત્રણ લોકમાં પ્રસિદ્ધ' થયું, એવું તેની મુક્તિ થવામાં પ્રમાણ કહેલું છે. તેમ ન હોય, તો સર્વ તીર્થો છે, ત્યારે તેનીજ પ્રસિદ્ધિ શામાટે થાય ? તેથી 'તેણે મુક્તિ પ્રાપ્ત કરી' શબ્દોથી પ્રસિદ્ધિનું કારણ કહેલું છે કારણ કે તેણે સારી રીતે મુક્તિ 'ઉપેયુષી' પ્રાપ્ત કરી. ૩૧.

નીચેના શ્લોકમાં (તેના) દેહનો ઉપયોગ કહેલો છેઃ

**તસ્યાસ્તદ્યોગવિધુતમાર્ત્યં મર્ત્યમભૂત્સરિત્ ।।**
**સ્રોતસાં પ્રવરા સૌમ્ય સિદ્ધિદા સિદ્ધસેવિતા ।।૩૨।।**

હે ભલા પુરુષ ! તેનો તે દેહ જેમાંથી માટીનો અંશ કાઢી નાખેલો તે સિદ્ધોએ સેવેલી, સિદ્ધિ આપનારી, નદીઓમાં ઉત્તમ નદી થયો. ૩૩.

તપના સંબંધથી કાઢી નાખેલો હતો 'માર્ત્યં' માટીનો અંશ જેનો (જેમાંથી), તેવો (દેહ નદી થયો); કારણ કે જમાવેલું જલ જ માટી છે, જેમ કે હિમ, અથવા કરાઓ, અથવા મીઠું. યોગીઓના ઈશ્વરથી અથવા ઘણા તાપથી તે છૂટું પડે છે. તેથી જ આવો (દેવહૂતિનો) તે દેહ નદી થયો. સરસ્વતીના વહેણમાં પ્રવેશ કરેલી તે 'નદીઓમાં ઉત્તમ' સરસ્વતી જ થઈ. (વિદુરને) વિશ્વાસ રહે તે માટે 'હે ભલા પુરુષ !' એવું સંબોધન (કરેલું છે). અથવા જેમ અમૃતથી ભરપૂર ચંદ્ર (તેનું) પાન થતાં છૂટા પડેલા અવયવોવાળો થાય છે, કારણ કે ચંદ્રની નવમી કલાનું પાન કરનાર યમ છે, તેમ (તે અવયવો છૂટા પડતાં નદી થઈ). ત્યારથી તે જ સ્થલે તે સરસ્વતી સિદ્ધિ આપનારી થઈ. તેથી તે સિદ્ધોએ સેવેલી થઈ. ૩૨.

એ પ્રમાણે તેણે (દેવહૂતિએ) પ્રાપ્ત કરેલી સર્વ સિદ્ધિઓ કહી, સ્ત્રીની મુક્તિ સુધીની થએલી સર્ગની લીલા સમાપ્ત કરી, તે સર્ગ વિસર્ગ કરાવે તો જ સર્ગ (હોવાનું) સિદ્ધ થાય તેથી નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી પછી (ની લીલામાં) ઉપયોગી થાય તે માટે કપિલની સ્થિતિ કહે છેઃ

**કપિલોડપિ મહાયોગી ભગવાન્ પિતુરાશ્રમાત્ ।।**
**માતરં સમનુજ્ઞાપ્ય પ્રાગુદીચીં દિશં યયૌ ।।૩૩।।**

મોટા યોગી ભગવાન્ કપિલ પણ માતાની રજા લઈ પિતાના આશ્રમમાંથી ઈશાન દિશામાં ગયા. ૩૩.

**ગતિઃ સ્તોત્રં પ્રતિષ્ઠા ચ ત્રયમાહ ગુણાન્વિતમ્ ।।**

જવાનું (૩૩) સ્તુતિ (૩૪) અને કીર્તિ (૩૫) ત્રણ ગુણવાળાં કહેલાં છે. કા. ૧૫$^{૧}/_{૨}$.

તે પૈકી આરંભમાં (આ શ્લોકથી) જવાનું કહે છે. (કપિલ) 'મોટા યોગી' હોવાથી જવામાં પ્રયાસ થતો ન હતો, કારણ કે માતાનો મોક્ષ પણ જાણીને (ગયા, અને) ભવિષ્યમાં કરવાનું (કાર્ય) પણ જાણતા હતા. 'ભગવાન્' શબ્દથી તે સર્ગના નિયામક હોવાનું કારણ (કહેલું છે) માતાની રજા લઈ, પિતાના આશ્રમમાંથી તે ઈશાન દિશા તરફ ગયા. ખરેખર આ દેવોની અને મનુષ્યોની શાંત દિશા છે. ૩૩.

જતાં સિદ્ધો વિગેરેએ કરેલી સ્તુતિ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સિદ્ધચારણગન્ધર્વૈર્મુનિભિશ્ચાપ્સરોરગૈઃ ।।**
**સ્તૂયમાનઃ સમુદ્રેણ દત્તાર્હણનિકેતનઃ ।।૩૪।।**

સિદ્ધો, ચારણો, ગંધર્વો, મુનિઓ, અપ્સરાઓ અને સર્પો (તેમની) સ્તુતિ કરતા હતા અને સમુદ્રે સત્કાર કરી (તેમને) રહેવાનું સ્થાન આપ્યું. ૩૪.

જે કોઈ સિદ્ધિઓની ઈચ્છાવાળા છે, તે ભગવાનના અંશો છ પ્રકારના કહેલા છે. 'સર્પો' એટલે વાસુકિ વિગેરે. 'ગણૈઃ (અપ્સરોગણૈ)' એવો પાઠ હોય, ત્યારે અપ્સરાઓના સમૂહો છે જેમના તે ઈંદ્ર વિગેરે (દેવો), તેઓ સ્તુતિ કરતા હતા (એવો અર્થ થાય છે). જ્યાં (કપિલ) જતા ત્યાં પણ (તેમનો) સત્કાર થતો એમ કહે છે કે સમુદ્રે આપેલ હતા સત્કાર અને રહેવાનું સ્થાન જેમને તેવા (તે હતા). ૩૪.

એવી રીતે તેમનું જવાનું અને (માર્ગની) મધ્યમાંની સ્થિતિ કહી, નીચેના શ્લોકમાં ત્યાં (સમુદ્રમાં) રહેલાની સ્થિતિ કહે છેઃ

**આસ્તે યોગં સમાસ્થાય સાઙ્ખ્યાચાર્યૈરભિષ્ટુતઃ ।।**
**ત્રયાણામપિ લોકાનામુપશાન્ત્યૈ સમાહિતઃ ।।૩૫।।**

સાંખ્ય આચાર્યોથી સ્તુતિ કરાતા યોગ સારી રીતે આચરીને ત્રણે લોકમાં શાંતિ થાય તે માટે ચિંતન કરતા તે રહેતા હતા. ૩૫.

યોગ સારી રીતે આચરીને સારી રીતે તે રહેતા હતા. ત્યાં રહેતાં તે બે (કાર્યો) કરતા હતાઃ (૧) સાંખ્ય મતની પ્રવૃત્તિ અને (૨) ત્રણે લોકમાં શાંતિ થાય તે માટે શુભ ઈચ્છા. તેથી સાંખ્ય આચાર્યો (તેમની) સ્તુતિ કરતા હતા. ૩૫.

એ પ્રમાણે તેમનું ચરિત કહીને, નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છેઃ

**એતન્નિગદિતં તાત યત્પૃષ્ટોઽહં ત્વયાઽનઘ ।।**
**કપિલસ્ય ચ સંવાદો દેવહૂત્યાશ્ચ પાવનઃ ।।૩૬।।**

હે વહાલા ! હે પાપરહિત ! તેં મને જે પૂછેલ તે મેં આ કહ્યું, અને કપિલનો અને દેવહૂતિનો પવિત્ર કરનારો સંવાદ કહ્યો. ૩૬.

કપિલનું જે ચરિત પૂછેલ તે કહ્યું, અને સંવાદ પણ પવિત્ર કરનારો હોવાથી કહ્યો. આ બીજા સર્ગરૂપ હોવાથી સર્ગ પણ કહ્યો એવો અર્થ છે. બે 'ચ' 'અને' શબ્દો હોવાથી બંને પ્રકારના સર્ગની સમાપ્તિ થઈ. ૩૬.

આ ચરિતના શ્રવણનું ફલ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ય ઈદમનુશૃણોતિ યોઽભિધત્તે કપિલમુનેર્મતમાત્મયોગગુહ્યમ્ ।।**
**ભગવતિ કૃતધોઃ સુપર્ણકેતાવુપલભતે ભગવત્પદારવિન્દમ્ ।।૩૭।।**

કપિલ મુનિના આત્માની પ્રાપ્તિના ગુહ્ય ઉપાયરૂપ આ મત જે શ્રવણ કરે છે

અને જે બોધ કરે છે તેઓ ગરુડ જેમની ધજામાં છે તેવા ભગવાનમાં બુદ્ધિ દઢ કરી ભગવાનના ચરણારવિંદને પ્રાપ્ત કરે છે. ૩૭.

કપિલ મુનિનો મત એટલે સાંખ્ય. 'આત્મયોગેષુ' આત્માની પ્રાપ્તિના ઉપાયો પૈકી 'ગુહ્યં' છૂપો રાખવા યોગ્ય (આ મતનું) જે શિષ્ય થઈ શ્રવણ કરે છે પણ પ્રભુ થઈ શ્રવણ કરતો નથી, (અને) જે 'બોધ કરે છે' એટલે શિષ્યના હૃદયમાં સારી રીતે સ્થાપન કરે છે તેઓ બંને ભગવાનમાં બુદ્ધિ દઢ કરે છે. કાલનું અતિક્રમણ થાય તે માટે અને શાસ્ત્રનો પાર પમાય તે માટે 'સુપર્ણકેતૌ' ગરુડ જેમની ધજામાં છે તેવા તે જ ભગવાનમાં દઢ બુદ્ધિવાળા થઈ, તેમનાં ચરણારવિંદને પ્રાપ્ત કરે છે. ભગવાનમાં મતિ દઢ થાય તે માટે આ મતનું શ્રવણ (કરવાનું) છે. જ્યારે આ મતનું શ્રવણ થતાં પણ ભગવાનનાં ચરણની પ્રાપ્તિ થાય છે, ત્યારે તે મત પ્રમાણે પ્રવૃત્તિ કરનારનું અથવા સર્ગની સંપૂર્ણ લીલાનું શ્રવણ કરનારનું તો કહેવું જ શું ? ૩૭.

જેમાં સર્વ સિદ્ધાંતો ગૂંથેલો છે તેવું ત્રીજા સ્કંધનું આ વિવરણ ઘણા પ્રયત્નથી શ્રીકૃષ્ણના ચરણકમલમાં નિવેદન કરેલું છે. ૧.

ભક્તિમાં જેમનું હૃદય છે તેવા સુજ્ઞ પુરુષોને કહું છું કે જો સર્ગ નામની લીલાનું વાસ્તવિક રીતે ચિંતન કરવું હોય, તો જેનાં અંગો બુદ્ધિ અને તર્કવાળાં છે તેવાં ઊજળાં તર્કવાળાં આ વિવરણનો સદા વિચાર કરશો. ૨.

સર્વ ભક્તોનો સારી રીતે ઉદ્ધાર થાય તે માટે સર્વ પદાર્થોને ઉત્પન્ન કરનાર તેત્રીસ (પ્રકારના) સર્ગવાળા હરિ માધવને સર્ગ[1] થાય તે માટે હું નમન કરું છું. ૩.

૧. 'સર્ગ થાય' એટલે સર્ગલીલાનું જ્ઞાન થાય, એવો અર્થ જણાય છે.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના વિવરણમાં તેત્રીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

**ત્રીજો સ્કંધ સમાપ્ત.**